ઘર વકીલ.

બીજી આવૃત્તિ

કર્તા-ગોવિંદજી ગોપાળજી દેશાઈ

કીમત-રૂ-૬

ઘર વકીલ.

અથવા

હરેક માણસ જાતે વકીલ

બીજી આવૃત્તિ

(સુધારા વધારા સાથે)

તૈયાર કરનાર,

ગોવિંદજી ગોપાલજી દેશાઈ

માજી મામલતદાર.

भला थवुं अने भलुं करवुं,
ए जींदगीनुं सार्थक छे.

સુરત "ગુજરાત સ્ટાન્ડર્ડ" પ્રેસમાં, શા. હો. ખશુખાંએ છાપ્યું.

૧૯૧૨

કિમ્મત રૂપૈયા (૬) છ.

આ પુસ્તક હિંદ સરકારના સન ૧૮૬૭ના આક્ટ ૨૫ મુજબ નોંધાયું છે.

GUJARATI
GHAR VAKIL

OR

EVERY MAN HIS OWN LAWYER

Second Edition

(Revised and Enlarged)

BY

GOVINDJI GOPALJI DESAI

Late Mamlatdar.

To be good and to do good is the Summum Bonum of life.

Printed at the "Gujarat Standard" Press Surat, by Shavaksha Hormusji Khasukhan.

1912.

PRICE RUPEES SIX.

Registered under Government of India Act XXV of 1867.

સુરતનાં સરદાર દાવર.

મરહુમ શેઠ એદલજી ખુરશેદજી મોદી.



Sirdar Davar Edalji Khurshedji Modi (of Surat)

BORN 8TH JANUARY 1816 DIED 30TH DECEMBER 1906.

The Bombay Art Printing Works, Fort.

અર્પણ પત્રિકા.

હિન્દુસ્થાનના પુરાતન પારસી કુટુંબના દક્ષિણના પેહેલા વર્ગના સરદારની પદવી ધરાવનાર, **સ્વર્ગસ્થ નરરત્ન સરદાર દાવર એદલજી ખરશેદજી મોદીજી સાહેબ,** પારસી **કોમના દાવર એટલે પારસી કોમના વડા** કે જેઓ સાહેબે પોતાના દીકરાઓ,—**ઓનરેબલ સરદાર દાવર કૈખશરૂ** સાહેબ બી૦ એ૦ (સુરત તથા ભરૂચ જીલ્લાના પ્રખ્યાત મ્હોટા જમીનદાર, હાલના દાવર તથા દક્ષિણના તેમજ ગુજરાતના પહેલા વર્ગના સરદાર તથા લેજીસલેટીવ કૌનસીલના મેમ્બર,) **ખાન બહાદુર બમનજી સાહેબ** એમ૦ એ૦ (વાનપ્રસ્થ ડેપ્યુટી કલેકટર જેઓ સાહેબનું નામ પોતે લોકપ્રિય હોવાથી, આખા ગુજરાતમાં જાણીતું છે,) **સ્વર્ગસ્થ કાવશા સાહેબ** (એક મ્હોટા જમીનદાર,) **સ્વર્ગસ્થ બરજોરજી સાહેબ,** એમ૦ એ૦ એલ૦ એલ૦ બી૦ (જેઓ સુરત સ્મોલકોઝ કોર્ટના જડજ સાહેબના હોદ્દા ઉપર મ્હોટી નામના અને ખ્યાતી ભોગવતાં દેવલોક થયા હતા,) **રા૦ રા૦ જહાંગીરશાહ સાહેબ,** બી૦ એ૦ એલ૦ એલ૦ બી૦ (વાનપ્રસ્થ સ્મૉલકૉઝ કોર્ટના જડજ અને હાલમાં રેવાકાંઠા એજન્સીના છોટાઉદેપુર સ્ટેટના દિવાન સાહેબ,) એઓને અંગ્રેજ સરકારના રાજ્યના અમલની શરૂઆતથી ઉંચી કેળવણી આપી ઉચ્ચ પંક્તિએ મુકવાની સંપૂર્ણ કાળજી તથા ઉત્સાહ બતાવ્યો હતો અને જેઓ સાહેબે પોતાના ઉચ્ચ સદ્‌વર્તનથી અંગ્રેજ સરકાર પ્રત્યે સતત્ નમુનેદાર વફાદારી બતાવી પોતાના ખાનદાન કુટુંબ ઉપર સારી ઉંચી છાપ કાયમની પાડી છે તથા જેઓ જનસમૂહ તરફ ઉદારતા ભરેલી સારી લાગણી ધરાવતા હતા તેઓ સાહેબના સ્મર્ણાર્થે આ **ઘર વકીલ** નામનું પુસ્તક જે સામાન્ય પ્રજાને વફાદાર બનાવવાનું એક સાધન છે તે પ્રેમની યત્‌કિંચિત નિશાની તરીકે હું આદરપૂર્વક અર્પણ કરૂં છું.

કતારગામ
તા૦ ૯—૧૧—૧૨ } ગોવીંદજી ગોપાળજી દેસાઇ.

બીજી આવૃત્તિની પ્રસ્તાવના.

પહેલી આવૃત્તિની પ્રત ૧૦૦૦ ઝટ ખપી ગઈ એ આ પુસ્તકનું ઉપયોગીપણું તથા લોકપ્રિયતા સાબીત કરે છે. બીજી આવૃત્તિને માટે માંગણીઓ ચાલુ રહી હતી, પરંતુ નવી આવૃત્તિમાં, હિંદમાં મહા પ્રતાપી અંગ્રેજ સરકારનું રાજ્ય સ્થાપિત થયું ત્યારથી તે આજ સુધીના એટલે સને ૧૮૨૭થી તે સને ૧૯૧૨ સુધીના ચાલુ, જાણવાજોગ એકસો ઉપર કાયદાની માહિતી આપવાનો નિશ્ચય હોવાથી, અને તેમ કરવામાં ઘણો શ્રમ પડવાથી તથા વખત લાગવાથી, તેમજ વળી બીજા કેટલાક પુસ્તકો **વતન-ઇનામ**, **પોલીસ પટેલ** (ત્રીજી આવૃત્તિ) વીગેરે તૈયાર કરવાના રોકાણને લીધે આ આવૃત્તિ છપાવી પ્રસિધ્ધ કરવામાં ધારવા કરતાં વિશેષ વિલંબ થયો છે.

આ આવૃત્તિના પહેલા ભાગમાં એટલે ફોજદારી વિષયમાં કાયદાની કલમો ઝટ સમજાય અને વાંચવામાં કંઈ રસ પડે એવી રીતના સુધારાવધારા કરી, રચનામાં ફેરફાર કરવામાં આવ્યો છે. પીનલકોડના ઘણાખરા ગુન્હાઓ માટે તખતા રૂપે સારાંશ વધારામાં આપ્યો છે. આ ભાગમાં જાણવા જોગ બેતાલીસ (૪૨) કાયદાઓની માહિતી આપી છે.

બીજા ભાગમાં એટલે દિવાની વિષયમાં, હિંદુશાસ્ત્રની જાણવાજોગ વિશેષ માહિતી આપી રચનામાં કંઈક સુધારો કરવામાં આવ્યો છે. અપકૃત્ય શાસ્ત્ર પહેલીવારનુંજ દાખલ કરવામાં આવ્યું છે. પુરાવાનો કાયદો સમજવાને સહેલ પડે માટે તેનો તકતા રૂપે સારાંશ આપ્યો છે. હાલમાં ધંધા ઉદયોગ તરફ લોકોનું મન વળેલું હોવાથી કંપની આકટની માહિતી આપવામાં આવી કંપનીઓ એટલે મંડળીઓ કેવી રીતે ઉભી કરવી તે બતાવવામાં આવ્યું છે. દિવાની કામ ચલાવવાની રીત બાબતના સને ૧૯૦૮ના નવા કાયદા મુજબ જુદીજુદી જાતની ફરીઆદો, લેખી હકીકતો વીગેરેના પુષ્કળ નમુનાઓ આપ્યા છે. આ નમુનાઓ આપવાની મતલબ એટલીજ છે કે લોકોને જરા જરા વાતમાં વકીલને ત્યાં દોડી જવું પડે નહિ અને વકીલને ત્યાં જવું પડે તો વકીલને કે તેના ગુમાસ્તાને આ નમુના મુજબ દાવા અરજીઓ કે લેખી કેફીઅતો લખી આપવાને સુગમ પડે. આ ભાગમાં એકંદર તેત્રીસ (૩૩) કાયદાઓની માહિતી આપી છે.

ત્રીજા ભાગમાં એટલે મહેસુલી વિષયની રચનામાં કાંઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. જ્યાં જ્યાં જરૂર જણાઇ ત્યાં ત્યાં સુધારો વધારો કરવામાં આવ્યો છે. ચલણી કાગળની નોટોના સંબંધમાં લોકોમાં જે ખોટા વિચારો ચાલે છે તે સુધારવાની ખાતર નોટો તથા નાણા સબંધી જાણવા જોગ હકીકત આપી છે. આ ભાગમાં એકંદર અઠાવીસ (૨૮) કાયદાની માહિતી આપી છે.

ચોથા ભાગમાં એટલે કે દસ્તાવેજના નમુનાઓમાં થોડો ઘણો સુધારો કર્યો છે અને નમુનાઓમાં વધારો કર્યો છે.

એકંદરે એકસો ઉપર વ્યવહાર ઉપયોગી ચાલુ કાયદાઓની માહિતીથી આ પુસ્તક ભરપુર કરવામાં આવ્યું છે. ગુજરાતી ભાષામાં આવું ઉપયોગી પુસ્તક સરકાર તરફથી કે ખાનગી સહાસથી આજ સુધીમાં પ્રસિદ્ધ થયું હોય એમ જાણવામાં નથી. આ કામ કાંઈ જેવું તેવું નથી. ખરચની સાથે મનની તથા શારિરીક મહેનતનું ભારે કામ છે એટલુંજ નહિ, પરંતુ કાયદાની સારી માહિતગારી અને અનુભવ જોઈએ છે. કાયદાની કલમોનો ઉતારો કરવો એ તો તદન સહેલી વાત છે; પરંતુ લોકો ઉપયોગી બાબત કઈ અને તે કેવી સાદી સરળ ભાષામાં મુકવી કે સાધારણ ગુજરાતી જાણનાર માણસોને પણ સમજવું સહેલ થઇ પડે, એવા હેતુથી આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે.

કાયદાના બીજા પુસ્તકો અને આ પુસ્તક વચ્ચે જાણવા જોગ અને ખુબીદાર તફાવત એ છે કે ફકત કાયદાની કલમો અથવા "મારજીનલ નોટસ" (હાંસીઆપરની નોંધ) બીજા પુસ્તકોમાં જેમ કરવામાં આવે છે તેમ આપી સંતોષ માન્યો નથી, કારણ કાયદાની કલમો સમજવી ઘણીવાર મુશ્કેલ હોય છે અને "મારજીનલ નોટસ" તો વારંવાર ભુલાવામાં નાંખે એવી હોય છે; માટે જ્યાં જ્યાં જરૂર જણાઈ ત્યાં ત્યાં તત્વો, નોટ્સ, ખુલાસા, ટીકા વીગેરે સ્પષ્ટ સમજાય એવી રીતે મતલબ આપી છે.

કાયદાના પુસ્તકો તો વેચાતાં મળી શકે છે, ત્યારે આવા પુસ્તકની શી જરૂર, એવો કોઈ પ્રશ્ન કરે તેનો જવાબ ઉપર થઈ ગયો છે. વધારામાં કહેવાનું એટલુંજ છે કે કાયદાના સઘળાં પુસ્તકો જો ખરીદ કરવા જઈએ તો પચીસ રૂપીઆ ખરચતાં પણ મળી શકતાં નથી. સબબ સામાન્ય લોકોના ઉપયોગ માટે આવા પુસ્તકની જરૂર આપો આપ દેખાઇ આવે છે.

પ્રથમ આવૃતિમાં ફકત ૬૦ કાયદાની માહિતી આપવામાં આવી હતી; જ્યારે આ પુસ્તકમાં ૧૦૦ ઉપર વ્યવહારોપયોગી કાયદાની બાબતો આપવામાં

આવી છે. પુસ્તકનું કદ લગભગ બેવડું થયું છે છતાં કીંમત રૂ૦ ૬ રાખવામાં આવી છે. એક રૂપીઓ કીંમતમાં પ્રથમ આવૃત્તિ કરતાં વધાર્યો છે, તે નફો મેળવવા ખાતર નહિ, પરંતુ આવા ભારે પુસ્તક પાછળ થતાં ખરચને પહોંચી વળવા માટે છે. ઉપર કહયું તેમ આવું પુસ્તક રૂપીઆ પચીસ ખરચતાં મળી શકે નહિ, પરંતુ સાધારણ લોકો પણ એનો લાભ લઈ શકે એવા હેતુથી કિમ્મત મહેનતના પ્રમાણમાં ઘણીજ કમી રાખવામાં આવી છે, એવી કોઈપણ સમજુ માણસને ખાત્રી થયા વગર રહેશે નહિ.

આ આવૃત્તિ છાપવામાં સુરત "ગુજરાત સ્ટાન્ડર્ડ" પ્રેસના જોઈન્ટ મેનેજર સાહેબો મેશર્સ ચુનીલાલ ઘેલાભાઈ શાહ તથા શાવકશા હોરમસજી ખસુખાં અને હેડ કંપાઝીટર મી૦ દલપતરામ દાજીભાઈએ બીજા કામોનું રોકાણ છતાં પુરતી કાળજીથી અને બનતી ઉતાવળે કામ કરી આપ્યું છે. જેથી તેઓનો આભાર માનવામાં આવે છે.

કતારગામ
તા૦ ૯—૧૧—૧૯૧૨

ગોવિંદજી ગોપાળજી દેસાઇ.

પહેલી આવૃત્તિની પ્રસ્તાવના.

સુરત જીલ્લાના માજી લોકપ્રિય કલેકટર, મહેરબાન મરહુમ વેર સાહેબની એક પ્રસંગે મુલાકાત લેતાં મારૂ રચેલું "પોલીસ પટેલ" નામનું પુસ્તક જોઈ તેઓ સાહેબ બહુ ખુશ થઈ "દરેક માણસ જાતે વકીલ" એ નામનું એક પુસ્તક તૈયાર કરવા મને ઘણા આગ્રહથી સુચવ્યું; એટલુંજ નહીં પણ મને એ કામમાં પોતાથી બને તેટલી મદદ આપવાનું કહ્યું. તેમની આ સુચના મેં તરત ઉપાડી લીધી, અને આ પુસ્તક ટુકડે ટુકડે લખવું શરૂ કર્યું. પ્રથમ તો આ પુસ્તક ચાર જુદા જુદા ભાગમાં એક પછી એક છપાવી પ્રસિધ્ધ કરવાનો મારો વિચાર હતો. પરંતુ તેમ કરતાં ખરચ વધારે લાગે અને પુસ્તકના નામને ખામી લાગે એમ જણાયાથી મેં મારો પ્રથમનો વિચાર ફેરવી એક પુસ્તકમાંજ ચારે ભાગ છપાવી પ્રસિદ્ધ કરવાનું વાજબી ધાર્યું. આ પુસ્તક લખવાનું કામ ચાલતું હતું તે દરમીયાન માંદગીમાં સપડાવાથી, અને માંદગીમાંથી ઉઠયા પછી "મામલતદાર

મેજીસ્ટ્રેટનો અનુભવ" એ નામનું અંગ્રેજી પુસ્તક પ્રથમ તૈયાર કરી બહાર પાડવાની ઉત્કંઠા થવાથી, આ પુસ્તક લખવાનું કામ આગળ વધી શક્યું નહીં. બીજા કામોમાંથી ફારગ થઈ, અધુરૂં કામ પુરૂં કરી, લાંબી મુદતે પણ આ પુસ્તક બહાર પાડવા શકિતમાન થયો છું તે માટે પ્રથમ પરમેશ્વરનો મોટો આભાર માનું છું; પરંતુ જે સાહેબ બહાદુરની સુચનાથી આ કામ મેં પ્રથમ શરૂ કર્યું તેઓ સાહેબ આ ફાની દુનિઆ છોડી સ્વર્ગવાશી થયા અને મારી મેહનતનું આ ફળ તેઓ જોઈ શક્યા નહી, તેથી હું ઘણોજ દીલગીર છું–ઇશ્વર ઇચ્છા આગળ કોઈનું ચલણ નથી. તેઓ સાહેબનો આત્મા શાન્તી પામો.

કોઇ સખસ, કાંઈ ગુન્હો કરવાથી તેના ઉપર કોર્ટમાં કામ ચાલતાં પોતાના બચાવમાં એમ કહે કે "મને કાયદાની માહીતી નથી માટે મને છોડી દો" આ સબબ, બહાનું ઇઆ બચાવ કોર્ટ કબુલ રાખી શકતી નથી–કારણ એમ તો દરેક સખસ ગુન્હો કરીને એમજ કહે, તો દરેક ગુન્હેગારને છોડી મુકવો પડે, અને અંધાધુંધીનો વખત આવે. માટે કાયદાનું એક મુખ્ય સુત્ર એ છે કે (Ignorance of law is no excuse) કાયદાની અજ્ઞાનતા એ કંઈ બચાવ નથી. દરેક માણુસ કાયદો જાણે છે એમ ગ્રહણ કરી કામ ચલાવવાની કોર્ટની ફરજ છે. કાયદામાં દરેક માણુસના હક, ફરજ તથા જવાબદારી બતાવવામાં આવેલાં હોય છે. પોતાના હક, ફરજ તથા જવાબદારીથી અજાણ્યા રહેનાર સખસને ઘણી તરફથી સોસવું પડે છે, અને કોઇ કોઈવાર હજારો રૂપીઆનો વારસો ખોઈ બેસે છે. માટે દરેક સખસે કાયદાએ આપેલા હક તથા કાયદાએ નાંખેલી ફરજ તથા જવાબદારી જાણવાંજ જોઈએ; ફરજ તથા જવાબદારી નહીં જાણવાથી ઘણી વખતે માણસો ભારે નુકસાન સોસવા ઉપરાંત ફોજદારી કાયદા મુજબ શિક્ષાને પાત્ર થાય છે. વાંચનારની ખાત્રી કરી આપવા સારૂ અત્રે એક દ્રષ્ટાંત આપીશું. અ નામના મારવાડી સાહુકારના ઘરમાંથી એક હજાર રૂપીઆની કીંમતના દાગીના હરામખોરો રાતની વખતે ઘર ફોડી ચોરી કરી લઇ ગયા, પોતાના ઉપર કાયદાએ નાખેલી ફરજ નહીં જાણવાથી તથા ચોરાઈ ગએલો માલ કંઈ પાછો મળવાનો નથી એમ ધારી સાહુકારે આ ચોરીના ગુન્હાની પોલીસને અથવા મેજીસ્ટ્રેટને ખબર આપી નહીં. બીજા ગુન્હાની તપાસમાં લાંબી મુદતે આ ચોરીનો થોડો માલ પોલીસને હાથ લાગ્યો, તપાસ કરતાં આ માલ પેલા મારવાડી સાહુકારનો છે એમ માલમ પડયું. સાહુકારને બોલાવી પુછયું તો પોતાના દાગીના ઓળખી પોતાના ઘરમાંથી ચોરી થયાની વાત કબુલ કરી. આ ઉપરથી પોલીસે પેલા સાહુકાર ઉપર ક્રી. પ્રો. કોડની કલમ ૪૪ મુજબ, આ ગુન્હાની ખબર તાબડતોબ નહીં આપ્યા બદલ ફરીઆદ માંડી. કામ ચાલ્યું તેમાં આ સાહુકારનીજ કબુલાત ઉપરથી

તેને ગુન્હેગાર ઠરાવી કોર્ટે તેને હિંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૧૭૬ મુજબ પંદર દિવસની આસાન કેદની શિક્ષા ફરમાવી. આ દ્રષ્ટાંતથી વાંચનારની ખાત્રી થશે કે પોતા ઉપર કાયદાએ નાંખેલી ફરજ વખતસર અદા નહીં કરવાથી સાહુકાર પોતાના થોડા દાગીના ખોઇ બેઠો અને સજા થઈ તે તો જુદી. માટે કાયદાએ નાંખેલી ફરજ દરેક માણસે જાણવીજ જોઈએ.

આવી રીતની હકીકત છતાં, સેંકડે નવાણું માણસો પોતાના હક, ફરજ તથા જવાબદારીથી અજ્ઞાન રહેલા જોઈએ છીએ. આમ હોવાના મુખ્ય કારણો મારી સમજ પ્રમાણે નીચે મુજબ છે.

(૧). ઘણા ખરા ગુજરાતી કાયદા મળી આવતા નથી.

(૨). જે મળી આવે છે તેની ભાષા અને રચના સાધારણ બુધ્ધિના અને સાધારણ કેળવણી પામેલા માણસો ભાગ્યેજ સમજી શકે છે.

(૩). સઘળી જાતના ઉપયોગી કાયદા ખરીદવાની શકતી સઘળા માણસોમાં હોતી નથી.

(૪). બધાજ કાયદા વાંચવાની ભણેલા અને ધનવાન માણસોને પુરસદ હોતી નથી.

ઉપરના ચાર કારણો ખરાં અને વજનદાર છે કે નહીં તે આપણે તપાસીએ.

"પહેલું કારણ." આ પુસ્તક તૈયાર કરવા સારૂ મારે કેટલાક ગુજરાતી કાયદા ખરીદ કરવાની જરૂર પડવાથી, મેં મુંબઈ, સરકારી બુક ડેપોના અમલદારને પત્ર લખ્યો. તેણે ફકત બે કાયદાઓ મોકલાવી આપી જવાબ (નંબર ૫૪૧ તા૰ ૨૨મી મે સને ૧૯૦૭નો) આપ્યો કે બીજા કાયદાઓ નથી. ગુજરાતી કાયદાઓ મળી શકતા નથી તેની હવે આથી વધારે ખાત્રી શું જોઈએ.

"બીજુ કારણ." વકીલની પરિક્ષા અંગ્રેજી ભાષામાં આજ ત્રીસ વરસથી લેવાતી થવાથી ગુજરાતી કાયદાઓનો દેખાવ ધીમે ધીમે કમી થતો ગયો છે, વળી ગુજરાતી કાયદાની ભાષાને રચના સાધારણ માણસો સમજી શકતા નથી, એ વાતના પુરાવામાં હું પોતે મારા અનુભવ ઉપરથી કહું છું કે મને ઘણી વખત ગુજરાતી કાયદામાં સમજ પડવી મુશ્કેલ થઈ પડે છે, અને તેથી મારે અંગ્રેજી કાયદા વાંચી મારા સંદેહનું નીવારણ કરવું પડે છે.

"ત્રીજું કારણ." આ કારણ તો ખુલ્લું છે કે બધાજ કાયદા જો એક માણસ ખરીદવા બેસે તો ભારે ખરચમાં ઉતરવું પડે. સાધારણ સ્થિતિના માણસોથી આ બોજો ઉંચકી શકાય નહીં.

"ચોથું કારણ." આજ કાલ કાયદા એટલા બધા વધી પડયા છે, અને ધંધા ઉદ્યમ તથા વેપાર તરફ માણસોનું લક્ષ એટલું બધું લાગ્યું છે કે, તેમને (વકિલા-

તનો ધંધો કરનારાઓને બાદ કરતાં) બધા કાયદા તો શું પણ વ્યવહાર ઉપયોગી કાયદાનું જ્ઞાન મેળવવાની, વાંચવાની અને સમજવાની પુરસદ મળતી નથી.

ઉપર બતાવેલાં કારણોને લીધે, દરેક માણુસ પોતાના હક, ફરજ તથા જવાબદારી સમજી શકે એવી ભાષામાં જો કાયદાનું એક વ્યવહાર તથા લોકોપયોગી પુસ્તક રચવામાં આવી, ગરીબ અને તવંગર બધા ખરીદ કરી શકે એવી કિમ્મતે આપવામાં આવે તો લાંબા વખતથી ચાલી આવતી ખોટ પુરી પડે એવા મુખ્ય હેતુથી આ પુસ્તક તૈયાર કર્યું છે.

વળી કાયદાનું જ્ઞાન રૈયતને વફાદાર બનાવવામાં તથા વફાદાર રાખવામાં તથા દેશની અંદર સુલેહશાન્તી જાળવવામાં જે ભાગ, જેવી સંતોષકારક રીતે ભજવી શકે, તેટલો અને તેવો ભાગ એક ઉઘાડી તલવારવાળી લશ્કરની ટુકડીથી પણ ભજવી શકાય નહીં માટે કાયદાના જ્ઞાનનો, આ પુસ્તકદ્વારા ફેલાવો કરી રૈયતને વફાદાર બનાવવા તથા વફાદાર જારી રાખવામાં મહાન અંગ્રેજ સરકારના રાજ્ય પ્રત્યે મારી અદના સેવા બજાવવી,—એ પણ આ પુસ્તક બહાર પાડવામાં બીજો હેતુ સમાયલો છે.

એકંદર સાઠ (૬૦) કાયદાઓની માહિતી આ પુસ્તકમાં આપવામાં આવી છે એટલે લોકોપયોગી તથા વ્યવહારોપયોગી બનાવવામાં કાંઇ પણ કચ્ચાસ ધારવા મુજબ રહી જવા પામી નથી.

આ પુસ્તકનો જે કોઈ લક્ષપૂર્વક વાંચી ઉપયોગ કરશે તેને સાધારણ વ્યવહારી બાબતોમાં બીજાની સલાહ લેવાની જરૂર રહેશે નહીં. તેને પોતાના હક, ફરજ તથા જવાબદારીનું જ્ઞાન થશે અને કોઇથી છેતરાશે નહીં એવી આશા રાખવામાં આવે છે.

સાધારણ સરકારી નોકરો, જેવા કે પટેલ, તલાટી, કારકુન, તેમજ શેઠ સાહુકાર, વેપારી, દુકાનદાર, જમીનદાર, ખેડુત, કારીગર તથા મજુર વર્ગના લોકોને આ પુસ્તક ઊપયોગી થઈ પડશે એમાં શક નથી. પણ તે ઉપરાંત કાયદા જાણુનારાઓને પણ આ પુસ્તક કાયદાની કુંચી સમાન થઇ પડશે, કારણુ જે જે બાબતો જીંહાગ્રે હોવી જોઇએ તે એમાંથી ઝટ મળી આવશે.

આ પુસ્તકમાં એકંદર (૬૦) કાયદાની માહિતી આપ્યા છતાં, અને પુસ્તકનું કદ ધારવા કરતાં ઘણું મોટું થયા છતાં, તથા મજબુત અને ટકાઊ કપડાનું પુઠું કરાવ્યા છતાં ગરીબ અને તવંગર, ખેડુત અને સાહુકાર, એક સરખી રીતે ઉપયોગ કરી શકે એટલા માટેજ, એની પાછળ વાપરવામાં આવેલી તન તથા મનની મહેનત ઉપર વિચાર નહીં રાખતાં, આ પુસ્તકની કિમ્મત ઘણીજ થોડી

રાખી છે. આ પુસ્તકમાં સમાવેશ કરેલા છે તેટલાજ કાયદાઓ જો મળી શકતા હોય અને જો ખરીદવા જાઓ તો કમીમાં કમી કાયદા દીઠ સરાસરી કીંમત રૂ૦ ૦–૨–૦ મુજબ ગણીએ તોપણ રૂ૦ ૭–૮–૦ બેસે, તે પણ પુઠા વિનાના અને સાધારણ માણસને સમજણ નહીં પડે એવા મળે.

આપણા ગુજરાતી ભાઈઓ, હિંદુ કે મુસલમાન, ઉપર પુસ્તકો ખરીદ કરવામાં ઘણા પાછળ એટલે કંજુસ અથવા રકીબ હોવાનું આળ છે, છતાં આ પુસ્તકનું નામ સાંભળી તેના હસ્તપત્ર ઉપરથીજ અગાઉથી સાતસેં ઉપર ગ્રાહકો થઈ માંગણી કરી છે,—આ હકીકત આ પુસ્તકનું ઉપયોગીપણું અને લાંબા વખતની ખોટ સાબીત કરવાને બસ છે. અગાઉથી માંગણી થવી જારૂ રહેવાથી (અને હજુ પણ માગણી દરરોજ જારૂ છે) મારા ઉત્સાહમાં પણ વધારો થતો ગયો અને પુસ્તક વધારે ને વધારે ઉપયોગી થાય એવું બનાવવા પાછળ મારાથી લેવાઈ શકાય તેના કરતાં વધારે શ્રમ લીધો છે. સમજવા મુજબ કોઈ પણ સાધારણ વ્યવહાર ઉપયોગી બાબત રહી જવા પામી નથી.

આ પુસ્તકના અગાઉથી થયલા ગ્રાહકોની ઊપરાચાપરી તાકીદની માગણી થવાથી કેટલુંક કામ બહુજ ઉતાવળથી કરવું પડયું છે, માટે યોગ્ય કાળજી રાખ્યા છતાં, કાંઈ ભુલચુક રહી ગઈ હોય તો તે માટે વાંચક વર્ગ ક્ષમા કરશે. જે કોઈ વાંચનાર આ પુસ્તકના ઉપયોગીપણામાં વધારો થાય એવી કંઇ સૂચના વખતસર કરશે તો તે ઉપર ઘણી ખુશીની સાથે બીજી આવૃત્તિ વખતે ધ્યાન આપવામાં આવશે.

આ પુસ્તક સંબંધી લખાણના કામમાં તેમજ પ્રુફો તપાસવામાં રા૦ રા૦ દાજીભાઈ ગોપાળજી (કલાર્ક, પબ્લીક વર્કસ ડીપાર્ટમેન્ટ, સુરત) એ ઘણી સારી મદદ કરી છે તેમનો આ સ્થળે આભાર માનું છું.

વળી 'દેશી મીત્ર' પ્રેસના માલીક મી૦ મગનલાલ કીકાભાઈએ, પોતાના પ્રેસમાં બીજા કામનો પુષ્કળ બોજો છતાં, આ પુસ્તક જલદીથી છાપી બહાર પાડવાના કામમાં ઘણી સારી મનપૂર્બક મદદ કરી છે તેથી તેમનો પણ આભાર માનવો જોઇએ.

મારા સ્વદેશી બંધુઓ, હિંદુ, પારસી કે મુસલમાન આ પુસ્તકની કદર પીછાનશે તો મારી મહેનતનો યોગ્ય બદલો મળેલો સમજી સંતોષ માનીશ.

કતારગામ
તા. ૧૯–૭–૦૭ } ગોવિંદજી ગોપાળજી દેસાઈ

કર્તા.

(જરૂર આ પહેલુ વાંચો.)

પ્રવેશક

PRELIMINARY OBSERVATIONS.

હરકોઇ વીષયનું પુસ્તક વાંચવું શરૂ કરતાં પહેલાં, તે વિષયનું મુળ જાણવાથી તે વિષય સમજવો, ઘણે ભાગે દરજ્જે, સહેલો થઈ પડે છે. માટે આ જગ્યાએ આપણે કાયદાનું મુળ અથવા પાયો તપાસવાનો યત્ન કરીશું. કાયદો એટલે શું તે શા માટે જોઇએ અને તે શા શા ઉપયોગમાં આવે છે, તે જાણવું પ્રથમ જરૂરનું છે.

કાયદો એટલે શું.

૨. "કાયદો" એ ફારસી ભાષાનો શબ્દ છે. એનો અર્થ પાયો, આધાર, રિવાજ, નિયમ અથવા કાનુન. સઘળા દેશોમાં નીતિના સિધ્ધાંતો ઘણુંકરી એક સરખાં હોય છે. જુઠું બોલવું નહીં, ચોરી કરવી નહીં. બીજાની વસ્તુ છીનવી લેવી નહીં. કોઇને મારહાણ કરવી નહીં વીગેરે.—આ સઘળા નીતિના સિધ્ધાંતો સઘળા દેશમાં એક સરખા માનનિય છે. આ સિધ્ધાંતો અથવા નિયમો મુજબ સઘળા માણસો જો પોતપોતાનું વર્તન રાખે તો કાયદાની જરૂર પડે નહીં; પણ આ દુનીઆમાં આવા નીતિના સિધ્ધાંતો વિરૂધ્ધ ચાલનારાઓ ઘણા મળી આવે છે. તેમને દાબમાં રાખવા તથા ઉપરના સિધ્ધાંતોના આધારે દુનીઆનો વ્યવહાર સરળ ચાલવા માટે કાયદા રચવામાં આવે છે. ટુંકામાં કાયદો એટલે દાબમાં અથવા અંકુશમાં રાખવાના નિયમો.

રિવાજ એટલે શું

. વળી એક સરખું લાંબી મુદત સુધી એકની એક બાબતમાં વર્તન થવાથી "રિવાજ" ઉત્પન્ન થાય છે. જયાં સુધી તે લખાયલા હોતા નથી ત્યાં સુધી તેમાં મરજી માફક વધારો યા ઘટાડો, કોઇને ફાયદાકારક અને કોઇને હાનીકારક, થઈ શકે છે. માટે લાંબા વખતથી ચાલતા આવેલા "રિવાજ" ઉપરથી પણ કાયદા રચવામાં આવે છે. અને જો કે કેટલીક બાબતોમાં "રિવાજ"ને કાયદાનું રૂપ આપેલું હોતું નથી તોપણ તે કાયદાના જેટલા બળવાન ગણાય છે. દાખલા તરીકે હિંદુ તથા મુસલમાન લોકોના સામાજીક રિવાજોને કાયદાનું રૂપ આપેલું નથી. તો પણ તેમના ચાલતા આવેલા સામાજીક રિવાજો કાયદા સમાન બળવાન ગણાય છે. ત્યારે હવે "કાયદા"નું મુળ, પાયો અથવા આધાર, ટુકામાં કહીએ તો, નીતિના સિધ્ધાંતો તથા રિવાજોમાં છે.

૩. આપણે ઉપર કહી ગયા તેમ જો, સઘળા લોકો સર્વમાન્ય નીતિના નિયમો મુજબ ચાલે તો કાયદાની જરૂર નથી, પરંતુ પરમેશ્વર, અલ્લા કે ખુદા, પાક પરવરદેગારની એવી ગહન, અકળ અને વિચીત્ર લીલા છે કે માણસોના સ્વભાવ એકસરખા ઘડેલા જણાતા નથી. કોઇ લોભી, કોઈ લુચ્ચો, કોઈ દ્વેષી, કોઇ ઠગ, કોઇ ક્રોધી, કોઈ મદાંધ એવી તરેહ તરેહવાર પ્રકૃતિના માણસો આપણે દરરોજ જોઇએ છીએ. આવા માણસોથી સારા, સભ્ય અને નીતિને માર્ગે ચાલનારા માણસોના જાનમાલ તથા હકોનું રક્ષણ કરવાના હેતુથી કાયદા રચવામાં આવે છે. કાયદા ન હોય તો દુનીઆનો વહીવટ સરળ રીતે ચાલેજ નહીં. જબરો નબળાની વસ્તુ પડાવી લે, લોકો નિરૂદ્યમી થઈ જાય અને અંધાધુધીનો વખત આવે. "ઘોડાનો કાયદો" જેમ નઠારા, એબિએલ અથવા કરડકણા ઘોડાને વશમાં, તાબામાં કે નીયમમાં રાખવા માટે જરૂરનો છે તેમ લુચ્ચા લોભી, ક્રોધી, દુરાચારી અને નઠારા માણસો માટે "કાયદા"ની જરૂર છે.

કાયદા શા માટે જોઇએ.

૪. ઉપર આપણે કાયદાની જરૂર જોઈ. ત્યારે હવે કાયદા કોણ કરી શકે. ઘરમાં બેઠાં બેઠાં હું તો ઘણાએ નિયમો અથવા કાનુનો રચું પણ તેને મારા તાબાના માણસો શીવાય બીજા કોઈ માન આપવા બંધાયલા નથી. તાબાના માણસો જો મારા નિયમોનું ઉલંઘન કરે તો તેમને હું દંડ કરી શકું અથવા ઘરના માણસોને બીજી રીતે નશ્યત કરી શકું. પણ બીજાઓને નશ્યત કરવાની મને સત્તા નથી. ત્યારે એ નિયમો, કાનુનો કે હુકમો મારા ઘરનોજ કાયદો કહેવાય. સાર્વજનીક કાયદો કહેવાય નહીં. પણ દેશના રાજ્યકર્તા અથવા સરકાર જ્યારે નિયમો બાંધે અને તે મુજબ અમલ કરે ત્યારે, તે નિયમો તે દેશના કાયદા કહેવાય. કારણ રાજા અથવા સરકારના નિમેલા અધિકારીઓ તે નિયમોને અમલમાં મુકી શકે છે, ને જે લોકો તે નીયમોનું ઉલંઘન કરે તેને શિક્ષા કરવાની તેમને સત્તા આપેલી હોય છે. ત્યારે, કાયદો દેશનો રાજ્યકર્તા અથવા સરકારજ કરી શકે છે. બીજા કોઈથી તે થઈ શકતો નથી.

કાયદા કોણ કરી શકે.

૫. જુદાં જુદાં ખાતાંઓ મારફત રાજ્યનો અમલ ચલાવવો સુગમ પડે તેમજ કાયદાનો અભ્યાસ કરનારાઓ તથા કાયદો વાંચનારાઓને સુલભ પડે માટે જુદી જુદી બાબતના જુદા જુદા કાયદા રચવાની જરૂર આપોઆપ એટલે એની મેળે દેખાઇ આવે છે. કાયદાનો વિસ્તાર એટલો બધો બહોળો છે અને તેની રચના કોઈ કોઇ પ્રસંગે સમજવી એવી મુશ્કેલ છે કે આખી જીંદગી ને જીંદગી એના અભ્યાસ

કાયદાના મુખ્ય પ્રકાર.

પાછળ ગાળવામાં આવે તોપણ સંપુર્ણતાએ પહોંચવું મુશ્કેલ. માટે જુદાજુદા વિષયો સારૂ તેમજ જુદાજુદા ઉપયોગો સારૂ જુદાજુદા પ્રકારના કાયદા રચવામાં આવે છે. ફોજદારી, દિવાની તથા મહેસુલી એ કાયદાના મુખ્ય પ્રકાર ગણવામાં આવે છે.

ફોજદારી કાયદો.

૬. રાજ્ય વિરૂધ્ધ બંડ કરનારાઓ, ફિતુરી લખાણ કરનારાઓ, લોકોની સમાધાની ભંગ કરનારાઓ જુઠી સાક્ષી આપનારાઓ, માણુસના જાનમાલને હાની કરનારાઓ, દુરાચારી તથા બદમાસોને, રાજ્ય કારભાર સરળ રીતે ચલાવવા માટે, દાબમાં રાખવાની તથા શિક્ષા કરવાની જરૂર આપણે ઉપર બતાવી ગયા છીએ. જે કાયદાને આધારે આવા માણુસોને શિક્ષા કરવામાં આવે છે તે કાયદાને હિંદુસ્થાનનો ફોજદારી કાયદો (ઇન્ડીઅન પીનલકોડ) કહે છે. એ કાયદામાં ગુન્હાના પ્રકાર અને તે બદલ ગુન્હેગારને ભારેમાં ભારે કેટલી શિક્ષા થઈ શકે એટલુંજ બતાવેલું હોય છે. ટુંકમાં ફોજદારી કાયદો નઠારા તથા બદમાશ, ગુન્હા કરનાર માણુસો માટે છે.

દિવાની કાયદો.

૭. દિવાની કાયદામાં એક બીજા વચ્ચેના ખાનગી હકોનું, સામાજીક રીવાજોનું તથા દુનીઆદારીમાં જરૂર પડતા અનેક વ્યવહારો માટે કરવા પડતા કરારોનું નીરાકરણ કરવામાં આવેલું હોય છે. લોકોએ પોતાના તથા બીજાના હકો શું છે તે જાણવું જોઈએ. કોઈ માણુસ કાંઈ મીલકત મુકી મરી જાય ત્યારે, તે મીલકત કોને મળવી જોઈએ, એ જાણવા માટે આવા કાયદાની પણ જરૂર છે. જો કાયદો ન હોય તો વડીલ છોકરો કહેશે કે બધી માહારી, બીજા છોકરાઓ કહેશે કે એ મીલકત હમો બધાને સરખે હીસ્સે મળવી જોઇએ, અને વિધવા, જો હોય તો, તે કહેશે કે મારી એકલીનોજ એ મીલકત ઉપર હક છે. આવી જાતના હકોનું દિવાની કાયદા નીરાકરણ કરે છે. વળી વેપાર રોજગાર ચલાવવામાં દરરોજ એક બીજાની સાથે કંઈ બંદોબસ્ત ઈયા "કરાર" કરવાની જરૂર પડે છે. એવા કરાર અમલમાં લાવવા માટે, પણ દિવાની કાયદાની જરૂર પડે છે. લેહેણું વસુલ કરવામાં પણ એજ કાયદાની જરૂર પડે છે. ટુકામાં, આ કાયદા, સીવીલ એટલે ભલા માણુસોને ઉપયોગમાં આવે છે.

પૈસાની જરૂર.

૮. મેહસુલી કાયદાને જો કે ફોજદારી તથા દિવાની કાયદાની પાછળ અત્રે જગ્યા આપવામાં આવી છે, તો પણ તે સર્વથી પહેલી અગત્યતા ધરાવે છે. કારણ એ કાયદાથી અથવા તેને આધારે સરકારને પૈસા એકઠા કરવાનું સાધન મળી આવે છે. દુનિઆમાં પૈસાની કોને જરૂર પડતી નથી? દુનિઆનો સઘળો વ્યવહાર પૈસા ઉપર આધાર

રાખે છે. રંક અને રાય સઘળા પૈસા મેળવવાને માટે મહેનત, ઉદ્યમ અને વેપાર કરે છે. પૈસા હોય તો પોતાના શરીર માટે ખાવાપીવાનું, પહેરવા ઓઢવાનું અને વળી સુખના અનેક સાધનો પણ ખરીદ કરી શકાય. જેમ દરેક માણસને, પોતાના રક્ષણ માટે, ખોરાક અને પોશાકની જરૂર છે અને તે જેમ પૈસા વીના મળી શકતા નથી, તેમ રાજ્યકર્તા અથવા સરકારને પણ રાજ્યનું, દેશ બહારના દુશ્મનોથી, રક્ષણ કરવાને અને તેમ કરી પોતાનું રાજ્ય જાળવી રાખવાને, ભારે ખરચે મોટું લશ્કર જાથુને માટે રાખવું પડે છે. દેશની અંદર રૈયતના જાનમાલનું રક્ષણ કરવા માટે મોટા ખરચે પોલીસ રાખવી પડે છે. જમીન ઉપરની તથા દરિયાઇ ફોજનો તથા પોલીસ ફોજનો તથા રાજ્યતંત્ર ચલાવવાનો બીજો ખરચ પુરો પાડવો જોઈએ તે પુરો પાડવાને, એટલે પૈસા એકઠા કરવાને, સરકાર કાયદાની રૂએ, પોતાના નોકરોની મારફત મહેનત કરે છે. સબબ મહેસુલી કાયદા રચવાની જરૂર છે.

૯. "માહસુલ" એ અરબી ભાષાનો શબ્દ છે. એનો અર્થ હાંસીલ, આવક, લગાણ (લાગત) અથવા કર. જમીન ઉપરના કર, જળમાર્ગ તથા ખુશકી જગાત અને આબકારી (કેફી ચીજો) ઉપરની લાગતમાંથી મળતી સરકારની આવકને 'માહસુલ' કહે છે. આ કર, જકાત અથવા લાગત જે કાયદાને આધારે વસુલ કરવામાં આવે છે તેને (Fiscal) મેહેસુલી કાયદા કહે છે. જમીન મેહેસુલનો કાયદો, આવક ઉપર કર બેસાડવા બાબતનો કાયદો, મીઠ તથા અફીણ ઉપર જકાત લેવાનો કાયદો, પીઆવો લેવા બાબતનો કાયદો, જળ માર્ગ જકાત બાબતનો કાયદો, જંગલની ઉપજ બાબતનો કાયદો, દસ્તાવેજ ઉપર સ્ટાંપ ડયુટી (લાગત) લેવાનો,—આ સઘળા કાયદાઓ મેહેસુલી કહેવાય છે. મહેસુલ સુરક્ષિત કરવાના હેતુથી આ કાયદાના ઠરાવોનું ઉલંઘન કરનારને કેદ અથવા દંડ અથવા એ બેહુની શિક્ષા કરવાનું પણ આ કાયદાઓમાં અથવા તે આધારે થયેલી રૂલોમાં ફરમાવેલું હોય છે. આજ કારણથી આ પૈકી કેટલાક કાયદાઓને ફોજદારી વિષય નીચે દાખલ કરવામાં આવેલા છે. આ કાયદાઓ ફોજદારી વિષય સાથે ઘાડો સંબંધ ધરાવતા હોવાથી તેઓ વિશેષ અગત્યતા ધરાવે છે.

કામ ચલાવવાની રીતના કાયદા.

૧૦. ફકત ફોજદારી તથા દિવાની તથા મેહેસુલી કાયદા રચી બેસી રહેવાથી સરકારનો હેતુ જળવાતો નથી. આ કાયદાઓ કોણે અને કેવી રીતે અમલમાં મુકવા એ નક્કી કરવા સારૂ પણ કાયદાઓ રચવાની જરૂર છે. ફોજદારી કામ ચલાવવાની રીતનો કાયદો તથા દિવાની કામ ચલાવવાની રીતનો કાયદો, એવા બીજા બે કાયદાઓ રચવામાં આવેલા છે. "કામ ચલાવવાની રીત" એ શબ્દો ઉપરથીજ

આ કાયદાઓના હેતુ સ્પષ્ટ જણાઈ આવે છે, એટલે વધારે વિવેચન કરવું નકામું છે, તોપણ એટલું તો કહેવું જરૂરનું છે કે આ કાયદાઓની સાધારણ રીતે ઉપયોગમાં આવતી કલમોની મતલબથી દરેક માણસે વાકેફ થવું જોઈએ.

મેહેસુલી કામ ચલાવવાની રીતનો કાયદો કેમ નથી.

૧૧. ફોજદારી તથા દિવાની કાયદાઓ અમલમાં મુકવા માટે બીજા બે કાયદા રચવાની જરૂર પડી, ત્યારે વાંચનારને સવાલ ઉત્પન્ન થશે કે, મેહેસુલી કાયદા અમલમાં મુકવા માટે "કામ ચલાવવાની રીતનો" ત્રીજો કાયદો કેમ નથી. આ સવાલનો જવાબ એટલો જ છે કે મેહેસુલી કાયદાઓમાંજ અથવા તે આધારે કરેલી રૂલોમાં "કામ ચલાવવાની રીત"નો સમાવેશ કરેલો હોય છે. આ કાયદા અથવા રૂલોમાંજ કોણે, કેટલું, કઈ કઈ વસ્તુ ઉપર, કોની કોની પાસેથી, અને કેવી રીતે મેહેસુલ વસુલ કરવું તે બતાવેલું હોય છે—સબબ નિરાળા "કામ ચલાવવાની રીત"ના કાયદાની જરૂર નથી.

સારાંશ.

૧૨. વાંચનારના મન ઉપર ઠસાવવાની ખાતર, ઉપરના કથનની આ જગ્યાએ આપણે ફરીથી મતલબ કહીશું. આપણે નીચે મુજબના કાયદાઓની જરૂર જોઈ છે.

(૧). ફોજદારી કાયદાઃ—કયા કયા કૃત્યો ગુન્હા છે અને તે કૃત્ય કરનાર શી શી શિક્ષાને પાત્ર છે તે આ કાયદામાં બતાવેલું હોય છે.

(૨). ફોજદારી કામ ચલાવવાની રીતનો કાયદોઃ—સરકારે નીમેલા અધિકારીઓએ, ફોજદારી કાયદાનું ઉલંઘન કરનારાઓની કેવી રીતે તપાસ કરવી, તેઓને પકડી મંગાવી, સરકારે સ્થાપેલી કોર્ટોમાં તેઓને ખડા કરવા તે તથા કોર્ટોએ કેવી રીતે ગુન્હેગારો ઉપર કામ ચલાવવું, એ સઘળું તપસીલવાર આ કાયદામાં બતાવેલું હોય છે.

નંબર ૧–૨ માં બતાવેલા કાયદાઓની માહીતી આ પુસ્તકના પહેલા ભાગમાં આપેલી છે.

(૩). દિવાની કાયદાઃ—જુદી જુદી કોમના લોકોના અનેક જાતના હકોનું આ કાયદામાં નિરાકરણ કરેલું હોય છે. આ જાતના કાયદાઓનો વિસ્તાર બહુ બહોળો છે એટલું નહીં, પણ તે સમજવા પણ વધારે કઠણ હોય છે.

(૪). દીવાની કામ ચલાવવાની રીતનો કાયદો:—હક સંબંધી જ્યારે લોકોમાં કજીઆ થાય ત્યારે તે કજીઆનો સરકારે નીમેલા અધિકારીઓએ અથવા કોરટોએ કેવી રીતે કામ ચલાવી નીકાલ કરવો તે તથા કોઈ પણ છીનવી લીધેલા હકો કેવી રીતે ફરીઆદ કરનારને પાછા અપાવવા, એ સઘળું આ કાયદામાં બતાવેલું હોય છે.

નંબર ૩--૪ માં બતાવેલા કાયદાઓની માહીતી આ પુસ્તકના બીજા ભાગમા આપેલી છે.

(૫). મેહેસુલી કાયદા:—સરકારે નિમેલા અધિકારીઓએ, કોની કોની પાસેથી, શી શી બાબતોમાં કેટલું કેટલું, અને કેવી રીતે મેહેસુલ વસુલ કરવું તે બતાવેલું હોય છે.

આ કાયદાઓની માહીતી આ પુસ્તકના ત્રીજા ભાગમાં આપેલી છે.

અત્રે કાયદાની બાબતનું કથન વાસ્તવિક રીતે બોલતાં પુરૂં થાય છે પણ તે પુરૂ કરતાં પહેલાં કાયદાની સાથે નીકટનો સંબંધ ધરાવતી એક બે બીજી બાબતો વિષે થોડું વિવેચન કરીશું તો અઘટીત કહેવાશે નહીં.

લેખ અથવા દસ્તાવેજ એટલે શું ?

૧૩. આ દુનિઆમાં માણસોને એક બીજા સાથે અનેક જાતના વ્યવહારોમાં ઉતરવું પડે છે. આ વ્યવહારો ઘણી વખત લખાણથી કરી કંઈ તકરાર પડે તો ઉપયોગમાં આવે એવા હેતુથી, તે લખાણ જાળવી રાખવાની જરૂર પડે છે. આ "લખાણ"ને લેખ અથવા દસ્તાવેજ કહે છે. આ લેખો અથવા દસ્તાવેજો કેવી રીત લખવા, તેના નમુના, એ આ પુસ્તકના ચોથા ભાગમાં બતાવવામાં આવેલું છે.

કાયદા રચવાની ગોઠવણ

૧૪. જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે ત્યારે કાયદા રચવા સારૂ સરકારે એક સભા મુકરર કરી છે. એ સભાને કાયદા બાંધનારી સભા કહે છે. મોટે ભાગે સરકારી અધિકારીઓ તેમજ થોડા બીન સરકારી ગ્રહસ્થોની આ સભા બનેલી હોય છે. સરકારની ઈચ્છાનુંસાર સરકારી અધિકારીઓ કાયદાના ".ખરડા" સભામાં રજુ કરે છે, તે ઉપર સભામાં વાદવિવાદ ચાલી તે "ખરડા" વખતે પડતા મુકવામાં આવે છે કે સુધારા વધારા થઈ, પહેલી, બીજી વારના વાંચનમાં પસાર થઈ ત્રીજી વારના વાંચન પછી તે 'ખરડા' (વધુમતે) પસાર થાય એટલે તે કાયદો થયો એમ કહેવાયછે. કાયદા રચવાની આવી

ગોઠવણુ હોવાથી નઠારા અને જુલમી કાયદાઓ ઘણું કરી પસાર થવા પામતા નથી, તોપણુ એટલું તો ખરૂંજ કે સરકારી સભાસદોની સંખ્યા વધારે એટલે બહુધા સરકારની મરજી મુજબ રચાયલા "ખરડા" વધુમતે પસાર થઇ જવા પામે છે.

વાંચનારને અગત્યની સુચના.

૧૫. આ કથન સમાપ્ત કરતાં, આ પુસ્તકના વાંચનારને, મુખ્યત્વે કરીને પ્રથમ ગ્રાહક થઇ ઉત્તેજન આપનારાઓને, કાયદાના વિષય સંબંધમાં થોડી સુચના કરવી યોગ્ય વિચારી છે. મુળ તો કાયદાનો વિષય નિરસ છે. તેમાં વળી ફોજદારી કાયદો તો છેક સુકો, લુખો, રસ વગરનો છે, અને વળી આ પુસ્તકમાં તેને પહેલી જગા આપવામાં આવી છે. એટલાજ કારણુથી વાંચનારે કંટાળી જઈ વાંચવાનું છોડી દેવું નહીં. પહેલી વારનું વાંચન તમને જરા કંટાળા ભરેલું લાગશે; બીજી વારનું જરા સારૂં લાગશે, અને ત્રીજી વારના વાંચનથી એ વિષય તમને પ્રિય થઇ પડશે. માટે ધીરજ રાખી એક બે અને ત્રણુ વાર ફરી ફરીને આ પુસ્તક ચિત્તદઈને વાંચશો તો, તમારા હક ફરજ તથા જવાબદારીનું તમને ખરેખરૂં જ્ઞાન થશે, એમ હું ખાત્રીથી કહું છું. આ પુસ્તક વાંચી તમારે કંઈ વકીલની પરિક્ષા પસાર કરવી નથી, અને તે પરિક્ષા તો અંગ્રેજી ભાષામાં થાય છે; તમારાથી તો તેમાં દાખલ પણુ થવાય નહીં; તેથી તમારે કાયદાની કલમો ગોખી રાખી મોહોડે કરવાની જરૂર નથી. પરંતુ તમારે ઇઆ તમારા કોઈ સંબંધીને કોઈ બાબતમાં કાયદાના ખુલાસાની જરૂર જણુાય ત્યારે, તે બાબત આ પુસ્તકના કયા ભાગમાંથી કયી જગ્યાએથી મળી આવશે—એ શોધી કહાડવા જેટલું જ્ઞાન પ્રાપ્ત કરો તો, તે દુન્યાદારીના વ્યવહારી ઉપયોગ માટે કંઈ ઓછું નથી. અને બે ત્રણુ વાર આ પુસ્તક જરા ધ્યાન દઈ વાંચશો તો એટલું તો જરૂર યાદ રહેશેજ.

તથાસ્તુ.

ઘર વકીલ.

અનુક્રમણિકા.

ભાગ પહેલો.

ફોજદારી વિષય.

ભાગ બીજો દીવાની વીષય.

ભાગ ત્રીજો મેહેસુલી વિષય.

કસ્ટમ ખાતા સંબંધી કાયદાઓ.

ભાગ ચોથો દસ્તાવેજના નમુના.

ઘર વકીલ.

ભાગ ૧લો.

ફોજદારી વિષય.

ઈન્ડીઅન પીનલકોડ.

(સને ૧૮૬૦નો આક્ટ ૪૫મો.)

પિનલકોડનું દિગ્દર્શન.

ઈન્ડીઅન પિનલકોડ એટલે હિંદુસ્થાનનો ફોજદારી કાયદો.

હિંદુસ્થાનના રાજ્યનું સંરક્ષણ કરવાના તેમજ રાજ્ય માંહેલો જનસમુહ તથા વ્યક્તિ સુખરૂપ રહે એવા હેતુથી આ કાયદો રચવામાં આવેલો છે. એવા હેતુ વિરૂદ્ધ કૃત્ય કરનારાઓ ગુન્હેગાર થાય છે અને તેઓ સજાને પાત્ર થાય છે. એવા હેતુ વિરૂદ્ધ કયાં કયાં કૃત્યો છે તે કૃત્યોનું (ગુન્હાઓનું) યથાસ્થિત વર્ણન એટલે ગુન્હાની વ્યાખ્યા, ગુન્હા અને તે બદલ ભારેમાં ભારે કેટલી સજાને ગુન્હેગાર પાત્ર થાય છે તે આ કાયદામાં બતાવવામાં આવેલું છે.

ગુન્હાનું સ્વરૂપ સમજવું તથા તેની કલમ શોધી કાઢવાનું સુગમ પડે માટે તેના નિચે પ્રમાણે ૧૯ વર્ગ કર્યા છે.

ગુન્હાની વર્ગવારી.

બાબ.	ગુન્હા.	કલમ.
૬	રાજ્ય વિરૂદ્ધ ગુન્હા.	૧૨૧—૧૩૦
૭	જમીનપરની તથા દરીઆઈ ફોજ સંબંધી ગુન્હા.	૧૩૧—૧૪૦
૮	લોકની સમાધાની વિરૂદ્ધ ગુન્હા.	૧૪૧—૧૬૦
૯	સરકારી નોકરોના અથવા તેઓ સબંધી ગુન્હા.	૧૬૧—૧૭૧
૧૦	સરકારી નોકરોના કાયદેસર અખત્યારનો તિરસ્કાર.	૧૭૨—૧૯૦

બાબ ૬થી તે બાબ ૧૫ સુધી અને બાબ ૨૦માં રાજ્ય તથા જનસમુહ વિરૂદ્ધ ગુન્હાઓનું બ્યાન કરેલું છે. બાબ ૧૬થી તે બાબ ૧૯ સુધી અને બાબ ૨૧ તથા ૨૨માં વ્યક્તિ વિરૂદ્ધ ગુન્હાઓનું વર્ણન કરેલું છે.

પીનલકોડના એકંદર ત્રેવીસ બાબ છે. પહેલા બાબમાં એ કાયદો કયાં કયાં લાગુ છે તે બતાવેલું છે. આપણે તેનું કામ નથી. હિંદુસ્થાનમાં લાગુ છે એટલુંજ જાણવું બસ છે. બીજા બાબમાં શબ્દોની વ્યાખ્યા આપેલી છે, ત્રીજા બાબમાં સંજા બાબતની કલમો આપેલી છે, જે અધિકારીઓને જાણવાની છે, અને ચોથા બાબમાં (સાધારણ અપવાદ) કેટલાંક કૃત્યો ગુન્હા છતાં ગુન્હા નથી તે બાબત તથા દરેક માણસના હક બાબત છે.

બાબ ૨ તથા ૪ની બાબતો આ પુસ્તકના પહેલા ભાગમાંજ આપવામાં આવી છે.

કવચીતજ ગુન્હા બને છે તે.

આ ઓગણીસ વર્ગના ગુન્હામાંથી કયા વર્ગના ગુન્હા ઝાઝા બનતા નથી તે આપણે તપાસીએ:--બાબ ૬ તથા ૭નો હેતુ રાજ્યનું સંરક્ષણ કરવાનો છે. એ તો ખુલ્લું છે કે મહાન બળવાન ઈંગ્રેજ સરકારનું રાજ્ય લેવાને આ પ્રજા તૈયાર નથી. બહુ થાય તો બોલીને કે લખીને રાજ્ય વિરૂદ્ધ બેદીલી કોઈ જાહેર હિંમતવાળા પુરૂષો ઉત્પન્ન કરે. બાબ ૮મો. પ્રજાની સમાધાની જાળવવા અર્થે છે. એમાં ફક્ત જુદા જુદા

વર્ગના લોકો વચ્ચે વૈરભાવ ઊત્પન્ન કરવાના ગુન્હા થતા જોવામાં આવે છે, ન્યુસપેપરના એડીટરો તથા પ્રેસના માલીકો ઘણુંકરી આવા ગુન્હા કરતાં સપડાય છે. સરકારના હુકમ વગર તેમના ઊપર ફરીઆદ ચાલી શકતી નથી. બાબ ૯મો લાંચ રૂશવત અટકાવવાના હેતુથી રચેલો છે. લોકો જો લાંચ આપવા જાય નહીં તો એવા ગુન્હા બનેજ નહીં. માટે લોકોએ લાંચ કદી આપવી નહીં. અંગ્રેજ સરકારના રાજ્યમાં ઘણુંકરી ઈનસાફ મળ્યા વગર રહેતો નથી. બાબ ૧૦મો સરકારી કોર્ટો તથા અધિકારીઓની સત્તા તથા મોભો જાળવવા અર્થે રચેલો છે. પ્રજા વર્ગમાંથી કોઈ જાણીબુઝીને એવા ગુન્હા કરતું નથી. બાબ ૧૧–પ્રતિજ્ઞા ઊપર ખોટી સાહેદી આપવી, ખોટો પુરાવો બનાવવો એ કામ કેટલીક વખત થોડી સમજના અને બીન કેળવાયલા માણસો કરે છે, પરંતુ એવા બનાવ ઘણા થોડા બને છે. બાબ ૧૨–સરકારી સિક્કા તથા સરકારી સ્ટામ્પ બનાવવાના ગુન્હાથી સાધારણ પ્રજા તો અલગ રહે છે. કોઈ કોઈ બદમાસ ખોટા સિક્કા વીગેરે બનાવી તકસીરવાન થાય છે. બાબ ૧૩–ખોટાં કાટલાં તથા ખોટાં માપ રાખવા સંબંધી ગુન્હા ઝાઝા બનતા નથી, વખતેજ કોઈ દુકાનદાર એવી લુચ્ચાઈ વાપરી ગુન્હેગાર થાય છે. બાબ ૧૪ના ગુન્હાઓ સંગીન ગુન્હાઓ કહેવાતા નથી. પ્રજાની તંદુરસ્તી, સલામતી, અનુકુળતા, લજ્જા, તથા નિતિ જાળવવા સારૂ એ કલમો ઘણી ઉપયોગી છે. ગુજરાતી લોકો મોટે ભાગે સમજુ છે, તેથી એ કલમ મુજબના કેસો વધારે બનતા જોવામાં આવતા નથી. બાબ ૧૫–ધર્મ સંબંધી ગુન્હાઓ પણ જવલેજ બને છે. બાબ ૧૮–ખોટા લેખ બનાવવાના ગુન્હાથી સાધારણ રૈયત હમેશાં દુર રહે છે, કવચીત કોઈ બદમાસ એવા ગુન્હા કરે છે. બાબ ૧૯–નોકરી કરવાના કરાર તોડવાના ગુન્હા ઘણા થોડાજ બને છે અને એ ગુન્હા મહત્વના નથી. બાબ ૨૧–આબરૂ લેવાના ગુન્હા એટલે શું તે સાધારણ પ્રજા સમજતી પણ નથી. બાબ ૨૨–સાપ્રાધ ધમકીના ગુન્હાની ફરીઆદો વિશેષ જોવામાં આવે છે; ઘણી વખત ગુસ્સાના આવેશમાં ધમકીના શબ્દો લોકો બોલે છે, પરંતુ વખત જતાં એવી ફરીઆદોની સમજુતી થઈ જાય છે.

ઉપર મુજબ હકીકત છે ત્યારે સવાલ એ થાય છે કે કયા ગુન્હા વિશેષ બને છે.

સાધારણ બનતા ગુન્હાઓ

આપણામાં કહેવત છે તેમ જર, જોરૂ ને જમીન સંબંધમાં ટંટા–ગુન્હા વિશેષ બને છે. બીજા માણસની આ ત્રણ ઉપર કહેલી ચીજો લોભીઆ અને વિષયખોર માણસોને આટોપી પડવાનું અથવા બથાવી પડવાનું બહુ પ્રિય લાગે છે. આ ગુન્હાઓને ત્રણ વર્ગમાં વહેંચી નાંખ્યા છે. (બાબ ૧૬–માણસના શરિર સંબંધી ગુન્હા,

બાબ ૧૭–મિલકત સંબંધી ગુન્હા, બાબ ૨૦–લગ્ન સંબંધી ગુન્હા.) આ ત્રણે વર્ગ પૈકી કોઈને કોઈ ગુન્હા માયાની મોહીનીને લીધે સાધારણ રીતે બન્યાજ કરે છે.

આ ત્રણ વર્ગના ગુન્હાઓના ઘણા પ્રકાર છે તે સમજવા સહેલ પડે, એકી દ્રષ્ટીએ નજરે પડે, અને વાંચનારના ધ્યાન ઉપર જલદીથી ઠસે એવા હેતુથી ખાસ તૈયાર કરેલા તકતારૂપે સારાંશ નિચે આપીએ છીએ.

(બાબ-૧૬) માણસના શરીર સંબંધી ગુન્હા.

શરિરને હાની પહોંચે એવા ગુન્હા

		કલમ
૧	વ્યથા	૩૧૯
૨	મહાવ્યથા...	૩૨૦
૩	ગેરવ્યાજબી અટકાવ...	૩૪૧
૪	ગેરવ્યાજબી કેદ....	૩૪૨
૫	સાપ્રાધ બળ, તથા હુમલો...	૩૫૦–૩૫૧
૬	મનુષ્ય હરણ	૩૫૯
૭	મનુષ્ય નયન	૩૬૨
૮	ગુલામી	૩૭૦
૯	વેઠ	૩૭૪
૧૦	બળાત્કાર સંભોગ ...	૩૭૫
૧૧	સૃષ્ટીક્રમ વિરૂદ્ધ ગુન્હા...	૩૭૭

જીવ લે એવા ગુન્હા.

		કલમ
૧	શિક્ષણીય મનુષ્ય વધ...	૨૯૯
૨	ખુન	૩૦૦
૩	બેફીકરાઈથી કોઈનું મોત આણવું	૩૦૪અ
૪	આત્મઘાત	૩૦૫
૫	ખુનની કોશીશ	૩૦૭
૬	ઠગ હોવું	૩૧૦
૭	ગર્ભપાત કરવો	૩૧૨
૮	નહીં જન્મેલાં જીવતાં બચ્ચાંનું મોત આણવું.	૩૧૬
૯	બચ્ચાંને ત્યજી દેવું...	૩૧૭
૧૦	બચ્ચાંનો જન્મ છુપાવવા મુડદાંને દાટી દેવું ...	૩૧૮

(બાબ-૧૭) મિલકત સંબંધી ગુન્હા.

		કલમ
૧	ચોરી	૩૭૮
૨	જબરાઈથી કહડાવવું....	૩૮૩
૩	અપહરણ	૩૯૦
૪	ડાકાઈટી	૩૯૧
૫	સાપ્રાધ ખોટો ઉપયોગ	૪૦૩
૬	સાપ્રાધ વિશ્વાસઘાત...	૪૦૫
૭	ચોરીની મિલકત રાખવા બાબત...	૪૧૦
૮	ઠગાઈ...	૪૧૫
૯	બદદાનતથી મિલકત બીજાને કરી આપવી....	૪૨૧
૧૦	બિગાડ	૪૨૫
૧૧	સાપ્રાધ પ્રવેશ	૪૪૧
૧૨	ગ્રહ પ્રવેશ...	૪૪૨
૧૩	ગુપ્ત ગ્રહ પ્રવેશ....	૪૪૩
૧૪	રાત્રે ગુપ્ત ગ્રહપ્રવેશ...	૪૪૪
૧૫	ઘર ફોડવું....	૪૪૫

(બાબ-૨૦) લગ્ન સબંધી ગુન્હા.

ઉપરના તક્તામાં ગુન્હા બતાવ્યા છે તેટલીજ કલમો ગુન્હા બદલ છે એમ સમજવું નહીં. એકજ ગુન્હાનું ભારે હલકું સ્વરૂપ હોય છે. દાખલા તરીકે મહા વ્યથાનો ગુન્હો લઈએ. ભયંકર શસ્ત્ર વડે મહાવ્યથા થાય અને હાથ વડે પણ થઈ શકે. હાથવડે જે મહાવ્યથા થાય તે હલકા પ્રકારની મહાવ્યથા અને તેને માટે ઓછી સજા ઠરાવવી વ્યાજબી લેખાય અને ભયંકર શસ્ત્ર વડે મહાવ્યથા કરનારને માટે ભારે સજા ઠરાવવી જરૂરની છે, માટે ગુન્હાના હલકા ભારે રૂપ પ્રમાણે ઓછી વધતી સજા ઠરાવેલી છે અને તેને માટે ઘણે ભાગે જુદી જુદી કલમો કાયદામાં આપેલી છે. કલમોમાં સજાની હદ ઠરાવેલી હોય છે. માજીસ્ટ્રેટે તે હદમાં રહી તેમજ પોતાના અધિકારની હદમાં રહીને પોતાનું ડહાપણ વાપરી ગુન્હાનું સ્વરૂપ જોઈ સજા કરવાની છે.

કેટલાંક કૃત્યો ગુન્હા છતાં, ગુન્હા નથી.

કેટલાંક કૃત્યો ગુન્હા છતાં, તે કૃત્યો કરનારને ગુન્હામાંથી એટલે સજામાંથી બાતલ કરવાનું સઘળા સુધરેલા દેશના કાયદા બાંધનાર ડાહ્યા પુરૂષોએ કેટલાક કારણસર વ્યાજબી ધાર્યું છે. એવાં કૃત્યો શા કારણસર ગુન્હા નથી તે આપણે તપાસીએ. સાત વરસથી ઓછી ઉમ્મરના બાળકે કરેલું કૃત્ય, ગાંડા માણસે ગાંડપણામાં કરેલું કૃત્ય, પોતાની મરજી વિરૂદ્ધ, અંજાણપણામાં છાકટા થવાથી છાકટાપણામાં કરેલું કૃત્ય ગુન્હા નથી, કેમકે એવાં કૃત્ય સમજ વગર, ઈરાદા વગર થઈ જાય છે. વળી કોઇને કાયદાની ફરજથી કંઈ કૃત્ય કરવું પડે, કોઇને બીજાના ભારે ડરથી કંઈ કરવું પડે, બાળક અથવા દીવાના સખસના ફાયદા માટે તેના વાલીને કંઈ કૃત્ય કરવું પડે; કોઈ સખસની રજા મંદીથી તેના ફાયદા સારૂં કાંઈ કૃત્ય કરવું પડે, એવાં કૃત્યો ગુન્હા છતાં, ગુન્હા સમજવા નહી. એવાં કૃત્યોને કાયદામાં "સાધારણ અપવાદ" કહે છે. એવાં કૃત્યોનો સમાવેશ "સાધારણ અપવાદ"માં થાય છે, એવું સાબીત કરવાનો બોજો તોહોમતવાળા સખસ ઉપર છે (પુરાવા એકટ કલમ ૧૦૫).

"સાધારણ અપવાદ"ની કલમો નીચે પ્રમાણેઃ-

કાંઈ વસ્તુ કરવાની ફરજ બજાવતાં કરેલું કૃત્ય.

૭૬. જે સખસની જે વસ્તુ કરવાની કાયદા પ્રમાણે ફરજ છે, અથવા કાયદાની કંઈ ભુલના સબબથી નહીં, પણ હકીકતની કંઈ ભુલના સબબથી જે સખસ શુદ્ધ બુદ્ધિથી એમ માને કે એ વસ્તુ કરવાની મારી કાયદા પ્રમાણે ફરજ છે, તે સખસ જો તે વસ્તુ કરે, તો તે ગુન્હો છે એમ સમજવું નહી.

દ્રષ્ટાંત—(૧) અ સોલજર, કાયદાના હુકમ મુજબ, પોતાના ઉપરી અમલદારના ફરમાવ્યાથી લોકોના એક ટોળાં ઉપર બંદુકનો એક બહાર કરે, તો અ એ કાંઇ ગુન્હો કીધો એમ સમજવું નહીં.

(૨) એક ઈનસાફની કોરટના અમલદાર અ ને તે કોરટે ય ને પકડવાનો હુકમ કીધા ઉપરથી ઘટતી તજવીજ કરીને ઞ ને ય માનીને તે ઞ ને પકડે, તો અ એ કાંઈ ગુન્હો કીધો એમ સમજવું નહીં.

ઇનસાફનું કામ કરતા કરેલું જડજનું કામ

૭૭. જે અખત્યાર જે જડજને કાયદાએ આપેલો છે, અથવા જે જડજ શુદ્ધ બુદ્ધિથી એમ માને છે કે આ અખત્યાર મને કાયદાએ આપેલો છે, તેવો કોઇ અખત્યાર અમલમાં લાવતાં તે જડજ ઈનસાફનું કામ કરવામાં જે વસ્તુ કરે, તે ગુન્હો છે એમ સમજવું નહીં.

કોરટના ફેંસલા અગર હુકમ મુજબ કરેલું કામ

૭૮. કોઈ ઈનસાફની કોર્ટનો ફેંસલો અથવા હુકમ કાયમ હોય, તે દરમીયાનમાં તે ફેંસલા અથવા હુકમ મુજબ કરેલી કાંઈ વસ્તુ અથવા તે ફેંસલા અથવા હુકમથી થઈ શકે એવી કાંઈ વસ્તુ ગુન્હો છે એમ સમજવું નહી, પછી તે ફેંસલો અથવા હુકમ કરવાનો તે કોર્ટનો અધિકાર ન હોય તેની કાંઈ ચીંતા નહીં; પરંતુ તે કામ કરનાર સખસે શુદ્ધ બુદ્ધિથી એમ માનવું જોઈએ કે તે કોર્ટને અધીકાર છે.

જે વસ્તુ કરવાની કાયદાથી રજા છે તે વસ્તુ કરવાથી થયલું કૃત્ય.

૭૯. જે સખસને જે વસ્તુ કરવાની કાયદાથી રજા છે, અથવા કાયદાની કાંઈ ભુલના સબબથી જે સખસ શુદ્ધ બુદ્ધિથી એમ માને છે કે એ વસ્તુ કરવાની મને કાયદાથી રજા છે તે સખસ જો તે વસ્તુ કરે, તો તે ગુન્હો છે એમ સમજવું નહીં.

દ્રષ્ટાંત—ઞ ખુન કરે છે એવું સમજીને અ, ઞ ને પકડે, હવે ખુન કરનારાઓને ખુન કરતાં પકડવાનો અખત્યાર કાયદાએ સઘળા સખસોને આપ્યો છે, તે અખત્યાર પોતાની અકલ શુધ્ધ બુધ્ધીથી ચલાવીને અમલમાં લાવતાં અ, ઞ ને પકડે, એવા હેતુથી કે તેને યોગ્ય અમલદારની આગળ હાજર કરવો, તો અ એ કાંઇ ગુન્હો કર્યો એમ સમજવું નહી; પછી એમ માલમ પડે કે ઞ પોતાના બચાવમાં કાંઇ કામ કરતો હતો, તોપણ.

૮૦. કાંઈ કાયદેસર કામ, કાયદેસર રીતે, કાયદેસર ઉપાયોથી તથા ઘટીત સંભાળ અને ખબરદારીથી, કરતાં ઈતેફાક અથવા કમનસીબથી અને સાપ્રાધ ઈરાદા કે જ્ઞાન વિના થએલી કાંઈ વસ્તુ ગુન્હો છે એમ સમજવું નહી.

ઈતેફાકથી થયલી વસ્તુ.

દ્રષ્ટાંત—અ એક કુહાડો લઇને મજુરીનું કામ કરે છે, એટલામાં તેનું માથું હાથામાંથી જુદું થઈને ઉડીને પાસે ઉભેલા એક માણસને લાગી ને તે માણસ મરી જાય, તો એ ઠેકાણે જો બરાબર ખબરદારી રાખવામાં અ ની તરફની કાંઇ કસુર ન હોય, તો અ નું કામ માફ કરવા જેવું છે, અને ગુન્હો નથી એમ સમજવું.

ટીકા—ઈતેફાકની બાબતમાં મુખ્ય સવાલ બે છે. પેહેલો એ કે ખરેખરૂં ધારેલું કૃત્ય નીરપરાધી હતું કે નહીં, અને બીજો એ કે કેવી સંભાળથી અને ખબરદારીથી તે કૃત્ય કર્યું હતું.

૮૧. જો કાંઈ વસ્તુ હાનિ કરવાના સાપ્રાધ ઈરાદા વગર તથા સુદ્ધ બુદ્ધિથી શરીર અથવા મિલકતને થતી બીજી હાની અટકાવવાને અથવા તેથી તે બચાવવાને કરી હોય, તો તે વસ્તુથી હાનિ થશે એવો સંભવ છે એમ જાણીને તે વસ્તુ કીધી એટલાજ સબબપરથી તે ગુન્હો છે એમ સમજવું નહી.

હાની અટકાવવાના કારણસર કરેલી હાની

દ્રષ્ટાંત—એક મોટી આગમાં અ લોકોના ઘરો તોડી પાડે, એટલા સારૂ કે તે આગ પથરાતી અટકે; અને એ કામ તે સુધ્ધ બુધ્ધિથી માણસની જીંદગી અથવા મિલકત બચાવવાના ઇરાદાથી કરે, તો એ ઠેકાણે, જો એવું માલમ પડે કે આગ અટકાવવાની એવી તરેહની તથા એટલી નજદીક હતી કે તેથી અનું કામ માફ થાય તો અએ ગુન્હો કીધો એમ સમજવું નહીં.

૮૨. ૭ વરસથી ઓછી ઉમરના બાળકનું કામ:-સાત વરસથી ઓછી ઉમરના બાળકે કરેલી કાંઈ પણ વસ્તુ ગુન્હો છે એમ સમજવું નહીં.

૮૩. સાત વરસથી વધારે અને બાર વરસથી ઓછી ઉમરનું બાળક, જેની અકલ તે વખતે પોતાની ચાલ કેવી છે તથા તેથી શું પરિણામ થશે એ બાબત વિચાર કરી શકે એટલી પુખ્ત થઈ નથી તેણે કરેલી કાંઈ પણ વસ્તુ ગુન્હો છે એમ સમજવું નહીં.

૭ થી ઉપર અને ૧૨ વરસની અંદરના બાળકનું કામ.

ટીપ:—રેલ્વેમાં મુસાફરી કરનારા માણસોની સલામતીને જોખમમાં નાખનારા કામોને આ અપવાદ લાગુ નથી. સને ૧૮૯૦ નો રેલ્વે એકટ. ૯ ની કલમ ૧૩૦.

૮૪. જે સખસ કાંઈ કામ કરતી વખતે, દીવાનગીના સબબથી, હું કેવી રીતે કામ કરૂં છું એ અથવા જે કામ હું કરૂં છું તે ખોટું છે અથવા કાયદાથી ઉલટું છે એવું જાણી શકતો નથી, તેનું કરેલું તે કામ ગુન્હો છે એમ સમજવું નહીં.

દીવાના સખસનું કાળ.

ટીપ:—આવી બાબતમાં પોલીસ પકડવાને મુખત્યાર છે. પકડેલો સખસ ઓછી અકલનો અથવા ગાંડો છે કે કેમ એ સવાલ મેજીસ્ટ્રેટ પાસે નક્કી કરાવવાને મુખત્યાર છે.

કેફના સબબથી થએલું કામ

૮૫. જે સખસ કાંઈ કામ કરતી વખતે કેફના સબબથી હું કેવી રીતનું કામ કરૂં છું એ અથવા હું જે કામ કરૂં છું તે ખોટું છે અથવા કાયદાથી ઉલટું છે એવું જાણી શકતો નથી તેનું કરેલું તે કામ ગુન્હો છે એમ સમજવું નહી, પણ જે વસ્તુથી તેને કેફ ચહડી તે વસ્તુ તે ન જાણે એમ અથવા તેની ખુશી ન છતાં તેને ખવાડી હોય તો.

ટીકા—પોતાની મેળે કેફ કરી ગુન્હો કરે તેને આ કલમનો લાભ મળી શકતો નથી.

જે ગુન્હામાં ઇરાદો જરૂરનો છે તે ગુન્હો કેફ ચહડી હોય એવો માણસ કરે તો

૮૬. જે જે બાબતોમાં કાંઈ કામ અમુક જ્ઞાન અથવા ઈરાદાથી કર્યું ન હોય તો તે ગુન્હો ન ગણાય એવું હોય તો તે બાબતોમાં જે સખસ કેફની હાલતમાં તે કામ કરે તે સખસની ઉપર, જાણે તેને કેફ ન ચડી હોત તો જે જ્ઞાન તેને હોત તેજ જ્ઞાન તેને હતું એમ સમજીનેજ અમલ થવાને તે લાયક થશે, પણ જે વસ્તુથી તેને કેફ ચહડી તે વસ્તુ તે ન જાણે એમ અથવા તેની ખુશી ન છતાં તેને ખવડાવી હોય તો.

રજામંદીથી કરેલું કામ

૮૭. જે વસ્તુથી મોત અથવા મહાવ્યથા કરવાનો ઇરાદો કર્યો નથી, અને જેથી મોત અથવા મહાવ્યથા થશે એવો સંભવ છે એમ તેનો કરનાર જાણતો નથી, તે વસ્તુ કરવાથી, થતી હાનિ ખમવાની જે સખસે, સાફ રીતે અથવા અરથાંત સમજાય એવી રીતે, રજા મંદી આપી હોય, એવા અઢાર વરસથી વધારે ઉમરના કોઈ સખસને કાંઈ હાનિ થાય અથવા કાંઈ હાનિ કરવાનો તે વસ્તુ કરનારે ઇરાદો કર્યો હોય તે હાનિના સબબથી, અથવા એવા જે સખસે તે હાનિનું જોખમ માથે લેવાની રજા મંદી આપી હોય તે સખસને તે વસ્તુથી કાંઈ હાનિ થશે એવો સંભવ છે એમ તે વસ્તુ કરનાર જાણતો હોય તે હાનીના સબબથી, તે વસ્તુ ગુન્હો છે એમ સમજવું નહીં.

દ્રષ્ટાંત— અ તથા ઝ અમથા રમતને સારૂ એક બીજા સાથે પટો ખેલવાનું કબુલ કરે તો, એ કબુલતમાં અરથાંત હરેકની એવી રજામંદી સમજાય છે કે વગર દગલબાજીએ તે પટો ખેલતાં જે હાનિ થાય તે ખમવી. હવે અથી વાજબી રીતે ખેલતાં ઝને કાંઈ વ્યથા થાય તો, અએ કાંઇ ગુન્હો કીધો એમ સમજવું નહી

ટીકા—બીજાને હાથે પોતાનું ખુન કરવાને અથવા મહાવ્યથા કરવાને રજામંદી આપી શકે નહીં.

રજામંદીથી તથા સુદ્ધ બુધ્ધિથી કોઈ સખસના ફાયદાને માટે કરેલું કામ

૮૮. જે વસ્તુથી મોત થાય એવો ઈરાદો કર્યો નથી તે વસ્તુથી થતી હાનિ ખમવાની અથવા તે હાનિનું જોખમ માથે લેવાની જે સખસે, સાફ રીતે અથવા અરથાંત સમજાય એવી રીતે, રજામંદી આપી હોય, તે સખસના ફાયદાને માટે શુદ્ધ બુદ્ધિથી તે કરવામાં તે સખસને કાંઈ હાનિ થાય, અથવા તેને કાંઈ હાનિ કરવાનો ઈરાદો તે કરનારે કર્યો હોય, અથવા તેને તેથી કાંઈ હાનિ થશે એવો સંભવ છે એમ તે કરનારે જાણ્યું હોય, તો તે હાનિના સબબથી તે વસ્તુ ગુન્હો છે એમ સમજવું નહી.

દ્રષ્ટાંત—અમુક શસ્ત્રક્રીયા કરવાથી ज નું મોત થશે એવો સંભવ છે એમ જાણીને પણ ज નું મોત આણવાનો ઇરાદો ન કરતાં અને ज કાંઈ દુખકારક રોગથી પીડા પામે છે તેને ફાયદો થાય એવા ઇરાદાથી, સુધ્ધ બુધ્ધીએ ज ની રજામંદી લઇને ज ની ઉપર તે શસ્ત્રક્રિયા अ દાકતર કરે, તો अ એ કાંઈ ગુન્હો કરયો એમ સમજવું નહી.

બાળક અથવા દીવાનાના ફાયદાને માટે વાલીએ, શુધ્ધ બુદ્ધિથી કરેલું કામ.

૮૯. કોઈ બાર વરસથી ઓછી ઉમરના અથવા દીવાના સખસના ફાયદાને માટે, તે સખસનો જે વાલી હોય અથવા જે બીજા સખસના કાયદેસર હવાલામાં તે સખસ હોય, તેની સાફ રીતે અથવા અરથાંત સમજાય એવી રીતે રજામંદી લઈને કોઈ બીજો સખસ, શુદ્ધ બુદ્ધિથી કાંઈ વસ્તુ કરે અને તે વસ્તુથી તે સખસને કાંઈ હાનિ થાય, અથવા તેને કાંઇ હાનિ કરવાનો ઈરાદો તે કરનારે કર્યો હોય, અથવા તેને તેથી કાંઈ હાનિ થશે એવો સંભવ છે એમ તે કરનારે જાણ્યું હોય, તો તે હાનિના સબબથી તે વસ્તુ કેટલીક સરતોને અનુસરીને, ગુન્હો છે એમ સમજવું નહીં.

ટીકા—મા બાપ પોતાના છોકરાના ફાયદા વાસ્તે ધીમેથી તેને ચાબુક દયા શોટી મારે તો તે કંઇ ગુન્હો નથી. તેમજ પોતાના છોકરાના ફાયદા માટે તેને પુરી રાખે તો તે કાંઇ ગુન્હો નથી. તેમજ કોઈ નીશાળનો માસ્તર પોતાના નીશાળીઆને હલકેથી સોટી મારે તો તે ગુન્હો નથી.

૯૦. દેહેશત અથવા ખોટી સમજથી અપાયલી રજામંદી, તથા બાળકે અથવા દીવાના સખસે આપેલી રજામંદી, કાયદેસર રજામંદી સમજવી નહીં,

ટીકા—કોઇ અજ્ઞાન માણસ એમ કહે કે મને તો ગમે તેવુ મુશકેલ વાહાટ કાપ કરવાનું કામ આવડે છે અને એમ કહી રજામંદી મેળવે, તો આની રજામંદીથી તેને કાંઇ ફાયદો થતો નથી. વળી, એક બાજીગરે એક મરનાર સખસને એવી સમજ આપી કે સરપનો ડંશ ઉતારવાની વિદ્યા મારી પાસે છે, તે ઉપરથી તે મરનાર સખસે સાપ કરડવા દીધો, પણ તે ડંશ તે બાજીગર ઉતારી શકયો નહીં. કેહેવાની જરૂર નથી કે બાજીગરને કાંઇ અપવાદનો લાભ મળી શકયો નહીં

૯૧. રજામંદી આપનાર સખસને થનારી હાનિના સંબંધ વિના પણ જે કૃત્યો ગુન્હા છે, તે કૃત્યો રજામંદી લઈને કર્યા તે સબબથી ગુન્હા નથી એમ સમજવું નહીં.

દ્રષ્ટાંત—કોઇ સ્ત્રીની અથવા તેના વાલીની રજામંદી લઇને તેનો ગરભપાત કીધો હોય તો તે રજામંદીથી તે કામ ગુન્હો નથી એમ થતું નથી.

૯૨. કોઈ સખસની રજામંદી વગર તેના ફાયદા સારૂ શુદ્ધ બુદ્ધિએ, કરેલું કામ, તે સખસને તેથી કાંઈ હાનિ થાય તે હાનિના સબબથી, કેટલીક સરતોને અનુસરીને, ગુન્હો છે એમ સમજવું નહીં.

દ્રષ્ટાંત—એક ઘરને આગ લાગી છે તે ઘરમાં માળ ઉપર अ તથા ज બાળક છે. એવામા લોક નીચેથી એક ચાદર પોહોળી કરીને પકડી રહે, અને अ તે બાળકને માળ ઉપરથી નીચે નાંખે, એવું જાણીને કે નિચે પડેથી એ બાળકનો જીવ જાય એવો સંભવ છે. પણ એ બાળકનો જીવ લેવો એવો તેનો ઇરાદો ન હોય, અને શુધ્ધ બુધ્ધીથી તે બાળકને ફાયદો કરવાનો ઈરાદો તેણે કીધો હોય, તો બાળકનો પડવાથી જીવ જાય તો પણ अ એ કાંઈ ગુન્હો કીધો એમ સમજવું નહીં.

૯૩. કોઈ સખસના ફાયદાને સારૂ તેને શુદ્ધ બુધીએ કાંઈ કહેવામાં આવે અને જો તે સખસને કાંઈ હાનિ થાય, તો તે હાનિના સબબથી તે કહેવું ગુન્હો છે એમ સમજવું નહીં.

શુદ્ધ બુદ્ધિએ કાંઇ કહેવું

ટીકા—જે કૃત્યથી મોત થવાનો સંભવ છે તે કૃત્યનો બચાવ થઇ શકે નહીં, કોઇ સ્ત્રીના ઉપર બળાત્કાર થતો અટકાવવાને તેને ઝેર આપી તેનું મૃત્યુ કરે, તો તેને આ અપવાદનો લાભ મળતો નથી. પઇસા સંબંધી ફાયદો એ "ફાયદા" ગણી શકાય નહીં.

૯૪. ખુન તથા રાજ્ય વિરૂધ જે ગુન્હોઓને માટે મોતની શીક્ષા ઠરાવેલી છે તે ગુન્હાઓ શીવાય, જે કામ કોઈ સખસને તાત્કાળીક મોતની ધમકી અથવા ડરથી કરવું પડે તો તે ગુન્હો છે એમ સમજવું નહીં.

ડરથી કરેલું કૃત્ય.

૯૫. જુજ હાનિ થાય એવું કામ ગુન્હો છે એમ સમજવું નહીં.

ટીકા—જુજ હાની એ ગુન્હો નથી. કાયદા પ્રમાણે તો કોઇ સખસના શાહીના ખડીઆમાં કલમ બોળવી એ ચોરી છે, કાગળના વેફર જેવી એક ચીજ ભાંગવી એ બીગાડ છે, ઘોડેસ્વાર થઈ જતાં બીજાના ઉપર ધુળ ઉડે એ હુમલો છે, ગાડીમાં એક બીજાને દાબીને બેસવું એ વ્યથા છે. આવી જુજ બાબતો કાયદો ધ્યાનમાં લેતો નથી. ત્રણ પાઇની કીમતની સરકારી ઝાડ ઉપરથી આમલી ચોરેલી તે બદલ ગુન્હેગારને એક માજીસ્ત્રેટે સજા કરેલી તે હાઇ કોરટે રદ કરી હતી.

હરેક માણસના હક.

ગુન્હેગાર પકડાઈ આવે તેના ઉપર કાયદેસર કામ ચાલી ગુન્હો સાબીત થાય ત્યારે તેને કાયદા પ્રમાણે સજા કરવામાં આવે છે. પણ કેટલા ગુન્હા સામે તાત્કાળીક ઉપાયો લેવાની જરૂરીઆત દુન્યાની શરૂઆતથી જણાઈ આવી છે. એટલા માટે હરેક માણસને નુકસાનથી બચવા સામે માણસના પુરૂષાતન અને હિમતને જાગૃત કરવા અને ઉત્તેજન આપવા કેટલાક ભારે હકો આપ્યા છે. આ હકો કાયદાએ ઠરાવેલી હદોને અનુસરીને શરીર અથવા મીલકતને થતી નુકશાની સામે લાગુ પડે છે. અને તે નુકશાન જે માણસ બચાવ કરે તેના પોતાનાજ શરીરને અથવા મીલકતને હોય અગર બીજા કોઈની મિલકત અથવા શરીરને હોય તોપણ. માટે કાયદાનો ધોરી નીયમ એ છે કે **ખાનગી બચાવનો હક** અમલમાં લાવતાં કરેલી કંઈ વસ્તુ ગુન્હો છે એમ સમજવું નહીં. કલમ ૯૬ થી ૧૦૬

આ હક અમલમાં લાવતાં, ખાસ ધ્યાનમાં રાખવા જેવો નીયમ એ છે કે જેટલી જરૂર હોય તે પ્રમાણેજ તે હક વાપરવો, એટલે જરૂર હોય તે કરતાં વધારે હાનિ કરવા સુધી ખાનગી બચાવનો હક પોહોંચતો નથી. કારણ કે બચાવ કરવાના હેતુથી, નહીં કે સજા કરવા સારૂ, આ હક આપેલો છે. સજા તો, કોર્ટથી થવાની.

શરીર સંબંધી સઘળી જાતના ગુન્હાઓ.

કલમ ૨૯૯—૩૭૭ સામે આ હકો વાપરી શકાય છે. પણ તે ડહાપણથી અને કાયદાએ ઠરાવેલી હદોને અનુસરીને વાપરવાના છે. કોઈ હુમલો કરનાર ફક્ત સહેજ હાનિ કરવા જાય તો તેને મારી નાંખવો એ વાજબી કહેવાય નહીં. જો કોઈ સખસ ચાબુક લઈને બીજા ઉપર હુમલો કરે તો જેના ઉપર હુમલો થયો હોય તે સખસ, અગર બીજો કોઈ નજીક ઉભેલો માણસ, વચમાં પડી જરૂર જોગો હક વાપરી ગુન્હો થતો અટકાવી શકે, પણ હુમલો કરનારને મારી નાંખવા સુધીનો હક પોંહોંચતો નથી. પણ જો હુમલો કરનાર મહાવ્યથા કરવા ડર ઉત્પન્ન કરે તો તેને મારી નાંખવા સુધીનો હક પોંહોંચે છે.

વળી કોઈ ગ્રાહીત બીન ગુન્હેગાર સખસને હાનિ થવાનું જોખમ હોય એવી વખતે, તે જોખમમાં પડતાં સુધી, જીવ લે એવા હુમલા સામે, ખાનગી બચાવ કરવાનો હક પોંહોંચે છે.

જ્યારે ભયની વાજબી કલ્પના શરૂ થાય કે બચાવનો હક શરૂ થાય છે.

દ્રષ્ટાંત—અ ઉપર, બ જેની પાસે તરવાર છે તે હુમલો કરે, તે ઉપરથી અ એવું ધારીને તેને મારી નાંખે કે તે પોતાની તરવારનો ઉપયોગ કરશે, તો આ ઠેકાણે ખાનગી બચાવનો હક પોહોંચે નહીં, પણ જો બ ને તરવાર ખેંચતા અ જુવે તો પછી અ ને રાહ જોવાની જરૂર નથી.

જ્યાં સુધી શરીરને જોખમનો ભય જારી રહે ત્યાં સુધી ખાનગી બચાવનો હક જારી રહે છે.

મિલકત સંબંધી ફકત ચાર જાતના ગુન્હાઓ.

ચોરી (૩૭૮–૩૮૨) **અપહરણ તથા ડાકાઈટી** (૩૯૦–૪૦૨), **બીગાડ** (૪૨૫–૪૪૦), અને **સાપ્રાધ પ્રવેશ** તથા તેના ભારે રૂપ (૪૪૧–૪૬૨), સામે ખાનગી બચાવનો હક વાપરી શકાય છે. અપહરણ, રાતની વખતે ઘર ફોડવું, ઘરને આગ લગાડી બીગાડ કરવો, એ ત્રણ જાતના ગુન્હા સામે, તેમજ જે કામમાં મિલકતને લઈ જવાની કે નુકશાન કરવાની તજવીજ કરવા ઉપરાંત કોઈ સખસનું મોત આણે કે મહાવ્યથા કરે, તો મારી નાંખવા સુધી ખાનગી બચાવનો હક પોહોંચે છે. કોઈ ખાતર પાડનારને કોઈના ઘરના બારણાનું તાળું ઉઘાડતાં અ દેખે તો તે ચોર ઘરમાં ઘુસે તે પેહેલાં, અ બંદુકનો બહાર કરી શકે.

મિલકતને કરેલી નુકસાની સામે બચાવનો હક જ્યાં સુધી નુકસાની ચાલુ રેહે ત્યાં સુધી છે. એટલે જ્યાં સુધી ખોટું કૃત્ય જારી હોય ત્યાં સુધીજ અટકાવ કરી શકાય; પણ કોઈ ચોર નાશી ગયો હોય અને બીજે દીવસે મલે, તો તેને મારી શકાય નહીં, તોપણ જો ચોરેલી મિલકત તેના કબજામાં હોય, તો તે પાછી મેળવવાનો હક ફરી જાગૃત થાય છે.

ખાનગી બચાવનો હક ક્યારે નથીઃ--

अ. સરકારી અધીકારીઓનો આશરો માગવા જવાનો વખત હોય ત્યારે,

ब. સરકારી નોકર પોતાના હોદ્દાની રૂએ શુદ્ધ બુદ્ધિથી, અમલ કરતાં જે કાંઈ કામ કરે પછી તે કામ કાયદા મુજબ ન હોય તોપણ.

क. સરકારી નોકરે કરેલા હુકમ ઉપરથી જો કોઈ કાંઈ કામ કરે, પછી તે હુકમ કાયદા મુજબ ન હોય તોપણ.

ઉપરની ત્રણ બાબતોમાં ખાનગી બચાવનો હક નથી. પણ ब તથા क બાબતમાં જો મોત અથવા મહાવ્યથા થવાનો સંભવ હોય તો ખાનગી બચાવના હક પોહોંચે છે.

ગુન્હાની વ્યાખ્યા તથા તેના તત્વો.

ગુન્હાના વર્ગ તથા પ્રકારની માહિતી મળી એટલે હવે ગુન્હાની વ્યાખ્યા તથા કયાં કયાં તત્વોના તે બને છે તે જાણવું સહેલું થઈ પડશે.

૧૦૭—કાંઈ વસ્તુ સંબંધી નીચે લખ્યા પ્રમાણે જે માણસ કરે તે માણસે **કાંઇ વસ્તુમાં મદદગારી** તે વસ્તુ કરવામાં મદદગારી કરી એમ સમજવું—

પહેલું—જે માણસ તે વસ્તુ કરવા સારૂં કોઈ સખસને ઉસકેરે; અથવા

બીજું—જે માણસ તે વસ્તુ કરવાનો કોઈ સખસ અથવા સખસોની સાથે કાંઈ મશ્વરતમાં સામીલ થાય; પણ તે કયારે કે તે મશ્વરત મુજબ, તથા તે વસ્તુ કરવા માટે, કાંઈ કામ અથવા કાયદા વિરૂદ્ધ કસુર કરવામાં આવે તો; અથવા

ત્રીજું—જે માણસ કાંઈ કામ અથવા કાયદા વિરૂદ્ધ કસુર કરીને તે વસ્તુ કરવામાં ઈરાદાથી સહાય કરે.

ટીકા—જે વખતે પોલીસ કોન્સ્ટેબલો કોઈને માર મારી ગુન્હો મનાવતા હોય તે વખતે તેમનો ઉપરી તે વખતે ત્યાંથી જાણીજોઈને ખસી જાય તો તે ઉપરી ઉપર મદદગારી કરવાનો આરોપ મુકી શકાય.

કોઇ સખસને કાંઇ કૃત્ય કરવાને સલાહ આપવાથી, અથવા તેને હુકમ કરવાથી, અથવા તેને બીજી કોઇ રીતે ઉ-તેજન આપવાથી ઉસ્કેરણી થઇ શકે. કેટલાક માણસો એવા ખંધા હોય છે કે પોતે પડદા પાછળ રહી પોતાની મતલબ પાર પાડવા સારૂ, બીજાઓની પાસે, પૈસા આપીને સલાહ આપીને, ઉંધુંચતું સમજાવીને, ગુન્હા કરાવે છે. આવા માણસો બેશક સજાને પાત્ર છે.

તત્વો—(૧) ઉસ્કેરવું, અથવા (૨) મસલતમાં સામેલ થવું, અથવા (૩) ઈરાદાપુર્વક સહાય કરવી.

મદદગારીનો ગુન્હો બનવા માટે આ ત્રણે તત્વોની હાજરીની જરૂર નથી. ત્રણમાંથી ગમે તે એક તત્વની હાજરી હોવી જોઈએ.

મશ્વરતથી એટલે મસલતથી મદદગારીનો ગુન્હો કરવાને માટે એક કરતાં વધારે સખસની જરૂર છે.

૧૦૮. જે સખસ કાંઈ ગુન્હો કરવામાં મદદગારી કરે, અથવા જે કામ મદદગાર સખસના ઈરાદા અથવા જ્ઞાનથી ગુન્હો કરવાને કાયદા પ્રમાણે કોઈ શક્તીમાન **મદદગાર** સખસે કર્યું હોય તો ગુન્હો થાય, એવું કાંઈ કામ કરવામાં મદદગારી કરે, તે સખસે ગુન્હામાં મદદગારી કરી એમ સમજવું.

ટીકા— કોઈ અ સખસે એક બ સખસના શેઠના ઘરમાંથી ચોરી કરવાને પોતાને (અ ને) મદદ કરવાને બ ને ઊસકેર્યો, અને બએ, અ ને શીક્ષા કરાવવાના ઇરાદાથી પોતાના શેઠની સંમતીથી અને પોતાના શેઠના જાણપણાથી, પોતાના શેઠની મીલકત ખસેડવામાં મદદ કરી, ત્યારે તેમાં એવું ઠરયું કે કાંઇ પણ ચોરી થઇ નથી; પણ "ચોરી"નો ગુન્હો કરવામાં મદદ કરવાને વાસ્તે ને વાજબી રીતે ગુન્હેગાર ઠરાવ્યો.

કોઈ ગુન્હામાં મદદગારી કરવી એ ગુન્હો છે, માટે એવી મદદગારીમાં મદદગારી કરવી તે પણ ગુન્હો છે એમ સમજવું.

• મદદગારીના ગુન્હાને મુળ ગુન્હા સાથે સંબંધ નથી. મુખ્ય ગુન્હેગાર છુટી જાય અને મદદગારને શીક્ષા થઈ શકે.

મદદગારી કર્યા પછી ત્રણ જાતની બીનાઓ ઉત્પન્ન થાય છે; પ્રથમ, કાંઈપણ ગુન્હો બને નહીં, ત્યારે કલમ ૧૧૫ અને ૧૧૬ મુજબ સજા થઈ શકે; બીજું,—જે કૃત્યને વાસ્તે મદદગારી કરી હોય તેજ કૃત્ય થાય, ત્યારે કલમ ૧૦૯—૧૧૦ મુજબ સજા થઈ શકે, અને ત્રીજું,—કાંઈ જુદાજ પ્રકારનું કાર્ય થાય (પણ સ્વભાવીક રીતે મદદગારી કરેલા કૃત્યમાંથી થાય), તો મદદગારને કલમ ૧૧૧—૧૧૩ પ્રમાણે સજા થાય.

૧૪૧. "કાયદા વિરૂધ મંડળી"—જો પાંચ અથવા વધારે સખસોની એક મંડળી મળે, અને જે સખસો તે મંડળીમાં હોય તેઓના સામાન્ય હેતુ નિચે લખ્યા પ્રમાણે હોય, તો તે મંડળીને "કાયદા વિરૂદ્ધ મંડળી" કેહેવી.

પેહેલો—હિંદુસ્તાનની કાયદા કરનારી અથવા હકુમત કરનારી સરકારને, અથવા કોઈ પ્રેસીડન્સીની (ઈલાકાની) સરકારને, અથવા કોઈ લેફ્ટેનન્ટ ગવરનરને અથવા પોતાના હોદ્દાનો કાંઈ કાયદેસર અખત્યાર અમલમાં લાવતાં કોઈ સરકારી નોકરને, સાપ્રાધ બળ કરીને અથવા સાપ્રાધ બળ દેખાડીને ડરાવવો, અથવા

બીજો—કાંઈ કાયદો કે કાંઈ કાયદેસર હુકમ બજાવતાં હરકત કરવી; અથવા

ત્રીજો—કોઈ બીગાડ અથવા સાપ્રાધ પ્રવેશ અથવા બીજો ગુન્હો કરવો; અથવા

ચોથો—કોઈ સખસની ઉપર સાપ્રાધ બળ કરીને અથવા તેને સાપ્રાધ બળ દેખાડીને કાંઈ મિલ્કતનો કબજો લેવો અથવા મેળવવો, અથવા કોઈ સખસનો જવાનો હક, અથવા પાણી વાપરવાનો હક, અથવા બીજો જે નીરાકાર વસ્તુ સંબંધી હક તે સખસના કબજામાં કે ભોગવટામાં હોય તે તેની પાસેથી લઈ લેવો, અથવા કાંઇ હક કે ધારેલો હક અમલમાં લાવવો, અથવા

પાંચમો—સાપ્રાધ બળ કરીને અથવા સાપ્રાધ બળ દેખાડીને જે કામ કરવાની જે સખસની કાયદા પ્રમાણે ફરજ નહીં હોય તે કામ તે સખસ પાસે કરાવવું, અથવા જે કરવાને તેનો કાયદા પ્રમાણે હક હોય તે કરવામાં તેની પાસે કસુર કરાવવી.

ખુલાસો—જે મંડળી પ્રથમ મળતી વખતે કાયદા વિરૂધ્ધ ન હોય તે પાછળથી કાયદા વિરૂધ્ધ મંડળી થઇ શકે.

ટીકા—સામાન્ય હેતુ ગેરકાયદેસર હોવો જોઇએ. જ્યારે એકઠા મળે ત્યારે તેમના મનમાં તે હેતુ હોય અગર ન હોય અથવા એ હેતુ પછીથી થાય. સામાન્ય હેતુ ડરાવવાનો હોવો જોઇએ.

તત્વો—(૧) પાંચ અથવા વધારે સખસોની મંડળી બનેલી હોવી જોઈએ અને (૨) તે મંડળીનો સામાન્ય હેતુ अ સરકારને અથવા ब સરકારી નોકરોને અથવા क કોઈ સખસને ગેરકાયદે ડરાવવાનો હોવો જોઈએ.

આ કલમ મુજબ ગુન્હો બનવાને માટે આ બન્ને તત્વની અવશ્ય હાજરી હોવી જોઈએ. એક તત્વ હાજર હોય અને બીજું હાજર ન હોય તો ગુન્હો બનતો નથી.

૧૪૨. "કાયદા વિરૂદ્ધ મંડળીનો અંગભુત"—જે હકીકતોને લીધે કોઈ મંડળી કાયદા વિરૂદ્ધ મંડળી થતી હોય તે હકીકતો જાણ્યા છતાં જે માણસ ઈરાદાથી તે મંડળીમાં સામિલ થાય, અથવા તેમાં જારી રહે, તે માણસને કાયદા વિરૂદ્ધ મંડળીનો અંગભુત સમજવો.

તત્વો—(૧) કાયદા વિરૂદ્ધ મંડળી બનેલી હોવી જોઈએ અને (૨) તે મંડળીએ અથવા તે કોઈ અંગભૂતે તે મંડળીનો સામાન્ય હેતુ પાર પાડવામાં, બળ અથવા જુલમ વાપરવો જોઇએ.

આ કલમ મુજબ ગુન્હો બનવાને આ બન્ને તત્વોની જરૂર છે.

૧૪૬. "હુંગામો"—(Rioting) કોઈ કાયદા વિરૂદ્ધ મંડળીનો સામાન્ય હેતુ પાર પાડવામાં તે કાયદા વિરૂધ્ધ મંડળી અથવા તેનો કોઈ અંગભુત બળ અથવા જુલમ વાપરે, તો તે મંડળીના દરેક અંગભુતે હુંગામાનો ગુન્હો કર્યો એમ સમજવું.

૧૫૯. "બખેડો"—(Affray) જ્યારે બે અથવા વધારે સખસો કોઈ જાહેર જગ્યામાં મારામારી કરીને લોકોની સુલેહમાં ગડબડ કરે ત્યારે તેઓએ બખેડો કર્યો એમ સમજવું.

તત્વો—(૧) બે અથવા વધારે સખસોએ જાહેર જગ્યામાં મારામારી કરેલી હોવી જોઈએ અને (૨) એવી મારામારીથી લોકોની સુલેહમાં ગડબડ થયેલી હોવી જોઈએ.

આ કલમ મુજબ ગુન્હો બનવાને આ બન્ને તત્વોની જરૂર છે.

૧૯૧. "ખોટી શાહેદી"—કાંઈ સોગંદથી અથવા કાયદાના ખાસ ઠરાવથી સાચુ બોલવાને જે માણુસ કાયદા મુજબ બંધાયલો હોય, અથવા કાંઈ પણુ બાબત સંબંધી કોઈ એકરાર કરવાને કાયદાથી બંધાયલો હોય, તે માણુસ એવી કંઈ વાત કહે કે જે ખોટી હોય, અને જે ખોટી છે એમ તે જાણુતો કે માનતો હોય, અથવા ખરી છે એમ તે માનતો હોય, તો તે માણુસે ખોટી સાહેદી આપી એમ સમજવું.

ખુલાસો (૧)—કાંઈ વાત મોહોડેથી કહી હોય અથવા કોઇ બીજી રીતે કહી હોય તો પણુ તેને આ કલમના અર્થ પ્રમાણેની વાત સમજવી.

(૨) શાહેદી આપનાર સખસ પોતાના માનવા બાબત જે ખોટી વાત કહે તેને પણુ આ કલમના અર્થ પ્રમાણેની વાત સમજવી અને જેમ જે વસ્તુ કોઇ સખસ જાણુતો ન હોય ને તે કહે કે હું જાણું છું તેથી તે સખસ ખોટી શાહેદી આપ્યાનો ગુન્હેગાર થાય તેમજ જે વસ્તુ તે માનતો નહીં હોય તે વિશે તે એમ કહે કે હું એ માનું છું તો તેથી પણુ તે સખસ ખોટી શાહેદી આપ્યાનો ગુન્હેગાર થઇ શકે છે.

ટીકાઃ—આ કલમનો સાર એટલોજ છે કે જે કોઇ સખસ કાંઇ હકીકત સાચેસાચી કહેવાને સોગંદથી કે કાયદાથી બંધાયલો છતાં તે જાણીબુઝીને ખોટી કહે તો તે ગુન્હેગાર થાય છે.

૧૯૨. "ખોટો પુરાવો બનાવવો"—જે માણુસ કાંઈ બીના બનાવે, અથવા કાંઈ ચોપડી કે દફતર મધ્યે કાંઈ ખોટી રકમ લખે, અથવા કાંઈ લેખ કરે અને તેમાં કાંઈ ખોટી વાત લખે, એવા ઈરાદાથી કે કોઈ ઈનસાફી મુકરદમામાં, અથવા કોઈ સરકારી નોકરની આગળ તેના સરકારી હોદ્દાથી કાયદા મુજબ ચાલતા મુકરદમામાં અથવા કોઈ લવાદની આગળ, તે બીના, ખોટી રકમ, અથવા ખોટી વાત પુરાવામાં રજુ થાય, તથા તે રજુ થનારી બીના અથવા ખોટી રકમ, અથવા ખોટી વાતથી તે મુકરદમામાં પુરાવા ઉપરથી જે સખસ કાંઈ અભિપ્રાય બાંધનાર હોય તે સખસના મનમાં તે મુકરદમાના ફેસલાને લગતી કાંઈ જરૂરની બાબત સંબંધી ખોટો

અભિપ્રાય આવે, તો તે માણસે ખોટો પુરાવો બનાવ્યો એમ સમજવું. જેમકે અની એક પેટીમાં બ, કાંઈ ઘરેણા મુકે, એવા ઈરાદાથી કે તે ઘરેણા પેટીમાંથી જડે, તથા એ બીનાથી અની ઉપર ચોરી સાબીત થાય તો બ એ ખોટો પુરાવો બનાવ્યો એમ સમજવું.

ટીકા—આ કલમનો સાર એ છે કે પુરાવામાં રજુ કરવાના ઇરાદાથી કાંઇ ખોટી બીના બનાવવી કે કાંઇ ખોટી રકમ કે વાત દફતરમાં લખવી અને તેથી કરીને જે અમલદારની રૂબરૂ તે રજુ થાય તે અમલદાર તે વિશે કોઇને નુકશાન થાય એવો ખોટો અભિપ્રાય બાંધી શકે.

૨૩૦. "શિકકો"—એટલે જે ધાતુ, નાણા દાખલ વપરાતી હોય તથા જેપર છાપ મારીને નાણા દાખલ વાપરવા માટે તેને કોઈ સરકારના હુકમથી બહાર પાડયો હોય, તે ધાતુ.

"રાણીનો શિકકો"—જે શિક્કાપર છાપ મારીને તેને રાણીના હુકમથી, અથવા હીંદુસ્તાનની સરકારના અથવા ઈલાકાની સરકારના, હુકમથી નાણા દાખલ વાપરવા માટે બહાર પાડયો હોય તે શિકકો.

૨૬૮. "લોકાપકારક કૃત્ય"—જે સખસ એવું કાંઈ કામ કરે, અથવા એવી કાંઈ કાયદા વિરૂદ્ધ કસુર કરે, કે જેથી લોકોને, અથવા જે માણસો પડોસમાં રહેતાં હોય, અથવા જેઓના કબજામાં પાડોસમાં કાંઈ મિલકત હોય, તે સર્વ માણસોને, કાંઈ સાધારણ નુકશાન, ભય, અથવા દુઃખ થાય, અથવા જેથી જે સખસોને કાંઈ સાર્વજનીક હક વાપરવાની જરૂર પડે તે સખસોને નુકસાન, અડચણ, ભય અથવા દુઃખ થવા વિના રેહેજ નહીં તે સખસે લોકાપકારક કૃત્ય કર્યું એમ સમજવું.

કોઈ સર્વાપકારક કૃત્યથી કાંઈ અનુકુળતા અથવા લાભ થતો હોય તો તે સબબથી તે ગુન્હો માફ થઈ શકતો નથી.

"સર્વાપકારક કૃત્ય" એટલે જે લોકાપકારક કૃત્ય સર્વને એક સરખી રીતે લાગું પડતું હોય તે.

"લોકાપકારક કૃત્ય" એટલે લોકોને નુકસાન થાય એવું કૃત્ય.

લોકાપકારક કૃત્યનાં ઉદાહરણો:– જાહેર રસ્તાનું રોકાણ કરવું, જાહેર જગા અથવા રસ્તાનું નુકશાન કરવું, જાહેર જગ્યાઓ સમરાવવામાં ગફલતી કરવી; ભર વસ્તીમાં કે જાહેર રસ્તા ઉપર લોકોની તંદુરસ્તીને નુકશાન થાય તેવો વેપાર ચલાવવો; પડોશીઓને હરકત થાય એવો ઘોંઘાટ કરવો; વસ્તીમાં બંદુકનો દારૂ અથવા જલદીથી બળી જાય એવો પદાર્થ ભરી મુકવો; એ વીગરે કલમ ૨૬૯થી તે ૨૯૪ સુધીના ગુન્હા પાછળ પત્રક આપ્યું છે તેમાં જુવો.

૨૯૯. "શિક્ષણીય મનુષ્યવધ"—મોત આણવાના ઈરાદાથી, અથવા જેથી મોત થવાનો સંભવ હોય એવું કાંઈ શરીરનું નુકશાન કરવાના ઈરાદાથી, કાંઈ કામ કરીને અથવા ફલાણું કામ કરેથી મોત થશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં તે કામ કરીને, જે માણસ મોત આણે, તે માણસે શિક્ષણીય મનુષ્ય વધનો ગુન્હો કર્યો એમ સમજવું

ખુલાસો (૧) જે સખસને કાંઇ રોગ, વ્યાધી, કે શરીરની અશકતતા થઇ હોય એવા કોઇ સખસને જે માણસ શરીરનું નુકસાન કરે, અને તેથી કરીને પેલા સખસનું મોત થાય, તો તે માણસે તે સખસનું મોત આણ્યું એમ સમજવું.

(૨) જે ઠેકાણે કાંઇ શરીરનાં નુકશાનથી મોત થાય, તે ઠેકાણે જે સખસે તે શરીરનું નુકશાન કીધું હોય, તેણે તે મોત આણ્યું એમ સમજવું, પછી બરાબર ઇલાજ કરેથી તથા હોશીઆર હકીમની દવા કરેથી તે મોત થતું બચી શકત એમ હોય તોપણ.

(૩) માનાં પેટ માહેલાં બચ્ચાંનું મોત આણવું તે મનુષ્ય વધનો ગુન્હો નથી; પણ કોઈ જીવતાં બચ્ચાંનો કાંઇ પણ ભાગ બહાર નીકળ્યો હોય, પછી તે બચ્ચાંથી સ્વાસોસ્વાસ ન લેવાયા હોય, અથવા તે પુરેપુરૂં જનમ્યું ન હોય તોપણ, તે જીવતાં બચ્ચાંનું મોત આણવું તે શીક્ષણીય મનુષ્ય વધનો ગુન્હો થઈ શકે.

૩૦૦. "ખુન"ની વ્યાખ્યા કાયદામાં ઘણી લાંબી અને ગુંચવણ ભરેલી આપેલી છે. તે સાધારણ માણસોથી સેહેજ સમજાય એવી નથી. શરીર સંબંધી ગુન્હાઓમાં ખુન એ ભારેમાં ભારે ગુન્હો છે, એનાથી ઉતરતા દરજાનો ગુન્હો શિક્ષણીય મનુષ્ય વધ છે. શિક્ષણીય મનુષ્ય વધનો ગુન્હો બનવાને જે અવયવ વસ્તુની જરૂર છે તે ઉપરાંત ખુનનો ગુન્હો બનવામાં "મોત આણવાનો આગળનો વિચાર પુર્વક ઈરાદો" સાબીત થવો જોઈએ. ત્યારે ટુકામાં ખુનની વ્યાખ્યા—મારી નાખવાના વિચારપૂર્વક ઈરાદાથી કાંઈ કૃત્ય કોઈ કરે અને તેથી મોત નિપજે તો તે ખુન થયું એમ સમજવું.

ઈન્તેફાકથી મોત નીપજે તો કાંઇ ગુન્હો નથી. જે કામમાં ગુન્હેગારનો ઈરાદો ફકત વ્યથા કરવાનો હોય, અને ભુલથી મોત નીપજે, અથવા કોઈ ત્રાહીતે કાંઈ કૃત્ય કર્યું હોય તેથી ગુસ્સાના આવેશમાં મોત આણ્યું હોય તો તે ખુન નહીં, પણ શિક્ષણીય મનુષ્ય વધ સમજવું.

૩૦૧—જે સખસનું મોત આણવું ધાર્યું હોય તેથી કોઈ જુદા સખસનું મોત થાય તો તે કૃત્ય પણ શિક્ષણીય મનુષ્ય વધ છે એમ સમજવું.

દ્રષ્ટાંત—અ ને મારવાનો ઈરાદો હોય પણ ભુલથી તેને બદલે **બ** નું મોત થાય તો આ કલમ લાગુ પડે છે.

૩૧૦. "ઠગ"—આ કાયદો પસાર થયા પછી કોઈ પણ વખતે જે માણસ ખુનના ઉપાયથી, અથવા ખુનની સાથે, અપહરણ અથવા છોકરાં ચોરવાનો ગુન્હો

કરવાના કારણસર નિત્ય કોઈ બીજા માણસ અથવા માણસો જોડે મળેલો રેહેશે તે માણસને ઠગ સમજવો.

૩૧૯, ૩૨૧ "વ્યથા"—એટલે શારીરીક દુઃખ અથવા અશકતતા. વ્યથા એ કાંઈ ગુન્હાનું નામ નથી, પણ બુદ્ધીપુર્વક વ્યથા કરવી એ ગુન્હો છે; જે માણસ કોઈ સખસને વ્યથા કરવાના ઈરાદાએ અથવા તેથી કોઈ સખસને પોતાથી વ્યથા થવાનો સંભવ છે એમ જાણ્યા છતાં કાંઈ કામ કરે અને તે કામથી કોઈ સખસને વ્યથા કરે, તો તે માણસે બુદ્ધીપુર્વક વ્યથા કરી એમ સમજવું.

૩૨૦. "મહાવ્યથા"—(૧) પુરૂષત્વનો નાશ, (૨) બેમાંની કોઈપણ આંખની જોવાની શકતી જાશુ જવી, (૩) બેમાના કોઈ પણ કાનની સાંભળવાની શકતી જાશુ જવી, (૪) કોઈ અવયવ અથવા સાંધો જવો, (૫) કોઈ અવયવ અથવા સાંધાની શકતીનો નાશ થવો, અથવા તેની જાશુ ક્ષીણુતા થવી, (૬) ડોકાંની અથવા ચેહેરાની જાશુ બદશીકલ થવી, (૭) કોઈ હાડકાંનું અથવા દાંતનું ભાંગવું અથવા ખશી જવું, (૮) જે વ્યથાથી જીંદગી જોખમમાં આવે, અથવા જેથી વીસ દીવસની મુદત સુધી પોતાનો હમેશનો ધંધો કરવાને અશકત રહે, એવી કોઈ પણ વ્યથા.

૩૨૨. "બુદ્ધિ પુર્વક મહાવ્યથા કરવી"—જે માણસ બુદ્ધિ પુર્વક વ્યથા કરે, અને જે વ્યથા કરવાને તેનો ઈરાદો હોય, અથવા સંભવ હોય, તે વ્યથા જો મહાવ્યથા હોય તો તે માણસે બુદ્ધિપુર્વક મહાવ્યથા કરી એમ સમજવું.

૩૩૯. "ગેરવાજબી અટકાવ"---કોઈ સખસનો જેણીમેર જવાનો હક હોય તેણીમેર જતો તે સખસ અટકે એવી રીતે જે માણસ તે સખસને બુદ્ધિપુર્વક હરકત કરે તે માણસે તે સખસને ગેરવાજબી અટકાવ કર્યો એમ સમજવું.

"અપવાદ"—જમીન અથવા પાણી ઉપરથી જવા આવવાનો કાંઈ ખાનગી રસ્તો હોય અને તે રસ્તો બંધ કરવાનો મારો કાયદા મુજબ હક છે એમ શુદ્ધ બુદ્ધિથી માનીને તે રસ્તો બંધ કરે તો ગુન્હો નથી.

૩૪૦. "ગેરવાજબી કેદ"—કોઈ સખસ મુકરર કરેલી ચોતરફ હદની બહાર જતો અટકે એવી રીતે જે માણસ તે સખસને ગેરવાજબી અટકાવ કરે તે માણસે તે સખસને ગેરવાજબી કેદ કર્યો એમ સમજવું.

કોઈ અમુક રસ્તે જતાં અટકાવ કરવો, પણ તે રસ્તા શીવાય ગમે ત્યાં જવાની છુટ હોય, તો તે ગેરવાજબી અટકાવનો ગુન્હો કહેવાય; પણ જ્યારે ચોતરફથી કોઈ સખસને ઘેરી લેવામાં આવે, અથવા તેને ગમે ત્યાં જતો અટકાવે, તો તે ગેરવાજબી કેદનો ગુન્હો કહેવાય.

૩૫૦. "સાપ્રાધબળ"—જો કોઈ સખસ બીજા કોઈ સખસની રજામંદી શીવાય તે બીજા સખસની ઉપર ઈરાદાથી બળ વાપરે, અને તે કાંઈ ગુન્હો કરવા સારૂ અથવા તે બળ જે સખસની ઉપર વાપરે તે સખસને તે બળથી કાંઈ નુકશાન, ભય, અથવા દુઃખ કરવાના ઈરાદાથી, અથવા તેને તે બળ વાપરવાથી પોતાથી કાંઈ નુકશાન, ભય અથવા દુઃખ થવાનો સંભવ છે એમ જાણ્યા છતાં, તો તે સખસે તે બીજા સખસની ઉપર સાપ્રાધ બળ વાપર્યું એમ સમજવુ.

ઊદાહરણ—નદીમાં બાંધેલી હોડીના દોરડાં છોડી નાખવાં, જોડેલા ઘોડા અથવા બળદને ચાબક મારી તેની ગતીમાં ફેરફાર કરવો, ઇરાદા પુર્વક ધક્કો મારવો, કાદવમાં પથર ફેંકી બીજાના કપડા બગાડવા, ઇરાદાથી કોઇ બાઇનો બુરખો ખેંચવો, કુતરાને બીજાના શરીર ઉપર કુદાવવો, જાણી બુઝીને પાઘડી પાડી નાંખવી. એ બધા કૃત્ય સાપ્રાધ બળમાં આવી જાય.

૩૫૧. "હુમલો"—જે માણસ કાંઈ ચાળા અથવા કાંઈ તૈયારી કરે, એવા ઈરાદાથી કે એવો સંભવ જાણીને કે તે ચાળા અથવા તૈયારીથી કોઈ સખસ હાજર હોય તેને એવો ભય ઉત્પન્ન થશે કે એ ચાળા અથવા તૈયારી કરનારો માણસ માહારી ઉપર હમણા સાપ્રાધ બળ વાપરવાનો છે, તો તે માણસે હુમલો કર્યો એમ સમજવું. માત્ર શબ્દથી હુમલો થતો નથી. પણ કોઈ સખસ કાંઈ શબ્દો બોલે તે શબ્દો તેના ચાળા અથવા તૈયારીનો એવો અર્થ ઉત્પન્ન કરી શકે કે તેથી તે ચાળા અથવા તૈયારી હુમલો ગણાય. લાકડી લઇને "હું તારી વલે કરૂં છું" એમ બોલવું, મુકકી બીજાના ઉપર ધરીને મારવાની દેહેશત આપી હલાવવી એ હુમલાના ગુન્હા થઈ શકે.

૩૬૨. "મનુષ્ય નયન" (Abduction) એ કાંઈ ગુન્હો નથી; પણ કેટલાક ગુન્હાની વ્યાખ્યામાં એ શબ્દ વાપરેલો છે. જોરજુલમથી અથવા સમજાવીને સ્ત્રી વગેરે રક્ષણીય સખસને દગાથી લઈ જવું. તે મનુષ્ય નયન. ત્યારે એ ગુન્હો કેમ નહીં, એ સવાલ ઘણાના મનમાં ઉત્પન્ન થાય. એ સવાલનો જવાબ એ કે મનુષ્ય નયન હમેશાં કાંઈ સાપ્રાધ હેતુસર હોય છે, અને કાયદો તે હેતુ શું છે તે ઘણું કરીને પહેલું જુવે છે, અને પછી તેને માટે સજા ઠરાવે છે.

ટીકાઃ—"સાપ્રાધ હેતુ" એટલે ખુન કરવાનો, ગેરવાજબી કેદ કરવાનો જોર જુલમથી કોઇ સ્ત્રીના લગ્ન કરાવવાનો કે તેની સાથે જારકરમ કરવાનો, સૃષ્ટિક્રમ વિરૂધ્ધ મઈથુન કરવાનો, દસ વર્ષથી ઓછી ઊમરના છોકરાના શરીર ઉપરના ઘરેણા ચોરી લેવાનો વીગેરે. જુનો પત્રક કલમ ૩૬૪, ૩૬૫, ૩૬૬, ૩૬૭, ૩૬૮, ૩૬૯.

૩૫૯. "મનુષ્ય હરણ"—(Kidnapping) બે પ્રકારનું છે. એક બ્રિટીશ ઈંડીઆમાંથી, અને બીજું કાયદેસર હવાલામાંથી.

૩૬૦. "બ્રિટીશ ઈંડીયામાંથી મનુષ્ય હરણ"—જે માણસ કોઈ સખસને, તે સખસની રજામંદી શીવાય, અથવા તે સખસની વતી રજામંદી આપવાનો જેનો

કાયદા મુજબ અખત્યાર હોય એવા કોઈ સખસની રજામંદી શીવાય, બ્રિટીશ ઈન્ડીઆની હદની બાહાર લઈ જાય, તે માણસે બ્રિટીશ ઈંડીઆમાંથી તે સખસનું હરણ કર્યું એમ સમજવું.

૩૬૧. "કાયદેસર વાલીના હવાલામાંથી મનુષ્ય હરણ"—ચઉદ વરસથી ઓછી ઉમરના છોકરાને, અથવા સોળ વરસથી ઓછી ઉમરની છોકરીને, અથવા કોઈ દીવાના સખસને, તે બાળક અથવા દીવાના સખસના કાયદાસર વાલીના હવાલામાંથી, તે વાલીની રજામંદી શીવાય, જે માણસ લઈ જાય અથવા ફોસલાવીને તેડી જાય, તેણે તે બાળક અથવા તે સખસનું કાયદેસર વાલીના હવાલામાંથી હરણ કર્યું એમ સમજવું.

આ કલમ મધ્યે "કાયદેસર વાલી" એ શબ્દો લખ્યા છે. તે શબ્દો મધ્યે તે બાળક, અથવા તે બીજા સખસને રાખવાનું અથવા તેની સંભાળ કરવાનું કામ કાયદા મુજબ જે સખસને સોંપ્યું હોય એવા કોઈ પણ સખસનો સમાવેશ થાય છે.

"અપવાદ"—કોઈ સખસ શુદ્ધ બુદ્ધિએ એમ માનતો હોય કે લગ્ન સંબંધ વિના, ઉત્પન્ન થયેલા (અનૌરસ) બચ્ચાનો હું બાપ છું, અથવા શુદ્ધ બુદ્ધિએ એમ માનતો હોય કે તે બચ્ચાંને કાયદેસર હવાલામાં રાખવાનો મારો હક છે, તેવા સખસના આવા કોઈ કૃત્યને આ કલમ લાગુ નથી; પરંતુ તે સખસ જો કંઈ અનિતિના કારણસર અથવા કાયદા વિરૂદ્ધ કારણસર એવા કોઈ છોકરાને કે છોકરીને કે દીવાના સખસને લઈ જાય અથવા ફોસલાવીને તેડી જાય તો તે ગુન્હેગાર થાય છે.

ટીકાઃ—આ બે પ્રકારના ગુન્હાને માટે સાપ્રાધ હેતુની જરૂર નથી, એટલે ગુન્હેગારનો હેતુ જોયા વિના એ ગુન્હાને માટે કાયદાએ સજા ફરમાવી છે. બ્રિટીશ ઈંડીઆમાંથી બહાર લઇ જાય, તો તે લઇ જવાના કૃત્યને માટેજ સજા ઠરાવેલી છે, કારણ કે બ્રિટીશ ઈંડીઆ બાહાર ગયા પછી ગુન્હેગારને બ્રિટીશ ઈંડીઆનો કાયદો લાગુ પડતો નથી.

વળી, માબાપને પોતાના છોકરાં રાખવાનો હક છે, તેમના કબજામાંથી તેમના છોકરાંને કોઇ લઇ જાય, તો તે લઈ જવાના કૃત્ય બદલ, તુરતજ પરીણામની રાહ જોયા વગર, સજા કરવાનું ઠરાવેલું છે. પુખ્ત ઉમરના સખસને તેના બાપના ઘરમાંથી કોઇ ફોસલાવીને તેડી જાય તો તે ગુન્હો નથી. કારણ કે તે સ્વતંત્ર છે અને મરજી હોય તો જાય. અને તેને જો કોઈ જબરીથી લઇ જાય, તો કાયદો, લઇ જનાર સખસને મનુષ્ય નયન કરવામાં કે પાછળથી વ્યથા, સાપ્રાધ બળ, ગેરવાજબી કેદ, કે કાંઇ બીજા ગુન્હા કર્યા હોય તે બદલ સજા કરે છે.

એક કેસમાં એવું ઠરાવવામાં આવ્યું છે કે (ઇ. લો. રી. ૩. મું. ૧૭૮) કોઈ પણ છોકરૂં દસ વરસ કરતાં ઓછી ઉમરનું હોય, તો તેને વાલી છે એમ માની લેવું જોઈએ.

મુસલમાની કાયદા પ્રમાણે બાપની મરજી ઉપરાંત મા પોતાના છોકરાને સાત વરસની ઉમરનો થાય ત્યાં સુધી રાખવાને હકદાર છે.

૩૭૫. "બળાત્કાર સંભોગ"—જે પુરૂષ નીચે બ્યાન કરેલી પાંચ હાલતો-માંની કોઈ પણ હાલતમાં કોઈ સ્ત્રીની સાથે સંગ કરે, તેણે બળાત્કાર સંભોગ કર્યો એમ સમજવું:-(૧) તે સ્ત્રીની મરજી નહીં છતાં. (૨) તે સ્ત્રીની રજામંદી વગર. (૩) તે સ્ત્રીને મોતનો અથવા વ્યથાનો ભય ઉત્પન્ન કરીને તેની રજામંદી લીધી હોય તો તે રજામંદી છતાં પણ. (૪) તે પુરૂષ એમ જાણતો હોય કે હું એ સ્ત્રીનો વર નથી, અને તે સ્ત્રી જે બીજા પુરૂષની સાથે કાયદા મુજબ પરણેલી છે, અથવા પોતાને પરણેલી માને છે તે પુરૂષ હું છું એમ માનીને તેણે પોતાની રજામંદી આપી છે, તો તે રજામંદી છતાં પણ. (૫) તે સ્ત્રી બાર વરસથી ઓછી ઉમરની હોય તો, પછી તેની રજામંદી હોય કે નહિં તોપણ.

ખુલાસો—બળાત્કાર સંભોગના ગુન્હામાં જે સંગ થવો જરૂર છે તેમાં પ્રવેશ થયો તો બસ છે.

"અપવાદ"—કોઈ પુરૂષ પોતાની વહુની સાથે સંગ કરે, અને તે સ્ત્રી બાર વરસથી ઓછી ઉમરની નહીં હોય, તો તે બળાત્કાર સંભોગ નહિં ગણાય.

૩૭૮. "ચોરી"—જે માણસ, કોઈ સખસના કબજામાંથી તે સખસની રજામંદી શીવાય, કાંઈ જંગમ મીલકત બદદાનતથી લેવાનો ઈરાદો કરીને, તે પ્રમાણે લેવા સારૂ તે મીલકતને ખસેડે, તે માણસે ચોરી કરી એમ સમજવું.

"ખુલાસા"—૧. કાંઈ વસ્તુ જ્યાં સુધી જમીનમાં ચોંટેલી હોય ત્યાં સુધી તે જંગમ મીલકત નથી. માટે તેની ચોરી થઈ શકે નહિ. પણ જમીનથી તે જુદી પાડવામાં આવે કે પછી તેની ચોરી થઈ શકે.

૨. જે કામથી જુદું પાડવું થાય, તેજ કામથી જે ખસેડવું થાય તે ખસેડવું ચોરી થઇ શકે.

૩. કોઈ સખસ ખરેખર કોઈ વસ્તુને ખસેડે ત્યારે અને તેમજ તેનું ચલન થવામાં અટકાવ કરનારી કાંઈ અડચણ દુર કરે, અથવા તે વસ્તુને કાંઇ બીજી વસ્તુથી જુદી પાડે, ત્યારે પણ તે સખસે તે વસ્તુ ખસેડી એમ સમજવું.

૪. કોઈ સખસ કોઈ પણ ઉપાયથી કોઈ જનાવરને ગતીમાન કરે, તો તેણે તે જાનવર ખસેડયું, તથા તે જાનવરને ગતી થયાથી તે જાનવરે જે જે વસ્તુ ખસેડી હોય, તે તે વસ્તુ ખસેડી એમ સમજવું.

૫. ઉપલા લક્ષણમાં રજામંદી લખી છે, તે સાફ રજામંદી હોય કે અર્થાંત સમજાય એવી રજામંદી હોય, અને તે કબજેદાર સખસ, અથવા તે કારણસર જેને સાફ કે અર્થાંત સમજાય એવો અખત્યાર હોય તેવો કોઈ પણ સખસ આપી શકે.

આ કલમ પ્રમાણે ગુન્હો થવાને વાસ્તે નીચેની હકીકતો હોવી જોઇએ.

૧ બદદાનતથી લેવાના ઇરાદાથી કાંઇ વસ્તુ ખસેડવી જોઇએ. ૨ કોઇ સખસનો કબજો હોવો જોઇએ. ૩ તેની રજામંદી શીવાય ખસેડવી જોઇએ. ૪ તે વસ્તુ જંગમ વસ્તુ હોવી જોઇએ.

જે વસ્તુ બદલ ચોરીનું તોહમત હોય તે વસ્તુ ઉપર તોહમતદારનો જેવો તેવો હક હોય તો તેના ઉપર ચોરીનું તોહમત રહી શકે નહીં.

કોઇ હિંદુ સ્ત્રીનું સ્ત્રી ધન તેનો ધણી બદદાનતથી લે તો તે પણ ચોરી કહેવાય. તેમજ સ્ત્રીની જે મીલકત ઉપર કોઇ મુસલમાન ધણીનો હક ના હોય અને તે જો બદદાનતથી લે તો તે પણ ચોરી કહેવાય. કોઇ વસ્તુનો માલીક, જો તે વસ્તુ જેના કબજામાં હોય તેના કબજામાંથી બદદાનતથી ખસેડે તો તે પણ ચોરીનો ગુન્હેગાર થઇ શકે છે. કલમ ૪૧૬ નીચે ટીકા જુઓ.

૩૮૩. "જબરાઈથી કહડાવવું"—જે માણસ ઈરાદાથી કોઈ સખસને, તે સખસને પોતાને અથવા બીજા કોઈને, નુકશાન કરવાનો ભય ઉત્પન્ન કરે, અને તેમ કરીને તે ભય પામેલો સખસ કાંઈ મીલકત, અથવા કીમતી દસ્તાવેજ, અથવા સહી કે મોહોર કરેલી જે વસ્તુનો કાંઈ કીમતી દસ્તાવેજ બનાવી શકાય એવી કાંઈ વસ્તુ, કોઈ સખસને આપે એમ બદદાનતથી કરે, તો તે માણસે જબરાઈથી કહડાવવાનો ગુન્હો કર્યો એમ સમજવું.

ટીકા—કોઇ સખસ ઉપર કાંઇ ફોજદારી તોહમત મુકવાની ધારતી આપીને જો પૈસા કઢાવ્યા હોય, તો તે ગુન્હો થાય છે, પછી તે તોહમત ખરૂં હોય કે ખોટું હોય. કલમ ૪૧૬ નીચે ટીકા જુઓ.

૩૯૦. "અપહરણ" (Robbery)—સરવે અપહરણમાં ચોરી અથવા જબરાઈથી કહડાવવાનો ગુન્હો હોય છે.

"ચોરીનો ક્યારે અપહરણમાં સમાવેશ થાય"—ચોરી કરવા સારૂ અથવા ચોરી કરવામાં અથવા ચોરીથી મળેલી મીલકત લઈ જવામાં અથવા લઈ જવાની કોશીશ કરવામાં તે ગુન્હેગાર, તે મતલબસર બુદ્ધિપુર્વક કોઈ સખસનું મોત આણે અથવા તેને વ્યથા કે ગેરવાજબી અટકાવ કરે, અથવા તાતકાલિક મોત, તાતકાલિક વ્યથા, કે તાતકાલિક ગેરવાજબી અટકાવ કરવાનો ભય ઉત્પન્ન કરે, અથવા ભય ઉત્પન્ન કરવાની કોસીસ કરે, તો તે ચોરી અપહરણ થાય છે.

"જબરાઈથી કહડાવવું તે ક્યારે અપહરણ થાય"—જબરાઈથી કહડાવવાનો ગુન્હો કરતી વખતે, તે ગુન્હો કરનાર ભય પમાડેલા સખસની આગળ હાજર હોય અને તાતકાલિક મોત, અથવા તાતકાલિક વ્યથા, અથવા તાતકાલિક ગેરવાજબી અટકાવ તે સખસને અથવા કોઈ બીજા સખસને કરવાનો ભય તે

સખસને ઉત્પન્ન કરીને તે જબરાઈથી કહડાવવાનો ગુન્હો કરે, અને એ પ્રમાણે ભય ઉત્પન્ન કરીને તે ભય પમાડેલા સખસનું મન એવું કરે કે તે સખસ તેજ વખતે અને તેજ ઠેકાણે જબરાઈથી કહડાવેલી વસ્તુ આપી દે, તો તે જબરાઈથી કહડાવવું અપહરણ થાય છે.

ખુલાસો—"હાજર હોય" એટલે તે ગુન્હો કરનાર સખસ એટલો નજીક હોય કે તેથી બીજા સખસને તાત્કાલિક મોતની અથવા તાત્કાલિક વ્યથાનો, અથવા તાત્કાલિક ગેરવાજબી અટકાવનો ભય ઉત્પન્ન થાય, તો તે હાજર છે એમ સમજવું.

ટીકા—અપહરણનો ગુન્હો થવાને ચોરી થએલી હોવી જોઇએ, અથવા જબરાઇથી કહડાવેલું હોવું જોઇએ, અને તેની સાથે વધારામાં મીલ્કતના ધણીને ધમકી આપીને મીલકત કહડાવેલી હોવી જોઇએ. વધુ માટે જુઓ કલમ ૪૧૬ નીચેની ટીકા.

૩૯૧. "ડાકાઈટી"—પાંચ અથવા વધારે સખસો એકઠા મળીને કાંઈ અપહરણ કરે અથવા કરવાની કોશીસ કરે, અથવા જે સખસો એકઠાં મળીને અપહરણ કરતા અથવા કરવાની કોશીસ કરતા હોય તે, તથા જે સખસો હાજર હોય અને તે અપહરણ તથા કોશીસ કરવામાં સહાય કરતા હોય તે, એ બન્ને મળીને તેઓની આખી સંખ્યા પાંચ અથવા વધારે થાય તો એ પ્રમાણે અપહરણ કરનાર, કોશીસ કરનાર, અથવા સહાય કરનાર હરેક સખસે ડાકાઈટી કરી એમ સમજવું.

૪૦૩ "મિલકતનો સાપરાધ ખોટો ઉપયોગ"—જે માણસ બદદાનતથી કાંઇ પણ જંગમ મિલકતનો ખોટો ઉપયોગ કરે, અથવા તે પોતાને કામે લગાડે, તો તે માણસે મિલકતનો સાપરાધ ખોટો ઉપયોગ કર્યો એમ સમજવું.

ખુલાસો (૧) ફક્ત થોડીવાર સુધીજ ખોટો ઉપયોગ કર્યો હોય, તોપણ તે ખોટો ઉપયોગ છે એમ સમજવું.

(૨) જે મિલકત કોઈ બીજા સખસના કબજામાં ન હોય એવી કાંઇ મિલકત કોઈ સખસને જડે, અને તે મિલકત સાચવવાના અથવા તેના માલીકને પાછી આપવાના કારણસર તે સખસ તે મિલકત લે, તો તે સખસે તે મિલકત બદદાનતથી લીધી અથવા તેનો ખોટો ઉપયોગ કર્યો નથી અને તેણે ગુન્હો કર્યો એમ સમજવું નહીં; પણ તે મિલકતનો માલીક કોણ છે એ વાતની તેને ખબર હોય, અથવા તે સોધી કહાડવાનો તેની પાસે ઇલાજ હોય, તે છતાં, અથવા માલીકને સોધી કહાડી તેને ખબર આપવાના ઘટતા ઇલાજ વાપર્યા પહેલાં, તથા માલીક આવીને તે મિલકતનો દાવો કરે એટલા સારૂ ઘટતી મુદત સુધી તે મિલકત રાખ્યાં પહેલાં, અગર તે સખસ તે મિલકત પોતાને કામે લગાડે તો તેણે મિલકતનો સાપરાધ ખોટો ઉપયોગ કર્યો એમ સમજવું.

આવી બાબતમાં ઘટતા ઉપાય તે કયા, અથવા ઘટતી મુદત તે કેટલી એ જેવી હકીકત હોય તે ઉપર આધાર રાખે છે

મિલકત જેને જડે તે સખસે તે મિલકતનો ધણી કોણ છે, અથવા તેનો ધણી કોઇ અમુક સખસ છે, એમ જાણવું જોઇએ એવી કાંઇ જરૂર નથી; તે મિલકત કામે લગાડતી વખતે તે પોતાની છે એમ

માનતો ન હોય અથવા તેનો ખરો માલીક જડી શકતો નથી એમ તે શુદ્ધ બુદ્ધિથી માનતો ન હોય તો બસ છે.

દ્રષ્ટાંત—ચોરી રસ્તાપર પડેલો એક રૂપીઓ અ જોય, તે કોનો છે તેની અને ખબર નહી હોય, અને અ તે રૂપીઓ ઉંચકી લે તો અ એ ગુન્હો કર્યો એમ સમજવું નહી. અ ને એક કીમતી વીંટી જડે, તે વીંટી કોની છે તે અ જાણતો નહીં હોય, પણ તેનો માલીક સોધી કહાડવાની કોસીસ કર્યા શીવાય તુરત અ તે વીંટી વેચે, તો અ એ આ કલમ મુજબ ગુન્હો કીધો એમ સમજવું. કલમ ૪૧૬ નીચે ટીકા જુઓ.

૪૦૫. "સાપ્રાધ વિશ્વાસઘાત"—જે માણસને કોઈપણ રીતે કાંઈ મીલકત અથવા મીલકતપરનો અખત્યાર સોંપ્યો હોય, તે માણસ બદદાનતથી તે મીલકતનો ખોટો ઉપયોગ કરે, અથવા તે પોતાને કામે લગાડે, અથવા તે સોંપણ શી રીતે બજાવવી એ વિશે કાયદાએ કાંઈ હુકમ ફરમાવ્યો હોય તે હુકમ તોડીને, અથવા તે સોંપણ બજાવવા વિશે તેણે સાફ અથવા અરથાંત સમજાય એવો કાંઈ કાયદેસર કરાર કર્યો હોય તે કરાર તોડીને બદદાનતથી તે મિલકત વાપરે અથવા તેનો વગ કરે, અથવા જાણી જોઇને કોઈ બીજા માણસને તેમ કરવા દે, તે માણસે સાપરાધ વિશ્વાસઘાત કર્યો એમ સમજવું.

ટીકા—"અખત્યાર સોંપ્યો હોય" એટલે કાંઇ વસ્તુ હાથે કરી આપી શકાય એવી ન હોય, જેમ કે ઘર, અથવા વખાર, પણ તેની કુંચી સોંપી હોય તો તે ઘર અથવા વખારનો અખત્યાર સોંપ્યો હોય એમ ગણી શકાય.

આ ગુન્હામાં મુખ્ય બે હકીકતો હોવી જોઇએ,

(૧) વસ્તુ વિશ્વાસે મુકેલી હોવી જોઈએ અને (૨) તે વિશ્વાસવાળી વસ્તુ બદદાનતથી ખોટી રીતે વાપરવી જોઇએ.

આ બેમાંથી એક હકીકતની જો ગેરહાજરી હોય તો આ કલમ મુજબ ગુન્હો થતો નથી. કલમ ૪૧૬ નીચે ટીકા જુઓ.

૪૧૦. "ચોરીની મિલકત"—જે મિલકતનો કબજો ચોરીથી, અથવા જબરાઇના કહડાવવાથી, અથવા અપહરણથી, એકની પાસેથી બીજાની પાસે ગયો હોય તે મિલકત, તથા જે મિલકતનો સાપરાધ ખોટો ઉપયોગ થયો હોય અથવા જે બાબત સાપરાધ વિશ્વાસઘાત થયો હોય તે મિલકતનું નામ "ચોરીની મિલકત" પાડયું છે. પછી બ્રીટીશ ઇંડીઆની માંહે અથવા બાહાર તે કબજો એકની પાસેથી બીજાની પાસે ગયો હોય, અથવા તે સાપરાધ ખોટો ઉપયોગ અથવા વિશ્વાસઘાત થયો હોય તોપણ. તે મિલકત જે સખસોનો તે કબજામાં લેવાનો કાયદા મુજબ હક હોય તેવા કોઈ સખસના કબજામાં પાછળથી આવે તો પછી તે ચોરીની મિલકત સમજવી નહીં. વધુ માટે જુઓ કલમ ૪૧૬ની નીચેની ટીકા.

૪૧૫. "ઠગાઈ"—જે માણસ, કોઈ સખસ સાથે ફરેબ કરીને, દગલબાજીથી અથવા બદદાનતથી એવું કરે કે જેની સાથે ફરેબ કર્યો હોય, તે સખસ કોઈ સખસને કાંઈ મિલકત આપે, અથવા કોઈ સખસની પાસે કાંઈ મિલકત રહેવા દેવાની રજામંદી આપે, અગર ફરેબ નહિં કર્યો હોય તો જે વસ્તુ તે સખસ કરે નહીં, અથવા કરવામાં કસુર કરે નહિં એવી કાંઈ વસ્તુ તે ફરેબ દીધેલા સખસને કરવાને અથવા તે કરવામાં કસુર કરવાને ઈરાદાથી લલચાવે, અને તે કામ અથવા કસુર એવી હોય કે તેથી તે સખસને શરિર, મન, આબરૂ, કે મિલકત તરફની કાંઈ નુકસાની કે હાની થાય, અથવા થશે એવો સંભવ હોય, તો તે માણસે ઠગાઈ કરી એમ સમજવું.

કાંઈ હકીકતને બદદાનતથી છુપાવવી, તે પણ આ કલમના અર્થ પ્રમાણે ફરેબ છે એમ સમજવું. કલમ ૪૧૬ની નીચે ટીકા જુઓ.

દ્રષ્ટાંત—અ ઇરાદાથી બ ને ફરેબ દઇને તેના મનમાં એવો ભરોસો ઉત્પન્ન કરે કે હું અ ને જે રૂપીઆ ધીરીશ તે અ મને પાછા આપશે, અને એમ કરીને રૂપીઆ ધીરવાને બ ને બદદાનતથી અ લલચાવે, અને તે રૂપીઆ પાછા આપવાનો પોતાનો ઇરાદો નહીં હોય, તો અ એ ઠગાઇ કરી એમ સમજવું.

અ એક મિલકત બ ને વેચીને તેના નામનું ખત કરી આપે. તે મિલકત વેચી, માટે હવે માહરો તેપર કાંઈ હક નથી એમ જાણ્યા છતાં, આગળ થયેલા વેચાણ તથા ખતની ક ને ખબર ન આપતાં તે મિલકત અ, ક ને વેચાતી અથવા ગીરો આપે અને ક ની પાસેથી તેની કીંમતના કે ગીરો બાબતના નાણા લે તો અ એ ઠગાઇ કરી એમ સમજવું.

૪૧૬. "વેશ લઈને ઠગાઈ કરવી"—પોતે કોઈ બીજો સખસ હોવાનો ઢોંગ કરીને, અથવા જાણી બુઝીને એક સખસને ઠેકાણે બીજો સખસ મુકીને, અથવા પોતે અથવા કોઇ બીજો સખસ ખરેખર જે હોય તેથી જુદોજ સખસ છે એવું બતાવીને, કોઈ માણસ ઠગાઈ કરે, તો તેણે વેશ લઈને ઠગાઈ કરી એમ સમજવું.

ખુલાસો—જે સખસનો વેશ લીધો હોય તે સખસ ખરેખર કોઈ હોય અથવા નહિં હોય, તોપણ ગુન્હો થયો એમ સમજવું.

ટીકા—લુચ્ચા સખસો બીજાની મિલકત પોતાના ઉપયોગ માટે છ (૬) રીતે મેળવી શકે છે. (૧) ચોરીથી એટલે ધણીની સમ્મતી વગર છાનામાના કંઇ મીલકત લેવી તે. (૨) અપહરણથી એટલે ધણીની નજર ચુકાવીને નહિં, પણ બળ વાપરીને કાંઇ મિલકત લેવી તે. (૩) જબરાઇથી કહડાવીને એટલે એવી ધમકી આપવી કે તેથી ધણી કાંઇ મિલકત આપી દેવાને લલચાય, અને આપી દે તે. (૪) ઠગાઇથી એટલે ધણીને ઊંધી ચતી, સાચી જુઠી, વાતોથી ફરેબ દઇને એવો સમજાવવો કે તે પોતાની મેળે પોતાની મિલકત આપી દે તે. (૫) સાપરાધ ખોટા ઉપયોગથી એટલે જડેલી મિલકત રાખી ખોટો ઉપયોગ કરવો તે. (૬) સાપરાધ વિશ્વાસ ઘાતથી એટલે વિશ્વાસે સોંપેલી મિલકત પોતાના ઉપયોગમાં લેવી તે.

એ છએ પ્રકારના ગુન્હામાં "બદદાનત" હોવી જોઇએ એ બદદાનત સીવાય ગુન્હો થતો નથી. શુધ્ધ બુધ્ધિથી આ કૃત્ય કર્યું છે એવો પુરાવો તહોમતદાર પોતાના બચાવમાં રજુ કરી શકે:—

૪૨૫. "બીગાડ"—લોકને અથવા કોઇ સખસને ગેરવાજબી હાની અથવા નુકસાની કરવાના ઈરાદાથી, અથવા તેવી હાની કે નુકસાની પોતાથી થવાનો સંભવ છે એમ જાણીને, જે માણુસ કાંઈ મીલકતનો નાશ કરે, અથવા કાંઈ મિલકતમાં કે તેની સ્થીતીમાં એવો કાંઈ ફેરફાર કરે કે તેથી તે મિલકતની કીમતનો અથવા ઉપયોગીપણાનો નાશ થાય અથવા તેની કીમત કે ઉપયોગીપણું ઓછું થાય, અથવા તેથી તે ઉપર નુકશાનભરેલી અસર થાય, તો તે માણુસે બીગાડ કર્યો એમ સમજવું.

ખુલાસો (૧) બીગાડના ગુન્હામાં મિલકતના ધણીને નુકસાની કરવાના ઇરાદાની જરૂર નથી. કોઇ પણ સખસને નુકસાન કરવાનો તોહમતદારનો ઇરાદો હોય અથવા તેવી નુકસાની કે ગેરવાજબી હાની થવાનો સંભવ છે એમ તેના જાણુવામાં હોય તો બસ છે, પછી તે મિલકત તે સખસની હોય કે નહીં તોપણ.

(૨) પોતાનીજ અથવા પોતાની સાથે બીજા સખસોના શરા ખાતાની કાંઇ મિલકત બાબત પણ કાંઇ કામ કરીને તે કામ કરનાર તે કામથી બીગાડ કરી શકે.

ટીકા—રી આપ્યા વગર ઉજડ જમીનમાં ઢોર ચરાવવાં એ કાંઇ બીગાડનો ગુન્હો કહેવાય નહીં. રખડતાં ઢોર નુકસાન કરે તો તેથી બીગાડનો ગુન્હો થતો નથી, પણ જો તે ઢોરનો માલીક જાણી જોઇને ઢોરને તે જમીન ઉપર હાંકી જઇ નુકસાન કરાવે તો તે ગુન્હો થાય છે. બીગાડના ગુન્હાની ખુબી એ છે કે આ ગુન્હો કરવાથી ગુન્હેગારને કાંઇ ફાયદો કે લાભ ન છતાં તે બીજાને નુકસાન કરવાનું ધારે છે.

૪૪૧. "સાપરાધ પ્રવેશ"—જે સખસના કબજામાં કાંઈ મિલકત હોય તે સખસને ધમકી દેવાના, તેનો તીરસ્કાર કરવાના, અથવા તેને દુઃખ આપવાના ઈરાદાથી, અથવા કાંઈ ગુન્હો કરવાના ઈરાદાથી, તે મિલકત મધ્યે અથવા તે ઉપર જે માણુસ પ્રવેશ કરે, અથવા તે મિલકત મધ્યે કે તે ઉપર કાયદા મુજબ પ્રવેશ કર્યા પછી, તેવા કોઈ સખસને ધમકી દેવાના, તેનો તીરસ્કાર કરવાના, અથવા તેને દુઃખ આપવાના ઈરાદાથી, અથવા કાંઈ ગુન્હો કરવાના ઈરાદાથી, જે માણુસ કાયદા વિરૂધ્ધ ત્યાં રહે તે માણુસે સાપરાધ પ્રવેશ કર્યો એમ સમજવું.

ટીકા—જે જગ્યાએ દાખલ થવાનો હક ન હોય તે જગ્યાએ ખરાબ હેતુથી એટલે આ કલમમાં બતાવેલા કૃત્યોમાંનું કોઇ પણ કૃત્ય કરવાના ઈરાદાથી દાખલ થવું એ સાપરાધ પ્રવેશ કહેવાય.

૪૪૨. "ગ્રહ પ્રવેશ"—કાંઈ ઈમારત, તંબુ, અથવા વાહાણુ, જે માણુસ રેહેવાના ઠેકાણા દાખલ વપરાતું હોય તેમાં, અથવા કાંઈ ઈમારત, પુજાસ્થાન અથવા માલ રાખવાના ઠેકાણા દાખલ વપરાતી હોય તેમાં પેસીને અથવાં તે મધ્યે રહીને જે માણુસ સાપ્રાધ પ્રવેશ કરે, તેણે ગ્રહપ્રવેશ કર્યો એમ સમજવું.

ખુલાસો—પેસવામાં તે સાપ્રાધ પ્રવેશ કરનારના શરિરના કોઇ પણ ભાગનો પ્રવેશ થાય તો ગૃહપ્રવેશ થવામાં તેટલો પ્રવેશ બસ છે.

૪૪૩. "ગુપ્ત ગ્રહપ્રવેશ"—કોઈ માણસ ગ્રહપ્રવેશ કરે, અને તેણે આગળથી એવી તદબીર કરી હોય કે જે ઈમારત, તંબુ, અથવા વાહાણુ તે પ્રવેશનું સ્થાન હોય, તે મધ્યે તે પ્રવેશ કરનારને જતો બંધ કરવાનો અથવા તે મધ્યેથી તેને બાહાર કહાડી મુકવાનો જેનો હક હોય એવા કોઈ સખસથી તે ગ્રહપ્રવેશ છાનો રહે, તો તે માણુસે ગુપ્ત ગ્રહપ્રવેશ કર્યો એમ સમજવું.

ટીકા—છાનામાના ધણીની નજર ચુકાવીને ઇમારત, તંબુ, વાહાણુમાં દાખલ થવું એ ગુપ્ત ગ્રહપ્રવેશ.

૪૪૪. "રાતે ગુપ્ત ગ્રહપ્રવેશ"—સુર્યનો અસ્ત થયા પછી તથા સુર્યનો ઉદય થતાં પહેલાં જે માણુસ ગુપ્ત ગ્રહપ્રવેશ કરે, તેણે રાતે ગુપ્ત ગ્રહપ્રવેશ કર્યો એમ સમજવું.

૪૪૫. "ઘર ફોડવુ"—કોઈ સખસ ગ્રહ પ્રવેશ કરે, તે અગર તે ઘર મધ્યે અથવા તેના કોઈ પણ ભાગ મધ્યે પોતાનો પ્રવેશ નીચે બ્યાન કરેલા છ પ્રકારમાંના કોઇ પણ પ્રકાર, અથવા ત્યાં કોઈ ગુન્હો કરવાના કારણુસર તે ઘર મધ્યે અથવા તેના કોઈ પણ ભાગ મધ્યે ગયા પછી, અથવા તે મધ્યે કાંઈ ગુન્હો કરી રહ્યા પછી, તે સખસ તે ઘર મધ્યેથી અથવા તેના કોઈ પણ ભાગમાંથી તે છ પ્રકારમાંના કોઈ પણ પ્રકારે બાહાર નીકળે, તો તે સખસે ઘર ફોડવાનો ગુન્હો કર્યો એમ સમજવું. તે પ્રકારની વીગતઃ—

૧—ગ્રહ પ્રવેશ કરવા સારૂ પોતેજ જે રસ્તો કર્યો હોય, અથવા મદદગારે કર્યો હોય, એવે રસ્તે થઇને તે માંહે પેસે અથવા બાહાર નીકળે તો.

૨—માણુસને પેસવા માટે કર્યો નહીં હોય એવે કોઈ રસ્તે થઇને તે માંહે પેસે અગર બાહાર નિકળે અથવા ભીંત કે ઈમારત ઉપર સીડીથી કે બીજી રીતે ચહડીને જે રસ્તો હાથ લાગે એવે રસ્તે માંહે પેસે અથવા બાહાર નીકળે તો.

૩—ઘરમાં રહેનારાં માણુસે જે સાધન વડે કાંઈ રસ્તો ઉઘાડવાનો ઈરાદો રાખ્યો ન હોય એવાં કોઇ સાધન વડે, તે રસ્તો ઉઘાડીને માંહે પેસે અથવા બાહાર નીકળે તો.

૪—કાંઈ કળ ઉઘાડીને માંહે જાય અથવા બાહાર નીકળે તો.

૫—બળ વાપરીને, હુમલો કરીને, હુમલાનો ડર દેખાડીને ઘર માંહે જાય અથવા બાહાર નીકળે તો.

૬—બંધ કરેલો રસ્તો ઉઘાડીને માંહે જાય અથવા બાહાર નીકળે તો.

ખુલાસો—ઉપગ્રહ, ઘરની સાથેજ ઉપયોગમાં આવતું હોય, અને તે ઉપગ્રહ અને ઘર એની વચ્ચે બીજે કપે ન જતાં એકમાંથી બીજામાં જવાનો રસ્તો હોય તો તે ઉપગ્રહને, તે ઘરનો ભાગ સમજવો.

ટીકા—કોઈ સખસ કોઇ ઘરમાં ઊઘાડા બારણેથી પેસી જાય અને પછી અંદરના ઓરડાનું તાળું તોડે અથવા બારણું ઊઘાડે તો તે પણ ઘર ફોડયું કહેવાય.

દીવાલ ઊપર ચઢીને કોઇ સખસ રાત્રે કોઇ ઘરમાં જાય તો તે ઘર ફોડયું કહેવાય.

૪૪૬. "રાતે ઘર ફોડવું"—જે માણુસ સુરજનો અસ્ત થયા પછી તથા સુરજનો ઉદય થતાં પહેલાં ઘર ફોડવાનો ગુન્હો કરે, તેણે રાતે ઘર ફોડવાનો ગુન્હો કર્યો એમ સમજવું.

૪૬૩. "ખોટો લેખ બનાવવાનો ગુન્હો"—જો કોઈ માણુસ કાંઈ લેખ અથવા લેખનો કોઈ ભાગ ખોટો બનાવે, એવા ઈરાદાથી કે, લોકોને અથવા કોઈ સખસને કાંઈ હાની કે નુકસાન કરવું, અથવા કોઈ દાવાને કે હકને મજબુતી આપવી, અથવા કોઈ સખસ પાસે કાંઈ મિલકત છોડાવવી, અથવા તેની પાસે કાંઈ સાફ કે અરથાંત સમજાય એવો કરાર કરાવવો અથવા એવા ઈરાદાથી કે દગો કરવો, અથવા દગો કરવામાં આવે, તો તે માણુસે ખોટો લેખ બનાવવાનો ગુન્હો કર્યો એમ સમજવું.

ટીકા—હાની કે નુકસાન કરવાના ઈરાદાથી કે દગો કરવાના ઇરાદાથી કોઈ ખોટો દસ્તાવેજ કરવો એ ગુન્હો છે. જુઓ ક્રી૦ પ્રો૦ કોડ૦ કલમ ૧૯૫.

૪૬૪. "લેખ ખોટો બનાવવો એટલે શું"—જે માણુસ નીચે લખ્યા પ્રમાણે કરે, તેણે ખોટો લેખ બનાવ્યો એમ સમજવું.

૧—જે માણુસ બદદાનતથી અથવા દગલબાજીથી કાંઈ લેખ અથવા લેખનો ભાગ બનાવે, તે ઉપર સહી કરે, મોહોર કરે, અથવા તે લખી આપે, અથવા કાંઈ લેખ લખી આપ્યો છે એવું બતાવવા કાંઈ નીસાણી કરી, એવા ઈરાદાથી કે જે સખસે અથવા જેના અખત્યારથી તે લેખ અથવા તેનો ભાગ બન્યો નથી, અથવા તેપર સહી કે મોહોર થઈ નથી, અથવા તે લખી આપ્યો નથી, એવું તે માણુસ પોતે જાણુતો હોય તે સખસે અથવા તેના અખત્યારથી તે લેખ અથવા તેનો ભાગ બન્યો છે, અથવા તેપર સહી કે મોહોર થઈ છે, અથવા તે લખી આપ્યો છે એવો વીશ્વાસ ઉત્પન્ન કરવો, અથવા જે વખતે તે બન્યો નથી, તેપર સહી કે મોહોર થઈ નથી, અથવા તે લખી આપ્યો નથી, એવું તે માણુસ જાણુતો હોય, તે એવે વખતે બન્યો છે, તેપર સહી કે મોહોર થઈ છે, અથવા તે લખી આપ્યો છે, એવો વીશ્વાસ ઉત્પન્ન કરવો; અથવા

૨—જે માણુસ કાંઈ લેખ પોતે ખુદ કે બીજા કોઈ સખસે કર્યા અથવા લખી આપ્યા પછી, ચેહેરીને અથવા બીજી રીતે કાંઈ જરૂરના ભાગમાં લેખનો કાયદેસર અખત્યાર સીવાય, બદદાનતથી અગર દગલબાજીથી ફેરવે; પછી તે ફેરવતી વખતે તે બીજો સખસ હયાત હોય કે મરી ગયો હોય તોપણ; અથવા

૩—જે માણસ બદદાનતથી અથવા દગલબાજીથી, કોઈ સખસ પાસે કાંઈ લેખ પર સહી કે મોહોર કરાવી અથવા કાંઈ લેખ તે સખસ લખી આપે એમ કરે, અથવા તેની પાસે કાંઈ લેખને ફેરવાવે, એવું જાણ્યા છતાં કે તે લેખમાં શું લખ્યું છે, અથવા હું શો ફેરફાર કરું છું, એ વાત તે સખસ દીવાનગી અથવા કેફના સબબથી જાણવાને શક્તીમાન નથી, અથવા તેને ફરેબ દીધો છે તે સબબથી તે વાત તે સખસ જાણતો નથી.

ખુલાસો—(૧) કોઇ માણસ પોતાના નામની સહી કરે તો તેપણ ખોટો લેખ બનાવવાનો ગુન્હો થઇ શકે છે.

દ્રષ્ટાંત—એક હુંડીપર અ પોતાના નામની સહી કરે, એવા ઈરાદાથી કે તેજ નામના એક બીજા સખસે તે હુંડી લખી છે એમ માનવામાં આવે, તો અ એ ખોટો લેખ બનાવવાનો ગુન્હો કર્યો એમ સમજવું.

ખુલાસો—(૨) કોઇ માણસ કોઇ ખોટા સખસના નામથી કાંઇ ખોટા લેખ કરે, એવા ઈરાદાથી કે તે લેખ કોઇ ખરા સખસે કરેલો છે એમ માનવામાં આવે, અથવા કોઇ મુવેલા સખસના નામથી કરે, એવા ઈરાદાથી કે તે સખસે પોતાની હયાતીમાં તે લેખ કીધો છે એવું માનવામાં આવે તો તે પણ ખોટો લેખ બનાવવાનો ગુન્હો થઇ શકે છે.

૪૭૦. "બનાવટનો લેખ"—જે ખોટો લેખ, સઘળો કે થોડો ઘણો, ખોટો લેખ બનાવવાના ગુન્હાથી બન્યો હોય તેનું નામ બનાવટનો લેખ પાડયું છે.

૪૭૮ "વેપારની નિશાણી"—આ માલ ફલાણા કારીગરે બનાવેલો છે, અથવા ફલાણા કારીગરના વેપારની જનસ છે એ બતાવવાને માટે જે નિસાણી વાપરવામાં આવે તેનું નામ "વેપારની નિશાણી". આ શબ્દોમાં સને ૧૮૮૩ના પેટન્ટ ડીઝાઈન અને ટ્રેડ માર્કસ આકટ મુજબ રાખેલા રજીસ્ટરમાં જે કોઈ પણ વેપારની નિસાણી નોંધી હોય તે નિસાણીનો તથા સદરહુ આકટની કલમ ૧૦૩માંના ઠરાવ જે કોઈ પણ બ્રિટીશ મુલકને અથવા પારકા રાજ્યને લાગુ હોય તે મુલકમાં અથવા રાજ્યમાં નોંધેલી અગર વગર નોંધેલી વેપારની જે નિસાણીનું કાયદાથી રક્ષણ થતું હોય તે નિશાણીનો સમાસ થાય છે.

૪૭૯ "મિલકતની નિશાણી"—આ જંગમ મિલકત ફલાણા સખસની છે એ બતાવવાને માટે જે નિશાણી વાપરવામાં આવે તેનું નામ "મિલકતની નિશાણી".

૪૮૦ "વેપારની ખોટી નિશાણી વાપરવી"—જે કોઈ માણસ કાંઈ માલ ઉપર અથવા માલ ભરેલી કોઈ પેટી કે ઘર ઉપર, ગાંસડી ઉપર, કે બીજાં કોઈ બારદાન ઉપર કાંઈ નિસાણી કરે તે, અથવા જેપર કાંઈ નિશાણી હોય એવી પેટી કે ઘર, ગાંસડી કે બીજું બારદાન વાપરે તે એવી રીતે કે સદરહુ પ્રમાણે નિશાણી કરેલો માલ, અથવા સદરહુ પ્રમાણે નિશાણી કરેલા એવાં કોઈપણ બારદાનમાં ભરેલો કાંઈ માલ જે કારીગરે બનાવ્યો ન હોય તેણે બનાવ્યો છે એવો,

અથવા જે કારીગરના વેપારની જનસ ન હોય તે તેની જનસ છે એવો વાજબી રીતે વિશ્વાસ ઉત્પન્ન થાય તો તે માણસે વેપારની ખોટી નિશાણી વાપરી એમ સમજવું.

૪૮૧ "મિલકતની ખોટી નિશાણી વાપરવી"—જો કોઇ માણસ કોઈ જંગમ મિલકત કે માલ ઉપર, અથવા જંગમ મિલકત કે માલ ભરેલી કાંઈ પેટી કે ઘર ઉપર ગાંસડી ઉપર, અથવા બીજા કોઈ બારદાન ઉપર કાંઇ નિશાણી કરે તે, અથવા જેપર કાંઈ નિસાણી હોય એવી કોઈ પેટી કે ઘર ગાંસડી કે બીજું બારદાન વાપરે તે એવી રીતે કે સદરહુ પ્રમાણે નિશાણી કરેલી મિલકત અથવા માલ અથવા સદરહુ પ્રમાણે નિશાણી કરેલાં એવાં કોઈ પણ બારદાનમાં રાખેલી કાંઈ મિલકત કે માલ જે સખસનો ન હોય તે સખસનો છે એવો વાજબી રીતે વિશ્વાસ ઊત્પન્ન થાય તો તે માણસે મિલકતની ખોટી નિશાણી વાપરી એમ સમજવું.

ટીકા—૪૭૮ થી તે ૪૮૧ સુધીની કલમો સને ૧૮૮૯ ના આકટ ૪ મુજબ સુધારેલી દાખલ કરી છે.

૪૯૭. "છીનાળું"—આ સખસ બીજા પુરૂષની સ્ત્રી છે, એવું તે જાણે છે અથવા એવું માનવાનું જેને કારણ છે, તે માણસ તે સખસની સાથે પેલા બીજા પુરૂષની રજામંદી શીવાય, અથવા તે બીજા પુરૂષે જાણ્યું અજાણ્યું ન કરતાં સંભોગ કરે, અને તે સંભોગ બળાત્કાર સંભોગનો ગુન્હો ન થતો હોય, તો તે માણસે છીનાળાનો ગુન્હો કર્યો એમ સમજવું.

ટીકા—આ કલમ ધણીના હક જાળવવાને વાસ્તે છે. ધણી જો પોતાનો હક ત્યજી દે, એટલે સ્ત્રીને છીનાળું કરવાની રજા આપે, અથવા (અખાડા) આંખઆડાકાન કરે, તો છીનાળુ કરનાર ગુન્હેગાર ઠરતો નથી.

આ ગુન્હાની ફરીઆદ સ્ત્રીનો ધણી કે તેની ગેરહાજરીમાં તે જે સખસના હવાલામાં હોય તે સખસ કરી શકે. બીજા કોઈની ફરીઆદ ચાલે નહી—ક્રી. પ્રો. કોડ. કલમ. ૧૯૯.

આ ગુન્હા માટે છીનાળુ કરનાર સ્ત્રીને મદદગાર તરીકે શિક્ષા કરવામાં આવતી નથી.

૪૯૯. "આબરૂ લેવી"—જે માણસ બોલેલા અથવા વાંચવાને ઈરાદો રાખેલા શબ્દોથી અથવા કાંઈ ચીન્હો કે આકારોથી, કોઈ સખસની બાબત કાંઈ આરોપ મુકે અથવા પ્રગટ કરે, એવા ઈરાદાથી કે તે આરોપથી તે સખસની આબરૂને હાની પોહોંચાડવી, અથવા હાની પોહોંચશે એવું જાણીને અથવા માનવાનું કારણ છતાં, તો તેણે તે સખસની આબરૂ લીધી એમ સમજવું; પણ નીચેના અપવાદોની બાબતમાં એમ સમજવું નહી.

ખુલાસો (૧)—કોઇ મુએલા સખસની ઉપર આરોપ મુકવો એ આબરૂ લેવી થઈ શકે.

૨—કંપની અથવા મંડળી ઉપર આરોપ મુકવો એ આબરૂ લેવી થઈ શકે.

૩—વઇકલ્પીક રીતે અથવા વ્યાજોકતીની રીતે મુકેલો આરોપ આબરૂ લેવી થઇ શકે.

અપવાદ.

૧—લોક કલ્યાણાર્થે જે સાચો આરોપ મુકવો અથવા પ્રગટ કરવો જરૂર હોય તે.

૨—સરકારી નોકરોની સરકારી અમલ સંબંધીની ચાલ બાબત શુદ્ધબુદ્ધિથી કાંઇ અભિપ્રાય આપવો તે.

૩—સાર્વજનીક વિષય સંબંધી કોઇપણ સખસની ચાલ બાબત શુદ્ધબુદ્ધિથી અભિપ્રાય આપવો તે.

૪—ઇનસાફની કોર્ટના મુકરદમાનો બરાબર હેવાલ જાહેર કરવો તે.

૫—ઇનસાફની કોર્ટમાં ફેસલ થયેલા મુકરદમાની કેફીઅત અથવા તે માહેલા સાહેદો તથા બીજા સંબંધ રાખનારાઓની ચાલ બાબત, અથવા તે ચાલ ઉપરથી નજર આવતી તે સખસની આબરૂ બાબત શુદ્ધબુદ્ધિથી ગમે તે અભિપ્રાય આપવો તે.

૬—ગ્રંથના ગુણદોષ વીશે શુદ્ધબુદ્ધિથી અભિપ્રાય આપવો તે.

૭—તાબેદાર સખસને શુદ્ધબુદ્ધિથી દીધેલો ઠપકો.

૮—કાયદા પ્રમાણે અખત્યાર પામેલા સખસની આગળ શુદ્ધબુદ્ધિથી મુકેલું તોહમત.

૯—પોતાનો કે બીજાનો લાભ જાળવવાને, અથવા લોક કલ્યાણાર્થે શુદ્ધબુદ્ધિથી મુકેલો આરોપ.

૧૦—ફાયદો થાય એવા ઇરાદાથી કે લોક કલ્યાણાર્થે શુદ્ધબુદ્ધિથી આપેલી સુચના.

૫૦૩. "સાપરાધ ધમકી"—જે સખસ કોઈ બીજા સખસને, તેના શરીરને આબરૂને અથવા મિલકતને કાંઈ નુકશાન કરવાનો અથવા જેની સાથે તે બીજા સખસને સંબંધ હોય તેના શરીરને, આબરૂને નુકશાન કરવાનો ડર દેખાડે એવા ઇરાદાથી કે તે સખસને ગભરાટ પેદા થાય, અથવા તે ડર અમલમાં ન આવે એટલા માટે જે કામ કરવાની તેની કાયદા પ્રમાણે ફરજ ન હોય તે કામ તે સખસ કરે, અથવા જે કામ કરવાનો તેનો કાયદા પ્રમાણે હક હોય તે કામ કરવામાં તે સખસ કસુર કરે, તેણે સાપરાધ ધમકીનો ગુન્હો કર્યો એમ સમજવું.

ખુલાસો—કોઇ મુએલા સખસની સાથે જે સખસને સંબંધ હોય તે સખસને તે મુએલા સખસની આબરૂને નુકસાન કરવાનો ડર દેખાડવો, તેનો પણ આ કલમમાં સમાસ થાય છે.

ટીકા—આવી ધાસ્તી કોઇ સખસને રૂબરૂજ આપવી એવી કંઇ જરૂર નથી, તેને કાને જાય તો બસ છે.

શબ્દોની વ્યાખ્યા.

આ કાયદામાં જે શબ્દો વારંવાર આવે છે તે શબ્દો શા અર્થમાં વાપરેલા છે તે જાણવા સારૂ તેની વ્યાખ્યા નિચે આપીએ છીએ. આ અર્થ જાણ્યા શિવાય કાયદાનું યથાર્થ જ્ઞાન થશે નહિં.

"સખસ" એ શબ્દમાં કોઇ પણ કંપની અથવા સભા અથવા માણસોની મંડળીનો સમાવેશ થાય છે, પછી તે કંપની, સભા, અથવા મંડળીને કોરપોરેશનના હક મળ્યા હોય કે નહીં તોપણ.

" લોક " એ શબ્દમાં લોકના કોઈ પણ વરગનો અથવા કોઈ પણ જમાતનો સમાવેશ થાય છે.

" બ્રીટીશ ઈન્ડીઆ " એટલે અંગ્રેજ સરકારને હાથ જે મુલક છે અથવા હવે પછી આવે તે મુલક. એમાં દેશી રાજાઓના મુલકનો સમાસ થતો નથી. તેમ બીજા દેશના રાજાના મુલકનો પણ સમાસ થતો નથી.

" જડજ " એટલે જે સખસને દીવાની અથવા ફોજદારી મુકદમામાં ફેંસલો આપવાનો અખત્યાર હોય તે સખસ.

" ઈનસાફની કોર્ટ " જે જડજને એકલાને, અથવા જે જડજોને એકઠા રહીને ઈન્સાફનું કામ કરવાનો અખત્યાર મળ્યો હોય તે જડજ અથવા જડજો, જ્યારે તેઓ ઇનસાફનું કામ કરતા હોય ત્યારે.

" જંગમ મિલકત " એ શબ્દો વડે જમીન તથા જમીનને ચોંટેલી વસ્તુ અથવા જમીનને ચોંટેલી વસ્તુ જોડે જાથુ જડાએલી વસ્તુ શિવાયની કોઈ પણ પ્રકારની સાકાર મીલકત સમજવી.

" ગેરવાજબી લાભ " એટલે કાયદા વિરૂધ્ધ ઉપાયોથી મેળવેલી મિલકત, જે મિલકતપર તે મેળવનાર સખસનો કાયદા પ્રમાણે હક નથી.

" ગેરવાજબી હાની " એટલે કાયદા વિરૂધ્ધ ઉપાયોથી મિલકતનું જવું, જે મિલકતપર તે જેની પાસેથી જાય છે તે સખસનો કાયદા પ્રમાણે હક છે.

કોઈ સખસને ગેરવાજબી રીતે કંઈ મળે ત્યારે, અને તેમજ તે ગેરવાજબી રીતે પોતાની પાસે રાખે ત્યારે પણ તેને ગેરવાજબી લાભ થયો એમ સમજવું. કોઇ સખસની પાસેથી ગેરવાજબી રીતે કંઈ મિલકત લઈ લેવાય ત્યારે, અને તેમજ તેને કંઈ મિલકત લેતાં ગેરવાજબી રીતે પ્રતિબંધ થાય ત્યારે પણ, તેને ગેરવાજબી હાની થઈ એમ સમજવું.

" બદદ્યાનતથી " જે માણુસ કાંઈ વસ્તુ એક સખસને ગેરવાજબી લાભ કરવાના, અથવા બીજા સખસને ગેરવાજબી હાની કરવાના ઈરાદાથી કરે, તે માણુસે તે વસ્તુ બદદ્યાનતથી કરી એમ સમજવું.

" દગલબાજીથી " જો કોઈ સખસ કાંઈ વસ્તુ દગો કરવાના ઈરાદાથી કરે, તો તે વસ્તુ તેણે દગલબાજીથી કરી એમ સમજવું, નહીં તો નહીં.

" માનવાનું કારણ " એટલે માનવાનું પાકું કારણ.

" ખોટું બનાવવું " જે સખસ એક વસ્તુ બીજી વસ્તુના સરખી કરે, એવા ઈરાદાથી કે તે સરખાપણાથી ફરેબ કરવો, અથવા એવું જાણીને કે તેથી ફરેબ થશે એવો સંભવ છે તે સખસે તે વસ્તુ ખોટી બનાવી એમ સમજવું.

કોઈ વસ્તુ ખોટી બનાવવામાં નકલ બરાબર થવી જોઈએ એમ જરૂર નથી.

"લેખ" એ શબ્દ વડે કાંઈ પણ બાબત સમજવી જે બાબત કોઈ પણ વસ્તુ ઉપર અક્ષર, અંક, કે ચિન્હ વડે, અથવા એ માંહેના એકથી વધારે સાધનો વડે સમજાવી અથવા બ્યાન કરેલી હોય, અને જે સાધનો તે બાબતના પુરાવા દાખલ વાપરવાનો ઈરાદો કર્યો હોય અથવા વપરાય.

"કીમતી દસ્તાવેજ" એ શબ્દો વડે જે લેખથી કાંઈ કાયદેસર હક ઉત્પન્ન થતો હોય, વધતો હોય, બીજાને અપાતો હોય, ઓછો થતો હોય, નાબુદ થતો હોય, અથવા છોડી દેવાતો હોય; અથવા જે લેખથી કોઈ સખસ કબુલ કરતો હોય કે મારી કાયદેસર જુમ્મેદારી છે, અથવા ફલાણો કાયદેસર હક મારો નથી, એવો લેખ, અથવા એવી મતલબનો લેખ સમજવો.

"વીલ" એ શબ્દવડે કોઈ પણ વસીયતનામાનો લેખ સમજવો.

"બુદ્ધિપુર્વક" જ્યારે કોઈ સખસે જે ઉપાયથી કાંઈ અસર પેદા કરવાનો ઇરાદો કર્યો હોય તે ઉપરથી અથવા જે ઉપાયથી તે અસર પેદા થશે એવો સંભવ છે એમ, તે ઉપાય કામે લગાડતી વખતે તેણે જાણ્યું હોય અથવા એમ માનવાનું તેને કારણ હોય તે ઉપાયથી, તે તે અસર પેદા કરે, ત્યારે તેને બુદ્ધિપુર્વક તે અસર પેદા કરી એમ સમજવું.

"ગુન્હો" એ શબ્દવડે જે વસ્તુને માટે આ કાયદામાં શિક્ષા કરવાનું ફરમાવ્યું છે તે વસ્તુ સમજવી.

"વિશેષ કાયદો" એટલે કાંઈ ખાસ બાબતને લાગુ પડે એવો કાયદો.

"સ્થાનિક કાયદો" એટલે બ્રિટીશ ઈન્ડીઆના કોઈ વિશેષ ભાગનેજ લાગુ પડે એવો કાયદો.

"કાયદા વિરૂદ્ધ" એ શબ્દો જે જે વસ્તુ ગુન્હો છે, અથવા કાયદાએ મના કરેલી છે, અથવા દીવાની ફરીયાદીનું કારણ થાય છે, તે પ્રત્યેકને લાગુ પડે છે, અને જે સખસ જે વસ્તુ કરવામાં કસુર કરે તો કાયદા વિરૂદ્ધ થાય, તે વસ્તુ કરવાની તે સખસની "કાયદા પ્રમાણે ફરજ છે" એમ સમજવું.

"નુકશાન" એ શબ્દવડે કોઈ પણ સખસના શરીરને, મનને, આબરૂને, અથવા મિલકતને કાયદા વિરૂદ્ધ રીતે કરેલી કાંઈ પણ હાની સમજવી.

"જીંદગી" એ શબ્દવડે માણસની જીંદગી સમજવી.

"શુદ્ધબુદ્ધિ" જે વસ્તુ ઘટતી સંભાળ તથા ધ્યાન વીના કરી અથવા માની હોય તે શુદ્ધ બુદ્ધિથી કરી અથવા માની એમ સમજવું નહીં.

"કબજો" જ્યારે કાંઈ મિલકત, કોઈ સખસની વતી, તે સખસની સ્ત્રી, મેહેતા અથવા નોકરના કબજામાં હોય, ત્યારે આ કાયદાના અર્થ પ્રમાણે તે તેજ સખસના કબજામાં છે એમ સમજવું.

ટીકા—"ઇરાદો" આ શબ્દ વારંવાર વાપરવામાં આવેલો છે. પરંતુ તેની વ્યાખ્યા આપેલી નથી.

કોઇ સખસે અમુક કૃત્ય ઈરાદાથી કર્યું તેનો અર્થ એમ સમજવો કે તે કૃત્ય તેણે ખુશીથી કીધું. જ્યારે કોઇ સખસ કાંઇ કૃત્ય ખુશીથી કરે તો એવો અનુમાન થઇ શકે છે કે તે કૃત્ય કરવાનું શું પરીણામ થશે એવું તે જાણતો હતો અને તેથી અમુક પરીણામ નીપજશે એવું તેણે ધાર્યું એમ કહી શકાય; કેમકે સ્વભાવીક બુદ્ધિથી દરેક માણસ જાણે છે કે પોતાના કૃત્યનો કેવો પરીણામ થશે તે પ્રમાણે જે પરીણામ થયો તે તેણે ઇરાદાથી આણ્યો એવો અનુમાન થઈ શકે છે.

સજાના પ્રકાર બાબત.

પિનલકોડ મુજબ નિચે પ્રમાણે સજાના છ પ્રકાર છે.

(૧) મોત. (૨) સમુદ્રપાર. (૩) સાસનિક દાસત્વ. (૪) કેદ (अ) સાદી એટલે આસાન અને (ब) સકત એટલે સકત મજુરી સાથે. (૫) મિલ્કત સરકાર જપત થવી. (૬) દંડ.

ટીકા—સને ૧૯૦૯ના આકટ ૪થાથી ફટકા મારવાની શિક્ષાથી એક પ્રકારની સજામાં વધારો થયો છે એટલે કે સાત પ્રકારની સજા થઈ શકે છે.

સુચના—પીનલકોડ મુજબ ગુન્હાઓ તથા તે બદલ સજાને માટે આગળ પત્રક આપેલું છે તેના કોષ્ટક ૧-૨-૬ જુવો-ફોજદારી કાયદો બરાબર સમજવા માટે આ પત્રક બરાબર ધ્યાન દઈ વાંચવું.

ક્રીમીનલ પ્રોસીજર કોડ.

(સને ૧૮૯૮નો આકટ ૫મો-ઈન્ડીઆ.)

શરૂઆતમાં જણાવ્યા મુજબ ફોજદારી કાયદામાં ગુન્હાની વ્યાખ્યા, ગુન્હા અને તે બદલ ગુન્હો કરનાર ભારેમાં ભારે કેટલી અને કેવા પ્રકારની સજાને પાત્ર છે તે બતાવવામાં આવેલું હોય છે, પણ ગુન્હેગારને કોણે શોધી કહાડી, ઇનસાફે પોહોંચાડવો, ઈનસાફ કેવી રીતે અને કોણે કરવો એ વીગેરે બાબતો પ્રોસીજર કોડ-ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદામાં આપેલી છે, તે કાયદો તે સન ૧૮૯૮નો આકટ ૫મો (ઈંડીઆ).

તોહમતદારને ઈનસાફે પોહોંચાડવાના બે મુખ્ય રસ્તા.

એક તો એ કે પોલીસ ગુન્હેગારને શોધી કહાડી તેને ઈનસાફની કોર્ટમાં ખડા કરે છે, બીજો રસ્તો એ કે મેજીસ્ટ્રેટ સમન ઈયા વારંટ કહાડી તોહમતદારને બોલાવે છે.

કેટલાક ગુન્હા એવા ભારે છે કે તેની તપાસ કરી, ગુન્હેગારને શોધી કહાડી સજાએ પોહોંચાડવાની ફરજ પોલીસને માથે નાખી છે, જે ગુન્હાની તપાસ કરવાનો પોલીસને અધિકાર છે, તે ગુન્હો કરનારને પોલીસ વગર વારંટે પકડી શકે છે. ફકત વેહેમ ઉપરથી પકડી શકે નહીં. ઘણી વખત જેનું નુકશાન થયું હોય તે સખસ ગુન્હો બન્યાની હકીકત પોલીસને જાહેર કરે છે, તે ઉપરથી પોલીસ તપાસ કરી ગુન્હેગારોને શોધી કહાડી ઈનસાફની કોર્ટમાં ખડા કરે છે.

હવે એ ભારે ગુન્હા તે કયા! આ પાછળ જે પત્રક આપ્યું છે તેનું ત્રીજું કોષ્ટક જોવાથી એ ગુન્હાઓ મળી આવશે, જ્યાં જ્યાં "વગર વારંટે પકડી શકે" એમ લખેલું છે તે બધા કોગનીઝબલ ગુન્હા અથવા પોલીસ અખત્યારી ગુન્હા અને જ્યાં જ્યાં "વગર વારંટે પકડાય નહીં" એમ લખેલું છે તે ગુન્હા નોનકોગનીઝબલ સમજવા, એવા ગુન્હાની તપાસ કરવાને પોલીસને અધીકાર નથી. જેનું નુકશાન થયું હોય તેણે મેજીસ્ટ્રેટની રૂબરૂ જઈને ફરીઆદ અરજી આપવી જોઈએ.

પોલીસ તપાસ બાબત.

૧૫૪. ફોજદારને કોગ્નીઝબલ ગુન્હાની તાબડતોબ ખબર આપવી, ફોજદારે તે લખી લેવી અને ખબર આપનારને વાંચી સંભળાવવી, અને ખબર આપનારે તે ઉપર સહી કરવી.

*જે અમલદારના હવાલામાં પોલીસ થાણું હોય તે અમલદારને ચાલતી આવેલી રૂઢી મુજબ લોકો ફોજદાર (સબ ઈન્સપેકટર) કહે છે. વળી કેટલેક ઠેકાણે ઈયા પેટામાહાલમાં હેડકોન્સ્ટેબલના હવાલામાં પોલીસ થાણું હોય છે. તેને પણ ફોજદારના જેટલોજ અધિકાર હોય છે અને તેને પણ લોકો ફોજદાર કહે છે.

૧૫૫. નોનકોગનીઝબલ ગુન્હાની કોઈ ખબર આપે તો ફોજદારે એક બુકમાં તેનો સાર નોંધવો અને ખબર આપનારને મેજીસ્ટ્રેટની આગળ જવાને કહેવું. એવા ગુન્હાની તપાસ, પેહેલા અથવા બીજા વર્ગના મેજીસ્ટ્રેટના હુકમ શીવાય, સબ ઈન્સપેકટરે કરવી નહીં.

૧૫૬. કોગનીઝબલ મુકરદમાની તપાસ, મેજીસ્ટ્રેટના હુકમ વગર, કરવાનો અધિકાર ફોજદારને છે; ફોજદાર શિવાય બીજો કોઈ પોલીસ અમલદાર કાંઈ કામ ચલાવે તો તે કારણસર કોઈની હરકત ચાલશે નહીં.

૧૫૭. કોગનીઝબલ ગુન્હો થવાની ખબર મળે, યા શક આવે કે, તુરત તે બાબતનો તાલુકાના મેજીસ્ટ્રેટને ફોજદારે રીપોર્ટ કરવો, અને તપાસ કરવા સારૂ તથા ગુન્હેગારને શોધી કહાડવા તથા પકડવા માટે જરૂર હોય તેવા ઉપાય કરવા સારૂં ફોજદારે જાતે તે ઠેકાણે જવું, અગર પોતાના તાબાના કોઈ અમલદારને મોકલવો.

પણ ગુન્હેગારનું નામ આપવામાં આવેલું હોય અને ગુન્હો ભારે ન હોય તો, જાતે જવાની અગર તાબાના અમલદારને મોકલવાની જરૂર નથી.

જો ફોજદારને એમ જણાય કે તપાસ કરવાને પુરતો સબબ નથી તો તેણે તપાસ કરવી નહીં, પરંતુ એ બેહુ બાબતોના કારણો રીપોર્ટમાં લખી મોકલવાં.

૧૬૦. તપાસના કામ સારૂં સાહેદોને લેખી હુકમથી બોલાવવાનો હરકોઈ પોલીસ અમલદારને અધિકાર છે. સાહેદોએ હાજર થવું જોઇએ.

૧૬૧. તપાસ કરનાર પોલીસ અમલદારે સાહેદોની જુબાની લખી લેવી. સાહેદોએ પોતાના ઉપર ફોજદારી ગુન્હાનું તોહમત આવી પડે અથવા કાંઈ દંડ કે ગુન્હેગારી આપવી પડે તેવા સવાલો શીવાય, બધા સવાલોના ખરા જવાબ આપવા જોઇએ.

૧૬૨. મરતી વખતે કહેલા મચકુર શિવાય બીજો મચકુર પુરાવામાં દાખલ થઈ શકતો નથી. પોલીસને કહેલા મચકુર ઉપર સહી કરવી નહીં. તે મચકુર પુરાવામાં દાખલ થઈ શકતો નથી.

કોઈ પણ પોલીસ અમલદારે અથવા અધિકારવાળા સખસે કોઈ પણ લાલચ અથવા ધમકી દેખાડવી નહીં અથવા દેખડાવવી નહી અથવા તેવું વ[illegible] આપવું નહીં અને અપાવવું પણ નહીં.

૧૬૩. પણ તપાસ ચાલતી હોય તે દરમીયાન કાંઈ મચકુર પોતાની રાજી ખુશીથી કેહેવાની કોઈ પણ સખસની મરજી હોય તો તેને ચેતવણી આપીને અટકાવવો નહીં.

૧૬૪. રાજીખુશીથી મચકુર કેહેનારને અથવા ગુન્હાની રાજીખુશીથી કબુલત કરનારને મેજીસ્ટ્રેટ આગળ તેનો મચકુર અથવા કબુલત લખી લેવા રીપોર્ટ સાથે મોકલવો.

૧૬૫. ફોજદારને અથવા તપાસ કરનાર પોલીસ અમલદારને દસ્તાવેજ અગર બીજી મુદ્દાની વસ્તુને માટે થાણાની હદમાં ઝાડો લેવાને કે ઝાડો લેવડાવવાને અધિકાર છે.

૧૬૬. એક તાલુકાનો ફોજદાર બીજા તાલુકાના ફોજદારને લખી બીજા તાલુકાની હદમાં ઝાડો લેવરાવવાને વારંટ કહાડવાને મુખત્યાર છે.

૧૬૭. ફોજદાર અથવા તપાસ કરનાર પોલીસ અમલદારે જેમ બને તેમ તાકીદથી પોતાની તપાસ પુરી કરવી જોઇએ. વળી ચોવીસ કલાકથી વધારે વાર તોહમતદારને અટકાવમાં રાખવો નહીં. જો ચોવીસ કલાકમાં તપાસ પુરી ન થઈ હોય તો અને તોહમત પાકા આધારવાળું હોય તો, તોહમતવાળાને, ડાયરીની નકલ સાથે, પાસેના મેજીસ્ટ્રેટ આગળ તાબડતોબ મોકલી દેઈ બીજી યોગ્ય મુદત માંગવી.

૧૬૮. જ્યારે તાબા માહેના પોલીસ અમલદારે કોઈ તપાસ કરી હોય ત્યારે ફોજદારને તેણે તપાસના પરિણામનો રીપોર્ટ કરવો.

૧૬૯. જ્યારે પુરાવો બરાબર નથી એમ તપાસ ઉપરથી જણાય તો તોહમત વાળાને, જો તે પેહેરામાં હોય તો, જામીન અથવા મુચરકો લઈને ફોજદારે છુટો કરવો.

૧૭૦. જ્યારે પુરાવો પુરતો હોય ત્યારે ફોજદારે તોહમતવાળાને પેહેરામાં અથવા જામીન લઈને અધિકારવાળા મેજીસ્ટ્રેટ પાસે રીપોર્ટ તથા મુદ્દામાલ સાથે મોકલવો.

૧૭૧. ફરીઆદી તથા સાહેદને પોલીસ અમલદારની સાથે જવાનું ફરમાવવું નહીં. તેમજ તેમને નકામો પ્રતિબંધ અથવા અડચણ કરવી નહીં અને મેજીસ્ટ્રેટની આગળ હાજર થઈ શાક્ષી આપવા સારૂ તેમના જાત મુચરકા લેવા, પણ જો ફરીઆદી અગર સાહેદ હાજર થવાની ના કહે અથવા ખત લખી આપવાની ના કહે તો ફોજદારે તેવા સખસને પેહેરામાં આપીને મેજીસ્ટ્રેટ પાસે મોકલવો.

૧૭૨. તપાસ કરનાર પોલીસ અમલદારે તપાસમાં ચલાવેલું પોતાનું કામ રોજ રોજ એક રોજનામામાં લખવું તેમાં ખબર કયારે મલી તે વખત, પોતે તપાસ કયારે કરવા માંડી તથા કયારે બંધ કરી તે વખત, જે જે જગ્યાએ પોતે જઈ આવ્યો હોય તે જગ્યાના નામ, તથા તપાસમાં જે જે હકીકત માલમ પડી હોય તેની વીગત લખવી.

૧૭૩. ફોજદારને એવી ખબર મળે કે,—(अ) કોઈ સખસે આત્મઘાત કર્યો છે અથવા (ब) કોઈ સખસને બીજા સખસે અથવા જાનવરે મારી નાંખ્યો છે, અથવા કોઈ સખસ સંચાથી અથવા અકસ્માતથી મરણ પામ્યો છે, અથવા (क) કોઈ સખસ એવી રીતે મરણ પામ્યો છે કે તે ઉપરથી કોઈ બીજા સખસે ગુન્હો કર્યાનો વાજબી શક ઊત્પન્ન થાય છે, તો તુરત ફોજદારે મેજીસ્ટ્રેટને ખબર આપવી, અને જે જગ્યાએ મુડદું હોય તે જગ્યાએ જવું અને પાડોસમાંના બે આબરૂદાર રેહેવા-

શીઓની રૂબરૂ તપાસ કરીને મોતના દેખીતા કારણનો રીપોર્ટ તૈયાર કરવો અને તેમાં તે મુડદાં ઉપર જે જખમ ભાગેલા અવયવ, ચગદાયાની અગર નુકશાનીની બીજી નીસાણીઓ માલમ પડે તેનું વર્ણન કરવું તથા શી રીતે અથવા કેવા હથીઆર વડે નીસાણીઓ કરેલી જણાય છે તે લખવું. ફોજદારે તથા બીજા સખસો જેઓ ફોજદાર સાથે એકમત થતા હોય તેઓએ તે રીપોર્ટ ઉપર સહી કરવી અને તુરત તે રીપોર્ટ જીલ્લા મેજીસ્ટ્રેટ અથવા પેટા તુકડી મેજીસ્ટ્રેટ તરફ મોકલી દેવો.

૧૭૪. જ્યારે મોતના કારણ સંબંધી કંઈ શક હોય ત્યારે ફોજદારે તે મુડદું જો રસ્તે જતાં સડી જવાનો સંભવ ન હોય તો, સીવીલ સરજન પાસે ઈયા તાલુકાની ડીસ્પેનસરીમાં રીપોર્ટ સાથે મોકલી દેવું.

૧૭૫. ઉપર મુજબની તપાસ સારૂં બે અથવા વત્તાં માણસોને અને બીજો કોઈ માણસ તે કામની હકીકતથી વાકેફ હોય તેને હુકમ લખી બોલાવવાનો ફોજદારને અધિકાર છે. બોલાવેલા માણસે હાજર થવુંજ જોઈએ અને પુછેલા સવાલોના ખરા જવાબ આપવા જોઇએ.

ગુન્હા અટકાવવા પોલીસે શી શી તજવીજ કરવી જોઈએ.

૧૦૭. ફલાણો સખસ સુલેહનો ભંગ કરે એવો સંભવ છે એમ માનવાને પુરતું કારણ હોય તો પોલીસે–ફોજદારે ઈયા ઈન્સપેકટરે–તે બાબત તપાસ કરી અધિકારવાળા મેજીસ્ટ્રેટને રીપોર્ટ કરી તેવા સખસના જામીન લેવડાવવા.

૧૦૯. જે સખસ કાંઈ ગુન્હો કરવાની મતલબથી પોતાની હાજરી છુપાવવાને પુર્વોપાય તજવીજ કરે છે, અથવા જે સખસ પાસે ગુજરાન ચલાવવાને કાંઈ દેખીતું સાધન નથી, અથવા જે પોતા વિશે ખાત્રી લાયક હકીકત કહી શકતો નથી, એવા સખસ વીશે તપાસ કરી પોલીસે અધિકારવાળા મેજીસ્ટ્રેટને રીપોર્ટ કરી તેવા સખસના જામીન લેવડાવવા.

૧૧૦. ફલાણા સખસને અપહરણ કરવાની ઘર ફોડવાની, ચોરી કરવાની, ચોરીની મિલકત લેવાની, અથવા જબરાઈથી કહડાવવાની ટેવ છે એમ માનવાને કારણ હોય ત્યારે પોલીસે તે બાબતની તપાસ કરી અધિકારવાળા મેજીસ્ટ્રેટને રીપોર્ટ કરી તેવા સખસના જામીન લેવડાવવા.

૧૨૭–૧૨૮. કાયદા વિરૂદ્ધ મંડળીને વિખરાઈ જવાનો હુકમ કરવાનો ફોજદારને અધિકાર છે, હુકમ કર્યા છતાં તે મંડળી વિખરાઈ ન જાય તો, તે મંડળીને જબરીથી વિખરી નાંખવાને ફોજદારને અધિકાર છે.

૧૩૩. નીચે લખેલા લોકોપકારક કૃત્યોની ખબર તાલુકાના મેજીસ્ટ્રેટને આપવી કે ગુન્હા અથવા અકસ્માત થતા અટકે એવી તે તજવીજ કરે.

૧—જાહેર રસ્તા કે સાર્વજનીક જગામાં કાયદા વિરૂદ્ધ અડચણ.

૨—લોકની તંદુરસ્તીને કે શરીર સુખને નુકસાનકારક ધંધો કે વેપાર.

૩—કાંઈ પદાર્થ, ઘાસ, કડબ, દારૂ કેરોસીન ભરી રાખવાથી આગ લાગવાનો સંભવ.

૪—ઈમારતની બીસ્માર હાલત અથવા પડવાનો સંભવ.

૫—સાર્વજનીક જગા પાસેના પાળ, વાડ કે કઠેરા વગરના તલાવ, કુવા કે ખાડા બાબત.

૧૪૫-૧૪૭. સ્થાવર મિલકત સંબંધી, અથવા તેની હદ સંબંધી, કે સ્થાવર મિલકત ઉપર કાંઈ પણ વસ્તુ કરવાના ઈયા નહીં કરવાના હક બાબતની તકરારથી સુલેહનો ભંગ થવાનો સંભવ હોય તો તે વિશે તપાસ કરી પોલીસે-ફોજદારે, ઈયા ઇન્સ્પેકટરે-અધિકારવાળા મેજીસ્ટ્રેટને રીપોર્ટ કરવો.

૧૪૯ કોઈ પણ કોગનીઝબલ ગુન્હો થતો અટકાવવા સારૂ દરેક પોલીસ અમલદાર વચ્ચે પડવાને મુખત્યાર છે, અને તેણે બનતો પ્રયત્ન કરી ગુન્હો થતો અટકાવવો જોઈએ.

૧૫૦. એવા ગુન્હા કરવાની ધારણા એટલે ઈરાદા વિશે પોલીસ અમલદારને ખબર પડે કે તુરત ફોજદારને તે ખબર આપવી.

૧૫૧. એવા ગુન્હા અટકાવવા સારૂ, બીજી રીતે અટકાવી શકાય નહિ તો, મેજીસ્ટ્રેટના હુકમ શીવાય અને વગર વારંટે તેવા ગુન્હા કરવાની ધારણા કરનાર સખસને પકડવાને પોલીસ અમલદાર મુખત્યાર છે.

૧૫૨. સાર્વજનીક મિલકત, સ્થાવર કે જંગમને નુકશાન થતું અટકાવવા સારૂં વચ્ચે પડવાને દરેક પોલીસ અમલદાર મુખત્યાર છે.

૧૫૩. ખોટાં કાટલાં અથવા માપ અથવા તોલવાના યંત્ર ફલાણી જગાએ છે એમ માનવાનું કારણ હોય ત્યારે ફોજદાર, તેવાં કાટલાં, માપ અથવા યંત્ર તપાસવાને અથવા તેનો શોધ કરવાને વગર વારંટે તે જગામાં પેસવાને તથા તેવાં કાટલાં માપ કે યંત્ર જડે તો તેને પકડવાનો અધિકાર છે, અને તે બાબતની તુરત અધિકારવાળા મેજીસ્ટ્રેટને ખબર તેણે આપવી.

પોલીસને મદદ તથા ખબર આપવા બાબત.

૪૨. મેજીસ્ટ્રેટને તથા પોલીસને દરેક માણસે કયારે મદદ કરવી જોઈએ ? (૧) કોઈ માણસને પકડવાનો મેજીસ્ટ્રેટને અથવા પોલીસ અમલદારને અધિકાર હોય તેવા માણસને પકડવામાં, અથવા નાશી જતો અટકાવવામાં, (૨) સુલેહનો

ભંગ અટકાવવામાં, અથવા તે દાબી દેવામાં, અથવા હરકોઈ રેલવે, નેહેર, ટેલીગ્રાફ, અથવા સાર્વજનીક મિલકતને નુકશાન કરવાની કોશીશનો અટકાવ કરવામાં, દરેક માણસે મદદ કરવી જોઈએ.

૪૩. પોલીસ અમલદાર શીવાય બીજા સખસના નામનું વારંટ કરવામાં આવે, ત્યારે તે બીજા સખસને વારંટ બજાવવામાં, કોઈ પણ માણસ મદદ કરી શકે.

૪૪. પીનલ કોડની કલમ—૧૨૧–૧૨૧ અ ૧૨૨–૧૨૩–૧૨૪–૧૨૪ અ ૧૨૫–૧૨૬–૧૩૦–૧૪૩–૧૪૪–૧૪૫–૧૪૭–૧૪૮–૩૦૨–૩૦૩–૩૦૪–૩૮૨–૩૯૨ ૩૯૩–૩૯૪–૩૯૫–૩૯૬–૩૯૭–૩૯૮–૪૦૨–૪૩૫–૪૩૬–૪૪૯–૪૫૦–૪૫૬-૪૫૭ ૪૫૮–૪૫૯–૪૬૦–પ્રમાણે શીક્ષા થઈ શકે એવો ગુન્હો કર્યા વીશે, અથવા કરવાના ઈરાદા વીશે, જે સખસ જાણતો હોય તેણે, તે બાબત પાસેના મેજીસ્ટ્રેટને અથવા પોલીસ અમલદારને તાબડતોબ ખબર આપવી. ઉપર બતાવેલી કલમો કયા કયા ગુન્હાને લગતી છે તે પાછળ પત્રક આપેલું છે તેનું પહેલું અને બીજું કોષ્ટક જોવાથી સમજાશે.

૪૫. દરેક ગામના મુખીએ, રખવાળે, પોલીસ અમલદારે, જમીનના ધણીએ, ઈયા ભોગવટો કરનારે, અથવા તેના મુખત્યારે તથા ઉઘરાતદાર, તલાટીએ નીચે લખેલી વાતો બાબત જે ખબર પોતાને મળે તે પાસેના મેજીસ્ટ્રેટને અથવા ફોજદારને તાબડતોબ આપવી જોઈએ.

૧—ગામમાં ચોરીની મીલકત લેનારા અથવા વેચનારા હરકોઈ મશહુર માણસના રહેવાના ઠેકાણા બાબત.

૨—ઠગ, અપહરણ કરનાર, નાશી ગયલો ગુન્હેગાર, ઢંઢેરાથી પ્રસીદ્ધ કરેલો ગુન્હેગાર—ગામમાં આવતો જતો હોય તે બાબત.

૩—જામીન નહિ લઈ શકાય એવો ગુન્હો કર્યાની વાત, અથવા કરવાના ઈરાદા બાબત.

૪—આકસ્મીક અથવા સૃષ્ટીક્રમ વિરૂદ્ધ મોત થયાની વાત, અથવા શક ભરેલા મોતની બાબત.

પકડવા બાબત.

૪૬. “પકડવાની રીત” જે સખસને પકડવો હોય તેના શરીરને ખરેખર અડકવું અથવા કેદ કરવું; પણ જો તે સખસ બોલીને અથવા કાંઈ કરીને પેહેરાને તાબે થાય તો તેમ કરવું નહીં. જો પકડવાની સામે થાય તો જરૂરના સઘળા ઉપાયો કરવાને પોલીસ અમલદાર યા પકડનાર મુખત્યાર છે.

૪૭. જે સખસને પકડવો હોય તે જે જગામાં પેઠો હોય તો તે જગા જે માણસના હવાલામાં હોય તેણે પોલીસ અમલદારને તેની માગણી ઉપરથી તે જગામાં વગર અડચણે જવા દેવો અને તેમાં શોધ કરવા સારૂ યોગ્ય મદદ આપવી.

૪૮. એવી કોઈ જગામાં જઈ શકાતું ન હોય તો, સદરહુ જગાની બહારનો કે માંહેનો દરવાજો અથવા બારી ફોડવાનો સદરહુ પોલીસ અમલદારને અખત્યાર છે. એવી જગા કોઈ ઓરડો હોય અને તેમાં કોઈ ઝનાના બાયડી રેહેતી હોય તો તે બાયડીને તે માંહેથી નીકળી જવાની છુટ આપવી, અને પછી ઓરડો ફોડીને તેમાં પેસવું.

૪૯. પકડવાનું વારંટ બજાવનાર પોલીસ અમલદાર એવી કોઈ જગામાં ઘેરાઈ ગયો હોય, અથવા તેને કોઇએ અટકાવી રાખ્યો હોય તો તે, પોલીસ અમલદારને દરવાજા ઈયા બારી ફોડીને બહાર નીકળવાનો અખત્યાર છે.

૫૦. પકડેલા સખસને નાસી જતો અટકાવવાને માટે જરૂર હોય તે કરતાં વધારે પ્રતિબંધ કરવો નહીં.

૫૧-૫૩. પકડેલા સખસનો ઝાડો લેવાને, તથા તેના શરીર ઉપર પહેરવાના કપડાં શીવાય બીજી કોઈ વસ્તુ જડે તે સંભાળી રાખવાને પોલીસ અમલદાર મુખત્યાર છે; પણ જે વસ્તુ જડે તે બાબત તુરત મેજીસ્ટ્રેટને રીપોર્ટ કરવો અને તેના હુકમ પ્રમાણે અમલ કરવો.

૫૨. બાયડીનો ઝાડો લેવડાવવાની જરૂર હોય ત્યારે લોકલજા ઉપર પક્કી રીતે નજર રાખી બીજી કોઈ બાયડી પાસે તે ઝાડો લેવડાવવો.

૫૩. પકડેલા સખસ પાસે મારવાના હથીઆર હોય તો તે પકડનાર અમલદારે તેની પાસેથી લઈ લેવાં અને પોતાના ઉપરીને અથવા કોર્ટને સ્વાધીન કરવાં.

વગર વારંટે પકડવા બાબત.

૫૪. કોઈ પણ પોલીસ અમલદાર, મેજીસ્ટ્રેટના હુકમ વગર તથા વગર વારંટે, નીચે લખેલા સખસોને પકડવાને મુખત્યાર છેઃ—

૧—જે સખસ કોગ્નિઝબલ ગુન્હામાં સામેલ થયો છે, જે સખસની ઉપર સદરહુ પ્રમાણે સામીલ થયો છે એવી વાજબી ફરીઆદ થઈ હોય અથવા ખાત્રી લાયક ખબર મળી હોય અથવા વાજબી શક રહેતો હોય તે સખસને.

૨—જે સખસના કબજામાં ઘર ફોડવાનું કાંઈ ઓજાર, કાયદેસર કારણ વગર, હોય તે સખસને;

૩—જે સખસને ઢંઢેરો કહાડીને ગુન્હેગાર તરીકે પ્રસીદ્ધ કર્યો હોય તે સખસને;

૪—ચોરીની મીલકત જે સખસના કબજામાં જડે અને જેણે તે સંબંધમાં કાંઈ ગુન્હો કર્યો છે એવો વાજબી રીતે શક હોય તે સખસને;

૫—પોલીસ અમલદારને પોતાનું કામ કરવામાં જે સખસ હરકત કરે તે સખસને અથવા જે સખસ કાયદેસર પેહેરામાંથી નાસી ગયો હોય, અથવા નાશી જવાની કોશીશ કરતો હોય તે સખસને;

૬—જમીનપરની અગર દરીઆઈ ફોજમાંથી જે સખસ નાશી ગયો છે એવો વાજબી રીતે શક હોય તે સખસને.

૫૫. જેના હવાલામાં પોલીસ થાણું હોય એવો હરકોઈ અમલદાર એટલે ફોજદાર યા સબ ઈન્સ્પેકટર, નીચે લખેલા સખસોને પકડવાને અથવા પકડાવવાને મુખત્યાર છેઃ—

૧—કોઈ પણ સખસ પોતે નજરે ન પડે એવો પુર્વોપાય કરતો માલમ પડે, અને તે સખસ કાંઈ કોગ્નીઝબલ ગુન્હો કરવાના હેતુથી સદરહુ પુર્વોપાય કરે છે એવું માનવાનું કારણ પ્રસંગ ઉપરથી દેખાતું હોય તો તે સખસને;

૨—જે સખસની પાસે પોતાના ગુજરાનને માટે કાંઈ સાધન જણાતું ન હોય, અથવા જે પોતાને વીશે ખુલાશા ભરેલા જવાબ આપી શકતો નહીં હોય તે સખસને;

૩—જે સખસને અપહરણ કરવાની, ઘર ફોડવાની, ચોરી કરવાની, ચોરીની મિલકત જાણી બુઝીને લેવાની ટેવ છે તે સખસને, અથવા જેને જબરાઈથી કહડાવવાની, તે કારણુસર હાની કરવાનો ભય દેખાડવાની, અથવા હાની કરવાનો ભય દેખાડવાની કોશીશ કરવાની ટેવ છે, તે સખસને.

૫૬. પોલીસ થાણાનો અમલદાર, ફોજદાર, જે સખસને પોતે વગર વારંટે પકડી શકે છે તેવા સખસને પકડવા સારૂ પોતાનાં તાબાના અમલદારને મોકલી શકે, પણ તે તાબાના અમલદારને હુકમ લખી આપવો અને તેમાં જે સખસને પકડવો હોય તેનું નામ તથા જે ગુન્હા બદલ પકડવો હોય તે લખવું.

૫૭. નોન કોગ્નિઝબલ ગુન્હો કોઈ સખસ પોલીસ અમલદારની સમક્ષ કરે, અથવા એવા ગુન્હાનું તોહમત તે સખસ ઉપર મુકવામાં આવે, અને તેને પુછતાં તે પોતાનું નામ તથા રેહેવાનું ઠેકાણું આપે નહીં અથવા આપે તો ખોટું છે એમ માનવાને કારણ હોય, તો તે સખસને પકડવાને સદરહુ પોલીસ અમલદાર મુખત્યાર

છે, અને પકડયા પછી ચોવીસ કલાકમાં તેને નજીકના મેજીસ્ટ્રેટ તરફ મોકલી દેવો; પણ તે પેહેલાં જો તે પોતાનું ખરૂં નામ અને રેહેવાનું ઠેકાણું આપે તો તેની પાસેથી મેજીસ્ટ્રેટ આગળ હાજર થવાનું ખત લખાવી લઈ છુટો કરવો.

૫૮. જે સખસને પકડવાનો અધિકાર કોઇ પોલીસ અમલદારને હોય તે સખસને વગર વારંટે પકડવા સારૂ તે અમલદાર બ્રીટીશ ઇંડીયામાં હરકોઈ જગાએ, સદરહુ સખસની પાછળ જવાને મુખત્યાર છે.

૫૯. "હરકોઈ સખસ પકડી શકે"—જામીન નહીં લઈ શકાય તેવો અને કોગ્નિઝબલ ગુન્હો, જે સખસ કોઈ ખાનગી સખસના દેખતાં કરે, તેને તે ખાનગી સખસ પકડવાને મુખત્યાર છે, અને કોઇ સખસ ગુન્હેગાર છે એવું જાહેરનામું કાહાડયું હોય તો તેને પણ ખાનગી સખસ પકડી શકે છે. પકડીને તાબડતોબ કોઈ પણ પોલીસ અમલદારને સ્વાધીન કરવો. તેણે નોનકોગ્નિઝબલ ગુન્હો કર્યો છે એમ જણાય તો ૫૭મી કલમ પ્રમાણે તજવીજ કરવી, અને ગુન્હો કર્યો છે એમ માનવાને કારણ ન હોય તો તેને એકદમ પોલીસ અમલદારે છોડી મુકવો.

૬૦. વગર વારંટે પકડેલા સખસને ફોજદાર આગળ અથવા મેજીસ્ટ્રેટ આગળ તાબડતોબ લઈ જવો, અને જામીન લઈ શકાય તેમ હોય તો જામીન લેવા.

૬૧. વગર વારંટે પકડેલા સખસને ચોવીસ કલાકથી વધારેવાર પેહેરામાં મેજીસ્ટ્રેટના ખાસ હુકમ વગર (૧૬૭) અટકાવી રાખવો નહીં.

૬૨. વગર વારંટે પકડેલા સઘળા સખસો વિષે ફોજદારે, જીલ્લા મેજીસ્ટ્રેટને રીપોર્ટ કરવો, પછી જામીન લીધા હોય કે નહીં તોપણ.

૬૩. જે સખસને પોલીસ અમલદારે પકડયો હોય તેનું પોતાનું ખત લીધા વગર, અથવા જામીન લીધા વગર અથવા મેજીસ્ટ્રેટના ખાસ હુકમ વગર તેને છોડી મુકવો નહીં.

૬૪. જ્યારે કોઈ ગુન્હો મેજીસ્ટ્રેટની સમક્ષ કરવામાં આવે ત્યારે ગુન્હેગારને જાતે પકડવાને અથવા પકડવાનો કોઈ પણ સખસને હુકમ કરવાને તે મેજીસ્ટ્રેટ મુખત્યાર છે.

હાજર થવાની જરૂર પાડવા બાબત.

૬૮–૭૨. "સમન કોણે કેવી રીતે બજાવવો."—સમન પોલીસ અમલદારે બજાવવો. સમન કરેલા સખસને સમનની એક પ્રત આપીને અથવા આપવા માટે કહાડીને લો એમ કહીને ખુદ તેની ઉપર તે સમન બજાવવો, અને તે સમન પોંહો-ચ્યા બદલ પોતાની પાસેની પ્રત ઉપર સહી લેવી. સમન કરેલો સખસ જડે નહીં તો, તેના કુટુંબમાંના કોઈ પાકી ઊમરના મરદ માણસને સમનની એક પ્રત આપી

બજાવવાનો અધિકાર છે, અને તે માણુસની પોહોચ્યાં બદલ સહી લેવી. જ્યારે કોઈ સહી કરી આપવા ના કહે તો જે ઘરમાં સમન કરેલો સખસ ઘણું કરીને રહેતો હોય તે ઘરના અથવા ઘર વાડીના (રહેઠાણના) પ્રસીદ્ધ ભાગ ઉપર તે સમનની એક નકલ ચોહોડવી. સરકારના અથવા રેલવે કંપનીના નોકર ઉપરના સમન કચેરીના ઉપરી મારફત બજાવવા.

૭૭. પકડવાનું વારંટ ઘણું કરીને એક અથવા વધારે પોલીસ અમલદારના નામનું કાઢવું જોઈએ. તે સઘળાએ અથવા તેમાંના ગમેતે એકે તે વારંટ બજાવવું. તાકીદનું કામ હોય અને પોલીસ નજીક ન મળી આવે તો કોઈ પણ સખસના નામનું વારંટ કાઢી શકાય.

૭૮. જમીનદાર, જમીનના ઈજારદાર અથવા વહીવટદારના નામનું વારંટ કહાડવામાં આવે ત્યારે તેઓએ તે વારંટની પોહોંચ લખીને આપવી અને જે સખસને પકડવા સારૂં તે વારંટ કહાડયું હોય તે સખસને પોતાની જમીનમાં હોય અથવા પેસે તો તેઓએ તે વારંટ બજાવી, તે પકડેલા માણુસને નજીકના પોલીસ અમલદારને સ્વાધીન કરવો, અને પોલીસ અમલદારે, તારણ ન લીધું હોય તો, હકુમતવાળા મેજીસ્ટ્રેટ પાસે મોકલી દેવો.

૭૯. જે પોલીસ અમલદારનાં નામનું વારંટ હોય તે પોલીસ અમલદાર અથવા જે અમલદારનું નામ તે વારંટની પાછળ લખ્યું હોય તે અમલદાર તે વારંટની પાછલ બીજા પોલીસ અમલદારનું નામ લખે તે પોલીસ અમલદાર પણ તે વારંટ બજાવી શકે.

"વારંટ કેવી રીતે બજાવવું." જે સખસને પકડવો હોય તે સખસને તે વારંટનો સાર જણાવવો, અને તે સખસ કહે તો, તેને તે વારંટ બતાવવું (૮૦) પકડેલા સખસને વગર ઢીલે કોર્ટમાં રજુ કરવો (૮૧). પકડવાનું વારંટ બ્રીટીશ ઈન્ડીઆમાં કોઈ પણ જગાએ બજાવવાનો અધિકાર છે (૮૨). બીજા મેજીસ્ટ્રેટની હકુમતમાં બજાવવું હોય તો તે બીજા મેજીસ્ટ્રેટની ઈયા તાલુકાના ફોજદારની તે વારંટ ઉપર સહી લેવી ને પછી તે બજાવવું (૮૪). વારંટ જયાં સુધી તે રદ કર્યું નથી ત્યાં સુધી અથવા તે બજાવવામાં આવે ત્યાં સુધી અમલમાં રહે છે (૭૫). વારંટમાં તારણ લેવાનું ફરમાવ્યું હોય ત્યારે જે અમલદારના નામનું તે વારંટ કહાડયું હોય તે અમલદારે હુકમ પ્રમાણે તારણ લેવું અને પકડેલા સખસને પેહેરામાંથી છુટો કરવો અને જામીનખત કોર્ટની ઉપર રવાના કરવું (૭૬).

નાસી જવાને લીધે, અથવા સંતાઈ જવાને લીધે વારંટ બજાવી શકાય નહીં તો પોલીસ અમલદારે તેવો રીપોર્ટ કરવો, કે મેજીસ્ટ્રેટ જાહેરનામું કહાડી તેની મિલકત જપ્ત કરે (૮૭—૮૮).

દસ્તાવેજ વિગેરે રજુ કરવા તથા ઝાડો લેવાના વારંટ બાબત.

તપાસના કારણુસર કોઈ દસ્તાવેજ અથવા બીજી વસ્તુની જરૂર છે એમ ફોજદારને જણાય ત્યારે તેણે જે સખસના કબજામાં તે દસ્તાવેજ કે વસ્તુ હોય તે સખસને તે રજુ કરવા લેખી હુકમ કરવો (૯૪). તપાસ દરમીઆન ટપાલ ખાતાને સ્વાધીન હોય એવા કાગળની કે તાર ખાતાને હસ્તક હોય એવા તારની જરૂર જણાય તો પોલીસ અમલદારે ડીસ્ટ્રીકટ સુપરીનટેન્ડંટને યા જીલ્લા મેજીસ્ટ્રેટને રીપોર્ટ કરવો. પોલીસ સુપરીનટેન્ડન્ટ, તે કાગળ અથવા તાર, જીલ્લા મેજીસ્ટ્રેટનો હુકમ થતાં સુધી, અટકાવમાં રાખવાનું ફરમાવવાને મુખત્યાર છે, અને જીલ્લા મેજીસ્ટ્રેટ તે કાગળ અથવા તાર તે ખાતાના ઉપરીને લખીને પોલીસને અપાવી શકે છે (૯૫).

" ઝાડો લેવાનું વારંટ કોણ કહાડી શકે અને કયારે ? " ૯૪–૯૫મી કલમના ઠરાવ મુજબ જરૂરી દસ્તાવેજ અથવા બીજી વસ્તુ રજુ કરશે નહીં એવું માનવાને કોઈ કોર્ટને કારણ હોય ત્યારે તે કોર્ટ ઝાડો લેવાનું વારંટ કહાડવાને મુખત્યાર છે (૯૬). કલમ ૧૬૫ જુઓ.

૯૮. ફલાણા ઘરમાં ચોરીની મિલકત, બનાવટના દસ્તાવેજ, ખોટી મોહોરો, ખોટા શીકકા, ખોટા સ્ટાંપ તથા તે બનાવવાના હથીઆર અથવા સામાન, રાખવામાં આવે છે યા બનાવવામાં આવે છે એમ પોલીસને ખબર પડે તો તે બાબત પેહેલા વર્ગના મેજીસ્ટ્રેટને રીપોર્ટ કરવો અને તે મેજીસ્ટ્રેટે ઝાડો લેવાનું વારંટ કોન્સ્ટેબલ કરતાં ઉંચા દરજ્જાના કોઇ પણ પોલીસ અમલદારના નામનું કહાડવું.

૧૦૦. ગેરવાજબી રીતે કેદ કરેલા સખસ માટે, પેહેલા વર્ગનો અથવા પેટા ત્રુકડી મેજીસ્ટ્રેટ ઝાડો લેવાનું વારંટ કહાડવાને મુખત્યાર છે. ગેરવાજબી રીતે કેદ કરેલો સખસ ઝાડો લેતાં જડે તો પોલીસે તેને તાબડતોબ કોઈ મેજીસ્ટ્રેટ આગળ લઈ જવો.

૧૦૨. ઝાડો લેવાના વારંટો પોલીસ અમલદારના નામના કરવાં. બંધ કરેલી જગ્યા જે સખસોનાં હવાલામાં હોય તેઓએ ઝાડો લેવા દેવો. એવી જગ્યામાં જવા નહીં દે તો વારંટ બજાવનાર પોલીસ અમલદાર તે જગ્યાનો બહારનો કે અંદરનો દરવાજો તોડી અંદર દાખલ થઈ શકે.

૧૦૩. પોલીસ અમલદારે ઝાડો લેવો તે બે અથવા વધારે આબરૂદાર નજીકના રહેનાર સાહેદોની સમક્ષ લેવો, અને જપ્ત કરેલી ચીજો તથા તે જે જગ્યેથી જડી હોય તે જગ્યાઓની ટીપ સદરહુ અમલદારે તૈયાર કરવી અને તે ઉપર સાહેદોની

સહી લેવી. ઝાડો લેવાની જગાનો ભોગવટો કરનારાને અથવા તેના તરફથી કોઇ સખસને ઝાડો લેવાતો હોય ત્યારે હાજર રેહેવા દેવો, અને તેને ઉપર કહેલી ટીપની એક નકલ સાહેદોની સહી સાથે તે માગે તો આપવી.

તોહમતદારનો ઈનસાફ કોણે કરવો.

કોગ્નીઝબલ ગુન્હા બદલ તોહુમતવાળાને શોધી કહાડી પકડી લાવવાની પોલીસની ફરજ તથા તે સંબંધમાં તેના અધિકાર બાબત પાછળ વર્ણન આવી ગયું છે. હવે તોહમતદારનો ઈનસાફ કોણે કરવો તે ઉપર આવીએ. ઈનસાફ કરવાનું કામ પોલીસને સોંપ્યું નથી. ઈનસાફનું કામ પોલીસથી સ્વતંત્ર અમલદારોને કાયદાથી સોંપ્યું છે. ફોજદારી કાયદા મુજબના ગુન્હા બદલ તોહુમતદારોનો ઈનસાફ કરવા સારૂ કાયદાએ ચઢતા ઉતરતા દરજાની કોર્ટો ઠરાવી છેઃ—

કોર્ટોના નામ.	અધિકાર.
૧. ત્રીજા વર્ગના મેજીસ્ટ્રેટની કોર્ટ.	એક મહીના સુધીની મુદતની કેદ, પચાસ રૂપીઆ સુધી દંડ.
૨. બીજા વર્ગના મેજીસ્ટ્રેટની કોર્ટ.	છ મહીના સુધીની મુદતની કેદ, બસેં રૂપીઆ સુધી દંડ.
૩. પેહેલા વર્ગના મેજીસ્ટ્રેટની કોર્ટ, તથા પ્રેસીડન્સી મેજીસ્ટ્રેટની કોર્ટ.	બે વર્ષ સુધીની મુદતની કેદ, એક હજાર રૂપીઆ સુધી દંડ, ફટકા મારવા. (૩૨)
૪. સેશન કોર્ટ...	કાયદામાં ફરમાવેલી હરકોઇ શિક્ષા, પણ મોતની શિક્ષા ફરમાવી હોય તો, તે કાયમ થવાની હાઇ કોર્ટની મંજુરી જોઇએ. (૩૧)

પાછળ જે પત્રક આપ્યું છે તેના સાતમાં કોષ્ટકમાં અમુક ગુન્હાનો "કઈ કોર્ટથી ઈનસાફ થઈ શકે" એ બતાવેલું છે. તે જોઈને તે આધારે ફોજદારે તોહુમતવાળાને યોગ્ય કોર્ટમાં ઈનસાફ સારૂ રજુ કરવો જોઈએઃ—તેમ કરતાં કાયદાની કલમ ૧૯૩ ઉપર ધ્યાન આપવું જોઇએ. અધિકારવાળા મેજીસ્ટ્રેટે તોહુમતવાળા સખસને કમિટ કર્યા વગર સેશન કોર્ટે કોઈ પણ ગુન્હો સાંભળવો નહિ એમ એ કલમમાં ફરમાવેલું છે, એટલે સદરહુ પત્રકના સાતમા આસનમાં "સેશન કોર્ટ" એમ જે જે ગુન્હાની સામે લખેલું છે, તે તે ગુન્હા બદલ તોહુમતવાળાને ફોજદારે પેહેલા વર્ગના મેજીસ્ટ્રેટની કોર્ટમાં, અગર તો જે મેજીસ્ટ્રેટને કમિટ કરવાનો અધિકાર આપ્યો હોય તે મેજીસ્ટ્રેટની કોર્ટમાં, તપાસના કાગળો તથા મુદ્દામાલ સાથે મોકલવો. પોલીસ તોહુમતવાળાને સેશન કોર્ટમાં ઈનસાફ થવા સારૂ મોકલી શકે નહીં. સદરહુ પત્રકના તેજ સાતમા આસનમાં કોઇ કોઈ ગુન્હાની

સામે "કોઈ પણ મેજીસ્ટ્રેટ" ઈનસાફ કરી શકે એમ લખેલું છે, તેવા ગુન્હાની બાબતમાં ફોજદારે ગુન્હાનું સ્વરૂપ જોઈ પોતાનું ડહાપણ વાપરી હલકું રૂપ હોય તો ત્રીજા વર્ગના મેજીસ્ટ્રેટની કોર્ટમાં, જરા ભારે હોય તો બીજા વર્ગના મેજીસ્ટ્રેટની કોર્ટમાં, અને વધારે ભારે હોય તો પહેલા વર્ગના મેજીસ્ટ્રેટની કોર્ટમાં, તોહમતવાળાને મોકલવો.

તોહમતવાળાને મેજીસ્ટ્રેટની કોર્ટમાં રજુ કરવામાં આવે કે તે કોર્ટ કાયદા પ્રમાણે કામ ચલાવી પોતાને અધીકાર હોય એવી સજા ફરમાવવાને અગર બીજી રીતે કાયદા પ્રમાણે અમલ કરવાને મુખત્યાર છે.

મેજીસ્ટ્રેટે કામ ચલાવવાની રીત.

"નોનકોગ્નિઝબલ ગુન્હાની ફરીઆદ" અધિકારવાળા મેજીસ્ટ્રેટે સાંભળવી, ફરીઆદીની કસમ ઉપર જુબાની લખી લેવી અને તે ઉપર ફરીઆદીએ અને મેજીસ્ટ્રેટે સહી કરવી (૨૦૦). ફરીઆદ એટલે શું? "કોઈ મેજીસ્ટ્રેટ કામ ચલાવે એટલા માટે, કોઈ સખસે કાંઈ ગુન્હો કર્યો છે એવો કોઈ મેજીસ્ટ્રેટની આગળ મ્હોડેથી કે લખીને જાહેર કરેલો મજકુર, પછી તે સખસ જણાયો હોય કે ન જણાયો હોય તોપણ; પણ તેમાં પોલીસ અમલદારના રીપોર્ટનો સમાવેશ થતો નથી" (૪). ફરીઆદીની જુબાની ઉપરથી અથવા બીજી તપાસ કરી હોય તો તેના પરિણામ ઉપર વિચાર કર્યા પછી, આગળ કામ ચલાવવાને પુરતો સબબ ન હોય તો મેજીસ્ટ્રેટ ફરીઆદ કહાડી નાખવાને મુખત્યાર છે (૨૦૩). આગળ કામ ચલાવવાને પુરતો સબબ હોય તો પાછળ આપેલા પત્રકના ચોથા આસન પ્રમાણે સમન ઇયા વારંટ કહાડવો (૨૦૪). જ્યારે મેજીસ્ટ્રેટ સમન કહાડે ત્યારે, તોહમતવાળાને જાતે હાજર થવાનું માફ કરવાનું અને તેના વકીલની મારફતે હાજર થવાની છુટ આપવાનું કારણ જણાય તો તેમ કરવાને મેજીસ્ટ્રેટ મુખત્યાર છે (૨૦૫). સમન ઇયા વારંટ ઉપરથી તોહમતવાળો હાજર થાય કે મેજીસ્ટ્રેટ કાયદા પ્રમાણે કામ ચલાવી યોગ્ય નિકાલ કરે છે.

જે ગુન્હા બદલ કાયદાએ છ મહીનાથી ઓછી કેદની સજા ફરમાવેલી છે, તેવા ગુન્હા, મેજીસ્ટ્રેટ છેવટનો હુકમ કરે તે પહેલાં, ફરીયાદી પાકા કારણસર પોતાની **ફરીઆદ**, મેજીસ્ટ્રેટની પરવાનગીથી, **પાછી ખેંચી લઈ** શકે છે (૨૪૮). ફરીઆદ નજીવી અથવા તસ્દી આપે એવી છે, અને ગુન્હો નાસાબીત થયાનો મેજીસ્ટ્રેટ ઠરાવ કરે, ત્યારે ફરીઆદી પાસે પચાસ રૂપીઆ સુધી દરેક તોહમત વાળાને, નુકશાની બદલ અપાવવાનો હુકમ મેજીસ્ટ્રેટ કરી શકે છે (૨૫૦). ફરીઆદી ઠરાવેલી મુદતને દીવસે ગેરહાજર રહે તો મેજીસ્ટ્રેટ તોહમતવાળાને છોડી

મુકવાને મુખત્યાર છે (૨૪૭, ૨૫૯). તોહમતવાળાને વકીલ મારફત પોતાનો બચાવ કરવાનો હક છે (૩૪૦). કોઈ ગુન્હાની ચોકશી અથવા ઈનસાફ કરવા સારૂ જે જગાએ કોઈ ફોજદારી કોર્ટ બેઠી હોય તે જગા ખુલ્લી કોર્ટ સમજવી, અને તેમાં વગર અડચણે માઈ શકે તેટલે સુધી સામાન્ય રીતે સઘળા લોકોને તેમાં જવાનો અધિકાર છે (૩૫૨). ફોજદારી કોર્ટોએ ફેંસલો ખુલ્લી કોર્ટમાં આપવો (૩૬૬). તોહમતવાળાને વગર ઢીલે તેની નકલ આપવી (૩૭૧).

શિક્ષા અમલમાં લાવવા બાબત.

સેશન કોર્ટે મોતની શિક્ષાનો હુકમ કર્યો હોય અને તે મંજુર થવા સારૂ હાઈકોર્ટમાં મોકલ્યો હોય ત્યારે, તે ઉપરથી હાઈકોર્ટ જે મંજુરીઅતનો અથવા બીજો હુકમ કરે તે પહોંચેથી સેશન કોર્ટે વારંટ કહાડીને અથવા બીજા ઉપાયો કરીને તે હુકમ અમલમાં આણવો (૩૮૧).

જે સ્ત્રીને મોતની શિક્ષાનો હુકમ કર્યો હોય તે ગર્ભવતી છે એવું દેખાય તો હાઇકોર્ટે તે શિક્ષાનો અમલ બંધ રાખવાનો હુકમ કરવો, અને તે શિક્ષાને બદલે જીવતા સુધી સમુદ્રપારની શિક્ષા કરવાને હાઈકોર્ટ મુખત્યાર છે (૩૮૨).

દંડની શિક્ષાનો હુકમ થયા પછી છ વર્ષ સુધીમાં કોઈપણ વખતે ગુન્હેગારની જંગમ મિલકત જપ્ત કરીને તથા તે વેચીને દંડની રકમ વસુલ થઈ શકે છે (૩૮૬).

સમુદ્રપારની અથવા કેદની શિક્ષાનો હુકમ કર્યો હોય ત્યારે વારંટ સાથે ગુન્હેગારને તુરંગમાં મોકલવો (૩૮૩).

જ્યારે ફક્ત ફટકા મારવાની શિક્ષાનો હુકમ કરવામાં આવે ત્યારે કોર્ટ ફરમાવે તેવી જગાએ તથા વખતે તે શિક્ષા અમલમાં લાવવી.

જે કેસમાં અપીલ ચાલી શકતી હોય તેવા કેસમાં કેદની શિક્ષા ઉપરાંત ફટકાની શિક્ષા કરવામાં આવે તો, શિક્ષાના હુકમની તારીખથી પંદર દિવસ સુધી ફટકાની શિક્ષા અમલમાં લાવી શકાતી નથી. અથવા તે દરમીઆન જો અપીલ થઈ હોય તો અપીલ કોર્ટ શિક્ષાનો હુકમ બહાલ કરે ત્યાં સુધી ફટકાની શિક્ષા અમલમાં લાવવી નહીં. જેલના અમલદારની રૂબરૂ અથવા જડજ કે મેજીસ્ટ્રેટની રૂબરૂ ફટકાની શિક્ષા થવી જોઈએ. કોઇને ત્રણ મહીનાથી ઓછી કેદની શિક્ષા થઈ હોય ત્યારે તેને તે કેદ ઉપરાંત ફટકાની શિક્ષા કરવી નહીં. સોળ તથા તે ઉપરની ઉમરના ગુન્હેગારને ઝીણી નેતર વડે ફટકા મારવા. કોઈ પણ પ્રસંગે એ શિક્ષા ૩૦ ફટકા કરતાં વધારે થઈ શકતી નથી. સોળ વર્ષની અંદરના ગુન્હેગારને માટે પંદર ફટકાથી વધારે શિક્ષા થઈ શકતી નથી. ફટકા મારવાની શિક્ષાનો હુકમ કડકે કડકે અમલમાં લાવી શકાતો નથી. (અ) સ્ત્રીઓને, (બ) જે મરદોની ઉપર

મોતની, સમુદ્રપારની, સાસનિક દાસત્વની અથવા પાંચ વરસ કરતાં વધારે મુદતની કેદની શિક્ષાનો હુકમ કર્યો હોય તે મરદોને; (क) પીસતાળીસ વરસ કરતાં વધારે ઉમરના મરદોને ફટકાની શિક્ષા થઈ શકતી નથી (૩૯૩). ગુન્હેગારની પ્રકૃતી ફટકા ખમવા લાયક નથી એમ હાજર રહેલો વૈદ્યક અમલદાર અગર તે હાજર ન હોય તો મેજીસ્ટ્રેટ અથવા બીજો અમલદાર જે હાજર હોય તે કહે તો, ફટકા મારવા નહીં. ફટકા મારવામાં આવતા હોય તે દરમીઆન ગુન્હેગારની પ્રકૃતી બીજા ફટકા ખમવા લાયક નથી એમ માલમ પડે તો ફટકા મારવાનું મોકુફ રાખવું (૩૯૪). સઘળી સજા અથવા તેમાંનો કોઈ પણ ભાગ માફ કરવાને સરકાર મુખત્યાર છે (૪૦૧).

અપીલ બાબત.

બીજા અને ત્રીજા વર્ગના મેજીસ્ટ્રેટે કરેલા સજાના હુકમ ઉપર અપીલ જીલ્લા મેજીસ્ટ્રેટને કરવી જોઇએ. જીલ્લા મેજીસ્ટ્રેટ અને પહેલા વર્ગના મેજીસ્ટ્રેટે કરેલી સજા ઉપર અપીલ સેશન કોર્ટને કરવી જોઇએ. સેશન કોર્ટ, જીલ્લા મેજીસ્ટ્રેટ, અથવા પહેલા વર્ગનો મેજીસ્ટ્રેટ ફકત એક મહીના સુધીની કેદની અથવા ફકત પચાસ રૂપીઆ સુધી દંડની, અથવા ફકત ફટકા મારવાની સજાનો હુકમ કરે તો તે ઉપર **અપીલ નથી**–દરેક અપીલ લખેલી અરજીના રૂપમાં કરવી અને તે અરજદારે અગર તેના વકીલે ફેસલાની એક નકલ સાથે આપવી. અરજદાર તુરંગમાં કેદ હોય તો તેણે તુરંગના અમલદારને તે અરજી અને ફેસલાની નકલ આપવી કે તે અમલદાર અપીલ કોર્ટને મોકલી આપશે. અપીલ કોર્ટ સજા વધારી શકતી નથી.

ઓરતોના તથા બાળકોના ગુજરાન બાબત.

જો કોઈ સખસની પાસે પુરતું સાધન (દ્રવ્ય શક્તિ) હોય તે છતાં, તે પોતાની ઓરતનું, કે પોતાની મેળે પોતાનું ગુજરાન ચલાવવાને અશકત હોય એવા કોઈ કાયદેસર અથવા ગેરકાયદેસર બાળકનું, ગુજરાન ચલાવવાની ગફલત કરે અથવા ના કહે તો સદરહુ ઓરતની અથવા બાળકના તરફથી કોઈ બીજાની અરજી ઉપરથી કોઈ પણ પહેલા વર્ગનો મેજીસ્ટ્રેટ, તે બાબતનો પુરાવો લઈ પુરાવો થયેથી, સદરહુ ઓરતના ધણીને અગર બાળકના બાપને, એવો હુકમ કરવાને મુખત્યાર છે કે તેણે તે ઓરત અથવા બાળકના ગુજરાન માટે દર મહીને પચાસ રૂપીઆથી વધારે નહિ એવું લવાજમ યોગ્ય જણાય તે આપવું, એ લવાજમ હુકમની તારીખથી આપવાનું છે. સદરહુ લવાજમ વખતે વખતે નહીં આપે તો મેજીસ્ટ્રેટ વારંટ કહાડી દંડની માફક વસુલ કરાવી આપી શકે છે, અને વળી તે સખસને એક મહીના સુધી કેદમાં પણ મોકલી શકે છે. જો કોઈ ઓરત બદ-

ચાલની હોય, અથવા પુરતાં કારણ વીના સાથે રેહેવાની ના કહે, અથવા ધણી ધણીઆણી બેહુ માંહોમાંહે સમજુતી કરીને જુદાં રેહેતાં હોય તો, તે ઓરતને કંઈ લવાજમ મળવાનો હક થશે નહીં (૪૮૮).

જામીન બાબત.

(જામીન લઈ શકાય એવા ગુન્હા કયા અને જામીન નહિ લઈ શકાય એવા ગુન્હા કયા તે માટે પાછળ પત્રક આપ્યું છે તેનું પાંચમું આસન જોવું).

જામીન લઈ શકાય એવો ગુન્હો હોય તો કોર્ટે અથવા ફોજદારે તોહમતવાળો જામીન આપે કે તુરત તેને છોડવો. જો સદરહુ કોર્ટ ઈયા અમલદારને યોગ્ય લાગે તો જામીન લેવાને બદલે તોહમતવાળાનો જાત મુચલકો લખાવી લઇ છોડી મુકવાને મુખત્યાર છે (૪૯૬). જામીન નહિ લઈ શકાય એવો ગુન્હો હોય તો તોહમતવાળાએ ગુન્હો કર્યો છે એમ માનવાને વાજબી સબબ હોય તો, તોહમતવાળાને જામીન ઉપર છોડવો નહિ. એટલે ગુન્હો કર્યો છે એમ માનવાને વાજબી કારણ ન હોય તો એવા ગુન્હાના સંબંધમાં પણ કોર્ટે અથવા ફોજદાર જામીન લઈ શકે છે (૪૯૭). જામીન ખતની રકમ અતીશય ભારે હોવી નહિ જોઇએ (૪૯૮). જામીન થનાર જામીનખત રદ કરવાની અરજી કોઇ પણ વખતે કોઈ મેજીસ્ટ્રેટને કરવાને મુખત્યાર છે (૫૦૨). મુચલકાને બદલે નાણાની રકમ અનામત મુકવાની પરવાનગી કોર્ટ ઈયા અમલદાર આપી શકે છે (૫૧૩). ખતની શરત તોડેથી, તેમાં લખેલી દંડની રકમ કોર્ટ વસુલ કરી શકે છે. જો દંડ વસુલ નહીં થઈ શકે તો જામીન થનારને છ મહીના સુધી દીવાની તુરંગમાં મોકલી શકાય છે (૫૧૪).

મંજુરીઅત (સેંકશન) બાબત.

૧૯૫—(૧) નીચે લખેલા ગુન્હાની ફરીયાદ મંજુરીયત વગર કોઈપણ કોર્ટ સાંભળી શકે નહીઃ—

(અ) હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૭૨થી ૧૮૮ સુધીની કલમો (એ બંને કલમો સુદ્ધાં) પ્રમાણે શિક્ષા કરવા લાયક કોઈ પણ ગુન્હો, જે સરકારી નોકરનું લાગતું વળગતું હોય તેની અથવા તે જે સરકારી નોકરના તાબામાં હોય તેની પ્રથમ મંજુરીઅત લીધા વગર અથવા તેની ફરીઆદ વગર, કોઈ પણ કોર્ટે સાંભળવો નહી.

(બ) સદરહુ કાયદાની ૧૯૩, ૧૯૪, ૧૯૫, ૧૯૬, ૧૯૯, ૨૦૦, ૨૦૫, ૨૦૬, ૨૦૭, ૨૦૮, ૨૦૯, ૨૧૦, ૨૧૧, અથવા ૨૨૮ કલમ પ્રમાણે શિક્ષા કરવા લાયક કોઈ પણ ગુન્હો, જ્યારે તે હરકોઇ કોર્ટમાં ચાલેલા હરકોઈ કામમાં અથવા કામનાં સંબંધમાં કર્યો હોય ત્યારે, તે કોર્ટની, અથવા બીજી જે કોર્ટના

તાબામાં તે કોર્ટ હોય તેની, પ્રથમ મંજુરીયત લીધા વગર અથવા તેની ફરિયાદ વગર કોઈ પણ કોર્ટે સાંભળવો નહીં.

(क) સદરહુ કાયદાની ૪૬૩ કલમમાં વર્ણવેલો અથવા ૪૭૧, ૪૭૫, અથવા ૪૭૬મી કલમ પ્રમાણે શિક્ષા કરવા લાયક કોઈ પણ ગુન્હો જ્યારે તે હરકોઈ કોર્ટમાં હરકોઈ કામના કોઈ પક્ષકારે તે કામમાં પુરાવામાં આપેલા કોઈ દસ્તાવેજના સંબંધમાં કર્યો હોય, ત્યારે તે કોર્ટની, અથવા બીજી જે કોર્ટના તાબામાં તે કોર્ટ હોય તે કોર્ટની પ્રથમ મંજુરીઅત લીધા વગર અથવા તેની ફરિયાદ વગર કોઈ પણ કોર્ટે સાંભળવો નહીં.

(૨) (ख) અને (क)માં લખેલા "કોર્ટ" શબ્દમાં, દીવાની, રેવીન્યુ કે ક્રીમીનલ કોર્ટનો સમાસ થાય છે, પરંતુ રજીસ્ટ્રાર કે સબ રજીસ્ટ્રારનો સમાસ થતો નથી.

(૩) પેટા કલમ (૧)માં જે ગુન્હાઓ બતાવેલા છે, તે ગુન્હાની મદદગારી તથા કોશીસોને પણ તે પેટા કલમમાં બતાવેલા ઠરાવ લાગુ પડે છે.

(૪) આ કલમમાં સુચવેલી મંજુરીઅત મોઘમ રીતે આપવાનો અખત્યાર છે, અને તેમાં તોહોમતવાળા સખસનું નામ લખવાની જરૂર નથી; પણ, બની શકે તેટલે સુધી, જે કોર્ટમાં અથવા બીજી જગામાં અને જે પ્રસંગે તે ગુન્હો કર્યો હોય તે કોર્ટ અથવા જગા, અને તે પ્રસંગ, એ વિશેષે કરીને તેમાં જણાવવાં.

(૫) જ્યારે આ કલમમાં સુચવેલા હરકોઈ ગુન્હાના સંબંધમાં મંજુરીયત આપી હોય ત્યારે તે મુકદમો સાંભળનારી કોર્ટને સદરહુ પ્રમાણે સુચવેલો બીજો જે ગુન્હો હકીકત ઉપરથી જણાઈ આવે તે ગુન્હાનું તોહોમતનામું તૈયાર કરવાનો અધિકાર છે.

(૬) જે મંજુરીયત આ કલમ પ્રમાણે આપી હોય અથવા આપવાની ના કહી હોય, તે મંજુરીયત રદ કરવાનો અથવા આપવાનો અખત્યાર જે અધિકારીના તાબામાં તે મંજુરીયત આપનારો અથવા આપવાની ના કહેનારો અધિકારી હોય તે અધિકારીને છે; અને જે તારીખે સદરહુ પ્રકારની કોઈપણ મંજુરીયત આપી હશે તે તારીખથી છ મહીના કરતાં વત્તી મુદત સુધી તે મંજુરીયત અમલમાં રહેશે નહીં. પરંતુ હાઈકોર્ટ કંઈક મજબુત કારણસર મુદત વધારી શકે.

(૭) આ કલમના કારણ સારૂ દરેક કોર્ટ, ફકત જે કોર્ટમાં તેની ઉપર અપીલ ઘણું કરીને ચાલી શકતી હોય તે કોર્ટના તાબામાં છે એમ સમજવું એટલે કે:—

अ. જ્યારે અપીલ એક કરતાં વધારે કોર્ટમાં ચાલી શકતી હોય ત્યારે હલકી હકુમતની અપીલ કોર્ટના તાબામાં તે કોર્ટ છે એમ સમજવું.

બ. જ્યારે આવી અપીલ સીવીલ તથા રેવન્યુ કોર્ટમાં ચાલી શકતી હોય ત્યારે જે કેસના સંબંધમાં તે ગુન્હો બન્યો હોય તે કેસના સ્વરૂપ પ્રમાણે સીવીલ અથવા રેવન્યુ કોર્ટના તાબામાં તે કોર્ટ છે એમ સમજવું.

ક. જ્યારે અપીલ નહીં ચાલી શકતી હોય ત્યારે તે કોર્ટ, જે જીલ્લાની મુખ્ય દીવાની અદાલતની હકુમતમાં હોય તે, મુખ્ય દીવાની અદાલતના તાબામાં છે એમ સમજવું.

ટીકા:—મંજુરીઅત આપતાં અવલ જે મુકરદમાના કામમાં મંજુરીઅત આપવાની હોય તે મુકદમાનું કામ પુરૂં થવું જોઇએ. શુદ્ધબુદ્ધીથી મંજુરીઅત લેવાની અરજી કરી છે કે સામા પક્ષકારને હેરાન કરવાને, પૈસા કઢાવવાને, કે તેને કાયદેસર ઇલાજ લેતા અટકાવવાના હેતુથીજ કરી છે, એ વાત મંજુરીઅત આપનાર અધિકારીએ ધ્યાનમાં લેવી જોઇએ. શુદ્ધ બુદ્ધિથી અરજ કરવામાં આવી હોય અને સારાં કારણો હોય તોજ મંજુરીઅત આપવી. અરજી વગર મંજુરી આપી શકાતી નથી. આ કલમ કોરટની મંજુરીઅતથી માંડેલી ખાનગી ફરીઆદીઓનેજ લાગુ પડે છે. મંજુરીઅતનો કાગળ ફરીઆદ અરજીની સાથે ફાઇલ કર્યા શીવાય કોઇ પણ મેજીસ્ટ્રેટ ફરીઆદ સાંભળી શકે નહીં. ખાનગી માણસને મંજુરીઅત નહીં આપતાં કોરટ પોતે પણ કલમ ૪૭૬, ૪૭૮ મુજબ અમલ કરી શકે છે અને તેવી ફરીઆદ સરકાર તરફની ફરીઆદ ગણાય છે.

૧૯૬. પીનલ કોડ બાબ ૬ (કલમ ૧૨૭ શિવાય) પ્રમાણે શીક્ષા થઈ શકે એવા રાજ્ય વિરૂદ્ધ ગુન્હા બાબત સરકારના હુકમ શીવાય ફરીઆદ કોઈ પણ કોરટે સાંભળવી નહીં.

૧૯૭. સરકારની મંજુરીઅત વગર હોદ્દા ઉપરથી ખસેડી ન શકાય એવા જડજની ઉપર અથવા સરકારી નોકર ઉપર તે જડજ છે અથવા નોકર છે તે સબબથી કોઈ ગુન્હાનું તોહમત મુકવામાં આવે ત્યારે સરકારની અગાઉથી મંજુરીઅત લીધા વગર અથવા જે કોર્ટના અથવા બીજા અધિકારીના તાબામાં તે જડજ અથવા નોકર હોય તે કોર્ટની અથવા અધિકારીની અગાઉથી મંજુરીઅત લીધા વગર કોઈ પણ કોર્ટે તે ગુન્હો સાંભળવો નહીં.

૧૯૮. પીનલ કોડના ૧૯ માં તથા ૨૧ માં બાબમાં અથવા તેજ કાયદાની ૪૯૩ થી ૪૯૬ સુધીની કલમોમાં આવતા ગુન્હાથી જે સખસને નુકશાન પહોંચ્યું હોય તે સખસની ફરીઆદ વગર કોઈ પણ કોર્ટે તે ગુન્હો સાંભળવો નહીં.

૧૯૯. પીનલ કોડની કલમ ૪૯૭ અથવા ૪૯૮ મુજબના કોઈ ગુન્હા બાબત તે સ્ત્રીના ધણીએ, અથવા તેની ગેરહાજરીમાં, તેની તરફથી જે સખસના હવાલામાં તે સ્ત્રી, તે ગુન્હો કરવામાં આવ્યો તે વખતે હોય, તે સખસની ફરીઆદ વગર કોઈ પણ કોર્ટે તે ગુન્હો સાંભળવો નહીં.

કોર્ટના તિરસ્કાર બાબત.

૪૭૬. કલમ ૧૯૫ માં કહેલા તથા પોતાની આગળ કરેલા કોઈ ગુન્હાની ચોકસી કરવાનું કારણ છે, એમ જ્યારે કોઈ દીવાની-ફોજદારી અથવા મુલકી

કોર્ટને લાગે ત્યારે તે કોર્ટે, પ્રથમ ચોકસીની જરૂર હોય તે કર્યા પછી નજીકના પહેલા વર્ગના મેજીસ્ટ્રેટ પાસે ઇનસાફ સારૂ તોહમતદારને મોકલવો.

૪૭૭. એવા ગુન્હા જ્યારે સેશન કોર્ટની રૂબરૂ કરવામાં આવે ત્યારે તે કોર્ટ એવા સખસની ઉપર તોહોમત મુકવાને, તેને કેદમાં મોકલવાને, તેના જામીન લેવાને અને તેનો ઇન્સાફ કરવાને મુખત્યાર છે.

૪૭૮. એવા ગુન્હા કોઈ દીવાની અથવા મુલકી કોર્ટની આગળ કરવામાં આવે અને તે કોર્ટ એમ ધારે કે તે મુકદમાનો ઇનસાફ હાઇકોર્ટે અથવા સેશન કોર્ટે કરવો ત્યારે તે કોર્ટને ચોકસી પુરી કરી તોહોમતવાળા સખસને કમીટ કરવા અધિકાર છે.

૪૮૦. પીનલ કોડની કલમ ૧૭૫–૧૭૮–૧૭૯–૧૮૦ તથા ૨૨૮ મુજબનો ગુન્હો કોઈ દીવાની ફોજદારી અથવા મુલકી કોર્ટના દેખતાં અથવા તેની સમક્ષ કરવામાં આવે ત્યારે તે કોર્ટ ગુન્હેગારને પહેરામાં અટકાવી રાખે અને તેજ દીવસે કોર્ટ ઉઠે તેની પહેલાં તે ગુન્હો સાંભળી યોગ્ય લાગે તો ગુન્હેગારને રૂ. ૨૦૦ સુધી દંડ કરવાને મુખત્યાર છે.

૪૮૨. એવી કોર્ટને એમ લાગે કે તોહમતદારને ભારે શિક્ષા થવી જોઇએ તો જે હકીકતથી તે ગુન્હો બનેલો હોય તે હકીકત તથા તોહમતવાળાનો મજકુર કોઈ અધિકારવાળા મેજીસ્ટ્રેટની પાસે તે મુકરદમો મોકલવાને મુખત્યાર છે.

૪૮૩. રજીસ્ટ્રાર તથા સબ રજીસ્ટ્રારની કોર્ટ દીવાની કોર્ટ છે એમ સમજવું.

૪૮૫. કોઈ સાહેદને સવાલો પુછવામાં આવે તેનો જવાબ દેવાની ના કહે અથવા કંઈ દસ્તાવેજ રજુ કરવાની ના કહે તો તેને કોઈ પણ ફોજદારી કોર્ટ ઘણામાં ઘણા ૭ દીવસ સુધીની આસાન કેદની શિક્ષાનો હુકમ કરવાને મુખત્યાર છે.

૪૮૬. કલમ ૪૮૦ તથા ૪૮૫ પ્રમાણે કરેલી શિક્ષાના હુકમ ઉપર અપીલ ચાલી શકે છે.

૪૮૭. કલમ ૪૭૭, ૪૮૦, ૪૮૫માં ઠરાવ્યું છે તે શીવાય, બીજી રીતે, હાઈકોરટના જડજ તથા પ્રેસીડન્સી મેજીસ્ટ્રેટ શીવાય, બીજા કોઇ ફોજદારી કોરટના જડજે અથવા મેજીસ્ટ્રેટે કલમ ૧૯૫માં કહેલો કોઈ પણ ગુન્હો તેની આગળ અથવા તેનો તિરસ્કાર થાય એવી રીતે કરવામાં આવે ત્યારે તે ગુન્હા બાબત કોઈ પણ સખસનો તે જડજે અથવા મેજીસ્ટ્રેટે ઇનસાફ કરવો નહિ.

પરચુરણ બાબત.

નિરપરાધી ખરીદદારને તોહમતવાળાના શરીર ઉપરથી જડેલા પૈસામાંથી ખરીદદારની અરજી ઉપરથી તેણે આપેલી કીમત કરતાં વધારે નહી એવી રકમ કોર્ટ અપાવી શકે છે (૫૧૯). જે ગુન્હામાં સાપ્રાધ બળ વાપર્યું હોય તે ગુન્હો કોઈ

સખસના ઉપર ઠરાવવામાં આવે, અને સદરહુ બળથી કોઈ સ્થાવર મીલકતનો કબજો કોઈ સખસની પાસેથી છીનવી લેવામાં આવ્યો છે એમ તે કોર્ટને જણાય, ત્યારે તે કોર્ટ જો યોગ્ય ધારે તો તે મિલકતનો કબજો તે સખસને પાછો આપવાનો હુકમ કરવાને મુખત્યાર છે (૫૨૨). સોગનનામા તથા પ્રતિજ્ઞાઓ હાઇ કોર્ટ ત્થા હાઈ કોર્ટના તાબાના અધિકાર આપેલા અમલદાર આગળ અથવા કોઈપણ જડજની આગળ કરવાનો અધિકાર છે (૫૩૯).

૫૪૦. ઈનસાફનું કામ ચાલતું હોય ત્યારે ગમે તે વખતે કોઈ પણ કોર્ટ કોઈ પણ સખસને સાહેદ દાખલ સમન કરવાને અથવા હાજર હોય એવા સખસની જુબાની લેવાને મુખત્યાર છે.

૫૪૫. જ્યારે કોઈ ફોજદારી કોર્ટ દંડ કરે ત્યારે ફેંસલો કરતી વખતે તે કોર્ટ, વસુલ કરેલો સઘળો દંડ અથવા થોડો ભાગ હેઠળ લખ્યા પ્રમાણે ઉપયોગમાં લેવાને હુકમ કરવા મુખત્યાર છે. એટલે (अ) ફરીઆદીના કામમાં વાજબી રીતે થયલો ખરચ પુરો પાડવા સારૂ (ब) કરેલા ગુન્હાથી થયેલા નુકસાનનો બદલો અપાવવા સારૂ.

૫૪૬. પછી તેજ બાબત સંબંધી દીવાની દાવો કરવામાં આવે તેમાં નુકસાનીનો અવેજ આપવાનો હુકમ કરતી વખતે ઉપર મુજબ આપેલી રકમ હીસાબમાં લેવી.

૫૪૮. ફોજદારી કોરટે કરેલા કોઈ ફેંસલા અથવા હુકમમાં જે સખસનો કંઈ સંબંધ હોય તે સખસ કોઈપણ હુકમની, જબાનીની, અથવા કાગળપત્રની નકલ લેવાની ખાયશ રાખતો હોય તો તે અરજ કરેથી તેને નકલ આપવી.

૫૫૨. ગેર કાયદેસર કારણ સારૂ કોઈ સ્ત્રીનું અથવા ૧૪ વરસની અંદરની ઉમરની કોઇ છોકરીનું હરણ થયા વિષે, અથવા તેને ગેર કાયદેસર રીતે અટકાવી રાખ્યા વિષે કોઈ પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટને અથવા જીલ્લા મેજીસ્ટ્રેટને સોગંદ ઉપર ફરીઆદ કરવામાં આવે તે ઉપરથી સદરહુ સ્ત્રીને તરત છુટી કરવાનો અથવા સદરહુ છોકરી તેના ધણીને, મા બાપને, અથવા વાલીને તુરત પાછી આપવાનો હુકમ કરવાને અને તે હુકમ પ્રમાણે ચાલવાની જરૂર પાડવાને, અને જરૂર પડે તો બળ વાપરવાને, તે મેજીસ્ટ્રેટ મુખત્યાર છે.

૫૫૩. ઈલાકાના મુખ્ય શહેરોમાં કોઈપણ સખસ બીજા સખસને વગર સબબે પોલીસ અમલદાર પાસે પકડાવે, ત્યારે જે મેજીસ્ટ્રેટ તે મુકદમો સાંભળે, તેને જો એમ લાગે કે એ પ્રમાણે પકડવાને કંઈ પુરતો સબબ નહોતો, તો દરેક એવા પકડેલા સખસને રૂ. ૫૦) તેના વખતના નુકસાન બદલ પકડાવનાર સખસ

પાસેથી તે મેજીસ્ટ્રેટ અપાવી શકે. આ નુકસાનીની રકમ દંડની માફક વસુલ કરવાની છે પણ જો તે પ્રમાણે વસુલ ના થાય તો, જે સખસે તે આપવાની હોય તે સખસને ૩૦ દીવસ સુધીની આસાન કેદની શીક્ષાનો હુકમ કરવો. પણ તે મુદત પહેલાં તે રકમ ભરે તો છોડી મુકવો.

૫૫૫. જે મુકદમામાં પોતાનો હિત સંબંધ હોય તે મુકદમાનો ઈનસાફ કોઈપણ જડજે અથવા મેજીસ્ટ્રેટે કરવો નહીં.

તોહમતદારના હક.

૧ ફરીઆદી તરફથી જે સાહેદની પોલીસ અમલદારે જુબાની લખી લીધી હોય, તે જુબાનીની, નકલ મલવાનો હક છે (૧૬૨)

૨ જ્યારે કોઈ મેજીસ્ટ્રેટ, પોલીસ અમલદાર શિવાય બીજા કોઈ પણ સખસ પાસેથી ખબર મળ્યા ઉપરથી, અથવા સદરહુ ગુન્હો થયો છે એવું પોતેજ જાણ્યા ઉપરથી, અથવા એવો પોતાનેજ શક આવવા ઉપરથી, કોઈ ગુન્હાની ફરીઆદ સાંભળે ત્યારે, તે ફરીઆદ બીજી કોર્ટમા ટ્રાન્સફર કરાવવાનો અથવા તે કેસ સેશન કોર્ટમાં કમીટ કરાવવાનો હક છે. (૧૯૧)

૩ ફરીઆદી તરફના સાહેદોની ઉલટ તપાસ કરવાનો. (૨૦૮)

૪ સેશનકોર્ટ અથવા હાઇકોર્ટ ઈનસાફ કરી શકે એવા મુકદમાની ચોકશી વખતે, તોહમતનામાની નકલ મળવાનો. (૨૧૦)

૫ તોહમત બદલવામાં આવે ત્યારે ફરી સાહેદ બોલાવવાનો (૨૩૧)

૬ વારંટ કેસની ચોકશી દરમીઆન, પોતાના બચાવમાં લેખી કેફીઅત આપવાનો (૨૫૬).

૭ કોઈપણ ફોજદારી કોરટમાં, વકીલ મારફત બચાવ કરવાનો (૩૪૦)

૮ ચોકશી કરનાર મેજીસ્ટ્રેટની, કામ ચાલતા દરમીઆન, બદલી થઈ જાય અને નવો મેજીસ્ટ્રેટ કામ ચલાવે તો, સાહેદોને ફરી બોલાવવાનો (૩૫૦)

૯ સઘળો પુરાવો પોતાની સમક્ષ લેવડાવવાનો હક (૩૫૩)

૧૦ પોતાની જુબાની વાંચી સંભળાવ્યા ઉપરથી તેમાં કોઈ વાત વધારવાનો અથવા કોઈ વાતનો ખુલાસો કરવાનો હક (૩૬૪).

૧૧ આખો ફેંસલો વાંચી બતાવો એમ અરજ કરવાનો (૩૬૬)

૧૨ ફેંસલાની નકલ વગર ઢીલે, અને, સમન્સ કેસ સીવાયના કામમાં વગર ખરચે મલવાનો હક (૩૭૧)

૧૩ તોહમતદાર ખરા ઈયા ખોટા જવાબ આપવાને બંધાયલો નથી; તે ચુપકી પકડી શકે અને સવાલના જવાબ આપવાની પણ ના કહી શકે છે, ઉપલી કોર્ટમાં જવાબ આપીશ એમ કહેવાને પણ તે મુખત્યાર છે. (૩૪૨)

ગુન્હા માંડી વાળવા બાબત.

(ક્રી. પ્રો. કો. કલમ ૩૪૫.)

આ નીચેના કોષ્ટકમાં બતાવેલા ગુન્હાઓ એજ કોષ્ટકના ત્રીજા આસનમાં કહેલા સખસોને માંડી વાળવાનો અધિકાર છે.

કલમ.	ગુન્હો.	જે સખસને ગુન્હો માંડી વાળવાનો અધીકાર છે તે સખસ.
૨૯૮	ધર્મ સંબંધી કોઇ સખસનું દીલ દુખવવાના ઇરાદાથી કાંઇ શબ્દો બોલવા...........	જે સખસનું દિલ દુખવવાનો ઇરાદો હોય તે સખસ.
૩૨૩--૩૩૪	વ્યથા કરવી..............................	જે સખસને વ્યથા કરી હોય તે સખસ.
૩૪૧-૩૪૨	ગેરવાજબી અટકાવ અથવા કેદ......	જેસખસને અટકાવ અથવા કેદ કર્યો હોય તે.
૩૫૨-૩૫૫ ૩૫૮	હુમલો અથવા સાપ્રાધ બળ વાપરવું...	જે સખસની ઉપર હુમલો કર્યો હોય અથવા સાપ્રાધ બળ વાપર્યું હોય તે સખસ.
૩૭૪	જબરાઇથી મજુરી કરાવવી...........	જે સખસ પાસે મજુરી કરાવી હોય તે સખસ.
૪૨૬-૪૨૭	બીગાડ	જે સખસને હાની અથવા નુકસાન કરવામાં આવે તે સખસ.
૪૪૭-૪૪૮	સાપ્રાધ પ્રવેશ, ગ્રહપ્રવેશ..........	જે મીલકતમાં પ્રવેશ કર્યો હોય તે મિલકત જે સખસના કબજામાં હોય તે સખસ.
૪૯૦-૪૯૧ ૪૯૨	નોકરી કરવાનો કરાર તોડવો.......	જે સખસની સાથે ગુન્હેગારે કરાર કર્યો હોય તે સખસ.
૪૯૭ ૪૯૮	છીનાળું... ... ... પરણેલી સ્ત્રીને ફોસલાવી જવી	સ્ત્રીનો ધણી.
૫૦૦-૫૦૧ ૫૦૨	આબરૂ લેવા બાબત.................	જે સખસની આબરૂ લીધી હોય તે સખસ.
૫૦૪	તિરસ્કાર કરવો........................	જે સખસને તિરસ્કાર કર્યો હોય તે સખસ.
૫૦૬	સાપ્રાધ ધમકી જ્યારે તે ગુન્હો સાત વર્ષની કેદની શીક્ષા કરવા લાયક ન હોય ત્યારે.	જે સખસને ધમકી આપી હોય તે સખસ.
૩૨૪-૩૨૫ ૩૩૫ ૩૩૭-૩૩૮	બુદ્ધિપૂર્વક વ્યથા, મહાવ્યથા	જે સખસને વ્યથા કરી હોય તે સખસ, કોરટની રજા લઇને માંડી વાળી શકે.

ઉપર બતાવેલા ગુન્હામાં, મદદગારી કરવાનો ગુન્હો અથવા તે કોશીશ કરવાનો ગુન્હો એવીજ રીતે માંડી વાળી શકાય છે.

જો કોઈ સખસ, બાળક અથવા ગાંડો, અથવા દીવાનો હોય અને જો તેવો તે ન હોત, તો તે આ કલમ મુજબ કાંઈ ગુન્હો માંડીવાળવાને લાયક થાત, તો તે સખસની તરફથી કરાર કરવાનો જે સખસને અધિકાર હોય તે સખસ સદરહુ ગુન્હો માંડીવાળવાને મુખત્યાર છે. ગુન્હો માંડી વાળ્યો એટલે તોહમતદાર નિર્દોષ ઠર્યો એમ સમજવું.

કેસ કમીટ કર્યા પછી, અથવા કેસ સાબીત થઈ સજા થયા પછી અપીલ દરમીયાન, જે કોર્ટમાં કેસ કમીટ થયો હોય તે કોર્ટની, અથવા જે કોર્ટ અપીલ સાંભળવાની હોય તે કોર્ટની પરવાનગી શીવાય ઉપરના ગુન્હાઓની માંડવાળ થઈ શકે નહીં.

જે ગુન્હાની માંડવાળ કરવામાં કોર્ટની પરવાનગીની જરૂર નથી તેવા ગુન્હા માંડીવાળવાની અરજી ઉપર કોર્ટ ફી સ્ટેમ્પની જરૂર નથી.

ફરીઆદ અરજીના નમુના.

મેહેરબાન પેહેલા વર્ગના મેજીસ્ટ્રેટ સાહેબઃ—

તાલુકે

ફરીઆદી.	अ. ब. રહેવાશી મોજે.	તા.	જીલ્લે.
તોહમતદાર	क. ड. રહેવાશી મોજે.	તા.	જીલ્લે.

હું अ ब અરજ કરૂં છું કે તોહમતદાર તલાટી છે તેને ડીવીઝનના આસી. કલેકટરના શીરસ્તેદાર સાથે ઘરવટ છે. તે ઘરવટનો લાભ લઈ તોહમતદારે મને કહ્યું કે તમો જો રૂ. ૨૫) મને આપો તો હું તમારે માટે શીરસ્તેદારને કહી તમારાં ઉપરનો ઈનકમટેક્ષ કહડાવી નંખાવીશ. એ ઉપરથી મેં તેને રૂ. ૨૫ સુરત વાડીફલીઆમાં તા. મા. સને ૧૯૦૩ ને રોજ આપ્યા અને તેણે લીધા, માટે તોહમતદાર ઉપર મારી ફરીઆદ છે.

નીચે લખેલા સાહેદોને સમન કરી બોલાવી કાયદા પ્રમાણે કામ ચલાવી તોહમતદારને સજા કરો.

સાહેદના નામ વીગેરે

ઈ. એફ. આસી. કલેકટરના શીરસ્તેદાર

જી. એચ. રેહેવાશી વાડીફળીઆનો ચાલુ સાલનો ચોપડો લઈને.

આઈ. જે. રેહેવાશી સુરત નાણાવટ.

તા. માહે સન સહી ——————

મેહેરબાન ત્રીજા વર્ગના મેજીસ્ટ્રેટ સાહેબઃ-

તાલુકે

ફરીઆદી	અ. બ. રેહેવાશી મોજે	તા.	જીલ્લે.
તોહમતદાર	ક. ડ. રેહેવાશી મોજે	તા.	જીલ્લે.

હું અ. બ. અરજ કરૂં છું કે તા૦ માહે સન ને રોજ હું સ લને ઘેર ગયો હતો, ત્યાં આગળ ગામના પાંચ આબરૂદાર ગ્રહસ્થો હાજર હતા, તે વખતે ગામની સુધરાઈ બદલ કેટલીક બાઈ માણસો પાસેથી નાણા વસુલ કરવાની બાબતમાં વાદવિવાદ થતાં, તોહમતદારે વિના કારણે અને મારૂં કંઈ પણ બોલવું ન છતાં મને દીકરી સમાન ગાળ દીધી અને બેઠેલો હતો તે ઉભો થઈ લાકડી મારા ઉપર ઊગામી. બીજાઓ વચ્ચે પડવાથી હું માર ખાતો બચ્યો, તોહમતવાળા ઉપર હુમલાની ફરીઆદ છે.

નીચે લખેલા સાહેદોને સમન કરી બોલાવી કાયદા પ્રમાણે કામ ચલાવી તોહમતવાળાને સજા કરો.

સાહેદના નામ તથા રહેવાનું ઠેકાણું.

સ. લ. રહેવાશી મોજે મજકુર

મ. ઠ. રહેવાશી મોજે મજકુર

જ. મ. ઉપર મુજબ

તા૦ માહે સન સહી

મેહેરબાન બીજા વર્ગના મેજીસ્ટ્રેટ સાહેબઃ-

તાલુકે.

ફરીઆદી મ. ક રેહેવાશી સુરત શહેરનો
તોહમતવાળો ર. ક રેહેવાશી મોજે

હું મ ક અરજ કરૂં છું કે તોહમતવાળા મજકુરે પોતાની સ્થાવર મિલકત પ્રથમ સુરત શાહાપોરના રેહેનાર મ. મ. ને વેચાણ આપેલી છતાં, તે બાબતની મને ખબર ન કરતાં, તા૦ માહે સને ને રોજ કતારગામમા મારી પાસે રૂ. ૫૦૧) લઈ તેજ સ્થાવર મિલકત મને વેચાણ (ઈયા ગીરો) આપી માટે તોહોમતવાળા ઉપર મારી ઠગાઈની ફરીઆદ છે.

નીચે લખેલા સાહેદોને સમન કરી બોલાવી કાયદા પ્રમાણે કામ ચલાવી, તોહમતવાળાને સજા કરો.

સાહેદના નામ તથા રેહેવાનું ઠેકાણું.

૧ मं. म. સુરત શાહપોરના र. क. એ કરી આપેલું વેચાણ ખત લઈને.

૨ ल. रा. રેહેવાશી મોજે

૩ म. ख. ઉપર મૂજબ.

૪ સુરત સબરજીસ્ટ્રારના કારકુનને સન ૧૯૦૧ તથા સન ૧૯૦૩ ના રજીષ્ટર લઈને.

તા૦ માહે સન સહી

મેહેરબાન પેહેલા વર્ગના મેજીસ્ટ્રેટ સાહેબઃ—

સુરત સીટી.

હું બાઈ अ તે ब, क ની ધણીઆણી રેહેવાશી સુરત સગરામપરાની અરજ કરૂં છું કે મને મારા બાપે, ब क વેરે આઠ વર્ષ ઉપર પરણાવી હતી. તે અરસામાં ब क અંગ્રેજી નિશાળે ભણતો હતો; અને ગરીબ અવસ્થાને લીધે, તેને કોઈ કન્યા આપતું ન હતું, છતાં મારા બાપે મને એની સાથે શાસ્ત્ર મુજબ પરણાવી. આજ બે વર્ષ થયાં ब क પાસ થઈ દર મહીને રૂ. ૩૦) ના પગારથી નોકરીએ લાગ્યો છે. અને હાલમાં તે (ફલાણે ઠેકાણે નોકરી કરે છે તે લખવું) આજ છ માસ થયાં તે બીજી કન્યા વેરે પરણ્યો છે. મને બોલાવતો નથી. અને અન્નવસ્ત્ર પણ આપતો નથી. માટે અરજ કરૂં છું કે કાયદા પ્રમાણે તજવીજ કરી મારા ગુજરાન સારૂ દર મહીને રૂ. ૧૦) અગર જે રકમ સાહેબને વાજબી લાગે તે મારો ધણી ब क આપે એવો હુકમ કરો.

મારા સાહેદ નીચે પ્રમાણે,

ન. મ. જોશી રેહેવાશી મોજે

ભ. ર. ભટ રહેવાશી મોજે

ड. क. સુરત સગરામપરા

તા. માહે સન સહી

ફોજદારી વિષયને લગતા પરચુરણ કાયદાઓ.

ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટની વિશેષ સત્તા બાબત.

(સને ૧૮૨૭નો રેગ્યુલેશન ૧૨મો–મુંબઈ)

જીલ્લામાં છુટક માલ વેચવાના કામમાં વપરાતા તોલ તથા માપના વજનો (કાટલાં)ના નમુના ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટે રાખવાં જોઇએ. આ વજનો તથા માપ તપાસી જોવાની હરકોઈ માણસને છુટ છે. (૨૦)

ગુન્હા થતા અટકાવવાને તથા સુલેહ જાળવવાને માટે નીચે મુજબ પુર્વોપાય તજવીજ રાખવાને ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટને સત્તા છે.

૧. હાજર રહેવાને, જામીન કે મુચલકા કોઈ સખસ આપી નહિ શકે એવે પ્રસંગે—એવા સખસને કોઈ ભરોસાદાર સખસની નીઘેબાની નીચે રાખવાની.

૨. શકદાર સખસોની બાબતમાં, તે અમુક વખતે પોતાનું ઘર કે ગામ છોડી જાય નહિં, ઘોડો કે હથિઆર રાખે નહિં, એવો દસ્તાવેજ લખાવી લઈ તેની કબુલત લઇ તેના ઊપર દાબ રાખવાની અને તેને જાહેર કરવાની આ દસ્તાવેજની સરતો પ્રમાણે તે સખસ ન ચાલે તો તેને ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ ૭ માસ સુધીની કેદની શિક્ષા કરવાને મુખત્યાર છે.

ટીકા:—એક ગામના પટેલે શકદાર સખસોને હાજરી આપવા દરરોજ સાંજના હાજર થવા ફરમાવેલું છતાં તે મુજબ એક શકદાર સખસ હાજર ન થવાથી તેના ઊપર પીનલ કોડ કલમ ૧૭૪ મુજબ કામ ચલાવી શિક્ષા કરાવી. હાઇકોરટે સાબીતી તથા શિક્ષા રદ કરી, કારણ કે આ કલમ મુજબ શકદાર માણસો પટેલની આગળ હાજરી આપવા બંધાયલા નથી.

જે કોઈ ગામની હદમાં અપહરણ (પીનલ કોડ કલમ ૩૯૨)નો ગુન્હો બન્યો હોય અથવા જે કોઈ ગામની હદમાં એવા ગુન્હા કરનારના પગલાં ગયાં હોય, તે ગામના લોકો અથવા પોલીસ એ ગુન્હેગારોને પકડી કહાડવામાં મહેનત ન કરે અથવા ગફલત કરે તો, તે વાતની ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટે તપાસ કરવી, અને તે વાત ખરી સાબીત થાય તો ગામ લોકોને ચોરાયેલી મીલકત જેટલો દંડ કરવાને ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટને અધિકાર છે, અને ધણીને તે સઘળો દંડ અથવા તેનો યોગ્ય ભાગ આપવાની સત્તા છે. દંડ કલેકટરની મારફત જમીન મેહેસુલની માફક વસુલ કરવામાં આવશે. (૩૭)

રાજદ્વારી કેદીને દેશપાર કરવા બાબત.

(સને ૧૮૨૭નો રેગ્યુલેશન ૨૫મો–મુંબઈ)

પરરાજ્ય સાથે કરેલી એક સંપી બરાબર પાળવા માટે, દેશી ખંડીઆ રાજાઓના મુલકમાં સુલેહ શાન્તિ જાળવવા સારૂ, બ્રીટીશ સરકારના મુલકને દુશ્મનોથી બચાવવા સારૂ, તથા રાજ્યની અંદર થતા ફીતુર ફીસાદ કે બંડ અટકાવવાના કારણસર, મુંબઈ સરકારને એમ લાગે કે કોઇ સખસને જાપ્તામાં રાખવો જોઈએ તો તે સખસને પકડાવી મંગાવી, કોઈ અમલદારના નામનું વારંટ કરી તે સખસને રાજ કેદી તરીકે સ્વાધીન કરવાને મુખત્યાર છે એટલે એવા સખસને દેશપાર કરવાનો મુંબઈ સરકારને અધિકાર છે.

વળી ઊપર બતાવેલા કોઈ પણ કારણસર કોઇ પણ જમીનદાર, જાગીરદાર, તાલુકદાર, કે કોઈપણ સખસની મીલકત જપ્તીમાં લઈ વહિવટ કરવાને સરકાર મુખત્યાર છે.

કારીગર અને મજુર બાબત.

(સને ૧૮૫૯નો આકટ ૧૩મો—ઈન્ડીઆ)

કોઈ કારીગરે અથવા મજુરે તેના શેઠ પાસેથી અમુક કામ કરવાને અગાઉથી નાણું લીધાં હોય અને કરાર પ્રમાણે કામ કરવામાં કસુર કરે તો શેઠે મેજીસ્ટ્રેટની આગળ ફરીઆદ કરવી. મેજીસ્ટ્રેટે ચોકશી કરવી. એમ સાબીત થાય કે તે કારીગર અથવા મજુરે અગાઉથી નાણું લીધાં હતાં, અને તે કામ કરવામાં જાણી બુઝીને કસુર કરે છે, તો મેજીસ્ટ્રેટ શેઠની મરજીને અનુસરી, અગાઉ લીધેલાં નાણું, અથવા તેનો કંઈ ભાગ પાછા આપવા હુકમ કરે, અથવા તે કામ કરવાનો હુકમ કરે. તે કારીગર અથવા મજુર હુકમ પ્રમાણે ન ચાલે તો તેને ત્રણ મહીનો સુધી કેદનો હુકમ મેજીસ્ટ્રેટ કરી શકે છે. વળી શેઠની અરજ ઉપરથી સદરહુ કામ કરાર પ્રમાણે કરવા જામીન આપવાનો હુકમ મેજીસ્ટ્રેટ કરી શકે છે. અને જામીન ન આપે તો ત્રણ મહીના સુધી કેદની સજા કરી શકે છે. (૨–૩)

બજારો તથા મેળા બાબત.

(સન ૧૮૬૨નો આકટ ૪થો—મુંબઈ)

ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટની લેખી પરવાનગી વગર કોઈ પણ સખસે નવી બજાર કે મેળો ભરવો નહીં. આ કલમ વિરૂદ્ધ ગુન્હો કરનારને કોઈ પણ પહેલા વર્ગનો મેજીસ્ટ્રેટ રૂા૦ ૨૦૦) સુધી દંડની અને તે ન આપે તો બે મહિના સુધી આસાન કેદની સજા કરી શકે છે. (૧)

જે સખસ નવી બજાર કે મેળો ભરવાની ઈચ્છા રાખતો હોય તેણે ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટને લેખી અરજી કરવી. તે અરજીમાં જે જગ્યાએ નવી બજાર કે મેળો સ્થાપવાનો હોય તે જગ્યાનું નામ, જે દિવસે તે ભરવાનો હોય તે દિવસ, જે નજીકની જગ્યાએ ચાલુ બજાર અથવા મેળો ભરાતો હોય તે જગ્યાનું નામ તથા જે દિવસે તે બજાર અથવા મેળો ભરાતો હોય તે દિવસ, એ બે જગ્યા વચ્ચેનું છેટું અંગ્રેજી માઈલમાં, અને નવી બજાર કે મેળો ભરવાના કારણો—એટલી વીગતો બતાવવી જોઈએ. (૨)

આવી અરજી મળેથી સદરહુ મેજીસ્ટ્રેટે એક જાહેરનામું કાઢી જેને એવી અરજી સામે વાંધો હોય તે છ અઠવાડીઆંની મુદતની અંદર બતાવવાનો હુકમ કરવો. અને જો કોઈ ચાલુ બજાર અથવા મેળો ચાર માઈલની અંદર ભરાતો હોય તો તે જગ્યાના માલીક ઊપર વાંધો બતાવવાની એક નોટીસ કહાડવી. (૩)

જાહેરનામા અને નોટીસમાં બતાવેલી મુદતની અંદર જો કંઈ વાંધો બતાવવામાં ન આવે તો, સદરહુ ડીસ્ટ્રીકટના મેજીસ્ટ્રેટે, નવી બજાર અથવા મેળો ભરવા પરવાનગી આપવી. જો વાંધો બતાવવામાં આવ્યો હોય તો તે વાંધાની બાબતમાં ચોકશી કરી પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરવો. (૪)

ઊપરની કલમ રૂએ કરેલા કોઈ પણ હુકમ ઊપર કમીશનરને અપીલ કરવી પડશે અને તે હુકમની તારીખથી છ અઠવાડીઆંની અંદર કરવી જોઈએ. (૬)

જો કોઈ સખસ આ કાયદા અનવયે કરેલા કોઈ હુકમ સામા થશે, અથવા તે માનસે નહિ અથવા તે હુકમનો ભંગ કરશે તેને રૂ૦ ૨૦૦) સુધી દંડની શીક્ષા થશે અને તે ન આપે તો બે મહીના સુધીની કેદની શીક્ષાને તે પાત્ર થશે. (૭)

આ કાયદો મુંબઈ શેહેર તથા કોલાબાના ટાપુઓને લાગુ નથી. (૮)

પવીત્ર મકાનોની સ્થાપના કરતી વખતે લોકોનો જમાવ થાય તેને તેમજ ધર્મના કારણસર લોકો એકઠા થાય તેને લાગુ નથી. (૯)

ભાડાંના વાહન બાબત.

(સન ૧૮૬૩નો આકટ ૬ઠો—મુંબઈ)

હેતુઃ—માણસો અથવા માલ લઈ જવા સારૂ ભાડાના જે વાહનો ફરે તેનો બંદોબસ્ત તથા તપાસ રાખવાનો તથા વાહન હાંકનારાઓએ કેવી રીતે ચાલવું તે બાબત નિયમો ઠરાવવાનો આ કાયદાનો હેતુ છે.

૧. ભાડાનું વાહન એટલે બે અથવા વધારે પૈંડાંની જે ગાડીઓ ભાડે ફરતી હોય તે અને જેને ઘોડા અથવા બીજા જાનવરો જોડતા હોય તે તથા હરેક બોટ અથવા વાહાણ ભાડે ફરતાં હોય તે.

૨. પોલીસ કમીશનરના પરવાના વગર ભાડાનું વાહન રાખવું નહિ કે ભાડે આપવું નહિ. પરવાના વગર, તે વાહન ઉપર રંગ વતે નંબર કહાડયા વગર, ભાડાના દરની યાદી રાખ્યા વગર, ફકત આટલા ભાડુત બેસે એવો લેખ લખ્યા વગર, જે કોઈ ભાડાનું વાહન રાખે, અથવા ભાડે આપે તે રૂ૦ ૧૦૦) સુધી દંડ અથવા ત્રણ મહિના સુધી સાદી કેદને પાત્ર થશે.

૩. પરવાના વગર તથા પરવાનાના નંબરવાળું બિલ્લું પાસે રાખ્યા વગર વાહનના ચાકરે, વાહન ફેરવવું નહિ. બિલ્લું પોતાના પોષાકના પ્રસિદ્ધ ભાગ ઊપર વળગાવી મુકવું જોઇએ. આ કલમ વિરૂદ્ધ ચાલનાર ચાકર રૂ૦ ૨૦) સુધી દંડ અથવા એક મહિનો સાદી કેદને પાત્ર થશે.

૫. જે માણસને પરવાનો મળ્યો હોય તે પોતાની રહેવાની જગા બદલે તો તેની સુચના આઠ દિવસમાં પોલીસ કમીશનરને આપવી. આ કલમ વિરૂદ્ધ ચાલનાર રૂ૦ ૨૦) સુધી દંડને પાત્ર થશે.

૭. દરેક પરવાના બદલ નીચે મુજબ ફી આપવી પડશેઃ—

		રૂ. આ.
अ.	બે કે વધારે ઘોડાના ચાર પૈંડાના વાહન, ૭ કરતાં વધારે માણસો લઇ જઇ શકે	૨—૦—૦
ब.	એક કે વધારે ઘોડાના ચાર પૈંડાના વાહન, સીગરામ કે ગાડી, ૭ માણસો સુધી લઇ જઇ શકે	૧—૦—૦
क.	બે પૈંડાની બગી અથવા કૅબ ત્રણ માણસ લઇ જઇ શકે. ...	૦—૮—૦
ड.	બે કે વધારે પૈંડાની બે બળદની ગાડી પાંચ માણસો લઇ જઇ શકે.	૦—૪—૦
इ.	બે પૈંડાની બે બળદની ગાડી ત્રણ માણસ લઇ જઇ શકે... ...	૦—૪—૦
फ.	પાલખીના.	૦—૪—૦
जी.	બંદર બોટનો તથા તરનો...	૧—૦—૦
ह.	ડિંગીના...	૦—૮—૦
ई.	હોડીના...	૦—૨—૦
जे.	માલ લઇ જવાની ગાડીના...	૦—૪—૦

૮. ઉપર ઠરાવેલી ફી લઈ પરવાના વરસો વરસ નવા કરી આપવામાં આવે છે.

૯. પરવાનો મોકુફ કરવાનો અથવા રદ કરવાનો કમીશનરને અધિકાર છે. જેનો પરવાનો રદ થયો હશે તે નવો પરવાનો મળ્યા પહેલાં વાહન ભાડે ફેરવે તો, કલમ ૨ મુજબ શિક્ષાને પાત્ર થશે.

૧૦: મોકુફ કરેલા, અથવા રદ થયેલા પરવાના પોલીસ કમીશનરને પાછા આપવા જોઇએ. ગફલત કરશે તો રૂ૦ ૨૦) દંડ અથવા બે મહીના સુધી આસાન કેદને પાત્ર થશે.

૧૧. પરવાનો ખોવાઈ જાય, અથવા ગેરવલ્લે પડે, તો બીજી નકલ લેવી જોઈએ–પરવાનો અથવા નંબર નવો કરી આપતાં પેહેલાં, કલમ સાતમાં બતાવેલી ફીથી અડધી ફી આપવી પડશે.

૧૨. પોલીસ કમીશનરની મંજુરી વગર પરવાનાની પીઠ ઉપર લખ્યા વગર પરવાનો બીજાના નામ ઉપર ચઢાવી આપવો નહીં.

૧૩. જે વાહનને સારૂ જે પરવાનો, નંબર અથવા લેખ આપ્યો હોય તે વાહન શિવાય બીજા વાહનો સારૂ કોઈ માણસ વાપરે તો તે રૂ૦ ૧૦૦) સુધી દંડ અથવા ત્રણ મહીના સુધી આસાન કેદને પાત્ર થશે.

૧૪. પોલીસ કમીશનર ભાડાંના વાહનના દર ઠરાવશે તથા ઉભા રહેવાની જગા મુકરર કરશે.

૧૫. જેટલા ભાડુત લઈ જવાનો પરવાનો હોય તે કરતાં વધારે ભાડુત લઈ જશે તો, અથવા પરવાનાની સરત તોડશે તો પરવાનાવાળો, હાંકનાર અથવા ચાકર રૂ૦ ૨૦) સુધી દંડ અથવા બે મહીના સુધી સાદી કેદને પાત્ર થશે.

૧૬. પરવાનાવાળો, હાંકનાર, કે ચાકર વાહનનો નંબર છુપાવે, અથવા તે ઉતારી લેવાની (નોંધી લેવાની) મના કરશે તો રૂ૦ ૨૦) સુધી દંડ અથવા બે મહીના સુધી સાદી કેદને પાત્ર થશે.

૧૭. ભાડે વાહન કરનારના અનુમત (સમ્મતી) વગર તેમાં બીજા માણસો બેસાડે તો ઉપર મુજબ શિક્ષાને પાત્ર થશે.

૧૮. ભાડાં વીગેરેની યાદી ભાડે કરનાર અથવા ભાડુત જોવા માગે, છતાં ન દેખાડશે તો, ઉપર મુજબ શિક્ષાને પાત્ર થશે.

૧૯. ચાર આના ફી આપવાથી યાદીની નકલ પોલીસ કમીશનરની ઓફીસમાંથી મળી શકશે.

૨૦. વાહનનો હાંકનાર, બીજા ખાનગી વાહનને રસ્તો નહીં આપે અથવા અટકાવ કરશે તો, ઉપર મુજબ શિક્ષાને પાત્ર થશે.

૨૧. હાંકનાર તથા ચાકર, દારૂ પીને છાકટો થઈ જશે, ભાડુતનો વાજબી હુકમ માનશે નહીં, વાહન સાફ રાખશે નહીં તો, તે ઉપર મુજબ શિક્ષાને પાત્ર થશે.

૨૨. હાંકનાર, ભાડુ કરવાની ના કહેશે, ભાડું પહેલું માગશે, વાર લગાડશે, વત્તું ભાડું માગશે, અને વાહનને ઉભા રહેવા સારૂ ઠરાવેલી જગા શીવાય બીજી જગાએ ભાડા સારૂં ફરશે તો તે ઉપર મુજબ શિક્ષાને પાત્ર થશે.

૨૩. હાંકનાર અથવા ચાકર ગફલતથી અથવા ગેરચાલથી ઈજા અથવા નુકશાન કરે તેને તેવો ગુન્હો કરતાં જે કોઈ દેખે તેણે તેને પકડીને પોલીસ અમલદારને સ્વાધીન કરવો.

૨૪. હાંકનારને અથવા ચાકરને તકરાર પડે ત્યારે હુમણાને હુમણા પોલીસ કોર્ટમાં ચાલ એમ કેહેવાનો ભાડે કરનારને અખત્યાર છે અથવા પોલીસ અમલદાર પાસે ચાલ એમ કેહેવાનો અખત્યાર છે.

૨૫. પરવાનાવાળાને, હાંકનારને અથવા ચાકરને ભાડાનું વાહન ભાડાં સારૂ ફેરવવાનું કેહેવાનો અધિકાર પોલીસ અમલદારને છે અને તે પ્રમાણે કરવાને પરવાનાવાળો અથવા હાંકનાર કે ચાકર વાજબી કારણ વગર ના કહેશે તો તે રૂા. ૫૦) સુધી દંડને પાત્ર થશે.

૨૬. હાંકનારને હાજર કરવા સારૂ પરવાનાવાળાને સમન કરવાનો પોલીસ મેજીસ્ટ્રેટને અધિકાર છે અને તે હાજર થવાને ચુકશે તો રૂા. ૫૦ સુધી દંડને પાત્ર થશે.

૨૭. દંડ તથા નુકશાન બાબત જે રકમ આપવાનું ઠરાવ્યું હોય તે ગુન્હેગારની જંગમ માલ મિલકત જપ્ત કરીને વેચીને વસુલ કરવાનો અધિકાર છે.

૨૮. કાયદાસર ભાડું આપવાની ના કેહેનારને દંડ કરવાનો અને હાંકનારને ખોટી કર્યા બદલ નુકશાની અપાવવાને પોલીસ મેજીસ્ટ્રેટને અધિકાર છે.

૨૯. વાહનમાં બેઠો હોય તે માણસ જાણીજોઇને અથવા ગફલતથી વાહનને નુકશાન લગાડશે તો તે રૂા. ૨૦) સુધી દંડને પાત્ર થશે અને નુકશાની બદલ મેજીસ્ટ્રેટ ઠરાવે તેટલો બદલો ભરી આપવો પડશે.

૩૦. વગર કારણે ફરીઆદ કરી હોય ત્યારે હાંકનારને બદલો અપાવવાને કોર્ટ મુખત્યાર છે.

૩૧. વાહનમાં રહી ગયેલો માલ હાંકનારે અથવા ચાકરે પોલીસ કમીશનરની કચેરીમાં તાબડતોબ લઈ જઈ અનામત રાખવો ને ધણી હાજર થાય તો તેને પાછો આપવો.

૩૨. આ આકટ વિરૂદ્ધ ગુન્હો કરતાં કોઈ માણસ નજરે પડે તેને કોઈ પણ પોલીસ અમલદાર અથવા કોન્સ્ટેબલ વગર વારંટે પકડવાને મુખત્યાર છે. અને વળી વાહનને પણ અટકાવી રાખવાને મુખત્યાર છે.

૩૩. આ આકટ ખાસ મુંબઈ શેહેર તથા કોલાબા ટાપુ તથા બંદરને માટે છે. પરંતુ નીચેની જગાઓને પણ તે લાગુ કરેલો છે. એડન, અમદાવાદ,

અમદનગર, અલીબાગ, ખંડાલા, બાગલકોટ, વાંદરા, બરોડાકાંપ, બારસી, વસઈ, બેલગામ, ભીંગાર, ભીંવડી, બીજાપુર, ભરૂચ, ડાપોલી, ધારવાર, હુબલી, કલ્યાણ, પુના, થાણા, સુરત, રાંદેર, લોનાલા, મહાબલેશ્વર, વઠાર, નાસીક, વીગેરે. મુંબઈ શહેર શિવાય, પોલીસ કમીશનરને બદલે આ આકટ મુજબનો અધિકાર પોલીસ સુપરીનટેન્ડન્ટને છે.

૩૫. આ આકટ પ્રમાણે કરેલા ફેંસલા ઉપર અપીલ નથી.

વીલેજ પોલીસ બાબત.

(સને ૧૮૬૭નો આકટ ૮મો—મુંબઈ)

હલકી મારામારી અથવા ગાળાગાળીની ફરીયાદ સાંભળવાનો અધીકાર દરેક પોલીસ પટેલને છે અને પટેલ ગુન્હેગારને ૨૪ કલાક સુધી ગામના ચોરામાં કેદ કરી શકે છે. ૧૪.

એ બાબતની પુરતી માહીતી જોઈતી હશે તો "**પોલીસ પટેલ**" ત્રીજી આવૃત્તિ, એ નામનું હમારૂં બનાવેલું પુસ્તક જુઓ.

છાપવાના કારખાના તથા વર્તમાનપત્રો બાબત.

(સને ૧૮૬૭ નો ૨૫મો અને ૧૮૯૦ નો ૧૦મો—ઈંડીઆ).

દરેક છાપેલી બુક ઈયા કાગળ ઉપર છાપનારનું તથા પ્રસીધ્ધ કરનારનું નામ જોઈએ (૩). એ વિરૂદ્ધ છાપનારને અથવા પ્રસીદ્ધ કરનારને રૂ. ૫૦૦૦) સુધી દંડ અથવા બે વરસ સુધી આસાન કેદની સજા થઈ શકે છે (૧૨). બુકો તથા કાગળો છાપવાના પ્રેસો મેજીસ્ટ્રેટ આગળ એકરાર કરી તે ઉપર સહી કર્યા બાદ પોતાના કબજામાં રાખવા,

"હું અ બ એકરાર કરૂં છું કે (જે જગ્યાએ પ્રેસ હોય તે જગ્યાનું ખરેખરૂં અને બરાબર વર્ણન કરવું.) મધ્યે મારો છાપવાનો પ્રેસ છે."

સહી

એ વિરૂદ્ધ ચાલનારને ઉપલી કલમ ૧૨ માં બતાવેલી સજા થઈ શકે છે (૧૩). ખોટો એકરાર કરનારને રૂ. ૫૦૦૦) સુધી દંડ થઈ શકે (૧૪).

નિયમીત મુદતે છાપવાનો કોઈ ગ્રંથ, જે કોઈ સખસ, આ આકટના નિયમો વિરૂદ્ધ છાપશે અથવા પ્રસિદ્ધ કરશે તો તેને રૂા. ૫૦૦૦) પાંચ હજાર સુધી દંડ અથવા બે વર્ષ સુધી આસાન કેદની શિક્ષા થશે (૧૫).

જે બુકો પોતાના છાપખાનામાં છપાય તેની ત્રણ ત્રણ નકલો સરકારમાં એક માસની અંદર મોકલી આપવી જોઈએ (૯). એમ કરવામાં ગફલત કરે તો બુકોની કીંમત ઉપરાંત રૂા. ૫૦) સુધી છાપખાનાવાળો દંડને પાત્ર થશે (૧૬).

"ઓરીએન્ટલ ટ્રાન્સલેટર નિ. મુંબઈ સરકાર," મુંબઇ, એ ઓદધો ધરાવનાર અમલદારને રૂ ૨)ની ફી ગ્રંથ પ્રસીદ્ધ કરનાર મોકલી આપેથી ગ્રંથ સ્વામીત્વનો હક (સન ૧૮૪૭ના આકટ ૨૦ મુજબ) જળવાય છે, એટલે બીજાઓ તે ગ્રંથની નકલ છપાવી શકે નહીં (૧૮).

ઢોરના અતીક્રમણ બાબત.

(સને ૧૮૭૧ નો ૧લો તથા સને ૧૮૯૧ નો ૧ લો—ઈન્ડીઆ).

હરકોઈ જમીન ખેડનારો, વહીવટ કરનારો, પાક કરવા સારૂ નાણું ધીર્યું હોય તે માણસ, પાક ઘરેણે રાખનારો, અથવા વેચાણ રાખનારો તે જમીન ઉપર ફરીને બીગાડ કરનારાં ઢોર પકડીને અથવા પકડાવીને ડબ્બામાં પુરી શકે છે (૧૦). સાર્વજનીક રસ્તા, રમવાની જગા, નેહેરો, મોરીના કામો તથા બાંધો બગાડનારાં ઢોરો, તથા તે ઉપર રખડતાં ઢોરોને પકડી ડબામાં ઘાલવાનો અધીકાર દરેક પોલીસ અમલદારને છે (૧૧). ઢોરને વગર કારણે પકડી ડબ્બામાં ઘાલે તો ઢોરના માલીકે દસ દીવસની મુદતમાં તાલુકાના મેજીસ્ટ્રેટને ફરીઆદ કરવી (૨૦–૨૧). કોઈ માણસ ઢોર પકડવાના કામમાં જબરાઈ બતાવી હરકત કરે અથવા ડબ્બામાંથી જબરાઈ કરી છોડાવે તો તે માણસ છ મહીના સુધી કેદની અથવા રૂ ૫૦૦) સુધી દંડની સજાને અથવા એ બેહુ સજાને પાત્ર થાય છે (૨૪). ડુક્કરો બીગાડ કરે તો તેનો ધણી અથવા રાખનાર રૂ ૧૦) સુધી દંડને પાત્ર થાય છે (૨૬). ડબ્બાવાળો પોતાની ફરજો બજાવવામાં કસુર કરે તો તે રૂા૦ ૫૦) સુધી દંડને પાત્ર થાય છે (૨૭).

યુરોપીઅન વેગ્રન્સી આકટ—એટલે ભટકતા યુરોપીઅન બાબત.

(સને ૧૮૭૪નો ૯મો—ઈન્ડીઆ)

હરકોઈ યુરોપીઅન ભીખ માંગતો હોય, રખડતો હોય, અથવા ગુજરાનના દેખીતાં સાધન વગર ભટકતો હોય તેને, પેહેલા વર્ગના મેજીસ્ટ્રેટ, જે જસ્ટીસ ઓફ ધી પીસ હોય તેની પાસે લઈ જવાનો અથવા મોકલવાનો અધિકાર દરેક પોલીસ અમલદારને છે. એવો ભટકતો માણસ મેજીસ્ટ્રેટ પાસે જવાની ના કહે તો પોલીસ અમલદારે તેને પકડી મેજીસ્ટ્રેટ પાસે ખડો કરવો (૪).

નાટકના ખેલ બાબત.

(સને ૧૮૭૬નો આકટ ૧૯મો—ઈન્ડીઆ)

લાજ ઉપજાવનારૂં, આબરૂ લેવાના પ્રકારનું, સરકાર વિરૂદ્ધ બેદીલીનો વિચાર ઉત્પન્ન કરે એવું, નીતી ભ્રષ્ટ કરવા જેવું, અથવા દુરગુણી કરવા જેવું નાટક થતું અટકાવવાનો સ્થાનીક સરકારને અથવા સ્થાનીક સરકાર અધિકાર આપે તેવા મેજીસ્ટ્રેટને અધિકાર છે. (૩). મનાઈ હુકમની નકલ ખેલ કરનારને પોહોંચાડવી, અગર નાટકશાળા ઉપર ચોહોડવી. જે કોઈ હુકમ તોડે તેને ત્રણ મહીના સુધી કેદ, અથવા દંડ, અથવા એ બેહુ સજા થશે. (૪). મના કરેલા ખેલમાં તમાસગીર તરીકે હાજર રહેનાર, ખેલ કરનાર, મદદ કરનાર, નાટકશાળાના માલેકને ઉપરની કલમ મુજબ સજા થશે. (૬). નાટકશાળા, એ સાર્વજનીક જગા છે માટે પોલીસને તેમાં પેસવાનો તથા બંદોબસ્ત રાખવાનો અધિકાર છે.

મુંબઈ શેહેરમાં શીતળા કાઢવા બાબત.

(સને ૧૮૭૭નો ૧લો તથા સને ૧૮૮૬નો ૩જો—મુંબઈ)

આ કાયદો મુંબઈ શેહેરમાં સન ૧૮૭૭ના સપટેંબરની ૧લી તારીખથી અમલમાં છે.

મુંબઈ શેહેરમાં જન્મેલાં દરેક છોકરાંના વાલી કે મા બાપે જન્મ્યા પછી છ માસની અંદર તે છોકરાંને, વળી મુંબઈ શેહેરમાં આણેલાં ચૌદ વર્ષની અંદરના શીતળા નહીં કાઢેલા છોકરાંને, તેના માબાપે કે વાલીએ, મુંબઈ શેહેરમાં આવ્યા પછી ત્રણ મહીનાની અંદર, અથવા જો તે છોકરૂં તે વખતે ત્રણ મહીના કરતાં નાનું હોય તો, જન્મ પછી છ મહીનાની અંદર, તે છોકરાંને, સરકારી વેકસીનેટર (સીતળા કાઢનાર) પાસે અથવા કોઈ લાયક ડાકતર પાસે સીતળા કઢાવવા લઈ જવું જોઈએ. આ કલમ વિરૂદ્ધ ચાલનારને રૂ૦ ૫૦) સુધી દંડ થશે. (૭–૨૩)

સરકારી વેકસીનેટર કાંઈ પણ મેહેનતાણું કે ફી લીધા વગર સીતળા કાઢવાને બંધાયલો છે. આ કલમ વિરૂદ્ધ ચાલનાર વેકસીનેટર પીનલ કોડ કલમ ૧૬૧ મુજબ સજાને પાત્ર થાય છે. પરંતુ, શીતળા કાઢવાની ઠરેલી જગ્યા શિવાય, બીજી જગાએ, છોકરાંના માબાપ અગર વાલીની અરજ ઉપરથી, શીતળા કાઢવામાં આવે તો વેકસીનેટરને તે બદલ ફી લેવાની છુટ છે (૭–૧૩–૨૫).

જે દીવસે સીતળા કઢાવ્યા હોય તે પછીના બીજા અઠવાડીઆના તેજ દીવસે નિમેલા વખતે, છોકરાંને ફરી તે વેકસીનેટર પાસે પરિણામ જોવા સારૂ લઈ જવું.

પરિણામ સારૂં ન આવ્યું હોય તો છોકરાંને ફરીથી સીતળા કઢાવવા. આ કલમ વિરૂદ્ધ ચાલનાર રૂ૦ ૫૦) સુધી દંડને પાત્ર થાય છે (૮–૨૩).

ચૌદ વર્ષની અંદરના શીતળા નહીં કાઢેલા છોકરાંને, શીતળા ખાતાના સુપરીનટેન્ડન્ટના રીપોર્ટ ઉપરથી, સીતળા કઢાવવાનો હુકમ કરવાનો પોલીસ મેજીસ્ટ્રેટને અધિકાર છે. હુકમ નહીં માનનાર રૂ૦ ૫૦) સુધી દંડને પાત્ર થાય છે. (૨૧).

જે છોકરાંને હાજર કરવાનો મેજીસ્ટ્રેટે ઉપરની કલમ મુજબ સમન કર્યો હોય તે છોકરાંને જાણીબુઝીને તેના માબાપ કે વાલી હાજર નહીં કરે તો, તે માબાપ કે વાલી છ મહીના સુધી કેદની સજાને અથવા રૂપીઆ એક હજાર સુધી દંડને, અથવા તે બેહુ સજાને પાત્ર થાય છે (૨૨).

આ આકટ વિરૂધ્ધ ગુન્હાઓનો ઈનસાફ કરવાનો પોલીસ મેજીસ્ટ્રેટને અધિકાર છે, પરંતુ તેમણે સરકાર તથા સીતળા ખાતાના સુપરીનટેન્ડન્ટ શિવાય બીજા કોઈની ફરીઆદ સાંભળવી નહીં (૨૬).

સુચના—મુંબઈ ઈલાકાના જીલ્લાઓમાં સીતળા કાઢવા બાબત સન ૧૮૯૨નો આકટ ૧ લો મંજુર થયેલો છે, આ કાયદાની મતલબ ઉપર મુજબ છે. પરંતુ એ કાયદો (કલમ–૩૩ શિવાય, હાલ સુધી જીલ્લાઓમાં અમલમાં મુકાયો નથી–તેથી તે છપાવ્યો નથી—કલમ–૩૩ તુરંગમાના કેદીઓને ફરજ્યાત સીતળા કાઢવા બાબતની છે.

અફીણ બાબત.

(સને ૧૮૭૮નો આકટ ૧લો—ઇન્ડીઆ)

(अ) પરવાનગી વગર કોઈ માણસે–ખસખસના ઝાડનું વાવેતર કરવું નહીં. (ब) અફીણ તૈયાર કરવું નહીં. (क) અફીણ કબજામાં રાખવું નહીં, (ड) અફીણ એક જગાએથી બીજી જગાએ મોકલવું નહીં, (इ) અફીણ અંદર લાવવું નહીં, અથવા બહાર મોકલવું નહીં, (फ) અફીણ વેચવું નહીં (૪). આ કલમ વિરૂધ્ધ ગુન્હો કરનાર એક વર્ષ સુધી કેદની અથવા રૂ૦ ૧૦૦૦) સુધી દંડની સજાને પાત્ર થાય છે (૯). કોઈના ઘરમાં ગેરકાયદે અફીણ છે એમ માનવાનું પુરતું કારણ હોય તો તે ઘરનો ઝાડો લેવાનો અધીકાર હેડ કોન્સટેબલને છે (કલમ ૧૨).

આબકારી બાબત.

(સને ૧૮૭૮નો ૫મો તથા ૧૮૯૨નો ૩જો)

(તા૦ ૧લી નવેમ્બર સને ૧૯૦૫ સુધી સુધારેલો—મુંબઈ)

જે કોઈ આ આકટ અથવા આ આકટ પ્રમાણે કરેલી કોઈ કાનુન અથવા હુકમ, અથવા લાઈસન્સ અથવા પરવાનગી ચીઠી અથવા પાસ તોડીને (अ) મુંબઈ ઈલાકાના કોઈ ભાગમાં દારૂ અથવા ભાંગના છોડ અથવા કેફ લાવનાર કાંઈ વસાણું લાવશે અથવા બહાર મોકલશે, (ब) દારૂ અથવા ભાંગના છોડ અથવા એવું વસાણુ એક જગાએથી બીજી જગાએ મોકલશે, અથવા લઈ જશે, (क) દારૂ અથવા કેફ લાવનારૂં વસાણું તૈયાર કરશે, (ड) કોઈ ઝાડમાંથી તાડી કહાડશે, (इ) કોઇ ભઠી અથવા બ્રુઅરી બાંધશે, અથવા ચલાવશે, (फ) દારૂ અથવા એવું વસાણુ તૈયાર કરવા સારૂ માલ મસાલાનો અથવા અર્ક કહાડવાના કોઈ યંત્રનો અથવા પાત્રનો અથવા ઓજારનો અથવા સંચાનો ઉપયોગ કરશે, અથવા રાખશે, અથવા પોતાના કબજામાં રાખશે, (ग) દારૂ અથવા ભાંગના છોડ અથવા કેફ લાવનારૂં વસાણું વેચશે (ह) ભાંગના છોડની ખેતી કરશે તેને દરેક ગુન્હા બદલ રૂ૦ ૧૦૦૦) સુધી દંડની અથવા છ મહીના સુધી કેદની સજા અથવા એ બેહુ સજા થશે—(૪૩).

જે કોઈ સખસ, આ આકટ અથવા કાનુન અથવા હુકમ વિરૂધ્ધ અથવા પાસ વગર, મહુડાં બહાર ગામથી લાવશે, બહાર ગામ મોકલશે, એકઠાં કરશે, એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જશે, વેચશે, અથવા પોતાના કબજામાં રાખશે તે સખસને દરેક ગુન્હા બદલ રૂ૦ ૫૦૦) સુધીના દંડ અથવા ત્રણ મહિના સુધી કેદની અથવા એ બેઊ સજા થશે.

પરંતુ જે મહુડાં ઝાડ ઉપર હોય અથવા ઝાડ ઉપરથી ખરી પડી જમીન ઉપર એકઠાં કર્યા શિવાય પડી રહ્યાં હોય તે મહુડાંના સંબંધમાં કોઈ પણ સખસને સજા થશે નહિ.

જે કોઇ દારૂના માપ અથવા દારૂનો કસ તપાસવાના યંત્ર મેળવી રાખવામાં તથા તે સારી સ્થીતીમાં રાખવામાં ગફલત કરશે, અથવા દારૂ માપવાની તથા કસ જોવાને ના કહેશે તેને દરેક ગુન્હા બદલ રૂ. ૨૦૦) સુધી દંડ થશે. (૪૪) જે કોઈ લાઈસેન્સ, પરવાનગી ચીઠી, અથવા પાસ ધારણ કરનારો હોઇને લાઈસેન્સ બતાવશે નહીં, કાંઈ હુકમ તોડશે, લાઇસેન્સની સરત વિરૂદ્ધ કરશે, ભઠી સંબંધી કરેલી કાનુન તોડશે, દારૂ તૈયાર કરવાની શરત તોડશે, દુકાનમાં લોકોને

દારૂ પીને છાકટા થવા દેશે, હંગામો કરવા દેશે, અથવા જુગાર રમવા દેશે, અથવા ગેરચાલના માણસોને દુકાનમાં એકઠા થવા દેશે,—તેને દરેક ગુન્હા બદલ રૂ૦ ૧૦૦) સુધી દંડ થશે (૪૫). લાઈસેન્સવાળો, વેચનાર અથવા તૈયાર કરનાર, દારૂનો કસ વધારે એવી કંઈ ચીજ મીશ્ર કરશે, દેશી દારૂ વિલાયતી તરીકે વેચશે, વીલાયતી દારૂ છે એવી કંઈ ખોટી નિસાણી કરશે, તેને દરેક ગુન્હા બદલ રૂા. ૫૦૦) સુધી દંડની અથવા છ મહીના સુધી કેદની સજા અથવા એ બેઊ સજા થશે (૪૬). જે કંઈ અધીકાર હોય તે કરતાં વધારે ગામઠી દારૂ, અથવા કેફ લાવનારૂં વસાણું, પોતાના કબજામાં રાખશે તેને રૂ. ૨૦૦ સુધી દંડ થશે (૪૭). આ કાયદા વિરૂધ્ધ ગુન્હો કર્યો છે એવી ખોટી બાતમી જે કોઈ આપશે તેને છ મહીના સુધી કેદની અથવા રૂ. ૫૦૦) સુધી દંડની અથવા એ બેહુ સજા થશે (૪૮). કોઈ આબકારી ઓફીસર ત્રાસ આપવાના હેતુથી કોઇનો ઝાડો લેશે અથવા કોઈ માલ પકડશે, અથવા કોઈ માણસને ત્રાસ આપવાની ખાતર અટકાવ રાખશે તેને રૂ. ૫૦૦) સુધી દંડ થશે (૪૯). જે કોઈ ઓફીસર ત્રાસદાયક બુદ્ધીથી અને વગર કારણે પકડેલા માણસને ફોજદાર પાસે રજુ કરતાં, વાર લગાડશે તેને રૂ. ૨૦૦ સુધી દંડ થશે (૫૦). જે કોઈ ઓફીસર પકડેલા માણસને ગેરકાયદેસર રીતે છોડી દેશે અથવા તેને નાશી જવા દેશે તેને રૂ. ૫૦૦) સુધી દંડ થશે (૫૧) પોલીસ, કસ્ટમ, મીઠું, અને અફીણ અને મહેસુલના આફીસરોએ આબકારી ઓફીસરને મદદ કરવીજ જોઇએ. મદદ ન કરે, અથવા ગફલત કરે તેને રૂા. ૫૦૦) સુધી દંડ થશે (૫૨).

નીધી નિક્ષેપ એટલે જમીનમાં દાટેલું ધન જડે તે બાબત.

(સને ૧૮૭૮નો આકટ ૬ઠો—ઈન્ડીઆ)

દસ રૂપીઆ કરતાં વધારે રકમનું અથવા કીમતનું ધન મળે ત્યારે જે માણસને તે મળે તેણે, તે ધનનો પ્રકાર તથા કીમત, તે જે જગામાંથી મળયું હોય તે જગા, તથા મળ્યાની તારીખ, એટલી બાબતની લખેલી નોટીસ જીલ્લાના કલેકટરને આપવી જોઈએ અને તે ધન નજીકની સરકારી ત્રીજોરીમાં અનામત રાખવું અથવા કલેકટર ફરમાવે તો જામીન આપવો (૪). જે કોઈ આ વિરૂદ્ધ ચાલશે તેને એક વરસ સુધી કેદની અથવા દંડની અથવા બેહુ સજા થશે અને તે મળેલુ ધન સરકાર દાખલ થશે (૨૦).

હથીઆર તથા યુદ્ધ સામગ્રી બાબત.

(સને ૧૮૭૮નો આકટ ૧૧મો—ઈન્ડીઆ)

લાઈસેન્સ વગર હથીઆર તથા યુદ્ધ સામગ્રી તૈયાર કરવાની, રૂપાંતર કરવાની તથા વેચવાની મના છે (૫). લાઇસેન્સ વગર દેશની અંદર લાવવાની તથા બહાર મોકલવાની મના છે (૬). લાઇન્સેસ વગર હથીઆર બાંધીને ફરવાની મના છે (૧૩). લાઈસેન્સ વગર અગ્નીશસ્ત્રો, તોપો તથા યુદ્ધ સામગ્રી કબજામાં રાખવાની મના છે (૧૪).

લાઈસેન્સ વગર એક જગાએથી બીજી જગાએ લઈ જવાની મના છે (૧૦). ઉપર લખેલી કલમો વિરૂદ્ધ જે કોઈ ગુન્હો કરશે તેને ત્રણ વર્ષ સુધી કેદની, અથવા દંડની, અથવા એ બહુ સજા થશે (૧૯). લાઈસેન્સની સરત તોડવા બદલ છ મહીના સુધી કેદની અથવા રૂ. ૫૦૦) સુધી દંડની સજા થશે (૨૧). વેચવાના લાઇસેન્સ વગરના માણસ પાસેથી જે કોઈ હથીઆર વેચાતું રાખશે તેને ઉપર મુજબ સજા થશે. (૨૨).

કોઈ હથીઆર અથવા યુદ્ધ સામગ્રી ગેરકાયદેસર કારણ સારૂ વાપરવાના ઈરાદાથી લઈ જવામાં આવે છે એમ શક જવાનો વાજબી સબબ હોય ત્યારે તે લઇ જનાર માણસને વગર વારંટે પકડવાનો તથા હથીઆરો વીગેરે લેવાનો અધીકાર **કોઇપણ માણસને છે**. પકડેલા માણસ તથા હથીઆરને પોલીસ અમલદારને સ્વાધીન કરવાં (૧૨). પરવાના વગર હથીયાર બાંધીને ફરનાર માણસ પાસેથી તે લેવાનો અધીકાર કોઈપણ મેજીસ્ટ્રેટ અથવા પોલીસ અમલદારને છે (૧૩). કોઇપણ માણસ જેને આ કાયદા મુજબ સજા કરવા જોગ ગુન્હાની ખબર હશે, તેણે તે બાબતની ખબર પોલીસ અમલદારને અથવા મેજીસ્ટ્રેટને આપવી (૨૮).

ટેલીગ્રાફ તારયંત્ર બાબત.

(સને ૧૮૮૫નો આકટ ૧૩મો—ઈન્ડીઆ)

બ્રીટીશ ઈન્ડીઆમાં ટેલીગ્રાફની લાઈન સ્થાપવાનો ખાસ હક એકલા ઈન્ડીઆ સરકારને છે, અને તે હરકોઈ માણસને અથવા કંપનીને ટેલીગ્રાફ લાઈન સ્થાપવા, અથવા ચાલુ રાખવા પરવાનો આપવાને મુખત્યાર છે. તેમજ રેલ્વે કંપનીની જમીન ઉપર ટેલીગ્રાફ લાઈન સ્થાપવાનો ઈન્ડીઆ સરકારને અધિકાર છે, અને રેલ્વે કંપની એ યોગ્ય સગવડ કરી આપવી જોઇએ.

પરવાના વગર ટેલીગ્રાફની લાઈન સ્થાપે, અથવા પરવાનો રદ કર્યાં પછી ચાલુ રાખે, અથવા પરવાનાની સરત વિરૂદ્ધ ચાલે તો રૂ ૧૦૦૦) સુધી દંડ થશે અને

પછી ચાલુ રાખે, તો દર અઠવાડીએ રૂ. ૫૦૦) દંડ (૨૦). પરવાના વગર તારયંત્ર ઉપયોગમાં લે તો દંડ રૂ. ૫૦ સુધી (૨૧). કલમ–૬ પ્રમાણે પરવાનગી ન લેતાં, કોઈ રેલ્વે કંપની તારયંત્રનું કારખાનું કરશે, તો દરેક દીવસ બદલ એક હજાર રૂપીઆ દંડ (૨૨). સરકારી તાર ઓફીસને નુકશાન કરે યા તેમાં સાપ્રાધ પ્રવેશ કરે તો રૂ. ૫૦૦) સુધી દંડ થશે (૨૩). સંદેશા માહેના મજકુરની માહીતી ગેરકાયદેસર રીતે મેળવવાના ઈરાદાથી પરવાનગી વગર સીગનલ રૂમમાં દાખલ થાય, 'નિકળી જાવ' એમ કહેવા છતાં નિકળી જાય નહીં, અથવા ટેલીગ્રાફ ઓફીસરને કામ કરતાં હરકત કરે તો દંડ રૂ. ૫૦૦ સુધી; દંડ ન આપે તો એક વર્ષ સુધી કેદ (૨૪).

જે કોઇ સંદેસો મોકલવાની, લઈ જવાની અથવા પોહોંચાડવાની મના અથવા હરકત કરવાના ઈરાદાથી, અથવા સંદેસાનો મજકુર જાણવાના ઈરાદાથી, અથવા બીગાડ કરવાના ઈરાદાથી બેટરી અથવા યંત્ર અથવા તારને નુકશાન કરશે અથવા સ્પર્શ કરશે તેને ત્રણ વર્ષ સુધી કેદ અથવા દંડ અથવા એ બેહુ સજા થશે (૨૫).

ટેલીગ્રાફ ઓફીસર પાસે, મોકલવા સારૂ અથવા પોહોંચાડવા સારૂ સંદેસો આવ્યો હોય તે સંદેસો સંતાડે, બારેવાટ કરે, ફેરવે, મોકલવાને ચુકે, યા સંદેસો, સરકારના હુકમ વગર, દરમીયાન કહાડી લે, અથવા સંદેસાની મતલબ બીજાને જણાવે (૨૬). તાર ઓફીસર ફી લીધા સીવાય સંદેસો મોકલશે (૨૭). સંદેસો ખોટો છે અથવા બનાવટનો છે એમ જાણવા છતાં જે કોઈ એવો સંદેશો તાર મારફત મોકલશે (૨૯). ભુલથી પોહોંચાડેલો સંદેસો જે કોઈ કપટથી રાખી મુકશે, સંતાડશે, પાછો માગે તો નહીં આપે (૩૦). તો એ દરેક કલમના ગુન્હા બદલ ત્રણ વર્ષ સુધીની કેદની અથવા દંડની અથવા એ બેહુ સજા થશે. કોઈ પણ તાર ઓફીસર છાકટો થઈ જશે, અથવા ગેરચાલ ચાલશે, તાર મોકલતાં વાર લગાડશે તો ત્રણ વર્સ સુધી કેદની, અથવા એકસો રૂપીઆ દંડની અથવા એ બેહુ સજા થશે (૨૮).

ટ્રામવે બાબત.

(સને ૧૮૮૬નો આકટ ૧૧મો—ઇન્ડીઆ)

હેતુ–ટ્રામવે બનાવવાનું કામ સહેલું કરવાનો તથા તે ચલાવવાના કામના નિયમો કરવાનો હેતુ છે.

"પુરસ્કર્તા" એટલે સ્થાનિક સત્તા (મ્યુનીસીપાલીટી, ડીસ્ટ્રીકટ લોકલ બોર્ડ વીગેરે) અથવા કોઈ સખસના લાભમાં ટ્રામવે બાંધવા, ટકાવી રાખવા, તથા તેનો ઉપયોગ કરવાનો હક તથા જવાબદારી મળ્યા હશે તે સ્થાનિક સત્તા અથવા સખસ

"અન્ડરટેકીંગ" આ શબ્દમાં પુરસ્કર્તાની ટ્રામવેના કારણને યોગ્ય જે જંગમ અથવા સ્થાવર મિલ્કત હોય તેનો તેણે તે કારણ સારૂ ઉપયોગ કર્યો હશે તે સઘળી જંગમ તથા સ્થાવર મિલ્કતનો સમાવેશ થાય છે.

ટ્રામવે એ અંગ્રેજી ભાષાનો શબ્દ છે. એનો અર્થ "ટ્રામ" એટલે લોખંડના પાટાપર ચાલતી ગાડી, અથવા ગાડું; અને "વે" એટલે રસ્તો સેહેલથી અને ઉતાવલથી મુસાફરી કરી શકાય એવો લોખંડના પાટાવાલો રસ્તો.

ટ્રામવે બાંધવાની પરવાનગી મલવા બાબતની અરજી આવેથી યોગ્ય તપાસ કરી ટ્રામવે બાંધવાનો અમુક શરતોથી અધિકાર આપવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે.

આવા હુકમ વિરૂદ્ધ જે કોઈ પુરસ્કર્તા ટ્રામવે બાંધશે, ટકાવી રાખશે. (૨) તેની તપાસ થયા શિવાય તથા તે બાબતનો દાખલો મળ્યા શિવાય, તે ટ્રામવે રાહદારી માટે ઉઘાડશે, અથવા ઉઘાડવાની પરવાનગી આપશે. (૩) હુકમમાં લખેલી શરતો પાળવાને ચુકશે. (૪) અથવા હુકમ વિરૂદ્ધ ચાલશે, તો તેને સ્થાનિક સરકારની, સ્થાનિક સત્તાની, રસ્તા સત્તાની, ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટની, અથવા જે સખસને તે કામથી નુકસાન થયું હશે (ડિસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટની અગાઉથી મંજુરી લીધી હશે તો) તે સખસની ફરીઆદ ઉપરથી એકસો રૂપીયા સુધી દંડની સજા થશે; અને ગુન્હો જારી રાખશે તો, દર દિવસે રૂપીઆ પચાસ સુધીના દંડની સજા થશે.

જે સખસ પુરસ્કર્તાના અખત્યાર હેઠે કામ કરનારા કોઈ સખસને, ટ્રામવે બાંધવામાં, ટકાવી રાખવામાં પોતાના અધિકાર ચલાવવામાં, જાણી બુજીને હરકત કરશે, અથવા ટ્રામવેની લાઇન બતાવવા સારૂ નિશાણી કરી હશે તેને નુકસાન જાણી બુઝીને કરશે, અથવા તેનો નાશ કરશે, તો તેને રૂપીઆ પચાસ સુધી દંડની સજા થશે.

જે સખસ જાણી બુજીને હેઠળ લખેલાં કૃત્યો કરશે, એટલે:—

(૧) ટ્રામવેના અથવા તેની સાથે સંબંધ રાખતા કામના કાંઈ ભાગમાં દખલ કરશે, તેને દૂર કરશે, અથવા ફેરવશે.

(૨) ટ્રામવે ઉપર આડું લાકડું, પથ્થર, કચરો, અથવા બીજી ચીજ મુકશે, અથવા ફેંકશે.

(૩) ટ્રામવેનો ઉપયોગ કરતી કોઈ ગાડીને હરકત થાય એવી રીતે કાંઈ કૃત્ય કરશે.

(૪) ઉપર કહેલા કૃત્યોમાં મદદ કરશે, અથવા તે કરવાની કોશીશ કરશે; તો તેને ૧૦૦ રૂપીઆ સુધીના દંડની સજા કરવામાં આવશે.

જે સખસ પરવાનગી વિરૂદ્ધ બીજી રીતે ફ્લાંજ્જ પૈંડાવાલી ગાડીનો ઉપયોગ કરશે તો તેને ૨૦૦ રૂપીઆ સુધી દંડની સજા થશે.

જે સખસ ટ્રામવેની ગાડીમાં મુસાફરી કરતાં, અથવા મુસાફરી કર્યા પછી, ટોલ (ભાડું) આપશે નહીં, અથવા અમુક અંતર સુધીનું ભાડું આપ્યા પછી તે અંતરની પેલી તરફ જાણી બુજીને જશે, અને વધારાના અંતરને માટે વધારાનું ભાડું આપશે નહીં, અથવા જે અંતર અથવા સ્ટેશન સુધીનું ભાડું આપ્યું હશે તે જગા સુધી આવી પોહોંચ્યા પછી તે ગાડી છોડવાની ના કેહેશે,–તો તેને દસ રૂપીઆ સુધી દંડની સજા થશે.

ઉપર મુજબ ગુન્હા કરનારે નામ ઠામ, માગે કે તુરત આપવું જોઇએ. ન આપે તો તેને પકડીને નજદીકના પોલીસ થાણામાં મોકલવાનો અધિકાર દરેક ટ્રામવેના નોકરને છે. ખરૂં નામ ઠામ નક્કી થાય તો મેજીસ્ટ્રેટની રૂબરૂ હાજર થવાનો મુચલકો લખી લઈ તેને છોડી દેવો.

જે સખસ, નોટીસ આપ્યા વગર, ભયકારક, અથવા ત્રાસદાયક પ્રકારનો માલ ટ્રામવે મારફત લઈ જશે, અથવા મોકલશે તો તેને પચાસ રૂપીઆ સુધી દંડની સજા થશે.

પોસ્ટ ઓફીસ બાબત.

(સને ૧૮૮૯નો આકટ ૧૪મો—ઈન્ડીઆ)

પોસ્ટની મારફત પત્રો લાવવા લઈ જવાનો તથા પોહોંચાડવાનો ખાસ હક એકલા ઈન્ડીઆ સરકારને છે. પરંતુ એ હકમાંથી નીચેના પત્રો બાતલ કર્યાં છે.

૧—મજુરી અથવા ઈનામ લીધા શીવાય કોઈ ખાનગી મિત્ર પોહોંચાડે એટલા સારૂ તે મિત્ર રસ્તે જતો હોય તેની સાથે મોકલ્યાં હોય તે પત્રો.

૨—પોતાનાજ કામના ખસુસ કરીને કાસદ સાથે મોકલેલાં પત્રો.

૩—માલ અથવા બીજી જનસ જળમાર્ગે અથવા ખુશકીને રસ્તે મોકલી હોય તેજ બાબતના પત્રો, તે માલ અથવા જનસની સાથે પોહોંચાડવાના તે. આ કલમ વિરૂદ્ધ ચાલનારને દરેક પત્ર બદલ રૂ૦ ૫૦) સુધી દંડ થશે (૫, ૪૯).

પોસ્ટેજ સ્ટેમ્પ વેચનારાએ કેવી રીતે ચાલવું તે બાબત કાનુન કરવાનો અધીકાર ઈન્ડીઆ સરકારને છે. એવી કોઈ કાનુન તોડનારને રૂ૦ ૨૦૦) સુધી દંડ થશે (૩૯).

સ્ટેમ્પ વેચનારે, કોઈ માણસ માગે તેટલાં અને તેવા પ્રકારના સ્ટેમ્પ તુરત આપવા જોઈએ. એમ કરવામાં કસુર કરે તો રૂ૦ ૧૦૦) સુધી દંડ થશે (૪૦).

સ્ટેમ્પ વેચનાર સ્ટેમ્પ ઉપર લાગેલી કીંમત કરતા વત્તી કીંમત લેશે તો તે છ મહીના સુધી કેદની સજાને પાત્ર થશે અને વધારે લીધેલા પૈસા ખરીદદારને પાછા આપવા પડશે (૪૧).

બંદુકના દારૂ સરખો ફુટનારો, અથવા જોખમ પોહોંચાડનારો બીજો એવો પદાર્થ જે કોઈ પોસ્ટની મારફત મોકલશે તેને રૂ૦ ૨૦૦) સુધી દંડ થશે (૪૨).

ખાનગી પત્ર, **સરકારી** છે એવું બહાનું કરીને જે કોઈ જાણી જોઇને પોસ્ટ મારફત મોકલશે તેને રૂ૦ ૫૦૦) સુધી દંડ થશે (૪૩).

મેઇલ (ટપાલ) લઈ જનાર કાસદને અટકાવવાનો કોઇને અધિકાર નથી. તેમ છતાં જે કોઈ અટકાવશે તેને રૂ૦ ૫૦૦) સુધી દંડ થશે (૪૪).

પત્રો વીગેરે ભૂલથી પોહોંચાડયા હોય તે જે કોઈ કપટથી રાખી મુકશે, સંતાડશે અથવા બહારવાટ કરશે, અથવા પોસ્ટ ઓફીસનો અમલદાર માગે ત્યારે પાછો આપવાની ના કહેશે તેને એક વરસ સુધીની કેદની સજા થશે (૪૫).

જે માણુસ "કલબ્ડ પાકેટ"માં બીડીને પત્રો પોસ્ટ મારફત રવાના કરશે તેને દરેક પત્ર બદલ રૂ૦ ૫૦) સુધી દંડ થશે (૪૬).

"કલબ્ડ પાકેટ" (એકઠા કરેલા પત્રોનો લખોટો) એટલે લોકોના પત્ર એકઠા કરીને પોતાનો આડતીઓ તે લખોટામાંના પત્રો એક કરતાં વધારે માણસોને પોહોંચાડે એવી મતલબથી પોસ્ટ ઓફીસમાં મોકલ્યો હોય તે. મેલ લઈ જવા સારૂ તથા પોહોંચાડવા સારૂ રાખેલા માણસો પોતાના કામમાં કસુર કરશે તો રૂ૦ ૫૦) સુધી દંડ થશે. નહીં પોહોંચાડેલો પત્ર ૨૪ કલાકની અંદર પોસ્ટ માસ્તરને પાછો આપવો જોઇએ ને તેમ કરવામાં કંઈ ખોટી હકીકત જાહેર કરશે તો રૂ૦ ૫૦) સુધી દંડ થશે (૪૭).

પોસ્ટ ઓફીસમાં ચાકરીએ રાખેલા માણસો પત્રો વીગેરે ચોરશે, સંતાડશે, નાશ કરશે, અથવા ફેંકી દેશે તો તેને સાત વરસ સુધી કેદની સજા થશે (૪૮). પત્ર અથવા જણુસનું જે હાંસલ યોગ્ય રીતે લેવું જોઇએ તે ઉપરાંત બીજા પૈસા જાણી જોઇને માગશે અથવા લેશે, અથવા વપરાયલો સ્ટેમ્પ વળગાડશે, અથવા કપટથી પત્રો વીગેરે ઉપરના ચીન્હો બદલશે તો બે વરસ સુધી કેદની સજા થશે (૪૯). કપટના ઈરાદાથી ખોટો દસ્તાવેજ તૈયાર કરશે, અથવા ફેરવશે, અથવા છુપાવશે, અથવા નાશ કરશે તો બે વરસ સુધીની કેદની સજા થશે (૫૦). સ્ટેમ્પ ચોહોડયા વગરના પત્ર અથવા જણુસ સરકારનું હાંસલ ડુબાવવાના ઈરાદાથી પોસ્ટની મારફત મોકલશે, અથવા મેલની થેલીમાં કે પેટીમાં ઘાલશે તો બે વરસ સુધીની કેદની સજા થશે (૫૧). ગુન્હા કરવામાં જે માણુસ મદદ કરશે અથવા છુપાવશે તેને પીનલકોડ મુજબ સજા થશે (૫૨).

વેપારના માલ ઉપર દગલબાજીથી નિશાણીઓ કરવા બાબત.

(સન ૧૮૮૯નો આકટ ૪થો—ઇન્ડીઆ)

હેતુ—વેપારના માલ ઉપર ખોટી નિશાણીઓથી થતી દગલબાજી અટકાવવાનો મૂળ હેતુ છે.

૨. આ આકટમાં, વિષય ઉપરથી અથવા આગલા પાછલા સંબંધ ઉપરથી બાધ આવતો નહિ હશે તો.—

(૧) "વેપારની નિશાની" આ શબ્દોનો અર્થ, આ આકટથી સુધાર્યા પ્રમાણેની ઇંડિયન પિનલકોડની કલમ ૪૭૮માં તે શબ્દોનો જે અર્થ થાય છે તેજ છે એમ સમજવું.

(૨) "વેપારના માલનું વર્ણન" આ શબ્દોનો અર્થ, નિચે લખેલી બાબતો સંબંધી પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતનું કંઈપણ વર્ણન, મજકુર અથવા બીજું સૂચક ચિન્હ, એવો સમજવો:—

(અ) કોઈપણ માલના નંબર, પરિમાણ, માપ, ગોજ (માપ) અથવા વજન સંબંધી, અથવા

(બ) જે જગ્યા અથવા પ્રદેશમાં અથવા જે વખતે કોઈપણ માલ બનાવેલો અથવા ઉત્પન્ન કરેલો હોય તે જગ્યા અથવા પ્રદેશ અથવા તે વખત સંબંધી, અથવા

(ક) કોઈપણ માલ બનાવવાની અથવા ઉત્પન્ન કરવાની રીત સંબંધી, અથવા

(ડ) જે ચીજનો કોઈપણ માલ બનાવવામાં આવ્યો હોય તે ચીજ સંબંધી અથવા.

(ઇ) જે કોઈપણ માલ બાબત વિદ્યમાન પેટંટ, અનન્યગ્રાહ્યાધિકાર અથવા કોપીરાઈટ હોય તે માલ સંબંધી;

અને જ્યારે કોઈપણ વપરાતા આંકડા, શબ્દ અથવા નિશાણી વેપારની રૂઢી મુજબ, ઉપર કહેલી બાબતો પૈકી કોઈપણ બાબતના સૂચક ચિન્હ તરીકે સામાન્ય રીતે ગણાતી હોય ત્યારે તે આ આકટના અર્થ મુજબ વેપારના માલનું વર્ણન છે એમ સમજવું.

(૩) "વેપારના માલનું ખોટું વર્ણન" એટલે જે માલને વિશે વર્ણન કરવામાં આવ્યું હોય તે માલના સંબંધમાં મુદ્દાની બાબતમાં ખોટું હોય એવું વેપારના માલનું વર્ણન સમજવું, અને વેપારના માલના વર્ણનમાં ઉમેરો કરીને અથવા તેમાંથી કાંઈ કાઢી નાંખીને અથવા બીજું કાંઈ કરીને જે ફેરફાર કર્યો હોય અને જેથી તે વેપારના

માલનું વર્ણન મુદ્દાની બાબતમાં ખોટું થતું હોય તેવા પ્રત્યેક ફેરફારનો સદરહુ ઉપલી સંજ્ઞામાં સમાસ થાય છે એમ સમજવું; અને કોઈ વેપારના માલનું વર્ણન વેપારની નિશાણી અથવા વેપારની નિશાણીના અંશ રૂપે હોય તો તે હકીકતથી તે વર્ણન આ આકટના અર્થ પ્રમાણે વેપારના માલનું ખોટું વર્ણન કરવામાં હરકત આવશે નહીં.

(૪) "માલ" એ શબ્દોનો અર્થ વેપારની જનસ અથવા તૈયાર કરેલી કંઈ જનસ થાય છે.

(૫) "નામ" એ શબ્દમાં નામના કોઈપણ સંક્ષેપ રૂપનો સમાસ થાય છે.

"ઈન્ડીયન પિનલ કોડનો સુધારો."

૩. ઇંડીયન પિનલ કોડના બાબ ૧૮–કલમ ૪૭૮–૪૮૯ સુધી જેમાં વેપારની તથા મિલકતની નિશાણીઓ બાબતના ઠરાવ છે તે પિનલકોડમાં દાખલ કરવામાં આવ્યા છે. જુઓ પત્રક.

"વેપારના માલનું વર્ણન."

૪. (૧) જે કારીગરે વાસ્તવીક રીતે અમુક માલ બનાવ્યો હોય અથવા જેની વેપારની જનસ હોય તે શિવાયના બીજા કારીગરે સદરહુ માલ બનાવ્યો છે અથવા તેના વેપારની જનસ છે એમ લોકોને માનવાનું જેથી યોગ્ય કારણ મળે એવા કોઈ પણ આંકડા શબ્દ અથવા નિશાણી અથવા તેવા આંકડા વીગેરેની બીજી કંઈ રચના અથવા જોડકાં (તેની અંદર વેપારની નિશાણીનો સમાસ થતો હોય અથવા ન થતો હોય) તે માલ ઉપર કરવાના કૃત્યને તથા ઉપર કહેલા પ્રકારના આંકડા શબ્દ અથવા નિશાણી અથવા તેવા આંકડા વીગેરેની બીજી કંઈ રચના અથવા જોડકાં જે માલ ઉપર કરવામાં આવ્યા હોય તે માલને માલ ઉપર વેપારના માલનું ખોટું વર્ણન કરવા સંબંધીના અથવા જે માલ ઉપર વેપારના માલનું ખોટું વર્ણન કરવામાં આવ્યું હોય તે માલ સંબંધીના આ આકટના ઠરાવો લાગુ પડશે એમ સમજવું.

(૨) કોઈપણ સખસનું ખોટું નામ અથવા તેના નામના ખોટા આદ્યાક્ષર માલ ઉપર બતાવવાના કૃત્યને તથા કોઈપણ સખસનું ખોટું નામ અથવા તેના નામના ખોટા આદ્યાક્ષર બતાવેલા માલને, જાણે કે આવું નામ અથવા આદ્યાક્ષર વેપારના માલનું વર્ણન હોય તેવી રીતે, માલ ઉપર વેપારના માલનું ખોટું વર્ણન કરવા સંબંધીના અથવા જે માલ ઉપર વેપારના માલનું ખોટું વર્ણન કરવામાં આવ્યું હોય તે માલ સંબંધીના આ આકટના ઠરાવો લાગુ પડશે અને આ કાયદાના કારણ સારૂ, ખોટું નામ અથવા નામના ખોટા આદ્યાક્ષર કાંઈપણ માલ ઉપર બતાવવામાં આવે ત્યારે, તે શબ્દનો અર્થ નિચે પ્રમાણે થાય છે, એટલે:—

(અ) વેપારની નિશાણી ન હોય અથવા વેપારની નિશાણીનો કંઈ ભાગ ન હોય, એવું નામ અથવા નામના આદ્યાક્ષર, અને

(બ) જે કોઈપણ શખસ તેવીજ જાતના માલનો વેપાર કરતો હોય અને જેણે પોતાનું નામ અથવા પોતાના નામના આદ્યાક્ષર વાપરવાનો અધિકાર આપ્યો નહિ હોય તે સખસના નામ અથવા તેના નામના આદ્યાક્ષર જેવાજ અથવા તેની દેખાઈતી આબેહુબ નકલ હોય એવું નામ અથવા નામના આદ્યાક્ષર.

(૩) કોઈ માલ ઉપર કરેલા વેપારના માલના વર્ણન ઉપરથી એમ દેખાય અથવા એવો તેનો અર્થ થાય કે તે માલમાં જેટલા ઠરાવેલા યાર્ડ, ઠરાવેલા ફીટ અથવા ઠરાવેલા ઈન્ચ હોય તે કરતાં વધારે યાર્ડ, ફીટ અથવા ઈન્ચ તેમાં છે તો તે વેપારના માલના વર્ણનને વેપારના માલનું ખોટું વર્ણન કહેવું.

૫. (૧) જે માણસ

(અ) વેપારના માલનું વર્ણન માલ ઉપરજ કરે, અથવા

(બ) માલ જે કોઈ પણ આચ્છાદન, લેબલ, રીલ અથવા બીજી વસ્તુમાં ઘાલીને અથવા જે સહીત વેચવામાં આવતો હોય અથવા વેચવા સારૂ અથવા વેપારના અથવા તેમાંથી બીજી જનસ તૈયાર કરવાના કોઈપણ કારણ સારૂ માંડી મુકવામાં આવતો હોય અથવા કબજામાં હોય તે આચ્છાદન, લેબલ, રીલ અથવા વસ્તુ ઉપર વેપારના માલનું વર્ણન કરે, અથવા

(ક) જે કોઈપણ માલ વેચવામાં આવતો હોય અથવા વેચવા સારૂ અથવા વેપારના અથવા તેમાંથી બીજી જનસ તૈયાર કરવાના કોઈ પણ કારણ સારૂ માંડી મુકવામાં આવતો હોય અથવા કબજામાં હોય તે માલ જે કોઈ પણ આચ્છાદન, લેબલ, રીલ અથવા બીજી વસ્તુ ઉપર વેપારના માલનું વર્ણન કરવામાં આવ્યું હોય તે આચ્છાદન, લેબલ, રીલ અથવા વસ્તુમાં ઘાલે, તે સુધાંત બાંધે, અથવા તે માલ ઉપર તે ચોહોડે, અથવા

(ડ) વેપારના માલના વર્ણનનો એવી રીતે ઉપયોગ કરે કે જે માલના સંબંધમાં તેનો ઉપયોગ કર્યો હોય તે એવા વર્ણનથી ઓળખાય છે અથવા તેની એવી રીતે વ્યાખ્યા કરવામાં આવે છે તે માલનું નામ અથવા વર્ણન તે વર્ણનમાં કહેલું છે એમ લોકો વાસ્તવીક રીતે સમજે તો તે માણસ માલ ઉપર વેપારના માલનું વર્ણન કરે છે એમ ગણવું.

(૨) માલમાં અથવા કોઈ પણ આચ્છાદન, લેબલ, રીલ અથવા બીજી વસ્તુમાં વેપારના માલનું વર્ણન કર્યું હોય, છાપ્યું હોય, અથવા બીજી રીતે ભર્યું હોય અથવા તેની સાથે જોડયું હોય અથવા ચોહોડયું હોય તો વેપારના માલનું વર્ણન કર્યું છે એમ ગણવું.

(૩) "આચ્છાદન" આ શબ્દમાં કોઈપણ દટ્ટો, પીપ, બાટલી, પાત્ર, ડબ્બી, ઢાંકણું, ધાતુની ટોપી, પેટી, ખોખું અથવા બાંધણનો સમાસ થાય છે, અને "લેબલ" આ શબ્દમાં પટી અથવા ટીકીટનો સમાસ થાય છે

૬. જો કોઈ માણસ માલ ઉપર વેપારના માલનું ખોટું વર્ણન કરે તો તે માણસને, આ આકટના ઠરાવોને અનુસરીને, અને દગલબાજી કરવાના ઈરાદાથી તેમ કર્યું નથી એમ તે સાબિત ન કરે તો ત્રણ મહિનાની મુદત સુધીની કેદની, અથવા બસેં રૂપીયા સુધીના દંડની શિક્ષા કરવામાં આવશે; અને બીજી વખત અથવા ત્યાર પછી કોઈ પણ વખતે તેના ઉપર ગુન્હો સાબિત થશે તો તેને એક વર્ષની મુદત સુધીની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

૭. જો કોઈ માણસ જે કાંઈ માલ ઉપર અથવા પદાર્થ ઉપર વેપારના માલનું ખોટું વર્ણન કરવામાં આવ્યું હોય તે માલ અથવા પદાર્થ વેચે અથવા વેચવા સારૂ અથવા વેપારના અથવા તેમાંથી બીજી જનસ તૈયાર કરવાના કંઈ પણ કારણ સારૂ માંડી મેલે અથવા કબજામાં રાખે તો તે માણસને ત્રણ મહિનાની મુદત સુધીની કેદની, અથવા ૨૦૦ રૂપીયા સુધીના દંડની શિક્ષા કરવામાં આવશે, અને બીજી વખત અથવા ત્યાર પછી કોઇ પણ વખતે તેના ઉપર ગુન્હો સાબિત થશે તો તેને એક વર્ષની મુદત સુધીની કેદની, અથવા દંડની અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે; માત્ર,

(અ) આ કલમ વિરૂદ્ધ ગુન્હો નહિ કરવા બાબત સઘળા પુર્વોપાય લીધા પછી જે ગુન્હો કર્યાનું તહોમત આવ્યું છે તે ગુન્હો કરતી વખતે વેપારના માલના વર્ણન બાબતના ખરાપણા વિશે વહેમ લાવવાને મને કંઈપણ કારણ ન હોતું, અને

(બ) જે માણસો પાસેથી આવો માલ અથવા પદાર્થ મને મળ્યો તે માણસો સંબંધી મારી પોતાની યથાશક્તિ પ્રમાણે સઘળી હકીકત ફરિયાદીએ અથવા તેના તરફથી બીજા કોઇએ પુછી એટલે આપી હતી, અથવા

(ક) બીજી બધી રીતે હું પોતે નિષ્કપટથી ચાલ્યો હતો

એમ કોઈ માણસ સાબીત કરી આપશે તો તે સદરહુ શિક્ષાને પાત્ર થશે નહિ.

"નિશાણી તથા વર્ણન સંબંધીના કાયદા ઈરાદા વગર તોડવા બાબત."

૮. કંઈપણ માલ, મિલકત અથવા બારદાન ઉપર પ્રસંગ પ્રમાણે ઈન્ડીયન પિનલ કોડની કલમ ૪૮૦ અથવા ૪૮૧માં કહેલી રીતે નિશાણી કોઈ માણસે કરી હોય તે સબબથી વેપારની ખોટી નિશાણી અથવા મિલકતની ખોટી નિશાણી વાપરવાનો તે માણસ ઉપર સદરહુ કોડની કલમ ૪૮૨ મુજબ, અથવા વેપારના માલનું કાંઈ ખોટું વર્ણન માલ ઉપર કરવા બાબત આકટની કલમ ૬ મુજબ, અથવા વેપારની નિશાણી અગર મિલકતની નિશાણી ખોટી બનાવવાના કારણ સારૂ કાંઈ છાપ, પત્રું અથવા બીજા કાંઈ હથિયાર બનાવવા બાબત ઈન્ડીયન પિનલ કોડની કલમ ૪૮૫ મુજબ તોહમત હોય અને નિચે લખ્યા પ્રમાણે તે સાબીત કરી આપે તે પ્રસંગે તેના ઉપરનો ગુન્હો નાસાબિત થયાનો ઠરાવ કરવામાં આવશે, એટલે:—

(અ) વેપારની નિશાણીઓ અથવા મિલકતની નિશાણીઓ અથવા વેપારના માલનું વર્ણન કરવાને, અથવા વેપારની નિશાણી અથવા મિલકતની નિશાણી કરવા સારૂ અથવા તે બનાવવા માટે ઉપયોગમાં આવે તે સારૂ છાપ, પત્રું અથવા બીજું કંઈ હથીયાર, જેમ હોય તેમ, કરવાને મને મારા ધંધાના નિત્ય ક્રમ પ્રમાણે બીજા માણસે કામે લગાડયો છે, અને મારા ઉપર આવેલા તોહમતની બાબતમાં એવાજ કામ માટે મને કામે લગાડેલો હોવાથી તે માલ તથા બીજો પદાર્થ વેચવાથી થતા નફામાં અથવા દલાલીમાં મારો હિત સંબંધ નથી, અને

(બ) જે ગુન્હો કર્યાનું તોહમત આવ્યું છે તે નહિ કરવા માટે મેં યોગ્ય પૂર્વોપાય લીધા હતા, અને

(ક) જે ગુન્હો કર્યાનું તોહમત આવ્યું છે તે ગુન્હો કરતી વખતે નિશાણી અથવા વર્ણનના ખરાપણા વિશે વહેમ લાવવાને મને કંઈપણ કારણ નહોતું, અને

(ડ) જે માણસોના તરફથી નિશાણી અથવા વર્ણન કરવામાં આવ્યું હોય તે માણસો સંબંધી મેં મારી યથાશકિત પ્રમાણે સઘળી હકીકત ફરિયાદી અથવા તેના તરફથી બીજા કોઈએ પુછી તે વખતે આપી હતી.

"માલ સરકાર દાખલ કરવા બાબત."

૯. વેપારની ખોટી નિશાણીનો ઉપયોગ કરવા સારૂ ઈન્ડયન પિનલ કોડની કલમ ૪૮૨ મુજબ અથવા વેપારની ખોટી બનાવેલી નિશાણી કરી હોય એવો કંઈપણ માલ અથવા પદાર્થ વેચવા સારૂ અથવા વેચવા માટે અથવા વેપારના અથવા તેમાંથી

બીજી જનસ તૈયાર કરવાના કોઈપણ કારણ માટે માંડી મુકવા સારૂ અથવા કબજામાં રાખવા સારૂ તે કોડની કલમ ૪૮૬ મુજબ, અથવા ખોટી નિશાણી કરવા સારૂ અથવા તેનો ઉપયોગ કરવા સારૂ તે કોડની કલમ ૪૮૭ અથવા ૪૮૮ મુજબ અથવા માલ ઉપર વેપારના માલનું ખોટું વર્ણન કરવા સારૂ, અથવા વેપારના માલનું ખોટું વર્ણન કરવામાં આવ્યું હોય એવો કંઈપણ માલ અથવા પદાર્થ વેચવા સારૂ, અથવા વેચવા માટે અથવા વેપારના અથવા તેમાંથી બીજી જનસ તૈયાર કરવાના કોઈપણ કારણ માટે માંડી મુકવા સારૂ અથવા કબજામાં રાખવા સારૂ આકટની કલમ ૬ અગર ૭ મુજબ જ્યારે કોઈ માણસ ઉપર ગુન્હો સાબિત થયાનો ઠરાવ થયો હોય અથવા ઈન્ડિયન પિનલ કોડની કલમ ૪૮૬ અથવા આ આકટની કલમ ૭ અથવા ૮ માં કહેલી બાબત અથવા બાબતોની સાબિતીથી તેના ઉપરનો ગુન્હો નાસાબિત થયાનો ઠરાવ થયો હોય ત્યારે તેના ઉપર ગુન્હો સાબિત અથવા નાસાબિત થયાનો ઠરાવ કરનારી કોર્ટ, જે માલ તથા પદાર્થથી અથવા જેના સંબંધમાં ગુન્હો થયો હોય, અથવા ઉપર કહ્યા પ્રમાણેની સાબિતી ન થાત તો ગુન્હો થયો હોત તે સઘળો માલ તથા પદાર્થ રાણી સરકારમાં દાખલ થશે એમ ફરમાવવાને મુખત્યાર છે.

(૨) ગુન્હો સાબિત થયાનો ઠરાવ થયેથી માલ અથવા પદાર્થ સરકાર દાખલ થવાનો હુકમ થયો હોય અને સદરહુ ઠરાવ સામે અપીલ ચાલી શકે એમ હોય તો સદરહુ હુકમ સામે પણ અપીલ ચાલશે એમ સમજવું.

(૩) ગુન્હો નાસાબિત થયાનો ઠરાવ થયેથી માલ અથવા પદાર્થ સરકાર દાખલ થવાનો હુકમ થયો હોય અને તેવા માલ અથવા પદાર્થની કીંમત ૫૦ રૂપિયા કરતાં વધારે હોય ત્યારે, એવી રીતે હુકમ કરનારી કોર્ટે કરેલા શિક્ષાના હુકમ ઉપર અપીલ ચાલી શકે એવા મુકદમાની અંદર જે કોર્ટમાં અપીલ ચાલી શકતી હોય તે કોર્ટમાં ઉપર કહેલા હુકમની તારીખથી ૩૦ દીવસની અંદર સદરહુ હુકમ ઉપર અપીલ કરવાનો અધિકાર છે.

"સને ૧૮૭૮ના જળમાર્ગની કસ્ટમના આકટનો સુધારો."

૧૦. (૧) સને ૧૮૭૮ના જળમાર્ગની કસ્ટમના આકટની કલમ ૧૮ની રકમ (ડ) ને બદલે નિચે લખેલી રકમો દાખલ કરવી, એટલે :—

"(ડ) જે માલ ઉપર હિંદુસ્તાનના ફોજદારી કાયદાના અર્થ પ્રમાણે ખોટી બનાવેલી વેપારની નિશાણી કરવામાં આવી હોય, અથવા જે ઉપર સને ૧૮૮૯ ના હિંદુસ્થાનના વેપારના માલ ઉપર નિશાણીઓ કરવા સંબંધીના આકટના અર્થ પ્રમાણે વેપારના માલનું ખોટું વર્ણન કરવામાં આવ્યું હોય તે માલ.

(ઈ) યુનાઇટેડ કિંગડમની બાહાર (ગ્રેટબ્રિટનના સંયુકત રાજ્ય બાહાર) તથા બ્રિટિશ હિંદુસ્તાનની હદની બાહાર બનાવેલા અથવા ઉત્પન્ન કરેલા જે કાંઈ માલ ઉપર યુનાઈટેડ કિંગડમમાંના અથવા બ્રિટિશ હિંદુસ્તાનમાંના બનાવનાર, ધંધો કરનાર અથવા વેપાર કરનાર કોઈ પણ માણસના નામ અથવા તેની વેપારની નિશાણી હોય તે, અથવા તેવી મતલબનું નામ અથવા વેપારની નિશાણી અથવા તે નામ અથવા વેપારની નિશાણીની આબેહુબ નકલ કરેલી હોય તે માલ; પરંતુ એટલુંજ કે:—

(૧) સદરહુ છેલી પેટા કલમમાં કહેલું નામ અથવા વેપારની નિશાણી માલ ઉપર કરવામાં આવે તે દરેક પ્રસંગે તે માલ યુનાઇટેડ કિંગડમની તથા બ્રિટીશ હિંદુસ્તાનની હદની બાહારની કોઈ જગામાં બનાવ્યા અથવા ઉત્પન્ન કર્યા બદલનો સ્પષ્ટ મચકુર હોય તો, અને

(૨) તે નામ અથવા વેપારની નિશાણીનાં અક્ષર જેટલા મોટા તથા સહેજ નજરે પડી આવે એવા તથા તે નામ અથવા વેપારની નિશાણી જે ભાષામાં તથા લીપીમાં લખેલી હોય તેવી ભાષાના તથા લીપીના અક્ષરોથી સદરહુ ઉપર કહેલી નિશાણીમાં તે જગ્યા તથા જે દેશમાં તે જગ્યા આવી હોય તે દેશ બતાવ્યા હોય તો,

આવા માલ બદલ મનાઈ નથી".

(૨) પેટા કલમ (૧) મુજબ સુધાર્યા પ્રમાણે સન ૧૮૭૮ના જળમાર્ગની કસ્ટમના આકટની ૧૮મી કલમમાં હેઠળ લખેલી રકમો દાખલ કરવી, એટલે:—

(ક) "સાધારણ રીતે માપ પ્રમાણે અથવા નંગ પ્રમાણે જે કાપડ વેચાય છે તેવું હેઠળ લખ્યા પ્રમાણેનું કાપડ, એટલે—

(૧) તે કાપડના દરેક નંગ ઉપર, તે નંગ જેટલા ઠરાવેલા યાડ અથવા ઠરાવેલા યાર્ડ તથા તેવા યાર્ડના કોઈ અંશ વાસ્તવીક રીતે લાંબુ હોય તે દેખાડવા માટે અંગ્રેજી આંકડાની સહેજ નજર પડે તેવી છાપ મારી ન હોય, તથા

(૨) તે કાપડ હિંદુસ્તાનની હદ બાહાર બનાવવામાં આવ્યું હોય, અથવા

(૩) તે કાપડ હિંદુસ્તાનની હદની અંદર પણ બ્રિટિશ હિંદુસ્તાનની હદ-બાહાર એવી જગામાં બનાવેલું હોય કે તે જગા, જો બ્રિટિશ હિંદુસ્તાનમાં હોત તો, સન ૧૮૮૧ ના હિંદુસ્તાનના કારખાનાના આકટમાં વ્યાખ્યા કર્યા પ્રમાણે કારખાનું છે એમ ગણાત."

ટીકા—સન ૧૮૭૮ના જળમાર્ગની કસ્ટમના આક્ટ ૮ ની કલમ ૧૮થી તે કલમમાં કહેલો માલ બ્રિટિશ ઇન્ડીયામાં ખુશ્કીને રસ્તે અથવા જળમાર્ગને રસ્તે લાવવાની મના કરવામાં આવેલી છે તે મુજબ આ આક્ટની રકમ ૭, ઈ, તથા ફ માં બતાવેલા પ્રકારનો માલ પણ લાવવાની મના કરવામાં આવી છે.

૧૧. સને ૧૮૭૮ના જળમાર્ગની કસ્ટમના આકટની કલમ ૧૯ પછી નિચે લખેલી કલમ ઉમેરવી એટલે :—

"૧૯. અ. (૧) પ્રસંગાનુસારે કલમ ૧૮ માં બતાવ્યો હોય એવો અથવા કલમ ૧૯ મુજબ બતાવી શકાય એવો કંઇપણ માલ અટકાવી રાખ્યા પહેલાં, અથવા આ આકટ મુજબ તેને સરકાર દાખલ કરવાના ઈરાદાથી કંઈપણ વધુ તજવીજ કર્યાં પહેલાં, બાતમી સંબંધી, તારણ સંબંધી, શરતો સંબંધી અથવા બીજી કંઇ બાબત સંબંધી આ કલમ મુજબના નિયમો પ્રમાણે વર્તવાનું ફરમાવવાનો અને અંદર આણવાને મના કરેલા માલના જેવોજ તે માલ છે કે નહિ તે બાબતની આ ઠરાવો મુજબ પોતાની ખાત્રી કરવાનો અધિકાર કસ્ટમના મુખ્ય અમલદારને અથવા આ અર્થે સ્થાનિક સરકારે નિમેલા બીજા કોઈ અમલદારને છે.

(૨) જે માલ અંદર આણવાની મના હોય તે માલ અટકાવી રાખવા તથા તે સરકાર દાખલ કરવા સંબંધી અને આવીરીતે અટકાવી રાખવામાં આવે તથા સરકાર દાખલ કરવામાં આવે તે પહેલાં જે કંઈ શરતો પાળવાની હોય તે શરતો સંબંધી સાધારણ અથવા વિશેષ નિયમો ઘડવાને, અને આપવાની બાતમી, નોટીસ તથા તારણ, અને આ કલમના કોઈપણ કારણસારૂ જોઇતો પુરાવો તથા એવો પુરાવો ખરો કરી આપવાની રીત આ નિયમો ઉપરથી ઠરાવવાને નામદાર ગવર્નર જનરલ ઇન્ કોંસિલ મુખ્ત્યાર છે.

(૩) યુનાઈટેડ કિંગડમ અથવા બ્રિટીશ હિંદુસ્તાનમાંની કોઈ જગાના નામના જેવુંજ નામ અથવા તે નામની દેખાઈતી આબેહુબ નકલ કાંઈપણ માલ ઉપર હોય ત્યારે તે નામની સાથે, જે દેશમાં આવી જગા આવી હોય તે દેશનું નામ તે નામના જેવડા મોટા તથા સહેજ નજરે પડી આવે એવા અક્ષરે તથા તે નામ જે ભાષા તથા લીપીમાં લખ્યું હોય તે ભાષા તથા લીપીમાં લખવામાં આવ્યું નહીં હશે તો સદરહુ નામ જાણે કે યુનાઈટેડ કિંગડમ અથવા બ્રિટીશ હિંદુસ્તાનમાંની જગાનું નામ છે એમ કલમ ૧૮ તથા ૧૯ના કારણ સારૂ ગણવામાં આવશે.

(૪) કલમ ૧૮ અથવા કલમ ૧૯ મુજબ જે માલને અંદર આણવાની મના કરવામાં આવી હોય તે સઘળા માલને આ નિયમો લાગુ પાડવાનો અધિકાર છે; અથવા આવા માલના જુદા જુદા વર્ગ બાબત અથવા આવા માલ સંબંધીના ગુન્હાના જુદા જુદા વર્ગ બાબત જુદા જુદા નિયમો કરવાનો અધિકાર છે.

(૫) કોઇ માણુસે ખબર આપવાથી (કંઇપણુ માલ) અટકાવી રાખવાને લીધે અને આવી રીતે અટકાવી રાખ્યા પછી ચાલેલી કંઇપણુ તજવીજને લીધે થયેલું સઘળું ખર્ચ તથા નુકશાન તે ખબર આપનારે કોઈપણુ સરકારી અમલદારને તથા હીંદુસ્તાનના સેક્રેટરી આફ સ્ટેટ ઈન્ કાઉન્સીલને ભરી આપવા બાબતના ઠરાવ આ નિયમોથી કરવાનો અધિકાર છે.

(૬) આ કલમ મુજબ કરેલા સઘળા નિયમો ઈન્ડીયા ગેઝીટમાં તથા કલકત્તા, મદ્રાસ, મુંબઈ તથા બર્માના ગેઝીટમાં છાપી પ્રસીદ્ધ કરવામાં આવશે.

ટીકા—સન ૧૮૭૮ના આક્ટ ૮ ની કલમ ૧૯ નિચે મુજબ છે. કોઇ નિર્દીષ્ટ કરેલા પ્રકારનો માલ બ્રિટિશ ઇન્ડીયામાં અથવા બ્રિટિશ ઈન્ડીયાના કોઇ નિર્દીષ્ટ કરેલા ભાગમાં જળમારગે અથવા ખુસ્કીને રસ્તે લાવવાની, અથવા બ્રિટિશ ઇન્ડીયામાંથી અથવા બ્રિટિશ ઈન્ડીયાના હરકોઈ નિર્દીષ્ટ કરેલા ભાગમાંથી લઇ જવાની મના અથવા મર્યાદા કરવાનો અધિકાર ગવરનર જનરલ ઇન કાઉન્સીલને છે. સદરહુ આક્ટની કલમ ૧૮ તથા ૧૯ના ઠરાવ વિરૂધ્ધ જે માલ અંદર લાવશે અથવા બાહાર મોકલશે તે માલ સરકાર દાખલ થવાને પાત્ર થશે અને ગુન્હેગાર તે માલની કીંમતના ત્રણગણા સુધી અથવા એક હજાર રૂપીઆ સુધી દંડને પાત્ર થશે. એજ કાયદાની કલમ ૧૬૭.

૧૨. (૧) સન ૧૮૮૧ના હીંદુસ્તાનના કારખાનાના આક્ટમાં વ્યાખ્યા કર્યા પ્રમાણે જે જગ્યા કારખાનું હોય તે જગ્યામાં બનાવેલું સાધારણ રીતે માપ પ્રમાણે અથવા નંગ પ્રમાણે જે કાપડ વેચવામાં આવતું હોય તે કાપડના દરેક નંગ ઉપર તે નંગ જેટલા ઠરાવેલા યાર્ડ અથવા ઠરાવેલા યાર્ડ તથા તેવા યાર્ડના કોઈ અંશ વાસ્તવીક રીતે લાંબા હોય તે દેખાડવા માટે અંગ્રેજી આંકડાની સહેજ નજરે પડે તેવી છાપ માર્યા શીવાય તે કાપડ ઉપર કહેલી જગ્યામાંથી બાહાર લઈ જવું નહીં.

(૨) જો કોઈપણુ માણસ પેટા કલમ (૧)માં ઠરાવેલી રીત પ્રમાણે કાપડનું દરેક નંગ કેટલું લાંબુ છે તે બાબતની તેના ઉપર છાપ માર્યા શિવાય એવું કંઈપણુ કાપડ સદરહુ પ્રકારની કોઈપણુ જગ્યામાંથી બાહાર લઈ જશે, અથવા બાહાર લઈ જવાની કોશિશ કરશે તો એવું દરેક નંગ તથા તે નંગની ગાંસડી બાંધવામાં અથવા તે નંગ બાહાર લઈ જવામાં જે કંઈપણ કામમાં લીધું હશે તે રાણી સરકાર દાખલ થશે અને તે માણુસને હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષા કરવામાં આવશે.

ટીકા—સન ૧૮૮૧નો આક્ટ રદ થઇ, સન ૧૯૧૧ નો ૧૨મો ફેકટરી, એટલે કારખાના બાબતનો આક્ટ થયો છે. કારખાનું એટલે જે જગ્યાએ કાપડ તઇયાર થતું હોય તે જગ્યા. એવી જગ્યા અથવા ફેક્ટરીમાંથી, લંબાઇની છાપ માર્યા વગર, કોઇપણુ કાપડ બાહાર લઇ જવું નહીં. જે કારખાના વરાળ યંત્રથી ચાલતા હોય અથવા જેમાં યાંત્રિકશકિતનો ઉપયોગ કરવામાં આવતો હોય અથવા જેમાં એકજ વખતે પચાસ અને તેથી વધારે સખસો કામે લાગેલાં હોય તેવા કારખાનાને ફેકટરી એકટ લાગુ છે.

પૂરવણી ઠરાવો.

૧૩. બ્રિટિશ હિંદુસ્થાનમાં માલ જળમાર્ગે આણ્યો હોય તે પ્રસંગે, આ આકટના ઠરાવ વિરૂદ્ધ અથવા આ આકટ મુજબ સુધાર્યા પ્રમાણે સન ૧૮૭૮ના જળમાર્ગની કસ્ટમના આકટની ૧૮મી કલમના ઠરાવ વિરૂદ્ધ થયેલા ગુન્હા બાબતની ફરિયાદ વખતે તે માલ જે બંદરેથી ચઢાવ્યો હોય તે બંદર બાબતનો પુરાવો સદરહુ માલ કઈ જગામાં અથવા કીયા પ્રદેશમાં બનાવવામાં અથવા ઉત્પન્ન કરવામાં આવ્યો હતો તે બાબતનો પ્રથમ દર્શનિય પુરાવો છે એમ સમજવું.

૧૪. (૧) આ આકટની ૧૩મી કલમમાં કહ્યા મુજબની હરકોઈ ફરિયાદ વખતે અથવા આ આકટ મુજબ સુધાર્યા પ્રમાણે ઇન્ડિયન પિનલ કોડની જે કલમોમાં વેપારની, મિલકતની અથવા બીજી નિશાણીઓ વિશે વિવેચન કર્યું છે તે કલમો પૈકી હરકોઈ કલમ વિરૂદ્ધ થયેલા ગુન્હાની ફરિયાદ વખતે અનુક્રમે તોહમતદાર તથા ફરિયાદીએ આપેલી ખબર ઉપર તથા તેની વર્તણુક ઉપર લક્ષ આપીને ફરિયાદીએ તોહમતદારને કે તોહમતદારે ફરિયાદીને ખરચ આપવાનું ફરમાવવાનો અધિકાર કોર્ટને છે.

(૨) આવો ખરચ કોર્ટને અરજી કરેથી દંડ માફક ગણી વસૂલ કરવામાં આવશે.

૧૫. આ આકટની ૧૪મી કલમમાં કહ્યા મુજબની કોઈપણ ફરિયાદ, ગુન્હો બન્યાની તારીખ પછી તરતજ ત્રણ વર્ષની મુદત વિત્યાબાદ અથવા તે ગુન્હો બન્યાની ફરિયાદીને પહેલવહેલી ખબર પડે ત્યારપછી એક વર્ષની મુદત વિત્યાબાદ, એટલે સદરહુ મુદત પૈકી જે કોઇ મુદત પહેલી પુરી થાય ત્યારબાદ, શરૂ કરવામાં આવશે નહિ.

૧૬. (૧) ગવર્નર જનરલ ઈન્ કૌંસિલને ઇન્ડિયા ગેઝીટમાં અથવા સ્થાનિક સરકારી ગેઝીટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને આ આકટના ઠરાવો પૈકી હરકોઈ ઠરાવ અમલમાં લાવવામાં ફોજદારી કોર્ટોને પાળવા સારૂ કોઇપણ હુકમ કરવાનો અધિકાર છે.

(૨) પેટા કલમ (૧) મુજબ કરેલા હુકમની અંદર, કોઈપણ માલના સંબંધમાં, આંકડા, પરિણામ, માપ, ગાજ (માપ) અથવા વજનમાં ફરક ફોજદારી કોર્ટોએ કેટલી હદ સુધી કબૂલ કરવો એ બદલ પણ ઠરાવ કરવાનો અધિકાર છે.

૧૭. જે કોઇપણ માલ ઉપર વેપારની નિશાણી અથવા નિશાણી અથવા વેપારના માલનું વર્ણન કરવામાં આવ્યું હોય તે માલ વેચતી વખતે અથવા તેના વેચાણના કરારમાં તે નિશાણી ખરી નિશાણી છે તથા ખોટી બનાવટની નથી

અથવા ખોટી રીતે વાપરેલી નથી, અથવા તે વેપાર માલનું વર્ણન આ આકટના અર્થ મુજબ વેપારના માલનું ખોટું વર્ણન નથી, એવી ખાત્રી વેચનારે કરી આપી છે એમ સમજવું. પરંતુ વેચનારે અથવા વેચનારની વતી સહી કરેલા તથા ખરીદદારને વેચાતી આપતી વખતે તથા તેની સાથે કરાર કરતી વખતે આપેલા તથા ખરીદદારે સ્વિકારેલા કંઈપણ લખાણમાં કંઈપણ પ્રતિકુળ મચકુર હશે તો વેચનારે ખાત્રી કરી આપી છે એમ સમજવું નહિ.

૧૮. (૧) જે ફરિયાદ અથવા બીજું કાંઈ કામ, આ આકટના કોઈ પણ ઠરાવ મંજુર થયા ન હોત તો, કોઈ પણ માણસ ઉપર ચલાવી શકાત તે ફરિયાદ માંથી અથવા કામમાંથી સદરહુ માણસનો આ આકટના કોઈ પણ ઠરાવ ઉપરથી બચાવ થશે નહિ એમ સમજવું.

(૨) કોઈ પણ ફરિયાદ અથવા બીજા કામમાં પૂરેપૂરી તપાસ કરવાની અથવા પુછેલા સવાલ અથવા પ્રશ્નના જવાબ આપવાની ના પાડવાના આકટના કોઈ પણ મજકુરથી કોઈપણ માણસને હક્ક નથી એમ સમજવું; પરંતુ ૧૪ મી કલમમાં કહ્યા મુજબની કોઈપણ ફરિયાદમાં સદરહુ માણસની સામે એવી તપાસ અથવા જવાબ પૂરાવા તરીકે લેવામાં આવશે નહિ.

(૩) બ્રિટિશ હિંદુસ્થાનમાં રહેતા ધણીનો જે કોઈપણ નોકર શુદ્ધબુદ્ધીથી પોતાના ધણીના હુકમો પ્રમાણે ચાલે અને પોતાના ધણી બાબતની અથવા પોતાના ધણી તરફથી મળેલા હુકમ બાબતની ખબર ફરિયાદીએ અથવા તેના તરફથી માંગી તે વખતે તે સઘળી આપી હોય તે નોકર ઉપર કંઈપણ ફરિયાદ મંડાય અથવા તેને શિક્ષા થાય એવો આ આકટના કોઈપણ મજકુરનો અર્થ થાય છે એમ સમજવું નહિ.

હંગામી ઠરાવ.

૧૯. આ આકટ મુજબ સુધાર્યા પ્રમાણે સન ૧૮૭૮ના જળમાર્ગની કસ્ટમના આકટની ૧૮ મી કલમની રકમ (ફ) માં વર્ણવેલું કાપડ બ્રિટિશ હિંદુસ્તાનમાં લાવવા બાબતની મનાઈ કરી છે તે સન ૧૮૮૯ ના આગષ્ટ મહિનાની ૧ લી તારીખ સુધી અમલમાં આવશે નહિ, તથા સન ૧૮૮૯ ના એપ્રીલ મહિનાની ૧ લી તારીખ પહેલા કોઈ કારખાનામાં ગાંસડીમાં બાંધેલા કાપડ સંબંધી ૧૨ મી કલમના ઠરાવો સન ૧૮૮૯ ના જુલાઈ મહિનાની ૧ લી તારીખ સુધી મુલતવી રહેશે.

મીઠાં બાબત.

(સને ૧૮૯૦નો આકટ ૨ જો—મુંબઈ)

પરવાના વગર કોઈથી મીઠું પકવી શકાય નહીં, તેમ કુદરતી એટલે એની મેળે પાકેલું મીઠ પણ કોઈથી એકઠું કરી લઈ શકાય નહીં (૧૧). એ વિરૂદ્ધ ચાલનારને રૂ૦ ૫૦૦ સુધી દંડ અથવા છ મહીના સુધી કેદની સજા અથવા એ બેહુ સજા થઈ શકે છે (૪૭). ગેરકાયદે મીઠ પકવવાની વાત તેમજ કુદરતી મીઠ એકઠું કરવાની વાત, જાણવામાં આવે કે ત્રણ દીવસની અંદર ગામના અમલદારોએ મેજીસ્ટ્રેટને અગર તાલુકાના ફોજદારને જાહેર કરવી (૧૫). ગામના દરેક અમલદારની, પોલીસ, કસ્ટમ, અફીણ, આબકારી અને જંગલ તેમજ રેવન્યુ ખાતાના અમલદારોની ફરજ છે કે આ કાયદા વિરૂદ્ધ ગુન્હાની ખબર મીઠ ખાતાના અધિકારી સરકારકુન કે દરોગાને આપવી, ગુન્હા થતા અટકાવવા, અને મીઠ ખાતાના અમલદારોને મદદ કરવી (૪૧). આ બેહુ કલમ વિરૂદ્ધ ગુન્હો કરનારને રૂ૦ ૫૦૦ સુધી દંડની સજા થશે (૪૮). આ કાયદા વિરૂદ્ધ ગુન્હાઓ કોગની-ઝબલ એટલે પોલીસ અખત્યારી છે માટે ફોજદાર આગળ એવી ફરીઆદ થયેથી, અગર મીઠ ખાતાના અમલદાર તોહુમતદારને રજુ કરેથી તે પ્રમાણે તપાસ ફોજ-દારે કરવી (૪૫). દેશી રાજ્ય કે પરરાજ્યનું મીઠ અંગ્રેજ સરકારની હદમાં લાવવું નહીં. લાવે તો અગર કબજામાં કોઈ રાખે તો રૂ૦ ૫૦૦ સુધી દંડ, અથવા છ મહીના સુધી કેદ, અથવા એ બેહુ સજા થશે (૪૭).

ડીસ્ટ્રીકટ પોલીસ બાબત.

(સને ૧૮૯૦નો આકટ ૪થો—મુંબઈ)

"પોલીસ અમલદાર" એટલે આ આકટ પ્રમાણે નીમાયલો પોલીસ ફોજ-માંનો કોઇપણ સખસ.

"કોનસ્ટેબલ" એટલે સહુથી હલકા દરજ્જાનો પોલીસ અમલદાર.

દરેક પોલીસ અમલદારને નોકરીમાં દાખલ થતાંની સાથે ડીસ્ટ્રીકટ મેજી-સ્ટ્રેટના શીક્કાવાળું ઠરેલા નમુના મુજબ એક સરટીફીકેટ આપવામાં આવે છે. એ સરટીફીકેટ મલ્યું એટલે તેને પોલીસ અમલદારના અખત્યાર, ફરજ, હક તથા જવાબદારી પ્રાપ્ત થાય છે. કંઈપણ કારણુસર પોલીસમાંથી નિકળી જાય એટલે તે સરટીફીકેટ રદ બાતલ થાય છે (૧૧).

"સ્પેશીઅલ પોલીસ" કોઇ કસ્બામાં, ગામમાં કે જગ્યાએ ગેરકાયદે મંડળી, હંગામો કે હુલ્લડ થવાની ધાસ્તી હોય અને લોકોની સમાધાની જાળવી

શકે એટલા પોલીસના માણસો ત્યાં ન હોય તો, ફોજદારે તે કસ્બા, ગામ કે જગ્યા જે સેકન્ડ કલાસ મેજીસ્ટ્રેટની હકુમતમાં હોય તેને અરજ કરવી, એટલે તે મેજીસ્ટ્રેટ કામ પુરતા "ખાસ" પોલીસ અમલદાર પોતાના લેખી હુકમથી નીમશે (૨૧).

કોઈપણ સખસ સુલેહ જાળવવાને અથવા પોલીસની બીજી ફરજ બજાવવાને પોલીસ અમલદારની નોકરીને માટે અરજ કરી શકે. પગાર વગેરે અરજદારને આપવું પડશે (૨૨).

પોલીસ અમલદાર પોતાની ફરજ બજાવવામાં ઘાતકીપણું કરે, આડાઈ કરે, અથવા આળસ કે કસુર કરે તો તેને ખાતાની રૂએ નોકરીમાંથી દુર કરી શકાય છે (૨૯).

પોતાની રૂબરૂમાં, જે કોઈ કોન્સ્ટેબલ (હેડ કોન્સ્ટેબલ નહિ) પોતાનું અપમાન કરે અથવા હુકમ ન માને તો પોલીસ સુપરીનટેન્ડન્ટ તેવા કોનસ્ટેબલને ત્રણ દિવસ સુધી કેદ કરી શકે છે (૩૧).

જે ઠેકાણા માટે પોલીસ અમલદારને નીમ્યો હોય તે ઠેકાણે તે હંમેશ રાત દહાડો નોકરી ઉપરજ છે એમ સમજવું (૩૨).

પોલીસ અમલદારથી વેપાર, ધંધો, કે બીજી નોકરી થઈ શકે નહીં. ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટની અગાઉથી મંજુરી મેળવ્યા વગર જમીન વેચાતી લઈ શકાય નહીં. રજા ઉપર હોય તે દરમીઆન પણ વેપાર, ધંધો, કે નોકરી થઈ શકે નહીં (૩૩).

"નોકરી કયારે છોડાય ?" બે મહીના અગાઉ લેખી નોટીસ પોલીસ સુપરીનટેન્ડન્ટને આપવી જોઈએ અને પોલીસ ફંડનું કે સરકારનું જે કાંઈ લેણું નિકળતું હોય તે આપી દેવું જોઈએ; પણ શારીરીક કે માનસીક નાલાયકીનું સરટીફીકેટ સીવીલ સરજનનું કોઈ અમલદાર રજુ કરે તો તેને નોટીસ આપવાની જરૂર નથી. નોટીસ આપ્યા વગર નોકરી છોડે, નઠારી વર્તણુક રાખે, બાયલાપણું કરે, વેપાર ધંધો કરે તો ચહેડેલો બધો પગાર ખાલસા થાય, વળી ત્રણ માસ સુધી કેદની કે રૂા૦ ૧૦૦) સુધી દંડની કે બેહુ સજાને પાત્ર થાય (૩૩, ૩૯).

નોકરી છોડતી વખતે, સરટીફીકેટ, હથીયાર, ડ્રેસ વીગેરે જે ચીજ તેને સરકારથી મળી હોય તે પાછી સોંપી દેવી જોઈએ.

રમતગમતની જાહેર જગાઓમાં તેમજ મીટીંગોમાં, તોફાન અટકાવવા, કાયદાનું ઉલંઘન થતું અટકાવવા, અથવા એકઠા થયલા લોકોને તાતકાલીક થતી હાની અટકાવવા કોનસ્ટેબલથી ઉંચા દરજ્જાના અમલદારે હાજર રહી, લોકોને જવા આવવાને, તથા મંડલીનું કામ કાયદેસર થાય એટલા સારૂ વાજબી હુકમ કરવા અધિકાર છે (૪૭). એ અધિકાર કોનસ્ટેબલને નથી.

"પોલીસ અમલદાર તરીકે ફરજ" (૧) યોગ્ય અધીકારીએ કહાડેલા વારંટ, અથવા હુકમ બજાવવા. (૨) કોગ્નીઝબલ ગુન્હા વિશે, અથવા એવા ગુન્હાની ધારણા વિશે બાતમી મેળવવી, ગુન્હેગારોને નશીઅતે પોહોંચાડવાની યોગ્ય તજવીજ કરવી, અને ગુન્હા થતા અટકે એવી તજવીજ કરવી. (૩) લોકાપકારક કૃત્ય (ગંદકી) થતાં અટકાવવાં. (૪) જે સખસોને પકડવાને અધિકાર હોય તેવાને પકડવા. (૫) ફરજ બજાવવામાં એક બીજાને મદદ કરવી. (૬) બીજા કાયદાની રૂએ જે ફરજ હોય તે બજાવવી.

ઉપર કહેલી કોઈપણ ફરજ બજાવવા સારૂ, વગર વારંટે જાહેર જગાઓમાં, પીઠાંઓમાં, અથવા કેફી વસ્તુ વેચવાની દુકાનોમાં પેસવાનો અધિકાર દરેક પોલીસ અમલદારને છે. વળી કોઈ સખસ પાસે, જાહેર જગામાં અગર રસ્તામાં, ચોરીની મિલકત છે એવો શક જાય તો તેવા સખસની ઝડતી લેવાનો પોલીસ અમલદારને અધિકાર છે. (૫૧).

"રૈયત પ્રત્યે પોલીસ અમલદારની ફરજો" (૧) શેરી કે રસ્તામાંના અશક્ત કે નીરાધાર સખસોને પોતાથી બને તેટલી મદદ કરવી, છાકટા થઈ ગયલા સખસો તથા ભટકતા ગાંડા માણસોને પોતાના તાબામાં લેવા. (૨) પકડેલો અથવા અટકાયતમાં રાખેલો જે કોઈ સખસ જખમી થયલો હોય અથવા માંદો હોય તેને સારૂ તાબડતોબ ઈલાજ લેવો. (૩) પકડેલા અથવા અટકાયતમાં રાખેલા સખસને વાજબી ખોરાક આપવો અને ટાઢ તડકાથી રક્ષણ મળે એમ રહેવાની સોઈ કરી આપવી. (૪) ઝડતી લેતી વખતે નકામી બેઅદબી કરવી નહીં, તેમ નકામો ત્રાસ આપવો નહિ. (૫) સ્ત્રી તથા છોકરાંની સાથે કામ પડતાં સભ્યતા તથા નમ્રતાથી ચાલવું. (૬) આગથી થતું નુકશાન અટકાવવાને ઈલાજો કરવા. (૭) અકસમાત અથવા જેથી લોકોને ભય ઉત્પન્ન થતો હોય એવા કૃત્યો અટકાવવા તજવીજ કરવી (૫૨).

રસ્તા કે શેરીમાં, જતા આવતા હરકત થતી હોય તે દુર કરવી, રસ્તામાં, નાહાવા ધોવાની જાહેર જગામાં, મેળામાં, દેવ મંદીરમાં, અને બીજી જાહેર જગામાં, બંદોબસ્ત રાખવો, ન્હાવા ધોવાની જગાએ ભીડ થતી અટકાવવાને નીયમ કરવાને પોલીસની ફરજ છે. લોકોની ફરજ છે કે તે હુકમ માનવો. જે કોઈ પોલીસનો હુકમ જાણી જોઈને ન માને તેને દુર કરવાનો, અટકાવવાનો, અગર મેજીસ્ટ્રેટ પાસે મોકલવાનો અધિકાર છે. વળી નજીવી બાબતોમાં પ્રસંગ વીત્યાબાદ એવા સખસને છોડી મુકવાનો પોલીસને અધીકાર છે (૫૩). રખડતા ઢોર પકડી ડબામાં ઘાલવાની પોલીસની ફરજ છે. નાવારસી માલ જડે તો તે

લઈ પોલીસ પટેલને સોંપી તેની રસીદ લેવી. જનાવરના ઉપર ઘાતકીપણું કરનારને એક મહીના સુધી કેદની કે રૂ૦ ૧૦૦ સુધી દંડની અથવા બેહુ સજા થશે (૬૨). બાસેઠમી કલમ પ્રમાણે કામ ચલાવવું કે નહિં એ પોલીસની મરજી ઉપર છે, જો ભારે નુકશાન થયું ન હોય અને ચેતવણી આપતાં તેવો ગુન્હો કરતાં અટકે તો કામ ચલાવવાની જરૂર નથી (૭૩).

આ આકટ પ્રમાણે કેટલાક પ્રસંગને માટે નિયમો કરવાને કેટલાક વરીષ્ટ અમલદારો ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ વીગેરેને અધિકાર છે. તે નિયમો બરાબર અમલમાં લાવવાની ફરજ પોલીસની છે.

જે કોઈ પોલીસ અમલદાર નિચે પ્રમાણે ગુન્હો કરે તેને દરેક ગુન્હા બદલ બે માસ સુધીની કેદની, અથવા રૂ૦ ૫૦૦ સુધી દંડની, અથવા એ બેહુ શિક્ષાને તે પાત્ર થશેઃ—

(૧) અધિકાર વગર, અથવા વાસ્તવીક કારણ વગર કોઈપણ ઈમારતમાં વાહાણમાં, તંબુમાં, કે જગ્યામાં પેસે, અથવા કોઈને પેસાડે, અથવા તેનો ઝાડો લેશે અથવા લેવડાવશે;

(૨) કોઈપણ માણસની મીલકત ત્રાસદાયક રીતે તથા વીનાકારણે પકડશે.

(૩) કોઈપણ માણસને ત્રાસદાયક રીતે અને વીનાકારણે અટકાવી રાખશે, ઝાડો લેશે, અથવા તેવી રીતે પકડશે.

(૪) પોતાના હુવાલામાં હોય એવા સખસ ઉપર કાંઈપણ ગેરવાજબી જુલમ કરશે.

(૫) કાંઈપણ ધાસ્તી અથવા વચન તોહોમતવાળા સખસને આપશે (૬૩).

જે કોઈ પોલીસ અમલદાર, પકડેલા સખસને મેજીસ્ટ્રેટ પાસે મોકલતાં નકામી, ત્રાસદાયક વાર લગાડશે તો તેને ૨૦૦ રૂપીઆ સુધી દંડની શિક્ષા થશે (૬૪).

કોનસ્ટેબલ કરતાં ચઢતા દરજ્જાનો કોઈપણ પોલીસ અમલદાર પોતાથી ઉતરતા દરજ્જાના પોલીસ અમલદારની ફરજો બજાવી શકે (૬૦).

કોનસ્ટેબલ કરતાં ઉંચા દરજ્જાના કોઈપણ પોલીસ અમલદાર ઉપર આ કાયદા પ્રમાણે કામ ચાલે, તો તેનો ઈનસાફ બીજા વર્ગનો અથવા પેહેલા વર્ગનો મેજીસ્ટ્રેટ કરી શકે. એટલે કોનસ્ટેબલ ઉપર કાંઈ કામ ચાલે તો ત્રીજા વર્ગનો મેજીસ્ટ્રેટ પણ ઈનસાફ કરી શકે (૭૨).

રેલ્વે બાબત.

(સન ૧૮૯૦ નો આકટ ૯ મો—ઇન્ડીઆ)

ગવરનર જનરલની અગાઉથી મંજુરી લીધા વીના રેલ્વેપર લોકોમોટીવ એનજીનનો ઉપયોગ કરવો નહીં, તેમ તેની મંજુરી વીના ઉતારૂઓને લઈ જવા સારૂ રેલ્વે ચાલુ કરવી નહીં.

ડબ્બામાં કેટલા ઉતારૂ બેસાડવા તે ડબ્બા ઉપર લખેલું હોય છે તે વિરૂદ્ધ કંપનીનો કોઈ નોકર ભરેલા ડબામાં જાસ્તી ઉતારૂ ઘાલે તો તેને, વળી જે ઠેકાણે પબ્લીક રસ્તા ઉપર રેલ્વે લાઈન આવેલી છે તે ઠેકાણે જનાર આવનારને રેલ્વે નોકર અટકાવ કરશે તો, તેને દરેક ગુન્હા બદલ રૂ૦ ૨૦ સુધી દંડ થશે. (૧૦૨–૧૦૪).

કોઇ રેલ્વે નોકર, પોતાની નોકરીના વખતે કેફ કરી છાકટો બનશે, કોઈ સ્ટેશન માસ્તર અકસ્માત બદલ સરકારને ખબર ન કરશે તો–દરેક ગુન્હા બદલ રૂ૦ ૫૦ સુધી દંડ થશે. રેલ્વે નોકર કેફ કરી છાકટો બનવાથી માણસના જીવને ધોકો પોહોંચે તો એક વરસ સુધી કેદ અથવા દંડ અથવા બેહુ સજાને પાત્ર થશે. (૧૦૦–૧૦૩).

કોઈ રેલ્વે નોકર નોકરીના કામમાં આ કાયદાના નીયમ તોડીને અથવા ગફલતી કરીને માણસની સલામતીને ધોકો આણશે તો બે વરસ સુધી કેદ, અથવા રૂ૦ ૫૦૦ સુધી દંડ અથવા બેહુ સજાને પાત્ર થશે (૧૦૧).

જે માલ રેલ્વે મારફત મોકલવાનો હોય તેનું ખરૂં વર્ણન આપવું જોઈએ, ખોટું વર્ણન આપે તો માલના દરમણે રૂ૦ ૧૦ દંડ થશે (૧૦૬).

જે કોઈ રીઝર્વ કરેલા એટલે રાખી મુકેલા, અથવા પુરા ભરાઈ ગયલા અથવા જેમાં બેસવાની મના છે એવા ડબ્બામાં કે કંપાર્ટમેન્ટમાં ઘુસે (૧૦૯), ઊતારૂની મરજી વિરૂદ્ધ બીડી પીસે (૧૧૦), ચાલુ થએલી ગાડીમાં બેસશે અથવા બેસવાનો યત્ન કરશે (૧૧૮), તેને રૂ૦ ૨૦ સુધી દંડ થશે.

જે કોઈ કંપનીના નોકર અને ઉતારૂ વચ્ચેની તકરારમાં વીના કારણે માથું ઘાલશે (૧૦૮), કંઈ પાટીયું અથવા લેખ કંપની તરફથી ટાંગેલું અથવા ચોંટાડેલું હશે તેનો ગેરવાજબી રીતે નાશ કરશે (૧૧૧), ટીકીટ કીંવા પાસ બદલશે અથવા છેકશે (૧૧૬), સ્ત્રીની ગાડીમાં બેસશે (૧૧૯), કેફ કરશે, ગાળાગાળી કરશે અથવા લુચ્ચાઈ કરશે (૧૨૦), પબ્લીક રસ્તા ઉપર આવેલી રેલ્વે લાઈન ઉપર, ગાડી આવવાની વખતે જશે, અથવા જાનવર કે બીજી વસ્તુ લાઈન ઉપર જાય એમ કરશે (૧૨૪), તો ગુન્હેગારને રૂ૦ ૫૦ સુધી દંડ થશે.

જોખમભરેલો માલ પરવાનગી શીવાય લઈ જવો નહીં, તેમ છતાં જે કોઈ લાવશે ઈયા લઈ જશે તો રૂ૦ ૫૦૦ સુધી દંડ થશે. (૧૦૭).

જે કોઈ માણુસની જીંદગીની સલામતીને ધોકો પોહોંચાડવાના ઈરાદાથી લાઈન ઉપર પથ્થર, સ્લીપર, લાકડું અથવા એવી કંઈ નીશાણી કાઢશે, ફેંકશે, બતાવશે અથવા મુકશે (૧૨૬), માણુસની જીંદગીની સલામતીને ધોકો પોહોંચાડવાના ઈરાદાથી ગાડી ઉપર લાકડું, પથ્થર, અથવા બીજી કંઈ વસ્તુ ફેંકશે (૧૨૭) તો દસ વરસ સુધી કેદની સજા થશે.

જે કોઈ કંઈપણુ હક વગર રેલ્વે લાઈન ઉપર ચાલશે, તો બે વરસ સુધી કેદની સજાને પાત્ર થશે (૧૨૮).

રેલ્વે લાઈન ઉપર થઇને જવું નહીં એવું જે માણુસને કેહેવાનું કામ છે તે માણુસ જો બીજા માણુસોને જવા દે, અથવા ચોકશાઈ રાખે નહીં, તો એક વરસ સુધી કેદ અથવા દંડ અથવા બેહુ સજાને પાત્ર થશે (૧૨૯).

જે કોઈ માણુસ ટીકીટ લીધા શીવાય, અથવા વપરાયલી ટીકીટથી મુસાફરી કરશે, તેને ટીકીટની કીમત ઉપરાંત રૂ૦ ૧૦૦ સુધી દંડ થશે (૧૧૨).

જનાવર તરફ થતું ઘાતકીપણુ અટકાવવા બાબત.

(સને ૧૮૯૦નો આકટ ૧૧મો—ઇન્ડીઆ)

જે સખસ, રસ્તામાં અથવા લોકોને જવા આવવાની છુટ હોય એવી બીજી કોઈપણુ ઉઘાડી અથવા બંધ કરેલી જગામાં, કોઈપણુ રસ્તામાંના અથવા એવી બીજી કોઈપણુ જગામાંના માણુસની નજરે પડે એવે ઠેકાણે—

(૧) કોઈપણુ જનાવરને ઘાતકી રીતે અને વિના કારણે મારે, ગજા ઉપરાંત હાંકે, ગજા ઉપરાંત ભાર ભરે, અથવા બીજીરીતે દુઃખ દે, અથવા

(૨) જનાવરને વીના કારણુ વેદના અથવા દુઃખ થાય એવી રીતે અથવા એવી સ્થિતિમાં તેને બાંધે, અથવા લઈ જાય, અથવા

(૩) અંગ છેદન થયાને લીધે, ભુખે મરવાને લીધે કોઈપણુ જીવતા જાનવરને વેચવા માટે કાઢે, મુકે, અથવા કબજામાં રાખે, તો તે સખસને એકસો રૂપીઆ સુધી દંડની, અથવા ત્રણુ મહીના સુધી કેદની, અથવા એ બન્નેની સજા થશે—૩.

જે સખસ, કોઈપણુ ગાય ઉપર ફુકા નામની ક્રિયા કરશે તો તે સખસને, ઉપલી કલમમાં કહેલી સજા થશે—૪.

જે સખસ, જનાવરને વીના કારણ ઘાતકીપણે મારી નાંખશે તો તેને બસો રૂપીઆ સુધી દંડની, અથવા છ મહીના સુધી કેદની અથવા એ બન્ને સજા થશે—૫.

રોગને લીધે, અશકિતને લીધે, જખમને લીધે, ચાંદાંને લીધે, કામમાં અથવા મેહેનતમાં લગાડવાને અયોગ્ય હોય એવા જનાવરને જે સખસ, કામમાં અથવા મેહેનતમાં લગાડશે, તો તેને એકસો રૂપીઆ સુધી દંડની સજા થશે—૬.

જે જનાવરનો ધણી, પોતાના જનાવરને ચેપી અથવા સંસર્ગીક રોગ થયો હોય ત્યારે તેને જાણીબુજીને રસ્તામાં રખડવા દે, અથવા પોતાના નિર્બળ જનાવરને રસ્તામાં મરવા દે, તો તે સખસને સો રૂપીઆ સુધી દંડની સજા થશે—૭.

પહેલા વર્ગના મેજીસ્ટ્રેટને, પેટા તુકડી મેજીસ્ટ્રેટને, પોલીસ કમીશનરને, તથા પોલીસ સુપરીનટેન્ડન્ટને એવું માનવાને કારણ હોય કે અમુક જગામાં, ૪થી, ૫મી અથવા છઠી કલમ વિરૂધ્ધ ગુન્હા થાય છે, તો સદહું જગાયે પોતે જાતે દાખલ થઈને ઝાડો લેવાને, અથવા કોન્સ્ટેબલ કરતાં ઉંચા દરજ્જાના પોલીસ અમલદારના નામનું જગામાં દાખલ થઈ ઝાડો લેવાનું વારંટ કહાડવાનો અખત્યાર છે—૮.

આ કાયદા વિરૂધ્ધના ગુન્હા બદલ ફરીઆદ ગુન્હો થયાની તારીખથી ત્રણ મહિનાની અંદર કરવી જોઈએ—૯.

કોઈપણ મેજીસ્ટ્રેટને, પોલીસ કમીશનરને, અથવા પોલીસ સુપરીનટેન્ડન્ટને એમ લાગે કે જનાવરના સંબંધમાં આ આકટ વિરૂધ્ધ ગુન્હો થયો છે તે જનાવરની પીડા એવા પ્રકારની છે કે તેનો તાબડતોબ નાશ કરવો જોઈએ, તો તેને એ મુજબ હુકમ ફરમાવવાનો અધિકાર છે—૧૦.

કોમ, પંથ, જાત અથવા વર્ગના લોકોના ધર્મથી અથવા ધર્મ સંબંધી વિધિ તથા રીવાજ મુજબ કોઈ જનાવરને મારી નાંખવાનું કૃત્ય ગુન્હો નથી—૧૧.

સ્ટીમ બોઇલર તપાસવા બાબેત.

(સને ૧૮૯૧નો આકટ ૨જો—મુંબઈ.)

"હેતુ"—સ્ટીમ બોઈલરો તથા પ્રાઈમ મુવરો સારી હાલતમાં રાખવાનો તથા એવા બોઈલરો તથા પ્રાઈમ મુવરો લાયકાતવાળા સખસના કબજામાં રાખવાનો આ કાયદાનો હેતુ છે.

(૧) આગબોટમાંનાં બોઈલર કે પ્રાઈમ મુવરને,

(૨) રેલ્વેના લોકોમોટીવ એન્જીનને તથા રેલવેના બોઇલિરને કે પ્રાઈમ મુવરને,

(૩) હવાના જેટલા દબાણુથી ઘરકામને સારૂ વાપરવામાં આવતાં બોઈલર કે પ્રાઈમમુવરને,

(૪) અથવા કોઈ વાહન ઉપરના બોઈલર કે પ્રાઈમમુવરને,

આ આકટ લાગુ નથી.

"બોઈલર" એ શબ્દમાં દબાણુ હેઠળ વરાળ ઉત્પન્ન કરવા માટેની અથવા જેમાં દબાણુ હેઠળ વરાળ ઉત્પન્ન કરવામાં આવતી હોય એવી નળી અથવા વાસણુનો, તેમજ છેક તેની સાથે જોડેલી કોઇપણુ વરાળની પેટી (સ્ટીમ ચેસ્ટ) નો અથવા બીજા યંત્રનો સમાસ થાય છે.

"પ્રાઇમ મુવર" એ શબ્દમાં કોઈપણુ સ્ટીમ એન્જીનનો, તેને જોડેલા સ્ટીમ હેમરનો, ફ્લાઈ વ્હીલનો, પેહેલી ડ્રાઈવીંગ શેફ્ટ અથવા ગરેડીનો તથા પ્રાઈમમુવરને ભયવગર તથા સારી રીતે ચલાવવા માટે જેની જરૂર હોય એવી જોડેલી દરેક વસ્તુનો સમાસ થાય છે.

"માલીક" એ શબ્દમાં એજન્ટ અથવા ભાડે રાખનાર બોઈલરનો ઉપયોગ કરતો હશે તેનો સમાસ થાય છે. બોઈલરનો માલીક (अ) સરટીફીકેટ વગર બોઈલરનો ઉપયોગ કરે, (ब) સરટીફીકેટમાં લખેલી મુદત પુરી થવા પછી તે બોઈલરનો ઉપયોગ જારી રાખે, (क) સરટીફીકેટથી રજા મળી હોય તે કરતાં વધારે ભારે દબાણુથી તે બોઈલર વાપરે, અથવા (ड) બોઈલર ચલાવવાને તથા તાબામાં રાખવાને લાયક સરટીફીકેટવાળો એનજીનીઅર નોકરીમાં હાજર રાખ્યા વીના બોઈલર વાપરે તો, દરેક દીવસને માટે અથવા દીવસના ભાગ માટે રૂ૦ ૧૦૦) સુધીના દંડને પાત્ર થશે (૬–૨૯).

માલીક બોઈલરનો ઉપયોગ કરવા ઈચ્છતો હોય તો પોતાનું બોઈલર નોંધાવવા સારૂં માલીકે ઈન્સ્પેકટરને નોટીસ આપવી. આવી નોટીસ મળેથી ઈન્સ્પેકટરે તે બોઈલર નોંધીને બોઈલરના રજીષ્ટરમાંનો નંબર તેને આપવો. તે નંબર માલીકને લખી જણાવવો અને માલીકે તે નંબર બોઈલર ઉપર બતાવવો. જે કોઈ બોઈલરનો નોંધનંબર કહાડી નાંખે, ફેરફાર કરે, ચેહેરી નાંખે તે રૂ૦ ૫૦૦) સુધી દંડની શીક્ષાને પાત્ર થશે. યોગ્ય રીતે આપેલો ન હોય એવો કોઈપણુ નોંધનંબર દગલબાજીથી બોઈલર ઉપર બતાવે તો તે બે વરસની મુદત સુધી કેદની અથવા તો બન્ને પ્રકારની શીક્ષાને પાત્ર થશે. (૭–૩૦).

બોઈલરનો ઉપયોગ કરતાં પહેલાં માલીકે સરકાર તરફથી, નીમાયલા ખાસ ઈન્સપેકટરને નોટીશ આપવી. નોટીશ પહોંચ્યા પછી ચાર દીવસની અંદર બોઈલરની

તપાસ કરવા સારૂ અમુક વખત ઈન્સપેકટરે નીમવો. જ્યાં ઈન્સપેકટર ન હોય ત્યાં જીલ્લાના કલેકટરને ઉપર મુજબ નોટીસ આપવાની છે.

તપાસણી માટે ફી નીચે મુજબ, નોટીસની સાથેજ ભરવી જોઇએ:—

બોઈલર નોમીનલ ૧૦ હોર્સ પાવરથી વધારે ન હોય તો, રૂ૦ ૧૫.

એજન–૧૦થી વધારે પણ ૨૦થી વધારે ન હોય તો, રૂ૦ ૨૦.

,,—૨૦થી વધારે પણ ૩૦થી વધારે ન હોય તો, રૂ૦ ૩૦.

,,—૩૦થી વધારે પણ ૫૦થી વધારે ન હોય તો, રૂ૦ ૪૦.

,,—૫૦થી વધારે હોય તો રૂ૦ ૫૦

માલીકે અથવા જે સખસના તાબામાં જે બોઈલર હોય તેણે જોઈતી ખબર આપવી તથા તપાસણીનું કામ સુગમ પડે એવી વ્યવસ્થા કરવી. નીચે પ્રમાણે પહેલેથી ગોઠવણ કરી રાખવી.

(૧) બોઈલર ખાલી તથા ઠંડુ રાખવું તેમજ બહારથી તથા અંદરથી સાફ રાખવું.

(૨) કાજળ વાળી નાંખવું.

(૩) ફાયરબાર અને ફાયરબ્રીજો કહાડી નાંખવા.

(૪) બ્લોઓફ અને બીજા કોક છુટા કરી મુકવા.

તપાસણી ઉપરથી ઈન્સપેકટરની ખાત્રી થાય કે બોઈલર તથા તેની છેક સાથે જોડેલા પદાર્થો સારી સ્થિતિમાં છે અને નોંધનંબર યોગ્ય રીતે બતાવવામાં આવ્યો છે તો માલીકને સરટીફીકેટ આપવું જોઇએ.

આપેલું સરટીફીકેટ વખતે વખતે યોગ્ય તપાસણી કર્યા બાદ ઈન્સપેકટરે તાજું કરી આપવું જોઈએ. સરટીફીકેટ બાર મહીનાથી વધારે મુદત માટે આપવું નહીં. ઈન્સપેકટર સરટીફીકેટ આપવાની કે તાજુ કરી આપવાની ના કહે તો ૪૮ કલાકની અંદર ના કહેવાના કારણો લખીને માલીકને આપવાં. માલીકે એક મહીનાની અંદર કલેકટરને અપીલ કરવી, અપીલ અરજી કલેકટરે તુરતજ કમીશન તરફ મોકલવી, કમીશને ચોકશી કરીને યોગ્ય ચુકાદો કરવો.

કમીશનના ચુકાદા ઉપર અપીલ નથી. અપીલ આધાર વગરની અથવા નજીવી માલમ પડે તો કમીશને માલીક પાસેથી રૂ૦ ૧૫૦ સુધીનો ખરચ વસુલ લેવો. ખરચની રકમ જમીન મહેસુલની બાકી માફક કલેકટરે વસુલ કરવી.

(अ) લેહેણી થતી ફી આપવામાં ન આવે તો, (ब) સરટીફીકટ કપટથી મેળવેલું હોય તો, અને (क) બોઈલર સારી હાલતમાં ન હોય તો, સરટીફીકટ રદ કરવાને કમીશન મુખત્યાર છે.

બોઈલરની રચનાને લગતો કોઈપણ ફેરફાર અથવા નવું કામ કરવું હોય તો માલીકે ફેરફાર કરવાની લેખી નોટીસ, મુંબઈ શહેરમાં ઈન્સપેકટરને અને બીજે ઠેકાણે કલેકટરને આપવી જોઈએ. નોટીસ આપવાને ચુકે તો માલીક રૂ૦ ૧૦૦) સુધીનાં દંડને પાત્ર થાય (૧૬–૨૮).

બોઈલરને અથવા તેને જોડેલા સાંચાને જો કાંઈ અકસ્માત થાય તો તે બાબતનો લેખી રીપોર્ટ માલીકે અથવા એનજીનીઅરે મુંબઈ શહેરમાં ઈન્સપેકટરને અને બીજે ઠેકાણે કલેકટરને બાર કલાકની અંદર કરવો જોઈએ.

રીપોર્ટમાં અકસ્માતના સ્વરૂપનું તથા તેથી થએલી ઈજાનું ખરેખરૂં વર્ણન લખવું. માલીકે તથા એનજીનીઅરે અકસ્માતના કારણ તથા સ્વરૂપ વીષે લેખી સવાલના ખરેખરા જવાબ આપવા જોઈએ.

માલીક અથવા એનજીનીઅર અકસ્માતનો રીપોર્ટ ન કરે તો રૂ૦ ૧૦૦) સુધી દંડને પાત્ર થશે (૧૭–૨૮).

મુંબઈ શહેરમાં પ્રેસીડનસી મેજીસ્ટ્રેટ અને બીજે ઠેકાણે કલેકટર અથવા તેમણે અધીકાર આપેલો કોઈ સખસ સરટીફીકેટ જોવા માગે તો માલીકે રજુ કરવું જોઈએ. ગફલત કરશે તો રૂ૦ ૧૦૦) સુધી દંડને પાત્ર થશે. (૧૮–૨૮).

એનજીનીઅરની પરીક્ષા માટે બોર્ડના મેમ્બરો સરકાર નિમશે. આ બોર્ડ પસાર થએલા ઉમેદવારોને લાયકીનું સરટીફીકેટ આપશે.

સરટીફીકેટ ધારણ કરનાર કોઈ એનજીનીઅર નાલાયક, દારૂડીઓ, અથવા છાકટો કે ગેરચાલનો માલુમ પડે તો સરકાર સરટીફીકેટ પાછું ખેંચી લેવા મુખત્યાર છે.

ચોકસી થતાં સુધી સરટીફીકેટ હવાલે કરી દેવું જોઈએ.

સરટીફીકેટ હવાલે ન કરે અથવા મુંબઈ ઈલાકાની હદ બહાર નીકળી જાય તો તે વાત સરકાર જાહેરનામું કહાડી પ્રસિદ્ધ કરશે. સરટીફીકેટ માંગવામાં આવે ને કોઈ એનજીનીઅર ન આપે તો તે રૂ૦ ૫૦૦ સુધી દંડને પાત્ર થશે (૨૪–૩૧).

સરટીફીકેટ કસુર વગર ખોવાઈ ગયું હોય, તો તેની દફતર ઉપરથી ડુપ્લીકેટ નકલ અપવામાં આવશે.

એનજીનીઅરનું લાયકીનું સરટીફીકેટ જે સખસ પાસે ન હોય તે બોઇલર ચલાવવાને કે તેને તાબામાં રાખવાને લાયક નથી.

આ આકટ મુજબ ગુન્હા મુંબઈ શહેરમાં પ્રેસીડન્સી મેજીસ્ટ્રેટ અને બીજે ઠેકાણે પેહેલા વર્ગનો મેજીસ્ટ્રેટ સાંભળશે.

ગુન્હાની ફરીયાદ ગુન્હો થયા પછી છ મહીનાની અંદર કરવી જોઈએ, અને તે ફરીયાદ કલેકટરની સંમતી વગર અથવા તેના હુકમ વગર થવી ન જોઈએ.

એટલે કલેકટરના હુકમ વગર ફરીયાદ દાખલ થશે નહી. આ આકટનો જેટલો ભાગ બોઈલર સારૂં સરટીફીકેટ લેવા તથા આપવા સંબંધી તથા તેની તપાસણી સંબંધી છે તેટલો ભાગ પ્રાઈમમુવરને લાગુ કરવાને સરકાર મુખત્યાર છે.

એકસ્ટ્રાડીશન બાબત.

(સને ૧૯૦૩ નો ૧૫મો—ઈન્ડીઆ.)

કોઈ સખસ અંગ્રેજ સરકારની હદમાં ગુન્હો કરી કોઈ દેશી રાજાની હદમાં નાશી જાય, અગર દેશી રાજાની હદમાં ગુન્હો કરી અંગ્રેજ સરકારની હદમાં (બ્રીટીશ ઈન્ડીઆ) આવે, તો તે સખસની માંગણી આ કાયદાને આધારે તથા દેશી રાજ્યોને એક બીજા સાથે થયેલા કરાર આધારે કરવાની છે. નીચે લખેલા ગુન્હાઓ માટે "પ્રાઈમાફેસી" એટલે પ્રથમ દર્શનીક કેસ તૈયાર કરી ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ તરફ મોકલવો, તેઓ જેના તે રાજ્યના પોલીટીકલ એજન્ટને લખી તોહુમતદારની માગણી કરે છે. તે ગુન્હાઓ બદલ પીનલ કોડની કલમ નીચે પ્રમાણે (પ્રકારને માટે છેવટ પત્રક આપ્યું છે તે જુઓ). ૨૦૬, ૨૦૮, ૨૨૪, ૨૩૦ થી ૨૬૩ સુધી, ૨૯૯ થી તે ૩૦૪ સુધી, ૩૦૭, ૩૧૦ થી તે ૩૧૭ સુધી, ૩૨૩ થી તે ૩૩૩ સુધી, ૩૪૭, ૩૪૮, ૩૬૦ થી તે ૩૭૩ સુધી, ૩૭૫, ૩૭૭, ૩૭૮ થી તે ૪૧૪ સુધી, ૪૩૫ થી તે ૪૪૦ સુધી, ૪૪૩ થી તે ૪૪૬ સુધી, ૪૬૪ થી તે ૪૬૮ સુધી, ૪૭૧ થી તે ૪૭૭ સુધી, એ કલમોમાં કહેલા ગુન્હાઓને માટેજ માગણી થઈ શકે. એ કલમો શીવાયના ગુન્હા કરી કોઈ અંગ્રેજી હદમાંથી દેશી રાજાની હદમાં જાય તો તેને બોલાવી મંગાવી શકાતો નથી, તો સજા શેની થાય?

ઝેરી જનસો બાબત.

(સને ૧૯૦૪નો આકટ ૧લો—ઈન્ડીઆ).

કોઈપણ મ્યુનિસિપાલીટીની અથવા કેન્ટોનમેન્ટની હદની અંદર ઝેરી જનસ જથાબંધ અથવા પરચુરણ વેચવા સારૂ કબજામાં રાખવાનું અને તેના વેચાણનું નિયમન કરવાનો અધિકાર સ્થાનિક સરકારને છે. ઝેરી જનસો કઈ કઈ તે સરકાર ઠરાવશે.

ફટકિઓ સોમલ, બ્રિટિશ ઈન્ડીઆમાં પરવાના વગર આયાત કરવાં નહીં.

દેશના કોઈપણ ભાગમાં ફટકિઓ સોમલ જથ્થાબંધ અથવા પરચુરણ વેચવાનું કાનુન કરીને નિયમન કરવાનો સ્થાનિક સરકારને અધિકાર છે.

જે કોઈ માણસ આ આકટ પ્રમાણે કરેલ કાનુન તોડશે, અથવા લાઈસિન્સ વગર સોમલ આયાત કરશે, અથવા લાઈસિન્સની સરત તોડશે, તે ત્રણ મહીના સુધીની કેદની શિક્ષાને અથવા ૫૦૦ રૂપીઆ સુધીના દંડની શિક્ષાને અથવા એ બન્ને શિક્ષાને પાત્ર થશે, અને વળી તે ઝેરી જનસ, જે વાસણોમાં કે બારદાનોમાં તે રાખી હશે તે, તથા તે લઈ જવામાં જે ગાડી બળદો વિગેરે ઉપયોગમાં લીધાં હશે તે જપ્ત થશે.

ઝેરી જનસ સંતાડી રાખી છે એમ માનવાનું કે વેહેમ લાવવાનું કારણ હોય તો, જીલ્લા મેજીસ્ટ્રેટ, પેટાતુકડી મેજીસ્ટ્રેટ અને ઈલાકા શેહેરમાં પોલીસ કમીશનર ઝાડો લેવાનું વારંટ કહાડવાને મુખત્યાર છે.

નિચે બતાવેલી જનસોનો ઝેરી જનસોમાં સમાસ કરવામાં આવલો છે. મનશીલ, હરતાલ, કાળો સોમલ, વાઈટ સલફ્યુરેટ, પીંકસલફાઈડ, બ્રાઊન સલફાઈડ, સીલેઝગ્રીન, સ્વીનફર્થસગ્રીન, વછનાગ અને રસકપુર.

આ આકટ, તથા તેની રૂયે કરેલી કાનુન હેઠળ લખેલા સખસોને તેમના શુદ્ધ બુદ્ધિથી કરેલાં કૃત્યો માટે લાગુ પડશે નહીં:—

(૧) મેડીકલ અથવા વેટરીનરી પ્રેકટીશનર.

(૨) લાયક ઠરેલા કેમીસ્ટ અને ડ્રુજીસ્ટ.

(૩) ચામડા કેળવનારાઓ અને ચામડાના વેપાર કરનારાઓ.

મોટર વાહન બાબત.

(સને ૧૯૦૪નો આકટ ૨ જો—મુંબઈ)

૨. જે કોઇ સખસ મોટર વાહનને બેદરકારીથી ચલાવશે તેને રૂ. ૨૦૦) સુધી દંડની શિક્ષા થશે.

૩. અકસ્માત થાય ત્યારે મોટર ઉભી રાખવી અને પોતાનું નામ તથા પત્તો, ધણીનું નામ તથા પત્તો માગે તો તુરત આપવાં. એમ કરવામાં કસુર કરે તો રૂ. ૫૦) સુધી દંડને પાત્ર થશે.

૪. લાઈસન્સ વગર મોટર વાહન ચલાવશે તો રૂ. ૫૦) સુધી દંડ થશે. લાઈસિન્સ મળવા સારૂ મુંબઈમાં પોલીસ કમીશનરને અને બીજે ઠેકાણે ડીસટ્રીકટ મેજીસ્ટ્રેટને બે રૂપીઆ ફી સાથે અરજ કરવી.

૫. એવું લાઈસન્સ બાર મહિના ચાલશે.

૬. કૉન્સટેબલ કરતાં ઊંચા દરજ્જાનો કોઈપણ પોલીસ અમલદાર માંગે ત્યારે લાઈસિન્સ હાજર કરવું જોઈએ.

૭. લાઈસિન્સ ધારણ કરનારે પોતાનું લાઈસિન્સ બીજા કોઈને આપવું નહિ.

૮. લાઈસિન્સ થોડી મુદત સુધી ખેંચી લેવાને તથા લાઈસિન્સવાળાને નાલાયક છે એમ ઠરાવવાને પોલીસ કમીશનર તથા ડીસટ્રીકટ મેજીસ્ટ્રેટ મુખત્યાર છે.

૯. કોઈપણ પ્રદેશની અંદર અથવા કોઈપણ રસ્તા ઉપર, પરવાનગીચીઠી વગર ભાડે આપવાની અથવા ફેરવવાની મના કરવાનો ગવરનર–ઈન–કાઊન્સીલનો અધિકાર છે.

૧૦. કાનુનો કરવાનો અધિકાર ગવરનર–ઈન–કાઊન્સીલને છે.

૧૧. કલમ ૬–૭–૮ અથવા કલમ ૧૦ ની રૂએ કરેલી કાનુન તોડવા બદલ રૂા. ૫૦ સુધી દંડને પાત્ર થશે.

૧૨. કલમ ૯ ની રૂએ કરેલી મનાઈનું અથવા પરવાનગી ચીઠીની સરતનું ઉલ્લંઘન કરવામાં આવશે તો રૂા. ૨૫૦ સુધી દંડની શિક્ષાને પાત્ર થશે.

૧૩. પ્રેસીડન્સી મેજીસ્ટ્રેટ, અથવા પહેલા અથવા બીજા વર્ગનો મેજીસ્ટ્રેટ આ આકટ વિરૂદ્ધ ગુન્હાનો ઈનસાફ કરશે.

બાર થનારા પદાર્થો બાબત.

(સને ૧૯૦૮નો ૬ ઠો—ઇન્ડીઆ)

હેતુ–બારી પદાર્થો (બંબ ગોળા)થી કરવામાં આવતા ગુન્હાનો બંદોબસ્ત કરવો એ મુખ્ય હેતુ છે.

"બાર થનારા પદાર્થ" એટલે જોર અને અવાજની સાથે ફુટનારા પદાર્થ જેવા કે બંબગોળા.

જે કોઈપણ સખસ ગેરકાયદે તથા દ્વેશભાવથી, બાર થનારા પદાર્થ વડે, જીંદગી જોખમમાં નાંખે એવો અથવા માલમતાને ગંભીર નુકસાન કરે એવો બાર કરશે તેને જીવતા સુધી અથવા ઓછી મુદતની સમુદ્ર પારની શિક્ષા તથા દંડ કરવામાં આવશે અથવા દસ વર્ષ સુધી કેદની શિક્ષા તથા દંડ થશે.

જે કોઈપણ સખસ, જીંદગી અથવા માલમતાને ધોકો પહોંચાડવાના ઈરાદાથી બાર કરવાનો પ્રયત્ન કરશે અથવા બારી પદાર્થ તૈયાર કરશે અથવા રાખશે, તેને વીસ વર્ષ સુધી સમુદ્ર પારની તથા દંડની, અથવા સાત વર્ષ સુધી કેદની તથા દંડની શિક્ષા કરવામાં આવશે.

જે કોઈપણ સખસ વાજબી શક ઊત્પન્ન થાય એવા સંજોગોમાં બારી પદાર્થ તૈયાર કરશે, અથવા કબજામાં રાખશે તેને ચઊદ વર્ષ સમુદ્ર પારની તથા દંડની, અથવા પાંચ વર્ષ કેદની તથા દંડની શિક્ષા કરવામાં આવશે.

જે કોઈપણ સખસ, પૈસા પુરા પાડીને, મકાન પુરૂ પાડીને, અથવા બીજી કોઈપણ રીતે આ આકટ મુજબનો ગુન્હો કરાવશે, સલાહ આપશે, સહાય કરશે, મદદ કરશે, સામેલ થશે તેને એ ગુન્હા માટે જે શિક્ષા ઠરાવી છે તેજ શિક્ષા થશે.

સ્થાનિક સરકારની અથવા, ઈન્ડીઆ સરકારની સંમત્તિ વગર, કોઈપણ સખસનો ઈનસાફ કરવો નહિ.

વર્તમાન પત્રો બાબત.

(સને ૧૯૦૮નો આકટ ૭મો—ઈન્ડીઆ)

હેતુ—વર્ત્તમાન પત્રોમાં ગુન્હો કરવાની ઉશ્કેરણી કરનારાં લેખ બંધ કરવા સારૂં, ખુન તથા સને ૧૯૦૮ના આકટ ૬ મુજબના ગુન્હા અને જાસ્તીના કૃત્ય થતા અટકાવવા વધારે સારો બંદોબસ્ત કરવાનો હેતુ છે. આવી બાબતોમાં છાપખાનું જપ્ત કરીને સરકાર દાખલ કરવાનો તથા તે વર્ત્તમાનપત્ર કાઢવાની મનાઈ કરવાનો આ આકટથી અધિકાર આપ્યો છે.

જે બાબતમાં મેજીસ્ટ્રેટનો એવો મત થાય કે અમુક વર્ત્તમાનપત્રમાં ખુન કરવાની અથવા સને ૧૯૦૮ના આકટ ૬ મુજબ ગુન્હો કરવાની, અથવા કોઈપણ જાસ્તી ગુજારવાનું કાંઈપણ કૃત્ય કરવાની કોઈપણ જાતની ઊશ્કેરણી કરેલી છે, તે બાબતમાં શામાટે છાપખાનું તથા વર્ત્તમાનપત્રની નકલો સરકાર દાખલ કરવાં નહીં, એનું કારણ બતાવવા સારૂ લાગતાવળગતા ઊપર સદરહુ મેજીસ્ટ્રેટે કાચો હુકમ કાઢવો.

સંબંધ હોય એવો કોઈપણ સખસ હાજર થઈને કાચા હુકમ વિરૂદ્ધ કારણ બતાવે તો, ક્રી. પ્રો. કોડ કલમ ૩૫૬ મુજબ પુરાવો લેવો.

માજીસ્ટ્રેટની ખાત્રી થાય કે સદરહુ વર્ત્તમાનપત્રમાં ઉપર બતાવ્યા મુજબના ગુન્હા કરવા સંબંધી મજકુર છે તો સદરહુ કાચો હુકમ પાકો કરવો, અને ખાત્રી ન થાય તો કાચો હુકમ રદ કરવો.

સદરહુ પ્રકારની મીલકત માટે યોગ્ય જગાઓની ઝડતી લેવાનો અધિકાર સબ ઈન્સ્પેકટરને વારંટ કાઢીને આપવાને મુખત્યાર છે.

હુકમ પાકો કર્યાની તારીખથી પંદર દિવસની અંદર હાઈકોર્ટને અપીલ કરવાનો અધિકાર છે.

જ્યારે સરકાર દાખલ કરવાનો હુકમ પાકો કરવામાં આવે ત્યારે, સને ૧૮૬૭ના છાપવાના પ્રેસો બાબતના તથા બુકો નોંધવા બાબતના આકટની રૂએ કરેલા એકરાર સ્થાનિક સરકાર રદ કરવાને મુખત્યાર છે. વળી બીજો કોઈપણ એકરાર કરવાનો અથવા તેના ઊપર સહી કરવાનો મનાઈ હુકમ રદ કરવામાં આવે ત્યાંસુધી તેમ કરવાની મનાઈ કરવાને સરકાર મુખત્યાર છે.

જે કોઈ સખસ મનાઈ હુકમમાં લખેલું વર્ત્તમાનપત્ર, તે મનાઇ ચાલુ હોય તે મુદતમાં છાપશે અથવા પ્રસિદ્ધ કરશે, તે સને ૧૮૬૭ ના આકટ ૨૫ ની કલમ ૧૫ મુજબ રૂા. ૫૦૦૦ સુધી દંડ અથવા બે વર્ષ સુધી આસાન કેદ અથવા એ બેહુ શિક્ષાને પાત્ર થશે.

ફટકા મારવાની શિક્ષા બાબત.

(સન ૧૯૦૯ નો આકટ ૪ થો ઇન્ડીઆ)

જે કોઈ સખસ પિનલકોડ કલમ ૩૭૮, ૩૮૦, ૩૮૨ મુજબ ગુન્હા કરે, અને જે કોઈ સખસ એવા ગુન્હા કરવા માટે રાત્રે ગુપ્ત ગ્રહપ્રવેશ (૪૪૩–૪૪૫) કરે અથવા ઘર ફોડવાના ગુન્હા (૪૪૪–૪૪૬) કરે તે, પીનલકોડમાં જે શિક્ષા ઠરાવેલી હશે તેને **બદલે** ફટકાની શિક્ષાને પાત્ર થશે.

જે કોઈ સખસ પીનલકોડ કલમ ૩૭૫–૩૭૭–૩૯૦–૩૯૧ મુજબ ગુન્હા કરે તે, પીનલકોડમાં ઠરાવેલી શિક્ષાને **બદલે** અથવા તેના **વધારામાં**, ફટકાની શિક્ષાને પાત્ર થશે.

જે કોઈ ન્હાની ઉમરનો ગુન્હેગાર, એટલે સોળ વર્ષની અંદરની ઉમરનો ગુન્હેગાર—

(**ग**) પિનલકોડ બાબ-૬ માં બતાવેલા ગુન્હા, અને કલમ–૧૫૩ अ અને ૫૦૫, અને જે ગુન્હાને માટે મોતની શિક્ષા ઠરાવેલી છે તેવા ગુન્હા શિવાય, પિનલકોડ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો કરે, અથવા

(ब) બીજા કોઈ કાયદા મુજબ જે ગુન્હાને માટે કેદની શિક્ષા ઠરાવેલી છે એવો ગુન્હો કરે,

તો તે એવા ગુન્હા બદલ જે શિક્ષાને પાત્ર હોય તેને **બદલે**, ફટકાની શિક્ષાને પાત્ર થશે.

સરહદ ઉપરના જીલ્લા અથવા જંગલી મુલકને માટે, સ્થાનિક સરકાર આ કલમ મુજબ ફરમાવે ત્યારે જે કોઈ સખસ પીનલકોડ મુજબ ત્રણ અથવા ત્રણ કરતાં વધારે વર્ષની શિક્ષાને પાત્ર ગુન્હો કરે તે, પિનલ કોડમાં બતાવેલી શિક્ષાને **બદલે**, ફટકાની શિક્ષાને પાત્ર થશે.

પ્રેસ બાબત.

(સને ૧૯૧૦ નો ૧ લો—ઈન્ડીઆ)

હેતુ—અંગ્રેજ સરકારના રાજ્ય વીરૂદ્ધ બેદીલી ઉત્પન્ન થાય અને તેથી ગુનાહ કરવાનું મન થાય એવા લેખો વર્ત્તમાનપત્રોમાં છપાતા તથા પ્રસીદ્ધ થતા અટકાવવાનો આ કાયદાનો હેતુ છે.

હવે પછી છાપખાનું રાખનાર દરેક સખસે, સને ૧૮૬૭ના આક્ટ ૨૫ ની કલમ ૪ મુજબ, મેજીસ્ટ્રેટની સમક્ષ એકરાર કરતી વખતે રૂ૦ ૫૦૦)થી તે રૂ૦ ૨૦૦૦) સુધી મેજીસ્ટ્રેટને યોગ્ય લાગે તેટલી રકમ તારણ તરીકે મુકવી જોઈશે. મેજીસ્ટ્રેટને યોગ્ય લાગે તો તારણ માફ કરવાને મુખત્યાર છે.

આ કાયદાની શરૂઆત પહેલાં જે છાપખાનાની બાબતમાં, સને ૧૮૬૭ના આક્ટ ૨૫ ની કલમ ચાર મુજબ એકરાર કરવામાં આવ્યો હોય તે છાપખાનું સરકાર વીરૂદ્ધ ઉપયોગમાં લેવાય છે એમ જો સ્થાનીક સરકારને લાગે તો એવું છાપખાનું રાખનારને લેખી નોટીસ આપીને રૂ૦ ૫૦૦થી તે રૂ૦ ૨૦૦૦ સુધી મેજીસ્ટ્રેટની પાસે તારણ મુકવાનું ફરમાવવાને મુખત્યાર છે.

જો કોઈ છાપખાનું તારણ મુકવા છતાં, સરકાર વીરૂધ્ધ ઉપયોગમાં લેવામાં આવે છે એમ સ્થાનીક સરકારને જણાય તો તારણ મુકેલી રકમ જપ્ત કરવાનો અધિકાર છે. સરકાર વીરૂદ્ધ ઉપયોગમાં એટલે (૧) ગુન્હા કરવાની ઉશ્કેરણી કરવામાં (૨) ફોજમાંના અમલદાર સોલજર કે ખલાસીને પ્રજા ધર્મથી અથવા સેવા ધર્મથી ભ્રષ્ટ કરવામાં (૩) રૈયતના વર્ગ તથા વીભાગ તરફ દ્વેશ અથવા તીરસ્કાર ઉત્પન્ન કરવામાં અથવા બાદશાહ, સરકાર, અથવા રાજા રજવાડા તરફ બેદીલી ઉત્પન્ન કરાવવામાં.

“ બેદીલી ” શબ્દમાં બેવફાદારીનો તથા વૈરભાવનો સમાસ થાય છે.

તારણ મુકેલી રકમ જપ્ત થયા પછી, ને છાપખાના સંબંધમાં નવો એકરાર કરનાર સખસે એકરાર કરતી વખતે મેજીસ્ટ્રેટને યોગ્ય લાગે તે રકમ રૂ૦ ૧૦૦૦ થી રૂ૦ ૧૦૦૦૦ સુધી તારણ મુકવી જોઈએ.

આવું છાપખાનું સરકાર વીરૂદ્ધ દ્વેષની લાગણીથી ફરીથી ઉપયોગમાં લેવામાં આવે તો તેમાં છાપવામાં આવેલા તેવા વર્ત્તમાનપત્ર, બુક, અથવા દસ્તાવેજ તથા તારણની રકમ તથા છાપખાનું જપ્ત કરવાનો એક લેખી નોટીસ કાઢીને હુકમ કરવાને સ્થાનીક સરકાર મુખત્યાર છે.

વર્ત્તમાનપત્ર પ્રસીદ્ધ કરનારે રૂ૦ ૫૦૦થી ઓછી ન હોય અથવા રૂ૦ ૨૦૦૦ થી વધારે ન હોય તેવી નાણાની રકમ તારણ મુકવી જોઈશે, પણ વર્ત્તમાન

પત્ર છાપનાર અને પ્રેસ રાખનાર એકજ સખસ હોય તો પ્રસીદ્ધ કરનાર પાસેથી તારણ માંગવું નહીં.

આ કાયદો અમલમાં આવતાં પહેલાં જો કોઈ વર્ત્તમાનપત્ર પ્રસીધ્ધ કરનાર બેદીલી ઉત્પન્ન થાય એવું લખાણ પોતાના વર્ત્તમાનપત્રમાં કરે છે એમ જ્યારે સ્થાનીક સરકારને લાગે ત્યારે રૂા૦ ૫૦૦થી તે રૂા૦ ૧૦૦૦ સુધી તારણ માંગવા મેજીસ્ટ્રેટને ફરમાવવા સરકાર મુખત્યાર છે.

ઉપલી કલમમાં ફરમાવ્યા મુજબ તારણ મુકવામાં આવ્યું હોય તેવા વર્ત્તમાન પત્ર સરકાર વીરૂદ્ધ બેદીલી ઉત્પન્ન કરે એવા શબ્દો વાપરે છે એમ લાગે તો તે વર્ત્તમાન પત્રોની બધી નકલો અને મુકેલું તારણ જપ્ત કરવાને સ્થાનીક સરકાર મુખત્યાર છે.

જે વર્ત્તમાનપત્રના સંબંધમાં મુકેલું તારણ જપ્ત કરવાનો હુકમ થયો હોય, તે વર્ત્તમાનપત્રના પ્રસીધ્ધ કરનાર તરીકે નવો એકરાર કરનારે રૂા૦ ૧૦૦૦થી તે રૂા૦ ૧૦૦૦૦ સુધી મેજીસ્ટ્રેટને યોગ્ય લાગે તેટલી રકમ તારણ તરીકે મુકવી જોઇશે.

વધારાની તારણની રકમ મુકયા પછી પણ તે વર્ત્તમાનપત્રમાં સરકાર વીરૂધ્ધ બેદીલી ઉત્પન્ન કરે એવા લખાણ ફરી આવે તો જે વધારાની તારણની રકમ, તથા તે વર્ત્તમાનપત્રની બધી નકલો જપ્ત થયેલાં જાહેર કરવાને સ્થાનીક સરકાર મુખત્યાર છે.

ગમે ત્યાં છપાયેલાં વર્ત્તમાનપત્ર, બુક અથવા દસ્તાવેજમાં જો સરકાર વીરૂધ્ધ બેદીલી ઉત્પન્ન કરનારા લખાણ આવતાં લાગે તો તે વર્ત્તમાનપત્ર, બુક અથવા દસ્તાવેજ જપ્ત થયેલાં જાહેર કરવાને સ્થાનીક સરકાર મુખત્યાર છે. એવાં વર્ત્તમાનપત્ર વીગેરે કોઈપણ પોલીસ અમલદાર, જ્યાંથી મળી આવે ત્યાંથી પકડવાને મુખત્યાર છે. એવાં વર્ત્તમાનપત્ર, બુક કે દસ્તાવેજ માટે શોધ કરવાનો વારંટ સબ ઈન્સ્પેકટરને આપવાને કોઇપણ મેજીસ્ટ્રેટ મુખત્યાર છે.

સરકાર વીરૂધ્ધ બેદીલી ઉત્પન્ન કરે એવાં લખાણ કોઈ વર્તમાનપત્ર, બુકકે દસ્તાવેજમાં હોવાનો શક કસ્ટમના અમલદારને આવે તો તે અટકાવવાનો તેને અધીકાર છે.

છાપનારે અને પ્રસિધ્ધ કરનારે ૧૮૬૭ના ૨૫મા એકટની કલમ ૫ મુજબ એકરાર કર્યો હોય અને તે ઉપરાંત પ્રસીધ્ધ કરનારે આ કાયદા મુજબ તારણ મુકયું હોય તોજ તેવું વર્ત્તમાનપત્ર ટપાલ મારફત રવાના કરવું.

સરકાર વીરૂધ્ધ બેદીલી ઉત્પન્ન કરે એવા વર્ત્તમાનપત્રો, બુકો અને દસ્તાવેજો ટપાલ મારફત જાય છે એવો શક પોસ્ટ માસ્તરને પડે તો તેણે એવી ચીજો અટકાવવી, અને સ્થાનીક સરકારે નીમેલા અમલદારને તે ચીજો સ્વાધીન કરવી.

વર્ત્તમાનપત્રનો દરેક અંક પ્રસીધ્ધ કરવામાં આવે કે તરતજ તેની બે નકલો સરકાર ઉપર મફત મોકલવી જોઈએ. જે વર્ત્તમાનપત્ર છાપનાર આ મુજબ નકલો મોકલવામાં કસુર કરે તો મેજીસ્ટ્રેટ આગળ ફરીયાદ થયે ગુન્હો સાબીત થયેથી દરેક કસુર બદલ રૂ ૫૦) સુધી દંડને પાત્ર થશે.

જે મીલકત કલમ ૪–૬–૯–૧૧–૧૨ની રૂએ સરકાર જપ્ત કરવા હુકમ કરવામાં આવ્યો હોય તે હુકમ રદ કરવા માટે, હુકમની તારીખથી બે માસની અંદર હાઇકોર્ટને અરજ કરવી; એવી અરજી હાઈકોર્ટની સ્પેશીયલ બેન્ચ સાંભળી યોગ્ય નીકાલ કરશે.

જે કોઈપણ સખસ ને અનામત મુકવાને ફરમાવ્યા છતાં તેમ ન કરતાં બુકો તથા કાગળો છાપવા માટે પ્રેસ પોતાના કબજામાં રાખશે તે રૂ૦ ૫૦૦૦ સુધી દંડ અથવા બે વરસ સુધીની આસાન કેદની સજાને પાત્ર થશે

જે કોઈપણ સખસને અનામત મુકવાને ફરમાવ્યા છતાં તેમ ન કરતાં, કોઈ પણ વર્ત્તમાનપત્ર પ્રસીધ્ધ કરશે તે રૂ૦ ૫૦૦૦ સુધી દંડને પાત્ર થશે.

પ્રેસ રાખવાનું અથવા વર્ત્તમાનપત્ર પ્રસીધ્ધ કરવાનું બંધ કરે તો અનામત મુકેલું તારણ પાછું માંગવાનો અધીકાર છે.

મેજીસ્ટ્રેટ એટલે જીલ્લા મેજીસ્ટ્રેટ અથવા ચીફ પ્રેસીડન્સી મેજીસ્ટ્રેટ સમજવું.

વીજળી બાબત

(સને ૧૯૧૦નો આકટ ૯મો—ઈન્ડીઆ)

ઠરાવેલા નમુના પ્રમાણે અરજી કરવામાં આવેથી અને ઠરાવેલી ફી આપવામાં આવેથી કોઈપણ મુકરર કરેલા પ્રદેશમાં, વીજળીની શકિત પુરી પાડવા સારૂં, લઈ જવા માટે તથા મોકલવા માટે વીજળી પુરી પાડવાની લાઈન નાંખવા સારૂં અથવા મુકવા સારૂં કોઈપણ સખસને લાઈસન્સ આપવાનો અખત્યાર સ્થાનિક સરકારને છે—લાઈસેન્સમાં સ્થાનિક સરકારને યોગ્ય લાગે તેવી શરતો દાખલ કરવાને અખત્યાર છે. લાઈસેન્સવાળો જાણીજોઈને તથા ગેરવાજબી લાંબી મુદત સુધી કસુર કરે, અથવા લાઈસેન્સની સરત તોડે, અથવા લાઈસેન્સવાળો કામ કરવાને અસમર્થ માલમ પડે તો, લાઈસેન્સ રદ કરવાનો અથવા તેમાં સુધારો કરવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે. લાઈસેન્સ રદ કરવા બાબતની નોટીસ લાઈસેન્સવાળા ઉપર તથા “સ્થાનિક અધિકારી” (‘સ્થાનિક અધિકારી’ એટલે મ્યુનીસીપાલીટી, અથવા તાલુકા કે ડીસ્ટ્રીકટ લોકલબોર્ડ. ‘સ્થાનિક સરકાર’ એટલે મુંબઈ, મદ્રાસ વીગેરે ઈલાકાની સરકાર) ઉપર પણ બજાવવી જોઈએ. કઈ તારીખથી લાઈસેન્સ રદ થશે તે નોટીસમાં લખવું જોઈએ. તે સ્થાનિક અધિકારી, નોટીસ બજાવ્યાની તારીખ પછી ત્રણ મહીનાની અંદર,

અને સ્થાનિક સરકારની લેખી સંમતી લઇને, લાઇસેન્સવાળાને લેખી નોટીસ આપીને એમ ફરમાવવાને મુખત્યાર છે કે લાઇસેન્સવાળાએ તે અન્ડરટેકીંગ ("અન્ડરટેકીંગ" એટલે ઉપાડેલું કામ, માથે લીધેલું કામ) સ્થાનિક અધિકારીને વેચવું. વાંધો પડે તો, કીમત લવાદ મારફત ઠેરવવી. જ્યારે સ્થાનિક અધિકારીનું લાઇસેન્સ, સ્થાનિક સરકાર રદ કરે અને કોઇપણ સખસ તે અન્ડરટેકીંગ વેચાતું લેવાને ખુશી હોય ત્યારે, તે અન્ડરટેકીંગ અમુક શરતોએ વેચવાનું ફરમાવવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે.

જે લાઇસેન્સમાં પચાસ વર્ષ કરતાં વધારે નહીં એવી મુદત લખેલી હોય તે મુદતની આખરે, અને તે પછી વીસ વીસ વર્ષની મુદતે, સ્થાનિક અધિકારી તે અન્ડરટેકીંગ વેચાતું લેવાને મુખત્યાર છે.

લાઇસિન્સવાળાએ બીજા લાઇસેન્સની રૂએ આપેલા અન્ડરટેકીંગ, સ્થાનિક સરકારની, અગાઉથી લેખી સંમતી વગર, ખરીદ કરવા નહીં અથવા તે સાથે સંબંધ રાખવો નહીં, અથવા પોતાનું અન્ડરટેકીંગ બીજાને તબદીલ કરી આપવું નહીં.

લાઇસિન્સવાળાએ, પોતાના અન્ડરટેકીંગના હિસાબનું વાર્ષિક સરવાયું તૈયાર કરી સ્થાનિક સરકારને ઠરાવેલી તારીખ પહેલાં મોકલવું જોઇએ.

લાઇસેન્સવાળો વીજળી પુરી પાડવાના પ્રદેશમાં અથવા લાઇસેન્સ ઉપરથી પરવાનગી મળી હોય ત્યારે તે પ્રદેશની બહાર, વીજળીની શક્તિ યોગ્ય રીતે પુરી પાડવા સારૂં જરૂર હોય એવાં સઘળાં કામ કરવાને મુખત્યાર છે. પરંતુ નવાં બાંધકામ શરૂ કરતાં પેહેલાં નિદાન એક મહીના આગમજ, યોગ્ય માણસોને નોટીસ આપવી જોઇએ. હરકત કરતા નળીઓ અથવા તારની જગા બદલવાને લાઇસેન્સવાળાને અખત્યાર છે.

ટેલીગ્રાફ લાઇનના કોઇપણ ભાગથી દસ વારની અંદર વીજળી પુરી પાડવાની લાઇન અથવા બીજા બાંધકામ કરતાં પેહેલાં નિદાન દસ દિવસ અગાઊ, લાઇસેન્સવાળાએ ટેલીગ્રાફ અધિકારીને લેખીત નોટીસ આપવી જોઇએ.

બાંધકામ કરતાં જે કોઈ સખ્સને નુકશાન થયું હોય, તેનો પુરેપુરો બદલો લાઇસેન્સવાળાએ આપવો જોઇએ.

જે કોઇપણ જગામાં વીજળીની શક્તિ પુરી પાડવામાં આવતી હોય તે જગામાં જવાનો તથા પોતાના ફીટીંગ અથવા બીજા યંત્રો લઈ જવાનો લાઇસેન્સવાળાને અધિકાર છે. વીજળીની શક્તિના ઉપયોગ ઉપર લાઇસેન્સવાળાને, નિર્બંધ રાખવાનો કે દખલ કરવાનો, હક નથી. જે પ્રદેશમાં વીજળીની શક્તિ પુરી પાડવામાં આવતી હોય તે પ્રદેશમાં, દરેક સખસને અરજ કરેથી, વીજળીની શક્તિ પુરી પાડવીજ જોઇએ, પરંતુ તે બદલ યોગ્ય ખરચ લેવાને અધિકાર લાઇસેન્સવાળાને છે.

વીજળીની શક્તિ વાપરનાર ખર્ચ આપવામાં ગફલત કરે, તો તેને વીજળીની શક્તિ પુરી પાડવાનું બંધ કરવું. વીજળી પુરી પાડવાની લાઈનો અથવા બીજા સાધનો, દીવાની કોર્ટની કોઈપણ પ્રોસેસની બજાવણીમાં, અથવા નાદારી બાબતના કોઈપણ કામમાં, જપ્ત થવાને પાત્ર નથી.

વીજળીની શક્તિનું પરિમાણ શોધી કાઢવા માટે, વાપરનાર માગે તો, તેને એક મીટર લાઇસેન્સવાળાએ, ભાડે કે વેચાતું આપવું જોઇએ.

વીજળી પુરી પાડવાના પ્રદેશની બહાર વીજળીની શક્તિ પુરી પાડવાનો, અને તે કારણ સારૂ વીજળી પુરી પાડવા સારૂ લાઈનો નાંખવાનો અખત્યાર આપવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે.

લાઇસેન્સવાળો ન હોય એવા કોઈપણ માણસે, સ્થાનિક સરકારની અગાઊથી મંજુરી મેળવ્યા વગર, વીજળીની શક્તિ પુરી પાડવાના કોઈપણ કામમાં રોકાવું નહિ. મંજુરી લીધા બાદ રોકાય તો તેને લાઇસેન્સવાળાના અધિકાર, સ્થાનિક અધિકારી આપવાને મુખત્યાર છે.

લાઇસેન્સવાળા સિવાય બીજા કોઈ સખસે, કોઈપણ સ્ટ્રીટમાં, અથવા જે કોઈ જગામાં એકસો અથવા તેથી વધારે માણસો એકઠાં થવાનો સંભવ હોય, અથવા ફેકટરી આકટ મુજબના કારખાનામાં, અથવા ખાણમાં, બસો પચાસ કરતાં વધારે વાટને દરે વીજળીની શક્તિ એક જગેથી બીજી જગે મોકલવી હોય, તો તેણે પોતાના ઈરાદાની ચોખ્ખા સાત દીવસની લેખી નોટીસ જીલ્લા મેજીસ્ટ્રેટને અથવા ઈલાકાના મુખ્ય શહેરમાં પોલીસ કમીશનરને આપવી જોઇએ.

. જે અકસ્માતથી જીવનું જોખમ થયું હોય અથવા શારિરીક ઇજા થઇ હોય, તે બાબત લેખી નોટીસ ચોવીસ કલાકની અંદર, ઇલેકટ્રીક ઇન્સપેકટરને તેમજ જીલ્લા મેજીસ્ટ્રેટને અથવા ઇલાકાના મુખ્ય શહેરમાં પોલીસ કમીશનરને મોકલવી જોઇએ. (૩૩).

વીજળી પુરી પાડવાનો લાઇનોમાંનો કોઈપણ ભાગ જમીન સાથે જોડી દેવાની પરવાનગી આપવામાં આવશે નહીં. જો આ ઠરાવ વિરૂધ્ધ જમીનની સાથે કોઈપણ ભાગ જોડી દેવામાં આવે તો, અથવા વીજળીના કામથી લોકોની સહીસલામતીને ધોકો પોહચવા સરખું છે, એમ જણાય તો, અથવા બાંધકામમાં કંઈ ખામી માલુમ પડે તો, સ્થાનિક સરકાર લેખી હુકમ કરીને, હુકમમાં લખેલી રીતે દુરસ્તી કરવાને તથા તે હુકમમાં લખેલી મુદત સુધીમાં વીજળી પુરી પાડવાની લાઇન તથા બાંધકામ વાપરવાને, મના કરવાને મુખત્યાર છે. (૩૪).

જે કોઈ સખસ વીજળીની શક્તિ બદધાનતથી કહાડી લે, વાપરે અથવા તેનો ઉપયોગ કરે, તે ફોજદારી કાયદા મુજબ, "ચોરી" કર્યાનો ગુન્હેગાર થાય છે. સજાને માટે જુઓ પીનલકોડ કલમ ૩૭૯–૩૮૦–(૩૯).

જે માણસ દ્વેષબુધ્ધીથી વીજળીની શક્તિનો ગેરઉપયોગ કરાવશે અથવા વળાવશે, અથવા વીજળીની શક્તિ પુરી પાડવાનું કામ બંધ કરવાના ઈરાદાથી વીજળી પુરી પાડવાની લાઇન, અથવા બાંધકામ તોડી નાંખશે, અથવા ઈજા કરશે, અથવા એમ કરવાનો પ્રયત્ન કરશે તે બે વર્ષ સુધી કેદની, અથવા એક હજાર રૂપીઆ સુધી દંડની, અથવા એ બેહુ સજાને પાત્ર થશે. (૪૦).

લાઇસેન્સવાળો ન હોય એવો સખસ, સ્થાનિક સરકારની અગાઉથી મંજુરી મેળવ્યા વગર, વીજળીની શક્તિ પુરી પાડવાના કામમાં રોકાશે તે રૂપીઆ ત્રણ હજાર સુધી દંડને પાત્ર થશે, અને ગુન્હો ચાલુ રહેશે તો, દરરોજના રૂપીઆ ત્રણસો સુધીના દંડને પાત્ર થશે. (૪૧).

જે સખસ, લાઇસેન્સવાળો હોઇને, લાઇસેન્સની રૂએ પરવાનગી હોય તે શિવાય, (૧) વીજળી પુરી પાડવાના પ્રદેશની બહાર વીજળીની શક્તિ પુરી પાડશે, અથવા વીજળી પુરી પાડવાની લાઇન, અથવા બાંધકામ કરશે, અથવા (૨) લાઇસેન્સની સરત તોડીને વીજળીની શક્તિ પુરી પાડવાનું બંધ કરશે, અથવા તે શક્તિ પુરી નહીં પાડશે; અથવા (૩) બાંધકામ દુરસ્ત કરવાનો, વીજળી પુરી પાડવાની લાઇન અથવા બાંધકામ વાપરવાની મના કરવા બાબત કોઈપણ હુકમ પ્રમાણે ચાલવાને ચુકશે, તે એક હજાર રૂપીઆ સુધી દંડને પાત્ર થશે, અને ગુન્હો જારૂ રહે તો, દરરોજના રૂપીઆ સો સુધી દંડને પાત્ર થશે. (૪૨).

જે સખસ, નોટીસ આપ્યા વગર, બસો પચાસ કરતાં વધારે "વાટ" ને દરે વીજળીની શક્તિ એક ઠેકાણેથી બીજે ઠેકાણે મોકલશે, અથવા તેનો ઉપયોગ કરશે, તે સખ્સ રૂપીયા પાંચસો સુધી દંડને પાત્ર થશે, અને ગુન્હો ચાલુ રહે તો, દરરોજના પચાસ રૂપીઆ સુધી દંડને પાત્ર થશે. (૪૩).

જે સખસ પોતાના ઈરાદાની ઊડતાલીસ કલાકની લેખી નોટીસ, લાઇસેન્સ વાળાને આપ્યા વગર, (૧) કોઈપણ મીટર, ઈન્ડીકેટર, અથવા યંત્ર જે વીજળી પુરી પાડવાની લાઇનમાંથી લાઈસેન્સવાળા તરફથી વીજળીની શક્તિ પુરી પાડવામાં આવતી હોય તે લાઇનની સાથે જોડશે, અથવા છુટું પાડશે, અથવા (૨) લાઇસેન્સ વાળાની સંમતી વગર, કોઈપણ બાંધકામ કરશે અથવા કરાવશે અથવા જોડશે, અથવા (૩) કોઈપણ મીટર, ઈન્ડીકેટર અથવા યંત્રને દ્વેશભાવથી ઈજા કરશે, અથવા મીટર, ઈન્ડીકેટર અથવા યંત્રનું ઈંડેક્સ જાણીજોઇને અથવા દગલબાજીથી ફેરવશે, અથવા મીટર, ઈન્ડીકેટર અથવા યંત્રને નોંધ કરતું અટકાવશે, અથવા

(૪) લાઈસેન્સવાળાની વીજળીની શક્તિનો અયોગ્ય રીતે ઉપયોગ કરશે, તે ૩૦૦ રૂપીઆ સુધીના દંડને, અને ગુન્હો ચાલુ રહે તો, દરરોજ ત્રીસ રૂપીઆ સુધી દંડની સજાને પાત્ર થશે—(૪૪).

જે સખસ, સાર્વજનિક (વીજળીનો) દીવો દ્વેષબુદ્ધિથી હોલવશે, તે ૭ મહીના સુધી કેદની અથવા રૂ૦ ૩૦૦) સુધી દંડની શિક્ષાને અથવા એ બંને શિક્ષાને પાત્ર થશે (૪૫).

જે સખસ, ગફલતથી વીજળીની શક્તિ ફોકટ જવા દેશે, અથવા ગુમાવશે અથવા બાંધકામ, અથવા યંત્રો ભાંગશે, હેઠળ પાડશે અથવા તેને નુકશાન કરશે, તે ૨૦૦ રૂપીઆ સુધીના દંડને પાત્ર થશે—(૪૬).

જે સખસ, જે બાબતોને માટે (ઉપર કલમ ૩૯–૪૬ સુધીમાં) સજા ફરમાવી ન હોય, તેવા ગુન્હા કરશે અથવા હુકમનો અનાદર કરશે, અથવા લાઈસેન્સની સરત તોડશે, તે એકસો રૂપીઆ સુધી દંડને, અને ગુન્હો ચાલુ રહે તો દરરોજના રૂપીઆ વીસ સુધી દંડને પાત્ર થશે—(૪૭)

કલમ ૩૯, ૪૦, ૪૪, ૪૫ અને ૪૬ લાગુ પડે ત્યાંસુધી તેની રૂએ સજાને પાત્ર ઠરાવેલા કૃત્યો સરકારે પુરી પાડેલી વીજળીની શક્તિના સંબંધમાં અથવા સરકારની માલકીના બાંધકામના સંબંધમાં કરેલા હોય ત્યારે પણ લાગુ પડશે—(૪૯)

આ આકટ વિરૂદ્ધ, અથવા આ આકટની કોઈપણ કાનુન, લાઈસેન્સ, અથવા હુકમ વિરૂદ્ધ, કોઈપણ ગુન્હા માટે ફોજદારીમાં કામ ચલાવવું હોય તો તે, સરકારના અથવા ઈલેકટ્રીક ઈન્સ્પેકટરના હુકમ વગર, અથવા તેથી જે સખસને નુકસાન થયું હોય તે સખસની ફરીઆદ વગર, ચલાવવું જોઈએ નહિ—(૫૦).

ગુન્હા કરનારી જાતો બાબત.

(સને ૧૯૧૧નો ૩જો—ઈન્ડીઆ).

હેતુ—પ્રજાની સુખશાન્તી તથા મિલકતના સંરક્ષણ સારૂ ગુન્હા કરનારી જાતોને નોંધવાનો, તેમને નજરકેદમાં રાખવાનો, તથા તેમના ઉપર નિર્બંધ રાખવાનો આ કાયદાનો હેતુ છે.

કોઈપણ જાત, ટોળી અથવા વર્ગ જેને જામીન નહિ લઈ શકાય એવા ગુન્હા કરવાની આદત છે એમ માનવાનું કારણ હોય તો તે જાત ટોળી કે વર્ગને સ્થાનિક સરકાર ગુન્હો કરનારી જાત છે એવું જાહેર કરવાને મુખત્યાર છે. દાખલા તરીકે ખેડા જીલ્લાના, વાંગરી, ઠાકોરડા, પંચમહાલના ભીલ, નાયકડા, ધાનકા, આવા લોકોનો આ જાતમાં સમાવેશ થઈ શ

ગુન્હા કરનારી જાતોના માણુસોના નામ નોંધવા સારૂ જીલ્લા મેજીસ્ટ્રેટ એક રજીસ્ટર તૈયાર કરશે. એવું રજીસ્ટર તૈયાર કરતી વખતે ગુન્હા કરનારી જાતના સઘળા માણુસોએ હાજર થવું પડશે. જરૂર હોય તેવી ખબર આપવી પડશે. અને અંગુઠાની છાપ રજીસ્ટરમાં આપવી પડશે. રજીસ્ટર તૈયાર થયા પછી તે સુપ્રીન્ટેન્ડન્ટ ઑફ઼ પોલીસના તાબામાં રાખવામાં આવશે. જીલ્લા મેજીસ્ટ્રેટના હુકમ શિવાય તેણે તેમાં ફેરફાર કરવો નહિ. ગુન્હા કરનારી જાતોના માણુસોએ પોતાના વિષે ઠરાવેલી મુદતે રીપોર્ટ કરવો અને રહેવાની જગ્યા જાહેર કરવી.

૨૧. જે કોઈ સખસ ગુન્હા કરનારી જાતનો માણુસ હોય અને કાયદાસર કારણુ શિવાય, (આ કારણુ સાબીત કરવાનો બોજો તેના ઉપર રહેશે).

(અ) ૫ મી અથવા ૭મી કલમની રૂએ કાઢેલી નોટીસ મુજબ હાજર થવાને ચુકે, અથવા

(બ) તે કલમોમાં ફરમાવ્યા મુજબ કોઈપણુ ખબર ઈરાદાથી ન આપે, અથવા

(ક) તે બેમાંની હરકોઈ એક કલમની રૂએ જ્યારે તેને ખબર આપવાનું ફરમાવવામાં આવે ત્યારે જે ખબર ખોટી છે એમ તે જાણુતો હોય તેવી ખબર અથવા જે ખબર ખોટી છે એમ માનવાને તેને સબબ હોય તેવી ખબર સાચી તરીકે તે આપે, અથવા

(ડ) તેની આંગળીની છાપ લેવા દેવાની ના પાડે,

તેને વગર વારંટે પકડવાનો અધિકાર છે, અને તે વધારેમાં વધારે છ મહિનાની મુદત સુધીની કેદની, અથવા ૨૦૦ રૂપીઆ સુધીના દંડની અથવા બંને શિક્ષાને પાત્ર થશે.

૨૨. (૧) જે કોઈ સખસ, ગુન્હા કરનારી જાતનો નોંધાયલો માણુસ હોય અને જે ૨૦મી કલમની (ઈ), (ફ) અથવા (ગ) રકમની રૂએ ઘડેલી કાનુન તોડે તે–

(અ) પહેલીવાર ગુન્હો સાબીત થયાનો ઠરાવ થયેથી, એક વરસની,

(બ) બીજીવાર ગુન્હો સાબીત થયાનો ઠરાવ થયેથી બે વરસની, અને

(ક) ત્યાર પછી ગુન્હો સાબીત થયાનો ઠરાવ થયેથી, ત્રણુ વરસની કેદની શિક્ષાને પાત્ર થશે.

(૨) જે કોઈ સખસ, ગુન્હા કરનારી જાતનો નોંધાયલો માણુસ હોય અને જે ૨૦મી કલમની બીજી કોઈ રકમની રૂએ ઘડેલી કાનુન તોડે તે,–

(અ) પહેલીવાર ગુન્હો સાબીત થયાનો ઠરાવ થયેથી, વધારેમાં વધારે છ મહિનાની મુદત સુધીની કેદની અથવા ૨૦૦ રૂપીઆ સુધીના દંડની, અથવા એ બંને શિક્ષાને પાત્ર થશે.

(બ) ત્યાર પછી કોઈપણ વાર ગુન્હાની સાબીતીનો ઠરાવ થયેથી વધારેમાં વધારે એક વરસની મુદ્દત સુધીની કેદની અથવા પાંચસે રૂપીઆ સુધીના દંડની અથવા એ બંને શિક્ષાને પાત્ર થશે.

૨૩. (૧) જે કોઈ સખસ, કોઈપણ ગુન્હા કરનારી જાતનો માણસ હોય અને જેના ઉપર પરિશિષ્ટમાં નિર્દિષ્ટ કરેલા હિંદુસ્તાનના ફોજદારી કાયદા મુજબના ગુન્હાઓમાંનો કોઈપણ ગુન્હો કીધાની સાબીતીનો ઠરાવ થયો હોય અને ત્યાર પછી તેજ અથવા સદરહુ પરિશિષ્ટમાં નિર્દિષ્ટ કરેલો બીજો કોઈ ગુન્હો કીધાની સાબીતીનો ઠરાવ થાય ત્યારે તે, નીચેની સજા નહિ કરવા વિષેનાં ખાસ કારણ (આ કારણો કોર્ટે પોતાના ફેસલામાં જણાવવા જોઈએ) નહિ જણાવ્યા હોય તે,—

(અ) સદરહુ પ્રમાણે ગુન્હો કીધાની બીજીવાર સાબીતીનો ઠરાવ થયેથી, સાત વરસથી ઓછી નહિ એટલી મુદ્દત સુધીની કેદની, અને

(બ) ગુન્હો કીધાની ત્રીજીવાર સાબીતીનો ઠરાવ થયેથી જન્મપર્યંત સમુદ્રપારની, શિક્ષાને પાત્ર થશે.

(૨) એવો સખસ હિંદુસ્તાનના ફોજદારી કાયદાની અથવા બીજા કોઈ કાયદાની રૂએ બીજી વધારે અથવા બીજી કોઈ શિક્ષાને પાત્ર હોય તો તેની તે પાત્રતાને આ કલમના કોઈપણ મજકુર ઉપરથી બાધ આવશે નહીં.

૨૪. જે કોઈ સખસ, કોઈપણ ગુન્હા કરનારી જાતનો નોંધાયલો માણસ હોય અને કોઈપણ જગાએ એવી સ્થિતિમાં માલમ પડે કે—

(અ) તે ચોરી અથવા અપહરણ કરવાની તજવીજમાં અથવા એવું કામ કરવાની મદદ કરવાની તજવીજમાં હતો, અથવા

(બ) તે ચોરી અથવા અપહરણ કરવાની તક જોયા કરતો હતો,

એમ કોર્ટની ખાત્રી થાય તો તે માણસને વધારેમાં વધારે ત્રણ વરસની મુદ્દત સુધીની કેદની તેમજ વધારેમાં વધારે એક હજાર રૂપીઆ સુધીના દંડની શિક્ષા થશે.

૨૫. (૧) જે કોઈ સખસ ગુન્હા કરનારી જાતનો નોંધાયલો માણસ હોય, અને જે

(અ) તેની રહેવાની જગા માટે જો કોઈપણ પ્રદેશ ઠરાવેલો હોય તો તે પ્રદેશની બહારના બ્રિટિશ હિંદુસ્તાનના કોઈપણ ભાગમાં, ઠરાવેલા પાસ વિના અથવા તેના પાસની શરતમાં જે જગા અથવા વખત લખેલા નહીં હોય એવી જગામાં અથવા એવા વખતે જડી આવશે; અથવા

(બ) ઔદ્યોગિક, ખેતીવાડી સંબંધી અથવા સન્માર્ગપ્રવર્ત્તક થાણા અથવા શાળામાંથી નાશી જશે,

તેને વગર વારંટે પકડવાનો અને હરકોઈ માજીસ્ટ્રેટની આગળ લઈ જવાનો અધિકાર પોલીસના હરકોઈ અમલદારને અથવા ગામના મુખીને અથવા ગામના રખવા-

ળને છે; અને તે માજીસ્ટ્રેટે તે વાત સાબીત થાય તો, તે માણસે જે જીલ્લામાં રહેવું જોઈતું હતું તે જીલ્લામાં અથવા જે સન્માર્ગપ્રવર્તક થાણા અથવા શાળામાંથી તે નાશી ગયો હોય તે થાણા અથવા શાળામાં, (જેમ હોય તેમ) ત્યાં આ આકટ મુજબ અથવા તેની રૂએ ઠરાવેલી કોઇપણ કાનુનો મુજબ તજવીજ થવા સારૂ, તેને મોકલવાનો હુકમ કરવો.

(૨) કેદીઓને લઈ જવા બાબત જે કાનુનો વિદ્યમાન કાળે અમલમાં હોય તે કાનુનો આ કલમ પ્રમાણે અથવા આ આકટના બીજા કોઈપણ ઠરાવ પ્રમાણે જે સખસો લઈ જવાના હોય તે સઘળા સખસોને લાગુ છે.

પણ એવું ઠરાવ્યું છે કે, સદરહુ સખસોને લઈજવા બાબત સ્થાનિક સરકારનો અથવા ઈન્સ્પેકટર જનરલ ઑફ પ્રીઝન્સનો હુકમ લેવાની જરૂર નથી.

૨૬. (૧) જે ગામમાં ગુન્હા કરનારી જાતના કોઈપણ શખસો રહેતા હોય તે ગામના દરેક મુખીએ તથા ગામના દરેક રખવાળે અને જે જમીન ઉપર આવા કોઈ સખસો રહેતા હોય તે જમીનના દરેક ધણીએ અથવા ભોગવટો કરનારે અથવા એવા જમીનના કોઈપણ ધણી અથવા ભોગવટો કરનારના એજંટે (મુખત્યારે) હેઠળ લખેલી વાતો બાબત જે કાંઈપણ ખબર તેને મળે તે તાબડતોબ છેક પાસેના પોલીસના થાણાના અમલદારને આપવી, એટલે—

(અ) સદરહુ પ્રકારનો કોઈ સખસ ૫ મી કલમમાં કહ્યા પ્રમાણે હાજર થવાને અને ખબર આપવાને ચુકે તે બાબત, અથવા

(બ) ગુન્હા કરનારી જાતનો કોઈપણ નોંધાયલો માણસ (પ્રસંગ પ્રમાણે) સદરહુ ગામમાંથી અથવા સદરહુ જમીનમાંથી જાય તે બાબત.

(૨) જે કોઈપણ સખસો કોઈપણ ગુન્હા કરનારી જાતના છે એવો વાજબી રીતે શક હોય તેઓ (પ્રસંગ પ્રમાણે) ગામમાં અથવા જમીનમાં આવ્યાની કાંઇપણ ખબર પોતાને મળે તો તે ગામના દરેક મુખીએ, અને રખવાળે 'અને તે જમીનના દરેક ધણીએ અથવા ભોગવટો કરનારાએ અથવા આવા જમીનના ધણીના અથવા ભોગવટો કરનારાના એજંટે (મુખત્યારે) તાબડતોબ છેક પાસેના પોલીસ થાણાના અમલદારને આપવી જોઇએ.

૨૭. ગામનો જે કોઈપણ મુખી અથવા રખવાળ અથવા જમીનનો જે કોઈ-પણ ધણી અથવા ભોગવટો કરનાર અથવા આવા જમીનના ધણી અથવા ભોગવટો કરનારનો જે એજંટ (મુખત્યાર) ૨૬મી કલમમાં ફરમાવ્યા પ્રમાણે ચાલવાને ચુકશે તેણે હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૭૬મી કલમના પહેલા ભાગ મુજબ શિક્ષા કરવા લાયક ગુન્હો કર્યો છે એવું સમજવું.

રાજદ્રોહી સભા અટકાવવા બાબત.

(સને ૧૯૧૧નો ૧૦મો—ઈન્ડીઆ.)

હેતુઃ—રાજદ્રોહ તથા લોકોની સમાધાનીમાં ગડબડ થવાનો સંભવ હોય એવી જાહેર સભાઓ મળતી અટકાવવાનો આ કાયદાનો હેતુ છે.

આ કાયદો વખતો વખત જાહેર કરેલા પ્રદેશમાં અમલમાં આવે છે.

"જાહેર સભા"—એટલે જે સભા લોકોને માટે અથવા લોકોના કોઈપણ વર્ગને માટે અથવા ભાગને માટે ખુલ્લી હોય તે સભા. સભા ખાનગી મકાનમાં ભરી હોય, તેમાં દાખલ થવા ટીકીટો કાઢી હોય, અથવા બીજી રીતે નિર્બંધ રાખ્યો હોય તોપણ તે સભા જાહેર સભા થઈ શકે છે.

ગડબડ થવાનો સંભવ હોય એવા કોઈપણ વિષયનો પ્રસાર કરવા માટે જાહેર સભા ભરવી હોય તો તે સભાના વખત તથા જગા બાબત લેખી નોટીસ ત્રણ દિવસ અગાઊથી ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટને અગર પોલીસ કમીશનરને આપવી જોઈએ અથવા તેમની પરવાનગી મેળવવી જોઈએ. નોટીસ આપ્યા વગર અથવા પરવાનગી મેળવ્યા શિવાય સભા ભરવામાં આવશે તો તેમાં સંબંધવાળા કોઈપણ માણસને છ મહિના સુધી કેદની અથવા દંડની અથવા બન્ને સજા થશે.

સભાનો રીપોર્ટ લેવાને માટે હેડ કૉન્સટેબલને સભામાં હાજર રહેવા સારૂ ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ મોકલવાને મુખત્યાર છે.

કાયદાની રૂએ ભરેલી કોઈપણ જાહેર સભાને આ કાયદો લાગુ નથી. જાહેર સભા અટકાવવાનો અધિકાર ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ અગર પોલીસ કમીશનરને છે. આવી અટકાવેલી સભા "કાયદા વિરૂદ્ધ મંડળી" છે એમ સમજવું. સાર્વજનિક જગામાં જીલ્લા મેજીસ્ટ્રેટની અથવા પોલીસ કમીશનરની અગાઊથી પરવાનગી મેળવ્યાં વગર જે સખસ, ગડબડ થવાનો અથવા ઊશ્કેરણી થવાનો સંભવ હોય એવા વિષય ઊપર વ્યાખ્યાન કે ભાષણ આપશે તેને વગર વારંટે પકડવાનો પોલીસને અધિકાર છે, અને તે સખસ એવા ગુન્હા બદલ છ મહિનાની કેદની અથવા દંડની અથવા એ બન્ને સજાને પાત્ર થશે.

આ આકટ વિરૂદ્ધ ગુન્હાનો ઈન્સાફ પ્રેસીડન્સી મેજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગનો મેજીસ્ટ્રેટ કરી શકે છે.

કારખાના બાબત.

(સને ૧૯૧૧નો આકટ ૧૨મો—ઈન્ડીઆ.)

જે કારખાનામાં એકી વખતે ૪૯ કરતાં વધારે સખસો કામે લગાડવામાં આવતાં હોય, તેવા કારખાનાને આ આકટ લાગુ છે, પણ સ્થાનિક સરકારની નજ-

રમાં આવે તો, જે કારખાનામાં વીસ કરતાં ઓછા સખસો કામે લગાડવામાં આવતા ન હોય તેવા કારખાનાને પણ લાગુ પાડે (૩).

"કારખાનુ" એટલે જે મકાનની અંદર, અથવા જે મકાનની હદની અંદર કોઈપણ વસ્તુ બનાવવા, તેમાં ફેરફાર કરવા, તે દુરસ્ત કરવા, સારૂ વરાળથી ચાલનારી, પાણીથી ચાલનારી યાંત્રિક શક્તિનો અથવા વીજળીની શક્તિનો ઉપયોગ કરવામાં આવતો હશે એવું કોઈપણ મકાન—કારખાનાઓ ઉપર દેખરેખ રાખવા સારૂ સ્થાનિક સરકાર ઈન્સ્પેકટરો નિમશે. જીલ્લા માજીસ્ટ્રેટ ઈન્સ્પેકટર છે (૪).

કારખાનામાં, અથવા કારખાના તરીકે વપરાતી જગામાં જવાનો, રજીસ્ટરો તપાસવાનો, તથા જુબાની લેવાનો, તથા આ કાયદાથી આપેલા બીજા અધિકાર ચલાવવાનો અખત્યાર છે (૫). આ અખત્યાર બજાવવામાં જે કોઇપણ સખસ હરકત અથવા અટકાવ કરશે તે રૂ ૨૦૦) સુધી દંડની શિક્ષાને પાત્ર થશે. સ્થાનિક સરકાર દાખલા આપનારા સર્જન નિમશે (૬). એવા સર્જને, કારખાનામાં કામે લાગવાની ઈચ્છા રાખનાર માણસની, અથવા તેના માબાપની, અથવા કારખાનાના મેનેજરની વિનંતીપરથી, તેને તપાસવો જોઇએ, અને તેની ઊમર તથા તે કારખાનામાં કામ કરવા લાયક છે કે નહિં તે લખીને, નમુના પ્રમાણે દાખલો આપવો જોઇએ. દાખલો ન આપે તો તેના કારણ લખી આપવાં જોઈએ (૭). દાખલો આપનાર સર્જન પોતાનો અધિકાર બીજા કોઈપણ યોગ્ય ડોકટરને આપવાને તથા તે અધિકાર રદ કરવાને મુખત્યાર છે (૮). જે કોઈપણ માણસ, બીજા માણસને આપેલા દાખલાનો, પોતાને આપેલા દાખલા પ્રમાણે જાણીબુજીને ઉપયોગ કરશે તે રૂ ૨૦ સુધી દંડને પાત્ર થશે. દરેક કારખાનું સ્વચ્છ રાખવું જોઇએ, તેમાં ભીડ થવા દેવી ન જોઈએ, તેમાં હવાની આવજા થવી જોઈએ (૯). દરેક કારખાનામાં પુરતા તથા યોગ્ય સંડાસ અથવા મુતરડી રાખવાં જોઇએ (૧૩). પુરતો પાણીનો જથો રાખવો જોઈએ (૧૪). ત્રીસ માણસ કરતાં વધારે માણસ કામ કરતાં હોય એવા દરેક ઓરડાના બારણાં, બહારની બાજુએ ઊઘડે તેવા રાખવા જોઇએ (૧૫). વાડ કરી લેવા સંબંધી, તથા યંત્ર અથવા બોઈલરની વ્યવસ્થા રાખવા. કામે લગાડેલા માણસોનું સંરક્ષણ કરવા સંબંધી ઠરાવ પ્રમાણે ચાલવું જોઈએ (૧૮). ઈન્સ્પેકટરના હુકમ મુજબ પંખા પુરા પાડવા જોઈએ (૧૦). પુરતાં અજવાળા માટે ઈન્સ્પેકટરના હુકમ મુજબ વર્તવું જોઈએ (૧૧). ભીનાશ લાવવા માટે વાપરવામાં સ્વચ્છ પીવા જેવા પાણીનો ઉપયોગ ઈન્સ્પેકટરના હુકમ મુજબ કરવો જોઈએ (૧૨). ઈન્સ્પેકટરના હુકમ મુજબ આગને પ્રસંગે કારખાનામાંથી બહાર નીકળી જવાના સાધનો, રાખવાં જોઈએ (૧૬). એવા કારખાનામાં કામે લગાડેલાં છોકરાંઓનું રજીષ્ટર રાખવું જોઇએ (૩૫). આ આકટનો તથા કાનુનોનો સારાંશ તથા કામ શીરૂ

કરવા તથા બંધ કરવાના વખતની નોટીસ મુખ્ય દરવાજા નજીક સેહેજ દેખાય એવી રીતે ચોહોડવી જોઈએ (૩૬). આકટ તથા કાનુનોની રૂએ નોટીસ અથવા પત્રક પુરાં પાડવાં જોઇએ. આ આકટના ઠરાવ વિરૂધ્ધ કોઈ માણસને કામે લગાડવો નહિ. ઉપલા ઠરાવો પ્રમાણે ચાલવામાં ન આવ્યું હોય તો—એવા દરેક પ્રસંગે ભોગવટો કરનાર તથા મૅનેજર સામાયિક તથા પ્રથક પ્રથક રૂ૦ ૨૦૦) સુધી દંડને પાત્ર થશે.

પરંતુ કલમ ૧૦–૧૧–૧૨–૧૬ તથા ૧૮ મુજબ ઇન્સ્પેકટરે કરેલા હુકમ ઉપર દીન ચઉદની મુદતમાં સરકારને અપીલ કરવાનો અધિકાર છે (૫૦). તેવા કામમાં, અપીલનો નિકાલ થતાં સુધી, ફોજદારી કામ ચલાવવું નહિ. ભોગવટો કરનાર અથવા મેનેજર ઉપર, ગુન્હા કર્યાનું તોહમત મુકવામાં આવ્યું હોય ત્યારે, તે કોર્ટની ખાત્રી થાય એવી રીતે સાબીત કરે કે (૧) આ આકટની અમલ બજાવણી કરાવવા સારૂ તેણે યોગ્ય કાળજી લીધી છે, અને (૨) અમુક બીજા સખસે તે ગુન્હો પોતાની જાણ, સમ્મતી અથવા અખાડા શિવાય કર્યો છે તો તે બીજા સખસ ઉપર ગુન્હાની સાબીતીનો ઠરાવ કરી, તેને આ કાયદા મુજબ સજા કરવામાં આવશે. વળી ફોજદારીમાં કામ ચલાવવામાં આવે તે પેહેલાં, ઈન્સ્પેકટરની ઉપર મુજબ ખાત્રી થાય તો, ભોગવટો કરનાર અથવા મેનેજર ઉપર કામ નહિ ચલાવતાં, જે સખસ ખરેખરો ગુન્હેગાર હોય તેના ઉપર કામ ચલાવવામાં આવશે અને ગુન્હા સાબીત થએથી તેને સજા થશે. ઉપર મુજબના સંજોગો બનશે ત્યારે, ભોગવટો કરનાર અથવા મેનેજર જવાબદારીમાંથી મુકત થશે (૪૨). કારખાનામાં કોઈપણ જલદી સળગી ઊઠે એવા પદાર્થની છેક પાસે કોઇએ બીડી પીવી નહિ, ખુલ્લો દીવો દેવતા વાપરવો નહિ (૧૭). આ ઠરાવ મુજબ ચાલવામાં ન આવ્યું હોય તો, તે સખસ રૂ૦ ૨૦૦) સુધી દંડની સજાને પાત્ર થશે. સ્ત્રીઓ અથવા છોકરાંને જોખમકારક કામ ઉપર તથા રૂની ગાંસડી બાંધવાના કારખાનામાં, "કોટન ઓપનર" ચાલતું હોય ત્યાં કામે લગાડવું નહિ (૧૯–૨૦). દરેક દિવસે વત્તામાં વત્તા છ કલાકને અંતરે, અડધા કલાકની છુટી આપવી જોઇએ. રવીવારે છુટી આપવી જોઇએ, પરંતુ રવીવાર પેહેલાંના કે પછીના ત્રણ દહાડામાં કોઈ આખો દિવસ છુટી મળી હોય તો રવીવાર પાળવાની જરૂર નથી (૨૨). નવ વર્ષથી ઓછી ઊમરના છોકરાંને કારખાનામાં કામે લગાડવું નહિ, વળી કોઈપણ છોકરાંને સવારના સાડા પાંચ વાગતા પેહેલાં અથવા સાંજના સાત વાગ્યા પછી કામે લગાડવું નહિ, અને સાત કલાકથી વધારે કામ લેવું નહિ. છોકરાં કામ કરવાને લાયક છે એવા દાખલા શિવાય, તેને કામે લગાડવા નહિ (૨૩). કોઇપણ સ્ત્રીને સવારના સાડાપાંચ વાગતા પહેલાં, અથવા સાંજના સાત વાગ્યા પછી કામે લગાડવી નહિ, તેને અગીઆર કલાક કરતાં વધારે વખત સુધી કામે લગાડવી નહિ, સ્ત્રીઓને તેમજ છોકરાંને એકજ

દિવસે એ કારખાનામાં કામે લગાડવાં નહિં. સ્ત્રી તથા છોકરાંને કામે લગાડવાના કલાક અમુક છે એમ ઠરાવવું જોઇએ (૨૪–૨૫–૨૬). વણુવાના કારખાનામાં, કેટલાક અપવાદ શિવાય, કોઈપણ માણસને એક દિવસમાં બાર કલાક કરતાં વધારે વખત સુધી કામે લગાડવો નહિ, તેમ સવારના સાડાપાંચ વાગતાં પેહેલાં કે સાંજના સાત વાગ્યા પછી કામે લગાડવો નહિ, (૨૮–૨૯). યંત્રોનો ઉપયોગ બાર કલાકથી વધારે કરવો નહિ (૩૧). છોકરાંને છ કલાકથી વધારે વખત સુધી કામે લગાડવું નહિં. (૩૨) કારખાનાનો ભોગવટો કરનારે, કારખાનાનો ભોગવટો શીરૂ કર્યા પછી એક મહિનાની અંદર, કારખાનાનું નામ, જગા, મેનેજરનું નામ વીગેરે બાબત, લખી એક નોટીસ ઈન્સ્પેકટર ઉપર મોકલવી જોઇએ; મેનેજર બદલવામાં આવે ત્યારે, સાત દિવસની અંદર લેખી નોટીસ મોકલવી જોઇએ, (૩૩). કાંઈ અકસ્માત થઈ મરણ નીપજે ત્યારે અથવા અડતાલીસ કલાક સુધી કારખાનામાં પાછા કામે હાજર થઇ શકાય નહિં એવી કોઈ ઈજા કોઈ સખસને થાય ત્યારે, મેનેજરે ઠરાવેલા અધિકારીઓને નોટીસ મોકલવી જોઇએ (૩૪). આ ઠરાવો મુજબ ચાલવામાં ન આવે તો, રૂ૦ ૨૦૦) સુધી દંડ થશે. ઈન્સ્પેકટર શિવાય, અથવા ઈન્સ્પેકટરની અગાઉથી મંજુરી લીધા શિવાય ફોજદારીમાં, કલમ–૧૭ના ઠરાવ બાદ કરીને, કામ ચલાવવામાં આવશે નહિં. આ કાયદા મુજબના ગુન્હાઓનો ઈનસાફ કરવાનો અધિકાર પહેલા વર્ગના મેજીસ્ટ્રેટની કોર્ટને છે, પરંતુ કલમ–(૧૭) મુજબના ગુન્હાનો ઈનસાફ કોઈ અધિકારવાળો મેજીસ્ટ્રેટ કરી શકે (૪૮). ગુન્હા બન્યાની તારીખથી છ મહીનાની અંદર ફરીઆદ થવી જોઇએ. એ મુદત બાદ થએલી ફરીઆદ સાંભળવી નહિ (૪૯).

ગાંડા સખસોને આશ્રમસ્થાનમાં રાખવા બાબત.

(સને ૧૯૧૨નો આકટ ૪થો—ઈન્ડીઆ)

પોતાની હદ માંહે રખડતા, ભટકતા ગાંડા સખસો તથા જે સખસો ગાંડપણાને લીધે નુકસાન પોહોંચાડે એમ લાગે તેવા સઘળા સખસોને પકડીને મેજીસ્ટ્રેટ આગળ રજુ કરવાની ફરજ દરેક સબ–ઈન્સપેકટરની છે (૧૩). મેજીસ્ટ્રેટે, કોઇ વૈદકય અમલદારની મદદથી તે ગાંડા માણસને તપાસવો, અને વૈદકય અમલદાર જો નમુના મુજબના સરટીફીકેટ ઉપર સહી કરી આપે તો, મેજીસ્ટ્રેટે સદરહુ ગાંડા સખસને આશ્રમસ્થાનમાં રાખવાનો હુકમ કરવો, પણ સદરહુ ગાંડા સખસનો કોઈ ભાઈબંધ અથવા સગો, તે ગાંડાની બરાબર સંભાળ રાખવાનું પોતાને માથે લે તો, તેવા સગા કે ભાઈબંધને સદરહુ ગાંડાને સોંપવાનો હુકમ કરવો (૧૪).

કોઈપણ પોલીસ ઓફીસરના રીપોર્ટ ઉપરથી અથવા બીજા કોઈ સખસે આપેલી ખબર ઉપરથી મેજીસ્ટ્રેટને એમ જણાય કે અમુક ગાંડા સખસની કોઈ સંભાળ રાખતું નથી, અથવા તે જેના હવાલામાં હોય તે સગા અથવા બીજાઓ તેની સાથે ઘાતકી રીતે વર્તે છે, તો મેજીસ્ટ્રેટે તે ગાંડા સખસને બોલાવવો, અને સદરહુ સગા અથવા બીજા માણુસોને સમન કરી બોલાવવા, તેઓ જો સદરહુ ગાંડા સખસનું પોષણ કરવાને કાયદેસર જવાબદાર હોય તો, મેજીસ્ટ્રેટે તેવો હુકમ કરવો, અને જે જાણીબુઝીને તે હુકમ પ્રમાણે ચાલવાને કસુર કરે તેને એક મહીના સુધી કેદમાં મોકલી શકે (૧૫). આશ્રમસ્થાનમાંથી નાસી ગયેલા ગાંડા માણુસને પકડવાને હરકોઈ પોલીસ અમલદાર બંધાયલો છે (૩૯).

દીર્ઘદર્શી વિમાની મંડળીઓ બાબત.

(સને ૧૯૧૨ નો ૫ મો—ઈન્ડીઆ).

"દીર્ઘદર્શી વિમા ઉતારનારી મંડળી" એટલે જે સખસ અથવા મંડળી કોઈપણ સખસના જન્મ, લગ્ન અથવા મરણુ અથવા કાંઈ અનિશ્ચિત બનાવ બનવા ઉપર નાણાં મલવા માટે પ્રીમીઅમ અથવા ફાળો લે છે તે સખસ અથવા મંડળી.

જીદંગીના વિમા ઉતારનાર દીર્ઘદર્શી વિમા મંડળી જે એક જીંદગીના વિમાની પોલીસી ઉપર રૂ૦ ૫૦) કરતાં વધારે વરસાસન આપે અથવા ઉચક રૂ૦ ૫૦૦) આપે અથવા જે એક જીંદગીના વિમા ઉપર પ્રીમીઅમ અથવા ફાળો રૂ૦ ૨૫૦) લે છે અથવા એક વર્ષમાં રૂ૦ ૨૫) કરતાં વધારે પ્રીમીઅમ લે છે એવી મંડળીઓને આ આકટ લાગુ નથી.

જે સખસ પ્રીમીઅમ ભરે તેના અથવા તેની ધણીઆણી, ધણી, છોકરૂં, માબાપ, ભાઈબેનના મૃત્યુ વખતે આપવાના નાણાના વિમા માટે કોઈપણ દીર્ઘદર્શી વિમા મંડળીએ આ કાયદાના ઠરાવોને અનુસરીને પ્રીમીઅમ લેવું, પરંતુ એ શીવાય બીજા કોઈ સખસના મૃત્યુ વખતે આપવાના નાણાનાં વિમા માટે પ્રીમીઅમ લેવું નહી. મતલબ કે વિમો ઉતરાવવા લાયક હિત, ઉપર બતાવેલા સગા સંબંધમાંજ સમાયલું છે.

દીર્ઘદર્શી વિમા કંપનીઓએ આ આકટ મુજબ રજીસ્ટર કરાવવા સારૂ પ્રીમીઅમ લેવાનું શરૂ કરતાં પહેલાં રજીસ્ટ્રારને અરજી કરવી જોઇએ અને તે અરજી સાથે મંડળીના કાનુનની નકલ મોકલવી જોઇએ. રજીસ્ટ્રાર યોગ્ય તપાસ કરીને આવી મંડળીઓ રજીસ્ટર કરશે. જે મંડળીઓ રજીસ્ટર થઈ નહિં હોય તેણે પ્રીમીઅમ લેવું નહિ.

મંડળીના દરેક સભાસદ મંડળીના કાનુનની નકલ માંગે તો મફત આપવી. સભાસદોની એક યાદી રાખવી જોઇશે. મંડળીની ઑફીસ આગળ વંચાય એવા અક્ષરે લખેલું મંડળીના નામનું પાટીયું રાખવું જોઈએ. ઑફીસના ઠામ ઠેકાણાંની રજીસ્ટ્રારને ખબર આપવી જોઇશે. ઠરેલા નમુના મુજબ હિસાબ રાખવો જોઇશે; અને તે વર્ષ પુરૂં થયા બાદ, છ મહિનાની મુદતમાં હિસાબના નમુના મુજબના પત્રકો રજીસ્ટ્રારને મોકલવા જોઈશે. હિસાબનું દફ્તર જોવાને માટે ખુલ્લું રાખવું જોઇશે. કોઈપણ આવી મંડળીના દારપણા બાબત તપાસ કરવાને રજીસ્ટ્રાર મુખત્યાર છે. મંડળી નાદાર છે એમ તપાસમાં માલમ પડે તો મંડળીનુ રજીસ્ટર રદ કરશે અને મંડળીને બંધ કરવા લીકવીડેટર નીમશે.

આ આકટના ઉપર કહેલા ઠરાવો મુજબ ચાલવામાં જે મંડળી કસુર કરશે તે, તથા તે મંડળીના ડીરેકટર, મેનેજર, સેક્રેટરી અથવા એજંટ કે અમલદાર રૂ૦ ૫૦૦) સુધી દંડને પાત્ર થશે, અને જેટલા દિવસ કસુર કરવાનું જારી રાખશે તેટલા દિવસ દરરોજના રૂ૦ ૨૫૦) દંડને પાત્ર થશે.

જે કોઈ સખસ આવી મંડળીના હિસાબ ખોટા બનાવશે તે બે વર્ષ સુધી કેદની, દંડની કે બંને સજાને પાત્ર થશે.

આ આકટ મુજબના ગુન્હાની ચોકસી પ્રેસીડન્સી મેજીસ્ટ્રેટ કે પંહેલા વર્ગના મેજીસ્ટ્રેટ કરી શકશે.

જીંદગીના વિમા ઉતારનારી કંપનીઓ બાબત.

(સને ૧૯૧૨નો ૬ ઠો—ઈન્ડીઆ)

બ્રીટીશ ઈન્ડીઆમાં જીંદગીના વિમા ઉતારવાનું કામ કરનાર દરેક કંપનીને આ આકટ લાગુ છે. જે મંડળીને દીર્ઘદર્શી વિમા મંડળીનો કાયદો લાગુ છે તે મંડળીને આ આકટ લાગુ નથી. વળી જે ફંડને ઈન્ડીઆ સરકાર આ આકટના અમલમાંથી બાતલ કરે તેવા ફંડને લાગુ નથી.

જીદંગીના વિમાની દરેક કંપનીએ હિન્દ સરકાર તરફથી કૉમ્પટ્રોલર જનરલ સાથે રૂ૦ ૨૫૦૦૦)ની અથવા વાર્ષીક આવકની ¼ રકમ, આ બેમાંથી જે રકમ વધારે હોય તે રકમની, સરકારી સીકયુરીટીઓ અનામત રાખવી જોઇશે; અને રૂપીઆ અઢી લાખની અનામત થાય ત્યાંસુધી તે રકમ વર્ષોવર્ષ વધારવી જોઈશે.

કંપનીએ, ઠરેલા નમુના મુજબ હિસાબ રાખવો જોઈશે. હિસાબની ચાર નકલો હિંદ સરકારમાં મોકલવી જોઇશે. કંપનીના કામકાજનો વાર્ષીક હેવાલ પણ હિસાબ સાથે મોકલવો જોઈશે. શેર હોલ્ડર અથવા પોલીસી હોલ્ડર હિસાબની નકલ માગેથી મોકલવી જોઈશે. હિસાબ, લાયક ઑડીટરો પાસે તપાસાવવો પડશે.

શેર હોલ્ડરની યાદી રાખવી જોઈશે. કંપનીના બંધારણના દસ્તાવેજની છાપેલી નકલો રાખવી જોઈશે અને શેર હોલ્ડર અથવા પોલીસી હોલ્ડર માંગેથી તેની નકલ એક રૂપીઆથી વધારે નહિ એવી ફી લઇ આપવી જોઈશે.

દસ અથવા વધારે પોલીસી હોલ્ડરની અરજી ઉપરથી ડીસ્ટ્રીકટ કોર્ટની પાકી ખાત્રી થાય તો અથવા કંપની નાદાર થઈ ગયેલી છે એમ ઈન્ડીઆ સરકારને લાગે તો, ડીસ્ટ્રીકટ કોર્ટ કંપની બંધ કરી વીખેરી નાંખવાનો હુકમ કરશે.

જે કોઈ જીંદગીના વિમાની કંપની આ આકટના ઉપર કહેલા ઠરાવો મુજબ ચાલવામાં કસુર કરશે તે, તથા તેનો દરેક ડીરેકટર, મેનેજર, સેક્રેટરી, એજન્ટ અથવા બીજો અમલદાર રૂ૦ ૧૦૦૦) સુધી દંડને પાત્ર થશે, અને જેટલા દિવસ એવી કસુર જારૂ રહેશે તેટલા દરેક દિવસ બદલ રૂ૦ ૫૦૦)ના દંડને પાત્ર થશે, અને જો ત્રણ માસ સુધી એવી કસુર જારૂ રહેશે તો કંપની વીખેરી નાંખવામાં આવશે.

જે સખસ આવી કંપનીના હિસાબ ખોટા બનાવશે તે બે વર્ષની કેદ અથવા દંડ અથવા બંને સજાને પાત્ર થશે.

આ કાયદા મુજબના ગુન્હાની ચોકસી પ્રેસીડંસી મેજીસ્ટ્રેટ કે પહેલા વર્ગના મેજીસ્ટ્રેટ કરી શકે છે.

ઘોડદોડની સરતોની જગ્યા બાબત.

(સને ૧૯૧૨નો ૩જો—મુંબઈ.)

અગાઉથી પરવાના મેળવેલી જગ્યા શિવાય બીજી જગ્યાએ ઘોડદોડની સરત રમવાંની મનાઈ છે.

એવો પરવાનો મેળવવા વાસ્તે જગ્યાના માલીકે, ભાડુતે અથવા કબજેદારે મુંબઈ સરકારને અરજ કરવી જોઈએ.

પરવાનો મેળવ્યા વગરની જગ્યાપર જો સરત રમાય તેમાં ભાગ લેનાર દરેક સખસને રૂા. ૨૦૦) સુધી દંડ થશે.

ધણી, ભાડુત અથવા કબજેદાર પરવાના શિવાયની જગ્યાપર એવી ઘોડદોડની સરત રમવા દેશે તે રૂા. ૧૦૦૦) સુધી દંડને પાત્ર થશે. જે સખસ પરવાનાની સરત તોડશે તે રૂા. ૧૦૦૦) સુધી દંડને પાત્ર થશે. પ્રેસીડન્સી મેજીસ્ટ્રેટ કે પહેલા વર્ગના મેજીસ્ટ્રેટને આવા ગુન્હાનો ઈનસાફ કરવાનો અધિકાર છે.

વૈદકય ધંધો કરનારાઓની નોંધ રાખવા બાબત.

(સને ૧૯૧૨નો ૬ઠો—મુંબઈ.)

મુંબઈ, મદ્રાસ, અલાહાબાદ અને લાહોરની યુનીવરસીટીના વૈદકય પદવી ધરાવનારા તથા સરકારી વૈદકય કૉલેજ અથવા શાળામાં ભણી સર્ટીફીકેટ મેળવેલા સખસો જેવા કે હૉસપીટલ ઍસીસટન્ટ અથવા સબ ઍસીસટન્ટ સર્જન કે મીલીટરી ઍસીસટન્ટ સર્જન તથા જેઓ સને ૧૮૫૮ના કાયદા મુજબ રજીસ્ટર થયેલા છે તેવાઓ આ આકટ મુજબ પોતાના નામ રૂ૦ ૧૫ની ફી આપેથી નોંધાવવા હકદાર છે.

જે સખસોના નામ નોંધાયાં નહિ હોય તેઓએ, આ કાયદો અમલમાં આવ્યા પછી ત્રણ મહીનાની મુદત બાદ, કોઈ પણ દવાખાનામાં ફીઝીશ્યન, સર્જન કે વૈદકય અમલદારનો હોદ્દો ધારણ કરવો નહિં એટલે જેના નામ નોંધાયા હોય તે સખસોજ એવા હોદ્દા ધારણ કરી શકશે.

આ આકટ મુજબ, નોંધાયલો છું એવો ખોટો ઢોંગ જે કોઈ કરશે અથવા નોંધાયલો ન છતાં જે કોઈ સખસ પોતાના નામ સાથે એવા શબ્દો કે અક્ષરો વાપરે કે જેથી તે નોંધાયલો છે એમ સમજાય તો તે સખસ, પ્રેસીડન્સી મેજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગના મેજીસ્ટ્રેટ રૂબરૂ ગુન્હો સાબીત થયેથી રૂ૦ ૩૦૦ સુધી દંડને પાત્ર થશે.

પોલીસ ઓફીસરોના અખત્યારઃ—

કોન્સ્ટેબલના અખત્યાર.

(ક્રી. પ્રો. કોડ મુજબ).

૧ પકડવાની સામે થનારને પકડવા સારૂ જરૂર હોય તેટલા સર્વે ઉપાય કરવાનો (૪૬).

૨ જે સખસને પકડવો હોય તે જે જગામાં પેઠો હોય તે જગાનો ઝાડો લેવાનો (૪૭).

૩ પકડવા સારૂ કોઈપણ ઘર અથવા જગાનો બાહારનો કે માંહેનો દરવાજો અગર બારી ફોડવાનો (૪૮).

૪ ઝનાનાનો ઓરડો ફોડવાનો (૪૮)

૫ ખુદ પોતે ઘેરાઈ ગયો હોય તો દરવાજો અથવા બારી ફોડવાનો (૪૯).
૬ પકડેલા સખસનો ઝાડો લેવાનો (૫૧).
૭ પકડેલા સખસ પાસે મારવાના હથીઆરો હોય તે લઇ લેવાનો (૫૩).
૮ કોગનીઝબલ ગુન્હો કરનારને પકડવાનો (૫૪).
૯ જે સખસના કબજામાં ઘર ફોડવાનું ઓજાર હોય તેને પકડવાનો (૫૪).
૧૦ જે સખસને માટે ઢંઢેરો કહાડીને ગુન્હેગાર તરીકે પ્રસિદ્ધ કર્યો હોય તે સખસને પકડવાનો (૫૪).
૧૧ જે સખસના કબજામાં ચોરીની વસ્તુ જડે અને તે વસ્તુના સંબંધમાં તેણે કાંઈ ગુન્હો કર્યો છે એવો વાજબી શક હોય તે સખસને પકડવાનો (૫૪).
૧૨ જે સખસ પોલીસ અમલદારને કામ કરતાં હરકત કરે તેને પકડવાનો (૫૪)
૧૩ જે સખસ કાયદેસર પેહેરામાંથી નાશી ગયો હોય તેને પકડવાનો (૫૪).
૧૪ જે સખસ જમીનપરથી અથવા દરીઆઈ ફોજમાંથી નાહાસી ગયો હોય તેને પકડવાનો (૫૪).
૧૫ નોનકોગનીઝબલ ગુન્હો કરનાર નામ તથા રેહેવાનું ઠેકાણું ન બતાવે તો તે સખસને પકડવાનો (૫૭).
૧૬ પકડવા સારૂ બ્રિટિશ ઈંડીઆમાં હરકોઈ જગાએ જવાનો (૫૮).
૧૭ ખાનગી સખસે પકડેલા માણસે, ગુન્હો કર્યો છે એમ માનવાનું કંઈ કારણ ન હોય તો તેને એકદમ છોડી મુકવાનો (૫૯).
૧૮ જામીન લઈ શકાય એવો ગુન્હો હોય અને પકડેલો સખસ જામીન આપે તો તેને છોડવાનો (૬૦).
૧૯ કોગનીઝબલ ગુન્હાનો અટકાવ કરવાનો (૧૪૯).
૨૦ એવા ગુન્હાની ધારણા કરનાર સખસને પકડવાનો (૧૫૧).
૨૧ સાર્વજનીક મીલકતને પોતાના દેખતાં નુકશાન થતું અટકાવવા સારૂ વચ્ચે પડવાનો (૧૫૨).
૨૨ સાહેદોને હાજર થવાનું લેખી હુકમથી ફરમાવવાનો (૧૬૦)
૨૩ સાહેદોની મુખજુબાની લેવાનો (૧૬૧)

ઢોરના અતીક્રમણ બાબતના કાયદા મુજબ.

૨૪ સાર્વજનીક રસ્તા બગાડનારાં તથા તે ઉપર રખડતાં ઢોરોને પકડી ડબામાં ઘાલવાનો (૧૧).

ગાંડા માણસો બાબતના કાયદા મુજબ.

૨૫ આશ્રમસ્થાનમાંથી નાસી ગયલાં ગાંડા માણસોને પકડવાનો (૩૬).

વેગ્રનૂસી આકટ મુજબ.

૨૬ ભીખ માગતાં, રખડતા, નિરૂદ્યમી યુરોપીઅનને પકડી પહેલા વર્ગના મેજીસ્ટ્રેટ પાસે લઈ જવાનો (૪).

નાટકના ખેલ બાબતના આકટ મુજબ.

૨૭ નાટકશાળામાં પેસવાનો તથા બંદોબસ્ત રાખવાનો (૩).

હથીઆર બાબતના કાયદા મુજબ.

૨૮ પરવાના વગર હથીઆર બાંધીને ફરનાર માણુસ પાસેથી તે લઇ લેવાનો (૧૩).

ડીસ્ટ્રિકટ પોલીસ આકટ મુજબ.

૨૯ જાહેર જગામાં અગર રસ્તામાં જનાર માણુસની વાજબી શક ઉપરથી ઝડતી લેવાનો (૫૧).

૩૦ જાહેર જગા વીગેરે ઠેકાણે હુકમ નહીં માનનારને પકડી અટકાવી રાખવાનો અને નજીવી બાબતમાં પ્રસંગ વીત્યા બાદ છોડી મુકવાનો (૫૩).

જુગાર આકટ મુજબ.

૩૧ જાહેર જગામાં કે, રસ્તામાં જુગાર રમનારને તથા જુગાર રમવાના સાધન પકડવાનો તથા એવી જાહેર જગામાં પક્ષી કે જનાવરો લડાવનારાઓને પકડવાનો.

ભાડાંના વાહન બાબત કાયદા મુજબ.

૩૨ એ કાયદા વિરૂદ્ધ ગુન્હો કરતાં જે માણુસ નજરે પડે તેને વગર વારન્ટે પકડવાનો તથા વાહન અટકાવી રાખવાનો અધીકાર છે (૩૨).

ગુન્હા કરનારી જાતો બાબતના આકટ મુજબ.

૩૩ ગુન્હા કરનારી જાતનો કોઈ સખસ મેજીસ્ટ્રેટના હુકમ મુજબ હાજર થવાને ચુકે, ખબર ન આપે, અથવા ખોટી ખબર આપે, અથવા આંગળીની છાપ ન આપે તો, તેવા સખસને વગર વારન્ટે પકડવાનો (૨૧).

૩૪ ગુન્હા કરનારી જાતનો કોઈપણ નોંધાયલો સખસ ઠરાવેલી હદ બહાર પાસ વિના જડે, અથવા ઔદયોગીક, ખેતીવાડી સંબંધી, અથવા સનમાર્ગપ્રવર્તક થાણા અથવા શાળામાંથી નાશી જાય ત્યારે એવા સખશને વગર વારન્ટે પકડવાનો અધિકાર છે (૨૫).

હેડ કોન્સ્ટેબલના અખત્યાર.

(ઉપર કોન્સ્ટેબલના અખત્યાર કહ્યા છે તે ઉપરાંત).

૩૫ ચોરીની મીલકત, બનાવટી દસ્તાવેજ વીગેરે અમુક ઘરમાં છે એમ જણાય તો પહેલા વર્ગનો મેજીસ્ટ્રેટ પોતાના વારંટથી જે અધીકાર આપે તે. (૯૮).

૩૬ કોઈના ઘરમાં ગેરકાયદે અફીણુ હોય તો તેની ઝડતી લેવાનો (અફીણુ એકટ કલમ ૧૨).

૩૭ જાહેર જગામાં, મીટીંગોમાં, મંડળીનું કામ કાયદેસર થાય એટલા સારૂ વાજબી હુકમ કરવાનો (ડી. પો. એકટ કલમ ૪૭).

૩૮ મોટોર વાહનના હાંકનાર પાસે લાઈસન્સ માંગવાનો (૧૯૦૪નો આકટ ૨ જો કલમ ૬).

પોલીસ થાણું જે અમલદારના હવાલામાં હોય તેના (સબ-ઇન્સ્પેકટરના) અખત્યાર.

(કોનસ્ટેબલ તથા હેડ કોનસ્ટેબલના અખત્યાર ઉપરાંત.)

ક્રી. પ્રો. કોડ મુજબ.

૩૯ જે સખસ કોગનીઝબલ ગુન્હો કરવાના હેતુથી છુપાતો રહેતો હોય તે સખસને પકડવાનો અથવા પકડાવવાનો (૫૫).

૪૦ જે સખસની પાસે પોતાના ગુજરાનને માટે સાધન જણાતું ન હોય તેને પકડવાનો અથવા પકડાવવાનો (૫૫).

૪૧ જે સખસને અપહરણ કરવાની, ઘર ફોડવાની, ચોરી કરવાની, અથવા ચોરીની મીલકત લેવાની, ટેવ છે તે સખસને પકડવાનો અથવા પકડાવવાનો (૫૫).

૪૨ જે સખસને જબરાઈથી કહઢાવવાના કારણ સારૂ કોઈ સખસોને હાની કરવાનો ભય દેખાડવાની ટેવ છે તે સખસને પકડવાનો, અથવા પકડાવવાનો (૫૫).

૪૩ તાબાના અમલદારને હુકમ લખી ઉપરના ૩૯થી તે ૪૨ સુધીના અંકમાં કહેલા સખસોને પકડવાને ફરમાવવાનો (૫૬).

૪૪ પકડેલા સખસને ઘણામાં ઘણા ૨૪ કલાક સુધી અટકાવી રાખવાનો (૬૧).

૪૫ જરૂરી દસ્તાવેજ અગર બીજી વસ્તુ હાજર કરવા સારૂ લેખી હુકમ કરવાનો (૯૪).

૪૬ કાયદા વિરૂદ્ધ મંડળીને, અથવા જેથી લોકની સુલેહમાં ગડબડ થવાનો સંભવ હોય એવી મંડળીને વીખરાઈ જવા હુકમ કરવાનો (૧૨૭).

૪૭ સદરહુ પ્રકારની મંડળીને જબરીથી વીખરી નાખવાનો (૧૨૮).

૪૮ ખોટાં કાટલાં, માપ, અથવા તોલવાના યંત્ર તપાસવાને, શોધવાને જે જગામાં તે હોય તે જગામાં પેસવાનો (૧૫૩).

૪૯ કોગનીઝબલ ગુન્હાની ખબર લખી લેવાનો (૧૫૪).

૫૦ કોગનીઝબલ ગુન્હાની તપાસ કરવાનો (૧૫૬).

૫૧ એવા ગુન્હાની તપાસ માટે તાબાના અમલદારને મોકલવાનો (૧૫૭).

૫૨ દસ્તાવેજ અગર બીજી વસ્તુ હાજર નહિ કરશે એમ લાગે ત્યારે જે જગામાં તે હોય તે જગાનો ઝાડો લેવાનો, અથવા લેવડાવવાનો (૧૬૫).

૫૩ બીજા તાલુકાના સબ-ઈન્સ્પેકટરને ઝાડો લેવા લખી મોકલવાનો (૧૬૬).

૫૪ ચોવીસ કલાકમાં તપાસ પુરી થાય નહિ તો રોજનામાની નકલ સાથે તાબડતોબ તોહમતવાળાને નજીકના મેજીસ્ટ્રેટ પાસે મોકલવાનો (૧૬૭).

૫૫ પુરાવો બરોબર નહિ હોય ત્યારે તોહમતવાળાને છુટો કરવાનો (૧૬૯).

૫૬ પુરાવો પુરતો હોય ત્યારે તોહમતવાળાને મેજીસ્ટ્રેટ પાસે મોકલવાનો (૧૭૦)
૫૭ ફરીયાદી અગર સાહેદ મેજીસ્ટ્રેટ આગળ હાજર થવાની ના કહે, અથવા ખત લખી આપવા ના કહે તો તેમને **પહેરામાં** આપી મેજીસ્ટ્રેટ પાસે મોકલવાનો (૧૭૧).
૫૮ આત્મઘાત, અકસ્માતથી મોત, સંચાથી મરણ, જાનવરે કોઇ માણસને મારી નાંખ્યો હોય, બીજા સખસના મારવાથી મરણ થયું હોય એવા પ્રસંગે પંચાતનામું કરવાનો (૧૭૪).
૫૯ પંચને, તેમજ વાકેફગાર માણસને હુકમ લખી બોલાવવાનો (૧૭૫).
૬૦ જામીન લઈ શકાય એવા ગુન્હા માટે તોહમતવાળાને જામીન ઉપર છોડવાનો (૪૯૬).
૬૧ જામીન નહિ લઈ શકાય એવો ગુન્હો કર્યો છે એમ માનવાને વાજબી સબબ ન જણાય તો જામીન ઉપર છોડવાનો (૪૯૭).

મીઠના કાયદા મુજબ.

૬૨ મીઠના કાયદા વિરૂદ્ધ થએલા ગુન્હાની, અખત્યારી ગુન્હાની માફક તપાસ કરવાનો. (૪૫).
૬૩ ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટના વારંટ ઉપરથી જુગારના અખાડામાં પેસવાનો તથા જુગાર રમનાર વીગેરેને પકડવાનો.
૬૪ રખડતા, ભટકતાં ગાંડા માણસને પકડી મેજીસ્ટ્રેટ આગળ રજુ કરવાનો (સને ૧૯૧૨નો ૪થો).

હરકોઇ સખસના અખત્યાર.

ક્રી. પ્રો. કોડ મુજબ.

૧ જામીન નહિ લઇ શકાય તેવો કોગનીઝબલ ગુન્હો પોતાના દેખતાં કરે તેને પકડવાનો (૫૯).
૨ ફલાણો સખસ ગુન્હેગાર છે એવું જાહેરનામું કહાડયું હોય તે સખસને પકડવાનો (૫૯).
૩ પોતાના નામનું વારંટ મળ્યું હોય તો તે બજાવવાનો (૭૭).
૪ ગેરકાયદે યુદ્ધ સામગ્રી અથવા હથીઆર લઇ જનારને પકડવાનો તથા હથીયારો વીગેરે લઈ લેવાનો. આર્મસ એકટ કલમ (૧૨).
૫ ભાડુતી ગાડીનો હાંકનાર કે ચાકર પોતાની ગફલતીથી કે ગેરચાલથી કાંઇ નુકસાન કરે, તેને પકડી પોલીસને સ્વાધીન કરવાનો અધિકાર (કલમ ૨૩, સને ૧૮૬૩ નો આકટ ૬ ઠો.)

પત્રક અથવા પરિશિષ્ટ.

(જુઓ " સુચના " પાછળ પાનું ૩૪).

હીંદુસ્થાનના પીનલ કોડ મુજબ ગુન્હાની કલમ તથા સ્વરૂપ, તે ગુન્હા પોલીસ અખત્યારી (કોગનીઝબલ) કે બીન અખત્યારી (નોન–કોગનીઝબલ), તે ગુન્હા બદલ જામીન લઈ શકાય કે નહીં, તે ગુન્હા બદલ પ્રથમ સમન નીકળે કે વારંટ, તે ગુન્હા બદલ વધારેમાં વધારે કેટલી અને કેવા પ્રકારની સજા થઈ શકે તથા તે ગુન્હાના ઈનસાફ કઇ કોર્ટથી થઈ શકે તે બતાવનારૂં.

નોટઃ—૧ ઝટ સમજવા સારૂ જે કલમ નીચે " કો " છાપેલો છે તે કલમનો ગુન્હો " કોગનીઝબલ " એટલે પોલીસ અખત્યારી સમજવો. બાકીની કલમના ગુન્હા " નોન કોગ્નિઝબલ " એટલે બીન અખત્યારી સમજવા.

૨–આ પત્રકમાં પીનલકોડ તથા પ્રોસીજર કોડની મુખતેસર જાણવાજોગ હકીકત આવી જાય છે. માટે જ્યારે જ્યારે કોઇ પણ ગુન્હા વીશેની જરૂરીઆત માહીતી મેળવવી હોય ત્યારે ત્યારે, આ પત્રક બરાબર ધ્યાન આપી વાંચવું.

ભાગ ૫—મદદગારી બાબત.

(" મદદગારી "ની વ્યાખ્યા માટે જુવો પાનું ૧૨).

૧	૨	૩	૪	૫	૬	૭
કલમ.	ગુન્હો.	વગર વારંટે પોલીસ પકડી શકે કે નહીં.	ઘણું કરીને પ્રથમ સમન નીકળે કે વારંટ	જામીન લઈ શકાય કે નહીં.	હિંદુસ્થાનના ફોજદારી કાયદા મુજબ શિક્ષા.	કઇ કોર્ટથી ઇન્સાફ થઇ શકે.
૧૦૯	કોઇ ગુન્હાની મદદગારી, જો તે મદદગારી પરથી મદદગારી કરેલું કામ કરવામાં આવે અને તેવી મદદગારીને માટે બીજે કેથાં સાફ શિક્ષા નહિ ઠરાવી હોય તો.	જે ગુન્હાની મદદગારી કરી હોય તે ગુન્હાને માટે અગર વગર વારંટે પકડી શકતા હોય તો વગર વારંટે પકડી શકે, નહીં તો નહીં.	જે ગુન્હાની મદદગારી કરી હોય તે ગુન્હાને માટે વારંટ નીકળી શકતુ હોય તો વારંટ અને સમન નીકળી શકતો હોય તો સમન.	જે ગુન્હાની મદદગારી કરી હોય તે ગુન્હાને માટે જામીન લઇ શશકાતો, હોય તો લઇ શકાય, નહીં તો નહીં.	જે ગુન્હાની મદદગારી કરી હોય તે ગુન્હાને માટે જે શિક્ષા હોય તેજ શિક્ષા.	જે ગુન્હાની મદદગારી હોય તે ગુન્હાનો ઇન્સાફ જે કોર્ટથી થઇ શકે તે કોર્ટ.
૧૧૦	કોઇ ગુન્હાની મદદગારી અગર મદદગારી કરેલો સખ્સ તે કામ મદદગારના ઇરાદા કરતાં જુદા ઇરાદાથી કરે તો.					
૧૧૧	એક કામમાં મદદગારી કરી હોય અને જુદુંજ કામ બને, તો તેની સરત.	એજ	એજ	એજ	જે ગુન્હાની મદદગારી કરવાનો ઇરાદો કર્યો હોય તે ગુન્હાને માટે જે શીક્ષા હોય તેજ શીક્ષા.	એજ
૧૧૩	મદદગારી કરેલાં કામથી મદદગારના ધાર્યા કરતાં જુદી અસર પેદા થાય તો.	એજ	એજ	એજ	થએલા ગુન્હાને માટે જે શીક્ષા હોય તેજ શીક્ષા.	એજ
૧૧૪	ગુન્હો થતી વખતે મદદગાર હાજર હોય તો.	એજ	એજ	એજ	એજ	એજ

૧૧૫	મોતની અથવા જીવતાં સુધી સમુદ્ર પારની શિક્ષા થઇ શકે એવા ગુન્હામાં મદદગારી કરવામાં આવે અને તે ગુન્હો તે મદદગારી ઉપરથી નહીં થાય તો.	એજ	એજ	જામીન નહીં લઇ શકાય.	૭ વર્ષ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
	અગર જેથી વ્યથા થાય એહવું કાંઇ કામ તે મદદગારી ઉપરથી કરવામાં આવે તો.	એજ	એજ	એજ	૧૪ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ
૧૧૬	કેદની શિક્ષા થઇ શકે એહવા ગુન્હામાં મદદગારી કરવામાં આવે, અને તે ગુન્હો મદદગારી ઉપરથી નહિ થાયતો.	એજ	એજ	જે ગુન્હાની મદદગારી કરી હોય તે ગુન્હાને માટે જામીન લઇ શકાતો હોય, તો લઇ શકાય, નહિ તો નહીં.	તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા ઘણામાં ઘણી મુદત ઠરાવી હોય તેની $\frac{1}{4}$ મુદત સુધી કેદ અથવા દંડ અથવા બંને.	એજ
	અગર તે મદદગાર અથવા મદદગારી કરેલો સખસ સરકારી નોકર હોય, અને તેની ફરજ તે ગુન્હો અટકાવવાની હોય તો.	એજ	એજ	એજ	તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા ઘણામાંઘણી મુદત જે ઠરાવી હોય તેની $\frac{1}{2}$ મુદત સુધી કેદ, અથવા દંડ. અથવા બંને.	એજ
૧૧૭	લોક પાસે અથવા દશથી વધારે માણુસો પાસે કાંઇ ગુન્હો કરાવવામાં મદદગારી કરવી.	એજ	એજ	એજ	ત્રણ વરશ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	એજ
૧૧૮	મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષા થઇ શકે એવો કોઇ ગુન્હો કરવાની ધારણા છુપાવવી, અગર તે ગુન્હો થાય તો.	એજ	એજ	જામીન નહીં લઇ શકાય.	સાત વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ
	અગર તે ગુન્હો નહીં થાય તો.	એજ	એજ	એજ	ત્રણ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ

૧	૨	૩	૪	૫	૬	૭
૧૧૯	જે ગુન્હો અટકાવવાની પોતાની ફરજ હોય એહવો કોઇ ગુન્હો કરવાની ધારણા કોઇ સરકારી નોકરે છુપાવવી, અગર તે ગુન્હો થાય તો.	એજ	એજ	જે ગુન્હાની મદદગારી કરી હોય તે ગુન્હાને માટે જામીન લઇ શકાતો હોય તો લઇ શકાય; નહીં તો નહિ.	જે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા ઘણામાં ઘણી મુદત જે ઠરાવી હોય તેની $\frac{1}{4}$ મુદત સુધી કેદ, અથવા દંડ, અથવા બંને.	એજ
	અગર તે ગુન્હો મોત અથવા સમુદ્રપારની શિક્ષા જોગ હોય તો,	એજ	એજ	જામીન નહીં લઇ શકાય.	દશ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ.	એજ
	અગર ગુન્હો નહીં થાય તો.	એજ	એજ	જે ગુન્હાની મદદગારી કરી હોય તે ગુન્હાને માટે જામીન લઇ શકાતો હોય તો લઇ શકાય, નહીંતોનહિ	જે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા ઘણામાં ઘણી મુદત જે ઠરાવી હોય તેની $\frac{1}{4}$ મુદત સુધી કેદ, અથવા દંડ, અથવા બંને.	એજ
૧૨૦	કેદની શિક્ષા થઇ શકે એહવો કોઇ ગુન્હો ઠરાવવાની ધારણાં છુપાવવી અગર તે ગુન્હો થાય તો.	એજ	એજ	એજ	એજ	એજ
	અગર નહિ થાય તો.	એજ	એજ	એજ	તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા ઘણામાં ઘણી મુદત જે ઠરાવી હોય તેના $\frac{1}{8}$ ભાગ સુધી કેદ, અથવા દંડ અથવા બંને.	એજ

બાબ ૬ રાજ્ય વિરૂદ્ધ ગુન્હા.

(કલમ ૧૨૧ થી તે ૧૨૬ સુધી તથા કલમ ૧૨૮ થી તે ૧૩૦ સુધીની ફરીયાદ સરકાર તરફથી કર્યા વગર કોઈપણ કોરટ સાંભળી શકતી નથી. ૧૯૬ ક્રી. પ્રો. કો.)

૧૨૧	રાણીની સામા લઢાઇ કરવી, અથવા લઢાઇ કરવાની કોશીસ કરવી, અથવા લઢાઇ કરવામાં મદદગારી કરવી.	વગર વારંટે પકડાય નહિં.	વારંટ	જામીન નહીં લઇ શકાય.	મોત અથવા જીવતાં સુધી સમુદ્ર પાર તથા મિલકત સરકાર જપ્ત કરવી.	સેશન કોર્ટ
૧૨૧ અ	રાજ્ય વિરૂધ્ધ કેટલાએક ગુન્હા કરવા સારૂ સંપ કરવો.	એજ	એજ	એજ	જીવતાં સુધી અથવા હરકાંઇ થોડી મુદત સુધી સમુદ્ર પારની શિક્ષા અથવા દશ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ.	એજ
૧૨૨	રાણીની સામે લઢાઇ કરવાના ઇરાદાથી હથીઆરો વગેરે એકઠાં કરવાં.	એજ	એજ	એજ	જીવતાં સુધી સમુદ્રપાર અથવા દશ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા મિલકત સરકાર જપ્ત થવી.	એજ
૧૨૩	લડાઇનું કામ સહેલ કરવાના ઇરાદાથી લડાઇની ધારણા છુપાવવી.	એજ	એજ	એજ	દશ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ
૧૨૪	કાંઇ કાયદેસર અખત્યાર અમલમાં અણાવવાના ઇરાદાથી ગવર્નર જનરલ, વીગેરેપર હુમલો કરવો.	એજ	એજ	એજ	૭ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ
૧૨૪	બોલેલા તથા લખેલા શબ્દો વડે સરકાર વિરૂદ્ધ અદિલી ઉત્પન કરવી, અથવા ઉત્પન કરવાની કોશીશ કરવી.	એજ	એજ	એજ	જીવતાં સુધી અથવા હર કાંઇ થોડી મુદત સુધી સમુદ્ર પારની શિક્ષા તથા દંડ	સેશન કોર્ટ, ચીફ પ્રેસીડન્સી મેજીસ્ટ્રેટ ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ

૧	૨	૩	૪	૫	૬	૭
					અથવા ત્રણ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ, અથવા દંડ.	અગર ખાસ અધિકાર આપેલા ૧લા વર્ગના મેજીસ્ટ્રેટ.
૧૨૫	રાણીની સાથે મૈત્રી અથવા સલાહ રાખનારા એશિઆના કોઇ રાજાની ઉપર લડાઇ કરવી, અથવા તેહેવી લડાઇ કરવામાં મદદગારી કરવી.	એજ	એજ	એજ	જીવતાં સુધી સમુદ્રપાર તથા દંડ, અથવા સાત વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ, અથવા દંડ.	સેશન કોર્ટ.
૧૨૬	રાણીની સાથે મૈત્રી અથવા સલાહ રાખનાર કોઇ રાજાના મુલકપર લુંટ કરવી.	એજ	એજ	એજ	સાત વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ, તથા કોઇ મુકરર મિલકત સરકાર જમે થવી.	એજ
૧૨૭	૧૨૫મી તથા ૧૨૬મી કલમોમાં લખ્યા પ્રમાણે લડાઇ અથવા લુંટથી મળેલી મિલ્કત લેવી.	એજ	એજ	એજ	એજ	એજ
૧૨૮	સરકારી નોકર બુદ્ધિપુર્વક પોતાના હવાલામાંના કોઇ રાજ્યકીય અથવા લઢાઇના કેદીને નાહાસી જવા દે તો.	એજ	એજ	એજ	જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	એજ
૧૨૯	સરકારી નોકર ગફલતથી પોતાના હવાલામાંના કોઇ રાજ્યકીય અથવા લડાઇના કેદીને નાહસી જવા દે તો.	એજ	એજ	જામીન લઇ શકાય.	૩ વરસ સુધી આસન કેદ તથા દંડ.	સેશન કોર્ટ અથવા પ્રેસીડનસી મેજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગના મેજીસ્ટ્રેટ.
૧૩૦	તેવા કેદીને નાશી જવામાં સહાય કરવું, છોડાવવો, અથવા ઘરમાં રાખવો. અથવા તેહને પાછો પકડે તેમાં સામા થવું	એજ	એજ	જામીન નહીં લઇ શકાય.	જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોર્ટ

ભાગ ૭ જમીનપરની તથા દરીઆઈ ફોજ સંબંધી ગુન્હા.

૧૩૧ કો.	બંડમાં મદદગારી કરવી, અથવા કોઇ ઓફીસરને અથવા સોલજરને કે ખલાસીને પોતાની નોકરીથી અથવા પ્રજા ધર્મથી ભ્રષ્ટ કરવાની કોશીસ કરવી.	વગર વારંટે પકડી શકે.	વારંટ.	જામીન નહીં લઇ શકાય.	જીવતાં સુધી સમુદ્ર પાર અથવા ૧૦ વરસ સુધી એ માંના ગમે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોર્ટ.
૧૩૨ કો.	બંડ કરવામાં મદદગારી કરવાથી જો બંડ થાય તો.	એજ	એજ	એજ	મોત અથવા જીવતાં સુધી સમુદ્ર પાર અથવા ૧૦ વર્ષ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ
૧૩૩ કો.	કોઇ ઉપરી અમલદાર પોતાનો હેદ્દો ચલાવતો હોય તે દરમ્યાનમાં તેહની ઉપર કોઇ ઓફીસરે, સોલજરે, અથવા ખલાસીએ હુમલો કરવામાં મદદગારી કરવી	એજ	એજ	એજ	ત્રણ વરસ સુધી બે માંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોર્ટ અથવા પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગનો માજીસ્ટ્રેટ.
૧૩૪ કો.	અગર તે મદદગારી કરેથી હુમલો થાય તો.	એજ	એજ	એજ	૭ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોર્ટ.
૧૩૫ કો.	કોઇ ઓફીસર સોલજર અથવા ખલાસીને નાહાસી જવામાં મદદગારી કરવી.	એજ	એજ	જામીન લઇ શકાય.	બે વરસ સુધી બે માંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા અથવા બીજા વર્ગના માજીસ્ટ્રેટ.
૧૩૬ કો.	નાહાસી આવેલા સદરહુ પ્રકારના કોઇ ઓફીસર, સોલજર, અથવા ખલાસીને ઘરમાં રાખવો.	એજ	એજ	એજ	એજ	એજ

૧	૨	૩	૪	૫	૬	૭
૧૩૭ કો.	કોઇ વેપારીના વહાણમાં ગારતરની અથવા જેના હવાલામાં તે વહાણ હોય તેની ગફ્લતથી કોઇ નાહાસી જનારો સંતાયો હોય તો	વગર વારંટે પકડાય નહીં.	સમન	એજ	૫૦૦ રૂપીઆ દંડ.	એજ
૧૩૯ કો.	કોઇ ઓફીસર સોલજર અથવા ખલાસી નાફરમાનીનું કાંઇ કામ કરવામાં મદદગારી કરવી તે ગુન્હો થાય તો.	વગર વારંટે પકડી શકે.	વારંટ	એજ	૭ માસ સુધી બે માંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	એજ
૧૪૦ કો.	સોલજરમાં ખપવાના ઇરાદાથી સોલજરનો પોશાક પહેરવો, અથવા સોલજરનું કાંઇ ચીન્હ ધારણ કરવું.	એજ	સમન	એજ	ત્રણ મહીના સુધી બે માંના ગમે તે પ્રકારની કેદ અથવા ૫૦૦ રૂપીઆ દંડ અથવા બંને.	કોઇપણ માજીસ્ટ્રેટ.

બાબ ૮મો લોકની સમાધાની વિરૂદ્ધ ગુન્હા.

(“કાયદા વિરૂદ્ધ મંડળી” તથા “કાયદા વિરૂદ્ધ મંડળીના અંગભુત” એ શબ્દોના અર્થ માટે જુવો પાછળ પા. ૧૩–૧૪)

૧૪૩ કો.	કાયદા વીરૂદ્ધ મંડળીના અંગભુત હોવું.	વગર વારંટે પકડી શકે.	સમન	જામીન લઇ શકાય.	છ મહીના સુધી બે માંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	કોઇપણ માજીસ્ટ્રેટ.
૧૪૪ કો.	જીવ લે એવું કાંઇ હથીઆર પાસે છતાં કોઇ કાયદા વીરૂદ્ધ મંડળીમાં સામેલ થવું.	એજ	એજ	એજ	બે વરસ સુધી બે માંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	એજ
૧૪૫ કો.	કોઇ કાયદા વીરૂદ્ધ મંડળીને વીખરાઇ જવાનો હુકમ થયો છે એમ જાણ્યા છતાં તેમાં સામેલ થવું અથવા જારી રહેવું.	એજ	એજ	એજ	એજ	એજ

૧૪૭ કો.	હંગામો કરવો. (હંગામો શબ્દની વ્યાખ્યા માટે જુઓ પાછળ પાનું ૧૫)	એજ	એજ	એજ	એજ	એજ
૧૪૮ કો.	જીવલે એવું હથિયાર પાસે રાખીને હંગામો કરવો.	એજ	એજ	એજ	૩ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	સેશન કોર્ટ અથવા પ્રેસીડન્સી મે૦ અથવા ૧ લા વર્ગનો મે૦
૧૪૯	કોઇ કાયદા વિરૂદ્ધ મંડળીનો અંગભુત કાંઇ ગુન્હો કરે, તો તે મંડળીના બીજા પ્રત્યેક અંગભુતને તે ગુન્હાનો તકસીર વાર સમજવો.	તે ગુન્હાને માટે વગર વારંટે પકડી શકતા હોય તો પકડી શકાય નહીં તો નહીં	તે ગુન્હાને માટે સમન નીકળેતો સમન, અને વારંટ નીકળી શકતું હોય તો વારંટ.	તે ગુન્હાને માટે જામીન લઇ શકાતા હોય તો લઇ શકાય, નહીં તો નહીં.	તે ગુન્હાને માટે જે સજા હોય તેજ.	તે ગુનાહનો જે કોર્ટથી ઇનસાફ થઇ શકતો હોય તે કોર્ટ.
૧૫૦ કો.	કોઇ કાયદા વિરૂધ્ધ મંડળીમા સામેલ થવાને પૈસા આપવા કરીને અથવા બીજી રીતે કોઇ સખસોને રાખવા.	વગર વારંટે પકડી શકે	પૈસા આપવા કરીને અથવા બીજી રીતે રાખેલા શખસે જે ગુન્હો કર્યો તે મુજબ.	એજ	તે મંડળીના અંગ ભુતની જ શિક્ષા, તથા તે મંડળીનો કોઇપણ અંગભુત જે ગુન્હો કરે તે ગુન્હાની જે શિક્ષા હોય તેજ.	એજ
૧૫૨ કો.	પાંચ અથવા વધારે સખસોની મંડળીને વીખરાઇ જવાનો હુકમ થયા પછી જાણીબુજીને તે મંડળીમાં સામેલ થવું અથવા જારી રહેવું.	એજ	સમન.	જામીન લઇ શકાય	૬ મહીના સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	કોઇ પણ માજીસ્ટ્રેટ
૧૫૨ કો.	હંગામો બંધ પાડવા વીગેરેનું કામ કરતો હોય તેવામાં કોઇ સરકારી નોકરની ઉપર હુમલો કરવો, અથવા તેને હરકત કરવી.	એજ	વારંટ.	એજ	ત્રણ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને	સેશન કોર્ટ અથવા પ્રેસીડન્સી મેજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ.
૧૫૩ કો.	હંગામો કરવાના ઇરાદાથી દુષ્ટતાથી કોઇ નામનમાં ક્રોધ ઉત્પન કરાવવો અથવા હંગામો થાય તો,	એજ	એજ	એજ	એક વર્ષ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	કોઇ પણ માજીસ્ટ્રેટ
	અગર નહીં થાય તો.	એજ	સમન	એજ	૭ માશ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	એજ

૧	૨	૩	૪	૫	૬	૭
૧૫૩ અ	જુદા જુદા વર્ગના લોકો વચ્ચે વૈરભાવ ઉત્પન્ન કરવો	વારંટ વગર પકડાય નહીં	વારંટ	જામીન લઇ શકાય નહીં	બે વરસની સજા અથવા દંડ અથવા બેઉ	પેહેલા વર્ગનો માજીસ્ટ્રેટ.
૧૫૪	જમીનનો માલીક અથવા કબજેદાર હંગામાં વગેરેની ખબર નહીં આપે તો	એજ	એજ	એજ	૧૦૦૦ રૂપીઆ દંડ	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા અથવા બીજા વર્ગનો માજીસ્ટ્રેટ.
૧૫૫	જે શખશના ફાયદાને સારૂ અથવા જેની વતી કાંઇ હંગામો કરવામાં આવે તે શખશ અગર તે અટકાવવાને કાયદેસર ઇલાજો નહીં કરે તો.	એજ	એજ	એજ	દંડ	એજ
૧૫૬	જે માલીક અથવા કબજેદારના ફાયદાને સારૂ કાંઇ હંગામો કરવામાં આવે, તે શખશોનો મુખત્યાર તે અટકાવવાને સઘળા કાયદેસર ઇલાજો નહીં કરે તો.	એજ	એજ	એજ	એજ	એજ
૧૫૭ કો.	કોઇ કાયદા વિરૂધ્ધ મંડળીને સારૂ પૈસા આપવા કરીને રાખેલા શખશોને ઘરમાં રાખવા.	વગર વારંટે પકડી શકે.	એજ	એજ	૭ મહીના સુધી એમાંના ગમેતે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	એજ
૧૫૮ કો.	કોઇ કાયદા વિરૂધ્ધ મંડળીમાં અથવા હંગામામાં સામેલ થવા સારૂ પૈસા લેવા કરીને રહેવું.	એજ	એજ	એજ	એજ	એજ
	અથવા હથિયારબંધ થઇને ફરવું.	એજ	વારંટ.	એજ	બે વરશ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	એજ
૧૬૦	બખેડો કરવો. ("બખેડો" શબ્દની વ્યાખ્યા માટે જુઓ પાછળ પાનું ૧૫)	વગર વારંટે પકડાય નહીં	સમન.	એજ	૧ મહીના સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા ૧૦૦ રૂપિયાનો દંડ અથવા બંને.	કોઇ પણ માજીસ્ટ્રેટ

બાબ ૯ સરકારી નોકરોના અથવા તેઓ સંબંધી ગુન્હા.

૧૬૧	સરકારી નોકર છતાં અથવા થવાની ઉમેદ છતાં કાંઇ સરકારી નોકરીના કામ સંબંધી કાયદેસર મહેનતાણાં સિવાય કાંઇ બીજો અવેજ લેવો.	વગર વારંટે પકડાય નહીં.	સમન	જામીન લઇ શકાય	૩ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	સેશન કોર્ટ અથવા પ્રેસીડન્સી મેજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગના મેજીસ્ટ્રેટ.
૧૬૨	કોઇ સરકારી નોકરની સાથે લાંચના અથવા કાયદા વિરૂદ્ધ ઉપાયથી વગ ચલાવવા કાંઇ અવેજ લેવો.	એજ	એજ	એજ	એજ	એજ
૧૬૩	કોઇ સરકારી નોકરની સાથે પોતાનો વગ ચલાવવા સારૂ કાંઇ અવેજ લેવો.	એજ	એજ	એજ	૧ વરસ સુધીની આસન કેદ અથવા દંડ અથવા બંને.	પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગના મેજીસ્ટ્રેટ.
૧૬૪	સરકારી નોકર પોતાની બાબતમાં ઉપલી છેલી બે કલમોમાં બ્યાન કરેલા ગુન્હામાં મદદગારી કરે તો.	એજ	એજ	એજ	૩ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	સેશન કોર્ટ અથવા પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગના મેજીસ્ટ્રેટ.
૧૬૫	કોઇ સરકારી નોકર કાંઇ મુકદમો અથવા મામલો ચલાવતો હોય તે મધે નિસબત રાખનારા કોઇ સખશ પાસેથી તે સરકારી નોકરે કિંમત આપ્યા વગર કાંઇ કીમતદાર વસ્તુ લેવી.	એજ	એજ	એજ	૨ વરસ સુધી આસન કેદ, અથવા દંડ, અથવા બંને.	પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ અથવા પહેલા કે બીજા વર્ગનો મેજીસ્ટ્રેટ
૧૬૬	કોઇ સખશને નુકસાન કરવાના ઇરાદાથી કોઇ સરકારી નોકરે કાંઇ કાયદાનો હુકમ નહિ માનવો.	એજ	એજ	એજ	૧ વરસ સુધીની આસન કેદ અથવા દંડ, અથવા બંને.	એજ
૧૬૭	નુકસાન કરવાના ઇરાદાથી કોઇ સરકારી નોકરે કાંઇ ખોટો લેખ બનાવવો.	એજ	એજ	એજ	૩ વરસ સુધી એમાંનાં ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	સેશન કોર્ટ, અથવા પ્રેસી૰ અથવા ૧લા વર્ગના મેજીસ્ટ્રેટ.
૧૬૮	સરકારી નોકરે કાયદા વિરૂદ્ધ વેપાર કરવો	એજ	એજ	એજ	એક વરસ સુધીની આસન કેદ, અથવા દંડ, અથવા બંને.	પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગના મેજીસ્ટ્રેટ.

૧	૨	૩	૪	૫	૬	૭
૧૬૯	કોઇ સરકારી નોકરે કાયદા વિરૂદ્ધ કાંઇ મિલકતની ખરીદી અથવા માગણી કરવી.	એજ	એજ	એજ	૨ વરસ સુધીની આસન કેદ, અથવા દંડ, અથવા બંને તથા મિલકત ખરીદ કરી હોય તો તે મિલકત સરકાર જપ્ત થવી.	એજ
૧૭૦ કો.	કોઇ સરકારી નોકરનો વેષ લેવો.	વગર વારંટે પકડી શકે.	વારંટ	એજ	૨ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	કોઇપણ માજીસ્ટ્રેટ.
૧૭૧ કો.	કોઇ સરકારી નોકર જેવો પોષાક પહેરતો હોય અથવા જેવી નીશાની સાથે રાખતો હોય, તેવો પોશાક અથવા તેહેવી નિશાની દગલબાજીના ઇરાદાથી પહેરવો અથવા સાથે રાખવી.	એજ	સમન	એજ	૩ મહીના સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા રૂ. ૨૦૦ દંડ, અથવા બંને.	એજ

બાબ ૧૦ મો સરકારી નોકરોના કાયદેસર અખત્યારનો તીરસ્કાર

(૧૭૨ થી ૧૮૮ સુધીની કલમો પ્રમાણેના ગુન્હા જે નોકરને લાગતું વળગતું હોય તેની ફરીઆદ વગર અગર તેના ઉપરીની મંજુરીઅત વગર કોર્ટે સાંભળવા નહિ. ક્રી. પ્રો. કો. ૧૯૫).

	કોઇ સરકારી નોકરની તરફથી થએલો સમન કે હુકમ નહીં પહોંચે એટલા માટે નાશી જવું.	વગર વારંટે પકડાય નહીં.	સમન	જામીન લઇ શકાય.	એક મહિના સુધીની આસન કેદ, અથવા ૫૦૦ રૂ. દંડ, અથવા બંને.	હરકોઇ માજીસ્ટ્રેટ.
	અગર તે સમન અથવા નોટીશમાં કોઇ સખશને કોઇ ઇન્સાફની કોર્ટમાં જાતે હાજર થવા વીગેરે ફરમાવ્યું હોય તો	એજ	એજ	એજ	૬ મહિના સુધીની આસન કેદ, અથવા ૧૦૦૦ રૂ. દંડ, અથવા બંને.	એજ

૧૭૩	સમન અથવા નોટીસ પહોંચતી કે મ્હોકાતી અટકાવવી, અથવા પહોંચાડયા પછી કહાડી નાંખવી અથવા જાહેર નામું નહિ થવા દેવું.	એજ	એજ	એજ	૬ મહિના સુધીની આસન કેદ, અથવા ૫૦૦ રૂ. દંડ, અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા અથવા ૨ વર્ગના માજીસ્ટ્રેટ
	તે સમન વીગેરેમાં કોઇ સખસને કોઇ ઇન્સાફની કોરટમાં જાતે હાજર થવા ફરમાવ્યું હોય તો.	એજ	એજ	એજ	૬ મહીના સુધીની આસન કેદ અથવા ૧૦૦૦ રૂ. નો દંડ અથવા બંને.	એજ
૧૭૪	કોઇ ઠેકાણે જાતે અથવા મુખત્યારની મારફતે હાજર થવાનો કાયદેસર હુકમ થયો હોય તે નહિ માનવો; અથવા તે ઠેકાણેથી વગર રજાએ જવું.	એજ	એજ	એજ	૬ મહીના સુધીની આસન કેદ અથવા ૧૦૦૦ રૂ. દંડ અથવા બંને.	એજ
	તે હુકમમાં કોઇ સખસને કોઇ ઇન્સાફની કોરટમાં જાતે હાજર થવા ફરમાવ્યું હોય તો.	એજ	એજ	એજ	એજ	એજ
૧૭૫	કોઇ સરકારી નોકરની આગળ કોઇ લેખ હાજર કરવાની અથવા સ્વાધીન કરવાની જે સખસને કાયદા મુજબ ફરજ હોય તે સખસે તે લેખ હાજર કરવામાં ઇરાદાથી કસુર કરવી.	એજ	એજ	એજ	૧ મહીના સુધી આસન કેદ, અથવા ૫૦૦ રૂ. દંડ, અથવા બંને.	જે કોરટમાં તે ગુન્હો થયો હોય તે કોરટ આ કાયદાના ૩૫ માં બાબના ઠરાવોને અનુસરીને અથવા તે ગુન્હો કોઇ કોરટમાં નહિ થયો હોય, તો પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ અથવા ૨ વર્ગનો માજીસ્ટ્રેટ.
	તે લેખ કોઇ ઇન્સાફી કોરટમાં હાજર કે સ્વાધીન કરવાનું ફરમાવ્યું હોય તો	એજ	એજ	એજ	૬ મહીના સુધીની આસન કેદ, અથવા ૧૦૦૦ રૂ. નો દંડ અથવા બંને.	એજ

૧	૨	૩	૪	૫	૬	૭
૧૭૬	કોઇ સરકારી નોકરને નોટીસ અથવા ખબર આપવાની જે સખસની કાયદા મુજબ ફરજ હોય તે સખસે તે નોટીશ અથવા ખબર ઇરાદાથી નહિ આપવી (ક્રી. પ્રો. કો. ૪૪)	એજ	એજ	એજ	૧ મહીના સુધીની આસન કેદ અથવા ૫૦૦ રા. નો દંડ અથવા બંને,	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા બીજા વર્ગનો માજીસ્ટ્રેટ.
	જે નોટીસ અથવા ખબર આપવી જોઇએ તે કાંઇ ગુન્હા સંબંધી હોય તો.	એજ	એજ	એજ	૬ મહીના સુધીની આસન કેદ, અથવા ૧૦૦૦ રૂ. દંડ અથવા બંને.	એજ
૧૭૭	જાણીબુઝીને કોઇ સરકારી નોકરને ખોટી ખબર આપવી,	એજ	એજ	એજ	એજ	એજ
	જે ખબર આપવી જોઇએ તે કોઇ ગુન્હા સંબંધી હોય તો.	એજ	એજ	એજ	૨ વરસ સુધીની ગમે તે પ્રકારની કેદ અથવા દંડ, અથવા બંને.	એજ
૧૭૮	કોઇ સરકારી નોકરે કાયદા મુજબ સોગન ખાવાનું ફરમાવ્યા છતાં સોગન ખાવાની ના કહેવી.	એજ	એજ	એજ	૬ મહીના સુધીની આસન કેદ, અથવા ૧૦૦૦ રૂ. નો દંડ, અથવા બંને.	જે કોરટમાં તે ગુન્હો થયો હોય તે કોરટથી આ કાયદાના ૩૫ માં બાબના ઠરાવોને અનુસરીને અગર તે ગુન્હો કોઇ કોર્ટમાં નહી થયો હોય, તો પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા કે બીજા વર્ગનો માજીસ્ટ્રેટ.
૧૭૯	સાચું બોલવાને કાયદા પ્રમાણે બંધાયા છતાં સવાલના જવાબ દેવાની ના કહેવી.	એજ	એજ	એજ	એજ	એજ

૧૮૦	કોઇ સરકારી નોકર આગળ કહેલા કોઇ મજકુર ઉપર સહી કરવાને કાયદા મુજબ ફરમાવ્યા છતાં તેમ કરવાની ના કહેવી.	એજ	એજ	એજ	૩ મહીના સુધીની આસન કેદ, અથવા ૫૦૦ રૂ. દંડ, અથવા બંને.	એજ
૧૮૧	કોઇ સરકારી નોકરની આગળ સોગન ખાઇને જુઠો મજકુર જાણી બુઝીને કહેવો.	એજ	વારંટ	એજ	૩ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	સેસન કોર્ટ અથવા પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગનો માજીસ્ટ્રેટ.
૧૮૨	કોઇ સરકારી નોકર પાસે તેનો કાયદેસર અખત્યાર અમલમાં અણાવીને બીજા સખસને નુકશાન અથવા ઇજા કરાવવા સારૂ ખોટી ખબર આપવી.	એજ	સમન	એજ	૬ મહીના સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા ૧૦૦૦ રૂ. દંડ અથવા બંને.	પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ અથવા પહેલા અથવા બીજા વર્ગના માજીસ્ટ્રેટ.
૧૮૩	કોઇ સરકારી નોકરના કાયદેસર અખત્યારથી કોઇ મિલકત જપ્ત થતી હોય તેમાં સામા થવું.	એજ	એજ	એજ	એજ	એજ
૧૮૪	કોઇ સરકારી નોકરના અખત્યારથી વેચવા કહાડેલી મિલકતના વેચાણમાં ઇરાદાથી અડચણ કરવી.	એજ	એજ	એજ	૧ મહીના સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા ૫૦૦ રૂ.નો દંડ અથવા બંને	એજ
૧૮૫	કોઇ સરકારી નોકરનાં અખત્યારથી વેચવા કહાડેલી મિલકત ખરીદ કરવાને જે સખસ કાયદા પ્રમાણે અશકત હોય તે સખસે તેની માગણી કરવી અથવા માગણી કર્યાથી જે ફરજ પોતાની ઉપર આવતી હોય તે અદા કરવાનો ઇરાદો નહિ છતાં માગણી કરવી.	એજ	એજ	એજ	૧ મહીના સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા ૨૦૦ રૂ.નો દંડ અથવા બંને	એજ

૧	૨	૩	૪	૫	૬	૭
૧૮૬	કોઇ સરકારી નોકરને તેના સરકારી કામ કરવામાં બુધ્ધિપુર્વક અડચણ કરવી	એજ	એજ	એજ	૩ મહીના સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા રૂ.૫૦૦ દંડ અથવા બંને.	એજ
૧૮૭	કાયદા મુજબ મદદ કરવાની ફરજ છતાં કોઇ સરકારી નોકરને મદદ કરવામાં કસુર કરવી. (ક્રી. પ્રો. કો. ૪૨)	એજ	એજ	એજ	૧ મહીના સુધી આસન કેદ, અથવા ૨૦૦ રૂ. દંડ, અથવા બંને.	એજ
	કોઇ હુકમ બજાવવામાં ગુન્હો અટકાવવા વગેરે કામોમાં કોઇ સરકારી નોકરે મદદ માગ્યા છતાં તેને જાણી જોઇને મદદ કરવામાં કસુર કરવી.	એજ	એજ	એજ	૬ મહીના સુધીની આસન કેદ અથવા ૫૦૦ રૂ.નો દંડ અથવા બંને.	એજ
૧૮૮	કોઇ સરકારી નોકરે કાયદા મુજબ જાહેર કરેલો હુકમ નહીં માનવો, જો તે નહીં માનવાથી કાયદાસર કામે લાગેલા શખ્શોને અડચણ, દુખ કે નુકશાન થાય તો.	એજ	એજ	એજ	૧ મહીના સુધીની આસન કેદ અથવા ૨૦૦ રૂ. નો દંડ અથવા બંને.	એજ
	અગર તે નહીં માનવાથી માણસની જીંદગીને, તંનદુરસ્તીને અથવા સલામતીને જોખમ થાય તો.	એજ	એજ	એજ	૭ મહીના સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	એજ
૧૮૯	કોઇ સરકારી નોકરને તેને ખુદને નુકશાન કરવાનો ડર દેખાડવો અથવા જેની સાથે તેનો સંબંધ હોય તેને નુકશાન કરવાનો ડર દેખાડવો એટલા સારૂ કે તે કાંઇ પોતાના હોદાનું કામ કરે અથવા નહિ કરે.	એજ	એજ	એજ	બે વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ.	એજ
૧૯૦	કોઇ સરકારી નોકરની પાસે આશરો માગવાની અરજ કરવાથી દુર રહેવાને કોઇ સખસને લલચાવવા સારૂ તેને ડર દેખાડવો.	એજ	એજ	એજ	૧ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	એજ

બાબ ૧૧ મો. ખોટા પુરાવા તથા સરકારી ઇન્સાફ વિરૂદ્ધ ગુન્હા.

૧૯૩ થી ૧૯૬ સુધી ૧૯૯–૨૦૦–૨૦૫ થી તે ૨૧૧ સુધી અને ૨૨૮ ની કલમો પ્રમાણેના ગુન્હા, કોઈ કોરટમાં ચાલેલા કામના સંબંધમાં કર્યા હોય ત્યારે, તે કોર્ટની અથવા તેની ઉપલી કોરટની પ્રથમ મંજુરીઅત વગર અથવા તેની ફરીયાદ વગર, કોઈપણ કોરટે સાંભળવી નહિં, (ક્રી. પ્રો. ક. ૧૯૫).

૧૯૩	કોઇ ઇન્સાફી કામમાં ખોટી શાહેદી આપવી અથવા ખોટો પુરાવો બનાવવો.	વગર વારંટે. પકડાય નહીં	વારંટ	જામીન લઇ શકાય.	૭ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોર્ટ અથવા પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગના માજીસ્ટ્રેટ.
	બીજા કોઇ કામમાં ખોટી શાહેદી આપવી અથવા ખોટો પુરાવો બનાવવો.	એજ	એજ	એજ	૩ વરસ સુધીની એ માંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
	("ખોટી શાહેદી" તથા "ખોટો પુરાવો બનાવવો" એ શબ્દોની વ્યાખ્યા માટે જુઓ પાછળ પાનુ.–૧૫)					
૧૯૪	દેહાંત શિક્ષા જોગ ગુન્હો કોઇની ઉપર સાબીત કરાવવાના ઇરાદાથી ખોટી શાહેદી આપવી અથવા ખોટો પુરાવો બનાવવો.	એજ	એજ	જામીન નહીં લઇ શકાય.	જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરશ સુધી શખત કેદ તથા દંડ.	સેશન કોર્ટ
	અગર તેમ કરવાથી કોઇ બેગુન્હા સખસની ઉપર ગુન્હો સાબીત થઇને તેનો જીવ લેવામાં આવે તો.	એજ	એજ	એજ	મોત અથવા ઉપર મુજબ.	એજ

૧	૨	૩	૪	૫	૬	૭
૧૯૫	જીવતા સુધી સમુદ્રપારની અથવા સાત વરશની અથવા તે કરતાં વધારે કેદની શિક્ષા થઇ શકે એવો ગુન્હો કોઇની ઉપર સાબીત કરાવવાના ઇરાદાથી ખોટી શાહેદી આપવી અથવા ખોટો પુરાવો બનાવવો.	એજ	એજ	જામીન લઇ શકાય.	જે ગુન્હાને માટે હોય તે.	એજ
૧૯૬	કોઇ ઇન્સાફના કામમાં બનાવટી અથવા ખોટો જાણેલો પુરાવો દુષ્ટભાવથી ખરા માફક વાપરવો.	એજ	એજ	તેવી શાહેદી આપવાના ગુન્હાને માટે જામીન લઇ શકાતો હોય તો લઇ શકાય, નહીં તો નહીં.	ખોટી શાહેદી આપવા અથવા ખોટો પુરાવો બનાવવા માટે જે હોય તેજ.	સેશન કોર્ટ અથવા પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગના મેજીસ્ટ્રેટ.
૧૯૭	જાણીબુજીને કાંઇ ખોટું સર્ટીફીકેટ આપવું અથવા તે પર સહી કરવી.	એજ	એજ	જામીન લઇ શકાય.	ખોટી શાહેદી આપવા માટે જે હોય તે.	એજ
૧૯૮	કાંઇ જરૂરની બાબતમાં ખોટું છે એવું જાણેલું સર્ટીફીકેટ ખરાંની માફક વાપરવું.	એજ	એજ	એજ	એજ	એજ
૧૯૯	કાયદા પ્રમાણે પુરાવામાં લઇ શકાય એવા કોઇ એકરારમાં લખેલી ખોટી કેફીઅત.	એજ	એજ	એજ	એજ	એજ
૨૦૦	એવો કોઇ ખોટો જાણેલો એકરાર ખરાની માફક વાપરવો.	એજ	એજ	એજ	એજ	એજ

૨૦૧	કોઇ ગુન્હો કરનારને બચાવવાના ઇરાદાથી તે ગુન્હો થયાનો પુરાવો ઉડાવવો અથવા તે બાબત ખોટી ખબર આપવી, તે ગુન્હો દેહાંત શિક્ષા જોગ હોય તો.	એજ	એજ	એજ	સાત વરશ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ.	સેશન કોર્ટ
	જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષા જોગ. અથવા ૧૦ વરશની કેદની શિક્ષા જોગ હોય તો.	એજ	એજ	એજ	૩ વરશ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ.	સેશન કોર્ટ અથવા પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગના માજીસ્ટ્રેટ.
	દસ વરસથી ઓછી મુદતની કેદની શિક્ષા જોગ હોય તો.	એજ	એજ	એજ	તે ગુન્હા માટે ઠરાવેલા પ્રકારની તથા ધણામાં ધણી મુદત ઠરાવી હોય તેની $\frac{1}{4}$ મુદત સુધીની કેદ અથવા દંડ અગર બંને	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગના માજીસ્ટ્રેટ અથવા જે કોર્ટથી તે ગુન્હાનો ઇનસાફ થઇ શકતો હોય તે કોર્ટ.
૨૦૨	કાંઇ ગુન્હા બાબત ખબર આપવાની જેની ફરજ હોય તેણે ઇરાદાથી તે ખબર આપવામાં કસુર કરવી.	એજ	સમન	એજ	છ મહીના સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા અથવા બીજા વર્ગના માજીસ્ટ્રેટ,
૨૦૩	કાંઇ ગુન્હો થયો હોય તે બાબત જાણી બુઝીને ખોટી ખબર આપવી.	એજ	વારંટ	એજ	૨ વરશ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	એજ
૨૦૪	કોઇ લેખને પુરાવા દાખલ હાજર થતો અટકાવવાને તેનો નાશ કરવો, સંતાડવો, ચ્હેરી નાંખવો વંચાય નહી એવો કરવો.	એજ	એજ	એજ	એજ	એજ

૧	૨	૩	૪	૫	૬	૭
૨૦૫	કાંઇ દીવાની કે ફોજદારી મુકરદમાં મધ્યે કાંઇ કામ કરવા સારૂ અથવા જામીન થવા સારૂ ખોટી રીતે બીજાનો વેશ લેવો.	એજ	એજ	એજ	૩ વરશ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ.	સેશન કોર્ટ અથવા પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગના માજીસ્ટ્રેટ.
૨૦૬	કાંઇ મિલકત સરકાર જપ્ત થતી અથવા શિક્ષાના હુકમથી દંડમાં વસુલ થતી અથવા હુકમનામું બજાવવામાં લેવાતી અટકાવવા સારૂ તે મિલકત દગલબાજીથી ખસેડવી, છુપાવવી અથવા બીજાને કરી આપવી.	એજ	એજ	એજ	૨ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા કે બીજા વર્ગના માજીસ્ટ્રેટ
૨૦૭	કાંઇ મિલકત સરકાર જપ્ત થતી. હુકમથી દંડમાં વસુલ થતી અથવા હુકમનામું બજાવવામાં લેવાતી અટકાવવા સારૂ દગલબાજીથી તે મિલકતપર હક નહીં છતાં દાવો કરવો, અથવા તેના કાંઇ હક બાબત ઠગાઇ કરવી.	એજ	એજ	એજ	એજ	એજ
૨૦૮	જે રકમ લહેણી નથી તેને સારૂ દગલબાજીથી હુકમનામું થવા દેવું અથવા પુરૂં થયા પછી તે બજાવવા દેવું.	એજ	એજ	એજ	એજ	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગના માજીસ્ટ્રેટ.
૨૦૯	કોઇ ઇન્સાફની કોરટમાં બદદાનતથી બીજાને દુખ આપવાના ઇરાદાથી ખોટો દાવો કરવો.	એજ	એજ	એજ	૨ વરસ સુધી એમાના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ

૨૧૦	જે રકમ લહેણી નહીં હોય તેને સારૂ દગલબાજીથી હુકમનામું કરાવી લેવું અથવા હુકમનામું પુરૂં થયા પછી તે બજાવવું.	એજ	એજ	એજ	૨ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	એજ
૨૧૧	નુકશાન કરવાના ઇરાદાથી કોઇ સખસ ઉપર ફોજદારી કરવી અથવા ખોટું તોહમત મુકવું.	એજ	એજ	એજ	એજ	એજ
	જે ગુન્હાનું તોહમત મુકયું હોય તે ગુન્હો દેહાંત શિક્ષા જોગ, અથવા જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષા જોગ, અથવા સાત વરસથી વધારે મુદતની કેદની શિક્ષા જોગ હોય તો.	એજ	એજ	એજ	૭ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોર્ટ
૨૧૨ કો.	કોઇ ગુન્હેગારને શિક્ષાથી બચાવવાને ઘરમાં રાખવો, તે ગુન્હો જો દેહાંત શિક્ષા જોગ હોય તો.	વગર વારંટે પકડી શકે.	એજ	એજ	૫, વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	સેશન કોર્ટ અથવા પ્રેસીડેન્સી અથવા પહેલા વર્ગનામાજીસ્ટ્રેટ
	તે ગુન્હો જો જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરશ સુધી કેદની શિક્ષા જોગ હોય તો.	એજ	એજ	એજ	૩ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ
	તે ગુન્હો ૧૦ વરસ સુધી નહીં પણ એક વરસ સુધી કેદની શિક્ષા જોગ હોય તો. (ગુન્હેગારનો વર કે વહુ ઘરમાં રાખે તો તે ગુન્હો નથી)	એજ	એજ	એજ	તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા ઘણામાં ઘણી મુદત જે ઠરાવી હોય તેની ¼ મુદત સુધી કેદ અથવા દંડ અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગના માજીસ્ટ્રેટ અથવા જે કોર્ટથી તે ગુન્હાનો ઇન્સાફ થઇ શકતો હોય તે કોર્ટ
૨૧૩	કોઇ શખસને શિક્ષાથી બચાવવાને બક્ષીસ લેવી, તે ગુન્હો દેહાંત શિક્ષા જોગ હોય તો.	વગર વારંટે પકડાય નહીં	એજ	એજ	૭ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	સેશન કોર્ટ

૧	૨	૩	૪	૫	૬	૭
	તે ગુન્હો જો જીવતાં સુધી સમુદ્રપારની અથવા ૧૦ વરસની કેદની શિક્ષા જોગ હોય તો.	એજ	એજ	એજ	૩ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોર્ટ અથવા પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગના માજીસ્ટ્રેટ.
	અગર ૧૦ વરસ કરતાં ઓછી કેદની શિક્ષા જોગ હોય તો.	એજ	એજ	એજ	તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા ઘણામાં ઘણી મુદત ઠરાવી હોય તેની ¼ મુદત સુધી કેદ અથવા દંડ અથવા બંને	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગના માજીસ્ટ્રેટ અથવા જે કોર્ટથી તે ગુનાનો ઇન્સાફ થઇ શકતો હોય તે કોર્ટ
૨૧૪	કોઇ ગુન્હેગારને બચાવવાના બદલામાં કાંઇ મીલકત પાછી આપવી અથવા બક્ષિશ આપવી, તે ગુન્હો જો દેહાંત શિક્ષા જોગ હોય તો.	એજ	એજ	એજ	૭ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	સેશન કોર્ટ
	તે ગુન્હો જો જીવતાં સુધી સમુદ્રપારની અથવા ૧૦ વરસ સુધી કેદની શિક્ષા જોગ હોય તો.	એજ	એજ	એજ	૩ વરશ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોર્ટ અથવા પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગનો માજીસ્ટ્રેટ.
	અગર ૧૦ વરસ કરતાં ઓછી કેદની શિક્ષા જોગ હોય તો.	એજ	એજ	એજ	તે ગુન્હા માટે ઠરાવેલા પ્રકારની તથા ઘણામાં ઘણી મુદત ઠરાવી હોય તેના ¼ મુદત સુધી કેદ, અથવા દંડ, અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગનો માજીસ્ટ્રેટ અથવા જે કોર્ટથી તે ગુન્હાનો ઇન્સાફ થઇ શકતો હોય તે કોર્ટ.

૨૧૫	કોઇ સખસની જંગમ મિલકત, કંઇ ગુન્હો કરીને કોઇ ગુન્હેગારે લઇ લીધી હશે, તે ગુન્હેગારને પકડી અપાવ્યા વગર, તે મિલકત પાછી મેળવી આપવાના બ્હાનાથી મદદ કરવા બદલ કાંઇ બક્ષીસ લેવી.	એજ	એજ	એજ	૨ વરસ સુધી બે માંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગનો માજીસ્ટ્રેટ.
૨૧૬ કો.	જે ગુન્હેગાર કેદમાંથી નાઠો હોય, અથવા જેને પકડવાનો હુકમ થયો હોય, તે ગુન્હેગારને પકડાતો અટકાવવાના ઇરાદાથી ઘરમાં રાખવો અથવા સંતાડવો, તે ગુન્હો દેહાંત શિક્ષા જોગ હોય તો.	વગર વારંટે પકડી શકે.	એજ	એજ	૭ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોર્ટ અથવા પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગનો માજીસ્ટ્રેટ
	જીવતાં સુધી સમુદ્રપારની અથવા ૧૦ વરશ સુધી કેદની શિક્ષા જોગ હોય તો,	એજ	એજ	એજ	૩ વરસ સુધી બે માંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ કરે અથવા ન કરે.	એજ
	અગર ૧૦ વરશ નહીં પણ ૧ વરસ સુધી કેદની શિક્ષા જોગ હોય તો. નોટઃ—ગુન્હેગારની વહુ કે વર ગુન્હેગારને ઘરમાં રાખે કે સંતાડે તો તેથી તે વહુ કે વર સજાને પાત્ર થતાં નથી.	એજ	એજ	એજ	તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા ઘણામાં ઘણી મુદત જે ઠરાવી હોય તેની ¼ મુદત સુધી કેદ અથવા દંડ, અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગનો મેજીસ્ટ્રેટ અથવા જે કોર્ટથી તે ગુન્હાનો ઇન્સાફ થઇ શકતો હોય તે કોર્ટ.
અ ૨૧૬ કો.	લુટારૂઓ તથા ધાડપાડુઓને આશ્રય આપવો.	એજ	એજ	એજ	૭ વરસની સખ્ત મજુરી સાથે કેદની સજા અને દંડ	પહેલા વર્ગનો મેજીસ્ટ્રેટ.
૨૧૭	કોઇ શખશને શિક્ષાથી, અથવા કાંઇ મિલકતને સરકાર જપ્ત થતી બચાવવાના ઇરાદાથી કોઇ સરકારી નોકરે કાયદાનો હુકમ નહીં માનવો.	વગર વારંટે પકડાય નહિં.	સમન	એજ	૨ વરસ સુધી બે માંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા અથવા બીજા વર્ગનો માજીસ્ટ્રેટ.

૧	૨	૩	૪	૫	૬	૭
૨૧૮	સરકારી નોકરે કોઇ સખસને શિક્ષાથી, અથવા કાંઇ મિલકતને સરકાર જપ્ત થતી બચાવવાના ઇરાદાથી, કાંઇ ખોટું દફતર અથવા લખાણુ બનાવવું.	એજ	વારંટ	એજ	૩ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	સેશન કોર્ટ.
૨૧૯	કોઇ ઇન્સાફી મુકરદમાં મદગે, કાયદા વિરૂદ્ધ છે એમ જાણતો હોય એવો હુકમ, રીપોર્ટ, ફેસલો અથવા ઠરાવ કોઇ સરકારી નોકરે લાંચ લેઇને કે દ્વેશ બુદ્ધિથી કરવો.	એજ	એજ	એજ	૭ વરસ સુધી એ માંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બને.	એજ
૨૨૦	જે સખસને અખત્યાર હોય તે શખસે, હું કાયદાથી વિરૂદ્ધ ચાલું છું એમ જાણીને કોઇને તેનો ઇન્સાફ થવા સારૂ લાંચ લઇને કે દ્વેશ બુદ્ધિથી કમીટ કરવો અથવા કેદમાં મોકલવો.	એજ	એજ	એજ	એજ	એજ
૨૨૧	જે સરકારી નોકરની કાયદા મુજબ કોઇને પકડવાની ફરજ હોય તે સરકારી નોકર તેને પકડવામાં ઇરાદાથી કસુર કરે અથવા ઇરાદાથી તે સખસને નાશી જવા દે અને તે ગુન્હો દેહાંત શિક્ષા જોગ હોય તો.	એજ	એજ	એજ	૭ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ કરે અથવા ન કરે.	એજ
	અગર જીવતાં સુધી સમુદ્ર પારની, અથવા ૧૦ વરસ સુધી કેદની શિક્ષા જોગ હોય તો.	એજ	એજ	એજ	૩ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ કરે અથવા ન કરે,	સેશન કોર્ટ અથવા પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગનો માજીસ્ટ્રેટ.

	અગર ૧૦ વરશ કરતાં ઓછી કેદની શિક્ષા જોગ હોય તો.	એજ	એજ	એજ	૨ વરશ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ કરે અથવા ન કરે.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા અથવા બીજા વર્ગના માજીસ્ટ્રેટ.
૨૨૨	જે સખસની ઉપર કોઇ ઇન્સાફની કોર્ટે શિક્ષાનો હુકમ કર્યો હોય, તે સખશને પકડવાની જે સરકારી નોકરની ફરજ હોય તે સખસને પકડવામાં ઇરાદાથી કસુર કરે અને અગર તેની ઉપર મોતની શિક્ષાનો હુકમ થયો હોય તો.	એજ	એજ	જામીન નહીં લઇ શકાય.	જીવતાં સુધીની સમુદ્રપાર અથવા ૧૪ વરશની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ કરે અથવા ન કરે	સેશન કોર્ટ
	અગર જીવતાં સુધી સમુદ્રપારની, અથવા ૨૦ વરસ સુધી કે તેથી વધારે મુદતની સમુદ્રપારની કેદની અથવા શાસનિક દાસત્વની અથવા કેદની શિક્ષાનો હુકમ થયો હોય તો.	એજ	એજ	એજ	૭ વરશ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ કરે અથવા ન કરે.	એજ
	અગર ૧૦ વરશ કરતાં ઓછી કેદની શિક્ષાનો હુકમ થયો હોય તો અથવા કાયદાસર રીતે કેદમાં મોકલ્યો હોય તો	એજ	એજ	જામીન લઇ શકાય	૩ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને	સેશન કોર્ટ અથવા પ્રેસીડંન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગનો મજીસ્ટ્રેટ.
૨૨૩	જે સરકારી નોકરની ગુન્હેગારને કેદમાં રાખવાની ફરજ હોય તે સરકારી નોકરે ગફલતથી કોઇ કેદીને નાશી જવા દેવો.	એજ	સમન	એજ	૨ વરસ સુધીની આસન કેદ, અથવા દંડ, અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા અથવા બીજા વર્ગનો માજીસ્ટ્રેટ.

૧	૨	૩	૪	૫	૬	૭
૨૨૪ કો.	કોઇ સખસને કાયદા મુજબ પકડતા હોય તેમાં તેણે સામા થવું અથવા હરકત કરવી.	વગર વારંટે પકડી શકે.	વારંટ	એજ	૨ વરસની એમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા બેઉ.	એજ
૨૨૫ કો.	કોઇ શખસને કાયદા મુજબ પકડતા હોય તેમાં કોઇ બીજા સખસે સામા થવું અથવા હરકત કરવી, અથવા કાયદેશર કેદમાંથી તેને છોડાવવો.	વગર વારંટે પકડી શકાય.	વારંટ	એજ	એજ	એજ
	અગર તેની ઉપર જીવતાં સુધીની સમુદ્રપારની અથવા ૧૦ વરશ સુધી કેદની શિક્ષા થઇ શકે એવા ગુન્હાનું તોહમત હોય તો.	એજ	એજ	જામીન લઇ શકાય	૩ વરશ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોર્ટ અથવા પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગનો માજીસ્ટ્રેટ
	અગર દેહાંત શિક્ષા થઇ શકે એવા ગુન્હાનું તોહમત હોય તો.	એજ	એજ	એજ	૭ વરશ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	સેશન કોર્ટ
	અગર તે શખશની ઉપર જીવતાં સુધીની સમુદ્રપારની અથવા સાસનિક દાસત્વની, દસ વરસ સુધી કે તેથી વધારે કેદની, શિક્ષાનો હુકમ થયો હોય તો.	એજ	એજ	એજ	એજ	એજ
	અગર મોતની શિક્ષાનો હુકમ થયો હોયતો	એજ	એજ	એજ	જીવતા સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરશ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	એજ

૨૨૫ અ	સારી રીતે ચાલવા બાબત જામીન આપવાને ચુકયાના સબબથી જે માણસને કેદમાં રાખ્યો હોય તે ત્યાંથી નાહાશી જાય અથવા નાહાશી જવાની કોશીશ કરે તો.	વગર વારંટે પકડાય નહિં.	એજ	જામીન લઇ શકાય.	૧ વરશ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ, અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા અથવા બીજા વર્ગના માજીસ્ટ્રેટ.
૨૨૫ બ કો.	જેનો બીજી કોઇ કલમમાં સમાસ થતો ન હોય એવા કોઇ કામમાં કાયદેસર પકડતાં હરકત કરવી.	વગર વારંટે પકડી શકે.	વારંટ	જામીન લઇ શકાય.	૭ માસ સુધીની બેમાના કોઇપણ પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	એજ
૨૨૬ કો.	સમુદ્રપારથી કાયદા વિરૂદ્ધ પાછું આવવું.	એજ	એજ	જામીન નહીં લઇ શકાય.	જીવતાં સુધી સમુદ્રપાર તથા સમુદ્રપાર જતાં પહેલાં ૩ વરશ શખત કેદ.	સેશન કોર્ટ
૨૨૭	જે સરતથી શિક્ષાની માફી આપી હોય તે તોડવી.	વગર વારંટે પકડાય નહીં.	સમન	એજ	અસલ હુકમની શિક્ષા, અથવા અગર તે માહેલી કોઇ ભોગવી હોય, તો બાકી રહી હોય તે.	જે કોર્ટથી અસલ ગુન્હાનો ઇન્સાફ થઇ શકતો હોય તે કોર્ટ.
૨૨૮	કોઇ સરકારી નોકર કાંઇ ઇન્સાફી મુકદમાનું કાંઇ પણ કામ કરતો હશે તે દરમીયાન તેનું ઇરાદાથી અપમાન કરવું, અથવા તેને હરકત કરવી.	એજ	એજ	જામીન લઇ શકાય.	૭ મહીના સુધીની આસન કેદ અથવા ૧૦૦૦ રૂ. નો દંડ અથવા બંને.	જે કોર્ટમાં ગુન્હો થયો તે કોર્ટ આ કાયદાના ૩૫મા બાબમાં લખેલા ઠરાવને અનુસરીને
૨૨૯	જાણી બુઝીને જ્યુરર અથવા આશેસરનો વેષ લેવો.	એજ	એજ	એજ	બે વરશ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા કે બીજા વર્ગનો માજીસ્ટ્રેટ

બાબ ૧૨ મો સિક્કા તથા સરકારી સ્ટાંપ સંબંધી ગુન્હા.

("સિકકો" તથા "રાણીનો સિકકો" એ શબ્દોની વ્યાખ્યા માટે જુઓ પાછળ પાનું ૧૬)

૧	૨	૩	૪	૫	૬	૭
૨૩૧ કો.	સિકકો ખોટો બનાવવો અથવા જાણી બુઝીને તે ક્રિયાનો કાંઇ પણ ભાગ કરવો અગર ખરા સિક્કા સરખો દેખાતો કરવો.	વગર વારંટે પકડી શકે.	વારંટ	જામીન નહીં લઇ શકાય.	૭ વરસ સુધી એ માંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોર્ટ
૨૩૨ કો.	રાણીનો સિકકો ખોટો બનાવવો, અથવા તે ક્રિયાનો કોઇ પણ ભાગ કરવો.	એજ	એજ	એજ	જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરશ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	એજ
૨૩૩ કો.	સિકકો ખોટો બનાવવાના કારણુસર હથિયાર બનાવવાં, ખરીદવા અથવા વેચવાં,	એજ	એજ	એજ	૩ વરસ સુધી એ માંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	સેશન કોર્ટ અથવા પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગનો માજીસ્ટ્રેટ
૨૩૪ કો.	રાણીનો સિકકો ખોટો બનાવવાના કારણુસર હથિયાર બનાવવાં, ખરીદવાં, અથવા વેચવાં.	એજ	એજ	એજ	૭ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોર્ટ
૨૩૫ કો.	સિકકો ખોટો બનાવવાના કારણુસર કાંઇ હથિયાર અથવા સામન પાસે રાખવો.	એજ	એજ	એજ	૩ વરશ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ	સેશન કોર્ટ અથવા પ્રેસીડનસી માજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગના માજીસ્ટ્રેટ.
	રાણીનો સિકકો બનાવવાના કારણુસર હોય તો.	એજ	એજ	એજ	દશ વરશ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	સેશન કોર્ટ.

૨૩૬ કો.	હિંદુસ્થાનમાં રહીને હિંદુસ્થાનની બહાર કાંઇ સિકકો ખોટો બનાવવામાં મદદગારી કરવી. (હથીઆરો, અથવા ઓજારો એ કામ સારૂ પુરાં પાડવાં એ મદદગારી કહેવાય.)	એજ	એજ	એજ	બ્રિટિશ ઇંડીઆ મધ્યે તે સિક્કો ખોટો બનાવવામાં મદદગારી કરવાને માટે જે શિક્ષા ઠરાવી છે તે શિક્ષા	એજ
૨૩૭ કો.	ખોટો સિકકો જાણીબુજીને આ દેશમાં લાવવો અથવા આ દેશમાંથી બહાર લઇ જવો.	એજ	એજ	એજ	૩ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	સેશન કોર્ટ અથવા પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગના માજીસ્ટ્રેટ.
૨૩૮ કો.	રાણીનો સિકકો ખોટો બનાવેલો જાણીબુજીને આ દેશમાં લાવવો અથવા આ દેશમાંથી બહાર લઇ જવો.	એજ	એજ	એજ	જીવતા સુધી સમુદ્ર પારની અથવા ૧૦ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોર્ટ
૨૩૯ કો.	કોઇ સિકકો ખોટો છે એમ તે લેતી વખત જાણીને રાખી દગો કરવાના ઇરાદાથી તે બીજાને આપવો. (જાણીબુઝીને ખોટો સિકકો ચલાવવો).	એજ	એજ	એજ	૫ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	સેશન કોર્ટ અથવા પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગના માજીસ્ટ્રેટ.
૨૪૦ કો.	રાણીનો કોઇ સિકકો ખોટો છે એમ જાણીને રાખી, દગો કરવાના ઇરાદાથી તે બીજાને આપવો અથવા ચલાવવો.	એજ	એજ	એજ	૧૦ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ	એજ
૨૪૧ કો.	કોઇ માણસની પાસે કાંઇ સિકકો પહેલાં આવે તે વખતે તે એમ જાણતો નહીં હોય કે આ સિકકો ખોટો છે પણ પાછળથી જાણવામાં આવે કે તે ખોટો છે છતાં તે સિકકો તે માણસે કોઇને ખરા દાખલ આપવો.	એજ	એજ	એજ	૨ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા જેટલી કીમતનો તે ખોટો સિકકો કર્યો હોય તેથી દશ ગણો દંડ, અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા અથવા બીજા વર્ગના માજીસ્ટ્રેટ.

૨૦

૧	૨	૩	૪	૫	૬	૭
૨૪૨ કો.	આ સિકકો ખોટો છે એમ જાણ્યા છતાં દગો કરવાના ઇરાદાથી, તે પોતાના કબજામાં રાખવો.	એજ	એજ	એજ	૩ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોર્ટ અથવા પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ.
૨૪૩ કો.	રાણીનો કોઇ સિકકો કોઇ શખસની પાસે આવતી વખતે તેણે એમ જાણ્યું હોય કે આ સિકકો ખોટો છે; તે છતાં દગો કરવાના ઇરાદાથી તે સખસે તે ખોટો સિકકો કબજામાં રાખવો.	એજ	એજ	એજ	૭ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ,	એજ.
૨૪૪ કો.	ટંકશાલમાં નોકર રહેલા માણસે કાયદામાં ઠરાવેલા વજન અથવા મેળવણીથી જુદા વજન અથવા મેળવણીનો સિકકો બનાવવો.	એજ	એજ	એજ	એજ	સેશન કોર્ટ
૨૪૫ કો.	સિક્કા પાડવાનું કાંઇ હથિયાર કોઇ ટંકશાળમાંથી કાયદા વિરુધ્ધ લઇ જવું.	એજ	એજ	એજ	એજ	એજ
૨૪૬ કો.	દગલબાજીથી કોઇ સિક્કાનું વજન ઓછું કરવું, અથવા તેની મેળવણીમાં ફેર ફાર કરવો. (સિક્કાનો કંઇ અંસ–ભાગ, કાઢી અથવા કાપી લઇ તે છેદમાં કંઇ બીજી વસ્તુ મુકવી).	એજ	એજ	એજ	ત્રણ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	સેશન કોરટ અથવા પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ.

૨૪૭ કો.	ઠગલબાજીથી રાણીના સિક્કાનું વજન ઓછું કરવું, અથવા તેની મેળવણી બદલવી.	એજ	એજ	એજ	૭ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ	એજ
૨૪૮ કો.	કોઇ સિકકો બીજા સિક્કાને ઠેકાણે ચાલે એવા ઇરાદાથી તે સિક્કાનું રૂપ બદલવુ.	એજ	એજ	એજ	૩ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ
૨૪૯ કો.	રાણીનો કોઇ સિકકો બીજા સિક્કાને ઠેકાણે ચાલે એવા ઇરાદાથી તે સિક્કાનું રૂપ બદલવું.	એજ	એજ	એજ	૭ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ
૨૫૦ કો.	આ સિક્કામાં ફેરફાર થયેલો છે (કલમ ૨૪૬–૨૪૮ મુજબ) એવું જાણીને જે સિકકો પાસે રાખ્યો હોય તે દગો કરવાના ઇરાદાથી બીજાને આપવો.	એજ	એજ	એજ	૫ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ
૨૫૧ કો.	આ સિક્કામાં ફેરફાર થએલો છે કલમ ૨૪૭–૨૪૯) એમ જાણીને રાણીનો જે સિકકો પાસે રાખ્યો હોય તે દગો કરવાના ઇરાદાથી, બીજાને આપવો.	એજ	એજ	એજ	૧૦ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ
૨૫૨ કો.	કોઇ શખસની પાસે કાંઇ ફેરફાર થએલો સિકકો આવતી વખત તેમાં ફેરફાર થએલો છે એમ તેણે જાણ્યાં છતાં તથા તે સંબંધમાં કલમ ૨૪૬ અગર ૨૪૮ મુજબ ગુન્હો થએલો છે એમ જાણ્યા છતાં બીજાને ઠગવાના ઇરાદાથી પાસે રાખવો.	એજ	એજ	એજ	૩ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ

૧	૨	૩	૪	૫	૬	૭
૨૫૩ કો.	કોઇ શખસની પાસે કાંઇ ફેરફાર થએલો રાણીનો સિકકો આવતી વખતે તેમાં ફેરફાર થએલો છે એમ જાણ્યા છતાં તથા તે સંબંધમાં કલમ ૨૪૭ અગર ૨૪૯ મુજબ ગુન્હો થયો છે એમ જાણ્યા છતાં બીજાને ઠગવાના ઇરાદાથી પાસે રાખવો.	એજ	એજ	એજ	૫ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
૨૫૪ કો.	જે સિકકો કોઇ માણસની પાસે પહેલા આવતી વખતે તેમાં ફેરફાર થએલો છે એમ તેણે જાણ્યું નહિ હોય તે સિકકો તેણે બીજાને ખરા સિક્કા દાખલ આપવો.	એજ	એજ	એજ	બે વરસ સુધી એમાના ગમે તે પ્રકારની કેદ, અથવા જેટલી કીમતનો તે સિકકો હોય તેથી દશગણો દંડ.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા અથવા બીજા વર્ગના માજીસ્ટ્રેટ.
૨૫૫ કો	સરકારી મેહેસુલી સ્ટાંપ ખોટો બનાવવો.	એજ	એજ	જામીન લઇ શકાય	જીવતાં સુધી સમુદ્રપાર તથા ૧૦ વરસની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોર્ટ
૨૫૬ કો.	કોઇ સરકારી સ્ટાંપ ખોટો બનાવવાના કારણસર કાંઇ હથિયાર અથવા સામાન પાસે રાખવો	એજ	એજ	એજ	સાત વરશ સુધી એ માંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ
૨૫૭ કો.	કોઇ સરકારી સ્ટાંપ ખોટો બનાવવાના કારણસર હથિયાર બનાવવું, ખરીદવું, અથવા વેચવું.	એજ	એજ	એજ	એજ	એજ
૨૫૮ કો.	સરકારી સ્ટાંપ ખોટા બનાવેલા છે એમ જાણીબુઝીને વેચવા.	એજ	એજ	એજ	એજ	એજ

૨૫૯ કો.	સરકારી સ્ટાંપ ખોટો બનાવેલો છે એમ જાણ્યા છતાં તે ખરા સ્ટાંપ દાખલ વાપરવાના ઇરાદાથી, કબજામાં રાખવો.	એજ	એજ	એજ	એજ	સેશન કોર્ટ અથવા પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગના માજીસ્ટ્રેટ.
૨૬૦ કો.	કોઇ સરકારી સ્ટાંપ ખોટો બનાવેલો છે એમ જાણ્યા છતાં તે ખરા દાખલ વાપરવો.	એજ	એજ	એજ	સાત વરશ સુધી બે માંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	એજ
૨૬૧ કો.	સરકારને ગેર વ્યાજબી હાની કરવાના ઇરાદાથી જે પદાર્થપર સરકારી સ્ટાંપ હોય એવા કોઇ પદાર્થ ઉપરથી કાંઇ લખાણ ચેરી નાંખવું, અથવા કોઇ લેખને માટે કાંઇ સ્ટાંપ વાપર્યો હોય તે સ્ટાંપ તે લેખ ઉપરથી કાંઢી નાંખવો.	એજ	એજ	એજ	૩ વરશ સુધીની બે માંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને,	એજ
૨૬૨ કો.	કોઇ સરકારી સ્ટાંપ આગળ વાપરેલો છે એમ જાણ્યા છતાં, સરકારને હાની કરવાના ઇરાદાથી તે પાછો વાપરવો	એજ	એજ	એજ	૨ વરશ સુધીની બે માંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા અથવા બીજા વર્ગનો માજી-સ્ટ્રેટ.
૨૬૩	સ્ટાંપ વાપરેલો છે એવી રીતની કાંઇ નીશાની દગલબાજીથી અથવા સરકારને હાની કરવાના ઇરાદાથી છોલી નાંખવી.	એજ	એજ	એજ	૩ વરશ સુધીની બે માંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને	સેશન કોર્ટ અથવા પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગનો માજીસ્ટ્રેટ.
૨૬૩ અ કો.	બનાવટી સ્ટાંપ.	એજ	એજ	એજ	૨૦૦ રૂપિયા સુધી દંડ.	પ્રેસીડન્સી મેજીસ્ટ્રેટ અથવા ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ.

બાબ ૧૩મો. કાટલાં તથા માપ સંબંધી ગુન્હા.

૧	૨	૩	૪	૫	૬	૭
૨૬૪	તોલવાનું યંત્ર ખોટું છે એમ જાણીને તે દગલબાજીથી વાપરવું.	વગર વારંટે. પકડાય નહીં	સમન	જામીન લઇ શકાય.	૧ વરશ સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બને.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા અથવા બીજા વર્ગનો માજીસ્ટ્રેટ.
૨૬૫	ખોટું કાટલું અથવા ખોટું માપ દગલબાજીથી વાપરવું.	એજ	એજ	એજ	એજ	એજ
૨૬૬	ખોટાં કાટલાં અથવા ખોટાં માપ દગલબાજીથી વાપરવાને પાસે રાખવાં.	એજ	એજ	એજ	એજ	એજ
૨૬૭	ખોટાં તોળવાના યંત્ર, ખોટા કાટલા અથવા માપ દગલબાજીથી વાપરવાને બનાવવાં, અથવા વેચવા અથવા કોઇને આપવા.	એજ	એજ	એજ	એજ	એજ

ભાગ ૧૪મો. લોકની તંદુરસ્તી, સલામતી, અકુનુળતા, લજ્જા તથા નિતિ સંબંધી ગુન્હા.

૨૬૯ ફો.	જીંદગીને જોખમ પહોંચે એવા રોગનો ચેપ પસરે એવું ગફલતીનું કામ જાણીબુઝીને કરવું,	વગર વારંટે પકડી શકે	સમન	જામીન લઇ શકાય	છ મહીના સુધીની એમાના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	પ્રેસીડેન્સીમાજીસ્ટ્રેટ, પહેલા અથવા બીજા વર્ગનો માજીસ્ટ્રેટ.
૨૭૦ ફો.	જીંદગીને જોખમ પહોંચે એવા રોગનો ચેપ પસરે એવું દ્વેપ બુદ્ધીનું કામ જાણીબુઝીને કરવું,	એજ	એજ	એજ	૨ વરસ સુધીની એમાના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	એજ
૨૭૧	વહાણુને રોગના સબબથી દુર રહેવા સંબંધીની કાંઇ કાનુન જાણીબુજીને નહિ માનવી.	વગર વારંટે પકડાય નહિ.	એજ	એજ	છ મહીના સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	એજ
૨૭૨	વેચવાને ઇરાદે રાખેલી માણુસને ખાવાની અથવા પીવાની વસ્તુમાં કાંઇ અવગુણ થાય એવી રીતે ભેળ કરવી.	એજ	એજ	એજ	છ મહીના સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા ૧૦૦૦ રૂ. સુધીનો દંડ અથવા બંને.	એજ
૨૭૩	માણુસને ખાવાની અથવા પીવાની કાંઇ વસ્તુ અવગુણુકારક છે અથવા ખાવા પીવા જોગ સ્થીતીમાં ન હોય એમ જાણીને વેચવી.	એજ	એજ	એજ	એજ	એજ
૨૭૪	કાંઇ વેચવાના વસાણુમાં અથવા ઓસડમાં ભેળ કરવી, એહવી રીતે કે તેથી તેહનો ગુણુ ઓછો થાય, અથવા તેહની અસર બદલાય, અથવા તે અવગુણુકારક થાય.	એજ	એજ	એજ	એજ	એજ

૧	૨	૩	૪	૫	૬	૭
૨૭૫	ભેળા થએલાં વસાણાં અથવા ઓસડ વેચવાં અથવા કોઇ દવાખાનામાંથી ભેળ થએલું વસાણું કે ઓસડ જાણીબુઝીને આપવું.	એજ	એજ	એજ	એજ	એજ
૨૭૬	જાણી બુઝીને કાંઇ વસાણાંને અથવા ઓસડને તે જુદું વસાણું અથવા તૈયાર કરેલું ઓસડ હોય એ રીતે વેચવું, અથવા દવાખાનામાંથી આપવું.	એજ	એજ	એજ	એજ	એજ
૨૭૭ કો.	સાર્વજનીક ઝરા અથવા જળાશયનું પાણી બુધ્ધિપુર્વક બીગાડવું અથવા મેલું કરવું.	વગર વારંટે પકડી શકે.	એજ	એજ	૩ મહીના સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા ૫૦૦ રૂ.સુધીનો દંડ અથવા બંને	કોઇ પણ માજીસ્ટ્રેટ
૨૭૮	પાડોસીની તનદુરસ્તીમાં બીગાડ થાય એવી રીતે કોઇ જગાની હવા બુદ્ધિ પુર્વક બીગાડવી.	વગર વારંટે પકડાય નહિ.	એજ	એજ	૫૦૦ રૂ૦ સુધીનો દંડ.	એજ
૨૭૯ કો.	શરીઆમ રસ્તાપર બેફિકરાઇથી હાંકવુ અથવા સ્વારી કરવી, એવી રીતે કે તેથી માણુસની જીંદગી જોખમમાં આવે.	વગર વારંટે પકડી શકાય.	એજ	એજ	૭ મહિના સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા ૧૦૦૦ રૂ. સુધીનો દંડ અથવા બંને.	એજ
૨૮૦ કો.	બે ફિકરાઇથી વહાણ ચલાવવું, એવી રીતે કે તેથી માણસની જીંદગી જોખમ માં આવે.	એજ	એજ	એજ	એજ	પ્રેસીડેન્સીમાજીસ્ટ્રેટ, પહેલા વર્ગનો અથવા બીજા વર્ગનો માજીસ્ટ્રેટ.

૨૮૧ કો.	વહાણુ ચલાવનારને છેતરવાના ઇરાદાથી ખોટું અજવાળુ, નિશાની અથવા ખોયું દેખાડવું.	એજ	વારંટ	એજ	૭ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	શેશન કોર્ટ.
૨૮૨ કો.	ઘણો ભાર ભરેલાં અથવા દેહશતવાળાં વહાણમાં ભાડું કરીને કોઇ સખસને જળમાર્ગે જાણીબુઝીને કે ગફલતીથી લઇ જવો, જેથી તેની જીંદગી જોખમમાં રહે.	એજ	સમન	એજ	૭ મહીના સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા ૧૦૦૦ રૂ. નો દંડ, અથવા બંને.	પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ. પેહેલા અથવા બીજા વર્ગનો માજીસ્ટ્રેટ.
૨૮૩ કો.	કાંઇ કામ કરવાથી અથવા કસુર કરવાથી શરીઆમ રસ્તામાં અથવા વહાણુના રસ્તામાં ભય, અથવા અડચણુ, અથવા નુકશાન કરવું.	એજ	એજ	એજ	૨૦૦ રૂ. નો દંડ.	એજ
૨૮૪	કાંઇ ઝેરી પદાર્થ સંબંધી એવું બેફીકરાઇ અથવા ગફલતીથી કામ કરવું કે તેથી માણુસની જીંદગી જોખમમાં રહે. (જે જગ્યાએ છોકરાં રમતાં હોય તે જગામાં કાંઇ ઝેર ઉઘાડું મુકવું. એ ફીકરાઇને લીધે ગુન્હો થાય છે.)	વગર વારંટે પકડાય નહિ.	એજ	એજ	૭ મહિના સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા ૧૦૦૦ રૂ. નો દંડ, અથવા બંને.	એજ
૨૮૫ કો.	અગ્નિ અથવા શિઘ્રજ્વાળાગ્રાહી પદાર્થ સંબંધી એવું કામ કરવું કે તેથી માણુસની જીંદગી વીગેરે જોખમમાં રહે.	વગર વારંટે પકડી શકે.	એજ	એજ	એજ	કોઇપણ માજીસ્ટ્રેટ.
૨૮૬ કો.	અવાજ સાથે ફુટે એવા કોઇ પદાર્થ સંબંધમાં ગફલતીભરેલી રીતે વર્તવું.	એજ	એજ	એજ	એજ	એજ

૧	૨	૩	૪	૫	૬	૭
૨૮૭	ગુન્હેગારના કબજા અથવા હવાલા માંહેના કાંઇ સાંચા સંબંધી ગફલતી ભરેલી ચાલ.	વગર વારંટે. પકડાય નહિ	એજ	એજ	એજ	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા અથવા બીજા વર્ગનો માજીસ્ટ્રેટ.
૨૮૮	માણસની જીંદગીને જોખમ થતું અટકે એવી ઇમારતો તોડી પાડવામાં અથવા મરામત કરવામાં જાણીબુઝીને ગફલતી કરવી.	એજ	એજ	એજ	એજ	એજ
૨૮૯ કો.	કોઇ સખશના કબજામા કોઇ જાનવર હોય તે જાનવરથી માણસની જીંદગીને કાંઇ નુકશાન થાય નહીં, અથવા તેથી કોઇને મહાવ્યથા થાય નહીં, એવો બંદોબસ્ત રાખવામાં તે સખસ કસુર કરે તો.	વગર વારંટે પકડી શકે.	એજ	એજ	એજ	કોઇ પણ માજીસ્ટ્રેટ.
૨૯૦	કાંઇ લોકોપકારક કૃત્ય કરવું. ("લોકોપકારક કૃત્ય"ની વ્યાખ્યા માટે પાછળ જુઓ પાનુ ૧૯).	વગર વારંટે પકડાય નહીં.	એજ	એજ	૨૦૦ રૂ૦ નો દંડ.	એજ
૨૯૧ કો.	અધિકારવાળા સરકારી નોકરે તાકીદ આપ્યા છતાં અપકારક કૃત્ય જારી રાખવું	વગર વારંટે પકડી શકે.	એજ	એજ	૭ મહીના સુધીની આસાન કેદ અથવા દંડ અથવા બંને.	પ્રેસી. મેજીસ્ટ્રેટ, પેહેલા અથવા બીજા વર્ગનો માજીસ્ટ્રેટ.

૨૯૨ કો.	બીભત્સ પુસ્તક, ચોપાનીયુ, કાગળ, ચીત્ર, પ્રતીમા, વીગેરે વેચવાં, વેહેંચવાં, પર દેશથી આણવાં, છાપવાં, અથવા જાણી જોઇને ખુલ્લાં મુકવાં. (ધર્મ સંબંધી પ્રતીમાને આ કલમ લાગુ નથી.)	એજ	વારંટ	એજ	ત્રણ મહીના સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	એજ
૨૯૩ કો.	ઉપરની કલમમાં લખ્યું છે તેવું બીભત્સ પુસ્તક અથવા તેવી બીજી વસ્તુ વેચવા અથવા દેખાડવા સારૂ કબજામાં રાખવી.	એજ	એજ	એજ	એજ	એજ
૨૯૪ કો.	જાહેર જગામાં અથવા જાહેર જગાની પાસે બીભત્સ ગીત, લાવણી, અથવા શબ્દો ગાઇ, બોલી, અથવા ઉચ્ચારીને બીજાને દુખ આપવું.	એજ	એજ	એજ	એજ	એજ
૨૯૪ અ	સરકારની પરવાનગી વગર સોરટીની આફીસ રાખવી.	વગર વારંટે. પકડાય નહીં	સમન	એજ	છ મહીના સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	કોઇપણ માજીસ્ટ્રેટ.
	સોરટી બાબતની જાહેરખબર અથવા ઠરાવ પ્રસિદ્ધ કરવા. (૨૯૪ અ મુજબ ફરીયાદ સરકાર તરફથી કર્યા વગર કોઇપણ કોરટે સાંભળવી નહીં.)	એજ	એજ	એજ	૧૦૦૦ રૂ૦નો દંડ.	એજ

બાબ ૧૫મો. ધર્મ સંબંધી ગુન્હા.

૧	૨	૩	૪	૫	૬	૭
૨૯૫ કો.	કોઇ પણ જાતીના લોકોના ધર્મને અપમાન કરવાના ઇરાદાથી કોઇ પુજાના ઠેકાણાંનો અથવા પવીત્ર વસ્તુનો નાશ કરવો, અથવા તેને નુકશાન કરવું, અથવા તેને ભ્રષ્ટ કરવી.	વગર વારંટે પકડી શકે.	સમન	જામીન લઇ શકાય.	૨ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ, અથવા બંને.	પ્રેસીડન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા અથવા બીજા વર્ગના માજીસ્ટ્રેટ.
૨૯૬ કો.	કોઇ ધર્મ સંબંધી મંડળીને પુજાના કામમાં છતાં તેને બુદ્ધિપુર્વક અડચણ કરવી.	એજ	એજ	એજ	૧ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ, અથવા બંને.	એજ
૨૯૭ કો.	પુજાની જગામાં, કબરસ્તાનમાં અગર પ્રેત સંસ્કાર સારૂ જુદી કહાડેલી જગામાં વગર રજાએ જવું, અથવા કોઇ સખસના મનને દુઃખ કરવા અથવા તેના ધર્મને અપમાન કરવાના ઇરાદાથી પ્રેત સંસ્કાર થતો હોય ત્યાં ગરબડ કરવી, અથવા કોઇ પ્રેતનું અપમાન કરવું.	એજ	એજ	એજ	એજ	એજ
૨૯૮	ધર્મ સંબંધી કોઇ સખસનું દીલ દુખવવાના પાકા ઇરાદાથી તે સાંભળે તેમ કોઇ શબ્દ બોલવો અથવા ધ્વની કરવો અથવા કોઇ દેખે તેમ કાંઇ ચાળા કરવા અથવા કાંઇ વસ્તુ મુકવી.	વગર વારંટે પકડાય નહીં.	એજ	એજ	એજ	એજ

બાબ ૧૬મો. માણુસના શરીર સંબંધી ગુન્હા—જીંદગી સંબંધી ગુન્હા.

૩૦૨ કો.	ખુન ("ખુન" શબ્દની ટુંકી વ્યાખ્યા માટે જુઓ પાછળ પાનું ૧૭)	વગર વારંટે પકડી શકે.	વારંટ	જામીન નહીં લઇ શકાય.	મોત, જીવતાં સુધી સમુદ્ર પાર તથા દંડ.	સેશન કોર્ટ.
૩૦૩ કો.	જન્મ ટીપના ગુન્હેગારે કરેલું ખુન.	એજ	એજ	એજ	મોત.	એજ
૩૦૪ કો.	ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણિય મનુષ્ય વધ—અગર જે કામથી મોત થયું હોય તે મોત આણુવાના ઇરાદાથી કર્યું હોય તો	એજ	એજ	એજ	જીવતાં સુધી સમુદ્ર પાર, અથવા ૧૦ વરસ સુધીની એ માંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	એજ
	અગર તે કામ મોત આણુવાના ઇરાદાથી નહિ, પણ તેથી મોત થવાનો સંભવ છે, એમ જાણીને, કર્યું હોય તો. ("શિક્ષણીય મનુષ્ય વધ" ની વ્યાખ્યા માટે જુઓ, પાછળ પાનુ ૧૭)	એજ	એજ	એજ	૧૦ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	એજ
૩૦૪ અ કો.	અવિચારતું અથવા ગફલતી ભરેલું કામ કરીને કોઇ માણુસનું મોત આણુવું.	એજ	એજ	જામીન લઇ શકાય.	૨ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	સેશન કોર્ટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ, પહેલા વર્ગનો માજીસ્ટ્રેટ
૩૦૫ કો.	કોઇ સગીર, દીવાના, ચળેલા અથવા જન્મથીજ ગાંડા અથવા કેફવાલા સખસને આતમઘાત કરવામાં મદદગારી કરવી.	એજ	એજ	જામીન નહીં લઇ શકાય.	મોત અથવા જીવતાં સુધી સમુદ્રપાર, અથવા ૧૦ વરસ સુધી કેદ, તથા દંડ.	સેશન કોર્ટ.

૧	૨	૩	૪	૫	૬	૭
૩૦૬ કો.	આત્મઘાત કરવામાં મદદગારી કરવી.	એજ	એજ	એજ	૧૦ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
૩૦૭ કો.	ખુનની કોશીસ કરવી.	એજ	એજ	એજ	એજ	એજ
	જન્મ ટીપના કેદીએ ખુનની કોશીસ કરવી અને તેના તેજ ગુન્હાથી વ્યથા થાય તો.	એજ	એજ	એજ	મોત અથવા ઉપર મુજબ	એજ
૩૦૮ કો.	શિક્ષણિય મનુષ્ય વધ કરવાની કોશીશ કરવી.	એજ	એજ	જામીન લઇ શકાય	૩ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને	એજ
	તે કામથી કોઇ સખસને વ્યથા થાય તો.	એજ	એજ	એજ	૭ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને	એજ
૩૦૯ કો.	આત્મઘાત કરવાની કોશીશ (જે સખસ આત્મઘાત કરવામાં ફતેહમંદ થતો નથી, તે સખસ આ કલમ મુજબ સજાને પાત્ર થાય છે જે સખસ ફતેહમંદીથી આત્મઘાત કરે છે તેને તો પરમેશ્વર તરફથી દેહાંત દંડની સજા થઇ ચુકેલી સમજવી.)	એજ		એજ	૧ વરસ સુધીની આસાન કેદ અથવા દંડ અથવા બંને	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા અથવા બીજા વર્ગનો માજીસ્ટ્રેટ
૩૧૧ કો.	ઠગ હોવું ("ઠગ" શબ્દની વ્યાખ્યા માટે જુઓ પાછળ પાનું ૧૭)	એજ	એજ	જામીન નહીં લઇ શકાય.	જીવતાં સુધી સમુદ્ર પાર તથા દંડ.	સેશન કોર્ટ

ગર્ભપાત કરવા બાબત, નહીં જન્મેલા બચ્ચાંને નુકશાન બાબત, બચ્ચાંને તજી દેવા બાબત તથા જન્મ છુપાવવા બાબત.

૩૧૨	બુદ્ધિ પૂર્વક કોઇ ગર્ભવતી સ્ત્રીનો ગર્ભપાત કરવો.	વગર વારંટે પકડાય નહિ.	વારંટ	જામીન લઇ શકાય	૩ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને	સેશન કોર્ટ
	તે સ્ત્રી ચલીતગર્ભા થઇ હોય તો	એજ	એજ	એજ	૭ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ
	(જે સ્ત્રી પોતે પોતાનો ગર્ભપાત કરે તે પણ આ કલમ મુજબ ગુન્હેગાર ઠરે છે.)					
૩૧૩	સ્ત્રીની રજામંદી વગર કોઇ માણસે ગર્ભપાત કરવો પછી તે સ્ત્રી ચલીત ગર્ભા હોય કે નહીં તો પણ	એજ	એજ	જામીન નહિ લઇ શકાય	જીવતાં સુધી સમુદ્ર પાર અથવા ૧૦ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
૩૧૪	ગર્ભપાત કરવાના ઇરાદાથી કરેલાં કાંઇ કામથી તે સ્ત્રીનું મોત થાય તો,	એજ	એજ	એજ	૧૦ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
	તે સ્ત્રીની રજામંદી વગર તે કામ કર્યું હોય તો.	એજ	એજ	એજ	જીવતાં સુધી સમુદ્રપાર અથવા ઉપર મુજબ.	એજ
૩૧૫	કોઇ બચ્ચું જીવતું જન્મતા અટકાવવાના અથવા જન્મ્યા પછી તે મરી જાય એવું કરવાના ઇરાદાથી કરેલું કામ. તે કામ જો શુધ્ધ બુધ્ધિથી માનો જીવ બચાવવાના કારણસર ન કર્યું હોય તો.	એજ	એજ	એજ	૧૦ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	એજ

૧	૨	૩	૪	૫	૬	૭
૩૧૬	જે કામ શિક્ષણીય મનુષ્યવધ ગણાતું હોય એવાં કામથી કોઇ નાહ જન્મેલાં જીવતાં બચ્ચાંનું મોત આણવું.	એજ	એજ	એજ	૧૦ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને	એજ
૩૧૭ કો.	કોઇ બાર વરસથી ઓછી ઉમરના બચ્ચાંને તેના માબાપે અથવા જે સખસના હવાલામાં તે બચ્ચું હોય, તે સખસે તેને બીલકુલ તજી દેવાના ઇરાદાથી ખુલ્લું મુકવું.	વગર વારંટે પકડી શકે	એજ	જામીન નહીં લઇ શકાય	૭ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	એજ
૩૧૮ કો.	બચ્ચાંનું મુડદું છાની રીતે દાટીને અથવા વગે કરીને તે બચ્ચાંનો જન્મ ઇરાદાથી છુપાવવો.	એજ	એજ	એજ	૨ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ, અથવા બંને.	સેશનકોર્ટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા અથવા બીજા વર્ગનો માજીસ્ટ્રેટ

વ્યથા સંબંધી.

(વ્યથા, મહાવ્યથા, બુદ્ધી પૂર્વક વ્યથા, બુદ્ધિ પૂર્વક મહાવ્યથા, એ શબ્દોની વ્યાખ્યા માટે જુઓ પાછળ પાનું ૧૮)

૩૨૩	બુદ્ધિપૂર્વક વ્યથા કરવી.	વગર વારંટે પકડાય નહિ.	સમન	જામીન લઇ શકાય.	૧ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા ૧૦૦૦ રૂ. દંડ અથવા બંને.	કોઇ પણ માજીસ્ટ્રેટ
૩૨૪ કો.	ભયંકર શસ્ત્ર અથવા સાધન વડે બુદ્ધિ પૂર્વક વ્યથા કરવી.	વગર વારંટે પકડી શકે.	એજ	એજ	૩ વરશ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	સેશનકોર્ટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટઅથવા પહેલા કે બીજા વર્ગનો માજીસ્ટ્રેટ.
૩૨૫ કો.	બુદ્ધિપૂર્વક મહાવ્યથા કરવી.	એજ	એજ	એજ	૭ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ

૩૨૬ કો.	ભયંકર શસ્ત્ર અથવા સાધન વડે બુદ્ધિ પૂર્વક મહાવ્યથા કરવી.	એજ	એજ	જામીન નહીં લઇ શકાય.	જીવતાં સુધીની સમુદ્ર પાર અથવા ૧૦ વરસ સુધી એ માંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશનકોર્ટ,પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગના માજીસ્ટ્રેટ.
૩૨૭ કો.	જબરાઇથી કાંઇ મિલ્કત અથવા કિંમતી દસ્તાવેજ કહડાવવા સારૂ અથવા કાંઇ ગુન્હો કરવો સેહેલ થાય એવું કાયદા વિરૂદ્ધ કામ કરાવવા સારૂ બુદ્ધિપૂર્વક વ્યથા કરવી.	એજ	વારંટ	એજ	૧૦ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	સેશન કોર્ટ
૩૨૮ કો.	વ્યથા કરવાના ઇરાદાથી કોઇ સખસને બેહોશ કરે એવી કાંઇ વસ્તુ ખવડાવવી.	એજ	એજ	એજ	એજ	એજ
૩૨૯ કો.	જબરદસ્તીથી કાંઇ મિલ્કત અથવા કીમતી દસ્તાવેજ કહડાવવા; અથવા કાંઇ ગુન્હો કરવો સેહેલ થાય એવું કાયદા વિરૂદ્ધ કામ કરાવવા સારૂ બુદ્ધિપુર્વક મહાવ્યથા કરવી.	એજ	એજ	એજ	જીવતા સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	એજ
૩૩૦ કો.	જબરદસ્તીથી કબુલત કરાવવા, અથવા કાંઇ ખબર મેળવવા, કે મિલકત પાછી અપાવવા સારૂ કે કાંઇ લહેણું કે માંગણું પતાવવા સારૂ બુદ્ધિપુર્વક વ્યથા કરવી.	એજ	એજ	જામીન લઇ શકાય.	૭ વરશ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	એજ
૩૩૧ કો.	જબરદસ્તી કબુલત કરાવવા, અથવા કાંઇ ખબર મેળવવા, કે મિલકત પાછી અપાવવા સારૂ કે કાંઇ લેણું કે માગણું પતાવવા સારૂ બુધ્ધિપુર્વક મહાવ્યથા કરવી.	એજ	એજ	જામીન નહિ લઇ શકાય.	૧૦ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ

૧	૨	૩	૪	૫	૬	૭
૩૩૨ કો.	કોઇ સરકારી નોકરને ડરાવીને તેનો અમલ કરતો બંધ રાખવાના ઇરાદાથી બુદ્ધિપુર્વક વ્યથા કરવી.	એજ	એજ	જામીન લઇ શકાય.	૩ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	સેશનકોર્ટ, પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગનો મેજીસ્ટ્રેટ
૩૩૩ કો.	કોઇ સરકારી નોકરને ડરાવીને તેનો અમલ કરતો બંધ રાખવાના ઇરાદાથી બુદ્ધિપુર્વક મહાવ્યથા કરવી.	એજ	વારંટ	જામીન નહિ લઇ શકાય.	૧૦ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	સેશન કોર્ટ.
૩૩૪	ભારે તથા આકસ્મિક ક્રોધ ઉત્પન્ન થએથી ક્રોધ ઉત્પન્ન કરનાર સિવાય બીજાને વ્યથા કરવાનો ઇરાદો નહીં છતાં બુદ્ધિપુર્વક વ્યથા કરવી.	વગર વારંટે પકડી શકે નહી.	સમન	જામીન લઇ શકાય.	૧ મહીના સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા ૫૦૦ રૂ.નો દંડ અથવા બંને	કોઇપણ મેજીસ્ટ્રેટ.
૩૩૫ કો,	ભારે તથા આકસ્મિક ક્રોધ ઉત્પન્ન થએથી ક્રોધ ઉત્પન્ન કરનાર સિવાય બીજાને વ્યથા કરવાનો ઇરાદો નહિ છતાં મહાવ્યથા કરવી.	વગર વારંટે પકડી શકે.	એજ	એજ	ચાર વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા ૨૦૦૦ રૂ. નો દંડ અથવા બંને.	સેશન કોર્ટ, પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ અથવા પહેલા અથવા બીજા વર્ગનો મેજીસ્ટ્રેટ.
૩૩૬ કો.	જે કામથી માણસની જીંદગી જોખમમાં આવે, અથવા બીજાઓના શરીરની સલામતી જોખમમાં આવે તે કામ બેપીકરાઇ કે ગફલતીથી કરવું (વ્યથા થાય અગર ન થાય તો પણ).	એજ	એજ	એજ	૩ મહીના સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા રૂ. ૨૫૦ નો દંડ અથવા બંને.	કોઇપણ માજીસ્ટ્રેટ
૩૩૭ કો.	માણસની જીંદગી જોખમમાં આવે એવું કામ બેપીકરાઇ કે ગફલતીથી કરીને વ્યથા કરવી.	એજ	એજ	એજ	છ મહીના સુધીની એમાના ગમે તે પ્રકારની કેદ અથવા ૫૦૦ રૂ. નો દંડ અથવા બંને	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ પહેલા અથવા બીજા વર્ગનો માજીસ્ટ્રેટ.
૩૩૮ કો.	માણસની જીંદગી જોખમમાં આવે એવું કામ બેપીકરાઇ કે ગફલતીથી કરીને મહાવ્યથા કરવી.	એજ	એજ	એજ	૨ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા ૧૦૦૦ રૂ.નો દંડ અથવા બંને	એજ

ગેરવાજબી અટકાવ તથા ગેરવાજબી કેદ બાબત.

૩૪૧ કો.	કોઇને ગેરવાજબી અટકાવ કરવો. ("ગેરવાજબી અટકાવ"ની વ્યાખ્યા માટે જુઓ પાછળ પાનુ ૧૮).	વગર વારંટે પકડી શકે.	સમન	જામીન લઇ શકાય	૧ મહીના સુધી આસાન કેદ અથવા ૫૦૦ રૂ. દંડ અથવા બંને.	કોઇપણ માજીસ્ટ્રેટ.
૩૪૨ કો.	કોઇને ગેરવાજબી કેદ કરવો. ("ગેરવાજબી કેદ"ની વ્યાખ્યા માટે જુઓ પાછળ પાનુ ૧૮).	એજ	એજ	એજ	૧ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા ૧૦૦૦ રૂા. દંડ અથવા બંને	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા અથવા બીજા વર્ગના માજીસ્ટ્રેટ
૩૪૩ કો.	કોઇને ત્રણ અથવા વધારે દીવસ ગેરવ્યાજબી કેદ કરવો.	એજ	એજ	એજ	૨ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ
૩૪૪ કો.	કોઇને દસ અથવા વધારે દીવસ ગેરવાજબી કેદ કરવો.	એજ	એજ	એજ	૩ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોરટ અથવા પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા કે બીજાવર્ગનોમેજીસ્ટ્રેટ
૩૪૫	જે સખસને છોડવાનો હુકમ સાદર થયો જાણ્યો હોય તે છતાં તે સખસને ગેરવાજબી કેદમાં રાખવો.	વગર વારંટે પકડાય નહીં	એજ	એજ	બે વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા બીજી કોઇ કલમ મુજબ જે કેદ થતી હોય તે.	એજ
૩૪૬ કો.	ગેરવાજબી કેદની વાત અથવા તે કેદનું ઠેકાણું કોઇ સરકારી નોકરના અથવા કેદ થયલા સખસના સંબંધીઓના જાણવામાં ન આવે, એવા ઇરાદાથી કરેલી ગેરવાજબી કેદ.	વગર વારંટે પકડી શકાય.	એજ	એજ	એજ	એજ

૧	૨	૩	૪	૫	૬	૭
૩૪૭ કો.	જબરદસ્તીથી કાંઇ મીલ્કત કઢાવવાના અથવા કંઇ કાયદા વીરૂદ્ધ કામ કરાવવાના કારણસર ગેરવાજબી કેદ.	એજ	એજ	એજ	ત્રણ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ
૩૪૮ કો.	જબરદસ્તીથી કબુલત કરાવવાના અથવા ખબર કઢાવવાના અથવા કોઇ મીલ્કત પાછી અપાવવાના કારણસર ગેરવાજબી કેદ.	એજ	એજ	એજ	એજ	સેશન કોર્ટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગનો માજીસ્ટ્રેટ.

સાપ્રાધ બળ અને હુમલા સંબંધી ગુન્હાઓ.

(" સાપ્રાધ બળ " તથા " હુમલા " ની વ્યાખ્યા માટે જુઓ પાછળ કલમ ૩૫૦–૩૫૧ પાનુ ૧૯)

૧	૨	૩	૪	૫	૬	૭
૩૫૨	ભારે અથવા આકસ્મિક ક્રોધ ઉત્પન્ન નહીં કર્યા છતાં, કોઇની ઉપર સાપ્રાધ બળ વાપરવું અથવા હુમલો કરવો.	વગર વારંટે પકડાય નહીં.	સમન	એજ	ત્રણ મહીના સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા ૫૦૦ રૂ૦નો દંડ અથવા બંને.	કોઇપણ માજીસ્ટ્રેટ.
૩૫૩ કો.	કોઇ સરકારી નોકરને ડરાવીને તેનો અમલ કરતો બંધ રાખવા સાપ્રાધ બળ વાપરવું અથવા હુમલો કરવો.	વગર વારંટે પકડી શકે.	વારંટ	એજ	૨ વરસની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બેઉ.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા કે બીજા વર્ગનો મેજીસ્ટ્રેટ.
૩૫૪ કો.	કોઇ સ્ત્રીની લાજ લેવાના ઇરાદાથી તેની ઉપર હુમલો કરવો અથવા સાપ્રાધ બળ વાપરવું.	એજ	એજ	એજ	એજ	એજ

૩૫૫	ભારે તથા આકસ્મિક ક્રોધ નહીં ઉત્પન્ન કર્યાં છતાં કોઇ સખસને બેઆબરૂ કરવાના ઇરાદાથી હુમલો કરવો અથવા સાપ્રાધ બળ વાપરવું.	વગર વારંટે પકડાય નહીં.	સમન	એજ	એજ	એજ
૩૫૬ કો.	કોઇ સખસે કોઇ વસ્તુ પહેરી હોય અથવા લઇ જતો હોય તે વસ્તુની ચોરી કરવાની કોશીસ કરવામાં હુમલો કરવો અથવા સાપ્રાધ બળ વાપરવું.	વગર વારંટે પકડી શકે.	વારંટ.	જામીન નહીં લઇ શકાય.	એજ	કોઇપણ માજીસ્ટ્રેટ.
૩૫૭ કો.	કોઇ શખસને ગેરવાજબી કેદ કરવાની કોશીશમાં હુમલો કરવો અથવા સાપ્રાધ બળ વાપરવું.	એજ	એજ	જામીન લઇ શકાય.	૧ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા રૂ. ૧૦૦૦નો દંડ અથવા બંને	એજ
૩૫૮	કોઇ સખસે ભારે તથા આકસ્મિક ક્રોધ ઉત્પન્ન કર્યાપરથી તેની ઉપર હુમલો કરવો અથવા સાપ્રાધ બળ વાપરવું.	વગર વારંટે પકડાય નહીં.	સમન	એજ	૧ મહીના સુધીની આસાન કેદ અથવા ૨૦૦ રૂ. નો દંડ અથવા બંને.	એજ

મનુષ્ય હરણુ, મનુષ્ય નયન, ગુલામી તથા વેઠ બાબત.

(“મનુષ્ય હરણું” તથા “મનુષ્ય નયન” ની વ્યાખ્યા માટે જુઓ પાછળ કલમ ૩૫૯–૩૬૦–૩૬૧–૩૬૨, પાનું ૧૯)

૧	૨	૩	૪	૫	૬	૭
૩૬૩ કો.	મનુષ્ય હરણુ કરવું.	વગર વારંટે પકડી શકે.	વારંટ	જામીન નહીં લઇ શકાય.	૭ વરસ સુધીની એ માંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	સેશન કોર્ટ અથવા પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગનો માજીસ્ટ્રેટ.
૩૬૪ કો.	ખુન કરવા માટે મનુષ્ય હરણુ અથવા મનુષ્ય નયન.	એજ	એજ	એજ	જીવતાં સુધી સમુદ્ર પારની અથવા ૧૦ વરસ સુધી સખ્ત કેદ તથા દંડ.	સેશન કોર્ટ
૩૬૫ કો.	કોઇ સખસને છાની રીતે ગેરવાજબી કેદ કરવાના ઇરાદાથી તેનું હરણુ અથવા નયન કરવું.	એજ	એજ	એજ	૭ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોર્ટ, પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગના મેજીસ્ટ્રેટ.
૩૬૬ કો.	કોઇ સ્ત્રીના જુલમથી લગ્ન કરાવવાં, અથવા જુલમથી કે ફોસલાવીને તે સ્ત્રી જોડે જારકર્મ કરવાના કારણુસર, તે સ્ત્રીનું હરણુ અથવા નયન કરવું.	એજ	એજ	એજ	દશ વરસ સુધીએમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોર્ટ.
૩૬૭ કો.	કોઇ સખસને મહાવ્યથા થાય, તેને ગુલામ કરવામાંઆવે, તેની સાથે સૃષ્ટિ	એજ	એજ	એજ	એજ	એજ

	ક્રમ વિરૂદ્ધ ગુન્હો કરવામાં આવે એવા કારણુસર તેનું હરણ અથવા નયન કરવું.					
૩૬૮ કો.	હરણ અથવા નયન થયેલા સખસને જાણીબુઝીને ગેરવાજબી રીતે સંતાડવો અથવા કેદમાં રાખવો.	એજ	એજ	એજ	મનુષ્ય હરણ અથવા મનુષ્ય નયનની શીક્ષા.	એજ
૩૬૯ કો.	દસ વરસથી ઓછી ઉમરના કોઇ બચ્ચાંના શરીરપરથી કાંઇ જંગમ મિલકત બદદાનતથી લેવાના ઇરાદાથી તે બચ્ચાંનું હરણ અથવા નયન કરવું.	એજ	એજ	એજ	૭ વરસ સુધીના એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશનકોર્ટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો મેજીસ્ટ્રેટ
૩૭૦	કોઇ સખસને ગુલામ દાખલ દેશમાં લાવવો અથવા બહાર મોકલવો, ખરીદવો અથવા આપવો.	વગર વારંટે પકડાય નહીં.	એજ	જામીન લઇ શકાય.	એજ	એજ
૩૭૧ કો.	નિત્ય ગુલામનો વેપાર ધંધો કરવો.	વગર વારંટે પકડી શકે.	એજ	જામીન નહીં લઇ શકાય.	જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ
૩૭૨ કો.	જારકર્મને માટે અથવા કાયદા વિરૂધ્ધ તથા અનિતી માટે સોળ વર્ષથી ઓછી ઉમરના બાળકને વેચવું, ભાડે આપવું અથવા આપવું.	એજ	એજ	એજ	૧૦ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	સેશન કોર્ટ અથવા પ્રેસીડનસીમાજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગના માજીસ્ટ્રેટ.
૩૭૩ કો.	ઉપરની કલમમાં બતાવેલા કારણ માટે સોળ વર્ષથી ઓછી ઉમરના બાળકને ખરીદ કરવું, ભાડે લેવું અથવા કબજામાં લેવું.	એજ	એજ	એજ	એજ	એજ
૩૭૪ કો.	કોઇ સખસની મરજી નહીં છતાં કાયદા વિરૂધ્ધ જબરાઇથી મજુરી કરાવવી.	એજ	એજ	જામીન લઇ શકાય.	૧ વરસ સુધીની એમાના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	કોઇપણ માજીસ્ટ્રેટ.

બળાત્કાર સંભોગ વિષે.

("બળાત્કાર સંભોગ" ની વ્યાખ્યા માટે જુઓ પાછળ કલમ ૩૭૫, પાનું ૨૧)

૧	૨	૩	૪	૫	૬	૭
૩૭૬ કો.	બળાત્કાર સંભોગ— જો કોઇ માણસ પોતાની સ્ત્રી સાથે કરે તો	વગર વારંટે પકડાય નહીં	સમન	જામીનલઇ શકાય	જીવતા સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરશ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	સેશન કોર્ટ
	બીજી બાબતોમાં	વગર વારંટે પકડી શકે	વારંટ	જામીન નહી લઇ શકાય.	એજ	એજ

સૃષ્ટીક્રમ વિરૂદ્ધ ગુન્હા.

૧	૨	૩	૪	૫	૬	૭
૩૭૭ કો.	કોઇ માણસે બુદ્ધિ પુર્વક કોઇ પુરૂષ, સ્ત્રી અથવા જાનવર સાથે સૃષ્ટિક્રમ વિરૂધ્ધ મઇથુન કરવું, (આ ગુન્હામાં મઇથુન થવું જરૂર છે તેમાં પ્રવેશ થયો તો બસ છે)	વગર વારંટે પકડી શકે	વારંટ	જામીન નહીં લઇ શકાય.	૧૦ વર્ષ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોર્ટ

બાબ ૧૭મો મિલકત વિરૂદ્ધ ગુન્હા બાબત.

ચોરી વિષે ("ચોરી" ની વ્યાખ્યા માટે પાછળ જુઓ કલમ ૩૭૮, પાનું ૨૧).

૩૭૯ કો.	ચોરી કરવી	વગર વારંટે પકડી શકે.	વારંટ	જામીન નહિ લઇ શકાય	૩ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	કોઇ પણ માજીસ્ટ્રેટ.
૩૮૦ કો.	કોઇ ઇમારત, તંબુ, અથવા વહાણમાંથી ચોરી કરવી	એજ	એજ	એજ	૭ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ	એજ
૩૮૧ કો.	પોતાના શેઠના કબજા માંહેલી મિલકતની મહેતા અથવા ચાકરે ચોરી કરવી	એજ	એજ	એજ	એજ	સેશનકોર્ટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા કે બીજા વર્ગનો માજીસ્ટ્રેટ,
૩૮૨ કો.	ચોરી કરવા સારૂ, અથવા ચોરી કર્યા પછી નાશી જવા સારૂ, અથવા ચોરીથી મળેલી મિલકત રાખવા સારૂ, મોત વ્યથા અથવા અટકાવ કરવાની, અથવા મોત વ્યથા, કે અટકાવવાનો ભય ઉત્પન્ન કરવાની તૈયારી કરીને ચોરી કરવી.	એજ	એજ	એજ	૧૦ વરસ સુધીની સખત કેદ તથા દંડ	એજ

જબરાઇથી કઢાવવા બાબત.

(" જબરાઇથી કઢાવવું " એ શબ્દોની વ્યાખ્યા માટે જુઓ પાછળ કલમ ૩૮૩ પાનું ૨૨).

૧	૨	૩	૪	૫	૬	૭
૩૮૪	જબરાઇથી કઢાવવાનો ગુન્હો કરવો.	વગર વારંટે પકડાય નહિં.	વારંટ	જામીન લઇ શકાય	૩ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને	સેશનકોર્ટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા કે બીજા વર્ગનો માજીસ્ટ્રેટ,
૩૮૫	જબરાઇથી કઢાવવાનો ગુન્હો કરવા સારૂ કોઇ સખસને નુકશાનનો ભય ઉત્પન્ન કરવો અથવા તેમ કરવાની કોશીષ કરવી	એજ	એજ	જામીન લઇ શકાય	બે વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને	એજ
૩૮૬	મોત અથવા મહાવ્યથાનો ભય ઉત્પન્ન કરીને જબરાઇથી કઢાવવાનો ગુન્હો કરવો.	એજ	એજ	જામીન નહિ લઇ શકાય	૧૦ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	સેશન કોર્ટ
૩૮૭	જબરાઇથી કઢાવવાનો ગુન્હો કરવા સારૂ કોઇ સખસને મોત અથવા મહાવ્યથાનો ભય ઉત્પન્ન કરવો, અથવા તેમ કરવાની કોશીશ કરવી.	એજ	એજ	એજ	૭ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
૩૮૮	મોત અથવા જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરસની કેદની શિક્ષા થઇ શકે એવા ગુન્હાનું તહોમત મુકવાનો ડર દેખાડીને જબરાઇથી કઢાવવાનો ગુન્હો કરવો.	એજ	એજ	જામીન લઇ શકાય	૧૦ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ

	અગર સૃષ્ટીક્રમ વિરૂદ્ધ ગુન્હાનો ડર દેખાડયો હોય તો.	એજ	એજ	એજ	જીવતાં સુધી સમુદ્રપાર	એજ
૩૮૯	જબરાઇથી કઢાવવાનો ગુન્હો કરવા સારૂ મોત, અથવા જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરસની કેદની શિક્ષા થઇ શકે એવા ગુન્હાનું તહોમત મુકવાનો કોઇ સખસને ભય દેખાડવો	એજ	એજ	એજ	૧૦ વરશ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
	અગર તે સૃષ્ટીક્રમ વિરૂદ્ધ ગુન્હો હોય તો.	એજ	એજ	એજ	જીવતાં સુધી સમુદ્રપાર	એજ

અપહરણ તથા ડાકાઇટી બાબત.

("અપહરણ"ની વ્યાખ્યા માટે જુઓ પાછળ કલમ ૩૯૦, પાનું ૨૨).

૩૯૨ કો.	અપહરણ કરવું.	વગર વારંટે પકડી શકે	વારંટ	જામીન નહિ લઇ શકાય	૧૦ વરસ સુધી સખત કેદ તથા દંડ	સેશન કોર્ટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ, અથવા પહેલા વર્ગનો માજીસ્ટ્રેટ.
	સુરજ આથમ્યા પછી તથા સુરજ ઉગ્યા પહેલાં કોઇ ધોરી રસ્તાપર કર્યું હોયતો	એજ	એજ	એજ	૧૪ વરસ સુધીની સખત કેદ તથા દંડ.	એજ
૩૯૩ કો.	અપહરણ કરવાની કોશીશ કરવી.	એજ	એજ	એજ	૭ વરસ સુધીની સખત કેદ તથા દંડ.	એજ
૩૯૪ કો.	અપહરણ કરવામાં અથવા અપહરણની કોશીસમાં બુધ્ધિ પુર્વક વ્યથા કરવી અથવા અપહરણ કરવામાં સામેલ રહેવું.	એજ	એજ	એજ	જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરસ સુધી સખત કેદ તથા દંડ.	એજ

૧	૨	૩	૪	૫	૬	૭
૩૯૫ કો.	ડાકાઇટી કરવી (વ્યાખ્યા માટે જુઓ પાછળ કલમ ૩૯૧, પાનુ ૨૩.)	એજ	એજ	એજ	એજ	સેશન કોર્ટ.
૩૯૬ કો.	પાંચ અથવા વધારે સખસો સાથે મળીને ડાકાઇટી કરતા હોય તેઓમાંનો કોઇ ડાકાઇટી કરવામાં ખુન કરે તો હરેકને.	એજ	એજ	એજ	મોત, અથવા જીવતાં સુધી સમુદ્રપાર, અથવા ૧૦ વરસ સુધી સખત કેદ તથા દંડ.	એજ
૩૯૭ કો.	અપહરણ અથવા ડાકાઇટી કરતી વખતે ભયંકર શસ્ત્ર વાપરવું, મહા વ્યથા કરવી, અથવા ખુન અથવા મહાવ્યથા કરવાની કોશીસ કરવી.	એજ	એજ	એજ	૭ વરસ કરતાં ઓછાં નહીં હોય એટલાં વરસ સુધી સખત કેદ.	એજ
૩૯૮ કો.	ભયંકર શસ્ત્ર ધારણ કરીને અપહરણ અથવા ડાકાઇટી કરવાની કોશીષ કરવી.	એજ	એજ	એજ	એજ	એજ
૩૯૯ કો.	ડાકાઇટી કરવાની તૈયારી કરવી.	એજ	એજ	એજ	૧૦ વરસ સુધી સખત કેદ તથા દંડ.	એજ
૪૦૦ કો.	હમેશાં ડાકાઇટી કરવાના કારણસર એકઠા મળેલા સખસોની ટોળીમાં હોવું.	એજ	એજ	એજ	જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરસ સખત કેદ, તથા દંડ.	એજ

૪૦૧ ક્રો.	હમેશાં ચોરી અથવા અપહરણુ કરવાના કારણુસર એકઠા મળેલા સખસોની ભટકતી અથવા બીજી ટોળીમાં હોવું.	એજ	એજ	એજ	૭ વરસ સુધી સખત કેદ તથા દંડ.	એજ
૪૦૨	ડાકાઇટી કરવાના કારણુસર મળેલા પાંચ અથવા વધારે સખસો પઇકી એક હોવું.	એજ	એજ	એજ	એજ	એજ

મિલ્કતના સામાધ ખોટા ઉપયોગ વિષે.

(વ્યાખ્યા માટે જુઓ પાછળ પાનું ૨૩).

૪૦૩	બદદાનતથી જંગમ મિલ્કતનો ખોટો ઉપયોગ કરવો. અથવા તે પોતાને કામે લગાડવી.	વગર વારંટે પકડાય નહી.	વારંટ	જામીન લઇ શકાય.	૨ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	કોઇપણ માજીસ્ટ્રેટ.
૪૦૪	કોઇ સખસ મરી જાય, તે વખતે તેની પાસે જે મિલ્કત હોય, અને જે તેના વારસના કબજામાં આવી નથી એમ જાણુવામાં હોય, તે મિલ્કતનો બદદાનતથી ખોટો ઉપયોગ કરવો.	એજ	એજ	એજ	૩ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	સેશનકોર્ટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા કે બીજા વર્ગના માજીસ્ટ્રેટ.
	મરનારની નોકરીમાં કોઇ મહેતો અથવા ચાકર હોઇને ઉપર મુજબ ગુન્હો કરે તો.	એજ	એજ	એજ	૭ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ

સાપરાધ વિશ્વાસઘાત વિષે.

(વ્યાખ્યા માટે જુઓ પાછળ કલમ ૪૦૫ પાનું ૨૪).

૧	૨	૩	૪	૫	૬	૭
૪૦૬ કો.	સાપ્રાધ વિશ્વાસઘાત કરવો.	વગર વારંટે પકડી શકે.	વારંટ	જામીન નહી લઇ શકાય.	૩ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ, અથવા બંને.	સેશન કોર્ટ અથવા પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ પહેલા કે બીજા વર્ગના માજીસ્ટ્રેટ.
૪૦૭ કો.	કોઇ ભારવાહક, ડંકાવાળો કે વખારવાળો સાપ્રાધ વિશ્વાસઘાત કરે તો.	એજ	એજ	એજ	૭ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	સેશન કોર્ટ અથવા પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગના માજીસ્ટ્રેટ.
૪૦૮ કો.	કોઇ મહેતા અથવા ચાકરને સોંપેલી મિલકતના સંબંધમાં તે સાપ્રાધ વિશ્વાસઘાત કરે તો.	એજ	એજ	એજ	એજ	સેશન કોર્ટ અથવા પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ અથવા ૧ અથવા ૨ વર્ગના મેજીસ્ટ્રેટ.
૪૦૯ કો.	કોઇ સરકારી નોકર, સરાફ, વેપારી, કે આડતીયાને સોંપેલી મીલકતના સંબંધમાં તે સાપ્રાધ વિશ્વાસઘાત કરે તો.	વગર વારંટે પકડી શકે.	એજ	એજ	જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	પહેલા વર્ગના માજીસ્ટ્રેટ.

ચોરીની મીલકત લેવા બાબત.

(વ્યાખ્યા માટે જુઓ પાછળ કલમ ૪૧૦ પાનું ૨૪).

૪૧૧ કો.	ચોરીની મિલ્કત ચોરીની છે એમ જાણીને બદદયાનતથી લેવી.	વગર વારંટે પકડી શકે.	વારંટ	જામીન નહી લઇ શકાય.	૩ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ, અથવા બંને.	સેશન કોર્ટ, પ્રે. મા. અથવા પહેલા કે બીજા વર્ગના માજીસ્ટ્રેટ.
૪૧૨ કો.	આ મિલ્કત ડાકાઇટીથી મળેલી છે એમ જાણીને તે મિલ્કત બદદયાનતથી લેવી.	એજ	એજ	એજ	જીવતાં સુધી સમુદ્રપાર અથવા દશ વરસ સુધી સખત કેદ તથા દંડ.	સેશન કોર્ટ.
૪૧૩ કો.	નિત્ય ચોરીની મિલકતનો ધંધો કરવો.	એજ	એજ	એજ	જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરસ સુધી એમાંના ગમેતે પ્રકારની કેદ તથા દંડ.	એજ
૪૧૪ કો.	આ મિલકત ચોરીની છે એમ જાણુવા છતાં તે સંતાડવામાં અથવા વગે કરવામાં બુદ્ધિપુર્વક મદદ કરવી.	એજ	એજ	એજ	૩ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	સેશન કોર્ટ, પ્રે. અથવા પહેલા કે બીજા વર્ગનો માજીસ્ટ્રેટ.

ઠગાઇ વિષે. ("ઠગાઇ" ની વ્યાખ્યા માટે જુઓ પાછળ કલમ ૪૧૫ પાનું ૨૫).

૪૧૭	ઠગાઇ કરવી.	વગર વારટે પકડાય નહિ.	વારંટ	જામીન લઇ શકાય.	૧ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	પ્રેસીડેન્સી મા. પહેલા અથવા બીજા વર્ગનો માજીસ્ટ્રેટ.
૪૧૮	જેનો લાભ જાળવવાની કાયદાથી કે કાયદેસર કરારથી જે સખસની ફરજ હોય તેને ગેરવ્યાજબી હાની થશે એવું જાણીને તે સખસે ઠગાઇ કરવી.	એજ	એજ	એજ	૩ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	સેશન કોર્ટ અથવા પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવાપહેલા કેબીજા વર્ગનો માજીસ્ટ્રેટ.
૪૧૯ કો.	વેપ લઇને ઠગાઇ કરવી (વ્યાખ્યાને માટે પાછળ જુઓ કલમ ૪૧૬ પાનું ૨૫)	વગર વારંટે પકડી શકે	એજ	એજ	એજ	એજ
૪૨૦ કો.	ઠગાઇ કરીને બદદયાનતથી કાંઇ મિલકત અપાવવી, અથવા કાંઇ કિમતી દસ્તાવેજ ફેરવવો અથવા તેનો નાશ કરાવવો	એજ	એજ	એજ	૭ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	સેશન કોર્ટ, પ્રેસીડન્સી કે પહેલા વર્ગનો માજીસ્ટ્રેટ.

દગાનાં ખતો તથા મિલકતની વ્યવસ્થા બાબત.

૧	૨	૩	૪	૫	૬	૭
૪૨૧	માગનારાઓમાં વેહેંચણ થતી અટકાવવાને કાંઇ મિલકત બદદયાનતથી કે દગલબાજીથી ખસેડવી, છુપાવવી અથવા આપી દેવી.	વગર વારંટે પકડાય નહિ	વારંટ	જામીન લઇ શકાય	૨ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને	પ્રેસીડન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા અથવા બીજા વર્ગના માજીસ્ટ્રેટ.
૪૨૨	કાંઇ લહેણું કે માગણું પોતાનું કરજ અદા કરવામાં કામે આવતું બદદયાનતથી અથવા દગલબાજીથી અટકાવવું.	એજ	એજ	એજ	એજ	એજ
૪૨૩	કોઇના લાભમાં કાંઇ મિલકત કરી આપવાના ખતમાં કિમતનો જીકર ખોટો લખ્યો હોય એવા ખતપર બદદયાનતથી કે દગલબાજીથી સહી કરવી.	એજ	એજ	એજ	એજ	એજ
૪૨૪	પોતાની કે પારકી કાંઇ મિલકત બદદયાનતથી કે દગલબાજીથી ખસેડવી કે છુપાવવી અથવા તેમ કરવામાં મદદ કરવી, અથવા ખરૂં લહેણું કે દાવો બદદયાનતથી મુકી દેવો.	એજ	એજ	એજ	એજ	એજ

બિગાડ બાબત.

૪૨૬	બિગાડ કરવો (વ્યાખ્યા માટે જુઓ પાછળ કલમ ૪૨૫ પાનુ ૨૬)	વગર વારંટે પકડાય નહિ	સમન	જામીન લઇ શકાય	૩ મહીના સુધીની એમાંનાં ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને	કોઇ પણ માજીસ્ટ્રેટ.
૪૨૭	બિગાડ કરીને રૂ. ૫૦) ની કે તેથી વધારે નુકશાની કરવી.	એજ	વારંટ	એજ	૨ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ, અથવા બંને	પ્રેસીડન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા અથવા બીજા વર્ગનો માજીસ્ટ્રેટ.
૪૨૮ કો.	રૂ. ૧૦) કે તેથી વધારે કિમતના કોઇ જાનવરને મારી નાંખીને, ઝેર દઇને, લંગડું, લુલું કરીને અથવા નકામું કરીને બિગાડ કરવો.	વગર વારંટે પકડી શકાય	એજ	એજ	એજ	એજ
૪૨૯ કો.	ગમે તે કિમતના હાથી, ઉંટ. ઘોડા, ખચ્ચર, ભેંસ, પાડો, ગોધો, ગાય અથવા બળદ અથવા રૂ૦ ૫૦) કે વધારે કિંમતના કોઇ બીજા જાનવરને મારી નાંખીને અથવા ઝેર દઇને અથવા લંગડુ, લુલું કરીને કે નીરૂપયોગી કરીને બિગાડ કરવો.	એજ	એજ	એજ	૫ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	સેશન કોર્ટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ, પહેલા કે બીજા વર્ગનો માજીસ્ટ્રેટ.
૪૩૦ કો.	ખેતીવાડીના કારણુસર, માલકીના જાનવરોના પીવાના કારણુસર, સ્વચ્છતા માટે, અથવા કોઇ કારખાનું ચલાવવા સારૂ, પોહોંચતું પાણી ઓછું થાય એવુ કામ કરીને બીગાડ કરવો.	એજ	એજ	એજ	એજ	એજ

૧	૨	૩	૪	૫	૬	૭
૪૩૧ કો.	મુસાફરી કરવાને કે માલ લઇ જવાને જોખમ ભરેલો થાય એમ, અથવા અગમ્ય થાય એમ કોઇ સરીઆમ રસ્તાને, પુલને, નદીને અથવા વહાણુ ચાલે એવી નેહેરને નુકશાન કરીને બિગાડ કરવો.	એજ	એજ	એજ	એજ	એજ
૪૩૨ કો.	નુકશાની થાય એવી રીતે કોઇ સરીઆમ ગટરમાંથી પાણી રેલાવીને અથવા બંધ કરીને બીગાડ કરવો.	એજ	એજ	એજ	એજ	એજ
૪૩૩ કો.	કોઇ હાંડીનો દીવો કે વહાણુ ચલાવનારને સુચના દાખલ મુકેલું બોયું, નીસાની, કે વસ્તુનો નાશ કરીને, ખસેડીને, અથવા ઓછી ઉપયોગી કરીને બીગાડ કરવો.	એજ	એજ	એજ	૭ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	સેશન કોર્ટ
૪૩૪ કો.	સરકારી નોકરના અખત્યારથી ઉભી કરેલી કાંઇ જમીનની નીશાનીનો નાશ કરીને ખસેડીને, બિગાડ કરવો.	વગર વારંટે પકડાય નહીં.	એજ	એજ	૧ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ, અથવા બંને.	પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ, પેહેલા અથવા બીજા વર્ગનો માજીસ્ટ્રેટ.
૪૩૫ કો.	રૂ. ૧૦૦) કે વધારે કીંમતના માલને, અથવા ખેતીના માલ બાબત રૂ. ૧૦) કે વધારે કીમતના માલને નુકશાન	વગર વારંટે પકડી શકે.	એજ	એજ	૭ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોર્ટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ, અથવા પહેલા વર્ગનો માજીસ્ટ્રેટ.

	કરવાના ઇરાદાથી અગ્નીવડે અથવા અવાજ સાથે ફુટે એવા પદાર્થવડે બિગાડ કરવો.					
૪૩૬ કો.	ઘર કે ઇમારતનો નાશ કરવાના ઇરાદાથી અગ્નીવડે અથવા અવાજ સાથે ફુટે એવા પદાર્થ વડે બિગાડ કરવો.	એજ	એજ	જામીન નહીં લઇ શકાય.	જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરસની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	સેશન કોર્ટ.
૪૩૭ કો.	તુતકવાળાં વહાણનો કે ૨૦ ટનના ભારના વહાણને નાશ કરવાના ઇરાદાથી અથવા તેવાં વહાણને જોખમભરેલુ કરવાના ઇરાદાથી બિગાડ કરવો.	એજ	એજ	એજ	૧૦ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	એજ
૪૩૮ કો.	છેલી કલમમાં બ્યાન કરેલો બીગાડ અગ્નીવડે અથવા અવાજ સાથે ફુટે એવાં કાંઇ પદાર્થવડે કર્યો હોય તો.	એજ	એજ	એજ	જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	એજ
૪૩૯ કો	વહાણમાંના માલની ચોરી કરવાના ઇરાદાથી અથવા તે માલનો બદદાનતથી ખોટો ઉપયોગ કરવાના ઇરાદાથી, તે વહાણને જાણીબુજીને જમીનપર કે કીનારાપર ચહડાવી દેવું.	એજ	એજ	એજ	૧૦ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ
૪૪૦ કો.	મોત, બ્યથા કે ગેરવાજબી અટકાવ કરવાની તૈયારી કરીને બિગાડ કરવો.	એજ	એજ	એજ	૫ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોર્ટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા કે બીજા વર્ગનો માજીસ્ટ્રેટ.

સાપ્રાધ પ્રવેશ વિશે.

(સાપ્રાધ પ્રવેશની વ્યાખ્યા માટે જુઓ પાછળ કલમ ૪૪૧–પાનું ૨૬)

૧	૨	૩	૪	૫	૬	૭
૪૪૭ કો.	સાપ્રાધ પ્રવેશ કરવો.	વગર વારંટે પકડી શકે.	સમન	જામીન લઇ શકાય	૩ મહીના સુધીની એમાંના ગમેતે પ્રકારની કેદ, અથવા રૂ. ૫૦૦નો દંડ અથવા બંને	કોઇ પણ માજીસ્ટ્રેટ.
૪૪૮ કો.	ગ્રહપ્રવેશ કરવો (વ્યાખ્યા માટે જુઓ પાછળ કલમ ૪૪૨, પાનુ ૨૬)	એજ	વારંટ	એજ	૧ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા રૂ. ૧૦૦૦ દંડ અથવા બંને.	એજ
૪૪૯ કો.	મોતની શિક્ષા થઇ શકે એવો કોઇ ગુન્હો કરવા સારૂ ગ્રહ પ્રવેશ કરવો.	એજ	એજ	જામીન નહીં લઇ શકાય.	જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરસ સુધી સખત કેદ, તથા દંડ.	સેશન કોર્ટ.
૪૫૦ કો.	જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષા થઇ શકે એવો કોઇ ગુન્હો કરવા સારૂ ગ્રહપ્રવેશ કરવો.	એજ	એજ	એજ	૧૦ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	એજ
૪૫૧ કો.	કેદની શિક્ષા થઇ શકે એવો કોઇ ગુન્હો કરવા સારૂ ગ્રહપ્રવેશ કરવો.	એજ	એજ	જામીન લઇ શકાય.	૨ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ.	કોઇપણ માજીસ્ટ્રેટ
	તે ગુન્હો ચોરીનો હોય તો.	એજ	એજ	જામીન નહીં લઇ શકાય.	સાત વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોર્ટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા કે બીજા વર્ગના માજીસ્ટ્રેટ
૪૫૨ કો.	કોઇ સખસને વ્યથા, હુમલો કે ગેરવાજબી અટકાવ કરવાની તૈયારી કરીને ગ્રહ પ્રવેશ કરવો.	એજ	એજ	એજ	એજ	એજ

૪૫૩ કો.	ગુપ્ત ગ્રહ પ્રવેશ કરવો, અથવા ઘર ફોડવું ("ગુપ્ત ગ્રહ પ્રવેશ"ની વ્યાખ્યા માટે જુઓ પાછળ કલમ ૪૪૩, પાનુ ૨૭.)	એજ	એજ	એજ	૨ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ પેહેલા અથવા બીજા વર્ગનો માજીસ્ટ્રેટ.
૪૫૪ કો.	કેદની શિક્ષા થઇ શકતી હોય એવો કોઇ ગુન્હો કરવા સારૂ ગુપ્ત ગ્રહ પ્રવેશ કરવો; અથવા ઘર ફોડવું.	એજ	એજ	એજ	૩ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોર્ટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા કે બીજા વર્ગના માજીસ્ટ્રેટ.
	તે ગુન્હો ચોરીનો હોય તો.	એજ	એજ	એજ	૧૦ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
૪૫૫ કો.	કોઇ સખસને વ્યથા હુમલો કે ગેરવાજબી અટકાવ કરવાની તૈયારી કરીને ગુપ્ત ગ્રહ પ્રવેશ કરવો; અથવા ઘર ફોડવું.	એજ	એજ	એજ	એજ	સેશન કોર્ટ, પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ, અથવા પહેલા કે બીજા વર્ગના માજીસ્ટ્રેટ.
૪૫૬ કો.	રાતે ગુપ્ત ગ્રહ પ્રવેશ કરવો, અથવા ઘર ફોડવું. (વ્યાખ્યા માટે જુઓ પાછળ કલમ ૪૪૪, ૪૪૫ પાનુ ૨૭.)	એજ	એજ	એજ	૩ વરશ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોર્ટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ, અથવા પહેલા વર્ગના મેજીસ્ટ્રેટ.
૪૫૭ કો.	કેદની શિક્ષા થઇ શકતી હોય, એવો ગુન્હો કરવા સારૂ રાતે ગુપ્ત ગ્રહ પ્રવેશ કરવો, અથવા ઘર ફોડવું.	એજ	એજ	એજ	૫ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	એજ
	તે ગુન્હો ચોરીનો હોય તો.	એજ	એજ	એજ	૧૪ વરસ સુધીની એમાંના ગમેતે પ્રકારની કેદ તથા દંડ.	એજ
૪૫૮ કો.	કોઇ સખસને વ્યથા, હુમલો કે ગેરવાજબી અટકાવ કરવાની તૈયારી કરીને રાતે ગુપ્ત ગ્રહ પ્રવેશ કરવો, અથવા ઘર ફોડવું.	એજ	એજ	એજ	એજ	સેશન કોર્ટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગના મેજીસ્ટ્રેટ.

૧	૨	૩	૪	૫	૬	૭
	(રાતે ઘર ફોડવાની વ્યાખ્યા માટે જુઓ પાછળ કલમ ૪૪૬, પાનુ ૨૮.)					
૪૫૯ કો.	ગુપ્ત ગ્રહ પ્રવેશ અથવા ઘર ફોડવાનો ગુન્હો કરતાં કોઇને મહાવ્યથા કરવી, અથવા મોત આણવાની કે મહાવ્યથા કરવાની કોશીષ કરવી.	એજ	એજ	એજ	જીવતાં સુધી સમુદ્ર પાર, અથવા ૧૦ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	સેશન કોર્ટ.
૪૬૦ કો.	ઘણા સખસો રાતે ગુપ્ત ગ્રહ પ્રવેશ કે ઘર ફોડવામાં સામેલ હોય અને તેઓ માંનો કોઇ એક મોત અથવા મહાવ્યથા કરે તો (જે સખસોએ ગુન્હો કરવામાં સામેલ હોય તે દરેક સખસને સજા)	એજ	એજ	એજ	એજ	એજ
૪૬૧ કો.	કોઇ બંધ કરેલા નિધાનમાં કાંઇ મિલકત હોય, અથવા કાંઇ મિલકત છે એમ મનાતું હોય, તે નિધાનને બદદયાનતથી કે બિગાડ કરવાના ઇરાદાથી ફોડીને ઉઘાડવું અથવા તેના બંધ છોડવા (નિધાન એટલે (૧) જેમાં કાંઇ વસ્તુ રહે, માય તે (૨) પાત્ર. (૩) બારદાન (૪) કોઠી.	એજ	એજ	જામીન લઇ શકાય	૨ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ, અથવા બંને.	પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ અથવા પહેલા કે બીજા વર્ગનો મેજીસ્ટ્રેટ
૪૬૨ કો.	તેજ ગુન્હો, જ્યારે તે નિધાન જેને સોંપ્યું હોય તેજ માણસ ઉઘાડવાનો અખત્યાર ન છતાં, બદદાનતથી તે નિધાનને ફોડીને ઉઘાડે અથવા તેના બંધ છોડે તો.	એજ	એજ	એજ	૩ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	સેશન કોર્ટ, પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ અથવા પહેલા કે બીજા વર્ગનો મેજીસ્ટ્રેટ.

બાબ ૧૮ મો. લેખ સંબંધી તથા વેપારની અથવા મીલકતની નીસાનીઓ સંબંધી ગુન્હા.

કલમ ૪૬૩માં વર્ણવેલો અથવા કલમો ૪૭૧, ૪૭૫ અને ૪૭૬ મુજબના ગુન્હાની ફરીઆદ જે કોર્ટમાં તે ગુન્હો કરવામાં આવ્યો હોય તે કોર્ટની પરવાનગી શીવાય સાંભળી શકાય નહિ. ક્રી. પ્રો. કલમ ૧૯૫ જુઓ.

૪૬૫	લેખ ખોટો બનાવવો. (વ્યાખ્યાને માટે જુઓ પાછળ કલમ ૪૬૩, ૪૬૪ પાનું ૨૮)	વગર વારંટે પકડાય નહીં.	વારંટ	જામીન લઇ શકાય.	૨ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	સેશન કોર્ટ, પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગનો મેજીસ્ટ્રેટ.
૪૬૬	કોઇ ઇન્સાફની કોર્ટનું દફતર, અથવા જન્મ વીગેરે બાબતોનો સરકારી નોકર રાખતો હોય તે રજીસ્ટર ખોટો બનાવવો.	એજ	એજ	જામીન નહીં લઇ શકાય.	૭ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોર્ટ,
૪૬૭	કોઇ કિંમતી દસ્તાવેજ વીલ, દત્તક લેવાનો અધિકાર પત્ર, મુખત્યારનામું, ફારગતી કે પોહોંચ ખોટાં બનાવવાં.	એજ	એજ	એજ	જીવતાં સુધી સમુદ્ર પાર અથવા ૧૦ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ
કો.	તે કિંમતી દસ્તાવેજ ઇંડીઆ સરકારની પ્રોમિસરી નોટ હોય તો.	વગર વારંટે પકડી શકે.	એજ	એજ	એજ	એજ
૪૬૮	ઠગાઇ કરવાના કારણુસર વપરાય એવા ઇરાદાથી ખોટો લેખ બનાવવો.	વગર વારંટે પકડાય નહીં.	એજ	એજ	૭ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશનકોર્ટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગનો માજીસ્ટ્રેટ.
૪૬૯	કોઇ સખસની આબરૂને હાની કરવાના ઇરાદાથી અથવા તેટલા માટે વાપરવામાં આવશે એમ જાણીને ખોટો લેખ બનાવવો.	એજ	એજ	જામીન લઇ શકાય.	૩ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ

૧	૨	૩	૪	૫	૬	૭
૪૭૧	આ બનાવટનો લેખ છે એમ જાણુવા કે માનવા છતાં, તે બદદાનતથી કે દગલબાજીથી ખરા દાખલ વાપરવો. ("બનાવટનો લેખ"ની વ્યાખ્યા માટે જુઓ પાછળ કલમ ૪૭૦, પાનું ૨૯)	એજ	એજ	એજ	લેખ ખોટો બનાવવાની શીક્ષા.	ખોટો લેખ બનાવવાના ગુન્હાઓનો જે કોર્ટ ચુકાદો કરે તે કોર્ટ.
કો.	તે ખોટો બનાવટનો લેખ હુંડીઆ સરકારની પ્રોમિસરી નોટ હોય તો.	વગર વારંટે પકડી શકે.	એજ	એજ	એજ	સેશન કોર્ટ.
૪૭૨	ઉપરની ૪૬૭ મી કલમ મુજબ શિક્ષા થઇ શકે એવો ખોટો લેખ બનાવવાનો ગુન્હો કરવાના ઇરાદાથી બનાવટી હથીઆર વડે ખોટી મોહોર, પત્રું વગેરે બનાવવું અથવા તેવું જાણી બુજીને કબજામાં રાખવું.	વગર વારંટે પકડાય નહીં	એજ	એજ	જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૭ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ
૪૭૩	ઉપરની ૪૬૭મી કલમ સિવાય બીજી કોઇ કલમ મુજબ શિક્ષા થઇ શકે એવો ખોટો લેખ બનાવવાનો ગુન્હો કરવાના ઇરાદાથી બનાવટી હથીઆર વડે ખોટી મોહોર, પત્રું વગેરે બનાવવું અથવા તેવા ઇરાદાથી કબજામાં રાખવું.	એજ	એજ	એજ	૭ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ

૪૭૪	કાંઇ લેખ ખોટો બનાવેલો છે, એવું જાણીને તે ખરા દાખલ વાપરવાના ઇરાદાથી કબ્જામાં રાખવો; જો તે દસ્તાવેજ ઉપરની ૪૬૬મી કલમમાં કહેલા કોઇ પ્રકારમાંનો (દફતર કે રજીસ્ટર) હોય તો,	એજ	એજ	એજ	એજ	એજ
	જો તે ઉપરની કલમ ૪૬૭માં કહેલા કોઇ પ્રકારમાંનો કીમતી દસ્તાવેજ હોય તો.	એજ	એજ	એજ	જીવતાં સુધી સમુદ્ર પાર અથવા ૭ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ
૪૭૫	ઉપરની ૪૬૭મી કલમમાં લખેલા પ્રકારના લેખોનું ખરાપણું દેખાડવા સારૂ વપરાતી હોય એવી કાંઇ મુદ્રા અથવા નિશાની ખોટી બનાવવી અથવા ખોટી નિશાની કરેલો પદાર્થ કબ્જામાં રાખવો.	એજ	એજ	એજ	એજ	એજ
૪૭૬	ઉપરની ૪૬૭મી કલમમાં લખેલા પ્રકારથી જુદા પ્રકારના લેખનું ખરાપણું દેખાડવા સારૂ વપરાતી હોય એવી કોઇ મુદ્રા અથવા નીશાની ખોટી બનાવવી, અથવા ખોટી નિશાની કરેલો પદાર્થ કબ્જામાં રાખવો.	એજ	એજ	જામીન નહીં લઇ શકાય.	૭ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ
૪૭૭	વીલ, દત્તક લેવાનું અખત્યારનામું, કે બીજા કોઇ કીમતી દસ્તાવેજને કોઇ સખસને નુકશાન કરવાના ઇરાદાથી, દગલબાજીથી, કે અદ્દાનતથી, છેકી નાંખવો, નાશ કરવો, ચ્હેરી નાંખવો, અથવા એવી કોઇ કોશીસ કરવી.	એજ	એજ	એજ	જીવતાં સુધી સમુદ્ર પાર તથા ૭ વરસ સુધીની બે માંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
૪૭૭ અ	દગલબાજીથી કે બદદાનતથી હીસાબ ખોટા બનાવવા.	એજ	એજ	એજ	એજ	એજ

વેપારની તથા મિલ્કતની નિશાણીઓ બાબત.

(સને ૧૮૮૯—આકટ ૪થી સુધાર્યાં મુજબ.)

કલમ—૪૮૨, ૪૮૬, ૪૮૭ અને ૪૮૮ મુજબના ગુન્હામાં દગલબાજી કરવાના ઈરાદાથી તેમ કર્યું નથી એવું તોહમતદાર સાબીત કરે તો તે શિક્ષાને પાત્ર નથી.

૧	૨	૩	૪	૫	૬	૭
૪૮૨	વેપારની અથવા મિલ્કતની ખોટી નિશાની વાપરવી.	વગર વારંટે પકડાય નહીં.	વારંટ	જામીન લઇ શકાય.	૧ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા અથવા બીજા વર્ગનો માજીસ્ટ્રેટ.
૪૮૩	કોઇ બીજો માણસ કાંઇ વેપારની અથવા મિલ્કતની નિશાની વાપરતો હોય તેવી નિશાની ખોટી બનાવવી.	એજ	એજ	એજ	૨ વરસની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા એક.	એજ
૪૮૪	કોઇ સરકારી નોકર, જે મિલ્કતની નીશાની વાપરતો હોય, અથવા કોઇ મિલ્કતની બનાવટ, જાત વગેરે બતાવવા સારૂ તે જે નિશાની વાપરતો હોય, તેવી નિશાની ખોટી બનાવવી, અથવા બનાવટી છે એમ જાણવા છતાં ખરી દાખલ વાપરવી.	એજ	સમન	એજ	૩ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ અને દંડ.	સેશન કોર્ટ, પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગનો મેજીસ્ટ્રેટ.
૪૮૫	કોઇ છાપ, પતરૂં અથવા કાંઇ સરકારી કે ખાનગી મિલ્કતની અથવા વેપારની નિશાની ખોટી બનાવવાનું કાંઇ	એજ	એજ	એજ	૩ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	એજ

	બીજું હથીયાર બનાવવું, અથવા કબ જામાં રાખવું, અથવા જે માલ અમુક કારીગરોએ બનાવેલો ન હોય તે તેણે બનાવ્યો છે એમ અથવા જે જાતનો તે ન હોય તે જાતનો તે માલ છે એમ બતાવવાના કારણસર તે નીસાની કબજામાં રાખવી.					
૪૮૬	મીલકતની કે વેપારની ખોટી નીસાની છે એમ જાણવા છતાં, તે ખોટી નીશાનીવાળો માલ વેચવો.	એજ	એજ	એજ	૧ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ પહેલા અથવા બીજા વર્ગનો મેજીસ્ટ્રેટ.
૪૮૭	કોઇ ગાંસડી કે બારદાન મધ્યે માલ હોય તે ઉપર કાંઇ ખોટી નિશાની કરવી એવી રીતે કે તેમાં જે માલ છે તે અમુક જાત કે તરેહનો છે એવો વિશ્વાસ બીજાના મનમાં ઉત્પન્ન થાય.	એજ	એજ	એજ	૩ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	સેશન કોર્ટ, પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ અથવા પહેલા કે બીજા વર્ગના મેજીસ્ટ્રેટ.
૪૮૮	ઉપરની ૪૮૭મી કલમમાં મના કરેલી કોઇપણ રીતે ખોટી નીશાનીનો ઉપયોગ કરવો.	એજ	એજ	એજ	એજ	એજ
૪૮૯	બીજાને નુકશાન કરવના ઇરાદાથી કાંઇ મિલકતની નિશાની કહાડી નાંખવી, તેનો નાશ કરવો અથવા તે ચ્હેરી નાંખવી, અથવા કંઇ ફેરફાર કરવી.	એજ	એજ	એજ	૧ વરશ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ, અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા અથવા બીજા વર્ગનો માજીસ્ટ્રેટ.

કરન્સી નોટો તથા બેંક નોટો બાબત.

(ખોટી ચલણી નોટો બનાવવાનાં ગુન્હાનો અટકાવ કરવા સારૂ ઇંડિયા સરકારના સન ૧૮૯૯ ના આકટ નં૦ ૧૨ મુજબનો આ વધારો છે)

૧	૨	૩	૪	૫	૬	૭
૪૮૯ अ	ચલણી નોટો અથવા બેંક નોટો ખોટી બનાવવી.	વગર વારંટે પકડી શકે	વારંટ.	જામીન નહીં લઇ શકાય	જીવતાં સુધી સમુદ્રપાર, અથવા દસ વર્ષ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	સેશન કોર્ટ
૪૮૯ ब	ખોટી બનાવટી ચલણી નોટો અથવા બેંક નોટોને ખરી તરીકે વાપરવી.	એજ	એજ	એજ	એજ	એજ
૪૮૯ क	ખોટી બનાવટી ચલણી નોટો અથવા બેંક નોટો કબજામાં રાખવી.	એજ	એજ	જામીન લઇ શકાય	સાત વર્ષ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને	એજ
૪૮૯ ड	ચલણી નોટો અથવા બેંક નોટો, ખોટી અથવા બનાવટી બનાવવા કાંઇ હથિયાર અથવા સામન, બનાવવો કે કબજામાં રાખવો.	એજ	એજ	જામીન નહીં લઇ શકાય	જીવતાં સુધી સમમુદ્રપાર અથવા દસ વર્ષ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ

બાબ ૧૯મો. નોકરી કરવાના કરાર તોડવાના ગુન્હા.

(જે સખસને નુકશાન પોંહોંચ્યું હોય તે સખસની ફરીયાદ વગર કોઈપણ કોરટ સાંભળી શકે નહિ ક્રી. પ્રો. ક. ૧૯૮).

૪૯૦	તરી અથવા ખુશકીના રસ્તાની મુસાફરીમાં નોકરી કરવાનો અથવા કોઇ સખસ કે મિલકતને કેથાં લઇ જવાનો કાયદેસર કરાર કરીને બંધાયા છતાં, તે કરાર મુજબ બુદ્ધિ પુર્વક નહિ ચાલવું. (નોટ—માંદગી અથવા માઠી વર્તણુકસર કરાર તોડી શકાય છે).	વગર વારંટે પકડાય નહીં.	સમન	જામીન લઇ શકાય.	૧ મહીના સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા ૧૦૦ રૂ. દંડ અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા અથવા બીજા વર્ગનો માજીસ્ટ્રેટ.
૪૯૧	બાળપણુ, ગાંડપણુ, અથવા રોગના સબબથી લાચાર હોય તેવા સખસોની ખીદમદ કરવા તથા તેઓની હાજતો પુરી પાડવાનો કરાર કરીને બંધાયા છતાં તે કરાર મુજબ બુદ્ધિપુર્વક નહિ ચાલવું.	એજ	એજ	એજ	૩ મહીના સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા ૨૦૦ રૂ.નો દંડ અથવા બંને.	એજ
૪૯૨	મુકરર મુદત સુધી કોઇ દુર જગોપર ચાકરી કરવાનો કરાર કર્યો હોય અને તે જગોપર શેઠને ખરચે ચાકરને લઇ ગયા હોય અથવા લઇ જવાના હોય તેવા કરારથી બંધાયા છતાં, બુદ્ધિપુર્વક તે ચાકરી છોડવી અથવા કામ કરવાની ના કહેવી. (નોટ—શેઠે જો તે ચાકર સાથે માઠી વર્તણુક કરી હોય અથવા તેણેજ તે કરાર મુજબ અમલ કરવામાં ગફલત કરી હોય તો તે ચાકર શિક્ષાને પાત્ર નથી.	એજ	એજ	એજ	૧ મહીના સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા થયેલા ખરચથી બમણો દંડ અથવા બંને.	એજ

બાબ ૨૦મો. લગ્ન સંબંધી ગુન્હાઓ બાબત.

(કલમ ૪૯૩થી ૪૯૬ સુધી (એ બે કલમો સુધ્ધાં)ના ગુન્હાની ફરીઆદ જે સખસને નુકશાન પોહોંચ્યું હોય તેણેજ કરવી જોઇએ. બીજા સખસની ફરીઆદ કોરટ સાંભળી શકે નહીં. ક્રી. કો. ક. ૧૯૮).

૧	૨	૩	૪	૫	૬	૭
૪૯૩	જે પુરૂષની સાથે જે સ્ત્રીના કાયદા મુજબ લગ્ન થયાં નથી તે પુરૂષે તે સ્ત્રીને કાયદા મુજબ લગ્ન થયાનો કપટથી વિશ્વાસ બેસાડીને તેની જોડે દંપતી ભાવે રહેવું અથવા સંભોગ કરવો.	વગર વારંટે પકડાય નહીં.	વારંટ	જામીન નહિ લઇ શકાય	૧૦ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોર્ટ
૪૯૪	વર અથવા વહુની હયાતીમાં ફરીથી લગ્ન કરવું. નીચે લખેલી હકીકતોમાં આ કલમ મુજબ ગુન્હો થતો નથીઃ— (અ). જે સખસનો વર અથવા વહુ હયાત છે, પણ જેનું તેની સાથે થયેલું લગ્ન કોઇ અધીકારવાળી કોરટે રદ ઠરાવ્યું હોય તો. (બ). જે સખસનું ફરી લગ્ન થતાં પહેલા સાત વરસની મુદત સુધી તેનો વર અથવા વહુ બહાર (ગેરહાજર) રહ્યો અથવા રહી હોય અને તે દરમ્યાન એક બીજાની હયાતી વિષે ખબર મળી ન હોય તો.	એજ	એજ	જામીન લઇ શકાય	૭ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ

	પરંતુ જે સખસ ફરી લગ્ન કરે, તેણે જેની સાથે તે લગ્ન કરે તેને તે લગ્ન થતાં પહેલાં સર્વ બીના ખરે ખરી પોતાના જાણુવામાં હોય તેટલી જણાવવી જોઇએ. કોઇ હિંદુ કે મુસલમાન વર (ધણી) એક જીવતીપર વધારે (ફરી) પરણે તો તે ગુન્હો નથી, કેમકે ધણીને ધર્મ શાસ્ત્ર પ્રમાણે એક સ્ત્રીથી વધારે સ્ત્રી કરવાની છુટ છે. નોટઃ—બીજું લગ્ન થતી વખતે એક કાયદેસર લગ્ન થયેલું હયાત છે એમ જાણુવા છતાં, બીજું લગ્ન કરવું એ આ કલમ પ્રમાણે ગુન્હો થવાને મુખ્ય બીના છે. કોઇ હીંદુ કે મુસલમાન સ્ત્રી એક ધણી હયાત છતાં બીજો ધણી કરે તે ગુન્હો છે.					
૪૯૫	આગળના લગ્નની વાત છુપાવીને, ઉપલી કલમમાં કહેલો ગુન્હો કરવો.	એજ	એજ	જામીન નહીં લઇ શકાય.	૧૦ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ	એજ
૪૯૬	કાયદા મુજબ લગ્ન થતું નથી એમ જાણુવા છતાં, કોઇ સખસ દગલબાજીના ઇરાદાથી પોતાના લગ્ન વિધી થવા દે તો.	એજ	એજ	એજ	૭ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
૪૯૭	છીનાળું કરવું ("છીનાળું" એ શબ્દની વ્યાખ્યા તથા ટીકા માટે જુઓ પાછળ પાનું. ૩૦)	એજ	એજ	જામીન લઇ શકાય.	૫ મહીના સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	સેશનકોર્ટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૫ હેલા વર્ગનો માજીસ્ટ્રેટ

૧	૨	૩	૪	૫	૬	૭
૪૯૮	જાર કર્મ કરવાના ઇરાદાથી કોઇ પર ણેલી સ્ત્રીને ફોસલાવી લઇ જવી અથવા રોકી રાખવી. નોટઃ—કલમ ૪૯૭ તથા ૪૯૮ મુજબના ગુન્હાની ફરીયાદ તે સ્ત્રીના ધણીએ અથવા તે સ્ત્રી જેના હવાલામાં હોય તે વખતે તે સખસે કરવી જોઇએ. બીજાની ફરીયાદ કોર્ટ સાંભળી શકે નહિ ક્રી' પ્રો. કો. ક. ૧૯૯.	એજ	એજ	એજ	૨ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા કે બીજા વર્ગનો માજીસ્ટ્રેટ.

બાબ ૨૧ મો. આબરૂ લેવા બાબત.

(જે સખસને નુકશાન પોહોચ્યું હોય તે સખસની ફરીયાદ વગર કોઈ પણ કોરટ સાંભળી શકે નહીં ક્રી, પ્રો. ક. ૧૯૮)

૫૦૦	આબરૂ લેવી (આ શબ્દોની વ્યાખ્યા માટે જુઓ પાછળ કલમ ૪૯૯, પાનું ૩૯.)	વગર વારંટે પકડાય નહિ.	વારંટ	જામીન લઇ શકાય	૨ વરસ સુધીની આસન કેદ અથવા દંડ અથવા બંને.	સેશનકોર્ટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગનો માજીસ્ટ્રેટ
૫૦૧	કાંઇ બાબત આબરૂ લેવા જેવી છે એવું જાણીને તે બાબત છાપવી અથવા કોતરવી.	એજ	એજ	એજ	એજ	એજ
૫૦૨	આબરૂ લેવા જેવી બાબત છે એવું જાણીને તે બાબત છાપેલી અથવા કોતરેલી વસ્તુ વેચવી કે વેચવા માંડવી.	એજ	એજ	એજ	એજ	એજ

બાબ ૨૨ મો સાપ્રાધ ધમકી, તીરસ્કાર તથા દુઃખ બાબત.

૫૦૪	લોકની સુલેહનો ભંગ કરાવવાના ઇરાદાથી કોઇનો તીરસ્કાર કરી તેને ક્રોધ ઉત્પન્ન કરવો.	વગર વારંટે પકડાય નહિ.	વારંટ	જામીન લઇ શકાય.	૨ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	કોઇપણ માજીસ્ટ્રેટ.
૫૦૫	ફોજ માહેલા આફીસર, સોલજર કે ખલાસી બંડ કરે એવા ઇરાદાથી અથવા લોકની સુલેહની વિરૂદ્ધ અથવા રાજ્ય વિરૂધ્ધ કાંઇ ગુન્હા કરાવવાના ઇરાદાથી ખોટી વાત, અફવા, અથવા બુમ ચલાવવી.	એજ	એજ	જામીન નહિ લઇ શકાય	એજ	પ્રેસીડન્સી મેજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગના મેજીસ્ટ્રેટ.
૫૦૬	સાપ્રાધ ધમકી આપવી (વ્યાખ્યાને માટે જુઓ પાછળ કલમ ૫૦૩, પાનુ ૩૧)	એજ	એજ	જામીન લઇ શકાય.	એજ	એજ
	જો તે ધમકીથી મોતનો, મહાવ્યથાનો, આગથી નુકશાન કરવાનો, બીજો કોઇ ભારે સજા થાય એવો ગુન્હો કરાવવાનો, અથવા કોઇ સ્ત્રીની સાથે વ્યભિચારનો દોષ મુકવાનો ડર દેખાડયો હોય તો.	એજ	એજ	એજ	૭ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	સેશન કોર્ટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ, અથવા પહેલા વર્ગના માજીસ્ટ્રેટ.
૫૦૭	નનામા સંદેશાની મારફતે અથવા ધમકી કયાંથી આવી છે તેની ખબર નહીં પડે એવી તદબીર કરીને, સાપ્રાધ ધમકી આપવી.	એજ	એજ	એજ	ઉપલી કલમ મુજબ શિક્ષા ઉપરાંત ૨ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ.	એજ

૧	૨	૩	૪	૫	૬	૭
૫૦૮	ઇશ્વરની અપ્રસંન્નતા થશે એવો ભય ઉત્પન્ન કરીને કોઇ શખસની જે વસ્તુ કે કામ કરવાની ફરજ નહીં હોય તેવી વસ્તુ કે કામ તેની પાસે કરાવવું અથવા કંઇ કામ કરવામાં કસુર કરાવવી.	એજ	એજ	એજ	૧ વરસ સુધીએમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ અથવા પહેલા કે બીજા વર્ગનો માજીસ્ટ્રેટ.
	દ્રષ્ટાંતઃ—અ, બને બારણે લાંઘવા બેસે એવા ઇરાદાથી કે એમ તેને બારણે બેસવાથી બની ઉપર ઇશ્વરની અપ્રસન્નતા થશે એવો સંભવ ઉત્પન્ન થાય તો અએ આ કલમ મુજબ ગુન્હો કીધો.					
	૨ અ, બને એવી રીતે ડરાવે કે જો તું ફલાણું કામ નહી કરે તો, હું મારા છોકરાઓમાંના એક છોકરાનો જીવ તને આપીશ અને તે એવી હાલતમાં હોય કે તે પોતાના છોકરાનો જીવ આપશે તો તેથી બની ઉપર ઇશ્વરની અપ્રસન્નતા થશે એવો ભય ઉત્પન્ન થાય તો, અએ આ કલમ મુજબ ગુન્હો કીધો.					

૫૦૯	કોઇ સ્ત્રીને લજવવાના ઇરાદાથી કાંઇ શબ્દ બોલવા અથવા અવાજ કે ચાળા કરવા, અથવા કાંઇ વસ્તુ દેખાડવી, અથવા તે સ્ત્રીની એકાંત જગાપર વગર રજાએ ઘુસવું.	એજ	એજ	એજ	૧ વરસ સુધીની આસન કેદ અથવા દંડ અથવા બંને.	પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગનો માજીસ્ટ્રેટ.
૫૧૦	કોઇ જાહેર જગામાં, અથવા કોઇના કંપાઉન્ડમાં વગર રજાએ કૈફની હાલતમાં (છાકટા થઇને) જઇ, કોઇ સખસને દુઃખ થાય એવી રીતે ચાલવું.	એજ	એજ	એજ	૨૪ કલાક આસનકેદ અથવા ૧૦ રૂ૦ દંડ અથવા બંને.	કોઇપણ માજીસ્ટ્રેટ.

બાબ ૨૩મો ગુન્હા કરવાની કોશીશો બાબત.

૫૧૧	જે ગુન્હાઓને માટે સમુદ્રપારની અથવા કેદની શિક્ષા ઠરાવી છે, તે ગુન્હા કરવાની કોશીશો કરવી અને તે કોશીશો કરવામાં તે ગુન્હો કરવા તરફ કાંઇ કામ કરવું. દ્રષ્ટાંતઃ—ખાલી પેટી, અથવા ખીસામાં, ચોરવાના ઇરાદાથી હાથ ઘાલવો, એ કૃત્યો ચોરી કરવાની કોશીશ કહેવાય, અને આ કલમ મુજબ ગુન્હેગાર સજાને પાત્ર થાય.	તે ગુન્હાને માટે વગર વારંટે પકડવાનો પોલીસને અખત્યાર હોય તો પકડી શકે નહીં તો નહીં	જે ગુન્હાને માટે ઘણું કરીને સમન નીકળતો હોય તો શમન અને વારંટ નીકળતું હોય તો વારંટ.	જે ગુન્હાનો તકસીરવાર વિચાર કર્યો હોય તે ગુન્હાને માટે જામીન લઇ શકાતો હોય તો લઇ શકાય નહીં તો નહીં.	તે ગુન્હા માટે ઠરાવેલા પ્રકારની તથા ઘણામાં ઘણી મુદત જે ઠરાવી હોય તેની અડધી મુદત સુધી કેદ, અથવા સમુદ્રપાર, અથવા દંડ. અથવા બંને.	કોશીશ કરેલા ગુન્હાનો ઇન્સાફ જે કોરટથી થઇ શકતો હોય તે કોરટ.

બીજા કાયદા તોડીને કરેલા ગુન્હાઓ.

(જ્યારે બીજા કાયદામાં આ બાબત કોઈ કોર્ટનું નામ કહ્યું હોય ત્યારે તે કોર્ટે ઈનસાફ કરવો. જ્યારે કોઇ કોર્ટનું નામ કહ્યું ન હોય ત્યારે હાઈ કોરટે અથવા નીચે બતાવ્યા પ્રમાણેની કોરટે ઇનસાફ કરવો–ક્રી. પ્રો. ક. ૨૯)

૧	૨	૩	૪	૫	૬	૭
કો.	આ ગુન્હાઓ જો:–મોતની, સમુદ્રપારની અથવા સાત વરસ સુધી કે તે કરતાં વધતી મુદત કેદની શિક્ષા જોગ હોયતો.	વગર વારંટે પકડી શકે	વારંટ	જામીન નહિ લઇ શકાય	....	સેશન કોર્ટ
કો.	ત્રણ વરસ અને તે કરતાં વધારે પરંતુ સાત વરસથી ઓછી મુદતની કેદની શિક્ષા જોગ હોય તો.	એજ	એજ	એજ:—પણ અપવાદ તરીકે ફ કત હથીઆર આ કટની કલમ ૧૯ મુજબના ગુન્હા ઓના કામમા જામીનલઇશકાય.	....	સેશન કોર્ટ, પ્રેસીડ ન્સી માજીસ્ટ્રેટ અથ વા પહેલા વર્ગનો માજીસ્ટ્રેટ.
	એક વરસ અને તે ઉપરાંત પરંતુ ત્રણ વરસથી ઓછી મુદતની કેદની શિક્ષા જોગ હોય તો.	વગર વારંટે પકડાય નહિ.	સમન	જામીન લઇ શકાય	....	સેશનકોર્ટ પ્રેસીડેન્સી અથવા પહેલા કે બી જા વર્ગનો માજીસ્ટ્રેટ
	એક વરસથી ઓછી કેદની અથવા એકલા દંડની શિક્ષા જોગ હોય તો.	એજ	એજ	એજ	....	કોઇપણ માજીસ્ટ્રેટ-

નોટ—(૧) ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ અને પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટને પણ પહેલા વર્ગના મેજીસ્ટ્રેટની કોર્ટ જેટલી શિક્ષા કરવાનો અધિકાર છે.

(૨) કયા કયાં ગુન્હા કોણ માંડી વાળી શકે તે માટે જુવો પાછળ પાનું ૫૬–૫૭.

ઘર વકીલ.

ભાગ ૨જો.

દિવાની વિષય.

હિંદુ ધર્મ શાસ્ત્રના જાણવા જોગ ફરમાનો.

" વિવાહ તથા લગ્ન બાબત "—છોકરીને પરણાવવાનું વચન તે વિવાહ. લગ્ન એ દિવાની કરાર નથી પરંતુ ધર્મની પવિત્ર ફરજ છે. મરણોત્તર ક્રીયા કરવાને, વડીલોપારજીત દેવું અદા કરવાને અને પુત નામના નર્કમાંથી તારવાને પુત્ર હોવો જોઈએ, એ લગ્નનો હેતુ છે. લગ્નમાં ઘણી વીધીઓ કરવાની હોય છે, પરંતુ સપ્તપદીની વિધી થઈ કે લગ્નનો ગાંઠ પકકો બંધાય છે અને તે જીંદગી સુધી તુટી શકતો નથી. લગ્ન આઠ જાતનાં કહ્યાં છે, તે પૈકી ચાર માન્ય ગણાય છે, અને ચાર માન્ય ગણાતાં નથી. ચાર માન્ય પૈકી એક " બ્રહ્મ " અને અમાન્ય પૈકી " અસુર " એ બે જાતના લગ્ન ચાલુ છે અને બીજાં નાબુદ થયલાં છે. ચાર જાત જે માન્ય ગણાયલી છે તે ખાસ કરી બ્રાહ્મણોને માટે છે. અસુર જાતના લગ્નમાં કન્યાનો બાપ પૈસા લે છે. છોકરા કે છોકરીના લગ્ન કરવા બદલ પૈસા લેવા બાપ કરાર કરે તે કરાર જાહેર નિતિ વિરૂધ્ધ છે, અને તે કરારની ફરીઆદ કોર્ટમાં ચાલી શકતી નથી. કન્યાનો બાપ " પલ્લુ " લે તેથી કન્યાનું વેચાણ કર્યું એમ થતું નથી. માન્ય થયેલ રીત પ્રમાણે જે લગ્ન થયાં હોય તેમાં બાયડીનું સ્ત્રી ધન, છોકરાં ન હોય તો, બાયડીની પછી તેના ધણીને અને ધણીના સપીન્ડોને મળે છે, અને અમાન્ય રીતે થયેલાં લગ્નમાં બાયડીના માતા પિતાને મળે છે. લગ્ન કરવાનું વચન એટલે વિવાહ તોડવા બદલ ફરીઆદ કરવાથી દિવાની કોર્ટ નુકશાની અપાવી શકે છે.

" છોકરીને કોણ પરણાવી શકે "—બાપ, ભાઈ, બાપાવો, મામો, નજીકના સગાં વહાલાં, મા, અને છેવટે દુરનાં સગાં, એક ન હોય તો બીજા એમ અનુક્રમે, છોકરીનાં લગ્ન કરી શકે છે. છોકરીને (૧૧) વરસ પુરાં થતાં સુધી કોઈ વર પસંદ કરે નહિ તો, તે છોકરી પોતાને માટે વર પસંદ કરી લેવાને મુખત્યાર છે.

વર એક ન્યાતનો અને કુટુંબ બહારનો હોવો જોઈએ. વર કન્યા એકજ ગોત્ર કે પ્રવરના હોવાં ન જોઇએ, પરંતુ છથી વધારે પેહેડી દુરના વર કન્યા કેટલીક ન્યાતમાં પરણવાનો રીવાજ છે.

કંઈપણ કારણ વિના અને વહુની સમત્તી વગર ધણીથી બીજી બાયડીઓ કરી શકાય છે. પરંતુ બાયડી બીજો ધણી કરી શકે નહિ. નિચ વર્ણમાં નાતરાંનો રીવાજ છે. વૈધવ્ય પ્રાપ્ત થયા પછી પુનરલગ્ન કરવાને હિંદુ શાસ્ત્રથી કે રિવાજથી મના નથી.

"સગીર બાબત"–કોઈપણ હિંદુ (૧૬) વરસની ઉમર પુરી થતાં સુધી સગીર ગણાય છે. સગીરના વાલી કોણ? તેનો બાપ, બાપ મૈયત હોય તો મા, માની ગેરહાજરીમાં મોટો ભાઈ, ભાઈની ગેરહાજરીમાં બાપ તરફના બીજા સગાં, એવાં સગાની ગેરહાજરીમાં મોસાળ પક્ષના સગાં.

હિંદુસ્થાનના પુખ્ત ઉમરના આકટ (સ. ૧૮૭૬ ના ૯) નિચેની બાબતોમાં લાગુ પડતો નથી. લગ્ન, પલ્લું અથવા મેહેર, તલાક અથવા છુટાછેડા, અને દત્તક; ધર્મ અને ધર્મની ક્રીયાઓ અને રૂઢીઓ. જે સગીરનો કે તેની મિલકતનો વાલી કોર્ટ નિમ્યો હોય, અથવા જે સગીર કોર્ટ આફ વાર્ડસની સત્તા નિચે હોય, તે સગીરની બાબતમાં તેણે જ્યારે (૨૧) એકવીસ વરસની ઉમર પુરી કીધી હશે ત્યારે તે પુખ્ત ઊમરે પોંહોચ્યો એમ ગણાશે. બ્રીટીશ ઇંડીઆમાં વસવાટ કરી રહેલો દરેક સખસ તેની (૧૮) અઢાર વરસની ઉમર પુરી થયા બાદ પુખ્ત ઉમરે પોહોંચેલો ગણાશે કલમ ૩.

"છુટાછેડા બાબત"—હિંદુ શાસ્ત્રમાં તલાક આપવાની આજ્ઞા નથી; તો પણ ફારગતી આપી છુટાછેડા કરવાનો રીવાજ નિચ વર્ણમાં છે. આવી ફારગતી અથવા છોડચીઠી ધણી આપી શકે છે.

"દત્તક બાબત"—વંશ અને નામ કાયમ રાખવાં એ દત્તક લેવાનો હેતુ છે. (૧) જેને છોકરાનું ફરજન હોય તે, (૨) ધણીની સમત્તીથી વહુ ધણીને માટે, પોતાને માટે નહિ (૩) વિધવા પોતાના મૈયત ધણીને માટે, પોતાને માટે નહિ; (૪) કુંવારો પુરૂષ, (૫) વિધુર (રંડાયલો પુરૂષ); (૬) સગીર જો બરાબર સમજ શકતી તેનામાં આવી હોય તો; (૭) આંધળો અથવા નપુશક; (૮) છોકરો હોય પણ તે સાધુ થઈ ગયો હોય તો, તેવા છોકરાનો બાપ; (૯) દત્તક લેનાર પુરૂષ, એટલા સખસો દત્તક લઈ શકે છે.

જ્યારે મરનારને એક કરતાં વધારે વિધવા હોય ત્યારે, જેને ખાસ અખત્યાર આપેલો હોય તે વિધવા, બીજીઓની સમત્તી વગર દત્તક લઈ શકે છે, પણ જો

એવો અખત્યાર આપેલો ન હોય તો, તેઓ પૈકી જે વડીલ હોય તે, બીજીઓની સમત્તી વગર, દત્તક લઈ શકે છે, બીજી નાની વિધવાઓ દત્તક લે તો તેને માટે વડિલની મંજુરીની જરૂર છે. એકી વખતે બે વિધવાઓ બે છોકરાને દત્તક લઈ શકે નહિ. ગુજરાતમાં સગીર ધણીની વિધવા દત્તક લઈ શકે છે, જો તે સગીર તેના ભાઈથી જુદો પડેલો હોય તો. મરનાર ધણી સાફ ના પાડી ગયો હોય તોજ વિધવાથી દત્તક લઈ શકાય નહિ.

"દત્તક કોણ થઈ શકે"—જે છોકરાની માને દત્તક લેનાર કાયદેસર પરણી શકયો હોત તે છોકરો દત્તક લેઈ શકાય; આ નિયમ બ્રાહ્મણ વર્ગને લાગુ છે. નિચલા વર્ગના તો બેહનના છોકરાને, છોકરીના છોકરાને, તથા પુઈના છોકરાને દત્તક લઈ શકે છે. કોઇ પણ ત્રાહિત પણ તે ત્રાહિત એકજ ન્યાતનો હોવો જોઇએ, એકનો એક છોકરો હોય તો તે પણ દત્તક થઈ શકે. વડિલ છોકરો પણ દત્તક લેવાય. માબાપ વગરનો છોકરો દત્તક થઇ શકે નહિ. દત્તક થનાર છોકરાની ઉમરની કંઈ હદ બાંધેલી નથી. પણ તે છોકરાના મુંડન તથા જનોઇ આપવાની વિધિ દત્તક લેનારના કુટુંબમાં થવી જોઈએ. બીજા ગોત્રનો પરણેલો બ્રાહ્મણ પણ દત્તક થઈ શકે. સ્ત્રીને દત્તક લઈ શકાય નહિ. ભીલ લોકો છોકરી તથા બેહેનને દત્તક લે છે. દત્તક થયેલો માણસ પોતાના ભાઇને દત્તક લઈ શકે નહિ. એકજ છોકરાને બે માણસો દત્તક લઈ શકે નહિ. દત્તક લીધેલો છોકરો દત્તક આપી શકાય છે.

"દત્તક કોણ આપી શકે"—દત્તક લેનાર અને દત્તક આપનાર બેહુ લાયક અધિકારવાળા માણસ જોઇએ. માબાપ શીવાય બીજો કોઈ દત્તક આપી શકે નહિ. સ્ત્રી પોતાના ધણીની સમત્તીથી પોતાના છોકરાને આપી શકે છે. ધણીને પોતાની બાયડીની સમત્તીની જરૂર નથી. વિધવા મા પોતાના છોકરાને દત્તક આપી શકે છે. બપાવા કે બીજા સગાથી દત્તક આપી શકાય નહિ.

દત્તક આપવા લેવામાં દત્તહોમમ નામની વિધિ બહુ અગત્યની છે. પરંતુ લાયક લેનાર, લાયક આપનાર, અને દત્તક થનારની પાત્રતા અને ખરેખર છોકરાને આપવો અને લેવો એ દત્ત વિધાનને માટે ખાશ જરૂરના છે. દત્ત વિધાન લેખી થવાની જરૂર નથી તેમ વિધવાને લેખી અધિકારની જરૂર નથી. દત્તક થનાર દત્ત, વિધાન થયા પછી, દત્તક લેનારનો પુત્રની માફક તમામ મિલકતનો વારસ થાય છે. દત્તક થનાર દત્ત થયા પછી, પોતાના સગા બાપના કુટુંબનો કે મિલકતનો દાવો કરી શકે નહિ. તે પોતાના સગા બાપના દેણને માટે જવાબદાર નથી. વિધવા દત્તક લે તો, દત્તક લીધાથી તુરતજ દત્તક થનાર

સઘળી મિલકતનો માલિક થાય છે, તે વિધવાનો ફક્ત ખોરાકી પોશાકીનો હક પોહોંચે છે. જો દત્ત લીધા પછી, છોકરો થાય તો, દત્ત થનારને ખરા છોકરાને જે મિલકત મલે તેનો ¼ ચોથો હિસ્સો મળે.

"અવિભક્ત એટલે એકત્ર કુટુંબ"–કુટુંબની સઘળી મજીઆરી મિલકત ઉપર તે કુટુંબના દરેક મેમ્બર (માણસ)નો કબજો છે. જો એક મેમ્બર ગુજરી જાય તો તેનો હક, કેટલીક હદમાં, બીજા જીવતા મેમ્બરોને મળે છે. આ હકને અંગ્રેજીમાં રાઇટ ઓફ સરવાઇવરશીપ (બીજાના મુઆ પછી જીવતા રેહેનારના હક) કહે છે. મરનારની વીધવાને ખોરાકીપોશાકી મળે છે.

બપાવાએ મેળવેલી જમીનમાં, તેની માલકીની જંગમ મિલકત ઉપર તથા તેના ખોરાકીપોશાકીના હક ઉપર, બાપ તથા દીકરાનું એકસરખું માલકીપણું છે.

જન્મની સાથેજ માલકીપણું લેતા આવવાનો, હિંદુશાસ્ત્રનો આ નિયમ સીધી લીટીએ ચાલતી આવેલી ઓલાદનેજ લાગુ પડે છે. જુદી જુદી શાખામાંથી નીકળેલી ઓલાદને લાગુ નથી. પુત્ર, પૌત્ર, અને પ્રપૌત્રનો વારસાઈ હક અપ્રતિબંધ કેહેવાય છે. આ વારસાઇ હકમાં કોઇ પ્રકારની હરકત નડતી નથી. જુદી જુદી શાખાઓમાંથી નિકળેલાનો વારસાઈ હક સપ્રતિબંધ કહેવાય છે, એટલે એવા વારસાઈ હકમાં છોકરાના જન્મથી કે દત્તક લેવાથી, વાંધો પડે છે.

દીકરો બાપની સાથે સહભાગદાર નહીં, પણ સહમાલીક થાય છે.

(૧) કુટુંબ મજીઆરાપણામાં રહેતું હોય, (૨) સાથે ખાતું પીતું હોય, અને (૩) કંઈપણ મિલ્કત એકત્ર હોય, તો તે કુટુંબની સઘળી મિલકત અવિભક્ત છે એમ અનુમાન થાય. કુટુંબનો કોઈપણ માણસ, ઉપર બતાવેલી ત્રણે બાબતોમાં અથવા તેમાંથી કોઈપણ બાબતમાં, જુદો થઈ શકે. એવું પણ ઠર્યું છે કે કેટલીક મિલકતની બાબતમાં મેમ્બરો અવિભક્ત હોઈ શકે અને કેટલીક મિલકતની બાબતમાં વિભક્ત પણ હોઈ શકે.

"વેહેચણ બાબતઃ—વડીલો પારજીત મિલકત"—૧ અપ્રતીબંધ વારસામાં મળેલી મિલકત, (પુરૂષ વંશમાં ત્રણ પેહેડી સુધી બાપથી છોકરાને વારસામાં મળેલી મિલકત), ૨. કુટુંબના વડીલ તરીકે બાપને વારસામાં મળેલી મીલકત, ૩. વડિલો પારજીત મિલકતની ઉપજમાંથી મેળવેલી સઘળી મિલકત—એ ત્રણ પ્રકારથી મળેલી મિલકત વડિલોપારજીત કહેવાય. વડિલોપારજીત મિલકતમાં પુત્ર, પૌત્ર, પ્રપૌત્ર એઓનું બાપની સાથે એકસરખું હિત છે, એટલે તેઓ સરખા માલીક છે. **મજીઆરી મિલકત** એટલે અવિભકત હિંદુ કુટુંબના માણસોએ એકત્રપણામાં મેળવેલી મિલકત. **જાતે મેળવેલી મિલકત** એટલે અવિભકત કુટુંબના એક

અંગીએ પોતાની જાતમેહેનતથી, એકત્ર મિલકતની મદદ શીવાય, અથવા બક્ષીસથી, અથવા વિદ્યાહુનર કે કળામાં પ્રવિણુતાને લીધે મેળવેલી સઘળી મિલકત. એવી જાતે સંપાદન કરેલી મિલકતમાં છોકરાઓ ભાગ માગી શકતા નથી, અને સંપાદન કરનાર સખસ પોતાની મરજી પ્રમાણે તેની વ્યવસ્થા કરી શકે. **જુદી મિલકત** એકત્ર હિંદુ કુટુંબના એક અંગીની માલકીની મિલકત, જેમાં બીજા અંગીઓનો કંઈ હક ન હોય તેવી મિલકત "જુદી મિલકત" કહેવાય છે. દાખલા તરીકે અવિભકત કુટુંબના ત્રણ ભાઈઓમાંથી એકને તેના સાસરા તરફથી મળેલી મિલકત, જુદી મિલકત કેહેવાય.

હિંદુ શાસ્ત્રનું ફરમાન છે કે હિંદુ કુટુંબ કે ભાઇઓ જુદા છે એમ સાબીત થાય નહિ ત્યાંસુધી તેઓ એકત્ર છે એમ અનુમાન કરવું. એકત્ર હિંદુ કુટુંબના કારભારી (મેનેજર) પાસેથી વેહેંચણી વખતે વહિવટનો હિસાબ માંગી શકાય. વડીલની સાથે રેહેતા પુત્ર, પૌત્ર, પ્રપૌત્ર એઓ સ્થાવર કે જંગમ વડીલો પારજીત મિલકતની પોતાની મરજીમાં આવે ત્યારે વેહેંચણી માંગી શકે. ત્રણ વર્ગમાં અનૌરસ છોકરો વેહેંચણી માંગી શકે નહિ, પરંતુ તે ખોરાકી પોશાકી માંગી શકે; સુદ્ર વર્ગમાં તે હિસ્સો માંગી શકે. એકત્ર કુટુંબની સ્ત્રીઓ, એટલે વહુઓ, માતુશ્રીઓ, બપાઈ, દીકરીઓ, વીગેરે વેહેંચણી માગી શકે નહિ. બાપના મૃત્યુ બાદ વેહેંચણી થાય, તેમાં જનેતાને એક છોકરાના જેટલો હિસ્સો મળે, બધા છોકરાઓને એકસરખો હિસ્સો મળે છે. દીકરીને કંઈ હિસ્સો મળતો નથી, તેણીના લગ્નના ખરચ પુરતી મિલકત તેણીને મળે છે. સગીર વેહેંચણી માગી શકે નહિ. વડીલોપાર્જિત જંગમ મિલકતની પિતા પોતાની મરજી માફક વ્યવસ્થા કરી શકે છે. વડિલોપારજીત સ્થાવર મિલકત, પુત્ર, પૌત્ર અને પ્રપૌત્રની સમત્તી વગર, વેચી શકાય નહિ.

છોકરાઓ બાપથી જુદા પડી, વડીલોપાર્જિત મિલકત વેહેંચી લીધા પછી બાપ પોતાના હિસ્સાની પોતાની મરજી માફક વ્યવસ્થા કરી શકે છે. કોઈપણ હિસ્સેદાર વડિલોપારજીત મિલકતમાંનો પોતાનો અવિભક્ત હિસ્સો બીજા હિસ્સેદારોની સમત્તી વગર વેચી શકે છે તથા ગીરો મુકી શકે છે. જ્યાંસુધી એકત્ર કુટુંબનો હિસ્સેદાર જીવતો રહે છે ત્યાંસુધી તેનો મજીઆરી મિલકતમાં હક રહે છે, પણ છોકરા વગર તે ગુજરી જાય તો, બીજા હિસ્સેદારોને તેનો હિસ્સો મળે છે. તેની વિધવા તથા છોકરીને કંઈ હિસ્સો મલતો નથી. હિસ્સેદારનો હિસ્સો વેચાણ લેનાર વેહેંચણીનો દાવો કરી પોતે વેચાણ લીધેલો હિસ્સો જુદો પડાવી શકે છે.

"વેહેંચણ બાબત"—અવિભકત હિંદુ કુટુંબના દરેક મેમ્બરનું કુટુંબની તમામ મિલકત ઉપર હિત છે, જો કે તે હિત કેટલું તે નકકી કહી શકાય નહીં.

બીજા મેમ્બરોની મરજી વગર કોઈ પણ મેમ્બર વેહેંચણ માગવાને હકદાર છે. વસન્તરાવ વિ. આન્દરાવ, ૯ મુ. લો. રી. ૯૨૫.

"વેહેંચણ થયલી કયારે કેહેવાય?"—લખાણની કાંઈ જરૂર નથી. જુદુ ખાવું, જુદુ રેહેવું, જુદી પુજા, મિલકતનો જુદો જુદો ભોગવટો, અને પોત પોતાનો જુદો આવક, જાવક,-આ સઘળી હકીકતો, વેહેંચણ બાબત થોડે ઘણે દરજ્જે નિરૂત્તર છે. પરંતુ તે નિરૂત્તર પુરાવો કેહેવાય નહીં. કેટલાક મેમ્બરો જુદા રેહેતા હોય તેટલાજ ઉપરથી વેહેંચણ સાબિત થતી નથી. પરંતુ જો વિભકત થવાના હેતુથીજ જુદા થયા હોય, તો એ હકીકત વેહેંચણની એક સાબિતી છે. તીમબાઈ વિ. ક્રીષ્ણાજી, ૯. મું. લો. રી. ૩૫૭.

વેહેંચણને માટે સાધારણ રીતે બે બાબતોની જરૂર છે. એક તો (૧) એ કે દરેક હિસ્સો મુકરર થવો જોઇએ; અને બીજું (૨) એ કે દરેક હિસ્સાનો સ્વતંત્ર નિરાળો ભોગવટો જોઈએ. શીવદયાલ, વિ. જદુનાથ-૯-વી. રી. ૬૧.

મિલકતની વેહેંચણ કરવાને, ગજ ભરીને કે હદ નિસાન કરીને ખરેખરા જમીન ઉપર ભાગ પાડવાની જરૂર નથી. પરંતુ જયારે કોઈ અમુક મિલકતની બાબતમાં, સઘળા મેમ્બરો માંહોમાંહે એમ કબુલ થાય કે તે મિલકતના ચોકસ, મુકરર હિસ્સા અમુક મેમ્બરના છે, તો તે મિલકતના અવિભકતપણા તથા એકત્રપણાના ઉપભોગનું સ્વરૂપ તેમાંથી જતું રહે છે, અને દરેક મેમ્બરનો તે મિલકતમાં અમુક ચોકસ હિસ્સો છે જે લેવાના હકનો જેનો જુદો ઉપભોગ કર-વાને તે દાવો કરી શકે, જો કે ત મિલકતના ખરેખરા ટુકડા કે ભાગ પડયા ન હોય તોપણ. એપ્રોવીઅર, વિ-રામા સુખા આયા-૧૧, મું-ઈ-રી-૭૫. કુલપોનાથ, વિ-મેવાહલાલ, ૮-વી. રી. ૩૦૨.

"વારસા બાબત"—વિભકત કુટુંબનો કોઈ માણસ મરી જાય, સન્યાસી થઈ જાય, અથવા જતો રહે, ત્યારે તેની મિલકતનો વારસો નિચે લખેલા વારસોને અનુક્રમે, એકને અભાવે બીજાને મળે છે. પુત્ર, પૌત્ર, પ્રપૌત્ર; વિધવા, દીકરી, દોહિત્ર, માબાપ, ભાઈ, ભત્રિજો, બપાઈ, બેન, બપાવો, કાકો, કાકાનો છોકરો, કાકાના છોકરાનો છોકરો, બપાવાના માબાપ, બાપનો કાકો, બાપના કાકાનો છોકરો, બાપના કાકાના છોકરાનો છોકરો, સકુલીઆ (સપીન્ડાથી ઉપર તથા નીચે ત્રણ પેહેડી સુધીના), સમાનોદક, બન્ધુ (ફુઈના છોકરા, માસીના છોકરા, મામાના છોકરા, બાપની ફુઈના છોકરા, બાપની માસીના છોકરા, બાપના મામા-ના છોકરા, માની ફુઈના છોકરા, માની માસીના છોકરા, માના મામાના છોકરા,) છેવટ કોઈપણ સગુ ન હોય તો, ગુરૂ, ચેલો, સહઅભ્યાસી, ભણેલો બ્રાહ્મણ, અને છેક છેવટ સરકાર.

મિતાક્ષરા પ્રમાણે વારસાનો કાયદો મરનાર માણુસની "જુદી મિલકત"નેજ ફક્ત લાગુ પડે છે. અવિભક્ત કુટુંબનો કોઈ માણુસ મરી જાય ત્યારે એકત્ર મિલકતમાંનું તેનું હિત, તેના મોત સાથે, નાશ પામે છે. અને પાછળ જીવતા રહેનારા ભાગીદારો,–છોકરાઓ, ભાઇઓ, કે ભત્રીજાઓ ગમે તે હો,–તે સઘળાનો કબજો, મરનાર હયાતીમાં આવ્યોજ ન હતો એવી રીતે ગણી, ચાલુ રહે છે.

જાતે મેળવેલી મિલકત, કુટુંબમાં અવિભકત થવાથી મળેલી મિલકત, અથવા એકત્ર કુટુંબનો છેલ્લો મેમ્બર, સહ–ભાગદાર, કે સહમાલીક હોવાથી કે થવાથી મળેલી મિલકત ખરેખરા વારસને મળે છે.

મરનારની સ્વતઃની માલકીની, તદન નિરાળી મિલકતનેજ વારસાનો કાયદો લાગુ પડે છે.

બાપથી જુદા રહેલા છોકરાને, જો સાથે રહેતો છોકરો જીવતો ન હોય તો, તેના બાપની મિલકત તેની માને (વિધવાને) ન મળતાં, તેને (તે છોકરાને) મળે છે.

અવિભકત કુટુંબમાં એક ભાઈના મૃત્યુ પછી બીજા ભાઈને વારસો મળે છે. મરનારની વિધવાને ખોરાકી પોશાકી મળે છે.

બીજા ગોત્રની સ્રીઓ, અથવા જે પરણુવાથી બીજા ગોત્રમાં જવાની તે સ્રીઓ એટલે દીકરી, બહેન વગેરે, સંપુર્ણ માલીક તરીકે વારસાનો હક લે છે. વિધવા, પતિવ્રતા હોય તો તેને વારસાનો હક તેની હયાતી સુધી માલકી-પણાનો છે, તેની હયાતી બાદ તેના મરનાર ધણીના નજીકના વારસનો હક પોહોચે છે. વિધવાથી વારસામાં મળેલી મીલકત, વાજબી કારણ વગર, ગીરો, વેચાણ થઈ શકે નહિ, કે તફરકે થઈ શકે નહિ. મિલકતની ઉપજ પોતાની મરજી માફક વાપરી શકે છે.

વિધવા પુનઃલગ્ન કરે અથવા નાતરૂં કરે તો તેનો વારસાનો હક જતો રહે છે. એકથી વધારે છોકરી હોય તો પ્રથમ કુંવારી છોકરીને, તે ન હોય તો પરણેલી ગરીબ સ્થિતીની છોકરીને, તે ન હોય તો પરણેલી પૈસાદાર છોકરીને, વારસો મળે છે. મુંબઈ ઇલાકામાં તો ગરીબમાં ગરીબ સ્થિતીની છોકરીને બાપનો સઘળો વારસો (જો છોકરો અથવા વિધવા ન હોય તો) મલે છે; છોકરીની છોકરીને પણ વારસો મળી શકે છે.

છોકરાના મૃત્યુથી માને જે વારસો મલે તે ઉપર તેણીનો સંપુર્ણ માલકીનો હક નથી. વિધવાના જેટલોજ તેનો હક પોહોંચે છે.

સાવકા ભાઈ કરતાં સગા ભત્રિજાનો હક પહેલો પોહોંચે છે. ગુજરાતમાં ભાઇનો વારસો બહેનને મળે છે. સાવકા ભાઈ કરતાં સગી બહેનનો હક પહેલો પોહોંચે છે.

સગી બહેન ન હોય તો સાવકી બેહેનને વારસાનો હક પોહોંચે છે.

કોઈપણ મૈયત હિંદુની મિલકત સરકાર દાખલ કરતાં પહેલાં, સરકારે એમ સાબીત કરવું જોઈએ કે મરનારને કોઈ વારસ નથી.

નિચેના સખસોને વારસાના હકમાંથી બાતલ કર્યા છેઃ—બહેરો, મુંગો, આંધળો લુલો, નપુશક, ગાંડોઘેલો, અસાધ્ય રોગવાળો, રકતપિતીઓ, અને સન્યાસી, આ બાતલ કરેલા સખસોના ઔરસ છોકરાને, તેના હક પ્રમાણે (જાણે બાપ ન હતો) વારસો મળે છે.

પૌત્રીના મૃત્યુથી બપાઈને વારસો મળે તે ઉપર તેણીની સંપુર્ણ માલકી છે.

"સ્ત્રી વારસોના બે વર્ગ છે":—

(૧) પરણવાથી પુરૂષના ગોત્રમાં દાખલ થાય છે તે સ્ત્રીઓ, જેવી કે વિધવા, મા અને બપાઈ; એઓને વારસાની મિલકતમાં વિધવાના જેટલોજ હક એટલે હયાતી સુધીનો હક છે. (૨) છેલા પુરૂષ માલીકથી જે સ્ત્રીઓ પરણવાથી બીજા ગોત્રમાં જાય છે તે સ્ત્રીઓ, જેવી કે છોકરી, બેહેન, ભત્રીજી, એઓને સંપુર્ણ માલીક તરીકે વારસાનો હક મળે છે. બાપ અને ભાઈ તરફથી છોકરી અને બેહેનને વારસામાં મળેલી મિલકતના તેઓ સંપુર્ણ માલીક છે.

"ઉવીલ ઈઆ વસીઅતનામુ"—પોતાની જુદી અને જાતે સંપાદન કરેલી સ્થાવર અને જંગમ મિલકતની પોતાની મરજી મુજબ ઉવીલથી વ્યવસ્થા કરી શકે છે. મજીઆરી મીલકતની ઉવીલથી વ્યવસ્થા થઈ શકે નહી, પણ એકત્ર કુટુંબની મજીઆરી મીલકતની વેહેંચણી થઇ હિસ્સા જુદા પડયા હોય તો, પોતપોતાના હિસ્સામાં આવેલી મિલકતની વ્યવસ્થા પોતાનો છોકરો ઈયા છોકરાનો છોકરો ન હોય તો, પોતાની મરજીમાં આવે તેવી રીતે ઉવીલથી કરી શકે છે. વિધવાને માટે અને છોકરીઓને માટે ખોરાકી પોશાકીનો બંદોબસ્ત કરેલો હોવો જોઇએ. પોતાના સ્ત્રી ધનની વ્યવસ્થા કોઈપણ બાઇ ઉવીલથી પોતાની મરજી માફક કરી શકે છે. સગીરથી ઉવીલ થઈ શકે નહિ. હિંદુશાસ્રના મુળતત્વથી ઉલટી રીતે ઉવીલથી મિલકતની વ્યવસ્થા થઈ શકતી નથી. પુરૂષ વંશમાંજ વંશપરંપરા મિલકત ચાલી જાય એવી રીતની વ્યવસ્થા શાસ્રથી વિરૂધ્ધ છે.

"દેણ બાબત"—બાપની જેટલી મિલકત વારસામાં મળી હોય તેટલે સુધી તેનું દેણ આપવાને છોકરાઓ જવાબદાર છે. (સ ન ૧૮૬૬નો મુંબઇનો

એકટ ૭મો. કલમ ૨૭.) ગેરકાયદે કે અનીતિથી નહિ કરેલું અગાઉનું દેણુ પતાવવા, બાપ, વડીલોપારજીત મિલકતમાંનો પોતાનો તેમજ પોતાના છોકરાઓનો હિસ્સો, વેચી શકે ઈયા ગીરે આપી શકે છે.

સન ૧૮૬૬ના આકટ ૭ ની મતલબ નિચે મુજબ છે:—

૧. કોઈ માણસ મરનાર હિંદુનો છોકરો, અથવા છોકરાનો છોકરો (પૌત્ર) હોય તેટલાજ સબબથી તેના ઉપર તે મરનાર હિંદુના (પિતા, કે પિતામહ) કરજ બાબત, ફરિયાદ ચાલી શકતી નથી.

૨. કોઈપણુ મરનાર હિંદુનો છોકરો, પૌત્ર, અથવા વારસ, જેણે મરનારની કાંઈ મિલકત લીધી હોય તે, તેટલાજ સબબ ઊપરથી, મરનારના કરજ માટે અંગત જવાબદાર થતો નથી; પરંતુ જેટલી મિલકત વારસામાં મળી હોય, અને જેની ગેરવ્યવસ્થા થઈ ન હોય તેટલે સુધી જવાબદાર છે. જો કાંઇ મિલકત મળી હોય અને તે વાજબી કામમાં વાપરી ન હોય તો, તેટલી મિલકતની કિમત સુધીને માટે છોકરો, છોકરાનો છોકરો કે વારસ અંગત જવાબદાર થાય છે.

૪. જે કોઈ માણસ હિંદુ વિધવા સાથે પરણે તે, તેટલાજ સબબથી તે વિધવાના આગલા મરનાર ધણીના કરજ માટે જવાબદાર થતો નથી.

૫. અવિભકત હિંદુ કુટુંબના એક માણસે કાંઈ કરજ જાણે અવિભકત કુટુંબેજ કર્યું હોય તેવા સંજોગોમાં કર્યું હોય, તો, તે કરજ કરતી વખતે, અવિભકત કુટુંબનું જે માણસ જન્મ્યું ન હોય તે અથવા એકવીશ વર્ષ કરતાં ઓછી ઉમરનું હોય તો તે માણસ સદરહુ કરજને માટે અંગત (જાતે) જવાબદાર થતો નથી.

૬. ઉપરની કલમના ઠરાવને પાત્ર રહી, કોઇ અવિભકત હિંદુ કુટુંબના પાછળ જીવનાર કોઈ મેમ્બર અથવા મેમ્બરોની એવા દેણુ આપવાની જવાબદારીને બાધ આવતો નથી.

"બક્ષીસ"—લખીને અથવા મ્હોડેથી કોઈ સખસને કંઈ મિલકત આપી દેવી, અને જેને આપી દીધી હોય તે, તે મિલકત કબુલ રાખે, તે મિલકત બક્ષીસ થઈ કહેવાય. મિલકતનો કબજો આપવોજ જોઇએ એવો જે હિંદુ શાસ્ત્રનો નિયમ છે તે નિયમ, ઇંડિયા સરકારના ટ્રાન્સફર ઓફ પ્રોપરટી એકટ (સન ૧૮૮૨ ના ૪ થો) થી રદ થયો છે, એટલે હવે કબજો આપ્યા વિના પણુ બક્ષીસ થઈ શકે. સન ૧૮૮૨ના આકટ ૪થાની કલમ ૧૨૩ માં ફરમાવ્યું છે કે સ્થાવર મિલકત બક્ષીસ કરવી હોય તો, બક્ષીસપત્ર અથવા બક્ષીસનામામાં

બક્ષીસ કરનારનું મતુ જોઇએ, અને તે દસ્તાવેજ ઉપર બે સાહેદોની સાખ હોવી જોઈએ અને તે રજીસ્ટર કરાવવું જોઈએ. જંગમ મિલકત બક્ષીસ કરવી હોય તો, ઉપર પ્રમાણે દસ્તાવેજ કરીને કરવી, અગર કબજો આપીને કરવી. હિંદુ શાસ્ત્ર પ્રમાણે મીલકત કંઈ દેવસ્થાન સારૂ ધર્માદા આપી શકાય. ધર્માદા આપેલી મીલકત બીજાને આપી શકાય નહિ, વેચાય નહિ, ગીરો મુકાય નહિ.

"ખોરાકી પોશાકી બાબત"—અવિભકત હિંદુ કુટુંબના મુખ્ય માણસની એ ફરજ છે કે તેણે પોતાની સાથે રહેનાર હિસ્સેદારો, તેઓની વહુઓ તથા છોકરાનું પાલણ પોષણ કરવું. તેમજ માબાપનું તથા કુંવારી બેહેનોનું અને અનૌરસ છોકરાનું પાલણ પોષણ કરવું જોઈએ. પુખ્ત ઉમરે પોહોંચેલા છોકરાને ખોરાકી પોષાકી આપવાને બાપ બંધાયલો નથી. વર્જ કરેલી વહુને તેમજ કુટુંબની વિધવાને ખોરાકી પોશાકી આપવીજ જોઈએ.

"દામ દુપટ"—મુદલ કરતાં વ્યાજ એકી વખતે વધારે ન લેવાય એવો હિંદુ શાસ્ત્રનો નિયમ છે. એ નિયમ જ્યારે હિંદુ દેણદાર હોય ત્યારેજ અમલમાં આવે છે. હફતે હફતે વ્યાજ આપ્યું હોય અને તે મુદલ કરતાં વધી જાય તો આ નિયમ લાગુ પડતો નથી.

"સ્ત્રી ધન"—કોઈ હિંદુ સ્ત્રીને બક્ષીસથી, જાત મહેનત કે કળાથી મેળવેલી ખરીદેલી, વેહેંચણી, કે વારસાના હકથી મળેલી મીલકત સ્ત્રી ધન થાય છે. સ્ત્રી ધન નિચેના ક્રમ મુજબ, એકના અભાવે બીજાને, વારસામાં ઉતરે છે. છોકરી, છોકરીની છોકરી, છોકરીનો છોકરો, છોકરાનો છોકરો, અને કંઈ પણ ફરજન ન હોય તો ધણીને, અથવા તો તેણીના માબાપને મલે છે. બક્ષીસથી મળેલાં સ્ત્રી ધન, જંગમ કે સ્થાવર, ઉપર બાઇનો સંપુર્ણ માલકીપણાનો હક છે. જાત મેહેનતથી મેળવેલાં સ્ત્રી ધન ઉપર તેનો હક તેના ધણીના કાણુને અનુસરીને છે. ઉવીલથી ધણીએ આપેલી સ્થાવર મિલકતની તે મરજી માફક વ્યવસ્થા કરી શકે નહિ. ધણીના મૃત્યુ પછી (ખાસ અધિકાર આપ્યો ન હોય તો) પણ તે તે મિલકત વેચી શકતી નથી.

"હિંદુશાસ્ત્રના નિયમો બીજી કોમને લાગુ છે તે બાબત"—જૈન લોકોને, ખાસ રીવાજની ગેરહાજરીમાં, હિંદુશાસ્ત્રના નિયમો લાગુ પડે છે. ઈ. લો. રી. ૧૬ મું. ૩૪૭.

ખોજાઓને વારસાની બાબતમાં હિંદુના રીવાજો લાગુ પડે છે. કચ્છી મેમણોને વારસાની બાબતમાં હિંદુશાસ્ત્ર લાગુ પડે છે. મોલે સલામ ગરાસીઆ અને ગુજરાતના સુન્ની વ્હોરાઓને વતન અને વારસાની બાબતમાં હિંદુશાસ્ત્ર લાગુ પડે છે.

પારસી લોકોના લગ્ન તથા તલ્લાક બાબત.

(સને ૧૮૬૫નો આકટ ૧૫મો—ઈન્ડીઆ).

"લગન બાબત"—આ કાયદો ચાલુ થયા પછી જે લગન થાય તે હકદાર ગણવાં. પરંતુ નીચે લખેલા પ્રકારના લગનો હકદાર ગણાશે નહીં:—

૧. લોહીના ખેશીપણાના તથા લગનના ખેશીપણાના સબબને લીધે એક બીજા સાથે રીવાજ પ્રમાણે કરવાની મના છે (જુઓ પાછળ ટેબલ અ તથા ब) તેવા લગન. ૨. લગન કરાવનાર અંધ્યારૂ શીવાય બીજા બે પારસી શાક્ષીઓની રૂબરૂમાં તે અંધ્યારૂએ પારસીઓમાં ચાલતી "આશીર્વાદ"ની ક્રીયા કરીને લગન કરાવ્યા નહીં હોય તેવાં લગન. ૩. એકવીસ વરસથી ઓછી ઉમરના પુરૂષ કે સ્ત્રીના લગન થાય તે અગાઉ તેઓના બાપ અથવા વાલીની પરવાનગી મેળવ્યા વગરના લગન.

અંધ્યારૂ એ શબ્દમાં દસ્તુરનો તથા મોબેદનો સમાસ થાય છે.

ઓરતની અથવા ધણીની હયાતીમાં, તલાક મેળવ્યા વગર બીજીવાર લગન કોઈ કરે તો તે લગન રદ બાતલ ગણાશે (૪). આ કલમ વિરૂદ્ધ કોઈ અંધ્યારૂ જાણી જોઇને લગન કરાવે તો તેને ઘણામાં ઘણાં છ મહીના સુધી આસાન કેદની અથવા ઘણામાં ઘણાં રૂ૦ ૨૦૦ સુધી દંડની અથવા એ બેઉ શીક્ષા થશે (૯). જે કોઈ પારસી ખાવીંદ અથવા ઓરતની હયાતીમાં કાયદેસર રીતે તલાક મેળવ્યા વગર બીજીવાર લગન કરશે તો તે પારસી અથવા પારસણ હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૪૯૪ તથા ૪૯૫ મુજબ શીક્ષાને પાત્ર થશે (૫). લગન થયા પછી તાબડતોબ લગન કરાવનાર અંધ્યારૂએ નીચે લખેલી બાબત જણાવી દાખલો આપવો.

(૧) લગન થવાનો દીવસ તથા ઠેકાણું. (૨) ખાવંદ તથા ઓરતના નામ. (૩) લગન સમયની હાલત. (૪) હોદ્દો અથવા ધંધો. (૫) ઉમ્મર. (૬) રહેવાનુ ઠેકાણું. (૭) મા બાપના અથવા વાલીના નામ. (૮) લગન કરાવનાર અંધ્યારૂની સહી. (૯) સાહેદોની સહી. (૧૦) ખાવંદ અથવા ઓરત નાદાન હોય ત્યારે બાપની અથવા વાલીની સહી.

આ દાખલા ઉપર અંધ્યારૂએ તથા ધણી ધણીઆણીએ અથવા તેઓ (૨૧) એકવીસ વરસની ઉમરના ન હોય તો તેઓના બાપે અથવા વાલીએ, અને લગન થતી વખત હાજર રહેનાર બે શાક્ષીઓએ પોતાની સહીઓ કરવી. પછી તે અંધ્યારૂએ એ દાખલો જે ઠેકાણે લગન થયાં હોય તે ઠેકાણેના રજીસ્ટ્રારને મોકલવો અને તેની સાથે બે રૂપીઆ ફીના, વર પાસે લઈને, મોકલવા. રજીસ્ટ્રારે તે દાખલો રજીસ્ટરમાં નોંધી ફી લેવી (૬). આ કલમમાં ફરમાવ્યું

છે તેમાંની કંઈપણ બાબત કરવા અંધ્યારૂ ચુકશે તો તે ઘણામાં ઘણા ત્રણ મહિના સુધી આસાન કેદની અથવા ઘણામાં ઘણા રૂ૦ ૧૦૦ સુધી દંડ અથવા એ બેઉ શીક્ષાને પાત્ર થશે (૧૦). વળી આ દાખલા ઉપર જે બીજા માણસોએ સહી અથવા સાહેદી કરવી જોઈએ તે માણસ તેમ કરવા જાણીજોઇને ચુકશે તો તેઓને એવા દરેક ગુન્હા બદલ રૂ૦ ૧૦૦ સુધી દંડ થશે (૧૧). રજીસ્ટ્રાર એવો દાખલો નોંધવા ચુકશે તો તે ઘણામાં ઘણા એક વરસ સુધી આસાન કેદની અથવા રૂ૦ ૧૦૦૦ સુધી દંડની અથવા એ બેહુ શીક્ષાને પાત્ર થશે (૧૩).

લગનની નોંધ સરવે લોકને જોવા સારૂ છુટ છે. અને જે કોઈ નોંધનો ઇંતેખાબ માંગે તેને રૂ૦ ૨ ફીના લઈ રજીસ્ટ્રારે પોતાની સહી સાથે આપવો (૮). જે માણસ જાણીબુજીને ખોટો દાખલો કરી આપે અથવા તેપર સહી અથવા સાહેદી કરે તો તેને હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ (૪૬૬) મુજબ શીક્ષા થશે. જે કોઈ માણસ નોંધ સંતાડશે અથવા નાશ કરશે અથવા બદદયાનતથી કે કપટથી તેમાં ફેરફાર કરશે તેને બેમાંના ગમે તે એક પ્રકારની બે વરસ સુધીની કેદની સજા થશે અને રજીસ્ટ્રાર જો એ પ્રમાણે ગુન્હો કરશે તો તેને ઘણામાં ઘણા પાંચ વરસ સુધીની બેમાંના ગમે તે એક પ્રકારની કેદની અને રૂ૦ ૫૦૦ સુધી દંડની સજા થશે (૧૪).

"લગ્ન સંબંધી મુકદમાની કોર્ટો બાબત"—ઈલાકાના મુખ્ય શેહેરમાં, એટલે કલકત્તા, મદ્રાસ અને મુંબઈમાં એક એક મુખ્ય કોર્ટ સ્થાપવામાં આવી છે. હાઈકોર્ટના ચીફ જસ્ટીસે અથવા તે કોર્ટના બીજા જડજને નીમે તે જડજે તે કોર્ટના જડજનું કામ કરવું. મુકદમાનો ઈનસાફ કરવામાં તેને અગિયાર પ્રતિનિધી (ડેલીગેટ)ની મદદ મળશે (૧૬). મુફસીલને માટે દરેક જીલ્હામાં, જીલ્હા કોર્ટ સ્થાપવામાં આવી છે. ડીસ્ટ્રીકટ જડજ એ કોર્ટનો જડજ છે. મુકદમાંનો ઈનસાફ કરવામાં તેને સાત પ્રતિનિધી (ડેલીગેટ)ની મદદ મળશે (૧૭). પ્રતિનિધીઓ પારસી હોવા જોઇએ અને તેની નીમણુક સ્થાનીક સરકાર કરશે. હાઈ કોર્ટની મામુલ હકુમતની હદમાં તેઓની સંખ્યા તીસ (૩૦) કરતાં વધારે નહિ, અને બહાર જીલ્લામાં વીસથી વધારે નહિ હોવી જોઇએ. એ નીમણુક હયાતી સુધીને માટે થશે; પણ કોઈ પ્રતિનિધી મરણ પામે, રાજીનામુ આપે, અશકત અથવા નાલાયક થાય, અથવા તેના ઉપર કંઈ પીનલ કોડ મુજબ કાંઈ ગુન્હો સાબિત થાય તો તેની જગાએ બીજા પારસીને પ્રતિનિધી સ્થાનીક સરકારે નીમવો જોઈએ. આ પ્રતિનિધીઓને પીનલકોડ મુજબ સરકારી નોકર સમજવા. ૧૬ મી અને ૧૭ મી કલમ પ્રમાણે

પ્રતિનિધી પસંદ કરવા તે સરકારે નીમેલા પ્રતિનિધીઓમાંથી જડજના હુકમ મુજબ પાળી પ્રમાણે નીમવા (૨૧–૨૪). જે કોર્ટની હકુમતમાં પ્રતીવાદી રહેતો હોય તે કોર્ટમાં ફરીઆદ કરવી અથવા તે બ્રીટીશ ઈંડીઆ બહાર ગયો હોય તો છેવટ જે ઠેકાણે રહ્યો હોય તે ઠેકાણેની કોર્ટમાં કરવી.

"લગન રદ બાતલ કરવાના હુકમ સારૂ ફરીઆદ કયા સબબસર થઈ શકે?"—લગનની વખતે દીવાનાપણું અથવા હમેશનું ચળેલાપણું હતું, અને હજુ તે જારૂ છે એ સાબીત થાય તો લગન રદ બાતલ કે નિરૂપયોગી ઠરે. વળી હરકોઈ સ્વાભાવિક કારણને લીધે લગનની પુર્ણતા થતી નહી હોય ત્યારે પણ લગન રદ બાતલ કે નિરૂપયોગી ઠરાવવાનો અખત્યાર છે (૨૭–૨૮).

સાત વર્ષની મુદત લાગલગાટ ધણી કે ધણીઆણી દુર ગેરહાજર રહે અને તે દરમીઆન કશી ખબર ન મળે તો ધણી કે ધણીઆણીની દરખાસ્તથી તે લગન (તોડવાનો) ભાગવાનો અધિકાર છે (૨૯).

ઓરત, લગન પછી બદફેલીની તકશીરમાં આવી છે, એ શબબસર ધણી તલાક મેળવવાની ફરીઆદ કરી શકે છે. નીચે લખેલા કારણોસર ઓરત તલાક મેળવવા ફરીઆદ કરી શકે છે. ૧, ધણી, લગન થયા પછી પરણેલી સ્ત્રી (જે વેસ્યા ન હોય) અથવા વગર પરણેલી સ્ત્રી (જે વેસ્યા ન હોય) સાથે છીનાળુ કરે તો; ૨, જીવતી બાયડી ઉપર બીજી બાયડી કરી તેની સાથે બદફેલી કરે તો, અથવા બદફેલી કરી તેને મારકુટ કરે તો; ૩, બે કે તે કરતાં વધારે વરસ જાણીજોઈને તજી મુકે તો; ૪, જબરદસ્તીથી સંભોગ કરે તો, સૃષ્ટી વીરૂધ્ધ સંભોગ કરવાની તકશીરમાં આવ્યો હોય તો. જે માણસની સાથે બદફેલી (અથવા છીનાળુ) કર્યાનું કહેતા હોય તેને સહપ્રતીવાદી કરવો. ખાવંદે ફરી-આદી કરી હોય તો બદફેલી કરનારે સઘળો અથવા થોડો ઘણો ખરચ આપવાનો હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે (૩૦).

"ઓરત ઈન્સાફની રીતે જુદા રહેવાનો દાવો કયા સબબોસર લાવી શકે?" ખાવંદ ઘાતકીપણાની ચાલ ચલાવે, માર મારે, જાન ધાસ્તીમાં રહે, અથવા ખાવંદ હરકોઈ વેસ્યાને ઉઘાડી રીતે પોતાની ઓરતના રહેવાના ઘરમાં લાવે અથવા લાવી રાખે તો (૩૧). કોર્ટની ખાત્રી થાય કે અરજીમાં લખી જણાવેલી બીના ખરી છે, તેમાં જણાવેલા અપરાધ માફ કર્યા નથી, તે મરદ

તથા ઓરત સંપ કરીને તલાક લેવા આવ્યા નથી, ફરીઆદી કરવામાં કંઈબી અણઘટતી અથવા વગર કારણની ઢીલ થઈ નથી, તેવા કારણો હોય તોજ કોર્ટ તલાક આપવાનો અથવા ઇનસાફની રીતે જુદા પડી રહેવાનો હુકમ કરે (૩૨). મુકદમાનો નિકાલ થતા સુધી જુદી રહેલી ઓરતના ગુજરાન સારૂ દર માસે અથવા દર અઠવાડીએ ધણીની આવકનો ⅕ સુધી લવાજમ ધણી પાસે કોર્ટ અપાવી શકે (૩૩). જુદી રહેલી ઓરતના ગુજરાન સારૂ કાયમ લવાજમોને માટે યોગ્ય દસ્તાવેજ લખાવી લેવાનો અથવા ખાત્રી થાય એવો બંદોબસ્ત કરાવી લેવાને કોર્ટ મુખત્યાર છે (૩૪). ઓરતના લવાજમ ઓરતને અથવા તેણીના ટ્રસ્ટીને આપવાં (૩૫).

"લગનના હક પાછા મળવા બાબત"—ધણીએ ધણીઆણીને, અગર ધણીઆણીયે ધણીને તજી દીધો હોય તો, અથવા ધણી ધણીઆણી માફક રહયા ન હોય તો, એક બીજા ઉપર લગનના હક પાછા મલવા બાબતની ફરીઆદ કરવાનો, ધણી તથા ધણીઆણીને હક છે (૩૬). જ્યારે ખાવંદ સોળ વરસની અંદરની ઉમરનો હોય, અથવા ઓરત ચઉદ વરસની અંદરની ઉમરની હોય ત્યારે લગન અથવા લગનમાંથી જે કરાર નિકળે તે અમલમાં લાવવાની ફરીઆદ કરવી નહીં (૩૭). પક્ષકારની ઇચ્છા હોય તો બંધ બારણે મુકદમાની ચોકસી કરવાનો અખત્યાર કોર્ટને છે (૩૮).

દરેક અરજી તથા અપીલ ઉપર બત્રીસ રૂપીઆનો સ્ટાંપ જોઈએ અને બીજા દસ્તાવેજ તથા લેખ ફરીયાદીના પુરાવામાં આપ્યા હોય તે ઉપર સ્ટાંપ આકટ ના ઠરાવ પ્રમાણે સ્ટાંપ જોઈએ (૩૯). કાયદા તથા કામ ચલાવવાની રીત બાબત વાંધા પડે તો તેનો નિકાલ જડજે કરવો, પણ બનેલી હકીકતપરથી ફેંસલો કરવો હોય તો જે પ્રતિનિધીઓની રૂબરૂ મુકદમાનો ઈન્સાફ થાય તેઓમાંથી ઘણા જણાના મત પ્રમાણે કરવો (૪૧) મુખ્ય કોર્ટ તથા જીલ્હા કોર્ટના ચુકાદા ઉપર હાઇકોર્ટમાં અપીલ ચાલશે, પણ તે ચુકાદો જો કાયદા અથવા રિવાજ વિરૂધ્ધ હોય તો, બીજા સબબસર અપીલ ચાલશે નહીં, અને ફેંસલો કહી સંભળાવ્યાની તારીખથી ત્રણ મહીનાની મુદતમાં અપીલ કરવી જોઈએ (૪૨). અપીલની મુદત પુરી થઇ હોય અને અપીલ થઈ ન હોય, અથવા અપીલ કહાડી નાંખી હોય, અથવા લગ્ન તોડવાનું અપીલના ફેંસલામાં ઠરાવ્યું હોય તો, તે પક્ષકાર મરી ગયો હોત તો, આગલા લગ્ન ભાગ્યાં હોત તે પ્રમાણે તેને પાછા પોતાના લગ્ન કરવાનો અખત્યાર છે (૪૩). પક્ષકારોના છોકરાંઓની સંભાળ બાબત, ગુજરાન બાબત, તથા વિદ્યાભ્યાસ બાબત કોર્ટને યોગ્ય લાગે તેવો ઠરાવ કરી શકે (૪૪). ઓરતની બદફેલીને લીધે તલાક

આપવાનું અથવા ઇનસાફની રીતે જુદા પડવાનું હુકમનામું કોર્ટ કરે તેવી ફરીયાદીમાં ઓરતની અશકયામત (માલમીલકત) છોકરાંઓના ફાયદા સારૂ નીમી આપવાનો કોર્ટને અખત્યાર છે (૪૫).

આ કાયદો સન ૧૮૯૫ના સપટેંબર મહીનાની ૧લી તારીખથી આખા બ્રિટિશ ઇંડીઆમાં ચાલુ છે.

વારસનામુ કર્યા શિવાય મરનાર પારસીઓના વારસા બાબત.

(સન ૧૮૯૫નો ૨૧મો—ઇંડીઆ)

*"ઈનટેસ્ટેટની મીલકતની વિધવા તથા છોકરાંઓમાં વેહેંચણ"—કોઈ પારસી, વિધવા અને છોકરાં મુકીને, પોતાની મીલકતનું વસીઅતનામું કર્યા વગર, ગુજરી જાય તો તે મીલકત નીચે પ્રમાણે તેની વિધવા અને છોકરાઓમાં વહેંચાયઃ—

વિધવાના હિસ્સાથી બમણો હિસ્સો દરેક છોકરાને અને દરેક છોકરીઓના હિસ્સાથી બમણો હિસ્સો વિધવાને મળે (૧).

"ઈનિટેસ્ટેટની મિલકતની વિધુર તથા છોકરાંઓમાં વેહેંચણ"—કોઈ પારસણ, ધણી (વિધુર) અને છોકરાં મુકીને, પોતાની મિલકતનું વસીઅતનામું કર્યા વગર ગુજરી જાય તો તે મિલકત નીચે મુજબ વેહેંચાય, એટલે દરેક છોકરાંના હિસ્સા કરતાં ધણીનો હિસ્સો બમણો (૨).

"મરદ ઈનિટેસ્ટેટ વિધવા મુકયા વગર મરી જાય ત્યારે છોકરાંઓમાં મિલકતની વેહેંચણ"—કોઈ પારસી, પાછળ વિધવા નહીં, પણ છોકરાં મુકીને પોતાની મિલકતનું વસીઅતનામું કર્યા વગર, ગુજરી જાય તો તે મિલકત એવી રીતે વેહેંચવી કે દરેક છોકરીના હિસ્સા કરતાં દરેક છોકરાને ચારગણી મિલકત મળે (૩).

"સ્ત્રી ઈનિટેસ્ટેટ, વિધુર પાછળ મુકયા વગર મરી જાય ત્યારે છોકરાંઓમાં વહેંચણ"—કોઈ પારસણ પાછળ ધણી નહીં પણ છોકરાં મુકીને, પોતાની મીલકત વસીઅતનામુ કર્યા વગર, ગુજરી જાય તો તેણીની મિલકત છોકરાંઓમાં સરખે હિસ્સે વેંહેચવી (૪).

"અગાઉ મરી ગયેલા છોકરાંના હિસ્સાની વેહેંચણ"—કોઈ ઈનટેસ્ટેટ પારસીનું છોકરૂં, બાપ અથવા માની હયાતીમાં, મરી જાય તો તે મરનાર છોકરાની

*"ઇનટેસ્ટેટ" એટલે વસીઅતનામું કર્યા શિવાય મરનાર માણસ.

વિધવા અથવા વિધુર અને તેના સંતાનને જે હિસ્સો, આવા છોકરાને ઈનટેસ્ટેટના મોત વખતે જીવતું હોત ને મળત તે હિસ્સો, તે એવી રીતે કે જાણે મરનાર છોકરૂં, ઈનટેસ્ટેટના મોત પછી તુરતજ મરી ગયું હતું (૫).

"જ્યારે ઈનટેસ્ટેટ પાછળ વિધવા કે વિધુર મુકી જાય, પણ સીધા વારસ મુકી ન જાય ત્યારે મિલકતની વેંહેચણ"—કોઈ પારસી, પાછળ સીધી લીટીના વારસ મુકયા વગર પણ વિધવા અથવા વિધુર મુકીને મરી જાય, અને તેનો અથવા તેણીનો બાપ અને મા, જો તે બેહુ હયાત હોય તો તે બેહુ, અથવા એક મરી ગયું હોય તો બીજું, તેની અથવા તેણીની જે મિલકત વસીઅતનામું કર્યા વગર મુકી ગયાં હોય, તેનો નીમે હિસ્સો બાપ તથા માને મળશે, અને તે વિધવા અથવા વિધુરને બાકીનો અડધો હિસ્સો મળશે.

જો વસીઅતનામુ કર્યા વગર મરી જનારના મા ને બાપ બેહુ હયાત હોય તો, માના કરતાં બાપને બમણો હિસ્સો મળશે. જો મા કે બાપ, કોઈ પાછળ ન રહ્યું હોય તો, તે મરી જનારના બાપની તરફના સગાઓને આ સાથે પહેલું પરિશિષ્ટ આપ્યું છે તેમાં બતાવેલા અનુક્રમ પ્રમાણે જે અડધો હિસ્સો મા અને બાપને મરનારની પાછળ જીવતા હોત ને મળત તે નીમે હીસ્સો મળશે. આ પરિશિષ્ટમાં જે સગા પેહેલા દરજ્જાના છે તેમને બીજા દરજ્જાના સગા કરતાં અગ્રતા આપવામાં આવશે, તેમજ ત્રીજા દરજ્જાના સગા કરતાં બીજા દરજ્જાવાળાને, અને તેજ પ્રમાણે છેવટ સુધી; પરંતુ મિલકત એવી રીતે વેહેંચાય કે દરેક પુરૂષને દરેક (તેજ દરજ્જાના સગપણવાલી) સ્ત્રીના કરતાં બમણો હિસ્સો મળે. જો બાપના પક્ષ તરફ કોઈ સગો ન હોય તો, મરનારની વિધવા અથવા વિધુરને સઘળી મિલકત મળશે. (૬).

"જ્યારે ઈનટેસ્ટેટ વિધવા કે વિધુર સીધા વારસ મુકી ન જાય ત્યારે મિલકતની વેંહેચણ"—કોઈ પારસી સ્ત્રી અથવા પુરૂષ, સીધા વારસ–વિધવા અથવા વિધુર–પાછળ મુકયા વગર અને વસીઅતનામું કર્યા વગર, ગુજરી જાય તો તેના અથવા તેણીના સગાંને આ સાથે જોડેલા બીજા પરિશિષ્ટમાં બતાવેલા અનુક્રમ પ્રમાણે તેની અથવા તેણીની જે મીલકત હશે તે સઘળી વારસામાં મળશે.

આ બીજા પરિશિષ્ટમાં જે સગાંઓ પહેલા દરજ્જાના છે તેમને બીજા દરજ્જાવાળા કરતાં અગ્રતા મળશે. બીજાને ત્રીજા ઉપર અને તે પ્રમાણે છેવટ સુધી, પરંતુ મીલકતની વહેંચણી એવી રીતે થાય કે દરેક સ્ત્રી જાણે એકજ દરજ્જાના સગપણની હોય તેમ (૭).

સને ૧૮૬૫ નો ૧૦મો ઈન્ડીઅન સકસેશન એકટનો ભાગ ત્રીજો, ચોથો, અને ૨૫મી કલમ શીવાયનો ભાગ પાંચમો, અને કલમ ૪૩ પારસીઓને લાગુ નથી. (૮)

પહેલું પરિશિષ્ટ.

૧. ભાઈ અને બેન અને તેઓના છોકરાં અથવા સીધા વારસ જેઓ ઈનટેસ્ટેટના પહેલા ગુજરી ગયાં હોય તે.

૨. બપાવો અને બપાઈ.

૩. બપાવાના છોકરા અને છોકરીઓ અને તેઓના સીધા વારસ જેઓ મરનારના (વસીઅતનામું કર્યા વગરના) પહેલા ગુજરી ગયા હોય તે.

૪. બપાવાનો બાપ, અને બપાઈની મા.

૫. બપાવાના બાપના છોકરાઓ અને છોકરીઓ અને તેમના સીધા વારસો જેઓ મરનારના (વસીઅતનામું કર્યા વગરના) પહેલા ગુજરી ગયાં હોય તે.

બીજું પરિશિષ્ટ.

૧. બાપ તથા મા.

૨. ભાઈ તથા બેનો અને તેમના સીધા વારસો જેઓ ઈનટેસ્ટેટના પહેલા ગુજરી ગયા હોય તે.

૩. બપાવો અને બપાઈ.

૪. બપાવાના છોકરાં અને તેમના સીધા વારસો જેઓ ઇનટેસ્ટેટના પહેલા ગુજરી ગયા હોય તે.

૫. બપાવાનો બાપ તથા મા.

૬. બપાવાના બાપના છોકરાં અને તેમના સીધા વારસો જેઓ ઈનટેસ્ટેટના પહેલાં ગુજરી ગયા હોય તે.

૭. માની તરફના ભાઈઓ અને બેનો અને તેમના સીધા વારસો, જેઓ ઈનટેસ્ટેટના પહેલા ગુજરી ગયા હોય તે.

૮. આજો અને આજી.

૯. આજાના છોકરાં અને તેમના સીધા વારસો જેઓ ઈનટેસ્ટેટના પહેલાં ગુજરી ગયા હોય તે.

૧૦. છોકરાની વિધવા
૧૧. ભાઈની વિધવા
૧૨. બપાવાના છોકરાની વિધવા
૧૩. આજાના છોકરાની વિધવા
} જો તે ઇનટેસ્ટેટના મોત વખતે, અથવા પેહેલાં ફરી પરણી નહીં હોય તો.

૧૪. ઈનટેસ્ટેટની મરી ગયેલી છોકરીઓના ધણીઓ, જો તેઓ ઇનટેસ્ટેટના મોત વખતે અથવા તે પહેલાં ફરી પરણ્યા ન હોય તો.

૧૫. આજાના બાપ અને આજાની મા.

૧૬. આજાના બાપના છોકરાંઓ અને તેમના સીધા વારસો જેઓ ઈનટેસ્ટેટની પહેલાં ગુજરી ગયાં હોય તે.

૧૭. બપાવાના બાપના બાપ તથા મા.

૧૮. બપાવાના બાપના બાપના છોકરાં અને તેમના સીધા વારસો જેઓ ઈનટેસ્ટેટના પહેલાં મરી ગયાં હોય તે.

લગનને માટે મના કરેલા ખેશીઓનું ટેબલ.

(સને ૧૮૯૫ના સપટેમ્બર મહીનાની ૯મી તારીખના ઈન્ડીઆ ગેઝેટના પાના ૯૮૧–૯૮૨માં પ્રસિદ્ધ થયા મુજબ.)

(અ) નીચે લખેલા ખેશીઓની સાથે પુરૂષનું લગ્ન થઇ શકે નહીં.

(૧) બપાવાની મા, (૨) બપાઈની મા, (૩) આજાની મા. (૪) આજીની મા. (૫) દાદી. (૬) બપાવાની ધણીઆણી. (૭) આજી. (૮) આજાની ઓરત. (૯) મા અથવા સાવકી મા. (૧૦) બાપની બેન અથવા સાવકી બેન. (૧૧) માની બેન કે સાવકી બેન. (૧૨) બેહેન કે સાવકી બેહેન. (૧૩) ભાઈની કે સાવકા ભાઈની છોકરી, કે ભાઈ કે સાવકા ભાઈના સીધી લીટીના વારસ. (૧૪) બેહેનની કે સાવકી બેહેનની દીકરી અથવા બેહેનની કે સાવકી બેહેનના સીધા વારસ. (૧૫) દીકરી કે સાવકી દીકરી અથવા તે બેઉનો સીધી લીટીનો વારસ. (૧૬) છોકરાની કે સાવકા છોકરાની દીકરી અથવા તેઓના કોઈ સીધી લીટીના વારસ. (૧૭) છોકરાની કે સાવકા છોકરાની વહુ અથવા તેઓના સીધી લીટીના વારસ (૧૮) છોકરીના છોકરાની કે સાવકી છોકરીના છોકરાની વહુ અથવા છોકરી કે સાવકી છોકરીના સીધી લીટીના વારસ. (૧૯) દીકરીના ખાવીંદની મા. (૨૦) છોકરાની વહુની મા. (૨૧) વહુના બપાવાની મા. (૨૨) વહુની બપાઈની મા. (૨૩) વહુના આજાની મા. (૨૪) વહુની આજીની મા. (૨૫) વહુની બપાઈ. (૨૬) વહુની આજી. (૨૭) વહુની મા કે સાવકી મા. (૨૮) વહુના બાપની બેન (૨૯) વહુની માની બેહન. (૩૦) બાપના ભાઈની વહુ. (૩૧) માના ભાઈની વહુ. (૩૨) ભાઇના છોકરાની વહુ. (૩૩) બેહેનના છોકરાની વહુ.

(બ) નીચે લખેલા ખેશીઓની સાથે સ્ત્રીનું લગન થઇ શકે નહી.

(૧) બપાવાનો બાપ. (૨) બપાઇનો બાપ. (૩) આજાનો બાપ. (૪) આજીનો બાપ. (૫) દાદો. (૬) બપાઇનો ખાવંદ. (૭) આજો. (૮) આજીનો ખાવંદ. (૯) બાપ કે સાવકો બાપ. (૧૦) બાપનો ભાઈ કે સાવકો ભાઈ. (૧૧) માનો ભાઈ કે સાવકો ભાઈ. (૧૨) ભાઈ કે સાવકો ભાઈ. (૧૩) ભાઇનો કે સાવકા ભાઇનો છોકરો અથવા તેઓનો સીધી લીટીનો વારસ. (૧૪) બેહેન કે સાવકી બેહેનનો છોકરો અથવા તેઓનો સીધી લીટીનો વારસ. (૧૫) છોકરો કે સાવકો છોકરો અથવા તેઓનો સીધી લીટીનો વારસ. (૧૬) છોકરીનો કે સાવકી છોકરીનો છોકરો અથવા તેઓનો સીધી લીટીનો વારસ. (૧૭) દીકરી કે સાવકી દીકરીનો ખાવંદ અથવા તેઓના સીધી લીટીના વારસ. (૧૮) છોકરાની છોકરી કે સાવકી છોકરીનો ધણી અથવા છોકરા કે સાવકા છોકરાના સીધી લીટીના વારસ. (૧૯) છોકરીના ખાવંદનો બાપ. (૨૦) છોકરાની વહુનો બાપ. (૨૧) ધણીના બપાવાનો બાપ. (૨૨) ધણીની બપાઇનો બાપ. (૨૩) ધણીના આજાનો બાપ. (૨૪) ધણીની આજીનો બાપ. (૨૫) ધણીનો બપાવો. (૨૬) ધણીનો આજો. (૨૭) ધણીનો બાપ કે સાવકો બાપ (૨૮) ધણીના બાપનો ભાઈ. (૨૯) ધણીના માનો ભાઈ. (૩૦) ધણીના ભાઇનો છોકરો અથવા તેના સીધી લીટીના વારસ, (૩૧) ધણીની બેહેનનો છોકરો અથવા તેના સીધી લીટીના વારસ. (૩૨) ભાઈની છોકરીનો ધણી. (૩૩) બેહેનની છોકરીનો ધણી.

નોટઃ—બ ટેબલમાં "ભાઇ" અને "બેહેન" એ શબ્દો સગા તેમજ સાવકા ભાઈ અને બેહેન માટે વાપર્યા છે એમ સમજવું. સાવકુ સગપણ એટલે લગ્નથી થયલું સગપણ.

મુસલમાની કાયદા પૈકી ફરમાનો.

"શાદી અથવા નીકા બાબત"—સંભોગસુખ અને વંશવૃદ્ધી એ શાદીના અગર નિકાના મુખ્ય હેતુ છે. શાદી એ ધર્મનું ફરમાન નથી, પરંતુ દીવાની કરાર છે. શાદી એટલે પહેલીવારની પણીઅત બાયડી અને નિકા એટલે ફરી પરણેલી બાયડી. એ બેહુ જાતના લગ્નને એક સરખી રીતે કાયદો કબુલ રાખે છે. લગ્નને માટે બીજા કરારની માફક માંગણી અને કબુલત એ બેહુ જરૂરના છે. લગ્નના કરાર માટે પુરતી સમજશકતી, પુખ્ત ઉમર અને સ્વતંત્રતા બેહુ પક્ષને જરૂરના છે. લગ્નને

કરાર કરતી વખતે શાક્ષીદાર હાજર હોવા જોઈએ, માંગણી અને કબુલાત એકી વખતે અને એકજ જગાએ થવાં જોઈએ. લગ્નના કરાર માટે સ્ત્રી ધન (મેહેર) આપવી જરૂરતું છે. મેહેર આશરે રૂ. ૩૦–૩૫ સુધીની ઓછામાં ઓછી હોવી જોઈએ. નિચે લખેલી બાયડીઓ સાથે લગ્ન થઈ શકે નહિ:—

૧. મા, દીકરી, બહેન, ફુઈ, માસી, ભાઈની દીકરી, અને બેહનની દીકરી.

૨. ઓરતની મા, તેની દાદી કે આજી, ઓરતની દીકરીઓ, દીકરાની વહુ, દીકરાના દીકરાની વહુ, અથવા દીકરીના છોકરાની વહુ.

૩. સાવકી મા, સાવકી બેન, સાવકી દીકરી, સાવકી ફુઇ, પરંતુ સાવકા ભાઇની બેહેન જોડે લગ્ન કરી શકે.

૪. બીજાની ઓરત પરણી નહિ શકાય.

૫. દેવતા અથવા અગ્ની પુંજનારીઓને તથા મુર્તી પુંજનારીઓને પરણી શકે નહિ. ફકત એક ઈશ્વર માનનાર સ્ત્રીઓ સાથે લગ્ન થઈ શકે.

૬. ત્રણ વખત પોતે કહાડી મેલેલી બાયડી સાથે લગ્ન કરી શકે નહિ.

કોઇપિણ મરદ એકી વખતે ચારથી વધુ સ્ત્રી કરી શકે નહિ, બાયડી એક વખતે એકજ ધણી કરી શકે છે. બાયડીએ ધણી સાથે રેહેવુંજ જોઇએ, અને તે જયાં લઈ જાય ત્યાં જવું જોઇએ. તેનો ધણી સાથે ન રહે અથવા તેની સાથે ન જાય તો, ધણીના રાટવાટનો દાવો કરવાથી કોર્ટ કબજો અપાવી શકે, પણ ધણી જો તેની સાથે હમેશાં ઘાતકી રીતે વર્તતો હોય, તેને લાંબી મુદત સુધી તજી દીધી હોય, અને ઘરમાંથી કહાડી મુકી હોય તો તે બાઈ ધણી સાથે રેહેવાને વાજબી રીતે ના કહી શકે.

"તલાક આપવા બાબત"—ધણી પોતાની મરજીમાં આવે ત્યારે, કારણુસર કે વગર કારણે, તલાક આપી શકે છે. ઓરત પણ તલાક ખરીદી શકે છે. ધણી ધણીઆણી, એમાંથી એકની, અરજ ઉપરથી ઘાતકીપણાના, તજી દેવાના, ગાંડા પણાના અને નપુસકપણાના કારણુસર કાજી તલાક આપી શકે છે. તલાક પૂર્ણ કરવાને તે ત્રણ વખત બોલાવી જોઇએ, અને દરેક એક એક મહિનાને આંતરે બોલાવી જોઇએ. તલાક લીધા શીવાય ઓરતને ધણીથી જુદા રેહેવાનો હક નથી. પણ ધણીની મંજુરીથી, તે લગ્નના ગાંઠથી મોકળી થઇ શકે, અને ત્યારે મેહેર અને બીજી જનસો ધણીને આપી દેવી પડે છે. આવી જાતના તલાકને **ખુલા** કહે છે. એક બીજાનો સ્વભાવ મળતો ન આવવાથી એક બીજાની ખુશીથી, તલાક આપી શકાય છે એવી તલાકને **મુબારટ** કહે છે.

"ખોરાકી પોશાકી બાબત"—(૧) ધણી પોતાની ઓરતને ખોરાકી પોશાકી પુરી પાડવા બંધાયલો છે, તેની ગેરહાજરીમાં તેની મિલકતમાંથી કોર્ટ ખોરાકી પોશાકી આપવાનો હુકમ કરી શકે છે; પરંતુ ઓરત સગીર હોય તો તે દાવો કરી શકે નહિ. (૨) બાપ પોતાના નાના છોકરાંને ખોરાકી પોશાકી પુરી પાડવા બંધાયલો છે. છોકરીઓ પરણે ત્યાં સુધી તેને ખોરાકી પોશાકી પુરી પાડવી જોઇએ. મોટી ઉમરના છોકરાઓને ખોરાકી પોશાકી આપવાને બાપ જવાબદાર નથી, પરંતુ છોકરા જો કાંઈ રોગથી અશકત થઈ ગયા હોય તો ખોરાકી પોશાકી આપવી જોઇએ. બાપની ગેરહાજરીમાં, મા ખોરાકી પોશાકીને માટે જવાબદાર થાય છે. (૩) સારી સ્થિતિના માણસોએ તેઓના ગરીબ સગાવાહાલાંઓને ખોરાકી પોશાકી આપવી જોઇએ, પરંતુ પુખ્ત ઉમરનો મરદ, જો તંદુરસ્ત હોય, તો તેને આપવાની નથી.

"સગીરપણું"—સોળ વરસની ઉમર પુરી થતાં સુધી, છોકરી ઇયા છોકરો સગીર ગણાય છે, સગીરથી વાલીની સમત્તી શીવાય લગ્નનો કરાર થઈ શકે નહિ, તલાક આપી શકાય નહિ, દેવું કરી શકાય નહિ. લગ્નની ગાંઠ દરમ્યાન તેમજ ધણીથી છુટા પડવા પછી, મા નાના છોકરાંને પોતાના હવાલામાં રાખવાને હકદાર છે. છોકરો સાત વરસની ઉમરનો થાય ત્યાં સુધી અને છોકરી પુખ્ત ઉમરે પોહોંચે ત્યાં સુધી પોતાના હવાલામાં રાખવાનો માને હક છે. મા, માની મા, બાપની મા, બેહન, માસી અને પુઈ એઓ એક બીજાની ગેરહાજરીમાં નાના છોકરાને પોતાના હવાલામાં રાખી શકે છે. અજાણ્યા મરદો સાથે પરણ્યાથી બદચાલથી અને ધર્મભૃષ્ટ થવાથી એ હક જતો રહે છે. **મેહેર**—લગ્નના બદલામાં, લગ્નનો કરાર પુરો કરતાં પહેલાં, વહુ (ઓરતના)ના લાભમાં કરેલી કાંઈ મિલકતની વ્યવસ્થાને મેહેર કહે છે. મેહેર ઠરાવી ન હોય તેથી લગ્નનો કરાર રદ બાતલ થતો નથી. મેહેર માટે કોઈપણ વિધવા પોતાના ધણીની મિલકત ઉપર દાવો કરી શકે. લગ્નનો ગાંઠ તુટવા પછી અથવા ધણીના મૃત્યુ પછી, બીજો ધણી કરતાં પેહેલાં, ચાર માસ દસ દિવસ સુધી રાહ જોવી પડે છે તેને **ઇદ્દાત** કહે છે. ગર્ભવંતી છે કે નહિં તે જોવાને માટે બાઈએ એટલી મુદત બેશી રહેવુંજ જોઇએ.

"બક્ષીસ"—(હેબા) એટલે કંઈપણ અવેજ વગર મિલકત આપી દેવી તે. હેબા સરતી અને બીનસરતી એવી બે જાતની હોય છે. બક્ષીસ મ્હોડેથી અને લેખી પણ થઈ શકે છે. બક્ષીસ કાયદેસર હોવાને માટે નીચેની સરતો અવશ્ય પાળવી જોઇએ:—૧ બક્ષીસ આપનારે તે મિલકત છોડી દેવી જોઇએ. ૨ બક્ષીસ લેનારે કબુલ રાખી તે મિલકત પોતાના સ્વાધીનમાં તુરતાતુરત લેવી જોઇએ. ૩ આપ-

નાર સ્વતંત્ર, સમજુ, પુખ્ત ઉમરનો અને માલિક હોવો જોઇએ. ૪ તે મિલકત હયાત હોવી જોઇએ. ૫ તે મિલકતની કંઈ કિંમત હોવી જોઇએ. ૬ તે મિલકત જો વહેંચાયલી ન હોય તો તે વેહેંચીને જુદી કરેલી હોવી જોઈએ.

"વકફ"—એટલે કાંઇપણ મિલકત ખોદાની એવી રીતે ગર્ભિત માલકીમાં રાખવી કે તે મિલકતમાંથી થતો નફો, ઉપજ, માણુસ જાતના ફાયદા અર્થે વાપરવામાં આવે. એવી રીતે ધર્માદાય કરી આપેલી મિલકત વેચાય નહિ, અપાય નહિ, કે વારસને મળે નહિ, અને કરી આપી તે વખતથી તે ઉપરથી ધણીનું માલકીપણું જતું રહે છે. કાયદેસર વકફ થવાને માટે નીચેની શરતો પળાવી જોઇએઃ–

(૧) વકફ કરી આપનાર પુખ્ત ઉમરનો અને પાકી સમજનો હોવો જોઇએ. અને વકફમાં આપેલી મિલકત તેની માલકીની હોવી જોઇએ. (૨) જે કામમાં તે મિલકતનું ભાડું કે ઉપજ વાપરવાની હોય તે કામ બંધ પડે એવું ન હોવું જોઇએ, અને તે ધર્મ સંબંધી હોવું જોઇએ (૩) તે બીનસરતી હોવી જોઈએ. (૪) તે જાથુની હોવી જોઇએ. (૫) વકફમાં આપેલી મિલકતનો કબજો આપી દેવો જોઇએ. (૬) તે વેચાય નહિ. કોઈપણ પુખ્ત ઉમરનો અને પાકી સમજનો માણુસ વકફનો મુતવલી નીમી શકાય. વકફમાં આપનાર પોતે અને પોતાનાં છોકરાં પણ મુતવલી કામ કરી શકે. વકફ કરેલી મિલકતની બરાબર વ્યવસ્થા કરે નહીં તો મુતવલીને દુર કરી શકાય છે.

"વસીઅત અગર ઉવીલ બાબત"—પોતાના મૃત્યુ બાદ પોતાની મિલકતની વ્યવસ્થા કેવી રીતે કરવી તેની લેખી ઇયા મ્હોડેની હકીકતને વસીઅત કહે છે. મ્હોડેનું વસીઅત કરનાર, વસીઅત કર્યા પછી તુરત ગુજરી ન જાય તો, તે મ્હોડેનું વસીઅત નકામું થઈ પડે છે.

વસીઅત કાયદેસર હોવાને માટે નીચેની સરતો જરૂરની છેઃ–૧ ઉવીલ કરનાર મિલકત બીજાને કરી આપવાને લાયક હોવો જોઇએ, ૨ જેના લાભમાં ઉવિલ કર્યું હોય તે લેવાને લાયક હોવો જોઈએ, ૩ તે મિલકત ઉવીલ કરનારના મૃત્યુ પછી બીજાને આપી શકાય એવી હોવી જોઇએ, ૪ વસીઅત ચોખી રીતે અથવા ગર્ભિત રીતે કબુલ કરવી જોઈએ. કોઈપણ સ્વતંત્ર, ડાહ્યો અને પુખ્ત ઉમરનો સખસ પછી તે મરદ હોય કે ઓરત, પરણેલ કે નહિ પરણેલ, વસીઅત કરવાને લાયક છે. પોતાના ધણીની સમ્મતી વગર કોઈપણ ઓરત પોતાની મિલકતનું વસીઅત કરવાને લાયક છે. એક વારસના લાભમાં, બીજા વારસોની સમતી વગર કરેલું વસીઅત કાયદેસર નથી.

"ફરજ"—એટલે વારસા બાબત મરનાર સખસની મિલકત ચાર જુદા જુદા કામસર વાપરી શકાય. તેની મરણોત્તર ક્રિયાનો ખરચ પ્રથમ આપવો જોઇએ. પછી તેનું કરજ આપવું જોઇએ, પછી વારસો પછી જે રહે તેમાંથી મરનારના વારસોના હક આપવા જોઈએ.

પુરૂષ પ્રમાણે સ્ત્રીને પણ વારસો મલવાનો હક છે, દત્તક લેવાનું ફરમાન નથી, માટે દત્તકને વારસો મલતો નથી.

મુસલમાની શાસ્ત્ર પ્રમાણે ત્રણ જાતના વારસો હોય છે. ૧ હિસ્સેદાર, ૨ શેષાધિકારી, ૩ દુરના સગાં. હિસ્સેદારનો હક પ્રથમ, પછી શેષાધિકારીનો, શેષાધિકારી ન હોય તો, હિસ્સેદારે, પોતાનો ભાગ લઈ લીધા બાદ જે મિલકત રહે તે પોતપોતાના હિસ્સા પ્રમાણે વેંહેંચી લેવી, ત્યારપછી દુરના સગાંનો હક થાય છે.

મુસલમાની શરાહ પ્રમાણે વારસોને મલવાના હિસ્સા છ જાતના હોય છે, એટલે

$\frac{૧}{૨}$ $\frac{૧}{૪}$ $\frac{૧}{૮}$ $\frac{૨}{૩}$ $\frac{૧}{૩}$ અને $\frac{૧}{૬}$

$\frac{૧}{૨}$ હિસ્સો પાંચ જુદા જુદા વારસોને મલે છે તે–મરનાર બાયડીને કંઈ ફરજન ન હોય અથવા છોકરાને કંઈ ફરજન ન હોય ત્યારે ધણીને, મરનાર સખસને એકજ છોકરી હશે, ત્યારે છોકરીને, છોકરી ન હોય તો છોકરાની એક છોકરી હોય તેને. સગી બહેન હોય તો તેને, સગી બહેન ન હોય તો સાવકી બેહેનને.

$\frac{૧}{૪}$ હિસ્સો બે જાતના વારસોને મળે છે, ૧ ધણીને, મરનાર બાયડીને જો છોકરાં હોય અથવા છોકરાના છોકરાં હોય તો, ૨, વહુ અથવા વહુઓને, જ્યારે છોકરૂં ન હોય, અથવા છોકરાને છોકરૂં ન હોય ત્યારે.

$\frac{૧}{૮}$ હિસ્સો એક અથવા વધારે વહુઓને, જ્યારે મરનાર કંઈ ફરજન મુકી ગયો હોય અથવા છોકરાને કંઈ ફરજન હોય ત્યારે.

$\frac{૨}{૩}$ હિસ્સો ચાર સખસોને મલે છે. (अ) બે અથવ વધારે છોકરીઓને, (ब) બે અથવા વધારે છોકરાની છોકરીઓને, જ્યારે જાતની દીકરી ન હોય ત્યારે. (क) બે અથવા વધારે સગી બેહેનોને. (ड) બે સાવકી બેહેનોને સગી બેહેન ન હોય ત્યારે.

$\frac{૧}{૩}$ હિસ્સો બે સખસોને મલે છે. (अ) માને ફરજન ન હોય અગર છોકરાને કંઈ ફરજન ન હોય ત્યારે, અથવા બે કે વધારે ભાઈઓ કે બેહેનો ન હોય ત્યારે. ब એક માને પેટનાં ભાઇઓ તથા બેહેનો જ્યારે બે અથવા અધિક હોય ત્યારે.

$\frac{૧}{૬}$ હિસ્સો છ સખસોને મળે છે. (अ) બાપને, જો કંઈ છોકરૂં હોય તો અથવા છોકરાંનું છોકરૂં હોય તો. (ब) દાદાને, બાપ ન હોય તો. (क) માને, જો કંઈ છોકરૂં

હોય અથવા છોકરાનું છોકરૂં હોય તો, અથવા બે કે તેથી વધારે ભાઈ કે બેહેનો હોય ત્યારે; (ड) એક અથવા વધારે દાદીને, જો વારસા વખતે જીવતી હોય તો. (इ) છોકરાની એક છોકરીને, જો મરનારની એક છોકરી હોય તો તેની સાથે. (फ) એક ભાઈ અથવા બહેનને, જો એક માને પેટના હોય તો.

મુસલમાની શરાહ પ્રમાણે વારસો લેનાર હિસ્સેદારો બાર હોય છે. તે પૈકી ૧૦ હિસ્સેદારોને સગપણના સંબંધથી હક મળે છે, બીજા બે હિસ્સેદારોને ખાસ કારણને માટે હક મળે છે. એ બાર કાયદેસર હિસ્સેદારો નીચે પ્રમાણે ચાર વર્ગમાં વેંહેંચાઈ જાય છે.

૧લો વર્ગ.	બાપ.	મા.	દીકરી.	ધણી.	ધણીયાણી
૨જો વર્ગ.	બપાવો	બપાઇ	દીકરીનો દીકરો.	૦	૦
૩જો વર્ગ.	૦	૦	સગી બેહેનો સાવકાભાઇયો અને એક મા ના પેટની સાવકી બેહેનો.	૦	૦
૪થો વર્ગ.	૦	૦	એક બાપથી થયેલી સાવકી બેહેન.	૦	૦

પેહેલા વર્ગના હિસ્સેદારોને કંઇને કંઈ હિસ્સો હમેશાં મળે છે. કંઈ ફરજન ન હોય, અથવા છોકરાને કંઇ ફરજન ન હોય ત્યારે, ધણીને ½ હિસ્સો મળે છે. ફરજન હોય તો અથવા છોકરાનું ફરજન હોય તો ¼. કંઇ ફરજન ન હોય; અથવા છોકરાનું કંઈ ફરજન ન હોય તો, ધણીયાણીને ¼ હિસ્સો, જો ફરજન હોય તો ⅛. એકથી વધારે બાયડીઓ હોય તો તેમના હિસ્સામાંથી સરખે ભાગે વેંહેંચી આપવામાં આવે છે.

મુસલમાનોમાં સુની અને શીઆ એવા બે પંથ છે. એ બે પંથના લોકોમાં વારસાની બાબતમાં ઘણો ફેર છે. ખોજાઓ, શીઆ પંથી છે. વારસાની બાબતમાં હિંદુના રીવાજો લાગુ પડે છે. મિલકતની વ્યવસ્થા કરવામાં, શીઆ પંથના કાયદા પ્રમાણે ચાલે છે. કચ્છી મેમણને વારસાની બાબતમાં હિંદુ શાસ્ત્ર લાગુ પડે છે. લગ્નની બાબતમાં ખોજા તથા મેમણને મુસલમાની શાસ્ત્ર લાગુ પડે છે. વોહોરાઓને શીયાનો કાયદો લાગુ પડે છે. ગુજરાતના સુની વોહોરાઓને તથા ભરૂચ જીલ્લાના મોલેસલામ ગરાસીઆઓને વતન અને વારસાની બાબતમાં હિંદુ શાસ્ત્ર લાગુ પડે છે. બાઈ બાઇજી વિ. બાઈ સંતોક, સને ૧૮૯૪. ૨૦ મું. ૫૩; ફત્તેહસીંહજી વિ. હરીસીંગજી ૨૦ મું. ૧૮૧.

" સફીલદારી બાબત "—સફીલદારીને ગુજરાતીમાં અગ્રક્રીઆધિકાર અને અંગ્રેજીમાં (Pre-emption) પ્રીએમ્પશન કહે છે. સફીલદારી એટલે પાડોસીનો અથવા ભીલ્લુનો હક. અગ્રક્રીઆધિકાર (અગ્ર=પેહેલો, ક્રીઆ=ખરીદ કરવું; અધિકાર=હક) એટલે કોઈપણ વસ્તુ ખરીદ કરવાનો પેહેલો હક.

(૧) વેચાણ થયલી મિલકતનો ભાગદાર; (૨) વેચાણ થયલી મિલકત ઉપરનો કાંઈપણ બોજો, જે બીજા સખસની મીલકત ઊપર હોય તે સખસ, અને (૩) પાડોશી, એટલા સખસો સફીલદારીનો દાવો લાવી શકે. પાડોશી અથવા હકદાર પાડોશની મિલકતનો અથવા તેજ મિલતકનો અંશતઃમાલીક હોવો જોઇએ. ગીરોદાર અથવા ગણોતીઆ કે ભાડુતને આ હક પોંહોંચતો નથી.

પાડોશની અથવા ભાગીઆ સ્થાવર મિલકત વેચાણ થતી હોય ત્યારેજ આવો હક ઉત્પન્ન થાય છે. મોટી જમીનદારીઓને આ હક લાગુ પડતો નથી.

આવા હકનો દાવો ફતેહમંદીથી લાવી શકાય એટલા માટે નીચે મુજબની તજવીજ અગાઉથી રાખવી જોઈએ:—

(૧) સ્થાવર મિલકત વેચાણ થયાની ખબર પડતાં સફીલદારે બે માણસની રૂબરૂ બોલવું જોઇએ કે વેચાણ થયલી મિલકત ખરીદવાનો પ્રથમ હક મારો છે, અને તે હક ભોગવવા હું ખુશી છું. (૨) વેચાણ આપનારને ઘેર, અથવા વેચાણ રાખનારને ઘેર તુરત જવું અને બે સાક્ષીઓની રૂબરૂ કહેવું કે આ વેચાણ થએલી મિલકત ખરીદ કરવાનો પેહેલો હક મારો છે માટે તે જેટલી કીમતે વેચાઈ હોય તેટલી કીમત આપી હું રાખવા તૈયાર છું. મિલકત વેચાણ રાખનાર તેટલી કીમત લઈ તે મિલકત ન આપે તો, એક વરસની મુદતની અંદર યોગ્ય દીવાની કોર્ટમાં દાવો કરવો જોઈએ.

વેચાણ થએલી બધી—આખી મિલકત ઊપર સફીલનો હક પોંહોંચે છે. અમુક ભાગ ઉપર એ હક પોંહોંચતો નથી. વેચાણ થએલી મિલકતનો અમુક ભાગજ માત્ર સફીલદાર લેવા માગે તો તે ચાલે નહીં.

આ હક ખાશ મુસલમાન લોકોને માટે છે. પરંતુ હિંદુઓમાં જો આવો હક ભોગવવાનો રિવાજ પડી ગયો હોય તો તેઓ પણ ભોગવી શકે છે. ગુજરાતમાં આવો રિવાજ જોવામાં આવે છે.

અપકૃત્ય શાસ્ત્ર. (Tort.)

અપકૃત્યનો અર્થ=(અપ+કૃત્ય) અપ એટલે નઠારૂં અથવા ખોટું અને કૃત્ય એટલે કામ—નઠારૂં કામ; જે કૃત્ય નહીં કરવા જેવું છતાં તે કરવામાં આવે અથવા કરવા જેવું તે ન કરવામાં આવે તે કૃત્ય.

"અપકૃત્યની વ્યાખ્યા"—કાયદા વિરૂધ્ધ કંઈ કૃત્ય કરવાથી અથવા કાયદાસર જે કૃત્ય કરવાને બંધાયલો હોય તે ન કરવાથી જો બીજાના સ્થાપિત હકકોનુ ઉલ્લંઘન થાય, અથવા બીજાને નુકશાન થાય તો તેવું કૃત્ય કરનાર અથવા ન કરનાર પોતાની વર્તણુકનું જે સ્વાભાવિક અને કાયદાસર પરિણામ થાય તેને માટે જવાબદાર છે. એવી જવાબદારી જે કૃત્ય કરવાથી અથવા ન કરવાથી ઉત્પન્ન થાય તે કૃત્ય અથવા કસુર "અપ કૃત્ય" કહેવાય છે.

ટુંકામાં:—બની મીલકત, શરીર, સ્વતંત્રતા અને આબરૂના હકનું ઉલ્લંઘન અ કરે તો તે અપકૃત્ય કહેવાય.

"મુળતત્વ"—અપકૃત્યના કાયદાનો મુળતત્વ એ છે કે બીજાના હકનું ઉલ્લંઘન કરવામાં, બધા સખ્સો પોતાના કૃત્ય અને કસુરથી નિપજતા સ્વાભાવિક અને કાયદેસર પરિણામને માટે જવાબદાર છે.

અપકૃત્યમાં બે વસ્તુ હોય છે. (૧) ઈજા, (૨) નુકસાન; ઈજા હમેશાં થયેલી હોવીજ જોઈએ, અને નુકસાન ઘણુંકરીને હાજરજ હોય, પણ કોઈ કોઈ પ્રસંગે અવશ્ય થયેલું હોવું જોઈએ. ઈજા વગર, ફકત નુકશાન માટે દાવો ચાલી શકતો નથી; પરંતુ નુકશાન વગર, ફકત ઈજા માટે દાવો ચાલી શકે છે, કારણ જો કે પૈસાનું નુકશાન થયું ન હોય તોપણ "ઈજા" શબ્દ "નુકશાન"નો ભાવાર્થ બતાવે છે. કંઈ હકનું ઉલ્લઘંન થાય તો કાયદો "નુકશાન"નું અનુમાન કરી લે છે.

"ફોજદારી ગુન્હા અને અપકૃત્યમાં ભેદ"—ફોજદારી ગુન્હામાં ગેરકાયદે કૃત્ય, અને **સાર્વજનિક નુકસાન** હોય છે. અપકૃત્યમાં ગેરકાયદે કૃત્ય અને **ખાનગી** એટલે અમુક સખસ ઈયા સખસોને નુકસાન થયલું હોય છે. ફોજદારી ગુન્હાથી જનસમુહને હાની પહોંચે છે, અને સંસારની વ્યવસ્થામાં ભંગાણ પડે છે તેથી એવા ગુન્હા આખી પ્રજા વિરૂધ્ધ ગણવામાં આવે છે. એવા ગુન્હાને સાર્વજાનિક

આ વિષયમાં જે નિયમો અને દ્રષ્ટાંતો આપ્યાં છે તે ઘણુંકરી મે૦ કોલેટ સાહેબના ટોર્ટ ઉપરથી તેમજ મી૦ કેશવલાલ મોતીલાલ વકીલની બુક ઉપરથી લીધેલા છે, માટે તેમનો આભાર માનવામાં આવે છે.

અપરાધ પણ કહે છે. સઘળી પ્રજાને નુકસાન ભરી અપાતું નથી તેથી ગુન્હાનો અટકાવ થાય એવી શિક્ષા પીનલ કોડથી ઠરાવવામાં આવેલી છે. અપકૃત્યના કામમાં દીવાની કોર્ટથી ફક્ત નુકસાન અપાવવામાં આવે છે. ગુન્હામાં જ્યારે કોઈ માણસને વિશેષ રીતે ખાનગી નુકશાન થાય છે, ત્યારે તે ગુન્હો અને અપકૃત્ય બેહુ થાય છે એટલે એવા કામમાં ફોજદારી તથા દીવાની બેહુ ઈલાજો લેવાને હરકત નથી. ચોરી, વ્યથા તથા લોકાપકારક કૃત્યમાં બેહુ ઈલાજ લઈ શકાય છે.

અપકૃત્યનો સામાન્ય નિયમ એવો છે કે તે કરનારનો ઇરાદો કે હેતુ જોવામાં આવતો નથી, ફક્ત પરિણામ ઉપરથી તેનું અનુમાન કરવામાં આવે છે.

નુકસાની મેળવવાના દીવાની દાવા ઘણુંકરીને બે પ્રકારના હોય છે.

૧ કરાર તોડવાથી ઉત્પન્ન થતા દાવા

૨ અપકૃત્યથી ઉત્પન્ન થતા દાવા. આવા દાવાઓ માત્ર કરાર તોડવાથી ઉત્પન્ન થતા નથી, પરંતુ કોઈએ કોઈને ઈજા નહીં કરવી એ એક નિતીનો ધોરી નિયમ છે તે તોડવાથી ઉત્પન્ન થાય છે. આવા અપકૃત્યને અંગ્રેજીમાં " ટોર્ટ " કહે છે.

"કરાર અને અપકૃત્યમાં ભેદ"—" કરાર " અને " અપકૃત્ય " એ બેમાં કાંઈ બહુ અગત્યનો ભેદ નથી. જે કામમાં સ્પષ્ટ વચન આપ્યું હોય અને તે ઉપરથી કાયદેસર જવાબદારી ઉત્પન્ન થતી હોય, તો તેવા કામમાં કરાર તોડવાનો દાવો કરવો જોઈએ.

પરંતુ જે કામમાં આપેલી હકીકત ઉપરથી અમુક કામ કરવાને દુનીઆદારીના સર્વ માન્ય નિયમો કે વિશેષ કાયદાથી ફરજ ઉત્પન્ન થાય છે, તેવા કામમાં અપકૃત્યનો દાવો કરવો જોઈએ—" કરાર "માં વચન સ્પષ્ટ આપેલું હોય છે. " અપકૃત્ય "માં વચન ન પણ હોય અને હોય તો ગર્ભિત હોય છે.

સગીર કરાર કરવાને કરારના કાયદાની કલમ ૧૧થી નાલાયક છે અને તેમ છતાં કરાર કર્યો હોય તો તે જવાબદાર થતો નથી. અપકૃત્ય જેવા કે હુમલો, આબરૂ વિરૂધ્ધ લખાણ, માટે સગીર નુકસાન આપવાને જવાબદાર થાય છે.

અપકૃત્યના તેના જાતી ગુણ મુજબ ત્રણ વર્ગ નીચે પ્રમાણે:—

પહેલો વર્ગ.—જે કૃત્ય કે કસુરથી કાયદેસર (સ્થાપીત) હકનું ઉલ્લંઘન થાય તેવાં કૃત્ય કે કસુર.

બીજો વર્ગ.—સાર્વજનિક ફરજ અદા કરવામાં કસુરથી ઉત્પન્ન થતાં અપકૃત્ય; કસુરથી વિશેષ નુકશાન થયલું હોવું જોઈએ.

ત્રીજો વર્ગ.—ખાનગી ફરજ અદા કરવામાં કસુરથી ઉત્પન્ન થતાં અપકૃત્ય; આ વર્ગમાં વિશેષ નુકશાનની જરૂર નથી. કાયદો નુકશાનનું અનુમાન કરી લે છે.

પહેલા વર્ગના અપકૃત્ય.

૧. "શારિરિક અપકૃત્ય"—જેવા કે હુમલો, માર. દાખલા તરીકે (૧) બીજાના ઉપર પથર લાકડી અથવા બીજું કંઇ હથીઆર ફેંકવું. (૨) કોઈના ઉપર પાણી રેડવું, ધુળ નાંખવી (૩) કોઈના ઉપર થુકવું. પરંતુ નિશાળીઓ, ઉમેદવાર અને નાની ઉમરના છોકરાને સુધારવાના હેતુથી સાધારણ શિક્ષા કરવામાં આવે તે અપકૃત્ય નથી, જેમ કે નિશાળીઆને મહેતાજી ધોલ મારે ઇઆ ધીમેથી સોટી મારે તે અપકૃત્ય નથી.

"મનુષ્યવધ અપકૃત્ય છે"—જ્યારે કોઈ સખસ અથવા કંપનીની ગફ્લતથી કસુરથી કે ગેરકાયદે કૃત્યથી બીજા સખસનું ખુન નિપજ્યું હોય તો મરનારની સ્ત્રી, ધણી, મા અગર બાપ અને છોકરાં નુકસાનીનો દાવો લાવી શકે છે, પરંતુ જે ઈજાથી મૃત્યુ થયું તે ઈજા એવી હોવી જોઇએ કે તેને માટે મરનાર જીવતો હોય તો પોતે દાવો લાવી શકે. મૃત્યુ થયા પછી બાર માસમાં દાવો થવો જોઈએ. (સને ૧૮૫૫નો આકટ. ૧૩. કલમ ૧).

૨. "ગેરકાયદે કેદ કે અટકાવ અથવા પકડવું"—જેમ કે વારંટ વીના કોઈ માણસને અટકાવમાં રાખવો; સરીઆમ રસ્તામાં કોઈ માણસને બળ વાપરીને રોકવો; વારંટ પાસે રાખ્યા શિવાય પકડે અથવા પકડયા પછી વારંટ માગ્યા છતાં બતાવે નહીં, તો તે પકડનાર જવાબદાર થાય. क ને બદલે अ ને કોઈ માણસ તે क છે એમ કહી પકડાવે તો તે પકડાવનાર જવાબદાર થાય. કોઈ મેજીસ્ટ્રેટ કારકુન પાસે જુબાનીઓ લેવરાવે અને તે જુબાનીઓને આધારે આરોપીને તકસીરવાન ઠરાવે તો તે મેજીસ્ટ્રેટ જવાબદાર થશે. અધિકારની રૂયે કરેલું કામ અપકૃત્ય નથી, પરંતુ તે કામ શુધ્ધબુધ્ધિથી કરેલું હોવું જોઈએ. યોગ્ય અક્કલ, સંભાળ અને સાવચેતીથી ચાલવું એ શુધ્ધબુધિ કહેવાય. યોગ્ય સંભાળથી જડજ, મેજીસ્ટ્રેટ કે કલેકટર કંઈ કામ કરે તો તેના ઉપર દિવાની રાહે ઈલાજ ચાલી શકતો નથી. સને ૧૮૫૦ના આકટ ૧૮થી તેમનું રક્ષણ થાય છે.

૩. "દ્વેષપુર્વક અપરાધી ઠરાવવું."—શુધ્ધબુધ્ધિ છતાં માત્ર ભુલ થઈ હોય તો જડજ (ઈનસાફ કરનાર) જવાબદાર થતો નથી.

૪. "દ્વેષપુર્વક પકડવું."—આ અપકૃત્યમાં ઈરાદો કે હેતુ અવશ્ય હોવો જોઈએ. દ્વેષ બે પ્રકારના હોય છે. (૧) કાયદાપુર્વક અને (૨) વાસ્તવિક દ્વેષ. પહેલામાં ગેરકાયદે કૃત્ય ઈરાદાપુર્વક, વાજબી કારણ કે બહાના વિના કરવામાં આવે છે. બીજામાં પોતાની જાતની ઈર્ષા હોય છે.

૫ "આબરૂ વિરૂધ્ધ લખાણ." (Libel) કોઈ અસત્ય અને આબરૂ જાય એવો મજકુર છાપીને, લખીને, ચિન્હ કરીને, કે છબી ચીતરીને પ્રસિધ્ધ કરવામાં આવે, અને તેથી તેના ઉપર ધિક્કાર કે કંટાળો ઉત્પન્ન થાય, અથવા લોકોમાં હાંસી થાય એવું કાંઈ કૃત્ય.

જે શબ્દો નુકસાનકારક હોય તે શબ્દો દાવા અરજીમાં બતાવવા જોઇએ. લખાણ દ્વેષપુર્વક કરેલું સાબીત થવું જોઈએ. પ્રસિધ્ધ કરનાર કંઈ લખાણ પોતાના હાથમાંથી બીજાને આપે, અને તે ઉપરથી પોતાની સત્તા ખુએ એટલે પ્રસિધ્ધિ થઈ કહેવાય.

૬ "નિંદા" (Slander) જેમકે મોઢેથી ગાળ દેવી, કોઈની આબરૂને હાની કારક શબ્દો બોલવા—વાસ્તવિક નુકશાન થયું હોય તો જવાબદારી ઉત્પન્ન થાય છે.

દ્રષ્ટાંત—કોઇને "તું ચોર છે", "ધુતારો છે", "અનીતિવાન છે" એમ કહેવાથી જવાબદારી ઉત્પન્ન થતી નથી, પરંતુ નીચેને પ્રસંગે જવાબદારી ઉત્પન્ન થાય છે:—અમુક ચોરી કરનાર ફલાણો માણસ છે. ફલાણો વેપારી જુઠાં કાટલાં કે ગજ રાખે છે. કોઇ અમુક વૈદ "ઉંટ વૈદ" છે. કોઇ અમુક બારીસ્ટર અગર વકીલે પોતાના અસીલને ઠગ્યા છે; કોઇ ધર્માચાર્ય અનીતિવાન છે; કોઇ અમુક સરકારી નોકર લાંચીઓ છે; ઉપર મુજબના બોલવાથી કે કહેવાથી જવાબદારી ઉત્પન્ન થાય છે.

૭. "સાર્વજનિક હોદ્દાને માટે ચુંટણી વખતે મત આપવાનો અધિકાર".

૮. "એવા હોદ્દાને માટે ચુંટણીમાં ઉમેદવાર થવાનો હક્ક".

જો મત લેનાર અધિકારી દ્વેષપૂર્વક એમાંના (૭ તથા ૮) કોઈપણ હકનું ઉલંઘન કરે તો તે જવાબદાર થાય છે,

૯. "હોદ્દા કે પદવીના હકનું ઉલંઘન," જેમકે ગામ જોશી, ગ્રામોપાધ્યાય, કુળ ગુરૂ, કુળ સુકલ આદીના લાગાઓ, જે કોઈ બીજો સખસ કામ કરીને લઈ જાય, તેના ઉપર ગામ જોશી વીગેરેનો દાવો ચાલશે. માત્ર નુકસાનીનો દાવો ચાલે, પરંતુ તાકીદ આપી કામ કરતા રોકવાનો દાવો ચાલતો નથી. કારણકે કોઈની મરજી વિરૂધ્ધ અમુક સખસ પાસેજ કામ કરાવવું એવી ફરજ પાડી શકાતી નથી.

૧૦. "વિરૂદ્ધ કબજો." अ એક જમીનના ટુકડાનો હકદાર માલીક છે, પરંતુ તે જમીન બાર વર્ષ ઉપરાંત ब ના કબજા વહીવટમાં આવી હોય અને, अ ને કંઈ પણ ભાડું બાર વર્ષ સુધીમાં ब એ આપ્યું ન હોય તો ब વિરૂધ્ધ કબજાના હકથી તે જમીનનો માલીક થઈ જાય છે. માટે હકદાર માલીકનો કબજો તુટે કે કબજો તોડવાની તારીખથી બાર વર્ષની મુદતમાં હકદાર માલીકે દાવો કરવો જોઈએ. દાવાદારે પોતાના હકના લેખ ઉપર આધાર રાખવો જોઇએ; પ્રતિવાદીના હકના નબળાપણા ઉપર આધાર રાખવો નહીં.

ભાડુત પાસેથી કબજો લેવાનો દાવો કરવામાં આવે ત્યારે વાદીને માલકી હક સાબીત કરવાની જરૂર નથી; કેમકે ભાડે આપનારનો માલકી હક ન હતો એવી ભાડુત તકરાર ઉઠાવી શકતો નથી.

૧૧. "ગૈરકાયદે પ્રવેશ." માત્ર કબજાના હકના ઉલંઘનથી થાય છે.

દ્રષ્ટાંત—(अ) કબજેદાર ગેરહાજર હોય ને કોઇ સખસ તેની જમીનનો કબજો કરી બેસે, ને તે વાતની કબજેદારને ખબર ન પડે ત્યાં સુધી (નવા માણસનો) પ્રવેશ કરનારનો કબજો ગણાતો નથી. કેમકે કબજેદારને ખબર થતાં સુધી તેના હકને બાધ આવતો નથી.

(ब) ગેરકાયદે ઘુસી જનારનો કબજો ગણાતો નથી, કારણ ખરો કબજેદાર તેને ખસેડી શકે છે. પરંતુ ખરો કબજેદાર સુસ્ત થઈને બેશી રહે તો પછી કાયદેસર ઈલાજ લીધા શીવાય તે પ્રવેશ કરનારને ખસેડી શકતો નથી.

(क) કોઈ સખસે ગેરકાયદે પ્રવેશ કરેલો હોય, ને પછી ખરો હકદાર પ્રવેશ કરે, તો તે ખરો કબજેદાર ગણાય છે, ને ગેરકાયદે પ્રવેશ કરનાર પોતાનો કબજો રાખી રહે તો તેની વિરૂધ્ધ તે દાવો લાવી શકે છે.

"કબજો એટલે શું"—જે સખસના વહીવટમાં જમીન હોય અને તેની તાતકાલિક વ્યવસ્થા કરવાની તેને સત્તા હોય, અને તેથી બીજાના અધિકારને પ્રતિબંધ થતો હોય, તો તે જમીન તે સખસના કબજામાં છે એમ કહેવાય છે.

"દરીયા કિનારાની જમીન"—દરીયા કિનારાની હદ (સાધારણ ભરતીની હદ)ની પાસેની કબજો કર્યા વગરની જે પડતર જમીન હોય, તે નજીકની જમીનવાળાની માલકીની ગણાય છે, તેથી અપકૃત્યનો દાવો તે લાવી શકે.

કોઈ સખસ પોતાની માલકીની જમીન, સાર્વજનિક સરીઆમ રસ્તો કરવાને આપે, તો તે રસ્તા ઊપરનો તેનો માલકી હક જતો નથી, ને એ રસ્તાને કોઈ અપકૃત્ય કરે તો તે દાવો લાવી શકે છે.

"નદીનું તળીયું"—ન્હાની નદી જેમાં ભરતી આવતી ન હોય અને વહાણુ ફરી શકતું ન હોય, તેવી નદી જો બે જમીનદારોની જમીન વચ્ચે થઈને જતી હોય તો તેનું તળીયું બન્નેની નીમો નીમ માલકીનું છે. પરંતુ જે નદીમાં ભરતી આવતી હોય અને વહાણુ ફરી શકતું હોય તે નદીના તળીઆના માલીક સરકાર છે.

"હદની ભીંત તથા વાડ-ઝાડો"—હદની ભીંત અથવા બે જમીન વચ્ચેની દીવાલ જેની જમીન ઉપર બાંધેલી હોય તેની માલકીની ગણાય છે. જો બન્ને પાડોશીઓની જમીન ઊપર બાંધી હોય, તો તે બન્નેની માલકીની હોવાનું અનુમાન થાય છે. તેમાંનો એક તેને નુકસાન કરે તો બીજો તેના ઊપર દાવો લાવી શકે છે. તેજ પ્રમાણે ખેતરોના હદની વાડ પણ એકની કે બન્નેની માલકીની હોઇ શકે. વાડમાં જે ઝાડો હોય તેપણ જેની માલકીની વાડ હોય તેની માલકીના ગણાય છે. એક પાડોશીના ઝાડના મૂળ બીજા પાડોશીની જમીનમાં જાય તો એ મૂળ તે કાઢી નાંખી શકે છે. એક પાડોશીના ઝાડની ડાળીઓ બીજા પાડોશીની જમીનમાં પડી બોજમ લગાડે તો એ ડાળીઓ તે કાપવાને સુખ ત્યાર છે; પરંતુ વીસ વરસ ઊપરાંતથી ડાળીઓ પડતી હશે તો તે કપાવી શકશે નહીં.

ચાલુ પ્રવેશ હોય તો તે અટકાવવાને તાકીદ હુકમ મેળવવાનો દાવો લાવી શકાય છે. પથરના ઢગલા કરવા, થાભલાં દાટવાં, લોઢાની પાટી જડવી એવા કૃત્યથી ચાલુ ગેરકાયદે પ્રવેશ થાય છે.

સહ કબજેદારોમાંનો એક જમીનમાંથી માટી ખોદી જાય, તો તેના ઉપર બીજો ગેરકાયદે પ્રવેશનો દાવો લાવી શકે છે.

મજીઆરી જમીનમાં બીજા ભાગદારોની સમ્મતી વિના એક ભાગદાર ઘર બાંધે તો અસલ સ્થિતિમાં તે જમીન રાખવાનો દાવો બીજો ભાગદાર કરી શકે છે.

મિલકતને કાયમનું નુકસાન થયું હોય તો માલીક હકદાર દાવો લાવી શકે છે. પરવાનગીથી પ્રવેશ કરવામાં આવે તો દાવો ચાલે નહીં.

નીચેના દ્રષ્ટાંતોમાં પ્રવેશ માટે કાયદાસર પરવાનગી છે.

अ. લેણા પૈસાની ઊઘરાણી સારૂ અથવા દેવા પૈસા આપવા સારૂ.

ब. મૂળ માલીકને, ભાડુત મીલકતને નુકસાન કરતો હોય તો જોવા સારૂ.

क. મૂળ માલીકને, ભાડાની મુદત પુરી થયા પછી.

ड. ઊપદ્રવ ઓછો કરવાને.

इ. ભારે ગુન્હો અટકાવવાને.

फ. ભયમાંથી જીવનું જોખમ અટકાવવાને.

ह. પાડોશીના ખેતરમાં ઝાડ ઊથલી પડે તો તે લેવાને.

૧૨. "માલકી હકની નીંદા"—મીલકતમાંના બીજાના હકને નુકસાનકારક જુઠી અને દ્વેષ ભરેલી બીના પ્રસિધ્ધ કરવી.

૧૩. "ટ્રેડમાર્કના હકનું ઉલંઘન"—અમુક ચીન્હ કે નિશાનવાળો માલ અ નો બનાવેલો છે એવી શાખ બંધાઈ ગઈ હોય, અને બ તેવું ચીન્હ કે નિશાન, પોતાનો માલ અ નો બનાવેલો છે એમ જાણી લોકો લે એવા હેતુથી વાપરે ત્યારે બ એ અ ના હકનું ઉલંઘન કર્યું કહેવાય.

૧૪. "ગ્રંથ સ્વામિત્વના હકનું ઉલંઘન"—સને ૧૮૪૭ના ૨૦માં આકટ મુજબ ગ્રંથકર્તા અથવા પ્રસિદ્ધ કરતાનેજ અમુક મુદત સુધી પોતાના ગ્રંથની નકલો છપાવવાનો, અને વેચવાનો હક મળે છે, તે હક. એ હકનું ઉલંઘન નકલ કરવાથી, તથા તત્વ કાઢી લઈ બીજો ગ્રંથ બનાવી મુળ ગ્રંથ નકામો પડી જવાથી—પુસ્તકનું નામ તેજ પાડવાથી—થાય છે.

૧૫. "નવી શોધના હકનું ઉલંઘન"—પોતે કરેલી શોધ અમુક મુદત સુધી વાપરવાનો હક સન ૧૮૫૯ના ૧૫માં આકટથી મલે છે. તે હકનું ઉલંઘન તે શોધની નકલ કરવાથી, તેને મળતી શોધ કરવાથી, અથવા તે શોધનું જે ધોરણ હોય તેનો ઉપયોગ કરવાથી થાય છે.

૧૬ "ખાનગી કાગળ પત્રોના સ્વામિત્વના હકનું ઉલંઘન"—ગ્રંથ જ્યાં સુધી પ્રસિધ્ધ થયો ન હોય ત્યાં સુધી તેની માલકી ગ્રંથ લખનારની છે, અને તે પોતાના ઉપયોગ સારૂ રાખી મુકવો કે બીજાને બતાવવો એ તેની મરજીની વાત છે, તેથી લેખી ગ્રંથો માલીકની પરવાનગી વગર પ્રસિધ્ધ કરવાથી અપકૃત્ય થાય છે. કોઈના ઉપર ખાનગી પત્ર લખ્યો હોય તે પણ લખનારની માલકીનો ગણાય છે. જેના ઉપર લખ્યો હોય તેને તે પ્રસિદ્ધ કરવાની છુટ નથી પ્રસિધ્ધ કરવાથી અપકૃત્ય થાય છે.

૧૭. "નામના સ્વામિત્વ હકનું ઉલંઘન"—અમુક પુસ્તક એક પ્રખ્યાત ગ્રંથકારનું બનાવેલું ન છતાં, તે તેનું બનાવેલું છે એમ કહી કોઇ વેચે તો તે વેચનાર અપકૃત્ય કરે છે. કોઇ આબરૂદાર અને પૈસાદાર ગ્રહસ્થ અમુક કંપનીનો ડાયરેકટર ન છતાં તે ડાયરેકટર છે એમ પ્રસિધ્ધ કરવાથી અપકૃત્ય થાય છે.

૧૮. "સંબંધથી પ્રાપ્ત થયેલાં હકોનું ઉલંઘન"—

દ્રષ્ટાંત—(૧) અ ને બ ની વચમાં કરાર થયેલો છે. क દ્વેષ પુર્વક બ ને સમજાવી કરાર તોડાવે ને તેથી અ ને નુકશાન થાય તો क અપકૃત્ય કરે છે.

(૨) અ જાણી જોઇને અને ઇરાદા પુર્વક બ ચાકરને નસાડી મુકીને અથવા પોતે રાખીને શેઠ અને ચાકરના સંબંધમાં ભંગાણ પાડે અને તેથી શેઠને નુકશાન થાય તો, અ જવાબદાર થાય છે.

૧૯. " પારકા માલનો બીગાડ અથવા ગેરઉપયોગ "—કોઈના કુતરા, ઢોર વીગેરે પાળેલાં જાનવરોને માર મારવાથી આ અપકૃત્ય થાય છે. દુધમાં પાણી ભેળવામાં આવે તો અપકૃત્ય થાય છે.

૨૦ " દ્વેષ પુર્વક ફોજદારી ફરીઆદ "—માત્ર લેણું વસુલ કરવાના ઈરાદાથી કંઈપણ, વાજબી કારણ શિવાય, ફોજદારી ફરીઆદ કરવી એ અપકૃત્ય છે; પરંતુ ખરા ગુન્હેગારની વિરૂધ્ધ ફરીઆદ સ્પષ્ટ દ્વેષથી કર્યા છતાં તે અપકૃત્ય નથી.

બીજા વર્ગના અપકૃત્ય.

વિશેષ નુકશાન થાય એવી જનસમુહ પ્રત્યે ફરજનું ઊલંઘન.

૧. સાર્વજનિક રસ્તાના ઊપભોગમાં કસુર થવાથી થતાં અપકૃત્ય.

૨. પ્રાણી, જંગલી અથવા પાળેલાં, રાખવામાં કસુર કરવાથી અપકૃત્ય થાય છે. જેમકે, કોઈ માણસ કરડકણો કુતરો પોતાના ઘરના આવવાના રસ્તામાં એવી રીતે રાખે કે ત્યાં દીવસના કાયદેસર કામ સારૂ આવનારને તે કરડે, તો તે કુતરાનો માલિક જવાબદાર થાય છે. પરંતુ માલીક પોતાના મકાનના રક્ષણ સારૂ રાત્રીએ પોતાના મકાનમાં કુતરાને છુટો મુકવાને મુખત્યાર છે.

૩. સ્થાવર મિલકતના ઉપભોગમાં કસુર થવાથી થતાં અપકૃત્યઃ—જમીનના માલીકે તે એવી રીતે વાપરવી કે તેથી બીજાને નુકશાન ન થાય, એવો ન્યાયશાસ્ત્રનો ધોરી નીયમ છે.

દ્રષ્ટાંત—अ પોતાની જમીનમાં ગંદકીનું પાણી ભરી મુકે, ને તેથી પડોશીની આરોગ્યતાને હાની પહોંચે તો अ જવાબદાર થાય છે.

क જો પોતાની જમીનમાં પાડોશીને ઇજા થાય એવો ધંધો ચલાવે અને તેથી ઇજા થાય, તો क જવાબદાર થાય છે.

ब નું ઘર પડવા સરખું છે, તે જાણ્યા છતાં ब તે ભાડે આપે છે અને अ તે જાણ્યા છતાં ભાડે રાખે છે. ઘર પડી જાય છે અને क ને વાગે છે તો ब અને अ બન્ને જવાબદાર થાય છે.

૪. વિશેષ કાયદાથી ઊત્પન્ન થતી સાર્વજનિક ફરજ અદા કરવામાં કસુરથી થતાં અપકૃત્ય-રેલ્વે, ટેલીગ્રાફ, પોસ્ટના કાયદા તથા મ્યુનીસીપાલીટી અને લોકલ બોર્ડના આકટો જોવાથી ફરજો અને જવાબદારી માલુમ પડી આવશે.

૫. સાર્વજનિક ઊપદ્રવ.

દ્રષ્ટાંત—સાર્વજનિક રસ્તા ઉપર કોઇ કારખાનામાંથી ઉપદ્રવકારક ધુમાડો કાઢવો, સાર્વજનિક રસ્તામાં ખાઇ ખોદવી; વહાણોની આવજા કરી શકે એવી સાર્વજનિક નદીમાં વહાણ આડું રાખી અટકાવ કરવો.

ઊપદ્રવ એટલે શું? કોઇને દુઃખ થાય, અગવડ થાય કે નુકસાન થાય એવું કૃત્ય કરવું એ ઊપદ્રવ. ઊપદ્રવ બે પ્રકારના છે. (૧) સાર્વજનિક, (૨) ખાનગી. જેઓને સંબંધ હોય તેવા બધા લોકોને જે ઊપદ્રવથી નુકસાન થાય તે સાર્વજનિક ઊપદ્રવ કહેવાય છે. સાર્વજનિક ઊપદ્રવ સાર્વજનિક ફરજમાં કસુર કરવાથી થાય છે, અને ખાનગી ઊપદ્રવ ખાનગી ફરજમાં કસુર કરવાથી થાય છે. સાર્વજનિક ઊપદ્રવનો સામાન્ય ઈલાજ ફોજદારી ફરીઆદ છે, પરંતુ તેથી જો કોઈને વિશેષ નુકસાન થાય તો તેનો દિવાની દાવો પણ ચાલી શકે. ગમે તેટલી મુદતથી સાર્વજનિક ઊપદ્રવ જારૂ હોય, તે લાંબી મુદતના કારણથી કાયદેસર થઈ શકતો નથી.

૬. કબજે લેવાનો અધિકાર ગેરકાયદે વાપરવો—ઢોર અતિક્રમણ કરે અથવા નુકસાન કરે ત્યારે તેમને ડબામાં પુરવા અધિકાર આપવા બાબત સને ૧૮૭૧નો આકટ ૧ છે, તે અધિકાર ગેરકાયદે વાપરવામાં આવે તો અપકૃત્ય થયું કહેવાય. પોતાની જમીન ઊપર ચરતાં અથવા નુકસાન કરતાં ઢોરને પકડી ડબામાં લઈ જવાનો હક છે, પરંતુ તેને ઈજા કરવાનો કોઈને હક નથી. ઈજા કરે તો ઈજા કરનાર જવાબદાર થાય છે.

ત્રીજા વર્ગના અપકૃત્ય.

ખાનગી ફરજ અદા કરવામાં કસુર કરવાથી કોઇને વિશેષ નુકસાન થાય તે બાબત.

૧. ધંધાદારી માણસોની કસુરથી ઊત્પન્ન થતાં અપકૃત્ય–વૈદ તથા ડાકટર લોકોની પોતાના દરદીના સંબંધમાં યોગ્ય ચતુરાઈ વાપરવાની તથા યોગ્ય સંભાળ રાખવાની ફરજ છે, માટે એવા કોઈ ધંધાદારીની એવી ચતુરાઈ કે સંભાળના અભાવથી કે કસુરથી કોઇને નુકસાન થાય તો તણે અપકૃત્ય કર્યું કહેવાય.

૨. વાહનદારની કસુરથી ઉત્પન્ન થતાં અપકૃત્ય—ઉતારૂઓને માટે વાહન ભાડે ફેરવનારા અને તેમના નોકરો યોગ્ય ચતુરાઈવાળા હોવા જોઈએ. તેઓની ફરજ છે કે યોગ્ય સંભાળ, ખબરદારી અને અગમચેતી રાખવી. એ ફરજમાં કસુર કરવાથી ઉતારૂઓને નુકસાન થાય તો તેઓ જવાબદાર થાય છે. વાહનદારો ભાડુ આપનાર બધા ઉતારૂને જો તેમની ગાડીમાં જગા હોય તો, બેસાડવાને બંધાયલા છે પરંતુ શકવાળા માણસને બેસાડવાની ના કહેવાને મુખત્યાર છે.

૩. સંબંધના કારણથી ઉત્પન્ન થતી ખાનગી ફરજમાં કસુર થવાથી થયેલાં અપકૃત્ય—ચાકરોની સલામતી માટે તમામ વાજબી સાવચેતી રાખવાની શેઠની ફરજ છે તેમાં જો તે કસુર કરે અને તેથી જો ચાકરને ઈજા થાય તો શેઠ જવાબદાર થાય છે. Host and Guest (ઘર ધણી અને પરોણા, મેમાન) વચ્ચેનો સંબંધ પણ એવોજ છે. ગ્રહસ્થની ફરજ છે કે મેમાનની યોગ્ય સંભાળ રાખવી.

૪. હાનીકારક ખોરાક વેચવાથી ઉત્પન્ન થતાં અપકૃત્ય—વેપારી જો હાની-કારક ખોરાક વેચે અને તેથી કોઈ ગ્રાહકને ઈજા થાય તો વેપારી જવાબદાર થાય છે.

૫. ઠગાઈથી ઉત્પન્ન થતાં અપકૃત્ય—જેમકે અ કપટથી એક ભરેલી બંદુક બ વાપરવાનો છે એમ જાણ્યા છતાં, તે ભરેલી છે એવી માહીતી આપ્યા વગર બ ને વેચાણુ આપે; તે બંદુક ફુટી બ ના છોકરાને ઈજા થાય તો અ જવાબદાર થાય છે.

૬. કોઈપણુ ચીજ મફ્ત આપનારની કે ઉછીતી આપનારની, મફ્ત કે ઉછીતી આપેલી ચીજમાં કંઈ ખામી હોય તેની ખબર કરવાની ફરજ છે.

દ્રષ્ટાંત—અ એક ભરેલી બંદુક બ ને તે વીષેની ખબર આપ્યા શીવાય, મફ્ત આપે તો તેથી બ ને જો નુકસાન થાય તેને માટે અ જવાબદાર છે.

એક તોફાની ઘોડો તેની ખરાબ ટેવની ખબર કર્યા શીવાય અ ભાડે કે મફ્ત વાપરવા ક ને આપે, અને તે ઘોડો જો ઇજા કરે તો અ જવાબદાર થાય છે.

ગંધકના તેજાબ જેવો ભયંકર માલ, તે માલ ભયંકર છે એવી ખબર કર્યા શીવાય અ કોઇ બ મજુરને અમુક ઠેકાણે લઇ જવા આપે, અને રસ્તામાં તે માલનું વાસણુ ભાંગી જાય અને બ ના શરીરને ઇજા થાય તો માલ ધણી અ જવાબદાર છે.

૭. ખાનગી ઉપદ્રવ—કોઈ કૃત્ય એવું હોય કે તેથી માત્ર પાસે રહેના-રાઓને ઈજા થાય, પણુ દુર રહેનારાઓને બીલકુલ ઈજા ન થાય કે વખતે આનંદ ઉત્પન્ન થાય એવું કૃત્ય તે ખાનગી ઉપદ્રવ.

દ્રષ્ટાંત—ચુનાની ભઠીઓ કરવી, ચમારની કુંડીઓ કરવી, કુંભારનો નીભાડો બાળવો. જાજરૂ અથવા ખાળકુવા કરવાથી કોઇના રહેવાના ઘરમાં દુર્ગંધ પેસે ને તેથી તે ઘર રહેવાને ના લાયક થાય, રહેવાના ઘરની પાસે ઈંટો કે ચુનો બાળવામાં આવે તેનો ધુમાડો તેમાં પેસે ને તેથી તે ઘર રહેવાને ના લાયક થાય. ઘાંટા પાડીને ગાયન કરવું પાડોશીને ઉપદ્રવકારક છે. રાત્રે ઘર આગળ રણશીંગુ ફુકવું અથવા બીજો ઘોંઘાટ કરવો. ગાયન કરીને, દારૂખાનું ફોડીને ઘોંઘાટ કરતા લોકોનું ટોળું ભેગું કરવું.

વીસ વર્ષની મુદ્દત સુધી ઉપદ્રવ જારૂ રહ્યો હોય તો તે હક થાય છે. વીસ વર્ષની અંદરનો ઉપદ્રવ બંધ કરી શકાય છે.

૮. પાણીના હકનું ઉલંઘન—જેની જમીનમાં થઇને પાણી જતું હોય તેને તે પોતાના કોઈપણુ વાજબી ઉપયોગમાં લેવાનો હક છે, પરંતુ તેવોજ હક તેની ઉપરવાળા કે નીચેવાળાઓનો પણુ છે, તેને હરકત થાય એવી રીતે વાપરવાથી અપકૃત્ય થાય છે. પાણીમાં કોઇને માલકી હક નથી. જમીનના કબજા પ્રમાણે તે ઉપરના પાણીનો હક પ્રાપ્ત થાય છે.

૯. ટેકાના હકનું ઉલ્લંઘન—

દ્રષ્ટાંત—ક પોતાની જમીનમાં બ ની જમીનની એટલી નજીક ખાડો ખોદે કે બની જમીન તેમાં તુટી પડે, તો ક અપકૃત્ય કરે છે.

क પોતાની જમીનમાં પોતાના પાડોશી बની જમીનની છેક થડમાં એક કુવો ખોદે છે. ब પણ પોતાની જમીનમાં કુવો ખોદે છે, તેથી क ના કુવાનું પાણી સુકાઇ જાય છે. कનો ब ઉપર દાવો ચાલશે નહીં.

સપાટીનો માલીક જમીન ખેડાવે એ એનો વાજબી ધંધો કહેવાય, પરંતુ ખેડાણને માટે જરૂર હોય તે કરતાં અધીક ખેડીને તેમાં મોટાં બાકોરાં પાડે તો તે અપકૃત્ય કરે છે.

સપાટીનો માલીક સપાટી એટલી બધી ખસેડે કે નીચેની જમીનમાં પાણી ભરાઇ જાય તો તે અપકૃત્ય કરે છે. જ્યારે જમીનનો માલીક જમીનની સપાટીનો હક પોતે રાખી સપાટી નીચેની જમીન બીજાને આપે ત્યારે ઉપર લખેલાં બે અપકૃત્યો બને છે.

क ને એક બીજાના ટેકાની જરૂર પડે એવાં બે ઘર જોડાજોડ છે. क તેમાંથી એક ઘર ब ને વેચાણ આપે છે; બન્ને માલીકોને અરસપરસ ટેકાનો હક રહે છે.

સુચના—એક માણસ નબળું ઘર બાંધીને પાડોશીની ઈમારતના ટેકાનો હક મેળવી શકતો નથી, પરંતુ પાટડી, મોભ કે એવું બીજું કંઇ સાહિત્ય પાડોશીની દીવાલમાં ટેકા સારૂં મુકયું હોય તો યોગ્ય મુદતના ઉપભોગથી તે રાખવાનો હક પ્રાપ્ત થાય છે.

૧૦. ઉપભોગના હકનું ઉલંઘન.

દ્રષ્ટાંત—કોઇ મકાનના લાભ સારૂ હવા અથવા અજવાળાનો હક પ્રાપ્ત થાય તે તથા રસ્તા કે પાણીના વહનનો હક એ ભોગવટાના હક છે.

સુચના—જમીનની ઉપરની બાજુએથી હવા કે અજવાળું લેવાના જમીનના માલીકનો હક છે, પરંતુ પાડોશીની મિલકતમાં થઈને હવા કે અજવાળું લેવાનો હક ભોગવટાનો હક છે, અને તે યોગ્ય મુદતના ભોગવટાથી પ્રાપ્ત થાય છે. એવો હક પ્રાપ્ત થવા પછી તેનો વાસ્તવિક અટકાવ થાય એવી રીતે તે જમીન ઉપર ઈમારત બાંધી શકાય નહીં અથવા બીજું કંઈ કૃત્ય થઇ શકે નહીં.

ભોગવટાનો હક પ્રાપ્ત થવાના સાધનો.

(૧) આપવાથી (૨) કરારથી (૩) યોગ્ય મુદતના ઉપભોગથી (૪) કાયદાસર અનુમાનથી; એ અનુમાન બે રીતે ઉત્પન્ન થાય છે, (अ) અગત્યના કારણથી (ब) મિલકત છુટી પડવાના કારણથી.

(સુખાધિકાર બાબતનો આકટ. સને ૧૮૮૨નો ૫ મો, સને ૧૮૯૧ નો ૮ મો તથા ૧૨ મો, જુઓ.)

अ પોતાની જમીન ઉપર આવવાની ब ને રજા આપે એ માત્ર પરવાનગી (License) છે, અને તે હરકોઈ વખતે રદ કરી શકાય છે.

अ પોતાની જમીન ઉપર કંઈ કૃત્ય કરવાની, એટલે તે ઉપર આવી આરપાર પાણીનું વહન કાઢવાની, અથવા તે ઉપર થઇ જવાની ब ને રજા આપે તે આપેલો હક (Grant) છે. "પરવાનગી"થી કાંઈ લાભ પ્રાપ્ત થતો નથી, માલકી હક બદલાતો નથી, કંઈ ફેરફાર થતો નથી; ફાયદો એટલોજ કે "પરવાનગી"થી કરેલું કૃત્ય કાયદેસર ગણાય છે. "પરવાનગી" હરકોઈ વખતે રદ થઈ શકે છે. આપેલા હકથી હમેશાં કાંઇ લાભ પ્રાપ્ત થાય છે. એમાં "પરવાનગી"નો સમાસ થાય છે. "આપેલો હક" રદ થઈ શકતો નથી.

अ ને એક ખાનગી રસ્તા ઉપર થઇ જવાનો ભોગવટાનો હક પ્રાપ્ત થયો છે, તેથી તે રસ્તો દુરસ્ત રાખવાની તેની ફરજ છે. તે રસ્તો બગડે તો अ બાજુની જમીન ઉપર થઈ જઈ શકતો નથી, કેમકે તે તેણે દુરસ્ત રાખવો જોઈતો હતો.

સાર્વજનિક રસ્તો બગડે, તો લોકો પાસેની ગમે તે બાજુની જમીન ઉપર થઈ જઇ શકે છે, કારણકે તેમનો જવાનો હક ભોગવટાનો હક કહેવાતો નથી, ને તેઓની તે રસ્તો દુરસ્ત રાખવાની ફરજ નથી.

अ ના ખેતરમાં થઈ ब ને જવાની માત્ર પગથી છે તો ब થી તે રસ્તે ગાડી લઈ જઇ શકાય નહીં.

અમુક મુદતે કે અમુક મોસમમાં કે અમુક મેળાને દહાડે રસ્તો વાપરવાનો હક હોય, તો તેથી બીજી રીતે તે રસ્તો વાપરી શકાય નહીં.

ભોગવટાના હકના ઉલંઘન માટે નુકશાની લેવાનો તથા કાયમ તાકીદ માગવાનો કે એમાંથી ગમે તે પ્રકારનો દાવો લાવી શકાય છે.

૧૧. ચતુરાઈની ખામીથી ઉત્પન્ન થતાં અપકૃત્ય—એક સુથાર એક ઘર બાંધવાનું માથે રાખે તે બાંધવામાં એવી કસુર કરે, અથવા યોગ્ય સંભાળ કે ચતુરાઈ વાપરે નહીં, કે તેથી ઘર ભયંકર સ્થિતિનું થાય તો સુથાર જવાબદાર થાય છે.

૧૨. ભાડુતના અપકૃત્યનો "બીગાડ"માં સમાસ થાય છે. જેમકે—ભાડુત જો ઘરની એકાદ બારી બંધ કરે તો તે જવાબદાર થાય છે. ભાડુતની મિલકત અને ભાડે રાખેલી મીલકત જોડાજોડ હોય તો બન્નેની હદ જુદી જુદી રાખવી જોઈએ. ન રાખે તો ભાડુત જવાબદાર થાય છે.

૧૩. કસુરથી ઉત્પન્ન થતાં અપકૃત્ય—ન્યાય શાસ્ત્રનો ધોરી નિયમ છે કે દરેક માણુસે પોતાની મિલકત એવી રીતે વાપરવી કે ભોગવવી જોઈએ કે તેથી બીજા માણુસને કે બીજાની મિલકતને ઈજા થાય નહિ. દરેક માણુસને પોતાની મિલકત ઉપર પાણી કે અગ્ની રાખવાનો હક છે, પરંતુ તે હક ભોગવવામાં કસુર કરવાથી તે પાણી કે અગ્ની બીજાની મિલકતમાં પસરીને નુકસાન કરે તો તે કસુર કરનાર જવાબદાર થાય છે.

દ્રષ્ટાંત—(૧) क પોતાનું ઘર કસુરથી સળગાવે અને તે અગ્ની તેના પાડોશીના ઘરમાં પસરીને નુકસાન કરે તો क જવાબદાર થાય છે.

(૨) પવન ઘણો હોય તે જાણવા છતાં क ખેડુત પોતાના ખેતરમાં દેવતા સળગાવે અને તે દેવતા ઉડીને પાડોશીના ખેતરને નુકસાન કરે તો क જવાબદાર થાય છે.

(૩) क પોતાની જમીનમાં કાયદેસર અધિકાર વગર વરાળયંત્ર રાખે તેમાંથી તનખા ઉડી પાડોશીની મિલકતને નુકસાન થાય તો क જવાબદાર છે.

(૪) क પોતાની જમીનમાં દારૂખાનું રાખે, તે ફુટવાથી કે સળગી ઉઠવાથી ख ની મીલકતને નુકસાન થાય તો क જવાબદાર છે.

૧૪. નિક્ષેપના સંબંધના અપકૃત્ય બાબત—સને ૧૮૭૨ કરાર આકટની કલમ ૧૪૮થી ૧૮૧ જુઓ.

"અનામત ચીજો"—કંઇપણ બદલા શીવાય મુળ ઠરાવ પ્રમાણે જ્યારે જરૂર પડે ત્યારે નિક્ષેપતાને અથવા બીજા સખસને પાછી આપવા જે ચીજ રાખી હોય તે અનામત ચીજ કહેવાય છે.

"ઉછીતી ચીજ"—ઉછીતી લેનારે પોતાના ઉપયોગ સારૂ ચીજ માગી લીધી હોય, તેના ઉપયોગના બદલામાં કશું આપવાનું ન હોય, અને લીધેલી ચીજ પાછી આપવાની હોય ત્યારે તે ઉછીતી લીધેલી ચીજ કહેવાય છે.

"બદલો"—બદલો અને ઉછીતી ચીજમાં ફેર છે. બદલામાં વાપરવા આપેલી ચીજ વપરાઈ જાય એવી હોય છે, અને તે લેનાર તેની તે ચીજ પાછી આપતો નથી, પણ તેટલીજ કીંમતની બીજી ચીજ પાછી આપે છે.

"ઘરેણીઆ ચીજો"—દેવું આપવાની કે વચન પુર્ણ કરવાની જામીની સારૂ આપેલી ચીજ ઘરેણીઆ ચીજ કહેવાય છે. ઘરેણે મુકયા પછી તે માલ ઉપર મારો હક નથી એમ કહી, દેવું આપ્યા શીવાય તે માલ તે પાછો મેળવી શકતો નથી. ઘરેણે મુકેલા માલમાં વધારો થાય તે પણ ઘરેણેજ ગણાય છે. ઘરેણે મુકેલી ચીજ વાપરી શકાય છે, પરંતુ વાપરવાથી બગડે એમ હોય તો તે વાપરી શકાતી નથી. અને વાપરવાથી જે નુકસાન થાય તેની જવાબદારી વાપરનારને શીર પડે છે.

ઘરેણે મુકયાની તારીખથી ત્રીસ વર્ષમાં તે ચીજ પાછી લેવા દાવો કરવો જોઈએ; વચ્ચે વચ્ચે કબુલત થઈ હોય, તો કબુલતની તારીખથી નવી મુદત ગણાય છે.

મફત કામ કરવામાં જવાબદારી ઉત્પન્ન થાય છે.

દૃષ્ટાંત—(૧) क ને અમુક વખતે હુંડી સ્વીકારવા પોતાના સાહુકારને પૈસા મોકલવાના છે, તે પૈસા એક કાગળ સાથે પહોંચાડવા ब ને સોંપે છે. ब તે પ્રમાણે વખતસર પહોંચાડતો નથી તેથી નુકશાન થાય છે. ब નુકશાનને માટે क ને જવાબદાર થાય છે.

(૨) એક કંપનીનો વહીવટ કરવાનું કામ क મફત કરવા કબુલે છે. તેના વહીવટમાં કસુર થવાથી ભાગીદારને નુકસાન થાય તો क જવાબદાર થાય છે.

સાર્વજનિક વીસીવાળા ભાડું લઈ માલ કબજે રાખનારા છે. દારૂનું પીઠું, કાફીગ્રહ, ભોજનગ્રહ, ખાનગી વીસી તથા ધર્મશાળાઓ સાર્વજનિક વીસી નથી. જો મેમાનનો માલ સાર્વજનિક વીસીમાંથી જાય અને વીસીવાળાની કસુર ન હોય તોપણ તે જવાબદાર થાય છે.

૧૫. ઠગાઈથી ઉત્પન્ન થતાં અપકૃત્ય—સને ૧૮૭૨નો કરાર આકટની કલમ ૧૭–૧૮ તથા ૧૦૯થી ૧૧૮ જુઓ.

(૧) એક ઝવેરી એક પથરને હીરો કહી વેચે તો તે જવાબદાર છે.

(૨) જાહેર ખબરોમાં જે ખરી હકીકત લખવી જોઈએ તે ન લખી હોય, ને તેથી કોઈને નુકસાન થાય તો તે માટે જવાબદારી ઉત્પન્ન થાય છે.

૧૬. સરકારી અમલદારના કપટ કે કસુરથી ઉત્પન્ન થતાં અપકૃત્ય—કોર્ટના હુકમ અમલમાં લાવનાર દરેક અમલદાર તે હુકમો યોગ્ય રીતે અમલમાં લાવવા બંધાયલો છે, એટલે તેની ફરજ છે. એ ફરજ અદા કરવામાં કસુર કરે તો તે અમલદાર જવાબદાર થાય છે.

૧૭. વકીલની ફરજ અદા કરવામાં કસુરથી થતાં અપકૃત્ય—જો કોઈ વકીલ પોતાનો અસીલનો દાવો બીનકાળજીથી અથવા બીનમાહીતીથી ચલાવે તો તે જવાબદાર થાય છે

એક વકીલ પોતાના અસીલને બરાબર સમજ પાડયા વિના અસાધારણ કરાર કરવા દે તો તે જવાબદાર થાય છે.

પોતાના અસીલની જે હકીકત વકીલના જાણવામાં આવી હોય તે તેની વિરૂદ્ધ વાપરે તો તેની પાસેથી નુકસાની લઈ શકાય છે.

વકીલે સામાન્ય તત્પરતા, ધંધાનું સાધારણ જ્ઞાન તથા ચતુરાઈ વાપરવી જોઈએ.

કોર્ટોના વિશેષ અધિકાર બાબત.

(સન ૧૮૨૭નો રેગ્યુલેશન ૨જો—મુંબઈ).

ન્યાત સંબંધી.

ન્યાતના સવાલમાં કોઇપણ કોર્ટ દરમ્યાનગીરી કરશે નહીં; પરંતુ ન્યાતને અથવા વાદીની આબરૂને નુકસાન પોહોંચતું હોય એવા કૃત્યને માટે નુકસાની ભરી લેવા દાવા દાખલ કરી તેનો ઈનસાફ કરવાને હરકત નથી (૨૧).

ટીકાઃ—"ન્યાતના સવાલ" કોને કેહેવા તે નીચેના ફેસલાથી સમજાશેઃ—

૧. લગ્ન પ્રસંગે ઢેડના મેહેતરો નજરાણું માગે તે ન આપવાથી ઉપસ્થીત થયલા દાવા. ઇ. લો. રી. ૨, મું. ૪૭૦.

૨. ન્યાતમાંથી જુદા પડેલા માણસો જો ન્યાતની મિલકતમાંથી પોતાનો હિસ્સો લેવાનો દાવો કરે તો તેવા દાવા. ઇ. લો. રી. ૫, મું. ૮૩-૮૪.

૩. ન્યાતના હોદ્દાને લગતા દાવા (ન્યાતના પટેલ હોવાનો); તે હોદ્દાની ફરજો બજાવવાના દાવા; તે હોદ્દાની રૂએ મલતા માનઅકરામના દાવા. ઇ. લો. રી. ૬, મું. ૭૨૫; ૧૫ મું. ૬૧૦.

૪. ન્યાત બહાર મુકેલા માણસને ન્યાતમાં પાછો દાખલ કરવા સંબંધી દાવા. પ્રી. જ. સન ૧૮૭૮ પા. ૨૩૫.

૫. લગ્નના પ્રસંગે ન્યાતના રિવાજ મુજબ પંચને આપેલા પૈસાની વ્યવસ્થા કરવા સારૂ, ન્યાતનો પટેલ, પંચ પૈકી એકના ઉપર દાવો કરે તો તેવા દાવા. પ્રી. જ. સન ૧૮૮૨, પા. ૩૭૭.

નીચેની બાબતોનો "ન્યાતના સવાલ"માં સમાસ થતો નથીઃ—

૧. ન્યાતને માટે રાંધવાના વાસણનો ઉપયોગ કરવા દેવાના દાવા. દુલભ વિ૦ નારાયણ ૪, મું. હાઇકોર્ટ રીપોર્ટ.

૨. પ્રતીવાદીએ ગેરવાજબી રીતે ભંડારી જાતના માણસ પાસેથી લગ્ન પ્રસંગે લગ્નની ફી, પાન અને નાળીએર લીધેલાં તે બદલ હકદારે (ખોટે) આણેલા દાવા—આબા વિ૦ દેવજી, પ્રી. જ. સન ૧૮૮૪, પા. ૨૯૭.

૩. ખતીબ, અથવા ઉપદેશક (પાદરી)ના હુદ્દાના હક સંબંધી દાવા.

૪. મુસલમાનોને આ કલમ લાગુ નથી. ઈ. લો. રી. ૧૩, મું. ૪૨૯.

૫. ન્યાતે કોઇ અમુક જગાએ સ્થાપન કરેલી મૂર્ત્તિની પુજા કરવાના હક બાબતના દાવા.

૬. ન્યાતના માગી લઇ ગયેલા રાંધવાના વાસણો પાછા લેવા બાબતના દાવા. ઇ. લો. રી. ૧૧, મું. ૫૩૪.

વકીલો બાબત.

જે સખસો લાયક માલમ પડે તેમને કોર્ટોમાં વકીલાતનો ધંધો કરવાની સનદ આપવામાં આવશે (૪૭–૪૮).

વકાલતનામુ રજુ કર્યા શિવાય વકીલને કોઈપણ દાવામાં ઊભો રેહેવા દેવામાં નહીં આવે. જે પક્ષકાર વકીલને રોકે તેણે આઠ આના રીટેઈનર (બાનુ) ફી વકીલને આપવી જોઈએ, અને વકીલે તે બદલ લેખી પોહોંચ તારીખ નાંખીને આપવી જોઈએ.

બાનુ લીધા પછી જો કોઈ વકીલ સામા પક્ષકારનો વકીલ થાય, અથવા કામ કરવાને ના પાડે, અથવા કામ કરવામાં કસુર કરે તો તે વકીલ રૂ. ૫૦૦) સુધી દંડને પાત્ર થશે. જો દાવાની રકમ રૂ. ૨૫૦)થી ઓછી હોય તો, દાવાની રકમથી બમણા દંડને પાત્ર થશે, અથવા હકીકત ગંભીર પ્રકારની હશે તો તે વકીલને મોકુફ કરવામાં આવશે. જે કોર્ટમાં દાવો હોય તે કોર્ટ વકીલને ઉપરની કસુર બદલ દંડ કરી શકે છે (૫૦).

પોતાના અસીલ તરફથી હિસાબના કાગળો, દસ્તાવેજો, કે બીજા કાગળો મળે તે બદલ લેખી પોહોંચ આપવી જોઈએ. આ સઘળા કાગળો અને દસ્તાવેજો જ્યારે અસીલ માગે ત્યારે, પાછા આપવા જોઈએ, નહીં આપે તો વકીલ રૂ. ૧૦૦) સુધી દંડને પાત્ર થાય. જે કોર્ટમાં દાવો હોય તે કોર્ટને આ કલમ મુજબ દંડ કરવાનો અધિકાર છે (૫૧).

વાદી અથવા પ્રતિવાદી તરફથી અસલ દાવાનું કામ ચલાવવા બદલ, હુકમનામુ થતાં સુધી, અને હુકમનામુ થયા પછી તે ભરપાઈ થતાં સુધીના કામ બદલ નીચેના દર મુજબ ફી લેવાને કામ કરનાર વકીલ હકદાર થાય છે:–

દાવાની રકમ રૂ૦ ૨૦૦૦થી વધારે ન હોય તો, સેંકડે ત્રણ ટકા.

દાવાની રકમ રૂ૦ ૨૦૦૦થી તે રૂ૦ ૧૦૦૦૦ સુધીને માટે રૂપીયા બે હજાર ઉપર, ઉપર મુજબ અને બાકીની રકમ બદલ સેંકડે બે ટકા.

દાવાની રકમ રૂપીયા દશ હજારથી તે રૂપીયા વીસ હજાર સુધીને માટે રૂપીયા દશ હજાર ઉપર, ઉપર મુજબ અને બાકીની રકમ બદલ સેંકડે એક ટકો.

દાવાની રકમ વીસ હજારથી વધારે હોય તો વીસ હજારને માટે ઉપર મુજબ, અને બાકીની રકમ બદલ, સેંકડે અરધો ટકો.

અપીલના કામમાં પણ ઉપર મુજબ ફીને માટે વકીલ હકદાર થાય છે. ઉપર ઠરાવેલી ફીના કરતાં ઓછી વધારે ફી લેવાનો ખાસ ઠરાવ કરવાને ઉપરના ઠરાવથી કાંઈ બાધ આવતો નથી (૫૨).

એકથી વધુ વકીલ રોકવાને હરકત નથી, પરંતુ એકજ વકીલની ફી કોર્ટ અપાવી શકે છે.

અસીલ, કોર્ટને લેખી અરજી કરીને વકાલતનામુ પાછું લઈ શકે, પરંતુ વકીલે તેના અસીલની સમ્મતી વગર અને કોર્ટની ખાસ પરવાનગી વગર, કામ કરતાં બંધ થવું ન જોઇએ (૫૩).

માંદગીને લીધે કે કંઈ બીજા જરૂરી કારણુસર વકીલથી કોર્ટમાં હાજર ન થવાય તો, કોર્ટને લેખી ખબર આપવી જોઇએ. લેખી ખબર આપ્યા વગર ગેરહાજર રેહેનાર વકીલ રૂ૦ ૧૦૦ સુધી દંડને પાત્ર થાય છે. વકીલ રાજીનામુ આપે અથવા તે બરતરફ થાય અથવા તે ગુજરી જાય તો કોર્ટને યોગ્ય લાગે તેટલા દિવસ કામ ચલાવવાનું મુલતવી રાખશે (૫૪).

છેક અણીને વખતે વકીલ કામ ઉરાડી નાંખે, અને અસીલ પોતાનું કામ ચલાવી શકતો ન હોય, અથવા કોઈ અવેજી મળી શકતો ન હોય તો, કોર્ટે ઈનસાફની ખાતર કામ મુલતવી રાખવું જોઈએ.

કોઈ વકીલ ફોજદારી ગુન્હાનો તકસીરવાન ઠરે તો, અથવા ખરાબ ચાલનો ઠરે તો, અથવા પોતાની ફરજ બજાવવામાં કસુર કરે તો તે થોડા વખતને માટે કે હમેશને માટે મોકુફ થવાને પાત્ર થશે.

કોઈ વકીલના કૃત્યથી કે કસુરથી કોઇપણ પક્ષકારને કંઇ નુકસાન થયું હોય તો તે પક્ષકાર તે વકીલ સામે નુકસાનીનો દાવો કરવાને મુખત્યાર છે (૫૬).

દેણુની સાબીતી બાબત.

(સને ૧૮૨૭નો રેગ્યુલેશન, ૫ મો—મુંબઈ).

સામા દસકતના ખાતાની બાબતમાં ખાતાંની પુરેપુરી રકમ મળી નથી એ સાબીત કરવાનો બોજો પ્રતિવાદીને શીર છે (૯).

દેણદાર જો એમ સાબીત કરે કે તેણે તેના લેણદારને લેણી રકમ પુરેપુરી કે અધુરી આપવા માંડી હતી, તો આપવા માંડેલી રકમ ઉપર વ્યાજ ચઢતું બંધ થશે (૧૪).

મુદલ તથા વ્યાજને માટે ગીરો મુકી હોય તે મિલકત ફકત જવાબદાર છે. મિલકતમાંથી થતો નફો વ્યાજ પેટે ગણવો. એમાંનો ગમે તે પક્ષકાર દીવાની કોર્ટમાં દાવો કરીને ગીરો મિલકત વેચાવી, દેણુ પતાવી શકે છે. દેણુ કરતાં કિંમત વધારે ઉત્પન્ન થાય તો વધારો માલીકને આપવો જોઇએ (૧૫).

વારસાનું સરટીફીકેટ લેવા બાબત.

(સન ૧૮૨૭નો રેગ્યુલેશન ૮મો–મુંબઈ).

હેતુ—અમુક માણસજ મૈયત માણસનો વારસ છે એવું ચોકસ કરી આપવાનો આ કાયદાનો હેતુ છે.

જ્યારે તકરાર ન હોય ત્યારે સરટીફીકેટ લેવાની જરૂર નથી. પરંતુ જ્યારે એક અથવા વધારે માણસો મરનારની મિલકત ઉપર વારસ તરીકે દાવો રાખતા હોય ત્યારે, અને મૈયત સખસની સાથે અથવા તેની મીલકત સાથે સંબંધ ધરાવતા ત્રાહિત સખસોની સલામતી માટે ડીસ્ટ્રીકટ કોર્ટને અરજ કરી વારસાનું સરટી-ફીકેટ લેવાની જરૂર છે. કોણ વારસ છે એ વાત નક્કી થઈ શકતી ન હોય તેવે પ્રસંગે અથવા વસીયતનામું કર્યા વગર કોઈ મરી જાય ત્યારે તેમજ તેનો વારસ જણાતો ન હોય ત્યારે મૈયત માણસની મિલકતનો વહીવટદાર નીમવાનો પણ ડીસ્ટ્રીકટ કોર્ટને અધિકાર છે. મરનારના છોકરા, તેની વીધવા, તેની છોકરીઓ, અથવા જે માણસના વારસા તરીકેના હક બાબત કંઈ તકરાર ન હોય તે માણસ, સરટીફીકેટ મેળવ્યા વગર, મરનારની મિલકત કબજામાં લઈ તે સંબંધી સઘળો અધિકાર ચલાવી શકે છે.

વારસાનું સરટીફીકેટ સગીરને આપી શકાતું નથી. ઇ. લો. રી. ૬, મુંબઈ. ૭૨૮.

લશ્કરના કુચ કરવાથી નુકસાન થાય તે બાબત.

(સન ૧૮૨૭નો રેગ્યુલેશન. ૨૨ મો—મુંબઈ).

લશ્કરના કુચ કરવાથી અથવા મુકામ પડવાથી જ્યારે કોઈ સખસને નુકસાન થાય, ત્યારે તે સખસે લશ્કરના કમાન્ડીંગ ઓફીસરને અરજ કરીને તેની પાસેથી, નુકસાનનો પ્રકાર, કારણ તથા નુકસાનીનો આંકડો બતાવનારૂં, એક સરટીફીકટ લેવું. તે સરટીફીકટ દસ દિવસની અંદર કલેકટરને રજુ કરવું કે તે ઉપરથી તે નુકસાનીનો બદલો આપવાની તજવીજ કરે. જો કલેકટર નુકસાનીનો બદલો ન આપે તો તેના ઉપર દીવાની કોર્ટમાં દાવો કરવો. (૪૩).

હીંદુ વિધવાના પુનઃલગ્ન બાબત.

(સન ૧૮૫૬નો આકટ ૧૫મો—ઈંડીઆ).

કોઈ હીંદુ વિધવા પોતાનો ધણી મરી ગયા પછી કોઈ હીંદુ સાથે પૂનઃ-લગ્ન કરવાને મુખત્યાર છે, અને આવા પૂનઃલગ્નથી થયેલાં છોકરાંઓને આ કાયદાથી ઔરસ ઠરાવવામાં આવે છે (૧).

હીંદુ વિધવાના મૈયત ધણીની મિલકત ઉપરના ભરણ પોષણના તથા વારસા વીગેરે બાબતના હકો તેણીના પૂનઃલગ્ન પછી બંધ થશે. મૈયત ધણીના વારસો મરનાર ધણીની મિલકતના વારસો થશે (૨).

હીંદુ વિધવાના પૂનઃલગ્ન થવાથી તેણીના સગીર છોકરાંના વાલીપણા માટે મરનાર ધણીનો બાપ અથવા બપાવો, અથવા મા અથવા બપાઈ અથવા કોઈ પુરૂષ સગો, ડીસ્ટ્રીકટ કોર્ટને અરજી કરી શકે (૩).

છોકરાં વગરની વિધવાને આ કાયદાથી વારસાનો હક મળતો નથી (૪).

કલમ ૨–૩–૪ના ઠરાવોને અનુસરીને પૂનઃલગ્ન કરવાના સબબથીજ કોઈ મિલકત ઉપરનો હક અથવા બીજો કંઈ હક જશે નહિ અને પૂનઃલગ્ન કરેલી દરેક વિધવાને વારસાના હક માટે, જાણે આ પૂનઃલગ્ન તે પહેલુંજ લગ્ન છે એમ સમજવું. (૫).

લગ્ન કાયદેસર થવાને જે વિધિઓની જરૂર છે, તેજ વિધિઓ હિંદુ વિધવાના પૂનઃલગ્ન વખતે થવી જોઈએ (૬).

સગીર હીંદુ વિધવા, તેના બાપની, બાપ ન હોય તો બપાવાની, તે ન હોય તો માની, અને એ સઘળાં ન હોય તો, મોટા ભાઈની અથવા ભાઈની, અને તે પણ ન હોય તો, કોઇ નજદીકના મરદ સગાની મંજુરી વગર પૂનઃલગ્ન કરી શકે નહી. આ કલમ વિરૂદ્ધ લગ્ન કરવામાં જે કોઈ મદદ કરશે તે એક વરસ સુધી કેદની અથવા દંડની અથવા બન્ને સજાને પાત્ર થશે. પુખ્ત ઊમરની વિધવાના પૂનઃલગ્નની બાબતમાં તેણીનીજ કબુલત બસ છે. બીજા સગાંની અગર બીજા કોઈની મંજુરીની જરૂર નથી (૭).

વારસા બાબત.

(સન ૧૮૬૫ નો આકટ ૧૦ મો–ઈંડીઆ).

હેતુ—વસિયતનામું કર્યા વગર અને વસિયતનામું કરીને ગુજરી જનાર માણસોના વારસા બાબત નિયમો ઠરાવવાનો આ કાયદાનો હેતુ છે. આ કાયદો મુસલમાન લોકોને લાગુ નથી (૩૩૧).

એમ જણાય છે કે આ કાયદો હિંદુ, જૈન, સીક તથા બૌધ લોકોને લાગુ ન હતો; પરંતુ આ કાયદાની કેટલીક કલમો આ લોકોને પણ લાગુ પાડવાની જરૂર જણાયાથી, સરકારને સન ૧૮૭૦ નો આકટ ૨૧ મો. (હિંદુ લોકના વસિયતનામાનો આકટ) પસાર કરવાની ફરજ પડી હતી. આ એકટની બીજી કલમથી વારસા બાબતના કાયદાની કેટલીક કલમો એટલે કલમ ૪૬, ૪૮, ૪૯, ૫૦, ૫૧, ૫૫, ૫૭ થી તે ૭૭, ૮૨, ૮૩, ૮૫, ૮૮ થી ૧૦૩ સુધી ૧૦૬થી ૧૭૭ સુધી અને કલમ ૧૮૭—

अ. બંગાળા ઈલાકાના મુલક મધ્યે, અને મુંબઈ તથા મદ્રાસની હાઇકોર્ટની અસલ દિવાની ફરીઆદ લેવાની મામુલ હકુમતની હદમાં (એટલે એ બે શહેરોની હદમાં), હિંદુ, જૈન, સીક અથવા બૌધ વસિયતનામું અથવા તેની પુરવણી કરે, તે વસિયતનામાને તથા પુરવણીને લાગુ કરી છે; અને

ब. બંગાળા ઈલાકા બાહાર તથા મુંબઈ તથા મદ્રાસ શહેર બાહાર સદરહુ પ્રકારના વસિયતનામા, તે મુલક અથવા હદ માહેની સ્થાવર મિલકત હશે તો, તે વસિયતનામાને તથા પુરવણીને લાગુ કરી છે. જે કલમો લાગુ કરી છે તે પૈકી થોડી જાણવાજોગ અને ઉપયોગી આપણે અત્રે આપીશું.

સગીર ન હોય કે ગાંડો ન હોય એવો હરકોઈ માણુસ પોતાની મિલકતની વ્યવસ્થા ઉવીલ કરીને કરી શકે છે. દગલબાજીથી જોરજુલમથી કે આજીજીથી મેળવેલું ઉવીલ નિરર્થક છે. ઊવીલ કોઈપણુ વખતે રદ કરી શકાય છે, અને બદલી પણુ શકાય છે. (૪૬–૪૮–૪૯).

ઉવીલ કરનાર આસામીએ પોતાની સહી અથવા બીજી કંઈ નીસાની વસિયતનામાપર કરવી જોઈએ, અથવા તેના કેહેવાથી તેની હાજરીમાં બીજા કોઈ આસામીએ તેની વતી સહી કરવી જોઈએ. વસિયતનામા ઉપર બે કે વધારે સાહેદોએ સાખ કરવી જોઈએ. વસિયતનામું કરનારને આ સાહેદોએ સહી કરતાં અથવા નીસાની કરતાં અથવા બીજા પાસે સહી કરાવતાં નજરે જોવું જોઇએ. દરેક સાહેદોએ વસિયતનામું કરનાર ધણીની રૂબરૂ પોતાની સાખ કરવી જોઈએ (૫૦).

દીવાની કોરટોના દરજ્જા તથા અધિકાર બાબત.

(સને ૧૮૬૯ નો આકટ ૧૪મો—મુંબઈ).

(સને ૧૮૮૫ના ૩જા તથા સન ૧૯૦૦ ના આકટ ૧લાથી સુધારેલો).

આખા મુંબઈ ઈલાકા માટે પારલ્યામેન્ટે સ્થાપેલી એક હાઈ કોર્ટ છે. હાઈ કોર્ટને બે શાખા છે. એક (ઓરીજીનલ સાઇડ) અવલ દીવાની હકુમત ચલાવનારી શાખા, અને બીજી (એપેલેટ સાઈડ) અપીલ સાંભળનારી શાખા. અવલ દીવાની હકુમત ચલાવનારી શાખા, મુંબઈ ટાપુના દાવાઓનો ઈનસાફ કરે છે. તેના ઠરાવ ઉપર હાઇકોર્ટ, એપેલેટ સાઈડમાં અપીલ થાય છે.

હાઇકોર્ટ શીવાય, ત્રણુ દરજ્જાની કોર્ટો છે. ૧. ડીસ્ટ્રીકટજજ કોરટ, ૨. ફર્સ્ટ કલાસ સબોર્ડીનેટજજની કોરટ. ૩. સેકન્ડ કલાસ સબોર્ડીનેટજજની કોરટ. ડીસ્ટ્રીકટજજ કોરટને ગમે તેટલી કિંમતના દાવાની અવલ ચોકસી કરી ફેંસલા

આપવાનો અધિકાર છે, તેમજ નિચલી કોરટોના ફેંસલા ઉપર અપીલ સાંભળવાનો અધિકાર છે. એ કોરટના ફેંસલા ઉપર હાઈકોરટમાં અપીલ થઈ શકે છે. જ્યાં કામ ઘણું હોય ત્યાં ડિસ્ટ્રીકટજજને મદદનીશ આપવામાં આવે છે. ડિસ્ટ્રીકટજજ જે દાવાઓ મદદનીસો તરફ મોકલી આપે તેની તેઓ ચોકશી કરી નિકાલ કરે છે. તેમના ફેંસલા ઉપર હાઈ કોરટમાં અપીલ થઈ શકે છે. તેઓ પણ નિચલી કોરટના ઠરાવ ઉપર અપીલ સાંભળી શકે છે.

ફર્સ્ટ કલાસ સબજજની કોરટને, દસ હજાર રૂપીઆની કિમતના દાવાઓની ચોકશી કરી ફેંસલા આપવાનો અધિકાર છે. એ કોરટના ફેંસલા ઉપર ડિસ્ટ્રીકટજજ કોરટમાં અપીલ થઈ શકે છે, પરંતુ જ્યારે દાવાની કિંમત રૂ. ૫૦૦૦) થી વધારે હોય ત્યારે બહારોબહાર હાઈ કોરટમાં અપીલ થઈ શકે છે. કેટલેક પ્રસંગે ફર્સ્ટ કલાસ સબજજને નીચલી કોરટના ઠરાવ ઉપર અપીલ સાંભળવાનો અધિકાર આપવામાં આવે છે.

સેકન્ડ કલાસ સબજજની કોર્ટને પાંચ હજાર રૂપીઆની કિંમતના દાવાઓની ચોકશી કરી ફેંસલા કરવાનો અધિકાર છે. એના ઠરાવ ઉપર ડિસ્ટ્રીકટ જજને અપીલ થઈ શકે છે.

ફર્સ્ટ અથવા સેકન્ડ કલાસ સબજજની કોર્ટને વળી સ્મોલ કોઝ કોર્ટનો અધિકાર ખાસ હુકમથી આપવામાં આવે છે. આવો અધિકાર એ કોર્ટો જ્યારે ચલાવી દાવાના ફેસલા કરે છે તે ઉપર અપીલ ચાલતી નથી. પરંતુ વાજબી કારણ બતાવેથી હાઈકોર્ટ તંપાસણી કરી શકે છે.

સરકાર અથવા સરકારી અમલદાર વિરૂધ્ધના દાવા સાંભળવાનો અધિકાર સબોર્ડીનેટજડજોને નથી. એવી ફરીઆદો સાંભળવાનો ડીસ્ટ્રીકટ કોર્ટને અધિકાર છે.

કોર્ટ ફી બાબત.

(સને ૧૮૭૦નો આકટ ૭મો—ઈન્ડીઆ).

"હેતુ"—કોર્ટના અધિકારી, કારકુન વીગેરેના પગારનો ખરચ પુરો પાડવા માટે, દરેક મુકરદમા માટે ફી, વસુલ કરવાનો આ કાયદાનો હેતુ છે. ઈનસાફ આપવાનો બોજો સરકારને માથે પડે નહી, અને જે ફી ભરી શકે તેના મુકર્દમાનોજ ઈનસાફ થાય. ફી ભરવાની ન હોય તો ફરિયાદો એટલીબધી વધી પડે કે તેનો ઇનસાફ કરવા સારૂ પુરતા નોકરો મળી શકે નહીં માટે જેને ઇનસાફ કરાવવો હોય તેણે આ કાયદામાં ઠરાવ્યા મુજબ ફી ભરવી જોઈએ. એ ફી સ્ટાંપવડે ભરવાની છે. રોકડ ભરવાની નથી. મીલકત વીનાના અને ગરીબ માણસોને ફી ભર્યા વગર નાદારીમાં દાવો લાવવાની પરવાનગી કેટલીક શરતે મળી શકે છે.

"ફી બે રીતે લેવામાં આવે છે"—(૧) દાવાની કીંમત પ્રમાણે, અને (૨)મુકરર કરેલી ફી. નિચે આપેલાં પરિશિષ્ટમાં બતાવેલી યોગ્ય ફી આપ્યા વગર, કોઈપણ દસ્તાવેજ ઈનસાફની કોર્ટમાં ફૈલ કરવામાં આવશે નહી, પુરાવામાં લેવામાં આવશે નહીં, દફતરમાં દાખલ થશે નહી, કોઇ સરકારી અમલદાર લેશે નહીં કે આપશે નહીં, ૬.

કેટલીક ફરિઆદોમાં ફી કેમ ગણવી ?

૧ પૈસા બાબતની ફરિઆદમાં જેટલા રૂપીઆનો દાવો કર્યો હોય તેટલા રૂપીઆની રકમ પ્રમાણે ફી ગણવી.

૨ ગુજરાનના ખરચ બાબત તથા એન્યુઈટી (વર્ષાસન) બાબત, એક વરસના જેટલા રૂપીઆ લેવા દાવો કર્યો હોય તેથી દસ ગણી સમજવી.

૩ જંગમ માલમિલકતની ફરિઆદમાં, બજારમાં તે મિલકતની કીંમત થતી હોય તે ગણવી.

૪ નિચે લખેલા પ્રકારની ફરિઆદીમાં.

(अ) બજારમાં કીંમત થતી ન હોય એવી જંગમ મિલકત બાબત; એટલે હક સંબંધ વિષે દસ્તાવેજની બાબત. (ब) અવિભકત કુટુંબની મિલ્કત માંહેના હિસ્સા સંબંધી હક અમલમાં લાવવા બાબત. (क) હક ઠરાવીને અમલમાં લાવવા બાબત. (ड) તાકીદ થવા બાબત. (इ) ઈઝમેન્ટ બાબત. (फ) હિસાબ બાબત.

ઉપરની ફરિયાદોમાં જે દાદ માગી હોય તેની જે કિંમત અરજીમાં અથવા અપીલની યાદીમાં ગણીને લખી હોય તે કિંમતના આંકડા પ્રમાણે:—

મુંબઇ ઈલાકામાં જમીનની કિંમત નિચે લખ્યા પ્રમાણે સમજવી.

अ. ત્રીસ વરસની મુદતને માટે જરીફની માપણી કરીને જે ધારો ઠરાવ્યો હોય તેથી પાંચ ગણી એટલે આકારથી પાંચ પટ,

ब. ત્રીસ વરસ કરતાં વધારે મુદત માટે, અથવા કાયમને માટે, જરીફની માપણી કરીને જે ધારો ઠરાવ્યો હોય તેથી દસગણી,

क. ઘર અથવા વાડી હોય, તો બજાર કીંમત. ૭.

પ્રોસેસોના ખરચ બાબત કાનુનો કરવાનો હાઈકોર્ટને અધિકાર છે. ૨૦

સ્ટાંપ પુરા પાડવા બાબત, તેની સંખ્યા બાબત, બગડેલા સ્ટાંપ નવા કરી આપવા બાબત, અને સ્ટાંપનો હિસાબ રાખવા બાબત કાનુનો કરવાનો સ્થાનિક સરકારને અધિકાર છે. ૨૭.

જે દસ્તાવેજ ઉપર સ્ટાંપ જોઇએ તે ઉપર યોગ્ય સ્ટાંપ માર્યા વગર, અથવા મારવામાં આવે ત્યાંસુધી તે દસ્તાવેજ કાયદેસર છે એમ સમજવું નહીં, પણ ચુકથી કે નજર ચુકથી યોગ્ય સ્ટાંપ માર્યા વગરનો દસ્તાવેજ લીધો હોય તો, કચેરીના મુખ્ય અમલદારને યોગ્ય સ્ટાંપ મરાવી લેવાનો હુકમ કરવાને અધિકાર છે. ૨૮.

ફોજદારી કોર્ટને કરેલી ફરીઆદ અરજી ઉપર જે કોર્ટ ફી આપી હોય તે, કોર્ટ, તોહમતદારને ગુન્હેગાર ઠરાવે તો, ગુન્હેગાર પાસેથી, પાછી અપાવવી જોઇએ. પ્રોસેસ ફી પણ એ મુજબ પાછી અપાવવી જોઇએ. પાછી આપવાની સઘળી ફી કોર્ટે દંડ કીધો હોય તે પ્રમાણે વસુલ કરવાનો અધિકાર છે. ૩૧.

જે દસ્તાવેજ બાબત યોગ્ય ફી આપી ન હોય તે દસ્તાવેજ ઈન્સાફ (ફોજદારી કામમાં) બરાબર થવા સારૂ ફૈલ કરવાની કે પુરાવામાં દાખલ કરવાની જરૂર છે, એમ ઈનસાફ કરનાર અમલદારને (મેજીસ્ટ્રેટને) લાગે ત્યારે તે દસ્તાવેજ ફાઈલ કરવાને કે પુરાવામાં લેવાને હરકત નથી. ૩૩.

મુકરર કરેલી કોર્ટ ફી. પરીશિષ્ઠ ૨ જું.

૧. મ્યુનિસિપલ કમીશનરને અરજી કરવી હોય તો ... .એક આનો.

૨. રૂ. ૫૦ કરતાં ઓછી કીંમતની ફરીઆદ અરજી (ગણોત મદદની)...એક આનો.

૩. ફેંસલાની, હુકનામાની, હુકમની નકલ અથવા બીજા દસ્તાવેજની નકલ કે તરજુમા સારૂ અરજી ....એક આનો.

૪. કસ્ટમ ખાતાના અમલદારને અથવા મેજીસ્ટ્રેટને ચાલુ કામમાં કરવાની અરજી ... ...એક આનો.

૫. જે જમીન સરકારની સાથે કબુલત કરીને રાખી હોય તે જમીન સંબંધી કાંઈ અરજી ... .એક આનો.

૬. ઈનકમ ટેક્ષ એકટ મુજબ કરેલા હુકમની નકલ ...એક આનો.

૭. જે ગુન્હા પોલીસ અખત્યારી નથી તે ગુન્હાની ફરીઆદ અરજી (કોર્ટને માફ કરવાનો અધિકાર છે). ...આઠ આના.

૮. જે અરજી બાબત કોર્ટ ફી કાયમ કરી નહીં હોય તેવી અરજી (દીવાની, ફોજદારી કે રેવન્યુ કોર્ટમાં કરવાની).... આઠ આના.

૯. કમીશનરને આપવાની અરજી.... ... ...એક રૂપીઓ.

૧૦. હાઈકોર્ટમાં આપવાની અરજી ... ... બે રૂપીઆ.

૧૧. નાદારીમાં ફરીઆદ કરવાની પરવાનગીની અરજી .... આઠ આના.

૧૨. નાદારીમાં અપીલ કરવાની પરવાનગીની અરજી ડીસ્ટ્રીકટ
કોર્ટમાં આપવી હશે ત્યારે ... .એક રૂપીઓ.
હાઈ કોર્ટમાં ,, ,, ...બે રૂપીઆ.
૧૩. કબજા વહીવટ બાબતની ફરીયાદ અરજી (સન ૧૯૦૬ના
આકટ ૨ મુજબ) અથવા અપીલની યાદી ... . આઠ આના.
૧૪. કબજા ભોગવટાનો હક સાબીત કરવા અથવા ખોટો
કરવા બાબતની ફરીઆદ અરજી અથવા અપીલની યાદી.... આઠ આના.
૧૫. જામીનખત કોઈ કોર્ટના હુકમથી આપ્યું હોય ત્યારે ,, ,,
૧૬. મુખત્યારનામું અથવા વકાલતનામું:—
अ. દીવાની, ફોજદારી, અથવા રેવન્યુ કોર્ટમાં આપવાનું ,, ,,
ब. કમીશનરને આપવાનું હોય ત્યારે ....એક રૂપીઓ.
क. હાઇ કોર્ટમાં ... .બે રૂપીઆ.
ड. એક ખાસ કામ માટે આપેલું મુખત્યારનામું. ....એક રૂપીઓ.
૧૭. "કેવીઅટ" એટલે પ્રોબેટ અથવા લેટર્સ ઓફ એડમી-
નીસ્ટ્રેશન નહીં આપવા બાબતની અરજી ... ...પાંચ રૂપીઆ
૧૮. પંચનો ફેસલો રદ કરવાની અરજી અથવા અપીલ ...દસ રૂપીઆ
૧૯. દત્તક રદ કરવાની અરજી .... ,, ,,
૨૦. પારસીઓના લગ્ન તથા તલાકની ફરીઆદ અરજી અથવા
અપીલ ... .વીસ રૂપીઆ

કીંમત પ્રમાણે ફી બેસસે તે ફી. પરીશિષ્ઠ ૧લું.

દીવાની ફરીઆદ અરજી અથવા અપીલ ઉપર ફીઃ—

દાવો રૂ૦ ૫) સુધીનો હોય તો ... ... છ આના.
,, રૂ૦ ૫)થી ૧૦૦) સુધી દર રૂ૦ પાંચે કે તેના ભાગે ,, ,,
,, રૂ૦ ૧૦૦)થી ૧૦૦૦) સુધી ,, ,, દસે કે ,, ,, બાર આના.
,, રૂ૦ ૧૦૦૦)થી ૫૦૦૦) સુધી ,, ,, સોએ, કે ,, ,, રૂ૦ પાંચ
,, રૂ૦ ૫૦૦૦)થી ૧૦૦૦૦) સુધી ,, ,, અઢીસોએ ,, ,, ,, દસ
,, રૂ૦ ૧૦૦૦૦)થી ૨૦૦૦૦) સુધી ,, ,, પાંચસોએ ,, ,, ,, પંદર
,, રૂ૦ ૨૦૦૦૦)થી ૩૦૦૦૦) સુધી ,, ,, દર હજારે ,, ,, ,, વીસ
,, રૂ૦ ૩૦૦૦૦)થી ૫૦૦૦૦) સુધી ,, ,, દર બે હજારે,, ,, ,, ,,
,, રૂ૦ ૫૦૦૦૦) પાછળ દર પાંચ હજારે અથવા તેના ભાગે રૂપીઆ પચીસ.
ઘણામાં ઘણી રૂપીઆ ત્રણ હજાર ફી બેસસે.

કોર્ટ ફી નક્કી કરવામાં એક આનાથી કમી આવે તે છોડી દેવું.

ખાતાની જમીનની કીમત આકારથી પાંચગણી અને ઈનામી જમીનની કીંમત આકારથી દસગણી સમજી તે પ્રમાણે કોર્ટ ફી આપવાની છે.

ગુજરાનના ખરચ અથવા એન્યુઈટી બાબતની ફરીઆદીમાં એક વર્ષના જેટલા રૂપીઆ લેવા દાવો કર્યો હોય તેથી દસગણી કીંમત સમજીને તે ઉપર કોર્ટ ફી લેવામાં આવે છે.

ફેંસલાની ફરી તપાસ કરવાની અરજી હુકમનામાની તારીખથી ૯૦)મા દીવસ પહેલા આપી હોય તો, ઉપરની ફીથી અડધી, પછી આપી હોય તો આખી ફી (૫).

નકલ અથવા તરજુમા માટે ઠરેલી કોર્ટ ફીઃ—

૧ હુકમનામા નહીં એવા ફેંસલા અથવા હુકમની નકલ કે તરજુમોઃ—

अ દાવાની રકમ રૂ૦ ૫૦) કે પચાસ સુધી હોય તો ....ચાર આના

ब ,, ,, રૂ૦ ૫૦)થી વધારે હોય તો ... ...આઠ આના

क હાઈકોર્ટે એવો હુકમ કર્યો હોય તો ... ...એક રૂપીઓ

ड ચાલુ વહીવટના કાયદા મુજબ કરેલા હુકમ ....ચાર આના (૬)

૨ હુકમનામાની નકલ ઉપરઃ—

अ દાવાની રકમ રૂ૦ ૫૦) કે રૂ૦ ૫૦) સુધી. .... ચાર આના

ब ,, રૂ૦ ૫૦)થી વધારે હોય તો ... . આઠ આના

क હાઈકોર્ટે એવુ હુકમનામું કર્યું હોય તો .... ચાર રૂ૦ (૭)

૩ જે દસ્તાવેજને જનરલ સ્ટેંપ એકટ પ્રમાણે સ્ટેંપ જોઈએ તે દસ્તાવેજ કહાડી લઇને તેની જગાએ તેની નકલ મુકે તે નકલ ઉપરઃ—

अ અસલ દસ્તાવેજનો સ્ટેંપ આઠ આના ઉપર નહીં હોય ત્યારે તે દસ્તાવેજ ઉપર જેટલો સ્ટેંપ બેઠો હોય તેટલી ફી,

ब બીજે હરકોઇ પ્રસંગે .... આઠ આના. (૮)

દીવાની, અથવા ફોજદારી, અથવા રેવન્યુ કોર્ટમાંથી હિસાબની, પત્રકની કે રીપોર્ટની નકલ, જેને માટે બીજી રીતનો ઠરાવ આ કાયદામાં નથી તેવી નકલ માટે, દર ત્રણુસો સાઠ શબ્દોએ અથવા ત્રણુસો સાઠ શબ્દોના હરકોઈ ભાગે, આઠ આના (૯).

જે માલમીલકત બાબત પ્રોબેટ, લેટર્સ ઓફ એડમીનીસ્ટ્રેશન, અથવા દાખલો આપ્યો હોય તે માલમીલકતની રકમ એક હજાર રૂપીઆ ઉપર હોય તો દર સેંકડે બે ટકા.

જ્યારે જે માલમિલકત બાબત પ્રોબેટ અથવા લેટર્સ આપ્યા હોય તે માલમિલકતની રકમ અથવા આંકેલી કિંમત એક હજાર રૂપીઆ ઉપર હોય, પરંતુ દસ હજાર રૂપીઆ ઉપર ન હોય ત્યારે.	સદરહુ રકમ અથવા આંકેલી કિંમત ઉપર સેંકડે બે ટકા.
જ્યારે સદરહુ રકમ અથવા આંકેલી કિંમત દસ હજાર રૂપીઆ ઉપર હોય, પરંતુ પચાસ હજાર રૂપીઆ ઉપર ન હોય ત્યારે.	સદરહુ રકમ અથવા આંકેલી કિંમત ઉપર સેંકડે અઢી ટકા.
જ્યારે સદરહુ રકમ અથવા આંકેલી કિંમત પચાસ હજાર રૂપીઆ ઉપર હોય ત્યારે.	સદરહુ રકમ અથવા આંકેલી કિંમત ઉપર સેંકડે ત્રણ ટકા.

પરંતુ એવું ઠરાવ્યું છે કે જેનો ઈસ્ટેટમાં સમાસ થતો હોય એવી કોઈ માલમિલકત બાબત સન ૧૮૮૯ના વારસાના સર્ટિફીકેટના આકટની રૂયે અથવા બૉંબે કોડના સન ૧૮૨૭ના ૮મા કાયદાની રૂયે સર્ટિફિકેટ આપવામાં આવ્યું હોય અને ત્યારપછી તેજ ઈસ્ટેટની બાબતમાં પ્રોબેટ અથવા લેટર્સ ઓફ એડમિનિસ્ટ્રેશન આપવામાં આવે ત્યારે, તે પ્રોબેટ અથવા લેટર્સ ઓફ એડમિનિસ્ટ્રેશન આપતી વખતે જે ફી ભરવી પડે તેમાંથી સદરહુ સર્ટિફિકેટ આપતી વખતે ફીની જે રકમ ભરી હોય તે બાદ કરવી. (૧૧).

જ્યારે માલમિલકત બાબત મુંબઈના સન ૧૮૨૭ના રેગ્યુલેશન, ૮ મુજબ સર્ટિફીકેટ આપવામાં આવે ત્યારે—

(૧) કરજ તથા સિકયુરીટીઓ બાબત.	પ્રસંગ પ્રમાણે, સન ૧૮૮૯ના વારસાના સર્ટિફિકેટના આકટ મુજબના સાર્ટફિકેટની બાબતમાં અથવા એવા સર્ટિફિકેટની મુદત વધારવાની બાબતમાં આપવામાં આવે તેટલીજ ફી.

(૨) બીજી જે માલમિલકત સંબંધી તે સર્ટિફિકેટ આપ્યું હોય તે બાબત:—

જ્યારે એવી માલમિલકતની રકમ અથવા આંકેલી કિંમત એક હજાર રૂપીઆ ઉપર હોય, પરંતુ દશ હજાર રૂપીઆ ઉપર ન હોય ત્યારે.	સદરહુ રકમ અથવા આંકેલી કિંમત ઉપર સેંકડે બે ટકા.

જ્યારે સદરહુ રકમ અથવા આંકેલી કિંમત દસ હજાર રૂપીઆ ઉપર હોય, પરંતુ પચાસ હજાર રૂપીઆ ઉપર ન હોય ત્યારે.	સદરહુ રકમ અથવા આંકેલી કિંમત ઉપર સેંકડે અઢી ટકા.
જ્યારે સદરહુ રકમ અથવા આંકેલી કિંમત પચાસ હજાર રૂપીઆ ઉપર હોય ત્યારે.	સદરહુ રકમ અથવા આંકેલી કિંમત ઉપર સેંકડે ત્રણ ટકા. (૧૨)

જે દસ્તાવેજોને કાયદાથી **કોર્ટ ફીની માફી** છે તે દસ્તાવેજો:—કલમ (૧૯).

૧. ફરીઆદ કરવા તથા જવાબ આપવા સારૂ લશકરી અમલદારે લખી આપેલું મુખત્યારનામું.

૨. કોર્ટે જે લેખી હકીકત માગી હોય તે, મુકરદમાની પેહેલી રજુઆત પછી.

૩. પ્રોબેટ, લેટર્સ ઓફ એડમીનીસ્ટ્રેશન, અને વારસાના સર્ટિફીકેટ જે માલમીલકત બાબત હશે, તે માલમીલકતની કીંમત રૂ૦ ૧૦૦૦) ઉપર ન હોય તો.

૪. જમીન ઉપરનો ધારો બેસાડવા બાબતમાં, અથવા તે ઉપરનો હક સંબંધ ઠરાવવા આપવાની અરજી, તે ઠરાવ આખરનો મંજુર થયાં પહેલાં આપશે તો.

૫. સરકારનું પાણી ખેતીવાડીના કામ સારૂ મલવા બાબતની અરજી.

૬. જમીન ખેડવાની પરવાનગી બાબતની અરજી તથા મુકી દેવા બાબતની અરજી.

૭. ભાડું અથવા ગણોત વધારવા બાબતની નોટીસ પોહોંચાડવાની અરજી.

૮. જપ્ત કરવા બાબત મુખત્યારને અધિકાર પત્ર લખી આપ્યું હોય તે.

૯. સાહેદી પુરવા સારૂ અથવા દસ્તાવેજ રજુ કરવા સારૂ પેહેલવેહેલી દરખાસ્ત નહીં હોય એવો કાંઇ પુરાવાનો કાગળ હાજર કરવા બાબત પહેલવેહેલી અરજી.

૧૦. ફોજદારી કામના હાજર જામીનખત, ફરીઆદ કરવાના, સાહેદી પુરાવાના, તથા જાતે હાજર થવાના અથવા બીજી કોઇ બાબતના મુચરકા.

૧૧. હરકોઇ ગુન્હા બાબત પોલીસના હરકોઈ અમલદારને, ગામના મુખીને, અથવા ગામની પોલીસને અરજી અથવા ફરીયાદ કરવી હોય ત્યારે.

૧૨. કેદીની, અથવા જે માણસ અટકાવમાં હોય તેની અરજી.

૧૩. સરકારી નોકરોની, મ્યુનીસીપાલ ખાતાના અમલદારોની, રેલ્વેના નોકરોની, ફરીઆદ.

૧૪. સરકારી જંગલમાંના ઈમારતી લાકડાં કાપવાની અરજી, અથવા જંગલ બાબત બીજી અરજી.

૧૫. સરકારની પાસે રૂપીઆ લેણા હોય તે મલવા બાબતની અરજી.
૧૬. સાર્વજનીક કામ સારૂ મીલકત લીધી હોય તે બદલ નુકશાનીનું વળતર મળવા સારૂ અરજી.
૧૭. મ્યુનીસીપલ કર બાબત અપીલ કરવાની અરજી.
૧૮. ગેરવાજબી કેદ, અથવા ગેરવાજબી અટકાવ કરવાના ગુન્હા બાબત ફરીયાદ.
૧૯. કોગનીઝબલ ગુન્હાની ફરીઆદ.

જે દસ્તાવેજોને સરકારના ખાસ ઠરાવોથી કોરટ ફીની માફી આપી છે તે.

૧. નકામા પડેલા સ્ટેંપ કાગળની કીમત પાછી મલવા અથવા તેને બદલે બીજો સ્ટેંપ મલવાની અરજી.
૨. સરકારી વખાર અથવા અગરમાંથી મીઠ ખરીદ કરવાની અરજી.
૩. પ્રત બંધીનું કામ ચાલતુ હોય ત્યારે, તે દફતરના કાગળોની નકલ જમીનદાર અથવા ખેડુત માંગે તો.
૪. સુલેહ રાખવા બદલ જામીન ખત.
૫. ખાનગી ઉપયોગ માટે લેવાની નકલો. (આ નકલો પુરાવામાં દાખલ થશે નહિં).
૬. આકાર ઠરેલી જમીન લેવા માટે કરવાની અરજી.
૭. તકાવી મળવા બાબતની અરજી.
૮. નોંધવા આપેલો દસ્તાવેજ પાછો લેવા બાબત અરજી.
૯. ફોજદારી તોહમતનામાની નકલ.
૧૦. કમીટ કરેલા મુકર્દમામાં સાક્ષીદારોની યાદીની નકલ મલવા અરજી.
૧૧. વારંટ કેસના જજમેંન્ટ (ફેસલા)ની અને જ્યુરીને કહી સંભળાવેલા ચાર્જ (તોહમતનામાની) નકલ.
૧૨. તુરંગ માહેના કેદીને સમન કેસના જજમેન્ટ (ફેસલા)ની નકલ.
૧૩. ક્રી. પ્રો. કો. મુજબ ઓરત તથા બાળકોના ગુજરાન બાબત હુકમની નકલ.
૧૪. ચાલુ કામમાં સરકારી વકીલ નકલો માગે તે નકલો.
૧૫. ચાલુ કામમાં પોલીસ અમલદાર નકલો માગે તે નકલો.
૧૬. ઇનકમટેક્ષ સંબંધી કરવાની અરજી.
૧૭. કોર્ટમાં હાજર કરેલા દસ્તાવેજ પાછા મળવા બાબતની અરજી.
૧૮. જમીન ખેડવા રાખવા બાબતની કબુલત.

"પ્રોસેસ ફી"—દીવાની કામમાં સમન, વારંટ, નોટીસ બજાવવા બદલ જે રકમ કોર્ટમાં આપવી પડે છે તેને પ્રોસેસ ફી કહે છે. દરેક કામગરી માટે જુદી જુદી ફી આપવી પડે છે. એકજ આસામીને એકથી વધારે કામગરી બજાવે તો એકજ પ્રોસેસ ફી આપવી પડે છે. જુદી ફી આપવી નહી. પ્રોસેસ ન બજતાં પાછો આવે ત્યારે જો પ્રોસેસ પાછી કાઢવી પડે તો અડધી ફી અને એજ નીયમ બંધ પડેલા પ્રોસેસને લાગુ પડે છે. નીમેલી તારીખે કોર્ટ હાજર નહીં હશે તો સાક્ષીઓ માટે ફરી પ્રોસેસ આપવી પડશે નહી.

૧. સમન્સ, નોટીસ અને જાહેરનામા માટે નિચે મુજબ ફી આપવાની છેઃ—

अ	દાવાની રકમ રૂા. ૨૫) કરતાં વધારે ન હોય તો...........	બે આના
ब	,, ,, રૂા. ૨૫) કરતાં વધારે પણ રૂા. ૧૦૦) કરતાં કમી હોય તો	ચાર ,,
क	,, ,, રૂા. ૧૦૦) ,, ,, ,, રૂા. ૫૦૦) ,, ,,	આઠ ,,
ड	,, ,, રૂા. ૫૦૦) ,, ,, ,, રૂા. ૧૦૦૦) ,, ,,	રૂા. એક
इ	,, ,, રૂા. ૧૦૦૦) ,, ,, ,, રૂા. ૫૦૦૦) ,, ,,	,, બે
फ	,, ,, રૂા. ૫૦૦૦)થી વધારે હોય તો	,, ચાર
ज	જે કામમાં રૂા. ૫) કોર્ટ ફી બેસે તેવા દાવામાં.......... ...	ચાર આના
ह	જે કામમાં રૂા. ૧૦) ,, ,, ,, ...	આઠ આના

૨. પકડવાનું વારંટ, મનાઈ હુકમ, જપ્તીનો હુકમ, એને માટે ઉપર જે ફી ઠરાવેલી છે તેથી બમણી.

૩. ચાલુ વહીવટના કાયદાની રૂએઃ—

अ. પ્રત્યેક સમન્સ અથવા નોટીસ બદલ....................... ત્રણ આના.

ब. સમન્સ અથવાં નોટીસ ન બજતાં પાછી આવે તો, ફરી બજાવણી માટે બે આના.

૪. ત્રણ દીવસ કરતાં વધારે મુદત સુધી બેલીફની નોકરીની જરૂર હોય તો વધારાના દીવસનો બેલીફનો પગાર આપવો જોઇએ.

ફોજદારી કામ માટે પ્રોસેસ ફીઃ—

(૧) કોગનીઝબલ ગુન્હા (પોલીસ અખત્યારી ગુન્હા) બદલ પ્રોસેસ ફી આપવી નહી.

(૨) નોકરી કરવાના કરાર તોડવાના ગુન્હા, લગ્ન સંબંધી ગુન્હા અને આબરૂ લેવા બાબત ગુન્હા (પી૦ કો૦ બાબ ૧૯--૨૦--૨૧) માટે નીચે મુજબ
ફીઃ—હરેક સમન્સ અગર નોટીસ માટે ...... ચાર આના.
પકડવાના વારંટ માટે........ .... એક રૂપીયો.
નાશી ગયલા આદમીને માટે જાહેરનામુ કહાડવા બદલ „ „
જપ્તીના વારંટ માટે .... „ „

(૩) બીજા ગુન્હાઓ માટે ઉપર જે ફી બતાવી છે તેનો ચોથો હિસ્સો આપવો જોઇએ.

(૪) સરકારી નોકરે પોતાની નોકરીની રૂએ, ચાલુ કરેલા કામમાં પ્રોસેસ ફી આપવી પડતી નથી.

પરચુરણ કામ માટે જોઇતી ફીઃ—

अ. દસ્તાવેજના ખરાપણા બદલ મેજીસ્ટ્રેટ સહી કરી આપે તે બદલ કોર્ટ ફી ટીકીટ રૂપે એક રૂપીઓ.

ब મુખત્યાર પત્રના ખરાપણા બદલ રોકડ ફી આપવી પડે છે તેઃ—
(૧) હાઇકોર્ટના નાજર સહી કરે તો, આઠ આના.
(૨) ડીસ્ટ્રીકટ વ સબોર્ડીનેટ કોર્ટના નાજર સહી કરે તો, ચાર આના.
આવે પ્રસંગે જેટલી રોકડ તેટલીજ કોર્ટ ફીનો સ્ટેંપ આપવો પડે છે.

क. એફીડેવીટ માટે ઉપર મુજબ રોકડ તથા કોર્ટ ફી સ્ટેંપ.

રેવીન્યુ કામ માટે પ્રોસેસ ફીઃ—

હરેક સમન્સ અગર નોટીસ.............................ત્રણ આના
વારંટ...છ આના

સાક્ષી ભથા બદલ રોકડ નાણું કોર્ટમાં ભરવું પડે છે તેઃ—

૧. દીવાની કામમાં હરેક સાહેદ માટેઃ—

अ. યુરોપીઅન અથવા ઇસ્ટ ઇન્ડીઅનને ગાડી ભાડા બદલ દર માઇલે છ આના પ્રમાણે વાટ ખરચી. વળી કોર્ટમાં આવવાને, કોર્ટમાં હાજર રહેવા વ કોર્ટમાંથી જવાને જેટલા દીવસ લાગે તેટલા દીવસના ખોરાકી ખર્ચ બદલ દરરોજના રૂ. ૨—૮—૦ સુધી આપવા પડે.

ब. ઉંચી જાતના સાહેદ જેવા કે, પાટીલ, વ્યાપારી, વકીલ અને એ વર્ગના બીજા લોકને દરરોજ આઠ આનાથી તે રૂ. ૧) સુધી.

क. કારીગર લોકોને દરરોજ છ આના.

ड. ખેડુત અને ખાનગી નોકરોને દરરોજ ચાર આના.

ब. क. ड. માં જણાવેલા લોકોને વળી રેલવેનો તથા જવા આવવા બદલ બીજો વાજબી ખરચ આપવો પડે છે. પગે ચાલીને મુસાફરી કરવી પડે તો દરરોજના માઇલ ૧૫ પ્રમાણે ગણી ભથું આપવું જોઇએ.

इ. દીવાની કેદમાં દેણદારને મોકલવામાં આવે ત્યારે, તેને ખોરાકી ખરચ આપવાનો તે-યુરોપીઅનને દરરોજ રૂ. ૧)થી તે રૂ. ૧—૮—૦ સુધી યુરેશીઅન વ. પોર્ટયુગીઝ, દરરોજ આઠ આનાથી તે રૂ. ૧) સુધી બીજા લોકો માટે ત્રણ આનાથી તે બાર આના સુધી.

૨. ફોજદારી કામમાં ફરીઆદી અને સાહેદ માટે:—

अ. યુરોપીઅન અને ઇસ્ટ ઇન્ડીઅન સાહેદને દર માઇલે આના છ સુધી અને જરૂર પડે તો ગાડી ભાડું તથા ખોરાકી ખરચ બદલ દરરોજના રૂ. ૨-૬-૦ સુધી.

ब. દેશી ઉંચી જાતના સાહેદ જેવા કે પટેલ, વ્યાપારી, વકીલ અને તેવા દરજ્જાના બીજા લોકોને, દરરોજ છ આના પ્રમાણે, રેલવે અને બીજી મુસાફરીનો ખરચ જુદો.

क. ખેડુત અને બીજા લોકોને દરરોજ ચાર આના મુજબ, રેલવે અને બીજો વાટ ખરચ વાજબી થાય તે આપવો જોઇએ.

(૧) સેશન કોર્ટમાં કામ ચાલે તેવા ગુન્હાના કામમાં, (૨) જામીન નહી લેવાય એવા ગુન્હાના કામમાં, (૩) જામીન લઇ શકાય એવા કામમાં (કોર્ટને વાજબી લાગે તો), અને (૪) કોઈ અમલદારના હુકમથી ચાલેલા કામમાં સરકાર તરફથી ઉપર મુજબ મુસાફરી ખર્ચ વ ભથુ આપવું પડે છે.

દીવાની તથા ફોજદારી કોર્ટોમાં નકલ કરવા બદલ રોકડ ફી નીચે મુજબ આપવી જોઇએ:—

૧. અંગ્રેજી નકલ કરવા બદલ દર ૨૫) શબ્દે અથવા તેના ભાગે, છ પાઈ.
૨. દેશી ભાષામાં. „ ૩૩) „ „
૩. મુકાબલ ફી દર સો શબ્દે... ....અડધો આનો.

હિંદુ લોકના વસીયતનામાં (ઉવીલ) બાબત.

(સન ૧૮૭૦નો આક્ટ ૨૧મો ઈન્ડીઆ).

હેતુ—બંગાળા ઈલાકાના પ્રદેશ મધ્યેના અને મુંબઈ તથા મદ્રાસ શેહેર મધેના હિંદુ, જૈન, સીખ, તથા બૌધ લોકો (૧) વસિયતનામા કરે તે બાબત, (૨) તે વસિયતનામા ઉપર સાહેદી કરવા બાબત, (૩) તે વસિયતનામુ રદ કરવા બાબત, (૪) તે પાછું સ્થાપિત કરવા બાબત, (૫) તેનો અર્થ કરવા બાબત તથા (૬) તેના પ્રોબેટ બાબત નિયમો ઠરાવવાનો આ કાયદાનો હેતુ છે.

વારસા બાબતના આકટની કેટલીક કલમો, હિંદુ, જઇન, સીક તથા બૌધ લોકોના વસિયતનામાને આખા બંગાળ ઈલાકામાં, તથા મુંબઇ અને મદ્રાસ શેહેરમાં લાગુ કરી છે બંગાળ ઇલાકા બહાર તથા મુંબઇ અને મદ્રાસ શહેર બહાર વશીઅતનામા સ્થાવર મીલકત સંબંધના હશે તો તેને લાગુ કરી છે (૨).

લગનથી સદરહુ પ્રકારનું વસિયતનામું રદ થતું નથી. (અ) જે માલ મિલકત (વડિલો પારજીત) બીજાને આપી શકાય નહીં, તે માલ મિલકત વસિયતનામુ કરીને બીજાને આપવાનો, અથવા (બ) કોઇના ગુજરાનનો હક ડુબાવવાનો વસિયત નામુ કરનારને અધિકાર નથી.

દત્તક લેવા બાબતના કાયદાને તેમજ વસિયતનામું કર્યા વગર મરનારની માલ મિલકતના વારસા બાબતના કાયદાને આ આકટના કોઇ ઠરાવથી હરકત આવશે નહી (૩).

" કેટલીક કલમો " એટલે નીચે લખેલી કલમોઃ—

૪૬ મી, ૪૮ મી, ૫૦ મી, ૫૧ મી અને ૫૫મી કલમ અને ૫૭મી કલમના આરંભથી તે ૭૭ મી કલમની આખર સુધીની કલમો,

૮૨ મી, ૮૩ મી, અને ૮૫ મી કલમ અને ૮૮મી કલમના આરંભથી તે ૧૦૩ જી કલમની આખર સુધીની કલમો,

૧૦૬ ઠી કલમના આરંભથી તે ૧૭૭મી કલમની આખર સુધીની કલમો, અને ૧૮૭મી કલમ.

ઉપરની કલમો લાગુ કરતી વખતેઃ—

" દિકરો " તથા " દિકરા " અને " છોકરૂં " તથા " છોકરા " આ શબ્દોમાં દત્તક છોકરાનો સમાસ થાય છે. " છોકરાંના છોકરાં " આ શબ્દોમાં દત્તક અથવા ઔરસ છોકરાના દત્તક અથવા ઔરસ છોકરાંઓનો સમાસ થાય છે. " વહુ " શબ્દમાં દત્તક છોકરાની ધણીઆણીનો સમાસ થાય છે (૬).

હિંદુસ્થાનના પુરાવાનો આકટ સમજવો સહેલ પડે એટલા માટે પ્રથમ તકતા રૂપે સારાંશ આપ્યો છે.

ભાગ ૧ લો.

*પુરાવામાં અપાય તેવી હકીકતો.

- મુદ્દાની (૫)
- સંબંધધરાવતી (૫)

૧–મુદ્દા સાથે સંબંધ રાખતી, કલમ ૫–૧૬.

૨–અંગીકાર, કલમ ૧૭–૩૧.

૩–મૈયત માણસે અથવા મલી શકતા નહોય એવા માણસે કરેલા અથવા લખેલાં મજકુર, કલમ ૩૨–૩૩.

૪–વિશેષ પ્રસંગે કહેલો અથવા લખેલો મજકુર, કલમ ૩૪–૩૯.

૫–ઈનસાફની કોર્ટના ફેસલા, કલમ ૪૦–૪૪.

૬–ત્રાહિત સખસના અભિપ્રાય, કલમ ૪૫–૫૧.

૭–ચાલચલકત, કલમ ૫૨–૫૫.

ભાગ ૨ જો.

હકીકતો કેવી રીતે સાબીત કરી શકાય.

- જે હકીકત સાબીત કરવાની જરૂર નથી તે, કલમ ૫૬–૫૮.
- મુખ જુબાની પુરાવાથી કલમ ૫૯–૬૦
- દસ્તાવેજી પુરાવાથી કલમ ૬૧–૧૦૦

૧–અવલ કે દોયમ, કલમ ૬૧–૬૬.

૨–સાખ કરેલા અને નહિ કરેલા, કલમ ૬૭–૭૩.

૩–જાહેર કે ખાનગી, કલમ ૭૪–૭૮.

૪–કેટલેક પ્રસંગે સાબીત કરવાની જરૂર નથી, કલમ ૭૯–૯૦.

૫–દસ્તાવેજી પુરાવો હોય ત્યારે મુખ જુબાની પુરાવો નહિ લેવા બાબત, કલમ ૯૧–૧૦૦.

ભાગ ૩ જો.

સાબીતીનો બોજો કોનેશીર, વગેરે.

- જેની ઉપર સાબીતીનો બોજો હોય તેણે પુરાવો રજુ કરવો જોઇએ. કલમ ૧૦૧–૧૧૪
- પ્રતિબંધ કલમ ૧૧૫–૧૧૭
- સાહેદોને તપાસવા બાબત કલમ ૧૧૮–૧૬૬
- ભુલચુકનું પરીણામ કલમ ૧૬૭

*નોટઃ–હકોનું તથા જવાબદારીનું નીરાકરણ હકીકતપર આધાર રાખે છે. પુરાવામાં જે હકીકતો બેહુ પક્ષકારો તરફથી રજુ થાય તેની તુલના કરી ન્યાયાધીશ ઈનસાફ આપે છે.

પુરાવા બાબત.

(સને ૧૮૭૨નો આકટ ૧લો--ઇન્ડીઆ).

(આ કાયદો ફોજદારી, દીવાની, તથા મેહેસુલી કામ ચલાવવાની રીતને એક સરખી રીતે લાગુ છે.)

આ કાયદો સમજવો ઘણો મુશકેલ છે, માટે તેમાંની જાણવાજોગ બાબત સમજાય એવી રીતે સાદી ભાષામાં લખવાનો પ્રયત્ન કર્યો છે. આ કાયદાના ત્રણ ભાગ થઇ શકે છે. પેહેલા ભાગમાં કઈ કઈ હકીકતોનો પુરાવો આપી શકાય તેનું વર્ણન કરેલું છે. બીજા ભાગમાં ઉપરની હકીકતો કેવી રીતે સાબીત કરી શકાય છે, તેનું વર્ણન કરેલું છે. અને ત્રીજા ભાગમાં, સાબીતીના બોજા વિશે તથા સાહેદો વિશે વર્ણન કરવામાં આવેલું છે.

ભાગ પહેલો—મુદ્દાની તથા લગતી હકીકતોનો પુરાવો આપી શકાય છે (૫). જે હકીકત એકજ પ્રકરણનું અંગ હોય તે (૬). જે હકીકત મુદ્દાની હકીકતનું પ્રયોજન, અગર કારણ, અગર ફળ છે તે હકીકત (૭). હેતુ તૈયારી તથા પ્રથમની કિંવા પાછળની વર્તણુક (૮). લગતી હકીકતના ખુલાસા અથવા તે કામમાં પ્રવેશ, સમજવા સારૂ જે હકીકતની જરૂર તે હકીકત (૯). ગુન્હો કરવા અથવા કાંઈ દાવો ચાલવા લાયક અપકારનું કૃત્ય કરવા સારૂ, સંપ કર્યો હોય તેવા કોઇ સખસે તે લોકોના સામાન્ય ઈરાદા સંબંધ કાંઇ કહ્યું અગર કર્યું હોય તે બાબત (૧૦). હરકોઇ મુદ્દાની અગર લગતી હકીકતથી વિરૂધ્ધ હોય એવી હકીકત (૧૧). મુદ્દાનું અનુમાન બતાવી શકે એવી કાંઇ હકીકત (૧૨). હક કીંવા રીવાજ વિશે તકરાર હોય તો તે સંબંધના અગાઉ થયલા દાખલા (૧૩). જે હકીકત ઉપરથી મનની, શરીરની, શરીરના સુખ દુઃખની સ્થિતિ માલમ પડે તે હકીકત (૧૪). કોઈ કૃત્ય થયું તે અકસ્માત કે ઈરાદા પૂર્વક થયું એવી તકરાર હોય તો તે કૃત્યના જેવા બીજા ઘણા બનાવો બન્યા છે એ હકીકત (૧૫). અમુક કૃત્ય બન્યું છે કે નહિ એવી તકરાર હોય ત્યારે, કામની સાધારણ પધ્ધતી (૧૬). ઉપરની બધી હકીકતો લગતી હકીકતો કહેવાય છે. પોતાના હિત વિરૂધ્ધ કરેલો અંગીકાર તથા મરનાર માણસે કરેલો અંગીકાર સાબીત થઈ શકે છે. (૨૧). દસ્તાવેજના મજકુરનો મુખ જબાની અંગીકાર લગતો નથી. (૨૨). અંગીકારનો પુરાવો આપવો નહિ એવો કરાર હોય તો, દીવાની કામોમાં તે અંગીકાર લગતો નથી (૨૩). લાલચ, ધમકી કીવાં વચન ઉપરથી કીધેલી કબુલત ફોજદારી કામમાં લગતી નથી (૨૪). પોલીસ અમલદાર રૂબરૂ કરેલી હકીકત પુરાવામાં લેવાય નહીં (૨૫). પોલીસના હવાલામાં તોહોમતદાર હોય તે વખતે કીધેલી કબુલત

પુરાવામાં લેવાય નહીં; પરંતુ કોઈ મેજીસ્ટ્રેટની પ્રત્યક્ષ એવી કબુલત કરી હોય તો તે લઈ શકાય (૨૬). તોહુમતવાળાએ કરેલી કબુલત ઉપરથી જે હકીકત સોધી કહાડવામાં આવે તે હકીકત પુરાવામાં લઇ શકાય (૨૭). એકથી વધારે તોહમતવાળા હોય ત્યારે તે પૈકી એકે કરેલી કબુલત બધાને એક સરખી રીતે લાગુ પડતી હોય તો, વિચારમાં લઈ શકાય (૩૦). જે સખસ મરણ પામ્યો હોય અથવા મળી શકતો ન હોય તેણે કરેલો અથવા લખી રાખેલો મજકુર નીચે લખેલા પ્રસંગે લગતો છે:—

अ તે મજકુર પોતાના મોતના કારણ વિશે હોય ત્યારે,

ब તે મજકુર પોતાના ધંધાના અરથે કરેલો હોય ત્યારે,

क તે મજકુર કહેનારના વિરૂધ્ધ હોય ત્યારે,

ड તેમાં સાર્વજનીક હક રીવાજ કીંવા સામાન્ય ફાયદા, ગેરફાયદા સંબંધી અભિપ્રાય હોય ત્યારે.

इ સગપણ વિશે હોય ત્યારે (૩૨).

क પેસ્તરના ઈનસાફી કામનો પુરાવો તેજ પક્ષકાર વચેનો, અને તેજ બાબત હોય ત્યારે (૩૩).

" વિશેષ પ્રસંગે કહેલો અથવા લખેલો મજકુર "—નિચે લખેલા પ્રસંગ સર, લગતો છે:– હિસાબની ચોપડીમાંની નોંધ; સરકારી દફતરમાં કરેલી નોંધ; નકસા તથા પ્લાનમાં બતાવેલા મજકુર; કાયદા તથા ગેઝીટમાં છાપેલા મજકુર, સરકારના હુકમથી છાપેલી કાયદાની ચોપડીમાં લખેલો મજકુર (૩૪–૩૮) જરૂર લાગે તેટલીજ નોંધનો કે વાતનો પુરાવો આપવો (૩૯).

" ઈનસાફની કોર્ટનો ફેસલો "—તેના તેજ વિષય સંબંધનો હોય અથવા સાર્વજનીક બાબતનો હોય ત્યારે લગતો છે. પરંતુ તે અધિકાર વિનાની કોરટે કર્યો હતો, અથવા તે દગલબાજીથી થયો હતો એ વાત પણ સાબીત કરી શકાય (૪૪).

"ત્રાહીત સખસના અભિપ્રાય"—નિચે લખેલા પ્રસંગે, લગતા છે:–(૪૫–૫૧)

૧. પારકા દેશના કાયદા, તથા શાસ્ત્ર કળાની બાબતમાં; અક્ષર ઓળખવાની બાબતમાં કુશળ માણસોના અભિપ્રાય,

૨. કુશળ માણસોના અભિપ્રાય સાથે સંબંધ રાખતી હકીકતો,

૩. અક્ષર ઓળખવાની બાબતમાં માહિતગાર માણસના અભિપ્રાય,

૪. હક, કીંવા રીવાજના સંબંધમાં માહિતગાર માણસના અભિપ્રાય,

૫. વહીવટ, સંપ્રદાય, ધર્મ, ધર્માદા સંબંધી બાબતોમાં શબ્દો તથા બોલના અર્થ સમજાવવાની બાબતમાં માહીતગાર માણુસના અભિપ્રાય,
૬. સગપણુ બાબત માહીતગાર માણુસના અભિપ્રાય,
૭. અભિપ્રાયના કારણો.

" કોઈ સખસની ચાલચલણુ "—કયારે લગતી છે. (૫૨–૫૫)
૧. દીવાની કામમાં વર્તણુંક સાબીત કરવાને ચાલચલણુ લગતી નથી.
૨. ફોજદારી કામમાં આગલી સારી ચાલચલણુ લગતી છે.
૩. ફોજદારી કામમાં પેસ્તર થયેલા ગુન્હાની સાબીતી લગતી છે. ચાલચલણુ ખરાબ છે એ હકીકત લગતી નથી, પરંતુ સારી ચાલનો પુરાવો આપ્યો હોય તો ખરાબ ચાલચલણુ લગતી હકીકત થાય છે.
૪. દીવાની કામમાં નુકશાનીની રકમ નક્કી કરવામાં, ચાલચલણુ લગતી છે.

ભાગ બીજો—પેહેલા ભાગમાં કઈ કઈ હકીકતો પુરાવામાં લઇ શકાય તેની યાદી આપી છે; હવે આ ભાગમાં તે હકીકતો કેવી રીતે સાબીત કરવી જોઈએ તેનું વર્ણન આપેલું છે.

હકીકત બે રીતે સાબીત થઇ શકે છે. મુખ જુબાનીથી અને દસ્તાવેજી પુરાવાથી. દસ્તાવેજના મજકુર શીવાય સર્વ હકીકત મુખજુબાની પુરાવા આપી સાબીત કરવી જોઇએ. મુખજુબાની પુરાવો પ્રત્યક્ષ જોઇએ, એટલે તે હકીકત નજરે જોનાર માણુસની, સાંભળનારની, તથા અભિપ્રાય આપનારની સાહેદી આપવી જોઇએ.

દસ્તાવેજી પુરાવા બે જાતના હોય છે. ૧ અવલ પુરાવો, ૨ દોયમ પુરાવો. અસલ દસ્તાવેજને હાજર કરવો, એ અવલ પુરાવો. સહી સીકકાવાળી ખરી નકલો, અને દસ્તાવેજ જાતે જોનારનો તે દસ્તાવેજના મજકુર સંબંધી મુખજુબાની પુરાવો એ દોયમ પુરાવો કહેવાય છે.

દસ્તાવેજ સાબીત કરવો હોય તો તે અસલ રજુ કરવો જોઈએ, પરંતુ (૧) અસલ દસ્તાવેજ નાશ થયો હોય, અથવા ખોવાયો હોય ત્યારે, (૨) તે સહેલથી ખશેડી શકાય નહિ એવો હોય ત્યારે, (૩) તે સાર્વજનિક દસ્તાવેજ હોય ત્યારે, (૪) દાખલાવાળી નકલ પુરાવામાં આપવાની પરવાનગી હોય ત્યારે અને (૫) અસલ જેના વિરૂદ્ધ સાબીત કરવાની ઇચ્છા હોય તે સખસના કબજામાં હોય ત્યારે, દોયમ પુરાવો આપવો જોઇએ. દસ્તાવેજ સાબીત કરવા માટે તે અસલ અથવા નકલ રજુ કરવી જોઇએ એટલુંજ નહિ પણુ તે ઉપર અમુક માણુસે સહી કરી છે, અથવા તેણે લખ્યો છે, એવું એકાદ સાહેદથી સાબીત થવું જોઈએ. જે માણુસે દસ્તાવેજ લખી આપ્યો હોય તે પોતેજ તે લખી આપ્યાનું અંગીકાર કરે તો તે

અંગીકાર પુરતી સાબીતી છે. સહી, લખાણુ તથા શીક્કો, અગાઉ અંગીકાર કરેલા સહી, લખાણુ તથા શીક્કાના મુકાબલાથી સાબીત થઈ શકે છે. ત્રીસ વરસના જુના દસ્તાવેજને સાબીત કરવાની જરૂર નથી.

દસ્તાવેજી પુરાવો હોય ત્યારે મુખજુબાની પુરાવો નહિ લેવાય; પરંતુ નહિ વંચાય એવા અક્ષર, તથા ગામઠી શબ્દો કીંવા વાકયના અર્થ તથા સંક્ષેપે લખેલા કાગળના અર્થ, વિદ્યા, હુનર, ઈયા રોજગાર પ્રસંગે વપરાતા શબ્દોના અર્થ સાબીત કરવા માટે મુખજુબાની પુરાવો લઈ શકાય.

"નીચે લખેલી હકીકત સાબીત કરવાની જરૂર નથી"—કાયદા સંબંધી, કાળના વિભાગ સંબંધી, સરકારી અમલદારોના નામ તથા હોદ્દા સંબંધી, સરકારી ગેઝેટમાં પ્રસીધ્ધ થયેલા મજકુર સંબંધી તથા એક વખત અંગીકાર કરેલી હકીકત સાબીત કરવાની જરૂર નથી. (૫૬–૧૦૦).

ભાગ ત્રીજો—હકીકતો સાબીત કરવાનો બોજો કોને શીર, શાહેદી કોણ આપી શકે, સાહેદોને કયા કયા સવાલો પુછી શકાય, વીગેરે બાબતોનો સમાસ આ ભાગમાં કરેલો છે.

કોઈ દાવામાં અથવા કામમાં બેમાંથી એકુ પક્ષકાર તરફથી બીલકુલ પુરાવો ગુજારવામાં ન આવે તો જે સખસની હાર થાય, તે સખસના ઉપર સાબીતીનો બોજો છે એમ સમજવું (૧૦૨). ફલાણી હકીકત છે એમ કોર્ટ માને એવું જે સખસ ઇચ્છતો હોય તે સખસના ઉપર તે હકીકતની સાબીતીનો બોજો છે (૧૦૩). અના ઉપર ખુનનું તોહોમત છે. તે જાહેર કરે કે દિવાનગીના સબબથી, અગર ઇંતેફાકથી, (અગર સાપ્રાધ ઈરાદા કે જ્ઞાન વિના) તે ખુન કેવી રીતે થયું તે જાણુતો નહતો, તેમાં સાબીતીનો બોજો અના ઉપર છે. પીનલ કોડની કલમ ૭૬થી ૯૫ સુધી ગુન્હાના સાધારણુ અપવાદ આપેલા છે, તે અપવાદનો લાભ તોહમતવાળા એ લેવો હોય તો તેણે તેના કૃત્યનો (ગુન્હાનો) સમાવેશ અપવાદમાં થાય છે એમ સાબીત કરી આપવું જોઈએ (૧૦૫). રેલવે માર્ગે ટીકીટ વગર જવાનું અના ઉપર તોહોમત હોય, તો તેની પાસે ટીકીટ હતી એમ સાબીત કરવાનો બોજો તેના ઉપર છે (૧૦૬). કાંઇ ચીજ કે જમીન અના કબજામાં છે, અ તેનો માલીક છે કે નહિ એમ તકરાર પડે ત્યારે અ માલીક નથી એ વાત સાબીત કરવાનો બોજો અ માલીક નથી એમ કેહેનાર સખસના ઉપર છે (૧૧૦). સ્થાવર મિલકતના ગણોતીઆ, પેટા ગણોતીઆ તથા ભાડુતથી એમ નહિ કહી શકાય કે (પ્રતિબંધ) તે મિલકતના માલેકનો તે જમીન ઈયા ઘર ઉપર ગણોતે ઈયા ભાડે રાખી તે વખતે, કંઈ હક નહોતો (૧૧૬).

"સાહેદી કોણ આપી શકે?" હરકોઈ સખસ સાહેદી આપવાને શક્ત છે; પરંતુ કાચી ઉમરના છોકરાં તથા અતીશય ઘરડાં માણસો તથા દિવાના સખસો, પુછેલા સવાલ સમજી શકે નહી તથા તેના જવાબ બરાબર આપી શકે નહી તેવાં છોકરાં તથા સખસોની સાહેદી કોર્ટ લે નહિ (૧૧૮).

મુંગા માણસો ખુલ્લી કોરટમાં લખીને કે ઇસારાથી અથવા ચીન્હો કરી સાહેદી આપી શકે છે (૧૧૯). દીવાની કામમાં દાવાના પક્ષકારો, ધણી ઈયા ધણીઆણી, સાહેદી આપી શકે છે. ફોજદારી કામમાં ધણી ઈયા ધણીઆણી એકબીજાની વિરૂધ્ધ સાહેદી આપી શકે છે (૧૨૦). ગુન્હો બન્યા બાબત હરકાંઇ ખબર કોણે કહી તે કેહેવાને પોલીસ અમલદારને ફરજ પાડી શકાતી નથી (૧૨૫). બારીસ્ટર અથવા વકીલને અસીલે કેહેલી વાત ઈયા બારીસ્ટર અથવા વકીલે તેને આપેલી સલાહ, પ્રગટ થઈ શકતી નથી (૧૨૬). તોહમતવાળા સખસનો સોબતી તોહોમત વાળા વિરૂધ્ધ સાહેદી આપી શકે છે (૧૩૩). કોઈપણ હકીકત સાબીત કરવાને એક થી વધારે સાહેદ જોઇએ એમ કંઈ જરૂરનું નથી. એક સાહેદ હોય તોપણ તે બસ છે (૧૩૪).

જે પક્ષકારે સાહેદને બોલાવ્યો હોય તે પક્ષકાર તે સાહેદને તપાસે તેને મુખ્ય તપાસણી કહે છે. સામો પક્ષકાર સાહેદને તપાસે તેને ઉલટ તપાસણી કહે છે. ઉલટ તપાસણી થવા પછી, સાહેદ બોલાવનાર સાહેદને ફરી તપાસે તેને ફરી તપાસણી કહે છે. મુખ્ય તપાસણી તથા ઉલટ તપાસણી લગતી હકીકત બાબત હોવી જોઈએ, ઉલટ તપાસણીમાં જે હકીકત નીકળી હોય તેનો **ખુલાસો** થવાના કારણુસર સવાલો ફરી તપાસણીમાં પુછવા જોઈએ. સવાલ પુછનાર સખસ જે જવાબ મળવાની ઈચ્છા રાખતો હોય અથવા આશા રાખતો હોય તે જવાબ જે સવાલ ઉપરથી નીકળી આવે તેવા સવાલને **સુચક સવાલ** કહે છે. મુખ્ય તપાસણીમાં અને ફરી તપાસણીમાં સુચક સવાલ પુછાય નહી, ઉલટ તપાસણીમાં સુચક સવાલ પુછી શકાય; વળી, સાહેદ સાચું બોલે છે કે નહિ તેની પરિક્ષા લેવા બાબત, તેની સંસારી સ્થિતી બાબત, તેનો ભરોશો નબળો પાડવા બાબતના સવાલો પણ પુછી શકાય છે. અપમાન કરવાના ઈરાદાથી કરેલા સવાલો કોર્ટ પુછવા દેશે નહીં. કોઇ અધિકારીની રૂબરૂ અગાઉ કરેલી હકીકત સાબીત કરી શકાય છે. કંઈ કામ બનતી વખતે, અથવા ત્યાર પછી તરતજ કાંઈ લખાણ કરેલું હોય તે ઉપરથી સાહેદ પોતાની યાદદાસ્ત તાજી કરી શકે છે (૧૩૫-૧૫૯).

કરાર બાબત.

(સન ૧૮૭૨ નો આકટ ૯ મો–ઈંડીઆ).

કાયદાથી અમલમાં આણી શકાય એવી કબુલતને કરાર કહે છે (૨) લાયક ઉમરે પોહોચેલો સખસ (૧૮ વર્ષ ઉપરના) જેની સાવધ બુદ્ધી હોય તે કરાર કરી શકે છે (૧૧).

"નિરર્થક કરવા જોગ કરાર તથા કબુલતો બાબત"—જ્યારે કબુલત કરવામાં સંમતી રાજીખુશીથી આપેલી ન હોય તો, કબુલત નીરર્થક થવા યોગ્ય છે (૧૯). હકીકત વિશે બન્ને પક્ષકારની ચુક થઈ હોય, તો તે કબુલત નિરર્થક છે. બ્રીટીશ ઈંડીઆમાં ચાલતા કોઈ કાયદા વિશેની ચુકને લીધે થયેલો કરાર નિરર્થક થતો નથી. નીચે બતાવેલી બાબતોમાં કબુલતનો અવેજ અગર ઉદ્દેશ ગેરકાયદે છે અને તેથી તેવી કબુલતો નિરર્થક છે:–(૧) જે અવેજ કીંવા ઉદ્દેશની કાયદામાં મનાઈ કરી હોય તેવો; (૨) જેમાં કપટ હોય તેવો; (૩) જે બીજા સખસના શરીરને કીંવા મીલકતને હાની કરતા હોય તેવો; (૪) જેનો અર્થ હાની કરવાનો થતો હોય તેવો; (૫) જેને કોર્ટ અનીતી અથવા રાજનીતી વિરૂદ્ધ ગણતી હોય તેવોઃ–દ્રષ્ટાંત તરીકે, પોતાનો છોકરો કે છોકરી પરણાવવા બદલ, નાણા આપવાની કબુલત કોઈ હિંદુ બાપને આપવામાં આવે, તે કબુલતનો કોર્ટ અમલ કરી શકતી નથી કારણકે એવી કબુલત અનીતિવાન અને રાજ્યનીતિ વિરૂદ્ધ ગણાય છે (૨૩).

નિચે બતાવેલી કબુલતો નિરર્થક છે. (૧) અવેજ કોઈ ભાગે ગેરકાયદે હોય તો (૨) અવેજ શીવાયની કબુલત. (૩) લગ્નમાં હરકત કરનારી કબુલત. (૪) વેપારને હરકત કરતા કબુલત. (૫) કાયદા મુજબ કામ ચલાવવામાં હરકત કરતા કબુલત. (૬) જે કબુલતનો અર્થ નકી નથી કીંવા નકી કરી શકાય નહી તેવી કબુલત. (૭) સરત, ઘોડદોડની સરત શીવાયની, તરીકે કરેલી કબુલત (૨૪–૩૦)

નિચે બતાવેલી બાબતમાં અવેજ વગર કરેલી કબુલત નિરર્થક થતી નથી. (૧) પક્ષકારો પરસ્પર નજદીકના સંબંધમાં હોય તે પક્ષકારો વચ્ચે સ્વભાવિક પ્રીતી તથા માયાના સબબથી થયેલી કબુલત, જો તે લેખી હોય અને નોધાવેલી હોય તો. (૨) કાંઇ વસ્તુ કરી હોય તેનો બદલો આપવાનું વચન હોય તો (૩). મુદતના કાયદાથી રદ થયેલું કરજ આપવાનું વચન હોય તો. લવાદીપર સોંપવા વિશેની કબુલત નિરર્થક નથી.

અશકય બીના ઉપર કરેલી અવલંબી કબુલત નિરર્થક છે. (૩૬) અશક્ય કૃત્ય કરવાની કબુલત નિરર્થક છે (૫૬). ગેરકાયદે વસ્તુ કરવાની કબુલત નિરર્થક છે (૫૭).

"કરાર પુરો કરવા બાબત"—કરાર કરનાર પક્ષકારોએ પોત પોતાના વચન પુરાં કરવાં જોઈએ એટલે વચન પ્રમાણે ચાલવું જોઇએ; વચન આપનારાએ કરાર પુરો કરવો જોઈએ. કરાર પુરો કરવાનો વખત ઠરાવેલો ન હોય ત્યારે, યોગ્ય વખતની અંદર વચન આપનારે વચન પ્રમાણે ચાલવું જોઇએ (૩૭–૫૫). અમુક કરજ પેટે આ રકમ આપું છું એવું કરજદારે કહ્યું હોય તો, તે રકમ તે કરજ પેટે જમા કરવી જોઇએ; જ્યારે એવું કરજદારે કહ્યું ન હોય ત્યારે સાહુકાર ગમે તે કાયદેસર દેણુ પેટે જમા કરવાને મુખત્યાર છે (૫૯–૬૧). એક બાજુ તરફથી કસુર કરવામાં આવે એટલે બીજી બાજુ તરફથી કરારનો અમલ કરવામાં નહી આવે તો વચન આપનારને માફી થઈ એમ સમજવું (૬૭).

"કરાર નહિ, પણ કરાર જેવા સંબંધો વિષે"—જે સખસ ગાંડપણુ કે સગીરપણાને લીધે, કરાર કરવાને નાલાયક હોય તેવા સખસને અન્નવસ્ત્ર પુરાં પાડવા બદલ ત્રાહિતે કરેલો ખરચ, તેવા સખસની મિલકતમાંથી વસુલ લેવાને દાવો માંડી શકે છે (૬૮). એક સખસે આપવાના પૈસા બીજો સખસ તે વાતમાં પોતાનો સંબંધ હોવાથી આપે તો, તે આપનારને પૈસા પાછા મળવાનો હક છે (૬૯) ભુલથી કંઈ ચીજ કોઈને ઘેર રહી જાય, અને તે ચીજનો તે ઘરવાળો ઉપયોગ કરે તો, તે ચીજની કીમત તેણે આપવી જોઈએ (૭૦). બીજાની વસ્તુ કોઇને જડે અને પોતાના સ્વાધીનમાં રાખે તો, તે વસ્તુને માટે તે રાખનાર જવાબદાર થાય છે (૭૧). ચુકથી અગર સખતીના કારણથી નાણાં અગર બીજી વસ્તુ કોઇને અપાઈ હોય, તો તેણે તે નાણાં અગર વસ્તુ પાછી આપવી જોઈએ (૭૨).

"કરાર તોડવાના પરિણામ"—કરાર તોડવાથી ઉત્પન્ન થયેલો ટોટો અથવા નુકશાન કરાર તોડનાર પાસેથી ભરી લેવાનો હક છે. કરાર તોડવા બદલ અમુક નુકશાની ભરી આપવાની કરેલી હોય ત્યારે નુકશાની બદલ યોગ્ય રકમ (ઠરેલી રકમથી વધારે નહિ) ભરી આપવી જોઇએ. (૭૩–૭૫).

"માલ વેચાણ બાબત"—"વેચાણુ" એટલે કીમતના બદલામાં મિલકત આપવી તે. કાંઈ કીમતે કોઇ મુકરર કરેલા (જંગમ) માલની કીમત આપવા માંડી તથા સ્વીકારી અને તેની સાથે કીમત આપ્યાથી અથવા માલ સ્વાધીન કર્યાથી કીંવા બાનુ આપ્યાથી વેચાણ થાય છે એમ સમજવું. વેચેલો સઘળો માલ અથવા તેનો કંઇ ભાગ સ્વાધીન કરવામાં આવે ત્યારે તે વેચેલા માલનું સ્વામીત્વ ખરીદદારને પ્રાપ્ત થાય છે. સ્થાવર તથા જંગમ મિલકત એકઠી વેચવાની કબુલત થઈ હોય તો સ્થાવર મિલકત ઉપર હક પ્રાપ્ત થાય તે પેહેલાં જંગમ મિલકત ઉપરનું સ્વામીત્વ ઉત્પન્ન થતું નથી. માલ ઉપર ખરીદદારની માલકી થયા પછી

કાંઈ નુકશાન થાય તો ખરીદદારે તે ખમવું જોઈએ (૭૮–૮૯). વેચેલા માલની કીમત મળે ત્યાં સુધી તે અટકાવી રાખવાનો વેચનારને હક છે. વેચેલો માલ રસ્તે જતો હોય તેવામાં ખરીદદાર નાદાર થયલો જણાય તો તે માલ વેચનાર અટકાવી શકે છે. (૯૫–૧૦૭).

વેચનારનો પોતાના માલ ઉપર જે હક હોય તે કરતાં વધારે હક ખરીદદાર ને આપી શકતો નથી. ब એ क ની એક ગાય ચોરી ને अ ને વેચી, अ એ શુધ્ધ બુધ્ધીથી ખરીદી, તો પણ ગાય ઉપરની માલકી अ ને મલતી નથી. (૧૦૮).

ખોટા હકથી વેચેલો જંગમ માલ ખરીદદારને પાછો આપવો પડે તો, વેચનાર ખરીદદારને નુકસાની ભરી આપવાને પાત્ર થાય છે (૧૦૯). કાંઈ ખાસ માલ ખાત્રી કરીને વેચી ખરીદદારને સ્વાધીન કર્યો હોય, અને ખાત્રી કર્યા મુજબ માલ નહિ નિકળે તો, જે નુકસાન થાય તે ભરી આપવાને વેચનાર જવાબદાર થાય છે (૧૧૭). મંગાવેલા માલ સાથે નહિ મંગાવેલો માલ મોકલ્યો હોય તો મંગાવનાર, નહિ મંગાવેલો માલ "હું લેતો નથી" એમ કહી શકે (૧૧૯)

ખરીદદાર પોતાને વેચેલો માલ સ્વીકારવાની ના પાડે તો તેણે વેચાણનો કરાર તોડયો એમ સમજવું (૧૨૦).

લીલામથી માલ વેચાતો હોય, ત્યારે વેચનાર કીમત વધારવાને બનાવટી માગણીનો ઉપયોગ કરે તો, તે વેચાણ નિરર્થક થવા યોગ્ય છે (૧૨૩).

"હામી તથા જામીનગીરી બાબત"—કાંઈ કામના સંબંધમાં કંઈ ટોટો આવે તે ભરી આપવાના કરારને "હામી"નો કરાર કહે છે. કોઈ ત્રાહીત સખસ પોતાનું વચન કિંવા જવાબદારી પુરી કરવામાં કસુર કરે તો તે પુરી કરવાનો જે કરાર થાય તેને "જામીનગીરીનો કરાર" કહે છે. કરારમાં બીજી રીતનો ઠરાવ ન હોય તો, જામીનની જવાબદારી મુખ્ય દેણદારની જવાબદારી જેટલીજ છે (૧૨૮). માગનાર મુખ્ય દેણદાર સાથે ફડચો કરે, અથવા મુદત આપે, અથવા દાવો ન આણવાનું વચન આપે તો, જામીન છુટો થાય છે (૧૩૫). કરારમાની શરતોમાં ફેરફાર થવાથી જામીન છુટો થાય છે (૧૩૨). મુદત આપવાનો કરાર ત્રીજા સખસ જોડે કર્યો હોય તો, જામીન છુટો થતો નથી (૧૩૬). માંગનાર દાવો માંડવાની ખામોશ રાખે તેથી જામીન છુટો થતો નથી (૧૩૭). કેટલાક સહજામીનોમાંના એકને છુટો કર્યો તો, બીજા છુટા થતા નથી (૧૩૮). જામીને રૂપીઆ આપ્યા અગર કામ પુરૂં કર્યું તો, માગનારના દેણદાર ઉપર જે હકો હોય તે જામીનને પ્રાપ્ત થાય છે (૧૪૦). સહજામીનો સરખે ભાગે જવાબદાર છે. (૧૪૬).

"નિક્ષેપ વિશે"—જ્યારે એક સખસ કાંઈ માલ કોઈ કામ સારૂ બીજા સખસને સ્વાધીન કરે, અને તે એવા કરારથી કે કામ મજકુર પુર્ણ થાય એટલે તે માલ પાછો આપવો અથવા જે સખસે તે સ્વાધીન કર્યો હોય તે સખસના હુકમ પ્રમાણે તેની બીજી રીતે વ્યવસ્થા કરવી, ત્યારે એ પ્રમાણે માલ સ્વાધીન કરવો તેને "નિક્ષેપ" કહે છે, જે સખસ માલ સ્વાધીન કરે તેને "નિક્ષેપ્તા" કહે છે. જેને માલ સ્વાધીન કરવામાં આવે તેને "નિક્ષેપી" કહે છે.

નિક્ષેપીને અગર તેના તરફથી અધિકારવાળા સખસને માલ કબજામાં આપવાથી તે માલ સ્વાધિન કરી શકાય છે (૧૪૯). નિક્ષેપ માલમાં જે ખામી હોય તે જણાવવાનું કામ નિક્ષેપ્તાનું છે, અને ન જણાવે તો તે ખામીથી જે પ્રત્યક્ષ નુકશાન થાય તે નુકશાનનો નિક્ષેપ્તા જવાબદાર છે. માલ ભાડા સારૂ નિક્ષેપમાં આવ્યો હોય તો નુકશાનનો જવાબદાર નિક્ષેપ્તા છે, પછી તે ખામી હોવાની તેને ખબર હોય કે ન હોય (૧૫૦). નિક્ષેપીએ પોતાના માલ જેટલી નિક્ષેપ્તમાં આવેલા માલની સંભાળ લેવી જોઇએ (૧૫૧). નિક્ષેપ્ત વસ્તુ ખોવાઈ જાય, નાશ થાય, અથવા બગડે (ઘટતી સંભાળ લીધા છતાં) તો નિક્ષેપી જવાબદાર નથી (૧૫૨). સરત વિરૂદ્ધ નિક્ષેપીએ કાંઈ કૃત્ય કર્યું તો નિક્ષેપ નિરર્થક થવા યોગ્ય થાય છે. વાપરવા સારૂ કાંઈ વસ્તુ મફત ધીરી હોય તો ધીરનાર સખસ ગમે તે વખતે તે પાછી માંગી શકે છે. વખત પુરો થવાથી અથવા કામ પુરૂં થવાથી નિક્ષેપ્ત માલ પાછો આપવો જોઇએ. અ એક ગાય બને સંભાળવા માટે તેના તાબામાં આપે, અને પછી ગાયને વાછડો થાય તો ગાય તેમજ વાછડો બએ અને સ્વાધીન કરવો જોઇએ. જે સખસને કાંઈ માલ જડે તે સખસે તે માલ સંભાળીને રાખવામાં તથા ધણીની શોધ કરવામાં પોતાની ખુશીથી મહેનત લીધી હોય તથા ખરચ કર્યો હોય, તેનો બદલો મળવાનો માલીક ઉપર દાવો માંડવાનો તેનો હક નથી; પણ એવો બદલો મળે ત્યાં સુધી તે માલ અટકાવી રાખવાનો અધિકાર છે. અને જો ખોવાયલો માલ પાછો લાવી આપવા બદલ અમુક ઇનામ આપવા કહ્યું હોય તો, ઈનામ સારૂ, દાવો માંડી શકાય છે. અને ઈનામ મલતા સુધી તે માલ અટકાવી શકે છે. ખોવાયલો માલ જો નાશ પામે તેવો હોય તો તે માલ વેચી નાંખવાનો, માલ જડનારને હક છે. તેમજ તે માલને સંબંધે થઈલો કાયદેસર ખરચ માલની કીમતના બે ત્રત્તીઆંસ (⅔) થતો હોય તો માલ જડનાર તે વેચી શકે છે (૧૪૮–૧૭૧).

"ઘરેણે મુકવા બાબત"—કોઈ કરજ અદા કરવાના અથવા કોઇ વચન પુરૂં કરવાના તારણ દાખલ કાંઈ માલનો નિક્ષેપ કર્યો હોય, તે નિક્ષેપને "ઘરેણું"

કહે છે. નિક્ષેપ્તાને "ઘરેણે આપનાર" કહે છે. નિક્ષેપીને "ઘરેણે લેનાર" કહે છે. ઘરેણે લેનાર ઘરેણે મુકેલો માલ કરજ વાળી લેવાને, વ્યાજ લેવાને, તથા જરૂરી ખરચ લેવાને તે માલ અટકાવી શકે છે. જે કરજને માટે માલ ઘરેણે મુકયો હોય તે શીવાયના બીજા કરજ સારૂં ઘરેણે લેનાર તે માલ અટકાવી શકતો નથી. ઘરેણે મુકેલા માલના સંરક્ષણ માટે જે કાંઈ વિશેષ ખરચ થયો હોય, તે ઘરેણે મુકનાર પાસેથી લેવાનો હક છે. ઘરેણે મુકનાર કરજ અદા કરવામાં કસુર કરે તો, ઘરેણે લેનાર દાવો માંડી શકે છે, તથા ઘરેણે મુકેલો માલ અટકાવી શકે છે, અથવા યોગ્ય નોટીસ આપીને તે માલ વેચી શકે છે. ઘરેણે આપનાર કરજ અદા ન કરે તોપણ, વેચાણ થતાં પહેલાં માલ છોડાવી શકે છે. દેવું અદા કરવાને ઠરાવેલી મુદત ગઈ હોય તોપણ ઘરેણે મુકેલી મીલકત ઘરેણે રાખ્યાની તારીખથી ત્રીસ વરસની અંદર છોડાવી શકે છે. જેના કબજામાં માલ અથવા માલ ઉપરના હકના દસ્તાવેજ હોય તે, ઘરેણે મુકી શકે છે. માલ ઉપર પોતાનો જેટલો હક હોય તેટલોજ હક ઘરેણે મુકી શકાય છે. (૧૭૨–૧૭૯).

"આડત બાબત"—કોઈ બીજા સખસને સારૂ કાંઈ કૃત્ય કરવા સારૂ અથવા ત્રીજા સખસો સાથેના વ્યવહારમાં કોઈ બીજા સખસના પ્રતિનીધી દાખલ કામ ચલાવવા સારૂ નીમેલા સખસને "આડતીઓ" કહે છે. જે સખસને સારૂ તે કૃત્ય કરવામાં આવે, અથવા જેને સારૂ પ્રતિનીધી દાખલ કામ ચલાવવામાં આવે તેને "મુખ્ય" કેહે છે. પાકી ઉમરે પોહોચેલો અને સાવધ બુદ્ધીનો સખસ આડતીઓ નીમી શકે છે.

પાકી ઉમ્મરે પોહોંચેલો અને સાવધ બુદ્ધીનો કોઈ પણ સખસ આડતીઓ થઈ શકે છે. આડત ઊત્પન્ન કરવા સારૂ અવેજની જરૂર નથી. બોલેલા અથવા લખેલા શબ્દોથી જે અખત્યાર આડતીઆને આપવામાં આવે તે "સ્પસ્ટ અખત્યાર" કહેવાય, અને કામની હકીકત ઉપરથી જે અખત્યાર અનુમાન થાય તે "ગર્ભિત અખત્યાર" કહેવાય. જો આડતીઆને એકાદ કૃત્ય કરવાનો, અથવા ધંધો ચલાવવાનો અખત્યાર હોય તો તે કૃત્ય કરવા સારૂ અથવા ધંધો ચલાવવા સારૂ જે કંઈ કાયદેસર કામ કરવાની જરૂર હોય તે સર્વ કરવાનો તેને અખત્યાર છે. કંઈ અણુચીતવ્યું તાકીદનું કામ આવે તો, સાધારણ સમજણવાળું માણસ જેમ પોતાના કામને માટે કરે તેમ, મુખ્ય ને ટોટામાંથી બચાવવા સારૂ, કરવાને અધીકાર છે. વેપારના સાધારણ રીવાજને અનુસરીને આડતીઓ પોતાનું કામ પેટા આડતીઆને સોંપી શકે છે. પેટા આડતીઓ પોતાના કૃત્યનો આડતીઆને જવાબદાર છે. આ-

ખત્યાર ઉપરાંતના તથા બીન અખત્યારવાળાં કામોને બાહાલ (Ratify) કરવાનો અથવા ના કબુલ કરવાનો મુખ્ય મુખત્યાર છે. આપેલો અખત્યાર રદ કરવાથી, આડતનું કામ છોડી દીધાથી, આડતનું કામ પુરૂં થવાથી, મૃત્યુથી, અથવા અસાવધ બુદ્ધિનો થવાથી, અથવા મુખ્ય નાદાર ઠરેથી આડતની સમાપ્તી થાય છે. ઠરેલી મુદ્દત પેહેલા મુખ્ય, આડત પાકા કારણ શીવાય, રદ કરે તો મુખ્યે નુકસાનીનો બદલો ભરી આપવો જોઈએ. તેમજ આડતીયો પુરતાં કારણ વગર આડત છોડી દેતો તે નુકશાની ભરી આપવાને પાત્ર થાય છે. આડતીઆનો અખત્યાર સમાપ્ત થયો કે પેટા આડતીઆનો અખત્યાર સમાપ્ત થાય છે. આડતીયાએ મુખ્યના હુકમ પ્રમાણે કામ કરવાનું છે. જો કંઈ ખાસ હુકમ ન હોય તો વેપાર ધંધાના રીવાજ પ્રમાણે કામ કરવું જોઈએ. આડતીઆએ ઉદ્યમ તથા કુશળતા વાપરવી જોઈએ. હીસાબ માગે કે રજુ કરવાની આડતીઆની ફરજ છે. મુખ્યના જાણ્યા વિના આડતીઓ ખુદ પોતાના તરફથી ધંધો કરે તો તેથી જે નફો થાય તે મુખ્ય માગી શકે છે. મુખ્યને સારૂ આપેલી રકમમાંથી પોતાનું મેહેનતાણું કાપી લેવાને આડતીઓ મુખત્યાર છે. કાંઈ ગુન્હાનું કૃત્ય કરવા સારૂ આડતીઓ નીમ્યો હોય તો, નીમનાર સખસ નુકશાનનો જવાબદાર નથી. મુખ્યની ગફલતને લીધે આડતીઆને હાની થાય તો મુખ્યે આડતીઆને નુકસાની ભરી આપવી જોઈએ. (૧૮૨–૨૨૫).

"ત્રીજા સખસો સાથે કરેલા કરારો ઉપર આડતની અસર":––આડતીઆએ જે કરાર કર્યો હોય તે જાણે મુખ્યેજ કર્યો હોય તે પ્રમાણે અમલમાં આણી શકાય છે. આડતીઓ પોતાના અધિકાર બહાર કરાર કરે તો, અધિકાર જેટલો કરાર અમલમાં આણી શકાય. આડતીઆએ જે પોતાના અખત્યાર બહાર કર્યું હોય, તે જો જુદું ન પડાય તો તે કાર્ય કબુલ રાખવાની મુખ્યને ફરજ નથી. આડતીઓ જે કરાર મુખ્યને માટે કરે, તે પોતાને માટે અમલમાં આણી શકે નહિ. આડતીઆને મુખ્ય સમજી તેની જોડે કરેલો કરાર મુખ્ય પુરો કરાવી શકે છે. જ્યારે આડતીઓ પોતે જાતે જવાબદાર હોય ત્યારે તેની જોડે ધંધો કરનાર ખુદ તે આડતીઆને, તેના મુખ્યને, અથવા તે બેહુને જવાબદાર કરી શકે છે. પોતે આડતીયો છે એવું ખોટું કહીને જે સખસ કરારમાં પક્ષકાર થાય, તો તેવા આડતીઆને કરાર પુરો કરાવવાનો હક નથી. (૨૨૬–૨૩૯).

"પંત્યાળા અથવા ભાગીદારી બાબત"––જે સખસોએ પોતાની મિલકત, અથવા મેહેનત, અથવા કુશળતા કાંઈ ઉદ્યોગમાં એકત્ર કરવાની તથા તેથી જે નફો થાય તે પોતપોતામાં વેહેંચી લેવાની કબુલત કરી હોય તે સખસો

મધ્યે જે સંબંધ તે સંબંધને "પત્યાળું" કેહે છે. જે સખસોએ પરસ્પર પંત્યાળું કર્યું હોય, તે સખસોને એકંદરે "પેઢી" એવું નામ આપ્યું છે. જે સખસે વ્યાજ લેવા અગર નફાનો ભાગ મળવાના કરારથી નાણું ધીર્યું હોય તે સખસ પંત્યાળો થતો નથી. પંત્યાળુ છોડી દેનારે, અથવા મયત પંત્યાળાના પ્રતીનીધીએ કાંઈ મિલકત પંત્યાળાના કામમાં વાપરવા સારૂ રેહેવા દીધી હોય તો તેણે કરજ ધીરેલું એમ સમજવું. નોકરને અથવા આડતીઆને નફામાંથી હિસ્સા તરીકે મેહનતાણું આપ્યું તો તેથી તે પંત્યાળો થતો નથી. મરનાર ભાગીદારની વીધવાને અગર બચ્ચાંને નફામાંથી વર્ષાસન મળતું હોય તો તેથી તેઓ ભાગીદાર થતા નથી. ગુડવીલ વેચનાર સખસનેં નફામાંથી કાંઈ ભાગ મળતો હોય તો તેથી પંત્યાળો થતો નથી. પોતે પંત્યાળો છે એવી ધારણા કોઇ શખસ કોઈની પાસે કરાવે, તો તે મજકુર બીજા સખસને તે પેઢીના પંત્યાળા તરીકે જવાબદાર થાય છે. કોઈ સખસ પોતે પંત્યાળો છે એવી સમજુતી બીજાને કરવાદે તો તે, ત્રીજા સખસોને પંત્યાળા તરીકે જવાબદાર છે. પંત્યાળો સગીર હોય તો તે જાતે જવાબદાર નથી, પણ તેનો હીસ્સો જવાબદાર છે. પંત્યાળાના કરજ બાબત દરેક પંત્યાળો (ભાગીદાર) જવાબદાર છે. એક ભાગીદારની ગફલત અથવા કપટને લીધે ત્રીજા સખસને નુકસાન થાય તો દરેક ભાગીદાર જવાબદાર છે. જે કરાર ઉપરથી ભાગીદારોના હકો તથા જવાબદારી ઠરેલી હોય, તે કરાર સર્વ ભાગીદારોની સંમતીથીજ રદ્દ કરી શકાય છે.

"કોર્ટ પંત્યાળું કયારે ભાંગી શકે છે. ?"—કોઈ ભાગીદારે દાવો કર્યા ઉપરથી નીચે લખેલા પ્રસંગે કોર્ટ પંત્યાળું ભાંગી શકે છેઃ—(૧) જ્યારે કોઈ ભાગીદાર અસાવધ બુધ્ધિનો થાય ત્યારે; (૨) જ્યારે કોઈ ભાગીદાર નાદાર ઠરાવવામાં આવેલો હોય ત્યારે; (૩) જ્યારે નફા તોટાનો સંબંધ કાયદા મુજબ ત્રીજા સખસ પાસે જતો હોય ત્યારે; (૪) જ્યારે કોઈ ભાગીદાર, પોતાનું કૃત્ય કરવાને અશકત થાય ત્યારે; (૫) જ્યારે ભાગીદાર ભારે ગેર વ-તણુંક કર્યાનો તકસીરવાર હોય ત્યારે; (૬) જ્યારે પંત્યાળું ચલાવ્યાથી માત્ર તોટોજ થતો હોય ત્યારે.

સઘળા ભાગીદારોએ સર્વોત્કૃષ્ટ ફાયદો થાય એવી રીતે ધંધો ચલાવવો તથા પરસ્પર ન્યાયથી તથા ઈમાનદારીથી વર્ત્તવું. તથા ખરા હીસાબ હરકોઈ ભાગીદારને તથા તેના પ્રતીનીધીને આપવા એ પંત્યાળાઓની ફરજ છે. પંત્યાળું ભાગ્યા પછી અથવા સમાપ્ત થયા પછી, પંત્યાળાનો ધંધો આટોપીને

બંધ કરવાનો, તેનું કરજ અદા કરવાની તજવીજ કરવાનો, જે ફાજલ રેહેતે ભાગીદારોના હિસ્સા મુજબ વેંહેચી આપવાને ડીસ્ટ્રીકટ કોર્ટને અધિકાર છે. પંત્યાળાનો હિસાબ લેવાનો દાવો કોઈપણ હકુમતવાલી કોર્ટમાં થઈ શકે છે, પણ ભાગીદારી સમેટવાનો દાવો તો જીલ્લા જડજની કોર્ટમાંજ થઇ શકે છે. (૨૩૯–૨૯૫)

સમ ખાવા બાબત.

(સને ૧૮૭૩નો આકટ ૧૦મો— ઇન્ડીઆ).

"હેતુ"—પરમેશ્વરનો માથે ડર રાખી સાહેદ વીગેરેને કસમ (પ્રતિજ્ઞા) આપવામાં આવે તો તેઓ સાચેસાચી હકીકત કેહેવાને બંધાયલા છે એવી ફરજ નાંખવાનો આ કાયદાનો હેતુ છે.

જે કોર્ટને અથવા માણસને જુબાની લેવાનો કાયદેસર અધિકાર છે તે કોર્ટ અથવા માણસ જુબાની આપનારને (સાહેદને) સમ ખવડાવવાને અથવા પ્રતિજ્ઞા કરાવવાને મુખત્યાર છે.

સાહેદોએ, ઈંટરપ્રીટરોએ (દુભાષીઆઓએ) અને જ્યુરરોએ—જુબાની આપતી વખત કસમ ખાવા જોઇએ.

મુસલમાન અથવા હિંદુ સાહેદને સમ ખાવાને હરકત હોય તો, તેણે સમને બદલે પ્રતિજ્ઞા કરવી.

જેની ન્યાત જાત કે પંથમાં જે જાતના સમ ખાવાનો વહીવટ હોય અને સાહેદ જો તે જાતના સમ ખાવાને કબુલ થાય તો, તેવા સમ ખવરાવવાને કોર્ટ મુખત્યાર છે.

કોઈ પક્ષકાર કહે કે "સામાવાળો અથવા ફલાણો સાહેદ અમુક સમ ખાયે તો તે જે કહે તે મારે કબુલ છે" તે અમુક સમ ખાઈને તે માણસે જે હકીકત કહી હોય તે નિર્ણયકારક પુરાવો સમજવો.

કોઇને જબરજસ્તીથી સમ ખવરાવવાની મના છે. પરંતુ જુબાની આપનાર માણસની સાચેસાચું બોલવાની ફરજ છે.

વિશેષ ન્યાય આપવા બાબત.

(સન ૧૮૭૭નો આકટ ૧લો—ઈન્ડીઆ).

દીવાની કોર્ટ **વિશેષ ન્યાય** આપી શકે છે તેના પ્રકાર—૧. વાદીએ માગેલી સ્થાવર કે જંગમ મિલકતનો કબજો અપાવવો; ૨. પ્રતીવાદીએ જો કરાર કર્યો હોય તો, તે, તેની પાસે ખાસ પુરો કરાવવો; ૩. અમુક કામ હું કરીશ નહિ એવું કહીને પ્રતીવાદીએ જે કરાર કર્યો હોય, તે કામ તે કરવાનું શરૂ કરે તો, તેને મનાઈ હુકમ કરવો; ૪. અવેજ વગર બીજી રીતે, પક્ષકારોના હક જેવા કે ઈગ્રીમેન્ટનો, દસ્તાવેજ રદ કરાવવાનો. ૫. રીસીવરની નીમણુંક કરવાનો. આ પાંચ પ્રકારે દીવાની કોર્ટ વિશેષ ન્યાય આપે છે.

દખણના કેટલાક ભાગોમાંના કરજદાર ખેડુતોને મદદ કરવા બાબત.

(સને ૧૮૭૯નો આકટ ૧૭મો—ઈંડીઆ).

“હેતુ”—આ કાયદાનો હેતુ કરજમાં ડુબી ગયેલા ખેડુતોને મદદ કરવાનો છે, એટલે ખેડુતો ઉપર લેણાની કોઈ સખસ ફરીઆદ દીવાની કોર્ટમાં દાખલ કરે, ત્યારે દીવાની કોર્ટે કેવીરીતે કામ ચલાવવું તે તથા ખેડુતોને કેવીરીતે સાહુકારોના પંઝામાંથી બચાવવા તે બતાવવાનો આ કાયદાનો હેતુ છે.

આ આકટની કલમ ૧–૧૧–૫૬–૬૦ અને ૬૨ આખા બ્રીટીશ ઈન્ડીઆને લાગુ છે. કલમ ૨–૭–૧૧થી ૨૧ સુધી અને ૨૩, બાબ ૫–૬–૭ અને કલમ ૭૧ અ મુંબઈ ઈલાકાને લાગુ છે. ગવર્નમેન્ટ ગેઝીટ, પાનું ૧૦૩૮ સન ૧૯૦૫.

કલમ ૨ અને ૨૧ શિવાયના આ કાયદાના ઠરાવો, કોઈપણ રજીષ્ટર થએલી કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાઈટી (આંટ વધારનારી મંડળી)ને લાગુ પડશે નહિ. મું. એકટ નંબર ૧ સન ૧૯૧૨,

“ ખેડુત ” એટલે જે કોઈપણ માણસ પોતે જાતે અથવા પોતાના નોકરો મારફત, અથવા ગણોતીઆ મારફત, ખેતીથી સર્વાંશે અથવા મુખ્યત્વે કરીને, પોતાનું ગુજરાન ચલાવતો હોય, અથવા જે જાતે સાધારણતઃ ખેતીનું કામ કરતો હોય તે માણસ.

ટીકા—જ્યારે કોઇ ખેડુતને ખેતી શીવાય આવકના બીજા સાધન હોય, અને તે સાધનોની આવક ખેતીની આવક કરતાં વધારે હોય, તો તે ખેડુત ગણાય નહીં. ખેતીની આવક બીજા સાધનોથી થતી આવક કરતાં વધારે હોય તો ખેડુત ગણાય. ચુનીલાલ વિ૦ વીનાયક; ૧૧ મુંબઇ લો–રીપોર્ટર–પા. ૩૪૨.

જે ખેડુતે પોતાની સ્થિતી બદલવાનો ઈરાદો ન રાખતાં, પોતાનું ગુજરાન ખેતીથી ચલાવવાનું અથવા ખેતીનું કામ જાતે કરવાનું થોડી મુદત સુધી બંધ કર્યું હોય, અથવા જે વૃદ્ધાવસ્થાને લીધે અથવા શારિરીક અશકતીને લીધે ખેતી કરી શકે નહિ તે, તેને લીધે ખેડુત નથી એમ સમજવું નહીં.

સરકારી ધારાનો કોઈપણ એસાઈની અથવા કોઈપણ ગીરો રાખનાર, પોતાના એવા સંબંધને લીધે ખેડુત થતો નથી (૨). "પૈસો" એ શબ્દમાં ખેતીને લગતી ઉપજ, ઓજારો તથા ઢોર વીગેરેનો સમાસ થાય છે. "ઉભો પાક" એ શબ્દમાં ઝાડ તથા ઝાડીઓના પાંદડાં, પુલ તથા ફળનો તથા તેમાના રસનો સમાસ થાય છે. ખેડુત ઉપરની દરેક ફરીઆદમાં સમન આખર નીકાલના કાઢવા. કોર્ટે પ્રતીવાદીની સાહેદ પ્રમાણે જબાની લેવી. (૭). ખેડુતો જ્યાં રહેતા હોય ત્યાંજ તેમના ઉપર ફરીઆદ માંડવી, બીજે ઠેકાણે નહીં (૧૧). લેણદારનું કેટલું લેણું છે તે બાબત તંકરાર હોય તો, કોરટે વાદી તથા પ્રતીવાદીને સાહેદ પ્રમાણે તપાસવા અને જે વ્યવહારથી તે ફરીઆદ ઉત્પન્ન થઈ હોય તે વ્યવહારની શરૂઆતથી તે કામના ઈતિહાસની તથા તેના ગુણદોષની ચોકશી કરવી જોઈએ–દગો, ભુલ, અકસ્માત, ગેરવાજબી દાબ વીગેરે કારણોને લીધે ખેડુતનો કંઈ બચાવ કરવા સરખો છે કે કેમ તે જોવું. જ્યારે દાવાની રકમ કબુલ કરવામાં આવે, અને કોર્ટને તે કબુલત ખરી લાગે તો, ઉપર પ્રમાણે ચોકશી કરવાની જરૂર નથી (૧૨).

પક્ષકારો વચ્ચે ગમે તેવો કરાર થયો હોય તોપણ, પક્ષકારો વચ્ચેનો હીસાબ લેવડદેવડ શરૂ થઈ ત્યારથી શરૂ કરીને લેવો (૧૩).

ગીરો મુકેલી મિલકત ગીરો રાખનારના અથવા ગીરો મુકનાર શિવાય બીજા ગણોતીઆના કબજામાં હોય, અને ઉત્પન્ન ખરેખરૂં કેટલું મળ્યું તે શોધી કહડાતું ન હોય તો, કોર્ટે વાજબી ગણોત ઠરાવવું અને તે ગીરો રાખનારને ખાતે જમે કરવું (૧૩ अ).

ગીરોમાં ઠરાવેલી મુદત આવી પહોંચી ન હોય અથવા કરજ ફેડયું ન હોય તોપણ, ગીરો છોડવવાનું હુકમનામુ મળવાનો હક ગીરો મુકનારને છે. (૧૫ अ).

ગીરો મુકનારે આયંદે કયે દિવસે પૈસા આપવા જોઇએ તે લખી મુકવાનો કોર્ટને અધિકાર છે. પરંતુ તે દિવસ તે હુકમનામાની તારીખથી છ મહીનાની અંદર હોવો ન જોઈએ. (૧૫ अ–अ).

ગીરો છોડવવાનું, ગીરો છોડવવાનો હક રદ કરવાનું, અથવા વેચાણનું

હુકમનામુ હોય ત્યારે પૈસા હફ્તે હફ્તે આપવાનો હુકમ કરવો જોઇએ, અથવા ગીરો મિલકતનો જેટલો ભાગ વેચવાનું જરૂર લાગે તેટલોજ ભાગ માત્ર વેચવાનો હુકમ કરવો જોઇએ; અથવા ગીરો મિલકત ગીરો રાખનારના કબજામાં અમુક મુદત સુધી રેહેવા દેવાનો, અને તે મુદત પુરી થાય એટલે ગીરો મિલકત પાછી અપાવવાનો હુકમ કરવો જોઈએ (૧૫ ब).

ગીરો મુકેલી મિલકતનો કબજો મળવા બાબતની ફરીઆદમાં, કબજા બાબત હુકમનામુ ન કરતાં, હફ્તા કરવાનો કોર્ટને અધિકાર છે–હફ્તા બરાબર વખતસર આપવામાં ન આવે તો ગીરો મુકેલી સઘળી મિલકત અથવા તેનો કોઈ પણ ભાગ ગીરો રાખનારના કબજામાં અપાવવાને કોર્ટ મુખત્યાર છે (૧૫ क)

ગીરોની રૂએ મુદલ તથા વ્યાજની જે રકમ અપાયા વગર રહી હશે તેનો હીસાબ મળવા સારૂ ફરીઆદ કરવાને ખેડુત મુખત્યાર છે (૧૫ ड).

ખેડુતને લેણદારના પૈસા આપવા હશે, તે પૈસાનો તથા પોતે લેણદારને આપેલા પૈસાનો હીસાબ માંગવા સારૂ, અને લેણદારનું હજુ દેવું હોય તો તે કેટલું છે તે નકકી થઈ હુકમનામુ મળવા સારૂ ફરીઆદ કરવાનો ખેડુતને અધિકાર છે. એવા હુકમનામામાં રકમ હફ્તે હફ્તે ભરવાનો ઠરાવ કરવાનો અધિકાર છે. ખેડુતને ભરપાઇ થાય તેટલી રકમ કોર્ટમાં અનામત મુકવાને હરકત નથી. અનામત રકમની નોટીસ કોર્ટે પ્રતિવાદીને આપવી જોઈએ. (૧૬–૧૭–૧૮).

ખેડુતની સામે થયેલા હુકમનામાની રકમ, અથવા તે રકમનો જે કોઈ ભાગ આપવા કોર્ટે હુકમ કર્યો હશે તે ભાગ, વ્યાજ સુધ્ધાં અથવા વગર વ્યાજે, હફ્તે હફ્તે આપવો એવો હુકમ બજાવણી વખતે કરવાને કોર્ટ મુખત્યાર છે (૨૦).

ખેડુતને પૈસા બાબતના હુકમનામાની બજાવણીમાં પકડવો નહીં, અથવા તેને કેદ કરવો નહીં (૨૧).

હુકમનામું બજાવવા સારૂ ખેડુતની સ્થાવર મિલકત જપ્ત કરવી નહીં, અથવા વેચવી નહીં. પણ જે કરજ આપવા સારૂ તે મિલકત ખાસ ગીરો મુકી હશે તો જુદી વાત છે. હુકમનામુ કરતી વખતે, અથવા બજાવણી વખતે, કોર્ટ કલેકટરને એવો હુકમ કરવા મુખત્યાર છે કે કલેકટરે, ગુજરાન સારૂ જરૂરની ન હોય તે મિલકત વત્તામાંવત્તા સાત વર્ષની મુદત સુધી કબજામાં લેવી (૨૨).

"નાદારી બાબત"—ખેડુતને નાદાર ઠરાવવા બાબતની અરજોનો નીકાલ કરવા સબજડજને હકુમત આપવામાં આવી છે (૨૪).

જે ખેડુતનું કરજ રૂપીઆ પચાસ અથવા તેથી વધારે હોય તે, જે સબ-

જડજની હદમાં રેહેતો હોય તે જડજને "મને નાદાર ઠરાવો" એવી અરજ કરવાને મુખત્યાર છે (૨૫). કોર્ટ યોગ્ય તપાસ કરીને તે ખેડુતને નાદાર ઠરાવવાને મુખત્યાર છે (૨૬).

કોર્ટના નાજર શીવાય બીજા કોઇને રીસીવર નીમી શકાય નહીં (૨૭).

નાદારની સ્થાવર મિલકત, રીસીવરને સ્વાધીન કરવી નહીં, પણ લેણદારના લાભ માટે કોર્ટ તેની વ્યવસ્થા કરવા સારૂ કલેકટરને હુકમ કરવા મુખત્યાર છે (૨૯).

ગામના પટેલને અથવા બીજા વજનદાર સખસને ગામના મુનસફ તરીકે નીમવાનો સરકારને અધિકાર છે (૩૪). એવા નિમાયલા મુનસફે જે ફરીઆદોના વિષયની રકમ અથવા કીંમત દશ રૂપીઆ કરતાં વધારે ન હોય ત્યારે તે ફરીઆદોની ચોકસી કરવી જોઇએ (૩૫).

"લવાદો બાબત"—પોલીસ અમલદાર શિવાય બીજા કોઈપણ માણસને લવાદ નિમવાનો સરકારને અધિકાર છે (૩૮). જે તકરારી બાબતોનો દીવાની કોર્ટ ઈનસાફ કરી શકે તેવી બાબત ઉત્પન્ન થઈ હોય અથવા ઉત્પન્ન થવાનો સંભવ હોય ત્યારે, અથવા હુકમનામાની બજાવણી સારૂ દરખાસ્ત કરવાનો વિચાર હોય ત્યારે પક્ષકારોમાંનો કોઇપણ પક્ષકાર તેમની વચ્ચે આપસથી સમાધાન કરાવી આપવાની અરજ સદરહુ લવાદને કરવા મુખત્યાર છે (૩૯).

"લવાદે કામ ચલાવવાની રીત"—મુકદમાની સંક્ષિપ્ત હકીકત લખી લેવી, અથવા લખાવી લેવી. સામાવાળાને સમન કરી વખત તથા જગા નીમીને બોલાવવો, અને તે વખતે તથા જગાએ અરજદારને પણ હાજર રહેવા હુકમ કરવો. નિમેલે વખતે સદરહુ માણસ હાજર ન થાય તો લવાદ હાજર થવાની મુદત લંબાવવાને મુખત્યાર છે. હુકમમાં લખેલા વખતે તથા જગાએ પક્ષકારો હાજર થવાને ચુકે તો તેઓ પીનલ કોડ કલમ ૧૭૪ મુજબ શિક્ષાને પાત્ર થશે (૪૦). જ્યારે સઘળા પક્ષકારો હાજર થાય ત્યારે લવાદે તેમની સમજુતી કરવાનો પ્રયત્ન કરવો (૪૧). સાહેદો વીગેરેની હકીકત સાંભળવી, લખી લેવાની જરૂર નથી. હિસાબી ચોપડા તથા દસ્તાવેજ વાંચી જોવા જોઇએ. કોઈ પક્ષકાર અમુક પધ્ધતીએ સોગન ઉપર કાંઈ હકીકત કેહેવાની લેખી કબુલત કરે તો, તેવા સોગન સઘળા પક્ષકારો રૂબરૂ લેવડાવવા તજવીજ કરવી (૪૨). પક્ષકાર કબુલ થઈ મુકદમાનો આખર નિકાલ કરતા હોય, અથવા પંચને સોંપવાનું કેહેતા હોય તો લવાદે તે કબુલત લખી લેવી જોઈએ, તે વાંચી બતાવવી, અને તે ઉપર પક્ષકારોની સહી લેવી અને પોતે પણ સહી કરવી જોઈએ. લવાદ પંચ નિમાઈ શકે (૪૩). કબુલત ઉપરથી આખર નિકાલ

થતો હોય તો લવાદે, તે અસલ કબુલત, સબ-જજની કોર્ટમાં મોકલવી અને પક્ષકારને લેખી નોટીસ લવાદે આપવી કે સદરહુ કબુલત સદરહુ કોર્ટમાં શામાટે ફાઈલ કરવી નહીં તેનું કારણ એક મહીનાની મુદતમાં તે સબ-જજ આગળ બતાવવું (૪૪). જ્યારે કબુલત, મુકદમો પંચોને સોંપવા બાબત હોય ત્યારે લવાદે તે કબુલત સબ-જજ તરફ મોકલવી અને તે સબ જજ દીવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદા મુજબ કામ ચલાવશે (૪૫). તોડ થતો ન હોય તો અરજદારને પોતાની સહીનો લેખી દાખલો આપવો (૪૬). આવો દાખલો રજુ કર્યા વગર ફરિયાદ અથવા બજાવણીની દરખાસ્ત દીવાની કોર્ટ લેશે નહીં. "દીવાની કોર્ટ" આ શબ્દોમાં મામલતદારની કોર્ટનો સમાસ થતો નથી (૪૭). વાદીએ કરેલી દરખાસ્ત, અથવા ફરિઆદ તથા આપેલો દાખલો એ બે તારીખો વચ્ચેની મુદત, મુદત ગણતી વખતે, બાદ કરવી જોઈએ (૪૮).

ડીસ્ટ્રીકટ જજ વીગેરે અમલદારોએ દેખરેખ રાખવા તથા તપાસણી કરવા બાબત (૫૦–૫૪).

ગામના રજીસ્ટ્રારની રૂબરૂ કરી આપ્યા શિવાય ખેડુતે કરી આપેલો દસ્તાવેજ કાયદેસર ગણાશે નહીં, એટલે પુરાવામાં લેવાશે નહીં (૫૬). આવા દસ્તાવેજ ગામ રજીસ્ટ્રારે લખવા જોઈએ અથવા તેની દેખરેખ નીચે લખાવવા જોઈએ તથા તેની સમક્ષ તે ખેડુતની સહી થવી જોઇએ. ગામના રજીસ્ટ્રારે તે ઉપર સાખ કરવી જોઇએ, અને દસ્તાવેજ કરી આપનારને વાંચતા આવડતું ન હોય તો બે આબરૂદાર સાહેદોની સાખ તે દસ્તાવેજ ઉપર કરાવવી જોઈએ (૫૭). ગામના રજીસ્ટ્રારે તે દસ્તાવેજ રજીસ્ટરમાં નોંધવો જોઈએ (૫૮). ગામના રજીસ્ટ્રારની રૂબરૂ કરી આપેલા દરેક દસ્તાવેજમાં, મોંબદલો હોય તો તેની રકમ અને તે કેવા પ્રકારનો છે તે વીગતવાર લખવું જોઈએ. આ આકટની રૂયે દસ્તાવેજ નોંધ્યો એટલે તે નોંધવા બાબતના આકટ મુજબ નોંધ્યો છે એમ સમજવું (૬૦).

જે દસ્તાવેજ સને ૧૯૦૮ના નોંધવા બાબતના આકટની ૧૭મી કલમની રૂયે નોંધવાની જરૂર હોય એવો કોઈપણ દસ્તાવેજ કરી આપવાનો કોઈ ખેડુતનો વિચાર હોય ત્યારે તેણે તાલુકાના સબરજીસ્ટ્રાર પાસે હાજર થવું, તે સબરજીસ્ટ્રારે તે દસ્તાવેજ લખવો અથવા લખાવવો જોઈએ. તે ઉપર સહી કરાવવી જોઈએ તથા સાખ કરવી જોઇએ (૬૩અ).

ખેડુત પોહોંચ માગે કે નહીં તોપણ, તે જે નાણું કરજ પેટે અથવા કરજ પતાવવા સારૂં આપે તે બદલ તેને લેખી પહોંચ આપવી જોઇએ (૬૪). ખેડુતને

વેપારી અથવા સાહુકાર પાસેથી પાસબુક મળવાનો હક છે (૬૬). પહોંચ અથવા પાસબુક આપવાની ના કહેનારને રૂપીઆ એકસો સુધી દંડની શીક્ષા થશે (૬૭). ગામના મુનસફ તથા લવાદની ચોકશી દરમીઆન વકીલને હાજર થવાની પરવાનગી આપવી નહીં (૬૮). સબ-જડજની કોર્ટમાં સામાવાળા તરફથી જો કોઈ વકીલ હાજર થાય તો કોર્ટને ખેડુતને વાસ્તે વકીલ નીમવાનો અધિકાર છે (૬૯). ખેડુતની સ્થાવર મિલકત ઉપરનો ગીરો, લીયન, અથવા બોજો લેખી દસ્તાવેજથી થયો હોય તોજ કાયદેસર ગણાશે (૭૦). કોર્ટે વ્યાજ અપાવવું તે, પક્ષકારો વચ્ચે જે દર ઠરાવ્યો હોય અને જે ગેરવાજબી દેખાતો ન હોય તો તે દરે અથવા કોર્ટને વાજબી લાગે તે દરે વ્યાજ અપાવવું (૭૧અ).

પ્રોબેટ બાબત.

(સને ૧૮૮૧નો આકટ ૫ મો—ઇંડીઆ.)

હેતુઃ—જે જે બાબતોમાં ગુજરી ગયેલા માણસોની મીલકતને ઇન્ડીઅન સકસેશન એકટ (સને ૧૮૬૫નો ૧૦ મો) લાગુ નથી, તેવા માણસોની (હિંદુ, મુસલમાન, અને બૌધ) મીલકતના સંબંધમાં વહીવટની સનદ અથવા પ્રોબેટ આપવાનો આ કાયદાનો હેતુ છે.

ઉવીલમાં જેને એકઝીકયુટર નીમ્યો હોય તેનેજ પ્રોબેટ મળે. ગાંડા તથા સગીરને પ્રોબેટ કે વહીવટ કરવાની સનદ મળી શકે નહીં. પ્રોબેટ લેવા અરજીના નમુના માટે આગળ જુઓ.

જુમ્મેદારી બાબત—(ટ્રસ્ટ આકટ.)

(સન ૧૮૮૨નો ૨જો-ઇન્ડીઆ.)

"ટ્રસ્ટ" એ અંગ્રેજી ભાષાનો શબ્દ છે. એનો ગુજરાતીમાં અર્થ ભરૂસો, વિશ્વાસ, અથવા જુમ્મો. "જુમ્મો" શબ્દ ફારસી "ઝિમ્મા" શબ્દ ઉપરથી થયેલો છે. ઝિમ્મા, એટલે અમાનત, ભરૂસે અથવા વિશ્વાસે મુકેલી ચીજ. આ કાયદા મુજબ "ટ્રસ્ટ"નો અર્થ, જે ફરજ મિલકતના સ્વામિત્વની સાથે જોડેલી હોય, અને જે, બીજા કોઈના હિતને માટે અથવા બીજા કોઈના અને માલીકના હિતને માટે, માલીક ઉપર રાખેલા અને તેણે કબુલ કરેલા વિશ્વાસ ઉપરથી અથવા તેણે જણાવીને કબુલ કરેલા વિશ્વાસ ઉપરથી ઉત્પન્ન થઈ હોય તે. ટુંકામાં, વિશ્વાસ ઉપરથી ઉત્પન્ન થયલી ફરજ એ ટ્રસ્ટ અથવા જુમ્મો.

"ટ્રસ્ટ કરનાર"–જે સખસ એવો વિશ્વાસ રાખે અથવા જણાવે તે.

"ટ્રસ્ટી"–જે સખસ એવો વિશ્વાસ કબુલ કરે તે. (ફારસીમાં–ઝિમ્માદાર.)

"હિતાધિકારી"–જે સખસના હિતને માટે એવો વિશ્વાસ કબુલ કર્યો હોય તે (Beneficiary.)

"ટ્રસ્ટની મિલકત," અથવા "ટ્રસ્ટના પૈસા"–ટ્રસ્ટનો જે વિષય તે, એટલે જે વસ્તુના સંબંધમાં ટ્રસ્ટ થયો હોય તે વસ્તુ.

"હિત સંબંધ" અથવા "હક સંબંધ" એટલે ટ્રસ્ટની મિલકતના માલીક તરીકે ટ્રસ્ટી ઉપર હિતાધિકારીનો જે હક હોય તે.

"ટ્રસ્ટનો લેખ"–એટલે જે લેખથી ટ્રસ્ટ જણાવ્યું હોય તે.

"વિશ્વાસઘાત," આ કાયદાથી ટ્રસ્ટીને માથે તેવા ટ્રસ્ટી તરીકે નાંખેલી કાંઇ પણ ફરજ તોડવી તે.

આ આકટ (૧) વકફ સંબંધી મુસલમાની શરેહના નિયમોને, (૨) અવિભકત કુટુંબના માણસોનો અરસપરસ સંબંધ લોક સંપ્રદાયના કાયદાથી કે તેમની જાતને લાગુ હોય એવા કાયદાથી નક્કી કરેલો હોય તેને, (૩) સાર્વજનિક કે ખાનગી ધર્માદા દાન કે દયાદાનને, લાગુ નથી.

"ટ્રસ્ટ ઉત્પન્ન કરવા બાબત"—ટ્રસ્ટ કોઈ પણ કાયદેસર હેતુને માટે ઉત્પન્ન કરી શકાય છે. નિચે બતાવેલા હેતુ કાયદેસર છે–(૧) જેની કાયદામાં મનાઇ કરી ન હોય, (૨) જેનો પ્રકાર એવો હોય કે તે માન્ય કર્યો તો, કોઈ પણ કાયદાનો ઠરાવ વ્યર્થ થઈ ન પડે, (૩) જેમાં કપટ ન હોય, (૪) જે બીજા સખસના શરીરને કે મિલકતને હાનિ કર્ત્તા ન હોય અથવા જેનો અર્થ હાનિ કરવાનો થતો ન હોય, (૫) જેને કોર્ટ અનિતિનો કે રાજનિતિ વિરૂદ્ધ ગણતી ન હોય.

જે ટ્રસ્ટનો હેતુ ગેરકાયદેસર હોય તે દરેક ટ્રસ્ટ નિરર્થક છે. અ નાદારી હાલતમાં છતાં, પોતાની હયાતી સુધી પોતાને માટે, અને પોતે ગુજર્યા પછી બ ને માટે, બ ના ટ્રસ્ટમાં મિલકત તબદીલ કરી આપે છે; અ નાદાર ઠરે છે; અ માટેનું ટ્રસ્ટ તેના લેણદારો વિરૂદ્ધ ગેરકાયદેસર છે. (૪)

સ્થાવર મિલકત સંબંધી ટ્રસ્ટ, (મૃત્યુ પત્ર ન હોય તો) ટ્રસ્ટ કરનારની અથવા ટ્રસ્ટીની સહીવાળા નોંધેલા દસ્તાવેજથી કરવું જોઇએ. જંગમ મિલકત સંબંધી ટ્રસ્ટ ઉપર મુજબ નોંધેલા દસ્તાવેજથી અથવા મિલકતનું ધણીપણું ટ્રસ્ટીને આપી દઈને કરવું જોઈએ. (૫)

ટ્રસ્ટ કરનાર વાજબી નિશ્ચિતપણાથી શબ્દ વડે અથવા કૃત્ય વડે, ટ્રસ્ટ ઉત્પન્ન કરવાનો પોતાનો (૧) ઇરાદો, (૨) ટ્રસ્ટનો હેતુ, (૩) હિતાધિકારી, (૪) ટ્રસ્ટની મિલકત બતાવે તથા (૫) ટ્રસ્ટની મિલકત તબદીલ કરી આપે ત્યારે ટ્રસ્ટ ઉત્પન્ન થાય છે. (૬)

"ટ્રસ્ટ કોણ ઉત્પન્ન કરી શકે"–(૧) કરાર કરવાને લાયક હોય તેવો સખસ, અને (૨) ડીસ્ટ્રીકટ કોર્ટની પરવાનગીથી સગીર અથવા તેની તરફથી કોઈ સખસ ટ્રસ્ટ ઉત્પન્ન કરી શકે છે (૭). ટ્રસ્ટનો વિષય હિતાધિકારીને તબદીલ કરી શકાય એવી મિલકત હોવી જોઈએ. તે કોઈ ચાલુ ટ્રસ્ટમાંનો હિત સંબંધ ન હોવો જોઈએ (૮). મિલકત ધારણ કરી શકે એવો સખસ હિતાધિકારી થઇ શકે છે. હિતાધિકારી પોતાનો હક સંબંધ, ટ્રસ્ટીને લખીને, ત્યાગ કરી શકે છે (૯). મિલકત ધારણ કરી શકે એવો સખસ ટ્રસ્ટી થઈ શકે છે; પરંતુ જે ટ્રસ્ટમાં મરજીમાં આવે તે પ્રમાણે કરવાનું હોય તે ટ્રસ્ટની બાબતમાં, એવો સખસ કરાર કરવાને લાયક ન હોય તો, તે ટ્રસ્ટનો અમલ કરી શકતો નથી. કોઈપણ સખસ ટ્રસ્ટ સ્વિકારવાને બંધાયલો નથી. શબ્દોથી કે કૃત્યથી ટ્રસ્ટ સ્વિકારાય છે. યોજેલો ટ્રસ્ટી, ટ્રસ્ટ સ્વિકારવાને બદલે તેનો યોગ્ય મુદતમાં હક ત્યાગ કરવાને મુખત્યાર છે. બે અથવા વધારે સહટ્રસ્ટીઓમાંનો એક ટ્રસ્ટી હક ત્યાગ કરે તો તેથી, ટ્રસ્ટની મિલકત બીજા અથવા બીજાઓને મળે છે (૧૦).

"ટ્રસ્ટીઓની ફરજ તથા જવાબદારી"—ટ્રસ્ટનો હેતુ તથા ટ્રસ્ટ કરનારે કરેલી આજ્ઞાઓ પાળવાને ટ્રસ્ટી બંધાયલો છે; પરંતુ હિતાધિકારીને ખુલ્લી રીતે નુકસાન કારક હોય એવી કોઇ આજ્ઞા પાળવાની જરૂર નથી (૧૧).

ટ્રસ્ટની મિલકતની સ્થિતિ વિશે ટ્રસ્ટીએ તાકીદથી માહીતગાર થવું જોઈએ, ટ્રસ્ટની મિલ્કત પોતાના નામ ઉપર તબદીલ કરાવી લેવી જોઇએ, અને અપૂર્તા અથવા જોખમ ભરેલા તારણ ઉપર રોકેલા ટ્રસ્ટના પૈસા ઉપાડી લેવા જોઈએ (૧૨).

ટ્રસ્ટની મિલકત જાળવી રાખવાને, ટ્રસ્ટીએ વાજબી ફરીઆદો ચલાવવી જોઈએ તથા જવાબ આપવા જોઇએ, અને જરૂર હોય એવા બીજા ઈલાજો લેવા જોઇએ (૧૩).

ટ્રસ્ટીએ હિતાધિકારીથી વિરૂધ્ધ સત્તાધિકાર, પોતાને માટે અથવા બીજાને માટે, ઊભો કરવો નહીં જોઇએ (૧૪).

પોતાની મિલકતની જેવી સંભાળ રાખે તેવીજ સંભાળ ટ્રસ્ટની મિલકતની બાબતમાં ટ્રસ્ટીએ રાખવી જોઈએ (૧૫).

બગડી જાય એવી મિલકત હોય તો તેને બદલીને કાયમનો અને તત્કાળ લાભ મળે એવા પ્રકારની મિલકત ટ્રસ્ટીએ કરવી જોઈએ (૧૬).

ટ્રસ્ટીએ નિષ્પક્ષપાતપણે ચાલવું જોઇએ. ટ્રસ્ટીએ મિલકતને હાની થતી અટકાવવી જોઈએ. ચોખો તથા બરાબર હિસાબ રાખવો જોઈએ, અને મિલકત કેટલી છે અને કેવી સ્થિતિમાં છે તેની હિતાધિકારીને, તેની માગણી ઉપરથી, પુર્ણ અને બરાબર માહિતી આપવી જોઇએ (૧૭–૧૯).

ટ્રસ્ટના પૈસા સરકારી સીકયુરીટીઓમાં, અથવા ગેરેનટીડ રેલવેના શેરોમાં, કે ડીબેનચરોમાં, અથવા મ્યુનીસીપાલીટીના ડીબેનચરોમાં, અથવા સ્થાવર મિલકતના પહેલા ગીરોમાં, અથવા હાઇકોર્ટે અખત્યાર આપ્યો હોય એવી કોઇ બીજી સીકયુરીટીમાં રોકવા જોઈએ (૨૦).

(ટ્રસ્ટના પૈસા રૂપીઆ ત્રણ હજારથી વધારે ન હોય તો સરકારી સેવીંગ બેંકમાં મુકવાને હરકત નથી).

ટ્રસ્ટી વિશ્વાસઘાત કરે ત્યારે નુકસાન ભરી આપવાને તે જવાબદાર છે. પૈસા રોકવામાં અયોગ્ય ઢીલ કરે તો તે જવાબદાર છે. વિશ્વાસઘાત કરનાર ટ્રસ્ટી નિચે લખેલા પ્રસંગે વ્યાજ આપવાને પાત્ર છેઃ—

(૧) તેણે વ્યાજ લીધું હોય ત્યારે; (૨) પૈસા આપવામાં અયોગ્ય ઢીલ કરી હોય ત્યારે; (૩) વ્યાજ લેવું જોઈતું હતું, પણ ન લીધું હોય ત્યારે; (૪) વ્યાજ લીધું છે એમ અનુમાન કરી શકાતું હોય ત્યારે દર વર્ષે દર સેંકડે છ ટકા લેખે સાદા વ્યાજ બદલ હીસાબ આપવાને પાત્ર થાય છે; (૫) પૈસા રોકવામાં કે વ્યાજ કે નફાનો ફાળો વસુલ કરવામાં ચુક કરે ત્યારે; (૬) મિલકત કે તેનું ઊત્પન્ન વેપાર રોજગારમાં કામે લગાડયું હોય ત્યારે. (૨૩). જવાબદારીને પેટે બીજી મીલકતની વ્યવસ્થામાં નફો થયો હોય તે, ટ્રસ્ટી મજરે લઈ શકતો નથી. પોતાના પેહેલા થઈ ગયેલા ટ્રસ્ટીની કસુર બદલ જવાબદાર નથી. સહટ્રસ્ટીએ વિશ્વાસઘાત કર્યો હોય તો બીજો ટ્રસ્ટી જવાબદાર થતો નથી (૨૪–૨૬). જ્યારે સહટ્રસ્ટીઓ સાથે મળીને વિશ્વાસઘાત કરે, ત્યારે પ્રત્યેક ટ્રસ્ટી થએલા નુકસાનને માટે હિતાધિકારીને જવાબદાર થાય છે (૨૭). જ્યારે હિતાધિકારી ટ્રસ્ટીને ખબર આપ્યા વગર, કાંઈ મિલકત બીજાને આપે અથવા સ્વાધીન કરે, ત્યારે ટ્રસ્ટી એવી મિલકતને માટે જવાબદાર નથી (૨૮). જ્યારે હિતાધિકારીનો હક સંબંધ સરકાર દાખલ થયો હોય ત્યારે સરકાર ફરમાવે તેવા સખસના હિતને માટે તે હક સંબંધ ધારણ કરવાને ટ્રસ્ટી બંધાયલો

છે (૨૯). ટ્રસ્ટના લેખના ઠરાવોને અનુસરી ટ્રસ્ટીઓને માત્ર જે પૈસા, સ્ટૉક, ફન્ડ અને સીકયુરીટીઓ પોતપોતાને ખરેખર મળે તેનોજ હિસાબ આપવો પડશે; અને તેમાંનો એક ટ્રસ્ટી બીજાને માટે જવાબદાર થશે નહીં (૩૦).

"ટ્રસ્ટીના હકો"—(૧) ટ્રસ્ટનો લેખ તથા ટ્રસ્ટની મિલકત સંબંધી જેટલા દસ્તાવેજ હોય તેટલા પોતાના કબજામાં રાખવાનો. (૨) ટ્રસ્ટનો અમલ કરવામાં યોગ્ય રીતે કરેલું તમામ ખર્ચ, વાળી લેવાનો, અદા કરવાનો કે આપવાનો. (૩) હિતાધિકારીને ભુલથી વધારે રકમ અપાઈ હોય તો તે ભરી લેવાનો; (૪) વિશ્વાસઘાતથી જેને લાભ મળ્યો હોય તેની પાસેથી નુકસાન ભરી લેવાનો. (૫) ટ્રસ્ટની મિલકતની વ્યવસ્થા કરવામાં કોર્ટનો અભિપ્રાય, સલાહ કે હુકમ લેવાનો; (૬) પોતે કરેલા વહીવટનો હિસાબ તપાસાવી નક્કી કરાવવાનો અને હિતાધિકારીનું કંઈ લેણુ નિકળતું ન હોય તો, તે મતલબનો લેખ લખાવી લેવાનો; (૩૧–૩૫).

"ટ્રસ્ટીના અધિકાર"—(૧) ટ્રસ્ટના લેખમાં જે અધિકાર આપ્યો હોય તે ઉપરાંત, ટ્રસ્ટની મિલકત વસુલ કરવા, સાચવી રાખવા તથા હિતાધિકારીના રક્ષણુ કીંવા ગુજરાન માટે વાજબી અને યોગ્ય કૃત્ય કરવાનો. (૨) ટ્રસ્ટની મિલકત એકવીસ વર્ષની મુદત માટે પટે આપવાનો. (૩) મિલકત વેચવાનો અખત્યાર આપ્યો હોય ત્યારે, લૉટ કરીને તથા જાહેર લીલામથી કે ખાનગી કરારથી વેચવાનો. (૪) ખાસ સરતોથી વેચવાનો, વેચાતી લેવાનો તથા ફરીથી વેચવાનો (ફરી વેચતાં હિતાધિકારીને નુકસાન થાય તો તે બદલ ટ્રસ્ટી જવાબદાર નથી). (૫) વેચાણુ અથવા ખરીદી વાજબી રીતે, પોતાની નજરમાં આવે તે વખતે કરવાનો. (૬) વેચેલી મિલકત બીજાને નામે કરી આપવાનો. (૭) વીસમી કલમમાં કહેલી કોઇપણુ સીકયુરીટીમાં પૈસા રોકવાનો પ્રકાર બદલવાનો. (૮) સગીરને માટે ટ્રસ્ટ કરેલું હોય ત્યારે, તે મિલકતની ઉપજ સગીરના ગુજરાન, કેળવણી સારૂ કે ધર્મ ભક્તિના કે તેના લગ્નના કે ઉત્તર ક્રિયાના વાજબી ખરચ સારૂ વાપરવાનો કે સગીરનો જો બીજો કોઈ વાલી હોય તો તેને આપવાનો. (૯) મિલકતનું ઉત્પન્ન સગીરના ઉપર મુજબના ખરચ માટે પુરતુ ન હોય તો, ડિસ્ટ્રીકટ કોર્ટની પરવાનગી લઈને, તેની તમામ મિલકત અથવા તેનો યોગ્ય લાગે તેટલો ભાગ સગીરના ગુજરાન તથા કેળવણી સારૂ વેચવાનો. (૧૦) પોહોંચ લખી આપવાનો. (૧૧) કરજ અથવા મિલકત બાબત તોડજોડ કરવાનો. (૧૨) ઘણા ટ્રસ્ટીઓમાંનો એકાદ હક ત્યાગ કરે, અગર ગુજરી જાય તો, બાકી રહેલા ટ્રસ્ટીએ ઉપર મુજબ અધિકાર ચલાવવો. (૧૩) ટ્રસ્ટ અમલમાં લાવવાની ફરિયાદમાં

હુકમનામુ થયું હોય ત્યારે, હુકમનામાને અનુસરીને ટ્રસ્ટીએ ચાલવું જોઈએ. (૩૬–૪૫)

"ટ્રસ્ટીઓની નાલાયકી બાબત."—જે ટ્રસ્ટીએ ટ્રસ્ટ સ્વીકાર્યું હોય તે તેનો ત્યાગ પછીથી કરી શકતો નથી, પરંતુ (૧) અવલ હકુમતની મુખ્ય દિવાની કોર્ટની પરવાનગીથી, (૨) હિતાધિકારી કરાર કરવાને લાયક હોય તો તેની સમ્મતિથી, (૩) ટ્રસ્ટના લેખમાં ખાસ અખત્યાર આપ્યો હોય તો તેથી ટ્રસ્ટનો ત્યાગ કરી શકે છે (૪૬). ટ્રસ્ટી પોતાનું કામ કોઈ સહટ્રસ્ટીને કે પરાયા સખસને સોંપી શકતો નથી, પરંતુ (૧) ટ્રસ્ટના લેખમાં તે પ્રમાણે સોંપવાનો ઠરાવ હોય તો, (૨) હમેશની રીતે કામ ચલાવવા સપુરત કરી હોય તો, (૩) સપુરત જરૂરની હોય તો, અથવા (૪) કરાર કરવાને લાયક હિતાધિકારીએ સપુરત કરવાની સમ્મતિ આપી હોય તો, એટલા ચાર પ્રસંગે સોંપી શકે છે (૪૭). એક કરતાં વધારે ટ્રસ્ટીઓ હોય ત્યારે, ટ્રસ્ટ લેખમાં બીજી રીતે ઠરાવ કર્યો ન હોય તો, બધાએ મળીને ટ્રસ્ટ અમલમાં લાવવું જોઈએ (૪૮). નજરમાં આવે તે રીતે કરવાનો ટ્રસ્ટીને આપેલો અખત્યાર વાજબી રીતે અને શુદ્ધ બુધ્ધીથી વાપરવામાં ન આવતો હોય તો, મુખ્ય દિવાની કોર્ટ તે અખત્યાર ઉપર નિર્બંધ રાખવાને મુખત્યાર છે (૪૯). ટ્રસ્ટ અમલમાં લાવવામાં મેહેનતનો, ચતુરાઈનો કે વખતનો બદલો ટ્રસ્ટી માગી શકતો નથી, પરંતુ ટ્રસ્ટ લેખમાં બદલો આપવાનું ફરમાવ્યું હોય તો તેટલો બદલો માગી શકે છે (૫૦). ટ્રસ્ટી પોતાના લાભ સારૂ ટ્રસ્ટની મિલકત વાપરી શકતો નથી (૫૧). વેચાણ કરવા માટેનો ટ્રસ્ટી કે તેનો આડતીઓ ટ્રસ્ટની મિલકત ખરીદ કરી શકતો નથી. ટ્રસ્ટી, હિતાધિકારીનો હક સંબંધ, પરવાનગી વગર ખરીદ કરી શકતો નથી. ખરીદ કરવા માટેનો ટ્રસ્ટી પોતાને માટે ખરીદ કરી શકતો નથી, કે ગીરો કે પટે રાખી શકતો નથી (૫૨–૫૩). સહટ્રસ્ટીઓ પોતામાંના કોઈને ગીરો ઉપર અથવા અંગ ઉધાર ટ્રસ્ટના પૈસા ધીરી શકતા નથી (૫૪).

"હિતાધિકારીના નીચે મુજબ હક છે"—(૧) ટ્રસ્ટની મિલકતના ભાડા તથા ઉત્પન્ન ઉપર; (૨) ટ્રસ્ટ કરનારના ઈરાદાનો વિશેષ રીતે અમલ કરાવવાનો; (૩) ટ્રસ્ટની મિલકત પોતાને અથવા બીજાને તબદીલ કરાવવાનો; (૪) ટ્રસ્ટનો લેખ, હિસાબ વીગેરે કાગળીઆં જોવાનો તથા તેની નકલો લેવાનો; (૫) પોતાનો હિત સંબંધ તબદીલ કરી આપવાનો; (૬) ટ્રસ્ટ અમલમાં લાવવાની ફરિયાદ કરવાનો; (૭) યોગ્ય ટ્રસ્ટીઓ પાસે યોગ્ય રીતે ટ્રસ્ટનો વહીવટ કરાવવાનો; (૮) નાલાયક ટ્રસ્ટીને દુર કરીને તેની જગાએ નવો ટ્રસ્ટી નીમાવા, ફરીયાદ માંડવાનો; (૯) ટ્રસ્ટીને પોતાનું કર્તવ્ય કરવાની ફરજ પાડવાનો તથા વિશ્વા-

સઘાત કરતાં અટકાવવાનો; (૧૦) ટ્રસ્ટીએ ખોટી રીતે ટ્રસ્ટની મિલકત ખરીદ કરી હોય તો તે પાછી તબદીલ કરાવવાનો; (૧૧) ત્રીજા સખસોના હાથમાં ગયેલી મિલકત બદલ ફરીયાદ માંડવાનો; (૧૨) ટ્રસ્ટની મિલકત બદલીને જે મિલકત કરી હોય તે મિલકત લેવાનો; (૧૩) મિલકતને ખોટી રીતે પોતાની મિલકત સાથે સેળભેળ કરે ત્યારે, પોતાની રકમ લેણી હોય તે બદલ તમામ ફન્ડ ઉપર બોજો રાખવાનો (૫૫–૬૬).

નોટ—૧ પરદેશમાં સ્થાઇ વાસ કરનાર, વિરૂદ્ધ હક સંબંધ વાળો સખસ, નાદારી હાલત વાળો સખસ, લગ્ન થયેલી સ્ત્રી તથા સગીર, આ સખસો ટ્રસ્ટની મિલકતનો વહીવટ કરવાને યોગ્ય નથી.

૨ ટ્રસ્ટનો વહીવટ કરવામાં પૈસા લઇને કબજામાં રાખવા પડતા હોય તો ટ્રસ્ટીઓની સંખ્યા ઓછામાં ઓછી બે (૨)ની હોવી જોઇએ (૬૦).

૩ ટ્રસ્ટની ખબર વગર અવેજ આપીને શુદ્ધબુધ્ધીથી જેણે મિલકત તબદીલ કરી લીધી હોય, તે મિલકતના સંબંધમાં હિતાધિકારીને કાંઇ હક પ્રાપ્ત થતો નથી (૬૩). ટ્રસ્ટની મિલકત વેચીને તે પછી પોતેજ તે મિલકતનો કોઇ ટ્રસ્ટી માલીક થાય ત્યારે, તે મિલકત ફરીથી ટ્રસ્ટને પાત્ર થાય છે (૬૫).

"હિતાધિકારીની જવાબદારી"—જે પંત્યાળાઓને વિશ્વાસઘાતની ખબર હોય તેઓ તે વિશ્વાસઘાત માટે એકામતે એકાજતે જવાબદાર થાય છે (૬૭). ઘણા હિતાધિકારીઓમાંનો કોઇએક, (૧) વિશ્વાસઘાત કરવામાં સામીલ થાય, (૨) વિશ્વાસઘાતથી જાણીજોઈને કાંઈ લાભ મેળવે, (૩) વિશ્વાસઘાત છુપાવી રાખે. (૪) ટ્રસ્ટીને ઠગીને વિશ્વાસઘાત કરવા લલચાવે, ત્યારે તે હિતાધિકારી વિશ્વાસઘાતથી થએલું નુકસાન ભરી આપવાને જવાબદાર થાય છે. અને નુકસાન ભરી ન આપે ત્યાં સુધી તેનો તમામ હિત સંબંધ અટકાવી રાખવાનો બીજા હિતાધિકારીઓનો હક છે (૬૮). હિતાધિકારીના હક તથા જવાબદારી, મિલકત તબદીલ કરી લેનારને પ્રાપ્ત થાય છે (૬૯).

"ટ્રસ્ટીનો હોદ્દો ખાલી થવા બાબત"—ટ્રસ્ટીનો હોદ્દો, મરણ થવાથી કે દુર થવાથી ખાલી થાય છે. (अ) ટ્રસ્ટ નષ્ટ થવાથી, (ब) કામ પુરા થવાથી, (क) ટ્રસ્ટના લેખમાં ઠરાવ્યા હોય એવા સાધનોથી, (ड) નવો ટ્રસ્ટી નીમાવાથી, (इ) પોતાની તથા હિતાધિકારીની સમ્મતિથી, (फ) કોર્ટથી, ટ્રસ્ટી પોતાના હોદ્દા ઉપરથી દુર થઈ શકે છે. ટ્રસ્ટી, દુર થવાને માટે દિવાની કોર્ટને અરજી કરવાને મુખત્યાર છે. ટ્રસ્ટી મરી જાય કે કામ કરવા નાલાયક કે અશકત થાય તો, તેની જગાએ નવો ટ્રસ્ટી નીમવાનો બીજા ટ્રસ્ટીઓને અધિકાર છે, આવી નવી નીમણુક લખીને કરવી જોઇએ, અને તે

કરનાર સખસે તે લેખ ઉપર સહી કરવી જોઈએ (૭૦–૭૩). ટ્રસ્ટીની કોઈ જગા ખાલી પડે, ટ્રસ્ટી નાલાયક થાય, અથવા નવો ટ્રસ્ટી નિમવાનું અશકય માલમ પડે તો, હિતાધિકારી, ફરીયાદ માંડયા વગર, નવો ટ્રસ્ટી નીમવા દિવાની કોર્ટને અરજીદ્વારે વિનંતી કરવાને મુખત્યાર છે (૭૪).

"ટ્રસ્ટ નષ્ટ થવા બાબત"—ટ્રસ્ટ; હેઠળને પ્રસંગે નષ્ટ થાય છે, એટલે, (अ) તેનો હેતુ પુર્ણપણે પુરો થાય ત્યારે, (ब) તેનો હેતુ ગેરકાયદેસર થાય ત્યારે, (क) હેતુ પુર્ણ થવાનું અશકય થાય ત્યારે, (ड) સ્પષ્ટપણે રદ કર્યું હોય ત્યારે. મૃત્યુ પત્ર ઉપરથી ઉત્પન્ન કરેલું ટ્રસ્ટ, મૃત્યુ પત્ર કરનારની ખુશીમાં આવે ત્યારે રદ કરી શકાય છે. બીજી રીતે ઉત્પન્ન કરેલું ટ્રસ્ટ નીચેને પ્રસંગે રદ કરી શકાય છે, (अ) હિતાધિકારીની સમ્મતિથી; (ब) ટ્રસ્ટ કરનારે લેખથી તે રદ કરવાની સત્તા રાખી હોય તો તે સત્તાના અમલથી, (क) કરજ આપવા ટ્રસ્ટ કર્યું હોય, અને લેણદારોને તે જણાવ્યું ન હોય તો, ટ્રસ્ટ કરનારની ખુશીમાં આવે ત્યારે (૭૭–૭૮).

મિલકત તબદીલ કરી આપવા બાબત.

(સન ૧૮૮૨નો આકટ ૪થો—ઈન્ડીઆ).

કરાર સંબંધી આ આકટના નિયમો કરાર આકટના ભાગ છે એમ સમજવું. આ આકટની કલમ ૫૪. પેરેગ્રાફ ૨ તથા ૩, કલમ ૫૯, ૧૦૭ તથા ૧૨૩ નોંધવા બાબતના આકટની પૂરવણી કલમો છે એમ સમજવું (૪).

"તબદીલ" એ અરબી ભાષાનો શબ્દ છે. "બદલી" "અદલા બદલી" એ શબ્દો ગુજરાતી ભાષામાં વપરાય છે, તે ઉપરથી "તબદીલ" શબ્દનો અર્થ યાદ રાખવો મુશ્કેલ પડશે નહીં. "તબદીલ" એટલે ફેરફાર, બદલો અથવા રૂપાંતર.

"મિલકત તબદીલ કરી આપવી"—એટલે જે કૃત્યથી કોઈપણ જીવતો સખસ, વિધમાનકાળે અથવા ભવિષ્યમાં, બીજા કોઇ એક અથવા અનેક જીવતા સખસોને અથવા પોતાને તથા બીજા એક અથવા અનેક જીવતા સખસોને મિલકત આપતો હશે તે કૃત્ય. બીજા સખસને મિલકત આપવાના મુખ્ય પાંચ પ્રકાર છે. વેચાણ, ગીરો, પટા, બક્ષીસ અને અદલા બદલી, કોઇપણ જાતની મિલકત તબદીલ કરી આપવાનો અધિકાર છે; પરંતુ નિચે લખેલી મિલકત તબદીલ કરી આપી શકાતી નથી:—

અ—છેક નજીકના વારસને ઈસ્ટેટ પ્રાપ્ત થવાનો સંભવિત હક; સગાને વારસો મળવાનો અથવા એવોજ બીજો સંભવિત હક.

બ—પાછળની શરત તોડયા બદલ મિલકત પાછી મળવાનો કેવળ હક.

ક—સુખાધિકાર, પ્રધાન સ્થળથી જુદો.

ડ—ધણીએ જાતે ભોગવવાનો હિત સંબંધ.

ઈ—દગલબાજી બદલ અથવા ગેરકાયદેસર રીતે હાની કર્યા બદલ "બદલો" મળવાની ફરીઆદ કરવાનો કેવળ હક.

ફ—સરકારી હુદ્દો તથા સરકારી નોકરનો પગાર, લેહેણો થયો હશે તે પેહેલા અથવા પછી.

ગ—લશ્કરી તથા સિવિલ પેનશન અને પોલીટીકલ પેનશન.

હ—મિલકત તબદીલ કરી આપવાનું કામ, હિત સંબંધના સ્વરૂપને પ્રતીકુલ હશે તેટલે સુધી, કાંઈ ગેરવાજબી કારણ સારૂ, અથવા જેને મિલકત તબદીલ કરી આપવાનું ગેરકાયદેસર હશે તેવા સખસની તરફથી, કરી શકાતું નથી.

આઈ—તબદીલ કરી ન શકાય એવો ભોગવટાનો હક જેને હોય એવા ખેડુત વીગેરેને પોતાનો હિત સંબંધ બીજાને આપવાનો આ કલમ ઉપરથી અધિકાર મળે છે એમ સમજવું નહીં (૬).

કરાર કરવાને યોગ્ય એવા મિલકતના ધણીને તેની મિલકત તબદીલ કરી આપવાનો અધિકાર છે (૭). મિલકત તબદીલ કરી આપ્યાનું પરિણામ એ થાય છે કે, તબદીલ કરી આપેલી મિલકતમાંનો હિત સંબંધ, જેને મિલકત તબદીલ કરી આપી હશે, તેને તરતજ પ્રાપ્ત થાય છે (૮). જે જે બાબતોમાં કાયદાનો સ્પષ્ટ ઠરાવ નહીં હોય તે તે બાબતોમાં મિલકત, લેખ શિવાય તબદીલ કરી આપવાને હરકત નથી (૯).

સ્થાવર મિલકત તબદીલ કરી આપવા બાબત.

માત્ર ચોકસ હકીકત હોય તોજ તબદીલ કરી આપવાનો જેને અધીકાર છે તે સખસે તબદીલ કરી આપવા બાબત (૩૮).

દ્રષ્ટાંત—અ નામની હિંદુ વિધવાનો ધણી સગોત્ર વારસો મુકી મરી ગયો છે; પોતે વિધવા તરીકે ધારણ કરેલી મિલકત પોતાના નિર્વાહ સારૂ બસ નથી એમ કહીને, ધર્મ સંબંધી અથવા પરોપકારાર્થ ન હોય એવાં કામ સારૂ તે મીલકતમાનું એક ખેતર બ ને વેચવાનો તે કરાર કરે છે. સદરહુ મીલકતનું ઉત્પન્ન અ ના નિર્વાહ માટે બસ થાય એટલું નથી અને સદરહુ ખેતર વેચવાની જરૂર છે એ બાબત યોગ્ય ચોકસી કરીને પોતાની ખાત્રી કર્યા પછી બ શુદ્ધબુદ્ધિથી તે ખેતર અ પાસેથી વેચાતું લે છે. એક તરફથી બ તથા બીજી તરફથી અ અને સગોત્ર વારસો એઓની વચમાં તે ખેતર વેચવાની જરૂર હતી એવું સમજાશે.

ત્રીજા સખસને ગુજરાનનો હક હોય ત્યારે મિલકત તબદીલ કરી આપી હોય તે બાબત (૩૯).

દ્રષ્ટાંત—અ એક હિંદુ, પોતાની ભોજાઇ બ ના મૈયત ધણીની મિલકતનો હકદાર થયાથી એની ઉપર એની ભોજાઇના ગુજરાન બાબત જે હક લાગુ થયો છે તે હકને બદલે

તેને સુલતાનપુર ગામ તબદીલ કરી આપે છે, અને તેની સાથે એવો કરાર કરે છે કે તારી પાસેથી સુલતાનપુર લઇ લેવામાં આવશે તો હું મારા કબજામાં બીજાં અમુક ગામો છે તેમાંથી તને પસંદ પડે તે ગામની સુલતાનપુરના ક્ષેત્રફળ જેટલી જમીન તને તબદીલ કરી આપીશ. अ તે ગામો, क ને વેચે છે, અને क તે ગામો શુધ્ધબુધ્ધિથી તથા સદરહુ કરારની ખબર હોયા વગર વેચાતાં લે છે. ब પાસેથી સુલતાનપુર લઇ લેવામાં આવે છે ત્યારે क ને તબ-દીલ કરી આપેલાં ગામો ઉપર ब નો કાંઇ હક નથી.

જયારે સ્થાવર મિલકતમાં જે સખસોનો હિત સંબંધ હોય તે સખસોની સ્પષ્ટ અથવા ગર્ભીત સંમત્તિથી કોઈ સખસ તે મિલકતનો દેખીતો ધણી હોય અને તે સખસ તે મિલકત કાંઈ અવેજ લઇને તબદીલ કરી આપે ત્યારે, તે તબદીલ કરી આપનારને તબદીલ કરી આપવાનું કામ કરવાનો અધિકાર નહિ હતો એવા સબબ ઉપરથી તે નિરર્થક થવા યોગ્ય છે એમ સમજવું નહિ માત્ર એટલુંજ કે જેને તે મિલકત તબદીલ કરી આપી હશે તેણે તબદીલ કરી આપ-નારને તે કામ કરવાનો અધિકાર હોવા બાબત પોતાની ખાત્રી કરવા સારૂ યોગ્ય કાળજી લઇને શુધ્ધબુધ્ધિથી વર્તવું જોઇએ (૪૧).

અગાઉનું તબદીલ કરી આપ્યાનું કામ રદ કરવાનો અધિકાર હોય એવા શખસે તબદીલ કરી આપવા બાબત (૪૨).

દ્રષ્ટાંત—अ, ब ને એક ઘર ભાડે આપે છે, અને એવી શરત કરે છે કે તે ઘરની કીંમત ઘટે એવી રીતે ब એ તેનો ઉપયોગ કર્યો છે, એવું ફલાણો સર્વેયર કહેશે તો તે પટો રદ કરી શકાશે. પછી એવી રીતનો ઉપયોગ કરવામાં આવ્યો છે એવું ધારીને अ તે ઘર क ને ભાડે આપે છે. આને લીધે, તે ઘરનો ब એ તેની કીંમત ઘટે એવી રીતે ઉપયોગ કર્યો છે એવું તે સરવેયરનું મત હોય તો, ब નો પટો રદ થશે.

અધિકાર વગરના સખસે મિલકત તબદીલ કરી આપ્યા પછી તેને તેમાં હિત સંબંધ પ્રાપ્ત થાય તો શું થાય તે બાબત (૪૩).

દ્રષ્ટાંત—अ એક હિંદુ જે પોતાના બાપ ब થી જુદો પડ્યો છે, તે क ને, क्ष, य અને ज्ञ એ ત્રણ ખેતરો તબદીલ કરવાનો પોતાને અધિકાર છે એમ કહીને વેચે છે. આ ત્રણ ખેતરોમાંનું ज्ञ अ નું નથી, કારણકે તે ખેતર ભાગ પાડતી વખતે ब એ પોતાની પાસે રાખ્યું હતું, પણ ब ના મરણ પછી તે अ ને વારસામાં મળે છે. क એ વેચાણનો કરાર રદ કર્યો નથી તેથી ज्ञ ખેતર પોતાને સ્વાધીન કરવાની अ ને ફરજ પાડવાનો તેને અધિકાર છે.

સ્થાવર મિલકતના બે અથવા વધારે સહમાલિકોમાંનો જે કોઈ એક માલિક તે મિલકતમાંનો પોતાનો હિસ્સો અથવા કાંઇપણ હિતસંબંધ તબદીલ કરી આપવાને કાયદેસર રીતે લાયક હશે તેણે તે હિસ્સો અથવા હિત સંબંધ તબદીલ કરી આપ્યો હોય ત્યારે, તે જેને તબદીલ કરી આપ્યો હશે તે સખસને એવા હિસ્સા અથવા હિત સંબંધની બાબતમાં અને તે તબદીલ કરી આપવાનું કામ

અમલમાં લાવવાની જેટલે સુધી જરૂર હશે તેટલે સુધી, તે મિલકતનો મજીઆરો કબજો મળવાનો હક અથવા તેનો બીજો સામાઇક અથવા અંશતઃ ભોગવટો કરવાનો હક તથા તેની વેહેંચણ કરવાનો હક તબદીલ કરી આપનારને હશે એટલો પ્રાપ્ત થશે, માત્ર એટલુંજ કે આ પ્રમાણે તબદીલ કરી આપેલા હિસ્સાને અથવા હિત સંબંધને તબદીલ કરી આપવાની તારીખે જે શરતો તથા જવાબદારીઓ લાગુ હશે તે શરતો તથા જવાબદારીઓને પાત્ર રહીને તે હક તેને પ્રાપ્ત થશે. એકાદા અવિભક્ત કુટુંબની માલકીના રહેવાના ઘરનો કાંઈ હીસ્સો જેને તબદીલ કરી આપ્યો હશે તે સખસ તે કુટુંબનો આસામી ન હોય ત્યારે, આ કલમના કોઈપણ ઠરાવ ઉપરથી, તે સખસને તે ઘરનો મજીઆરો કબજો મળવાનો અથવા બીજો સામાઇક અથવા અંશતઃ ભોગવટો કરવાનો હક પ્રાપ્ત થાય છે એવું સમજવું નહીં (૪૪).

મજીઆરી મિલકતમાંનો હિસ્સો સહમાલિકોએ તબદીલ કરી આપવા બાબત (૪૭).

દ્રષ્ટાંત—મોજે સુલતાનપુરમાં अ આઠ આનાના હિસ્સાનો ધણી છે. અને ब તથા क પૈકી દરેક જણ ચાર આનાના હિસ્સાનો ધણી છે. એ ત્રણે જણા પોતપોતાના જુદા જુદા હિસ્સા પૈકી કિયા હિસ્સામાંથી તબદીલ કરી આપે છે તે ન કહેતાં, તે ગામમાંનો બે આનાનો હિસ્સો ड ને તબદીલ કરી આપે છે. આ તબદીલ કરી આપવાનું કામ અમલમાં લાવવા સારૂ अ ના હિસ્સામાંથી એક આનાનો હિસ્સો લેવો જોઇએ અને ब તથા क પૈકી દરેકના હિસ્સામાંથી અડધા આનાનો હિસ્સો લેવો જોઇએ.

કોઈપણ સખસ એકજ સ્થાવર મિલકત જુદે જુદે વખતે તબદીલ કરી આપીને તેમાં અથવા તે ઊપર જુદા જુદા હક ઊત્પન્ન કરતો હોય અને તે હક બધા સાથે હોઈ શકે નહીં અથવા પુરેપુરી રીતે તે બધાનો સાથે અમલ કરી શકાય નહિ ત્યારે, તે મિલકત જેમને અગાઉ તબદીલ કરી આપી હશે તેઓ કાંઈ વિશેષ કરાર અથવા શરતથી બંધાયા ન હોય તે પ્રસંગે, પાછળથી ઉત્પન્ન કરેલો દરેક હક તેની અગાઉ ઉત્પન્ન કરેલા હકને પાત્ર રહીને અમલમાં આવશે (૪૮).

અધુરા હકથી ધારણ કરનારને શુદ્ધબુધ્ધિથી આપેલું ભાડું (૫૦).

अ એક ખેતર ब ને ૫૦ રૂપીએ ભાડે આપે છે અને પછી તે क ને તબદીલ કરી આપે છે. ब ને આ તબદીલ કરી આપવાના કામની ખબર ન હોવાથી તે તે ભાડું अ ને શુધ્ધબુધ્ધિથી આપે છે. આ પ્રમાણે ભાડું આપેલું હોવાથી ब પાસે ફરીથી ભાડું લેવાશે નહીં.

બ્રિટીશ ઈંડીયામાં અધિકારવાળી અથવા ગવરનર જનરલ ઇન કોંસિલે બ્રિટીશ ઇંડિયાની હદ બાહાર સ્થાપેલી કોઈપણ કોર્ટમાં કોઈપણ સ્થાવર મિલકત ઉપરના કોઈપણ હકના સંબંધમાં પ્રત્યક્ષ તથા વિશિષ્ટ રીતે જેમાં તકરાર હોય, એવી એકાદી તકરારી ફર્યાદ અથવા કામ વસ્તુતઃ ચાલતું હશે તે દરમીઆન તે ફર્યાદમાના અથવા કામમાંના કોઈપણ પક્ષકારે તે ફર્યાદમાં અથવા કામમાં જે કાંઈપણ હુકમ અથવા હુકમનામું કરવામાં આવે તે ઉપરથી તે મિલકતના બીજા કોઈપણ પક્ષકારના ઉત્પન્ન થનારા હકને બાધ આવે, એવી રીતે, કોર્ટે અધીકાર આપ્યો હશે તે શિવાયને પ્રસંગે તથા કોર્ટે ઠરાવી હશે તે શરતોને અનુસર્યા શિવાય બીજી રીતે, તે મિલકત તબદીલ કરી આપવી નહીં અથવા તેની બીજી રીતે વ્યવસ્થા કરવી નહીં (૫૨).

જ્યારે એકાદી સ્થાવર મિલકત તબદીલ કરી આપવાનું કામ તેજ મિલકત કાંઈ અવેજ આપીને પહેલાં અથવા પાછળથી તબદીલ કરી લેનારા શખસને અથવા સહમાલિકોને, અથવા તે મીલકતમાં હિત સંબંધ હશે એવા બીજા શખસોને ઠગવાના ઈરાદાથી અથવા તબદીલ કરી આપનાર શખસના લેહેણદારોને ડુબાવવાના અથવા તેમનું નાણું આપતાં વિલંબ લગાડવાના ઈરાદાથી કરવામાં આવે ત્યારે તે કામ આ પ્રમાણે ઠગાયલા અથવા ડુબાડેલા શખસની અથવા જેને નાણું મળતાં વિલંબ થયો હોય એવા કોઈપણ શખસની ઈચ્છા ઉપરથી નિરર્થક થવા યોગ્ય છે એવું સમજવું. શુધ્ધબુધ્ધિથી કોઇ મીલકત તબદીલ કરી લીધી હશે ત્યારે તે લેનારના હકને ઉપરના ઠરાવથી બાધ આવશે નહીં (૫૩).

"સ્થાવર મિલકતના વેચાણ બાબત"—"વેચાણ" એટલે આપેલી અથવા આપવાને કબુલ કરેલી અથવા અંશતઃ—(થોડી) આપેલી અને અંશતઃ આપ–વાને કબુલ કરેલી કીમતના બદલામાં માલકી તબદીલ કરી આપવી તે.

"વેચાણ કેવી રીતે કરવું"—સો રૂપીઆની તથા તેના કરતાં વધારે રૂપીઆની કીમતની સ્પૃષ્ય સ્થાવર મિલકતની બાબતમાં, અથવા ઉતરાધિકારના હકની અથવા બીજી અસ્પૃષ્ય વસ્તુની બાબતમાં વેચાણ ફક્ત નોંધેલા દસ્તાવેજથીજ થવું જોઈએ. સો રૂપીઆ કરતાં ઓછી કીમતની સ્પૃષ્ય સ્થાવર મિલકત નોંધેલા દસ્તાવેજથી અથવા સ્વાધીન કરીને, વેચાણ થઈ શકે છે. કબજો ખરીદદારને આપે ત્યારે તે મિલકત સ્વાધિન કરવામાં આવી એમ સમજવું. વેચાણ પક્ષકારોએ એક–મેકની સાથે નક્કી કરેલી શરતો મુજબ થવું જોઇએ (૫૪).

"સ્થાવર મિલકત ગીરો મુકવા બાબત"—ગીરો ચાર પ્રકારના હોય છે (૧) સાદુ ગીરો, (૨) વેચાણની સરતે કરેલું ગીરો, (૩) ભોગવટા અથવા કબજા ગીરો અને (૪) અંગ્રેજી રીતનું ગીરો.

"ગીરો"—એટલે કરજે આપેલા અથવા આપવાના પૈસા અદા કરવાનું સુરક્ષિત કરવા સારૂ અથવા વિદ્યમાન અથવા હવે પછી થવાનું કરજ સુરક્ષિત કરવા સારૂ અથવા જે બોલીથી પૈસા સંબંધી જવાબદારી ઉત્પન્ન થાય તેવી બોલી પુરી કરવાનું સુરક્ષિત કરવા સારૂ અમુક સ્થાવર મિલકતમાંનો એકાદો હિત સંબંધ તબદીલ કરી આપવાનું કામ.

મિલકતનો કબજો સ્વાધીન કરી આપ્યા વગરના ગીરોને સાદું ગીરો કહે છે.

જ્યારે ગીરો મુકેલી મિલકત દેખીતી વેચાણ આપવી, એવી સરતથી કે (૧) ગીરોની રકમ અમુક તારીખે પાછી આપવામાં કસુર થાય તો તે વેચાણ નક્કી થશે, અથવા (૨) ગીરોની રકમ અદા કરવામાં આવે તો તે વેચાણ રદ થશે, અથવા (૩) ગીરોની રકમ અદા કરવામાં આવે તો તે ખરીદદારે વેચનારને તે મિલકત પાછી આપવી ત્યારે આવા ગીરોને વેચાણની સરતે કરેલું ગીરો કહેવું.

"ભોગવટા ગીરો"—જ્યારે ગીરો મુકનાર, ગીરો મુકેલી મિલકતનો કબજો ગીરો રાખનારને સ્વાધિન કરીને તેને એવો અખત્યાર આપે કે ગીરોની રકમ અદા કરવામાં આવે ત્યાંસુધી તેવો કબજો રાખીને તે મિલકતમાંથી આવતું ભાડું તથા ઉત્પન્ન તેણે લેવું અને તે ભાડું અને ઉત્પન્ન વ્યાજને બદલે, અથવા ગીરોની રકમને પેટે, અથવા અંશતઃ વ્યાજના બદલામાં અને અંશતઃ ગીરોની રકમને પેટે લેવું ત્યારે તે કામને ભોગવટાગીરો કેહેવું.

જ્યારે ગીરો મુકનાર ગીરોની રકમ અમુક તારીખે આપવાને બંધાઇને ગીરો રાખનારને ગીરો મિલકત પુર્ણપણે તબદીલ કરી આપે, પણ એવી સરત કરે કે કબુલ કર્યા પ્રમાણે ગીરોની રકમ અદા કર્યા પછી તેણે તે મિલકત ગીરો મુકનારને પાછી તબદીલ કરી આપવી, ત્યારે તે કામને અંગ્રેજી રીતનું ગીરો કહેવું.

"ગીરો કેવી રીતે થાય"—સુરક્ષિત કરવાની મુદલ રકમ રૂપીયા એકસો અથવા તે કરતાં વત્તી હોય ત્યારે ગીરો મુકનારની સહી તથા નિદાન બે શાક્ષિઓની સાખવાળો નોંધેલો દસ્તાવેજ લખી આપીને ગીરો કરી શકાય છે. સુરક્ષિત કરવાની રકમ રૂપીયા એકસો કરતાં ઓછી હોય ત્યારે, કાંતો ઉપર કહયા પ્રમાણે સહી સાખવાળો દસ્તાવેજ લખી આપીને અથવા, સાદુ ગીરો હોય તે શિવાયને પ્રસંગે, મિલકત સ્વાધીન કરી આપીને ગીરો કરી શકાય છે.

મુંબઈ, કલકત્તા, મદ્રાસ, કરાંચી તથા રંગુન એ શેહેરોમાં, સ્થાવર મિલકત ઉપરના હક સંબંધી દસ્તાવેજ તે ઉપર તારણ ઉત્પન્ન કરવાના ઈરા-

દ્વાથી કોઈપણ લેણદારને અથવા તેના એજંટને સ્વાધિન કરી આપીને કરેલું ગીરો, આ કલમના ઠરાવ ઉપરથી ગેરકાયદેશર થતું નથી.

ગીરોની રકમ આપવા માંડી એટલે અથવા રકમ કોર્ટમાં અનામત મુકી એટલે મુદલ રકમ ઉપરનું વ્યાજ ચઢતું બંધ થાય છે (૮૪).

"સ્થાવર મિલકતના પટા બાબત"—"પટો" એટલે મિલકતનો ભોગવટો કરવાનો હક, સ્પષ્ટ અથવા ગર્ભિત રીતે, નિર્દીષ્ટ કરેલી મુદત સુધી અથવા હમેશને માટે નીચે લખેલા અવેજના બદલામાં તબદીલ કરી આપવું તેઃ—

(૧) આપેલી અથવા આપવાને કબુલ કરેલી કિમતના બદલામાં, અથવા
(૨) મુદતે મુદતે અથવા ઠરાવેલે પ્રસંગે આપવાના પૈસાના બદલામાં, અથવા
(૩) પાકના કાંઈ હિસ્સાના બદલામાં, અથવા
(૪) કરવાની નોકરીના બદલામાં, અથવા
(૫) આપવાની બીજી કોઈપણ કીંમતી વસ્તુના બદલામાં.

"પટો કેવી રીતે કરવો"—વર્ષ વર્ષ સુધી ચાલવાનો અથવા એક વર્ષથી વધારે મુદત સુધી ચાલવાનો, અથવા જેમાં વાર્ષિક ભાડું ઠરાવ્યું હોય એવો પટો માત્ર નોંધેલો દસ્તાવેજ કરી આપીનેજ કરી શકાય છે. બીજા સર્વ પટા દસ્તાવેજ લખી આપીને અથવા મોંહોડાની કબુલાયત કરીને કરવાનો અખત્યાર છે.

"ભાડું ન આપ્યાને લીધે પટો રદબાતલ થતો અટકાવવાનો ઈલાજ"—ભાડું ન આપ્યાથી પટો રદ બાતલ થઈને પુરો થયો હોય, અને કબજો છોડવવાની ફરીઆદ પટે આપનાર કરે ત્યારે, ફરીઆદની સુનાવણી વખતે પટે લેનાર વ્યાજ સુદ્ધાં ચઢેલું ભાડું, ફરીઆદીને થયલો પુરેપુરો ખરચ આપે અથવા આપવા માંડે, અથવા એવી રકમ ૧૫ દીવસની અંદર આપવા બદલ કોર્ટને તારણ આપે તો કબજો છોડવવાનું હુકમનામું કરવાને બદલે પટો રદબાતલ ન થવા બદલ હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે (૧૧૪).

"અદલાબદલી બાબત"—જ્યારે બે આશામી એકબીજાને એક વસ્તુની માલકી, બીજી વસ્તુની માલકી બદલ, તબદીલ કરી આપે, અને તે બેમાંની કોઈ-પણ વસ્તુ કેવળ નાણું ન હોય અથવા બંને વસ્તુ કેવળ નાણું હોય ત્યારે તે કામને "અદલાબદલી" કહેવી, અદલાબદલી પુર્ણ કરવા માટે મિલકત તબદીલ કરી આપવાનું કામ, માત્ર એવી મિલકત વેચાણ કરીને તબદીલ કરી આપવા બાબત ઠરાવેલી રીતેજ કરી શકાશે (૧૧૮).

નાણાની અદલાબદલી કરવામાં આવે ત્યારે દરેક પક્ષકાર પોતે આપેલું નાણું ખરૂં હોવાની ખાત્રી આપે છે એમ સમજવું જોઈએ (૧૨૧).

"બક્ષીસ બાબત*—"બક્ષીસ" એટલે એક સખસે બીજા કોઈ સખસને રાજીખુશીથી તથા કાંઈપણ અવેજ લીધા વગર અમુક વિદ્યમાન સ્થાવર અથવા જંગમ મિલકત તબદીલ કરી આપવી તે; માત્ર તે તબદીલ કરી આપેલી મિલકત તે બીજા સખસે અથવા તેની વતીના માણસે સ્વીકારવી જોઈએ. એવી મિલકતનો સ્વીકાર બક્ષીસ આપનાર જીવતો હોય તથા તે મિલકત આપવાને શક્તિવાન હોય ત્યારે કરવો જોઈએ. બક્ષીસ લેનાર બક્ષીસ સ્વીકાર્યા અગાઉ મરી જાય તો તે બક્ષીસ નિર્થક છે (૧૨૨). સ્થાવર મિલકતની બક્ષીસ, બક્ષીસ આપનારની સહી તથા બે સખસોની સાખવાળા નોંધેલા દસ્તાવેજથી થવી જોઈએ. જંગમ મિલકતની બક્ષીસ, ઉપર મુજબના દસ્તાવેજથી, અથવા મિલકત સ્વાધીન કરીને, થવી જોઈએ. વેચેલો માલ જેવી રીતે સ્વાધીન કરવાનો અખત્યાર છે તેવીજ રીતે એવી મિલકત પણ સ્વાધીન કરવાનો અખત્યાર છે (૧૨૩).

બક્ષીસ બાબતના કોઈપણ ઠરાવ, અંતકાળ વખતે આપેલી જંગમ મિલકતની બક્ષીસને લાગુ પડશે નહીં. વળી એ ઠરાવોથી મુસલમાની સરેહના તથા હિંદુ શાસ્ત્રના કોઈપણ કાનુનને બાધ આવતો નથી.

સુખાધિકાર બાબત

(સન ૧૮૮૨ નો આકટ ૫મો—ઈંડીઆ)

"હેતુ"—સુખાધિકાર તથા પરવાના સંબંધી કાયદાનાં લક્ષણો બાંધવાનો હેતુ છે. સન ૧૮૯૧ના ૮મા આકટથી મુંબાઈ ઇલાકાને લાગુ છે.

આ આકટથી નીચેના હકમાં કમતરતા થશે નહીં, એટલે:

(અ) સ્વાભાવિક માર્ગમાં વહેતી નદીઓ અને નાળાંના પાણીના, તથા સ્વાભાવિક સરોવર અને તળાવના પાણીના, અથવા ઈરીગેશન સારૂ રાજ્ય ખરચે બાંધેલી હરકોઈ નેહેરમાં કે બીજાં બાંધકામમાં અથવા તે વડે વહેતા, જમાવ કરેલા, રાખેલા કે વેહેંચેલા પાણીના,—જમાવનો, તે રાખવાનો, તથા તેની વેહેંચણીનો બંદોબસ્ત કરવાનો સરકારનો કોઈ હક.

(બ) સ્થાવર મિલકત ઉપરનો અથવા તે મિલકતમાંનો કોઈ સાંપ્રદાઈક અથવા (પરવાનો ન હોય એવો) બીજો હક જે કે, બીજી સ્થાવર મિલકતના સંબંધમાં નહીં પણ જુદીરીતે, સરકારને અથવા તમામ લોકોને અથવા કોઈ શખસને હોય તે,

(ક) આ આક્ટ અમલમાં આવતા પહેલાં જે હક પ્રાપ્ત થયો હોય અથવા આ આક્ટ અમલમાં આવતા પહેલાં થયેલા સંબંધમાંથી જે હક ઉત્પન્ન થયો હોય એવો કોઈ હક (૨).

"સુખાધિકાર" એટલે શું ?—કોઈ જમીનના માલીકને અથવા કબજેદારને માલીક અથવા કબજેદાર તરીકે તે જમીનના હિતકર ઉપભોગને માટે, પોતાની ન હોય એવી બીજી કોઈ જમીનમાં અથવા તે ઉપર અથવા તે સંબંધી, કંઈ કૃત્ય કરવાનો અને કૃત્ય જારી રાખવાનો અથવા કંઈ કૃત્ય થતું અટકાવવાનો અને અટકાવ જારી રાખવાનો, જે હક હોય તેને સુખાધિકાર કહે છે.

"પ્રધાન અને ગૌણસ્થળ તથા પ્રધાન અને ગૌણપતિ"—જે જમીનના હિતકર ઉપભોગને માટે સદરહુ હક હોય તે જમીન પ્રધાનસ્થળ કહેવાય છે, અને તેનો માલીક અથવા કબજેદાર પ્રધાનપતિ કહેવાય છે. જે જમીન ઉપર જવાબદારી નાંખી હોય તે ગૌણસ્થળ કહેવાય છે, અને તેનો માલીક અથવા કબજેદાર ગૌણપતિ કહેવાય છે.

ખુલાસો—આ કલમની પહેલી તથા બીજી રકમમાં 'જમીન' એ શબ્દમાં પૃથ્વીને નિરંતર વળગેલી વસ્તુઓનો પણ સમાવેશ થાય છે; "હિતકર ઉપભોગ" એ શબ્દમાં સંભવિત સગવડ, દુરનો લાભ, અને ફકત રમ્યતા એમનો પણ સમાવેશ થાય છે; અને "કંઈ કૃત્ય કરવાનો" એ શબ્દમાં, પ્રધાન સ્થળના હિતકર ઉપભોગને માટે, ગૌણસ્થળની ધરતીના ઉપલા પડનો કંઈ ભાગ કે તે ઉપર કંઈ ઉગેલું અથવા રહેલું હોય તે, પ્રધાનપતિ ખસેડે તથા તે પોતાને કામે લગાડે, એનો સમાવેશ થાય છે.

દૃષ્ટાંત.

(અ) **અને**, અમુક ઘરના માલીક તરીકે, તે ઘરના હિતકર ઉપભોગને લગતાં કારણુસર, પોતાના પડોસી **બની** જમીન ઉપર થઈને તે ઘરમાં જવા આવવાના માર્ગનો હક છે, આ સુખાધિકાર છે.

(બ) **અને**, અમુક ઘરના માલીક તરીકે, પોતાના પડોસી **બની** જમીન ઉપર થઈને તે જમીનમાંના ઝરામાંથી પોતાના ઘરકામ સારૂ પાણી લેવાનો હક છે, આ સુખાધિકાર છે.

(ક) **અને**, અમુક ઘરના માલીક તરીકે તે ઘરને લગતા બાગના ફુવારામાં પાણી ભરવાને, **બની** નહેરમાંથી પાણી લઈ જવાનો હક છે, આ સુખાધિકાર છે.

(ડ) **અ** ને, અમુક ઘર અને ખેતરના માલીક તરીકે, પોતાનાં ઢોરની અમુક સંખ્યા **બ** ના ખેતરમાં ચરાવવાનો હક છે; અથવા પોતાને, પોતાના કુટુંબને, પરોણાઓને, ઉતારૂઓને તથા ચાકરોને ઘરમાં વાપરવા સારૂ **ક** ના તળાવમાંથી પાણી કે માછલાં લેવાનો, અથવા **ડ** ના જંગલમાંથી લાકડાં લેવાનો હક છે; અથવા પોતાની જમીનમાં ખાતર નાંખવા સારૂ **ઇ** ની જમીનમાંનાં ઝાડ ઉપરથી ખરેલાં પાંદડાં વાપરવાનો હક છે, આ બધા સુખાધિકાર છે.

(ઇ) અમુક જગાની સપાટી જવા આવવા સારૂ વાપરવાનો હક **અ** સાર્વજનિક ઉપયોગમાં આપી દે છે, આ હક સુખાધિકાર નથી.

(ફ) પોતાની જમીનમાં થઇને જતો પાણીનો પાટ નીચેના કાંઠા ઉપરના માલીક **બ** ના હિતને માટે, સ્વચ્છ રાખવાને તથા અટકાવથી મોકળો રાખવાને **અ** બંધાયેલો છે, આ સુખાધિકાર નથી (૪).

ટીકા:—૧. સુખાધિકાર એક જાતનો હક છે.

૨. એ હક કાં તો જમીનના માલીકને અથવા કબજેદારને હોય.

૩. એ હક બીજા કોઇ માણસની જમીન ઉપર કાંઇ કૃત્ય કરવાનો અથવા કાંઇ કૃત્ય થતું અટકાવવાનો છે.

૪. જમીનના માલીકને અથવા કબજેદારને એવો હક ન હોય તો પોતાની જમીનનો ઉપભોગ કરવામાં જે લાભ, સગવડ અથવા સુખ મળે તે કરતાં એવો હક જ્યારે હોય ત્યારે તે વડે એને વધારે લાભ, સગવડ અથવા સુખ મળે છે.

૫. દાખલા તરીકે, માર્ગનો હક એ સૌથી સાધારણ સુખાધિકાર છે. **અ** પોતાની જમીન (અથવા પોતાની જમીન ઉપરના ઘર)માંથી બીજી કોઇ જગાએ જવા સારૂ અથવા બીજી કોઇ જગાએથી પોતાની જમીનમાં (અથવા પોતાની જમીન ઉપરના ઘરમાં) આવવા સારૂ **બીજા કોઇ માણસની જમીનમાં** થઇને જાય છે. જો આ કૃત્ય કરવાનો તેને હક હોય તો તે સુખાધિકાર છે.

૬. અથવા **બ** અમુક ઘરનો માલીક અથવા કબજેદાર છે. તે બીજા કોઇ માણસના કુવા, નાળા અથવા ઝરામાંથી પોતાનાં ઘરકામ સારૂં પાણી લાવવાને તે જમીનમાં જાય છે. જો આ કૃત્ય કરવાનો તેને હક હોય તો તે સુખાધિકાર છે.

૭. અથવા **ક** અમુક ખેતરનો ખેડનાર છે. તે પોતાનાં ઢોરને બીજા કોઇ માણસની જમીનમાં આવેલા કુવા અથવા તળાવ અથવા વેહેળા આગળ પાણી પાવા લઇ જાય છે. જો આ કૃત્ય કરવાનો તેને હક હોય તો તે સુખાધિકાર છે.

૮. અથવા ડ કાંઇ પાણી તેના મુળ આગળથી બીજા કોઇ માણસની જમીનમાં

થઇને પોતાના ખેતરમાં આણે છે. જો આ કૃત્ય કરવાનો તેને હક હોય તો તે સુખાધિકાર છે.

૯. અથવા ઈ પોતાનાં ઢોર બીજા કોઇ માણસની જમીનમાં ચરાવે છે. જો આ કૃત્ય કરવાનો તેને હક હોય તો તે સુખાધિકાર છે.

૧૦. અથવા ફ બીજા કોઇ માણસની જમીનમાં લાકડાં કાપે છે અથવા પડેલી ડાળીઓ, પાંદડા વિગેરે જમીન બાળવાનાં કામ સારૂં વીણી લે છે. જો આ કૃત્યો કરવાનો તેને હક હોય તો તે સુખાધિકાર છે.

૧૧. અથવા ગ બીજા કોઇ માણસની જમીનમાંથી માટી, પથરા, મરડીઆ વિગેરે પોતાની જમીનમાં વાપરવા સારૂં લે છે. જો આ કૃત્ય કરવાનો તેને હક હોય તો તે સુખાધિકાર છે.

સુખાધિકાર સતત અથવા તુટક હોય છે; તેમજ દૃશ્ય અથવા અદૃશ્ય હોય છે.

સતત સુખાધિકાર તેજ કે, જેનો વહિવટ મનુષ્યકૃત્ય વગર જારી રહે છે અથવા રહી શકે છે.

તુટક સુખાધિકાર તેજ કે, જેનો વહિવટ કરવામાં મનુષ્યકૃત્યની જરૂર પડે છે.

દૃશ્ય સુખાધિકાર તેજ કે, જેના અસ્તિત્વની કોઈ કાયમની નિશાની હોય છે અને તે નિશાની કોઈ કાબેલ શખસ લક્ષપુર્વક તપાસે તો તેને જણાઈ આવે એવી છે.

અદૃશ્ય સુખાધિકાર તેજ કે, જેની સદરહુ પ્રમાણે નિશાની હોતી નથી.

દ્રષ્ટાંત.

(અ) પોતાના પડોશી **બ** ની તરફથી હરકત થયા વગર બારીઓ વાટે અજવાળું લેવાનો હક **અ** ના ઘરની સાથે રહેલો છે. આ સતત સુખાધિકાર છે.

(બ) **બ**ની જમીન ઉપર થઈને જવા આવવાના માર્ગનો હક **અ** ના ઘરની સાથે રહેલો છે, આ તુટક સુખાધિકાર છે.

(ક) **બ** ની જમીનમાં થઈને નળવાટે પોતાની જમીનમાં પાણી લાવવાનો હક તથા ત્યાંથી મોરીવાટે પાણી કાઢવાનો હક **અ** ની જમીન સાથે રહેલો છે. આવી બાબતમાં કાબેલ હોય એવો શખસ લક્ષપુર્વક તપાસે તો મોરી માલમ પડી આવે એવી છે, આ દૃશ્ય સુખાધિકાર છે.

(ડ) **બ** ને પોતાની જમીન ઉપર ઈમલો બાંધતાં અટકાવવાનો હક **અ**ના ઘરની સાથે રહેલો છે, આ અદૃશ્ય સુખાધિકાર છે (૫).

સુખાધિકાર નિરંતરનો અથવા કેટલાંક વરસ સુધીનો કે બીજી કોઈ નિયમિત મુદત સુધીનો હોઈ શકે; અથવા નિયમિત કાળે તેમાં અટકાવ થાય એવો હોઇ શકે; અથવા ફક્ત અમુક સ્થળે કે અમુક વખતે, કે અમુક કલાકની દરમ્યાન કે કોઈ વિશેષ કારણ સારૂં તેનો વહિવટ કરાય એવો હોઈ શકે; અથવા કોઈ નિર્દિષ્ટ કરેલો બનાવ બને કે કોઈ નિર્દિષ્ટ કરેલું કૃત્ય બજે કે ન બજે તો તે શરૂ થાય કે નિરર્થક થાય કે નિરર્થક થવા યોગ્ય થાય એવી શરતવાળો હોઈ શકે (૬).

સુખાધિકાર નીચે કહેલા હરકોઈ હકના પ્રતિબંધ રૂપ છે એટલે હરકતકર્તા છેઃ–

(અ) સ્થાવર મિલકતના પ્રત્યેક માલીકનો (વિદ્યમાનકાળે અમલમાં હોય તેવા કાયદાને અનુસરીને) તે મિલકતનો તથા તેની તમામ પેદાશનો તથા તેમાં થયેલા વધારાનો ઉપભોગ કરવાનો તથા તે આપી દેવાનો ખાસ હક.

(બ) સ્થાવર મિલકતના પ્રત્યેક માલીકનો (વિદ્યમાનકાળે અમલમાં હોય એવા કાયદાને અનુસરીને) તે મિલકતની સ્થિતીથી નિપજતા સ્વાભાવિક લાભનો બીજાની હરકત વગર ઉપભોગ કરવાનો હક (૭).

"સુખાધિકાર કોણ સ્થાપી શકે"—જે સ્થળ ઉપર જવાબદારી રાખવાની હોય તે સ્થળમાંનો પોતાનો હક સંબંધ કોઈપણ શખસ જે પ્રસંગે અને જેટલો બીજાને આપી શકે તે પ્રસંગે અને તેટલે સુધી સુખાધિકાર સ્થાપવાને તે મુખત્યાર છે.

દ્રષ્ટાંત.

(અ) ભરાયા વગરની ૨૦ વરસની મુદતના પટાની રૂએ **બ** ની જમીનનો **અ** ગણોતદાર છે, અને પટા પ્રમાણે પોતાનો હકસંબંધ બીજાને આપવાનો તેનો અખત્યાર છે. પટો રહે ત્યાંસુધી અથવા તે કરતાં કંઈ થોડી મુદત સુધી કાયમ રહે એવો સુખાધિકાર તે જમીન ઉપર સ્થાપવાને **અ** મુખત્યાર છે.

(બ) અમુક જમીનનો **અ** પોતાની હયાતી સુધીનો ભોગવટો કરનાર છે. અને ત્યાર પછી તેનો **બ** પુર્ણ માલીક છે. **અ** નો હયાતી પર્યંતનો હક બંધ થયા પછી ચાલુ રહે એવો સુખાધિકાર **બ** ની સંમતિ વગર તે જમીન ઉપર **અ** સ્થાપી શકતો નથી.

(ક) **અ**, **બ**, તથા **ક** એ અમુક જમીનના સહ-માલીક છે. **બ** તથા **ક** ની સંમતિ વગર તે જમીન ઉપર અથવા તેના કંઈ ભાગ ઉપર **અ** સુખાધિકાર સ્થાપી શકતો નથી.

(ડ) એકજ પટે આપનારના **અ** તથા **બ** પટે રાખનારા છે. **અ** એ **ક્ષ** ખેતરનો પાંચ વરસની મુદતનો તથા **બ**એ **ય** ખેતરનો દશ વરસની મુદતનો પટો રાખ્યો છે. **અ** નો હકસંબંધ પોતાના પટાની રૂએ બીજાને આપી શકાય તેવો છે, અને **બ** નો તે પ્રમાણે નથી. **અ** ના પટાની સાથે અંત આવે એવો **ક્ષ** ખેતર ઉપર જવાઆવવાના માર્ગનો હક **બ** ના લાભમાં સ્થાપવાને **અ** મુખત્યાર છે (૮).

આઠમી કલમના ઠરાવોને અનુસરીને, ગૌણ સ્થળ ઉપરના ચાલુ સુખાધિકારનો ઉપયોગ કમી ન થાય એવી રીતે ગૌણ સ્થળ ઉપર સુખાધિકાર સ્થાપવાને ગૌણપતિ મુખત્યાર છે. પરંતુ સદરહુ ઉપયોગ જેથી કમી થાય તેવો સુખાધિકાર પ્રધાનપતિની સંમતિ વગર ગૌણસ્થળ ઉપર તે સ્થાપી શકતો નથી.

દ્રષ્ટાંત.

(અ) **અ**ને પોતાના સંચાની બાબતમાં, સુર્યોદયથી મધ્યાન સુધી **બ** ના વેહેળાનું પાણી વગર હરકતે પોતાના સંચામાં વહ્યું આવે એવો હક છે. મધ્યાનથી સુર્યાસ્ત સુધી તે વેહેળાનું પાણી વાળવાનો હક **ક** ને આપવાને **બ** મુખત્યાર છે, પરંતુ તેથી **અ** ને જેટલું પાણી મળવાનું તેમાં ઘટાડો થતો ન હોય તો.

(બ) **અ**ને પોતાના ઘરના સંબંધમાં **બ** ની જમીન ઉપર થઈને જવાઆવવાના માર્ગનો હક છે. પડોસના ખેતરના માલીક તરીકે **ક** ને, તે માર્ગ ઉપર ઉગેલા ઘાસમાં પોતાનાં ઢોર ચરાવવાનો હક આપવાને **બ** મુખત્યાર છે; પરંતુ તેથી **અ** ના જવા આવવાના માર્ગના હકમાં હરકત થતી ન હોય તો (૯).

આઠમી કલમના ઠરાવોને અનુસરીને, પટે લેનારના પટે લેનાર તરીકેના હક જેથી કમી ન થાય એવો કોઈપણ સુખાધિકાર પટે આપેલી મિલકત ઉપર સ્થાપવાને પટે આપનાર મુખત્યાર છે; તથા જેથી તારણ અપુરતું ન થાય એવો કોઈ સુખાધિકાર ગીરો આપેલી મિલકત ઉપર સ્થાપવાને ગીરો આપનાર મુખત્યાર છે, પરંતુ જે સુખાધિકારનો અમલ પટો પુરો થયેથી અથવા ગીરો છુટેથી થાય એવા સુખાધિકાર સિવા-

યનો બીજો કોઈ પણ સુખાધિકાર, પટે લેનારની અથવા ગીરો રાખનારની સંમતિ વગર, પટે આપનાર અથવા ગીરો આપનાર તે મિલકત ઉપર સ્થાપી શકતો નથી.

ખુલાસો—ગીરોની રૂએ વિદ્યમાનકાળે જે રકમ લેહેણી હોય તે રકમથી ⅓ ઘણી વધારે ગીરો આપેલી મિલકતની કિંમત ન હોય, અથવા, તે મિલકત ઈમારત હોય ત્યારે, ½ ઘણી વધારે ન હોય, તો આ કલમના અર્થ પ્રમાણે તે તારણ અપુરતું છે (૧૦).

પટે રાખનાર, અથવા જેને બીજા પાસેથી હક પ્રાપ્ત થયો હોય એવો બીજો કોઈ શખસ, એવા પટે રાખનાર અથવા બીજા શખસ તરીકે, પોતે રાખેલી મિલકત ઉપર પોતાના હક સંબંધનો અંત આવ્યા પછી અમલ થાય એવો, અથવા પટે આપનારનો કે વરિષ્ટ માલીકનો હક કમી થાય એવો, સુખાધિકાર સ્થાપી શકતો નથી (૧૧).

"સુખાધિકાર કોણ મેળવી શકે"—જે સ્થાવર મિલકતના હિતકર ઉપભોગને માટે હક ઉત્પન્ન કર્યો હોય, તે મિલકતનો માલીક, અથવા, તેની તરફથી, તે મિલકત જેના કબજામાં હોય તે શખસ, સુખાધિકાર મેળવી શકે છે.

સ્થાવર મિલકતના બે અથવા વધારે સહમાલીકો પૈકી એકજણ, તે તરીકે, બીજા અથવા બીજાઓની સંમતિથી કે સંમતિ વગર, તે મિલકતના હિતકર ઉપભોગને માટે સુખાધિકાર મેળવી શકે છે.

સ્થાવર મિલકતનો પટે રાખનાર, પોતાની બીજી સ્થાવર મિલકતના હિતકર ઉપભોગને માટે, પોતાના પટામાંની મિલકતમાં અથવા તે મિલકત ઉપર સુખાધિકાર મેળવી શકતો નથી (૧૨).

"આવશ્યકતાના સુખાધિકાર તથા સુખાધિકાર તરીકેના હક"—કોઈ શખસ બીજા શખસને સ્થાવર મિલકત આપે અથવા મૃત્યુપત્રમાં લખી આપે ત્યારેઃ—

(અ) જે વિષય આપ્યો હોય અથવા મૃત્યુપત્રમાં લખી આપ્યો હોય તેના હિતકર ઉપભોગને માટે, આપનારની અથવા મૃત્યુપત્ર કરનારની બીજી સ્થાવર મિલકતમાંના સુખાધિકારની તદન આવશ્યકતા હોય, તો જેને વિષય આપ્યો હોય અથવા મૃત્યુપત્રમાં લખી આપ્યો હોય તે શખસ તે સુખાધિકારનો હકદાર થાય છે; અથવા

(બ) સદરહુ સુખાધિકાર દૃશ્ય અને સતત હોય, તથા આપ લે કે મૃત-

લેખાર્પિતદાન અમલમાં આવતી વખતે એ વિષયનો જેવીરીતે ઉપભોગ થતો તેવીરીતે તેનો ઉપભોગ કરવાને તે સુખાધિકારની આવશ્યકતા હોય, ત્યારે ભિન્ન ઈરાદો દર્શાવ્યો ન હોય અથવા તે ગર્ભિતરીતે આવશ્ય જણાતો ન હોય તો જેને વિષય આપ્યો હોય તે અથવા મૃતલેખમાં આપવાનો ઠરાવ હોય તે શખસ સદરહુ સુખાધિકારનો હકદાર થાય છે.

(ક) આપનારની અથવા મૃત્યુપત્ર કરનારની બીજી સ્થાવર મિલકતના ઉપભોગને માટે, જે વિષય આપ્યો હોય અથવા મૃત્યુપત્રમાં લખી આપ્યો હોય તે વિષયમાંના સુખાધિકારની તદ્દન આવશ્યકતા હોય તો, આપનાર અથવા મૃત્યુપત્ર કરનારનો કાયદેસર વારસવકીલ તે સુખાધિકારનો હકદાર થાય છે; અથવા

(ડ) સદરહુ સુખાધિકાર દૃશ્ય અને સતત હોય, તથા આપ લે કે મૃતલેખાર્પિતદાન અમલમાં આવતી વખતે એ મિલકતનો જેવીરીતે ઉપભોગ થતો તેવીરીતે તેનો ઉપભોગ કરવાને તે સુખાધિકારની આવશ્યકતા હોય, ત્યારે ભિન્ન ઈરાદો દર્શાવ્યો ન હોય અથવા તે ગર્ભિતરીતે આવશ્ય જણાતો ન હોય તો, આપનાર અથવા મૃત્યુપત્ર કરનારનો કાયદેસર વારસવકીલ તે સુખાધિકારનો હકદાર થાય છે.

ઘણા શખસોની સામાઇક મિલકતની વેહેંચણ થાય ત્યારે—

(ઈ) તેનામાં કોઈએકના હિસ્સા ઉપરનો સુખાધિકાર, તે પૈકી કોઈ બીજાના હિસ્સાના ઉપભોગને માટે તદ્દન આવશ્યકતાનો હોય, તો તે સુખાધિકારનો તે બીજો હકદાર થાય છે; અથવા

(ફ) સદરહુ સુખાધિકાર દૃશ્ય અને સતત હોય, તથા વેહેંચણ અમલમાં આવતી વખત તે બીજા હિસ્સાદારના હિસ્સાનો જેવીરીતે ઉપભોગ થતો તેવીરીતે તેનો ઉપભોગ કરવાને તે સુખાધિકારની આવશ્યકતા હોય, ત્યારે ભિન્ન ઈરાદો દર્શાવ્યો ન હોય અથવા તે ગર્ભિતરીતે આવશ્ય જણાતો ન હોય તો, તે હિસ્સાદાર તે સુખાધિકારનો હકદાર થાય છે.

આ કલમની (અ), (ક) તથા (ઈ) એ રકમમાં કહેલા સુખાધિકાર, આવશ્યકતાના સુખાધિકાર કહેવાય છે.

કાયદાના અમલથી સ્થાવર મિલકત મળે ત્યારે, જેની પાસેથી તથા જેને તે પ્રમાણે મળે તે શખસો, આ કલમનાં કારણ સારૂ, અનુક્રમે આપનાર તથા લેનાર ગણવા.

દ્રષ્ટાંત.

વેચતી વખત ફક્ત ખેતીવાડીના કામમાં વપરાતું ખેતર **બ** ને **અ** વેચે છે. પાસેની **અ** ની જમીન ઉપર થઇને ગયા સિવાય, અથવા કોઈ પરાયાની જમીન-ઉપર પ્રવેશ કર્યા સિવાય, તે જમીનમાં જવાય તેમ નથી. ફક્ત ખેતીવાડીના કામ સારૂ **અ** ની પાસેની જમીન ઉપર થઇને વેચેલા ખેતરમાં જવાઆવવાના માર્ગનો હક **બ** ને છે (૧૩).

"આવશ્યકતાનો માર્ગ બતાવવો"—ઉપરની કલમ પ્રમાણે આવશ્યકતાના માર્ગનો હક ઉત્પન્ન થાય ત્યારે, પ્રસંગ હોય તે પ્રમાણે, આપનારને, મૃત્યુપત્ર કરનારના કાયદેસર વારસવકીલને, અથવા જે હિસ્સા ઉપર હક ભોગવાતો હોય તે હિસ્સાના માલીકને, માર્ગ કાઢી આપવાનો હક છે. પરંતુ તે માર્ગ પ્રધાનપતિને વાજબીરીતે અનુકુળ પડતો હોવો જોઇએ.

સદરહુ પ્રમાણે માર્ગ કાઢી આપવાનો જે શખસને હક છે તે તેમ કરવાને ના કહે અથવા ચુકે, તો પ્રધાનપતિ તે માર્ગ કાઢવાને મુખત્યાર છે (૧૪).

"પ્રાચીન ભોગવટાથી પ્રાપ્ત થાય તે સુખાધિકાર"—કોઈ ઈમારતમાં તથા ઈમારતને માટે અજવાળું કે હવા આવવાનો તથા તે ઉપયોગમાં લેવાનો ઉપભોગ તે ઈમારતની સાથે, સુખાધિકાર તરીકે અને ખાડો પડયા વગર વીસ વરસ સુધી વગર હરકતે કર્યો હોય ત્યારે,—

તથા કોઈ શખસની કૃત્રિમ દબાણવાળી જમીનને કે તે જમીનને વળગેલી વસ્તુઓને, કોઈ બીજા શખસની જમીનનો કે તે જમીનને વળગેલી વસ્તુઓનો આધાર, સુખાધિકાર તરીકે અને ખાડો પડયા વગર વીસ વરસ સુધી વગર હરકતે, મળ્યો હોય ત્યારે,—

તથા માર્ગના હકનો કે બીજા કોઈ સુખાધિકારનો દાવો રાખનાર શખસે તે માર્ગનો હક કે બીજો કોઈ સુખાધિકાર, સુખાધિકાર તરીકે અને હકથી ખાડો પડયા વગર વીસ વરસ સુધી વગર હરકતે અને ખુલ્લી રીતે ભોગવ્યો હોય ત્યારે,—

સદરહુ પ્રમાણે અજવાળું કે હવા આવવાનો તથા તે ઉપયોગમાં લેવાનો હક, આધારનો હક, કે બીજો સુખાધિકાર, પુર્ણ થશે.

સદરહુ વીસ વીસ વરસની પ્રત્યેક મુદત, જે ફરીઆદના કામમાં તે મુદતવાળા

દાવાવીશે તકરાર ચાલે તે ફરીઆદ મંડાતા પહેલાંના બે વરસની અંદર પુરી થનારી મુદત છે એમ સમજવું.

ખુલાસો ૧ લો.—જે મિલકત ઉપર હક ચલાવવાનો દાવો કર્યો હોય તે મિલકતના માલકની અથવા કબજાદારની સાથેના કરારની રૂએ ઉપભોગ કર્યો હોય, અને કરાર ઉપરથી એ સ્પષ્ટ હોય કે,–તે હક સુખાધિકાર તરીકે આપ્યો નથી, અથવા, સુખાધિકાર તરીકે આપ્યો હોય તો, કોઈ નિયમિત મુદતને માટે તે આપેલો છે, અથવા અમુક શરત પુરી પડયાથી તે બંધ થાય એવી શરતે આપેલો છે,–તો તે ઉપભોગ આ કલમના અર્થ પ્રમાણે ઉપભોગ ગણવો નહીં.

ખુલાસો ૨જો.—દાવો કરનાર સિવાયના બીજા કોઈ સખસના કૃત્યથી થયલી હરકતને લીધે ઉપભોગ ખરેખર બંધ થયો ન હોય, તથા તે હરકતની અને હરકત કરનાર સખસની અથવા તે કરવાને અખત્યાર આપનાર શખસની ખબર દાવો કરનારને થયા પછી એક વરસ સુધી તે હરકત ખમી ન હોય અથવા માન્ય કરી ન હોય, તો આ કલમના અર્થ પ્રમાણે ખાડો પડયો છે એમ સમજવું નહીં.

ખુલાસો ૩જો.—પ્રધાનપતિ અને ગૌણપતિ વચેના કરારની રૂએ ઉપભોગ બંધ રહે તેથી આ કલમના અર્થ પ્રમાણે ખાડો પડયો છે એમ સમજવું નહીં.

ખુલાસો ૪થો.—પાણીમાં બગાડ કરવાના સુખાધિકારની બાબતમાં, તે બગાડ દીસી આવે તેમ ગૌણસ્થળને પહેલવહેલો હાનિકારક થાય ત્યારથી સદરહુ વીસ વરસની મુદત શરૂ થાય છે.

જે મિલકત ઉપર હક ચલાવવાનો દાવો આ કલમ મુજબ કર્યો હોય તે મિલકત સરકારની હોય ત્યારે "વીસ વરસ" એ શબ્દોને બદલે "સાઠ વરસ" એ શબ્દો જાણે દાખલ કર્યા હોય એવી રીતે આ કલમ વાંચવી.

દ્રષ્ટાંત.

(અ) માર્ગના હકને હરકત કર્યા બદલ સન ૧૮૮૩માં ફરિયાદ થઈ છે. પ્રતિવાદી હરકત કબુલ કરે છે પણ માર્ગના હકનો ઈનકાર કરે છે. વાદી એવું સાબિત કરે છે કે, સુખાધિકાર તરીકે તથા હકથી તે અધિકારનો મારો હક છે એમ કહીને સન ૧૮૬૨ના જાન્યુઆરી માસની ૧લી તારીખથી સન ૧૮૮૨ના જાન્યુઆરી માસની ૧લી તારીખ સુધી તે હકનો ઉપભોગ ખાડો પડયા વગર બિન હરકતે તથા ઉઘાડીરીતે મેં કર્યો છે. (પોતાના લાભમાં) ફેસલો મળવાનો વાદીનો હક છે.

(બ) તેવીજ એક ફરિયાદમાં વાદી એવું બતાવે છે કે, મેં તે હક બિન-હરકતે અને ઉઘાડીરીતે વીસ વરસ સુધી ભોગવ્યો છે. પ્રતિવાદી એવું સાબિત કરે છે કે, તે મુદત પૈકી એક વરસ સુધી ગૌણુસ્થળના પટે રાખનાર તરીકે તે સ્થળના કબજાનો હક વાદીને હતો અને પટે રાખનાર તરીકે તેણે તે હક ભોગવ્યો છે. આ ફરિયાદ કાઢી નાંખવી, કારણકે " સુખાધિકાર તરીકે " વીસ વરસ સુધી માર્ગનો હક ભોગવ્યો નથી.

(ક) તેવીજ એક ફરિયાદમાં વાદી એવું બતાવે છે કે, મેં તે હક બિન-હરકતે અને ઉઘાડી રીતે વીસ વરસ સુધી ભોગવ્યો છે. પ્રતિવાદી એવું સાબિત કરે છે કે, હકથી ઉપભોગ નથી કરતો એમ વીસ વરસની અંદર એક પ્રસંગે વાદીએ કબુલ કર્યું હતું, અને તે હકનો ઉપભોગ કરવાને મારી રજા માગી હતી. આ ફરિયાદ કાઢી નાંખવી, કારણકે " હકથી " વીસ વરસ સુધી માર્ગનો હક ભોગવ્યો નથી (૧૫).

પરંતુ એવું ઠરાવવામાં આવ્યું છે કે, જે જમીન અથવા પાણી ઉપર કે તે થકી કોઈ સુખાધિકાર ભોગવ્યો હોય કે મળ્યો હોય તે જમીન અથવા પાણી હયાતી સુધીના હક સંબંધની રૂએ કે તેને લીધે, અથવા તે આપ્યાની તારીખથી ત્રણ વરસ કરતાં વધારે મુદત સુધીના હક સંબંધની રૂઇએ કે તેને લીધે કબજામાં હોય, ત્યારે તે હક સંબંધ અથવા મુદત જારી હોય તે દરમ્યાન જેટલા વખત સુધી તે સુખાધિકારનો ઉપભોગ કર્યો હોય, તેટલો વખત સદરહુ છેવટ કહેલી વીસ વરસની મુદત ગણવામાં બાદ કરવો; પરંતુ તે હક સંબંધ અથવા મુદત પુરી થયા પછી જે શખસને સદરહુ જમીન અથવા પાણીનો હક મળે તે શખસે તે હક સંબંધ અથવા મુદત પુરી થયા પછીનાં લાગલાં ત્રણ વરસમાં તે અધિકારના દાવા બાબત હરકત કરી હોય તો સદરહુ પ્રમાણે વખત બાદ કરવો.

દ્રષ્ટાંત.

બ ની જમીન ઉપર થઇને જવા આવવાના માર્ગનો મને હક છે એમ જ્ઞાપિત કરાવવા **અ** ફરિયાદ કરે છે. **અ** એવું સાબિત કરે છે કે, પચીસ વરસ સુધી તે હક મેં ભોગવ્યો છે, પણ **બ** એવું બતાવે છે કે, તે પચીસ વરસમાંનાં દશ વરસ સુધી **ક** ને તે જમીનમાં હયાતી સુધીનો હક સંબંધ હતો, તથા **ક** ના મરણ પછી હું તે જમીનનો હકદાર થયો તથા **ક** ના મરણ પછી બે વરસમાં તે હક સંબંધી **અ** ના દાવા બદલ મેં તકરાર કરી હતી. આ ફરિયાદ કાઢી નાંખવી જોઈએ, કારણ-કે આ કલમના ઠરાવ પ્રમાણે પંદર વરસ સુધીજ ઉપભોગ કર્યાની વાત **અ** એ સાબિત કરી છે (૧૬).

"પ્રાચીન ભોગવટાથી જે હક મળી શકતો નથી તે"—પંદરમી કલમ પ્રમાણે મેળવેલા સુખાધિકાર પ્રાચીન ભોગવટાથી મળેલા કહેવાય છે અને તેમને **પ્રાચીન** ભોગવટાના હક એવું નામ આપવામાં આવે છે.

નીચેના કોઈપણ હક સદરહુ પ્રમાણે મેળવી શકાતા નથીઃ—

(અ) હકનો વિષય બીલકુલ નાશ થાય, અથવા તે હક પ્રાપ્ત થાય તો જે મિલકત ઉપર જવાબદારી પડે તે મિલકત બીલકુલ નાશ થાય, એવી રીતનો હક.

(બ) ઉઘાડી જમીનમાં અજવાળું અને હવા ખુલ્લીરીતે આવવા જવાનો હક.

(ક) વેહેળામાં વેહેતું ન હોય, તથા કોઈ ખાબોચીયામાં, તળાવમાં અથવા બીજી રીતે હમેશને માટે જમાવ થયેલું ન હોય, એવાં સપાટી ઉપરના પાણીનો હક.

(ડ) કોઈ નિશ્ચિત વાટે જતું ન હોય એવા જમીન નીચેના પાણીનો હક (૧૭).

"સાંપ્રદાયિક સુખાધિકાર"—સુખાધિકાર સ્થાનિક રીવાજથી પ્રાપ્ત થઈ શકે છે. આવા સુખાધિકાર સાંપ્રદાયિક સુખાધિકાર કહેવાય છે.

દૃષ્ટાંત.

(અ) અમુક ગામના સંપ્રદાય પ્રમાણે તે ગામની જમીનના પ્રત્યેક ખેડુતને, ખેડુત તરીકે પોતાનાં ઢોર સામાન્ય ગૌચર ઉપર ચરાવવાનો હક છે. **અ** તે ગામમાંની ખેડાણ વગરની જમીનના એક ટુકડાનો ખેડુત થવાથી તે ટુકડો ભાગીને ખેડાણ કરે છે. આથી સંપ્રદાય પ્રમાણે પોતાનાં ઢોર ચરાવવાનો તેને હક પ્રાપ્ત થાય છે.

(બ) કોઈ ઘરનો માલીક અથવા કબજાદાર પોતાના પડોસીના ખાનગી ભાગનો મલાઝો તુટે એવી રીતે પોતાના ઘરમાં નવી બારી મુકી શકે નહીં એવો કોઈ શેહેરનો સંપ્રદાય છે. તે શેહેરમાં **બ** ના ઘરની જોડે **અ** ઘર બાંધે છે. આથી **અ** ના ઘરનો જે ભાગ સાધારણ રીતે જોવામાં આવતો નથી તે ભાગ ઉપર નજર પડે એમ **બ** પોતાના ઘરમાં નવી બારીઓ મુકે નહીં એવો સુખાધિકાર **અ** ને પ્રાપ્ત થાય છે. તથા **અ** ના ઘરની બાબતમાં તેવોજ સુખાધિકાર **બ** ને પ્રાપ્ત થાય છે. (૧૮)

પક્ષકારોના કૃત્યથી અથવા કાયદાના અમલથી પ્રધાનસ્થળ બીજાને આપવામાં આવે, અથવા બીજાને મળે, ત્યારે વિરૂદ્ધ ઇરાદો જણાતો ન હોય તો, તે આપ લેથી અથવા મળવાથી, જે શખસને તે સ્થળ આપ્યું હોય અથવા મળ્યું હોય તેને સુખાધિકાર પ્રાપ્ત થાય છે એમ સમજવું.

દ્રષ્ટાંત.

અ ની પાસે કંઇ જમીન છે, તે જમીનની સાથે જવા આવવાના માર્ગનો હક રહેલો છે. **અ** તે જમીન **બ** ને ૨૦ વરસને માટે પટે આપે છે. પટો કાયમ રહે ત્યાંસુધી જવા આવવાના માર્ગનો હક **બ** ને તથા તેના કાયદેસર વારસ વકીલોને પ્રાપ્ત થાય છે (૧૯).

ગૌણસ્થળ સંબંધી પ્રધાનપતિ, અને ગૌણપતિની દરમ્યાનના કોઇ કરારથી, તથા જે લેખમાં કે હુકમનામામાં હવાલો આપેલો સુખાધિકાર સ્થાપન કર્યો હોય તેવો કોઇ લેખ કે હુકમનામું હોય તો તેમાંના ઠરાવથી, કલમ ૨૧થી તે ૩૧ સુધીમાં કહેલા નિયમો પ્રતિબંધમાં રહે છે. અને કોઇ સાંપ્રદાયિક સુખાધિકારને લગતી કંઇ બાબત આ નિયમોથી વિરૂદ્ધ હોય ત્યારે, કલમ ૨૧ થી તે ૩૧ સુધીમાં કહેલી કોઈ વાત તે બાબતને લાગુ પડશે નહી (૨૦).

પ્રધાનસ્થળના ઉપભોગની સાથે સંબંધ ન હોય એવાં કોઇ કારણ સારૂ સુખાધિકારનો વહિવટ કરવો ન જોઇએ.

દ્રષ્ટાંત.

(અ) **અ** ને, **ય** ખેતરના માલક તરીકે, **બ** ની જમીન ઉપર થઈને **ય** માં જવા આવવાના માર્ગનો હક છે. **ય** ની પેલી તરફ **અ** નું બીજું ખેતર **જ્ઞ** છે. **ય** ના હિતકર ઉપભોગને માટે **જ્ઞ** ના હિતકર ઉપભોગની જરૂર નથી. **જ્ઞ** માં જવા આવવાને માટે તેણે તે સુખાધિકારનો વહિવટ કરવો ન જોઇએ.

(બ) **અ** ને, અમુક ઘરના માલક તરીકે તે ઘરમાં જવા આવવાના માર્ગનો હક છે. તે ઘરમાં જવા આવવા માટે તે રસ્તાનો વહિવટ ફકત **અજ** નહીં પણ તેના કુટુંબનાં માણસો, તેના પરોણા, તેને ત્યાંના ઉતારૂ, તેના નોકર, તેને ત્યાં કામ કરવા આવનાર માણસો, તેને મળવા આવનાર માણસો, તથા તેના ઘરાક એ બધા કરી શકે, કેમકે પ્રધાનસ્થળના ઉપભોગની સાથે સંબંધ રાખતું આ કારણ છે. તેમજ, જો **અ** તે ઘર ભાડે આપે તો, ભાડું વસુલ કરવા સારૂ, તથા ઘરની મરામત કરેલી છે કે નહીં તે જોવા સારૂ, માર્ગના હકનો તે વહિવટ કરી શકે(૨૧).

ગૌણપતિને ઓછામાં ઓછો ભારે પડે એવી રીતે પ્રધાન પતિએ પોતાના હકનો અમલ કરવો જોઈએ, અને પ્રધાન પતિને નુકસાન થયા વગર ગૌણસ્થળના નિયમિત ભાગમાં સુખાધિકાર વપરાઇ શકે ત્યારે, ગૌણપતિ કહે તો, તે પ્રમાણે નિયમિત ભાગમાં તે હક વાપરવો.

દૃષ્ટાંત.

(અ) **અ** ને **બ** ના ખેતરમાં થઈને જવા આવવાના માર્ગનો હક છે. **અ** એ ગમે તે એક છેડાથી માર્ગમાં પેસવું જોઈએ, પણ વચેની કોઈ જગાએથી તેણે પેસવું ન જોઈએ.

(બ) **બ** ની પાણથળ જગામાંથી છાજ કાપવાનો હક **અ** ને પોતાના ઘરની સાથે રહેલો છે. **અ** જ્યારે પોતાના સુખાધિકારનો ઉપભોગ કરે ત્યારે, તે છાજ એવી રીતે કાપવું જોઈએ કે જેથી ત્યાંના છોડવા નાશ ન પામે (૨૨).

બાવીસમી કલમના ઠરાવોને અનુસરીને, સુખાધિકારનો ઉપભોગ કરવાનો પ્રકાર અને જગા વખતે વખતે બદલવાને પ્રધાનપતિ મુખત્યાર છે. પરંતુ તે બદલવાથી ગૌણસ્થળ ઉપર કંઇ વધારે બોજો પડતો હોય તો તે બદલાય નહીં.

અપવાદ—માર્ગના હકવાળો પ્રધાનપતિ, પોતાનો માર્ગ જે તરફ હોય તે બદલવાથી ગૌણસ્થળ ઉપર કંઇ વધારે બોજો પડતો ન હોય તોપણ, મરજીમાં આવે તેમ પોતાના માર્ગની દિશા બદલી શકતો નથી.

દૃષ્ટાંત.

(અ) વેહેરવાના સંચાના માલીક **અ** ને સંચો ચલાવવાને જોઈએ તેટલું પાણી લેવાનો હક છે. તે વેહેરવાનો સંચો બદલીને અનાજ દળવાની ચક્કી કરવાને મુખત્યાર છે; પરંતુ તેટલાજ પાણીથી તે ચલાવી શકાય તો.

(બ) **અ** ને પોતાના ઘરના નેવનું વરસાદનું પાણી **બ** ની જમીન ઉપર પાડવાનો હક છે. જો નેવ વધારવાથી **બ** ની જમીન ઉપર તે વધારે બોજો નાંખે તો, તે નેવ વધારવાનો તેને હક નથી.

(ક) **અ** કાગળ બનાવવાના સંચાના માલીક તરીકે સંચામાં ચીથરામાંથી કાગળ બનાવતાં જે નકામો રસ નિકળે તે વહેળામાં નાખીને વહેળાનું પાણી બગાડવાનો હક મેળવે છે. વાંસમાંથી નવી યુક્તિ વડે તે સંચામાં કાગળ બનાવતાં તેવીજ જાતનો જે રસ નિકળે તે રેડીને વહેળાનું પાણી તે બગાડી શકે, પરંતુ હાનિ થાય તેમ તે બગાડનો પ્રકાર ન બદલે અથવા તે બગાડનું માપ ઘણું ન વધારે તો.

(ડ) કાંઠા ઉપરનો એક માલીક **અ** વેહેરેલો કચરો પ્રવાહમાં નાખીને તે પ્રવાહ બગાડવાનો પ્રાચીન ભોગવટાનો હક નીચેના કાંઠા ઉપરના માલીકો વિરૂધ્ધ સંપાદન કરે છે. આ ઉપરથી ઝેરી રસ તેમાં જવા દેઈને તે પ્રવાહ બગાડવાનો **અ** ને હક મળતો નથી (૨૩).

સુખાધિકારનો પુરેપુરો ઉપભોગ સુરક્ષિત રાખવા સારૂ જે જે કૃત્યોની જરૂર હોય તે તમામ કરવાનો ગૌણુપતિ ઊપર પ્રધાનપતિને હક છે, પરંતુ તે કૃત્યો એવે વખતે અને એવીરીતે કરવાં જોઈએ કે જેથી પ્રધાનપતિને હાનિ ન થતાં ગૌણુપતિને જેમ બને તેમ ઓછી અગવડ થાય, અને તે કૃત્ય કરવાથી ગૌણુસ્થળને કંઈ નુકસાન થાય તો તે પ્રધાનપતિએ બને તેટલું મરામત કરી આપવું જોઈએ.

"સહાયકારી હક"—સુખાધિકારનો પુરેપુરો ઊપભોગ સુરક્ષિત રાખવા સારૂં જે કૃત્યોની જરૂર હોય તે કૃત્યો કરવાનો હક સહાયકારી હક કહેવાય છે (૨૪).

સુખાધિકારનો વહિવટ કરવા સારૂ અથવા તે જાળવી રાખવા સારૂ જરૂર હોય તેવાં બાંધકામ કરવાનું, મરામત કરવાનું અથવા બીજું કંઇ કૃત્ય કરવાનું જે ખરચ થાય તે પ્રધાનપતિએ કરવું જોઈએ (૨૫).

કોઈ હસ્તકૃત કામ વડે સુખાધિકારનો ઉપભોગ કરવાનો હોય ત્યારે, તે કામની મરામત ન કરવાને લીધે ગૌણુસ્થળને જે કંઈ નુકસાન થાય તે ભરી આપવાને પ્રધાનપતિ જવાબદાર થાય છે. (૨૬).

પ્રધાનસ્થળના હિતને માટે કંઇપણ કરવાને ગૌણુપતિ બંધાયલો નથી; તથા સુખાધિકારના ઉપભોગમાં હરકત ન થાય એવી કોઈપણ રીતે ગૌણુસ્થળનો વહિવટ કરવાનો પ્રધાનપતિ વિરૂધ્ધ તેને હક છે, પરંતુ સુખાધિકારને પ્રતિબંધ થાય એવું અથવા જેથી તેનો અમલ કરવામાં ઓછી સુગમતા થાય એવું કંઇ કૃત્ય તેણે કરવું ન જોઈએ (૨૭).

દ્રષ્ટાંત.

અને એક ઘરના માલીક તરીકે **બ**ની જમીનમાં થઈને પાણી તથા ખાળની દુર્ગંધી કહાડવાનો હક છે. પાણી જવાનો રસ્તો સાફ કરવાને અથવા મોરી ઘસીને ચોખી કરવાને ગૌણુપતિ તરીકે **બ** બંધાયલો નથી (૨૭).

સુખાધિકારની મર્યાદા વિશે તથા તેનો ઉપભોગ કરવાના પ્રકાર વિશે નીચેના ઠરાવો અમલમાં આવશેઃ—

આવશ્યકતાનો સુખાધિકાર તે સ્થાપન થતી વખતે જે આવશ્યકતા હોય તેની સાથે સમવ્યાપક છે.

બીજા કોઈ સુખાધિકારની મર્યાદા અને તેનો ઉપભોગ કરવાનો પ્રકાર નક્કી કરવાં તે, પક્ષકારોનો સંભવિત ઇરાદો તથા જે હેતુને માટે હક સ્થાપન કે સંપાદન કર્યો હોય તે હેતુ જોઇને નક્કી કરવાં.

સદરહુ ઈરાદા વિશે તથા હેતુ વિશે પુરાવો ન હોય તોઃ—

(અ) એક જાતના માર્ગના હકમાં બીજી કોઇ જાતના માર્ગના હકનો સમાવેશ થતો નથી;

(બ) કોઇ બારીમાં, બારણામાં અથવા બીજા દ્વારમાં થઇને અજવાળું કે હવા આવવાનો હક, લખતથી કે મૃત્યુપત્રથી સ્થાપવામાં આવ્યો હોય, તો તે લખત કરતી વખતે અથવા મૃત્યુપત્ર કરનાર ગુજરી જાય તે વખતે તે દ્વારમાં જેટલું અજવાળું કે હવા દાખલ થઈ શકે તેટલી તે હકની મર્યાદા સમજવી;

(ક) કોઈ બારીમાં, બારણામાં કે બીજા દ્વારમાં થઈને અજવાળું કે હવા આવવાનો હક પ્રાચીન ભોગવટાથી મળ્યો હોય, તો જે હેતુને માટે તે (હક) વપરાતો હોય તે બાજુપર રાખીને, જે મુદતના ભોગવટાથી હક મળવાનું કાયદામાં ઠરાવ્યું હોય તે તમામ મુદતમાં તે દ્વારમાં જેટલું અજવાળું અથવા હવા આવવાનો પરિપાઠ હોય તેટલી તે હકની મર્યાદા સમજવી;

(ડ) હવા અથવા પાણી બગાડવાનો હક પ્રાચીન ભોગવટાથી મળ્યો હોય, તો જેટલી મુદત સુધી વહિવટ કરવાથી હક ઉત્પન્ન થયો હોય તે મુદતની શરૂઆત વખતે બગાડની જે મર્યાદા હોય તે તે હકની મર્યાદા સમજવી;

(ઈ) પ્રાચીન ભોગવટાના બીજા દરેક હકની મર્યાદા તથા તેનો ઉપભોગ કરવાનો પ્રકાર, તે હકનો વહિવટ કરવાનો જે પરિપાઠ હોય તે ઉપરથી નક્કી કરવો (૨૮).

પ્રધાનસ્થળમાં માત્ર ફેરફાર કરીને અથવા વધારો કરીને પ્રધાનપતિ સુખાધિકાર વસ્તુતઃ વધારી શકતો નથી.

પ્રધાનસ્થળના વધઘટના પ્રમાણમાં સુખાધિકારની વધઘટ થાય એવીરીતે સુખાધિકાર આપ્યો હોય અથવા મૃત્યુપત્રમાં ઠરાવ્યો હોય, ત્યારે પાણીની જગાએ કાદવ કચરો ઝામીને જમીન થવાથી પ્રધાનસ્થળમાં વધારો થાય તો તે પ્રમાણમાં સુખાધિકાર વધે છે; અને પાણી જમીન ઉપર થઈ જવાથી પ્રધાન સ્થળમાં ઘટાડો થાય તો તે પ્રમાણમાં સુખાધિકાર ઘટે છે.

સદરહુ જણાવ્યું છે તે શિવાય ને પ્રસંગે પ્રધાન સ્થળની અથવા ગૌણસ્થળની મર્યાદામાં કંઈ ફેરફાર થવાથી સુખાધિકારમાં કંઈ ઓછુંવત્તું થતું નથી (૨૯).

પ્રધાન સ્થળ બે અથવા વધારે શખસોની વચ્ચે વેહેંચાઇ જાય તો, પ્રત્યેક હિસ્સાની સાથે સુખાધિકાર જોડાએલો રહે છે; પણ ગૌણસ્થળ ઉપર વસ્તુતઃ બોજો વધે એવી રીતે જોડાતો નથી. પરંતુ એવું ઠરાવવામાં આવ્યું છે કે, કાંઇ લેખથી, હુકમનામાથી, અથવા મુલકી કામથી વિભાગ પડયા હોય તો તે લેખના, હુકમનામાના અથવા મુલકી કામના ઠરાવની સાથે, તથા પ્રાચીન ભોગવટાના હકની બાબતમાં જે મુદતના ભોગવટાથી હક મળવાનું કાયદામાં ઠરાવ્યું હોય તે મુદતમાંના વહિવટની સાથે, બેસતો આવે એવીરીતે તે જોડાએલો હોવો જોઇએ (૩૦).

સુખાધિકારનો વહિવટ હદથી વધારે કરવામાં આવે તો, ગૌણપતિને બીજા જે ઈલાજ કરવાનો હક હોય તેને હાનિ ન પહોંચતાં, ગૌણપતિ વહિવટમાં હરકત કરવાને મુખત્યાર છે; પણ તે હરકત ફકત ગૌણસ્થળ ઉપર કરવી જોઇએ. વળી એવું ઠરાવવામાં આવ્યું છે કે, હરકત કરવાથી સુખાધિકારના કાયદેસર ઉપભોગને નડતર થતું હોય તો તે વહિવટમાં હરકત થઈ શકે નહીં.

દૃષ્ટાંત.

૭ ફુટ લાંબી અને ચાર ફુટ પોહોળી એવી ચાર બારીઓમાં **બ** ની જમીન ઉપર થઇને અજવાળું આવવાના ખુલ્લા માર્ગનો **અ** ને હક છે. તે બારીઓની સંખ્યા તથા કદ **અ** વધારે છે. જુની બારીઓમાં અજવાળું આવવાના માર્ગને હરકત કર્યા વગર નવી બારીઓમાં અજવાળું આવવાના માર્ગને હરકત કરવી અશકય છે. હદથી વધારે આ વહિવટમાં **બ** હરકત કરી શકતો નથી (૩૧).

પ્રધાન સ્થળના માલીકને અથવા કબજાદારને બીજા કોઈ સખસે હરકત કર્યા વગર સુખાધિકારનો ઉપભોગ કરવાનો હક છે.

દૃષ્ટાંત.

અને ઘરના માલીક તરીકે, **બ** ની જમીન ઉપર થઇને જવા આવવાના માર્ગનો હક છે. **ક** ગેરકાયદે **બ** ની જમીનમાં પ્રવેશ કરે છે, અને **અ**ના માર્ગના હકમાં હરકત કરે છે, પ્રવેશ બદલ નહીં પણ હરકત કર્યા બદલ **ક** ના ઉપર નુકસાનીની ફરીયાદ **અ** કરી શકે (૩૨).

સુખાધિકારમાં અથવા તેના કંઈ સહાયકારી હકમાં હરકત થયા બદલ પ્રધાન સ્થળમાંના કંઈ હક સંબંધનો માલીક અથવા તે સ્થળનો કબજાદાર નુકસાની ભરી લેવાની ફરિયાદ માંડવાને મુખત્યાર છે; પરંતુ તે હરકતથી વાદીને વાસ્તવિક નુકસાન ખરેખર થયું હોય તો.

ખુલાસો ૧લો—જે કૃત્યથી સુખાધિકારના પુરાવામાં બાધ આવીને અથવા પ્રધાન સ્થળની કીંમત વસ્તુતઃ ઘટી જઈને વાદીને નુકસાન થવાનો સંભવ હોય

એવું કોઈપણ કૃત્ય કરવું તે આ કલમના તથા ચોત્રીસમી કલમના અર્થ પ્રમાણે વાસ્તવિક નુકસાન છે.

ખુલાસો ૨જો—જે સુખાધિકારમાં હરકત થઈ હોય તે, ઘરની બારીઓ વગેરે દ્વારાએ અજવાળું આવવાના ખુલ્લા માર્ગનો હક હોય ત્યારે, પહેલા ખુલાસામાં આવી ન જાય એવું અથવા વાદીના દૈહિક સુખમાં ભારે નડતર ન કરે એવું, અથવા ફરિયાદ માંડયા પહેલાં જે હિતકારક રીતે પોતાનો હમેશનો ધંધો તે ચલાવતો હતો તે રીતે પ્રધાનસ્થળમાં ચલાવવાને અટકાવ ન થાય એવું, કંઈપણ નુકસાન આ કલમના અર્થ પ્રમાણે વાસ્તવિક નુકસાન નથી.

ખુલાસો ૩જો—જે સુખાધિકારમાં હરકત થઈ હોય તે, ઘરની બારીઓ વગેરે દ્વારાએ આવવાની હવાના ખુલ્લા માર્ગનો હક હોય ત્યારે, કંઈ નુકસાન વાદીની તંદુરસ્તીને હાનીકારક ન હોય પણ તેના દૈહિક સુખમાં ભારે નડતર કર્ત્તાં હોય તો તે આ કલમના અર્થ પ્રમાણે વાસ્તવિક નુકસાન છે.

દૃષ્ટાંત.

(અ) જે રસ્તા ઉપર થઈને, **ક** ના ઘરના ભાડુત તરીકે, **બ** ને જવા આવવાના માર્ગનો હક છે તે રસ્તામાં **અ** કાયમની અડચણ નાંખે છે. **ક** ને આ વાસ્તવિક નુકસાન છે, કેમકે **બ** પછી મળવાના તેના સુખાધિકારના હકના પુરાવાને તેથી બાધ આવી શકે.

(બ) **અ** ને એક ઘરના માલીક તરીકે, **બ** ના ઘરની એક બાજુએ ચાલી જવાનો હક છે, જમીનથી આસરે દશ ફુટ ઉપર રસ્તામાં પડે તથા પગે ચાલીને જનારાઓને તે રસ્તો વાપરતાં કંઈ અવગડ ન થાય એવી રીતે **બ** ઓશરી બાંધે છે, **અ**ને આ વાસ્તવિક નુકસાન નથી (૩૩).

જે આધારનો પ્રધાનપતિને હક હોય તે આધારના સાધનો દુર કરવાથી, વાસ્તવિક નુકસાન ખરેખર રીતે થાય નહીં તો અને ત્યાંસુધી નુકસાન ભરી લેવાનો હક ઉત્પન્ન થતો નથી (૩૪).

સન ૧૮૭૭ના વિશેષ ન્યાયના આકટની પર મીથી પ૭મી સુધી (બંને સુધાંત)ની કલમોના ઠરાવને અનુસરીને,

(અ) સુખાધિકારમાં ખરેખર હરકત થઈ હોય તો,—તે હરકત બદલ કલમ ૩૨ થી તે કલમ ૩૬ પ્રમાણે નુકસાન મેળવી શકાય એમ હોય ત્યારે,–

(બ) હરકત કરવાની ફક્ત ધમકી આપી હોય અથવા કરવાનો ફક્ત ઈરાદો હોય તો જે કૃત્ય કરવાની ધમકી આપી હોય અથવા જે કરવાનો

ઈરાદો હોય તે કૃત્ય કરવામાં આવે તો, સુખાધિકારમાં જરૂર હરકત પડવાની એમ હોય ત્યારે,–તે સુખાધિકારમાં થતી હરકત બંધ કરવાની તાકીદ આપી શકાય (૩૫).

ચોવીસમી કલમમાં ઠરાવ કરેલા છે તે છતાં પણ સુખાધિકારમાં થયેલી અન્યાય ભરેલી હરકત પ્રધાનપતિ પોતે દુર કરી શકતો નથી (૩૬).

જે સખસે સુખાધિકાર સ્થાપ્યો હોય તે સખસને સુખાધિકાર સ્થાપન થયાની પહેલાં બનેલાં કારણને લીધે ગૌણસ્થળમાં કંઈપણ હક ન રહે, ત્યારે તે સુખાધિકાર નષ્ટ થાય છે.

અપવાદ—દશમી કલમ પ્રમાણે ગીરો આપનારે કાયદેસર રીતે સ્થાપેલા સુખાધિકારને આ કલમમાં કહેલી કંઈ વાત લાગુ પડતી નથી (૩૭.)

પ્રધાનપતિ સ્પષ્ટરીતે અથવા ગર્ભિતરીતે ગૌણપતિને સુખાધિકારથી છુટો કરે ત્યારે તે સુખાધિકાર નષ્ટ થાય છે.

જે પ્રસંગે અને જેટલા પુરતું પ્રધાનસ્થળ પ્રધાનપતિ બીજાને આપી શકે તે પ્રસંગે એને તેટલા પુરતોજ તે છુટકો થઈ શકે છે.

ગૌણસ્થળના માત્ર ભાગ પુરતો સુખાધિકાર છોડી શકાય છે.

ખુલાસો ૧લો—નીચેને પ્રસંગે સુખાધિકાર ગર્ભિતરીતે છોડેલો ગણાય છેઃ—

(અ) સુખાધિકારનો હવેપછીનો ઉપભોગ બંધ થાય એમ જેનું અવશ્ય પરિણામ નીપજે એવું કંઈ કાયમનું કૃત્ય ગૌણસ્થળ ઉપર કરવાનો સ્પષ્ટ અખત્યાર પ્રધાનપતિ આપે, અને તે અખત્યારની રૂએ તે કૃત્ય કરવામાં આવે ત્યારે;

(બ) પ્રધાનસ્થળમાં કોઈ કાયમનો ફેરફાર એવી તરેહનો કર્યો હોય કે જેથી હવેપછી સુખાધિકારનો ઉપભોગ કરતા બંધ થવાનો પ્રધાનપતિનો ઈરાદો જણાઈ આવે ત્યારે.

ખુલાસો ૨ જો—સુખાધિકારનો માત્ર વહિવટ ન કર્યો હોય તેટલા ઉપરથી તે આ કલમના અર્થ પ્રમાણે ગર્ભિતરીતે છોડી દીધેલો ગણાતો નથી.

દ્રષ્ટાંત.

(અ) **અ, બ** તથા **ક** એક ઘરના સહમાલીક છે. તે ઘરને એક સુખાધિકાર જોડાએલો છે. **બ** તથા **ક**ની સંમતિવગર **અ** સુખાધિકાર છોડી દે છે. આ છુટકો ફક્ત **અ** તથા તેના કાયદેસર વારસવકીલની વિરૂધ્ધ અમલમાં આવી શકે છે.

(બ) બને, પોતાના ઘરના હિતકર ઉપભોગને માટે અની જમીન ઉપરનો સુખાધિકાર અ આપે છે. બ તે ઘર કને લખી આપે છે. પછી તે સુખાધિકાર છોડી દેવાનું બ જણાવે છે. આ છુટકો નકામો છે.

(ક) બના ચોકમાં પોતાનાં નેવ પાડવાનો હક અને છે. નેવ પાડવામાં નડતર થાય એટલી ઉંચાઈ સુધી તે ચોક ઉપર ચણતર કરવાને બને અ સ્પષ્ટ અખત્યાર આપે છે. બ તે પ્રમાણે ચણતર કરે છે. આથી જેટલું નડતર થાય તેટલા પુરતો અનો સુખાધિકાર નષ્ટ થાય છે.

(ડ) એક બારીમાં અજવાળું આવવાના સુખાધિકારનો અને હક છે. તે સુખાધિકાર કાયમને માટે છોડી દેવાનો ઈરાદો જણાઈ આવે એવીરીતે ઈંટો તથા ચુનાથી અ તે બારી ચણી લે છે. તે સુખાધિકાર ગર્ભિતરીતે છોડી દીધેલો છે.

(ઈ) અ નું છાપરૂં આગળ પડતું છે, તેથી પોતાનાં નેવ બ ની જમીન ઉપર પાડવાનો સુખાધિકાર તે ભોગવે છે. વરસાદનું પાણી જુદી વાટે જાય એવી રીતે હમેશને માટે અ તે છાપરૂં બદલે છે અને ક ની જમીન ઉપર નેવનું પાણી પાડે છે. તે સુખાધિકાર ગર્ભિતરીતે છોડી દીધેલો છે (૩૮).

સુખાધિકાર રદ કરવાનો અખત્યાર રાખ્યો હોય તે વાપરીને ગૌણપતિ તે રદ કરે ત્યારે તે સુખાધિકાર નષ્ટ થાય છે (૩૯).

નિયમિત મુદતને માટે સુખાધિકાર સ્થાપ્યો હોય અથવા કોઈ નિર્દિષ્ટ કરેલું કૃત્ય બને તો, કે ન બને તો, તે નિરર્થક થાય એવી શરતથી સુખાધિકાર સંપાદન કર્યો હોય ત્યારે તે મુદત વિતે અથવા શરત પુરી પડે એટલે તે સુખાધિકાર નષ્ટ થાય છે (૪૦).

આવશ્યકતાનો સુખાધિકાર, આવશ્યકતાનો અંત આવ્યાથી નષ્ટ થાય છે.

દૃષ્ટાંત.

અ, બને એક ખેતર આપે છે. અની પાસેની જમીન ઉપર થઈને ગયા વગર તે ખેતરમાં જવાય એવું નથી. પછીથી તે જમીનના જે ભાગ ઉપર થઈને પોતાના ખેતરમાં જઈ શકાય તેવો કંઈ ભાગ બ ખરીદ કરે છે. અની જમીન ઉપર થઈને જવાઆવવાનો જે હક બ એ સંપાદન કર્યો હતો તે નષ્ટ થાય છે (૪૧).

કોઈપણ વખતે અને કોઈપણ પ્રસંગે સુખાધિકાર પ્રધાનપતિને લાભદાયક ન થાય ત્યારે તે નષ્ટ થાય છે (૪૨).

પ્રધાનસ્થળમાં કરેલા કાયમના કોઈ ફેરફારથી ગૌણસ્થળ ઉપરનો બોજો વસ્તુતઃ વધતો હોય, અને સુખાધિકારના કાયદેસર ઉપભોગમાં નડતર નાંખ્યા વગર

ગૌણુપતિથી તે ઘટાડી શકાતો ન હોય ત્યારે તે સુખાધિકાર નષ્ટ થાય છે, પરંતુ નીચેને પ્રસંગે તેમ થતું નથી:—

(અ) પ્રધાનસ્થળના હિતકર ઉપભોગને માટે ગમેતેટલી હદસુધી સુખાધિકારનો વહિવટ કરવો એવો ઈરાદો હોય તો; અથવા

(બ) તે ફેરફારથી ગૌણુપતિને જે હાની થાય તે એટલી ક્ષુલ્લક હોય કે કોઈ વિચારવાન શખસ તે વિશે ખેદ ન કરે તો; અથવા

(ક) તે સુખાધિકાર આવશ્યકતાનો સુખાધિકાર હોય તો.

જે સુખાધિકારથી પ્રધાનસ્થળને આધાર મળવાનો હક પ્રધાનપતિને પ્રાપ્ત થયો હોય તેવા સુખાધિકારને આ કલમ માંહેનો કાંઈપણ મજકુર લાગુ પડે છે એમ સમજવું નહીં (૪૩).

પ્રધાનપતિથી પોતાનો હક વધારેવાર ભોગવી શકાય નહીં એવીરીતે વરિષ્ટ સત્તાથી ગૌણુસ્થળમાં કાયમનો ફેરફાર થાય ત્યારે તે સુખાધિકાર નષ્ટ થાય છે.

પરંતુ એવું ઠરાવવામાં આવ્યું છે કે, વરિષ્ટ સત્તાથી આવશ્યકતાનો જવાઆવવાનો માર્ગ નષ્ટ થાય તો, ગૌણુસ્થળ ઉપર થઈને જવાઆવવાના બીજા માર્ગનો હક પ્રધાનપતિને છે, તથા તે માર્ગને ચૌદમી કલમના ઠરાવો લાગુ પડે છે.

દ્રષ્ટાંત.

(અ) **અ**ની જમીનમાં થઈને વહેતી નદીમાં માંછલાં પકડવાનો હક **બ**ને અમુક ઘરના માલીક તરીકે **અ** આપે છે. નદી પોતાનો પ્રવાહ કાયમને માટે બદલી **ક**ની જમીનમાં થઈને વહે છે. **બ** નો સુખાધિકાર નષ્ટ થાય છે.

(બ) **અ**ને જે વાટે જવાઆવવાના માર્ગનો હક છે તે વાટે જવાનું ધરતીકંપથી હમેશને માટે બંધ થઈ જાય છે. **અ**નો હક નષ્ટ થાય છે (૪૪).

પ્રધાનસ્થળ અથવા ગૌણુસ્થળ એ બેમાંથી એક છેક નાશ પામે એટલે સુખાધિકાર નષ્ટ થાય છે.

દ્રષ્ટાંત.

સમુદ્રકાંઠે ઉંચા ખડકની તળેટી આગળ થઈને જતા રસ્તા ઉપર જવાઆવવાના માર્ગનો હક **અ**ને છે. સમુદ્ર આગળ વધી આવવાથી રસ્તો હમેશને માટે ધોવાઈ જાય છે. **અ**નો સુખાધિકાર નષ્ટ થાય છે (૪૫).

તમામ પ્રધાનસ્થળ તથા તમામ ગૌણુસ્થળની પુર્ણ માલકી એકજ શખસને મળે તો સુખાધિકાર નષ્ટ થાય છે.

દ્રષ્ટાંત.

(અ) અને એક ઘરના માલીક તરીકે, બના ખેતરમાં થઈને જવાઆવવાના માર્ગનો હક છે. અ પોતાનું ઘર તથા બ પોતાનું ખેતર કને ગીરો આપે છે. પછી એ બંને ગીરો છોડાવવાના હક ક રદ કરે છે અને તેમ કરીને ઘર તથા ખેતર એ બંનેનો પોતે પુર્ણ માલીક થાય છે. માર્ગનો હક નષ્ટ થાય છે.

(બ) પ્રધાનપતિ ગૌણસ્થળનો ફક્ત એક ભાગ મેળવે છે. એકતાલીસમી કલમમાં દ્રષ્ટાંત આપ્યું છે તે પ્રસંગ શિવાય સુખાધિકાર નષ્ટ થતો નથી.

(ક) ગૌણપતિ ત્રીજા શખસની સાથે રહીને પ્રધાનસ્થળ મેળવે છે. સુખાધિકાર નષ્ટ થતો નથી.

(ડ) બે જુદા જુદા પ્રધાનસ્થળના જુદા જુદા માલીકો એકઠા મળીને, જે સ્થળ તે બંને પ્રધાનસ્થળોનું ગૌણસ્થળ છે તે સ્થળ સંપાદન કરે છે. સુખાધિકાર નષ્ટ થતા નથી.

(ઈ) પ્રધાનસ્થળના સમાઈક માલીકો એકઠા મળીને ગૌણસ્થળ સંપાદન કરે છે. સુખાધિકાર નષ્ટ થાય છે.

(ફ) એકજ પ્રધાનસ્થળના હિતકર ઉપભોગને માટે બે ગૌણસ્થળ ઉપર થઇને જવાઆવવાના માર્ગનો એકજ હક છે. ગૌણસ્થળમાનું ફક્ત એક સ્થળ પ્રધાનપતિ મેળવે છે. સુખાધિકાર નષ્ટ થતો નથી.

(ગ) બના રસ્તા ઉપર થઈને જવાઆવવાના માર્ગનો અને હક છે. એ રસ્તો બ સાર્વજનિક ઉપયોગમાં આપે છે. અના માર્ગનો હક નષ્ટ થતો નથી (૪૬).

ખાડો પડયા વગર વીસ વરસ સુધી સુખાધિકાર તરીકે તેનો ઉપભોગ બીલકુલ બંધ રહે એટલે સતત સુખાધિકાર નષ્ટ થાય છે.

તેટલીજ મુદત સુધી સુખાધિકાર તરીકે તુટક સુખાધિકારનો ઉપભોગ ન કર્યો હોય, ત્યારે તે તુટક સુખાધિકાર નષ્ટ થાય છે.

સદરહુ મુદત ગણવાની તે, સતત સુખાધિકારની બાબતમાં, ગૌણપતિએ તેનો ઉપભોગ કરવામાં જે દિવસે હરકત કરી હોય તે દિવસથી, અથવા પ્રધાનપતિએ તેનો ઉપભોગ કરવાનું જે દિવસથી અશકય કર્યું હોય તે દિવસથી ગણવી; અને તુટક સુખાધિકારની બાબતમાં, પ્રધાનપતિ તરીકે કોઇ શખસે છેક છેલો જે દિવસે ઉપભોગ કર્યો હોય તે દિવસથી ગણવી.

પણ એવું ઠરાવ્યું છે કે તુટક સુખાધિકારની બાબતમાં જો પ્રધાનપતિ તે સુખાધિકાર રાખવાના પોતાના ઈરાદાનો એકરાર સદરહુ મુદતની અંદર સન ૧૯૦૮ના હિંદુસ્તાનના નોંધણીના આકટ મુજબ નોંધાવે તો તે નોંધણીની તારીખથી વીસ વર્ષની મુદત વિતે ત્યાંસુધી તે સુખાધિકાર નષ્ટ થશે નહીં.

કોઈ સુખાધિકારનો ઉપભોગ કાયદા પ્રમાણે ફકત અમુક જગાએ, અથવા અમુક વખતે, અથવા અમુક કલાકોની વચે, અથવા કોઈ ખાસ હેતુને માટે કરી શકાય એમ હોય ત્યારે, સદરહુ મુદતની દરમ્યાન બીજી જગાએ અથવા બીજે વખતે અથવા બીજા કલાકોની વચે અથવા બીજા કોઈ હેતુને માટે તેનો ઉપભોગ કરવાથી આ કલમ પ્રમાણે તે નષ્ટ થતો બંધ રહેતો નથી.

સદરહુ મુદતની દરમ્યાન ગૌણસ્થળનો કબજો કોઈની પાસે નહોતો એ વાતથી, અથવા સુખાધિકાર ભોગવી શકાય એમ નહોતું એ વાતથી, અથવા સુખાધિકારના સહાયકારી હકનો ઉપભોગ કર્યો હતો એ વાતથી, અથવા સુખાધિકારના અસ્તિત્વની માહિતી પ્રધાનપતિને નહોતી એ વાતથી, અથવા તે પ્રમાણે કરવાના પોતાના હકના અજાણપણામાં તેણે તે ભોગવ્યો હતો એ વાતથી, આ કલમ પ્રમાણે સુખાધિકાર નષ્ટ થતો બંધ રહેતો નથી.

આ કલમ પ્રમાણે નીચેને પ્રસંગે સુખાધિકાર નષ્ટ થતો નથી:—

(અ) પ્રધાનપતિ તથા ગૌણપતિની દરમ્યાનના કરારની રૂએ સુખાધિકારનો ઉપભોગ બંધ રાખ્યો હોય ત્યારે;

(બ) પ્રધાનસ્થળ સહમાલીકોના કબજામાં હોય અને સહમાલીકોમાંનો કોઈએક સદરહુ મુદતમાં તે સુખાધિકારનો ઉપભોગ કરે ત્યારે;

(ક) સુખાધિકાર આવશ્યકતાંનો સુખાધિકાર હોય ત્યારે.

એકજ સ્થળના લાભને માટે અનુક્રમે ઘણાં સ્થળો ઉપર જવાઆવવાના માર્ગનો હક હોય, અને તે માર્ગ એકબીજાને લગતા હોય તો તે હક, આ કલમનાં કારણ સારૂ એકજ સુખાધિકાર ગણવો.

દૃષ્ટાંત.

રાજ્યમાર્ગથી ક્ષ તથા જ્ઞ સ્થળ ઉપર થઈને તથા તેમની દરમ્યાનના ય સ્થળ ઉપર થઇને પોતાને ઘેર જવાઆવવાના માર્ગનો હક અને પોતાના ઘરની સાથે રહેલો છે. વીશ વરસ વીત્યા પહેલાં ક્ષ ઉપર થઇને જવાઆવવાના માર્ગના પોતાના હકનો અ વહિવટ કરે છે. ય તથા જ્ઞ ઉપર થઇને જવાઆવવાના માર્ગના તેના હક નષ્ટ થતા નથી (૪૭).

સુખાધિકાર નષ્ટ થાય એટલે તેને સહાયકારી હક હોય તો તે પણ નષ્ટ થાય છે.

દ્રષ્ટાંત.

બના કુવામાંથી પાણી કાઢવાનો **અ**ને સુખાધિકાર છે. **બ**ની જમીન ઉપર થઈને તે કુવે જવાઆવવાના માર્ગનો સહાયકારી હક **અ**ને છે. સુડતાલીસમી કલમ પ્રમાણે પાણી કાઢવાનો હક નષ્ટ થાય છે. જવા આવવાના માર્ગનો હક પણ નષ્ટ થાય છે (૪૮).

ગૌણસ્થળમાંના નિયમિત હક સંબંધને માટે તે સ્થળનો કબજો લેવાનો હક પ્રધાનપતિને થાય ત્યારે, અથવા પ્રધાનસ્થળમાંના નિયમિત હક સંબંધને માટે તે સ્થળનો કબજો લેવાનો હક ગૌણપતિને થાય ત્યારે, સુખાધિકાર મોકુફ રહે છે (૪૯).

સુખાધિકાર જારી રાખો એમ કહેવાનો ગૌણપતિને હક નથી, તથા છવીસમી કલમમાં ઠરાવ કર્યા છે તે છતાં પણ, સુખાધિકાર નષ્ટ થવાને લીધે અથવા મોકુફ રહેવાને લીધે ગૌણસ્થળને થતા નુકસાનમાંથી બચાવવાને બહુ ખરચ કર્યા વગર ગૌણપતિ શક્તિવાન થાય એવી રીતની નોટીસ પ્રધાનપતિએ ગૌણપતિને આપી હોય તો, તે નુકસાન ભરી લેવાનો ગૌણપતિને હક નથી.

સદરહુ નોટીસ ન આપી હોય તો, સદરહુ પ્રમાણે નષ્ટ થવાને લીધે અથવા મોકુફ રહેવાને લીધે ગૌણસ્થળને જે નુકસાન થાય તે ભરી લેવાનો ગૌણપતિને હક છે.

દ્રષ્ટાંત.

અ સુખાધિકારનો વહિવટ કરતાં, **બ**ના વેહેળાનું પાણી પોતાની કનાલમાં વાળે છે. ઘણાં વરસ સુધી તે વલણ જારી રહે છે, અને તે મુદતની દરમ્યાન તે વેહેળાની તળેટીનો થોડો ભાગ પુરાઇ જાય છે. પછી **અ** પોતાનો સુખાધિકાર છોડી દે છે, અને વેહેળાને પ્રથમના માર્ગમાં આણે છે. આને લીધે **બ**ની જમીન ઉપર પાણી ફરી વળે છે. એ રેલથી થયેલું નુકસાન ભરી લેવાની **અ** ઉપર **બ** ફરિયાદ કરે છે. એવું સાબિત થયું છે કે સુખાધિકાર છોડી દેવાના પોતાના ઈરાદાની **અ** એ **બ**ને એક માસ પહેલાં નોટીસ આપી હતી, **અ**ને બહુ ખરચ કર્યા વગર નુકસાન અટકાવવાને **બ** શક્તિવાન થાય એ માટે તે નોટીસ પુરતી હતી. ફરિયાદ કાઢી નાંખવી જોઇએ (૫૦).

(અ) નષ્ટ થયેલું સ્થળ વીસ વરસ વીત્યા પહેલાં, કાદવ કચરો ઝામવાથી પુર્વવત થાય ત્યારે, (બ) નષ્ટ થયેલું સ્થળ ગૌણ ઈમારત હોય અને વીસ વરસ વીત્યા પહેલાં, તેજ જમીન ઉપર તે ઈમારત ફરી બાંધવામાં આવે ત્યારે, અને (ક) નષ્ટ થયેલું સ્થળ

પ્રધાનઈમારત હોય અને વીસ વરસ વીત્યા પહેલાં, ગૌણસ્થળ ઉપર વધારે બોજો ન પડે એવીરીતે, તેજ જગાએ તે ઈમારત ફરી બાંધવામાં આવે ત્યારે,—પીસતાલીસમી કલમ પ્રમાણે નષ્ટ થયેલો સુખાધિકાર સજીવન થાય છે.

છેતાલીસમી કલમ પ્રમાણે નષ્ટ થયેલા સુખાધિકાર, જે દેણગીથી અથવા મૃતલેખદાનથી એકત્ર માલીકી થઈ હોય તે યોગ્ય અધિકારવાળી કોર્ટના હુકમનામાથી રદ્દ થાય એટલે સજીવન થાય છે, તેજ કલમ પ્રમાણે નષ્ટ થયેલો આવશ્યકતાનો સુખાધિકાર બીજા કોઈ કારણને લીધે એકત્ર માલીકી બંધ થાય એટલે સજીવન થાય છે.

મોકુફ રહેલો સુખાધિકાર સુડતાલીસમી કલમ પ્રમાણે તે અધિકાર નષ્ટ થયા પહેલાં મોકુફ રહેવાનું કારણ દુર થાય તો સજીવન થાય છે.

દ્રષ્ટાંત.

બ ના **જ્ઞ** ખેતરમાં થઈને પોતાના **ય** ખેતરમાં જવા આવવાના માર્ગનો હક **અ**ને તે ખેતરના પુર્ણ માલીક તરીકે છે. **બ**ની પાસેથી વીસ વરસને માટે **જ્ઞ** ખેતરનો **અ** પટો મેળવે છે. **અ** જ્યાંસુધી **જ્ઞ**નો પટે રાખનાર રહે ત્યાંસુધી સુખાધિકાર મોકુફ રહે છે, પણ **અ** તે પટો **ક**ને આપે અથવા **બ**ને પાછો સોંપી દે એટલે માર્ગનો હક સજીવન થાય છે (૫૧).

"પરવાના" એટલે શું ? કોઈ શખસ પોતાની સ્થાવર મિલકતમાં અથવા સ્થાવર મિલકત ઉપર કંઈ કૃત્ય કરવાનો અથવા ચાલુ રાખવાનો હક બીજા કોઈને અથવા બીજા શખસો પૈકી મુકરર સંખ્યાને આપે,—અને તે હક ન હોય તો તે કૃત્ય ગેરકાયદેસર થાય એમ હોય, તથા તે હક સુખાધિકાર ન થતો હોય કે મિલકતમાંનો કંઈ હક સંબંધ ન થતો હોય,—ત્યારે તે હક પરવાનો કહેવાય છે (૫૨).

" પરવાનો કોણ આપી શકે "—પરવાનો જે મિલકતને લાગુ હોય તે મિલકતમાંનો પોતાનો હકસંબંધ કોઈપણ શખસ જે પ્રસંગે અને જેટલો બીજાને આપી શકે, તે પ્રસંગે અને તેટલે સુધીનો પરવાનો આપવાને તે મુખત્યાર છે (૫૩).

પરવાનો આપવાનો તે સ્પષ્ટ શબ્દોથી અથવા આપનારની વર્તણુક ઉપરથી જણાઈ આવે એમ ગર્ભીતરીતે આપી શકાય, તથા સુખાધિકાર ઉત્પન્ન કરવાની મતલબનો જે કરાર, તે કારણ સારૂ અનુપયોગી હોય, તે પરવાનો ઉત્પન્ન કરવાના ઉપયોગમાં આવી શકે (૫૪).

" સહાયકારી પરવાના "—કોઈપણ હક સંબંધનો ઉપભોગ કરવા માટે, અથવા કોઇ હકનો વહિવટ કરવા માટે જે જે પરવાનાની આવશ્યકતા હોય તે બધા તે હક સંબંધમાં અથવા હકમાં ગર્ભીતરીતે આવી જાય છે. આવા પરવાના સહાયકારી પરવાના કહેવાય છે.

દૃષ્ટાંત.

અ પોતાની જમીન ઉપર ઉગતાં ઝાડ બ ને વેચે છે. તે જમીન ઉપર થઈને ઝાડ ઉપાડી લાવવાને બ હકદાર છે (૫૫).

“ પરવાનો કયારે બીજાને આપી શકાય ”—ભિન્ન ઈરાદો દર્શાવ્યો ન હોય અથવા તે ગર્ભીતરીતે અવશ્ય જણાતો ન હોય તો સાર્વજનિક ગમતની જગાએ હાજર રહેવાનો પરવાનો પરવાનાદાર બીજાને આપવાને મુખત્યાર છે, પરંતુ સદહુ પ્રસંગ શિવાય પરવાનાદારથી પરવાનો બીજાને આપી શકાય નહીં, અથવા તેના નોકરોથી કે તેના આડતીયાથી તે પરવાનાનો ઉપયોગ કરી શકાય નહીં.

દૃષ્ટાંત.

(અ) બ ની મરજીમાં આવે ત્યારે અ ના ખેતરમાં થઇને ચાલવાનો હક બ ને અ આપે છે. બ ની કોઇ સ્થાવર મિલકતની સાથે તે હક જોડાએલો નથી. તે હક બ થી બીજાને આપી શકાય નહીં.

(બ) સરકારી જમીન ઊપર થોડી મુદતને માટે દાણાનાં છાપરાં બાંધીને તે વાપરવાનો પરવાનો સરકાર બ ને આપે છે. વિરૂધ્ધ ઠરાવ સ્પષ્ટરીતે ન કર્યો હોય તો બ ના નોકર છાપરાં બાંધવા સારૂ તે જમીન ઉપર જઈ શકે, છાપરાં બાંધી શકે, તેમાં દાણા ભરી શકે, અને તેમાંથી દાણા કાઢી શકે (૫૬).

પરવાનો જે મિલકતને લાગુ હોય તે મિલકતમાં પરવાનાદારની જાતને અથવા મિલકતને જોખમભરેલી થઈ પડે એવી કંઈ ખોડખાંપણ હોય અને તેની પરવાનો આપનારને માહિતી હોય, તથા પરવાનાદારને માહિતી ન હોય, ત્યારે તેવી ખોડખાંપણ પરવાનાદારને જણાવવાને પરવાનો આપનાર બંધાયેલો છે (૫૭).

પરવાનો જે મિલકતને લાગુ હોય તે મિલકત પરવાનાદારની જાતને અથવા મિલકતને જોખમભરેલી થઇ પડે એવું કંઈ કૃત્ય ન કરવાને પરવાનો આપનાર બંધાયેલો છે (૫૮).

પરવાનો જે મિલકતને લાગુ હોય તે મિલકત પરવાનો આપનારો બીજાને આપી દે ત્યારે તે લેનારો શખસ તે મિલકત લેનાર તરીકે તે પરવાનાથી બંધાતો નથી (૫૯).

પરવાનો આપનાર પરવાનો રદ કરવાને મુખત્યાર છે, પરંતુ નીચેને પ્રસંગે તે પરવાનો રદ કરી શકતો નથી:—

(અ) પરવાનાની સાથે મિલકત આપી હોય, અને તે મિલકત આપ્યાની વાત અમલમાં હોય તો;

(બ) પરવાનાની રૂએ પરવાનાદારે કાયમનું કંઈ કામ કર્યું હોય અને તે કરવામાં ખરચ કર્યું હોય તો (૯૦).

સ્પષ્ટ રીતે અથવા ગર્ભીતરીતે પરવાનો રદ થઈ શકે છે.

દ્રષ્ટાંત.

(અ) એક ખેતરનો માલીક અ પોતાના ખેતરમાં થઈને જતી વાટ વાપરવાનો પરવાનો બ ને આપે છે. પરવાનો રદ કરવાના ઈરાદાથી રસ્તા ઉપરને દરવાજે તે તાળું મારે છે. પરવાનો રદ થાય છે.

(બ) એક ખેતરનો માલીક અ તે ખેતરમાં ઘાસની ગંજી કરવાનો બ ને પરવાનો આપે છે. અ તે ખેતર ક ને ગણોતે અથવા વેચાણ આપે છે. પરવાનો રદ થાય છે (૯૧).

નીચેને પ્રસંગે પરવાનો રદ થયેલો ગણાય છે:–

(અ) પરવાનો જે મિલકતને લાગુ હોય તે મિલકતમાંનો પરવાનો આપનારનો કંઈ હક સંબંધ પરવાનો આપ્યા પહેલાંના કોઈ કારણને લીધે બંધ થાય ત્યારે;

(બ) પરવાનાદાર સ્પષ્ટરીતે અથવા ગર્ભીતરીતે, પરવાનો આપનારને અથવા તેના વારસ વકીલને પરવાનાથી મુકત કરે ત્યારે;

(ક) કોઈ નિયમિત મુદતને માટે પરવાનો આપ્યો હોય અથવા કોઈ નિર્દીષ્ટ કરેલું કૃત્ય બને કે ન બને એટલે તે પરવાનો નિરર્થક થાય એવી શરતથી તે મેળવ્યો હોય, અને તે મુદત વીતે અથવા શરત પાર પડે ત્યારે;

(ડ) પરવાનો જે મિલકતને લાગુ હોય તે નાશ થાય, અથવા વરિષ્ટ સત્તાથી તેમાં એવો કાયમનો ફેરફાર થાય કે જેથી પરવાનાદાર પોતાનો હક વધારેવાર વાપરી શકે નહીં ત્યારે;

(ઇ) પરવાનો જે મિલકતને લાગુ હોય તે મિલકતની પુર્ણ માલીકીનો હક પરવાનાદારને મળે ત્યારે;

(ફ) કોઇ નિર્દીષ્ટ કરેલા હેતુને માટે પરવાનો આપ્યો હોય, અને તે હેતુ પાર પડે, અથવા છોડી દેવામાં આવે અથવા અશક્ય થાય ત્યારે;

(ગ) કોઈ ખાસ હોદ્દો, નિમણુક કે સ્વરૂપ ધરાવનાર તરીકે પરવાનાદારને પરવાનો આપ્યો હોય અને તે હોદ્દો, નિમણુક કે સ્વરૂપનું અસ્તિત્વ બંધ થાય ત્યારે;

(હ) પરવાનાનો વહિવટ પરવાના તરીકે ખાડો પડયા વગર વીસ વરસની મુદત સુધી બીલકુલ બંધ થાય, તથા પરવાનો આપનાર અને પરવાના-દારની દરમ્યાનના કરારની રૂએ તે બંધ થયો ન હોય ત્યારે;

(આઇ) સહાયકારી પરવાનાની બાબતમાં, જે હક સંબંધ અથવા હકની મદદને માટે તે હોય તે હક સંબંધ અથવા હકનું અસ્તિત્વ બંધ થાય ત્યારે (૬૨).

પરવાનો રદ કરવામાં આવે ત્યારે, પરવાનો જે મિલકતને લાગુ હોય તે મિલકત છોડી દેવાની તથા તે મિલકત ઉપર જે માલ મુકવાની તેને રજા મળી હોય તે લેઈ લેવાની વાજબી મુદત મળવાનો પરવાનાદારને હક છે (૬૩).

કંઈ મોબદલાને માટે પરવાનો આપવામાં આવ્યો હોય, અને જે હકને માટે પરવાનાદારે કરાર કર્યો હોય તે હકનો પરવાનાની રૂએ પુરેપુરો વહિવટ કર્યા પેહેલાં પરવાનાદારની પોતાની કંઈ કસુર વગર પરવાનો આપનાર તેને કાઢી મુકે, તો પરવાનો આપનારની પાસેથી નુકસાની ભરી લેવાનો તેને હક છે (૬૪).

કંપની બાબત.

(સન ૧૮૮૨નો આકટ ૬ઠો—ઈંડીઆ).

"હેતુ"—વેપાર કરનારી કંપનીઓ અને બીજી મંડળીઓ કેવી રીતે સ્થાપન કરવી તે બતાવવાનો તથા તે વિશે નિયમો ઠરાવવાનો આ કાયદાનો હેતુ છે.

સરાફીનું કામ ચલાવવા સારૂ દસ કરતાં વધારે માણસની કંપની, મંડળી કે પંત્યાળુ કરવું હોય તો, આ આકટ પ્રમાણે નોંધાવ્યા વગર કરવું નહીં. મેંબરોને નફો મળે એવું બીજું કોઈ કામ ચલાવવા સારૂ વીસ કરતાં વધારે માણસોની કંપની, મંડળી અથવા પંત્યાળું કરવું હોય તો તેપણ, આ આકટ મુજબ નોંધાવ્યા વગર કરવું નહીં (૪).

આ આકટ મુજબ ચાર જાતની કંપની થઈ શકે છે.

૧. શેરોથી નિયમિત કરેલી કંપની (૮).

૨. જામીનગીરીથી નિયમિત કરેલી કંપની.

અ. જેના ભંડોળના શેર નહીં કરેલા હોય તેવી

બ. જેના ભંડોળના શેર કરેલા હોય તેવી (૯).

૩. અનિયમિત જોખમવાળી કંપની (૧૦).
૪. નફા સારૂં ન હોય એવી મંડળી (૨૬).

ટીકા—"શેર" એટલે ભાગ; નિયમિત (Limited) એટલે હદવાળી, જોખમની હદ ઠરાવેલી હોય એવી કંપની.

૨. દરેક મેમ્બરના શેરના ફાળા જેટલા રૂપીઆ આપ્યા ન હોય તેટલા રૂપીઆ સુધી, અથવા કંપનીનું કામકાજ આટોપીને બંધ કરીશું તો કંપનીના અવેજમાં આટલા રૂપીઆ આપીશું એ મુજબ દરેક મેમ્બરે કબુલ કર્યું હોય, તેટલા રૂપીઆ સુધી આપવાની નક્કી કરેલી હદ.

"અનિયમિત" (Unlimited) એટલે હદ વગરનું, જે કંપનીના મેમ્બરોને માથેના જોખમની હદ ઠરાવેલી ન હોય એવી કંપની.

કંપની ઉભી કરવાની રીતમાં જરૂરની બાબતોઃ—

(૧) સાત કે તે કરતાં વધારે માણસોએ કાયદાસર કારણ સારૂ એક વિચારના થવું જોઈએ (૬).
(૨) તે માણસોએ મેંમોરેન્ડમ ઓફ એસોશીએશન ઉપર નિદાન એક સાહેદની રૂબરૂ સહી કરવી જોઈએ (૧૧).
(૩) તે મેંમોરેન્ડમ ઉપર નિદાન એક સાહેદે સાખ કરવી જોઈએ (૧૧).
(૪) તે મેંમોરેન્ડમ જોઈન્ટ સ્ટોક કંપનીના રજીસ્ટ્રાર, મુંબઈની ઓફીસમાં નોંધાવવો જોઈએ (૪૦).
(૫) તે મેમોરેન્ડમ ઓફ એસોશીએશન સાથે, આર્ટિકલ્સ ઓફ એસોશીએશન આપવા જોઈએ. પરંતુ નંબર ૧ના પ્રકારની કંપની કરવી હોય તો, આર્ટિકલ્સ આપવા મરજી ઉપર છે (૩૭).

ટીકા—૧. "મેંમોરેન્ડમ ઓફ એસોશીએશન" એટલે મંડળીની યાદી.
૨. "આર્ટીકલ્સ ઓફ એસોશીએશન" એટલે મંડળીની કાનુનો.

"નોંધવાનું ફળ"—કંપની સ્થાપિત થઈ છે એવો દાખલો રજીસ્ટ્રાર કંપનીને આપશે. પછી મેમોરેન્ડમ ઓફ એસોશીએશન ઉપર સહી કરનારા માણસો, અને જે બીજા માણસો વખતે વખતે કંપનીના મેંબરો થશે તે સઘળા જણા મળીને એક સંસ્થાપિત મંડળી થશે, તે મંડળીને સઘળા કામો કરવાના તુરત અધિકાર પ્રાપ્ત થશે, તે મેંબરોની જગા કદી ખાલી રહેશે નહીં, અને બધા જણા વચ્ચે તેઓને મઝીઆરો સિક્કો વાપરવાનો હક મળશે. મેમોરેન્ડમ પ્રમાણે ચાલવાને, દરેક મેંબર પોતે, પોતાના વારસો, મૃત્યુપત્ર ચલાવનારાઓ અને વહીવટ કરનારાઓ, કરાર કર્યો હોય તેવી રીતે બંધાય છે (૧૧–૪૧).

" નફો સારૂં ન હોય એવી મંડળીઓ ઉત્પન્ન કરવાની રીત "—(૧) એવી મંડળીમાં સાત અથવા તે કરતાં વધારે સખસો એકઠાં થયલાં હોવા જોઈએ, (૨) વેપાર, હુન્નર, વિદ્યા, દાન ધર્મ, અથવા બીજા હરકોઈ ઉપયોગી કામની વૃધ્ધી કરવા માટે મંડળી રચેલી જોઈએ, (૩) તે મંડળીનો ઈરાદો, નફો અથવા બીજી ઉપજ તેના કામની વૃધ્ધી કરવામાં વાપરવાનો, અને મેંબરોને કાંઈપણ હિસ્સો નહીં આપવાનો હોવો જોઈએ. આટલી બાબતો એવી કોઈ મંડળી, સ્થાનિક સરકારને સાબિત કરી આપે, તો સરકાર એક પરવાનો આપી સદરહુ મંડળીને "નિયમીત" શબ્દ ઉમેર્યા વગર, નિયમીત જોખમવાળી ગણી, રજીષ્ટર કરવાનો હુકમ કરે, અને તે પ્રમાણે રજીષ્ટર થાય એટલે એવી મંડળી ઉત્પન્ન થઈ એમ કહેવાય (૨૬).

ટીકા—૧ રજીષ્ટર કરાવવાનું ફળ એટલું કે તે મંડળી, સઘળા હકો ભોગવશે, તથા નિયમીત કંપનીને માથે નાંખેલી ફરજો તેને લાગુ પડશે.

૨ "નિયમીત" શબ્દ વાપરવાનું, પોતાનું નામ પ્રસિધ્ધ કરવાનું, પોતાના મેમ્બરોની, ડાઇરેકટરોની, અથવા મેનેજરોની યાદી પ્રસિધ્ધ કરવાની અથવા એવી યાદી રજીસ્ટરને મોકલવાની ફરજમાંથી આવી મંડળીને બાતલ કરી છે.

૩ અમુક સરતો તથા અમુક કાનુનો પ્રમાણે ચાલવાને સદરહુ મંડળી તૈયાર હોય તોજ સરકાર પરવાનો આપે છે. આ સરતો અથવા કાનુનો મેંમોરેન્ડમ ઓફ એસોશીએશનમાં અથવા આર્ટીકલ્સ ઓફ એસોશીએશનમાં દાખલ કરવાનો સરકાર હુકમ ફરમાવે તો તેમ કરવું પડશે.

કોર્ટની મંજુરીથી, શેરોથી નિયમીત કરેલી કોઈપણ કંપનીને, ભંડોળ ઓછો કરવાનો અધિકાર છે (૧૩).

કંપનીનો કોઈપણ ડાઇરેકટર, મેનેજર અથવા અમલદાર કંપનીના લેણદારનું નામ છુપાવે તો તેને ઘણામાં ઘણી એક વરસની મુદત સુધી ની કેદની અથવા દંડની અથવા એ બેહુ સજા થશે (૨૨).

" શેરોના "—ન્હાની રકમના શેરો (બચ્ચાં) કરવાને કંપનીને અધિકાર છે (૨૪)

કંપનીને કેટલાક શેર પુરેપુરા ભરાવવાનો તથા કેટલાક એ પ્રમાણે નહીં ભરાવવાનો અધિકાર છે (૨૭). બીજી રીતનો કરાર ન હોય તો શેરની રકમ રોકડ ભરવાની શરતે શેર કહાડવાના છે (૨૮).

બીજાને નામે ચહડાવનારની અરજી ઉપરથી જે શેર અથવા હિત સંબંધ જે માણસને નામે ચહડાવ્યો હોય તે માણસનું નામ મેમ્બરના રજીષ્ટરમાં દાખલ કરવું જોઇએ (૨૯).

શેર વારંટ—જે શેર પુરેપુરા ભર્યા હોય તેના સંબંધમાં, અથવા સ્ટોકના સંબંધમાં કંપનીના સિક્કાવાળું વારંટ (શેર વારંટ) કહાડી તેમાં કહેલા શેરો ઉપર અથવા સ્ટોક ઉપર તે વારંટ લાવનારનો હક છે એવું જણાવવાને કંપની મુખત્યાર છે. શેર વારંટ ઉપર યોગ્ય સ્ટાંપ ચોહોડયો ન હશે તો કંપની, ડાઇરેકટર કે સેકરેટરી રૂાં૦ ૫૦૦) ગુન્હેગારી આપવાને પાત્ર થશે (૩૦–૩૫).

સ્થાનિક સરકારની લખેલી મંજુરી લઈને, કંપનીને પોતાનું નામ બદલવાનો અધિકાર છે (૩૬).

કોઈ મેમ્બર માગે તો મેમોરેન્ડમ ઓફ એસોશીએશન તથા આર્ટિકલ્સ ઓફ એસોશીએશનની નકલ એક રૂપીઓ લઈ આપવી જોઇએ. ન આપે તો, કંપની વીસ રૂપીઆ દંડને પાત્ર થશે (૪૨).

એક સરખાં નામની કંપની નોંધાશે નહીં (૪૩).

"મેમ્બર"ની વ્યાખ્યા. (૧) મેમોરેન્ડમ ઓફ એસોશીએશન ઉપર સહી કરનારાઓ, (૨) કંપનીના મેમ્બર થવાને જે બીજું માણુસ કબુલ થયું હોય, તે કંપનીના મેમ્બરો કેહેવાય છે. બધા મેમ્બરોના નામ કંપનીના રજીસ્ટરમાં દાખલ થવાજ જોઇએ (૪૫).

મેમ્બરના શેર અને બીજો હિત સંબંધ, જંગમ માલમિલકત સમજવી (૪૪).

મરનાર મેમ્બરનો શેર, તેનો વારસ વકીલ, બીજાના નામ ઉપર ચઢાવવાને મુખત્યાર છે (૪૬).

કંપનીએ મેમ્બરોનું રજીસ્ટર રાખવું; અને તેમાં નીચે લખેલી વિગત લખવી જોઈએ:—

(અ) મેમ્બરોના નામો, ઠામઠેકાણું, ધંધા; દરેક મેમ્બરના કેટલા શેર, શેરના નંબર, શેરની જે રકમ ભરાઈ હોય તેની વિગત.

(બ) મેમ્બર પ્રમાણે કોઈ માણુસનું નામ જે તારીખે દાખલ કર્યું હોય તે તારીખ.

(ક) જે તારીખથી કોઈ માણુસનું મેમ્બરપણું બંધ પડયું હોય તે તારીખ આ કલમ વિરૂધ્ધ ચાલનાર કંપનીને રોજના રૂા૦ ૫૦ સુધી દંડ થશે (૪૭).

સઘળા ભાગીઆઓની સાધારણ સભા જે તારીખે ભરાઈ હોય તે તારીખથી ચઉદમે દહાડે, જે માણુસો કંપનીના મેમ્બર હોય તે સઘળાની યાદી વરસો-વરસ નિદાન એક વખત કરવી જોઈએ. તે યાદીમાં મેમ્બરોના નામ, ઠેકાણા ધંધો, કેટલા શેર, અને નીચે મુજબની મુખતેસર હકીકત લખવી. (૧) ભંડોળના રૂપીઆ અને ભંડોળના કેટલા શેર; (૨) કેટલા શેર લીધા; (૩) દરેક શેર ઉપર કરેલા

કોલની રકમ; (૪) કોલના કુલ એકંદર કેટલા રૂપીઆ પોહોંચ્યા તે; (૫) કોલના કુલ એકંદર રૂપીઆ ભરાયા ન હોય તે; (૬) જે શેરો ઉપરનો હક ડુબી ગયો હોય તે શેરના કુલ એકંદર રૂપીઆની રકમ; અને (૭) પાછલી યાદી કરી ત્યાર પછી જે માણસોનું મેમ્બરપણું બંધ પડયું હોય તે માણસોના નામો, ઠામઠેકાણાં, ધંધા અને તેમાંના દરેક જણના કેટલા કેટલા શેર હતા તેની સંખ્યા.

ઉપર કહેલી યાદી અને મુખતેસર હકીકત રજીસ્ટરના એક ઇલાયદા ભાગમાં લખવી, અને તે ઉપર કહેલા ચઉદમાં દહાડા પછી સાત દહાડામાં તૈયાર કરવી, અને એક નકલ તાબડતોબ જોઈન્ટ સ્ટોક કંપનીના રજીસ્ટારને મોકલવી. આ પ્રમાણે કરવામાં જે કંપની ચુકશે તે દરરોજના રૂ૦ ૫૦ સુધી દંડને પાત્ર થશે (૪૮–૫૦).

ભંડોળ એકઠો કરી નાખવા બાબત અથવા બદલીને સ્ટોક કરવા બાબત કંપનીએ રજીસ્ટ્રારને નોટીસ આપવી (૫૧).

જે શેરો અથવા સ્ટોકના સરટીફીકટ ઉપર કંપનીનો મઝીઆરો સિક્કો હોય તે શેરો તથા સ્ટોક બાબત પ્રથમદર્શની પુરાવો છે (૫૪).

મેમ્બરોનું રજીસ્ટર કંપનીની નોંધેલી કચેરીમાં રાખવું. આ રજીસ્ટર મેમ્બરને મફ્ત જોવા દેવું. બીજા કોઇ માણસ જોવા માગે તો રૂપીઓ એક ફી લેવી. રજીસ્ટરની, મેમ્બરની યાદીની, મુખતેસર હકીકતની યાદીની નકલ, નકલ ફી સો શબ્દે બે આના લેખે લઈ હરકોઈ માગે તેને આપવી જોઇએ. આપવાની ના કહેશે તો કંપની રૂ૦ ૫૦) સુધી દંડને પાત્ર થશે અને જેટલા દીવસ ના કહેશે તેટલા દીવસ સુધી રોજના બીજા રૂ૦ ૨૦) દંડને પાત્ર થશે (૫૫).

મેમ્બરોનું રજીસ્ટર વરસમાં બધુ મળીને ઘણામાં ઘણા ત્રીસ દીવસ સુધી બંધ કરી મુકવાનો કંપનીને અધિકાર છે (૫૬).

ભંડોળ તથા મેમ્બરો વધારવાની નોટીસ રજીસ્ટ્રારને આપવી જોઈએ. નોટીસ નહીં આપે તો કંપની દરરોજના રૂ૦ ૧૦૦) સુધી દંડને પાત્ર થશે (૫૭).

રજીસ્ટરમાં કોઈ મજકુર અયોગ્ય રીતે દાખલ કર્યો હોય અથવા દાખલ કરવાનો રહી ગયો હોય તો, કોર્ટને અરજી કરવાનો અધિકાર, નુકશાન પામેલા માણસને અને કોઈપણ મેમ્બરને અથવા કંપનીને છે (૫૮).

રજીસ્ટર દુરસ્ત કરવાનો હુકમ થયો હોય ત્યારે તે દુરસ્ત કર્યાની યોગ્ય નોટીસ રજીસ્ટ્રારને આપવી (૫૯).

જે હકીકતો રજીસ્ટરમાં દાખલ હોય તે હકીકતોનો તે રજીસ્ટર પ્રથમ દર્શની પુરાવો છે (૯૦). કંપનીના હમણાના અને અગાઊના મેંબરો, કંપની અટોપાઇને બંધ થાય ત્યારે, કંપનીને માથેનું કરજ વીગેરે આપવામાં જેટલા નાણાંનો ખપ પડે તેટલા આપવાને, કેટલીક શરતોને અનુસરીને આપવાને પાત્ર થાય છે (૯૧).

કંપનીની એક નોંધેલી કચેરી જોઇએ, તે કચેરીને નામે સઘળા પત્રો તથા નોટીસો મોકલવાનો અધિકાર છે. જે કોઈ કંપની નોંધેલી કચેરી વગર કામ ચલાવશે તેને, રોજના રૂ૦ ૫૦) સુધી દંડ થશે (૯૩). નોંધેલી કચેરીના ઠેકાણામાં કંઈ ફેરફાર થાય તો રજીસ્ટ્રારને નોટીસ આપવી જોઇએ (૯૪). નિયમિત જોખમવાળી કંપનીએ, પોતાની કચેરી બાહાર પ્રસિધ્ધ જગાએ, પોતાનું નામ અંગ્રેજી ભાષામાં રંગવતે કહાડવું અને મુંબઈ શેહેર બહાર દેશી ભાષામાં પણ પોતાનું નામ રંગવતે કહાડવું અથવા લખવું. પોતાનું નામ વંચાય એવા અક્ષરે પોતાના સિક્કા ઉપર કોરાવવું. વલી સઘલી નોટીસોમાં, જાહેર ખબરોમાં, કાગળ પત્રોમાં પોહોંચોમાં તથા ભલામણના કાગળોમાં પોતાનું નામ લખાવવું જોઇએ. આ કલમ વિરૂધ ચાલનાર કંપની, ડાઈરેકટર, મેનેજર અથવા અમલદાર દંડની સજાને પાત્ર થાય છે (૯૫–૯૬).

કંપનીને લેખી કે મોહોડાના કરાર કરવાનો અધિકાર છે. કંપનીને તથા તેના જાયનિશીનોને તે કરાર પ્રમાણે ચાલવું પડશે. (૯૭).

પોતાની મિલકત સંબંધી કંઈ ગીરો અથવા દેવું હોય તેનું એક રજીસ્ટર રાખવું. તેમાં ગીરો મુકેલી મિલકતનું ટુકામાં વર્ણન લખવું. તથા નાણા આપનારોના નામો લખવાં. ઉપર મુજબ મજકુર રજીસ્ટરમાં લખ્યા વગર કંપની કાંઇ માલ મિલકત ઘરેણે મુકે અથવા તે ઉપર દેવું કરે તો, ડાઇરેકટર, મેનેજર, અથવા અમલદાર રૂ૦ ૫૦૦) સુધી દંડને પાત્ર થશે (૯૮).

ગીરોનું રજીસ્ટર હરકોઈ લેણદારને અથવા મેંબરને જોવા દેવું. જોવા દેવાની ના કહેશે તો, ડાઇરેકટર, મેનેજર કે અમલદાર રૂ૦ ૫૦) સુધી દંડને પાત્ર થશે (૯૮).

નિયમિત જોખમવાલી દરેક બૅન્કીંગ કંપની, દરેક ઈન્સ્યુરન્સ કંપની, અનામત રાખનારી, પ્રોવિડેન્ટ, અથવા બેનીફીટ સોસાયટીએ દર વરસ ફેબ્રુઆરી મહીનાને પેહેલે સોમવારે અને ઓગસ્ટ મહીનાને પેહેલે સોમવારે, કાયદામાં ફરમાવેલા નમુના મુજબ પત્રક તૈયાર કરી, તેની નકલો કરી, નોંધેલી કચેરીમાં બ્રાંચ ઓફિસોમાં પ્રસિધ્ધ ભાગ ઉપર ચોટાડવું. આ મુજબ કંપની નહીં ચાલશે તો રોજના રૂ ૫૦) સુધી દંડને પાત્ર થશે (૯૯).

ભંડોળના શેર કરેલા નહીં હોય એવી કંપનીએ, ડાઈરેકટરોનાં તથા મેનેજરોનાં નામો તથા ઠામ ઠેકાણાનું એક રજીસ્ટર રાખવું. અને તેની નકલ રજીસ્ટ્રારને મોકલવી—ફેરફાર થાય તે વખતો વખત, રજીસ્ટ્રારને જણાવવો (૭૦). આ ઠરાવ વિરૂધ્ધ ચાલનાર કંપની, ડાઈરેકટર અથવા મેનેજર, રોજના રૂ ૧૦૦) સુધી દંડને પાત્ર થશે (૭૧).

જ્યારે કંપનીના મેંબરોની સંખ્યા સાત કરતાં ઓછી થઈ જાય ત્યારે કંપનીનું કામ ચલાવવાનું બંધ રાખવું જોઇએ. તેમ છતાં જે મેંબરો કામ ચલાવશે તેઓ કંપનીનું કરજ આપવાને પાત્ર થશે (૭૩).

કેટલેક પ્રસંગે કંપનીને ભંડોળમાંથી વ્યાજ આપવાનો અધિકાર આપવામાં આવ્યો છે—(૭૩. अ) તેમજ પાછા વેચાતાં લીધેલાં ડીબેન્ચરો કેટલેક પ્રસંગે પાછા કાઢવાનો અધિકાર કંપનીને છે (૭૩. ब)

કંપનીની જનરલ મીટીંગ વરસો વરસ નિદાન એકવાર તો ભરવીજ જોઈએ કંપની રજીસ્ટર થયા પછી બાર મહીનાની અંદર સર્વાયું તૈયાર કરી રજીસ્ટ્રારને ત્યાં ફાઈલ કરવું. વરસો વરસ નિદાન એકવાર કંપનીના હિશાબ એક અથવા વધારે ઓડીટરોએ તપાસી, છેલ્લું સરવાયું બરાબર છે કે નહીં, અને તે કાયદા પ્રમાણે છે કે નહીં તે નક્કી કરી તે બાબત દાખલો આપવો. આ ઠરાવ વિરૂધ્ધ ચાલનાર, ડાઈરેકટર અથવા મેનેજર રૂ૦ ૧૦૦૦) સુધી દંડને પાત્ર થશે (૭૪).

કંપનીએ રજીસ્ટર થયા પછી છ મહીનાની અંદર જનરલ મીટીંગ ભરવી જોઇએ. ન ભરે તો રોજના રૂ૦ ૫૦ સુધી દંડને પાત્ર થશે (૭૫).

વિશેષ ઠરાવ કરીને આર્ટિકલ્સ ઓફ એસોશીએશનમાંની સઘલી અથવા કોઈ કાનુનો ફેરવવાનો અથવા નવી કાનુનો કરવાનો અધિકાર કંપનીને છે (૭૬).

" વિશેષ ઠરાવ એટલે શુ ? "—(૧) જે મેમ્બરો હાજર હોય તેઓના ¾ ત્રણ ચતુર્થાંઉંસ કરતાં ઓછા નહીં એવા બહુ મત પ્રમાણે જે ઠરાવ થયો હોય, (૨) તે ઠરાવ તે મીટીંગમાં કરવાનો ઈરાદો છે એવી યોગ્ય નોટીસ આપી હોય, (૩) આવતી જનરલ મીટીંગમાં હાજર હોય તેઓના બહુ મત પ્રમાણે તે ઠરાવ મંજુર કર્યો હોય, (૪) તે બીજી મીટીંગ બાબત યોગ્ય નોટીસ આપી હોય, અને (૫) તે બીજી મીટીંગ, પેહેલી મીટીંગની તારીખથી ચઉદ દીવસ કરતાં ઓછી નહીં અને એક મહીના કરતાં વધારે નહીં એ મુદત દરમીઆન તે બીજી મીટીંગ ભરાઈ હોય,—આ પાંચ બાબતો જે ઠરાવની બાબતમાં બરાબર પળાઈ હોય તે ઠરાવને " વિશેષ ઠરાવ " કેહેવામાં આવે છે (૭૭).

મત આપવા બાબત કાનુન ન હોય ત્યારે દરેક મેમ્બરે એક એક મત આપવો. જનરલ મીટીંગ બોલાવતાં પેહેલા દરેક મેમ્બરને સાત દિવસની નોટીસ લખીને આપવી જોઇએ. મીટીંગ કોણે બોલાવવી એ બાબત કાનુન ન હોય ત્યારે પાંચ મેમ્બરોને મીટીંગ બોલાવવાનો અધિકાર છે (૭૮). વિશેષ ઠરાવની નકલ છપાવીને પંદર દીવસની અંદર રજીસ્ટ્રાર ઉપર મોકલવી જોઇએ. નહીં મોકલે તો કંપની રોજના રૂ૦ ૨૦ સુધી દંડને પાત્ર થશે (૭૯). વિશેષ ઠરાવની છાપેલી નકલો કોઈ મેમ્બર માગે તો એક રૂપીઓ ફી લઈ આપવી. ન આપે તો રૂ૦ ૨૦ સુધી દંડને તે કંપની પાત્ર થશે.

કંપનીના કામકાજ તપાસવા ઈન્સ્પેકટરો નીમવાનો સ્થાનિક સરકારને અધિકાર છે. ઈન્સ્પેકટરને કંપનીએ બુકો, દસ્તાવેજો, તપાસવા હાજર કરવા જોઇએ. તેમ ન કરે તો, અમલદાર અથવા એજન્ટ રૂ૦ ૧૦૦ સુધી દંડને પાત્ર થશે (૮૪). ઈન્સ્પેકટરે, ચોકશીનું કામ પુરૂ કર્યા પછી પોતાના અભિપ્રાયનો સરકારને રીપોર્ટ કરવો (૮૫).

વિશેષ ઠરાવ કરીને, પોતાના કામકાજની ચોકશી કરવા સારૂ, ઈન્સ્પેકટર નિમવાનો અધિકાર કંપનીને છે. ઈન્સ્પેકટરને કંપનીની બુકો, દસ્તાવેજો તપાસવા સારૂ, એજન્ટે હાજર કરવા જોઇએ. ન કરે તો કલમ ૮૪ મુજબ શીક્ષાને પાત્ર થશે (૮૬). ચોકશી પુરી કર્યા પછી ઈન્સ્પેકટર રીપોર્ટ કરે તે રીપોર્ટને પુરાવો સમજવો (૮૭). (કર્તવ્યાર્થ પ્રસિધ્ધિપત્ર) એટલે પ્રૅાસપેકટસમાં કરારની તારીખ તથા તેના પક્ષકારોના નામ લખવાં જોઈએ. તેમ ન કરવામાં આવે તો પ્રોસપેકટસ દગલબાજીથી કહાડયું છે એમ સમજવું (૮૮).

"નોટીસ કેવી રીતે પોહોંચાડવી"—સમન, નોટીસ, હુકમ અથવા દસ્તાવેજ કંપનીને પોહોંચાડવો હોય તો તે કંપનીની નોંધેલી કચેરીમાં મુકી આવવો, અથવા કંપનીના નામનું સરનામું કરીને તે પાકીટ રજીસ્ટર કરાવી ટપાલ મારફત પોહોંચાડવું (૮૯). ડાઈરેકટરને, સેક્રેટરીને, અથવા અખત્યારવાળા બીજા અમલદારને સમન ઉપર, નોટીસ ઉપર, હુકમ ઉપર, પત્રવ્યવહાર ઉપર કંપનીની સહી કરવાનો અધિકાર છે (૯૧).

જનરલ મીટીંગના સઘળા ઠરાવોની તથા ચાલેલાં કામની મીનીટો, પ્રોસીડીંગ બુકમાં યોગ્ય રીતે વખતે વખતે દાખલ કરાવવી જોઇએ, અને તે ઉપર ચેરમેને સહી કરવી જોઇએ. આવી મીનીટો પુરાવામાં ગ્રાહ્ય છે, અને મીટીંગ યોગ્ય રીતે બોલાવી હતી અને ભરાઈ હતી, અને જે ઠરાવ થયા તે યોગ્ય રીતે થયા હતા, એ સાબીત કરી આપે છે. (૯૨). કોઇ મેમ્બરની પાસે કોલ અથવા

બીજુ નાણું નિકળતું હોય તે બદલ કંપનીએ તે મેમ્બર ઉપર ફરીઆદ કરી હોય, તેમાં નિચેની બાબતો જાહેર કરવી જોઈએ:–(૧) પ્રતિવાદી કંપનીનો મેમ્બર છે, (૨) કોલ બાબત અથવા નિકળતાં નાણા બાબત ફરીયાદ કરવા કંપનીનો હક છે, (૩) તે કોલના રૂપીઆ અથવા બીજુ નાણુ તેની પાસે લેણું નિકળે છે. આ ત્રણ બાબતો જાહેર કરવી જોઈએ (૯૪).

કંપનીનું કામકાજ આટોપીને બંધ કરવાનો કોર્ટને કયારે અધિકાર છે? (૧) કંપનીએ એ બાબત વિશેષ ઠરાવ કર્યો હોય ત્યારે, (૨) એક વરસની મુદતમાં કંપનીએ કામ ચાલુ ન કર્યું હોય, અથવા એક આખુ વરસ કામ બંધ રાખ્યું હોય ત્યારે, (૩) મેમ્બરોની સંખ્યા સાત કરતાં ઓછી થઈ ગઇ હોય ત્યારે, (૪) કરજ વાળવાની કંપનીની શકતી ન હોય ત્યારે, અને (૫) બીજા કોઇ એવા સબબ ઉપરથી કોર્ટનો અભિપ્રાય એવો થાય કે, કામકાજ આટોપીને કંપની બંધ કરવાની વાત વાજબી અને બરાબર છે, ત્યારે (૧૨૮).

કંપનીનું કામકાજ આટોપીને બંધ કરવા બાબતની અરજી, કંપનીએ, અથવા તેના લેણદારે, અથવા ફાળો આપનારે લખીને કોર્ટને આપવી જોઇએ. (૧૩૧) "ફાળો આપનાર" એટલે કંપનીનું કામકાજ આટોપીને બંધ કરે ત્યારે તેના અવેજમાં ફાળો આપવાને જે માણસ પાત્ર હોય તે દરેક માણસ.

કંપનીનો કોઈ ડાઈરેકટર, અમલદાર, અથવા ફાળો આપનાર કોઈને નુકશાન કરવા માટે, અથવા કોઈને ઠગવા સારૂ, કંપનીની બુકો, કાગળ પત્રો, લેખો, સીકયુરીટીઓનો નાશ કરે, તેમાં ફેરફાર કરે, ખોટા કરે, કપટથી સંતાડે, અથવા કંપનીના રજીસ્ટરમાં કાંઈ ખોટો મજકુર દાખલ કરે, તે બે વરસ સુધી કેદની સજાને તથા રૂ૦ ૫૦૦) સુધી દંડને પાત્ર થશે (૨૧૫). જે કોઈ માણસ ખોટી સાહેદી પુરશે તે સાત વરસ સુધી કેદની અને દંડની સજાને પાત્ર થશે (૨૧૭). નોંધ્યા વગરની કંપનીનું કામકાજ આટોપીને બંધ કરવામાં આ કાયદાના ઠરાવોનું ધોરણ રાખીને તેમ કરવાનો અધિકાર છે (૨૪૩–૨૪૮).

આ આકટ પ્રમાણે થયલી કંપનીને તેના પોતાના શેરો ખરીદ કરવાનો અધિકાર નથી (૨૪૯).

આ આકટ વિરૂધ ગુન્હાઓનો ઈનસાફ કરવાનો અધિકાર પેહેલા વર્ગના મેજીસ્ટ્રેટને છે જે ગુન્હા બાબત દંડની સજા છે તે ગુન્હો કોઈ માણસ મુંબઈ કલકત્તા અથવા મદ્રાસ શેહેરમાં કરે, તો તેનો સંક્ષેપ રીતે કામ ચલાવી ઈનસાફ કરવાનો અધિકાર તે શહેરના હરકોઈ પ્રેસીડન્સી મેજીસ્ટ્રેટને છે (૨૫૨).

સ્મોલ કોઝ કોર્ટ એટલે નાના દાવાઓની અદાલત.

(સન ૧૮૮૭નો આકટ ૯મો—ઈન્ડીઆ).

નીચે લખેલા પ્રકારના દાવા સ્મોલ કોઝ કોર્ટમાં ચાલી શકતા નથીઃ—

૧. સરકાર કે સરકારી અમલદાર ઉપર, તેના હોદ્દાની રૂએ કરેલાં કંઈ કામ સંબંધી, કરવાના દાવા, ૨. ઘરના ભાડા શિવાયના સ્થાવર મિલકત સંબંધના દાવા, ૩. વતની, હક બદલના દાવા, ૪. લેન્ડ એકવીઝીશન એકટ અન્વયે મળેલા કાંપેનસેશન (બદલા) માં હિસ્સો મળવાના દાવા, ૫. કરાર પુરા કરાવી લેવાના, કે કરાર દુરસ્ત કરવા બદલના કે, કરાર રદ કરવાના દાવા, ૬. તાકીદ અપાવવાના દાવા, ૭. ટ્રસ્ટ સંબંધના દાવા, ૮. હક ઠરાવવા બદલના દાવા, ૯. કોર્ટે કરેલી જપ્તી, વેચાણ, રદ કરવાના દાવા, ૧૦. વાદીના ગાંડપણા દરમ્યાન, ઈનામ આપેલી મીલકત સંબંધી દાવા, ૧૧. પંચના નિવાડા સંબંધી તકરારી દાવા, ૧૨. ઈનસાફની કોર્ટે કરેલા હુકમ રદ કરવાના દાવા, ૧૩. પરઈલાકાના હુકમનામા ઉપરના દાવા, ૧૪. સી. પ્રો. કો. કલમ ૨૯૫, અનવે હુકમનામાની બજાવણીમાં હુકમનામાવાળાઓને ફાળા પડતી આપેલી રકમ પાછી લેવાના દાવા, ૧૫. એકઝીકયુટરે, અગર એડમીનીસ્ટ્રેટરે, આપેલી રકમ પાછી લેવાના દાવા, ૧૬ મૈયત મનુષ્યની મિલકત બદલના દાવા, ૧૭. ભાગદારી સંબંધના દાવા, ૧૮. હીસાબ નક્કી કરવાના તથા વ્યવસ્થા બદલના દાવા, ૧૯. નુકસાની મળવા બદલના દાવા, ૨૦. મેહેર બદલના દાવા, ૨૧. સગીરનો કબજો મલવા બદલના દાવા, ૨૨. ખોરાકી પોશાકી બદલના દાવા, ૨૩. કુટુંબના માણસે આપેલા પૈસામાંથી હિસ્સો મેળવવાના દાવા, ૨૪. ગીરો છોડવવા માટે આપેલા સાના હિસ્સો મળવાના દાવા.

મૈયત માણસનું લેણું વસુલ કરવા સરટીફીકેટ લેવા બાબત.

(સન ૧૮૮૯નો આકટ ૭મો—ઈંડીઆ).

"હેતુ"—મૈયત માણસનું લેણું વસુલ કરવાનું કામ સરળ કરી આપવાનો તથા જે માણસો મરનારનું લેણું અદા કરે તેઓને રક્ષણ આપવાનો આ કાયદાનો હેતુ છે.

આ કાયદા મુજબ અથવા મુંબઈના સન ૧૮૨૭ ના. ૮ મા રેગ્યુલેશન મુજબ સરટીફીકેટ રજુ કર્યા વગર, મૈયત માણસનું લેણું વસુલ કરવા બાબતની અરજી કોઈ કોર્ટ સાંભળશે નહીં, અને હુકમનામું કરશે નહીં—આવા સરટીફીકેટ મેળવવા માટે ડીસ્ટ્રીકટ કોર્ટને અરજ કરવી જોઈએ. અરજીના નમુના માટે આગળ જુઓ. આવી અરજી ઉપરથી કામ ચલાવીને, કોર્ટને યોગ્ય લાગે તો સરટીફીકેટ આપે. સરટીફીકેટ આપતાં પહેલાં જમાની ખત કરાવી લેવાનો હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે.

સગીરની જાત તથા મિલકતના વાલી નીમવા બાબત.

(સને ૧૮૯૦નો આકટ ૮મો—ઇંડીયા).

ઇંડીઆ સરકારે અથવા કોઈપણ સ્થાનિક સરકારે પાસ કરેલા કોર્ટ ઓફ્ વાર્ડસ એકટના ઠરાવોને, આ કાયદાથી બાધ આવતો નથી (૩).

જ્યારે ડીસ્ટ્રીકટ કોર્ટની, નીચે બતાવેલા સખસોની અથવા તે પૈકી કોઈએકની અરજી ઉપરથી, કામ ચલાવી ખાત્રી થાય કે કોઇ સગીરની જાત તથા મિલકતનો વાલી નીમવાથી સગીરનું હીત, સુખ જળવાય એમ છે, ત્યારે ફલાણા માણસને સગીરની જાતનો કે મિલકતનો કે બેઉનો, વાલી તરીકે નીમું છું એવો હુકમ કરવાને તે કોર્ટને અધિકાર છેઃ—

(૧) સગીરનો વાલી થવા ખવાયશ રાખનાર અથવા હક ધરાવનાર માણસની અરજ ઉપરથી, અથવા

(૨) સગીરના કોઇ દોસ્ત કે સગાની અરજ ઉપરથી, અથવા

(૩) જયાં સગીર રેહેતો હોય, અથવા જયાં તેની મિલકત હોય, ત્યાંના કલેકટરની અરજ ઉપરથી, અથવા

(૪) જે વર્ગનો સગીર હોય તે વર્ગના લોકોની બાબતમાં કલેકટરને અધિકાર હોય ત્યારે કલેકટરની અરજી ઉપરથી, અરજીના નમુનાને માટે આગળ જુવો. (૭–૮–૧૦).

સગીરની મિલકત તથા શરીરના રક્ષણ માટે તથા તેના હવાલા માટે, અરજીનો નીકાલ થતાં સુધીને માટે, પોતાને યોગ્ય લાગે તેવો દરમીઆન હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે (૧૨).

કોઈપણ સખસને, તેની મરજી વિરૂધ્ધ કોર્ટ સગીરનો વાલી નીમવો નહીં(૧૭). સગીરની મિલકત જ્યારે કોર્ટ ઓફ્ વાર્ડસના તાબામાં હોય ત્યારે સગીરની મિલકતનો વાલી કોર્ટ નીમી શકે નહીં. વળી સગીર જ્યારે પરણેલી સ્ત્રી હોય, અને તેનો ધણી વાલી થવાને નલાયક ન હોય ત્યારે, અને સગીરના શરીરનો વાલી નીમી શકે એવી કોર્ટ ઓફ્ વોર્ડસની દેખરેખ નીચે સગીરની મિલકત હોય ત્યારે, કોર્ટ સગીરના શરીરનો વાલી નીમી શકે નહીં (૧૯). સગીરને પોતાના હવાલામાં રાખવો, તેની ખાનીપીની, તેની તબીયત, અને તેની કેળવણી ઉપર ધ્યાન આપવું, એ સગીરના શરીરના વાલીની ફરજ છે (૨૪). જો સગીર હવાલામાંથી જતો રહે અથવા બીજા કોઈ તેને ખસેડી લઈ જાય તો, સગીરને વાલીના હવાલામાં પાછા જવાનું ફરમાવવાને કોર્ટ મુખત્યાર છે. સગીર આવો હુકમ ન માને તો તેને પક-

ડાવીને વાલીના હવાલામાં સોંપવાને કોર્ટ મુખત્યાર છે (૨૫). વાલીએ સગીરને કોર્ટની હકુમતની હદમાંથી, કોર્ટની રજા શિવાય ખસેડવો નહીં (૨૬). સાધારણ ડહાપણનો માણુસ જેવારીતે પોતાની મિલકતની સંભાળ રાખે તેવીજ સંભાળ સગીરની મીલકતના વાલીએ રાખવી જોઈએ. વળી તેણે મિલકતના ફાયદા સારૂ તથા તેના બચાવ સારૂ સઘળાં વાજબી કૃત્યો કરવાં જોઈએ. સગીરની મિલકતની ઉપજ ખરચનો હીસાબ રાખવો જોઇએ, અને તે હીસાબ કોર્ટ માંગે ત્યારે રજુ કરવો જોઈએ (૨૭–૩૪).

કોઈપણ માણુસની અરજી ઉપરથી નીચે બતાવેલા કારણુસર કોર્ટ વાલીને ખસેડવાને મુખત્યાર છે. ટ્રસ્ટનો ખોટો ઉપયોગ કરવા માટે, પોતાની ફરજો બજાવવામાં ગફલતી કરવી જારૂ રાખવા માટે, પોતાની ફરજો બજાવવાને અશકત હોવાને લીધે, સગીરની કાળજી રાખવામાં કસુર કરે અથવા તેની સાથે માઠી રીતે વર્ત્તે તો; કોર્ટના હુકમ કે આ કાયદાના ફરમાનને જાણીબુઝીને માને નહીં, કોઇ ગુન્હાનો તકસીરવાન સાબીત થવાથી, પોતાની ફરજો એક નિષ્ટાથી બજાવી ન શકાય એવું તેનું હિત દેખાય તો, કોર્ટની હકુમતની હદમાં રેહેતો બંધ થાય તો, મિલકતના વાલીની બાબતમાં, દેવાળું કહાડે તો અને જે કારણુસર વાલી નીમ્યો હોય તે કારણુ બંધ પડવાથી (૩૯). કલમ ૨૬ના ઠરાવ વિરૂદ્ધ વાલી જાણીબુઝીને સગીરને કોર્ટની હકુમતની હદમાંથી ખસેડી દેશે તો તે રૂપીઆ એક હજાર સુધી દંડ, અથવા છ મહીના સુધી દીવાની જેલમાં કેદની શિક્ષાને પાત્ર થશે (૪૪).

જે કોઇ માણુસના હવાલામાં સગીર હશે, તે કોર્ટના હુકમ મુજબ સગીરને રજુ કરવાને ચુકશે, અથવા કલમ ૨૫ મુજબ થયલા હુકમને અનુસરીને સગીરને તેના વાલીના હવાલામાં પાછા જવાની ફરજ પાડવામાં ચુકશે, જે કોઈ વાલી, સગીરની મિલકતનો હિસાબ ઠરાવેલી મુદતમાં રજુ કરવાને અથવા જે નાણું તેના હાથપર સીલક હોય તે કોર્ટમાં ભરી દેવામાં ચુકશે, એટલે કલમ ૩૪ વિરૂધ્ધ ચાલશે તે અથવા જે કોઈ માણુસ વાલી થતો બંધ થયો હોય તે, અથવા તેનો વારસ મિલકત અથવા હીસાબ રજુ કરવામાં ચુકશે તે, કોર્ટના હુકમથી રૂપીઆ એકસોથી તે પાંચશે સુધી દંડને પાત્ર થશે (૪૫).

વહેંચણુ કરવા બાબત.

(સન ૧૮૯૩નો આકટ ૪ થો–ઇંડીયા.)

વેહેચણુ બાબતની ફરીઆદમાં મિલકતના હિસ્સા પાડવાનો હુકમ કરવાને બદલે, તે વેચીને તેની કિમત વહેંચી આપવાને કોર્ટ મુખત્યાર છે. કોઇ હિસ્સેદાર, હિસ્સો ખરીદ કરવાની પરવાનગી મલવા અરજી કરે તો તને તે હિસ્સો આંકેલી

કિમતે વેચવો; પરંતુ જ્યારે વધારે હિસ્સેદારો માગણી કરતા હોય ત્યારે, આંકેલી કિમત કરતાં જે હિસ્સેદાર વધારે કિમત આપવાનું કહે તેને તે હિસ્સો વેચવો. રેહેવાના ઘરની વેહેંચણ બાબતની ફરીઆદમાં તેજ કુટુંબનો હિસ્સેદાર, તે હિસ્સો ખરીદ કરવા કબુલ કરે તો, કોર્ટે આંકેલી કિમત આપેથી વેચવો. (સન ૧૮૮૨ નો ૪ થો કલમ–૪૪ જુઓ.)

નાદાર ઠરાવવા બાબત.

(પ્રોવીનસીઅલ ઇનસોલવનસી—સન ૧૯૦૭ નો આકટ, ૩ જો—ઈંડીયા).

"નાદારીના કૃત્યો"—(૧) દેણુદાર પોતાની મિલકત સઘળા લેણુદારોના ફાયદા માટે ત્રીજા સખસને તબદીલ કરી આપે તો;

(૨) પોતાની મિલકત અથવા તેનો કાંઇ ભાગ લેણુદારોના પૈસા ડુબાવવાના અથવા તે આપવામાં વિલંબ કરવાના ઇરાદાથી તબદીલ કરી આપે તો;

(૩) પોતાની મિલકત એવી રીતે તબદીલ કરી આપે કે તે તબદીલી ગેર-કાયદાસર થાય તો;

(૪) પૈસા ડુબાવવાના અથવા તે આપવામાં વિલંબ કરવાના ઈરાદાથી:—

(अ) બ્રિટિશ ઇંડિયામાંથી જતો રહે, અથવા તેની બહાર રહે તો;

(ब) રેહેવાના ઘરમાંથી અથવા વેપારની જગાએથી જતો રહે, અથવા બીજી રીતે ગેરહાજર રહે તો;

(क) લેણુદારોને પોતાની સાથે વાતચીત ચલાવવાના સાધનો ન રહે એટલામાટે ભરાઇ બેસે તો;

(૫) હુકમનામાની બજાવણીમાં તેની કોઈપણ મિલકત વેચાઈ હોય તો;

(૬) નાદાર ઠરાવવા સારૂ અરજી કરે તો, આ કાયદા મુજબ;

(૭) લેણુદારોને નોટીસ આપે કે દેવું આપવાનું બંધ કર્યું છે, અથવા બંધ કરવાનો છે તો;

(૮) હુકમનામાની બજાવણીમાં તેને કેદ કરવામાં આવે તો.

જો કોઈ દેણુદાર નાદારીનું કૃત્ય કરે તો કોઇપણ લેણુદાર, અથવા સદરહુ દેણુદાર ડીસ્ટ્રીકટ કોર્ટને, નાદારીની અરજી કરવાને મુખત્યાર છે. અરજી લેખી હોવી જોઇએ, તે ઉપર સહી તથા સાચાપણાનો એકરાર કરવો જોઇએ.

દેણુદારને નાદારીની અરજી કરવાનો ક્યારે હક નથી ? (૧) તેનું કરજ રૂ૦

૫૦૦) જેટલું ન હોય તો, (૨) હુકમનામાની બજાવણીમાં તેને પકડયો ન હોય અથવા તુરંગમાં કેદ કર્યો ન હોય તો, (૩) હુકમનામાની બજાવણીમાં મિલકત જપ્ત કરવાનો હુકમ કર્યો હોય અને તે અમલમાં ન હોય તો.

લેણદારને, દેણદાર વિરૂદ્ધ, નાદારીની અરજી કરવાનો કયારે હક નથી ? (૧) દેવાની રકમ રૂા૦ ૫૦૦) ન હોય તો; (૨) દેવાનો ફડચો કરી જે રકમ ઠરાવી હોય તે રકમ તાબડતોબ અથવા અમુક ચોકસ વખતે આપવાની ન હોય તો; (૩) નાદારીનું કૃત્ય એવી અરજી રજુ કર્યાની તારીખ અગાઉના ત્રણ મહીનાની અંદર થયું ન હોય તો.

કોઈપણ કોરપોરેશન વિરૂદ્ધ, રજીસ્ટર થએલી એસોશીએશન અથવા કંપની વિરૂદ્ધ નાદારીની અરજી રજુ થઈ શકતી નથી.

" અરજીનો મજકુર "—દેણદારે કરેલી નાદારીની દરેક અરજીમાં નિચેની બાબતો લખવી જોઈએ:—

(अ) દેણદાર પોતાનું દેવું આપવા અશકત છે એ વાત;

(ब) તેની હમેશની રેહેવાની જગા, અથવા જે જગાએ કેદમાં હોય તે જગા અથવા તુરંગ;

(क) જે કોર્ટના હુકમથી કેદ કર્યો હોય તે કોર્ટ તથા જે હુકમનામાના સંબંધમાં એવો હુકમ કર્યો હોય તેની વિગત;

(ड) તેના ઉપર પૈસા સંબંધી દાવા હોય તે બધાની રકમ તથા વિગત, લેણદારોના નામ તથા ઠેકાણા;

(इ) તેની સઘળી મિલકતની કિંમત તથા વિગત, તથા જે મિલકત વેચાણ થવાની પાત્રતામાંથી બાતલ હોય તે શિવાયની સઘળી મિલકતની વ્યવસ્થા કોર્ટને આપવાની મરજી છે એવો એકરાર.

લેણદારે કરેલી નાદારીની અરજીમાં નિચેની બાબતો જોઈએ:—

(अ) દેણદારની હમેશની રહેવાની જગા, અથવા તે જે જગાએ કેદમાં હોય તે જગા અથવા તુરંગ;

(ब) દેણદારે કરેલું નાદારીનું કૃત્ય, તથા જે તારીખે તે કર્યું હોય તે તારીખ.

(क) પૈસા સંબંધી દાવાઓની રકમ તથા વિગત.

સુનાવણી સારૂ નિમેલે દિવસે કોર્ટે યોગ્ય પુરાવો લઈ મુકદમામાં સામેલ કરવો. નાદારીના કૃત્ય બાબત કોર્ટની ખાત્રી ન થાય, અથવા દેણદાર કોર્ટની ખાત્રી

કરી આપે કે તે દેવું આપવાને શકતીવાન છે તો કોર્ટ અરજી કહાડી નાંખશે.

લેણદારે કરેલી અરજી નજીવી અથવા ત્રાસદાયક માલમ પડે તો, દેણદારની અરજ ઉપરથી રૂ૦ ૧૦૦૦ સુધી નુકશાની બદલ અપાવવાને કોર્ટ મુખત્યાર છે.

"નાદારીનો હુકમ"—જ્યારે અરજી કહાડી નાંખવામાં આવી ન હોય અથવા કાંઈ તોડજોડ થઈ ન હોય તો, કોર્ટ નાદારીનો હુકમ કરશે. એવા હુકમની સાથે નાદારની સઘળી મિલકત રીસીવર એટલે વસુલદારને પ્રાપ્ત થશે, અને તે લેણદારો વચ્ચે વહેંચી શકાશે, અને નાદાર દેવા માટે તુરંગમાં હશે તો તેને છુટો કરવામાં આવશે.

વસુલદારના કોઈપિણ કૃત્યથી, નાદારને, લેણદારને કે કોઇ બીજા સખસને નુકશાન થયું હોય તો તેણે એકવીસ દિવસની અંદર કોર્ટને અરજી કરવી.

નાદારીનો હુકમ થયા પછી અથવા તે પહેલાં, દેણદાર પતાવટ સારૂ તોડ-જોડ કરવા અથવા કાંઈ યોજના બતાવવા દરખાસ્ત કરવા મુખત્યાર છે.

દેવાની રકમ ઉપર લેણદાર દર વરસે દર સેંકડે છ ટકા લેખે વ્યાજ સાબિત કરવાને મુખત્યાર છે. નાદારની મિલકતની વ્યવસ્થા અથવા વહીવટ કરવા, નાદારને, અમુક લવાજમ આપી, નીમવાને કોર્ટ મુખત્યાર છે. દેવું વ્યાજ સાથે પતાવ્યા પછી જે કાંઈ બાકી રહે તે ઉપર નાદારનો હક છે.

"દેણદારની ફરજો"—હિસાબના ચોપડા રજુ કરવા; પોતાની મિલકતની યાદીઓ; લેણદારો તથા દેણદારોની, લેણાં તથા દેવા સાથેની યાદીઓ રજુ કરવી જોઈએ અને મિલકતના પૈસા ઉપજાવવામાં મદદ આપવી જોઈએ. જો કોઇપણ દેણદાર ઉપર કહેલી યાદીઓમાં જાણીજોઇને ખોટી નોંધ કરે, અથવા કાંઈ મિલ-કત અથવા હિસાબના ચોપડા કપટથી સંતાડે, નાશ કરે, તબદીલ કરે, ખસેડે, અથવા હાજર કરવાની ના પાડે તો, તેને, સદરહુ કોર્ટ એક વરસ સુધીની આસાન કેદની સજા કરવાને મુખત્યાર છે.

નાદાર ઠર્યા પછી કોઈપણ વખતે છુટકારાના હુકમ સારૂ દેણદાર અરજ કરવા મુખત્યાર છે.

છુટકારો ન થએલા નાદારે કોઈપણ સખસ પાસેથી, રૂ૦ ૫૦) અથવા તેથી વધારે રકમ ઉધાર લેવી નહીં, અને જો લેશે તો મેજીસ્ટ્રેટ આગળ તે ગુન્હો સાબીત થએથી, તે નાદાર, છ મહીના સુધીની કેદ અથવા દંડ અથવા એ બેહુ શીક્ષાને પાત્ર થશે.

દીવાની કોર્ટોમાં કામ ચલાવવાની રીત બાબત.

(સને ૧૯૦૮નો આકટ ૫મો—ઇન્ડીઆ).

સીવીલ પ્રોસીજર કોડ.

ખાસ મનાઈ કરી ન હોય તો, બધી દીવાની ફરીઆદોનો ઇનસાફ કરવાનો અધિકાર કોર્ટોને છે.

"દીવાની ફરીઆદ"—એટલે જે ફરીઆદમાં મીલકતના અથવા કામ કરવાના હક વિષે તકરાર હોય તે ફરીઆદ; પછી તે હકનો તમામ આધાર ધર્મ સંબંધી ક્રીયા અથવા વીધી બાબતની તકરારોના નિર્ણય ઉપર આધાર હોય તેની ચીંતા નહીં.

કોઈ ફરીઆદમાં જે તકરારી બાબત હોય તેજ તકરારી બાબત કોઈ પેહેલાં માંડેલી ફરીઆદમાં હોય, અને પક્ષકારો તેના તેજ હોય તો, પછીની ફરીઆદનો કોર્ટે ઇનસાફ કરવા માંડવો નહીં.

રેસજુડીકેટા—(નિર્ણિત વાત) જે ફરીઆદ અથવા મુદાની ચોકશી થઈ આખર નિકાલ થઈ ગયો હોય, તેવીજ બીજી ફરીઆદ અથવા મુદાની, કોર્ટે તજવીજ કરવી નહીં, પરંતુ પ્રથમની ફરીઆદ તેમજ પાછળની ફરીઆદમાં પક્ષકારો તેના તેજ હોવા જોઈએ.

પરરાજ્યના ફેસલા, જેની તે બાબતના સંબંધમાં અને તેના તેજ પક્ષકારો વચ્ચે, નિરૂત્તર (છેવટના) છે, પણ નીચે લખેલા પ્રસંગે નિરૂત્તર નથીઃ—(૧) તે ફેસલો યોગ્ય અધિકારવાળી કોર્ટે કર્યો ન હોય ત્યારે, (૨) તે ફેસલો કામના ગુણદોષો તપાસીને આપ્યો ન હોય ત્યારે, (૩) બ્રિટિશ કાયદો લાગુ પાડવાની ના કહી તે ફેસલો કર્યો હોય ત્યારે, અને (૪) કાયદો તોડીને તેને આધારે કરેલો દાવો તેમાં સાબીત ઠરાવ્યો હોય ત્યારે.

પરરાજ્યના ફેસલાની સહી સીકાવાળી નકલ રજુ થઈ હોય ત્યારે તે ફેસલો યોગ્ય અધિકારવાળી કોર્ટે કર્યો છે એવું અનુમાન કરવુંજ જોઈએ.

ફરિયાદ કઈ કોર્ટમાં કરવી? અખત્યાર વાળી સૌથી નીચેના દરજ્જાની કોર્ટમાં ફરીયાદ કરવી. (अ) સ્થાવર મિલકત પાછી લેવાની, (ब) સ્થાવર મિલકતની વેહેચણ કરવાની, (क) એવી મિલકત ઉપરનો ધરાણીઓ હક છોડવવાની અથવા છોડવવાનો હક બંધ કરવાની, (ड) એવી મિલકતમાનો અથવા તે બાબત બીજો કોઇ હક અથવા સંબંધ નક્કી કરવાની, (इ) એવી મિલકતને કરેલી નુકશાનીનો બદલો લેવાની, (फ) કરજને બદલે કબજે કરેલી અથવા ટાંચ મારેલી જંગમ મિલકત પાછી લેવાની,

ઉપરની ફરીઆદો જે કોર્ટની સ્થાનિક હદમાં તે મિલકત હોય તે કોર્ટમાં કરવી. બીજી બધી ફરીઆદો જ્યાં પ્રતિવાદી રહેતો હોય અથવા દાવાનું કારણ ઉત્પન્ન થાય ત્યાં ફરીઆદ કરવી.

જ્યારે ઘણા વાદી હોય ત્યારે ફરીઆદ ચલાવવાનું કામ યોગ્ય જણાય તે વાદીને સોંપવાને કોરટ મુખત્યાર છે.

દરેક ફરીયાદ એવી રીતે તૈયાર કરવી કે તેથી ટંટાની બાબતો ઉપર આખરનો ઠરાવ થઈ શકે અને તેથી તે બાબતનો વધારે વાદ ચાલતો અટકે. તમામ દાવો ફરીઆદમાં આવવો જોઈએ, દાવાનો કોઈ ભાગ છોડી દેવામાં આવે તો છોડી દીધેલા ભાગની ફરીઆદ પછીથી ચાલે નહિ. જમીન લેવાની તથા તે ઉપરનો હક જ્ઞાપિત કરવાની ફરીઆદમાં (अ) ચઢેલા ભાડાના, અથવા તે સંબંધી દરમ્યાન ઉપજના દાવા, (ब) જે કરારની રૂએ તે મિલકતનો કંઇ ભાગ તાબામાં હોય તે કરાર તોડયાથી થએલા નુકસાનના દાવા, (क) ધરાણીઆને આધારે કંઈ ઇલાજ અમલમાં લાવવાને ઘરાણે લેનાર કરે તે દાવા—આ ત્રણ જાતની ફરીઆદો દાખલ કરવાને હરકત નથી.

"ફરીઆદ કેમ શરૂ કરવી"—ફરીઆદ અરજી કોર્ટને આપવી, અથવા કોર્ટ નીમે તે અમલદારને આપવી. ફરીઆદ અરજીમાં નીચેની વિગતો આવવી જોઇએ:—(૧) જે કોર્ટમાં ફરીઆદ કરવી હોય તે કોર્ટનું નામ, (૨) વાદીનું નામ વર્ણન અને રહેવાનું ઠેકાણું, (૩) પ્રતીવાદીનુ નામ વર્ણન તથા રહેવાનું ઠેકાણું, (૪) જે હકીકતથી દાવાનું કારણ બનતું હોય તે હકીકતનું, તથા તે કારણ કયાં અને કયારે ઉત્પન્ન થયું તેનું સ્પસ્ટ અને ટુંકામાં વર્ણન, (૫) દાદની માગણી, (૬) મજરે આપેલી અથવા છોડી દીધેલી રકમ, (૭) પૈસા બાબતની ફરીઆદમાં, ખરેખરી રકમ અરજીમાં જણાવવી જોઇએ.

જમીન સંબંધી (જમીનના ગણોત તથા ખેડ હક સુદ્ધાં) ફરીઆદ હોય તો અરજી સાથે હકના પત્રક અથવા ફેરફારના રજીસ્ટરમાંની નોંધની દાખલાવાળી નકલ આપવી જોઇએ (સન ૧૯૦૩ નો આકટ ૪–કલમ–૧૦).

અરજી ઉપર વાદીએ સહી કરવી અને સાચાપણાનો એકરાર કરવો જોઇએ. અરજીના નમુના માટે પાછળ નમુના આપેલા છે તે જુવો. જે દસ્તાવેજની રૂએ વાદી ફરીઆદ કરતો હોય તે દસ્તાવેજ અથવા તેની નકલ, ફરીઆદ અરજી સાથે આપવી જોઇએ. પુરાવા તરીકે બીજા દસ્તાવેજ ઉપર વાદી આધાર રાખતો હોય તો તે અરજીની સાથે આપવાની યાદમાં તે બતાવવા, અને તે કોના કબજામાં છે તે પણ જણાવવું. દુકાનના ચોપડા ઉપર અરજીનો આધાર હોય તો તે હાજર કરવા, અને જે લખાણ ઉપર આધાર રાખતા હોય, તેની નકલ વાદીએ

રજુ કરવી જોઇએ. ફરીઆદ અરજીની નકલો સાદા કાગળ ઉપર દરેક પ્રતીવાદી દીઠ એક અરજી સાથે રજુ કરવી.

દરેક પ્રોસેસ એટલે, સમન, નોટીસ, વારંટ જે પક્ષકારની તરફથી કાઢી હોય તે પક્ષકારને ખરચે પોંહોચાડવામાં આવે છે. પ્રોસેસ નિકલતા પહેલાં સાક્ષી ભથાં ભરવાં જોઇએ. ફરીઆદ અરજી દાખલ થઈ કે પ્રતીવાદી ઉપર કોર્ટ સમન કહાડે છે. અને પ્રતીવાદીને પોંહોચાડવામાં આવે છે. સમન મુદ્દા કહાડવા માટે હોય કે આખર નીકાલ કાઢવા સારૂ હોય. સમનમા લખેલી તારીખે, વખતે અને જગ્યાએ પ્રતીવાદીએ જાતે અગર વકીલ મારફતે હાજર થવું જોઇએ.

પડદાનસીન બાઈઓને કોર્ટમાં જાતે હાજર થવાની માફી કરી છે.

"લેખી કેફીઅતો"—ફરીઆદની પેહેલી સુનાવણી વખતે અથવા તે પેહલાં, પોત પોતાની લેખી કેફીઅતો આપવાને પક્ષકારો મુખત્યાર છે. સામા દાવાની વિગત લેખી કેફીઅતમાં લખવાને હરકત નથી. લેખી કેફીઅત (નમુના માટે આગળ જુઓ) બની શકે તેટલી ટુંકામાં લખવી, વિવાદરૂપે લખવી નહિ. દરેક કેફીઅતમાં પારેગ્રાફ કરવા, અને તેને અનુક્રમ નંબર આપવા, દરેક પારેગ્રાફમાં જુદી બાબત લખવી. એવી કેફીઅતો ઉપર સહી કરવી તથા સાચાપણાનો એકરાર કરવો, ફરીઆદીની પેહેલી સુનાવણી વખતે ફરીઆદ અરજીનો તથા લેખી કેફીઅતનો મજકુર વાદી પ્રતીવાદી કબુલ છે કે નહિ તે કોર્ટ નક્કી કરી લેવાને વાદી પ્રતીવાદીની જુબાની લખી લેવાને મુખત્યાર છે.

"કોર્ટને હકુમત નથી"–એવી હરકત મુદ્દા ઠરાવતાં પહેલાં લેવી જોઇએ. મુદ્દા કાઢવાના હોય તો, કોરટ નિચેના સાધનો ઉપરથી મુદ્દા કાઢે છેઃ—

(૧) પક્ષકારોએ સોગન ઉપર કહેલી હકીકત કે તેમના વકીલોએ કહેલી હકીકત; (૨) ફરીઆદ અરજીમાં કહેલી હકીકત અથવા લેખી કેફીઅતો માહેલી હકીકત; (૩) હાજર કરેલા દસ્તાવેજોના મજકુર. મુદ્દા બે જાતના હોય છે, કાયદાના તથા હકીકતના. ફરીઆદના આખર નિકાલને વાસ્તે સમન કહાડ્યો હોય અને બેમાંથી એક પક્ષકાર, પોતે જે પુરાવા ઉપર આધાર રાખતો હોય તે પુરાવો, પુરતા કારણ શીવાય, હાજર ન કરે તો, કોર્ટ એકદમ ફેસલો આપી શકે છે. સાહેદી આપવાને અથવા દસ્તાવેજ હાજર કરવાને જે સખસોની હાજરીની જરૂર હોય તેમના ઉપર બેહુ પક્ષકારોએ, મુદ્દા ઠરાવવાનો કે આખર નિકાલનો જે દીવસ ઠરાવ્યો હોય તે પેહેલાં, સમન કઢાવવા જોઈએ. અને તેનું ખરચ કોરટમાં ભરી દેવું જોઇએ. સમન થયલા તથા હાજર રહેલા કોઇપણ સખસે, તેની જબાની લેવાઇ રહે અથવા દસ્તાવેજ હાજર કરે, અને કોર્ટ ઊઠી

જાય, અથવા જતા રહેવાની રજા મળે, ત્યાંસુધી જતા રહેવું નહિ, જે સખસ સમનનું અપમાન કરે અથવા ઉપર કહ્યું તેથી ઊલટી રીતે જતો રહે તો તેને કોર્ટ પકડી મંગાવે અને કસુર કરવાનું વાજબી કારણ લાગે તો તેવો હુકમ કોર્ટ કરે નહિ. પકડી આણેલો સખસ, વાજબી અને કાયદાસર કારણ ન બતાવે તો, તેને કોર્ટ રૂ ૫૦૦) સુધી દંડની શિક્ષા કરી શકે છે.

સવાલ નામુ આપવા તથા તેનો જવાબ દેવા, જુબાની આપવા, દસ્તાવેજ રજુ કરવા, તથા બીજી મહત્વની વસ્તુઓ રજુ કરવા, જે સખસના ઉપર સમન કાઢયો હોય તેણે તે સમન પ્રમાણે અમલ કરવો જોઇએ. નહીં કરે તો, કોર્ટ તેને (૧) પકડવાનું વારંટ કહાડે, (૨) તેની મિલકત જપ્ત કરી વેચી શકે, (૩) તેને રૂ ૫૦૦) સુધી દંડ કરી શકે, અને (૪) જામીન આપવાનું ફરમાવે અને હાજર ન થાય તો દીવાની તુરંગમાં પણ મોકલી શકે.

જે સખસ બસો માઇલ કરતાં વધારે અંતરે રહેતો હોય તે સખસ, કોર્ટમાં સાહેદી પુરવા કે જબાની આપવા સારૂ જાતે હાજર રેહેવાને બંધાયલો નથી. ખુલ્લી કોર્ટમાં સાક્ષીઓની જુબાની લેવી. સાહેદીઓ અને પુરાવો લીધા બાદ અને વકીલોની તકરાર સાંભળ્યા બાદ ખુલ્લી કોર્ટમાં ફેસલો કહી સંભળાવવો અને તે ઊપર તારીખ નાંખી સહી કરવી જોઇએ. હુકમનામુ ફેસલાની સાથે મળતું આવવું જોઇએ, અને જે તારીખે ફેસલો કહી સંભળાવ્યો હોય તે તારીખ હુકમનામા ઉપર નાંખવી જોઈએ, અને તેમાં દાવાની વિગત તથા જે દાદ અપાવી હોય તે સ્પષ્ટ રીતે લખવી જોઇએ.

"વ્યાજ"—હુકમનામું પૈસા આપવા બાબતનું હોય ત્યારે કોર્ટ જે મુદ્દલ રકમ આપવાનો ઠરાવ કર્યો હોય તેનું ફરીઆદ માંડવા પેહેલાની મુદતનું વ્યાજ, ફરીઆદની તારીખથી તે હુકમનામાની તારીખ સુધીનું વ્યાજ વાજબી દરે, અને હુકમનામાની તારીખથી તે વસુલની તારીખ સુધીનું વ્યાજ કોર્ટ અપાવી શકે છે.

"ખરચ"—ખરચ અપાવવો એ કોર્ટની મરજી ઉપર છે. ખરચ ઉપર દર વરસે દર સેંકડે છ ટકા સુધી વ્યાજ અપાવવાને કોર્ટ મુખત્યાર છે.

ફેસલો થતાં પેહેલાં વાદી શાશા ઇલાજો લઇ શકે.

૧ પ્રતીવાદી સંતાઈ બેઠો છે અથવા તેણે કોર્ટની હુકમત છોડી છે, અથવા પ્રતીવાદી સંતાઈ બેસવાનો છે, અથવા કોર્ટની હુકમત છોડવાનો છે, અથવા પ્રતીવાદીએ પોતાની બધી કે થોડી ઘણી મિલકત કોઇને વેચી કે આપી દીધી છે,

અથવા કોર્ટની હકુમતમાંથી ખસેડી છે, અથવા પ્રતીવાદી બ્રીટીશ ઇંડીઆ છોડવાનો છે માટે તેના હાજર થવાના જામીન લો એવી અરજ કોર્ટને કરવાને વાદીને હક છે. જામીન ન આપે તો કોર્ટ છ માસ સુધી પ્રતીવાદીને પકડી મંગાવી કેદ કરવાનો હુકમ ફરમાવે. પકડેલા કેદીનો ખોરાકી ખરચ વાદીએ આપવાનો છે.

૨. હુકમનામું થાય તો તે અદા કરવાના જામીન પ્રતીવાદી પાસે માગો અને તે જો જામીન ન આપે તો કોર્ટની હકુમતમાની તેની કંઈ મિલકત જપ્ત કરવાનું ફરમાવો, એવી વાદી અરજ કરી શકે છે. જપ્ત કરવાની મિલકત અને આસરા પડતી કીમત અરજીમાં જણાવવી.

પકડવાનું અથવા જપ્તી કરવાનું કામ કર્યું તે અયોગ્ય હોય ત્યારે પ્રતીવાદીની અરજ ઉપરથી તેને પકડવાથી અથવા જપ્તીથી જે ખરચ અથવા નુકશાન થયું હોય તેના બદલામાં રૂ ૧૦૦૦) સુધીની રકમ વાદી પાસેથી પ્રતીવાદીને અપાવવાનો પોતાના હુકમનામામાં ઠરાવ કરવાને કોર્ટ મુખત્યાર છે.

૩. પોતાના લેણદારોને દગો દેવાના ઈરાદે, પ્રતીવાદી પોતાની મિલકત લંબાવવાની, વેચવાની કે આપી દેવાની બીક બતાવે છે, અથવા તેમ કરવાની તૈયારીમાં છે એવું વાદી એફીડેવીટ (સોગનનામા)થી સાબીત કરી આપે તો કોર્ટ કામ ચલાવી તાકીદ આપે કે તારે તે કૃત્ય કરવું નહિ.

ફરીયાદના કોઈ પક્ષકારની અરજ ઉપરથી, કોઈપણ જંગમ મિલકત જલદી અને સ્વાભાવિક રીતે પોતાની મેળે બગડી જાય એવી હોય તો, તે વેચવાનો હુકમ કોર્ટ કરી શકે છે.

લવાદીપર સોપવાનો હુકમ થવા સારૂ પક્ષકારો પોતે જાતે અથવા વકીલ મારફતે, કોર્ટને, ફેસલો થતાં પહેલાં, અરજ કરી શકે છે. પક્ષકારોએ એકમત થઈને લવાદની નીમણુક કરવી.

હુકમનામાની બજાવણી વિશે.

જે કોર્ટે હુકમનામું કર્યું હોય તે કોરટથી, અથવા જે કોરટને તે બજાવવા સારૂ મોકલ્યું હોય તે કોરટથી તે બજી શકે. બજાવણીને માટે દરખાસ્ત કરવી જોઇએ તે બાર વર્ષની અંદર કરવી જોઇએ અને તે દર ત્રણ વરસે તાજી કરવી જોઇએ, હુકમનામાની માલકી બીજા કોઈ સખસને આપી હોય તો તે સખસ બજાવણી કરી શકે છે. બજાવણી પેહેલા હુકમનામાનો દેણદાર મરી જાય તો તેના વારસ વહીલ ઉપર દરખાસ્ત થાય. દરખાસ્ત લખેલી હોવી જોઈએ અને તેમાં (૧)

ફરીઆદનો નંબર, (૨) પક્ષકારોના નામ, (૩) હુકમનામાની તારીખ, (૪) હુકમનામા ઉપર કંઈ અપીલ થઈ છે કે કેમ તે, (૫) માંહોમાંહે કંઈ ગોઠવણુ થઈ છે કે નહિ, અને થઈ હોય તો શી, (૬) પેહેલાં કંઈ દરખાસ્ત કરી છે કે નહિ, કરી હોય તો શી શી અને તેનું પરિણામ શું થયું તે, (૭) લેહેણાની રકમ વ્યાજ સુદ્ધાંત, અથવા હુકમનામામાં બીજી જે દાદ અપાવી હોય તે, (૮) ખરચ અપાવ્યું હોય તેની રકમ, (૯) જેના ઉપર હુકમનામું અમલમાં લાવવું હોય તેનું નામ, (૧૦) કોર્ટની મદત કઈ રીતે જોઈએ છે તે, એટલે મિલકત સ્વાધિન કરાવવી, પકડીને કેદ કરવો, કે મિલકત જપ્ત કરવી. એટલી હકીકતો લખવી જોઈએ. જંગમ મિલકત જપ્ત કરાવવી હોય તો તેની યાદ દરખાસ્ત સાથે આપવી. સ્થાવર મિલકત જપ્ત કરવી હોય તો તે મિલકત ઓળખાય એવું વર્ણન દરખાસ્ત નિચે આપવું, અથવા હુકમનામાના દેણદારનો તે મિલકતમાં હક હિસ્સો હોય તો તેની તપસીલ લખવી. જપ્ત કરવાની મિલકત કલેકટરની ઓફીસમાં નોંધાયલી જમીન હોય તો, રજીસ્ટરમાંનો ખરો ઉતારો તે દરખાસ્ત સાથે આપવો જોઈએ. હુકમનામાની બજાવણીમાં નિચેની મિલકત જપ્તી કે વેચાણને પાત્ર થશે નહિ:—

(૧) દેણદાર તેની સ્ત્રી તથા છોકરાંને જરૂરીઆત પહેરવાના વસ્ત્ર તથા રાંધવાના વાસણ તથા પથારીનું સાહિત્ય.

(૨) કારીગરોના ઓજાર, ખેડુત હોય તો ખેતીવાડીના હથીઆર, અને જરૂર જોગાં ખેતીવાડીના ઢોર.

(૩) ખેડુતની માલકીના અને તેના તાબામાં હોય તેવો તેના ઘરનો અને બીજી ઈમારતનો સામાન, ગભાણ સાથે.

(૪) હિસાબના ચોપડા; (૫) નુકસાનીને વાસ્તે માત્ર ફરીયાદ કરવાનો હક;

(૬) જાતીકી કંઈ નોકરીનો હક; (૭) પેનશનરને કરી આપેલી નેમણુંક તથા ગ્રેચ્યુઈટી (બક્ષીસ) તથા રાજકીય પેનશન;

(૮) સરકારી અથવા રેલવે નોકરનો પગાર રૂ. ૨૦)થી વધારે ન હોય તે પગાર, અને જ્યારે રૂ. ૨૦)થી વધારે પણ રૂ. ૪૦)થી વધારે ન હોય તો દર માસે વીસ રૂપીઆ અને બીજે કોઈપણ પ્રસંગે પગારનો નીમે ભાગ.

(૯) કોઈ સરકારી, રેલવેનો કે સ્થાનિક મંડળનો નોકર રજા ઉપર હોય ત્યારે સઘળું એલાવન્સ;

(૧૦) મજુર તથા ઘરના નોકરોનો મુસારો; (૧૧) ઉતરાધિકાર મળવાની ઉમેદ હોય તે; (૧૨) ભવિષ્યની ખોરાકી પોશાકીનો હક; (૧૩) મહેસુલની ચઢેલી બાકી વસુલ કરવા સારૂ, જંગમ મીલકત કોઇ કાયદાની રૂએ વેચાણમાંથી બાતલ કરી હોય તે મીલકત.

પણ ભાડાને વાસ્તે હુકમનામું થયું હોય ત્યારે તે બજાવવામાં ઘર અથવા બીજી ઈમારતનો સામાન જપ્તીથી કે વેચાણથી બાતલ નથી.

કોર્ટ કે કોઈ સરકારી અમલદાર પાસે અનામત રાખેલી મિલકત જપ્ત કરવી હોય તો તે કોર્ટને અથવા અમલદારને લેખી નોટીસ આપીને જપ્તી કરવી પડે છે. જપ્તી પછીથી મિલકત ખાનગી રીતે આપી દેવાનો વ્યવહાર નિરર્થક થાય છે. જપ્ત કરેલી મિલકતનું વેચાણ જાહેર લીલામથી થાય છે. વેચેલી જંગમ મિલકતની કીંમત તરત આપવી જોઈએ; સ્થાવર મિલકતના ખરિદદારે તુરત સેંકડે પચીસ ટકા અનામત ભરવા; અને પુરેપુરી રકમ પંદરમેં દિવસે ભરવી જોઈએ. જમીન સંબંધી હુકમનામા જીલ્લાના કલેકટર તરફ બજાવણી સારૂ મોકલવામાં આવે છે.

હુકમનામું બજાવવામાં કોઈ અટકાવ ઈયા હરકત કરે તો હુકમનામાવાળાએ એક મહીનાની અંદર કોર્ટમાં ફરીઆદ કરવી. દેણદાર અથવા કોઇ બીજો સખસ દેણદારની ઉસ્કેરણીથી હરકત કરે તો કોર્ટ તેને ત્રીસ દિવસ સુધી કેદમાં રાખવાનો હુકમ કરી શકે અને મિલકતનો કબજો હુકમનામાવાળાને અપાવી શકે.

હુકમનામાના દેણદાર શીવાય ત્રાહીત સખસ શુદ્ધબુદ્ધીથી પોતાના હકની રૂએ હરકત કરે તો, કોર્ટે તેની તજવીજ કરી યોગ્ય હુકમ કરવો. ત્રાહિત સખસ પાસેથી કબજો લઈ લીધો હોય તો તે સખસે કોર્ટને અરજ કરવી; કોર્ટ યોગ્ય તજવીજ કરીને હુકમ કરશે.

હુકમનામું બજાવવામાં હુકમનામાના **દેણદારને** કોઈપણ દિવસે અને કોઈપણ વેળાએ પકડી શકાય. પકડવા સારૂ સૂર્યાસ્ત પછી અને સૂર્યોદય પહેલાં કોઈના રહેવાના ઘરમાં પેસવું નહિ. અને ઘરનો કે બહારનો દરવાજો ફોડી અંદર જવું નહિ. દેણદારને પકડયો હોય અને તે પકડવાનું ખરચ તથા હુકમનામાની રકમ પકડનાર અમલદારને આપે તો તુરત તેને છોડી મુકવો જોઈએ. ખોરાકીના પૈસા કોર્ટમાં ભર્યા શીવાય કોઈ દેણદારને પકડી શકાય નહિ. ખોરાકીની રકમ ફરીઆદના ખરચમાં ગણવામાં આવે છે. બજાવણીમાં છ માસ કરતાં વધારે મુદત સુધી કોઇ સખસને કેદ કરી શકાય નહિ; અથવા રૂા. ૫૦) કરતાં વત્તી નહિ એવી રકમનું આપવાનું હુકમનામું હોય તો છ અઠવાડીઆં કરતાં વધારે

મુદત સુધી કેદ કરવામાં આવે નહિ. પૈસા આપવાનું હુકમનામું બજાવવામાં સ્રીને પકડવી અથવા અટકાયતમાં રાખવી નહિં; પકડેલા માણસને મંદવાડના સબબથી છોડી મુકવાને કોર્ટ મુખત્યાર છે.

"નાદારીમાં ફરીઆદ કરવા બાબત"—ફરીઆદ અરજીને વાસ્તે યોગ્ય કોર્ટ ફી ભરવા જેટલાં પુરતા સાધન જે સખસ પાસે ન હોય અથવા તેવી ફી ન ઠરાવી હોય ત્યાં, ફરીઆદના વિષય તથા જરૂરીઆત પેહેરવાના વસ્ત્ર શિવાય જેની માલીકીની સો રૂપીઆની મિલકત ન હોય તેવા સખસને નાદાર કહેવાય. એવો સખસ નાદારીમાં ફરીઆદ આપી શકે એવી અરજ લેખી કરવી અને તે સાથે સ્થાવર અને જંગમ મિલકતનું એક પત્રક આસરા પડતી કીંમત સાથેનું તે અરજી સાથે રજુ કરવું જોઈએ અને તે અરજી ઉપર સહી તથા સાચાપણાનો એકારાર કરવો અને તે અરજી જાતે કોર્ટમાં આપવી.

"કઈ ફરીઆદો નાદારીમાં ચલાવી શકાતી નથી"—નાત બહાર કાઢયા બાબતની, આબરૂ લીધા બાબત, આળ ચઢાવ્યા બાબત, ગાળ દીધા બાબત, અથવા હુમલા કર્યા બાબત નુકસાનીનો બદલો મળવા સારૂ નાદારીમાં કોઈ ફરીઆદ ચાલશે નહિ.

સરકાર ઉપર ફરીઆદ કરવાની હોય ત્યારે તે ફરીઆદ "હિંદુસ્તાનના સ્ટેટ સેક્રેટરી ઈન કાઊન્સીલ" ઉપર કરવી, પરંતુ એવી ફરીઆદ અરજી કરતાં પહેલાં ઓછામાં ઓછા બે મહિના આગળ જીલ્લાંના કલેકટરને અથવા સરકારના સેક્રેટરીને લેખી નોટીસ આપવી જોઈએ. એ નોટીસમાં દાવાનું કારણ, વાદી થવા ધારતો હોય તેનું નામ અને રેહેવાનું ઠેકાણું જણાવવું જોઇએ.

સગીરે કરવાની દરેક ફરીઆદ તેના નામથી પાક્કી સમજ તથા પાક્કી ઉમરના સખસે કરવી. તે પાકી ઉમરનો માણસ સગીરનો ઇષ્ટ મિત્ર કેહેવાય છે. સગીરના લાભથી તેનો લાભ ઉલટો ન હોવો જોઇએ અને તે ફરીઆદમાં તે પ્રતીવાદી ન હોવો જોઇએ. પ્રતીવાદી સગીર હોય તો, કોર્ટે કોઈ લાયક સખસને સગીરનો તે ફરીઆદ પુરતો વાલી નીમવો. ઇષ્ટ મિત્રે અથવા ફરીઆદ પુરતા વાલીએ, કોર્ટની પરવાનગી વગર, સગીરની વતી કંઈ કબુલાયત અથવા તોડ જોડ કરવી નહિ. જે સખસો દિવાના ઠરેલા હોય તેમની બાબતમાં ઉપરની કલમ લાગુ પડે છે.

સાર્વજનીક, ધર્મદાય, અથવા ધર્મ સંબંધી કામ સારૂ સ્પષ્ટ અથવા ગર્ભિત રીતે ઉત્પન્ન થયલો કંઈ જુમ્મો (ટ્રસ્ટ) તોડયો છે એમ કેહેવામાં આવતું હોય ત્યારે, અથવા તેવા કોઈ જુમ્મા (ટ્રસ્ટ)નો વહીવટ કરવા સારૂ કોર્ટના હુકમની જરૂર

જણાય ત્યારે, એડવોકેટ જનરલ (પોતાના હોદ્દાના સંબંધથી), અથવા ટ્રસ્ટમાં જેમનો પ્રત્યક્ષ સંબંધ હોય, અને જેમણે એડવોકેટ જનરલની લેખી સંમતી મેળવી હોય, તેવા બે અથવા વધારે સખસો, ડીસ્ટ્રીકટ કોર્ટમાં અથવા હાઈકોર્ટમાં (૧) નવા ટ્રસ્ટી નીમવા, (૨) મિલકતો ટ્રસ્ટીઓને પ્રાપ્ત કરવા, (૩) જે જે બાબતો માટે ટ્રસ્ટ હોય તે તે બાબતોમાં તે શા પ્રમાણમાં આપવું તે ઠરાવવા, (૪) ટ્રસ્ટની બધી અથવા થોડી ઘણી મિલકત ભાડે આપવાનો, વેચવાનો, ઘરાણે મુકવાનો, અથવા બદલવાનો અખત્યાર આપવા, અને (૫) તેની વ્યવસ્થા કરવા સારૂ કંઈ યોજના મુકરર કરવા, ફરીઆદ કરવાને મુખત્યાર છે. સ્થાનિક સરકારની અગાઉથી મંજુરી લઈને કલેકટર પણ એડવોકેટ જનરલનો અખત્યાર ચલાવી શકે.

"અપીલો વિષે"—અવલ હકુમત ચલાવનારી કોર્ટોના હુકમનામા ઉપર અથવા હુકમનામાના કંઈ ભાગ ઉપર અપીલ ચાલી શકે. અપીલ કરવી તે યાદીના રૂપમાં લખવી, અને તે એપેલન્ટે આપવી, તેની સાથે હુકમનામાની તથા ફેસલાની નકલ પણ જોડવી, એ અપીલ યાદીમાં હુકમનામા ઉપર હરકત લેવાના **કારણો** સંક્ષેપમાં કલમવાર લખવાં, તેમાં કંઈ દલીલ અથવા હકીકત લખવી નહિ, કારણો ઉપર અનુક્રમે નંબર પાડવા. અપીલ થઈ એટલાજ કારણ ઉપરથી હુકમનામાની બજાવણી બંધ રખાતી નથી. પુરતું કારણ હોય તોજ અપીલ કોર્ટ બજાવણી બંધ રાખવાનો હુકમ કરે. નિચેના કોઈ કારણો પૈકી કોઈ કારણને લીધે **બીજી અપીલ** હાઇ કોર્ટમાં થઈ શકે:—(૧) કાયદાથી અથવા રીવાજથી ફેંસલો ઉલટો હોય; (૨) કાયદાના અથવા રીવાજના કોઈ અગત્યના મુદ્દાનો ફેંસલામાં નિર્ણય કર્યો નહિં હોય; (૩) કામ ચલાવવાની રીતમાં એવી મોટી ભુલ અથવા ખામી રહી હોય, કે જેથી ગુણ દોષ ઉપર ફેંસલો આપવામાં વખતે ભુલ અથવા ખામી રહી હોય, બીજા કોઈ કારણસર બીજી અપીલ ચાલશે નહિ. સ્મોલકોઝ કોર્ટ (ન્હાના દાવા સાંભળનારી કોર્ટ) સાંભળી શકે તેવી જાતની કોઈ ફરીઆદમાં જો અસલ ફરીઆદના વિષયની રકમ અથવા કિમત રૂ. ૫૦૦) કરતાં વધારે ન હોય તો, તેવી ફરીઆદ ઉપર બીજી અપીલ ચાલશે નહિ.

"નિચેના હરકોઈ હુકમો ઉપર અપીલ થઈ શકે છે"—ફરીઆદનું કામ બંધ કરવા વિષે હુકમો; વાદી અથવા પ્રતીવાદી તરીકે કોઈ સખસનું નામ કાઢી નાખવા અથવા સામેલ કરવા વિશે કરેલા હુકમો; પક્ષકારને જાતે હાજર થવા કરેલા હુકમો; દાવાનું કારણ સામીલ કરવા બાબતના હુકમો; દાવાનું કારણ બાતલ કરવાના હુકમો; દુરસ્ત કરવા અથવા યોગ્ય કોર્ટમાં આપવા સારૂ ફરીઆદ અરજી

પાછી આપવા વિષેના હુકમો; એક કરજ બીજા કરજમાં મજરે અપાવવાના અથવા મજરે અપાવવાની ના કહેવાના હુકમો; ફરીઆદ કાઢી નાંખી હોય તે રદ કરવાનો હુકમ; એકતરફી હુકમનામું રદ કર્યાનો હુકમ; લેખી કેફીઅત અથવા દરખાસ્ત નામંજુર કર્યા બાબતના હુકમો; કંઈપણ વસ્તુ અટકાવી રાખવા કરેલા હુકમ; જંગમ મિલકત જપ્ત કરી વેચવાના હુકમો; સ્થાવર મિલકતના વેચાણ કાયમ રાખવા, રદ કરવા, અથવા રદ કરવાની ના કહેવા બાબતના હુકમો; નાદારીની બાબતમાં કરેલા હુકમો; લવાદી રદ કરવા વિશે કરેલા હુકમો; લવાદના નિવાડામાં ફેરફાર કરવા કરેલા હુકમો; કોઈ સખસને દંડ કરવાના, પકડવાના અથવા કેદ કરવાના હુકમો, એ વીગેરે.

"નાદારીમાં કોણ અપીલ કરી શકે"—અપીલ કરવાનો કોઈ સખસને હક હોય, અને અપીલની અરજીને વાસ્તે જે ફી જોઈએ તે આપવાની તેને તાકાત ન હોય તો અપીલની યાદી સાથે અરજ આપવાથી તેવો સખસ નાદારીમાં અપીલ કરી શકે.

"ફેસલાની ફરી તપાસ"—મારી જાણમાં ન હતો એવો નવો અને અગત્ય નો પુરાવો મને જડી આવ્યો છે તે કારણથી, અથવા કાગળો જોતાંજ કંઈ ભુલ કે ચુક ઉઘાડી માલમ પડી આવે છે, એ કારણથી, અથવા બીજા કોઈ પુરતા કારણથી, જે કોર્ટે હુકમનામું કર્યું હોય તે કોર્ટને ફરી તપાસને વાસ્તે અરજ થઈ શકે છે.

"પ્રતીવાદીએ લક્ષમાં રાખવાજોગ બાબતો"—પોતાની વિરૂદ્ધ થયલું એક-તરફી હુકમનામુ રદ કરાવવા માટે નિચેના સબબો બતાવી શકે; ૧. સમન યોગ્ય રીતે બજયો નહતો; સુનાવણી વખતે પુરતા સબબને લીધે હાજર થઈ શકાયું નહિ. ૨. પ્રથમ લેખી કેફીઅત આપી ન હોય તથા તે દફતરમાં દાખલ કરવામાં આવી ન હોય તો, પ્રતીવાદી, વાદીને પુછવા સારૂ, સવાલનામું આપી શકે નહિ. ૩. લેખી સવાલના જવાબ આપશે નહિ, અગર દસ્તાવેજ બતાવશે નહિ તો દાવાનો એકતરફી નિકાલ થશે.

"વાદીએ અવસ્ય લક્ષમાં રાખવાજોગ બાબતો"—૧. દાવાના કંઈ ભાગની ફરીઆદ કરવી રેહેવા દે, અથવા તે ભાગ છોડી દેવામાં આવે તો, રેહેવા દીધેલા કે છોડી દીધેલા ભાગ વિશેની ફરીઆદ પછીથી ચાલશે નહિ. ૨. વાદીની ગેરહાજરીથી તેના વિરૂદ્ધ હુકમનામુ થાય, તો પછી નવી ફરીઆદ ચાલતી નથી. પુરતું કારણ હોય તોજ કાઢી નાંખેલી ફરીઆદ પાછી ફાઈલ ઉપર લેવાશે. ૩. લેખી સવાલના જવાબ આપશે નહિ, અગર દસ્તાવેજ બતાવશે નહિ તો દાવો કાઢી નાંખવાને પાત્ર થાય છે. ૪. ઠરાવને દિવસે ગેરહાજર રહે તો ફરીઆદ કાઢી નાંખવામાં આવે છે. કોર્ટે

ફી ન ભરવાનો કે ગેરહાજર રહેવાનો પુરતો સબબ બતાવી ત્રીસ દિવસમાં અરજી કરી કોર્ટની ખાત્રી કરે તો ફરીઆદ પાછી ફાઇલ ઉપર લેવાય.

"હુકમનામાવાળાએ લક્ષમાં રાખવાજોગ બાબતો"—૧. બજાવણીમાં જે પૈસા મળ્યા હોય, અગર કાંઈ તોડ કર્યો હોય તેની ખબર કોર્ટને આપવી જોઈએ. ૨. હુકમનામું બજાવનાર કામદાર, બેલીફ અથવા કારકુનને જોઇતી માહિતી તથા મદદ કરવી જોઈએ. ૩. કોર્ટની પરવાનગી વગર, જે હુકમનામુ બજાવવામાં મિલકત વેચાતી હોય તે મિલકતની માગણી કરવી નહિ, કે તે ખરીદવી નહિ.

"હુકમનામાના દેણદારે લક્ષમાં રાખવાજોગ બાબતો"—૧. જપ્ત કરેલી મિલ્કતના વેચાણનું ઉત્પન્ન હુકમનામાના કરજની ભરપાઈ કર્યા પછી બાકી રહે તે લેવાનો હક દેણદારનો છે. ૨. માંહોમાંહે તોડ કર્યાની ખબર કોર્ટને આપીને સામાવાળા ઉપર નોટીસ કહાડવાની અરજ કરવી. ૩. નાદાર ઠરવા સારૂ અરજ કરવી.

દીવાની—અરજીઓ વિગેરેના નમુના.

નંબર ૧.*

ધીરેલા પૈસા વિશે.

ની કોર્ટમાં.

દીવાની ફરીઆદ નંબર.

અ, બ. રહેનાર..વાદી.

વિરૂદ્ધ.

ક, ડ. રહેનાર..પ્રતીવાદી.

દાવો રૂ૦

હું અ. બ., ઉપર કહેલો વાદી જણાવું છું કેઃ—

૧. તારીખ માહે સને ૧૯ રોજ મેં રૂા. પ્રતિવાદીને ધીર્યા તે તારીખ માહે સને રોજ પાછા આપવાના હતા.

૨. પ્રતિવાદીએ તારીખ માહે સને ૧૯ રોજ રૂા. આપ્યા છે, તે સિવાય તેણે કંઈ આપ્યું નથી.

* નોટઃ—બીજા સઘળા નમુના માટે નંબર ૧ મુજબ મથાળું કરવું જોઇએ.

(મુદતનો કોઈ કાયદો લાગુ કરવાની માફી વાદી માગતો હોય તો લખવું કેઃ—)

૩. તારીખ માહે સને થી તારીખ માહે સને સુધી હું વાદી નાની ઉમરનો (અથવા દિવાનો) હતો.

૪. (દાવાનું કારણ ક્યારે ઉત્પન્ન થયું તે અને કોર્ટની હકુમત છે તે વાત લખવી.)

૫. ફરિયાદના વિષયની કિંમત હકુમતના કારણ સારૂ રૂપિયા અને કોર્ટ ફીના કારણ સારૂ રૂપિયા છે.

૬. તારીખ માહે સને ૧૯ થી દર સેંકડે ટકા પ્રમાણે વ્યાજ સહિત રૂા. મળવાનો વાદી દાવો કરે છે.

નંબર ૨.

વધારે આપેલા પૈસા વિશે.

હું અ. બ., ઉપર કહેલો વાદી જણાવું છું કેઃ—

૧. તારીખ માહે સને ૧૯ રોજ આને તોલા પ્રમાણે શુદ્ધ રૂપાના પાસલા મેં ખરીદ કરવાનો અને પ્રતિવાદીએ વેચવાનો કરાર કર્યો.

૨. મેં એક ઈ. ફ. પાસે તે પાસલાની પરિક્ષા કરાવી, તે પરિક્ષા બદ્દલ પ્રતિવાદીએ તેને પૈસા આપ્યા; અને સદરહુ ઈ. ફ. એ એવું કહ્યું કે તે પાસલામાંનો દરેક પાસલો ૧,૫૦૦ તોલા શુધ્ધ રૂપાનો છે, અને તેથી કરીને મેં પ્રતિવાદીને તે પાસલાના રૂપિયા આપ્યા.

૩. પાસલામાંના દરેક પાસલામાં માત્ર ૧,૨૦૦ તોલા શુદ્ધ રૂપું હતું અને આ બાબતની મને પૈસા આપતી વખતે ખબર ન હોતી.

૪. આ રીતે વધારે અપાએલી કિંમતની રકમ પ્રતિવાદીએ પાછી આપી નથી.

(અહિંયા નમુના નંબર ૧ ના ૪ થા તથા ૫ મા પારેગ્રાફમાંનો મજકુર લખવો તથા જે દાદ માગવી હોય તે લખવી.)

નંબર ૩.

મુકરર કિંમતે માલ વેચીને સ્વાધીન કર્યો હોય તે બદલ.

હું, અ. બ., ઉપર કહેલો વાદી જણાવું છું કેઃ—

૧. તારીખ માહે સને ૧૯ રોજ ઈ. ફ. એ પ્રતિવાદીને (સો પીપ લોટનાં, અથવા આ સાથે જોડેલી યાદમાં કહેલો સામાન અથવા પરચુરણ સામાન) વેચીને સ્વાધીન કર્યો.

૨. તે માલ બદલ તે સ્વાધીન કરવામાં આવે એટલે (અથવા તારીખ માહે સને રોજ, ફરીયાદ દાખલ કર્યા પેહેલાંનો કોઇ દિવસ) રૂ આપવાનું પ્રતિવાદીએ વચન આપ્યું.

૩. તેણે તે રકમ આપી નથી.

૪. તારીખ માહે સન ૧૯ રોજ ઈ. ફ. મરણ પામ્યો. તેણે પોતાના છેવટના મૃત્યુપત્ર ઉપરથી પોતાના ભાઇને એટલે મને મૃત્યુપત્ર ચલાવનાર નીમ્યો છે.

(અહીંયા નમુના નંબર ૧ ના ૪ થા તથા ૫ મા પારેગ્રાફમાંનો મજકુર લખવો.)

૭. ઇ. ફ. નો મૃત્યુપત્ર ચલાવનાર તરીકે હું વાદી દાદ માગું છુ (દાદ માગવી હોય તે લખવી).

નંબર ૪.

વાજબી કિંમતે માલ વેચીને સ્વાધીન કર્યો હોય તે બદલ.

હું, અ. બ., ઉપર કહેલો વાદી જણાવું છું કેઃ—

૧. તારીખ માહે સને ૧૯ રોજ (ઘર શણગારનો પરચુરણ સામાન) મેં પ્રતિવાદીને વેચ્યો અને સ્વાધીન કર્યો પણ કિંમત વિશે કંઈ સ્પષ્ટ કરાર કરવામાં આવેલો નથી.

૨. તે સામાનની વાજબી કિંમત રૂ. હતી.

૩. પ્રતિવાદીએ તે આપી નથી.

(અહીંયા નમુના નંબર ૧ ના ૪ થા તથા ૫ મા પારેગ્રાફમાંનો મજકુર લખવો તથા જે દાદ માગી હોય તે લખવી).

નંબર ૫.

પ્રતિવાદીના કહેવાથી સામાન ન બનાવ્યો હોય અને કબુલ ન કરે તે વિષે.

હું, અ. બ., ઉપર કહેલો વાદી જણાવું છું કેઃ—

૧. તારીખ માહે સને ૧૯ રોજ ઈ. ફ. એ મારી સાથે એવો કરાર કર્યો કે, મારે તેને સારૂ (છ ટેબલ અને પચાસ ખુરસીઓ) બનાવવી, અને તે સ્વાધીન કરૂં એટલે તેની કિંમતના રૂ. સદરહુ ઇ. ફ. એ આપવા.

૨. સદરહુ સામાન મેં બનાવ્યો અને તારીખ માહે સને ૧૯ રોજ સદરહુ ઈ. ફ. ને કહ્યું કે તું તે સ્વાધીન લે અને ત્યારથી તે સામાન સ્વાધીન કરવાને હું તૈયાર અને ખુશી છું.

૩. ઈ. ફ. એ તે સામાન કબુલ કર્યો નથી અથવા તેની કિંમત આપી નથી.

(નમુના નંબર ૧ ના ૪ થા તથા ૫ મા પારેગ્રાફમાંનો મજકુર લખવો તથા જે દાદ માગી હોય તે લખવી).

નંબર ૬.

(લીલામમાં વેચેલો માલ) ફરી વેચવાથી જે કમી ઉપજ્યું તે બદલ.

હું, અ. બ., ઉપર કહેલો વાદી જણાવું છું કેઃ—

૧. તારીખ માહે સને ૧૯ મેં પરચુરણ (માલનું) લીલામ કર્યું; એવી શરતથી કે જે સઘળો માલ ખરીદવામાં આવે તેનો ખરીદદાર વેચાણ પછી (દશ દિવસમાં) તેની કિંમત આપીને લઇ નહિ જાય તો, તે ખરીદદારની વતી તે માલ લીલામથી ફરી વેચવામાં આવશે. આ શરતની પ્રતિવાદીને ખબર આપી હતી.

૨. સદરહુ લીલામમાં પ્રતિવાદીએ (એક ટોપલો માટીનાં વાસણ) રૂ. માટે ખરીદ કર્યાં.

૩. વેચાણને દિવસે અને ત્યારપછી (દશ દિવસ સુધી) તે સ્વાધીન કરવાને હું તૈયાર અને ખુશી હતો.

૪. પોતે ખરીદ કરેલો સદરહુ માલ પ્રતિવાદી લેઈ ગયો નહિ અને વેચાણ પછી (દશ દિવસમાં) અથવા ત્યારપછી તેની કિંમત આપી નથી.

૫. તારીખ સને ૧૯ રોજ સદરહુ (ટોપલો માટીનાં વાસણ) પ્રતિવાદીની વતી જાહેર લીલામથી રૂ. માટે મેં ફરી વેચ્યાં.

૬. તે ફરી વેચવાને લીધે થએલા ખરચનો આંકડો રૂ. થાય છે.

૭. આ રીતે રૂ. કમી આવ્યા તે પ્રતિવાદીએ આપ્યા નથી.

(આહીંયા નમુના નંબર ૧ ના ૪ થા તથા ૫ મા પારેગ્રાફમાંનો મજકુર લખવો તથા જે દાદ માગી હોય તે લખવી).

નંબર ૭.

વાજબી કિંમતે કામ કર્યા બદલ.

હું, અ. બ., ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧. માં, તારીખ માહે સને ૧૯ અને તારીખ માહે સને ૧૯ ની દરમ્યાન, મેં પ્રતિવાદીના કહેવાથી પ્રતિવાદીને સારૂ (નાના પ્રકારનાં ચિત્ર (ડ્રૉઇંગ્સ), નકશા (ડીઝાઇન) અને આકૃતીઓ તૈયાર કર્યા છે) પરંતુ તે કામને વાસ્તે આપવાની રકમ વિશેનો કંઇ સ્પષ્ટ કરાર થયો નથી.

૨. તે કરવાની વાજબી કિંમત રૂ૦ હતી.

૩. પ્રતિવાદીએ તે આપેલી નથી.

(અહિંયા નમુના નંબર ૧ ના ૪ થા તથા ૫ મા પારેગ્રાફમાંનો મજકુર લખવો તથા જે દાદ માગી હોય તે લખવી).

નંબર ૮.

વાજબી કિંમતે કામ કર્યું હોય અને સામાન આપ્યો હોય તે વિશે.

હું, અ. બ., ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧. માં, તારીખ માહે સને ૧૯ રોજ મેં પ્રતિવાદીને સારૂ પ્રતિવાદીના કહેવાથી (માં, નંબર થી ઓળખાય છે તે) ઘર બાંધ્યું અને તેને વાસ્તે સામાન પુરો પાડયો, પણ તે સામાન અને કામને વાસ્તે આપવાની રકમવિશેનો કંઇ સ્પષ્ટ કરાર થયો નથી.

૨. પુરો પાડેલો સામાન અને કામની વાજબી કિંમત રૂ૦ હતી.

૩. પ્રતિવાદીએ તે આપી નથી.

(અહીંયા નમુના નંબર ૧ ના ૪ થા તથા ૫ મા પારેગ્રાફમાંનો મજકુર લખવો અને જે દાદ માગી હોય તે લખવી).

નંબર ૯.

ઉપભોગ તથા કબજા વિશે.

મૈયત ક્ષ. ય. નું મૃત્યુપત્ર ચલાવનાર હું, અ. બ., ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧. પ્રતિવાદીએ સદરહુ ક્ષ. ય. ની રજાથી તારીખ માહે

સને ૧૯ થી તારીખ માહે સને ૧૯ પર્યંત (મહેલ્લા-માંનું ઘર નંબર) ઉપભોગમાં લીધું અને સદરહુ મકાનના ઉપભોગને બદલે શું આપવું તેનો કાંઈ કરાર થયો નથી.

૨. સદરહુ મકાનની સદરહુ મુદત પર્યંત ઉપભોગ કરવાની વાજબી કિંમત રૂા૦ થાય છે.

૩. પ્રતિવાદીએ તે આપ્યા નથી.

(નમુના નંબર ૧ ના ૪ થા તથા ૫ મા પારેગ્રાફમાંનો મજકુર લખવો).

૬. સદરહુ ક્ષ. ય. ના મૃત્યુપત્ર ચલાવનાર તરીકે હું વાદી દાદ માગું છું (જે દાદ માગી હોય તે લખવી).

નંબર ૧૦.

લવાદના ફેસલા ઉપરથી.

હું. અ. બ., ઉપર કહેલો વાદી જણાવું છું કેઃ—

૧. મારી અને પ્રાતવાદી વચ્ચે (તેલનાં ૧૦ પીપની કિંમત બદલ મારી માગણી હતી તે પ્રતિવાદી આપવાને ના કહેતો હતો) તે વિશે તકરાર પડવાથી, તારીખ માહે સને ૧૯ રોજ મેં અને પ્રતિવાદીએ તે તકરાર ઇ. ફ. અને ગ. હ. ની લવાદી ઉપર સોંપવાનો લેખી કરાર કર્યો તેની અસલ પ્રત આ સાથે જોડી છે).

૨. સદરહુ લવાદોએ તારીખ માહે સને ૧૯ રોજ એવો નિવેડો કર્યો છે કે પ્રતિવાદીએ (મને રૂા. આપવા).

૩. પ્રતિવાદીએ તે આપ્યા નથી.

(અહિંયા નમુના નંબર ૧ ના ૪ થા તથા ૫ મા પારેગ્રાફમાંનો મજકુર લખવો તથા જે દાદ માગી હોય તે લખવી.)

નંબર ૧૧.

પરરાજ્યના ફેસલા ઉપરથી.

હું. અ. બ., ઉપર કહેલો વાદી જણાવું છું કેઃ—

૧. ના સંસ્થાનમાં (અથવા રાજ્યની), માં તારીખ માહે સને ૧૯ રોજ તે સંસ્થાનની (અથવા રાજ્યની), કોર્ટમાં મારી અને પ્રતિવાદીની વચ્ચે ફરિયાદ ચાલતી હતી, તેમાં તે

કોર્ટે યોગ્ય રીતે એવો ઠરાવ કર્યો છે કે પ્રતિવાદીએ મને રૂ૦ તથા સદરહુ તારીખથી વ્યાજ આપવું.

૨. પ્રતિવાદીએ તે આપ્યું નથી.

(અહિંયા નમુના નંબર ૧ ના ૪ થા તથા ૫ મા પારેગ્રાફમાંનો મજકુર લખવો તથા જે દાદ માગી હોય તે લખવી).

નંબર ૧૨.

ભાડું લેવા વિશે જામીન ઉપરના.

હું. અ. બ., ઉપર કહેલો વાદી જણાવું છું કેઃ—

૧. તારીખ માહે સને ૧૯ રોજ દર વરસે રૂ૦ ભાડું ઠરાવીને અને તે ભાડું (દર મહિને) આપવું એવો કરાર કરીને વરસની બોલીએ (મેહેલ્લામાં નંબરનું ઘર) મારી પાસેથી એક ઈ. ફ. એ ભાડે રાખ્યું.

૨. સદરહુ ઘર તેની હદ સુધાંત સદરહુ ઈ. ફ. ને ભાડે આપ્યું, તેના બદલામાં પ્રતિવાદીએ એવો કરાર કર્યો કે, સદરહુ ભાડું બરોબર વખતે વખત મળશે એ બાબતનો હું જામીન થાઉં છું.

૩. સન ૧૯ ના માસનું ભાડું રૂ૦ થયું તે આપ્યું નથી.

(કરારનામાની શરતપ્રમાણે જામીનને નોટીસ આપવાની હોય તો, વધારવુ કેઃ—)

૪. સદરહુ ભાડું મને પહોંચ્યું નથી એ બાબતની તારીખ માહે સને ૧૯ રોજ મેં પ્રતિવાદીને નોટીસ આપી અને ભાડું માગ્યું.

૫. તે પ્રતિવાદીએ આપ્યું નથી.

(અહિંયા નમુના નંબર ૧ ના ૪ થા તથા ૫ મા પારેગ્રાફમાંનો મજકુર લખવો તથા જે દાદ માગી હોય તે લખવી).

નંબર ૧૩.

જમીન ખરીદ કરવાનો કરાર તોડયાબદલ.

હું અ. બ., ઊપર કહેલો વાદી જણાવું છું કેઃ—

૧. તારીખ માહે સને ૧૯ રોજ મેં અને પ્રતિવાદીએ એક કરારનામું કર્યું જે અસલ દસ્તાવેજ આ સાથે જોડયો છે.

(અથવા, તારીખ માહે સન ૧૯ રોજ, મેં અને પ્રતિવાદીએ અરસપરસ એવી કબુલાયત કરી કે ગામમાં ચાલીસ વીઘા જમીન રૂ૦ માટે મારે પ્રતિવાદીને વેચવી અને પ્રતિવાદીએ તે મારી પાસેથી ખરીદ કરવી).

૨. તારીખ માહે સને ૧૯ રોજ સદરહુ મિલકતનો હું કુલ માલક હોવાથી (અને તે મિલકત ઊપર કંઇ બોજો નથી એમ પ્રતિવાદીને જણાવ્યું હતું તે પ્રમાણે તે ઊપર કંઇ બોજો ન હોવાથી) પ્રતિવાદી નક્કી કરેલી રકમ આપે એટલે જોઇએ તેવું તે મિલકતનું તબદીલી પત્ર કરી આપું છું એમ તે વખતે તેને કહયું (અથવા પુરતો દસ્તાવેજ કરી આપીને તે મિલકત પ્રતિવાદીને તબદીલ કરી આપવાને હું તૈયાર તથા ખુશી હતો, હજી તેમ કરવા તૈયાર તથા ખુશી છું અને ખરીદી લે એમ મેં તેને કહ્યું).

૩. પ્રતિવાદીએ તે રકમ આપી નથી.

(અહિંયા નમુના નંબર ૧ ના ૪ થા તથા ૫ મા પારેગ્રાફમાંનો મજકુર લખવો તથા જે દાદ માગી હોય તે લખવી).

નંબર ૧૪.

વેચેલો સામાન સ્વાધીન ન કર્યા બદલ.

હું અ. બ., ઊપર કહેલો વાદી જણાવું છું કેઃ—

૧. તારીખ માહે સન ૧૯ રોજ મેં અને પ્રતિવાદીએ અરસપરસ એવો ઠરાવ કર્યો કે પ્રતિવાદીએ (આટાનાં ૧૦૦ પીપ તારીખ માહે સને ૧૯ રોજ) મારે સ્વાધીન કરવાં. અને તે સ્વાધીન થાય એટલે તેની કિંમતના મારે રૂ૦ પ્રતિવાદીને આપવા.

૨. (સદરહુ) તારીખે સદરહુ સામાન તે સ્વાધીન કરે તો સદરહુ રકમ આપવાને હુ તૈયાર અને ખુશી હતો તથા તે લે એમ મેં પ્રતિવાદીને કહ્યું.

૩. પ્રતિવાદીએ તે માલ સ્વાધીન કર્યો નથી તેથી કરીને તે સ્વાધીન થવાથી મને જે નફો મળત તે મારો ગયો.

(અહિંયા નમુના નંબર ૧ ના ૪ થા તથા ૫ મા પારેગ્રાફમાંનો મજકુર લખવો તથા જે દાદ માગી હોય તે લખવી).

નંબર ૧૫.

ગેરવાજબી રીતે નોકરીમાંથી કાહાડી મુકવા બદલ.

હું અ. બ., ઉપર કહેલો વાદી જણાવું કે:—

૧. તારીખ   માહે   સને ૧૯   રોજ મારી અને પ્રતિવાદી વચ્ચે અરસપરસ એવો કરાર થયો કે, મારે (હિસાબ રાખનાર તરીકે અથવા મુકાદમ તરીકે અથવા જે હોય તે) તરીકે પ્રતિવાદીની નોકરી કરવી અને પ્રતિવાદીએ મને તે તરીકે (એક વરસ)ની મુદત સુધી નોકર રાખવો અને મારી નોકરી બદલ મને (મહિને) રૂ૦   આપવા.

૨. તારીખ   માહે   સને ૧૯૧ રોજ હું સદરહુ પ્રમાણે પ્રતિવા:-દીની નોકરીમાં દાખલ થયો અને સદરહુ વરસની બાકીની મુદતમાં તે નોકરી જારી રાખવાને હું ત્યારથીજ અને હાલ પણ તૈયાર તથા રજી છું. અને તેની પ્રતિવાદીને હમેશાં ખબર છે.

૩. તારીખ   માહે   સને ૧૯૧ રોજ પ્રતિવાદીએ ગેરવાજબી રીતે મને નોકરીમાંથી રજા આપી, અને સદરહુ તરીકે મને નોકરી કરવા દીધી નહીં અથવા મારી નોકરી બદલ પગાર આપવાની ના કહી.

(અહિંયાં નમુના નંબર ૧ના ૪થા તથા ૫ મા પારેગ્રાફમાંનો મજકુર લખવો તથા જે દાદ માગી હોય તે લખવી.)

નંબર ૧૬.

નોકરી કરવાનો કરાર તોડયા બદલ.

હુ. અ. બ., ઉપર કહેલો વાદી જણાવું. છે કે:—

૧. તારીખ   માહે   સને ૧૯૧ રોજ મારી અને પ્રતિવાદી વચ્ચે અરસપરસ એવો કરાર થયો કે મારે પ્રતિવાદીને (વરસે) રૂ૦   મેહેનતાણું આપીને નોકરીમાં રાખવો. અને પ્રતિવાદીએ મારી (કારીગર) તરીકે (એક વરસ) ની મુદત સુધી નોકરી કકવી.

૨. સદરહુ કરારનો પોતાનો ભાગ પુરો કરવાને હું હમેશ તૈયાર અને રાજી છું (અને તારીખ   માહે   સને ૧૯   રોજ તે પ્રમાણે કરવાને મેં કહ્યું.)

૩. પ્રતિવાદી ઉપર કહેલી તારીખે (મારી) નોકરીમાં (દાખલ થયો) પણ

પછીથી તારીખ માહે સને ૧૯ રોજ તેણે સદરહુ પ્રમાણે (મારી) નોકરી કરવાને ના કહ્યું.

(અહિંયાં નમુના નંબર ૧ના ૪થા ૫મા પારેગ્રાફમાંનો મજકુર લખવો તથા જે દાદ માગી હોય તે લખવી.)

નંબર ૧૭.

ખામી ભરેલા કસબને માટે ઘર બાંધનાર ઉપર.

હું. અ. બ., ઉપર કહેલો વાદી જણાવું છું કેઃ—

૧. તારીખ માહે સને ૧૯ રોજ મારી અને પ્રતિવાદી વચ્ચે એક કરાર થયો તે અસલ કરાર આ સાથે જોડયો છે (અથવા કરારનો ભાવાર્થ લખવો).

૨. (સદરહુ કરારની મારા ભાગની બધી શરતો મેં યોગ્ય રીતે પુરી કરી છે).

૩. પ્રતિવાદીએ (સદરહુ કરારમાં બતાવેલું ઘર ખરાબ અને કારીગીર ન બાંધે તે રીતે બાંધ્યું છે.

(અહિંયાં નમુના નંબર ૧ના ૪થા તથા ૫મા પારેગ્રાફમાંનો મજકુર લખવો તથા જે દાદ માગી હોય તે લખવી).

નંબર ૧૮.

કારકુનના પ્રમાણિકપણા બાબતના દસ્તાવેજ ઉપરથી.

હું. અ. બ., ઉપર કહેલો વાદી જણાવું છેં કેઃ—

૧. તારીખ માહે સને ૧૯ રોજ મેં એક ઈ. ફ. ને કારકુન તરીકે નીમ્યો.

૨. તેના અવેજમાં, તારીખ માહે સને ૧૯ રોજ પ્રતિવાદીએ મારી સાથે એવી કબુલાયત કરી કે, જો સદરહુ ઈ. ફ. મારા કારકુન તરીકે પ્રમાણિકપણાથી પોતાનું કામ ન કરે અથવા મારે વાસ્તે તેને મળેલા બધા પૈસા, કરજ બદલ પુરાવાના લેખ, અથવા બીજી મિલકતનો મને હિસાબ ન આપે તો તેથી રૂ૦ સુધી મને જે નુકસાન આવે તે પ્રતિવાદીએ ભરી આપવું.

(અથવા ૨ તેના અવેજમાં તેજ તારીખનો પોતાની સહીથી લેખ કરી આપીને રૂ૦ ની રકમ ગુન્હેગારી તરીકે મને આપવાને પ્રતિવાદી પોતે મારી સાથે બંધાયો છે, એવી શરતથી કે, જો મારા કારકુન અને કિલીદાર તરીકે સદરહુ ઈ. ફ. પોતાનું કામ પ્રમાણિકપણે બજાવે અને જે જે પૈસા,

કરજ બદલ પુરાવાના લેખ, અને બીજી મિલકત કોઈપણ વખતે મારીવતી તેની પાસે હોય તે બધાનો ખરેખરો હિસાબ તે મને આપે તો તે કરાર રદ થાય).

(અથવા ૨ તેના અવેજમાં તેજ તારીખે પ્રતિવાદીએ મને દસ્તાવેજ લખી આપ્યો તેની અસલ આ સાથે જોડી છે).

૩. તારીખ માહે સને ૧૯ અને તારીખ માહે સને ૧૯ ની દરમ્યાન સદરહુ ઇ. ફ. એ પૈસા અને બીજી મિલકત મળીને રૂા૦ ની કીંમતની રકમ મારે માટે લીધી, તેનો એણે મને હિસાબ આપ્યો નથી. અને તે હજી લેહેણી તથા આપ્યા વગરની છે.

(અહિંયાં નમુના નંબર ૧ના ૪થા તથા ૫મા પારેગ્રાફમાંનો મજકુર લખવો, અને જે દાદ માગી હોય તે લખવી).

નંબર ૧૯.

ભાડુતે માલિક ઉપર કરવાની, વિશેષ નુકશાન થયું હોય તે સુદ્ધાંત.

હું. અ. બ., ઉપર કહેલો વાદી જણાવું છું કેઃ—

૧. તારીખ માહે સને ૧૯ રોજ પ્રતિવાદીએ રજીસ્ટર દસ્તાવેજથી (મેહેલ્લામાં નંબર નું ઘર) વરસની મુદત સુધી ભાડે આપ્યું. તેમાં મારી સાથે એવો કરાર હતો કે, મારે અને મારા કાયદેસર વારસ વકીલોએ તે ઘરનો સદરહુ મુદત સુધી સ્વસ્થપણે કબજો ભોગવવો.

૨. આ ફરીયાદ ચલાવવાનો મારો હક થવા માટે જે જે વાતો બનવાની જરૂર છે તે બધી પુરી પડી છે તથા બની છે.

૩. સદરહુ મુદતમાં તારીખ માહે રોજ એક ઇ.ફ. જે સદરહુ ઘરનો કાયદેસર માલીક હતો તેણે મને તે ઘરમાંથી કાયદેસર રીતે કાઢયો. અને હજીએ તે મને તે ઘરનો કબજો આપતો નથી.

૪. તેથી કરીને મને (સદરહુ જગાએ દરજીનો ધંધો જારી રાખવામાં હરકત પડી, ત્યાંથી નિકળવામાં રૂા૦ ખરચ લાગ્યો અને તે નિકળવાથી ગ. હ. તથા ઐ. જે.ની મારી ઘરાકી ગઇ).

(અહિંયાં નમુના નંબર ૧ના ૪થા તથા ૫માં પારેગ્રાફમાંનો મજકુર લખવો, અને જે દાદ માગી હોય તે લખવી).

નંબર ૨૦.

હામી બાબતના કરાર ઉપરથી.

હું. અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છું કેઃ—

૧. તારીખ માહે સને ૧૯ રોજ અ. બ. ને ક. ડ. ની પેઢીના નામથી થતા વેપારમાં હું અને પ્રતિવાદી પાંતીદાર હોવાથી સદરહુ પંત્યાળું તોડયું, અને અરસપરસ એવો કરાર કર્યો કે પ્રતિવાદીએ પંત્યાળાની બધી મિલકત લેવી અને રાખવી, પેઢીનું બધું કરજ આપવું, અને સદરહુ પેઢીને કંઈ કરજ હોવાને લીધે મારા ઉપર જે જે દાવા કરવામાં આવે તે બધાનું નુકસાન ભરી આપવું.

૨. સદરહુ કરારની મારા ભાગની બધી શરતો મેં ખરેખર રીતે પુરી કરી છે.

૩. તારીખ માહે સને ૧૯ રોજ (એક ઈ. ફ. નું સદરહુ પેઢી પાસે લેહેણું હતું તે બદલ તે સદરહુ ઈ. ફ. એ ની ન્યાયાધિકારી હૈકોર્ટમાં મારા અને પ્રતિવાદીના ઉપર એક ફેસલો મેળવ્યો, અને તારીખ માહે સને ૧૯ રોજ) મેં રૂ૦ (તે ભરપાઈ કરવા સારૂ) આપ્યા.

૪. તે પ્રતિવાદીએ મને આપ્યા નથી.

(અહિંયાં નમુના નંબર ૧ના ૪થા તથા ૫માં પારેગ્રાફમાંનો મજકુર લખવો તથા જે દાદ માગવામાં આવી હોય તે લખવી).

નંબર ૨૧.

દગાથી મિલકત મેળવ્યા બદલ.

હું અ. બ., ઉપર કહેલો વાદી જણાવું છું કે :—

૧. તારીખ માહે સને ૧૯ રોજ પ્રતિવાદીને અમુક સામાન વેચવાનું મને મન થાય એટલા માટે તેણે મને એમ સમજાવ્યું કે (હું–એટલે પ્રતિવાદી–દાર છું અને મારી બધી જવાબદારી જતાં રૂ. નો આસામી છું.)

૨. તે ઉપરથી રૂ. ની કિંમતનો (સુકો માલ) પ્રતિવાદીને વેચવાનું (તથા સ્વાધીન કરવાનું) મને મન થયું.

૩. સદરહુ સમજાવેલી વાતો ખોટી હતી (અથવા ખોટાપણાની વિશેષ વાતો હોય તે લખવી) અને તે ખોટી છે એમ પ્રતિવાદીને તે વખતે માલમ હતું.

૪. સદરહુ માલની કિંમત પ્રતિવાદીએ આપી નથી (અથવા જો માલ સ્વાધીન

ન કર્યો હોય તો) સદરહુ માલ તૈયાર કરીને વહાણમાં ચઢાવતાં અને તે પાછો આણતાં (મને રૂ. ખરચ લાગ્યો છે.)

અહિંયા નમુના નંબર ૧ના ૪થા તથા ૫મા પારેગ્રાફમાંનો મજકુર લખવો, તથા જે દાદ માગી હોય તે પણ લખવી.)

નંબર ૨૨.

દગાબાજીથી બીજા શખસને ઉધાર અપાવ્યા બદલ.

હું અ. બ., ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧. તારીખ માહે સને ૧૯ રોજ પ્રતિવાદીએ મને એમ સમજાવ્યું કે, એક ઇ. ફ. દાર છે, અને તેની સાખ સારી છે, તથા તેની બધી જવાબદારી જતાં તે રૂ. ની આસામી છે, (અથવા ઈ. ફ. તે વખતે જવાબદારીવાળી નોકરીમાં છે તથા તે, સારી હાલતમાં છે, અને નિર્ભયપણે તેની સાખ ઉપર તેને માલ ધીરી શકાય તેવો છે.)

૨. તે ઉપરથી ઈ. ફ.ને રૂ. કિંમતના (ચોખા) (મહિના ઉધારે) વેચવાને મારૂં મન થયું.

૩. સદરહુ સમજાવેલી વાતો ખોટી હતી અને તે ખોટી છે, એમ પ્રતિવાદી તે વખતે જાણતો હતો, અને મને ઠગવાના તથા દગો કરવાના હેતુથી (અથવા મને ઠગવાને અને નુકસાન કરવાને) તેણે એ વાતો સમજાવી હતી.

૪. ઈ. ફ.એ (સદરહુ માલની કિંમત સદરહુ ઉધારની મુદત વીતી તોએ આપી નહીં, અથવા) સદરહુ ચોખાની કિંમત આપી નથી, અને મને તેનું પુરેપુરૂં નુકસાન થયું.

અહિંયા નમુના નંબર ૧ના ૪થા તથા ૫મા પારેગ્રાફમાંનો મજકુર લખવો, તથા જે દાદ માગી હોય તે પણ લખવી.)

નંબર ૨૩.

વાદીની જમીનનું પાણી ગંદુ કર્યા બદલ.

હું, અ. બ., ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧. માં, નામની અમુક જમીનનો તથા તે જમીનમાંના કુવાનો તથા તે કુવામાંના પાણીનો કબજો ભોગવટો હાલ મારો છે તથા હેઠળ કહેલી બધી વખતે હતો, તથા સદરહુ કુવાનો અને કુવામાંના સદરહુ પાણીનો ઉપયોગ

અને લાભ લેવાનો હક્ક મારો હતો, તથા તે કુવામાં પાણીની આવક થવાને જે કંઈ પાણીના ઝરા અને વેહેળા વહીને કુવામાં આવતા હતા તે ઝરા તથા વેહેળાનું પાણી ગંદુ ન કરતાં અથવા ન બગાડતાં વહેતું રખાવવાનો હક મારો હતો.

૨. તારીખ માહે સને ૧૯ રોજ પ્રતિવાદીએ સદરહુ કુવો તથા તેમાંનું સદરહુ પાણી તથા કુવામાં વહી આવતા સદરહુ પાણીના ઝરા અને વહેળા ગેરવાજબી રીતે ગંદા કર્યા તથા બગાડયા.

૩. આ કારણને લીધે સદરહુ કુવાનું તે પાણી મેલું થયું તથા ઘરના અને બીજા જરૂરી કામને સારૂ બીનુપયોગી થયું, તથા સદરહુ કુવાનો અને પાણીનો ઉપયોગ અને લાભ હું અને મારૂં કુટુંબ લેતાં બંધ પડયાં.

(અહિંયાં નમુના નંબર ૧ના ૪થા તથા ૫મા પારેગ્રાફમાંનો મજકુર લખવો તથા જે દાદ માગી હોય તે પણ લખવી.)

નંબર ૨૪.

અપકારક કારખાનું ચલાવ્યા બદલ.

હું અ. બ., ઉપર કહેલો વાદી જણાવું છું કે :—

૧. માંની નામની અમુક જમીન મારા કબજામાં છે અને હેઠળ કહેલી બધી વખતે મારા કબજામાં હતી.

૨. તારીખ માહે સને ૧૯ થી આજસુધી ધાતુનો કચરો ગાળવાનું કંઈ કારખાનું પ્રતિવાદીએ ચલાવ્યું છે, તેમાંથી ખરાબ અને રોગકારક ધુમાડો અને બીજી વરાળો તથા અપકારક પદાર્થ મોટા જથ્થામાં પ્રતિવાદીએ ગેર-વાજબી રીતે કાઢયાં. તે ધુમાડો, વરાળ અને પદાર્થ સદરહુ જમીન ઉપર અને તે જમીનપર પ્રસર્યાં અને હવા બગાડી તથા સદરહુ જમીનની સપાટી ઉપર ઠર્યાં.

૩. તેથી કરીને સદરહુ જમીન ઉપર મારાં ઝાડ, વાડ, ચાર અને પાક ઉગતો, તેને નુકસાન થયું, અને કિંમતમાં તે ઉતરી ગયાં, તથા તે જમીનમાં મારાં જે ઢોર અને જીવધન હતું તે રોગી થઈને તેમાંથી કેટલાંક તો ઝેર લાગીને મરી ગયાં.

૪. તે કારણને લીધે, સદરહુ જમીનમાં એમ ન હોત તો હું જે રીતે મારાં ઢોર અને મેંઢા ચરાવત તે રીતે, મારાથી ચરાવી શકયું નહીં, તથા ત્યાંથી મારાં ઢોર, મેંઢા અને ખેતીનાં જનાવર મારે લઈજવાં પડયાં, તથા તેવી જમીન ન હોત ત્યારે તેનો જેવો લાભકારક અને આરોગ્યકારક ઉપયોગ ને ઉપભોગ હું લેત તેવો લેઈ શકયો નહીં.

(અહિંયાં નમુના નંબર ૧ના ૪થા તથા ૫મા પારેગ્રાફમાંનો મજકુર લખવો તથા જે દાદ માગી હોય તે પણ લખવી.)

નંબર ૨૫.

રસ્તાનો હક અટકાવ્યા બદલ

હું, અ. બ., ઉપર કહેલો વાદી જણાવું છું કે :—

૧. (ગામમાંનું એક ઘર) મારા કબજામાં છે, અને હેઠળ કહેલે વખતે તે મારા કબજામાં હતું.

૨. મારે પોતાને તથા મારા નોકરોને (વાહન સહીત અથવા પગે) વરસના કોઈપણ વખતે સદરહુ (ઘરમાં) થી અમુક ખેતરમાં થઇને સાર્વજનિક રાજમાર્ગે ઉપર જવાના, તથા તે રાજમાર્ગમાંથી સદરહુ ખેતરમાં થઈ સદરહુ ઘરમાં પાછા આવવાના રસ્તાનો મારો હક હતો.

૩. તારીખ   માહે   સને ૧૯   રોજ પ્રતિવાદીએ સદરહુ રસ્તો ગેરવાજબી રીતે અટકાવ્યો તેથી કરીને તે રસ્તે (વાહન સુધાંત અથવા પગે અથવા કોઈપણ રીતે) હું જઇ શકયો નહીં (અને ત્યારથી આજસુધી તે રસ્તો ગેરવાજબી રીતે અટકાવ્યો છે.)

૪. (કંઈ વિશેષ નુકસાન થયું હોય તો તે લખવું.)

(અહિંયાં નમુના નંબર ૧ના ૪થા તથા ૫મા પારેગ્રાફમાંનો મજકુર લખવો તથા જે દાદ માગી હોય તે પણ લખવી.)

નંબર ૨૬.

રાજમાર્ગે અટકાવ્યા બદલ.

૧.   થી   સુધી જતા સાર્વજનિક રાજમાર્ગમાં અટકાવ થાય એવી રીતે તે રસ્તામાં પ્રતિવાદીએ ગેરવાજબી રીતે ખાઈ ખોદીને માટી તથા પથરાનો ઢગલો કર્યો.

૨. તેથી કરીને સદરહુ ધોરી રસ્તે કાયદેસર રીતે જતાં હું સદરહુ માટી ને પથરા ઉપર (અથવા સદરહુ ખાઇમાં) પડયો અને મારો હાથ ભાંગ્યો અને ઘણું દુખ ભોગવ્યું તથા લાંબી મુદત સુધી મારો ધંધો ચલાવાયો નહીં અને વૈદને બોલાવીને ઔષધોપચાર કરવામાં ખરચ થયો.

(અહિંયા નમુના નંબર ૧ના ૪થા તથા ૫મા પારેગ્રાફમાંનો મજકુર લખવો તથા જે દાદ માગી હોસ તે પણ લખવી.)

નંબર ૨૭.

પાણીનો પ્રવાહ બીજી તરફ વાળ્યા બદલ.

હું. અ. બ., ઉપર કહેલો વાદી જણાવું છું કે :--

૧. ડિસ્ટ્રીકટમાં ગામમાં નામથી ઓળખાતા (વેહેળા) ઉપર ચકકી (મીલ) છે તે મારા કબજામાં છે અને હેઠળ કહેલે વખતે તે મારા કબજામાં હતી.

૨. તે કબજો હોવાને લીધે સદરહુ ચકકી ચલાવવા સારૂ સદરહુ વેહેળાના પ્રવાહ ઉપર મારો હક્ક છે.

૩. તારીખ માહે સને ૧૯ રોજ પ્રતિવાદીએ ગેરવાજબી રીતે સદરહુ વેહેળાનો કાંઠો તોડીને તેનું પાણી બીજી તરફ વાળ્યું તેને લીધે મારી ચકકીમાં થોડું પાણી આવ્યું.

૪. તેથી કરીને પાણી તે રીતે વાળ્યા પહેલાં દરરોજ ગુણો દળી શકતો, તેને ઠેકાણે હવે દરરોજ ગુણોથી વધારે દળી શકતો નથી.

(અહિંયાં નમુનો નંબર ૧ ના ૪ થા તથા ૫ મા પારેગ્રાફમાંનો મજકુર લખવો તથા જે દાદ માગી હોય તે પણ લખવી.)

નંબર ૨૮.

નીકથી જમીનને પાણી પાવાસારૂ પાણી લેવાના હક્કનો અટકાવ કર્યા બદલ.

હું અ. બ., ઉપર કહેલો વાદી જણાવું છું કે :--

૧. ઠેકાણાની વગેરે અમુક જમીન મારા કબજામાં છે અને હેઠળ નિર્દિષ્ટ કરેલે વખતે તે મારા કબજામાં હતી અને તે જમીનને નીકથી પાણી પાવા સારૂ અમુક વેહેળામાંથી કંઇ પાણી લેઈને તે ઉપયોગમાં લેવાનો મારો હક્ક છે.

૨. તારીખ માહે રોજ પ્રતિવાદીએ સદરહુ વેહેળાનું પાણી ગેરવાજબી રીતે અટકાવીને તથા તે બીજી તરફ વાળીને, સદરહુ લખ્યા પ્રમાણે સદરહુ વેહેળામાંથી પાણી લેઇને તેનો મને ઉપયોગ કરવા દીધો નથી,

(અહિંયાં નમુના નંબર ૧ ના ૪ થા તથા ૫ મા પારેગ્રાફમાંનો મજકુર લખવો તથા જે દાદ માગી હોય તે પણ લખવી.)

નંબર ૨૯.

આગગાડીના રસ્તા ઉપર ગફલતથી થએલી ઇજા બદલ.

હું અ. બ., ઉપર કહેલો વાદી જણાવું છું કે :—

૧. તારીખ માહે સને ૧૯ રોજ પ્રતિવાદીઓ, જે ભાડું આપે તે બધા મુસાફરોને તથા એ બે ઠેકાણા વચ્ચે રેલવેથી લેઈ જનાર હતા.

૨. તે દિવસે સદરહુ આગગાડીના રસ્તા ઊપરની પ્રતિવાદીઓની ગાડીઓમાંની એક ગાડીમાં હું ઊતારૂ હતો.

૩. હું તે પ્રમાણે ઊતારૂ હતો તેવામાં સદરહુ રસ્તા ઊપર આગળ (અથવા સ્ટેશન પાસે, અથવા અને એ બે સ્ટેશનની વચે) પ્રતિવાદીઓના નોકરોની ગફલત અને અપ્રવીણતાને લીધે ગાડીઓ સામસામી અથડાઈ તેથી કરીને મને ઘણી ઇજા થઇ (મારો પગ ભાંગી ગયો, માથું પુટયું વગેરે, અને કંઈ વિશેષ નુકસાન થયું હોય તો તે લખવું, જેમકે,—)અને વૈદ્યને બોલાવીને ઔષધોપચાર કરવામાં ખરચ થયો તથા (વેચનાર) તરીકે મારો પહેલાંનો ધંધો ચલાવવાને હું નિરંતરનો અશકત થયો.

(નમુના નંબર ૧ ના ૪ થા તથા ૫ પારેગ્રાફમાંનો મજકુર લખવો તથા જે દાદ માગી હોય તે પણ લખવી.)

(અથવા આ રીતેઃ—૨. તે દિવસે પ્રતિવાદીવાદીઓના આગગાડીના રસ્તા ઊપર કાયદેસર રીતે ચાલીને હું બીજી તરફ જતો હતો તે વખતે તે રસ્તા ઊપર અને તે રસ્તે તેમણે પોતાના નોકરોને હાથે એક એન્જીન (વરાળયંત્ર) અને તેને જોડેલી ગાડીઓની હાર એવી ગફલતથી અને અપ્રવીણતાથી ચલાવી અને હાથમાં રાખી કે તે એન્જીન અને હાર મારા ઉપર આવી પડીને અથડાઈ, તેથી કરીને, વિગેરે, પારેગ્રાફ ૩ માં લખ્યા પ્રમાણે.

નંબર ૩૦

ગફલતથી હાંકવાને લીધે થએલી ઇજા બદલ.

હું, અ. બ., ઉપર કહેલો વાદી જણાવું છું કેઃ—

૧. હું વાદી મોચી છું અને ઠેકાણે ધંધો કરૂં છું. પ્રતિવાદી નો વેપારી છે.

૨. તા૦ સન ૧૯ ને રોજ સાંજના ત્રણ વાગ્યાને સુમારે કલકત્તા શેહેરમાં ચૌરંગીને રસ્તે દક્ષિણ તરફ હું ચાલતો હતો. મીડલટન નામની ગલી વટાવીને પેલી તરફ જવાની મને જરૂર પડી. તે ગલી ચૌરંગીને કાટખુણો કરીને મળે છે. આ ગલી હું વટાવતો હતો તેવામાં અને તેની પેલી તરફ ફરેસબંધી પગ રસ્તા ઉપર જઈ પોંચું તેટલામાં પ્રતિવાદીની બે ઘોડા જોડેલી ગાડી જે નોકરોના હાથમાં અને હવાલામાં હતી તે મીડલટન ગલીમાંથી ચૌરંગી ઉપર ગફલતથી, એકાએક, ચેતાવ્યા વગર, ઊતાવળા અને ભયંકર વેગથી ફરી. તે ગાડીનો દાંડો (પોલ) મને લાગ્યો અને તેથી હું નીચે પડયો અને ઘોડાઓના પગ તળે હું ઘણો છુંદાયો.

૩. ધકકો લાગવાથી, પડવાથી અને ચગદાવાથી મારો ડાબો હાથ ભાંગ્યો, અને મારે પડખે, બરડે, તેમજ અંદર હું જધર થયો અને મને ઇજા થઈ અને તેથી કરીને હું ચાર માસ માંદો ને વેદનામાં રહયો, તથા મારો ધંધો ચલાવી શકયો નહીં, અને ઔષધોપચારનો તથા બીજો ખરચ થયો અને મારો ધંધો તથા નફો બુડયો.

(અહિયા નમુના નંબર ૧ ના ૪ થા તથા ૫ માં પારેગ્રાફમાંનો મજકુર લખવો તથા જે દાદ માગી હોય તે પણ લખવી.)

નંબર ૩૧.

અદાવતથી ફોજદારી કામ ચલાવ્યા બદલ.

હું, અ. બ., ઊપર કહેલો વાદી જણાવું છું કેઃ—

૧. તારીખ માહે સને ૧૯ રોજ (સદરહુ શેહેરના માજિસ્ટ્રેટ, અથવા, જે હોય તે,) પાસેથી ના આરોપ માટે પકડવાનું વારંટ પ્રતિવાદીએ કઢાવ્યું, અને તે ઊપરથી મને પકડયો, અને (દિવસ અથવા કલાક) કેદમાં રાખ્યો, (અને છુટો થવા સારૂ રૂ૦ ના મેં જામીન આપ્યા).

૨. પ્રતિવાદીએ તે કામ અદાવતથી અને વાજબી અથવા સંભવિત કારણ વગર કર્યું છે.

૩. તારીખ માહે સને ૧૯ રોજ સદરહુ માજીસ્ટ્રેટે પ્રતિવાદીની ફરિયાદ કાઢી નાંખી અને મને નિર્દોષ ઠરાવ્યો.

૪. જેમનાં નામ મને માહિત નથી એવા ઘણા શખસો, સદરહુ પકડયાની વાત સાંભળીને તથા હું ગુન્હેગાર છું એમ ધારીને, મારી સાથે ધંધો કરતા બંધ થયા છે; અથવા, સદરહુ પકડવાને લીધે, એક ઈ. ફ. ના કારકુન તરીકેની મારી જગા ગઇ અથવા તે કારણને લીધે મેં શારીરિક અને માનસિક વેદના ભોગવી અને મારો કામધંધો થઇ શકયો નહીં. તથા મારી સાખને ધકકો પોંચ્યો તથા સદરહુ કેદખાનામાંથી છુટો થવામાં અને સદરહુ આરોપની ફરીયાદ સામે મારો બચાવ કરવામાં મને ખરચ લાગ્યો.

(નમુના નંબર ૧ ના ૪ થા તથા ૫ મા પારેગ્રાફનો મજકુર લખવો તથા જે દાદ માગેલી હોય તે પણ લખવી).

નંબર ૩૨.

જંગમ માલ ગેરવાજબી રીતે અટકાવી રાખ્યા બદલ.

હું, અ. બ., ઊપર કહેલો વાદી જણાવું છું કે:—

૧. તારીખ માહે સને ૧૯ રોજ આ સાથે જોડેલી યાદીમાં કહેલો માલ (અથવા માલનું વર્ણન લખવું) મારી માલકીનો હતો અથવા કબજો લેવાનો હક બતાવનારી હકીકતો જણાવવી). તેની અડસટે કિંમત રૂ૦ હતી.

૨. તે દિવસથી આ ફરિયાદ શરૂ થઇ ત્યાંસુધી પ્રતિવાદીએ તે માલ મને ન આપતાં અટકાવી રાખ્યો છે.

૩. આ ફરિયાદ શરૂ થયા પેહલાં એટલે તારીખ માહે સને ૧૯ રોજ મેં પ્રતિવાદી પાસેથી તે માલ માગ્યો પણ તેણે તે સ્વાધીન કરવાની ના કહી.

(નમુના નંબર ૧ ના ૪થા તથા ૫મા પારેગ્રાફનો મજકુર લખવો).

૬. મારી માગણી નીચે પ્રમાણે છે:—

(૧) સદરહુ માલનો કબજો અપાવો અથવા તે કબજો ન મળે તો રૂ૦ અપાવો.

(૨) તે માલ અટકાવી રાખ્યો માટે નુકશાનીના રૂા. અપાવો.

યાદી.

નંબર ૩૩.

કપટથી ખરીદ લેનાર ઉપર તથા તેની પાસેથી લેનાર ઉપર કરવાની.

હું, અ. બ., ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧. તારીખ માહે સને ૧૯ રોજ, પ્રતિવાદી (ક. ડ.) ને અમુક માલ વેચવાનું મને મન થાય એટલા માટે તે પ્રતિવાદી ક. ડ. એ મને એમ સમજાવ્યું કે (તે દાર છે અને તેની બધી જવાબદારી જતાં તે રૂા. નો આસામી છે).

૨. તેથી કરીને અડસટે રૂા. ની (ચાની ૧૦૦ પેટીઓ) ક. ડ. ને વેચવાનું તથા સ્વાધીન કરવાનું મને મન થયું.

૩. સદરહુ સમજાવેલી વાતો ખોટી હતી અને તે ખોટી છે એમ તે વખતે ક. ડ. ને માહિત હતું (અથવા સદરહુ વાતો સમજાવતી વખતે સદરહુ ક. ડ. નાદાર હતો અને પોતે નાદાર છે એમ તેને માહિત હતું).

૪. ક. ડ. એ પછીથી તે માલ પ્રતિવાદી ઈ. ફ. ને કંઇ મોબદલા શિવાય (અથવા કે જેને તે સમજાવેલો મજકુર ખોટો છે એ વાતની તેને ખબર હતી તેને) તબદીલ કરી આપ્યો.

(નમુના નંબર ૧ના ૪થા તથા ૫મા પારેગ્રાફનો મજકુર લખવો.)

૭. હું નીચે પ્રમાણે માગણી કરૂં છું:—

(૧) સદરહુ માલનો કબજો અપાવો, અથવા તે કબજો ન મળી શકે તો રૂા. અપાવો.

(૨) તે માલ અટકાવી રાખ્યો માટે નુકશાનીના રૂા. અપાવો.

નંબર ૩૪.

ચુકના સબબથી કરાર રદ કરવા બાબત.

હું અ. બ., ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧. તારીખ માહે સને ૧૯ રોજ પ્રતિવાદીએ મને એમ જણાવ્યું કે, માં મારી (પ્રતિવાદીની) માલકીનો એક જમીનનો ટુકડો છે તે (દશ વિઘા) છે.

૨. તે ઉપરથી સદરહુ કહેલું ખરૂં માનીને સદરહુ ટુકડો રૂા૦ માટે ખરીદ કરવાનું મને મન થયું, અને કરારનામા ઉપર સહી કરી, તેની અસલ આ સાથે જોડી છે. પરંતુ તે જમીન મને તબદીલ કરી આપી નથી.

૩. તારીખ માહે સને ૧૯ રોજ તે ખરીદીની રકમને પેટે રૂ૦ મેં પ્રતિવાદીને આપ્યા.

૪. સદરહુ જમીનનો ટુકડો ખરેખર ફક્ત (પાંચ વિઘા) છે.

(નમુના નંબર ૪થા તથા ૫મા પારેગ્રાફનો મજકુર લખવો).

હું નીચે પ્રમાણે માગણી કરૂં છું:—

(૧) રૂ૦ તથા તારીખ માહે સને ૧૯ થી વ્યાજ અપાવો.

(૨) સદરહુ ખરીદીનો કરાર પાછો સ્વાધીન કરાવીને તે રદ કરો.

નંબર ૩૫.

ખરાબી કરતાં અટકાવવાની તાકીદ બદલ.

હું. અ. બ., ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧. (મીલકતનું વર્ણન કરવું)નો હું સંપુર્ણ માલીક છું.

૨. મારી પાસેથી લીધેલા પટાને આધારે તેનો કબજો પ્રતિવાદી પાસે છે.

૩. મારી સંમતિ વગર પ્રતિવાદીએ (વેચવા સારૂ ઘણાં કિમતી ઝાડ કાપી નાખ્યા છે અને બીજા વધારે કાપવાની દહેશત આપે છે).

(નમુના નંબર ૧ના ૪થા તથા ૫મા પારેગ્રાફનો મજકુર લખવો).

૫. પ્રતિવાદીને તાકીદ આપીને સદરહુ મીલકત ઉપર કંઈ વધારે ખરાબી કરતાં અથવા કરવા દેતાં તેને અટકાવવાની મારી માગણી છે.

(પૈસા સંબંધી બદલો પણ માગી શકાય).

નંબર ૩૬.

અપકારક કૃત્ય કરતાં અટકાવવાની તાકીદ બદલ.

હું. અ. બ.; ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧. (કલકત્તામાં મેહેલ્લામાં નંબર ના ઘરનો) હું સંપુર્ણ માલીક છું અને નીચે લખેલે બધે વખતે હતો.

૨. (તેજ મેહેલ્લામાંની જમીનના એક ટુકડા)નો સંપુર્ણ માલીક પ્રતિવાદી છે અને નીચે લખેલે વખતે હતો.

૩. તારીખ માહે સને ૧૯ રોજ પ્રતિવાદીએ પોતાના સદરહુ ટુકડા ઉપર કસાઈખાનું બાંધ્યું અને હજી તે ચાલુ રાખે છે. અને તે દીવસથી હાલ સુધી ત્યાં હમેશાં ઢોર અણાવીને મરાવ્યા છે. (અને લોહી તથા નાખી દેવાનું અને કોહેલું માંસ તે મેહેલ્લામાં મારા સદરહુ ઘરની સામે નંખાવેલું છે).

૪. (સદરહુ કારણને લીધે સદરહુ ઘર છોડવાની મને જરૂર પડી છે અને તે ભાડે અપાતુ નથી).

(નમુના નંબર ૧ના ૪થા તથા ૫ મા પારેગ્રાફનો મજકુર લખવો).

૭. પ્રતિવાદી જાસ્તી અપકારક કૃત્ય ન કરે અથવા કરવા દે નહિ માટે પ્રતિવાદીને તાકીદ આપીને અટકાવવાની મારી માગણી છે.

નંબર ૩૭.

લોકાપકારક કૃત્ય બદલ.

૧. પ્રતિવાદીએ નામના જાહેર રસ્તા ઉપર ઠેકાણે ગેરવાજબી રીતે માટી તથા પથરના ઢગલા કર્યા છે અને તેથી કરીને તે રસ્તે આવતા જતા લોકોને હરકત થાય છે. અને જો અટકાવવામાં નહીં આવે તો તે સદરહુ ગેરવાજબી કૃત્ય ચાલુ રાખશે અથવા ફરી કરશે એવી દેહેશત આપે છે તથા તેમ કરવાનો ઈરાદો રાખે છે.

૨. વાદીએ એડવોકેટ જનરલની (અથવા કલેકટરની અથવા આ બાબતમાં નીમેલા બીજા અમલદારની) આ ફરિયાદ માંડવા વિશે લેખી મંજુરી મેળવી છે.

(નમુના નંબર ૧ ના ૪ થા તથા ૫ મા પારેગ્રાફનો મજકુર લખવો).

૫. વાદી નીચે પ્રમાણે માગણી કરે છેઃ—

(૧) પ્રતિવાદીને સદરહુ સાર્વજનિક રસ્તે જનારા લોકોના માર્ગમાં હરકત કરવાનો હક નથી એમ જાહેર કરો.

(૨) સદરહુ સાર્વજનિક રસ્તે જનારા લોકોના માર્ગમાં પ્રતિવાદીએ હરકત કરવી નહિ એવી તેને તાકીદ આપો અને સદરહુ લખ્યા પ્રમાણે પ્રતિવાદીએ માટી તથા પથરાના ગેરવાજબીરીતે કરેલા ઢગલા કહાડી નાંખવા માટે તેને હુકમ કરો.

નંબર ૩૮.

પાણીનો પ્રવાહ વાળીને બીજી તરફ ન લઇ જવાની તાકીદ બદલ.

હું. અ. બ., ઉપર કહેલો વાદી જણાવું છું કેઃ—

નમુના નંબર ૨૭ પ્રમાણે.

સદરહુ પ્રમાણે પાણી વાળીને બીજી તરફ લેઈ જતાં પ્રતિવાદીને તાકીદ આપી અટકાવવાની મારી માગણી છે.

નંબર ૩૯.

જંગમ માલ નાશ કરવાની દેહેશત આપી હોય તે પાછો લેવા બદલ તથા તાકીદ આપવા બદલ.

હું અ. બ., ઉપર કહેલો વાદી જણાવું છું કેઃ—

૧. (એક નામાંકિત ચિતારાએ કાઢેલી મારા વડવાની તસવીર) મારી માલકીની છે અને નીચે કહેલે બધે વખતે હતી. અને તેવી બીજી તસવીર હસ્તીમાં નથી. (અથવા પૈસામાં કિમત આંકી શકાય એવી જાતની તે મિલકત નથી એમ બતાવનારી જે હકીકતો હોય તે લખવી).

૨. તારીખ માહે સને ૧૯ રોજ તે સુરક્ષિત રાખવા સારૂ મેં પ્રતિવાદીને આપી.

૩. તારીખ માહે સને ૧૯ રોજ મેં પ્રતિવાદી પાસેથી માગી, અને તે રાખી મુકવા સારૂ જે વાજબી ખરચ થયો હોય તે લે એમ કહ્યું.

૪. પ્રતિવાદી તે મારે સ્વાધીન કરવાને ના પાડે છે. અને મને એવી દહેશત આપે છે કે, જો સ્વાધીન કરવાનું કહીશ તો તે હું છુપાવીશ, કોઈને આપી દેઈશ, કડકા કરી નાખીશ, અથવા તેને નુકશાન કરીશ.

૫. (સદરહુ તસવીર) જાય તો પૈસાની રકમ આપવાથી મને પુરો બદલો મળવાનો નહીં.

(નમુના નંબર ૧ ના ૪ થા તથા ૫ મા પારેગ્રાફનો મજકુર લખવો).

૮. મારી માગણી નીચે પ્રમાણે છેઃ—

૧. પ્રતિવાદીને તાકીદ આપીને તેને સદરહુ (તસવીર) કોઈને આપી દેતાં, નુકસાન કરતાં, અથવા છુપાવતાં અટકાવવો.

૨. તેની પાસેથી મને તે પાછી અપાવવી.

નંબર ૪૦.

ઇન્ટર પ્લીડર.

હું અ. બ., ઉપર કહેલો વાદી જણાવું છું કેઃ—

૧. નીચે કહેલા હક્ક જે તારીખે જણાવવામાં આવ્યા તે પહેલાં ગ. હ. એ (મિલકતનું વર્ણન કરવું) મારી પાસે સુરક્ષિત રાખવાસારૂ મુકી.

૨. (ગ. હ. એ તે મને લખી આપી તે એમ કહીને, તે આધારે) પ્રતિવાદી ક. ડ. તેના ઉપર હક્ક જણાવે છે.

૩. (પ્રતિવાદી ઈ. ફ. ને તે આપવી એવો સદરહુ ગ. હ. નો હુકમ છે તે ઉપરથી) પ્રતિવાદી ઈ. ફ. પણ તે ઉપર હક્ક જણાવે છે.

૪. પ્રતિવાદીઓના પોતપોતાના હકો વિશે મને કંઈ માલમ નથી.

૫. ખરચ અને બોજા શિવાય સદરહુ મિલકત ઉપર મારો કંઈ હક્ક નથી, અને કોર્ટ ફરમાવશે તે શખસને તે આપવાને હું તૈયાર અને રાજી છું.

૬. બેમાંથી કોઈ પ્રતિવાદી સાથે મિલાપી થઇને આ ફરિયાદ આણી નથી.

(નમુના નંબર ૧ ના ૪ થા તથા ૫ મા પારેગ્રાફનો મજકુર લખવો).

૭. મારી માગણી નીચે પ્રમાણે છે:—

(૧) પ્રતિવાદીઓને તાકીદ આપીને તે મિલકત વિશે મારાઉપર કંઈ કામ ચલાવતાં અટકાવવા.

(૨) સદરહુ મિલકત ઉપરના તેમના દાવા વિશે માંહોમાંહે વાદ ચલાવવાનું તેમને કહેવું.

(૩) તે વાદ ચાલે ત્યાંસુધી સદરહુ મિલકત લેવાનો કોઈ શખસને અખત્યાર આપવો.

(૪) તે (શખસને) તે મિલકત સ્વાધીન કર્યાપછી તે સંબંધી બન્ને પ્રતિવાદીઓની બધી જવાબદારીમાંથી મને મુકત કરવો.

નંબર ૪૧.

(મૈયતની મિલકતનો) વહિવટ થવાસારૂ લેણદારે પોતાની તથા બીજા લેણદારોની વતી કરવાની.

હું અ. બ., ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧. મૈયત ઈ. ફ. રહેનાર નો મરી ગયો તે વખતે તેની પાસે મારી (અહીં લેહેણાનું સ્વરૂપ લખવું તથા કંઈ જામીનગીરી હોય તો તે લખવી)— રકમ લેહણી હતી, અને હજી તેની ઇસ્ટેટ ઉપર લેહેણી છે.

૨. સદરહુ ઇ. ફ. તારીખ માહે સને ૧૯ રોજ અથવા તે અરસામાં મરી ગયો. તેણે તારીખ માહે સને ૧૯ ને રોજ પોતાનું છેલ્લું મૃત્યુપત્ર કરીને ક. ડ. ને તે મૃત્યુપત્ર ચલાવનાર નિમ્યો (અથવા

પોતાની ઈસ્ટેટ જુમ્મા (ટ્રસ્ટ) માં મુકીને તેની મૃત્યુપત્રથી વ્યવસ્થા કરી વગેરે, અથવા મૃત્યુપત્ર કર્યા વગર મુઓ, જે પ્રમાણે હોય તે પ્રમાણે લખવું).

૩. સદરહુ ક. ડ. એ તે મૃત્યુપત્ર સાબીત કર્યું (અથવા વહિવટપત્ર તેને મળ્યું, વગેરે).

૪. સદરહુ ઈ. ફ. ની જંગમ મિલકત (અને સ્થાવર મિલકત અથવા સ્થાવર મિલકતની ઉપજ) પ્રતિવાદીએ પોતે કબજે કરી છે. અને મારૂં સદરહુ લેહેણું મને આપ્યું નથી.

(નમુના નંબર ૧ ના ૪ થા તથા ૫ મા પારેગ્રાફનો મજકુર લખવો).

૭. મારી એવી માગણી છે કે મૈયત ઈ. ફ. ની જંગમ (અને સ્થાવર) મિલકતનો હિસાબ લેવો, અને કોર્ટના હુકમનામા પ્રમાણે તેનો વહિવટ કરવો.

નંબર ૪૨.

વિશેષ મૃત્યુ લેખાર્પિતદાન લેનારે મૈયતની મિલકતના વહિવટ બદલ કરવાના.

(નમુના ૪૧ માં આ પ્રમાણે ફેરફાર કરવો):—

(પહેલો પારેગ્રાફ છોડી દેવો અને બીજો પારેગ્રાફ શરૂ કરવો)

નો રહેનાર મૈયત ઈ. ફ. તારીખ માહે સને ૧૯ રોજ અથવા તે અરસામાં મરી ગયો. તેણે પોતાનું છેલું મૃત્યુપત્ર તારીખ માહે સને ૧૯ ને રોજ કરીને ક. ડ. ને મૃત્યુપત્ર ચલાવનાર નીમ્યો. અને તે મૃત્યુપત્રથી મને (આ ઠેકાણે વિશેષ મૃત્યુલેખાર્પીતદાન હોય તે લખવું) આપ્યું.

પારેગ્રાફ ૪ ને ઠેકાણે લખવું કેઃ—

ઈ. ફ. ની જંગમ મિલકત પ્રતિવાદીના કબજામાં છે, અને બીજી વસ્તુઓની સાથે સદરહુ (આ ઠેકાણે મૃત્યુપત્રથી જે વિશેષ વસ્તુ આપી હોય તેનું નામ લખવું;) પણ તેના કબજામાં છે.

પારેગ્રાફ ૭ ના શરૂઆતમાં જે લખ્યું છે તેને ઠેકાણે લખવું કેઃ—

મારી એવી માગણી છે કે, સદરહુ (આ ઠેકાણે મૃત્યુપત્રથી જે વિશેષ વસ્તુ આપી હોય તેનું નામ લખવું) મને આપવાનો પ્રતિવાદીને હુકમ કરો, અથવા વિગેરે.

નંબર ૪૩.

મૃત્યુપત્રમાં જેને પૈસાની દેણગી આપવાનું લખ્યું હોય તેણે મૈયતની મિલકતના વહિવટ બદલ કરવાની.

(નમુના ૪૧ મા આ પ્રમાણે ફેરફાર કરવો):—

(પારેગ્રાફ ૧ છોડી દેવો અને પારેગ્રાફ ૨ ને બદલે લખવું કે).
નો રહેનાર મૈયત ઈ. ફ. તારીખ માહે સને ૧૯ રોજ અગર તે અરસામાં મરી ગયો. તેણે પોતાનું છેલ્લું મૃત્યુપત્ર તારીખ માહે સને ૧૯ ને રોજ કરીને ક. ડ. ને તે મૃત્યુપત્ર ચલાવનાર નીમ્યો, અને તે મૃત્યુપત્રમાં મને રૂા૰ આપવા ઠરાવ્યા છે.

પારેગ્રાફ ૪ માં " લેહેણું " ને બદલે " મૃત્યુ લેખાર્પીતદાન " એમ લખવું.

બીજો નમુનો.

હું. ઈ. ફ. ઉપર કહેલો વાદી જણાવું છું કેઃ—

૧. અ. બ. રહેનાર ક. નો તારીખ ને રોજ મૈયત થયો તેણે તારીખ માહે સને ૧૯ રોજ પોતાનું છેલ્લું મૃત્યુપત્ર કરીને પ્રતિવાદીને તથા મ. ન. (જે મૃત્યુપત્ર કરનારની હયાતીમાંજ મરણ પામ્યો તે) ને મૃત્યુપત્ર ચલાવનાર નીમ્યા, અને પોતાની સ્થાવર અથવા જંગમ જે હોય તે મિલકત પોતાના મૃત્યુપત્ર ચલાવનારાઓ પાસે ટ્રસ્ટી દાખલ રાખવાનું મૃત્યુપત્રમાં લખ્યું, એવી રીતે કે તેનું ભાડું અને ઉત્પન્ન મારી હયાતી સુધી મને આપવું; અને મારા ગુજર્યા પછી મારો કોઈ છોકરો ૨૧ વરસની ઉમરે ન પોંચે, અથવા છોકરી તેટલી ઉમરે ન પોંચે કે તેનું લગ્ન ન થાય એમ બને તો,-ઉપર કહ્યું તે પ્રમાણે સંતતી વગર હું મરણ પામું તે વખતે, તે મૃત્યુપત્ર કરનાર મૃત્યુપત્ર કર્યા વગર ગુજરી ગયો હોત તો મૃત્યુપત્ર કરનારનો કાયદેસર વારસ જે કોઈ થાત તેને પોતાની સ્થાવર મિલકત આપવા સારૂ, અને મૃત્યુપત્ર કરનારનો છેક નજીકનો સગો જે કોઇ થાત તેને પોતાની જંગમ મિલકત આપવા સારૂ તે ટ્રસ્ટીઓના જુમ્મામાં છે એમ સમજવું.

૨. અને તે મૃત્યુપત્ર પ્રતિવાદીએ તારીખ માહે સને ૧૯ રોજ સાબિત કર્યું. મારૂં લગ્ન થયું નથી.

૩. મૃત્યુપત્ર કરનાર પોતાના મરણ વખતે સ્થાવર જંગમ મિલકતનો માલીક હતો; પ્રતિવાદીએ સ્થાવર મિલકતનું ભાડું લેવા માંડયું, અને જંગમ મિલકત પોતાના કબજામાં લીધી. તેણે સ્થાવર મિલકતનો કંઈ ભાગ વેચ્યો છે.

(નમુના નંબર ૧ ના ૪ થા તથા ૫ મા પારેગ્રાફનો મજકુર લખવો).

વાદી નીચે પ્રમાણે માગણી કરે છે:–

(૧) અ. બ. ની સ્થાવર જંગમ મિલકતનો વહિવટ આ કોર્ટ મારફતે કરવો, અને તેમ કરવા સારૂ બધા યોગ્ય હુકમો કરવા અને હિસાબ લેવો.

(૨) મુકદમાના સ્વરૂપ પ્રમાણે જે બીજી અથવા વધારે દાદ જોઈએ તે આપવી.

નંબર ૪૪.

જુમ્મા (ટ્રસ્ટ)નું કામ કરવા બદલ.

હું, અ. બ., ઉપર કહેલો વાદી જણાવું છું કે:–

૧. પ્રતિવાદીનાં બાપ અને મા ઈ. ફ. તથા ગ. હ. એમનું લગ્ન થયું તે વખતે તારીખ માહે સન ૧૯ રોજ અથવા તે સુમારમાં ઠરાવપત્ર (સેટલમેન્ટ) કર્યું તેમાં (અથવા પ્રતિવાદી ક. ડ. ના. અને ઇ. ફ. ના બીજા લેહેણદારોના હિતસારૂ ઈ. ફ. ની ઈસ્ટેટ અને માલમતા તબદીલ કરી આપવાનો દસ્તાવેજ કર્યો તેમાં) નીમેલા ટ્રસ્ટીઓ પૈકી હું એક ટ્રસ્ટી છું.

૨. સદરહુ ટ્રસ્ટીના કામનો બોજો મેં અ. બ. એ પોતાના ઉપર લીધો છે, અને ઉપર કહેલા દસ્તાવેજથી જે સ્થાવર જંગમ મીલકત આપી તેનો (અથવા તેના ઉત્પન્નનો) કબજો મારી પાસે છે;

૩. ઉપર કહેલા દસ્તાવેજને આધારે મારો હિત સંબંધ છે એમ ક. ડ, કહે છે.

(નમુના નંબર ૧ ના ૪ થા ૫ મા પારેગ્રાફનો મજકુર લખવો).

૬. સદરહુ સ્થાવર મિલકતના તમામ ભાડાનો તથા ઉપજનો (અને સદરહુ સ્થાવર મિલકતના કે તે પૈકી કંઈ ભાગના વેચાણના ઉત્પન્નનો, અથવા જંગમ માલનો અથવા તે જંગમ માલના કે તેના ભાગના વેચાણના ઉત્પન્નનો, અથવા સદરહુ ટ્રસ્ટનું કામ કરવામાં ટ્રસ્ટી તરીકે મને જે ઉત્પન્ન મળ્યું તેનો) હિસાબ આપવાની મારી ઈચ્છા છે; અને મારી અરજ એ છે કે ક. ડ. ની સમક્ષ અને સદરહુ ટ્રસ્ટના સંબંધમાં સોંપેલી ઈસ્ટેટના વહિવટમાં જેમનું હિત છે એમ કોર્ટ ફરમાવે તે બધા શખસોની સમક્ષ સદરહુ કામનો કોર્ટે હિસાબ લેવો, અને સદરહુ પ્રતિવાદી ક. ડ. નાં હિત સારૂ અને સદરહુ પ્રમાણે જેમનું હિત હોય તે બીજા શખસોના હિતસારૂ સદરહુ ઈસ્ટેટનો વહિવટ કોર્ટ મારફતે થવો જોઇએ; અથવા, ક. ડ. એ તે વિરૂધ્ધ સારૂ કારણ બતાવવું.

"તાજા કલમ"—હિતાધિકારીની ફરિયાદ હોય ત્યારે, મૃત્યુલેખાર્પીતદાન લેનારે કરવાની ફરિયાદમાં પ્રસંગ પ્રમાણે જરૂરનો ફેરફાર કરીને તે નમુના પ્રમાણે ફરિયાદ અરજી તૈયાર કરવી.

નંબર ૪૫.

ગીરો છોડાવવાનો હકક બંધ કરવાની અથવા વેચવાની.

હું અ. બ., ઉપર કહેલો વાદી જણાવું છું કેઃ—

૧. પ્રતિવાદીની જમીનનો વાદી ગીરો રાખનાર છે.

૨. ગીરોની વિગત નિચે પ્રમાણે છેઃ—

(અ) તારીખ; (બ) ગીરો મુકનાર તથા રાખનારના નામ; (ક) કેટલી રકમમાં ગીરો; (ડ) વ્યાજનો દર; (ઈ) ગીરોની મિલકત; (ફ) હમણા લેહેણી થયેલી રકમ; (ગ) જો વાદીનો સત્તાધિકાર બીજા પાસેથી પ્રાપ્ત થયેલો સત્તાધિકાર હોય તો જે તબદીલીથી અથવા પ્રાપ્તિથી તે દાવો કરતો હોય તે ટુંકમાં લખવું.

(જો વાદી પાસે કબજાગીરો હોય તો લખવું કે).

૩. વાદીએ તારીખ માહે સને ૧૯ રોજ ગીરો મિલકતનો કબજો લીધો અને તે વખતથી તે કબજાગીરો રાખનાર તરીકે હીસાબ આપવાને તૈયાર છે.

(નમુના નંબર ૧ના ૪થા તથા ૫ મા પારેગ્રાફનો મજકુર લખવો).

૬. વાદીની માગણી નીચે પ્રમાણે છેઃ—

(૧) પૈસા અપાવો અથવા તેમ ન થાય તો (વેચાણ કરો અથવા) ગીરો છોડાવવાનો હક બંધ કરો (અને કબજો અપાવો).

(આર્ડર ૩૪, કાનુન ૬ લાગુ હોય તે પ્રસંગે).

(૨) વેચાણની ઉપજ વાદીને આપવાની રકમની ભરપાઈ થવા જેટલી નથી એમ માલમ પડે તો, વાદીને બાકીની રકમ બદલ હુકમનામુ થવા માટે અરજ કરવાની છુટ આપવી.

નંબર ૪૬.

ગીરો છોડાવવાની.

હું. અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છું કેઃ—

૧. વાદી જમીન ગીરો આપનાર છે તથા પ્રતિવાદી તે જમીન ગીરો લેનાર છે.

૨. ગીરોની વિગત નીચે પ્રમાણે છે:—

(અ) તારીખ; (બ) ગીરો આપનાર તથા ગીરો લેનારના નામ; (ક) કેટલી રકમમાં ગીરો; (ડ) વ્યાજનો દર; (ઈ) ગીરોની મીલકત; (ફ) જો વાદીનો સત્તાધિકાર બીજા પાસેથી પ્રાપ્ત થયેલો સત્તાધિકાર હોય તો જે તબદીલીથી અથવા પ્રાપ્તિથી તે દાવો કરતો હોય તે ટુંકમાં લખવું.

(જો પ્રતિવાદી પાસે કબજા ગીરો હોય તો લખવું કે).

૩. પ્રતિવાદીએ ગીરો મિલકતનો કબજો લીધો છે (અથવા તેને ભાડું કે ગણોત મળ્યું છે).

(નમુના નંબર ૧ના ૪થા તથા ૫મા પારેગ્રાફનો મજકુર લખવો).

૬. વાદી સદરહુ મીલકત છોડવવાની અને તે તેને નામે પાછી ચઢાવવાની (અને તેનો કબજો અપાવવાની) માગણી કરે છે.

નંબર ૪૭

કરાર વિશેષ રીતે પુરો કરવા વિશે (નંબર ૧).

હું. અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧. તારીખ માહે સને ૧૯ રોજના અને સદરહુ પ્રતિવાદી ક. ડ.એ સહી કરેલા કરારનામામાં તેણે એવો કરાર કર્યો છે કે, તે કરારનામામાં વર્ણન કરેલી અને હવાલો આપેલી અમુક સ્થાવર મિલકત તેણે રૂ૦ માટે મારી પાસેથી ખરીદ કરવી (અથવા મને વેચવી),

૨. સદરહુ પ્રતિવાદીને, સદરહુ કરારમાં તેના ભાગનું જે વિશેષ રીતે કરવાનું છે તે પુરૂં કરી આપવા મેં કહ્યું, પણ તે પ્રમાણે તેણે કર્યું નથી.

૩. હું, વાદી તે કરારનામાનો મારો ભાગ વિશેષ રીતે પુરો કરવાને પ્રથમથી અને હજીએ તૈયાર તથા રાજી છું, અને તે વાતની પ્રતિવાદીને ખબર થયેલી છે.

(નમુના નંબર ૧ના ૪થા તથા ૫ મા પારેગ્રાફનો મજકુર લખવો).

૬. મારી એવી માગણી છે કે, સદરહુ પ્રતિવાદીને સદરહુ કરાર વિશેષ રીતે પુરો કરવાનો, અને સદરહુ મિલકતનો મને પુર્ણ કબજો આપવાને જરૂર હોય તે બધાં કૃત્ય કરવાનો (અથવા સદરહુ મિલકતની તબદીલી તથા કબજો લેવાનો) અને ફરીયાદનો ખરચ આપવાનો હુકમ કરો.

નંબર ૪૮.

કરાર વિશેષ રીતે પુરો કરવા વિશે (નંબર ૨).

હું, અ. બ., ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧. તારીખ માહે સને ૧૯ રોજ મેં અને પ્રતિવાદીએ લેખી કબુલાત કરેલી જેની અસલ નકલ આ સાથે જોડી છે.

તેમાં વર્ણન કરેલી સ્થાવર મિલકતની ઉપર પ્રતિવાદીનો પુર્ણ રીતે હક હતો.

૨. તારીખ માહે સને ૧૯ રોજ મેં પ્રતિવાદીને રૂા૦ આપવા માંડયા અને સદરહુ મિલકત યોગ્ય દસ્તાવેજ કરીને મારે નામે ચઢાવવાનું કહ્યું.

૩. તારીખ માહે સને ૧૯ રોજ મેં માગણી ફરીથી કરી (અથવા તે મિલકત મારે નામે ચઢાવવાની પ્રતિવાદીએ ના કહી).

૪. પ્રતિવાદીએ તબદીલ કર્યાનો કાંઈપણ દસ્તાવેજ કરી આપ્યો નથી.

૫. પ્રતિવાદીને સદરહુ મિલકતની ખરીદીની રકમ આપવાને હજીએ હું તૈયાર અને રાજી છું.

(નમુના નંબર ૧ના ૪થા તથા ૫ મા પારેગ્રાફનો મજકુર લખવો).

૮. મારી નીચે પ્રમાણે માગણી છે:—

(૧) સદરહુ મિલકત યોગ્ય દસ્તાવેજ (કરારનામાની શરતો પ્રમાણે) કરીને પ્રતિવાદીએ વાદીને આપવી.

(૨) તે ન કરી આપ્યા બદલ નુકસાનીના રૂા૦ મને અપાવો.

નંબર ૪૯.

પંત્યાળું.

હું. અ. બ., ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧. હું અને સદરહુ પ્રતિવાદી ક. ડ. ગયા વરસથી (અથવા મહિનાથી) પંત્યાળાની અમુક કલમો લખેલી છે તે પ્રમાણે (અથવા દસ્તાવેજ પ્રમાણે અથવા મોઢાની કબુલાયત પ્રમાણે) એકઠો ધંધો ચલાવીએ છીએ.

૨. આ પ્રમાણે ભાગીદાર તરીકે મારી અને પ્રતિવાદીની વચે ઘણી તરેહના તંટા અને વાંધા ઉત્પન્ન થયા છે, તેથી કરી ભાગીદારોને ફાયદો થાય એવી રીતે પંત્યાળામાં સદરહુ ધંધો ચલાવવાનું અશકય થયું છે.

(અથવા પ્રતિવાદીએ પંત્યાળાની કલમો નીચે લખ્યા પ્રમાણે તોડી છેઃ—

* * * * * * * * * *

(નમુના નંબર ૧ના ૪થા તથા ૫ મા પારેગ્રાફનો મજકુર લખવો).

૫. મારી નીચે પ્રમાણે માગણી છેઃ—

(૧) પંત્યાળું તોડી નાંખવું;

(૨) હિસાબ લેવો;

(૩) વસુલદાર નિમવો.

"તાજા કલમ."—(કોઈ પંત્યાળું સંકેલીને બંધ કરાવવાની ફરીયાદમાં પંત્યાળું તોડી નાંખવાની માગણી ન લખવી, પણ તે બદલે એક પારેગ્રાફ મુકીને તેમાં તે પંત્યાળું તુટયાની હકીકત જણાવવી).

સુરતના ડીસ્ટ્રીકટ જડજ સાહેબની કોર્ટમાં.

નંબર ૧.

મૈયતનું લેણું વસુલ કરવા સરટીફીકેટ લેવા બાબત.

(સને ૧૮૮૯ ના એકટ ૭ મુજબ).

*અરજી નંબર શને ૧૯૦૩.

અરજદાર અ. જાત ઉ. ધંધો. રેહેવાશી.

મૈયત क. ના લેહેણાના શરટીફીકેટની બાબતમાં હું અરજદાર अ જણાવું છું કે.

૧. क. તા. ૨૫–૪–૦૨ ને રોજે મરણ પામ્યો છે.

૨. મરણ વખતે મૈયત क. નું સાધારણ રેહેવાનું ઠેકાણું એટલે આ કોર્ટની હકુમતમાં હતું. તેમજ તેમની મીલકત પણ આ કોર્ટની હકુમતમાં છે, અને તેઓ વગર વશીયત કરવે ગુજરી ગયા છે.

૩. મરનારના નજદીકના સગામાં હું અરજદાર સીવાય નીચે મુજબ છે.

* * * *

૪. હું અરજદાર મરનારનો છોકરો થાઊં છું અને તેથી આ અરજી મે કરી છે.

---

*અરજી ઉપર કોર્ટ ફી સ્ટેંપ રૂ૦ ૫૦)ની અંદરની કીમતના લહેણા બદલ એક આનાનો કોર્ટ ફી સ્ટાંપ. રૂ૦ ૫૦) અને તે ઉપરની કીંમતના લહેણા બદલ આઠ આનાની કોર્ટ ફી ટીકીટ ઉપર અરજી કરવી જોઇએ. અરજી સાથે સેંકડે બે રૂપીઆ મુજબ અનામત મુકવી પડે છે. હાલમાં આવી અરજ સબ જજને લેવાનો કેટલેક ઠેકાણે અધિકાર આપેલો હોય છે.

૫. આ અરજીને સદરહુ કાયદાની કલમ ૧ ની પેટા કલમ ૪ અથવા બીજી કોઈ કલમ કીંવા કાયદાનો બાધ આવતો નથીઃ—

૬. લહેણાની વિગતઃ—

લહેણું.

અનુક્રમ નંબર.	દેવાદારનું નામ.	સરટીફીકેટ માટે આપેલી અરજીની તારીખે વ્યાજ સુદ્ધાંત લહેણી રકમ.	લહેણું નિર્ભય કરવા માટે કંઇ લખત થયું હોય તો તેનો પ્રકાર તથા તારીખ.
૧	અ.	રૂ. ૫૨૫–૦–૦	સને ૧૯૫૪ના માહા વદ ૨ની મીતીના સામા દસ્તકની રૂએ.

સીક્યુરીટીઓ (એટલે કીમતી દસ્તાવેજો).

અનુક્રમ નંબર.	પ્રકાર.			સરટીફીકેટ માટે આપેલી અરજીની તારીખે કિમતી દસ્તાવેજનો બજાર ભાવ.
	જે નંબર અથવા અક્ષરથી કીમતી દસ્તાવેજ ઓળખાતો હોય તે.	કીમતી દસ્તાવેજનું શિરો નામ, અથવા વર્ગ.	કીમતી દસ્તાવેજની રકમ અથવા સુલ કીમત.	
૧	૩૮૬૬ થી ૩૮૭૩	રંગુન આઇસ બજાર કુંપની લીમીટેડના શેર ૮.	દરેક શેર ૧ ના રૂ. ૨૫) લેખે.	દરેક શેર ૧ ના રૂ. ૧૫૦)

૭. આ અરજીની પુષ્ટિમાં આ બરોબર આ અરજીમાં લખેલી હકીકતથી જાણકાર એવા બે સદગૃહસ્થોની એફીડેવીટ રજુ કરી છે.

૮. માટે હું અરજદાર દાદ માંગું છું કેઃ—

(અ) અરજીમાં લખ્યા મુજબના લહેણાનું સરટીફીકેટ કાયદા અનવયે મને મળવાનો હુકમ ફરમાવશો.

(બ) આ કામની હકીકતમાં બીજી અથવા જે કોઈ દાદ કોરટને યોગ્ય લાગે તે અપાવો.

તા૦

અરજદારની સહી ________________

એકરાર આગળ અરજી મુજબ

અરજદારની સહી ________________

સુરતના ડીસ્ટ્રીકટ જડજ સાહેબની કોર્ટમાં.

નંબર ૨

દીવાના સખસોની મીલકત તથા જાતના વાલી થવા બાબત.

(સન ૧૯૧૨ના આકટ ૪ મુજબ).

અરજી નંબર સને ૧૯

દીવાના अ તથા ब ની જાત તથા મીલકતની બાબતમાંઃ—

અરજદાર क.

હું અરજદાર મજકુર જણાવું છું કેઃ—

૧. આ કોર્ટની હકુમતમાં મોજે ભાઠા પ્રા. ચોર્યાશીમાં अ તથા ब એ ભાઈઓ કણબી જ્ઞાતીનાં છે તેઓ પાસે આ કોર્ટની હકુમતમાં કેટલીક સ્થાવર અને જંગમ મીલકત છે, તેઓ દીવાના છે અને પોતાની મીલકતનો વહીવટ કરી શકે એવા નથી. સ્થાવર મીલકતમાં જમીન રૂ. ૯૧૫) ની છે તથા ઘર વીગેરે છે તથા જંગમ માલ રૂ. ૪૨૦ નો છે.

૨. સદરહુ દીવાનાનો હું કાકો થાઉં છું તેથી આ અરજી મેં કરી છે.

૩. દીવાનાં મજકુરના નજદીકના સગા નીચે મુજબ છે.

* * * *

૪. માટે મારી અરજ એવી છે કે સદરહુ દીવાના अ તથા ब દીવાનાં છે અને પોતાની મીલકતનો વહીવટ કરી શકે તેવા નથી એમ ઠરાવ કરી હમારો ખરચ અપાવો તથા તેની મીલકત હમારા કબજામાં લેવા હુકમ ફરમાવો કે તે મીલકતનો વહીવટદાર તથા દીવાના મજકુરની જાતનો વાલી હમારા તરફથી નીમવામાં આવે.

તા૦

સહી ______________

એકરાર આગલી અરજી મુજબ

સહી ______________

સુરતના ડીસ્ટ્રીક્ટ જડજ સાહેબની કોર્ટમાં.

નંબર ૩.

વારસા બાબત.

(સન ૧૮૬૫ ના એકટ ૧૦ મુજબ)

*અરજી નંબર સને ૧૯

મરનાર અ.ના એસ્ટેટ બાબત.

અરજદાર

બ જાતના પારસી ઊ. વરસ ની ધંધો રેહેવાશી:

હું બ અરજદાર મજકુર નમ્રતા પુર્વક જણાવું છું કે:—

૧. મારી મા અગર બાપ (જે સગપણ હોય* તે) આ કોર્ટની હકુમતમાં મોજે વેશુ તાલુકે ચોર્યાસી જીલ્લે સુરતમાં પોતાના રેહેવાના મકાનમાં તા. માહે શને ૧૯૦૩ ને રોજે વસીયતનામું કર્યા વિના ગુજરી ગયા / ગયેલ છે (વસીયતનામુ કર્યું હોય તો તેમ લખવું)

૨. મરનારના કુટુંબના યા બીજા નજદીકના સગાના નામ તથા ઠેકાણા નીચે મુજબ.

* * * *

૩. હું અરજદાર મરનારનો વડો છોકરો (જે સગપણ હોય તે) થાઉં છું. મરનારના બીજા તમામ સગા મને વહીવટની સનંદ મળે તેમાં રાજી છે (રાજી ન હોય તો તેમ લખવું)

૪. મરનારની સ્થાવર જંગમ મીલકતની જુદી યાદી આ સાથે રજુ કરી છે. તે સીવાય મરનારની બીજી કાંઇ માલ મીલકત મારે હાથ આવવાનો સંભવ નથી (હોય તો તે પ્રમાણે લખવું).

૫. ઉપલી હકીકતમાં હું અરજદાર દાદ માંગું છું કે મરનાર અની મીલકતની વહીવટની સનંદ મને આપવાનો હુકમ ફરમાવશો (જો વીલ ન કર્યું હોય તો લેટર્સ ઓફ એડમીનીસ્ટ્રેશન આપવાનો હુકમ કરશો તેમ લખવુ).

તા૦ માહે શને ૧૯૦૩

અરજદારની શહી.

હું અરજદાર બ મજકુર એકરાર કરૂં છું કે આ અરજીમાં લખેલો મજકુર મારા જાણ્યા પ્રમાણે સાચો છે તા૦ સદર

અરજદારની સહી,

* પારસી હોય ત્યારે સને ૧૮૬૫ના એકટ ૧૦ મુજબ અરજી ગણાય અને પારસી શિવાય મુસલમાન તેમજ વાણીઆ, બ્રાહ્મણો વીગેરે હોય તો શને ૧૮૮૧ના એકટ ૫ મુજબ અરજી ગણાય; અરજીની ઇબારત એકજ સમજવી:—

સુરતના ડીસ્ટ્રીકટ જડજ સાહેબની કોર્ટમાં.

નંબર ૪.

સગીરની મીલકત તથા જાતના વાલી નીમાવા બાબત.

(સને ૧૮૯૦ના આક્ટ ૮ મુજબ.)

અરજી નંબર સને ૧૯૦૩

અરજદાર અ. "જાતના" ઉ. આસરે વરસ ધંધો ઠેકાણું સગીર બ. ની જાત તથા મીલકતના વાલી નીમાવા બાબતઃ—

હું અરજદાર મજકુરની નમૃતા પુર્વક અરજ એ છે જે,

૧. મરનાર क. સુરતમાં સને ૧૯૦૩ ના ડીસેમ્બર મહીનાની તા૦ ને રોજ નીચે લખેલા સગીર છોકરાને મુકી મરણ પામેલા.

૨. સગીરનું નામ જાત ધર્મ જન્મની તારીખ અને રહેવાનું ઠેકાણું.

૩. સગીરના બાપ क. નીચે મુજબની મીલકત મુકી ગુજરી ગયા છે.

મીલકતની વિગત (લખવી).

૪. સગીરના નજદીકના સગા નીચે પ્રમાણે.

* * * *

૫. કાયદા પ્રમાણે અધીકારવાળા કોઈ પણ સખસે સગીરની જાત અથવા માલ મીલકતના વાલી તરીકેની કોઈની નીમણુંક કીધી નથી. તેમ સગીર મજકુરની જાત તથા માલ મીલકતના વાલી નીમાવવાને કોઈ પણ કોર્ટને કોઈ દીવશ કંઈ અરજ કરવામાં આવી નથી.

૬. હું અરજદાર સગીર મજકુરનો સગો ભાઈ થાઉં છું (જે સગપણ હોય તે બતાવવું) અને સગીર મજકુરનું હીત જળવાય તેવી અને સમાધાનીથી વહેંચણ થઈ શકે અને મીલકતને ખરચના બોજામાં ઉતરવું પડે નહીં એવા કારણોથી (જે પ્રકારનું અરજી કરવાનું કારણ હોય તે લખવું) બધા વારસોની સંમતીથી સગીર મજકુરની માલ મીલકત તથા જાતના વાલી નીમાવવાને આ અરજી કરી છે માટે તે પ્રમાણે સગીરની જાત તથા મીલકતનો વાલી મને નીમ વાનો હુકમ કરશો.

તા૦ માહે સને ૧૯ શહી __________

એકરાર આગલ અરજી મુજબ

તા૦ સદર શહી __________

સુરતના ડીસ્ટ્રીકટ જડજ સાહેબની કોર્ટમાં.

નંબર ૫.

જુમ્મો (ટ્રસ્ટ ડીડ) રદ કરવા બાબત.

(સને ૧૮૮૨ ના એકટ ૨ મુજબ.)

*અરજી નંબર સને ૧૯૦૩

અરજદાર અ. જાતના શ્રાવક ઉમર આસરે વરસની ધંધો રહેવાશી હું અ. અરજદાર મજકુર નમ્રતા પુર્વક જણાવું છું કે,

૧. મરનાર મારા ધણી (સગપણ જે હોય તે બતાવવુ) ब અને क નામના બે ભાઈઓ એકત્ર હીંદુ કુટુંબના સખસો હતા. તેઓ રહેવામાં, ખાવાપીવામાં તથા ધંધા રોજગારમાં સર્વ વાતે એકત્ર હતા. તેમાંથી ब મારા ધણી क ની પહેલાં પોતાની પાછળ બે છોકરા મુકી તા૦ ને રોજ અથવા તે અરસામાં ગુજરી ગયેલા છે.

૨. મારા ધણી ब ત્યાર બાદ પોતાની પાછળ એક છોકરો મુકીને ગુજરી ગયા છે ત્યાર બાદ સરકાર દરબાર ન ચઢતાં હમારા એકત્ર કુટુંબની મીલકત હમે ઘરમેળે વેહેંચી લીધી તે વખતે મારા છોકરાને હીસ્સે આવેલી મીલકત સચવાય તે સારૂ મારે એક ટ્રસ્ટડીડ કરવું તે ઉપરથી તેજ તારીખે એક રજીસ્ટર્ડ ટ્રસ્ટડીડ મેં કીધું અને તે વખતે ड, इ, એ રેહેવાશી નાને ટ્રસ્ટીઓ નીમી તે ટ્રસ્ટ ડીડમાં નીચે મુજબના ઠરાવો કીધા.

* * * *

૩. ઉપલી સરતો મુજબ સદરહુ ટ્રસ્ટીઓ વરતતા નથી અને તેઓ તદન નાલાયક જણાય છે અને હવે તને વધારે વાર ટ્રસ્ટીમાં રાખવા એ તદન સગીરના હીતને જોખમ ભરેલું છે.

૪. ઉપલી તમામ હકીકતમાં હું અરજદાર મજકુર નમ્રતા પુર્વક જણાવું છું કે,

(૧) સદરહુ ટ્રસ્ટડીડ કાયદા વિરૂધ્ધ તથા સગીરના હીતને જોખમ ભરેલું હોવાંથી તે રદ છે એવો ઠરાવ કરો.

(૨) સદરહુ ટ્રસ્ટી સગીરના એસ્ટેટનો ટ્રસ્ટી તરીકે કામ કરવાને તદ્દન ના લાયક છે એવો ઠરાવ કરી તેને દુર કરવાનો હુકમ ફરમાવશો.

(૩) અથવા કોર્ટની નજરમાં જે બીજી વાજબી દાદ અપાવવી મુનાશબ લાગે તે અપાવો:— તા૦

અરજદારની સહી ________________

એકરાર—(આગળની અરજી મુજબ)

અરજદારની સહી ________________

* હિંદુસ્થાનના ટ્રસ્ટ એકટની કલમ ૭૪ મુજબ.

લેખી કેફીયત.

સામાન્ય જવાબ.

"નાકબુલ કરવા બદલ"—પ્રતિવાદી નાકબુલ કરે છે કે (હકીકત લખવી).

પ્રતિવાદી કબુલ કરતો નથી કે (હકીકત લખવી).

પ્રતિવાદી કબુલ કરે છે કે પણ કહે છે કે.

"વાંધો ઉઠાવ્યા બદલ"—પ્રતિવાદી પેઢીમાં પ્રતિવાદી પોતે ભાગીદાર હોવાનું નાકબુલ કરે છે.

જે કરાર થયો એમ કેહેવું હોય તે કરાર કર્યાનું અથવા વાદી સાથે કાંઈપણ કરાર કર્યાનું પ્રતિવાદી નાકબુલ કરે છે.

વાદી કહે છે તે પ્રમાણે વાદી સાથે કરાર કર્યાનું અથવા તેની સાથે બીલકુલ કરાર કર્યાનું પ્રતિવાદી નાકબુલ કરે છે.

પ્રતિવાદી માલમતા છે એમ કબુલ કરે છે પણ વાદીનો દાવો કબુલ કરતો નથી.

ફરિયાદ અરજીમાં લખેલો માલ અથવા તેમાંનો કાંઈ માલ વાદીએ પ્રતિવાદીને વેચ્યાનું પ્રતિવાદી નાકબુલ કરે છે.

"મુદત"—સન ૧૯૦૮ ના હિંદુસ્તાનના મુદત બાબતના આકટના ૨ જા પરિશિષ્ટની આર્ટિકલ અથવા આર્ટિકલો ની રૂયે ફરિયાદને મુદતની હરકત છે.

"હકુમત"—કોર્ટને ફરિયાદની ચોકસી કરવાનો અધિકાર નથી કારણ કે (કારણો લખવાં).

જે દાવાનું કારણ છે એમ કેહેવું છે તે પતાવવા સારૂ તારીખ માહે સને રોજ પ્રતિવાદીએ વાદીને એક હીરાની વીંટી આપી અને તે વાદીએ સ્વીકારી.

"નાદારી"—પ્રતિવાદી કાયદાથી નાદાર ઠર્યો છે.

ફરિયાદ માંડયાની પેહેલાં વાદી કાયદાથી નાદાર ઠર્યો અને ફરિયાદ માંડવાનો હક વસુલદારને પ્રાપ્ત થયો.

"સગીરપણું"—જે કરાર થયો છે એમ કેહેવું છે તે કરાર કરતી વખતે પ્રતિવાદી સગીર હતો.

"કોર્ટમાં પૈસા ભર્યા બાબત"—પ્રતિવાદીએ, સઘળા દાવા માટે (અથવા માંગેલા પૈસાનો ભાગ રૂપિયા માટે અથવા જેમ હોય તેમ) કોર્ટમાં રૂપિયા ભર્યા છે અને તેનું એમ કેહેવું છે કે આ રકમ વાદીનો દાવો (અથવા ઉપર લખેલા ભાગ) અદા કરવાને બસ છે.

"વચન પુરૂં કરવાનું વર્જ્ય કરવું"—જે વચન આપ્યું છે એમ કેહેવું છે તે વચન તારીખ માહે રોજે વર્જીત કરવામાં આવ્યું હતું.

"કરાર રદ્દ કરવા બાબત"—વાદી અને પ્રતિવાદીની વચ્ચે કબુલાતથી કરાર રદ થયો હતો.

"નિર્ણિત વાત"—(કઈ ફરિયાદ તે લખવી) ફરિયાદમાંના હુકમનામાંને લીધે વાદીના દાવાને હરકત આવે છે.

"પ્રતિબંધ"—(જે કેહેવાના સંબંધમાં પ્રતિબંધ માંગવામાં આવ્યો હોય તે લખવું) નું ખરાપણું નાકબુલ કરવાને વાદીને પ્રતિબંધ છે કારણ (જે હકીકત ઉપર પ્રતિબંધ ઉત્પન્ન થયાનો આધાર રાખવામાં આવતો હોય તે હકીકત લખવી).

"ફરિયાદ માંડયા પછીના જવાબ કરવાના મુદ્દા"—ફરિયાદ કર્યા પછી એટલે તારીખ માહે રોજ (હકીકત લખવી).

નંબર ૧.

માલ વેચ્યા તથા સ્વાધીન કર્યા બદ્દલની ફરિયાદનો જવાબ.

૧. પ્રતિવાદીએ મજકુર માલ મંગાવ્યો ન હોતો.

૨. પ્રતિવાદીને મજકુર માલ સ્વાધીન કરવામાં આવ્યો ન હોતો.

૩. તેની કિંમત રૂા. ન હોતી.

(અથવા)

૪. }
૫. } રૂ. શિવાયને માટે } ૧ / ૨ / ૩ પ્રમાણે.
૬. }

૭. પ્રતિવાદીએ (અથવા પ્રતિવાદીના મુખત્યાર અ. બ. એ) વાદીને (અથવા તેના મુખત્યાર ક. ડ. ને) ફરિયાદ માંડયા પહેલાં તારીખ માહે સને ૧૯ રોજ દાવાની રકમ આપી દઈને દાવો અદા કર્યો છે.

૮. પ્રતિવાદીએ વાદીને ફરિયાદ માંડયા પછી તારીખ માહે સને ૧૯ ને રોજ દાવાની રકમ આપી દઈને દાવો અદા કર્યો છે.

નંબર ૨.

ખત ઉપરની ફરિયાદનો જવાબ.

૧. મજકુર ખત પ્રતિવાદીનું નથી.

૨. પ્રતિવાદીએ વાદીને ખતની શરત પ્રમાણેના દિવસે નાણાં આપ્યાં છે.

૩. પ્રતિવાદીએ વાદીને ખતમાં લખેલા દિવસ પછી અને ફરિયાદ માંડયા પહેલાં ખતમાં લખેલી મુદલ રકમ વ્યાજ સહિત આપી દીધી છે.

નંબર ૩.

હામીદાર ઉપરની ફરિયાદનો જવાબ.

૧. ફરિયાદ માંડયા પહેલાં મુખ્યે નાણાં આપી દઈ દાવો અદા કર્યો છે.

૨. વાદીએ એક બંધનકારક કબુલાતની રૂએ મુખ્યને મુદત આપવાથી પ્રતિવાદી જવાબદારીથી મુક્ત થયો છે.

નંબર ૪.

કરજ બાબતની કોઇપણ ફરિયાદનો જવાબ.

૧. દાવાની રકમમાંથી રૂા. ૨૦૦, વાદીને પ્રતિવાદીએ વેચેલા તથા સ્વાધીન કરેલા માલ બદલ વાળી લેવાનો પ્રતિવાદીનો હક્ક છે.

વિગત નીચે પ્રમાણેઃ—

તા. ૨૫મી જાનેવારી ૧૯૦૭..રૂા. ૧૫૦

તા. ૧લી ફેબ્રુવારી ૧૯૦૭..રૂા. ૫૦

કુલે રૂા. ૨૦૦.

૨. સદરહુ સઘળી રકમ (અથવા દાવાની રકમનો ભાગ, રૂા.) ફરિયાદ પહેલાં પ્રતિવાદીએ આપવા માંડી હતી અને તે રકમ કોરટમાં આપી છે.

નંબર ૫.

બેદરકારીથી હંકાર્યાથી થએલી ઇજા માટેની ફરીઆદનો જવાબ.

૧. ફરિઆદ અરજીમાં જણાવેલી ગાડી પ્રતિવાદીની હોવાનું તથા તે ગાડી પ્રતિવાદીના નોકરોના હવાલામાં અથવા નિર્બંધ હેઠળ હોવાનું પ્રતિવાદી નાકબુલ કરે છે. સદરહુ ગાડી કલકત્તાની સ્ટ્રીટમાં રહેનારા, ભાડુતી ઘોડાનો તબેલો

રાખનારા જેઓને પ્રતિવાદીએ પોતાને ગાડી ઘોડા પુરા પાડવાનું સોંપ્યું છે તેઓની છે અને જે માણસના હવાલા તથા નિર્બંધ હેઠળ સદરહુ ગાડી હતી તે માણસ સદરહુ નો નોકર હતો.

૨. સદરહુ ગાડી મીડલટન સ્ટ્રીટ ઉપરથી બેદરકારીથી એકદમ અથવા ચેતવણી આપ્યા વગર અથવા ઝડપ વાળી અથવા ભયંકર ગતિથી વાળેલી હોવાનું પ્રતિવાદી કબુલ કરતો નથી.

૩. પ્રતિવાદી કહે છે કે જો વાદીએ વાજબી સંભાળ તથા બાહોશી રાખી હોત તો તે ગાડીને પોતા તરફ આવતી જોઈ શકત અને જોઇ શકયો હોત અને તેની સાથે અથડાત નહીં અને અથડાઈ શકત નહીં.

૪. ફરિઆદ અરજીના ત્રીજા પારેગ્રાફમાં લખેલી બાબતો પ્રતિવાદી કબુલ કરતો નથી.

નંબર ૬.

નુકસાન કરવા માટેની સઘળી ફરિયાદોનો જવાબ.

૧. જે જે કાર્યો (અથવા બાબતો) ની ફરિયાદ કરવામાં આવી હોય તેનો ઈનકાર.

નંબર ૭.

માલ અટકાવી રાખવા માટેની ફરિયાદનો જવાબ.

૧. સદરહુ માલ વાદીની માલકીનો ન હતો.

૨. સદરહુ માલ પ્રતિવાદી જે લીયન માટે હકદાર હતો તે લીયન બાબત અટકાવી રાખવામાં આવ્યો હતો.

વિગત નીચે પ્રમાણેઃ—

તા. ૩જી મે ૧૯૦૭. દાવો કરેલો માલ દિલ્હીથી કલકત્તા લઈ જવામાટેઃ—

૪૫ મણ દર મણે રૂા. ૨ લેખે રૂા.

નંબર ૮.

ગ્રંથસ્વામિત્વનો હક તોડવા બદલ ફરિયાદનો જવાબ

૧. વાદી ગ્રંથકર્તા (એસાઈની વિગેરે) નથી.

૨. સદરહુ પુસ્તક રજીસ્ટર થયલું નથી.

૩. પ્રતિવાદીએ હક તોડયો નથી.

નંબર ૯.

માલપરની નિશાનીનો હક તોડવા બદલ ફરિયાદનો જવાબ.

૧. સદરહુ ટ્રેડમાર્ક વાદીની નથી.

૨. સદરહુ નિશાની ટ્રેડમાર્ક નથી.

૩. પ્રતિવાદીએ હક તોડયો નથી.

નંબર ૧૦.

અપકારક કૃત્યો સંબંધી ફરિયાદોનો જવાબ.

૧. વાદીનો પ્રકાશનો ઉપભોગ અસલના વખતનો નથી (અથવા તેના બીજા કહેવાતા લાંબા ભોગવટાથી મળેલા હક નાકબુલ કરવા).

૨. પ્રતિવાદીની ઇમારતોથી વાદીના પ્રકાશને વાસ્તવિક રીતે અટકાવ થશે નહિ.

૩. પ્રતિવાદી અથવા તેના નોકરો પાણી બગાડતા હોવાનું (અથવા જે માટે ફરીયાદ કરી હોય તે કરવાનું) પ્રતિવાદી નાકબુલ કરે છે.

[જે માટે ફરિયાદ કરવામાં આવી છે તે કરવાનો પ્રતિવાદીનો હક્ક લાંબા ભોગવટાથી મળેલો હોય અથવા બીજી કોઈરીતે મળેલો હોય તો તેણે તેમ લખવું અને તે હક્કના આધારો એટલે કે લાંબા ભોગવટા અથવા બક્ષીસ અથવા બીજું શું તે લખવું].

૪. વાદી અઘટિત વિલંબને માટે ગુન્હેગાર છે તેની વિગત નીચે પ્રમાણેઃ—

સને ૧૮૭૦ માં વાદીની મીલ ચાલુ થઈ.
સને ૧૮૭૧ માં વાદીએ કબજો લીધો.
સને ૧૮૮૩ માં પહેલી વખત ફરિયાદ કરી.

૫. વાદીના નુકશાની માટેના દાવાના સંબંધમાં પ્રતિવાદી ઉપલા બચાવના મુદ્દા ઉપર આધાર રાખશે અને તે કહે છે કે જે કાર્યોની ફરીયાદ કરવામાં આવી છે તે કાર્યોથી વાદીને કાંઈ નુકશાન થયું નથી. (જો બીજા મુદ્દા ઉપર આધાર રાખવાનો હોય તો તે લખવા જોઇએ જેવા કે થઈ ગએલા નુકશાન માટે મુદતની હરકત).

નંબર ૧૧.

ગીરો છોડવવાનો હક બંધ કરવાની ફરીયાદનો જવાબ.

૧. પ્રતિવાદીએ ગીરોખત કરી આપ્યું નથી.

૨. વાદીને ગીરો તબદીલ કરી આપ્યું નથી. (જો એક કરતાં વધારે તબદીલી થયાનું કેહેવું હોય તો જે નાકબુલ કરી હોય તે લખવું).

૩. સને ૧૯૦૮ના હિંદુસ્તાનના મુદત બાબતના આકટના બીજા પરિશિષ્ટના આર્ટીકલની રૂયે ફરીયાદને મુદતની હરકત છે.

૪. હેઠળ પ્રમાણે પૈસા ભરવામાં આવ્યા છે, એટલે:—

		રૂપીઆ.
(તારીખ લખવી) ________	, ...	૧,૦૦૦
(તારીખ લખવી)	, ...	૫૦૦

૫. વાદીએ તારીખ રોજ કબજો લીધો છે અને ત્યારથી તે ભાડું લે છે.

૬. વાદીએ તારીખ માહે ને રોજ કરજ આપી દીધું.

૭. તારીખ માહે ના દસ્તાવેજથી પ્રતિવાદીએ અ. બ. ને પોતાનો સઘળો હિતસંબંધ તબદીલ કરી આપ્યો છે.

નંબર ૧૨.

ગીરો છોડાવવાનો ફરીયાદનો જવાબ.

૧. સન ૧૯૦૮ના હિંદુસ્તાનના મુદતબાબતના આકટના બીજા પરિશિષ્ટની આર્ટિકલ ની રૂયે વાદીના ગીરો છોડાવવાના હકને મુદતની હરકત છે.

૨. વાદીએ મિલકતમાંનો સઘળો હિતસંબંધ અ. બ. ને તબદીલ કરી આપ્યો છે.

૩. પ્રતિવાદીએ, તારીખ માહે ને રોજ કરેલા દસ્તાવેજથી ગીરોથી લીધેલા કરજ ઉપરનો તથા ગીરોની મિલકત ઉપરનો પોતાનો સઘળો હિતસંબંધ અ. બ. ને તબદીલ કરી આપ્યો છે.

૪. પ્રતિવાદીએ ગીરો મિલકતનો કબજો લીધો નથી અથવા તેનું ભાડું પણ લીધું નથી.

(જો થોડી મુદત સુધી પોતાનો કબજો હતો એમ પ્રતિવાદી કબુલ કરતો હોય તો તે મુદત તેણે લખવી, અને તે કબુલ કરતો હોય તે પછીની મુદતનો કબજો તેણે નાકબુલ કરવો.)

નંબર ૧૩.

વિશેષ રીતે કરાર પુરો કરવાની ફરીયાદનો જવાબ.

૧. પ્રતિવાદીએ કબુલાયત કરી નથી.

૨. અ. બ. પ્રતિવાદીનો આડતીઓ ન હતો (જો વાદીનું કેહેવું એવું હોય તો.)

૩. વાદીએ હેઠળની શરતો પુરી કરી નથી— (શરતો).

૪. પ્રતિવાદીએ (અંશતઃ પુરી કરવાની જે વાત વિશે કેહેવું હોય તે વાત) કરી નથી.

૫. હેઠળ લખેલી બાબતના કારણને લીધે, વેચાણ કરવાની મિલકત ઉપર વાદીનો હક એવી તરેહનો નથી કે પ્રતિવાદી તે સ્વીકારવાને બંધાયલો હોય (શા વાસ્તે તે લખવું.)

૬. હેઠળની બાબતના સંબંધમાં કબુલાયત અનિશ્ચીત છે (બાબત લખવી.)

૭. (અથવા) વાદી ઢીલ કર્યા બદલ ગુન્હેગાર છે.

૮. (અથવા) વાદી કપટ અથવા ગેરસમજ કર્યા બદલ ગુન્હેગાર છે.

૯. (અથવા) કબુલત ગેરવાજબી છે.

૧૦. (અથવા) કબુલત ભુલથી કરવામાં આવી હતી.

૧૧. (૭), (૮), (૯), (૧૦) (અથવા જે હોયતે) સંબંધી હેઠળ લખેલી હકીકત છે.

૧૨. વેચાણની ૧૧મી શરતની રૂયે (અથવા એક બીજાની સંમત્તિથી) કબુલાયત રદ્દ કરી હતી.

(જે બાબતમાં નુકસાની માગી હોય અને પોતે નુકસાની ભરી આપવાને જવાબદાર નથી એમ પ્રતિવાદી કહે તે બાબતમાં તેને કબુલાયત અથવા જે કરારનું ઉલ્લંઘન કર્યાનું કેહેવું હોય તે નાકબુલ કરવું જોઈયે, અથવા જવાબ ઉત્તરપક્ષના જે મુદ્દા ઉપર તેનો આધાર હોય તે બતાવવો જોઈયે, એટલે, હિંદુસ્તાનનો મુદતનો કાયદો, અંગિકાર તથા ભરપાઈ. ફાર્ગતી, કપટ, ઇત્યાદિ બતાવવા જોઇયે.)

નંબર ૧૪.

મૃત્યુલેખાર્પીત નાણાનું દાન લેનારે મૈયતની મિલકતના વહિવટ બાબત કરેલી ફરિઆદનો જવાબ.

૧. અ. બ. ના મૃત્યુપત્રમાં કરજનો બોજો હતો; તે મરણ પામ્યો ત્યારે નાદાર હતો; તેના મરણ વખતે કેટલીક સ્થાવર મિલકત ઉપર તેનો હક હતો; તે મિલકત પ્રાતવાદીએ વેચી અને તેના રૂા. નક્કી ઉપજ્યા; મૈયત પાસે કેટલીક જંગમમિલ્કત હતી જે પ્રતિવાદીએ વસુલ કીધી અને જેના રૂા. નક્કી ઉપજ્યા.

૨. તે સઘળી રકમો તથા સ્થાવર મિલકતના ભાડાની રકમ રૂા. ઉપજી તે પ્રતિવાદીએ ઉત્તરક્રિયા તથા મૃત્યુપત્ર સંબંધી ખર્ચ તથા મૈયતના કેટલાં-એક કરજ આપવામાં વાપરી.

૩. પ્રતિવાદીએ હિસાબ તૈયાર કર્યો અને તેની એક નકલ તારીખ માહે સને ૧૯ રોજ વાદીને મોકલી. અને વાદીને કહાવ્યું કે જો ઓચરીયાં જોઇને હિસાબ મેળવવો હોય તો તે જોવાની તને છુટ છે પણ વાદીએ પ્રતિવાદીની માગણીનો લાભ લેવા ના પાડી.

૪. પ્રતિવાદી અરજ કરે છે કે વાદીએ આ ફરિયાદનું ખરચ આપવું જોઈએ.

નંબર ૧૫.

કાયદા પ્રમાણે રીતસર મૃત્યુપત્રનો પ્રોબેટ.

૧. મૈયતનું સદરહુ મૃત્યુપત્ર અને કોડીસીલ સને ૧૮૬૫ના હિંદુસ્તાનના વારસા બાબતના આકટ (અથવા સને ૧૮૭૦ના હિંદુ મૃત્યુપત્રના આકટ) પ્રમાણે બરાબર કરવામાં આવ્યું હતું નહીં.

૨. જે વખતે સદરહુ મૃત્યુપત્ર અને કોડીસીલ અનુક્રમે કરવામાં આવેલાં જણાય છે તે વખતે મૈયતનાં મનની, યાદદાસ્તની તથા સમજની શક્તિ બરાબર નહોતી.

૩. વાદી (અને તેની સાથે કામ કરનારા બીજાઓ જેમનાં નામ હાલ પ્રતિવાદીને જણાયાં નથી તેઓ)ની અયોગ્ય લાગવગથી સદરહુ મૃત્યુપત્ર અને કોડીસીલ કરાવી લેવામાં આવ્યાં હતાં.

૪. સદરહુ મૃત્યુપત્ર અને કોડીસીલ વાદીના દગાથી કરાવી લેવામાં આવ્યું હતું; અને તે દગો, પ્રતિવાદીની હાલની માહિતી પ્રમાણે, (દગાનું રૂપ લખવું) હતી.

૫. સદરહુ મૃત્યુપત્ર અને કોડીસીલ કરવામાં આવ્યાં તે વખતે તેમાં લખેલી બાબતોથી (અથવા પ્રસંગ પ્રમાણે સદરહુ મૃત્યુપત્રના શેષ ભાગનાં મૃત્યુ લેખાર્પિત-દાન બાબતની કલમના મજકુરથી) મૈયત અજાણ હતો અને તેણે તે પસંદ કરી ન હોતી.

૬. મૈયતે પોતાનું તારીખ ૧લી જાનેવારી ૧૮૭૩ નું ખરૂં મૃત્યુપત્ર કરેલું છે અને તે વડે પ્રતિવાદીને તેનો કુલ મૃત્યુપત્ર ચલાવનાર નિમ્યો છે.

પ્રતિવાદીની માગણી નીચે પ્રમાણે છેઃ—

(૧) વાદીએ રજુ કરેલાં સદરહુ મૃત્યુપત્ર તથા કોડીસીલ કોરટે ખોટાં ઠરાવવાં.

(૨) મૈયતનાં તારીખ ૧ લી જાનેવારી સન ૧૮૭૩ ના મૃત્યુપત્રની કોરટે કાયદા પ્રમાણે રીતસર પ્રોબેટ આપવી.

અપીલની યાદ.

(ઓ. ૪૧, કા. ૧).

હું સદરહુ સને ૧૯ ની ફરિયાદ નંબર માં ના તારીખ માહે સન ૧૯ ના હુકમનામાના ઉપર ની કોર્ટને નીચેનાં કારણોથી અપીલ કરૂં છું. તે એ કેઃ—

દરખાસ્ત (ઓ. ૨૧, કા, ૧૧.)

ની કોર્ટમાં

હું હુકમનામાવાળો નીચે વર્ણન કરેલા હુકમનામાંની બજાવણી માટે દરખાસ્ત કરૂં છું.

ફરિયાદનો નંબર.	પક્ષકારોનાં નામ.	હુકમનામાની તારીખ.	હુકમનામા ઉપર અપીલ થઇ છે કે કેમ.	ભરણું અથવા તોડ કાંઇ થયેલો હોય તો.	આગળ કોઇ દરખાસ્ત કરી હોય તો, તે, તેની તારીખ અને પરિણામ સહીત.	હુકમનામા ઉપરની વ્યાજ સહિત લેણી રકમ અથવા તેમાં આપેલી બીજી દાદ, કોઇ સામા હુકમનામાની વિગતો સહિત.	ખરચ કાંઇ અપાવેલો હોય તો તેની રકમ.	કોની સામે બજાવવું.	કોર્ટની મદદ કઇ રીતે લેવા માગે છે તે.
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
સને ૧૮૯૮ નો ૭૮૯	અ. બ. વાદી. ક. ડ. પ્રતિવાદી.	૧૧ મી અકટોબર ૧૮૯૭.	નહિં.	કાંઇ નહિં.	તારીખ ૪ માર્ચ સન ૧૮૯૯ ની દરખાસ્ત ઉપરથી રૂ. ૭૨–૪–૦ દાખલ કર્યા.	મુદલ રૂ. ૩૧૪–૮–૨ (હુકમનામાની તારીખથી વસુલ થયા સુધીનું દર વરસે દર સેંકડે ૭ ટકા પ્રમાણે વ્યાજ).	હુકમનામામાં અપાવેલો રૂ. ૪૭–૧૦–૪ ત્યાર પછી થએલો રૂ. ૮– ૨–૦ કુલ રૂ. ૫૫–૧૨–૪	પ્રતીવાદી ક. ડ. સામે.	[જ્યારે જંગમ મિલકતની જપ્તી અને વેચાણ કરાવવાનું હોય ત્યારે]. હું અરજ કરૂં છું કે કુલ રકમ રૂ. (ભરવાની તારીખ સુધી મુદલ રકમ ઉપર વ્યાજ સહિત) અને આ બજાવણી લેવાનો ખરચ, સાથે જોડેલી યાદી પ્રમાણેની પ્રતિવાદીની જંગમ મીલકતની જપ્તી અને વેચાણ કરીને વસુલ કરવાં તથા મને આપવાં. [જ્યારે સ્થાવર મીલકતની જપ્તી અને વેચાણ કરાવવાનું હોય ત્યારે]. હું અરજ કરૂં છું કે કુલે રકમ રૂ. (ભરવાની તારીખ સુધી મુદલ રકમ ઉપર વ્યાજ સહિત) અને આ બજાવણી લેવાનો ખરચ, આ અરજીની નીચે નિર્દીષ્ટ કરેલી પ્રતિવાદીની સ્થાવર મિલકતની જપ્તી કરી તથા તેનું વેચાણ કરી વસુલ કરવાં તથા મને આપવાં.

હું જણાવું છું કે આની અંદર જે લખ્યું છે તે મારા સંપુર્ણ જાણ્યા તથા માન્યા પ્રમાણે ખરૂં છે.

સહી , હુકમનામું ધરાવનાર.

તારીખ માહે સને ૧૯૧ .

નાદારીમા અપીલ કરવાની અરજી.

(ઓ. ૪૪, કા. ૧).

ઉપર કહેલો હું

આ સાથેના ઉપરની ફરિયાદમાં થએલાં હુકમનામા સામે અપીલની યાદી રજુ કરૂં છું અને અરજ કરૂં છું કે મને નાદાર તરીકે અપીલ કરવાની રજા આપવામાં આવે.

મારી માલીકીની સઘળી જંગમ અને સ્થાવર મિલકતની તેની અટકળે કિંમત સહિત પુરેપુરી અને ખરી યાદ આ સાથે જોડવામાં આવી છે.

તારીખ માહે સને ૧૯ (સહી)

તા. ક. જ્યારે વાદીએ અરજી કરી હોય ત્યારે, અવલ કોર્ટમાં નાદાર તરીકે ફરિયાદ કરવાની તેણે અરજ કરી હતી કે કેમ અને તેને તેમ કરવાની રજા મળી હતી કે કેમ તે લખવું.

ઠરાવવાના મુદ્દાના સંબંધમાં એકમત થવાનું પક્ષકારોનું કરારનામું

(ઓ. ૧૪, કા. ૬).

અમે ઉપલી ફરિયાદના પક્ષકારો અમારી વચ્ચે ઠરાવવાની હકીકતની (અથવા કાયદાની) બાબત વિષે એકમત થયા છીએ પણ સદરહુ ફરિયાદમાં એક્ઝીબીટ તરીકે ફૈલ કરેલા, તારીખ માહે સને ૧૯ ના ખત ઉપર કરેલા દાવાને મુદતના કાયદાની હરકત આવે છે કે નહીં એ બાબતમાં અમારી વચ્ચે મતભેદ છે (અથવા જે બાબત ઉપર મતભેદ હોય તે લખવી); માટે

અમે પોતપોતાને માટે કરાર કરીએ છિએ કે, જો કોર્ટ આ બાબતનો ચુકાદો નકારમાં (અથવા હકારમાં) કરશે તો હું સદરહુ ને રૂપિયા ની રકમ (અથવા તે ખત ઉપર કોર્ટ લેણી ઠરાવશે તેટલી રકમ) આપીશ અને હું સદરહુ સદરહુ ખત ઉપરના મારા દાવાની સંપુર્ણ ભરપાઈ તરીકે સદરહુ રૂપિયા ની રકમ (અથવા કોર્ટ લેણી ઠરાવે તેટલી રકમ) સ્વીકારીશ (અથવા એવા ચુકાદા ઉપરથી હું સદરહુ વિગેરે વિગેરે કરીશ અથવા નહીં કરૂં).

વાદી

સાક્ષીઓ પ્રતિવાદી

૧.

૨.

તારીખ માહે સને ૧૯ જડજ.

કમિશન માટેની અરજીનો પત્ર

(ઓ. ૨૬. કા. ૫).

(મથાળું:—ની કોર્ટના પ્રેસિડંટ તથા જડજો વિગેરે, અગર જેમ હોય તેમ).

ની કોર્ટમાં હાલ ફરિયાદ ચાલે છે અને તે કામમાં અ. બ. વાદી અને ક. ડ પ્રતિવાદી છે; અને સદરહુ કામમાં વાદી એવો દાવો કરે છે કે (દાવાનો સાર લખવો).

અને સદરહુ કોર્ટને એવું જણાવવામાં આવ્યું છે કે ન્યાયની ખાતર તથા પક્ષકારો વચ્ચે જે તકરારી બાબત છે તેમના યોગ્ય નિકાલની ખાતર એવી બાબતો વિશે નીચેના શખસોની સોગન ઉપર જબાની લેવાની જરૂર છે, એટલે

ઇ. ફ. રહેવાસી

ગ. હ. રહેવાસી

અને આઇ. જે. રહેવાસી.

અને એવું દેખાય છે કે સદરહુ સાહેદો આપની નામદાર કોર્ટની હકુમતની અંદર રહે છે.

વાસ્તે હું સદરહુ કોર્ટનો આપને અરજ કરવાની રજા લઉં છું અને આ ઉપરથી અરજ કરૂં છું કે ઉપરના કારણ સારૂ અને સદરહુ કોર્ટને મદદ મળે તે સારૂ આપ સદરહુ ના પ્રેસિડંટ તથા જડજો તરીકે અથવા આપમાંના એકે અથવા વધારે જણાએએ સદરહુ શાહેદોને (તથા સદરહુ વાદી તથા પ્રતિવાદીના મુખત્યારો આપને, નમ્ર લેખી વિનંતી કરીને જે બીજા શાહેદોને સમન કરીને બોલાવવાનું કહે તેમને) આપ નીમો તે વખતે તથા જગાએ આપના એક અથવા વધારે જણાની રૂબરૂ અથવા શાહેદોની જબાની લેવા સારૂ આપની કોર્ટની કામ ચલાવવાની રીત પ્રમાણે જે બીજા શખસોને અધિકાર હોય તેમની રૂબરૂ હાજર રહેવાને સમન કરશો અને આ વિનંતીપત્રની સાથે જે સવાલનામું છે તે પ્રમાણે (અથવા મ્હોડેથી) સદરહુ બાબતો વિશે તેમની જબાની સદરહુ વાદી તથા પ્રતિવાદીના મુખત્યારોની સમક્ષ અથવા તેમનામાં જે આસામીઓ યોગ્ય નોટીસ પછી એવી જબાની વખતે હાજર હોય તેમની સમક્ષ લેવડાવશો.

અને હું આપને વળી એવી વિનંતી કરૂં છું કે આપ સદરહુ શાહેદોના જવાબ લખાવી લેશો, અને એવી જબાની વખતે જે ચોપડાઓ, પત્રો, કાગળો તથા દસ્તાવેજો રજુ કરવામાં આવ્યા હોય તે ઓળખાવવા માટે તેમના ઉપર યોગ્ય નીશાની કરાવશો, અને વળી આપને એવી વિનંતી કરૂં છું કે એવી જબા-

નીના ખરાપણા વિશે તેના ઉપર આપની ન્યાયસભાના શિક્કાથી શિકકો કરાવશો, અથવા આપની કામ ચલાવવાની રીતને અનુસરતી હોય એવી બીજી રીતે તેના ઉપર નિશાની કરાવશો અને તે જબાની તથા બીજા શાહેદોની જબાની લેવા સારૂ કોઈપણ લેખી અરજી કરવામાં આવે તો તે સુધ્ધાં સદરહુ કોર્ટને પાછી મોકલજો.

"ટીપ"—જો સદરહુ અરજી પરમુલકની કોર્ટને મોકલવામાં આવી હોય તો, ઉપરની છેલ્લી લીટીમાં "સદરહુ કોર્ટને" એ શબ્દોની પહેલાં "માલિક મુઆઝમના સેક્રેટરી ઑફ સ્ટેટ ફૉર ફોરેન ઑફીસ મારફત" એ શબ્દો ઉમેરવા "અને તે શબ્દોની પછી "રવાના થવા સારૂ" એ શબ્દો ઉમેરવા.

કલેકટરોએ હુકમનામાં બજાવવા વિશે.

૧. (૧) હુકમનામાની બજાવણીનું કામ કલેકટરને ૬૮ મી કલમની રૂએ મોકલ્યું હોય ત્યારે, કલેકટર

(અ) હુકમનામાની રકમ ઉભી કરવા સારૂ હુકમનામાના દેણદારને બની શકે તેટલા માટે સ્થાવર મિલકતનું વેચાણ તહકુબ રાખવામાં આવે ત્યારે કોર્ટ જે રીતે કામ ચલાવત તે રીતે કામ ચલાવવાને; અથવા

(બ) વેચવાનો હુકમ થયેલી તમામ મિલકત કે તેનો કાંઈ ભાગ હમેશને વાસ્તે કે કાંઈ મુદતને વાસ્તે પ્રીમિયમ લેઈને, ભાડે આપીને, અથવા ગીરો મુકીને, હુકમનામાની રકમ ઉભી કરવાને; અથવા

(ક) વેચવાને હુકમ થયેલી મિલકત અથવા જરૂર હોય તેટલો તેનો ભાગ વેચવાને, મુખત્યાર છે.

૨. સ્થાવર મિલકતને વિશેષ રીતે લાગુ હોય તે કરારને લીધે જે હુકમનામામાં તે મિલકત વેચવાનું ફરમાવ્યું હોય તેવું હુકમનામું નહીં પણ પૈસા બાબતનું હુકમનામું હોય, અને તે પુરૂં કરવામાં કોર્ટે સ્થાવર મિલકત વેચવાનો હુકમ કર્યો હોય, એવું હુકમનામું બજાવવાનું કામ સદરહુ પ્રમાણે મોકલ્યું હોય ત્યારે, કલેકટરને જરૂર જણાય તેવી ચોકશી કર્યા પછી, હુકમનામાના દેણદારની કામમાં આવે તેવી તમામ સ્થાવર મિલકત વેચ્યા વગર તેની સઘળી જવાબદારી પતી જશે એમ માનવાનું તેને (કલેકટરને) કારણ હોય તો, આ આકટમાં આગળ ઠરાવ્યા પ્રમાણે કામ ચલાવવાને કલેકટર મુખત્યાર છે.

૩. (૧) પારેગ્રાફ (૨) માં કહેલા પ્રકારના કોઇપણ પ્રસંગે કલેક્ટરે નોટીશ પ્રસિધ્ધ કરીને તે પ્રમાણે ચાલવાને તે નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખથી ૬૦ દિવસની મુદત આપવી, અને તેમાં જણાવવું કે:—

(અ) હુકમનામાના દેણદાર ઉપરના પૈસા આપવા બાબતનું જે હુકમનામું તેની સ્થાવર મિલકત વેચીને બજાવી શકાય એવું હોય, અને તે પ્રમાણે બજાવવાને જે હુકમનામાવાળાની મરજી હોય તેવા પ્રત્યેક હુકમનામાવાળાએ, તથા પૈસા આપવા બાબતના જે હુકમનામાની બજાવણીમાં તે મિલકત વેચવાનું કામ ચાલુ હોય તેવા પ્રત્યેક હુકમનામાવાળાએ, હુકમનામાની નકલ તથા તે હુકમ નામા ઉપરથી વસુલ કરવા જોગ રકમ કેટલી છે તે બતાવનારૂં તે કરનારી અથવા બજાવનારી કોર્ટનું સર્ટિફીકેટ પોતાની (કલેકટરની) રૂબરૂ હાજર કરવું;

(બ) સદરહુ મિલકત ઉપર કંઇ દાવો હોય એવા પ્રત્યેક શખસે તે દાવાની હકીકત કલેકટરને આપવી, તથા તેના પુરાવામાં કંઇ દસ્તાવેજ હોય તો તે હાજર કરવા.

(૨) જે કોર્ટે વેચવાનો અસલ હુકમ કર્યો હોય તે કોર્ટના મકાનના કોઈ પ્રસિદ્ધ ભાગમાં તથા કલેકટરને યોગ્ય લાગે તેવી બીજી જગાઓએ (જો કોઈ હોય તો) ચોઢીને સદરહુ નોટીસ પ્રસિદ્ધ કરવી; અને એવા કોઈ હુકમનામાવાળાનું અથવા દાવો કરનારનું ઠેકાણું જાણીતું હોય, ત્યારે સદરહુ નોટીસની નકલ તેને ટપાલ રસ્તે અથવા બીજી રીતે મોકલવી.

૪. (૧) સદરહુ મુદત પુરી થયે, હુકમનામાના દેણદારની અને હુકમનામાવાળા અથવા દાવો કરનારા (હોય તો તે) ની કાંઇ કહેવાની ઈચ્છા હોય તે સાંભળી લેવા સારૂ, અને સદરહુ હુકમનામાં તથા દાવાનું તથા હુકમનામાના દેણદારની સ્થાવર મિલકતનું સ્વરૂપ અને મર્યાદા બાબત પોતાની માહિતી કરી લેવા સારૂ જરૂર હોય તેવી ચોકશી ચલાવવાને કલેકટરે એક દિવસ નીમવો: અને તે સુનાવણી તથા ચોકશી વખતે વખતે મુલતવી રાખવાને તે મુખત્યાર છે.

(૨) કલેકટરને જાહેર કરેલા કોઈ હુકમનામા અથવા દાવા માટે હુકમનામાના દેણદારની જવાબદારીના ખરાપણા અથવા મર્યાદા બાબત, અથવા સદરહુ હુકમનામાંની કે દાવાની પરસ્પર અગ્રતાબાબત, અથવા સદરહુ હુકમનામાં કે દાવા પુરા કરવામાં એવી કોઇ મિલકતની જવાબદારી બાબત તકરાર ન હોય ત્યારે, કલેકટરે એક યાદી તૈયાર કરવી; તે યાદીમાં સદ-

રહુ પ્રકારનાં હુકમનામાં પુરાં કરવાસારૂ વસુલ કરવાની રકમ, કયા અનુક્રમમાં તે હુકમનામાં તથા દાવા પુરા કરવાના છે તે, અને તે કારણસારૂ કામમાં આવે તેવી સ્થાવર મિલકત જણાવવી જોઇયે.

(૩) સદરહુ પ્રકારની કાંઈ તકરાર ઉત્પન્ન થાય ત્યારે, તે વિશેની યાદી તથા તે સંબંધી પોતાનો અભિપ્રાય લખીને, કલેકટરે તે તકરાર, વેચાણ કરવાનો અસલ હુકમ કરનારી કોર્ટને મોકલવી, અને લખી મોકલ્યું હોય તેનો જવાબ આવતાંસુધી તે તકરારના વિષયસંબંધી કામ મુલતવી રાખવું. અને તકરારનો વિષય પોતાની હકુમતમાંહેનો હોય તો કોર્ટે તેનો નિકાલ કરવો, અથવા તકરારનો નિકાલ કરવાસારૂ તે કામ અખ્ત્યારવાળી કોર્ટમાં મોકલવું, અને આખરનો ઠરાવ થાય તે કલેકટરને જણાવવો; પછી કલેકટરે તે ઠરાવ મુજબ ઉપર ઠરાવ્યા પ્રમાણે યાદી તૈયાર કરવી.

૫. પારેગ્રાફ ૩ તથા ૪ માં ફરમાવેલી નોટીસ પોતે કહાડવાને બદલે તથા તેમાં ફરમાવેલી ચોકસી પોતે કરવાને બદલે, પોતાને ખબર હોય અથવા પોતાની આફીસના કાગળપત્રોમાંથી દેખાઈ આવે તેટલી હુકમનામાના દેણદારની તથા તેની સ્થાવર મિલકતની સ્થિતિ લખીને એક યાદી તૈયાર કરી તે યાદી ડિસ્ટ્રિકટ કોર્ટને મોકલવાનો કલેકટરને અધિકાર છે; અને પછી તે કોર્ટે પારેગ્રાફ ૩ તથા ૪ માં ફરમાવેલી નોટીસ કરવી, ચોકસી ચલાવવી અને યાદી તૈયાર કરવી, અને તે યાદી કલેકટરને મોકલવી.

૬. પારેગ્રાફ ૪ અથવા ૫ મુજબ ઉત્પન્ન થનારી કાંઈ તકરારનો કોર્ટે કરેલો કાંઈ ઠરાવ, તેમાંહેના પક્ષકારોની વચ્ચે, હુકમનામાં પ્રમાણે અમલમાં આવશે, અને હુકમનામા પ્રમાણેજ તેની ઉપર અપીલ કરી શકાશે.

૭. (૧) પારેગ્રાફ ૪ તથા ૫ માં ઠરાવ્યા પ્રમાણે, વસુલ કરવાની રકમનો અને કામમાં આવવા જોગ મિલકતનો નિર્ણય કર્યાપછી કલેકટરને નીચે પ્રમાણે કરવાનો એટલે,—

(અ) કામમાં આવવા જોગ હોય તેવી તમામ મિલકત વેચ્યા શિવાય શદરહુ રકમ વસુલ થાય એમ નથી એવું જણાય, તો તે મિલકત વેચવાને કામે લાગવાનો, અથવા

(બ) હુકમનામામાં કંઈ વ્યાજ અપાવ્યું હોય તો હુકમનામા પ્રમાણે વ્યાજસુદ્ધાં, અને હુકમનામામાં વ્યાજ અપાવ્યું ન હોય ત્યારે તે બાબતમાં પોતાને વાજબી જણાય તે દર પ્રમાણે વ્યાજ (જો હોય તો તે) સુદ્ધાં, સદરહુ રકમ સદરહુ પ્રમાણે વેચાણ

કર્યાવગર વસુલ કરી શકાશે એવું જણાય તો, વેચાણ બાબત અસલ હુકમ થયો હોય તોપણ સદરહુ રકમ અને વ્યાજ હેઠળ લખેલી રીતે, એટલે—

(૧) સદરહુ તમામ મિલકત અથવા તેનો કાંઈ ભાગ પ્રીમિયમ લઈ, હમેશને વાસ્તે અથવા કંઈ મુદ્દતને વાસ્તે ભાડે આપીને; અથવા

(૨) તે તમામ મિલકત અથવા તેનો કાંઈ ભાગ ગીરો મુકીને; અથવા

(૩) તે મિલકતમાંથી થોડી વેચીને; અથવા

(૪) વેચાણના હુકમની તારીખથી વીસ વરસ કરતાં વધારે ન હોય એટલી મુદ્દત સુધી તે તમામ મિલકત અથવા તેનો કંઇ ભાગ ઈજારે ખંડી આપીને કે પોતે તેનો વહિવટ કરીને અથવા બીજા પાસે તે કરાવીને; અથવા

(૫) સદરહુ પ્રકારો પૈકી એક પ્રકારે થોડી અને બીજા એક અથવા વધારે પ્રકારે થોડી તજવીજ કરીને,

ઉભું કરવાનો;

અખત્યાર છે.

(૨) તે તમામ મિલકતનો અથવા તેના કાંઇ ભાગનો આ કલમ પ્રમાણે વહિવટ કરવાસારૂ તે મિલકતના ધણીના બધા અધિકાર ચલાવવાને કલેકટર મુખત્યાર છે.

(૩) કામમાં આવવા જોગ મિલકત અથવા તેનો કાંઈ ભાગ વધારે કિંમતે વેચાય એવું કરવા સારૂ, અથવા ભાડે કે વહિવટમાં આપવાના કામને વધારે યોગ્ય કરવા સારૂ, અથવા તે ઉપરનો બોજો પતાવવા માટે જે વેચાણ કરવાનું હોય તે વેચાણમાંથી તેને બચાવવા સારૂ કોઇ પણ બોજાવાળાને જે દાવો આપવાનો થયો હોય તેનો ફડચો કરવાનો અથવા રકમ દેણી થઈ હોય કે ન હોય તોપણ કોઈ બોજાવાળાની દાવાની તોડજોડ કરવાનો; અને એવો ફડચો અથવા તોડજોડ કરવા માટે નાણાની ત્રેવડ કરવા સારૂ પોતાને બસ લાગે તેટલો તે મિલકતનો ભાગ ગીરો મુકવાનો, ભાડે આપવાનો, અથવા વેચી નાખવાનો કલેકટરને અખત્યાર છે. અને આ રકમ પ્રમાણે જે બોજાની તજવીજ કલેકટર કરવા ઈચ્છતો હોય એવા બોજા ઉપરની લેણી રકમ વિશે કાંઈ તકરાર ઉત્પન્ન થાય તો, પોતાના નામથી અથવા હુકમનામાના દેણદારના નામથી, હિસાબ લેવાની ફરિયાદ યોગ્ય કોર્ટમાં કરવાનો, અથવા સદરહુ તકરારનો નિકાલ થવા સારૂ તે દરએક પક્ષકારે નીમેલા એક એક લવાદ, એવા બે લવાદોને, અથવા એવા લવાદો નીમે તે સરપંચને સોંપવાનું કબુલ કરવાનો તેને અખત્યાર છે.

(૪) આ પારેગ્રાફ પ્રમાણે કામ ચલાવતી વખતે, સ્થાનિક સરકાર આ કાયદાને અનુસરીને આ બાબત વખતે વખતે જે કાનુનો કરે તે કાનુનો પ્રમાણે કલેકટરે ચાલવું જોઇયે.

૮. ૭ મા પારેગ્રાફ પ્રમાણે ભાડાનો વ્યવહાર અથવા વહિવટ પુરો થયા પછી વસુલ કરવાની રકમ ઉત્પન્ન થઈ ન હોય, ત્યારે કલેકટરે તે વાત હુકમનામાના દેણદારને અથવા જેને હક્કસંબંધ હોય તેવા તેના વારસ વકીલને લખી જણાવવી, અને તેમાં એવું પણ જણાવવું કે આ નોટીસની તારીખથી છ અઠવાડિયાંની અંદર સદરહુ રકમ પુરી થવાને જરૂર હોય તેટલી બાકીની રકમ કલેકટરને નહિ ભરે તો સદરહુ માલ મિલકત અથવા તે રકમ પુરી થાય તેટલો તે મિલકતનો ભાગ વેચવાનું કામ કલેકટર ચલાવશે; અને સદરહુ છ અઠવાડિયાં પુરાં થઈ ગયા છતાં સદરહુ બાકીની રકમ આપી ન હોય તો તે મિલકત અથવા તેનો ભાગ કલેકટરે સદરહુ પ્રમાણે વેચવો.

૯. (૧) આ પરિશિષ્ટના ઠરાવ પ્રમાણે પોતાને આપેલો અખત્યાર ચલાવતાં તથા તેમાં કહેલાં કર્તવ્ય બજાવતાં કલેકટરના હાથમાં આવેલા સઘળા પૈસાનો તથા તેને થયેલા સઘળા ખરચનો હિસાબ તેણે, વેચાણનો અસલ હુકમ કરનારી કોર્ટને વખતે વખતે આપવો, અને બાકી રકમ કોર્ટ હુકમ કરે તે પ્રમાણે વ્યવસ્થા કરવા સારૂ તેણે પોતાની પાસે રાખવી.

(૨) આ ખરચમાં સદરહુ મિલકત અથવા તેના કંઇ ભાગ બાબત વખતે વખતે સરકારને જે કરજ અને જવાબદારી દેણી હશે તે, સદરહુ મિલકત અથવા તેના ભાગ બાબત વરિષ્ટ ધારણ કરનારને જે ગણોત (જો હોય તો) વખતે દેવું હશે તે, અને કલેકટર તે પ્રમાણે ફરમાવે તો તેણે શાહેદોને બોલાવ્યા હશે તેઓનો ખરચ, આ સઘળું આવે છે એમ સમજવું.

(૩) સદરહુ બાકી રહેલી કોર્ટે હેઠળ લખ્યા પ્રમાણે, એટલેઃ—

(અ) સદરહુ મિલકતની ઉપજમાંથી હુકમનામાના દેણદારના કુટુંબનાં જે માણસોને (જો હોય તો) પોતાના ગુજરા સારૂ કાંઈ મળવાનો હક્ક હોય તેઓ માંહેના દરએકની બાબતમાં કોર્ટને યોગ્ય લાગે તે રકમ આપીને તેઓના ગુજરાનની તજવીજ કરવામાં; અને

(બ) કલેકટરે પારેગ્રાફ (૧) પ્રમાણે કામ ચલાવ્યું હોય ત્યારે, જે અવલ હુકમનામાની બજાવણીમાં સ્થાવર મિલકત વેચવાનો હુકમ કર્યો હતો તે હુકમનામું પુરૂં કરવામાં અથવા ૭૩ મી કલમ પ્રમાણે કોર્ટ હુકમ કરે તે બીજા કામમાં; અથવા

(ક) પારેગ્રાફ ૨ પ્રમાણે કલેકટરે કામ ચલાવ્યું હોય ત્યારે—

(૧) સદરહુ મિલકત ઉપરના બોજાઓનું વ્યાજ કમી કરવામાં,

(૨) હુકમનામાના દેણદારના ગુજરાનનું બીજું પુરતુ સાધન ન હોય ત્યારે કોર્ટને યોગ્ય લાગે તે રકમ તેના ગુજરાન માટે આપવામાં; અને

(૩) મુળ હુકમનામાવાળાના, તથા સદરહુ નોટીસ પ્રમાણે જે ચાલ્યા હોય, અને જે રકમ વસુલ કરવાનો હુકમ કર્યો હોય તે રકમમાં જેઓના દાવા ગણ્યા હોય, એવા બીજા કોઈ હુકમનામાવાળાઓના દાવા ફાળા પ્રમાણે આપવામાં,

કામે લગાડવી.

(૪) સદરહુ હુકમ જે હુકમનામાવાળાઓએ મેળવ્યો હોય તેઓનું પત્યા પહેલાં બીજા કોઇ પૈસા આપવા બાબતના હુકમનામાવાળાને સદરહુ મિલકતમાંથી અથવા સિલક રકમમાંથી કાંઈ પણ મળવાનો હક્ક નથી, અને કાંઇ બાકી રહી હોય તો તે હુકમનામાના દેણદારને, અથવા કોર્ટ ફરમાવે તે બીજા શખસને આપવી.

૧૦. આ પરિશિષ્ટના ઠરાવ પ્રમાણે કલેકટર કોઈ મિલકત વેચે ત્યારે, તેણે સદરહુ મિલકતના પોતાને યોગ્ય લાગે તેવા એક અથવા વધારે લાટ (ભાગ) કરીને તે જાહેર લિલામ કરીને વેચવી, તથા તેને—

(અ) દરએક લાટ જેથી ઓછી કિંમતે વેચવો નહિ તેવી વાજબી કિંમત ઠરાવવાનો;

(બ) મિલકતની વાજબી કિંમત મેળવવા સારૂ જ્યારે વેચાણ મુલતવી રાખવાની તેને જરૂર જણાય ત્યારે તે મુલતવી રાખવાનાં પોતાનાં કારણ દફતરમાં લખી મુકીને તે વેચાણ યોગ્ય મુદત સુધી મુલતવી રાખવાનો;

(ક) વેચવા કાઢેલી મિલકત ખરીદ કરી લઈ પોતાને યોગ્ય લાગે તે જાહેર લીલામથી અથવા ખાનગી કરારથી ફરીને વેચવાનો,

અખત્યાર છે.

૧૧. (૧) હુકમનામાના દેણદારની સ્થાવર મિલકતના અથવા તેના કાંઈ પણ ભાગના સંબંધમાં પારેગ્રાફ ૧ થી ૧૦ ઉપરથી કલેકટરને મળેલો અધિકાર તે ચલાવી શકે ત્યાં સુધી અથવા તેમાં કહેલાં કામ તે બજાવી શકે ત્યાંસુધી, કલેકટરની લખેલી પરવાનગી શિવાય, સદરહુ મિલકત અથવા તેનો કાંઇ ભાગ ગીરો મુકવાને અથવા તેની ઉપર બોજો નાખવાને અથવા તે પટે આપવાને અથવા બીજાને

આપવાને હુકમનામાના દેણુદારને અથવા તેના હક સંબંધવાળા વારસ વકીલને અધિકાર નથી; તેમજ સદરહુ મિલકત ઉપર અથવા તેના કાંઈ ભાગ ઉપર પૈસા આપવા બાબતના હુકમનામાની બજાવણીમાં કોઈ દિવાની કોર્ટે પ્રોસેસ કાઢવી નહિ.

(૨) ઉપર કહેલી મુદતમાં, જે હુકમનામાની ભરપાઈ કરવાની તજવીજ પારેગ્રાફ ૭ પ્રમાણે કલેકટરે કરી હોય એવા કોઈ હુકમનામાની બાબતમાં હુકમનામાના દેણુદાર ઉપર અથવા તેની મિલકત ઉપર કોઈ પણ દિવાની કોર્ટે કાંઈ પણ બજાવણીની પ્રોસેસ કાઢવી નહિ.

(૩) આ પારેગ્રાફના ઠરાવથી બાધ થતો હોય એવાં જે હુકમનામાંની બજાવણીને (કાયદાની) જે મુદત લાગુ હશે તે મુદત ગણતી વખતે સદરહુ ઠરાવને લીધે જે ઈલાજ થોડી મુદત સુધી હુકમનામાવાળાથી ચલાવી શકાશે નહીં તે ઈલાજના સંબંધમાં ઉપર કહેલી મુદત બાદ કરવી.

૧૨. જે મિલકતનું વેચાણ કરવા વિશે હુકમ થયો હોય તે મિલકત એક કરતાં વધારે ડિસ્ટ્રિકટમાં હોય ત્યારે, પારેગ્રાફ ૧ થી ૧૦ માં કલેકટરને આપેલા અધિકાર તથા સોંપેલાં કામ, સ્થાનિક સરકાર સામાન્ય નિયમ કરીને અથવા વિશેષ હુકમ કરીને વખતે વખતે ફરમાવે તે પ્રમાણે સદરહુ ડિસ્ટ્રિકટનાં કલેકટરો પૈકી એક કલેકટરે ચલાવવાં અને બજાવવાં.

૧૩. પક્ષકાર તથા શાહેદોને હાજર થવાની તથા દસ્તાવેજ રજુ કરવાની ફરજ પાડવાનો અધિકાર દિવાની કોર્ટને છે તે, પારેગ્રાફ ૧ થી ૧૦ માં આપેલો અધિકાર ચલાવતી વખતે કલેકટરને છે.

મુદત બાબત.

(સને ૧૯૦૮ નો આકટ ૯ મો—ઈન્ડીઆ).

આ કાયદાથી ફરીઆદ, અપીલ, અરજી કરવાની મુદત ઠરાવી છે તે નીચે પ્રમાણેઃ—

નીચેની ફરીઆદ માટે ત્રીસ દિવસની મુદત ઠરાવી છે.

૧. સન ૧૮૬૩ ના પડતર જમીન ઉપરના દાવાના આકટ પ્રમાણે રેવેન્યુ બોર્ડે કરેલા નિવાડા બાબત તકરાર કરવા સારૂ,—નિવાડાની નોટીસ વાદીને આપવામાં આવે ત્યારે.

નીચેની ફરીઆદ માટે નેવુ દિવસની મુદત ઠરાવી છે.

૨. બ્રિટિશ હિંદુસ્તાનમાં જે વખતે જે કોઈ કાયદો ચાલુ હોય તે વખતે તે કાયદા પ્રમાણે ફલાણું કૃત્ય છે એમ કહેતા હોય તે કૃત્ય કર્યા બદલ અથવા ન કર્યા બદલ નુકસાનનો બદલો મળવા સારૂ,—કૃત્ય અથવા કસુર કરવામાં આવે ત્યારે.

નીચેની ફરીઆદ માટે છ મહિનાની મુદત ઠરાવી છે.

૩. સન ૧૮૭૭ ના વિશેષ ન્યાયના આકટની ૯ મી કલમ પ્રમાણે સ્થાવર મિલકતનો કબજો પાછો લેવા બાબત,—કબજો લઈ લેવામાં આવે ત્યારે.

૪. કામ કરનારા અને તેઓને કામે રાખનારાની તકરારો પડે તે બાબતના સન ૧૮૬૦ ના આકટની ૧લી કલમ પ્રમાણે,—જે પગાર બાબત અથવા ભાડા બાબત અથવા જે કામ કીધું હોય તેની કિંમત બાબત દાવો હોય તે પગાર અથવા ભાડું અથવા કિંમત આપવાની થાય ત્યારે.

૫. સન ૧૯૦૮ ના દિવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદાની કલમ ૧૨૮ (૨) (ફ) માં કહ્યા પ્રમાણે સંક્ષિપ્ત રીતે કામ ચલાવવું હોય ત્યારે,—કરજ અથવા પૈસાની ઠરાવેલી રકમ આપવાની થાય ત્યારે, અથવા મિલ્કત પાછી લેવાની હોય ત્યારે.

નીચેની ફરીઆદ માટે એક વરસની મુદત ઠરાવી છે.

૬. કોઈ સ્ટૅટ્યુટ પ્રમાણે અથવા આકટ પ્રમાણે અથવા કાયદા પ્રમાણે અથવા પેટા કાયદા પ્રમાણે દંડ બાબત અથવા ગુન્હેગારી બાબત,—દંડનો અથવા ગુન્હેગારીનો પેચ આવે ત્યારે.

૭. ઘરના ચાકરના અથવા કારીગરના અથવા મજુરના પગાર બાબત કે જે વિશે આ પરિશિષ્ટના ૪ થા આર્ટિકલમાં ઠરાવ કરેલો નહિ હોય,—પગાર જ્યારે દેવો થાય ત્યારે.

૮. હોટેલના અથવા ટાવર્નના અથવા લૉજિંગ હાઉસના માલીકે ખાવા પીવાની જણસો વેચી હોય તેની કિંમત બાબત,—ખાવાની અથવા પીવાની જણસ આપવામાં આવે ત્યારે.

૯. રેહેવાના ભાડા બાબત,—ભાડું આપવાનું થાય ત્યારે.

૧૦. અગ્રક્રિયાધિકાર (એટલે બીજાના કરતાં પેહેલાં ખરીદ કરવાનો અધિકાર) અમલમાં લાવવા બાબત, પછી તે અધિકાર કાયદા ઉપરથી હોય અથવા લોક રૂઢી ઉપરથી હોય અથવા વિશેષ કરાર ઉપરથી હોય,—જે વેચાણ રદ્દ કરવાનો ઇરાદો હોય તે વેચાણ ઉપરથી ખરીદદાર વેચેલી સઘળી માલમિલકતનો સ્થુલ પદાર્થરૂપ કબજો લે ત્યારે, અથવા, વેચાણનો વિષય સ્થુલ પદાર્થરૂપ કબજો લેવા જેવો ન હોય તો, વેચાણનો દસ્તાવેજ નોંધવામાં આવે ત્યારે.

૧૧. જે માણસ વિરૂધ્ધ નીચેના હુકમમાંનો કોઈપણ હુકમ થયો હોય તેણે, હુકમ માંહેની માલમિલકત ઉપર જે હકનો તે દાવો કરતો હોય તે હક સાબેત કરવાસારૂ કરવાની,—હુકમની તારીખથી.

(૧) હુકમનામાંની બજાવણીમાં જે મિલકત જપ્ત કરેલી હોય તે મિલકતના સંબંધમાં માંડેલા દાવાની બાબતમાં અથવા તે મિલકતની જપ્તી બાબત જે હરકત લીધી હોય તેની બાબતમાં સન ૧૯૦૮ ના દિવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદાની રૂયે કાઢેલો હુકમ,—

(૨) સન ૧૮૮૨ ના પ્રેસીડન્સી સ્માલ કૉઝ કોર્ટસ આકટની ૨૮ મી કલમની રૂયે હુકમ,—

(૧૧ અ) સ્થાવર મિલકતનો કબજો મેળવવાનું હુકમનામું ધારણ કરનારે કરેલી અથવા હુકમનામાંની બજાવણીમાં વેચાયલી સદરહુ મિલકત ખરીદનારે કરેલી, તે મિલકતનો કબજો સોંપવામાં કરેલા પ્રતિબંધ અથવા હરકત બાબતની અરજી ઉપર, અથવા હુકમનામું ધારણ કરનારને અથવા ખરીદદારને સદરહુ મિલકતનો કબજો આપવામાં જે શખસની પાસેથી સદરહુ મિલકતનો કબજો લઈ લીધો હોય તેણે કરેલી અરજી ઉપર સન ૧૯૦૮ ના દિવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદાની રૂયે જે હુકમ કર્યો હોય તે હુકમ વિરૂધ્ધ, તે હુકમમાં જણાવેલી મિલકત ઉપર પોતાના હાલના કબજા માટે જે હકનો તે દાવો કરતો હોય તે હક સાબિત કરવા સારૂ કોઈ શખસે કરેલી,—હુકમની તારીખથી.

૧૨. હેઠળ લખેલાં વેચાણમાંના કોઈ વેચાણ રદ્દ કરવા બાબત,—વેચાણ કાયમ કરવામાં આવે ત્યારે, અથવા એવી ફરિયાદ થઈ ન હોત તો તે વેચાણ બીજીરીતે આખરનું તથા નિશ્ચયકારક થાત ત્યારે.

(અ) દિવાની કોર્ટનું હુકમનામું બજાવવા સારૂ કરેલું વેચાણ;

(બ) કલેકટરના અથવા બીજા રેવેન્યુ આફિસરના હુકમનામા પ્રમાણે અથવા હુકમ પ્રમાણે કરેલું વેચાણ;

(ક) સરકારી મેહેસુલની ચઢેલી બાકી બાબત, અથવા સદરહુ પ્રકારની ચઢેલી બાકી પ્રમાણે વસુલ કરવા જોગ કાંઈ માગણી બાબત કરેલું વેચાણ,—

(ડ) ભાડાની ચાલુ બાકી બાબત પટણી તાલુકાનું કરેલું વેચાણ,—

ખુલાસો—આ આર્ટીકલમાંના "પટણી" શબ્દમા ભાડાની ચાલુ બાકી બાબત વેચવાને પાત્ર હોય તેવા કોઈ દરમિયાનના સત્તાપ્રકારનો સમાસ થાય છે,

૧૩. ફરિયાદ શિવાય બીજાં કાંઈ ચલાવેલાં કામમાંનો દિવાની કોર્ટનો ફેસલો અથવા હુકમ ફેરવવા બાબત અથવા રદ્દ કરવા બાબત,–પ્રકરણમાં આખરનો ઠરાવ કરવાનો અધિકાર હોય તેવી કોર્ટે કરેલા આખરના ફેસલાની અથવા હુકમની તારીખથી.

૧૪. સરકારી અમલદારે પોતાના હોદ્દાના સબબથી, કાંઈ કૃત્ય અથવા હુકમ કર્યો હોય તથા તે બાબત આ આકટમાં ખસુસ બીજી રીતનો ઠરાવ કરેલો નહિ હોય તો તે કૃત્ય અથવા હુકમ રદ્દ કરવા બાબત,–તેકૃત્યની અથવા હુકમની તારીખથી.

૧૫. સરકારી મેહેસુલની ચઢેલી બાકી બાબત રેવેન્યુ અધિકારીએ કાંઈ સ્થાવર મિલકતની જપ્તી કરી હશે અથવા તેનો પટો આપ્યો હશે અથવા બીજાને તબદીલ કરી આપી હશે તે જપ્તી અથવા પટો અથવા તબદીલી રદ્દ કરવા બાબત સરકાર ઉપર કરવાની,–જપ્તી કરવામાં અથવા પટો આપવામાં અથવા તબદીલી કરી આપવામાં આવે ત્યારે.

૧૬. મેહેસુલની ચઢેલી બાકી બાબત અથવા મેહેસુલની ચઢેલી બાકી પ્રમાણે વસુલ થઈ શકે તેવા લેણા બાબત રેવેન્યુ અધિકારીએ કરેલા દાવાનો નિકાલ કરવા સારૂ તકરાર કરીને પૈસા આપ્યા હોય તે પાછા લેવા બાબત સરકાર ઉપર કરવાની,—નાણું ભરવામાં આવે ત્યારે.

૧૭. સાર્વજનિક કામ સારૂ લીધેલી જમીનનો બદલો મળવા સારૂ સરકાર ઉપર કરવાની,—બદલાની રકમ ઠરાવ્યાની તારીખ.

૧૮. જમીન લેવાનું કામ પુરૂં થયું નહિ હોય ત્યારે બદલા બાબત તેવીજ ફરિયાદ;—પુરૂં કરવાની ના કહ્યાની તારીખ.

૧૯. ખોટી રીતે કેદ કર્યા બાબતનો બદલો મળવા બાબતની,–કેદ પુરી થાય ત્યારે.

૨૦. સન ૧૮૫૫ ના કાયદેસર વારસ વકીલોએ કરવાની ફરિયાદ બાબતના આકટ પ્રમાણે એકિસકયુટરોએ, આડમિનિસ્ટ્રેટરોએ અથવા વારસ વકીલોએ કરવાની,—જે માણસને નુકસાન થયું હોય તેના મરણની તારીખ.

૨૧. સન ૧૮૫૫ ના આકટ ૧૩ મુજબ પ્રાણઘાતક અકસ્માત બાબતના આકટ પ્રમાણે એકિસકયુટરોએ, આડમિનિસ્ટ્રેટરોએ અથવા વારસ વકીલોએ કરવાની,—મરણ પામેલા માણસના મરણની તારીખ.

૨૨. શરીરને થયેલાં બીજા કાંઈ નુકસાન બાબતનો બદલો મળવા સારૂ,--નુકસાન કરવામાં આવે ત્યારે.

૨૩. અદાવતથી ફોજદારીમાં કામ ચલાવ્યું હોય તે બાબતનાં નુકસાનનો બદલો મળવા સારૂ,--વાદી બીન તકશીરવાર છે એવો ઠરાવ થાય ત્યારે અથવા ફરિયાદનો બીજી રીતે છેડો આવે ત્યારે.

૨૪. લૈબલ બાબત (આબરૂ લેનારો મજકુર પ્રસિદ્ધ કર્યા બાબત) નુકસાનનો બદલો મળવા સારૂ,—લૈબલ પ્રસિદ્ધ કરવામાં આવે ત્યારે.

૨૫. આબરૂ લેનારો મજકુર બોલ્યા બાબત નુકસાનનો બદલો મળવા સારૂ,—તે શબ્દ બોલવામાં આવે ત્યારે અથવા શબ્દો ઉપરથીજ ફરિયાદ કરવાને અધિકાર ન હોય તો જે વિશેષ નુકસાન બાબત ફરિયાદ હોય તે નુકસાન થાય ત્યારે.

૨૬. વાદીના ચાકરને અથવા નોકરીને ફિટવ્યાથી ચાકરીનું નુકસાન થયા બાબતનો બદલો મલવા સારૂ,--નુકસાન થાય ત્યારે.

૨૭. વાદીની સાથે કરેલો કરાર તોડવાને કોઇ માણસને પ્રવૃત્ત કરવા બાબત બદલો મળવા સારૂ,—કરાર તોડયાની તારીખ.

૨૮. કાયદા વિરૂદ્ધ અથવા ગેર રીતે અથવા વધારે જંગમ માલની જપ્તી કર્યા બાબતનો બદલો મલવા સારૂ,—જપ્તીની તારીખ.

૨૯. કાયદાસર પ્રોસેસ ઉપરથી જંગમ માલ ગેરવાજબી રીતે કબજ કર્યા બાબતનો બદલો મળવા સારૂ,—કબજ કર્યાની તારીખ.

૩૦. માલ ખોવાબાબત અથવા તેને નુકસાન કર્યા બાબતનો બદલો મળવા સારૂ હુંડા ભાડાવાળા ઉપર,--માલ ખોવાય અથવા તેને નુકસાન લાગે ત્યારે.

૩૧. માલ ન પોંહોચ્યા બાબત અથવા પહોંચાડવામાં ઢીલ કર્યા બાબતનો બદલો મળવા સારૂ હુંડા ભાડાવાળા ઉપર,--માલ જ્યારે પોંહોચાડવો જોઈતો હતો ત્યારે.

નીચેની ફરીયાદ માટે બે વરસની મુદત ઠરાવી છે.

૩૨. જે કંઈ વિશેષ કારણસારૂ માલનો ઉપયોગ કરવાનો હક હોય તેને માલ બીજા કામમાં વાપરે તો તેની ઉપર,—માલ બીજા કામમાં લગાડયાથી જે માણસને નુકસાન થતું હોય તેને માલ બીજા કામમાં લગાડયાની વાત પેહલ-વેહલાં જણાય ત્યારે.

૩૩. સન ૧૮૫૫ના આકટ ૧૨ મુજબ કાયદેસર વારસ વકીલોએ કરવાની ફરિયાદ બાબતના આકટ પ્રમાણે એકિસકયુટરની ઉપર કરવાની—જે અપકૃતી બાબત ફરિયાદ હોય તે અપકૃતી કરવામાં આવે ત્યારે.

૩૪. તેજ આક્ટ પ્રમાણે બીજા કોઈ આડમિનિસ્ટ્રેટર ઊપર કરવાની:—

૩૫. તેજ આક્ટ પ્રમાણે બીજા કોઈ રેપ્રેઝેનટેટિવ ઊપર કરવાની:—

ઉપલી બે કલમોમાં જે અપકૃતી બાબત ફરીયાદ હોય તે અપકૃતી કરવામાં આવે ત્યારે.

૩૬. જે કરારને ઉદ્દેશીને નહીં હોય તથા જે વિશે આ આક્ટમાં ખસુસ કરીને ઠરાવ કરેલો નહીં હોય એવું કાંઇ ગેરકાયદાસર કૃત્ય કરવા બાબતના અથવા કાંઈ કાયદાસર કૃત્ય અયોગ્ય રીતે કરવા બાબતના અથવા જે કરવાની અવશ્ય હોય તે વર્જ કરવા બાબતના બદલા બાબત,—ગેરકાયદાસર કૃત્ય કરવાની અથવા કાયદાસર કૃત્ય અયોગ્ય રીતે કરવાની અથવા કરવાની જરૂર હોય તે વર્જ કરવાની વાત બને ત્યારે.

નીચેની ફરીઆદ માટે ત્રણ વરસની મુદત ઠરાવી છે.

૩૭. માર્ગને અથવા પાણીના પાટને અટકાવ કર્યા બાબતના નુકસાનનો બદલો મળવા સારૂ,—અટકાવ કર્યાની તારીખ.

૩૮. પાણીના પાટને બીજી તરફ વાળ્યા બાબતના નુકસાનનો બદલો મળવા સારૂ,—વાળ્યાની તારીખ.

૩૯. સ્થાવર મિલકત ઊપર અતિક્રમણ કર્યા બાબતના નુકસાનનો બદલો મળવા સારૂ,—અતિક્રમણ કરવાની તારીખ.

૪૦. કૉપી રૈટનો (ગ્રંથસ્વામિત્વનો) હક્ક અથવા કાંઈ અનન્યગ્રાહ્યાધિકાર તોડવા બાબતના નુકસાનનો બદલો મળવા સારૂ,—તોડવાની તારીખ.

૪૧. વ્યર્થ નુકસાન (મિલ્કતનું) કરવાનો પ્રતિબંધ કરવા બાબત,—નુકસાન થવાનો પ્રારંભ થાય ત્યારે.

૪૨. ગેરવાજબી રીતે મળેલી તાકીદ ઉપરથી નુકસાન થયું હોય તે બાબતનો બદલો મળવા સારૂ,—તાકીદ બંધ થાય ત્યારે.

૪૩. જે માણસને એક્સિક્યુટરે અથવા આડમિનિસ્ટ્રેટરે વસિયતનામામાં લખેલું દાન આપ્યું હોય અથવા માલમિલકતની વેહેંચણી આપી હોય તે માણસની પાસેથી તે અવેજ પાછો અપાવવા બાબત સન ૧૮૬૫ના હિંદુસ્તાનના વારસા બાબતના આક્ટની ૩૨૦મી અથવા ૩૨૧ મી કલમ પ્રમાણે અથવા સને ૧૮૮૧ના પ્રોબેટ બાબતના તથા વહિવટ ચલાવવા બાબતના આક્ટની ૧૩૯ મી અથવા ૧૪૦મી કલમ પ્રમાણે કરવાની,—વસિયતનામામાં લખેલું દાન આપવાની અથવા વહેંચણી આપવાની તારીખ.

૪૪. પોતાના પાલન કરનારાએ કરેલી મિલકતની તબદીલી રદ કરવા બાબત જે વાર્ડ પુખ્ત ઉમરમાં આવ્યો હોય તેણે કરવાની,—વાર્ડ જ્યારે પુખ્ત ઉમરમાં આવે ત્યારે.

૪૫. બંગાળાના કાયદા પુસ્તકમાંહેના હેઠળ લખેલા કોઈ કાયદા પ્રમાણે કરેલા નિવાડા બાબત તકરાર કરવા સારૂં:—તે કામના આખરના નિવાડાની અથવા હુકમની તારીખ.

સન ૧૮૨૨ નો બંગળાનો જમીનની મેહેસુલ સેટલમેંટનો કાયદો.

સન ૧૮૨૫ નો બંગાળાનો જમીનની મેહેસુલ સેટલમેંટનો કાયદો.

સન ૧૮૩૩ નો બંગાળાનો જમીનની મેહેસુલ (સેટલમેંટ તથા ડેપ્યુટી કલેકટર)નો કાયદો ૯ મો.

૪૬. સદરહુ પ્રકારના નિવાડામાં લખેલી કાંઈ માલમિલકત પાછી લેવાની જે પક્ષકારને તે નિવાડા ઉપરથી જરૂર હોય તેણે કરવાની,—તે કામના આખર નિવાડાની અથવા હુકમની તારીખ.

૪૭. સન ૧૮૯૮ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદા પ્રમાણે અથવા સન ૧૯૦૬ના મામલતદારોની કોર્ટોના આકટ પ્રમાણે મિલકતના કબજા બાબત કરેલા હુકમ પ્રમાણે ચાલવાની જે માણસને જરૂર હોય તે માણસે અથવા એવા માણસના સંબંધથી જે કોઈ દાવો કરતા હોય તેણે, તે હુકમમાં લખેલી મિલકત પાછી લેવા બાબતની,—કામના આખરના હુકમની તારીખ.

૪૮. જે વિશેષ જંગમ માલ ખોવાયો હશે અથવા ચોરીથી મેળવ્યો હશે અથવા જેનો બદદ્યાનતથી ખોટો ઉપયોગ કર્યો હશે અથવા જે પારકે હાથ ગયો હોય તેવા વિશેષ જંગમ માલ સારૂ અથવા તે માલ ગેરવાજબી રીતે લેવા બાબતના અથવા અટકાવી રાખવા બાબતના નુકસાનનો બદલો મળવા સારૂ,—તે માલના કબજા બાબત જે માણસને હકક હશે તેને તે કોના કબજામાં છે એ જ્યારે પ્રથમ ખબર પડે ત્યારે.

૪૯. બીજા વિશેષ જંગમ માલ સારૂ અથવા ગેરવાજબી રીતે લીધા બાબતનો અથવા તેને નુકશાન કર્યા બાબતનો અથવા તે ગેરવાજબી રીતે અટકાવી રાખવા બાબતનો બદલો મળવા સારૂ,—તે માલ ગેરવાજબી રીતે લેવામાં આવે ત્યારે અથવા અટકાવી રાખનારનો કબજો જ્યારે ગેરકાયદાસર થાય ત્યારે.

૫૦. જનાવરના અથવા વાહનના અથવા હોડીના અથવા ઘરગતુ સામાનના ભાડાં સારૂ,—ભાડું આપવાનું થાય ત્યારે.

૫૧. માલ સ્વાધીન કરવો હોય તેને પેટે નાણું આપ્યું હોય તેની બાકી બાકી આરૂ,—માલ આપવો જોઈયે ત્યારે.

૫૨. વેચેલા અથવા સ્વાધીન કરેલા માલની કિમત બાબત; જયારે તેનું નાણું આપવાની મુદત ઠરાવી નહીં હોય ત્યારે,—માલ આપ્યાની તારીખ.

૫૩. વેચેલા તથા સ્વાધીન કરેલા માલનું નાણું ઠરાવેલી મુદત પુરી થયા પછી આપવાનું હોય તે વેચેલા તથા સ્વાધીન કરેલા માલની કિમત બાબત,—નાણું આપવાની મુદત જયારે પુરી થાય ત્યારે.

૫૪. વેચેલા તથા સ્વાધીન કરેલા માલનું નાણું *બિલ ઓફ એકસચેંજથી આપવાનું હોય ને તે પ્રમાણે બિલ ઓફ એકસચેંજ આપ્યું નહીં હોય, તેવા વેચેલા તથા સ્વાધીન કરેલા માલની કિમત બાબત,—આપવાના યોજેલાં બિલ-ની મુદત પુરી થાય ત્યારે.

૫૫. વાદીએ પ્રતિવાદીને વેચેલાં ઝાડની અથવા ઉછરતા પાકની કિમત બાબત; નાણું કયારે આપવું તેની મુદત ઠરાવેલી નહીં હોય ત્યારે,—વેચાણની તારીખ.

૫૬. પ્રતિવાદીના કેહેવા ઉપરથી વાદીએ કરેલા કામની કિમત બાબત; તેનું નાણું આપવાની મુદત ઠરાવેલી નહીં હોય ત્યારે,—કામ કરવામાં આવે યારે.

૫૭. નાણું ધીર્યું હોય તે બાબત નાણું લેવાનું હોય તે વિષે,—નાણું ધીરવામાં આવ્યું ત્યારે.

૫૮. નાણું ધીરનારે નાણાં બાબત † ચેક આપ્યો હોય ત્યારે તેવીજ ફરીયાદ,—ચેકનુ નાણું આપવામાં આવ્યું ત્યારે.

૫૯. નાણું માગે ત્યારે આપવાનું થશે એવી કબુલાતથી નાણું ધીર્યું હોય તે બાબત,—નાણું ધીરવામાં આવ્યું ત્યારે.

૬૦. નાણું માગે ત્યારે આપવાનું થશે એવી કબુલાતથી નાણું મુકયું હોય તે બાબત, તેમજ ઘરાકનું નાણું તેના સાહુકારના હાથમાં એવી રીતે આપવા લાયક હોય તે બાબત,—ઉઘરાણી કરી હોય ત્યારે.

૬૧. પ્રતિવાદીની વતી રૂપીઆ ભર્યા હોય તે બાબત વાદીને રૂપીઆ મળ-વાના હોય તે રૂપીઆ બાબત,—નાણું આપ્યું હોય ત્યારે.

* બિલ ઑફ એકસચેન્જ એટલે જે હુંડીની બે અથવા ત્રણ નકલો મળીને એક સેટ થાય છે તે હુંડી.

† ચેક એટલે અરેજ આપવા બાબત બેંક વગેરે કંપની ઉપર શાહાજોગ છાપેલી ચિઠી લખી આપે છે તે.

૬૨. વાદીના ઉપયોગ સારૂ પ્રતિવાદીને પોહોંચેલાં નાણાં બાબત પ્રતિવાદીની પાસેથી વાદીને નાણું મળવાનું હોય તે નાણાં બાબત,—નાણું પોહોંચ્યું હોય ત્યારે.

૬૩. પ્રતિવાદીની પાસે વાદીનું નાણું લેણું હોય તેના વ્યાજના રૂપીઆ મળવાના હોય તે બાબત,—વ્યાજ આપવાનું થાય ત્યારે.

૬૪. વાદી પ્રતિવાદીની વચ્ચે નક્કી થયેલા હિસાબ ઉપરથી પ્રતિવાદીની પાસે વાદીના રૂપિયા લેણા નિકળ્યા હોય તે બાબત વાદીને રૂપિયા મળવાના હોય તે વિષે,—પ્રતિવાદીએ અથવા આ બાબત યોગ્ય રીતે અધિકાર આપેલા તેના મુખત્યારે સહી કરી હિસાબ નક્કી કીધો હોય ત્યારે; પણ કરજ આગળ ફલાણી વખતે વાળવું એવી તેજ વખતે લખેલી કબુલાત થઈને તેની ઉપર સદરહુ પ્રમાણે સહી થઈ હોય તો તે વખત આવે ત્યારે.

૬૫. નિર્દીષ્ટ કરેલે વખતે અથવા નિર્દીષ્ટ કરેલી અનિશ્ચિત વાત બને ત્યારે કોઈ કરવાનો કરાર હોય તે તોડયા બાબતનાં નુકસાનના બદલા સારૂ,—નિર્દીષ્ટ કરેલો વખત આવે ત્યારે અથવા તે અનિશ્ચિત વાત બને ત્યારે.

૬૬. જે * સિંગલ બાંડમાં નાણું આપવા બાબત દિવસ નિર્દીષ્ટ કર્યો હોય તે સિંગલ બાંડ ઉપરથી,—નિર્દીષ્ટ કરેલો દિવસ.

૬૭. જે સિંગલ બાંડમાં સદરહુ પ્રકારનો દિવસ નિર્દીષ્ટ કર્યો નહીં હોય તે સિંગલ બાંડ ઉપરથી,—બાંડ કરી આપ્યાની તારીખ.

૬૮. જે બાંડમાં શરત હોય તે બાંડ ઉપરથી,—શરત તોડવામાં આવે ત્યારે.

૬૯. જે બીલ ઑફ એકસચેંજનો અથવા વાયદાચિઠીનો અવેજ તેની તારીખ પછીના નિશ્ચિત વખતે આપવાનો હોય તે બિલ ઑફ એકસચેંજ ઉપરથી અથવા વાયદા ચિઠી ઉપરથી,—બિલની અથવા ચિઠીની મુદત ભરાય ત્યારે.

૭૦. જે બિલ ઑફ એકસચેંજનો અવેજ કોઈ ઠરાવેલે વખતે આપવાનો નહીં હોય પણ તે દેખાડયું એટલે અથવા દેખાડયા પછી આપવાનો હોય તે બિલ ઑફ એકસચેંજ ઉપરથી,—તે બિલ ઑફ એકસચેંજ દેખાડવામાં આવે ત્યારે.

૭૧. ફલાણી વિશેષ જગાએ અવેજ આપવાને સીકારેલાં બિલ ઑફ એકસચેંજ ઉપરથી,—તે જગાએ તે બિલ દેખાડવામાં આવે ત્યારે.

૭૨. દેખાડયા પછી અથવા અવેજ માગ્યા પછી અવેજ નિશ્ચિત વખતે આપવો એવા બિલ ઑફ એકસચેંજ ઉપરથી અથવા વાયદાચિઠી ઉપરથી,—નિશ્ચિત વખત પુરો થાય ત્યારે.

* સિંગલ બાંડ એટલે જે બાંડમાં ગુન્હેગારી આપવાનું ઠરાવ્યું નહીં હોય તે.

૭૩. માગે એટલે અવેજ આપવો એવું બિલ ઑફ એકસચેંજ અથવા વાયદાચિઠી હોય તથા જે લેખથી ફરિયાદ કરવાના હક્કને પ્રતિબંધ અથવા તે હક મુલતવી રહે તેવો લેખ તે બિલ ઑફ એકસચેંજની સાથે અથવા વાયદાચિઠીની સાથે નહીં હોય તેવા બિલ ઑફ એકસચેંજ ઉપરથી અથવા વાયદાચિઠી ઉપરથી,—બિલની અથવા ચિઠીની તારીખ.

૭૪. હફ્તે હફ્તે જેનો અવેજ આપવો હોય એવી વાયદાચિઠી ઉપરથી અથવા એવાં બાંડ ઉપરથી,—અવેજ આપવાની પેહેલી મુદત પુરી થાય ત્યારે જે ભાગ તે વખતે આપવો હોય તે ભાગ બાબત; અને બાકીના ભાગો બાબત તે આપવાની મુદત જ્યારે જ્યારે પુરી થાય ત્યારે.

૭૫. હફ્તે હફ્તે જેનો અવેજ આપવો હોય તેવી વાયદાચિઠીમાં અથવા બાંડમાં એક હફ્તો પડે તો બધા રૂપિયા આપવા એવો ઠરાવ હોય તેવી વાયદાચિઠી ઉપરથી અથવા બાંડ ઉપરથી,—અવેજ આપવાને પેહેલ વેહેલાં ચુકે ત્યારે; પણ જેને રૂપિયા આપવાના હોય અથવા તે ચિઠી અથવા બાંડ જેને લખી આપ્યું હોય તે તે ઠરાવનો ફાયદો મુકી દે ત્યારે, અવેજ આપવાની જ્યારે ફરીથી ચુક કરવામાં આવે તથા તે બાબત સદરહુ પ્રમાણે ફાયદો મુકી દીધો ન હોય ત્યારે.

૭૬. ફલાણી વાત બન્યા પછી વાયદાચિઠી જેને અવેજ આપવાનો હોય તેને સ્વાધીન કરવા સારૂ તે વાયદાચિઠી લખી આપનારે તે ચિઠી ત્રીજા માણસને આપી હોય તે વાયદાચિઠી ઉપરથી,—જેને નાણું આપવાનું હોય તેને સ્વાધીન કર્યાની તારીખ.

૭૭. ફૉરેન * બિલ ન કર્યાને લીધે † પ્રૉટેસ્ટ કરીને નોટીસ આપી હોય તે નકારેલાં ફૉરેન બિલ ઉપરથી,—નોટીસ આપવામાં આવે ત્યારે.

૭૮. નહીં સીકારીને જે બીલ ઑફ એકસચેંજ નકાર્યું હોય તે બીલ જેણે લખ્યું હોય તેની ઉપર જેને અવેજ મળવાનો હોય તેણે કરવાની,—સીકારવાની ના કહ્યાની તારીખ.

* ફારેનબિલ આફ એકસચેંજ એટલે હિંદુસ્તાનના માહેના અંગ્રેજ સરકારના મુલક બહાર હુંડી લખી હોય તેનો અવેજ હિંદુસ્તાન માંહેના અંગ્રેજ સરકારના મુલકમાં અથવા મુલક બહાર મળવાનો હોય તે હુંડી; અથવા હિંદુસ્તાન માહેના અંગ્રેજ સરકારના મુલકમાં હુંડી લખી હોય તેનો અવેજ તે મુલક બહાર મળવાનો હોય તે હુંડી.

† પ્રૉટેસ્ટ એટલે હુંડી સિકારવાની અથવા હુંડીના નાણાં ભરવાની ના કહે ત્યારે, અથવા વાયદાચીઠીનાં નાણાં આપવાની ના કહે ત્યારે તે બાબત નોટરી પબ્લિક આ નામનો અમલદાર પોતાની સહી મોહોર સાથે દાખલો આપે છે તે દાખલો.

૭૯. આકોમોડેશન બિલ સીકારનારાએ તે લખનારની ઉપર કરવાની,—સીકારનાર તે બીલની રકમ આપે ત્યારે.

૮૦. જે બિલ ઑફ એકસચેન્જ બાબત અથવા વાયદાચિઠી બાબત અથવા બાંડ બાબત આ આકટમાં ખસુસ ઠરાવ કર્યો નહીં હોય તે બિલ ઑફ એકસચેન્જ ઉપરથી અથવા વાયદાચિઠી ઉપરથી અથવા બાંડ ઉપરથી ફરિયાદ,—તે બિલ ઑફ એકસ-ચેન્જનો અથવા વાયદાચિઠીનો અથવા બાંડનો અવેજ આપવાનો થાય ત્યારે.

૮૧. જામીને મુખ્ય દેણુદાર ઉપર કરવાની,—જામીન લેણુદારને અવેજ આપે ત્યારે.

૮૨. એક જામીને સામાઇક જામીન ઉપર કરવાની,—જામીન પોતાના હિસ્સા કરતાં વધારે અવેજ આપે ત્યારે.

૮૩. જોખમથી મુકત કરવાના બીજા કાંઇ કરાર ઉપરથી,—વાદીને વાસ્તવીક જોખમ લાગે ત્યારે.

૮૪. ઍટર્નિએ અથવા વકીલે ફરિયાદના અથવા વિશેષ કામના પોતાના ખરચ બાબત કરવાની; તે ખરચ કયારે આપવો એ બાબત ખસુસ કરીને કબુલાયત ન હોય ત્યારે,—તે ફરિયાદ અથવા કામ પુરૂં થયાની તારીખ, અથવા (અટર્નિ અથવા વકીલ ફરિયાદ અથવા કામ ચલાવવાનું યોગ્ય રીતે બંધ કરે ત્યારે) કામ ચલાવવાનું સદરહુ પ્રમાણે બંધ કરવાની તારીખ.

૮૫. માંહોમાંહે ઉઘાડા તથા ચાલુ ખાતા ઉપરથી બાકી દેવી હોય તે બાબતની ફરિયાદ; જ્યારે પક્ષકારોની વચ્ચે સામસામા ઉઘરાણી થઈ હોય ત્યારે,—કબુલ કરેલી અથવા સાબેત કરેલી છેલ્લી રકમ જે વરસમાં ખાતામાં દાખલ કરેલી હશે તે વરસની આખર; સદરહુ વરસ ખાતામાં હોય તે પ્રમાણે ગણવું.

૮૬. જે રકમનો વિમો ઉતરાવ્યો હોય તે રકમ, મરણનો અથવા નુકસાન થયાનો પુરાવો વિમાવાળાને આપ્યા પછી અથવા પોહોંચ્યા પછી તાબડતોબ આપવી પડતી હશે ત્યારે વિમાના ખત ઉપરથી,—મરણનો અથવા નુકસાનનો પુરાવો વાદીએ અથવા બીજા કોઇ માણસે વિમાવાળાને આપ્યો હોય અથવા વાદીની પાસેથી અથવા બીજા કોઈ માણસની પાસેથી તેને પોહોંચ્યો હોય ત્યારે.

૮૭. વિમાવાળાની મરજીમાં આવે ત્યારે રદ કરી શકે તેવાં વીમાનાં ખત ઉપરથી આપેલો સલામતીનો અવેજ વિમો ઉતરાવનારાએ પાછો લેવા સારૂ કરવાની,—વિમાવાળા વિમાનું ખત રદ કરે ત્યારે.

૮૮. હિસાબ લેવા સારૂ આડતિયા ઉપર,—આડત ચાલુ હોય તે વખતે હિસાબ માગ્યો હોય ને તે આપવાની ના કહેવામાં આવે ત્યારે અથવા એવી માગણી ન હોય તો આડત બંધ થાય ત્યારે.

૮૯. પોતાના મુખત્યારને જંગમ માલ પોહોંચ્યો હોય અને તેનો તેણે હિસાબ આપ્યો નહીં હોય તે જંગમ માલ બાબત તેની ઉપર મુખ્યે કરવાની,—કલમ. ૮૮ મુજબ મુદત.

૯૦. ગફલત બાબત અથવા ગેરચાલ બાબત મુખ્યે મુખત્યાર ઉપર કરવાની બીજી ફરિયાદો,—ગફલતની અથવા ગેરચાલની વાદીને ખબર પડે ત્યારે.

૯૧. જે દસ્તાવેજ બાબત બીજી રીતનો ઠરાવ કરેલો નહીં હોય તે રદ્દ કરવા અથવા બાતલ કરવા બાબત,—દસ્તાવેજ રદ કરવાનો અથવા બાતલ કરવાનો હક જે વાત ઉપરથી વાદીને પ્રાપ્ત થાય છે તે વાતની તેને ખબર પડે ત્યારે.

૯૨. જે દસ્તાવેજ આપ્યો અથવા નોંધાવ્યો તે દસ્તાવેજ ખોટો બનાવટનો છે એવું જ્ઞાપિત થવા સારૂ,—આપ્યાની અથવા નોંધાવ્યાની વાદીને ખબર પડે ત્યારે.

૯૩. જે દસ્તાવેજ વાદી વિરૂદ્ધ અમલમાં લાવવાની કોશીસ કરવામાં આવી તે દસ્તાવેજ ખોટો બનાવટનો છે એવું જ્ઞાપિત થવા સારૂ,—કોશીસની તારીખ.

૯૪. વાદી દિવાનો હોય ત્યારે જે માલમિલકત તેણે બીજાને નામે કરી હોય તે માલમિલકત બાબત,—વાદી દિવાનો હતો તે ઠેકાણે આવ્યા પછી તેની માલમિલકત બીજાને નામે કરી આપ્યાની ખબર પડે ત્યારે.

૯૫. કપટથી મેળવેલું હુકમનામું રદ્દ કરવા બાબત અથવા કપટના સબબથી બીજો ન્યાય મળવા સારૂ,—જે માણસને નુકસાન થયું હોય તેને તે કપટ માલમ પડે ત્યારે.

૯૬. ચુકના સબબથી ન્યાય મળવા સારૂ,—ચુક વાદીને માલમ પડે ત્યારે.

૯૭. જે વિદ્યમાન બદલા સારૂ નાણું આપ્યું હોય તે બદલો આગળ જતાં ડુબ્યો હોય તો તે નાણાં બાબત,—બદલો ડુબ્યાની તારીખ.

૯૮. ટ્રસ્ટ તોડયાથી થયેલું નુકસાન મરનાર ટ્રસ્ટીની કુલ એકંદર ઇસ્ટેટમાંથી ભરી લેવા બાબત,—ટ્રસ્ટીના મરણની તારીખ અથવા તે વખતે નુકસાન થયું ન હોય તો નુકસાન થયાની તારીખ.

૯૯. સામાઈક હુકમનામાં ઉપરથી જે રકમ દેણી હોય તે સઘળી અથવા પોતાના હીસ્સા કરતાં વધારે રકમ એક પક્ષકારે આપી હોય ત્યારે તે પક્ષકારે અથવા પોતે અથવા પોતાના સામાઈક ભાગીઆએ જે મેહેસુલ આપવાનું હોય તેની સઘળી રકમ અથવા પોતાના હિસ્સા કરતાં વધારે રકમ સામાઇક ઈસ્ટેટમાંથી એક ભાગીઆએ આપી હોય ત્યારે તે ભાગીઆએ ફાળો વસુલ કરવા બાબત,—વાદીએ ખુદ પોતાના હિસ્સાના કરતાં વધારે નાણું ભરવાની તારીખ.

૧૦૦. મરનાર ટ્રસ્ટીની ઈસ્ટેટ ઉપર ફાળાનો દાવો અમલમાં લાવવા બાબત સામાઈક ટ્રસ્ટીએ કરવાની,—ફાળો મળવાને હક પ્રાપ્ત થાય ત્યારે.

૧૦૧. દરીયાપરના નોકરોના પગાર બાબત,—જે સફર બદલ પગાર મળવાનો થયો હોય તે સફરની આખર.

૧૦૨. જે પગાર બાબત આ પરિશિષ્ટમાં ખસુસ બીજી રીતનો ઠરાવ કરેલો નહીં હોય તે પગાર બાબત,—તે પગાર જ્યારે દેવાનો થાય ત્યારે.

૧૦૩. (મુઅજજલ બાબત) એટલે તુરત માગી શકાય તેવી મેહેર બાબત મુસલમાને કરવાની,—મેહેર માગી હોય અને આપવાની ના કેહેવામાં આવે ત્યારે અથવા (લગ્ન સંબંધ ચાલુ હોય તેવામાં સદરહુ પ્રકારની માગણી કરી નહીં હોય તો) મરણના અથવા તલ્લાકથી લગ્ન સંબંધ તુટે ત્યારે.

૧૦૪.—(મુવજજલ બાબત) એટલે કેટલીએક મુદત પછી આપવાની મેહેર બાબત મુસલમાને કરવાની,—મરણથી અથવા તલ્લાકથી લગ્ન સંબંધ તુટે ત્યારે.

૧૦૫. ગીરવી રાખનારને વધારાની ઉપજ પોંહોંચી હોય તે, ગીરવીનું નાણું વળ્યા પછી પાછી લેવા બાબત ગીરવી મુકનારે કરવાની,—ગીરવી મુકેલી મીલકતનો કબજો ગીરવી મુકનાર પાછો લે ત્યારે.

૧૦૬. બંધ થયેલા પંત્યાળાના નફાના હિસાબ બાબત તથા હિસ્સા બાબત કરવાની,—બંધ થયાની તારીખ.

૧૦૭. અવિભક્ત કુટુંબના સામાઈક ઈસ્ટેટના વહિવટદારે તે ઈસ્ટેટ ખાતે નાણું આપ્યું હોય તેનો ફાળો લેવા સારૂ તે વહીવટદારે કરવાની,—નાણું આપ્યાની તારીખ.

૧૦૮. પટે રાખનારે પટાની શરત વિરૂધ્ધ ઝાડો કાપ્યાં હોય તેની કીંમત બાબત પટો આપનારાએ કરવાની,—ઝાડ કાપ્યાં હોય ત્યારે.

૧૦૯. વાદીની સ્થાવર મીલકતની ઉપજ પ્રતીવાદીએ અન્યાયથી લીધી હોય તે બાબત,—ઉપજ લેવામાં આવે ત્યારે.

૧૧૦. ભાડાની ચઢેલી બાકી બાબત,—ચઢેલી બાકી દેવી થાય ત્યારે.

૧૧૧. ખરીદીનું નાણું દેવું રહ્યું હોય તે જાતે આપવા સારૂ સ્થાવર મીલકત વેચનારે કરવાની,—વેચાણ પુરૂં કરવા સારૂ ઠરાવેલો વખત અથવા (વેચાણ પુરૂં કરવા સારૂ ઠરાવેલા વખત પછી તે મીલકત ઉપરનો હક કબુલ કર્યો હોય તો) તે કબુલ કર્યાની તારીખ.

૧૧૨. કોઈ સ્ટેટ્યુટ પ્રમાણે અથવા આકટ પ્રમાણે નોંધેલી કંપનીના "કૉલ" બાબત,—"કૉલ" આપવાનો થાય ત્યારે.

૧૧૩. કરાર વિશેષ રીતે પુરો કરવા બાબત,—તે પુરો કરવાની ઠરાવેલી તારીખ; અથવા સદરહુ પ્રકારની તારીખ ઠરાવેલી નહીં હોય તો તે પુરો કરવાની ના કહી છે એવી વાદીને ખબર પડે ત્યારે.

૧૧૪. કરાર રદ કરવા સારૂ,—કરાર રદ કરવાનો હક્ક વાદીને જે વાત ઉપરથી પ્રાપ્ત થતો હોય તે વાત તેને પ્રથમ માલમ પડે ત્યારે.

૧૧૫. જે સ્પષ્ટ અથવા ગર્ભીત અર્થનો કરાર લખેલો તથા નોંધેલો નહીં હોય તથા જે બાબત આ પરીશિષ્ટમાં વિશેષ રીતે ઠરાવ કરેલો નહીં હોય તે કરાર તોડવા બાબતના નુકસાનના બદલા સારૂ,—કરાર તોડવામાં આવે ત્યારે અથવા તે વારે ઘડીએ તોડયો હોય તો તોડવાના જે કૃત્ય બાબત ફરિયાદ હોય તે કૃત્ય થાય ત્યારે; અથવા તોડવાનું કૃત્ય હમેશાં ચાલુ હોય તો તે બંધ થાય ત્યારે.

નીચેની ફરીઆદ માટે છ વરસની મુદત ઠરાવી છે.

૧૧૬. લખેલો કરાર નોંધેલો હોય તે તોડયા બાબતના નુકસાનના બદલા સારૂ,—તેવોજ કરાર નોંધેલો નહીં હોય તે કરાર ઉપરથી કરવાની ફરીયાદની મુદત ચાલુ થાય ત્યારે.

૧૧૭. પરરાજ્યના ફેસલાની વ્યાખ્યા સન ૧૯૦૮ના દીવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદામાં કરી હોય તેવા ફેંસલા ઉપરથી,—ફેંસલાની તારીખ.

૧૧૮. દત્તવિધાન થયાનું કેહેવામાં આવતું હોય તે રદ બાતલ છે અથવા ખરેખર તે કદી થયુંજ નથી એવું જ્ઞાપિત કરી લેવા સારૂ,—દત્તવિધાન થયાનું કેહેવામાં આવતું હોય તેની વાદીને ખબર પડે ત્યારે.

૧૧૯. દત્તવિધાન કાયદાસર છે એવું જ્ઞાપિત કરી લેવા સારૂ,—દત્તક છોકરાને દત્તકપણાંના સબબથી જે હક્ક હશે તે હક્કને હરકત થાય ત્યારે.

૧૨૦. જે ફરીયાદ કરવાની મુદત આ પરિશિષ્ટમાં બીજે કોઈ ઠેકાણે ઠરાવી નહીં હોય તે ફરીયાદ,—ફરીયાદ કરવાનો હક્ક પ્રાપ્ત થાય ત્યારે.

નીચેની ફરીઆદ માટે બાર વરસની મુદત ઠરાવી છે.

૧૨૧. સરકારી મેહેસુલની ચઢેલી બાકી બાબત વેચેલા સઘળાં ઈસ્ટેટ ઉપરના અથવા ભાડાની ચઢેલી બાકી બાબત વેચાયલા પટણી તાલુકા ઉપરના અથવા વેચેલા એવા બીજા સત્તાપ્રકાર ઉપરના બોજાઓ અથવા પેટા સત્તાપ્રકાર દુર કરવા સારૂ કરવાની,—વેચાણ આખરનું તથા નિશ્ચયકારક થાય ત્યારે.

૧૨૨. બ્રિટીશ ઈંડીયામાં કરાવી લીધેલા ફેંસલા ઉપરથી અથવા મુચલકા ઉપરથી કરવાની,—ફેંસલાની અથવા મુચલકાની તારીખ.

૧૨૩. વસીયતનામું કરનારાએ વસીયતનામું કરીને આપેલા દાન બાબત અથવા શેષધનના હીસ્સા બાબત અથવા વસીયતનામું કર્યા વગર કોઈ મરણ પામ્યું હોય તેની માલમીલકતની વેહેંચણના હીસ્સા બાબત,—મૃત્યુલેખાર્પિતદાન અથવા હીસ્સો આપવાનો અથવા સ્વાધીન કરવાનો થાય ત્યારે.

૧૨૪. વંશપરંપરાના હુદ્દાના કબજા સારૂ,—વાદીને વિરોધપુર્વક હુદ્દાનો કબજો પ્રતિવાદી લે ત્યારે.

ખુલાસો— વંશ પરંપરાના હુદ્દાની ઉપજ માસુલ પ્રમાણે મળે ત્યારે અથવા (ઉપજ નહીં હોય તો) તે હુદ્દાના કર્તવ્ય કર્મો માસુલ પ્રમાણે કરવામાં આવે ત્યારે તે હુદ્દાનો કબજો છે એમ થાય છે.

૧૨૫. કોઈ હિંદુ અથવા મુસલમાન સ્ત્રી ફરીયાદ કરવાની તારીખે મરણ પામી હોય તો જમીનનો કબજો મળવાનો હક્ક જે હિંદુને અથવા મુસલમાનને પ્રાપ્ત થાય તે હિંદુએ અથવા મુસલમાને તે સ્ત્રી જીવતી હોય તે દરમીયાન, તે સ્ત્રીએ તે જમીન બીજાને કરી આપી હોય તો તે કરી આપવાનું તે જીવતી છે ત્યાંહાં સુધી અથવા તે પછી લગન કરે ત્યાંહાં સુધી કાયમ રહે અને ત્યાર પછી રદ છે એવું જ્ઞાપિત થવા સારૂ કરવાની ફરિયાદ,—બીજાને કરી આપ્યાની તારીખ.

૧૨૬. વડીલોપાર્જિત મિલકત બીજાને કરી આપી હોય તે કરી આપવાનું રદ્દ કરવા સારૂ; મિતાક્ષરાના નિયમ જે હિંદુને લાગુ હોય તે હિંદુએ કરવાની,—મીલકત જેને કરી આપી હશે તે તેનો કબજો લે ત્યારે.

૧૨૭. અવીભક્ત કુટંબની મીલકતમાંથી જે માણસને બાતલ કર્યું હશે તે માણસે તે મીલકતમાંના હીસ્સાનો હક્ક અમલમાં લાવવા સારૂ કરવાની,—બાતલ કર્યાની વાત વાદીને માલમ પડે ત્યારે.

૧૨૮. અન્નવસ્ત્રની ચઢેલી બાકી બાબત હિંદુએ કરવાની.—ચઢેલી બાકી આપવાની થાય ત્યારે.

૧૨૯. અન્નવસ્ત્ર બાબતનો પોતાનો હક્ક જ્ઞાપિત થવા સારૂ હીંદુએ કરવાની,—હક્ક નથી એવું કેહેવામાં આવે ત્યારે.

૧૩૦. વસુલ માફીની જમીન પાછી લેવા સારૂ અથવા તેની ઉપર આકાર બેસાડવા સારૂ,—જમીન પાછી લેવાનો આકાર બેસાડવાનો હક્ક પ્રથમ પ્રાપ્ત થાય ત્યારે.

૧૩૧. મુદતે મુદતે જે હકક પાછો મળવાનો હોય તે સાબીત કરવા બાબતની—તે હકકનો ઉપભોગ કરવાની વાદીને પ્રથમ ના કેહેવામાં આવે ત્યારે.

૧૩૨. જે નાણાનો ચાર્જ (બીજો) સ્થાવર મીલકત ઉપર હશે તે નાણું અપાવવા બાબતની,—જે નાણાં બાબત ફરીયાદ હોય તે નાણું આપવાનું થાય ત્યારે. (દસ્તાવેજની તારીખથી અથવા દસ્તાવેજમાં જેટલા વરસની મુદત લખી હોય તે મુદત વીત્યાબાદ).

ખુલાસો—જે નીમણુકને અને ફીને માલીકાણા અને હકક કહે છે તે નીમણુક અને ફી આ આરટિકલના કારણ સારૂ સ્થાવર મીલકત ઉપર ચાર્જ હોય તેવું નાણું છે એમ સમજવું.

૧૩૩. જે જંગમ માલ લેખ કરીને અથવા વસીયતનામું કરીને ટ્રસ્ટમાં આપ્યો હોય, અથવા અનામત મુકયો હોય અથવા ગીરવી મુકયો હોય તથા જે તે ટ્રસ્ટીની પાસેથી અથવા જેને ત્યાંહાં અનામત મુકયો હોય તેની પાસેથી અથવા જેને ત્યાંહાં ગીરવી મુકયો હોય તેની પાસેથી આગળ જતાં કીંમતી બદલો આપીને વેચાતો લીધો હોય તે પાછો લેવા સારૂ,—ખરીદીની તારીખ.

૧૩૪. જે સ્થાવર મીલકત લેખ કરીને અથવા વસીયતનામું કરીને ટ્રસ્ટમાં આપી હોય, અથવા ગીરવી આપી હોય તથા જે તે ટ્રસ્ટીની પાસેથી અથવા જેને ત્યાંહાં ગીરવી મુકી હોય તેની પાસેથી આગળ જતાં કીંમતદાર બદલો આપીને તબદીલ કરી હોય તેનો કબજો પાછો મળવા સારૂ,—તબદીલ કર્યાની તારીખ.

૧૩૫. ગીરવી મુકેલી સ્થાવર મીલકતનો કબજો લેવા સારૂ ગીરવી રાખનારે બાદશાહી સનદ ઉપરથી સ્થાપેલી નહીં હોય તેવી કોર્ટમાં કરવાની ફરીયાદ,—કબજા બાબતનો ગીરવી મુકનારનો હક્ક જયારે પુરો થાય ત્યારે.

૧૩૬. સ્થાવર મીલકત ઘર મેળે વેચી તે તારીખે તે મીલકતનો કબજો વેચનાર પાસે નહીં હોય તેણે તે મીલકતના કબજા સારૂ કરવાની,—વેચનારને કબજો લેવાનો હક્ક જયારે પેહેલવેહલો પ્રાપ્ત થાય ત્યારે.

૧૩૭. હુકમનામું બજાવવા સારૂ કરેલા વેચાણની તારીખે હુકમનામામાંના દેણદારનો કબજો નહી હોય ત્યારે તે વેચાણમાં ખરીદ કરનારે કરવાની તેવીજ ફરીયાદ,—હુકમનામામાંના દેણદારને કબજા બાબત જયારે પેહેલવેહેલો હકક પ્રાપ્ત થાય ત્યારે.

૧૩૮. હુકમનામું બજાવવા સારૂ કરેલા વેચાણની તારીખે હુકમનામામાંના દેણદારનો કબજો હોય ત્યારે તે વેચાણમાં ખરીદ કરનારે કરવાની તેવીજ ફરીયાદ,—વેચાણ જે તારીખે પાકું થાય ત્યારે.

૧૩૯. ખેડુત પાસેથી કબજો પાછો લેવા સારૂ જમીનદારે કરવાની,—ખેડવાનો હક પુરો થાય ત્યારે.

૧૪૦. સ્થાવર મીલકતનો કબજો લેવા સારૂ જે રીમેંડરમેને (એક જણુનો હક પુરો થયા પછી જે બીજા માણુસને હક પ્રાપ્ત થતો હોય તે માણુસ) અથવા જે રીવર્શનર (જેને હક આપ્યો હોય તેનો હક પુરો થયા પછી તે પાછો મળવાનો જેને હક હોય તે માણુસ) જમીનદાર નહીં હોય તેણે અથવા ડીવ્હેસીએ (વસીયતનામાં ઉપરથી જેને માલ મીલકત કરી આપી હોય તે માણુસે) કરવાની,—જ્યારે તેનું ઇસ્ટેટ કબજામાં આવવાનો વખત થાય ત્યારે.

૧૪૧. કોઈ હિંદુ અથવા મુસલમાન સ્ત્રી મરણુ પામી હોય ત્યારે સ્થાવર મીલકતના કબજા બાબત જે હિંદુને અથવા મુસલમાનને હક હોય તેણે કરવાની તેવીજ ફરીયાદ,—તે સ્ત્રી મરણુ પામે ત્યારે.

૧૪૨. સ્થાવર મીલકતનો કબજો વાદીની પાસે હોય તેવામાં તેની પાસેથી કબજો લઇ લીધો હોય અથવા તેણે છોડયો હોય તે મીલકતના કબજા સારૂ કરવાની,—તે કબજો લઇ લેવાની અથવા છોડી દેવાની તારીખ.

૧૪૩. હક ડુબ્યાના સબબથી અથવા શરત તોડયાના સબબથી વાદીને હક પ્રાપ્ત થયો હોય ત્યારે તેવીજ ફરીયાદ,—હક ડુબવામાં આવે અથવા શરત તોડવામાં આવે ત્યારે.

૧૪૪. જે સ્થાવર મીલકત બાબત અથવા તે ઉપરના કાંઈ હક સંબંધ બાબત આ પરિશિષ્ટમાં બીજી રીતે ખસુસ ઠરાવ કરેલો નહીં હોય તે સ્થાવર મીલકતનો અથવા તે ઉપરના તે હક સંબંધનો કબજો લેવા સારૂ,—વાદીને વિરોધપુર્વક પ્રતિવાદીનો કબજો થાય ત્યારે.

નીચેની ફરીયાદ માટે ત્રીસ વરસની મુદત ઠરાવી છે.

૧૪૫. જંગમ માલ અનામત મુકયો હોય અથવા ગીરવી મુકયો તે પાછો લેવા બાબત તે અનામત રાખનાર ઉપર અથવા ગીરવી રાખનાર ઉપર કરવાની,—અનામત મુકવાની અથવા ગીરવી રાખવાની તારીખ.

૧૪૬. ગીરવી મુકેલી સ્થાવર મિલકતનો કબજો, ગીરવી મુકનારની પાસેથી લેવા સારૂ, ગીરવી રાખનારાએ બાદશાહી સનદ ઉપરથી સ્થાપેલી કોર્ટે અસલ મુકદમા લેવાની પોતાની મામુલ દિવાની હકુમત ચલાવતી હોય ત્યારે તે કોર્ટમાં કરવાની,—ગીરવી મિલકત ઉપર કાહાડેલાં કરજ બાબત મુદ્દલને પેટે અથવા વ્યાજને પેટે છેલવેહેલું જે કાંઈ ભરવામાં આવ્યું ત્યારે.

૧૪૬. (અ) જે કોઇપણ સ્થાનિક અધિકારી પાસેથી જે કોઈપણ સાર્વજનિક સ્ટ્રીટને અથવા રસ્તાને અથવા તેના કોઈપણ ભાગનો કબજો લઈ લીધો હોય અથવા જેણે તે કબજો છોડી દીધો હોય, તે અધિકારીએ અથવા તેની વતી તે સાર્વજનિક સ્ટ્રીટને અથવા રસ્તાને અથવા ભાગનો કબજો લેવાસારૂ કરવાની,—તે કબજો લઇ લેવાની અથવા છોડી દેવાની તારીખ.

નીચેની ફરિયાદ માટે સાઠ વરસની મુદત ઠરાવી છે.

૧૪૭. ગીરવી મુકનારનો ગીરો છોડાવવાનો હક રદ્દ કરવા સારૂ અથવા વેચાણ સારૂ, ગીરવી રાખનારે કરવાની,—ગીરોને આધારે ધીરેલું નાણું જ્યારે આપવાનું થાય ત્યારે.

૧૪૮. ગીરવી મુકેલી સ્થાવર મિલકતનો કબજો છોડાવવા સારૂ અથવા પાછો લેવા સારૂ, ગીરવી રાખનાર ઉપર કરવાની,—કબજો છોડાવવાનો અથવા પાછો લેવાને હક્ક પ્રાપ્ત થાય ત્યારે.

પરંતુ એવું ઠરાવ્યું છે કે લોઅરબર્મા માંહેની સ્થાવર મિલકતનો ગીરવીનો લેખ સન ૧૮૯૩ ના મે મહિનાની પેહેલી તારીખની અગાઉ થયો હોય તે લેખ ઉપરથી સ્થાવર મિલકત છોડાવવાના દાવા ઉત્પન્ન થયા હોય તે સઘળા દાવાની તે તારીખ પેહેલાં તે પ્રાંતમાં મુદત બાબતની જે કાનુનો અમલમાં હશે તે કાનુનો લાગુ થશે.

૧૪૯. હિંદુસ્તાનના સેક્રેટરી આફ સ્ટેટ ઈન કૌન્સિલે અથવા એઓની તરફથી કરવાની કોઈ ફરિયાદ,—ખાનગી માણસે કરવાની તેવીજ ફરિયાદી બાબત આ આકટ ઉપરથી મુદત ચાલુ થાય ત્યારે.

અપીલો બાબત મુદત.

૧૫૦. સેશન કોર્ટે કરેલા મોતની શિક્ષાના ઠરાવ ઉપર સન ૧૮૯૮ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદા પ્રમાણે કરવાની,—શિક્ષાના ઠરાવની તારીખથી,—**સાત દિવસ.**

૧૫૧. કલકત્તા તથા મદ્રાસ તથા મુંબઇની ઈનસાફની હૈકોર્ટો પૈકી હરકોઈ કોર્ટે અથવા પંજાબની મુખ્ય કોર્ટે અથવા લોઅરબરમાની મુખ્ય કોર્ટે અસલ ફરિયાદ લેવાની પોતાની હકુમત ચલાવીને કરેલા હુકમનામા ઉપર અથવા હુકમ ઉપર કરવાની,—હુકમનામાની અથવા હુકમની તારીખથી,—**વીસ દિવસ.**

૧૫૨. સન ૧૯૦૮ ના દિવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદા પ્રમાણે ડિસ્ટ્રિક્ટ જડજને કરવાની,—જે હુકમનામા ઉપર અથવા હુકમ ઉપર અપીલ હોય તે હુકમનામાની અથવા હુકમની તારીખથી,—**ત્રીસ દિવસ.**

૧૫૩. મલિક મુઆઝમ-ઇન્-કૉંસિલને અપીલ કરવાની પરવાનગી આપવાની તાબાની કોર્ટ ના કહ્યાના હુકમ ઉપર હૈકોર્ટને તેજ કાયદાની કલમ પ્રમાણે કરવાની,—તે હુકમની તારીખથી,—**ત્રીસ દિવસ.**

૧૫૪. હૈકોર્ટ શિવાય બીજી કોઇ કોર્ટને સન ૧૮૯૮ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદા પ્રમાણે કરવાની,—શિક્ષાના જે ઠરાવ ઉપર અથવા જે હુકમ ઉપર અપીલ હોય તે ઠરાવની અથવા હુકમની તારીખથી,—**ત્રીસ દિવસ.**

૧૫૫. જે પ્રસંગ બાબત ૧૫૦ મા આર્ટિકલમાં તથા ૧૫૭ મા આર્ટિકલમાં ઠરાવ કર્યો છે તે પ્રસંગ શિવાય બીજે પ્રસંગે તેજ કાયદા પ્રમાણે હૈકોર્ટને કરવાની,—શિક્ષાના જે ઠરાવ ઉપર અથવા જે હુકમ ઉપર અપીલ હોય તે ઠરાવની અથવા હુકમની તારીખથી,—**સાઠ દિવસ.**

૧૫૬. જે પ્રસંગ બાબત ૧૫૧ મા આર્ટિકલમાં તથા ૧૫૩ મા આર્ટિકલમાં ઠરાવ કર્યો છે તે પ્રસંગ શિવાય બીજે પ્રસંગે, સન ૧૯૦૮ ના દિવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદા પ્રમાણે હૈકોર્ટને કરવાની,—જે હુકમનામા ઉપર અથવા હુકમ ઉપર અપીલ હોય તે હુકમનામાની અથવા હુકમની તારીખથી,—**નેવું દિવસ.**

૧૫૭. બિન તકશીર છે એવા ઠરાવના હુકમ ઉપર સન ૧૮૯૮ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદા પ્રમાણે કરવાની,—જે હુકમ ઉપર અપીલ હોય તે હુકમની તારીખથી,—**છ મહિના.**

અરજીઓ બાબત મુદત.

૧૫૮. પંચનો નિવાડો રદ્દ કરવા બાબત સન ૧૯૦૮ દિવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદા પ્રમાણે કરવાની,—પંચનો નિવાડો કોર્ટમાં ગુજારવામાં આવે ત્યારે,—**દશ દિવસ.**

૧૫૯. તેજ કાયદાની કલમ ૧૨૮ (૨) (ફ) માં જણાવ્યા પ્રમાણે જ્યારે સંક્ષિપ્ત કામ ચલાવી શકાય એવા દાવામાં હાજર થઇને જવાબ કરવાની પરવાનગી મળવા સારૂ કરવાની,—સમન બજાવવામાં આવે ત્યારે,—**દશ દિવસ.**

૧૬૦. અરજી સુનાવણી સારૂ નીકળી ત્યારે અરજદારે હાજર થવાની કસુર કર્યાને લીધે, નામંજુર કરેલી ફરી તપાસની અરજી ફરીથી ફૈલ ઉપર લેવા

સારૂ તેજ કાયદા પ્રમાણે હુકમ થવા સારૂ કરવાની,—ફરી તપાસની અરજી નામંજુર કરવામાં આવે ત્યારે,—**પંદર દિવસ.**

૧૬૧. જીલ્લા સ્માલકાઝ કોર્ટે, અથવા જીલ્લા સ્માલકાઝ કોર્ટની હકુમત મળેલી કોર્ટ તે હુકમત બજાવતી હોય ત્યારે તે કોર્ટે, ફેસલો ફરી તપાસવા સારૂ કરવાની,—હુકમનામાની અથવા હુકમની તારીખથી,—**પંદર દિવસ.**

૧૬૨. કલકત્તા તથા મદ્રાસ તથા મુંબઈની ઈનસાફની હેકોર્ટો પૈકી હરકોઈ હૈકોર્ટે અથવા પંજાબની મુખ્ય કોર્ટે અથવા લોઅરબર્માની મુખ્ય કોર્ટે અવલ ફરિયાદી લેવાની પોતાની હકુમત ચલાવીને ફેસલાની ફરી તપાસ કરવા સારૂ,—હુકમનામાની અથવા હુકમની તારીખથી,—**વીસ દિવસ.**

૧૬૩. હાજર થવામાં કસુર કર્યાને લીધે અથવા પ્રોસેસ બજાવવાના ખરચ નહિ આપ્યાને લીધે અથવા ખરચને સારૂ તારણ નહિં આપ્યાને લીધે (ફરિયાદ વિગેરે) કહાડી નાખી હોય તે કહાડી નાખ્યાનો હુકમ રદ કરવા સારૂ હુકમ થવા બાબત વાદીએ કરવાની,—કહાડી નાખ્યાની તારીખથી,—**ત્રીસ દિવસ.**

૧૬૪. એક તરફી થયેલું હુકમનામું રદ કરવાનો હુકમ થવા સારૂ પ્રતિવાદીએ કરવાની,—હુકમનામાની તારીખ; અથવા સમન્સ યોગ્ય રીતે બજાવ્યો નહીં હોય તો અરજદારને હુકમનામાની ખબર મળે ત્યારે,—**ત્રીસ દિવસ.**

૧૬૫. સ્થાવર મિલકતનો કબજો જે માણસની પાસેથી લઈ લીધો હોય અને જે હુકમનામાવાળાના અથવા હુકમનામું બજાવવા સારૂ કરેલાં વેચાણ માંહેના ખરીદદારના કબજો મળવાના હક્ક બાબત તકરાર જે માણસ કરતો હોય તે માણસે સન ૧૯૦૮ ના દિવાની ઈનસાફનું કામ ચલાવવાની રીત બાબતના કાયદા પ્રમાણે કરવાની,—કબજો લઈ લીધાની તારીખથી,—**ત્રીસ દિવસ.**

૧૬૬. હુકમનામું બજાવવા સારૂ વેચાણ કીધું હોય તે રદ કરવા સારૂ તેજ કાયદાની રૂયે કરવાની,—વેચાણની તારીખથી,—**ત્રીસ દિવસ.**

૧૬૭. જે સ્થાવર મિલકત બાબત હુકમનામું થયું હોય અથવા જે સ્થાવર મિલકત હુકનનામું બજાવવા સારૂ વેચી હશે તેનો કબજો આપવાને હરકત અથવા અટકાવ કર્યા બાબત કરવાની,—હરકત અથવા અટકાવ કરવાની તારીખથી,—**ત્રીસ દિવસ.**

૧૬૮. આગળ કામ ચલાવવામાં આવ્યું નહીં હોય તેથી કાઢી નાંખેલી અપીલ પાછી લેવા બાબત કરવાની,—કહાડી નાખ્યાની તારીખથી,—**ત્રીસ દિવસ.**

૧૬૯. અપીલની એકતરફી ચોકસી કરી હોય તે ફરી ચોકસી થવા સારૂ કરવાની,—અપીલના હુકમનામાની તારીખ; અથવા જો અપીલની નોટીસ યોગ્ય રીતે પહોંચાડવામાં આવી ન હોય તો જ્યારે અરજદારને હુકમનામાની ખબર પડે ત્યારે,—**ત્રીસ દિવસ.**

૧૭૦. નાદારીમાં અપીલ કરવાની પરવાનગી સારૂ,—જે હુકમનામાં ઉપર અપીલ કરવાની હોય તે હુકમનામાની તારીખથી,—**ત્રીસ દિવસ.**

૧૭૧. (ફરિયાદ) બંધ થયાનો હુકમ રદ કરવાનો હુકમ થવા સારૂ સન ૧૯૦૮ના દિવાની કામ ચલાવવાની રીતના કાયદા પ્રમાણે કરવાની,—બંધ થયાના હુકમની તારીખથી,—**સાઠ દીવસ.**

૧૭૨. ફરિયાદ અથવા અપીલ કાઢી નાંખ્યાનો હુકમ રદ કરવા સારૂ નાદાર વાદીના અથવા અરજદારના એસાઈનીએ અથવા રીસીવરે તેજ કાયદાની રૂયે કરવાની,—**સાઠ દીવસ.**

૧૭૩. જે પ્રસંગ બાબત ૧૬૧ તથા ૧૬૨ મા આર્ટિકલમાં ઠરાવ કર્યો છે તે પ્રસંગ શિવાય બીજે પ્રસંગે ફેસલાની ફરી તપાસ સારૂ કરવાની,—હુકમનામાની અથવા હુકમની તારીખથી,—**નેવું દિવસ.**

૧૭૪. હુકમનામાની રૂએ અથવા હુકમનામાના તોડજોડ પ્રમાણે કોર્ટની બહાર પૈસા આપેલા જાહેર કર્યા એમ કાં દાખલ ન કરવું એનું કારણ બતાવવા સારૂ તેજ કાયદા પ્રમાણે નોટીસ કાઢવા સારૂ કરવાની,—ભરણું અથવા તોડજોડ કરવામાં આવે ત્યારે,—**નેવું દિવસ.**

૧૭૫. હુકમનામાની રકમ હફ્તે હફ્તે આપવા બાબત કરવાની,—હુકમનામાની તારીખથી,—**છ મહિના.**

૧૭૬. કોઈ મૈયત વાદીના અથવા કોઇ મૈયત ઍપેલેન્ટના કાયદેસર વારસને પક્ષકાર તરીકે દાખલ કરવા સારૂ તેજ કાયદા પ્રમાણે કરવાની,—મૈયત વાદીનાં અથવા ઍપેલેન્ટનાં મરણની તારીખથી,—**છ મહિના.**

૧૭૭. મૈયત પ્રતિવાદીના અથવા મૈયત રિસ્પૉન્ડન્ટના કાયદેસર વારસને પક્ષકાર તરીકે દાખલ કરવા સારૂ તેજ કાયદા પ્રમાણે કરવાની,—મૈયત પ્રતિવાદી અથવા રિસ્પોંડંટના મરણની તારીખથી,—**છ મહિના.**

૧૭૮. કોર્ટના હુકમથી લવાદને સોંપેલી કોઈ ફરિયાદનો નિવાડો અથવા કોર્ટના હુકમ વગર લવાદને સોંપેલી કોઈ ફરિયાદનો નિવાડો કોર્ટમાં ફૈલ કરવા સારૂ તેજ કાયદા પ્રમાણે કરવાની,—પંચના નિવાડાની તારીખથી,—**છ મહિના.**

૧૭૯. તેજ કાયદા પ્રમાણે મલિક મુઆઝમને અપીલ કરવાની ખાએશ રાખનાર શખસે અપીલ કરવાની પરવાનગી મેળવવા સારૂ કરવાની,—જે હુકમનામા ઉપર અપીલ હોય તે હુકમનામાની તારીખથી,—**છ મહિના.**

૧૮૦. હુકમનામાની બજાવણી કરતી વખતે જેણે સ્થાવર મિલકત વેચાતી લીધી હશે તેણે કબજો મેળવવા સારૂ કરવાની,—વેચાણ કાયમનું થાય ત્યારે,—**ત્રણ વરસ.**

૧૮૧. જે અરજીઓ બાબત આ પરિશિષ્ટમાં બીજે કોઈપણ ઠેકાણે અથવા સન ૧૯૦૮ ના દિવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદાની ૪૮ મી કલમમાં મુદત ઠરાવેલી નહી હોય તે અરજીઓ,—અરજી કરવાનો હક્ક પ્રાપ્ત થાય ત્યારે,—**ત્રણ વરસ.**

૧૮૨. કોઈ પણ દિવાની કોર્ટના જે હુકમનામા અથવા હુકમ બાબત, ૧૮૩ માં આર્ટિકલમાં અથવા સન ૧૯૦૮ ના દિવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદાની ૪૮ મી કલમમાં ઠરાવ કરેલો ન હોય તેવું હુકમનામું અથવા હુકમ બજાવવા સારૂ કરવાની,—૧. હુકમનામાની અથવા હુકમની તારીખ, અથવા ૨. (અપીલ થઈ હોય ત્યારે) અપીલ કોર્ટના આખરના હુકમનામાની અથવા હુકમની અથવા અપીલ ખેંચી લીધાની તારીખ, અથવા **ત્રણ વરસ** અથવા, હુકમનામાની અથવા હુકમની દાખલાવાળી નકલ નોંધાવેલી હોય ત્યારે **છ વરસ.** ૩. (ફેસલાની ફરી તપાસ થઇ હોય તો) ફરી તપાસ થયા પછી ફેસલો થયો હોય તેની તારીખ, અથવા ૪. (હુકમનામામાં સુધારો કર્યો હોય ત્યારે) તે સુધારો કર્યાની તારીખ, અથવા ૫. (આ પરિશિષ્ટમાં હવે પછી કહેલી અરજી કરી હોય તો) હુકમનામું અથવા હુકમ બજાવવા સારૂ અથવા બજાવવામાં મદદ થવા માટે કાંઇ તજવીજ કરવા સારૂ કાયદા પ્રમાણે યોગ્ય કોર્ટને અરજી કર્યાની તારીખ, અથવા ૬. (આ પરિશિષ્ટમાં હવે પછી કહેલી નોટીસ કરી હોય જ્યારે) જે માણસ ઉપર હુકમનામું બજાવવાની અરજી કરી હોય તેના ઉપર, હુકમનામું શા સારૂ ન બજાવવું તે બાબતનું કારણ બતાવવા સારૂ સન ૧૯૦૮ ના દિવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદા પ્રમાણે, નોટીસ કાઢવાની જરૂર હોય ત્યારે, જે નોટીસ કાઢી હોય તે નોટીસની તારીખ, અથવા ૭. (હુકમનામું અથવા હુકમ અમુક તારીખે અવેજ આપવાનું ફરમાવે તે આપવા બાબતની અરજી હોય ત્યારે) તે તારીખ.

ખુલાસો ૧—એકથી વધારે માણસોની તરફેણમાં હુકમનામું અથવા હુકમ પૃથક્ પૃથક્ થયો હોય તથા દરએકને દાવાના વિષયનો ભાગ આપવાનો અથવા સ્વાધીન કરવાનો હોય તે બાબત તેમાં તપશીલ લખી હોય ત્યારે આ

આર્ટિકલની ૫ મી રકમમાં કહેલી અરજી સદરહુ માણસો પૈકી અથવા તેઓના વારસ વકીલો પૈકી જેઓએ તે કરી હોય તેઓ બાબત માત્ર અમલમાં આવશે. પણ હુકમનામું અથવા હુકમ એકના કરતાં વધારે માણસોની તરફેણમાં જ્યારે સામાઈક થયો હોય ત્યારે તેઓ પૈકી એકે અથવા અધિકે અથવા તેના અથવા તેઓના વારસ વકીલોએ સદરહુ પ્રકારની અરજી કરી હોય તો તે સઘળાઓની બાબત તે અમલમાં આવશે.

એકથી વધારે માણસોની વિરૂધ્ધ હુકમનામું અથવા હુકમ પૃથક્ પૃથક્ થયો હોય તથા દરએક જણે દાવાના વિષયનો હિસ્સો આપવાનો અથવા સ્વાધીન કરવાનો હોય તેની તેમાં તપસીલ લખી હોય ત્યારે તે અરજી સદરહુ માણસો પૈકી અથવા તેઓના વારસ વકીલ પૈકી જેઓની વિરૂધ્ધ હોય તેઓની વિરૂધ્ધ માત્ર અમલમાં આવશે પણ હુકમનામું અથવા હુકમ એકથી વધારે માણસોની વિરૂદ્ધ સામાઈક થયો હોય ત્યારે તેઓ પૈકી એકની અથવા અધિકની અથવા તેના અથવા તેઓના વારસ વકીલોની વિરૂદ્ધ અરજી કરી હોય તો તે સઘળા-ઓની વિરૂદ્ધ અમલમાં આવશે.

ખુલાસો ૨—"યોગ્ય કોર્ટ" આ શબ્દોનો અર્થ હુકમનામું અથવા હુકમ બજાવવો એ જે કોર્ટનું કર્ત્તવ્યકર્મ હોય તે કોર્ટ એવો સમજવો.

૧૮૩.—બાદશાહી સનંદ ઉપરથી સ્થાપેલી કોઇ કોર્ટે પોતાની અસલ અવલ સાધારણ દીવાની હકુમત ચલાવીને કરેલો કાંઇ ફેસલો, હુકમનામું અથવા હુકમ, અથવા મલિક મુઆઝમ ઇન કૌંસિલનો હુકમ અમલમાં લાવવા બાબત કરવાની,—ફેસલો અથવા હુકમનામું અથવા હુકમ અમલમાં અણાવવાનો હાલનો હક્ક જે માણસથી છોડી દેવાતો હોય તે માણસને તે હક્ક પ્રાપ્ત થાય ત્યારે.—**બાર વરસ.**

પણ એવું ઠરાવ્યું છે કે ફેસલો અથવા હુકમનામું અથવા હુકમ જ્યારે પાછો સંસ્થિત કર્યો હોય અથવા તે ઉપરથી નકકી કરેલું મુદ્દલ નાણું અથવા તેનું વ્યાજ આપવાને પાત્ર હોય તેવા માણસે અથવા તેના મુખત્યારે તે મુદ્દલ નાણાનો કાંઈ અંશ અથવા તે નાણાનું કાંઈ વ્યાજ હકકવાળા માણસને અથવા તેના મુખત્યારને આપ્યું હોય અથવા તે બાબતના હકકના અંગીકરણનો લેખ સહી કરીને આપ્યો હોય ત્યારે **બાર વરસ,** પ્રસંગ પ્રમાણે સદરહુ પ્રમાણે સંસ્થિત કર્યાની અથવા નાણું આપ્યાની અથવા અંગીકરણના લેખની તારી-ખથી ગણવાં, અથવા છેક છેલ્લીવાર સંસ્થિત કર્યાની અથવા નાણું આપ્યાની અથવા અંગીકરણના લેખની તારીખથી ગણવાં.

મુદત ગણવા વીગેરે બાબત સામાન્ય માહીતીઃ—

૧. ઊપર જે મુદત ઠરાવેલી છે તે મુદત વીતી ગયા પછી, ફરીઆદો, અપીલો અને અરજીઓ જે કોઈ કરશે તે કહાડી નાંખવામાં આવશે (૩).

૨. મુદત પુરી થાય ત્યારે કોર્ટ બંધ હોય તો, જે દીવસે કોર્ટ પાંછી ઊઘડે. તે દીવસે ફરીઆદ, અપીલ અથવા અરજી કરવાનો અધિકાર છે (૪).

૩. કોઈપણ અપીલ અથવા અરજી મુદતની અંદર નહી કર્યાનું પુરતું કારણ હતું એવી એપેલેન્ટ અથવા અરજદાર કોર્ટની ખાત્રી કરે તો તે મુદત પછી પણ અપીલ અથવા અરજી મંજુર કરવાનો અધિકાર છે (૫).

૪. કોઈ માણુસ સગીર ચલી ગયલું કે દીવાનું હોય તો તેની નાલાયકી દુર થયા પછીની કાયદામાં ઠરાવેલી મુદતે ફરીઆદ અથવા અરજી કરવાનો અધિકાર છે (૬).

૫. મુદત એકવાર ચાલુ થઈ ત્યારપછી તે નાલાયકી અથવા અસમર્થપણું આવ્યાથી તે બંધ પડતી નથી (૯).

૬. મુદ્દામ ટ્રસ્ટી, તથા તેના વારસ વકીલની ઊપર ટ્રસ્ટની મીલકત બાબત ફરીઆદ કરવાને, ગમે તેટલી મુદત થઇ ગઈ હોય તોપણ હરકત નથી (૧૦).

૭. પારકા મુલકમાં થયેલા કરાર ઊપરથી આ મુલકમાં ફરીઆદ કરવામાં આવે તેને આ કાયદામાં ઠરાવેલી મુદત લાગુ છે (૧૧).

૮. જે દહાડે ફરીયાદ, અપીલ કે અરજી કરવાનો હક પ્રાપ્ત થાય છે તે દીવસ મુદતમાં ગણવો નહી. તેમ હુકમનામાની શિક્ષાના ઠરાવની કે હુકમની નકલ મલતાં જેટલા દિવસ જાય તેટલા દિવસ મુદતમાં ગણાય નહી (૧૨).

૯. પ્રતીવાદી જેટલી મુદત બ્રિટિશ ઇન્ડીઆમાંથી ગેરહાજર હોય, તેટલી મુદત બાદ કરવી (૧૩).

૧૦. હકુમત વગરની કોર્ટમાં પ્રમાણિકપણે ચલાવેલાં કામમાં લાગેલી મુદત બાદ કરવી (૧૪).

૧૧. જેટલી મુદત સુધી કામ ચલાવવાનું બંધ રાખ્યું હોય તેટલી મુદત બાદ કરવી (૧૫).

૧૨. હુકમનામું બજાવવા સારૂ કરેલું વેચાણ રદ કરવા બાબતનું કામ જે મુદત સુધી ચાલુ હોય તે મુદત બાદ કરવી (૧૬).

૧૩. ફરીઆદ કરવાનો અથવા અરજી કરવાનો હક પ્રાપ્ત થયાં પહેલાં મરણ થાય ત્યારે તે ફરીઆદ અથવા અરજી કરવાની મુદત, તે મરનારનો કાયદાસર વારસ વકીલ ફરીઆદ અથવા અરજી કરવાને લાયક થાય ત્યારથી ગણવી (૧૭).

૧૪. કપટથી જે માણસનું નુકસાન થયું હોય, તે માણસને કપટ પહેલ વહેલું જ્યારે સમજાયું હોય ત્યારથી ફરીઆદ કરવાની અથવા અરજી કરવાની મુદત ગણવી (૧૮).

૧૫. માલ મીલકત અથવા હક બાબત ફરીઆદ અથવા અરજી કરવાની મુદત કહી હોય તે પુરી થયાની અગાઉ, તે માલ મીલકત અથવા હક બાબતની જવાબદારીનું અંગીકરણ લેખી કરવામાં આવેલું હોય અને તે લેખ ઉપર યોગ્ય જવાબદાર માણસે સહી કરી હોય તો, અંગીકરણના લેખ ઉપર જે વખતે સહી થઈ તે વખતથી નવી મુદત ગણવી (૧૯).

૧૬. કરજનું વ્યાજ ઠરાવેલી મુદત પહેલાં, વ્યાજ એવું સમજીને આપ્યું હોય ત્યારે, અથવા મુદ્દલ પેટે કાંઈ રકમ, મુદત પહેલાં આપી હોય ત્યારે, અવેજ આપ્યો તે તારીખથી ફરી મુદત શરૂ થાય છે; પરંતુ મુદ્દલ પેટે કંઈ રકમ આપી હોય તે પ્રસંગે અવેજ આપ્યાની વાત, અવેજ આપનારા માણસના ખુદ હાથના લેખ ઉપરથી, દેખાઇ આવવી જોઈએ.

ગીરવી મુકેલી જમીન ગીરવી રાખનારના કબજામાં હોય ત્યારે તે જમીનનું ભાડું અથવા ઊપજ પહોંચી હોય તે અવેજ આપ્યા પ્રમાણે સમજવી (૨૦).

૧૭. વાદી અથવા પ્રતીવાદી બદલીને નવો દાખલ કર્યો હોય અથવા નવા વાદીને અથવા પ્રતીવાદીને સામેલ કર્યો હોય ત્યારે તેની બાબતમાં તે ફરીઆદ તેને જે વખતે પક્ષકાર કર્યો હોય તે વખતથી થઈ એમ સમજવું (૨૨).

૧૮. કરાર તોડવાનું તથા નુકસાન કરવાનું કૃત્ય સતત ચાલુ હોય ત્યારે દરેક ક્ષણે નવી મુદત શરૂ થાય છે (૨૩).

૧૯. જે કામમાં વિશેષ નુકસાન ખરેખરૂં થયા વગર ફરીઆદ કરી શકાતી નથી તે કામમાં (નુકસાનીનો બદલો મળવાની ફરીઆદ હોય તો) નુકસાન થયું હોય તે વખતથી મુદત ગણવી (૨૪).

૨૦. અજવાળાનો, હવાનો, માર્ગનો, પાણીનો ઊપભોગ, વગર હરકતે, ઊઘાડી રીતે, ખાડો પડયા વગર વીસ વરસ સુધી કર્યો હોય તો તે (ઇઝમેન્ટ) હક અનિર્બંધ તથા અપરિહાર્ય થાય છે. જે મીલકત ઊપર હક (ઈઝમેન્ટ) કર્યો હોય તે મીલકત સરકારની હોય ત્યારે, ભોગવટાને સાઠ વરસ થયાં હોય તો તે હક અનિર્બંધ તથા અપરિહાર્ય થાય છે (૨૬).

જ્યાં સુખાધિકારનો કાયદો સને ૧૮૮૨ નો ૫ મો લાગુ છે ત્યાં આ કલમ લાગુ નથી.–

૨૧. સ્થાનિક અગર વિશેષ કાયદામાં કંઈ મુદત નક્કી કરેલી હોય તેને આ કાયદાથી બાધ આવતો નથી તેમ તે મુદતમાં ફેરફાર થતો નથી (૨૯).

દસ્તાવેજો નોંધવા બાબત.

(સને ૧૯૦૮નો આકટ ૧૬મો ઈંડીઆ)

" પટો " આ શબ્દમાં પટાના સામા લેખનો, કબુલતનો તથા પટે આપવા લેવાના કરારનો સમાસ થાય છે.

" સ્થાવર મીલકત " આ શબ્દોમાં જમીનનો, ઈમારતનો, વંશપરંપરાની નિમણુકોનો, રસ્તેથી આવવા જવા બાબત અથવા અજવાળું પડવા બાબતના, અથવા તર બાબતના અથવા માછલી મારવાની જગા બાબતના, અથવા જમીનમાંથી બીજો કાંઈ ફાયદો થાય તે ફાયદા બાબતના હકનો, અને જમીનને ચોંહોટેલી વસ્તુનો, અથવા જમીનને ચોહોંટેલી વસ્તુ જોડે જાથુ જડાયલી વસ્તુનો સમાસ થાય છે, પણ ઇમારતી લાકડાના ઝાડો ઉભાં હોય તેઓનો, ઉભા પાકનો અથવા લીલા ઘાસનો સમાસ થતો નથી.

" જંગમ મિલકત " આ શબ્દોમાં ઈમારતી લાકડાંના ઝાડો ઉભાં હોય તેઓનો, ઉભા પાકનો તથા લીલા ઘાસનો, ઝાડ ઉપરના ફળોનો અને ઝાડની અંદરના રસનો અને સ્થાવર મિલકત શીવાય બીજી સઘળી માલમીલકતનો સમાસ થાય છે.

"નોંધાવવાજ જોઈએ તે દસ્તાવેજો"—૧ સ્થાવર મીલકતના બક્ષીસ પત્રો ૨. સ્થાવર મીલકત ઉપર સો રૂપીઆની તથા તે કરતાં વત્તા રૂપીઆની કીંમતનો હક અથવા દાવો અથવા સંબંધ હમણા ઉત્પન્ન થતો હોય કે આગળ ઉત્પન્ન થવાનો હોય. ૩. સદરહુ પ્રકારનો હક, દાવો અથવા સંબંધ ઉત્પન્ન થવા બાબત જે લેખોમાં કબુલ કર્યું હોય તે લેખો ૪. એક વરસ કરતાં વત્તી મુદતના પટા. ૫. દત્તક લેવાના અધિકાર પત્રો.

નંબર. ૨ તથા ૩ ના ઠરાવ હેઠળ લખેલા દસ્તાવેજોને લાગુ નથી.

૧. તોડ જોડના ખતને, ૨. જોઈન્ટ સ્ટોક કંપનીના શેરો સંબંધી કોઈ પણ દસ્તાવેજ, ૩. જોઈન્ટ સ્ટોક કંપનીના શેર તથા ડીબેનચરો, બીજાને નામે ચઢાવી આપવાના દસ્તાવેજોને, ૪. બીજા દસ્તાવેજ મળવાનો હક માત્ર ઉત્પન્ન કરનારા દસ્તાવેજોને, ૫. કોઈના હુકમનામા તથા નિવાડાને, ૬. સ્થાવર મીલકત બાબત સરકારે આપેલી સનંદોને, ૭. રેવીન્યુ ઓફીસરોએ કરેલી વેહેંચણના લેખોને, ૮. જે રસીદ ઉપરથી ગીરો બંધ પડતું ન હોય તે રસીદને, ૯. દીવાની અથવા

મુલકી અમલદારે જાહેર લીલામથી વેચેલી કોઈપણ મીલકતના ખરીદદારને આપેલા વેચાણના દાખલાને, ૧૦. મરણોત્તર વ્યવસ્થા કરવા બાબતના લેખોને. ૧૧. તગાવી આપવા બાબતના હુકમો. કલમ ૧૭.

"નોંધાવવાનું મરજી ઉપર છે તે દસ્તાવેજો"—*૧. સો રૂપીઆથી કમી કીમતના સ્થાવર મિલકતના હક અથવા દાવા અથવા સંબંધના વેચાણ ખત તથા ગીરો ખત. ૨. એવા કાંઈ હક દાવા કે હિત સંબંધ ઉપસ્થિત કરવા કે નાબુદ કરવા આપેલા કે લીધેલા નાણા બદલ દસ્તાવેજ. ૩. સ્થાવર મીલકતના એક વરસની મુદતના પટા. ૪. વસીયતનામા. ૫. જે દસ્તાવેજો નોંધાવવાની જરૂર નથી તે સઘળા દસ્તાવેજો. કલમ ૧૮.

સ્થાવર મિલકત બાબતના દસ્તાવેજમાં તે મિલકત ઓળખાય એવું વર્ણન લખવું જોઈએ. સરવે થયેલી જમીનની બાબતમાં સર્વે નંબર જરૂર લખવો જોઈએ. (૨૧). દસ્તાવેજ થયાની તારીખથી ચાર મહીનાની મુદતમાં નોંધવા સારૂ જેના તે તાલુકાના સબરજીસ્ટ્રારની આગળ રજુ કરવો જોઈએ (૨૩). જરૂરીના કારણને લીધે અથવા અનિવાર્ય અકસ્માતને લીધે એ મુદતમાં ન રજુ થતાં બીજા ચાર મહીનાની અંદર રજુ કરે તો નોંધવાની યોગ્ય ફીથી ઘણામાં ઘણો દશઘણો દંડ લઈ રજીસ્ટ્રાર નોંધવાનો હુકમ કરે છે (૨૪). વસીઅતનામું ગમેતે વખતે નોંધવા સારૂ આણી આપવાનો તથા અનામત રાખવાનો અધિકાર છે (૨૭). દસ્તાવેજ કરી આપનારા માણસે અથવા તે દસ્તાવેજ ઉપરથી જે માણસ દાવો કરતો હોય તે માણસે, હુકમનામા કે હુકમની બાબતમાં તે ઉપરથી દાવો કરનાર માણસે, અથવા તેમના કાયદેસર મુખત્યારે દસ્તાવેજ નોંધાવવા સારૂ લઈ જવો જોઈએ, (૩૨). વસીયતનામું કરનારને, અથવા તેના મરણ પછી મૃત્યુ પત્ર ચલાવનારને અથવા બીજીરીતે જે માણસ વસીયતનામા ઉપરથી દાવો કરતો હોય તે માણસને, વસીયતનામું નોંધાવવા સારૂ આણીઆપવાનો અધિકાર છે, તેમજ દત્તક લેવાનું અધિકાર પત્ર કરી આપનારને અથવા મરણ પામ્યા પછી, જેને તે કરી આપ્યું હોય તેને, અથવા દત્ત પુત્રને તે આણી આપવાનો અધિકાર છે (૪૦). વસીયતનામું અનામત મુકી શકાય છે, અને અરજી કરેથી તે પાછું

* સન ૧૮૮૨ના આકટ ૪થી આ (૧ અને બેમાં બતાવેલા) દસ્તાવેજો જરૂર નોંધાવવા જોઈએ.

મળી શકે છે (૪૨–૪૪). સ્થાવર કે જંગમ મીલકત બાબતના નોંધેલા દસ્તાવેજો આગળ તેજ મીલકત બાબતની બીજી મોહોડાની કબુલત રદ છે; પણ કબુલત કરતી વખતે મીલકતનો કબજો આપ્યો હશે તો તે કબુલત રદ થતી નથી (૪૮). કલમ ૧૭ મુજબ જે દસ્તાવેજ નોંધાવવાજ જોઇએ તે તથા કલમ ૧૮માં બતાવેલા ૧ અને ૨ નંબરના દસ્તાવેજો નહિ નોંધાવે તો તે દસ્તાવેજ તેમાં લખેલી સ્થાવર મીલકતને લાગુ થશે નહિ અને પુરાવામાં લેવામાં આવશે નહિ (૫૦). દસ્તાવેજ કરી આપનાર દસ્તાવેજ કરી આપ્યાની ના કહે તે કારણસર સબરજીસ્ટ્રાર દસ્તાવેજ નોંધવાની ના કહે તો ત્રીસ દીવસની અંદર ના કહેવાના હુકમની નકલ સાથે રજીસ્ટ્રારને લેખી અરજ કરવી (૭૨). દસ્તાવેજ નોંધવાની રજીસ્ટ્રાર ના કહે તો ત્રીસ દીવસની અંદર કોરટમાં નોંધવાનો હુકમ મેળવવાની ફરીયાદ કરવાનો અધિકાર તે દસ્તાવેજ ઉપરથી દાવો કરનારને અથવા તેના મુખત્યારને છે (૭૭).

"નોંધાવવાની જરૂર નહિ તે દસ્તાવેજો"—૧. જમીન મહેસુલ બાબત સરકારના ઠરાવ, ૨. માપણી સંબંધી સરકારી કાગળો તથા નકશા, ૩. ગામના અમલદારના દફ્તરના કાગળો, ૪. સરકારે આપેલી સનંદો, ૫. ખાતેદારોએ આપેલા રાજીનામા (આ દસ્તાવેજો નોંધેલાજ છે એમ સમજવું) (૯૦). એ કાગળો અથવા રજીસ્ટરો અથવા નકશા, ફી આપીને જોવાનો દરેક માણસને અધિકાર છે તેમજ તેની નકલ પણ ફી આપીને લેવાનો અધિકાર છે (૯૧).

નોંધનાર અમલદાર અથવા કારકુન નુકશાન કરવાના ઇરાદાથી દસ્તાવેજની અશુધ્ધ રીતે નકલ કરશે, શેરો લખશે, અથવા તરજુમો કરશે, અથવા નોંધશે, તો તેને સાત વરસ સુધીની કેદની સજા અથવા દંડ અથવા બેહુ સજા થશે (૮૧).

જે કોઈ નીચે લખેલા ગુન્હા કરશે એટલેઃ—

૧ નોંધનારા અમલદાર આગળ ખોટો મજકુર કહેશે.
૨ ખોટી નકલ અથવા ખોટો તરજુમો આપશે.
૩ હું ફલાણો છું એ રીતે ખોટું કહેશે.
૪ આ કાયદા વિરૂદ્ધ ગુન્હા કરવામાં મદદ કરશે, તેને સાત વરસ સુધી કેદની, અથવા દંડની, અથવા એ બંને સજા થશે (૮૨).

દસ્તાવેજ નોંધાવવામાં લાગનારી ફી.

દસ્તાવેજમાં લખેલી કીંમત અથવા હીસાબની એકંદર રકમ ઉપર,

૫૦ રૂપીઆથી વધારે ન હોય ત્યારે			રૂા.	૦–૪–૦
૫૦ રૂપીઆથી વધારે પણ ૧૦૦ કરતાં વધારે ન હોય ત્યારે				૦–૮–૦
૧૦૦	”	૨૦૦	”	૧–૦–૦
૨૦૦	”	૪૦૦	”	૨–૦–૦
૪૦૦	”	૬૦૦	”	૩–૦–૦
૬૦૦	”	૧૦૦૦	”	૪–૦–૦
૧૦૦૦	”	૧૫૦૦	”	૫–૦–૦
૧૫૦૦	”	૨૦૦૦	”	૬–૦–૦
૨૦૦૦	”	૩૦૦૦	”	૮–૦–૦
૩૦૦૦	”	૪૦૦૦	”	૧૦–૦–૦
૪૦૦૦	”	૫૦૦૦	”	૧૨–૦–૦
૫૦૦૦	”	૭૫૦૦	”	૧૪–૦–૦
૭૫૦૦	”	૧૦૦૦૦	”	૧૬–૦–૦
૧૦૦૦૦	”	૧૫૦૦૦	”	૧૮–૦–૦
૧૫૦૦૦	”	૨૦૦૦૦	”	૨૦–૦–૦

રૂા. ૨૦૦૦૦ ઉપર દર હજારે અથવા હજારના કોઇપણ ભાગ ઉપર ૧–૦–૦

૨ નોંધેલા દસ્તાવેજના સંબંધમાં ફક્ત અવેજ પોહોંચ્યાની પાવતી નોંધવાની ફી, મુળ દસ્તાવેજ નોંધવાની ફી રૂપીઆ બેથી વધારે ન હોય તો તે, અથવા વધારે હશે તો રૂા. ૨–૦–૦

૩ કોઈ પણ મુખત્યારનામા વગેરે રૂા. ૨–૦–૦

૪ વસીયતનામા નોંધવાની ફી રૂા. ૨–૦–૦

વસીયતનામું મોહોરબંધ અનામત મુકવાની, તે ઉઘાડી જોવાની, તે પાછો લેવાની દરેક બદલ રૂા. ૨–૦–૦

૫ શોધવાની તથા કાગળ બતાવવાની ફી દર વરસ બદલ રૂા. ૧–૦–૦

ત્યાર પછીના દરેક વર્ષની નોંધ અથવા દસ્તાવેજ માટે ૦–૪–૦

૬ નકલ કરામણી વ નકલ આપવાની ફીઃ—

નકલ કરવાની દર સો શબ્દે રૂા. ૦–૨–૬

નકલ આપવાની સો શબ્દે રૂા. ૦–૨–૬

નકશાની નકલ રૂા. ૦–૮–૦

૭ કમિશન કાઢવા બદલ.

અ. મંદવાડને લીધે હાજર નહિ થવાય તે પ્રસંગે પોતાના મુકામપર લઈ જવાની ફી રૂા. ૫–૦–૦.

બ. બીજે પ્રસંગે રૂા. ૧૦–૦–૦.

૮ ભાષાંતર કરવા બદલ રૂ ૨–૦–૦.

૯ નોંધેલો દસ્તાવેજ મુદતસર લઇ નહી જાય તો તે સંભાળી રાખવાની ફી.

ત્રીજા મહીનાના દરેક દીવસ બદલ. રૂા. ૦–૧–૦.

ચોથા „ રૂા. ૦–૨–૦.

વધારેમાં વધારે રૂા. ૫—૦—૦.

૧૦ મુખત્યારનામા ઉપર શહી સીકકો કરવા બદલ.

વિશેષ મુખત્યારનામા ઉપર રૂા. ૧–૦–૦.

કુલ મુખત્યારનામા ઉપર રૂા. ૨–૦–૦.

૧૧ સમન્સ બદલ રૂ. ૧–૦–૦ વારંટ બદલ રૂ. ૨–૦–૦.

જુદી જુદી તારીખના લખાયલા બે દસ્તાવેજો જુદી જુદી તારીખે નોંધાવ્યા હોય તો પહેલો દસ્તાવેજ કોને ગણવો તે બાબતમાં હાઇ કોર્ટે ઠરાવ્યું છે કે જે દસ્તાવેજ પેહેલો લખાયો હોય પણ રજીષ્ટર બીજો દસ્તાવેજ નોંધાયા પછી થયો હોય તોપણ તેને પેહેલો ગણવો જોઇએ. પાછળથી દસ્તાવેજ જેના લાભમાં થયો હોય તેના કબજામાં મીલકત છે તે કારણસર દસ્તાવેજના અગ્રેસરપણાને અસર થતી નથી. નારાયણ વી. લક્ષ્મણ મું. લો. રી. પુ. ૬ પા. ૬૮૭.

ગાંડા માણસોની મિલકતની દેખરેખ રાખવા બાબત.

(સને ૧૯૧૨નો આકટ ૪ થો.—ઇન્ડીઆ.)

જ્યારે કોઈપણ મીલકતવાળો માણસ ગાંડો છે એમ કહેવામાં આવે ત્યારે, જે દીવાની કોર્ટની હકુમતમાં તે રહેતો હોય તે કોર્ટે, ગાંડા સખસના કોઈ સગાની કે સરકારી વકીલની અથવા (સદરહુ મીલકત જો જમીન હોય તો) જીલ્લાના કલેકટરની અરજી ઉપરથી સદરહુ માણસ ગાંડો છે કે કેમ અને તે તેની મીલકતની વ્યવસ્થા કરવાને અશક્ત છે કે કેમ તેની, ચોકશી કરશે, અને તે માણસ જો ખરેખર ગાંડોજ ઠરશે અને મીલકતની વ્યવસ્થા કરવામાં નાલાયક હશે, તો કોર્ટ ઑફ વૉર્ડસના ચાર્જમાં તે ગાંડાની મીલકત આપશે, અને જ્યારે કોર્ટ ઑફ વાર્ડસને સોંપાય એવી મીલકત ન હોય ત્યારે તે કોર્ટ મીલકતની વ્યવસ્થા કરવા નજદીકના કોઈ સગાને અથવા કોઈ બીજા લાયક માણસને મેનેજર (વહીવટદાર) નીમશે, અને આવા પ્રસંગે ગાંડા સખસના શરીરના રક્ષણ માટે કોઇ લાયક માણસને વાલી નીમશે (૬૨–૭૨) આ આકટ મુજબ કરવાની અરજીનો નમુનો પાછળ જુઓ.

ઘર વકીલ.

ભાગ ૩ જો.

મેહેસુલી વિષય.

જમીન મેહેસુલના કાયદા બાબત.

(સને ૧૮૭૯નો આકટ ૫ મો—મુંબઈ.)

" ખાતેદારના કાયદા મુજબ હક "—(૧) ખાસ કરીને રાખી મુકયાં હોય તે શીવાયના તમામ ઝાડ ઉપરના હક ખાતેદારોને આપેલા છે (૪૦).

(૨) અડધા એકર કરતાં ઓછો નહીં, અથવા ધારણ કરેલી જમીનના એક દશાંસ કરતાં ઓછો નહીં એવો કંઇ પોતાના સરવે નંબરનો ભાગ પાણીના પુરથી તણાઈ જાય તો, ખાતેદારને તે સરવે નંબર અથવા જમીન ઉપરનો આકાર ઓછો કરાવવાનો હક છે (૪૭).

(૩) જમીન મેહેસુલના પૈસા ભર્યા બદલ લખેલી પહોંચ માગવાનો હક છે, અને જે અમલદારને પૈસા પહોંચ્યા હોય તેની તેવી પહોંચ આપવાની ફરજ છે (૫૮).

(૪) અરધા એકર કરતાં વધારે નવી ભાઠાની જમીન જે કાંઠા ઉપર અથવા કીનારા ઉપર થઈ હોય, તે કાંઠા અથવા કીનારાનો ખાતેદારનો તે નવી ભાઠાની જમીન લેવાનો પ્રથમ હક છે. એવી જમીનની કીંમત તે જમીનના વાર્ષીક ધારાના ત્રણ પટ કરતા વધારે સરકાર માંગી શકતી નથી (૬૩).

(૫) જ્યારે તે ભાઠાની જમીન અરધા એકર કરતા વધારે ન હોય તથા ધારણ કરેલી જમીનના એક દશાંસ કરતાં વધારે ન હોય તો (બેહુ સરતો પુરી પડવી જોઈએ) તે કાંઠા અથવા કીનારાના ખાતેદારનો તે જમીનનો, કાંઈપણ ધારો આપ્યા શિવાય, ઉપયોગ કરવાનો તથા ખેડવાનો હક છે (૬૪).

(૬) પોતાના ખાતાની જમીન ઊપર ખેતીના કામ સંબંધી ઇમારત, કુવા, તલાવ બાંધવાનું અથવા બીજા સુધારા કરવાનો હક છે (૬૫).

(૭) ખાતાની જમીનમાંની ખાણુ ઉપર તથા ખનીજ ઉત્પન્ન ઉપર ખાતેદારનો હક નથી. પરંતુ છુટા પથરા અથવા માટી ઉપયોગમાં લેવાનો હક છે (૬૯).

(૮) હુકમનામાની અથવા હુકમની દાખલાવાળી નકલ અથવા વેચાણુ બાબત કોર્ટનું સર્ટીફીકેટ હાજર કરે તો, જેના લાભમાં તે હુકમ અથવા સર્ટીફીકેટ હોય તેનું નામ ખાતેદાર તરીકે દાખલ કરાવવાનો હક છે (૭૦).

(૯) મૈયત ખાતાદારને ઠેકાણે તેના વડીલ છોકરાનું નામ, અથવા જે વારસ છે એવું દેખાતું હોય તેનું નામ દાખલ કરાવવાનો તે છોકરાનો અથવા વારસનો હક છે (૭૧).

(૧૦) જ્યાંસુધી જમીન મેહેસુલ વખતો વખત ભરે ત્યાં સુધી ખાતાનો હક બીજાને કરી આપી શકાય એવો અને વંશપરંપરા વારસોને પાળવા જોગ છે (૭૩).

(૧૧) પોતાના આખા ખાતાનું અથવા તે પૈકી કોઈ આખા સરવે નંબરનું, અથવા સરવે નંબરના હિસાબમાં દાખલ થયલા કોઈ ભાગનું રાજીનામું આપવાનો હક છે, પરંતુ રાજીનામું આપવું હોય તો ચાલતી સાલના માર્ચ મહીનાની ૩૧મી તારીખ અગાઉ આપવું જોઇએ (૭૪).

(૧૨) પોતાના આખા ખાતાનો અથવા કોઈ સરવે નંબરનો અથવા સરવે નંબરના કોઈ ઉપર પ્રમાણેના ભાગનો, મોંબદલો હરકોઈ વખતે કરી આપવાનો હક છે (૭૪).

(૧૩) જે જમીનનો ઉધડ ધારો આપવામાં આવતો હોય તે જમીનનું, કલેકટરની અગાઉથી મંજુરી લઇને, રાજીનામું આપવાનો હક છે (૭૫).

(૧૪) કોઈપણ સહખાતાદારને, ખેડુતને, અથવા ઘરેણે રાખનારને, જમીન ખાલસા થતી અટકાવવાને, જમીન મેહેસુલ ભરી દેવાનો અધિકાર છે (૮૦).

(૧૫) કનિષ્ટ ધારણ કરનારા (ગણોતીઆ) તથા સહભાગીઆ પાસે ગણોત અથવા જમીન મેહેસુલ લેણું હોય તે વસુલ કરવાંમાં અરજી કરેથી સરકાર મદદ મળવાનો હક છે (૮૬). અરજી જેની તે સાલમાં કરવી જોઈએ—"સાલ" તા૦ ૩૧મી જુલાઈએ પુરૂં થાય છે. અરજીની સાથે, દાવાના ટેકામાં હકનાં પત્રકમાંની અથવા ફેરફારના રજીષ્ટરમાંની નોંધ દાખલ કરવી જોઇએ. નોંધ સાથે રજુ કરવામાં નહીં આવે તો મામલતદાર "મદદ" આપશે નહીં. અરજી નામંજુર કરશે. (સન ૧૯૦૩નો આકટ ૪થો કલમ ૧૨).

(૧૬) જમીન મેહેસુલની બાકી વસુલ કરવા જ્યારે કંઈ જંગમ અથવા સ્થાવર મિલકત વેચવામાં આવે તો, સરકાર માગણું બાદ જતાં જે ફાજલ રહે તે લેવાનો હક છે (૧૮૩).

રૂલ મુજબના હકો.

૧૭. પોતાના સર્વે નંબરમાંનો પેટા ખરાબો (સર્વે નંબરમાં ખેડી ન શકાય એવી દાખલ કરેલી જમીન) કંઈપણ આપ્યા વગર, ખેડવાનો હક છે, પણ તે પેટા ખરાબો જ્યારે (૧) રસ્તાને સારૂ અથવા તળાવ તરીકે વપરાતો હોય ત્યારે, (૨) જ્યારે તે મુડદાં દાટવાની જગા તરીકે વપરાતો હોય ત્યારે, (૩) જ્યારે તે ગામના કુંભારના કામ સારૂ અથવા બીજા સાર્વજનીક કારણુસર આપેલો હોય ત્યારે, ખેડવાનો હક નથી.

જ્યારે પેટા ખરાબાના તળાવનું સુકુ તળીયું ખેડવાનો હક ખાતેદારને ખસુસ આપ્યો હશે ત્યારે ઉપરની મનાઈ લાગુ નથી (રૂલ ૪૮).

૧૮. પોતાના ઘરકામ સારૂ અથવા ખેડના કામ સારૂ પોતાના ખાતાની જમીનમાંથી માટી, પથર, કંકર, રેતી, મુરમ અથવા બીજી કોઈ વસ્તુ કહાડી લઈ જવાને મુખત્યાર છે (રૂલ ૫૧).

૧૯. કુંભાર તથા ઈંટ તથા નળીઆં બનાવનારાઓને, પોતાના ખાતાની જમીનમાંથી માટી વીગેરે પદાર્થ, પોતાના ધંધાના કામમાં વાપરવાની છુટ છે, તેમજ તે ધંધા અર્થે પોતાની જમીન ઉપર ઝુંપડા અથવા બીજાં બાંધકામ કરવાની પણ છુટ છે (રૂલ ૭૨).

ગામના નકશા, તથા ગામના અમલદારે તૈયાર કરેલા હીસાબી કાગળો, રજીષ્ટરો તથા સરવઈ ખાતા તરફથી મળેલા રજીસ્ટરો વીગેરે મફત જોવાનો હક છે. (સન ૧૮૭૭ના આકટ ૩ની કલમ ૯૦–૯૧) રેવીન્યુ કોડ કલમ ૨૧૩ ઉપર (રૂલ ૧).

૨૦. રાજીનામા તથા કબુલતો ગામના તળાટી પાસેથી કંઈપણ ફી આપ્યા વગર લખાવી લેવાનો હક છે (૭૬–૭૭–૮૦).

૨૧. સહખાતાદારને પોતાનું નામ તથા ભાગ (જેટલી આની ભાગ હોય તેટલો) દફતરમાં નોંધાવવા સારૂ કલેકટરને અરજી કરવાનો હક છે (રૂલ ૯૬).

ખાતાદારની જવાબદારી.

૧. ધારણ કરેલી જમીન ખેતી શીવાય બીજા કામમાં વાપરવી નહીં. વાપરવી હોય તો નોંધેલા ખાતાદારે કલેકટરની પરવાનગી સારૂ પ્રથમ અરજી કરવી જોઈએ. ત્રણ મહીનાની અંદર કાંઈ જવાબ નહીં મળે તો કલેકટરે પરવાનગી આપી એમ સમજવું (૬૫).

૨. સદરહુ પ્રકારની જમીન કલેકટરની પરવાનગી લીધા વગર ખેતી શીવાય બીજા કામમાં વાપરી હશે તો, તે જમીનમાંથી તેને કહાડી મુકવાને તે પાત્ર થશે (૬૬).

૩. અકૃત મૃત્યુલેખ મૈયતનું ખાતું અથવા ધારણ કરેલી જમીન, જમીન મેહેસુલ વસુલ કરવા સારૂ વેચવાને પાત્ર છે. બાકી વસુલ થતાં જે ફાજલ રહે તેને હિંદુની અથવા મુસલમાનની અથવા બૌદ્ધની માલમીલકત બાબત કાયદો લાગુ પડશે (૭૨). આ કલમ ઇનામી જમીનને લાગુ નથી.

૪. ખાતાનું અથવા ધારણ કરેલી જમીનનું યોગ્યરીતે રાજીનામું આપવામાં આવે અથવા બીજાને કરી આપવામાં આવે ત્યાંસુધી સઘળાં દેણાં બાબત ખાતાદાર અથવા ધારણ કરનાર જવાબદાર છે (૭૯).

૫. હદ નિશાન બંધાવવા તથા મરામત કરાવવા જોઇએ (૧૨૨).

૬. હદ નિશાન યથાસ્થિત રાખવાને ખાતેદાર જવાબદાર છે (૧૨૩). માટીના હદ નિસાનની આસપાસ, બે હાથ પોહોળાઈ જમીન ખોદવી નહીં (રૂલ ૧૦૧).

૭. જમીન મેહેસુલ બદલ નોંધેલા ખાતાદાર પ્રથમ જવાબદાર છે. પછી સહ ખાતાદાર અને પછી ગણોતીઓ પણ જવાબદાર થાય છે (૧૩૬).

૮. જમીનનો એવો કંઈ ઉપયોગ કરવો નહીં કે જેથી ખેડાણ જમીનનો નાશ થાય અથવા નુકસાન લાગે (રૂલ ૫૦).

૯. જમીન ઉપર થોર અથવા ઘાસ, તંદુરસ્તીને બીગાડ થાય એવી રીતે વધવા દેવા નહીં જોઇએ (રૂલ ૫૨).

ગામ લોકોના હક.

૧. કોઈપણ સખસને પોતાના ઘરકામ સારૂ અથવા ખેતીના કામ સારૂ, અને કોઈપણ કુંભાર અથવા ઈંટ અથવા નળીઆં બનાવનારને પોતાના વેપારના કામ સારૂ તથા ખેતીના કામ સારૂ, જે ગામમાં તે રેહેતો હોય તે ગામની હદની અંદર, માટી, પથ્થર, કંકર, રેતી, મુરમ અથવા બીજી કંઈ વસ્તુ દરીઆના તળીઆમાંથી, અથવા ખાડી, નદી તથા નાળાંના તળીઆમાંથી અથવા આકાર ઠરાવ્યા વગરની જે પડતર જમીન વિશેષ કારણ સારૂ ન હોય તેવી જમીનમાંથી, મુલ્કી પટેલની અગાઉથી પરવાનગી લઈને, ફી આપ્યા વગર, લઈ જવાનો હક છે (રૂલ ૪૦).

નોટ—જે ઇનામી ગામને શર્વે સેટલમેન્ટ લાગુ કર્યું હશે, તે ઇનામી ગામના ખાતેદારના હક તથા જવાબદારી, ખાલસા ગામના ખાતેદારના જેટલાજ છે (૨૧૭).

૨. કોઈપણ સખસને મુલકી પટેલની મંજુરી લઈને ગામના તળાવમાંથી માટી, પથ્થર, કંકર, રેતી, મુરમ અથવા બીજી વસ્તુ મફત લેવાનો હક છે. પણ, બાંધેલા તળાવની પાળમાંથી જે પથ્થર અંદર પડયા હોય તે લઈ જવા નહીં, અને તળાવના બાંધકામના પાયાથી દસ હાથની અંદર કાંઈપણ ખોદાણ કરવું નહીં (રૂલ-૪૧).

ખેડુત અથવા ગણોતીઆના હક તથા જવાબદારી.

જે કોઈ ગણોતીઓ નોંધેલા ખાતાદારની સંમત્તી વગર, ખેતી શીવાય બીજા કોઈ કામમાં જમીન વાપરસે તો તે નુકશાન બદલ નોંધેલા ખાતાદારને જવાબદાર થશે, અને તે જમીનમાંથી કહાડી મુકવાને પાત્ર થશે (૬૬).

૨. નોંધેલા ખાતાદાર તરફથી જમીન મેહેસુલ ભરવાનો ખેડુતને હક છે (૮૦).

૩. ખેડુતે કબુલત પ્રમાણે, અથવા કબુલત ન હોય તો સ્થાનિક રિવાજ પ્રમાણે, કબુલત અથવા રીવાજ ન હોય તો, વાજબી અને યોગ્ય જણાય તે ગણોતની રકમ આપવી જોઈએ (૮૩).

૪. ગણોત નહીં આપે તો, જમીન ઉપરથી કહાડી મુકવાને તે પાત્ર થાય છે (૮૩).

૫. એક વરસની ખેડ માર્ચ મહીનાની ૩૧મી તારીખે પુરી થાય છે. જમીન છોડી દેવી હોય તો ખેડુતે ત્રણ મહીના અગાઉ એટલે ડીસેંબર મહીનામાં લખેલી સુચના જમીનદારને આપવી જોઇએ (૮૪).

૬. જમીનદાર ઈયા ખાતાદાર સરકારી જમીન મેહેસુલ ભરવાને ચુકે તો સરકાર ખેડુત પાસેથી વસુલ કરી શકે છે. ખેડુત પાસેથી જે રકમ વસુલ આવી હોય તે જમીનદાર અથવા ખાતાદારની સાથેના તેના હીસાબમાં મજરે મળવાનો ખેડુતને હક છે (૧૩૬).

ઇનામદારના અધિકાર, હક, તથા જવાબદારી.

(ઇનામદારને સરકાર કમીશન આપે ત્યારે).

૧. જમીન મેહેસુલ ભરવાના ખેડુતો પાસે જામીન માંગવાનો.

૨. જામીન ન આપે તો પુર્વોપાય તજવીજ કરવાનો.

૩. જમીન મેહેસુલ નહીં ભરનારની મિલકત જપ્ત કરવાનો.

૪. જમીન મેહેસુલ ભરવાના હફતા તથા તારીખ નક્કી કરવાનો.

૫. ખેડુત, ખેતી શિવાય બીજા કામમાં વગર પરવાનગીએ જમીન વાપરે તો તે ખેડુતને જમીનમાંથી કહાડી મુકવાનો કલેક્ટરના જેટલો અધિકાર છે.

૬. રાજીનામા લેવાનો તથા જમીન ખેડવા આપવાનો.

૭. હદ નીસાન બરાબર રખાવવાનો તથા રીપેર કરાવવાનો.

નંબર ૪થી ૭ સુધીના અધિકાર, સર્વે સેટલમેંટ લાગુ કરાવ્યું હોય એવા ગામના ઇનામદારને આપવામાં આવે છે (૮૮).

૮. ગામનો જો વતનદાર પટેલ તળાટી હોય તો તેની મારફત જમીન મેહેસુલ વસુલ કરવુ જોઈએ; બારોબાર વસુલ કરશે તો મેહેસુલના ત્રણપટ દંડને પાત્ર થશે. પટેલ તળાટી વસુલ કરવામાં કસુર કરે તો, કલેકટરની અગાઉથી પરવાનગી મેળવીને, ઈનામદાર બારોબાર વસુલ કરી શકે (૮૫).

૯. વસુલ કરેલી રકમ બદલ, પટેલ તળાટીએ અથવા ઈનામદારે પોહોંચ આપવી જોઈએ.

૧૦. ગામની સનદના ઠરાવ મુજબ જુડી અથવા સેટલમેંટ તથા લોકલફંડ સરકારમાં ભરવાં જોઈએ.

૧૧. જે ઈનામદારોએ સમરી સેટલમેંટ કબુલ રાખ્યું છે તેઓ પોતાના ગામના સાગ, સીસમ વીગેરે ઝાડો સુદ્ધાં, કુલ માલીક છે (રૂલ-૯૧).

બીજી જાણવાજોગ ઉપયોગી બાબતો.

સંઘળા સાર્વજનીક રસ્તા વગેરે અને જે જમીન કોઈની માલકીની ન હોય તે સઘળી જમીન સરકારની છે (૩૭). ખાસ કામ સારૂ નીમેલી જમીન કમીશનરની મંજુરી વગર બીજા કામમાં વાપરવી નહીં (૩૮). ઢોર ગોઠાણ તથા ગૌચર જમીન સરકાર તરફથી જુદી કહાડી મુકવામાં આવશે. રસ્તાની બાજુ ઉપરના ઝાડ સરકાર માલકીના છે. કોઈ માણસ કોઈ સરકારી ઝાડ હુકમ વગર કાપશે, અગર સરકારી જમીનમાંની કોઈ સ્વાભાવિક પેદાશ હુકમ વગર કહાડી જશે તો, તેની પાસેથી તેની કીમત વસુલ કરવામાં આવશે, અને વળી તેના ઉપર ફોજદારી કામ પણ ચલાવવામાં આવશે (૪૩). જમીન મેહેસુલ બાબત-વિશેષ માફી આપેલી ન હોય તો સઘળી જમીન મેહેસુલ આપવાને પાત્ર છે. વિશેષ માફી, જરૂરને પ્રસંગે, કેટલીક વખત સુધી, રદ કરવાનો કાયદા કરનારી મંડળીને અધિકાર છે. ઇનામી જમીનના કાંઠા અથવા કીનારા સાથે અડધો એકર ભાઠાની જમીન થાય, તો તે ભાઠાની જમીન ઉપર મેહેસુલની માફી છે, પણ એવી ભાઠાની જમીનનું ક્ષેત્રફળ ઈનામદારે ધારણ કરેલી જમીનના એક દશાંસ કરતાં વધતું ન હોવું જોઇએ (૪૬). ખેતીના કામમાં લગાડેલી જમીન ઉપર, ખેતી શીવાય બીજો કોઇ નફો અથવા ફાયદો જે જમીનમાંથી મળતો હશે તે જમીન ઉપર, અને ઘરના ગભાણ સારૂ જે જમીનનો ઉપયોગ કર્યો હશે તે જમીન ઉપર જમીન

મેહેસુલ લેવાનો અધીકાર છે (૪૮). જમીન મેહેસુલ, સરકારના હુકમને અનુસરીને કલેકટરે ઠરાવવું જોઇએ (૫૨). ઇનામી જમીનનું પત્રક કલેકટરે રાખવું જોઇએ, અને એવી જમીનની સનદ બીલકુલ ગુમ થઈ હોય, અથવા નાશ થયો હોય તો યોગ્ય ફી લઇને પત્રક ઉપરથી ઊતારો કલેકટર આપી શકે છે. આવો ઉતારો સનદ પ્રમાણેજ હક સાબીત કરવાના કામસર યોગ્ય પુરાવો છે (૫૩). જમીન મેહેસુલ બાબત જમીનના હરેક ભાગના અથવા સર્વે નંબરના ધારાનો ઠરાવ, નોંધેલા ખાતેદાર સાથે અને તેની ગેરહાજરીમાં પેટા ધારણ કરનાર સાથે કરવો (૫૪). જે પાણી ઉપર સરકારનો હક હશે તે પાણી ઉપયોગમાં લેવા બદલ પીઆવો જુદો લેવામાં આવશે (૫૫). જમીન મેહેસુલ જમીન ઉપર પ્રથમ બોજો છે. જમીન ધારણ કરનાર જમીન મેહેસુલ આપવાને ચુકે તો, ખાતુ અથવા ઈનામી જમીન, તે ઉપરના સઘળાં ઝાડ, ઈમારત તથા બીજા હકો સાથે, સરકાર દાખલ થવાને પાત્ર થાય છે. પછી તે જમીન વેચીને બાકી વસુલ કરવાનો સરકારને હક છે. ધારણ કરેલી જમીન સરકાર દાખલ થાય એટલે તે કલેકટરે કબજામાં લેવી અને તેની યોગ્ય વ્યવસ્થા કરવી (૫૬–૫૭). સરકારી પડતર જમીન ખેડવા સારૂ રાખવી હોય તો, તે ખેડતાં પેહેલાં મામલતદારની અથવા માહાલકરીની લખેલી પરવાનગી લેવી જોઇએ (૬૦). પરવાનગી વગર ખેડશે તો, આખા નંબરનો ધારો આપવો પડશે; ધારો ઠરેલી જમીન નહીં હશે તો તેજ ગામની તેટલીજ જમીન બદલ જે ધારો લેવા લાયક હશે તે ધારો આપવો પડશે; તે જમીન ખેતીના કામ સારૂ લીધી હોય તો રૂા. ૫ સુધી દંડને પાત્ર થશે, અને ખેતી શીવાય બીજા કામમાં લીધી હશે તો સકત દંડને પાત્ર થશે; વળી તેને તે જમીનમાંથી કહાડી મુકવામાં આવશે; અને વળી જે પાક કર્યો હશે તે સરકાર દાખલ થશે; અને કંઈ ઈમારત બાંધી હશે તે પણ સરકાર દાખલ થવાને પાત્ર થશે (૬૧). ખાતાનો હક લીલામ કરીને કેટલીક શરતોથી વેચવામાં આવશે. ખાતાના હકની કીમતમાં ઝાડની કીમત આવી જાય છે (૬૨). કોઇ માણસ જમીનનું રાજીનામું આપે, અને તે જમીન ઉપર જવાનો માર્ગ તેણે પોતાની પાસે રાખેલી બીજી જમીનમાંથી હોય તો સદરહુ પ્રમાણે રાખેલી જમીનમાંથી જવાનો હક રાજીનામું આપેલી જમીનનો આગળ જે ધારણ કરનારો થશે તેના તરફ ચાલશે (૭૭). નોંધેલો ખાતેદાર બીજા માણસનું નુકશાન કરવા સારૂ અથવા તેને ઠગવા સારૂ જમીન મેહેસુલ ભરે નહિ, અને તેથી ખાતુ સરકાર દાખલ થવાને પાત્ર કરે તો; અને બીજો માણસ જો તે જમીન બદલ ચઢેલી બાકી ભરી દે તો, તે બીજા માણસને નોંધેલો ખાતેદાર કરવાનો કલેકટરને અધિકાર છે (૮૧). જે ઈનામી ગામમાં અથવા ગામના ભાગમાં વંશપરંપરાના પટેલ તલાટી હોય તે તે ગામનું

જમીન મેહેસુલ, સદરહુ પટેલ તળાટીની મારફત લેવું. પરભાર્યું વસુલ કરશે તો તે ઈનામદારને માંગેલી અથવા લીધેલી રકમથી ત્રણ ઘણી રકમ જેટલો દંડ થશે (૮૫). કનિષ્ટ ધારણ કરનાર (એટલે જે ધારણ કરનાર જમીન મેહેસુલ વરીષ્ટ ધારણ કરનારને આપવાને પાત્ર હોય તે, જેવા કે ગણોતીઆ; સહુખાતેદાર, સહુભાગદાર) પાસે જમીન મેહેસુલ લેણું હોય તે વસુલ કરવામાં મદદ મળવાનો હક વરિષ્ટ ધારણ કરનારને છે, પણ લેખી અરજી (નમુના માટે પાનું ૪૪૧ જુઓ) મુલકી સાલમાં એટલે તા૦ ૩૧ જુલાઈ અગાઉ મામલતદારને કરવી જોઇએ. મામલતદારે સંક્ષેપ રીતે ચોકસી કરી, પડેલા પુરાવા ઉપરથી ગણોતની અથવા જમીન મેહેસુલની જે રકમ દેવી છે એવું તેને લાગે તો તે વસુલ કરવા સારૂ મદદ આપવાનો હુકમ કરવો જોઇએ. પક્ષકાર વચેની તકરાર ગુંચવણ ભરેલી અથવા કઠણ પ્રકારની લાગે તો મદદ આપવાને મામલતદાર ના કહી શકે અથવા આકાર વસુલ કરી અપાવવા મદદ આપવાનો હુકમ કરી શકે (૮૭).

બેહુ પક્ષકારને દીવાની કોર્ટમાં જઈ દાદ માંગવાની છુટ છે (૮૭).

ઈનામી જમીનના ધારણ કરનારાઓને જમીન મેહેસુલ વસુલ કરવાને નીચે બતાવેલા અધિકાર કમીશનથી આપવાને સરકાર મુખત્યાર છે.

(૧) પુર્વોપાય તજવીજ કરવાનો (કલમ ૧૪૧-૧૪૩); (૨) માલમિલકત જપ્ત કરવાનો; (૩) જમીન મેહેસુલ વસુલ કરવાના હફ્તા ઠરાવવાનો; (૪) કલમ ૬૫-૬૬ પ્રમાણે અધિકાર ચલાવવાનો; (૫) રાજીનામું લેવાનો તથા તે લેવાની તારીખ ઠરાવવાનો (૬) હદ નિશાન યથાસ્થિત રાખવા બાબત તથા તેની મરામત કરવા બાબત તજવીજ કરવા (૮૮). ઈનામદારને જે રકમ વસુલ કરવાનો હક હોય તે કરતા વધારે અવેજ જબરીથી વસુલ કરે તો તે ઇનામદાર તે વધારે અવેજની રકમથી ત્રણ ઘણી રકમ આપવાને પાત્ર થશે (૯૩). ગણોત વધારવાનો પોતાનો હક દીવાની કોર્ટમાં સાબીત કરવાનો અધિકાર ઈનામદારને છે (૯૪).

"સર્વે સેટલમેન્ટ બાબત"—ઇલાકાના હરકોઈ ભાગમાં રેવીન્યુ સર્વે ચાલુ કરવાનો અધિકાર સરકારને છે (૯૫). સાધારણ નોટીસ અથવા સમન કરીને જમીન ધારણ કરનારાઓને યોગ્યતા પ્રમાણે નોકરી કરવાનું કહેવાનો અધિકાર સર્વે અમલદારને છે (૯૬). જમીનની માપણી અથવા પ્રતબંધી કરવામાં જમીન ધારણ કરનારાઓએ મદદ કરવી જોઇએ (૯૭). સર્વે નંબર અડધા એકર કરતાં ઓછા ક્ષેત્રફળનો નહીં કરવો (૯૮). જે ઠરાવ આખા સર્વે નંબરને લાગુ છે તેજ ઠરાવ સર્વે નંબરના હિસાબમાં દાખલ થયલા ભાગને લાગુ છે, માત્ર એટલોજ ફરક (અ) કે

સહરહુ પ્રકારના ભાગની જુદીજુદી હદ પાડવાની જરૂર નથી; અને (૫) કોઈ ભાગનું ખાતાદાર રાજીનામું આપે તો તે ભાગ બીજા મોટા ભાગદારને આપવામાં આવશે, અને કોઈપણ ભાગદાર ન રાખે તો તે છોડી દીધેલા ભાગનો આકાર ધારાની રકમોના હિસ્સા પ્રમાણે બધા ભાગદારો પાસેથી વસુલ કરવામાં આવશે (૯૯). સર્વેનો ચાર્જ જે અમલદાર પાસે હશે તેણે ખેતીની જમીન ઉપર આકાર ઠરાવવો; તે સરકારની મંજુરી વગર વસુલ કરવો નહી. મંજુર થયલો આકાર ત્રીસ વરસ સુધી અમલમાં રેહેશે (૧૦૦-૧૦૨). આકાર જ્યારે સરકાર મંજુર કરે ત્યારે દરેક નંબર ઉપરનો આકાર પ્રસીદ્ધ રીતે કલેકટર જાહેર કરે એટલે સર્વે સેટલમેન્ટ ચાલુ કર્યું એમ સમજવું (૧૦૩). જે સાલમાં સર્વે સેટલમેન્ટ ચાલુ કર્યું હશે તે સાલમાં વધારાનો આકાર લેવો નહીં, અગર તે સાલ પછીની સાલમાં કોઈ નંબર છોડી દીધો હશે તો વધારાનો આકાર લેવો નહીં (૧૦૪). ત્રીસ વરસ પછી રીવીઝન સર્વે અને સેટલમેન્ટ કરવાનો સરકારને અધિકાર છે, પરંતુ ખાનગી પૈસાથી તથા સાધનથી કરેલા સુધારા ઉપર આકાર ઠરાવવામાં આવશે નહીં. જમીનનો કસ, તેનું ઠેકાણું ઉત્પન્નની કીમત, રસ્તાની સગવડ, સરકારના ખરચથી કરેલા સુધારા, સ્વાભાવિક ફાયદા, તથા ખેતીથીજ થયલા સુધારા એ બાબતો ઉપર વિચાર કરીને રીવીઝન વખતે આકાર ઠરાવવો (૧૦૬-૧૦૭). ખેતી શીવાય બીજા કામમાં વાપરેલી જમીનની જુદી હદ ઠરાવી, જુદો નંબર આપવો (૧૧૬).

"હદ નિશાન બાબત"—હદ નિશાન બંધાવવાનો, અથવા મરામત કરાવવાનો ખરચ થાય તે જમીન ધારણ કરનારાઓ ઉપર નાંખવાનો સર્વે સુપરીનટેન્ડન્ટને અધિકાર છે. જાહેરનામામાં ઠરાવેલી મુદતની અંદર હદ નિસાન દુરસ્ત કરાવવાં જોઇએ. ઠરાવેલી મુદતમાં દુરસ્ત ન કરાવે તો મુલકી અમલદાર સરકાર ખરચથી કરાવી, વાજબી ખરચ જમીન ધારણ કરનારા પાસેથી વસુલ કરી શકે છે (૧૨૨-૧૨૩).

સર્વે સેટલમેન્ટ ચાલુ થયા પછી હદ નિશાન યથાસ્થિત રાખવા બાબત અને તેઓની મરામત રાખવા બાબત તજવીજ કરવાનું કામ કલેકટરનું છે. (૧૨૪). હદ નિશાન જાણીજોઈને કોઈ કહાડી નાંખે, અથવા ખસેડી નાંખે અથવા તેને કોઇ નુકશાન કરે, તો ગુન્હેગારને મામલતદાર અથવા મહાલકરી, અથવા કલેકટર રૂ ૫૦) પચાસ સુધી દંડ કરી શકે છે. બાતમી આપનારને કરેલા દંડમાંથી અડધો ભાગ આપવાનો અધિકાર છે, અને રહેલા અડધા ભાગમાંથી તે નિશાન દુરસ્ત કરાવવાનો અધિકાર છે. (૧૨૫).

"ગભાણુ ઠરાવવા બાબત":—ગામના તથા કસ્બાના તથા શેહેરના ગભાણુની હદ ઠરાવવાનો અધિકાર કલેકટરને છે (૧૨૬).

"જમીન મેહેસુલની જવાબદારી":—જમીન મેહેસુલ નોંધેલા ખાતેદાર પાસેથી, તે આપવાને ચુકે તો સહખાતાદાર પાસેથી અથવા કનીષ્ટ ધારણ કરનાર પાસેથી વસુલ કરવાનો અધિકાર છે. બીજા માગણાં કરતાં સરકારનું ચાલુ સાલનું જમીન મેહેસુલ જમીનના પાકમાંથી સઉથી પેહેલું વસુલ થઈ શકે છે. (૧૩૬–૧૩૭).

"પુર્વોપાય તજવીજ":—જે પાક વેચ્યો હશે અથવા ઘરેણે મુકયો હશે ત લઇ જવાની મના કરવાનો અધિકાર છે. વળી નીચે પ્રમાણે તજવીજ કરવાનો કલેકટરને અધિકાર છે;

(૧) પાક કાપવાની મના કરવાનો; (૨) તે કહાડી લઈ જવાની મના કરવાનો; (૩) તે ઉપર રખેવાળ રાખવાનો. જે કોઈ કલેકટરનો હુકમ નહીં માનશે તેને જમીન મેહેસુલથી બમણો દંડ થશે (૧૪૦–૧૪૫).

"જમીન મેહેસુલ વસુલ કરવાની રીત"—જમીન મેહેસુલ હેઠળ લખેલા માર્ગેથી વસુલ કરવાનો અધિકાર છે:—

૧, લખેલી નોટીસ બજાવીને; ૨, જંગમ માલ જપ્ત કરી વેચીને; ૩, ખાતુ અથવા ઇનામી જમીન સરકાર દાખલ કરીને; ૪, સ્થાવર મિલકત વેચીને; ૫, પકડીને તથા કેદમાં રાખીને; ૬, ઈનામી ગામ અથવા તેનો ભાગ હોય તે પ્રસંગે તે ગામ અથવા તેનો ભાગ જપ્ત કરીને, રૂ ૫૦) કરતાં વધારે બાકી ન હોય તો છ અઠવાડીઆથી વધારે કેદમાં મોકલાય નહીં અને બાકીની રકમ રૂ ૫૦) કરતાં વધારે હોય તો છ માસ કરતાં વધારે મુદત કેદમાં મોકલી શકાય નહીં. (૧૫૭). (સી. પ્રો. કો. પા. ૩૪૩).

જંગમ માલનું વેચાણ જ્યારે કાયમનું કર્યું હોય ત્યારે વેચાણના નાણા તુરત આપવા જોઈએ. જ્યારે એવા વેચાણને માટે કલેકટરની મંજુરી લેવી પડે ત્યારે મંજુર કરવાની ખબર પડે કે બીજે દીવસે નાણાં ભરી દેવા જોઈએ. સ્થાવર મિલકતની હરરાજીમાં ખરીદદારે સેંકડે પચીસ ટકા અનામત તરત મુકવા જોઇએ, અને ખરીદીના તમામ પૈસા પંદર દીવસની અંદર ભરી દેવા જોઈએ. વેચાણમાં જે ઉત્પન્ન થાય તેમાંથી સરકાર માગણું, વેચાણનો ખરચ સુધ્ધાં, વસુલ કરી બાકી આવેજ રહે તે જે માણસની મિલકત વેચી હોય તેને આપવો જોઈએ. (૧૮૩). સ્થાવર મિલકતના વેચાણની તારીખથી ત્રીસ દીવસની અંદર વેચાણ રદ

કરવા અરજી કરવાનો લાગતાવળગતા માણસને અધિકાર છે (૧૭૮). જપ્ત કરેલા જંગમ માલ ઊપર ત્રીજો માણસ દાવો કરે તો કલેકટરે તેની યોગ્ય ચોકશી કરી તેનો દાવો મંજુર યા નામંજુર કરવો (૧૮૬).

"અપીલની મુદત"—કલેકટરને અપીલ કરવી હોય તો આસીસ્ટંટ યા ડેપ્યુટી કલેકટર યા મામલતદારના હુકમની તારીખથી સાઠ દીવસમાં કરવી જોઈએ. કમીશનર તથા સરકારમાં અપીલ કરવી હોય તો છેવટના ફેસલાથી નેવું દીવસની અંદર અપીલ કરવી જોઈએ. અપીલ સાથે હુકમની ખરી નકલ અથવા અસલ હુકમ મોકલવો જોઇએ (૨૦૩–૨૦૮).

"મુલ્કી અમલદારોએ નહીં કરવાના કામ"—૧, વેપાર કરવો નહિ; ૨, લીલામમાં ખરીદ કરવું નહિ; ૩, મેહેસુલમાં સંબંધ રાખવો નહિ; ૪, સરકારી પૈસાનો અથવા માલમિલકતનો ખાનગી ઉપયોગ કરવો નહિ; ૫, અયોગ્ય રીતે પૈસા અથવા ઇનામ લેવું નહિ; પટેલને વેપાર કરવાની છુટ છે (૩૧). સરકારી નોકર જેવીરીતે સરકારના પૈસાની બાબતમાં જવાબદાર છે તેજ પ્રમાણે જામીન પણ જવાબદાર છે. (૨૭). ઈજારદારના જામીન, જામીન ખતની શરત પ્રમાણે જવાબદાર છે, અને સઘળી બાકી, જમીન મેહેસુલ પ્રમાણે તેની પાસેથી વસુલ થઈ શકે છે (૧૮૭).

"સજા બાબત"—૧, જે કોઈ યોગ્ય અધિકાર વગર, જમીનમાંની માટી, પથ્થર, કંકર યા રેતી અથવા મુરમ અથવા બીજી વસ્તુ ખોદી કહાડશે, લઈ જશે, તેને એક મહીના સુધી કેદની અથવા રૂ૦ ૫૦૦) સુધી દંડની શિક્ષા થશે.

૨—જે કોઈ અધિકાર વગર, મના કરેલા કામમાં જમીન વાપરશે તેને રૂ. ૫૦૦ સુધી દંડ થશે.

૩—જે કોઈ માટીના હદ નીશાનથી બે હાથની અંદર, જમીન ખોદશે તે રૂ૦ ૧૦) સુધી દંડને પાત્ર થશે.

૪—જે કોઈ ગામનો અમલદાર, કંઈ દસ્તાવેજ તૈયાર કર્યા બદલ, નકલ તૈયાર કરવા બદલ, અથવા પરવાનગી આપતાં, કંઇ ફી લેશે તો તે એક મહીના સુધી કેદની અથવા રૂ૦ ૫૦૦ સુધી દંડની સજાને પાત્ર થશે, વળી કંઈ દસ્તાવેજ તૈયાર કરવા ના કહેશે અથવા જાણીબુઝીને ચુક કરશે, અથવા જાણીબુઝીને કંઈ રીપોર્ટ નહીં કરશે તે રૂ૦ ૫૦૦) સુધી દંડને પાત્ર થશે. રૂલની કલમ ૧૦૩.

ગણોત અથવા સાંથ મદદની *અરજીનો નમુનો.

મહેરબાન મામલતદાર સાહેબની કોર્ટમાં

તાલુકા૦

——————— વરીષ્ટ ધારણ કરનાર

વિરૂદ્ધ.

——————— કનીષ્ટ ધારણ કરનાર

સાંથ અથવા ગણોત વસુલ કરવાનો દાવો રૂ૦

હું મોજે તાલુકા મજકુરનો રહેનાર અરજ કરૂં છું કે મોજે મજકુર ગામમાંની મારી ખેતીની જમીન સરવે નંબર એકર આકાર વાળી ગામ ના રહેનાર મજકુર કનીષ્ટ ધારણ કરનારને, દર સાલ ગણોતના રૂપીઆ લેવાના કરી પાંચ વરસને માટે ગણોતે આપેલી છે અથવા (જેવી ખરી હકીકત હોય તે પ્રમાણે મોઢેની સરતથી કે પટાથી, એક વરસને માટે કે વધારે મુદતને માટે તે લખવુ). આ જમીનના ગણોતના રૂપીઆ ચાલતી સાલના કનીષ્ટ ધારણ કરનાર મજકુર મુદત થઈ ગઈ છતાં, હજુસુધી દાંડાઇ કરી આપતો નથી માટે કાયદા મુજબ કામ ચલાવી વસુલ કરી આપવાનો હુકમ કરવાની મહેરબાની કરો. આ જમીનનો સરકાર ધારો મેં ભરી દીધેલો છે. દાવાની સાબીતી માટે ગણોતપટો સુનાવણીને દીવસે રજુ કરીશ અને સાહેદીઓને હાજર રાખીશ (અથવા સાહેદો-ને સમન કરી બોલાવવા હોય તો તેમ લખવું). પ્રતિવાદી ઉપર કહાડવાની નોટીસની ફી તથા શાક્ષી ભથ્થાની રકમ રજુ કરૂં છું; તેમજ જમીનના હકના પત્રક ઉપરથી તલાટી પાસેથી લીધેલો ઈંતેખાબ રજુ કરૂં છું.

સહી ———————

વરીષ્ટ ધારણ કરનાર

*નોટ:—દાવો જ્યારે રૂ૦ ૫૦)ની અંદરનો હોય ત્યારે એક આનાની કોર્ટ ફી ટીકીટ આ અરજીપર ચોહડવી. રૂ૦ ૫૦) ઉપરના દાવા માટે આઠ આનાની ટીકીટ ચોહડવી જોઇએ આવી અરજી ટપાલ મારફત પણ મોકલી શકાય છે.

જમીન ઉપરના હકના પત્રક બાબત

(સને ૧૯૦૩નો આકટ ૪થો—મુંબઈ).

હરેક ગામની કુલ્લે સઘળી જમીન (ગામ તળીઆની જમીનને હાલ બાતલ કરેલી છે) ઉપરના હકનું પત્રક સરકાર તૈયાર કરાવશે, અને એવા હકમાં ફેરફાર થયા બદલ એક ફેરફારનું રજીસ્ટર પણ રાખવામાં આવશે (૩). જે કોઈ-પણ સખસ જમીનમાં કાંઈપણ હક સંપાદન કરે તેણે તે સંપાદન કર્યાની તારી-ખથી ત્રણ મહીનાની અંદર, તે બાબતનો, ગામના તળાટીને મ્હોંઢેથી અથવા લખીને રીપોર્ટ કરવો જોઈએ. સગીરના તરફથી તેના વાલીએ એવો રીપોર્ટ કરવો જોઇએ (૪). તળાટીએ એવો રીપોર્ટ મળ્યાની લેખી પહોંચ તાબડતોબ આપવી. રીપોર્ટનો સાર ગામને ચોરે ચોહોડવો; જેમનો હિત સંબંધ હોય તેમને લેખી ખબર આપવી, અને તે રીપોર્ટ ફેરફારના રજીસ્ટરમાં નોંધી રાખવો (૫). હકનું પત્રક તૈયાર કરવામાં તળાટી જે કાંઈ દસ્તાવેજો અગર ખબર માંગે તે તારીખથી એક મહિનાની અંદર આપવી જોઇએ (૭). રીપોર્ટ કરવામાં (કલમ ૪ મુજબ) અથવા ખબર આપવામાં (કલમ ૭ મુજબ) જે કોઇ ગફલત કરશે તે સખસ પાસેથી કલેકટરની નજરમાં આવે તે મુજબ રૂા. ૨૫) સુધી ફી લેવામાં આવશે (૮), આ કાયદાના કામસર તળાટી, અથવા કોઈપણ મુલકી અમલદાર જમીનદાર વીગેરેની માપણી સંબંધના કામસર મદદ માગી શકે (૯). હકના પત્રક અથવા ફેરફારના રજીસ્ટરમાંની નોંધની દાખલાવાળી નકલ જમીન સંબંધી (જમીનના ગણોત અથવા ખેડ હક) ફરીઆદ અરજીની સાથે જોડવી જોઇએ (૧૦). નોંધમાં જે કંઈ ભુલ હોય તે કોર્ટે કલેકટરને લખી મોકલવી જોઇએ, અને કલેકટરે ભુલવાળી નોંધો દુરસ્ત કરાવવી જોઈએ (૧૧). આવી નોંધો ઉપરથી જમીન મેહેસુલ આપવાની જવાબદારીને બાધ આવતો નથી (૧૩). હકના પત્રક તથા ફેરફારના રજીસ્ટર યોગ્ય વખતે જોવાને છુટ છે, અને તેમાંથી ઊતારા તથા નકલ જે માણસો યોગ્ય ફી ભરી માગશે તેને આપવામાં આવશે. એવા ઉતારા તથા નકલો સારૂ ગામના તળાટીને અરજી કરવી, અને તળાટીને એવી નકલ આપવાનો અધિકાર છે (૧૪).

ગામ તળની જમીનને આ કાયદો લાગુ કરેલો નથી.

લોકલ ફંડ બાબત.

(સને ૧૮૬૯નો આકટ ૩જો—મુંબઈ)

"લોકલફંડ બાબત"—જમીનના ઠરેલા આકાર ઉપ્રાંત સરકાર, આ કાયદાની રૂએ, આકારના દર રૂપીએ એક આનો જમીન ધારણ કરનારાઓ પાસેથી વસુલ કરે

છે, તે એક આનામાંથી ચાર પાઈ પ્રાથમિક નિશાળોના ઉપયોગમાં લેવામાં આવે છે, અને આઠ પાઈ રસ્તા, તળાવ, કુવા, વગેરે સાર્વજનીક ઉપયોગ માટે વાપરવામાં આવે છે. આ ફંડનો વહીવટ તાલુકા લોકલ બોર્ડ તથા ડીસ્ટ્રીકટ લોકલ બોર્ડની દેખરેખ નીચે કરવામાં આવે છે.

વતન બાબત.*

(સને ૧૮૭૪નો આકટ ૩જો—મુંબઇ).

સરકારની મંજુરી વગર, વતન તથા વતનમાંનો હક, પોતાની હયાતી કરતાં વધારે મુદતને માટે, ગીરવી મુકવાનો, વેચવાનો કે પટે આપવાનો હક નથી. જે વતન બાબત ચાકરીના બદલાનો ઠરાવ કર્યો હશે તે ઠરાવની સરત પ્રમાણે તે વતન ગીરો મુકવાનો કે વેચવાનો હક છે (૫). વતનના સંરક્ષણ સારૂ કલેકટરને ફરીઆદ કરવાનો અધિકાર છે (૬). મેહેનતાણા દાખલ જે વતન કહાડી આપેલું હોય તે સરકારની મંજુરી વગર ગીરો મુકાય નહીં કે વેચાય નહીં. (૭). વતનની માલમિલકત વહીવટદાર શીવાય બીજાના કબજામાં ગઈ હોય તો તે વહીવટદારના મહેનતાણા બદલ અવેજ આપવાને પાત્ર થાય છે (૮). વતનની મિલકત વતનદાર નહીં હોય એવા કોઈ માણસના કબજામાં, હુકમ શીવાય, ગઈ હોય તો તે રદ કરવાનો, તથા અગાઉ જે વતનદારનો હક હતો તેને પાછો આપવાનો કલેકટરને અધિકાર છે, વતનનો ભાગ જમીન હોય તો કમાલ આકાર વસુલ કરવાનો કલેકટરને અધિકાર છે (૯). મેહેનતાણા દાખલ કહાડી આપેલી વતનની મિલકત ઉપરની જપ્તી કલેકટરનો દાખલો આવે કે દીવાની કોરટે કહાડી નાંખવી (૧૦). મેહેનતાણા દાખલ કહાડી આપેલું વતન કોર્ટના પ્રોસેસને પાત્ર નથી (૧૩). વતનદાર તથા કલેકટર વચ્ચે થયલી સરત મુજબ વતનદારને ચાકરી કરવાની પાત્રતામાંથી નિરંતર મુકત કરવાનો કલેકટરને અધિકાર છે (૧૫). ગામના નોકરો પાસેથી મામુલ ચાકરી લેવાનો હક કોઇ આસામીનો હોય તે હક કાયમ રાખેલો છે (૧૬). દુમાલા ગામમાંથી અવેજ આપવો હોય તો તેની રકમ કલેકટરે ઠરાવવી (૧૭). ગામના હલકા વર્ગના વતનદારોને લોકોની પાસેથી બારોબાર રોકડ અથવા એનજનસી અવેજ લેવાનો હક હોય ત્યારે, તેવા માણસની

---

* વતન-ઇનામ સંબંધી સઘળા કાયદાઓનું-ટીકા તથા ફેંસલા સહીત-પુસ્તક હમારા તરફથી પ્રકટ થયું છે, જે મનાહાર-વતનદાર-હકદાર-ભાગદાર-તાલુકાદાર-ઇનામદાર-વજીફદાર-જાગીરદાર-સરકારી નોકર-વકીલો વીગેરેને ઘણું ઉપયોગી છે. એમાં વંશપરંપરાના હૂદ્દા, હકો તથા ઇનામ સબંધી જુદા જુદા કાયદાઓનો વિસ્તારથી ખુલાસો કર્યો છે. કીંમત રૂ૦ ૨-૦-૦.

અરજી ઉપરથી તે વતનદારોના હક તથા કર્તવ્ય કર્મો ઠરાવવા સારૂ પંચની નીમણુક કલેકટરે કરવી. તે ઠરાવ કરે તે પ્રમાણે અમલ કરવો (૧૮). વહીવટદારોના વતનો કલેકટરે ઠરાવવાં (૨૩). વતનની મિલકત મુકી દીધી હોય તોપણ ચાકરી કરવાનો હક રહે છે (૩૨). કોઈ વતનદાર દત્તક લઈને વારસ કરે તો તે દત્તવિધાન બાબત ત્રણ મહીનાની અંદર કલેકટરને રીપોર્ટ કરવો (૩૪). જ્યારે કોઈ વતનદાર ફોજદારી કાયદાની કલમ ૧૨૧, ૧૨૧ અ, ૧૨૨–૧૨૪, ૧૨૪ અ ૧૨૫–૧૩૦ ૨૦૧, ૨૧૨, ૨૧૩, ૨૧૬ અને ૨૧૬–અ મુજબ ગુન્હાનો તકસીરવાન ઠરે તો વતન ખાલસા કરવાને સરકાર મુખત્યાર છે (૬૦). આ કાયદા પ્રમાણે કરેલા ઠરાવ ઉપર એકજ અપીલ ચાલશે (૭૭). અપીલની અરજી સાથે હુકમની નકલ જોઇએ. વંશપરંપરાના ગામના અમલદારોને ઘણામાંઘણા બે રૂપીઆ સુધી દંડ કરવાનો અધિકાર મામલતદાર અથવા માહાલકરીને આપવાને સરકાર મુખત્યાર છે (૮૪).

ભાગદારી તથા નરવાનો વહિવટ કાયમ રાખવા બાબત.

(સને ૧૮૬૨નો આકટ ૫મો તથા સને ૧૯૧૦નો આકટ ૨જો મુંબઈ).

"હેતુ"—ભાગદારી કે નર્વાદારી ગામોમાં, ભાગના કે મંજુર કરેલા પેટા ભાગના વધુ ટુકડા થતા અટકાવવા, તથા ભાગને લગતા ગભાણ, ઘર, તથા જગા, ભાગથી કે મંજુર કરેલા પેટા ભાગથી જુદા થઈ જતા અટકાવવા, અને જે જે બાબતોમાં ભાગદારી તથા નર્વાનો વહીવટ બંધ પડયો હોય તે તે બાબતોમાં તે પાછો દાખલ કરવાનો આ કાયદાનો હેતુ છે.

આવા ભાગદારી તથા નર્વાદારી ગામો, ભરૂચ, ખેડા, સુરત, અને અમદાવાદ જીલ્લામાં જોવામાં આવે છે.

૧. ભાગદારી કે નર્વાદારી ગામમાં ભાગનો કે મંજુર કરેલા પેટા ભાગનો હિસ્સો, દિવાની કોર્ટના હુકમથી જપ્ત થવાને કે વેચવાને પાત્ર થતો નથી. ભાગના કે મંજુર કરેલા પેટા ભાગના અંગની, ઘરની જમીન, ગભાણ, વાડાની કે આંગણાની જમીન, ભાગથી કે મંજુર કરેલા પેટા ભાગથી જુદી પડી જાય એવી રીતે જપ્ત કરવાનો કે વેચવાનો દીવાની કોર્ટને અધિકાર નથી.

ટીકા—હુકમનામું કરવાને દિવાની કોર્ટને બાધ નથી, પરંતુ હુકમનામાની બજાવણીમાં આ કાયદાની આ કલમથી બાધ આવે છે.

૨. જો દિવાની કોર્ટ આવો બજાવણીનો હુકમ કરે તો, કલેકટરે આવો હુકમ રદ કરવાને તે કોર્ટને દરખાસ્ત કરવી; કલેકટરે જે પુરાવો રજુ કર્યો હોય તે ઉપરથી

કોર્ટની એમ ખાત્રી થાય કે, આ કાયદા મુજબનું તે કામ છે, તો, કોર્ટે પોતાનો હુકમ રદ કરવો.

૩. ભાગદારી કે નર્વાદારી ગામનો, ભાગ કે મંજુર થએલા પેટા ભાગ શીવાયનો હિસ્સો, બીજાને કરી આપવાની, વેચવાની, ઘરેણે મુકવાની અથવા બોજા તળે મુકવાની મનાઈ કરવામાં આવી છે, તેમજ ભાગના અંગની અથવા મંજુર કરેલા ભાગના અંગની ઘરથારની જમીન અથવા ગભાણ, અથવા ઘર કે જગા તે ભાગથી કે પેટા ભાગથી જુદા પાડી બીજાને કરી આપવાની, વેચવાની, ઘરેણે મુકવાની કે બોજા તળે મુકવાની મનાઈ છે, તેમ છતાં કોઈ ભાગની જમીન, કોઈ બીજા માણસના કબજામાં ગએલી જણાશે તો કલેકટર સંક્ષીપ્ત ચોકશી કરી તેના કબજામાંથી લઇ યોગ્ય ભાગદારના કબજામાં આપશે.

ટીકા—આ કલમ ખાનગી હીતના ગેરકાયદે કોર્ટ બહારના વેચાણ વગેરેને લાગુ છે.

(૨) "ભાગ" એટલે ગમે તેવો ટુકડો નહીં, પરંતુ આખા ગામ ઉપર ઠરેલી કુલ જમીન મેહેસુલનો નિશેશ ભાજક હિસ્સો આપવાને પાત્ર એવો એક નિશેશ ભાજક ગામનો હિસ્સો. આ આકટ અમલમાં આવતાં પેહેલાં, કેટલાક સહભાગદારોએ એક ભાગની વેહેચણ કરી લીધી, તેથી દરેક હિસ્સો જુદો "ભાગ" થતો નથી, કે તેનો માલીક આ આકટ અમલમાં આવ્યા પછી તે હિસ્સો બીજાને આપી શકે. ગુલાબ નરોતમ વિ૦ સેક્રેટરી ઓફ સ્ટેટ. ઈ. લો. ૫ મું. ૫૯૬.

(૩) આ આકટ અમલમાં આવતાં પેહેલાં, ભાગનો કંઇ હિસ્સો વેચાણ થયો હોય તો, ભાગદારને હસ્તક જે ટુકડો રહયો હોય તે આખો ભાગ સમજવો, અને તેનાથી જુદા પડેલા હિસ્સાને નવો ભાગ સમજવો. ભાઈશંકર વિ૦ કલેકટર, ખેડા; ઈ. લો. રી. ૫ મું. ૭૭.

(૪) અસલ આખો ભાગ બીજાને કરી આપવાને આ કાયદાથી બાધ નથી. પરંતુ ભાગનો કંઇ હિસ્સો, ભાગદાર શિવાય બીજાને આપવો એ નિરર્થક છે. પરશોતમ વિ૦ હીરા. ઇ. લો. રી. ૧૫ મું. ૧૭૨.

(૫) સન ૧૮૭૯માં એક ભાગનો નહીં મંજુર થએલો ચોથો હિસ્સો, દીવાની કોર્ટનો હુકમનામાની રૂએ વેચાણ થયો. વેચાણ કોર્ટે બહાલ રાખ્યું અને ખરીદદારને કબજો મળ્યો. આ વેચાણ ગેરકાયદે છે એમ કહી તે કરવાને કોર્ટને કલેકટરે સન ૧૮૮૦માં અરજ કરી ઠરાવ થયો કે આ કાયદાની કલમ ૨ આધારે વેચાણ રદ કરવું અને ખરીદદાર પાસેથી

કબજો પાછો લેવો. કલેકટર, ભરૂચ વિ૦ રાજારામ. ઈ. લો. રી. ૭ મું. ૫૪૨; કલેકટર, ભરૂચ વિ૦ દેસાઈ રઘનાથ, ઈ. લો. રી. ૭ મું. ૫૪૬.

૪. ભાગના કે મંજુર થએલા પેટા ભાગના અંગના ગભાણ તથા બીજી જગા સુધ્ધાંત સાથે કાંઈ ઈલાજ લેવાને આ કાયદાનો બાધ નથી.

૫. ભાગના કે મંજુર થએલા પેટા ભાગના અંગના ગભાણ, ઘર, જગા, એ બધું એકંદર બીજાને કરી આપવાને, કે ગીરો મુકવાને આ કાયદાથી બાધ નથી. જ્યારે આ આકટના વહીવટ પ્રમાણે ધારણ કરેલી કોઈપણ જમીન તે વહીવટ પ્રમાણે ધારણ કરવામાં આવતી બંધ પડી હોય ત્યારે તે જમીન અમુક તારીખથી પાછી ભાગદારી અથવા નર્વાના વહીવટ મુજબ ધારણ કરવાનું જાહેર કરવાને સરકારને અધિકાર છે.

સમરી સેટલમેન્ટ બાબત.

(સન ૧૮૬૩નો આકટ ૭મો—મુંબઈ).

"હેતુ"—અંગ્રેજ સરકારનું રાજ્ય ગુજરાતમાં સ્થાપીત થયું તે અરસામાં ફલાણી જમીન થોડી અથવા આખી માફીથી આગલા રાજમાં મળતી હતી, અને હવે માફીમાં વાળવી જોઈએ. એવા દાવા ઘણા થવા લાગ્યા, માટે તેવા દાવાનો સંક્ષીપ્ત રીતે ચોકસી કરી નિકાલ કરવાનો આ કાયદાનો હેતુ છે.

આવા દાવાઓનો સંક્ષીપ્ત રીતે ચોકસી થઈ નિકાલ થઇ ગયો છે, એટલે હવે આ કાયદાની માહીતીની વધુ જરૂર જણાતી નથી; તોપણ આ કાયદા આધારે દાવાના નિકાલ થઈ જમીનના આકાર ઉપર અમુક સલામી આપવાની કબુલતથી માફીમાં પાળવા સનંદો આપવામાં આવી છે, તે જાણવું જરૂરનું છે.

(૧) કોલકરારની રૂએ માફીથી મળતી જમીનને, (૨) રાજકીય કારણસર અથવા સરંજામ તરીકે મળતી જમીનને, તથા (૩) ચાકરીઆત જમીનને આ કાયદો લાગુ નથી—ચાકરીઆત જમીનને વતન આકટ લાગુ છે.

તોડાગીરાસ હક બાબત.

(સન ૧૮૮૭નો આકટ ૭મો—મુંબઈ).

"તોડાગીરાસ હક્ક"—એટલે સરકાર તરફથી, અથવા દુમાલા (માફી) જમીનના ધારણ કરનારે, અથવા તેના તરફથી, ગીરાસ, વોલ, તોરાગીરાસ અથવા તોડાગીરાસ એ નામે કોઈપણ માણસને નિમેલે વખતે, આપવાની રોકડ રકમ (૨).

હરેક તોડાગીરાસ હક, બ્રીટીશ રાજ્યમાં, તે હક પેહેલવેહેલા પામનારના પુરૂષ વંશમાં સીધી લીટીના પુરૂષ વારસોને વંશપરંપરા જારી રહી શકે છે, પરંતુ સદરહુ વારસો ન હોય ત્યારે, તે હક અથવા તે હકનો કાંઈ ભાગ, ગવરનર-ઈન-કાઉન્સીલના પ્રમાણે, સદરહુ હક પેહેલવેહેલા પામનારના ભાઈના પુરૂષ વંશમાં સીધી લીટીના પુરૂષ વારસોને વંશપરંપરા જારી રહી શકશે (૩).

તોડાગીરાસ હક, તેનો કોંઈપણ ભાગ, અથવા તેનો કાઈપણ હીત સંબંધ તે હક પામનાર કોઈપણ માણસે ગીરો મુકયો હોય, તેના ઉપર કાંઈ બોજો નાંખ્યો હોય, તે બીજાને નામે કરી આપ્યો હોય તો તે વ્યવસ્થા, સદરહુ હક પામનારની કુદરતી હયાતી પછી નકામી થઈ પડે છે એટલે હકદાર પોતાની જીંદગી સુધીનો હકજ માત્ર વેચી શકે કે ગીરો મુકી શકે છે (૪).

આ હક હુકમનામું બજાવવામાં જપ્ત ઈવા વેચાણને પાત્ર નથી. પરંતુ જ્યારે એ હક ગીરો મુકયો હોય ત્યારે તે જપ્ત કરી શકાય છે. પરંતુ તે ગીરો મુકનારના મરણ પછી એ હક ખાતે જે નાણા લેણા થાય તે ઉપર જપ્તી થઈ શકતી નથી (૫).

આ આકટ અમલમાં આવતાં પેહેલાં જે હક બીજાને નામે કરી આપ્યો હશે તેને આ આકટ લાગુ પડતો નથી (૬).

મતાદાર બાબત.

(સને ૧૮૮૭નો આકટ ૬ઠો—મુંબઇ).

જે કુટુંબમાં ગામના પટેલનો હોદો વંશપરંપરાનો હોય અથવા એવા હોદાનો કંઇ ભાગ હોય તે કુટુંબ "મતાદાર કુટુંબ" કહેવાય છે. મતાદાર કુટુંબનો આસામી વતનદાર છે (૩). પટેલનો હુદો ધારણ કરવાનો હક ઘણુંકરી દરેક મતાદાર કુટુંબને છે, પરંતુ એકજ કુટુંબને એવો હક છે એવું જાહેર કરવાને સરકાર મુખત્યાર છે (૬). મતાદાર કુટુંબના દરેક આસામીનું નામ રજીષ્ટરમાં કલેકટરે દાખલ કરવું જોઇએ (૫-૭). કોઈ મતાદાર મરી જાય ત્યારે તેના વારસનું નામ નોંધવું જોઇએ (૯). મતાદારોએ શીરસ્તા મુજબના કર્ત્તવ્ય કર્મો કલેકટર ફરમાવે ત્યારે કરવાં જોઇએ, અને ગામના ઠરાવબંધ તથા બીજા કાગળો ઉપર શીરસ્તા મુજબ સહી કરવાનો તેમનો હક છે (૧૧). વારસ વકીલ મતાદારે ઘણું-કરી જાતેજ વહીવટ કરવો જોઇએ (૧૯). પટેલાઇ કરવાનો હક મતાદાર કુટુંબ-માના દરેકે વારાફરતી ભોગવવો જોઇએ (૧૫). પટેલની જગ્યા ખાલી પડે ત્યારે

મતાદારોએ, હુદો ભોગવવાનો વારો હોય એવાને ચુંટી કહાડવો. મતાદારો એ પ્રમાણે ચુંટી નહીં કહાડે તો વારસ વકીલ મતાદારને તે હુદો જશે (૧૭).

વારસ વકીલ મતાદાર, તે નાલાયક થયો હોય તો, અથવા પટેલી કરવાની તેની ઈચ્છા ન હોય તો અથવા એકથી વધારે વહીવટ કરનારાઓની જરૂર હોય તો ગુમાસ્તો નીમી શકે છે (૨૦). એ ગુમાસ્તો ઘણુંકરીને, મતાદાર કુટુંબનો આસામી હોવો જોઈએ (૨૧). સગીર (૧૮ વર્ષથી ઓછી ઉમ્મરનો) અને ગાંડા મતાદારને બદલે તેના વાલીને અથવા રખવાળને કામ કરવાનો અધિકાર છે (૨૩). સ્ત્રી, સગીર, બુઢો મરદ (૬૦ ઉપરનો), ગાંડો, બેહેરો, આંધળો અથવા જે બીજી કંઇ ખોડને લીધે અયોગ્ય હોય તે, અથવા ખરાબ ચાલનો ઠરાવેલો હોય એવો સખસ, જે સખસ કાંઈ ભારે ગુન્હા બદલ કેદની કે ફટકાની સજા પામ્યો હોય અને અપીલમાં સજા કાયમ રહી હોય તે સખસ, એટલા સખસો પટેલના હુદા માટે નાલાયક છે (૩૦).

મતાદાર તથા વહીવટદાર કલેકટરનો હુકમ ન માને તો તેને તેના વતનના ચોથા ભાગ સુધી દંડની શીક્ષા કરવાને કલેકટર મુખત્યાર છે (૩૧).

ગુજરાતના તાલુકદારો બાબત.

(સને ૧૮૮૮નો આકટ ૬ઠો—મુંબઈ)

" તાલુકદાર " એ શબ્દમાં ઠાકોરનો, મેવાસીનો, કસ્બાતીનો તથા નાયકનો અને જે મુળ ગામેતી પ્રત્યક્ષ સરકાર પાસેથી જમીન ધારણ કરતો હોય તે મુળ ગામેતીનો સમાસ થાય છે. તાલુકદારી એસ્ટેટની સરવૈ કરવાનું ફરમાવવાનો સરકારને અધિકાર છે (૪). સરવૈ અમલદારે સેટલમેન્ટ પત્રક તૈયાર કરવું જોઈએ (૫). જે બાબતો પત્રકમા નોંધવાની છે, તે સંબંધી તકરારનો નિકાલ સરવૈ અમલદારે કરવો (૬). સેટલમેન્ટ પત્રક, સરવૈ પુરી થયા પછી કલેકટરે રાખવુ અને તે પત્રકની એકેક નકલ દરેક નોંધેલા તાલુકદારને મફ્ત આપવી (૭). દીવાની કોર્ટના હુકમનામાની સહીવાળી નકલ કોઈપણ પક્ષકાર રજુ કરે તો તે હુકમનામા મુજબ સેટલમેન્ટ પત્રક સુધારવું જોઇએ (૮). કરેલા ફેરફારની લાગતાવલગતા પક્ષકારને એકદમ ખબર આપવી (૯).

દીવાની કોર્ટથી આખરનું હુકમનામું જે સખસે મેળવ્યું હોય તે સખસને તથા દરેક સહભાગીદારને પોત પોતાનો ભાગ જુદો પડાવવાનો હક છે (૧૦). વેહેંચણ કરવા બાબતની અરજી તાલુકદારી સેટલમેન્ટ ઓફીસરને કરવી (૧૧).

અરજી ઉપરથી તાલુકદારી ઓફીસરે, જાહેરનામું કહાડવું; અરજીમાં નહીં સામેલ થનાર સહભાગીદારો ઉપર નોટીસ બજાવવી (૧૨). હાથોહાથ નોટીસ ન બજે તો ઘરના કોઈ પ્રસીદ્ધ ભાગ ઉપર ચોહોડવી (૧૩). તાલુકદારી ઓફીસરના ઠરાવ ઉપર ડીસ્ટ્રીકટ કોર્ટને અપીલ સાંભળવાનો અધિકાર છે (૧૬). વેહેચણ પુરી થાય એટલે તે મંજુર રાખવાનો હુકમ તા. સે. ઓફીસરે કરવો (૧૮). તા. સે. ઓફીસરે કબજો સ્વાધીન કરવા હુકમ કરવો (૧૯). વેહેંચણ મંજુર કરવાના હુકમ ઉપર અપીલ કમીશનર આગળ ચાલે પરંતુ તે એક વરસની મુદતની અંદર કરવી જોઈએ (૨૦). વેહેચણ બાબતની ફરીઆદ દિવાની કોર્ટ લઇ શકે નહીં (૨૧). **જમા** એટલે જમીન મેહેસુલની જવાબદારી બાબત નોંધેલો તાલુકદાર, અને જો ભાગદાર હોય તો સઘળા સહભાગીદારો એકમતે એકજતે જવાબદાર છે. તાલુકદાર જમા આપવામાં કસુર કરે તો, તેના કોઈપણ સહભાગીદાર પાસેથી, અથવા કબજા સહીત ઘરેણે લેનાર પાસેથી, અથવા કનિષ્ટ ધારણ કરનાર પાસેથી, જમા વસુલ કરવાનો અધિકાર છે (૨૪). ભાગીદારો વચ્ચે તકરાર પડવાના સબબથી, અથવા બીજા કારણથી દેશની સુલેહને જોખમ પોહોંચવાનું, અથવા ખેડુતોના સુખને હાની થવાનું કંઈ કારણ છે, એવું જણાય તો એસ્ટેટનો વહીવટ કલેકટરે પોતાના હાથમાં લેવો. વહીવટ પાછો લેવાને ડિસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટને અરજી કરવી, અને તેની ખાત્રી થાય તો તે એસ્ટેટ પાછી સોંપવાને મુખત્યાર છે (૨૬). વેહેંચણનું કામ પુરૂં થતાં સુધી એસ્ટેટનો વહીવટ પોતાના હાથમાં લેવાનો અધિકાર તા. સે. ઓફીસરને છે, પણ કમીશનરની મંજુરી લેવી જોઇએ (૨૭). તાલુકદારની અરજ ઉપરથી તેનું એસ્ટેટ તાબામાં લઈ વહીવટ કરવાનો અધિકાર તા. સે. ઓફીસરને છે, પણ તે અરજી જો એસ્ટેટના અવિભકત ભાગના સંબંધમાં હોય તો તેમજ તે સઘળા સહભાગીદારોની સંમતિ સિવાય કરેલી હોય તો તે લેવાય નહીં (૨૮). એસ્ટેટ વહીવટમાં લીધી હોય ત્યારે, ફાજલ વસુલ સહભાગીદારો વચ્ચે વહેંચી આપવું (૨૯). તાલુકદારી ગામોમાં પોલીસની સંખ્યા તથા તેનું મેહેનતાણું સરકાર ઠરાવે તે પ્રમાણે તાલુકદારે જમા ઉપરાંત આપવું જોઇએ (૩૦). તા. સે. ઓફીસરની અગાઉથી લેખી સંમતિ શીવાય તાલુકદારની સ્વાભાવિક હયાતી પછીને માટે તેની એસ્ટેટ ઉપર કંઈપણ બોજો નાંખી શકાય નહીં, નાંખે તો તે ગેરકાયદે છે એમ સમજવું. સરકારની મંજુરી સિવાય બીજાને નામે કરી અપાય નહીં (૩૧).

કોર્ટ ઓફ વાર્ડસ બાબત.

(સને ૧૯૦૫નો આકટ ૧લો–મુંબઈ.)

જે સખસની મિલકતની અથવા જે સખસની જાતની તથા મિલકતની દેખરેખ કોર્ટ ઓફ વાર્ડસ કરતી હોય તે સખસને "સરકારનો વાર્ડ" કહે છે. કમીશનર કોર્ટ ઓફ વાર્ડસ છે એમ સમજવું. નાલાયક થયલા જમીન ધારણ કરનારની મિલકતની દેખરેખ, સરકારની પ્રથમ મંજુરી લઈને, કમીશનરે પોતાને સ્વાધીન લેવી (૪). **નાલાયક કોણ?** સગીર; કલેકટરની અરજી ઉપરથી જે સ્ત્રીઓને ડિસ્ટ્રીકટ કોર્ટે પોતાની મિલકતનો કારભાર કરવાને નાલાયક ઠરાવી હોય તે સ્ત્રીઓ, જે સખસો શારીરીક અથવા માનસિક ખોડને લીધે અથવા અશક્તતાને લીધે, અથવા બુરી ટેવને લીધે નાલાયક છે એમ કલેકટરની અરજી ઉપરથી ડિસ્ટ્રીકટ કોર્ટ ઠરાવે તે સખસો, અને જે સખસને દીવાની કોર્ટ ગાંડા છે એમ ઠરાવે તે સખસ. એ સખસો પોતાની મિલકતની દેખરેખ રાખવા નાલાયક છે (૫). જ્યારે સરકારી અમલદારને (સને ૧૮૯૦ના વાલી તથા વાર્ડ બાબતના આકટની રૂએ) વાલી નીમવામાં આવે ત્યારે તેણે તે વાત કમીશનરને જાહેર કરવી. જ્યારે જ્યારે વસિયતનામા રૂએ, વાલી નીમવામાં આવ્યો હોય, અથવા સરકારી અમલદાર શીવાય બીજા કોઈ સખસને વાલી કોર્ટે નિમ્યો હોય ત્યારે, કમીશનરે ડિસ્ટ્રીકટ કોર્ટની અગાઊથી મંજુરી લઈને તે સગીરની મીલકતની દેખરેખ સ્વાધીનમાં લેવી (૭). અવિભકત હિંદુ કુટુંબના સઘળા ભાગીદારો નાલાયક હોય તો મિલકતની દેખરેખ કમીશનર લઈ શકે (૮). કોઈપણ જમીનદાર પોતાની મિલકત કોર્ટ ઓફ વાર્ડસની દેખરેખ નીચે મુકવા સરકારને અરજી કરવાને મુખત્યાર છે. તે મિલકત તેના કુટુંબના લાભ સારૂ રાખવી એ સાર્વજનીક હિતને યોગ્ય છે, અને તે મિલકત કરકસરથી વ્યવસ્થા થવા, યોગ્ય કીંમતની છે એમ સરકારને જણાય તો, તે મિલકત સ્વાધીનમાં લેવાને કોર્ટ ઓફ વાર્ડસને ફરમાવે (૯). દેખરેખ સ્વાધીન લીધાની વાત સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ કરવી જોઈએ (૧૩). સરકારના વાર્ડ સામે દાવા હોય તે, નોટીસની તારીખથી છ મહીનાની અંદર કમીશનરને લખી જણાવવા જોઈએ (૧૪). દાવાની પુરેપુરી વીગત તથા દસ્તાવેજ રજુ કરવાને દાવેદારને ફરમાવવાનો કમીશનરને અધિકાર છે (૧૫). કમીશનરે દાવાની તપાસ કરી નિકાલ કરવો, અને પોતે કરેલા નિકાલ લાગતાવળગતા દરેક દાવાદારને લખી જણાવવો (૧૬). દાવાની તપાસ પુરી થઈ રહયા બાદ કમીશનર સરકારને રીપોર્ટ કરશે, તે ઉપરથી સરકારને એમ જણાય કે મિલકત ઉપર એટલુંબધું દેવું થઈ ગયું છે કે તે મુક્ત થવાસરખી નથી તો તે મિલકત ઉપરની દેખરેખ કહાડી નાંખશે (૧૮).

કમીશનર દાવા વગેરે તપાસનું કામ કલેકટરને સોંપી શકે, અને કલેકટર પોતાના આસીસ્ટંટ કે ડેપ્યુટીને સોંપી શકે (૧૯). કમીશનર, વાર્ડની મિલકત માટે મેનેજર નીમી શકે (૨૦). સરકારના વાર્ડનો વાલી કમીશનર નીમી શકે છે (૨૨). મિલકતની યોગ્ય સંભાળ તથા વહીવટ સારૂ સઘળું કામ કરવાનો જેવો માલિકને અધિકાર હોય તે પ્રમાણે કમીશનરને અધિકાર છે (૨૩). વાર્ડની રખેવાલી, રેહેઠાણ તથા સગીર હોય તો તેના શિક્ષણ બાબત યોગ્ય હુકમ કરવાને કમીશનર મુખત્યાર છે (૨૪). વાર્ડના, તેના કુટુંબના તથા આશ્રીતોના ખરચ માટે યોગ્ય લાગે તે રકમ ઠરાવી આપવાનો અધિકાર કમીશનરને છે (૨૫). કમીશનરે તથા મેનેજરે વાર્ડના હિત સારૂ કાળજીપુર્વક તથા પ્રમાણીકપણે મિલકતનો વહીવટ કરવો જોઈએ (૨૬). સરકારની અગાઉથી સંમતિ લઈને, વાર્ડની સઘળી અથવા થોડી મીલકત ગીરો અથવા ગણોતે આપવાને, મિલકતનો કોઈપણ ભાગ વેચવાને, અથવા અદલાબદલી કરવાને, તેમજ તે મિલકતના લાભાર્થે તથા વાલીના હિતાર્થે, જે બીજા કૃત્ય કરવાનું પોતાને સારૂ લાગે તે કરવાને કમીશનર મુખત્યાર છે; પરંતુ સાલ દરસાલના અથવા દસ સાલના ગણોતપટાની બાબતમાં સરકારની સંમતી લેવાની જરૂર નથી (૨૭): વાર્ડની મિલકતનો જે કોઈ આ આકટના ઠરાવ વિરૂધ્ધ ભોગવટો કરતો હોય તેને સંક્ષિપ્ત રીતે કામ ચલાવીને કહાડી મુકવાને કમીશનર મુખત્યાર છે. ગણોતની ચહડેલી બાકી જમીન મેહેસુલની બાકી પ્રમાણે વસુલ કરવાનો અધિકાર છે. દેખરેખ નીચેની મિલકત ચહડીગયલી બાકી બદલ વેચી શકાય નહીં (૨૯–૩૦). વાર્ડ સામે ફરીઆદ દાખલ કરાવતાં પેહેલાં, બે મહીના અગાઉથી કમીશનરને નોટીસ આપવી જોઈએ (૩૧).

સરકારનો વાર્ડ, કમીશનરની મંજુરી વગર, પોતાની મિલકત ઉપર બોજો તબદીલ કરવાને, તેમાંનો હિત સંબંધ તબદીલ કરવાને, અથવા નાણાની જવાબદારી આવી પડે એવા કરાર કરવાને—નાલાયક છે (૩૭).

કલમ ૯ પેટા કલમ ૧ રૂએ કરેલા હુકમની રૂએ જે મિલકત સ્વાધીનમાં લેવામાં આવી હોય તે મિલકત, જ્યારે દેવામાંથી મુકત થાય ત્યારે તે ઊપરની દેખરેખ કમીશનરે તરતજ છોડી દેવી જોઈએ (૪૦).

તગાવી બાબત.

(સને ૧૮૮૩ નો આકટ ૧૯મો તથા સને ૧૮૮૪ નો આકટ ૧૨).

સન ૧૮૮૩ના આકટ ૧૯ મુજબ જમીન સુધારાના કામ સારૂ, સરકાર લોકોને નાણા ધીરે છે. એ નાણા પાછા આપવાના હફતા ઠરાવેલા હોય છે, તે હફતા મુજબ વ્યાજ સુધ્ધાં મુદ્દલ પાછા આપવા જોઈએ. આ કાયદા મુજબ કરજે નાણા લેવાની

અરજી મહાલકરી, મામલતદાર, આસીસ્ટંટ કલેકટર કે ડેપ્યુટી કલેકટરને કરવી જોઈએ. અરજીમાં નીચેની વીગતો બતાવવી જોઇએ. અરજદારનું નામ તથા ઠેકાણું, માગેલા કરજની રકમ, તારણનું સ્વરૂપ, ધારેલા સુધારાનું સ્વરૂપ, જમીન કયાં છે તે, જમીન ઉપર અરજદારના હક, કરજ પાછું આપવાની તારીખો.

વ્યાજના દર—દર વરસે દર સેંકડે ૬¼ ટકા એટલે દરેક રૂપીએ એક આના મુજબ, અથવા સરકાર વખતોવખત હુકમ કરે તે દર મુજબ, લેવાનું હોય છે. પાક પાકે નહીં અથવા બીજી આફતોને લીધે હફતા વખતસર ભરાય નહીં તો, અરજી કરવાથી, હફતા મુલતવી રાખવામાં આવે છે.

સન ૧૮૮૪ના આકટ ૧૨ આધારે ખાતેદારો અથવા જમીન ધારણ કરનારાઓને હેઠળ લખેલા કારણો સારૂ સરકાર નાણા કરજે આપે છે :—

૧—બી, અનાજ, ઢોર અને ખેતીના ઓજારો ખરીદવા સારૂ.

૨—આગથી અથવા રેલથી નાશ પામેલા ઘરો બાંધવા સારૂ.

૩—જમીન સુધારા શિવાય ખેતીના કામ સાથે સંબંધ હોય એવાં બીજા કોઇ કામ સારૂ,

કરજ સારૂ માહાલકરી, મામલતદાર, આસીસ્ટંટ કે ડેપ્યુટી કલેકટરને અરજી મ્હોડેથી કે લખીને કરવી.

બી ખરીદ કરવા બાબતનું કરજ એક વરસની અંદર ઠરાવેલા હફતા મુજબ અદા કરવું જોઇએ. ઢોર ખરીદવાનું કે બીજા કારણો બાબતનું કરજ બે વરસની અંદર અથવા બીજી ઠરાવેલી મુદતની અંદર, ઠરાવેલા હફતા મુજબ અદા કરવું જોઇએ. જે કારણો સારૂ જમીન મેહેસુલની માંગણી મોકુફ કરવામાં આવે તે કારણોસર હફતા મોકુફ થઈ શકે છે. વ્યાજનો દર દર સેંકડે ૬¼ ટકા એટલે દરેક રૂપીએ એક આના મુજબ અથવા સરકાર વખતોવખત હુકમ કરે તે દર મુજબ લેવામાં આવે છે.

ઇનકમ ટેક્ષ બાબત.

(સન ૧૮૮૬ નો આકટ ૨ જો—ઇન્ડીઆ.)

ખેતીવાડી શીવાય બીજી દ્વારાથી મળેલી આવક ઉપર કર આકારવા માટેનો આકટ.

દર વરસે રૂ૦ ૧૦૦૦)ની અંદરની આવક ઉપર આ કરની માફી છે. રૂપીઆ એક હજાર તથા તે ઉપરાંત આવક માટે નીચે પ્રમાણે કર ઠરાવેલો છે. જો વાર્ષીક આવક રૂ ૧૦૦૦ કરતાં ઓછી નહિ પણ રૂ ૧૨૫૦થી ઓછી હોય તો કર, રૂ ૨૦

,,	,,	રૂ ૧૨૫૦	,,	,,	,,	રૂ ૧૫૦૦	,,	,, રૂ ૨૮
,,	,,	રૂ ૧૫૦૦	,,	,,	,,	રૂ ૧૭૫૦	,,	,, રૂ ૩૫
,,	,,	રૂ ૧૭૫૦	,,	,,	,,	રૂ ૨૦૦૦	,,	,, રૂ ૪૨

,, ,, રૂ ૨૦૦૦ બે હજાર અથવા તે ઉપર હોય તો આવકના દરેક રૂપીઆ

ઉપર પાંચ પાઈ કર. કંપનીને બ્રીટીશ ઈંડીયામાં મળેલા બધા નક્કી નફા ઉપર દર રૂપીએ પાંચ પાઈ કર આપવો પડે છે.

સાર્વજનિક, ધર્માદા અથવા ધર્મ સંબંધી કામોને માટેજ વપરાતી મિલકતમાંથી મળેલી આવક આ આકટ મુજબ કરને પાત્ર નથી.

જે માણસના ઉપર, ઉપર મુજબ કર નાંખ્યો હોય તેમાં તે વાંધો લેતો હોય, અથવા પોતે કરને પાત્ર નથી એમ માનતો હોય તેણે કર ઓછો કરાવવા અથવા રદ કરાવવા કર ઠરાવ્યાની તારીખથી એક માસની અંદર તાલુકાના આસીસ્ટંટ અથવા ડેપ્યુટી કલેકટર અથવા શહેરમાં હજુર ડેપ્યુટી કલેકટરને નીચેના નમુના પ્રમાણે અરજ કરવી :—

મહેરબાન આસીસ્ટંટ (ડેપ્યુટી) કલેકટર સાહેબ ઇનચાર્જ ડીવીઝન. મોજે ના રહેનાર અ બની અરજીમાં નીચે પ્રમાણે કહેવાનું કે.

૧. સન ૧૮૮૬ના નંબર ૨ ના આકટની રૂએ તમારા અરજદાર ઉપર ૧૯૦૫ ના એપ્રીલની ૧લી તારીખે શરૂ થતા વરસને માટે રૂપીયા ની રકમ નો કર આકારવામાં આવ્યો છે,

૨. છેલ્લા માર્ચની ૩૧મી તારીખે પુરાં થતાં વર્ષને માટે (આ જગાએ અરજદારનો વેપાર, અથવા આવક યા નફાનું બીજું સાધન, અને જે જગા અથવા જગાઓએ આવક થઈ હોય અથવા નફો મળ્યો હોય તે જગા અથવા જગાઓના નામ લખવાં) તમારા અરજદારની ઉત્પન્ન થયલી આવક અને મળેલો નફો રૂા૦ હતો.

૩. આવી આવક અને નફો મહીના ૧૨ની દરમ્યાનમાં ખરેખર આવી અને થયો છે.

૪. ઉપર કહેલાં વરસમાં તમારા અરજદારને બીજી કાંઇ આવક અથવા નફો ન હતો, માટે તમારો અરજદાર અરજ ગુજારે છે કે તેના ઉપર તેના પ્રમાણમાં કર આકારવો (અથવા તે ઉપર કહેલા આકટની રૂએ તે કરને પાત્ર નથી એમ ઠરાવવું.

(સહી) ....

સાચાપણાનો એકરાર.

હું અ. બ. ઉપલી અરજીમાં જણાવેલો અરજદાર એકરાર કરૂં છું કે તે અરજીમાં જે લખ્યું છે તે મારા જાણવા અને માનવા પ્રમાણે સાચું છે.

(સહી) ....

ઈરીગેશન બાબત.

(સન ૧૮૭૯નો આકટ ૭મો—મુંબઈ).

"હેતુ"—ખેતીની જમીનને પાણી પુરૂ પાડવા સારૂ નહેરો બાંધવાનો, તે ચાલુ રાખવાનો, તેના ઉપર દેખરેખ રાખવાનો તથા તેમાંથી પાણી પુરૂ પાડવાનો, તેમજ આપેલાં પાણી બદલ પીઆવો લેવાનો આ કાયદાનો હેતુ છે.

આ કાયદો, મુંબઈ શેહેર શીવાય, આખા ઈલાકાને લાગુ છે.

આ કાયદાને અનુસરીને નહેરોના વહીવટ ચલાવવા સારૂ સરકારે કાનુનો કરી છે. તે પૈકી લોકોને જાણવાજોગ અને ઉપયોગી નિચે આપીએ છીએ.

જમીનને પાણી પાવાના કામ સારૂ પાણી બાબતની અરજી—આવી અરજી ભાગના એકિસકયુટીવ એનજીનીઅર ફોર ઈરીગેશનને અથવા અધિકારવાળા કનાલ આફીસરને કરવી. અરજીના નમુનાની કોરી નકલો મફત એ ખાતા તરફથી આપવામાં આવે છે. તે નમુના મુજબ અરજી કરવી જોઇએ, અને તેની બે પ્રત આપવી જોઈએ. તે ઉપર જમીનના નોંધેલા ખાતેદારે અથવા ખરા ધારણ કરનારે સહી કરવી જોઈએ. વળી તે અરજી બરાબર હોવા બાબત તે ઉપર ગામના પટેલે સહી કરવી જોઈએ.

અરજીની એક નકલ તે ઓફીસરે રાખવી, અને તેની બીજી નકલ અરજીનું ૧૦મું તથા ૧૧મું આસન ભરીને અરજદારને પાછી આપવી.

જમીનને પાણી પાવાના કારણ શિવાય બીજા કાંઇ કારણ સારૂ પાણી જોઈતું હશે તો તે બાબતની અરજીઓ સાધારણ પત્રના રૂપમાં કરવાને હરકત નથી.

અરજીઓ નામંજુર કરવાનો અથવા તે સઘળી અથવા અંશત: મંજુર કરવાનો અધિકાર ઉપર કહેલા આફીસરોને છે, પરંતુ નીકના માલીકને અથવા બીજા જે સખસને જેટલું પાણી મળવાનો હક હશે તેટલું પાણી આપવાની ના કહેવી નહીં.

અરજીઓ ફકત પાણી પાવા સારૂ તૈયાર કરેલી જમીનને માટે હશે તોજ તે લેવામાં આવશે.

અરજદાર જમીનનો ખાતેદાર નહીં હોય અથવા તે જમીનનો ધારણ કરનાર ન હોય અને તેને નામે દફતરમાં દાખલ ન હોય તો તેની પાસે પસંદ પડે એવા બે સારા માણસનું જામીનખત માંગવાને તે અમલદાર મુખત્યાર છે.

બારે માસ થનારા પાકને ખરીફના પાક ગણવામાં આવશે. બીજા જે પાકને માટે તા૦ ૧૫ જાનેવારી અને તા૦ ૧૫મી અકટોબરની દરમીઆન પેહેલું વેહેલું પાણી લેવામાં આવે તે પાકને ખરીફના પાક ગણવામાં આવશે. જે પાકને માટે

તા૦ ૧૫મી અકટોબર પછી પેહેલવહેલું પાણી લેવામાં આવે તેમને રબીના પાક ગણવામાં આવશે.

ચોમાસાના ખરીફના પાક (જેવા કે ડાંગેર વીગેરે) માટે અરજીઓ મે મહીનાની પેહેલી તારીખ અગાઉ અને રબીના પાક સારૂ નવેમ્બર મહીનાની પંદરમી તારીખની અગાઉ કરવી જોઇએ ચોમાસાના સુકા પાક સારૂ પાણી મળવા બાબતની અરજીઓ ગમેત્યારે કરવાને હરકત નથી, પરંતુ જે અરજીઓ મે મહીનાની પહેલી તારીખ અગાઉ આવી હશે તે પેહેલી મંજુર કરવામાં આવશે.

બીજે સઘળે પ્રસંગે અરજીઓ જે અનુક્રમે આવી હોય તે અનુક્રમે, બનતાસુધી કબુલ કરવામાં આવશે.

સદરહુ અમલદારોએ, અરજદારને અગાઉથી સુચના આપીને અરજીઓનો નીકાલ, તેજ જગાએ, સઘળાની રૂબરૂ કરવો.

કોઈ નેહેરમાં પાણીનો જથો ઓછો માલમ પડે ત્યારે તે ઉપર પેહેલો હક કોનો, અને પાણી કેટલું અને કયા નિયમ પ્રમાણે આપવું એ સઘળી બાબતોનો નિકાલ કરવાનો અધિકાર એકિસકયુટીવ ઈનજીનીઅરને છે, પણ જેઓએ (ખરીફ) પાક સારૂ પેહેલી મેની અગાઉ અને રબીપાક સારૂ પંદરમી નવેંબર અગાઉ અરજીઓ કરી હશે, તેઓને પ્રથમ પસંદગી આપવામાં આવશે.

પાણી પુરૂં પાડવા બદલ લેવાનો પીઆવો દર એકરે અમુક રકમ પ્રમાણે ઠરાવવામાં આવશે. પાકની જાત અને વર્ષની રૂતુનો, તેમજ પાણી વહીને કે રેંટથી કે કોશથી લેવાનું છે તે વાતનો વિચાર કરીને પીઆવો વત્તો ઓછો થશે. ઈનજીનીઅરની રજા વગર પાણી લીધા બદલ બમણો પિઆવો લેવામાં આવશે અને આ પ્રમાણે પાણી લેનાર દંડને પણ પાત્ર થશે. ખળાં કરવા સારૂ પાણી, નેહેરનું પાણી પાવામાં આવતા ખેતરોના ધારણ કરનારાઓને મફત પુરૂં પાડવામાં આવશે. બીજાઓની પાસે દર ખળાં દીઠ એકર ઉપર લેવાતા પીઆવાના નીમે હિસ્સા સુધી પીઆવો લેવામાં આવશે.

પીઆવાના લેણાનુ પત્રક તૈયાર કરી, ઈનજીનીઅર, જીલ્લાના કલેકટર ઉપર મોકલાવે કે, તેણે તે પત્રકમાં બતાવેલી રકમો જેના તે સખસો પાસેથી વસુલ કરવાનો હુકમ કરવો જોઇએ. એ પીઆવાની રકમો ગામના અમલદારોએ ઠરાવેલા હફતા મુજબ વસુલ કરવી જોઇએ. પીઆવાની બાકી, જમીન મેહેસુલની બાકી માફક વસુલ કરવાની છે. કાંસના માલીકોના પીઆવાની બાકી પણ એજ પ્રમાણે વસુલ કરવાની છે.

નેહેર ઉપર કામે લાગેલો હરકોઈ સખસ, નેહેરને જાણીબુઝીને નુકશાન કરનારને અથવા બીગાડનાર સખસને, તે નેહેરની જમીન ઉપરથી અથવા મકાન-

માંથી કહાડી મુકવાને, અથવા વગર વારંટે તેને પકડી મેજીસ્ટ્રેટને અથવા પોલીસને હુવાલે કરવા મુખત્યાર છે.

જંગલ બાબત.

(સન ૧૮૭૮નો આકટ ૭મો—ઈંડીઆ).

જંગલ બે જાતના છે. એક રીઝર્વ્ડ એટલે રાખેલું જંગલ, અને બીજું પ્રોટેકટેડ એટલે સંરક્ષણ કરેલું જંગલ. જે જમીનને રાખેલું જંગલ કર્યું હોય તે ઉપરના સરકારના હક જ્યારે કોઈ ગામના લોકોને સોંપી દીધેલા હોય ત્યારે તે જંગલને “ગામના જંગલો” કેહેવા. રાખેલાં જંગલમાં, ઠરાવેલી મોસમ શીવાય બીજી મોસમમાં કોઈએ વસ્તેવ પેટવવો નહીં; ઢોરને ચરવા દેવાં નહીં; ઝાડ અથવા સુતાર કામના લાકડાં કાંપી નુકશાન કરવું નહીં; ઝાડની આસપાસ ગોળ આંકા પાડવા નહીં, છાલ કહાડી નાંખવી નહીં; પાંદડાં તોડવા નહીં; પથર કહાડવા નહીં, ચુનો પકવવો નહીં; કોયલા તૈયાર કરવા નહીં, અથવા જંગલનું કંઈ ઉત્પન્ન એકઠું કરવું નહીં. વાવેતર સારૂ જમીન સાફ કરવી નહીં; શિકાર કરવો નહીં, માછલી મારવી નહીં (૨૫).

સંરક્ષણ કરેલા જંગલમાં,—રાખેલાં ઝાડ કાપવા નહીં; ખાણ ખોદીને પથ્થર કહાડવા નહીં; ચુનો પકવવો નહીં. કોયલા તૈયાર કરવા નહીં. વાવેતર સારૂ જમીન સાફ કરવી નહીં. આગ લગાડવી નહીં; વસ્તેવ સળગતો મુકી જવો નહીં; રાખેલાં ઝાડને નુકશાન થાય એવીરીતે કોઈ ઝાડ કાપવું નહીં, સુતાર કામના લાકડા ખેંચી જવા નહીં (૩૨).

સુતારકામના લાકડાં ઉપર ડયુટી બેસાડવાનો સરકારને અધીકાર છે. તણાઈ આવેલા સુતારકામના લાકડાં ઉપર હક સાબીત કરવામાં આવે ત્યાંસુધી, તે સરકારનો માલ છે એમ સમજવું (૪૫). એક મહીનાની અથવા તેથી વધારે કેદની શિક્ષા કરવા જોગ ગુન્હાનો જે માણુસ ઉપર વાજબીરીતે શક હશે, તે માણુસને માજીસ્ટ્રેટના હુકમ વગર તથા વગર વારંટે પકડવાનો અધીકાર કોઈ પણ ફોરેસ્ટ ઓફીસરને અથવા પોલીસ ઓફીસરને છે (૬૩). કોઈપણ સુતાર કામના લાકડાં અથવા જંગલનું બીજું ઉત્પન્ન, જે જે માર્ગ ઠરાવેલા છે, અથવા જે માર્ગ પાસમાં દાખલ કરેલા હોય, તે માર્ગ શિવાય બીજે રસ્તે લઈ જવું નહિ (રૂલ ૨).

રાખેલાં જંગલને અથવા સંરક્ષણ કરેલા જંગલની હદમાંના પ્રદેશ શિવાય મુંબઇ ઈલાકાના કોઈપણ જીલ્લામાં, કોઈપણ સુતારકામના લાકડાં અથવા જંગલનું બીજું ઉત્પન્ન, **પાસ વગર** સ્થળાંતર કરવું નહીં (રૂલ ૩).

(આ રૂલો—અમદાવાદ, ખેડા અને ભરૂચ જીલ્લાને લાગુ નથી).

ઉપરની કાનુન જે કોઈ તોડશે તે ઘણામાં ઘણા છ મહીના સુધી કેદની, અથવા રૂ૦ ૫૦૦) સુધી દંડની અથવા એ બેઉ શિક્ષાને પાત્ર થશે. (આ કાનુનો તા૦ ૭–૧૦–૧૮૯૬ના ઠરાવથી પ્રસિધ્ધ થયલી છે).

કસ્ટમ ખાતા સંબંધો કાયદાઓ.

(અફીણ, આબકારી તથા મીઠ બાબત માટે જુઓ ફોજદારી વિષય—પાના ૬૯–૭૦ અને ૮૮).

વહાણો રજીસ્ટર કરવા બાબત.

(સન ૧૮૩૮નો આકટ ૧૯મો—મુંબઈ).

મુંબઈ ઈલાકામાં રહેતી અંગ્રેજ સરકારની રૈયતનાં મુંબઈ ઈલાકાની હદમાં ફરતાં અથવા કાંઠે કાંઠે વેપાર અર્થે ફરતાં દરેક વહાણ, મચ્છી મારવાના દરેક વહાણ અને બંદર બોટ એટલે બંદરમાંને બંદરમાં માલ લાવ લઈજા કરતાં દરેક વહાણના ઉપર જે બંદરનું તે હોય તે બંદરનું નામ તથા તેને જે નંબર બંદરના અધિકારીએ આપ્યો હોય.તે નંબર કોતરાંવવાં જોઈએ અને તે દરેક વહાણના ધણીએ વહાણના પાછલા ભાગ ઉપર બહારની બાજુએ સફેદ રંગેલા ભાગ ઉપર તેના નામ અને નંબર અંગ્રેજી ભાષામાં, છ ઇંચ લાંબા અક્ષર અને આંકડામાં કાળા રંગથી રંગવા જોઈએ. આ કલમ વિરૂદ્ધ ચાલનાર વહાણના ધણી અથવા ધણીઓ, તે વહાણ નોંધાવવા બદલ જે ફીને પાત્ર હશે તે ફીથી દસપટ દંડને પાત્ર થશે. માછલી મારવાના વહાણ તથા બંદર બોટના ધણી અથવા ધણીઓ રૂ. ૧૦ના દંડને પાત્ર થશે (૨–૩–૧૩).

બંદરના અધિકારીએ એવા દરેક વહાણ માછલી મારવાના વહાણ અને બંદર બોટના નામ તથા નંબર, તે કેટલી ખાંડીનું છે તે, તથા તેના ધણી અથવા ધણીઓના નામ એક બુકમાં નોંધવાં જોઈએ. જ્યારે જ્યારે એવા વહાણ માછલી મારવાના વહાણ તથા બંદર બોટની ભાર લઈ જવાની શકતીમાં કંઈ ફેરફાર કરે ત્યારે અથવા જ્યારે ધણી અથવા ધણીઓના નામ બદલાય ત્યારે તે દરેક વહાણ ફરી નોંધાવવું જોઈએ, પરંતુ વહાણના નામમાં ફેરફાર કરવો નહીં જોઈએ (૪).

એવા દરેક વહાણ, માછલી મારવાના વહાણ તથા બંદર બોટના ધણીએ બંદરના અધિકારીને વહાણ નોંધાવવા સારૂ અરજ કરવી જોઈએ. જ્યારે પેટ બંદરે વહાણ નોંધાવવામાં આવે ત્યારે તે નોંધાવવા બાબતની ખબર તે બંદરના અમલદારે મુખ્ય બંદરના અધિકારીને આપવી જોઇએ (૫).

નામ તથા નંબર કોતરવાનું તથા વહાણ કેટલા બોજાનું છે તે (લાંબુ પહોળું અને ઉંડું માપી) નક્કી કરવાનું કામ બંદરના અધિકારીનું છે (૬).

એવા વહાણ, માછલી મારવાના વહાણ તથા બંદર બોટના ધણીએ પોતાનું વહાણ નોંધાવ્યાનું સરટીફીકેટ જેને કસ્ટમ ખાતાના નોકરો તથા ખલાસીઓ કૅાલ કહે છે, તે બંદરના અધિકારી પાસેથી અરજ કરી મેળવવું જોઇએ. જો કોઈ સરટીફીકેટ (કૅાલ) ખોવાઈ જાય અથવા નાશ પામે તો નવું સરટીફીકેટ મેળવવું જોઈએ. સરટીફીકેટ ઉપર અધિકારીની સહી તથા સીકકો થવો જોઈએ.

ઉપર મુજબ વહાણના ધણી અથવા ધણીઓ સરટીફીકેટ નહીં મેળવે તો તેઓ તે વહાણ નોંધામણી બદલ જે ફીને પાત્ર હશે તેથી દસ પટ દંડની શિક્ષાને પાત્ર થશે. માછલી મારવાના વહાણ તથા બંદર બોટના ધણી અથવા ટંડેલ રૂા. ૧૦ સુધીના દંડને પાત્ર થશે (૭–૧૩).

એવા દરેક વહાણના ધણી અથવા ધણીઓએ નોંધામણી બદલ નીચે મુજબ ફી આપવી પડશેઃ—

વીસ (મુંબઈની) ખાંડી સુધીના બોજાના વહાણના દરેક કૅાલ બદલ.... ... ...રૂા. ૧–૦–૦

એવી વીસ ઉપર પણ એકસો ખાંડીની અંદરના બોજાના વહાણના દરેક કૅાલ બદલ.... ... ... રૂા. ૫–૦–૦

એવી સો ખાંડી ઉપર પણ ચારસો ખાંડીની અંદરના વહાણના દરેક કૅાલ બદલ.... .... રૂા. ૭–૦–૦

ચારસો તથા તે ઉપરના બોજાના વહાણના દરેક કૅાલ બદલ દર ટને... .... રૂા. ૦–૨–૦

માછલી મારવાના વહાણ તથા બંદર બોટને આ ફી આપવાની નથી (૧૦).

ઉપર મુજબ જે ફી વસુલ લેવામાં આવે તે મુંબઈ સરકારને ખાતે જમા કરવી જોઈએ (૧૧).

કસ્ટમ ખાતાનો કોઈ અમલદાર અથવા દરીઆઈ ફોજનો કોઈ અમલદાર સરટીફીકેટ જ્યારે જોવા માગે ત્યારે રજુ કરવું જોઈએ. વહાણનો ધણી અથવા ટંડેલ આમ કરવામાં કસુર કરે તો તેઓ વહાણ નોંધવા બદલ જે ફી આપવાને પાત્ર હશે તેથી દસ પટ દંડની શિક્ષાને પાત્ર થશે.

આ કાયદા મુજબના ગુન્હાઓ અધિકારવાળા મેજીસ્ટ્રેટની આગળ સાબીત થયેથી કરેલો દંડ તે વાહાણ, માછલી મારવાના વહાણ તથા બંદર બોટ, તેનો સામાન વીગેરે જપ્ત કરી વેચીને વસુલ કરવો (૧૩).

આ કાયદા વિરૂદ્ધ ગુન્હા પકડવાની મહેનત તથા કાળજી માટે તે ગુન્હા પકડનારને જપ્ત કરેલી મીલકતના વેચાણની ઉત્પન્નમાંથી યોગ્ય હિસ્સો ઈનામ તરીકે આપવાનો હુકમ કરવાને મુંબઈ સરકાર મુખત્યાર છે (૧૪).

તંબાકુ બાબત.

(સન ૧૮૫૭નો આકટ ૪થો—ઈંડીયા).

"હેતુ"—મુંબઇ શેહેરમાં તંબાકુ ઉપર જકાત લેવા તથા તેના છુટક વેચાણ બાબત તથા તે વખારમાં ભરી મુકવાના નિયમો ઠરાવવાનો આ આકટનો હેતુ છે.

મુંબઈ શેહેરના ખપ સારૂ આણેલા તંબાકુ ઉપર દર બંગાલી મણે (૭–૮–૦) રૂપીઆ સાડાસાત જકાત લેવામાં આવશે. આ જકાતને મ્યુનીસીપલ ડયુટી કહે છે (૨).

ટીકા:—મુંબઇ શેહેર એટલે મુંબઇ તથા કોલાબાના ટાપુઓ માહેલી સઘળી જગા

તંબાકુ શેહેરમાં દાખલ કરવામાં આવે કે તુરત જકાત ભરવી, અગર સરકારી કે પરવાનાવાળી વખારમાં ભરી મુકવો હોય તો, તે વખારમાંથી શેહેરના ખપસારૂ બહાર કહાડતી વખતે સદરહુ જકાત ભરવી જોઈએ. જ્યારે એવો ભરી મુકેલો તંબાકુ મુંબઈ શહેર બહાર પાછો મોકલવામાં આવે, ત્યારે ભરેલી જકાત પાછી આપવામાં આવશે (૩–૪).

કસ્ટમ કમીશનરને તથા કસ્ટમખાતાના બીજા અમલદારોને આ જકાત વસુલ કરવાનો અધિકાર છે (૬).

કમીશનરની પરવાનગી શીવાય, જળમાર્ગ શિવાય બીજા કોઇ રસ્તેથી તંબાકુ મુંબઈ શહેરમાં આયાત કરવો નહીં, અને નિમેલી જગા શિવાય બીજી જગાએ ઊતારવો નહીં (૭).

બંગાલી ચાર શેર તંબાકુ પોતાનાજ ઉપયોગ સારૂ લાવવાની છુટ છે (૮).

પરમીટ શીવાય એક ઠેકાણેથી બીજે ઠેકાણે તંબાકુ લઈ જવો નહીં. આવી પરમીટ સુર્યોદય અને સુર્યાસ્ત સુધી અમલમાં રહેશે. ઘરકામને માટે કે ખાનગી વાપરને માટે બંગાલી શેર ચાર સુધી લઈ જવાને પરમીટની જરૂર નથી (૯).

વખારમાંથી તંબાકુ કહાડવા માટે, આખી ગાંસડીની પરમીટ આપવામાં આવશે. ગાંસડીથી ઓછાને માટે પરમીટ આપવામાં આવશે નહીં. ગાંસડી ખુલ્લી કરી જોવાની પરવાનગી કમીશનર આપશે, અને તેમાં કચરો કે નકામો

તંબાકુ માલમ પડશે તો તે, પાછો રવાના કરવાની પરવાનગી આપવામાં આવશે, અથવા તો નાશ કરવામાં આવશે (૧૦).

. છુટક વેચવાના પરવાના (લાઇસેન્સ) આપવામાં આવશે અને તે પરવાનો બાર મહીના અમલમાં રહેશે (૧૧). બંગાલી ચઉદ શેરની અંદરનું વેચાણ તે છુટક વેચાણ કેહેવાય છે (૧૨). પરવાનામાં લખેલી જગાએજ છુટક વેચવો. છુટક વેચનારના નામનું પાટીયું, અંગ્રેજી, ગુજરાતી તથા મરાઠીમાં છપાવીને અથવા લખાવીને દરેક દુકાન ઉપર લટકાવવું જોઈએ (૧૩). છુટક વેચનારે દર મહીને તંબાકુના વેચાણના હિસાબનું પત્રક મોકલવું જોઈએ (૧૪). તંબાકુ લાવે તે એક હીસાબની ચોપડીમાં જમા કરવો અને તે જોવા માગે ત્યારે બતાવવી (૧૫). ગેરકાયદે આણેલા તંબાકુ માટે સર્ચ વારંટ કહાડવાને કમીશનર મુખત્યાર છે (૧૬). ગેરકાયદે તંબાકુ લાવનારને પકડવાનો તથા અટકાવ રાખવાનો, તથા કોઈ વહાણ, બોટ વીગેરેનો ઝાડો લેવાનો અધિકાર છે. (૧૭). પંદરમી કલમ વિરૂદ્ધ ચાલનાર રૂ ૨૦૦)ની સજાને પાત્ર થાય છે, અને વળી તેનું લાઇસેન્સ રદ થાય છે (૧૫). આ કાયદાના ઠરાવો વિરૂધ્ધ આણેલો, અથવા એક જગાએથી બીજી જગાએ લઈ ગયેલા, અથવા વેચેલો સઘળો તંબાકુ જપ્ત કરવાને પાત્ર થાય છે (૧૮).

જે કોઈ સખસ આ આકટ વિરૂધ્ધ તંબાકુ આયાત કરશે, ખસેડશે, વેચશે, અથવા જપ્ત થવા લાયક તંબાકુ કબજામાં રાખશે તે તંબાકુની કીંમતથી દસઘણા દંડને પાત્ર થશે. ગુન્હેગાર જો લાઇસેન્સદાર હશે તો તેનું લાઇસેન્સ પણ રદ કરવામાં આવશે (૧૯).

આ કાયદા મુજબ જપ્તી તથા દંડના હુકમ કરવાનો અધિકાર પોલીસ મેજીસ્ટ્રેટને છે (૨૦).

ટીકા:—કલમ ૭–૧૧–૧૪–૧૫–૧૬–૧૭ અને ૧૯ મુજબના અખત્યાર મુંબઇના કસ્ટમ કલેકટરને તથા દરેક આસીસ્ટંટ કલેકટરને આપવામાં આવ્યા છે. ગ૦ ગે૦ પા૦ ૯૫ સન ૧૮૮૫.

ખુસ્કી જકાત બાબત.

(સને ૧૮૫૭નો આકટ ૨૯મો—ઈંડીયા).

"હેતુ"—મુંબઈ ઈલાકાની કેટલીક પરરાજ્યની સરહદ ઉપર ખુસ્કીની જકાત વસુલ કરવા નિયમો ઠરાવવાનો આ આકટનો હેતુ છે.

પરમુલકમાં ખુસ્કીને (જમીનને) રસ્તે જે માલ જાય અથવા ત્યાંથી આવે તેની ઉપર જકાત લેવાના નાકા બેસાડવાં (૪).

ટીકા:—"પરમુલક" એટલે દીવ, દમણ અને ગોવા, તથા જવ્હારનો, ગાયકવાડનો, કાઠીઆવાડનો તથા ધરમપુર વાંસદાનો અને બીજા દેશી રાજાઓનો મુલક.

એ મુલકોની સરહદ ઉપર માલ કયે રસ્તે લાવવો લઈ જવો તે રસ્તો અથવા માર્ગ ઠરાવવાનો મુંબઈ સરકારને અધિકાર છે (૬).

ટીકા—દમણુથી જતા આવતાં માલ માટે બગવાડાનો રસ્તો ઠરાવવામા આવેલો છે. ગ૦ ગે૦ પા૦ ૧૪૮ સન ૧૮૫૯.

સુર્યાસ્ત પછી અને સુર્યોદય થતાં પેહેલાં ગેરકાયદેસર રીતે લઈ જવામાં આવેલો માલ સરકાર દાખલ કરવામાં આવશે (૭).

માલ લઈ જવાની પરવાનગી માટે ઠરેલા નમુના મુજબ અરજી કરવી જોઇએ. અરજીમાં, માલની વિગત, ગાંસડીઓની નીશાણી, નંબર તથા વર્ણન તથા માલની કીંમત બાબત એકરાર લખવો જોઈએ. (૮).

અરજીમાં માલની ખોટી વીગત લખી હશે તો, જે માલ અરજીમાં દાખલ નહીં હશે તે સઘળો સરકાર દાખલ થશે (૯).

કીંમત પ્રમાણે જકાત લેવાની હોય તે માલની કીંમત સરકારે ગેઝીટમાં છપાવીને ઠરાવવી જોઇએ (૧૦).

જે જકાતી માલની કીંમત ઠરાવી નહોય તે ઉપર માલના બજાર ભાવ પ્રમાણે જકાત લેવામાં આવશે (૧૧).

જે માલ ઉપર બજાર ભાવ પ્રમાણે જકાત લેવાની હોય તે માલની કીંમત એકરારમાં ઓછી લખી હોય તો, નાકાનો અમલદાર તે માલ એકરાર કરેલી કીંમતે સરકાર તરફથી ખરીદ કરવાને મુખત્યાર છે (૧૨).

મુસાફરના પોતાના પ્રત્યક્ષ ઉપયોગમાં આવતા સામાન ઉપર જકાતની માફી છે (૧૩).

જકાત ભર્યા બાબતનો દાખલો અમલદારે આપવો જોઇએ—આ દાખલો જે કોઈ કસ્ટમ ખાતાનો અમલદાર જોવા માગે ત્યારે બતાવવો જોઇએ. દાખલા વગરનો માલ સરકાર દાખલ થવાને પાત્ર થશે. (૧૪).

ખોવાયલા દાખલાની બીજી નકલ, એક રૂપીઆથી તે દસ રૂપીઆ સુધીની ફી લઇને, આપવાને કમીશનરને અધિકાર છે (૧૫).

નાકા ઉપરનો અમલદાર જકાતી માલ જકાત લીધા વગર જવા દેશે તો તે છ મહીના સુધી કેદની અથવા રૂ૦ ૫૦૦ સુધી દંડની અથવા એ બેહુ સજાને પાત્ર થશે (૧૬).

નાકા ઉપરનો અમલદાર હેરાન કરવા સારૂ માલ બગાડશે, અટકાવી રાખશે, તો તે પણ ઉપરની કલમ મુજબ સજાને પાત્ર થશે (૧૭).

અમલદારને જે કોઈ જાણીજોઈને કામ કરતાં હરકત કરે તો, તે છ મહીના સુધી કેદને અથવા રૂ૦ ૧૦૦૦ સુધી દંડને અથવા બેહુ સજાને પાત્ર થશે (૧૮).

જે કોઈ સખસ અમલદારને, લાંચ આપવાનું કહેશે તો તે સખસ ઉપરની કલમ મુજબ સજાને પાત્ર થશે (૧૯).

માલ સરકાર દાખલ કરવા બાબતના હુકમ કરવાનો અધિકાર કસ્ટમ કમીશનર તથા ડેપ્યુટી કમીશનરને છે (૨૯).

જળ માર્ગની કસ્ટમ ડયુટી લેવા બાબત.

(સને ૧૮૭૮નો આકટ ૮મો—ઈંડીઆ.)

મુંબઈ ઈલાકા માટે કસ્ટમનો મુખ્ય અધિકારી, કસ્ટમ કમીશનર છે. તેના તાબામાં મુંબઈ શેહેર માટે કસ્ટમ કલેકટર અને મુંબઈ શેહેર બહારના મુલક માટે કલેકટર ઓફ સોલ્ટ રેવીન્યુ, અને તેના તાબામાં આસીસ્ટંટ કલેકટર, અને બંદરના મુખ્ય અમલદાર, સરકારકુન, કે બંદરકારકુન હોય છે. કસ્ટમ ખાતાના નોકરોને જુરીનું, મરણના કારણની ચોકશી કરવાનું, અથવા આસેસરનું કામ કરવાની ફરજ પાડી શકાતી નથી.

બંદર એટલે જે જગા, માલ વાહણ ઉપર ચઢાવવાનું તથા વાહણ ઉપરથી ઊતારવાનું બંદર છે એમ સરકારથી ઠરાવેલી જગા. જે માણસ ઠરાવેલી જગા શીવાય બીજી જગાએ માલ ચઢાવે, ઊતારે, તો તે માણસ ઘણામાં ઘણા એક હજાર રૂપીઆ સુધી દંડને પાત્ર થશે (૧૧).

નીચે લખેલો માલ બ્રિટીશ ઈંડીઆમાં ખુશ્કીને રસ્તે અથવા જળ મારગે લાવવો નહીં:—૧ ગ્રંથ સ્વામીત્વ બાબતનો કાયદો તોડીને છાપેલું પુસ્તક, ૨, ખોટો બનાવટનો શિક્કો. ૩, બીભત્સ પુસ્તક, ચોપાનીયું કાગળ કે ચિત્ર ૪, જે માલ ઉપર ખોટી બનાવેલી વેપારની નીસાની કરવામાં આવી હોય અથવા જે માલ બાબત વેપારના માલનું ખોટું વર્ણન કરવામાં આવ્યું હોય.

પરરાજ્યના બંદરથી આણેલા કે મોકલેલા માલ ઉપર, તારીફ એકટ (સન ૧૮૯૪નો ૮મો, ઈંડિયા) મુજબ ડયુટી એટલે જકાત લેવામાં આવે છે. કયી કયી જાતના આણેલા માલ ઉપર શાપ્રમાણે જકાત લેવી તે તારીફ એકટના પરિશિષ્ટમાં બતાવેલું હોય છે. આ પરિશિષ્ટમાં હમેશાં સુધારો વધારો થયા કરે છે તેથી તે માલની વીગત અત્રે આપી નથી. ફકત ભાત, કે ચોખા બ્રિટિશ

ઈંડિયાની બહાર મોકલવામાં આવે તો દર બંગાળી મણે ત્રણ આના જકાત લેવામાં આવે છે. બીજો હરકોઇ બહાર મોકલવાના માલ ઉપર જકાત લેવામાં આવતી નથી (૨૦).

ખરેખરા વાપરવાના સામાન ઉપર જકાતની માફી છે (૨૪).

ગામઠી અન્નસામગ્રી તથા સ્ટોર જકાત આપ્યા વગર વહાણુ ઉપર ચઢાવવાની છુટ છે (૨૮).

વહાણુના માસ્તરે, વહાણુ બંદરમાં લંગાર્યા પછી ચોવીસ કલાકની અંદર કસ્ટમના અમલદાર, સરકારકુન અથવા બંદરકારકુનને મેનીફેસ્ટ (સતમી) આપવી જોઇએ (૫૩). સતમી આપ્યા વગર તથા વાહાણુ આવ્યાનું નોધાવ્યા વગર માલ ઊતારવો નહીં (૫૭).

બહાર મોકલવાનો માલ વહાણુ ઉપર ચઢાવ્યાની અગાઉ વહાણુ બહાર જવાનું છે એમ નોંધવા બાબતનો હુકમ લેવો જોઇએ (૬૧). માંડવી (પુરજો) એટલે કસ્ટમની કચેરીમાંથી પોર્ટકિલિયરન્સ લીધા વગર વહાણુ હંકારી જવું નહીં (૬૨).

રવીવારે, અથવા તેહેવારને દિવસે અથવા ઠરાવેલા કલાકની દરમીઆનના વખત શીવાય બીજી વખતે વાહણુ ઉપરથી ઉતારૂના સામાન શીવાય બીજો કંઇ પણુ માલ ઉતારવો નહીં (૭૨). ડક્કા શીવાય બીજે ઠેકાણેથી માલ વહાણુ ઉપર ચઢાવવો નહીં (૭૩). સતમીમાં દાખલ કર્યા વગરનો માલ વાહાણુમાંથી ઉતારવો નહીં (૮૨). પોર્ટ કલીઅરન્સ એટલે રજાચીઠી.

હિંદુસ્થાનના બંદરો બાબત.

(સન ૧૯૦૮નો આકટ ૧૫મો—ઈંડિયા).

"હેતુ"—વાહાણુની સલામતી બાબત તથા બંદરોના સંરક્ષણુ બાબત નિયમો ઠરાવવાનો આ કાયદાનો હેતુ છે.

સરકારના હુકમથી ઘાલેલાં બોયાં, બીકન, અથવા મુરીંગ કાયદાસર કારણુ વગર કોઇએ ઉંચકવા નહીં (૧૯). માસ્તરની પરવાનગી વગર વાહાણુને તેના મુરીંગમાંથી કોઇએ છુટું કરવું નહીં (૨૦). નિરમ અથવા કચરો કોઈપણુ બંદરમાં કહાડી નાંખવો નહીં (૨૧). બંદરમાં મનાકરેલી જગાએ વાહાણુને ચોપડવું નહીં (૨૨). મનાકરેલી હદમાં વાહાણુ ઉપર કાચો ડામર ઉકાળવો નહીં (૨૩). કોઈપણુ માણસે, કાયદાસર કારણુ વગર, બંદરમાં કોઇપણુ અગ્નીશસ્ત્ર છોડવું નહીં, પણુ સંકટની સુચના કરવા સારૂ બંદુકનો ખાલી બાર કરવાની

છુટ છે, (૨૭). બંદરના કાંઠાના, અથવા કીનારાના કોઈ ભાગમાંથી, પરવાનગી વગર, ખડક, પથરા, જાડી રેતી, કાંકરા અથવા માટી, અથવા બચાવ સારૂ કરેલું કંઈ કામ કહાડી નાંખવું નહીં (૩૦).

"બંદર દેણા બાબત"—બંદર દેણું વસુલ કરવા સારૂ મુંબઈ ઇલાકાના બંદરોના ઊત્તર અને દક્ષિણ એવા બે વર્ગ કર્યા છે. ઊત્તર વર્ગમાં ગોઘાથી અરનાળા સુધીના ૨૪ બંદરો આવે છે. દક્ષીણ વર્ગમાં વાંદરાથી તે ભટકળ સુધીના ૪૫ બંદરો આવે છે.

માછલી મારવાની હોડી શીવાય, દશટનના તથા તેથી વધારે ટનના સમુદ્રમાં ઉત્તર વર્ગના બંદરોએ ફરતાં વહાણો માટે દર ટને ઘણામાં ઘણા ચાર આના, એકજ બંદરમાં ત્રીશ દીવસ એક વખત, બંદર દેણું આપવું જોઇએ. દક્ષીણ વર્ગના બંદરોએ સમુદ્રમાં ફરતાં વહાણો માટે દર ટને ત્રણ આના ત્રીસ દીવસમાં એકજ વખત બંદર દેણું આપવાનું છે. કરાંચી બંદરને માટે દર ટને ઘણામાં ઘણા ચાર આના, ત્રણ મહીનામાં એક વખત. એડન બંદર માટે દર ટને ઘણામાં ઘણા ત્રણ આના, મહીનામાં એક વખત (૩૩). (પરિશિષ્ટ પેહેલું). બંદર દેણું આપતી વખતે માસ્તરે પોંહોંચ માંગી લેવી જોઇએ (૩૮). બંદર દેણું કોઇ આપવાની ના કેહે તો વાહાણ જપ્ત કરી વેચવાને પાત્ર થશે (૪૨). કોઈ વહાણનો માસ્તર બંદર દેણું આપવાનું ઊડાવશે તો તે દેણાની પાંચગણી રકમ સુધી દંડની શીક્ષાને પાત્ર થશે (૪૫).

બંદર દેણુ વસુલ થતા સુધી પોર્ટકલીઅરન્સ આપવું નહી (૪૩). નીરમ ભરેલા વાહણનું બંદર દેણું પોણા કરતાં વધારે લેવું નહી. બંદરમાં વહાણ આવે, પણ માલ અથવા ઊતારૂ ચઢાવે ઊતારે નહી તો, અડધું બંદર દેણું લેવું (૪૭). કોઇ પણ વિહાર નૌકા બાબત કંઈ પણ બંદર દેણુ લેવું નહી, તેમજ તોફાનથી વાહાણ પાછુ આવે તો બંદર દેણુ લેવું નહી (૪૮).

દેશી ઉતારૂ લઇ જનારા વહાણો બાબત.

(સન ૧૮૮૭નો આકટ ૧૦મો—ઈંડીઆ).

"હેતુ"—જળ માર્ગે, વહાણોમાં બેસી મુસાફરી કરનાર ઉતારૂઓનું સંરક્ષણ કરવાનો આ કાયદાનો હેતુ છે.

ઠરાવેલા બંદર શિવાય બીજા કોઈપણ બંદરેથી ઉતારૂ લઈ જનારાં વહાણે રવાને થવું નહીં. એવા બંદરોએ ઉતારૂને લેવા નહીં તેમ ઉતારવાં નહીં. વહાણ રવાના કરતાં પેહેલા તેના ટંડેલે, ચોવીસ કલાક અગાઉ, નીમેલા અમલદારને નોટીસ આપવી જોઇએ. આ કલમો વિરૂધ્ધ ચાલનારને રૂ૦ ૧૦૦ સુધી દંડની અથવા એક મહીના સુધી કેદની અથવા એ બેહુ સજા થશે (૬–૭–૩૧).

अ અને ब દાખલા લીધા વિના વહાણ હંકારવું નહીં. अ દાખલામાં વહાણ દરીએ સફર કરવા લાયક છે, કેટલા ઉતારૂ લઈ જઈ શકે તેની સંખ્યા, તે ઉપર જોઈતાં માણસ તથા સામાન છે, વીગેરે હકીકત લખવામાં આવે છે. ब દાખલામાં સફર વચ્ચેના બંદરો, વીગેરે હકીકત લખવામાં આવે છે. ઠરાવ્યા પ્રમાણે ખોરાક, બળતણ, અને પાણી, ઉતારૂને પુરૂ પાડવામાં, વહાણનો માસ્તર ચુક કરે તો તેથી જેટલા ઉતારૂને નુકસાન થાય તે દરેક ઉતારૂ બદલ તે માસ્તર રૂ૦ ૨૦) સુધી દંડને પાત્ર થાય છે. વળી વહાણ ઉપર જોઈએ તે કરતાં વધારે ઉતારૂ લીધા હશે તો દરેક વધુ ઉતારૂ બદલ એક અઠવાડીયાની મુદત સુધી કેદની સજાને પાત્ર થાય છે. (૯–૧૦–૧૧–૩૬–૩૭).

ઉતારૂએ જે જગાએ ઉતરવાનો કરાર કર્યો હોય તે જગા શિવાય તેની સમ્મતિ લીધા વગર, અથવા વાજબી કારણ વગર બીજી જગાએ તેને ઉતારે તો તે માસ્તર દરેક ગુન્હા બદલ, રૂ૦ ૨૦૦) સુધી દંડની અથવા એક મહીના સુધીની કેદની અથવા બેહુ સજાને પાત્ર થાય છે (૩૯).

સુતરાઉ માલ ઉપર જકાત બેસાડવા બાબત.

(સન ૧૮૯૬નો આકટ ૨જો—ઈંડીઆ).

બ્રીટીશ ઈંડીઆની દરેક મીલમાં બનાવેલાં સઘળા સુતર ઉપર કીંમતના દર સેંકડે (૩॥) સાડાત્રણ ટકા લેખે જકાત લેવી.

મહીનામાં બનાવેલાં સુતરનું એક પત્રક દર મહીને, મીલના ધણીએ કલેકટરને મોકલવું જોઇએ. કલેકટર નોટીસ કહાડે તે મુદતની અંદર જકાત ભરી દેવી જોઇએ. તેમ કરવાને ચુકે તો મીલનો ધણી બમણી જકાત આપવાને પાત્ર થાય છે. જકાતી સુતર પરરાજ્યના બંદરે મોકલવું હોય તો કલેકટર પાસે સરટીફીકટ લેવું. આવા બહાર મોકલેલા માલ ઉપરની જકાત માફ થાય છે. માલની પરીક્ષા કરવા સારૂ તેના નમુના લેવાનો કલેકટરને અધિકાર છે. મીલ તપાસવાનો તથા કાગળપત્રોની તથા હીસાબની નકલ લેવાનો કલેકટરને અધિકાર છે. પરરાજ્યમાંથી બ્રીટીશ ઈંડીઆમાં આવતાં સુતર તથા સુતરના બનેલા માલ ઉપર તારીફ આકટ મુજબ જકાત લેવામાં આવે છે.

આ કાયદો અમલમાં લાવતાં કલેકટરને કોઈ જાણીબુજીને હરકત કરે તો તે

છ મહીના સુધી કેદની અથવા રૂપીઆ એક હજાર સુધી દંડની અથવા એ બેહુ સજાને પાત્ર થાય છે.

સાર્વજનિક હોડીઘાટ બાબત.

(સને ૧૮૬૮નો આકટ ૨જો—મુંબઈ).

સન ૧૮૭૮ના ૨ જાથી સુધાર્યા મુજબ.

"હેતુ"—એક કાંઠેથી બીજે કાંઠે, ઉતારૂ વીગેરેને, સહીસલામત લાવવા લઈ જવા બાબત નિયમો ઠરાવવાનો હેતુ છે.

૨. મુંબઇ ઈલાકામાં કયો હોડીઘાટ સાર્વજનિક છે, તે સરકાર એક જાહેરનામુ પ્રસિધ્ધ કરીને જાહેર કરશે; વળી તે એવુંજ જાહેરનામું પ્રસિધ્ધ કરીને કોઈ નવો સાર્વજનિક હોડીઘાટ સ્થાપશે, અને કોઇ ચાલુ હોડીઘાટબંધ પણ કરી શકશે.

૩. આવા હોડીઘાટ ઉપર થઇને પસાર થનારા સઘળા ઊતારૂઓ પાસે, ગાડાં, વાહન, ઢોર તથા વેપારના માલ બદલ સરકારે મંજુર કરેલા દર મુજબ ટોલ (વેરો) લેવામાં આવશે. પરંતુ (૧) નોકરી ઉપરના સોલજરોને, (૨) નોકરી ઉપરના પોલીસ અમલદારને, (૩) પોલીસના સ્વાધીનમાં હોય એવા માણસને અને (૪) સરકારે જે સખસોને ખાસ બાતલ કર્યા હોય તે સખસોને આ વેરામાંથી બાતલ કરવામાં આવ્યા છે. સઘળા ખાતાના પટાવાળા આબકારી ઈન્સ્પેકટરો, વીગેરે બાતલ છે.

૪. વેરો વસુલ કરવા સારૂ ટોલકીપર રાખવા સરકાર મુખત્યાર છે.

૫. કોઇ સાર્વજનિક હોડીઘાટ વરસોવરસ, અથવા સામટો સાત વરસ સુધી, ઈજારે અથવા કન્ટ્રાકટ આપવાને સરકાર મુખત્યાર છે.

૬. ઈજારદાર અથવા કન્ટ્રાકટરનો દરેક નોકર લોકોની સહીસલામતી માટે જે જે કૃત્ય કરવું જોઇએ તે કરવાને બંધાયલો છે.

૭–૮. જે દર મુજબ વેરો લેવાનો હુકમ હોય તે દર એક પાટીઆં ઉપર લખીને કે છાપીને તે પાટીયું હોડીઘાટ આગળ પ્રસિદ્ધ જગાએ લટકાવી રાખવું જોઈએ. આ કલમ વિરૂદ્ધ ચાલનાર, ટોલકીપર, કન્ટ્રાકટર કે ઈજારદાર રૂ ૧૦) દસ સુધી દંડને પાત્ર થશે.

૯. ગેરકાયદે ટોલ (વેરો) વસુલ કરનાર, કંન્ટ્રાકટર કે ઈજારદાર કે તેનો નોકર રૂ ૫૦) સુધી દંડને પાત્ર થશે.

૧૦. જે કોઈ, ટોલકીપર, કન્ટ્રાકટર, ઇજારદાર કે તેનો નોકર, વાજબી કારણ વગર ઊતારૂ વીગેરેને નકામી વાર લગાડશે તે રૂ ૫૦) સુધી દંડને પાત્ર થશે.

૧૧. જે કોઈ સખસ વાજબી ટોલ આપવા ના કેહેશે, અથવા ટોલ આપવાનું ઊડાવશે તે રૂ ૫૦) સુધી દંડને પાત્ર થશે.

૧૨. મુંબઇ શેહેરને માટે વડો પોલીસ મેજીસ્ટ્રેટ અને બીજે ઠેકાણે જીલ્લાનો કલેકટર, સરકારના હુકમને અનુસરીને, દરેક સફર વખતે કેટલા ઉતારૂ લેવા, કેટલો માલ હોડીમાં ભરવો વીગેરે બાબત નિયમો કરવાને મુખત્યાર છે—રૂલોનો જે કોઇ ભંગ કરશે, તે તેથી થતું નુકસાન ભરી આપવાને પાત્ર થાય છે.

૧૩. સરકારના ખાસ પરવાના શીવાય જે કોઈ સખસ, મુંબઇ શેહેરના કોઈ ભાગમાંથી, સામે કાંઠે અથવા બીજા કોઈ નજીકના સામા ટાપુએ, ઉતારૂ, વાહન કે જાનવર ભાડાં માટે લઇ જશે તે રૂ ૫૦૦) સુધી દંડને પાત્ર થશે. શેહેરના એક ભાગમાંથી બીજા ભાગમાં લઈ જવા લાવવાને બાધ નથી. તેમજ જે કોઇ સખસ ખાસ પોતાને માટે, કે પોતાના કુટુંબને માટે, કે દોસ્તોને માટે કે ચાકરને માટે ખાસ હોડી ભાડે કરે તેને તથા હોડી ભાડે આપનારને પણ બાધ નથી.

૧૪. હોડીઘાટથી ત્રણ માઈલની અંદર જે કોઇ માણસ, કલેકટરની ખાસ પરવાનગી વગર, ઉતારૂ, જાનવર, વાહન કે માલ ભાડું લઇ હોડીમાં લાવશે લઈ જશે તે રૂ ૫૦૦) સુધી દંડને પાત્ર થશે.

૧૪. જે પુલ ઉપર થઇને જવા આવવા બદલ ઉતારૂઓને કોઇ કાયદાને આધારે ટોલ આપવો પડે છે, તેવા પુલની ત્રણ માઈલની અંદર જે કોઇ ઉતારૂ, માલ કે જાનવર હોડી મારફત લઈ જશે લાવશે, અથવા જે કોઈ ઉતારૂને પાલખીને, ડોલીને, એ પ્રમાણે લાવશે લઈ જશે તે રૂ ૫૦૦) સુધી દંડને પાત્ર થશે.

૧૫. આ આકટ વિરૂદ્ધ ગુન્હાઓની ચોકસી કરી સજા કરવાને મુંબઈ શેહેરમાં કોઈ પણ પોલીસ મેજીસ્ટ્રેટને સત્તા છે. અને મુંબઈ શેહેર બાહાર જે ડીસ્ટ્રીકટમાં જે કોઇ મેજીસ્ટ્રેટની હકુમત ચાલતી હોય તે મેજીસ્ટ્રેટ મુખત્યાર છે.

સાર્વજનિક રસ્તા અને પુલો ઉપર વેરો લેવા બાબત.

(સન ૧૮૭૫નો ૩ જો સન ૧૮૮૧ના ૫ થી સુધાર્યા મુજબ—મુંબઇ).

"હેતુ"—સાર્વજનિક રસ્તા તથા પુલોને સારી હાલતમાં રાખવાનો આ કાયદાનો હેતુ છે.

કયા કયા રસ્તા ઉપર અને પુલ ઉપર કેટલો કેટલો વેરો લેવો તે ઠરાવવાને સરકાર મુખત્યાર છે.

ટોલ માગ્યા છતાં કોઈ ન આપે તો, નાકેદારે ગાડા અથવા જાનવર ઉપરનો માલ જપ્ત કરવો, અને ટોલ પુરતો તે માલ ન હોય તો તે ગાડુ અથવા જાનવર જપ્ત કરવાં. અને ચોવીસ કલાક સુધીમાં ટોલ વસુલ ન થાય તો, તે બદલ ઉપરી ઓફીસરને રીપોર્ટ કરવો. ઉપરી અમલદારે, બીજે દીવસે બપોરે સદરહુ માલ જાહેર લીલામથી વેચવાનો છે એવી તુરતજ એક નોટીસ કહાડવી. માલ વેચાતા પેહેલાં જો બેવડો ટોલ અને થએલો ખરચ આપે તો તે માલ ઉપરથી જપ્તી ઉઠાવી લેવી.

લશ્કર, લઢાઈના સરસામન, પોલીસ ઓફીસર, અને જે માણસો પોલીસના હવાલામાં હોય તે, ટોલ આપવાથી બાતલ છે.

ટીકા—પટો પેહેરેલા સઘળા ખાતાના સીપાઇઓ, આબકારી ઇન્સપેક્ટરો પોસ્ટ ખાતાના ઓવરસીઅરો, રખડતાં ઢોર ડબામાં લઇ જવામાં આવતા હોય તો તે તથા ફોરેસ્ટ રેનજરો બાતલ છે.

નાકેદારોને મદદ કરવાની દરેક પોલીસ અમલદારની ફરજ છે.

ગેર કાયદે ટોલ માગનાર રૂ૦ ૨૦૦) સુધી દંડને પાત્ર થાય છે. નાકા ઉપર ટોલના દરનું પાટીયું લટકાવેલું રાખવું જોઈએ. આ પાટીઆ ઉપર ટોલ ન આપવાથી શું શિક્ષા થાય છે તે પણ લખી અથવા છાપી રાખવું જોઈએ.

કલેકટર, એક આખા વરસના ટોલ માટે કોઈ સખસ સાથે અમુક રકમ લેવાની કરી તોડજોડ કરવાને મુખત્યાર છે.

ટોલ વસુલ કરવાનો ઈજારો આપવાને સરકાર મુખત્યાર છે.

* મામલતદારોની કોર્ટો બાબત.

(સને ૧૯૦૬ નો આકટ ૨ જો.—મુંબઈ.)

"હેતુ"—ખેતી તથા ચરણની જમીનના ચાલુ વહીવટ સંબંધમાં તથા ખેતીના ઉપયોગમાં આવતાં પાણીના સંબંધમાં કાંઈ તકરાર પડે ત્યારે તેનો **તાકીદે** તથા **ઓછા ખરચે** નિકાલ લાવવાનો આ કાયદાનો હેતુ છે.

આ કાયદો મુંબઈ શહેર તથા એડન શીવાય આખા મુંબઈ ઈલાકાને લાગુ છે (૧) સરકાર જોઈન્ટ મામલતદાર નીમવાને મુખત્યાર છે. જોઈન્ટ મામલતદારને મામલતદારના જેટલીજ સત્તા અને તેટલાજ હકુમત આપવામાં આવશે. પરંતુ મામલતદાર જે દાવા નીકાલ કરવા તેને આપે તેટલાનોજ તે નીકાલ કરી શકશે. આવા દાવાઓ જોઈન્ટ મામલતદાર તરફ મોકલવાની તથા પાછા પોતાની ફાઈલ ઉપર લેવાની મામલતદારને સત્તા આપવામાં આવે છે (૪).

દરેક મામલતદારે કોર્ટમાં પ્રમુખસ્થાને બેસવું. તે કોર્ટને મામલતદારની કોર્ટ કહેવી. અને જે મુલકની હદ ગવરનર ઇન કાઊનસીલ વખતો વખત ઠરાવે તે હદમાં તે કોર્ટને, કલમ ૬ તથા ૨૬ ને અનુસરીને હેઠળ લખેલો અધિકાર છે, એટલે કાયદા પ્રમાણે કામ ચલાવ્યા વગર બીજી રીતે ખેતી અથવા ચરણના ઉપયોગમાં આવતી જમીન અથવા જગા અથવા ઝાડો અથવા પાકો અથવા માછલી મારવાની જગા અથવા કુવાના, તળાવના, નહેરોના અથવા કુદરતી કે કૃત્રીમ કાંસના પાણીના ખેતીના કામ સારૂ ઉપયોગ કરવાનું કોઈ માણસની પાસેથી છીનાવી લીધું હોય તે માણસને, અથવા જે માણસ, દાવો કર્યાની અગાઉ બાર વરસની મુદતની અંદર, દાવો કરેલી મીલકત અથવા ઉપયોગનો આગળ માલીક, પુરો અથવા અંશતઃ, ન હોય, અથવા જે એવા માલીકનો કાયદેસર વારસ ન હોય, એવા બીજા કોઈ માણસના કાંઇ ભોગવટાની અથવા બીજા હકની મુદત પુરી થવાને લીધે જે કોઈ માણસને સદરહુનો કબજો મળવાનો અથવા ઉપયોગ કરવાનું પાછુ મળવાનો હક પ્રાપ્ત થયો હોય તે માણસને સદરહુ પ્રકારનો કબજો તાબડતોબ અપાવવાને અથવા સદરહુ પ્રકારનો ઉપયોગ કરવાનું પાછુ અપાવવાનો અધિકાર છેઃ—

પરંતુ એવું ઠરાવ્યું છે કે જે બાબતમાં મામલતદારને એમ લાગે કે જે માણસની ભોગવટાની અથવા બીજા હકની મુદત માત્ર પુરી થવાના કારણને

* **ચાલુ કબજા વહીવટનો કાયદો**-ટીકા તથા ફેંસલા સહીત-હમારે ત્યાંથી મળશે. કીંમત રૂ૦ ૦-૮-

લીધે જેનો એવી કોઈ મીલકતના કબજાનો અથવા ઉપયોગના ભોગવટાનો હક પ્રાપ્ત થયો હોય તે અપાવવું એ સકતાઈ ભરેલું અથવા અન્યાય થવા જેવું છે, અથવા એમ જણાય કે આવો દાવો દીવાની કોર્ટમાં લઈ જવો એ વધારે સવડતા ભરેલું છે, તો એવી બાબતોમાં મામલતદાર ઉપર બતાવેલી સત્તા વાપરવાની ના પાડવાને મુખત્યાર છે, પરંતુ ના પાડવાના કારણો તેણે દફતરમાં નોંધી રાખવા જોઈએ.

સદરહુ કોર્ટને સદરહુ હદમાં ઉપરના ઠરાવોને અનુસરીને હેઠળ લખેલો અધિકાર પણ છે, એટલે કોઈ ખેતી અથવા ચરણના ઉપયોગમાં આવતી જમીનના અથવા જગાના અથવા પાકના અથવા ઝાડના અથવા માછલી મારવાની જગાના કોઈ માણસના કબજાને હરકત અથવા અડચણ કરી હશે અથવા અડચણ કરવાનો પ્રયત્ન કર્યો હશે ત્યારે, અથવા કુવાના અથવા તળાવના અથવા નહેરોના અથવા કુદરતી અથવા કૃત્રીમકાંસના ખેતીના કામમાં આવતાં પાણીનો કોઈ માણસે ઉપયોગ કરવામાં અથવા જવા આવવાના રસ્તાનો અથવા તે સંબંધના મામુલ મારગનો ઉપયોગ કરવામાં હરકત અથવા અડચણ કરી હશે અથવા તેમ કરવાનો યત્ન કર્યો હશે ત્યારે, સદરહુ પ્રકારની હરકત અથવા અડચણ વળી કરતો નહીં અથવા કરવાનો યત્ન કરતો નહીં એવી તાકીદ જે માણસે સદરહુ પ્રકારની હરકત અથવા અડચણ કરી હશે અથવા જેણે કરવાનો યત્ન કર્યો હશે તે માણસને આપવાનો અધિકાર પણ છે.

પણ ફરીઆદનું કારણ જે તારીખે ઉત્પન્ન થયું હોય તે તારીખથી છ મહીનાની અંદર ફરીઆદ કરી ન હોય તો કોર્ટે તે ફરીઆદ લેવી નહીં.

જે તારીખે કબજો કહાડયો અથવા છીનવી લીધો અથવા ભોગવટાની અથવા બીજા હકની મુદત પુરી થઈ તે તારીખે અથવા જે તારીખે હરકત અથવા અડચણ અથવા યત્ન કરેલી હરકત અથવા અડચણ પ્રથમ શરૂ થઈ તે તારીખે ફરીઆદનું કારણ ઉત્પન્ન થયું એમ સમજવું.

"ખુલાસો"—મજીઆરી મીલકતનો એક સહ માલીક પોતાનો હક અમલમાં લાવે તો બીજા સહ માલીક અથવા માલીકોનો કબજો છીનવી લીધો છે, અથવા કબજાને હરકત કરી છે એવું આ કલમના કારણસર સમજવું નહીં (૫)

એક મામલતદારની કોર્ટમાંથી બીજા મામલતદારની કોર્ટમાં દાવો ટ્રાન્સફર કરવાની કલેકટરને સત્તા છે (૬).

દાવા અરજીમાં લખવાની વીગતઃ—વાદી પ્રતિવાદીના નામ, ઉમર, ધર્મ,

જાત, ધંધો અને ઠેકાણું. જે મીલકતનો કબજો અથવા ઉપયોગ કરવાનું માગ્યુ હશે તે મીલકતનો પ્રકાર તથા ઠેકાણું અથવા તાકીદ આપવાની હશે તેનો પ્રકાર ફરીઆદનું કારણ જે તારીખે ઉત્પન્ન થયું હોય તે તારીખ જે હકીકત ઉપરથી ફરીઆદીનું કારણ ઉત્પન્ન થયું તે હકીકત વાદીના દસ્તાવેજ અથવા તેના સાહેદોની યાદી સાહેદોને સમન કરવાના છે કે વાદી હાજર કરવાનો છે. એ બાબતો લખવી (૭).

અરજી રીતસર લખાયલી નહીં હોય તોપણ તેને દાવા અરજી તરીકે ગણવી (૮).

વાદીને પ્રતિજ્ઞા આપી મામલતદારને તપાસવાનો અધિકાર છે અને તે તપાસણી ફરીઆદ અરજીનો ભાગ ગણાશે (૯).

અરજી ઉપર સહી તથા ખરાપણાની પ્રતિજ્ઞા વાદીએ કરવી (૧૦).

પછી આવી અરજી નીચે મામલતદારે એવો શહેરો લખવો કે સહી તથા ખરાપણાનો લેખ યોગ્ય રીતે વાદીએ કર્યો છે (૧૧). વાદી સોગન ઉપર જવાબ આપવા ના પાડે અથવા તે કલમ ૭ માં બતાવેલી હકીકત આપી શકે નહીં અથવા દાવો કરેલી મીલકત અથવા ઉપયોગ કલમ ૫ માં કહેલા પ્રકારનો નથી અથવા દાવાનું કારણ છ મહીના અગાઉ ઉત્પન્ન થયું હતું અથવા વાદી કલમ ૧૦ મુજબ કરવા ના પાડે તો મામલતદારે અરજ નામંજુર કરવી (૧૨).

અરજીમાં લખેલી બાબત પોતાની હકુમતમાં નથી એમ જણાય તો તે અરજી યોગ્ય કોર્ટમાં આપવા પાછી આપવી (૧૩).

અરજી લેવા લાયક હોય ત્યારે સગવડ ભરેલો એક દીવશ તથા જગા નીમવી અને તે દીવસે વાદીને હાજર થવા ફરમાવવું અને પ્રતિવાદીને નમુના પ્રમાણે નોટીસ આપવી (૧૪).

પક્ષકારોની અરજ ઉપરથી ખરચ લઈ સાહેદોપર સમન કાઢવા (૧૫). વાદી હાજર ન થાય નો ખરચ તેનાપર નાંખી અરજી નામંજુર કરવી. પ્રતિવાદી હાજર ના થાય તો મુકદમાની એક તરફી ચોકસી કરવી પરંતુ પુરતું કારણ બતાવે તો મુકદમો ફરી સુનાવણી પર લેવાનો અધિકાર છે. વાદી પોતાનો દાવો પાછો ખેંચી લેવાને મુખત્યાર છે પણ પ્રતિવાદીનો ખરચ આપે તો (૧૬). સમન વખતસર નહી બજે તો કામ મુલતવી રાખવાનો અધિકાર છે. તથા બીજા કંઈ સબળ કારણ હોય તો પણ મુળતવી રાખે પણ દસ દીવસથી વધારેની

મુદત આપવી નહીં (૧૭). સગીર પક્ષકાર થઈ શકે જો તેના રીતસર નીમાયલા વાલીની મારફત હાજર થાય તો. પક્ષકાર વધારવાને મામલતદાર મુખત્યાર છે. કોઇ પક્ષકાર મરી જાય તો તેના વારસની અરજી ઉપરથી કાયદેસર વારસ કોણ છે તેની તપાસ કરી તેના વારસનું નામ મરનારને ઠેકાણે દાખલ કરવાનો અધિકાર છે (૧૮).

ચોકસીની વખતે જે મુદદાનો નીકાલ કરવાનો તે મુદદાઓનો ઈનસાફ કરવો પણ પાંચમી કલમમાં આપેલાં અધિકાર ઉપરાંત કંઈપણ હુકમ કરવો નહી. સાહેદોની જુબાનીનું ટીપણ મામલતદારે હાથે લખવું અથવા તે ઉપર પોતે સહી કરવી. ફેંસલાના કારણો લખવા (૧૯).

અરજીની પાછળ હુકમ લખવો અને તે ભર કોર્ટમાં વાંચી બતાવવો (૨૦).

ફેંસલો અમલમાં લાવવા, ગામના અમલદારોને હુકમ લખવો. પણ જ્યારે દાવાવાળી જમીન ઉપર તુલ ઉભું હોય તો તે તુલ પ્રતિવાદી લઈ લે ત્યાં સુધી હુકમનો અમલ મુલતવી રાખવા મુખત્યાર છે. મામલતદારનો તાકીદ હુકમ કોઇ ન માને તો તેને પી૦ કો૦ ક૦ ૧૮૮ મુજબ શીક્ષા થશે (૨૧).

પક્ષકારોને કબજા અથવા ઉપયોગનો ઉપભોગ અપાવવામાં પક્ષકારોના હકને, (માલકીપણાને) બાધ આવશે નહીં (૨૨). મામલતદારના હુકમ ઉપર અપીલ નથી. પણ કલેકટરને દાવાના દફતર મંગાવી તપાસી જોવાનો અધિકાર છે, અને તેને જો કંઇ હુકમ અથવા ફેંસલો કાયદા વિરૂધ્ધ અથવા ગેરવાજબી લાગે તો તેણે યોગ્ય હુકમ કરવો (૨૩). સીંધના જ્યુડીશીયલ કમીશનરની કોર્ટ મુંબઈ હાઇકોર્ટની સત્તા ચલાવવાને મુખત્યાર છે (૨૪). જાણી બુજીને જે કોઈ પ્રતિજ્ઞા પર ખોટો લેખ કરશે તેને પી૦ કો૦ ક૦ ૧૯૩ પ્રમાણે સજા થશે (૨૫).

આ આકટની રૂયે નીચે બતાવેલા દાવા ચાલશે નહીં:—

અ. સરકાર વિરૂધ્ધ અથવા સરકારના નોકર વિરૂધ્ધ તેના ઓધ્ધાની રૂયે કરેલા કામ બદલ પરંતુ કોઈ મીલકતના મેનેજર અથવા વાલી તરીકે કરેલા કૃત્ય બદલ માફી નથી.

બ. જે મીલકતનો કબજો છીનવી લેવા, પાછો મળવા, અથવા હરકત કર્યા બદલ અગાઉ કામ ચાલ્યું હોય અને તે કામમાં વાદી કે તેનો પુરવજ આ કાયદા મુજબ અથવા દીવાની કોર્ટમાં અથવા દી. પો. કો. ના ૧૨માં બાબ મુજબના કામમાં પક્ષકાર હોય તો.

જનરલ સ્ટાંપ બાબત.

(સન ૧૮૯૯નો આકટ ૨જો—ઈંડીઆ).

"હેતુ"—ખોટા દસ્તાવેજ થતા અટકાવવા માટે સરકારથી દસ્તાવેજ લખવાના કાગળો પુરા પાડવા અને તે બદલ યોગ્ય લાગત લેવાનો આ કાયદાનો હેતુ છે.

લાંબા વખતથી દસ્તાવેજ યા લેખ ઉપર સરકારની લાગત ચાલી આવે છે. એ લાગતને સ્ટાંપ ડયુટી કહે છે, કયા દસ્તાવેજ યા લેખ ઉપર કેટલી ડયુટી (લાગત) આપવાની અથવા તો કેટલી કીંમતના સ્ટાંપ કાગળ ઉપર તે લખવા તેની વીગત નીચે મુજબ :—

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડયુટી.
૧. "પહોંચ"—(સામા દસ્કતનું ખાતું) વીસ રૂપીયા કરતાં વધારે રકમના અથવા કીંમતના "કરજની" જે તે કરજના પુરાવા સારૂ (પેઢીવાળાની પાસ બુક સિવાય બીજી) કોઈપણ બુકમાં અથવા જુદા કાગળ ઉપર દેણદાર અથવા દેણદારની તરફથી લખેલી અથવા સહી કરેલી હશે અને તે બુક અથવા કાગળ લેણદારના કબજામાં રાખ્યો હશે ત્યારે માત્ર તે પહોંચમાં તે કરજ આપવાનો કોઈપણ વાયદો અથવા વ્યાજ આપવા બદલ અથવા કોઈપણ માલ અથવા બીજી મીલકત સ્વાધીન કરવા બદલ કોઈપણ મચકુર હોવો જોઈએ નહિ.	એક આનો (આ લાગત માટે હાલમાં એક આના વાલો પોસ્ટનો સ્ટાંપ એટલે ટીકીટ વાપરવાનો ઠરાવ થયેલો છે).
૨. "આડમિનિસ્ટ્રેશન બૉંડ"—(માલમિલકતનો વહીવટ કરવા વિશેનું ખત) એમાં સન ૧૮૬૫ના હિંદુસ્તાનના વારસા બાબતના આકટની ૨૫૬મી કલમ મુજબ, સન ૧૮૭૩ના સરકારી સેવીંગ્સ બેંકના આકટની ૬ઠી કલમ મુજબ, સન ૧૮૮૧ના પ્રોબેટ બાબતના તથા વહીવટ ચલાવવા બાબતના આકટની ૭૮મી કલમ મુજબ, અથવા સન ૧૮૮૯ના વારસાના સર્ટિફિકેટના આકટની ૯મી અથવા ૧૦મી કલમ મુજબ આપેલા બાંડનો સમાવેશ થાય છે:—	
(અ) રકમ ૧૦૦૦ રૂપીયા કરતાં વધારે ન હોય ત્યારે....	તે રકમના બાંડ ઉપર (નં. ૧૫) જે ડયુટી પડે છે તે.
(બ) બીજે કોઈપણ પ્રસંગે.	પાંચ રૂપીયા.

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપડયુટી.
૩. "દત્તક પત્ર, એટલે"—જેમાં દત્તવિધાનની નોંધ હોય અથવા જેના ઉપરથી દત્તક લેવાનો અધિકાર આપ્યો હોય અથવા આપ્યાનું જણાતું હોય એવો (મૃત્યુપત્ર શિવાયનો બીજો કોઈપણ લેખ. … …. … …. …. …	દશ રૂપીયા.
"એડવોકેટ" એડવોકેટ દાખલ નોંધ જુઓ (નં. ૩૦).	
૪. "એફિડેવિટ"—એમાં, સમખાવાને બદલે પ્રતિજ્ઞા અથવા એકરાર કરવાનો કાયદા ઉપરથી અધિકાર હોય તે સખસોએ કરેલી પ્રતિજ્ઞા અથવા એકરારનો સમાવેશ થાય છે…. ….	એક રૂપીયો.
માફી.	
એફિડેવિટ અથવા લેખી એકરાર જ્યારે:—	
(અ) હિંદુસ્તાનના લશ્કરી આઈન પ્રમાણે નામ દાખલ થવાની શરત તરીકે કર્યો હશે ત્યારે;	
(બ) પ્રત્યક્ષ કોઈપણ કોર્ટમાં અથવા કોઇપણ કોર્ટના અમલદાર આગળ ફૈલ અથવા ઉપયોગ કરવાના કારણ સારૂ કર્યો હશે ત્યારે; અથવા	
(ક) કોઈપણ માણસ કોઈપણ પેન્શન અથવા ધર્માદા નેમણુક લેવાને શક્તિવાન થાય તેટલાજ કારણ સારૂ કર્યો હશે ત્યારે.	
૫. "કબુલાત અથવા કબુલાતની યાદી:—	
(અ) કોઇપણ બીલ ઑફ એકસચેન્જના વેચાણ સંબંધી હશે તો.	બે આના.
(બ) કોઈપણ સરકારી સિકયુરિટીના, અથવા સંસ્થાપિત કંપની માંહેના અથવા બીજી એકવ્યકિતભુત મંડળી માંહેના શેરના વેચાણ સંબંધી હશે તો.	દર દસ હજારે અથવા તેના ભાગે એક આનો પણ રૂ.૧૦ થી વધારે નહિ.
(ક) તે બાબત બીજી રીતનો ઠરાવ કર્યો ન હોય તો. ….	આઠ આના.
માફી.	
કબુલાત અથવા કબુલાતની યાદી:—	
(અ) માલ અથવા વેપારની જણસનાજ ફકત વેચાણ બાબત અથવા વેચાણ સંબંધી હશે, અને તે ૪૩મા નંબર પ્રમાણે ડયુટી પડવા જોગ ચીઠી અથવા યાદી નહીં હશે તે;	

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડયુટી.
(બ) કોઈપણ લોન સારૂ અથવા લોન સંબંધી હિંદુસ્તાન સરકારને આપેલા ટેન્ડરના નમુના પ્રમાણે કરી હશે તે.	
(ક) સન ૧૮૭૪ના યુરોપિયન વેગ્રન્સી આકટની ૧૭મી કલમ પ્રમાણે કરેલી હોય તે.	
"લીસ કરી આપવા વિશેની કબુલત"—લીસ જુઓ (નં. ૩૫).	
૬. "રાસ્ત ગીરો"—(ઈકિવીટેબલ માર્ટગેજ) દાખલ કબુલાત, સત્તાધિકારનાં ખતો (ટાઈટલ ડીડ) અથવા બીજું કીંમતી તારણ અનામત રાખીને અથવા જંગમ મીલકત રાખીને ધીરેલાં નાણાં પાછા મળવાના બંદોબસ્ત સારૂ કરેલી કબુલાત દર્શાવનારો કોઈપણ લેખઃ—	
(અ) જ્યારે એવાં નાણાં તે લેખની તારીખથી ત્રણ મહીના કરતાં વધારે હોય, પણ એક વર્ષ કરતાં વધારે ન હોય, એવી મુદતે પાછા આપવાનાં હોય ત્યારે;	તેટલીજ રકમના બિલ ઓફ એકસચેંજ [નં ૧૩ (બ)] ઉપર જે ડયુટી પડે છે તે.
(બ) જ્યારે એવાં નાણાં તે લેખની તારીખથી ત્રણ મહીના કરતાં વધારે મુદતે પાછા આપવાના ન હોય ત્યારે.	તેટલીજ કરમના બીલ ઓફ એકસચેંજ [નં ૧૩ (બ)] ઉપર પડનારી ડયુટીની અડધી ડયુટી.
માફી.	
ગીરોખત નિચે આપેલી માફી જુઓ (નં. ૪૦).	
૭. "અધિકાર ચલાવીને કરેલું અપોઈન્ટમેંટ"—તે પછી ટ્રસ્ટીઓનું હોય અથવા સ્થાવર અથવા જંગમ મીલકતનું હોય અને મૃત્યુપત્ર નહિ હોય એવા કોઈપણ લેખથી કર્યું હોય ત્યારે.	પંદર રૂપીયા.
૮. "આકારેલી કીંમત"—ફરિયાદ ચાલતી હોય તે દરમિયાન કોર્ટના હુકમ મુજબ આકારવાની તે શિવાય બીજી રીતેઃ—	
(અ) રકમ ૧૦૦૦ રૂપીયા કરતાં વધારે ન હોય ત્યારે.	એવી રકમના બાંડ પર (નં. ૧૫) જેટલી ડયુટી પડે છે તેટલી.
(બ) બીજે કોઈપણ પ્રસંગે.	પાંચ રૂપીયા.

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડ્યુટી.
માફી.	
(અ) જે કીંમત માત્ર એકજ પક્ષકારની માહિતી સારૂ હોય અને જે કબુલાતને લીધે અથવા કાયદાના અમલને લીધે પક્ષકારોને કોઇપણ રીતે માન્ય કરવાની જરૂર ન હોય તે.	
(બ) જમીનદારને ગણોત તરીકે આપવાની રકમ ઠરાવવા સારૂ પાકની આકારેલી કીંમત.	
૯. "અપ્રેંટીસશિપ ડીડ"—(શિખવા સારૂ રહેવાના કરાર બદલનું ખત), એમાં કોઇપણ પેશો, ધંધો અથવા કામ શિખવા સારૂ કોઇપણ ધણીના હાથ નિચે મુકેલા કોઈપણ અપ્રેન્ટિસ (શિખાઉ) કારકુન અથવા નોકરની ચાકરી સંબંધી અથવા તેને શિખવવા સંબંધી આર્ટીકલ્સ ઑફ કલાર્કશિપ (નં. ૧૧) નહિ હોય એવા દરેક લેખનો સમાવેશ થાય છે.	પાંચ રૂપીઆ.
માફી.	
જે અપ્રેંટિસશિપનો લેખ સન ૧૮૫૦ના અપ્રેન્ટિસ આકટ મુજબ માજીસ્ટ્રેટે કરી આપ્યો હશે, અથવા જે ઉપરથી કોઇ પણ માણસને કોઇપણ સાર્વજનિક ધર્માદા સંસ્થાએ અથવા તેના પૈસાને ખર્ચે એપ્રેન્ટિસ રાખ્યો હશે તે.	
૧૦. "કંપનીની આર્ટીકલ્સ ઓફ એસોસિયેશન."	પચીસ રૂપીઆ.
માફી.	
નફા વાસ્તે ન સ્થાપેલી તથા સન ૧૮૮૨ના હિંદુસ્તાનના કંપનીના આકટની ૨૬મી કલમ મુજબ રજીસ્ટર કરેલી કોઇપણ એસોશિયેશનની આર્ટિકલ્સ.	
કંપનીનું મેમોરંડમ ઓફ એસોસિયેશન (નં. ૩૯) પણ જુઓ.	
૧૧. "આર્ટીકલ્સ આફ કલાર્કશિપ"—અથવા કરાર, જે ઉપરથી કોઈ સખસ કોઇપણ હાઈકોરટમાં એટર્નિ દાખલ રજુ થવા સારૂ કલાર્કનું કામ કરવાને પ્રથમ બંધાય છે તે ..	બસો પચાસ રૂપીઆ.

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડયુટી.
" અસૈનમેંટ " પ્રસંગ પ્રમાણે, કન્વેયન્સ (ન. ૨૩). તબદીલી (નં. ૬૨) અને લીસની તબદીલી (નં. ૬૩) જુઓ.	
" અટર્ની " અટર્ની દાખલ નોંધ (નં. ૩૦) તથા મુખત્યારનામું નં. ૪૮ જુઓ.	
" દત્તક લેવાનો અધિકાર પત્ર. " દત્તક પત્ર (નં. ૩) જુઓ.	
૧૨. " નીવાડો "—એટલે, ફરિયાદ ચાલતી હોય તે દરમયાન કોર્ટના હુકમથી પ્રકરણ સોંપવામાં આવે છે તે શિવાય બીજી રીતે પ્રકરણ સોંપવામાં આવ્યાથી, વિભાગ કરવા વિષેનો હુકમ ફરમાવવા બાબતનો નીવાડો ન હોય એવો લવાદે અથવા સરપંચે કરેલો કોઈપણ લેખી ઠરાવ—	
(અ) જે મિલકત સંબંધી તે નીવાડો હોય તેની તે નીવાડામાં લખેલી રકમ અથવા કિંમત ૧૦૦૦ રૂપીયા કરતાં વધારે ન હોય ત્યારે	એટલીજ રકમના બાંડ ઉપર (નં. ૧૫) જેટલી ડયુટી પડે છે તેટલી.
(બ) બીજે કોઈ પ્રસંગે	પાંચ રૂપીયા.
માફી.	
સન ૧૮૭૩ ના મુંબઈના ડિસ્ટ્રીકટ મ્યુનિસિપલ આકટની ૮૧મી કલમ મુજબનો, અથવા સન ૧૮૭૪ના મુંબઈના વંશપરંપરાના હોદાઓ બાબતના આકટની ૧૮મી કલમ મુજબનો નીવાડો.	
૧૩. " બિલ ઓફ એકસચેંજ, હુંડી અને પ્રોમીશરી નોટ " (કલમ ૨(૨) તથા (૩) માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનુ), બાંડ ન હોય એવું, અથવા બેંકનોટ અથવા ચલણી નોટઃ—	
(અ) માગે કે તરત પગાર કરવાનું હોય ત્યારે....	એક આનો.

				એકજ લખ્યું હોય તો.			બેનો સેટ લખ્યો હોય તો તે સેટના દરેક ભાગ ઉપર.			ત્રણનો સેટ લખ્યો હોય તો તે સેટના દરેક ભાગ ઉપર.		
(બ) માગે કે તરત નહિ, પણ બીજીરીતે પગાર કરવાનું હોય, પણ તેની તારીખથી અથવા તે દેખાડયા પછી એક વર્ષ કરતાં વધારે ન હોય એટલી મુદ્દતે પગાર કરવાનું હોય ત્યારે,—				રૂ૦.	આ.	પૈ.	રૂ.	આ.	પૈ.	રૂ.	આ.	પૈ.
બિલની અથવા નોટની રકમ ૨૦૦ રૂપિયા કરતાં વધારે ન હોય તો				૦	૩	૦	૦	૨	૦	૦	૧	૦
તે ૨૦૦ રૂપિયા કરતાં વધારે હોય અને ૪૦૦ રૂપિયા કરતાં વધારે ન હોય તો				૦	૬	૦	૦	૩	૦	૦	૨	૦
૪૦૦	”	૬૦૦	”	૦	૯	૦	૦	૫	૦	૦	૩	૦
૬૦૦	”	૮૦૦	”	૦	૧૨	૦	૦	૬	૦	૦	૪	૦
૮૦૦	”	૧,૦૦૦	”	૦	૧૫	૦	૦	૮	૦	૦	૫	૦
૧,૦૦૦	”	૧,૨૦૦	”	૧	૨	૦	૦	૯	૦	૦	૬	૦
૧,૨૦૦	”	૧,૬૦૦	”	૧	૮	૦	૦	૧૨	૦	૦	૮	૦
૧,૬૦૦	”	૨,૫૦૦	”	૨	૪	૦	૧	૨	૦	૦	૧૨	૦
૨,૫૦૦	”	૫,૦૦૦	”	૪	૮	૦	૨	૪	૦	૧	૮	૦
૫,૦૦૦	”	૭,૫૦૦	”	૬	૧૨	૦	૩	૬	૦	૨	૪	૦
૭,૫૦૦	”	૧૦,૦૦૦	”	૯	૦	૦	૪	૮	૦	૩	૦	૦
૧૦,૦૦૦	”	૧૫,૦૦૦	”	૧૩	૮	૦	૬	૧૨	૦	૪	૮	૦
૧૫,૦૦૦	”	૨૦,૦૦૦	”	૧૮	૦	૦	૯	૦	૦	૬	૦	૦
૨૦,૦૦૦	”	૨૫,૦૦૦	”	૨૨	૮	૦	૧૧	૪	૦	૭	૮	૦
૨૫,૦૦૦	”	૩૦,૦૦૦	”	૨૭	૦	૦	૧૩	૮	૦	૯	૦	૦
અને ૩૦,૦૦૦ રૂપિયા ઉપરના દર ૧૦,૦૦૦ રૂપીયે અથવા ૧૦,૦૦૦ રૂપિયાના ભાગે				૯	૦	૦	૪	૮	૦	૩	૦	૦

(ક) તારીખ પછી અથવા જોયા પછી એક વર્ષ કરતાં વધારે મુદ્દતે પગાર કરવાનું હોય ત્યારે.	તે રકમના બાંડ ઉપર (નં. ૧૫) જેટલી ડયુટી પડે છે તેટલી.

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડ્યુટી.
૧૪. **બિલ ઑફ લેડિંગ** (એમાં બિલ ઑફ લેડિંગનો સમાવેશ થાય છે.)	ચાર આના. **ટીપ**:—જો બિલ ઑફ લેડિંગ કટકે કટકે લખ્યું હશે તો તે બદલનો યોગ્ય સ્ટાંપ સેટમાંના દરેક ભાગ ઉપર હોવો જોઇયે.
માફી.	
(અ) જ્યારે બિલ ઑફ લેડિંગમાં લખેલો માલ સન ૧૮૮૯ ના હિંદુસ્તાનના બંદરો બાબતના આકટમાં કરેલી વ્યાખ્યા પ્રમાણેના કોઈપણ બંદરની હદ માંહેની કોઈપણ જગાએ લીધો હશે અને તેજ બંદરની હદમાંહેની બીજી કોઈપણ જગાએ સ્વાધીન કરવાનો હશે ત્યારે તે.	
(બ) જ્યારે બિલ ઑફ લેડિંગ બ્રિટીશ હિંદુસ્તાનની બાહાર કરયું હશે અને બ્રિટીશ હિંદુસ્તાનમાં સ્વાધીન કરવાની મિલકત બાબતનું હશે ત્યારે તે.	
૧૫. **બાંડ** [કલમ ૨ (૫) માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનું], ડિબેંચર (નંબર ૨૭) ન હોય એવું, તથા જે બાબત આ આકટમાં અથવા સન ૧૮૭૦ના કોર્ટની ફીના આકટમાં બીજી રીતે ઠરાવ કર્યો ન હોય એવું,—	
તેની રકમ અથવા કિંમત ૧૦ રૂપિયા કરતાં વધારે ન હોય ત્યારે	બે આના.
તે ૧૦ રૂપિયા કરતાં વધારે હોય પણ ૫૦ રૂપિયા કરતાં વધારે ન હોય ત્યારે.	ચાર આના.
એજન ૫૦ રૂ. એજન. ૧૦૦ ,,	આઠ આના.
,, ૧૦૦ ,, ૨૦૦ ,,	એક રૂપીયો.
,, ૨૦૦ ,, ૩૦૦ ,,	એક રૂપીયો આઠ આના
,, ૩૦૦ ,, ૪૦૦ ,,	બે રૂપીયા.
,, ૪૦૦ ,, ૫૦૦ ,,	બે રૂપીયા આઠ આના.

લેખનો પ્રકાર.					યોગ્ય સ્ટાંપ ડયુટી.
,,	૫૦૦	,,	૬૦૦	,,	ત્રણ રૂપીયા.
,,	૬૦૦	,,	૭૦૦	,,	ત્રણ રૂપીયા આઠ આના.
,,	૭૦૦	,,	૮૦૦	,,	ચાર રૂપીયા.
,,	૮૦૦	,,	૯૦૦	,,	ચાર રૂપીયા આઠ આના.
,,	૯૦૦	,,	૧૦૦૦	,,	પાંચ રૂપીયા.
અને ૧૦૦૦ રૂપીયા ઉપરના દર ૫૦૦ રૂપીયે અથવા ૫૦૦ રૂપીયાના કોઈપણ ભાગે.					બે રૂપીયા આઠ આના.

આડમિનિસ્ટ્રેશન બાંડ, (નં. ૨), બાટમરી બાંડ, (નં. ૧૬), કસ્ટમ્સ બાંડ (નં. ૨૬), ઈંડેમનિટી બાંડ (નં. ૩૪), રિસ્પાં-ડેનસિયા બાંડ (નં. ૫૬), સિક્યુરિટી બાંડ (નં. ૫૭) જુઓ.

માફી.

જ્યારે બાંડઃ—

(અ) સન ૧૮૭૬ના બંગાલાના ઈરિગેશન બાબતના આકટની ૯૯મી કલમ મુજબ કરેલી કાનુનો પ્રમાણે નિમેલા મુખીઓએ તે આકટ પ્રમાણે પોતાનું કર્તવ્ય કર્મ યોગ્ય રીતે કરવા સારૂ કર્યું હોય ત્યારે તે,

(બ) કોઈપણ માણસે ધર્મના દવાખાના અથવા આસપિટલ અથવા લોકોપયોગી બીજાં કોઈપણ કામસારૂ ખાનગી ઉઘરાણાની સ્થાનિક ઉપજ દર મહિને અમુક રકમ કરતાં કમી થશે નહિ એવી હામી આપવા સારૂ,

કર્યું હોય ત્યારે તેઃ—

૧૬. "બાટમરી બાંડ"—એટલે, સમુદ્રમાં જનારા વહાણનો માસ્તર પોતાનું વહાણ સહીસલામત રાખી શકે એટલા માટે અથવા તે આગળ સફરે જઈ શકે એટલા માટે તે વહાણના તારણ ઉપર જે લેખ ઉપરથી પૈસા કરજે કાહાડે છે તે લેખ.	તેટલીજ રકમ બદલના બાંડ ઉપર (નં. ૧૫) જેટલી ડયુટી પડે છે તેટલી.

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડ્યુટી.
૧૭. "રદ કરવાનો લેખ"—અગાઉ કરી આપેલો કોઈપણ લેખ જે ઉપરથી રદ્દ કર્યો હોય તે સુધ્ધાં, જો તે ઉપર સાખ કરી હોય તથા તે બાબત બીજી રીતે ઠરાવ કર્યો ન હોય તો....	પાંચ રૂપીયા.
ફારગતી (નં. ૫૫), વ્યવસ્થાપત્ર રદ્દ કરવાનો લેખ (નં. ૫૮ બ), લીસ છોડી દેવાનો દસ્તાવેજ (નં. ૬૧), ટ્રસ્ટ રદ કરવાનો લેખ (નં. ૬૪ બ) પણ જુઓ.	
૧૮. "વેચાણનો દાખલો"—(જુદા જુદા લાટમાં હરાજ કરીને વેચેલી દરેક મિલકત બાબતનો), દિવાની અથવા રેવેન્યુ કોર્ટે અથવા કલેકટરે અથવા બીજા કોઈ રેવેન્યુ આફીસરે જાહેર લીલામ કરીને વેચેલી કોઈપણ મિલકતના ખરીદદારને આપેલો:—	
(અ) ખરીદીના પૈસા ૧૦ રૂપીયા કરતાં વધારે ન હોય ત્યારે.	બે આના.
(બ) ,, ૧૦ રૂપીયા કરતાં વધારે હોય પણ ૨૫ રૂપીયાથી વધારે ન હોય ત્યારે...	ચાર આના.
(ક) બીજે કોઈપણ પ્રસંગે	ખરીદીના પૈસાની રકમ જેટલા જ અવેજ બદલના કન્વેયન્સ ઉપર (નં. ૨૩) જેટલી ડ્યુટી પડે છે તેટલી.
૧૯. "દાખલો અથવા બીજો દસ્તાવેજ"—તેના ધારણ કરનારનો અથવા કોઈપણ બીજા માણસનો, કોઈપણ સંસ્થાપિત કંપની માંહેના અથવા બીજી એકવ્યકિતભુત મંડળી માંહેના અથવા કોઈપણ સંસ્થાપિત મંડળીના અથવા બીજી એકવ્યકિતભુત મંડળીના કોઈપણ શેરો વિશે, સ્ક્રિપવિશે (ભંડોળના ભાગના દાખલા વિશે) અથવા સ્ટાક (ભંડોળ) વિશે હક અથવા સત્તાધિકાર છે એવું અથવા એવી કંપની માંહેના અથવા મંડળી માંહેના અથવા એવી કંપનીના અથવા મંડળીના શેરોનો, સ્ક્રિપનો અથવા સ્ટાકનો ધણી થવાનો હક અથવા સત્તાધિકાર છે એવું દર્શાવનારો	એક આનો.
શેરોનો લેટર ઓફ અલાટમેંટ (નં ૩૬) પણ જુઓ.	

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડયુટી.
૨૦. "ચાર્ટરપાર્ટી,"—એટલે, વહાણ અથવા તેનો કોઇપણ નિર્દીષ્ટ કરેલો મુખ્ય ભાગ, નોરે માંડનારનાં (ચાર્ટરરનાં) નિર્દીષ્ટ કરેલાં કારણ સારૂ જે લેખ ઉપરથી નોરે આપ્યો હશે તે લેખ (પાગડ બાંધીને લઈ જનારી આગબોટ ભાડે લેવાની કબુલાત શિવાય), પછી તેમાં શિક્ષા બદલ ઠરાવ હોય અથવા ન હોય...	એક રૂપિયો
૨૧. "ચેક"—(કલમ ૨ (૭)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનો) ...	એક આનો.
૨૨. "તોડજોડનું ખત"—એટલે, જે લેખ કોઈ દેણદારે કરી આપ્યો હોય અને જે ઉપરથી તે પોતાની મિલકત પોતાના લેણદારના હિત સારૂ કન્વે કરી આપે છે, અથવા જે ઉપરથી તે લેણદારોના લેણાની તોડજોડનો અવેજ અથવા વેહેચણી તેઓને મળવાનો બંદોબસ્ત કરવામાં આવે છે, અથવા તે દેણદારોનું કામ ઇન્સ્પેકટરોની દેખ-રેખ હેઠળ અથવા લેટર્સ આફ લૈસેન્સ પ્રમાણે તેના લેણ-દારોના હિતસારૂં ચલાવવા વિશે જે ઉપરથી ઠરાવેલું હોય છે તે લેખ	દશ રૂપિયા.
૨૩. "કન્વેયન્સ"—(કલમ ૨ (૧૦)માં વ્યાખ્યા કર્યા પ્રકારનું). જે બદલ ૬૨ મા નંબર મુજબ ડયુટી કહી હોય અથવા માફી આપી હોય એવી તબદીલી ન હોય એવું:—	
એવા કન્વેયન્સના અવેજની જે રકમ અથવા કિંમત તેમાં લખી હોય તે ૫૦ રૂપીઆ કરતાં વધારે ન હોય તો.	આઠ આના.
તે ૫૦ રૂપિયા કરતાં વધારે હોય પણ ૧૦૦ રૂપિયાથી વધારે ન હોય તો....	એક રૂપિયો
,, ૧૦૦ ,, ૨૦૦ ,,	બે રૂપિયા.
તે ૨૦૦ રૂપીઆ કરતાં વધારે હોય પણ ૩૦૦ રૂપિયાથી વધારે ન હોય તો...	ત્રણ રૂપિયા
,, ૩૦૦ ,, ૪૦૦ ,,	ચાર રૂપિયા
,, ૪૦૦ ,, ૫૦૦ ,,	પાંચ રૂપિયા
,, ૫૦૦ ,, ૬૦૦ ,,	છ રૂપિયા
,, ૬૦૦ ,, ૭૦૦ ,,	સાત રૂપિયા

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડયુટી.
,, ૭૦૦ ,, ૮૦૦ ,,	આઠ રૂપિયા
,, ૮૦૦ ,, ૯૦૦ ,,	નવ રૂપિયા
,, ૯૦૦ ,, ૧૦૦૦ ,,	દશ રૂપિયા
અને ૧૦૦૦ રૂપિયા ઉપરના દર ૫૦૦ રૂપિયે અથવા તેના કોઈ પણ ભાગે	પાંચ રૂપિયા

માફી.

સન ૧૮૪૭ ના હિંદુસ્તાનના ગ્રંથ સ્વામિત્વ બાબતના (કાપી-રાઈટના) આકટની ૫ મી કલમ મુજબ મજકુર દાખલ કરીને ગ્રંથ સ્વામિત્વ સોંપી દેવાનો લેખ.

“ સહ પંત્યાળાનું ખત”—પંત્યાળું (નં. ૪૬) જુઓ.

૨૪. “ નકલ અથવા ઉતારો, ”—જે ખરી નકલ અથવા ઉતારો હોવા બદ્દલ કોઈપણ સરકારી અમલદારે અથવા તેના હુકમ ઉપરથી સહી કરી હોય અને જે કોર્ટની ફીનો જે કાયદો વિદ્યમાનકાળે અમલમાં હોય તે કાયદા મુજબ ફી પડવા જોગ નહી હશે તેઃ—

(૧) જો તેનો અસલ ડયુટી પડવાજોગ નહી હશે અથવા તે ઉપર પડવાજોગ ડયુટી એક રૂપિયા કરતાં વધારે નહિ હશે તો....	આઠ આના
(૨) બીજે કોઇ પણ પ્રસંગે....	એક રૂપિયો

માફી.

(અ) કોઈપણ કાગળની નકલ, જે કોઈપણ સરકારી કચેરીના દફતરમાં રાખવા સારૂ અથવા કોઈપણ સરકારી અમલદારે કરવાની અથવા આપવાની જરૂર છે એમ કાયદામાં સ્પષ્ટપણે કહ્યું હોય તે.

(બ) જન્મ બાપ્ટીઝમ, નામ કરણ, અર્પણ, લગ્ન મરણ અથવા દફન સંબંધી રજીસ્ટરમાંની નકલ અથવા તેમાંનો ઉતારો.

૨૫. “ સામોલેખ અથવા ડુપ્લિકેટ ”—ડયુટી પડવાજોગ હશે એવા અને જે બાબત યોગ્ય ડયુટી આપી હશે એવા કોઈપણ લેખનોઃ—

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડયુટી.
(અ) અસલ લેખ ઉપર જે ડયુટી પડવા જોગ હોય તે એક રૂપીયા કરતાં વધારે ન હોય તો	અસલ લેખ ઉપર જેટલી ડયુટી પડવા જોગ હશે તેટલી ડયુટી.
(બ) બીજે કોઈપણ પ્રસંગે.	એક રૂપિયો.
માફી.	
ખેડુતને આપેલા જે કોઇપણ લીસની ડયુટી માફ હશે તેનો સામો લેખ.	
૨૬. "કસ્ટમ્સ બાંડ":—	
(અ) રકમ ૧૦૦૦ રૂપીયા કરતાં વધારે ન હોય ત્યારે...	એટલીજ રકમના બાંડ ઉપર (નં ૧૫) જેટલી ડયુટી પડે છે તેટલી ડયુટી.
(બ) બીજે કોઈપણ પ્રસંગે	પાંચ રૂપિયા.
૨૭. "ડિબેંચર"—(ગીરો બાબત હોય અથવા ન હોય). જે બજારમાં વેચવા લાયક સિકયુરિટી હોય અને જે:—	
(અ) શેરો લખીને અથવા તબદીલીનો જુદો લેખ કરીને,	તેટલીજ રકમના બાંડ ઉપર (નં. ૧૫) જેટલી ડયુટી પડે છે તેટલી.
(બ) સ્વાધીન કરીને, તબદીલ કરવા જોગ હોય તે.	ડીબેંચરના મુખ પૃષ્ટ ઉપર લખેલી રકમ જેટલા અવેજના કન્વેયન્સ (નં. ૨૩) ઉપર જેટલી ડયુટી પડે છે તેટલી.
ખુલાસો—ડિબેંચર આ શબ્દમાં ડિબેંચરને જોડેલા કોઇપણ વ્યાજના કુપનોનો સમાવેશ થાય છે. પણ ડયુટી આકારતી વખતે આવા કુપનોની રકમ ગણવી નહીં.	
માફી.	
જે નોંધેલા ગીરોખત ઉપર તેની રૂયે કાહાડવાના ડિબેંચરોની પુરી રકમ બદલ યોગ્ય સ્ટાંપ હોય તથા જેને યોગે કોઇ સંસ્થાપિત કંપની અથવા એકવ્યક્તિભુત મંડળી	

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડયુટી
ડિબેંચરો ધારણ કરનારાઓના હિતસારૂ પોતાની મિલકત સર્વાંશે અથવા કાંઇ અંશે ટ્રસ્ટીઓને સ્વાધીન કરે છે તે ગીરોખતના મચકુર પ્રમાણે કરજ કાઢનારી કંપનીએ અથવા મંડળીએ કહાડેલું ડિબેંચર, પણ એવું ઠરાવ્યું છે કે એવા કહાડેલાં ડિબેંચરો સદરહુ ગીરો ખતના મચકુર પ્રમાણે કહાડેલાં છે એવું નિર્દિષ્ટ કરેલું હોવું જોઇએ.	
વળી બાંડ (નં. ૧૫) તથા કલમો ૮ અને ૫૫ જુઓ.	
"કોઈપણ ટ્રસ્ટ બાબત જ્ઞાપન"—ટ્રસ્ટ (નં. ૬૪) જુઓ.	
૨૮. "માલ બાબતનો ડિલિવરી આરડર"—એટલે, કોઇપણ ગોદીમાં અથવા બંદરમાં હોય તેવો અથવા જે વખારમાં માલ ભાડે ભરી રાખવામાં આવે છે તે વખારમાં હોય તેવો અથવા કોઈપણ ડક્કા ઉપર હોય તેવો માલ લેવાનો હક્ક જે લેખ ઉપરથી તે લેખમાં લખેલા માણસને અથવા તેના આસૈનને અથવા તે લેખ ધારણ કરનારાને મળે છે, અને જે ઉપર, તે માલ ઉપરનું સ્વામિત્વ વેચવાના અથવા તબદીલ કરવાના પ્રસંગે તે માલના માલેકે અથવા તેની તરફથી સહી કરી હશે એવો લેખ, તે માલની કિંમત વીસ રૂપીયા કરતા વધારે હોય ત્યારે.	એક આનો
"સત્તાધિકારના ખત (ટાઈટલ ડીડસ) અનામત મુકવાનો દસ્તાવેજ"—રાસ્તગીરો બાબત કબુલાત (નં. ૬) જુઓ.	
"પત્યાળું તોડવાનો લેખ"—પંત્યાળુ (નં. ૪૬) જુઓ.	
૨૯. "છુટાછેડા બાબતનો લેખ—એટલે, જે લેખ ઉપરથી કોઈપણ માણસ પોતાનો વિવાહ સંબંધ તોડે છે તે....	એક રૂપિયો
"સ્રીધન બાબત લેખ"—વ્યવસ્થા પત્ર (નં. ૫૮) જુઓ.	
"ડુપ્લિકેટ"—સામો લેખ (નં. ૨૫) જુઓ	
૩૦. સનંદ ઉપરથી અથવા સન ૧૮૮૪ના કાયદાના હિમાયતીઓ બાબતના આકટ ઉપરથી કોઈપણ હૈ કોર્ટને આપેલો અધિકાર ચલાવીને તે કોર્ટની યાદીમાં "આડવોકેટ, વકીલ અથવા અટર્ની" તરીકે કરેલી નોંધ:—	
(અ) આડવોકેટ અથવા વકીલની બાબતમાં...	પાંચસો રૂપિયા
(બ) અટર્નીની બાબતમાં	બસો પચાસ રૂપિયા

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડયુટી.
માફી.	
કોઈ હૈ કોર્ટની યાદીમાં જેનું નામ અગાઉ દાખલ થયું હોય તેની એવા આડવોકેટ, વકીલ અથવા અટર્ની તરીકે કોઈ પણ હાઈ કોર્ટની યાદીમાં કરેલી નોંધ.	
“રાસ્ત ગીરો”—રાસ્ત ગીરો દાખલ કબુલાત (નં. ૬) જુઓ.	
૩૧. “મિલકત અદલ બદલ કરવાનો લેખ	તે લેખમાં વત્તામાં વર્ત્તી કિમતની જે મિલકત લખી હશે તેની કિમતના જેટલા અવેજના કન્વેન્સ ઉપર (નં. ૨૩) જેટલી ડયુટી પડે છે તેટલી
“ઉતારો”—નકલ (નં. ૨૪) જુઓ.	
૩૨. “વધારે બોજા બદલનો લેખ”—એટલે, ગીરો મિલકત ઉપર વધારે બોજો નાખવા વિશેનો કોઈપણ લેખ:—	
(અ) જ્યારે અસલ ગીરો ૪૦મા નંબરની (અ) રકમમાં કહેલા પ્રકારનું (એટલે કબજા સાથેનું) હશે ત્યારે.	તે લેખ ઉપરથી નાંખેલા વધારે બોજાની રકમ જેટલા અવેજના કન્વેયન્સ ઉપર (નંબર ૨૩) જેટલી ડયુટી પડે છે તેટલી
(બ) જ્યારે એવું ગીરો ૪૦મા નંબરની (બ) રકમમાં કહેલા પ્રકારનું (એટલે કબજા સિવાયનું) હશે ત્યારે:—	
(૧) વધારે બોજા બદલનો લેખ કરી આપતી વખતે મિલકતનો કબજો તે લેખ મુજબ આપ્યો હોય અથવા આપવાનું કબુલ કર્યું હોય તો.	એવા બોજાની (અસલ ગીરો તથા અગાઉના કોઈ વધારે બોજા સુદ્ધાં) એકંદર રકમ જેટલા અવેજના કન્વેયન્સ ઉપર (નં. ૨૩) જેટલી ડયુટી પડે છે તેટલી ડયુટીમાંથી તે અસલ ગીરો ઉપર તથા વધારે બોજા ઉપર અગાઉથીજ આપેલી ડયુટી બાદ કરીને જે રહે તે.

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડયુટી.
(૨) કબજો ઉપર કહ્યા પ્રમાણે આપ્યો ન હોય તો	તે લેખ ઉપરથી નાખેલા વધારેના બોજાની રકમના બાંડ ઉપર (નં. ૧૫) જેટલી ડયુટી પડે છે તેટલી
૩૩. "બક્ષિસ પત્ર"–વ્યવસ્થાપત્ર (નં. ૫૮) અથવા મૃત્યુપત્ર અથવા તબદીલી (નં ૬૨) ન હોય એવું.	તે લેખમાં લખેલી મિલકતની કિંમત જેટલા અવેજના કન્વેયન્સ ઉપર (નં. ૨૩) જેટલી ડયુટી પડે છે તેટલી.
"ભાડે રાખવા બદલ કબુલાત" અથવા નોકરી બદલ કબુલાત. કબુલાત (નં. ૫) જુઓ.	
૩૪. "ઈન્ડેમનીટી બાંડ."	તેટલીજ રકમના જામીન ખત ઉપર (નં. ૫૭) જેટલી ડયુટી પડે છે તેટલી.
"ઈન્સ્પેકટરશિપ ડીડ"—તોડ જોડનું ખત (નં. ૨૨) જુઓ.	
"વિમો"—વિમાની પાલિસી (નં. ૪૭) જુઓ.	
૩૫. "લીસ"—એમાં અંડર લીસનો અથવા પેટા લીસનો તથા ભાડે અથવા પેટા ભાડે આપવાની કોઈપણ કબુલાતનો સમાવેશ થાય છે.––	
(અ) તે લીસ ઉપરથી ભાડુ ઠરાવ્યું હશે અને કાંઈપણ પ્રિમિયમ આપ્યું અથવા સ્વાધીન કરચું ન હશે ત્યારે–	
(૧) તે લીસ એક વર્ષ કરતાં ઓછી મુદ્દતનું છે એમ દેખાતું હશે ત્યારે;	તે લીસ મુજબ જે રકમ અથવા સ્વાધીન આપવાની કરવાની હોય તે સઘળી રકમ બદલના બાંડ ઉપર (નં. ૧૫) જેટલી ડયુટી પડે છે તેટલી.
(૨) તે લીસ એક વર્ષ કરતાં ઓછી નહિ પણ ત્રણ વર્ષ કરતાં વધારે નહિ એવી મુદ્દતનું દેખાતું હશે ત્યારે;	ઠરાવેલા સરાસરી વાર્ષીક ભાડાની રકમ અથવા કીંમત બદલના બાંડ ઉપર (નં. ૧૫) જેટલી ડયુટી પડે છે તેટલી.

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડયુટી.
(૩) તે લીસ ત્રણ વર્ષ કરતાં વધારે મુદતનું દેખાતું હશે ત્યારે;	ઠરાવેલા સરાસરી વાર્ષિક ભાડાની રકમ જેટલા અથવા કિંમત જેટલા અવેજ બદલના કન્વેયન્સ ઉપર (નં. ૨૩) જેટલી ડયુટી પડે છે તેટલી.
(૪) તે લીસ કોઈપણ નિયમિત મુદ્દતનું દેખાતું ન હોય ત્યારે	જો લીસ પહેલા દશ વર્ષ સુધી ચાલે તો તે માટે જે સરાસરી વાર્ષિક ભાડું આપવામાં અથવા સ્વાધીન કરવામાં આવે તેની રકમ જેટલા અથવા કિંમત જેટલા અવેજ માટેના કન્વેયન્સ ઉપર (નં. ૨૩) જેટલી ડયુટી પડે છે તેટલી.
(૫) તે લીસ હંમેશનું દેખાતું હોય ત્યારે...	તે લીસના પેહેલા પચાસ વર્ષ બદલ જે ભાડું આપવામાં અથવા સ્વાધીન કરવામાં આવે તેની સઘળી રકમના એક પંચમાંશ જેટલા અવેજ બદલના કન્વયન્સ ઉપર (નં. ૨૩) જેટલી ડયુટી પડે છે તેટલી.
(બ) ફાઈન અથવા પ્રિમિયમ સારૂ અથવા ધીરેલા પૈસા સારૂ લીસ આપ્યું હશે અને ભાડા બદલ ઠરાવ લખ્યો નહિ હશે ત્યારે;	તે લીસમાં તે ફાઈનની અથવા પ્રિમિયમની અથવા ધીરેલા પૈસાની રકમ અથવા કિંમત લખી હશે તેટલી રકમ અથવા કિંમત જેટલા અવેજ માટેના કન્વેયન્સ ઉપર (નં. ૨૩) જેટલી ડયુટી પડે છે તેટલી.

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડ્યુટી.
(ક) ફાઇન અથવા પ્રિમિયમ સારૂ અથવા ધીરેલા પૈસા સારૂ લીસ આપ્યું હશે અને વળી તેમાં ભાડા બદલ ઠરાવ લખ્યો હશે ત્યારે.	એવું ફૈન અથવા પ્રિમિયમ અથવા એવા પૈસા આપ્યાં નહોય અથવા સ્વાધીન કર્યા ન હોય તો તે લીસ ઉપર જે ડ્યુટી પડે તે અને તે ઉપરાંત તે લીસમાં તે ફૈનની અથવા પ્રિમિયમની અથવા પૈસાની જે રકમ અથવા કિંમત લખી હશે તેટલી રકમ અથવા કિંમત જેટલા અવેજ માટેના કન્વેયન્સ ઉપર(નં.૨૩) જેટલી ડ્યુટી પડે છે તેટલી:- પણ એવું ઠરાવ્યું છે કે કિંમત પ્રમાણે લીસ ઉપર જે સ્ટાંપની જરૂર હોય તેટલો સ્ટાંપ લીસ કરી આપવા વિશેની કબુલાતને માથે હશે અને તે કબુલાત પ્રમાણે પછીથી તે લીસ કરી આપવામાં આવ્યું હશે, ત્યારે તે લીસ ઉપરની ડ્યુટી આઠ આનાથી વધારે હોવી જોઇએ નહિં

માફી.

(અ) કોઇપણ ખેડુતની બાબતમાં તથા ખેતીના કારણ સારૂ, કાંઇ પણ ફાઇન અથવા પ્રિમિયમ આપ્યા શિવાય અથવા સ્વાધીન કર્યા શિવાય કરી આપેલું લીસ (એમા ખાવાના અથવા પીવાના પદાર્થ ઉત્પન્ન કરવા બાબતના ઝાડના લીસનો સમાવેશ થાય છે),

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપડયુટી.
જ્યારે નિયમિત મુદત લખી હોય અને તે મુદત એક વર્ષથી વધારે ન હોય ત્યારે, અથવા જ્યારે ઠરાવેલું સરાસરી વાર્ષિક ભાડું સો રૂપીયા કરતાં વધારે ન હોય ત્યારે;	
(બ) સન ૧૮૭૫ ના બ્રહ્મદેશના માછલી મારવાની જગા બાબતના આકટ મુજબ અથવા સન ૧૮૮૯ ના ઉત્તર બ્રહ્મદેશના જમીન તથા મેહેસુલ બાબતના કાયદા મુજબ આપેલું માછલી મારવાની જગાનું લીસ.	
૩૬. કોઈપણ કંપની માંહેના અથવા કરવા ધારેલી કંપની માંહેના શેરોના, અથવા કોઈપણ કંપનીએ અથવા કરવા ધારેલી કંપનીએ કહાડવાના લોન બાબતના શેરોનો "લેટર ઑફ એલ્લૉટમેન્ટ (શેરો વહેંચી આપવાનું પત્ર)..	એક આનો.
" દાખલો અથવા બીજો દસ્તાવેજ (નં. ૧૯) જુઓ.	
૩૭ "ભલામણ પત્ર,"—એટલે, જે કોઇ લેખ ઉપરથી એક માણસ બીજા માણસને, જે માણસ સારૂ તે લેખ લખ્યો હશે તેને ઉધાર આપવાનો અધિકાર આપે છે તે લેખ.	એક આનો.
" લેટર આફ ગ્યારંટી"—કબુલાત (નં. ૫) જુઓ.	
૩૮. "લેટર આફ લૈસેન્સ"—એટલે લેણદારે પોતાનાં માંગણાં અમુક મુદ્દત સુધી મોકુફ રાખવા અને દેણદારને પોતાની નજરમાં આવે તેમ તેનું કામ ચલાવવા દેવું એવી રીતની દેણદાર અને તેના લેણદાર વચ્ચે થયેલી કોઈપણ કબુલાત.	દસ રુપિયા.
૩૯. "કંપનીનું મેમોરેંડમ આફ એસોશિયેશન"—	
(અ) તેની સાથે સન ૧૮૮૨ના હિંદુસ્તાનના કંપનીના આકટ ની ૩૭ મી કલમ મુજબ આપેલી આર્ટિકલ્સ આફ એસોસિયેશન હોય તો	પંદર રૂપિયા.
(બ) તેની સાથે તે આર્ટિકલ્સ ન હોય તો	ચાલીસ રૂપિયા.

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડયુટી.
માફી.	
જે એસોસિયેશન ફાયદા સારૂ સ્થાપેલી ન હોય અને જે સન ૧૮૮૨ના હિંદુસ્તાનના કંપનીના આકટની ૨૬ મી કલમ મુજબ રજિસ્ટર કરેલી હોય એવી કોઈપણ એસોસિયેશનનું મેમોરેંડમ.	•
૪૦. "ગીરોખત"—જે ગીરો બાબત કબુલાત (નં. ૬). બાટમરી બાંડ (નં. ૧૬). પાકનું ગીરો (નં. ૪૧). રિસ્પાંડેન્ટશિયા બાંડ (નં. ૫૬), અથવા જામીન ખત (નં. ૫૭) ન હોય તે—	
(અ) તે ખતમાં લખેલી મિલકતનો અથવા તે મિલકતના કોઈ પણ ભાગનો કબજો, ગીરો મુકનારે આપ્યો હશે અથવા આપવાની કબુલાત કરી હશે ત્યારે.	તે ખતની રકમ જેટલા અવેજના કન્વેયન્સ ઉપર (નં૦ ૨૩) જેટલી ડયુટી પડે છે તેટલી.
(બ) તે કરતી વખતે સદરહુ પ્રમાણે કબજો આપ્યો ન હોય અથવા આપવાની કબુલાત કરી ન હોય ત્યારે.	તે ખતની રકમના બાંડ ઉપર (નં૦ ૧૫) જેટલી ડયુટી પડે છે તેટલી.
ખુલાસો—જે કોઈ ગીરો મુકનાર ગીરો રાખનારને ભાડું વસુલ કરવા સારૂ મુખત્યારનામું અથવા ગીરો મુકેલી મિલકતનું અથવા તેના ભાગનું લીસ આપતો હોય તે આ નંબરના અર્થ મુજબ કબજો આપે છે એમ સમજવું...	
(ક) તે ખત પેટાતારણ અથવા મદદગારી તારણ અથવા વધારે તારણ અથવા બદલે આપેલું તારણ હોય અથવા તે સદરહુ કારણ સારૂ વિશેષ બંદોબસ્ત કરવાના હેતુથી કરેલું હોય, અને મુખ્ય અથવા મુળ તારણખત ઉપર યોગ્ય સ્ટાંપ લગાડેલો હોય ત્યારે—	
૧૦૦૦ રૂપિયા કરતાં વધારે નહિ એવી દરેક રકમે.	આઠ આના.
અને ૧૦૦૦ રૂપિયા ઉપરાંત દર ૧૦૦૦ રૂપિયે અથવા તેના ભાગે	આઠ આના.

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડ્યુટી.
માફી.	
(૧) સન ૧૮૮૩ના જમીન સુધારવા બાબતના કરજના આકટ મુજબ અથવા સન ૧૮૮૪ના ખેડુતોને કરજ આપવા બાબતના આકટ મુજબ તગાવી લેનાર માણસોએ અથવા તે માણસોના જામીનોએ તે તગાવી ફેડવા સારૂ તારણ દાખલ કરી આપેલો લેખ.	
(૨) બિલ આફ એકસચેંજ સાથે હોય એવો લટર આફ હૈપોથીકેશન.	
(૩) માલ ગીરો મુકવાનો લેખ, તે ઊપર સાખ કરી ન હોય તો.	
૪૧. "પાકનું ગીરોખત"—એમાં, કોઈ પાક ગીરો મુકીને, પછી તે પાક એ પ્રમાણે ગીરો મુકતી વખતે વિદ્યમાન હોય કે નહી હોય, એવા ગીરો ઉપર ધીરેલું કરજ અદા કરવાના બંદોબસ્ત સારૂ કરેલી કબુલત દરશાવનારા કોઈ પણ લેખનો સમાવેશ થાય છે:—	
(અ) એવું કરજે ધીરેલું નાણું તે લેખની તારીખથી ત્રણ મહિના કરતાં વધારે નહિ હોય એવી મુદતની અંદર પાછું આપવાનું હોય ત્યારે:—	
૨૦૦ રૂપિયા કરતાં વધારે નહિ એવી દરેક રકમ ઉપર	એક આનો.
અને ૨૦૦ રૂપિયા કરતાં વધારે હોય એવી દર ૨૦૦ રૂપિયાની રકમે અથવા તેના ભાગે ...	એક આનો.
(બ) એવું કરજે ધીરેલું નાણું તે લેખની તારીખથી ત્રણ મહિના કરતાં વધારે પણ અઢાર મહીના કરતાં વધારે ન હોય એવી મુદતની અંદર પાછું આપવાનું હોય ત્યારે:—	

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડયુટી.
૧૦૦ રૂપિયા કરતાં વધારે નહિ એવી દરેક રકમે	ચાર આના.
અને ૧૦૦ રૂપિયા કરતાં વધારે હોય એવી દર ૧૦૦ રૂપિયાની રકમે અથવા તેના ભાગે	ચાર આના.
૪૨. "નોટરિ પબ્લિકના લખાણ"—એટલે, પોતાના હોદ્દાનું કામ કરતી વખતે નોટરી પબ્લિકે અથવા નોટરી પબ્લિક તરીકે કાયદેસર રીતે કામ કરનાર બીજા કોઈપણ માણસે કરેલો અથવા સહી કરેલો, પ્રોટેસ્ટ (નં. ૫૦) નહોય એવો, કોઇપણ લેખ, શેરો, ચીઠી, સાખ, દાખલો અથવા નોંધ....	એક રૂપિયો.
બિલનું અથવા ચીઠીનું પ્રોટેસ્ટ (ન. ૫૦) પણ જુઓ.	
૪૩. "ચીઠી અથવા યાદી"—પોતાના મુખ્યને ખાતે વિસ રૂપિયા કરતાં વધારે કિંમતનો કોઈપણ માલ, સ્ટાક અથવા બજારમાં વેચવા જોગ સિકયુરિટી વેચાતી લીધાનું અથવા વેચ્યાનું જણાવવા વિશે તે મુખ્યને દલાલે અથવા એજંટે પોતાના મુખ્યને ખાતે:—	
(અ) વીસ રૂપીઆ કરતાં વધારે કીંમતનો કોઈપણ માલ—	બે આના.
(બ) વીસ રૂપીયા કરતાં વધારે કીમતનો કોઈપણ સ્ટૉક, અથવા બજારમાં વેચવા યોગ્ય સીકયુરીટી વેચાતી લીધાનું અથવા વેચ્યાનું જણાવવા વિષે તે મુખ્યને મોકલેલી—	વધારેમાં વધારે દસ રૂપીઆની મર્યાદાને પાત્ર રહીને, સ્ટૉકની અથવા સીકયુરીટીની કીંમતના દર દસહજાર રૂપીઆ ઉપર અથવા તેના ભાગ ઉપર એક આનો—
૪૪. "નોટ આફ પ્રોટેસ્ટ"—વહાણના માસ્તરે કરેલી	આઠ આના.
વહાણના માસ્તરે કરેલો પ્રોટેસ્ટ (નં ૫૧) પણ જુઓ.	
"પૈસા આપવાનો હુકમ"—બિલ આફ એકસચેંજ (નં. ૧૩) જુઓ.	
૪૫. "વેહેંચણનો લેખ [કલમ ૨ (૧૫) માં વ્યાખ્યા કરેલા પ્રકારનો]	મિલકતમાંથી જુદા કરેલા હિસ્સા અથવા હિસ્સાઓની કિંમતની રકમના બાંડ ઉપર (નં. ૧૫) જેટલી ડયુટી પડે છે તેટલી.

ટીપ.—મિલકતની વેહેંચણુ થયા પછી બાકી રહેલા સર્વથી મ્હોટા હિસ્સામાંથી (અથવા સરખી કિંમતના બે અથવા વધારે હિસ્સા હોય અને તે બીજા હિસ્સામાંના કોઇપણ હિસ્સાથી નાહાના ન હોય તો એવા સરખાં હિસ્સામાંના એકમાંથી) બીજા હિસ્સા જુદા કર્યા છે એમ સમજવું.

પણ એવું ઠરાવ્યું છે કે—

(અ) મિલકતના અનેક હિસ્સા કરવા બાબતની કબુલાત જેમાં હોય એવો વહેચણુનો લેખ કરી આપવામાં આવ્યો હોય અને તે કબુલાત મુજબ વેહેચણુ કરવામાં આવી હોય ત્યારે, આ વેહેચણુના લેખ ઉપર પડવાજોગી ડયુટીમાંથી પહેલા લેખ બદલ આપેલી ડયુટીની રકમ ઓછી કરવી જોઇએ; પણ આ બીજા લેખ ઉપરની ડયુટી આઠ આનાથી ઓછી હોવી ન જોઇએ.

(બ) ત્રીસ વર્ષ કરતાં વધારે ન હોય એવી મુદતના રેવન્યુ ઠરાવ (સેટલમેન્ટ) મુજબ ધારણુ કરેલી અને પુરો આકાર આપનારી જનીનની બાબતમાં, ડયુટીના કારણુ સારૂ કિંમત આકારવી તે તે જમીનની વાર્ષિક મેહેસુલની પાંચ ગણી રકમ કરતાં વધારે હોવી ન જોઇયે;

(ક) કોઇપણુ રેવન્યુ અધિકારીએ અથવા કોઇપણુ દિવાની કોર્ટે વેહેચણુ કરવા બાબત કરેલા આખરના હુકમને, અથવા વેહેચણુ કરવાનું ફરમાવવા બાબતના લવાદના નિવાડાને, વેહેચણુના લેખને જરૂર હોય તેટલો સ્ટાંપ લગાડેલો હોય અને પછી તે હુકમ મુજબ અથવા નિવાડા મુજબ વેહેંચણુનો લેખ કરી આપવામા આવે ત્યારે એવા લેખ ઉપરની ડયુટી આઠ આના કરતાં વધારે હોવી ન જોઇયે.

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડયુટી.
૪૬. "પંત્યાળુ"—	
અ.—"પંત્યાળાનો"—લેખ:—	
(અ) પંત્યાળાની થાપણુ ૫૦૦ રૂપિયા કરતાં વધારે ન હોય ત્યારે	બે રૂપિયા આઠ આના.
(બ) બીજે કોઈ પણુ પ્રસંગે....	દશ રૂપિયા.
બ.—પંત્યાળુ તોડવાનો લેખ	પાંચ રૂપિયા.
૪૭. "વિમાની પાલીસી"—	

લેખનો પ્રકાર.	એક હોય તો.	ડયુપ્લીકેટ હોય તો દરેક માટે.
અ—સમુદ્રનો વિમો (કલમ ૭ જુઓ)—		
(૧) કોઈપણ સફર બાબત અથવા સફર ઉપર—		
(૧) સલામતી અથવા અવેજ તે પાલિસી ઉપરથી વિમો ઉતારેલી રકમ ઉપર દર સેંકડે બે ½આનાના અથવા એક અષ્ટમાંશ ટકાના દર કરતાં વધારે ન હોય ત્યારે	એક આનો	અર્ધો આનો.
(૨) બીજી કોઈપણ બાબતમાં, તે પાલિસીઉપરથી વિમો ઉતારેલી રકમના દર હજાર રૂપિયાની પુરી રકમ બદલ અને એક હજાર રૂપિયાના કોઈપણ અપુર્ણાંક ભાગ બદલ	બે આના.	એક આનો.
(૨) મુદત બાબત—		
(૩) તે પાલિસી ઉપરથી વિમો ઉતારેલી રકમના દર હજાર રૂપિયાની પુરી રકમ બદલ અને એક હજાર રૂપિયાના કોઇપણ અપુર્ણાંક ભાગ બદલ—		
વિમો છ મહિના કરતાં વધારે ન હોય એવી કોઈપણ મુદ્દતને ઉતાર્યો હોય ત્યારે ...	બે આના.	એક આનો.
વિમો છ મહિના કરતાં વધારે અને બાર મહિના કરતાં વધારે ન હોય એવી મુદ્દતનો ઉતાર્યો હોય ત્યારે	ચાર આના	બે આના.
"બ—આગનો વિમો—		
(૧) અસલ પાલિસીની બાબતમાં—		
(૧) વિમો ઉતારેલી રકમ ૫,૦૦૦ રૂપિયા કરતાં વધારે ન હોય ત્યારે		આઠ આના.
(૨) બીજી કોઈપણ બાબતમાં		એક રૂપિઓ.
અને		
(૨) અસલ પાલિસી નવી કરી આપી હોય ત્યારે તેની સલામતી આપી હોય તે બદલની દરેક પહોંચ બદલ.		અસલ પાલિસીઉપર જેટલી ડયુટી પડવાજોગ હશે તેની અડધી ડયુટી તથા તે શીવાય પરૂમી આર્ટીકલની રૂયે કાંઈ રકમ ચારજ કરવા જોગ હશે તો તે રકમ.

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડયુટી.
ક.—અકસ્માત તથા મંદવાડ બાબતનો વિમો—	એક આનો.
(અ) રેલવે ઉપરના અકસ્માત બાબત ફક્ત એકવડી મુસાફરી માટે ચાલનારો....	
માફી.	
કોઈ પણ રેલવેમાં વચલા અથવા ત્રીજા વર્ગમાં પ્રવાસ કરનારા ઉતારૂના સંબંધમાં ઉતાર્યો હોય ત્યારે.	
(બ) બીજે કોઈ પણ પ્રસંગે—કોઈ પણ એકજ અકસ્માત અથવા મંદવાડ બાબત આપવાની વત્તામાં વત્તી રકમ ૧૦૦૦ રૂપિયાથી વધારે ન હોય તો તે બાબત, અને તેમજ એવી રકમ ૧૦૦૦ રૂપિઆ કરતાં વધારે હોય તો, દર ૧૦૦૦ રૂપિયા બાબત અથવા તેના ભાગ બાબત.	
ડ.—જીંદગીનો વિમો અથવા જે બદલ સ્પષ્ટપણે ઠરાવ કર્યો નથી એવો બીજો વિમો, આ નંબરના ઈ ભાગમાં કહ્યા છે તેવા ફરીથી ઉતારેલા વિમા શિવાય	બે આના.
૧૦૦ રૂપિયા કરતાં વધારે નહિ હોય એવી વિમો ઉતારેલી દરેક રકમ બદલ અને તેમજ ૧૦૦૦ રૂપિયા ઉપર વિમા ઉતારેલા દર ૧૦૦૦ રૂપિયા બદલ અથવા તેના ભાગ બદલ	
(૧) એકજ પ્રત હોય ત્યારે	છ આના.
(૨) બે પ્રતો હોય તો દરેક બદલ...	ત્રણ આના.
માફી	
પોસ્ટ ખાતાના જીંદગીના વિમા બાબત હિંદુસ્તાન સરકારના અધિકારની રૂયે કરેલી કાનુનો મુજબ હિંદુસ્તાનના પોસ્ટ ઑફીસના ડાઈરેક્ટર જનરલે આપેલી જીંદગીના વીમાની પાલિસી.	

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડયુટી
ઈ.—સમુદ્રના વિમાની પાલિસી અથવા આગના વિમાની પાલિસી જે વિમાની કંપનીએ આપી હોય તે કંપની, અસલ વિમા ઉપરથી ઉતારેલી રકમનો અમુક ભાગ તે વિમાના સંબંધમાં આપવાની હામી અથવા જામીનગીરી તરીકે બીજી કોઈ પણ કંપની સાથે ફરીથી વિમો ઉતરાવે ત્યારે.	અસલ વિમાના સંબંધમાં આપવાની ડયુટીનો એક ચતુર્થાંશ ડયુટી, પણ તે એક આનાથી ઓછી અથવા એક રૂપિયાથી વધારે હોવી જોઇએ નહીં.
સાધારણ માફી.	
વિમાની પાલિસી આપવા વિશેનો લેટર ઑફ કવર અથવા એન્ગેજમેંટ પરંતુ એવું ઠરાવ્યું છે કે તે પાલિસી માટે આ આકટમાં જે સ્ટાંપ કહયો છે તે સ્ટાંપ લેટર ઉપર અથવા એન્ગેજમેંટ ઉપર હોયા શિવાય તે ઉપરથી કંઇ પણ દાવો કરી શકાશે નહિ તેમજ તેમાં લખેલી પાલિસી આપવાની ફરજ પાડવા શિવાય બીજા કોઇ પણ કારણ સારૂ તે ચાલશે નહિં.	
૪૮. "મુખત્યારનામું"—[કલમ ૨ (૨૧) માં વ્યાખ્યા કરેલા પ્રકારનું] પ્રાકસી (નં. ૫૨) ન હોય તેઃ—	
(અ) એકજ વ્યવહારના સંબંધમાં એક અથવા વધારે દસ્તાવેજ નોંધાવવાનાજ કેવળ કારણ સારૂ, અથવા એવા એક વધારે દસ્તાવેજ કરી આપવાનું કબુલ કરવાના કારણ સારૂં કર્યું હશે ત્યારે	આઠ આના.
(બ) સન ૧૮૮૨ના પ્રેસિડેન્સી સ્મોલ કોઝ કોર્ટ આકટ મુજબ ફરિયાદોમાં અથવા ચલાવેલા કામમાં જોઈતું હશે ત્યારે....	આઠ આના.
(ક) રકમ (અ) માં કહેલી બાબત શિવાય બીજા એકજ વ્યવહારમાં કામ કરવા સારૂ એક અથવા વધારે માણસને તે ઉપરથી અધિકાર આપવાનો હશે ત્યારે	એક રૂપીઓ.

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડયુટી.
(ડ) એક કરતાં વધારે વ્યવહારમાં અથવા સામાન્યત: એકાજતે, એકામતે અથવા પ્રત્યેકને કામ કરવા સારૂ પાંચ કરતાં વધારે નહિ એટલા માણસોને તે ઉપરથી અધિકાર આપવાનો હશે ત્યારે.	પાંચ રૂપિયા.
(ઇ) એક કરતાં વધારે વ્યવહારમાં અથવા સામાન્યત: એકાજતે, એકામતે અથવા પ્રત્યેકને કામ કરવા સારૂ પાંચ કરતાં વધારે પણ દસ કરતાં વધારે નહિ એટલા માણસોને તે ઉપરથી અધિકાર આપવાનો હશે ત્યારે...	દસ રૂપિયા.
(ફ) તે અવેજ સારૂ આપ્યું હશે તથા તે ઉપરથી કોઇ પણ સ્થાવર મિલકત વેચવાનો અધિકાર અટર્નિને આપવાનો હશે ત્યારે.	તે અવેજની રકમના કન્વેયન્સ ઉપર)નં. ૨૩) જેટલી ડયુટી પડે છે તેટલી.
(ગ) બીજે કોઈપણ પ્રસંગે	અધિકાર આપેલા દરેક માણસ દીઠ એક રૂપિયો. ટીપ.—"નોંધવું" આ શબ્દમાં, સન ૧૮૭૭ના હિંદુસ્તાનના નોંધવા બાબતના આકટની રૂયે થનારી નોંધને અનુષંગિક હોય એવા દરેક કૃત્યનો સમાવેશ થાય છે.
ખુલાસો—એકજ પેઢીના એક કરતાં વધારે માણસો આ નંબરના કારણ સારૂ એકજ માણસ છે એમ સમજવું.	
૪૯ "વાયદા ચીઠ્ઠી"—[કલમ–૨ (૨૨) માં વ્યાખ્યા કરેલા પ્રકારની]	પ્રસંગ પ્રમાણે માગે એટલે અવેજ આપવા જોગ અથવા માંગે ત્યારે અવેજ આપવો એ શિવાય બીજી રીતે અવેજ આપવા જોગ બિલ ઑફ્ એકસચેંજ [નં. ૧૩ (બ)] ઉપર જેટલી ડયુટી પડે છે તેટલી.

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડયુટી.
૫૦ "બિલનું અથવા ચીઠ્ઠીનું પ્રોટેસ્ટ"—એટલે, બિલ ઓફ એક્સચેંજ અથવા વાયદા ચીઠી સીકારવાની ના કહેવા બદલ નોટરી પબ્લીકે અથવા નોટરી પબ્લિક તરીકે કાયદાસર રીતે કામ કરનાર બીજા કોઈ માણસે કરેલો કોઇ પણ લેખી એકરાર.	એક રૂપિઓ.
૫૧ "વહાણના માસ્તરનું પ્રોટેસ્ટ"—એટલે, તોટાના હિસાબની વ્યવસ્થા થવાના અથવા સરાસરી ગણતરી થવાના હેતુથી તેણે તે વહાણની સફરની વિગતનો જે કોઇપણ એકરાર લખ્યો હોય તે, અને વહાણમાં માલ ન ચઢાવ્યા બાબત અથવા વહાણમાંથી માલ ન ઉતાર્યા બાબત ચાર્ટરર અથવા કન્સૈની વિરૂધ્ધ તેણે જે એકરાર કર્યો હશે તે, જ્યારે એવા એકરાર ઉપર નોટરી પબ્લીકે અથવા નોટરી પબ્લિક તરીકે કાયદાસર રીતે કામ કરનાર બીજા માણસે સાખ કરી હશે અથવા દાખલો લખ્યો હશે ત્યારે. ...	એક રૂપિઓ.
વહાણના માસ્તરે કરેલી નોટ ઓફ પ્રોટેસ્ટ (નં. ૪૪)જુઓ.	
૫૨ "પ્રાકસી"—(મત આપવાનો અધિકાર પત્ર) જીલ્લા અથવા સ્થાનિક બોર્ડના અથવા મ્યુનિસિપલ કમિશનરોની મંડળીના સભાસદોની કોઈપણ એક ચુંટણીમાં, અથવા (અ) જે સંસ્થાપિત અથવા એકવ્યક્તિભુત મંડળીના સ્ટાકના અથવા ફંડના શેર કર્યા હશે અને તે તબદીલ કરી અપાતાં હશે તેના સભાસદોની (બ) સ્થાનિક અધિકારીઓની, અથવા (ક) કોઈપણ સંસ્થાના પ્રોપ્રૈટરોની (માલીકોની) અથવા સભાસદોની, અથવા તેના ફંડોના વર્ગણીદારોની કોઈપણ એક સભામાં મત આપવાનો અધિકાર કોઈપણ માણસને આપવા વિષેનો.	એક આનો.
૫૩. **પહોંચ**—જે કંઇપણ નાણાંની અથવા બીજી મિલકતની રકમ અથવા કિંમત વીસ રૂપિયા કરતાં વધારે હોય તેની.	એક આનો.

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડયુટી.
માફી.	
પહોંચ—	
(અ) યોગ્ય સ્ટાંપવાળા, અથવા ત્રીજી કલમ માંહેના વિશેષ ઠરાવ મુજબ માફી હોય એવા (સરકારની તરફથી કરી આપેલા લેખ) કોઈપણ લેખમાં લખેલા અવેજનો પૈસો પહોંચ્યાનું અથવા તે લેખમાં લખેલા કોઇપણ મુદ્દલ પૈસા, વ્યાજ અથવા વર્ષાસન, અથવા મુદતે મુદતે આપવાનો બીજો અવેજ પોહોચ્યાનું, કબુલ કરવા બાબતની તે લેખની પાછળ અથવા તે લેખમાં લખેલી;	
(બ) અવેજ વગર કંઇપણ પૈસા આપ્યા બદલની;	
(ક) સરકારી મેહેસુલનો આકાર ઠેરવ્યો હોય એવી જમીન બાબત અથવા (મદ્રાસ અને મુંબઈ ઇલાકામાં) "ઈનામ જમીન બાબત ખેડુતોએ" કંઈ પણ ગણોત આપ્યા બદલની;	
(ડ) મલિકા માઆઝમાના લશ્કર માંહેના અથવા મલિકા માઆઝમાના હિંદુસ્તાનના લશ્કર માંહેના બિન સનંદી અમલદારો અથવા સિપાઈઓ જ્યારે તેઓ અમલદાર દાખલ અથવા સિપાઇ દાખલ ચાકરી કરતા હશે ત્યારે તેઓએ અથવા પોલીસ સ્વારોએ (મૌન્ટેડ પોલીસ કાન્સ્ટેબલોએ) પગાર અથવા નિમણુક પોહોચ્યા બદલ આપેલી;	
(ઇ) ફેમિલી સર્ટિફીકેટો ધારણ કરનારાઓએ આપેલી માત્ર એવા પ્રસંગે પોહોચમાંની રકમ જે માણસના પગારમાંથી અથવા નિમણુકમાંથી સોંપી આપી હશે તે માણસ સદરહુ એ લશ્કરો પૈકી કોઈપણ એક લશ્કરના બિન સનંદી અમલદાર હશે અથવા સિપાઈ હશે અને સદરહુ પ્રકારના સંબંધથી ચાકરી કરતો હશે;	

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડ્યુટી.
(ફ) જે માણુસોને સદરહુ પ્રકારની ખિન સનંદી અમલદારો અથવા સિપાઈઓ તરીકે તેમની ચાકરી બાબત પેન્શન અથવા નિમણુંક મળતાં હશે અને જેઓ બીજા કોઈપણ સંબંધથી સરકારની ચાકરી કરતા નહિ હશે તેમણે તે પેન્શન બદલ અથવા નિમણુક બદલ આપેલી;	
(ગ) પોતે વસુલ કરેલી જમીન મેહેસુલ બદલ અથવા કર બદલ મુખીએ અથવા લંબરદારે આપેલી;	
(હ) કોઈપણ પેઢીવાળા પાસે પૈસા અથવા પૈસાની સિક્યુરિટી અનામત મુકી હોય અને તેનો હિસાબ આપવાનો હોય તે પૈસા બદલ અથવા સિક્યુરિટી બદલ આપેલી. પરંતુ એવું ઠરાવ્યું છે કે જે માણુસને તે પૈસાનો અથવા સિક્યુરિટીનો હિસાબ આપવાનો તે માણુસ શિવાય બીજા કોઈ માણુસ પાસેથી અથવા કોઇ માણુસને હાથે તે પૈસા અથવા સિક્યુરિટી પહોંચ્યાં, એવું તે પોહોંચમાં લખેલું ન હોવું જોઈએ.	
વળી એવું ઠરાવ્યું છે કે આ માફી, કોઈપણ સંસ્થાપિત કંપની અથવા બીજી એકવ્યક્તિભુત મંડળીના અથવા તેવી જે કંપની અથવા મંડળી સ્થાપન કરવાનું યોજ્યું હોય અથવા ઈરાદો કર્યો હોય તેના શેર વેહેંચી આપવાના પત્ર બદલ અથવા પત્ર ઉપરથી, અથવા તેના સ્ક્રિપના અથવા શેરના કૉલબાબત, અથવા જે ડિબેંચર બજારમાં વેચવા જોગ સિક્યુરિટી હોય તે બાબત ભરેલી અથવા અનામત મુકેલી રકમની પહોંચને અથવા પાવતીને લાગુ નથી.	
વળી વીમાની પોલીસી [નંબર ૪૭ બ (૨)] જુઓ.	
૫૪. "ગીરો મુકેલી મિલકતનું રીકન્વેયન્સ"—	
(અ) જે અવેજને માટે મિલકત ગીરો મુકી હશે તે ૧૦૦૦ રૂપિયા કરતાં વધારે ન હોય તો.	રીકન્વેન્સમાં જે અવેજ લખ્યો હશે તેટ

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડયુટી.
	લા અવેજની રકમ ના કન્વેયન્સ ઉપર (નં. ૨૩) જેટલી ડયુટી પડે છે તેટલી
(બ) બીજે કોઇ પણ પ્રસંગે	દસ રૂપિયા.
૫૫. "ફારગતી" એટલે, જે કોઈપણ લેખ ઉપરથી કોઈ માણુસ બીજા માણુસ ઉપરના અથવા કોઇપણ નિર્દીષ્ટ કરેલી મિલકત ઉપરના દાવા છોડી દે છે તે—	
(અ) દાવાની રકમ અથવા કિંમત ૧૦૦૦ રૂપિયાથી વધારે ન હોય તો.	ફારગતીમાં એવી જે રકમ અથવા કિં. લખી હશે તેના બાંડ ઉપર (નં. ૧૫) જેટલી ડયુટી પડેતેટલી.
(બ) બીજે કોઈપણ પ્રસંગે	પાંચ રૂપિયા.
૫૬. "રેસ્પાન્ડેન્શિયા બાંડ" એટલે, વહાણ ઉપર ચઢાવેલા અથવા ચઢાવવાના માલ ઉપર કરજે કાઢેલા પૈસા બાબત જે ઉપરથી બંદોબસ્ત કર્યો હશે અને તે માલ જે બંદરે જવાનો હોય તે બંદરે તે પોહોંચે તો તે પૈસા પાછા આપવાનો જેમાં ઠરાવ હોય તેવો કોઈપણ લેખ,	તે કરજે કાહાડેલી રકમના બાંડ ઉપર(નં. ૧૫) જેટલી ડયુટી પડે છે તેટલી.
" કોઇપણ ટ્રસ્ટ અથવા વ્યવસ્થાપત્ર રદ કરવાનો લેખ."—	
વ્યવસ્થા પત્ર (નં० ૫૮); ટ્રસ્ટ (નં० ૬૪) જુઓ.	
૫૭. " જામીન ખત અથવા ગીરો ખત " કોઇપણ હોદ્દાનું કામ યોગ્ય રીતે કરવા વિશેના અથવા હોદ્દાના સબબથી જે પૈસા અથવા બીજી મિલકત મળે તેનો હિસાબ આપવા વિશેના તારણ તરીકે કરી આપ્યું હશે તે, અથવા કરારની યોગ્ય બજાવણી થવા સારૂ જામીને કરી આપ્યું હશે તે—	
(અ) રકમ ૧૦૦૦ રૂપિયા કરતાં વધારે ન હોય ત્યારે...	તે રકમના બાંડ ઉપર (નં. ૧૫ જેટલી ડયુટી પડે છે તેટલી.
(બ) બીજે કોઈપણ પ્રસંગે	પાંચ રૂપિયા.

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડયુટી.

માફી.

બાંડ અથવા બીજો લેખ—

(અ) સન ૧૮૭૬ના બંગાળાના ઇરીગેશન આકટની ૯૯મી કલમ મુજબ કરેલી કાનુનો પ્રમાણે નિમેલા મુખીઓએ તે આકટ પ્રમાણેનું પોતાનું કામ યોગ્ય રીતે કરવા સારૂ કર્યો હોય ત્યારે;

(બ) ધર્મના દવાખાના અથવા ઑસપિટલ અથવા લોકોપયોગી બીજા કોઈપણ સંસ્થા સારૂ ખાનગી ઉઘરાણાની સ્થાનિક ઉપજ દર મહિને અમુક રકમ કરતાં કમી થશે નહિ, એવી હામી આપવા સારૂ કોઈપણ માણસે કર્યો હોય ત્યારે;

(ક) સન ૧૮૭૯ના મુંબઈના ઇરિગેશન આકટની ૭૦મી કલમ મુજબ મુંબઈના ગવરનર ઇન કૌંસિલે કરેલી કાનુનો પૈકી કાંનુન નંબર ૩ અની રૂએ કર્યો હોય ત્યારે;

(ડ) સન ૧૮૮૩ના જમીનના સુધારા બાબતના કરજના આકટ મુજબ તગાવી લેનાર માણસોએ અથવા તે માણસોના જામીનોએ સદરહુ તગાવીનો અવેજ પાછો આપવા સારૂ તારણ બદલ કર્યો હોય ત્યારે.

(ઇ) કોઈપણ હોદ્દાનું કામ યોગ્ય રીતે બજાવવા સારૂ અથવા તે હોદ્દાના સબબથી જે પૈસા અથવા બીજી મિલકત મળે તેનો યોગ્ય રીતે હિસાબ આપવા સારૂ સરકારી અમલદારોએ અથવા તેમના જામીનોએ કર્યો હોય ત્યારે.

૫૮. "વ્યવસ્થાપત્ર"—

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડયુટી.
(અ)—વ્યવસ્થાપત્રનો લેખ (સ્ત્રી ધન બાબતના ખતસુધ્ધાં)	એવા પત્રમાં લખ્યા મુજબ વ્યવસ્થા કરેલી મિલકતની રકમ અથવા કિં. જેટલા અવેજના બાંડ ઉપર (નં. ૧૫) જેટલી ડયુટી પડે છે તેટલી.

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપડયુટી.
	પણ એવું ઠરાવ્યું છે કે વ્યવસ્થા કરવાની કબુલત ઉપર, જેટલો સ્ટાંપ વ્યવસ્થા પત્ર ઉપર જોઇયે, તેટલો સ્ટાંપ માર્યો હોય અને એવી કબુલાત મુજબ પાછળથી વ્યવસ્થા પત્ર તૈયાર કર્યું હોય ત્યારે એવા પત્ર ઉપરની ડયુટી આઠ આનાથી વધારે હોવી ન જોઇયે
માફી.	
(અ) મુસલમાનો વચ્ચે થયેલા લગ્નને પ્રસંગે કરી આપેલું મેહેરનું ખત	
(બ) હલદંસ, એટલે, જેમાં કોઇપણ કિંમત નિર્દીસ્ટ કરેલી ન હોય તથા જે બદલ ૧૦ રૂપિયા ડયુટી ભરી હોય એવા ધર્મ સંબંધી કારણો સારૂ બ્રહ્મદેશ માંહેના કોઇ બૌધ ધર્મવાળાએ કરી આપેલું સ્થાવર મિલકતનું કોઇપણ વ્યવસ્થા પત્ર.	
"બ"—વ્યવસ્થાપત્ર રદ્દ કરવાનો લેખ	રદ કરવાના લેખમાં સંબંધવાળી મિલકતની જે રકમ અથવા કિંમત લખી હોય તેટલા અવેજના બાંડ (નં. ૧૫) ઉપર જેટલી ડયુટી પડે છે તેટલી, પણ તે દસ રૂપિયા કરતાં વધારે ન જોઇયે
ટ્રસ્ટ (નં૦ ૬૪) પણ જુઓ.	
૫૯. "શાહાજોગ શેર વારંટો"—સન ૧૮૮૨ના હિંદુસ્તાનના કંપનીના આક્ટ મુજબ કહાડેલાં.	એવા વારંટમાં નિર્દીષ્ટ કરેલા શેરોની નામિનલ રકમ જેટ

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડયુટી.
	લા અવેજના કન્વેયન્સ (નં. ૨૩) ઉપર જેટલી ડયુટી પડે છે તેની દોઢ ગણી ડયુટી.
માફી.	
સન ૧૮૮૨ ના હિંદુસ્તાનના કંપનીના આકટની ૩૦મી કલમને અનુસરીને કોઈ કંપનીએ કહાડેલા જે શેર વારંટો સદરહુ ડયુટીની તોડજોડ તરીકે હેઠળ લખેલી રકમ સ્ટાંપ રેવિન્યુના કલેકટરને આપવામાં આવેથીજ માત્ર અમલમાં આવવાના હોય તે—	
(અ) કંપનીની ભરાયેલી સઘળી થાપણ ઉપર સેંકડે દોઢ ટકો, અથવા	
(બ) જે કોઈપણ કંપનીએ સદરહુ ડયુટી અથવા તોડજોડની રકમ પુરે પુરી ભરી હોય, તે કંપની પાછળથી સદરહુ ભરાયલી થાપણમાં વધારે શેર વારંટો કાહાડીને વધારો કરે તો આ પ્રમાણે વધારેલી થાપણ ઉપર સેંકડે દોઢ ટકો.	
"સ્ક્રિપ"—દાખલો (નં૦ ૧૯) જુઓ.	
૬૦. "શિપિંગ આર્ડર"—માલ કોઈપણ વહાણ ઉપર લઈ જવાનો અથવા લઇ જવા સંબંધી.	એક આનો.
૬૧. "લીસ છોડી દેવાનો દસ્તાવેજ"—	
(અ) તે લીસ ઉપર પડવા જોગ ડયુટી પાંચ રૂપિયા કરતાં વધારે ન હોય ત્યારે	તે લીસ ઉપર જેટલી ડયુટી પડવા જોગ હશે તેટલી ડયુટી.
(બ) બીજે કોપણ પ્રસંગે....	પાંચ રૂપિયા.
માફી.	
લીસ છોડી દેવાનો દસ્તાવેજ, જ્યારે તે લીસ ઉપરની ડયુટી માફ કરી હશે ત્યારે.	

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપડ્યુટી.
૬૨. " તબદીલી " (અવેજ સહિત અથવા અવેજ વગર)—	
(અ) કોઈપણ સંસ્થાપિત કંપની માંહેના અથવા બીજી કોઈ એકવ્યક્તિભૂત મંડળીમાંહેના શેરોની.	શેરની કિંમત જેટલા અવેજના કન્વેયન્સ (નં. ૨૩) ઉપર પડવા જોગ ડયુટીની એક હીતી આંઉસ ડયુટી.
(બ) ૮મી કલમમાં જે ડિબેંચરોના સંબંધમાં ઠરાવ કર્યો છે તે ડિબેંચરો શિવાય, બજારમાં વેચવા જોગ સિક્યુરિટીવાળા બીજા ડિબેંચરોની, પછી તે ડિબેંચર ઉપર ડયુટી પડવા જોગ હોય અથવા ન હોય.	ડિબેંચરના મુખ પૃષ્ઠ ઉપર લખેલી રકમ જેટલા અવેજના કન્વેયન્સ(નં. ૨૩) ઉપર પડવા જોગ ડયુટીની એક હીતી આંઉસ ડયુટી.
(ક) જે બદલ બાંડ, ગીરો ખત અથવા વિમાની પાલિસી ઉપરથી બંદોબસ્ત કર્યો હોય એવા હિત સંબંધની—	
(૧) એવા બાંડની, ગીરો ખતની અથવા પાલિસીની ડયુટી પાંચ રૂપિયા કરતાં વધારે ન હોય તો.	તે બાંડ, ગીરોખત અથવા વિમાની પાલિસી ઉપર પડવા જોગ ડયુટી.
(૨) બીજે કોઈપણ પ્રસંગે....	પાંચ રૂપિયા.
(ડ) સન ૧૮૭૪ના ઍડમિનિસ્ટ્રેટર જનરલના આક્ટની ૩૧ મી કલમ મુજબ કોઈપણ મિલકતની	દસ રૂપિયા.
(ઈ) એક ટ્રસ્ટી પાસેથી બીજા ટ્રસ્ટીને, અથવા ટ્રસ્ટી પાસેથી બેનીફિશિયરી (હિતાધિકારી)ને અવેજ વગર કરેલી કોઈ પણ ટ્રસ્ટની મિલકતની.	પાંચ રૂપિયા, અથવા આ નંબરની (અ) થી (ક) સુધીની રકમો ઉપરથી જે ઓછી રકમ પડવા જોગ હોય તે.

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડયુટી.
માફી.	
ચેરા લખીને કરેલી તબદીલી:—	
(અ) બિલ ઑફ એકસચેંજ, ચેક અથવા વાયદા ચીઠીની;	
(બ) બિલ ઑફ લેડિંગ. ડિલિવરી આર્ડર, માલ બદલના વારંટ, અથવા માલ ઉપરના સત્તાધિકારના બીજા વેપાર સંબંધી દસ્તાવેજની;	
(ક) વિમાની પાલિસીની;	
(ડ) હિંદુસ્તાન સરકારની સિકયુરિટીઓની.	
કલમ ૮ પણ જુઓ.	
૬૩. "લીસની તબદીલી" એસાઇન્મેટથી કરેલી હોય અને પેટા લીસથી કરેલી ન હોય એવી.	તબદીલીના અવેજની જે રકમ હોય તે રકમજેટલા અવેજ કન્વેયન્સ (નં.૨૩) ઉપર જેટલી ડયુટી પડે છે તેટલી.
માફી.	
જેના ઉપરની ડયુટી માફ હોય એવા કોઈપણ લીસની તબદીલી.	
૬૪. "ટ્રસ્ટ"—	
અ.—કોઈપણ મિલકતના અથવા મિલકત સંબંધી ટ્રસ્ટનું જ્ઞાપન, મૃત્યુ-પત્ર ન હોય એવા કોઈપણ લખાણ ઉપરથી કરેલું.	હિત સંબંધવાળી મિલકતની જે રકમ અથવા કિંમત તે લેખમાં લખી હોય તેના જેટલા અવેજના બાંડ (નં. ૧૫) ઉપર જેટલી ડયુટી પડે છે તેટલી, પણ તે પંદર રૂપિયાથી વધારે ન જોઇએ

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડયુટી.
બ—કોઈપણ મિલકતનું અથવા મિલકત સંબંધી ટ્રસ્ટ મૃત્યુપત્ર ન હોય એવા કોઈપણ લખાણ ઉપરથી રદ કરવું.	હિતસંબંધવાળી મિલકતની જે રકમ અથવા કિંમત તે લેખમાં લખી હોય તેના અવેજનાબાંડ (નં. ૧૫) ઉપર જેટલી ડયુટી પડે છે તેટલી, પણ તે દસ રૂપિયા કરતાં વધારે ન જોઇએ.
વ્યવસ્થાપત્ર (નં. ૫૮) પણ જુઓ.	
"આકારેલી કિંમત"—(નં. ૮) જુઓ.	
વકીલ—વકીલ તરીકે નોંધ (નં. ૩૦) જુઓ.	
૬૫. "માલ બાબતનું વારંટ,"—એટલે, જે કોઈપણ લેખ ઉપરથી, તેમાં નામથી લખેલા માણસનો અથવા તેના અસૈનીનો અથવા તે ધારણ કરનારાનો, કોઇપણ ગોદીમાં અથવા વખારમાં અથવા ડંક્કા ઉપર હશે એવા કોઇપણ માલ ઉપર સ્વામિત્વનો હક્ક છે એમ દેખાતું હોય તે લેખ; માત્ર તે લેખ ઉપર, સદરહુ માલ જે માણસના તાબામાં હશે તે માણસે અથવા તે માણસની તરફથી સહી કરેલી હોવી જોઈએ અથવા દાખલો લખેલો હોવો જોઇએ.	ચાર આના

સ્ટાંપ આકટની બીજી જાણવાજોગ માહિતી.

ઉપર જે સ્ટાંપ ડયુટી બતાવી ગયા "તે ડયુટી કોણે આપવી." બીજી રીતની કબુલત નહીં હોય ત્યારે જરૂરના યોગ્ય સ્ટાંપનો ખરચ નીચે લખેલા નંબરોમાં કહેલા પ્રકારના કોઈ પણ લેખની બાબતમાં, તે લેખ લખનાર, કરનાર અથવા કરી આપનાર માણસે આપવો:—

નંબર ૨-૬-૧૩-૧૫-૧૬-૨૬-૨૭-૩૨-૩૪-૪૦-૪૯-૫૫-૫૬-૫૭-૫૮. અને નંબર ૬૨માં अ. ब. क.

આગના વિમાની પાલીસી શિવાયની બીજી પાલીસીને પ્રસંગે—વિમો ઉતારનારે, આગના વિમાની પોલીસીને પ્રસંગે—પોલીસી આપનારે, (ગીરો મીલકત પાછી કન્વે કરી આપવાના ખત સુદ્ધાં) કન્વેયન્સને પ્રસંગે—તે જેને કરી આપ્યું હોય તેણે. લીસને પ્રસંગે અથવા લીસ કરી આપવાની કબુલાતને પ્રસંગે—લીસ લેનારાએ અથવા જેણે લેવાનું ધાર્યું હોય તેણે.

લીસના સામા લેખને પ્રસંગે—લીસ આપનારે.

અદલા બદલીના લેખને પ્રસંગે—તે લેખના પક્ષકારોએ સરખે હીસ્સે.

વેચાણના સરટીફીકેટને પ્રસંગે—તે સરટીફીકેટ જે મીલકત સંબંધી હશે તે મીલકતના ખરીદદારે: અને

વહેચણના લેખને પ્રસંગે—તે લેખના પક્ષકારોએ, વેહેચેલી સઘળી મીલકતમાં પોત પોતાનો હીસ્સો હોય તે પ્રમાણમાં, અથવા રેવન્યુ અધિકારીએ અથવા દિવાની કોર્ટે અથવા લવાદે કરેલો હુકમ બજાવીને વહેંચણ કરી હોય ત્યારે તે અધિકારી, કોર્ટ અથવા લવાદ ફરમાવે તે પ્રમાણમાં ખમવો જોઈએ (૨૯).

સ્ટાંપના કાગળો વેચવાનો અખત્યાર સ્ટાંપ વેન્ડરોને છે. બીજા કોઈથી સ્ટાંપના કાગળો વેચાય નહીં. રૂા. ૫૦)ની કીંમત ઉપરના કાગળો ફકત હજુર ટ્રેઝરી (તીજોરી) માંથી વેચાતા મળી શકે છે.

વીસ રૂપીઆ કરતાં વધારે નાણાની રકમ, અથવા વીસ રૂપીઆ કરતાં વધારે રકમની હુંડી ચેક, કે વાયદાની ચીઠી લેનારા, અથવા કરજને પેટે રૂા. ૨૦) કરતાં વધારે કીંમતની જંગમ મિલકત લેનારા સખસે, તેની પાસેથી નાણાં અથવા હુંડી અથવા મિલકત આપનાર પહોંચ માંગે ત્યારે યોગ્ય સ્ટાંપવાળી પહોંચ

આપવી જોઈએ. જે કોઈપણ સખસ આગના વિમાનો કોઈપણ કરાર નવો કરી આપવા માટેની સલામતી અથવા અવેજ લે અથવા જમે આપે તે સખસે એવી સલામતી અથવા અવેજ લીધા પછી અથવા જમે કર્યા પછી એક મહિનાની અંદર તે બદલ યોગ્ય સ્ટામ્પ વાળી પહોંચ આપવી (કલમ ૩૦). નહિ આપે તો તે રૂ૦ ૧૦૦) સુધી દંડને પાત્ર થશે (૬૫). યોગ્ય સ્ટાંપ વગરના લેખ પુરાવામાં લેવાશે નહિ (૩૫). અકસ્માતથી, ચુકથી, અથવા ઘણીજ જરૂરીના સબબથી યોગ્ય સ્ટાંપ માર્યો નથી, એમ એક વરસ દીવસની મુદતમાં કલેકટરને જાહેર કરવું જોઇએ (૪૧). બગડેલા સ્ટાંપ બદલ છ મહિનાની મુદતમાં કલેકટરને અરજ કરવાથી તે સ્ટાંપની કિમત એક રૂપીએ એક આનો કાપી લઈ, પાછા આપી શકે છે (૪૯–૫૦–૫૩). અથવા તેટલીજ કીંમતના બીજા સ્ટાંપ અથવા બીજા પ્રકારના સ્ટાંપ પણ આપી શકે છે. જ્યારે દુરલક્ષથી બીજા પ્રકારના સ્ટાંપનો ઉપયોગ કર્યો હશે ત્યારે અથવા જરૂર કરતાં વધારે કિમતનો સ્ટાંપ વાપર્યો હશે ત્યારે અથવા જે સ્ટાંપ ડયુટીને પાત્ર નથી એવા લેખ માટે સ્ટાંપ વાપર્યો હશે, ત્યારે, અથવા સ્ટાંપનાં પૃષ્ટ ભાગ ઉપર લેખ ન લખ્યો હશે ત્યારે છ મહીનાની મુદતની અંદર કલેકટરને અરજ કરવાથી તે સ્ટાંપ કાગળનો અવેજ (ઉપર મુજબ) પાછો મળી શકે છે (૫૨). જે સ્ટાંપ બગડયા નહી હશે તેવા સ્ટાંપનો જો તરત ખપ નહિ હશે ત્યારે ખરીદ કર્યાની તારીખથી છ મહિનાની અંદર કલેકટરને અરજ કરવાથી તેવા સ્ટાંપ કાગળની કિમત, દર રૂપીએ અથવા રૂપીઆના ભાગે એક આનો કાપી લઈ તે પાછી આપી શકે છે (૫૪).

જ્યારે કોઈ પણ મિલકત કોઈ સખસને તેનું લેણું હશે તે કરજના સર્વાંશે અથવા કંઈ અંશે અવેજ દાખલ તબદીલ કરી આપી હશે, ત્યારે તે કરજ એવા દસ્તાવેજનો સઘળો અથવા થોડો અવેજ છે એમ સમજવું:–પરંતુ વેચાણના દાખલાને આ લાગુ નથી. ગીરોના અથવા બીજા દેણાના બોજાને પાત્ર હોય એવી મિલકતના વેચાણની બાબતમાં, કંઇ પણ નહીં ભરેલા ગીરોના અથવા બોજાના પૈસા, તેના ઉપર નિકળતા જો કંઈ હોય તો વ્યાજ સાથે, વેચાણના અવેજનો ભાગ છે એમ સમજવું. પણ ગીરોવાળી મિલકત ગીરો રાખનારને તબદીલ કરી આપી હશે, તે પ્રસંગે ગીરોના દસ્તાવેજ ઉપર જે સ્ટેંપ ડયુટી આપવામાં આવી હશે, તે ડયુટીની રકમ તબદીલીના દસ્તાવેજ ઉપર જે સ્ટામ્પ ડયુટી પડવા જોગ હોય તેમાંથી બાદ કરવાનો એવા ગીરો વેચાણ રાખનારનો હક છે (૨૪).

દ્રષ્ટાંત.

૧ अ ને, बना ૧૦૦૦ રૂપિયા દેવા છે. अ, ब ને ૫૦૦ રૂપિયા બદલ અને પહેલાના ૧૦૦૦ રૂપિયાના કરજની ફારગતિના અવેજ બદલ કાંઈ મિલકત વેચે છે. ત્યારે સ્ટાંપ ડયુટી ૧૫૦૦ રૂપિયા ઉપર પડશે.

૨ अ, ब ને એક મિલકત ૫૦૦ રૂપિયા સારૂ વેચે છે. તે મિલકત कને ૧૦૦૦ રૂપિયે ગીરો મુકેલી છે તથા તે ઉપર વ્યાજના ૨૦૦ રૂપિયા ભરવાના રહ્યા છે, ત્યારે સ્ટાંપ ડયુટી ૧૭૦૦ રૂપિયા ઉપર પડશે.

૩ अ ૧૦૦૦ રૂપિયાની કિંમતનું એક ઘર ब ને ૫૦૦ રૂપિયે ગીરો આપે છે. પછી ब તે ઘર अ પાસે વેચાતું લે છે. ત્યારે સ્ટાંપ ડયુટી ૧૦૦૦ રૂપિયા ઉપર પડશે, પણ તે ગીરો બદલ અગાઉ આપેલી સ્ટાંપની ડયુટીની રકમ તેમાંથી બાદ જશે.

. વર્ષાસન અથવા મુદતે મુદતે આપવાની બીજી રકમ મળવાનો બંદોબસ્ત કરવા લેખ કરી આપે ત્યારે, સ્ટાંપ ડયુટી નીચે પ્રમાણે ગણવીઃ—

अ તે રકમ નિયમિત મુદત સુધી આપવાની હશે, ત્યારે કુલ એકંદર રકમ અગાઉથી ઠરાવી શકાય, તે કુલ એકંદર રકમ ઉપર ડયુટી બોન્ડ પ્રમાણે ગણવી.

ब તે રકમ નિરંતર આપવાની હશે, ત્યારે વીસ વરસની કુલ એકંદર રકમ જે આપવાની થાય તે ઉપર બોન્ડ પ્રમાણે ગણવી.

क તે રકમ કોઈ માણસની હયાતી સાથે પુરી થનાર હોય એવી અનિયમિત મુદત સુધી આપવાની હશે ત્યારે, બાર વરસની મુદતમાં જે કુલ રકમ આપવાની થાય તે કુલ રકમ ઉપર બોન્ડ પ્રમાણે ગણવી. (૨૫).

અધિકારવાળા સરકારી નોકર (પોલીસ અમલદાર શીવાય) પોતાના ઓદ્ધાનું કામ કરતો હશે તે દરમ્યાન તેની પાસે યોગ્ય સ્ટાંપ વગરનો લેખ રજુ કરવામાં આવે તો તે અટકાવી રાખી કલેક્ટર પાસે મોકલવો (૩૩–૩૮).

યોગ્ય સ્ટાંપ વગરના લેખ અધિકારવાળા સરકારી નોકરોએ પુરાવામાં લેવા નહીં તથા નોંધવા નહી પણ ખુટતી ડયુટી તથા પાંચ રૂપીઆ અથવા ખુટતી ડયુટીથી દસગણી જેટલી રકમ આપવામાં આવે તો એવા લેખો પુરાવામાં લેવા અધિકાર છે. ખુટતા સ્ટાંપ ડયુટીવાળા લેખો ફોજદારી કામમાં (ક્રી. પ્રો. કો. બાબ–૧૨ તથા ૩૬ શીવાયના) પુરાવામાં લેવાને હરકત નથી (૩૫).

સાર્વજનિક કામ સારૂ જમીન લેવા બાબત.

(સન ૧૮૯૪નો આકટ ૧લો—ઇંન્ડીયા)

હેતુ—સાર્વજનિક કામ સારૂ જમીન જોઈતી હોય ત્યારે અને તે જમીન જો ખાનગી રીતે મળી શકતી ન હોય તો, આ કાયદાને આધારે નુકશાનનો બદલો આપી તે જમીન લેવાનો આ આકટનો હેતુ છે.

કોઇ જમીન સાર્વજનિક કામ સારૂ જોઈતી હોય તો તે જમીન બાબત સરકારે મુંબઈ સરકારી ગેઝીટમાં એક જાહેરનામુ પ્રસિધ્ધ કરી લાગતાવળગતા આસામીઓને ખબર આપવી. આ જાહેરનામાથી જે અમલદારને જમીન લેવાનો અધિકાર આપ્યો હોય તેણે તે જમીનમાં જતાં પહેલા ધણીને સાત દીવસ અગાઉ નોટીસ આપવી—પછી તે જમીન ઉપર જઈ માપણીનું કામ કરવું. જમીન લેવાનો નકકી ઠરાવ થએથી નુકસાનનો બંદલો લેવા માટે દાવા કરવાની નોટીસ લાગતાવળગતા માણસોને કલેકટરે આપવી. નુકસાનનો બદલો કોને કોને કેટલો આપવો તે કલેકટરે ઠરાવવું.

ઠરાવ કર્યા પછી જમીન કબજે લેવી. રેલ્વે સારૂ જમીન જોઈતી હોય તો કલેકટરે અડતાળીશ કલાક અગાઉથી ધણીને નોટીસ આપી તે જમીન કબજે લેવાનો ઈરાદો જણાવવો.

જમીનનો માલીક જો કલેકટરનો ફેસલો કબુલ ન કરે તો, એટલે કલેકટર નુકશાનનો બદલો ઘણો કમી ઠરાવે તો, તે માલીકે તે કામનો નિકાલ થવા સારૂ ડીસ્ટ્રીકટ કોર્ટને લખી મોકલવા કલેકટરને છ અઠવાડીઆંની અંદર અરજ કરવી.

ચલણી નોટો બાબત.

(સન ૧૯૧૦નો ૨ જો તથા સન ૧૯૧૧ના આકટ ૭થી સુધરેલો)

હેતુ—દેશ પરદેશ ધંધોરોજગાર ચલાવવામાં, તથા રાજ્યવહીવટ ચલાવવામાં સુગમતા અને સવડતા કરવાના હેતુથી સરકાર ચલણી કાગળની નોટો કહાડે છે.

જે લોકોને અર્થશાસ્ત્રનું જ્ઞાન નથી તેઓને વારંવાર એમ બોલતાં સાંભળીએ છીએ કે, સરકાર પોતાની હકુમતનાં જોરથી જુજ કીંમતના કાગળને ભારે કીંમતના નાણાં તરીકે વાપરી શકે છે તો એને નાણાંની શી ખોટ ? હકીકત એમ નથી. જેટલું નાણું એટલે ગીની, અડધી ગીની, રૂપીઆ, અરધા રૂપીઆ અને સુનાની લગડીઓ ત્રીજોરીમાં ખાસ હંમેશાં રાખી મુકવાનો ઠરાવ હોય છે, તેની એકંદર કીંમત કરતાં વધારે કીંમતની નોટો સરકાર ફરતી રાખી શકતી નથી. કારણ કે જો

વધારે કીંમતની નોટો ફરતી રાખે, અને તે નોટો જો બધા એકી વખતે વટાવવા માંગે, અને તેટલી શીલક ત્રીજોરીમાં ન હોય, તો સરકારની શાખ ઓછી થાય અને મ્હોટી ગુંચવણ ભરેલી મુશીબત ઉભી થાય.

મહેસુલ અથવા બીજા કોઈ હકના સરકારના રૂપીઆ પાંચ અને તે ઉપરનું માગણું વસુલ કરવામાં ચલણી નોટો કાયદેસર નાણું છે

સરકાર પાસે, બીજા કોઈ સખસ પાસે, અથવા કંપની પાસે રૂપીઆ પાંચ અથવા વધારે રકમ લેણી હોય તે આપવામાં ચલણી નોટો કાયદેસર નાણું છે.

પાંચ, દસ, અગર પચાસ રૂપીઆની કીંમતની નોટો, અથવા બીજી કોઇ કીંમતની નોટો જે ઇંડીઆ સરકાર, હવે પછી ઠરાવે તે નોટોને સર્વત્ર ચાલતી ચલણી નોટો કહે છે.—

શાહુ જોગ તુરત મુદતની માંગતાની સાથે નાણુ મળે એવી ખાનગી હુંડીઓ, કે ચીઠ્ઠીઓ, લખવાની મના કરવામાં આવી છે. મનાઈ વિરૂદ્ધ જે કોઇ એવી હુંડી, અથવા ચીઠ્ઠી લખશે તેને, તે હુંડી અથવા ચીઠ્ઠીમાં લખેલી રકમ જેટલો દંડ કરવામાં આવશે. આવી ફરીઆદ કરવાનો અધિકાર સરકારને છે.

નાણાં બાબત.

(સન ૧૯૦૬નો આકટ ૩જો—ઇન્ડીઆ.)

હેતુ—નાણું એ વેપારરોજગારનું સગવડ પડતું સાધન છે, એ સાધન યોગ્ય રીતે પુરૂ પાડવાની સરકારની ફરજ છે. માટે સરકાર ટંકશાળમાં પોતાના રાજ્ય ચિન્હવાળાં નાંણુ પાડે છે.—

રૂપાનાણું ચાર જાતનું રૂપીઓ, અડધો, પાવલી અને બેઆની પાડવામાં આવે છે, એક રૂપીઆનું વજન એકસો એંસી ગ્રેન (ટ્રોય) જેટલું હોય છે. એમાં ચોખ્ખું રૂપું એકસો પાંસેઠ ગ્રેન, અને ભેળ પંદર ગ્રેન હોય છે. રૂપાંના બીજા નાંણાનું વજન એજ પ્રમાણમાં હોય છે.

નીકલનું નાણું ફકત એક જાતનું એટલે "એક આની" પાડવામાં આવે છે, એનું વજન સાઠ ગ્રેન (ટ્રોય). કાંસાના નાણાં જેને આપણે ત્રાંબાનાણું કહીયે છીએ તે ત્રણ જાતના—પૈસો, અડધોપૈસો, અને પાઇ પાડવામાં આવે છે—પૈસાનું વજન પંચોતેર ગ્રેન (ટ્રોય) બીજા ત્રાંબાનાણાંનું વજન એ પ્રમાણમાં હોય છે.

સોનાનો સીકકો, ગીની—પંદર રૂપીઆની એક—એ કાયદેસર (ચલણી નાણું છે.) અવેજ છે. રૂપીઓ, અડધોરૂપીઓ--જો ઘસાઈ ગયલો ન હોય તો કાયદેસર અવેજ છે. પાવલી અને બેઆની એક રૂપીયા સુધીના અવેજ આપવા લેવામાં કાયદેસર છે.—

નીકલનું નાણું "એક આની" એક રૂપીયા સુધીના અવેજ આપવા લેવામાં એક રૂપીયાના--૧૬--લેખે કાયદેશર નાણું છે—ત્રાંબાનાણું--પૈસો, અડધોપૈસો અને પાઇ, એક રૂપીયા સુધીનો અવેજ આપવા લેવા માટે કાયદેસર નાણું છે.

ઢબુ એટલે અડધોઆનો જે અગાઉ પાડવામાં આવેલા છે તે એક રૂપીયા સુધીના અવેજ માટે એક રૂપીયાના બત્રીસ લેખે, કાયદેસર નાણું છે.

રૂપાંના ઘસાઈ ગયલાં, બેડોળ થયલા, અને ખોટાં બનાવેલાં નાણાં કાપવાનો અધિકાર ત્રીજોરી ઓફીસરોને તેમજ કેટલીક બેંકોના મેનેજરોને આપવામાં આવે છે. કાપેલા કટકા ધણીને પાછા આપવા, અથવા તેબદલ ઠરાવેલા દર મુજબ પૈસા આપવા જોઈએ.

ઘર વકીલ.

ભાગ ૪ થો.

દસ્તાવેજના નમુના.

દસ્તાવેજ લખનારે ધ્યાનમાં રાખવા જોગ બાબતોઃ-

૧. સ્ટાંપ પુરતી કીંમતનો છે કે કેમ તે લખવાનું શરૂ કરતાં પહેલાં જોવું જોઇએ.

૨. સ્ટાંપ પૃષ્ટ ભાગ ઉપર દેખાવો જોઇએ એટલે સ્ટાંપની છાપ નીચેથી રજીસ્ટ્રેશનના શેરા સારૂ ચાર આંગળ જગ્યા મુકી દઇને દસ્તાવેજ લખવો શરૂ કરવો.

૩. સારા સાફ વંચાય એવા અક્ષર લખવા.

૪. સાદી ,સરળ ભાષામાં લખવા જોઈએ એટલે દસ્તાવેજ વાંચતાં તેનો મુળ હેતુ તરત સમજાઈ જાય એવી રીતે લખવો.

૫. દસ્તાવેજ લખવાનો મજકુર એક સ્ટાંપ કાગળ ઉપર પુરો થઇ શકે નહીં ત્યારે તે કાગળને છેડે મજબુત કોરો કાગળ જોડવો અને તે પર લખવાને હરકત નથી.

૬. એક સ્ટાંપના કાગળ ઉપર એકજ લેખ લખવો જોઇએ એટલે જુદી જુદી બાબતો એકજ દસ્તાવેજમાં સમાવવી નહીં.

૭. મીલકત સંબંધી દસ્તાવેજમાં તેની કીમત જરૂર લખવી જોઇએ.

૮. સ્થાવર મીલકતનો દસ્તાવેજ હોય ત્યારે, તે મીલકતનું પુરે પુરૂં વર્ણન લખવું જોઈએ એટલે તે મીલકત જે ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ, તાલુકા અને ગામ કે મોહલ્લામાં આવી હોય તે, ચતુર દીશા, સર્વે નંબર, એકર, આકાર ઇનામી જમીન હોય તો સરકાર ભરવાની જુડી વળી ઘર થાંભળીની જમીન હોય તો લંબાઇ પહોલાઈનું ચોકસ માપ લખવું જોઇએ.

૯. દસ્તાવેજ લખતાં તેમાં છેકછાક, ચેરાચેર થવું નહીં જોઈયે. માટે મહત્વના દસ્તાવેજ લખતાં પેહેલાં પ્રથમ ખરડો તૈયાર કરી તે ઉપરથી દસ્તાવેજ લખવો. તેમ છતાં છેકછાક થાય તો, દસ્તાવેજની છેવટે સહી સાખ થતાં પહેલાં તે બાબતની ટીપ લખવી કે ઉપરથી ગણતાં લીટીમાં શબ્દો લખેલા છે તે અસલ છે અથવા (ફલાણા) શબ્દો છે અથવા (ફલાણો) શબ્દ છેકી (ફલાણો) શબ્દ લખ્યો છે.

નમુનો ૧ લો.

કબજા ગીરો ખત.

સંવત ના મહિનો તિથિ વાર તારીખ માહે સને ને દીને કસબે અથવા તાલુકેના રહેનાર જાત ધંધો ઉમર જોગ લી. જાત ધંધો ઉંમર જત હમોએ તમારી પાસેથી નગદ રોકડા પોળીઆં રૂ૦ લીધા તે દેવા સહી એના અવેજમાં હમારૂં ઘર (અથવા) જમીન સુરત ડીસ્ટ્રીકટ સુરત સબ ડીસ્ટ્રીકટનું ગામ મોજે ( )માં છે તે કબજા ગીરો આપ્યાં છે. તેની વીગત તથા ચતુર દીશા. × × × × × શું કારણુસર રૂપીઆ લીધા તે બનતાં સુધી જણાવવું.

વ્યાજ તથા બીજી જરૂરીઅત સરતો ગીરો આપનાર તથા ગીરો રાખનાર ધણીની મરજી મુજબ લખવાની × × × આસમાની સુલતાનીનો જોખમ હમારે શીર છે. અને તમારા રૂપીઆ આ મીલકતથી અથવા હમારી બીજી સરવે તરેહની સ્થાવર જંગમ માલ મીલકતથી અથવા તો હમારી જાતથી વસુલ કરી લો સહી. આ મીલકત પર કોઈનો હક સંબંધ દર દાવો હિસ્સો કોઈપણ પ્રકારનો નથી તેમજ બીજી કોઈ જગ્યાએ ગીરો આપ્યું નથી તેમ છતાં જો કોઈ પેદા થઈ તમને કંઈ પણ હરકત કરે તો તેનો જવાબ હમારે દેવો સહી—આજથી તમોને સદરહુ મીલકતનો કબજો સોંપવામાં આવ્યો છે જેથી તમારે એનો વહીવટ તમારી મરજીમાં આવે તે માફક કરવો અગર બીજા કોઇ પાસે કરાવવો એ સર્વ વાતે તમો મુખત્યાર છો. આ દસ્તાવેજ હમે હમારી રાજી ખુશીથી તથા અકલ હોંસીઆરીથી તંદુરસ્તીમાં લખી આપ્યો છે. તે હમોને તથા હમારા વંસવારસોને કબુલ મંજુર છે સહી દા.

૧ અત્ર ________ મતુ ૧ તત્ર ________ શાખ

૧ ________ ....મતુ ઉપર લખ્યા પ્રમાણે સહી દા. પોતે

૧ ________ ....શાખ ધણી રજુ દા. પોતે

નમુનો ૨ જો.

રોકડ હક ગીરોનો દસ્તાવેજ.

મથાળું નમુના ૧ લામાં બતાવ્યા મુજબ. જત લખી આપું છું કે આજ રોજે તમારી પાસેથી નગદ રોકડા રૂા. અંકે કુંપની સીક્કાના લીધા તે દેવા સહી એ રૂપીઆનું વ્યાજ દર માસે દર સેંકડે તેરીખ ટકા પ્રમાણે તથા દીવાલી બાકી વ્યાજ જે વરસમાં અધીક માસ આવે તેના વ્યાજ સાથે આપવા સહી. એના અવેજમાં મારો રોકડ હક દેસાઇગીરી (ટોડા ગીરાસ) જે મને તાલુકા ની તીજોરીમાંથી, (થાણામાંથી, બેંકમાંથી અગર જયાંથી મલતો હોય ત્યાંથી) મળે છે તે લેવાનો હક આજ દીનથી તમોને આપ્યો છે. એ રૂપીઆ વ્યાજમાં વસુલ કરવા, વધે તો મુદલમાં મજરે કરવા વીગેરે બીજી સરત ધણીઓની મરજી મુજબ. આ દસ્તાવેજ મે મારી રાજી..................કબુલ મંજુર છે સહી દા.

૧ અત્ર મતુ ૧ તત્ર શાખ

નમુનો ૩ જો.

સાનગીરો ખત.

નમુનો ૧ લા (કબજાગીરો ખત)માં દર્શાવ્યા મુજબ આ લેખ લખવાનો છે. માત્ર ફેર એટલોજ કે જયાં "કબજાગીરો" શબ્દ વાપરયો હોય ત્યાં "સાનગીરો" શબ્દ વાપરી "મિલકત હમારા કબજામાં રાખી છે." એવા શબ્દો લખવા.

નમુનો ૪ થો.

આડગીરો ખત ગીરો હકનો ટ્રાન્સફર (તબદીલી).

અર્થ:—કોઈનું ઘર અથવા ખેતર આપણે ત્યાં ગીરો હોય ને તેજ ઘર અથવા ખેતર આપણે બીજા કોઇને ત્યાં ગીરો મુકયું હોય તો તે ઘર યા જમીન આડગીરો મુકયાં કહેવાય.

આ દસ્તાવેજનું મથાળું નમુનો ૧ મુજબ કરવું. જે ધણીનું ઘર યા ખેતર આડગીરો મુકયું હોય તેનું નામ, તથા ગીરો દસ્તાવેજની તારીખ અથવા મીતી લખવી. જત આજરોજ હમે તમારી પાસે રૂા. રોકડા લીધા છે એ રૂપીઆનું વ્યાજ દર માસે દર સેંકડે ટકા પ્રમાણે દીવાળી બાકી

વ્યાજના વ્યાજ સાથે તથા જે સાલમાં અધિક માસ આવે તેના વ્યાજ સાથે તમો માગો ત્યારે આપવા સહી. કેટલા રૂા..........માં અસલ ગીરો રાખેલું તે તથા ઘર યા જમીનની વીગત ચતુર દીશા વીગેરે. ગીરોનો અસલ દસ્તાવેજ સ્વાધીન આપ્યા બાબત લખવું. આ દસ્તાવેજ મેં મારી રાજી................ કબુલ મંજુર છે સહી દા.

અત્ર ———— મતુ ૧ તત્ર ———— શાખ

નમુનો ૫ મો.

ભાડા ચીઠી વગર મુદતની તથા મુદતની.

નમુના ૧ માં બતાવ્યા પ્રમાણે મથાળું કરવું જત હમોએ તમારી પાસેથી ઘર યા બંગલો યા જમીન ભાડે રાખ્યો છે તેના ભાડાના રૂા.......અંકે........ હરસાલના મહીના........તીથી........એ આપવા સહી.

ઘર અથવા બંગલો યા જમીનની ચતુર દીશા વગેરે વીગત આપવી. બંગલા યા ઘરની નળીયાં ચરાઈ તથા જરૂરીઆત મરામત પાણીવેરો જાજરૂ વેરો ઘર વેરો વીગેરે સરતો બંને ધણીના કહેવા મુજબ લખવી.

અમુક મુદતની ભાડા ચીઠી હોય તો તે પ્રમાણે વરસ અથવા મહીના દીવસ લખવા.

આ ભાડા ચીઠી હમે હમારી રાજી...........કબુલ મંજુર છે સહી દા.

નમુનો ૬ ઠો.

સ્થાવરનું ગીરોખત વેચાણ આપવાનો દસ્તાવેજ.

નમુનો ૧ પ્રમાણે મથાળું. જત હમોએ આજરોજ તમારી પાસેથી નગદ રોકડા રૂા......લીધા છે. એના અવેજમાં હમોએ એક ગીરો ખત ઘરનું યા જમીનનું (ધણીનું નામ. ઠામ. ઠેકાણું. જે દીવસે ગીરો ખત લખાયું હોય તે વાર તીથી તારીખ સન વીગેરે લખવાં) લખાવી લીધેલું છે તે ખત તેમાની તમામ સરતો સાથે તમોને સદરહુ રૂા........સારૂ વેચાણુ આપ્યું છે. માટે હવેથી સદરહુ ઘર યા જમીનના ગીરો હકથી તમો વહીવટ કરવા મુખત્યાર છો સહી. સદરહુ ઘર યા જમીનની ચતુર દીશા લખવી. આ દસ્તાવેજ હમે હમારી રાજી ....કબુલમંજુર છે. સહી દા.

નમુનો ૭ મો.

અમાનતનો દસ્તાવેજ.

મથાળું નમુના ૧ માં લખ્યા મુજબ. જત હમોએ તમારી પાસેથી આજ રોજ રોકડા રૂપીઆ અંકે લીધા તે દેવા સહી. એનું વ્યાજ દર માસે દર સેંકડે તેરીખ ટકા પ્રમાણે આપવું સહી. એના અવેજમાં હમોએ નીચે જણાવેલી ચીજો તમારે ત્યાં અનામત મુકી છે તેની વીગત

× × × × × × ×

જો હમે આજથી માસ માં નહીં ભરીએ તો સદરહુ ચીજો વેચી તમો તમારા રૂપીઆ વસુલ કરીલો સહી. અને તેમ કરતાં પણ ઘટ પડે તો હમારી બીજી માલ મીલકતથી વ્યાજ સાથે વસુલ લો સહી. હમો રૂા. પુરા ભરી આપ્યા પછી તમારી પાસેથી હમારી અનામત મુકેલી ચીજો લઈશું સહી. આ દસ્તાવેજ હમે હમારી રાજી..................કબુલ મંજુર છે સહી. દા.

નમુનો ૮ મો.

સાટા ખત અથવા બ્યાના ખત.

મથાળું નમુના ૧ મુજબ. જત સાટાખત લખી આપું છું કે (મારૂ ઘર અથવા જમીન) તમોને વેચાણ આપવા નક્કી કર્યું છે. (૧) જે ઘર યા જમીન વેચાણ આપવાના હોય તેની વીગત દર્શાવવી. (૨) કેટલા રૂપિયામાં વેચાણ કરવાનું. (૩) બીઆનામાં કેટલી રકમ પહોંચી તે. (૪) ઘર યા જમીનની ચતુરદીશા. (૫) પાકો દસ્તાવેજ (પકું વેચાણ ખત) કયારે કરવું તથા રૂપીઆ કયારે આપવા તેની મુદત લખવી. (૬) વેચાણ ખત જેની કસુરથી થાય નહીં તેના નુકસાનીમાં બ્યાના ઉપરાંત શું રકમ આપવી લેવી તેનો ઠરાવ અરસપરસ ખતમાં લખવો. (૭) પક્કા વેચાણ ખતનો સ્ટામ્પ રજીસ્ટર ફી વીગેરે કોણે આપવા તે. (૮) આ દસ્તાવેજ હમે હમારી રાજીખુશીથી...............................તે કબુલમંજુર છે સહી દા.

નમુનો ૯ મો.

છેડા છુટકાની ફારગતી યા તલ્લાક નામું.

સંવત મહીનો તિથિ વાર તારીખ માહે સને ને દીને કસ્બે ની રહેનાર બાઈ તે ની છોકરી જોગ લી. જત તમો મારા ધણીઆણી થાઓ છો. પરંતુ આપણ બન્ને વચ્ચે ઘણી લાંબી મુદતથી અણબનાવ ચાલતો

આવે છે તેથી આપણો ધણીધણીઆણી તરીકેનો સંબંધ સુલેહ ભરી રીતે ચાલતો નથી. તેથી આજરોજ આપણે માંહોમાંહે સમજુતપર આવી લગ્નનો ગાંઠ આજથી તોડયો છે. માટે હવે તમો બીજો ધણી કરો અગર ના કરો તે તમારી મરજી ઉપર છે. તેજ પ્રમાણે હું મારે ગમે ત્યાં ફરી લગ્ન કરૂં અથવા નાતરૂં કરૂં તેમાં તમારે હરકત કરવી નહીં. આપણા લગ્ન સંબંધે જે આપ લે થઈ છે તે ઉપરથી આપણે એક બીજાએ હાથ ઉઠાવી આ છુટાછેડાની ફારગતી કરી છે તે આપણે મંજુર છે સહી. આ ફારગતી મે મારી રાજી..........મંજુર છે સહી.

દા. સહી. શાખ.

નમુનો ૧૦મો.

કરજ ખત અથવા ચીઠ્ઠી

નમુના એકમાં બતાવ્યા મુજબ મથાળું કરવું. જતં હમોએ આજરોજે તમારી પાસેથી નગદ રોકડા પોલીઆં રૂ૦ અંકે લીધા છે તે દેવા સહી એ રૂપીઆનું વ્યાજ દર માસે દર સેંકડે તેરીખ ટકા પ્રમાણે દીવાળી બાકી ના વ્યાજ તથા જે વરસમાં અધિક માસ આવે તેના વ્યાજ સાથે આપવા સહી. આ ખત હમે હમારી રાજીખુશીથી.........કબુલમંજુર છે સહી દા.

નમુનો ૧૧મો.

ખાતું.

મોજે તાલુકે રહીશ

સંવત નું ખાતું.

જ ઉ

માસ મીતી
અંગ્રેજી તા૦ વાર સને
ને રોજ રોકડા રૂ૦ અંકે લીધા
તે દેવા સહી. દા.

સ્ટામ્પ
(સહી) એક આનો

નોટ—આ ઉપરથી વાંચનારને માલમ પડશે કે રૂપીઆ ઉપાડવાને એટલે કે અંગાઉ લેવાને બે રીત ચાલુ છે. (૧) કર્જખત. (૨) ખાતું.

કર્જખત આપવા ચીઠ્ઠીમાં વ્યાજનો દર ઠરાવેલો હોય છે અને ખાતામાં તેમ નથી· કર્જખત સ્ટામ્પના કાગળપર થાય છે અને ખાતુ રૂ૦ ૨૦થી ઉપરનું એક આનાની ટીકીટપર પડાય છે. કર્જખતમાં મુદત લખવામાં આવે છે અને તે મુદત પ્રમાણે રૂપીઆ ન પતે તો ફરીયાદ થઇ શકે અને ખાતાની ફરીયાદ ગમે તે વખતે ત્રણ વર્ષની અંદર થઈ શકે છે.

નમુનો ૧૨મો.

કુલ મુખત્યાર પત્ર.

હું જાતના ધંધો ઉંમર રેહેવાશી આ લેખ ઉપરથી તમો રહેવાશી જાતના ધંધો ઉંમર નાને મારે સારૂ તથા મારે નામે, મારા તરફથી કોઈપણ ફરીઆદીના કામમાં કીંવા અપીલમાં અથવા તો કોઈપણ ઈનસાફી કામમાં હાજર રહેવા, કીંવા ફરીયાદ કરવા સારૂ તથા જવાબો આપવા તથા સહીઓ કરવા તથા કાગળ પત્ર આપવા લેવા તથા મારા તરફથી દસ્તાવેજ કરાવવા તથા નોંધાવવા તથા બીજા કોઈપણ કામ જે હું કરી શકું અથવા જે કરવાને મને અધિકાર હોય તે સઘળા કામ કરવા મારા ખરા અને ભરોસેદાર મુખત્યાર પસંદ કર્યા છે અને નીમ્યા છે.

આ વાતની સાક્ષીને સટે મેં મારે હાથે તારીખ માહે સને ના રોજ મારી સહી કરી છે.

સહી. શાખ.

નમુનો ૧૩મો.

એક કામનું મુખત્યારનામું.

હું જાતે ધંધો ઉમર રહેવાશી ના આ લેખ ઉપરથી રહેવાશી ના એવો અખત્યાર આપું છું કેઃ—

નામ રહેવાશી ના ઉપર મેં કોર્ટમાં મુકદમો નંબર સને નો દાવો રૂ૦ નો કર્યો છે, તે કામમાં મારે સારૂ તથા મારા તરફથી વખતો વખત હાજર રહેવા તથા સહીઓ કરવા તથા જવાબો આપવા તથા વકીલો કરવા તથા એ ફરીયાદીના કામમાં જે પ્રમાણે હું હાજર હોત અને જે કામો કરવાની મને પરવાનગી હોત તે કામો કરવા માટે મેં મી૦ ને મારા ખરા અને ભરોસેદાર મુખત્યાર પસંદ કર્યા છે તથા નિમ્યા છે.

આ વાતની સાક્ષીને સટે તા૦ સને ના રોજ મેં મારી સહી કરી છે. સહી. શાખ.

નમુનો ૧૪મો.

પાવતી.

સંવત મહીનો તીથી વાર તા૦ માહે સને ને દીને કસ્બે ના લી૦ કસબા મજકુરના જત આ પાવતી લખી આપીએ છીએ કે હમારૂં તમારા ઉપર સામાહસ્કતની રૂએ લેણું હતું તેનો આજ લગી એકંદર હીસાબ કરતાં રૂ૦ અંકે લેણા નીકળ્યા તે તમોએ હમોને આજરોજે પુરેપુરા આપ્યા તે પહોંચ્યા છે. આજ સુધીનો હીસાબ ચોખો કરી આ પાવતી હમોએ તમોને લખી આપી છે તે હમારે કબુલમંજુર છે સહી. દા. પોતે.

સહી. શાખ.

નમુનો ૧૫મો.

વકાલતનામું.

સુરતના જડજ સાહેબની કોરટમાં

દીવાની / ફોજદારી મુકદમો નંબર સને ૧૯૦

વાદી / ફરીયાદી

વિરૂદ્ધ.

પ્રતીવાદી / તોહોમતવાળા

દાવો રૂ૦

હું વાદી અથવા પ્રતીવાદી રહેનાર

આ લેખ ઉપરથી સદરહુ નંબરના કામમાં સદરહુ કોરટમાં મારા તરફથી હાજર રહી સદરહુ નંબરનું કામ ચલાવવા સારૂ મી૦ ને મે મારા વકીલ નીમ્યા છે.

એ વાતની સાક્ષીને સટે તા૦ માહે સને ૧૯૦ ને રોજ નીચે મેં મારી સહી કરી છે.

સહી. શાક્ષી.

ACCEPTED
PLEADER.

નમુનો ૧૯મો.

ગણોતપટો.

સંવત ૧૯ ના વાર તા૦ મી માહે સને ૧૯ અંગ્રેજી દીને અ. બ. જાતના ઉમર રેહેવાશી જોગ લી૦ ક. ડ. જાતના ઉમર રેહેવાશી મોજે

જંત લખી આપું છું જે તમારી માલકીની તેમ કબજા વહીવટની જમીન નીચે લખેલી વીગતની નીચે મુજબની શરત કબુલ કરી ખેડવા સારૂ ગણોતે રાખી છે.

સદરહુ જમીન મેં તમારી પાસે ફસલ ના ઠરાવે ગણોતે રાખી છે, એ મુદત પુરી થએ બીન તકરારે સદરહુ જમીન પાછી તમારે કબજે સોંપવી સહી, તેમાં મારી કોઈ તરેહની તકરાર યા દલીલ ચાલે નહીં તેમ હું તથા મારા વારસો કરે તો તે રદ છે.

સદરહુ જમીનના ગણોતના વરસ એકના એટલે ફસલ એકના રૂપીઆ તમોએ લેવા કર્યા તે, વરસમાં આવતી સરકાર બેઉ કીસ્ત મળી, પુરા કરી આપવા સહી, કદાચ આપવામાં ઉજર કરૂં તો દર માસે દર સેંકડે તેરીખ ટકો રૂા. લેખે વ્યાજ સાથે ઉપર ઠરાવેલા રૂપીઆ મારી જાતથી તેમ સરવે તરેહની માલ મીલકતથી તેમ મારા વંશ વારસોથી તમો તથા તમારા વારસો વસુલ કરી લો સહી અને મારે દેવા સહી.

સદરહુ જમીનના સરકાર ધારાના રૂપીઆ ભરવા (તમારે કે હમારે) શીર છે. બાણુ ખુટ દુરસ્ત રાખવા મારે શીર છે, વળી એ જમીનમાં ઝાડ બીડ હોય અને થાય તે પર મારો હક નથી. સદરહુ જમીન ખેડીએ અગર ન ખેડીએ તો પણ ઉપર ઠરાવેલા રૂપીઆ દેવા સહી.

સદરહુ જમીનમાં જે ઝાડો છે તેના ફળનો ઉપભોગ (તમારે ઈચા મારે સરત પ્રમાણે જેમ હોય તેમ લખવું) કરવો.

સદરહુ જમીન ગણોત હકથી મારા કબજામાં આવેલી છે તે તમોને પરત સંવત વઈશાખ સુદી ને રોજે સાફસુફ કરી બીન તકરારે સોંપવી સહી. એ જમીન હમો કોઈને પેટા ગણોતે આપીશું નહિ, તેમજ હમો ખેડીએ અગર પડતર રહે પાકે યા નહિ પાકે, આસમાની સુલતાની વીગેરે આફ્ત નડે તોપણ ઉપર ઠરાવેલ મુદતમાં ગણોતના રૂપીઆ હમારે પુરેપુરા ભરવા સહી.

સદરહુ જમીન ———— ડીસ્ત્રીકટ ———— સબ ડીસ્ત્રીકટ મધે મોજે ———— ની શીમારમા છે તેની વીગત નીચે મુજબઃ—

સર્વે નંબર	×	×	×	એકર	×	×	આકાર.
ઉત્તરે	×	×		×	×	×	
દક્ષીણે	×	×		×	×	×	
પૂર્વે	×	×		×	×	×	
પશ્ચીમે	×	×		×	×	×	

સદરહુ સરવે સરતો કબુલ કરી ઉપર લખેલી જમીન વરસ એકના રૂપીઆ દેવા કરી ફસલ સારૂ મેં તમારી પાસેથી ગણોતે રાખી છે. તેનો આ ગણોતપટો મેં મારી રાજીખુશીથી, બીન કેફ અને સરવે પ્રકારના સાવધપણામાં લખી આપ્યો તે મારે કબુલ મંજુર છે સહી. દા૦ (પટો લખનારે પોતાનું નામ લખવું).

અત્ર ———————— મતુ તત્ર ———————— સાખ

નોટ:—ગણોતીઆની સ્થિતિ સારી નહિ હોય તો કેટલીક વખત જામીન લેવામાં આવે છે તો તેવે પ્રસંગે ગણોતપટામાં નીચે મુજબ યોગ્ય જગ્યાએ લખાણ કરવું અને મતુ બન્ને સખસ (ગણોતીઓ તથા જામીન) નું કરાવવું.

જો હમો તમારી સાંથના રૂપીઆ વખતસર ભરીએ નહિ તો તે બદલના જામીન કસ્બે ———— ના રહીશ ———————— ને આપ્યા છે તેઓ હમારી તરફથી સઘળી વાતે જોખમદાર છે.

હું ———————— રહેવાસી મોજે ————————

ધંધો જાત ઉમર જત લખી આપું છું કે આ ગણોતપટો કરી આપનાર તેમાં દર્શાવેલી સઘળી શરતો મુજબ ચાલશે નહિ તો તેના તથા સાંથના રૂપીઆનો જવાબદાર આથી હું થાઉં છું.

નમુનો ૧૭મો.

હક સંબંધ ઉપરથી હાથ ઉઠાવવાની ફારગતી.

સંવત ના વરખે તિથિ વાર તારીખ માહે સને નાં દીને જોગ લી૦ જત આપણી બાપુકી મીલકત મજીઆરી છે તેમાં મારો અરધો અરધ હિસ્સો છે તે મારા હિસ્સા બદલ તમોએ (રોકડ રૂા૦ અંકે માલ મીલકત સ્થાવર કે જંગમ વીગેરે જે હિસ્સે પડતું આવે તે લખવું) આજદીને આપ્યાં તે લેઈ મેં મારા અરધા ભાગ ઉપરથી હાથ ઉઠાવ્યો છે. હવે આજથી તમો આપણી બાપુકી મીલકતના કેવળ સ્વતંત્ર માલીક થાઓ છો અને મારે કોઈપણ પ્રકારની બાપુકી મીલકત સાથે હક સંબંધ રહ્યો નથી અને તે હક સંબંધ ઉઠાવ્યા બાબતની આ ફારગતી લખી આપી છે તે મારે કબુલ મંજુર છે સહી.

અત્ર ———————— મતુ તત્ર ———————— શાખ

નમુનો ૧૮ મો.

ભાગીદારીનો કરાર.

સંવત ના વરખે તિથિ વાર તા૦ માહે સને ના દીનથી અમો (૧) નામ ઠામ (૨) નામ ઠામ (૩) નામ ઠામ (૪) નામ ઠામ. ભાગદારી કરી ભાગીયો એટલે પંત્યાળો વેપાર કરવો શરૂ કર્યો છે તેની શરત નીચે પ્રમાણે.

(આ ઠેકાણે જેવી સરતો એક બીજાને પોતાના શરૂ કરેલા વેપારને અનુકુળ આવે તેવી લખવી. એટલે કે ટુંકમાં દુકાનનું નામ શું આપવું, તેનો વહીવટ કોણે કરવો, વહીવટ કરનારને મહેનતાણા બદલ શું આપવું. નફો તોટા માટે કેમ કરવું વીગેરે હકીકત).

ઉપર પ્રમાણેનો કરાર હમો સર્વ ભાગીદારોને કબુલ મંજુર છે સહી.

અત્ર ———————— મતુ તત્ર ———————— શાખ

જેટલા ભાગીદારો હોય તેટલા બધાનુ
મતું થવું જોઈએ.

નમુનો ૧૯ મો.

વેચાણ ખત—(ઘર અથવા જમીનનુ).

(૧) નમુના ૧ માફક મથાળું કરવું. (૨) રૂપીઆ લીધા તેની પહોંચ સ્વીકારવી તથા તેના અવેજમાં જે ઘર યા જમીન વેચાણ આપી તેનો મોહોલ્લો, લતો યા જગ્યા જણાવવી. (૩) ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ પ્રમાણે તેની ચતુર દીશા વીગેરે પુરતી વીગત. (૪) પહોળાઈ, લંબાઇ ગજ, વીંઘા વીગેરે. (૫) ઘરનું વેચાણ હોય તો લખવું કે–એ ઘર જમીન, અમલા, ઈમારત, કાછા તથા તેમાંના કુવા, ટાકા, વીગેરે સહીત તમોને ચંદ્રકાળ વેચાણ આપ્યું છે. તેમાં તમો વસો, વસાવો, ભાડે, ગીરો, વેચાણ અગર બક્ષીસ કરો, વીગેરે એ સર્વ વાતે તમે માલીક છો, (૬) જમીનનું વેચાણ હોય તો લખવું કે સદરહુદ નીશાનવાળો વજીફો અગર ખાતાની જમીન, સરવે નંબર, એકર, આકારને જુડી તેમાંના તમામ ઝાડ બીડ તથા તેને લાગતા વળગતા તમામ હકો સાથે તમોને જાઓ ચંદ્ર દીવાકરો વેચાણ આપી છે. તેનો ભોગવટો તમો વંસપરંપરા કરો, ખેડો ખેડાવો, પડતર રાખો, ગીરો વેચાણ યા બક્ષીસ કરો, એ સર્વ વાતના તમો મુખત્યાર છો. (૭) આજથી એ મીલકત (ઘર યા જમીન) હમારા કબજામાંથી છોડી તમારા કબજામાં આપી છે. (૮) એ ઘર યા જમીન સંબંધીના જુના ખત સોંપવા બાબત લખવું. (૯) એ ઘર યા જમીન ઉપર મારો કોઈ ભાઇ ભાગીઓ, હીસ્સેદાર અગર ગીરોદાર કે કોઈનો કોઈપણ પ્રકારનો હક સંબંધ કે દરદાવો નથી અને તદન ન જોખમી તમોને વેચાણ આપી છે તેમ છતાં કોઈ પેદા થઈ તમોને હરકત કરે તો તે હમારે હમારા ખરચે દુર કરી આપવી સહી (૧૦) આ વેચાણ ખત હમે હમારી રાજી ખુશીથી.............તે કબુલ મંજુર છે સહી. દા.

અત્ર મતુ તત્ર શાખ

---

*નમુનો ૨૦ મો.

વારસ નામુ.

સંવત ના મહિનો તિથિ અંગ્રેજી તા૦ માસ સને હું જાતના ઉમર કસબે તાલુકે ના આ લેખ ઉપરથી આ વારસનામું કરૂં છું કે મને કંઈ સંતાન નથી, મારી વૃધ્ધાવસ્થા થઇ છે અને તે કારણ સર હવે મારી તબીઅત સારી રહેતી નથી. માટે મારી માલ મીલકત બાબત મારી હયાતી પછી કાંઈ પણ જાતનો ટટો તોફાન થાય નહીં એટલા વાસ્તે નીચે મુજબ ઠરાવ કરૂ છું તે મારી હયાતી પછી અમલમાં આવે સહી.

* આ પણ એક જાતનું વિલ યાને વસિયતનામું છે.

મારી જે જે માલ મીલકત તથા રોકડ પુંજી છે તે સરવે મારી હયાતી સુધી મારી મરજી માફક હું વાપરીશ. સદરહુ પ્રમાણે મારી તમામ માલ મીલકતના માલીક મારી હયાતી પછી તમોને ઠરાવ્યા છે તમોએ પોતાની માલકીથી મારી હયાતી પછી જે મારી માલ મીલકત તથા રોકડ પુંજી તથા બીજી કોઈપણ ચીજ અગર હક જે મારો હોય અગર મારા નામથી મારી હયાતી પછી મળે તે સરવે રહેવાશી નાએ લેવો અને માલકી હકથી પોતાની મરજી માફક તેનો ઉપયોગ કરવો સહી. આ લેખ મેં મારી રાજી ખુશીથી... ....
કબુલ મંજુર છે સહી. દા૦

૧ અત્ર .... મતુ ૧ તત્ર .... શાખ

નમુનો ૨૧ મો.

બક્ષીસ પત્ર.

સંવત ૧૯૦૫ ના અસાડ સુદ ૯ ને વાર ભોમે તા૦ . માહે સન અંગ્રેજી દીને તાલુકે ચોર્યાસીનું ગામ મોજે કતારગામના રેહેનાર અ. બ. જ્ઞાતે અનાવલા બ્રાહ્મણ ઉંમર આસરે વરશ ૪૫ ધંધો ખેતીનો જોગ લી૦ એજ ગામ વાસી ક. ડ. જ્ઞાતે તથા ધંધો મજકુર. જત તમો મારા દુરના સગા છતાં, મારા ઉપર પ્રીતી રાખો છો અને મારી વખતો વખત ખબરઅંતર લો છો અને સેવા ચાકરી કરો છો તેથી તમારા ઉપર પ્રસન્ન થઈ સુરત ડીસ્ટ્રીકટ, સુરત સબ ડીસ્ટ્રીકટનું ગામ મોજે કતારગામ મધેની નીચે બતાવેલી મિલકતનો તમને આ દસ્તાવેજથી બક્ષીસ આપી આજ રોજ તમારા સ્વાધીનમાં આપી છે અને તમોએ તે બક્ષીસ સ્વીકારી છે. માટે એ મિલકતના તમો હવે આજ રોજથી જેવો હું માલીક હતો તેવા તમો થયા છો. એ મિલકતની તમો દીલ ચાહો તેમ વ્યવસ્થા કરવા મુખત્યાર છો.

મીલકતની વીગતઃ— + + + + + +

આ દસ્તાવેજ મેં મારી રાજીખુશીથી બીનકેફ તંદુરસ્તીમાં લખી આપ્યો છે તે મારે કબુલમંજુર છે સહી.

અત્ર .... મતુ તત્ર .... શાખ

૧

નમુનો ૨૨મો.

* વેહેંચણ પત્ર.

સંવત માસ તિથિ વાર અંગ્રેજી તા. મહીનો સાલ જત હમો अ ब. क ब. અને ड ब, ત્રણે ભાઇઓ આજ દીન સુધી એકત્ર કુટુંબમાં હતા, તે જુદા પડી હમારી તમામ સ્થાવર જંગમ મજીઆરી મીલકતની વહેંચણ કરીએ છીએ તે નીચે પ્રમાણેઃ—

अ. ब. ના હીસ્સામાં આવી તે મીલકતનું વર્ણન.

क. ब. ના હીસ્સામાં આવેલી મીલકતનું વર્ણન.

ड. ब. ના હીસ્સાની મીલકતનું વર્ણન.

આ શીવાય મોજે સુરત સોનીફળીઆમાં ૧ ઘર ટી. કો. નંબર નું છે તેનું ભાડુ દર વરસે રૂા. આવે છે તે આપણી માતુશ્રીના નિર્વાહ માટે મજીઆરૂં રહેવા દીધું છે. આપણા ત્રણ પૈકી જેની સાથે રહે તેને આ ઘરનું ભાડું મળે અને એકલાં જુદા રહે તો સદરહુ ભાડું તેઓ વાપરે + + +

સદરહુ પ્રકારની સહુ સહુને હીસ્સે આવેલી મીલકત જેની તેણે પોતાને કબજે લીધી છે. અને માતુશ્રીને આપેલું ઘર ૧ શીવાય બીજું કંઈ વહેંચવાનું રહ્યું નથી, અને માતુશ્રીના મૃત્યુ બાદ તેની શાસ્ત્ર મુજબ ઉત્તરક્રિયા કરશું (પણ ન્યાત જમાડવાનો રીવાજ બંધ થયો છે તેથી તેમાં જેટલી રકમ વાપરવાની હોય તેટલી રકમ અમુક ધર્માદા કાર્યમાં વાપરવી) તેનો ખરચ ત્રણે જણાએ સરખે હીસ્સે આપવો અને સદરહુ ઘરની કીંમત પંચની મારફત કરાવી ત્રણમાંથી જેને પરવડે તે લે અને કોઇને પણ ન પરવડે તો ત્રાહીતને વેચી કીંમતના રૂપીઆ સરખે હીસ્સે વહેંચી લેવા, આ ઉપરનો લેખ હમો ત્રણે ભાઈઓને કબુલ મંજુર છે સહી. દા.

અત્ર ________________ મતુ તત્ર ________________ સાખ

ત્રણે ભાઈનું મતુ થવું જોઇએ.

*નોટઃ—જે લેખ ઉપરથી મજીઆરી મીલકત જુદી જુદી વહેંચી લેવામાં આવે અથવા વહેંચી લેવાનું કબુલ કરવામાં આવે તે લેખને વહેંચણ પત્ર કહે છે.

નમુનો ૨૩મો.

*વીલ ઇઆ વસીઅતનામુ.

સંવત ના મહિનો તિથિ વાર તારીખ
માહે સને ને દીને હું જાતના
કસ્બે તાલુકા ના જત મારી વૃધ્ધાવસ્થા થઈ છે અને તબીઅત બરાબર રેહતી નથી. આ ક્ષણભંગુર દેહનો ભરોંસો નથી માટે મારી તંદુરસ્તીમાં, શુધ્ધિ અને સાવધાનીમાં હું મારૂં વીલ ઈઆ વસીઅતનામું નીચે પ્રમાણે કરૂં છું—

મીલકતનું વર્ણન.

૧—સ્થાવર મીલકત ૨—જંગમ મીલકત

વાસણ કુસણ, રાચ રચીલું, ફરનીચર વીગેરે પરચુરણ.

ઉપર જણાવેલી મીલકતનો તથા ઉઘરાણીનો મારી હયાતી સુધી મારી મરજી માફક ઉપભોગ કરવાને હું માલીક મુખત્યાર છું અને મારો દેહ છોડયા પછીને માટે મારી તમામ મીલકતની વ્યવસ્થા કરવા. નીચેના ગ્રહસ્થોને હું વહીવટદાર નીમું છું.

એકઝીકયુટર (વહીવટદારો)ના નામ, ઠામ, જાત.

+ + + + + + + + + +

સદરહુ વહીવટદારોમાંથી કોઇ ગુજરી જાય તો, બાકીના વહીવટદારોએ તેની જગ્યાએ બીજા કોઈ યોગ્ય માણસને નીમી લેવો.

ઉપર જે મીલકતનું વર્ણન આપવામાં આવ્યું છે તેની વ્યવસ્થા વહીવટદારોએ નીચે પ્રમાણે કરવી.

(આ ઠેકાણે પોતાના સગીર છોકરાં તથા બૈરીને માટે અથવા બીજા સગાવહાલાના ભરણપોષણ માટે તથા ધર્માદા કંઇ ખરચવું હોય તે બાબત આવકના પ્રમાણમાં ઇચ્છાનુસાર લખવી.)

અને સગીર પુખ્ત ઉંમરે પહોંચ્યાથી ઉપર બતાવેલી સઘળી મીલકત, તથા તેમાં જે વધારો થયો હોય તે સુદ્ધાં સ્વાધીન કરવી. આ વસીઅતનામું મેં મારી રાજીખુશીથી તથા અકલ હોંશીઆરીથી બીન કેફ, તંદુરસ્તીમાં તથા સાવધગીરીમાં કર્યું છે. દા.

અત્ર ________ મતુ તત્ર ________ સાખ

* જ્યારે પોતાને કંઇ સંતાન ન હોય તેમજ લાયક ઉંમરનો દત્તક કરવામાં આવ્યો નહી હોય કે સિધો વારસ ન હોય, અથવા પોતાના છોકરા સગીર હોય અથવા બીજા કોઇ કારણસર પોતાની માલ મીલકતની યોગ્ય વ્યવસ્થા થવા માટે જે લેખ પોતાની હૈયાતી દરમ્યાન, શુદ્ધીમાં અને સાવધાનીમાં, કરી આપવામાં આવે છે તે લેખને વીલ ઇઆ વસીઅતનામુ કહે છે. વીલ સાદા કાગળપર કરી શકાય છે. તેમજ પેનસીલથી પણ લખી શકાય છે. તેમજ બે ચાર જણની રૂબરૂ પોતાની મીલકતની વ્યવસ્થા કેમ કરવાની તેની બાબત બોલી ગયાથી પણ વીલ થઇ શકે છે. આ સબંધી વધુ હકીકત તથા માહીતી માટે જુઓ પાનું ૨૪૮.

નમુનો ૨૪ મો.

દત્તક પત્ર.

સંવત ના વરખે તિથિ વાર તારીખ માહે સને ને દીને જોગ લી૦ જત અમારે પેટે પુત્ર સંતતિ નથી, અને તમો મારા નજદીકના સગા સંબંધી થાઓ છો તો મારી ઈચ્છા મારા વંશની વૃદ્ધિ સારૂ તમારા છોકરા ને દત્તક લેવાની છે અને તે પ્રમાણે લેવાને મેં નક્કી ઠરાવ કરી દીધો છે અને તે પ્રમાણે તમો સદરહુ ને દત્તક આપવા કબુલ થયા છો, માટે આજરોજ શાસ્ત્રાનુસાર વિધિ પુર્વક ક્રીયા કરાવી તમોએ દત્ત આપ્યો છે અને હમો તેને આજથી હમારો દત્તક તરીકે સ્વીકારીયે છીયે. આ દત્તક લેખ હમોએ હમારી રાજીખુશીથી તથા અકલ હોંશીઆરીથી કર્યો છે તે હમારે કબુલમંજુર છે સહી. દા.

અત્ર ________ મતુ તત્ર ________ શાખ

વધુ ખુલાસા માટે જુઓ પાનું ૨૦૬, ૨૦૭.

નમુનો ૨૫ મો.

*ટ્રસ્ટ ડીડ.

હું. અ. બ. જ્ઞાતે ઉમર આસરે વરસ ધંધો રહેવાશી મોજે નો જાહેર કરૂં છું કે મારી વૃદ્ધા વસ્થા થઇ છે અને મારી નીચે મુજબની મીલકતો સુમારે રૂ૦ ની છે. મારી ઓરત નામે છે, તે કમ અકલની છે

---

*નોટ—૧ ટ્રસ્ટડીડ નીચે ટ્રસ્ટીઓ પણ મતાદાર તરીકે સહી કરે છે.

૨ "વીલ"નો અમલ વીલ કરનારની હયાતી બાદ થાય છે અને ટ્રસ્ટ ડીડનો અમલ ટ્રસ્ટ કરનારની હયાતીમાં થાય છે.

૩ પોતાની મિલકતનો જેવો જોઇએ તેવો વહીવટ થઇ શકતો ન હોય ત્યારે, વૃદ્ધાવસ્થામાં પોતાની અકલ બગડવાનો કે કમ થઇ જવાનો સંભવ હોવાથી પોતાના અસલ ઇરાદા મુજબ મીલકતનો વહીવટ આગળ ઉપર નહીં થઇ શકે એવો ભય રહેતો હોય ત્યારે, અથવા પોતાને લાંબી મુદત બહાર ગામ જવું હોય ત્યારે, ટ્રસ્ટ ડીડ કરવાને હરકત નથી. ટ્રસ્ટના ઠરાવ મુજબ અમલ થવો જોઇએ, નહીં તો ટ્રસ્ટ એક્ટ મુજબ ટ્રસ્ટીઓ જવાબદાર થાય છે.

તેમજ બાઈ માણસ હોવાથી તે મારી મીલકતની બરોબર સંભાળ રાખે તેમ નથી. બીજા છોકરાઓ નામે   છે તેઓ સગીર, નાહાન, ઉમરના છે, માટે મારી મીલકતોની મારી હયાતીમાં બરોબર સંભાળ રહે તેમજ મારી હયાતી બાદ પણ રહે અને મીલકતો બરબાદ થાય નહીં તેને માટે આ ટ્રસ્ટ ડીડનો દસ્તાવેજ કરી નીચે મુજબ ઠરાવો કરૂં છું.

૨. મારી સ્થાવર જંગમ મીલકતો નીચે મુજબ છે.

\+ + + + +

૩. સદરહુ મીલકતની વ્યવસ્થા કરવાને માટે નીચે મુજબના ગ્રહસ્થોને મારા ભરોસાવાળા ટ્રસ્ટીઓ તરીકે તેઓની સમંત્તિ લઈ નીમ્યા છે.

ટ્રસ્ટીઓના નામ ઠામ વીગેરે.

× × × × ×

૪. પેરા બે (૨)માં બતાવેલી મીલકતો મેં મારા ટ્રસ્ટીઓના કબજા સ્વાધીનમાં સોંપી છે.

૫. સદરહુ મીલકતોની આમદાની જેમ બને તેમ સારી ઉપજે એ મુજબ મારા ટ્રસ્ટીઓએ તેની વ્યવસ્થા કરી તેની જે વારસીક આમદાની આવે તેમાંથી મારા કુટુંબના ભરણપોષણને માટે રૂ૦   ની રકમ આપી બાકીની રકમ જે રહે તેની વધુ મીલકતો ખરીદ કરવી અને આમદાની વધે એ મુજબ ગોઠવણ કરવી.

૬. મારા છોકરાઓને વિદ્યાભ્યાસ કરાવવો અને તેમને ઉંચી કેળવણી આપવી, અને તેનો ખરચ મારી મીલકતની વાર્ષીક આમદાનીમાંથી કરવો.

૭. મારા છોકરાઓ લાયક ઉંમરના થાય ત્યારે મારી ઉપર બતાવેલી મીલકત, તેમાં જે કંઈ વધારે ઓછી પેદાશ થઈ હોય તે સાથે, મારા છોકરાઓને સરખે હીસ્સે વેહેંચી આપવી.

૮. આ ટ્રસ્ટડીડના ઠરાવો અમલમાં મુકવામાં ટ્રસ્ટીઓએ વધુ મતે કામ કરવું.

૯. કોઈ ટ્રસ્ટી બહાર ગામ જાય અથવા તેનો કાળ થાય તો હાજર હોય તે ટ્રસ્ટીઓએ તેની જગ્યાએ લાયક ટ્રસ્ટી નીમી લેવો.

મારી રાજીખુશીથી તથા અકલ હોંશીઆરીથી આ ટ્રસ્ટડીડનો દસ્તાવેજ મેં કર્યો છે તે મારે કબુલમંજુર છે સહી. દા.   સંવત   માસ   તિથિ

અત્ર ———— મતુ સાક્ષ ———— સાખ

નમુનો ૨૯મો.

*સેટલમેન્ટ (વ્યવસ્થા પત્ર)

હું अ. ब. રહેવાશી મોજે ના ઉમર આસરે વર્ષ ધંધો

આ સેટલમેન્ટનો દસ્તાવેજ લખી નીચે મુજબના ઠરાવો કરૂં છું.

૧. હું, ઘરે બારે, પૈસેટકે, સુખી હાલતમાં છું- લાંબા વખતથી માહારો ઈરાદો એવો છે કે મારે મારી મીલકતમાંથી અમુક ભાગ ધર્માદા તેમજ મારા કુટુંબના નિરાશ્રીત માણુસોના નીભાવ માટે તથા બીજા ગરીબ ગુરબાઓની મદદ માટે કહાડવો. તે માહારો ઇરાદો બર લાવવા સારૂ નીચે લખેલી મારી ખાસ માલકીની મીલકતો હું નીચે મુજબના મારા ભરોસાવાળા ટ્રસ્ટીઓને સપુરત કરૂં છું.

૨. સુરત ડીસ્ટ્રીકટ, સુરત સબ ડીસ્ટ્રીકટ પ્રગણે ચોરાશીનું ગામ મોજે મધે સરકારી ખેડ ખાતાની જમીન સરવે નંબર એકર ગુંઠા આકાર કીંમત રૂા૦ કસ્બે મધે મહોલામાં આવેલું ઘર ઉત્તર દક્ષિણ લાંબુ આસરે પુર્વ પશ્ચીમ પહોલું આશરે જેની ચતુરશીમા + + + છે. કીંમત રૂા.

સુરત મ્યુનીસીપાલીટીના ડીબેન્ચરો નંગ ૨૦ કીંમત રૂા૦

૩. નીચે બતાવેલા સદ્દ ગ્રહસ્થો ઉપર માહારો સંપુર્ણ વિશ્વાસ છે અને તેઓએ આ કામના ટ્રસ્ટીઓ તરીકે કામ કરવા કબુલ કર્યું છે માટે તેમને હું ટ્રસ્ટીઓ તરીકે નીમું છું.

ટ્રસ્ટીઓના નામઠામ. + + +

૪. પેરા બેમાં બતાવેલી મીલકતો મેં મારા સદરહુ ટ્રસ્ટીઓને સ્વાધિન કરી છે, તે તેમણે પોતાના કબજા વહીવટમાં રાખી તેની ઉપજની નીચે પ્રમાણે વ્યવસ્થા કરવી.

૫. સદરહુ મીલકતોની વારસીક આમદાની સુમારે રૂા૦ ની છે માટે તે રકમ અથવા જે કાંઈ વધતું ઓછું ઉત્પન્ન થાય તેમાથી ½ રકમ મારા કુટુંબના જે માણુસો નિરાધાર માલમ પડે અને જેમને મદદની જરૂર છે તેઓમાં તેમની જરૂર પ્રમાણે મારા ટ્રસ્ટીઓએ વહેંચી આપવી.

---

*નોટઃ—આ લેખનો અર્થ વસીઅતનામું નહોય તેવી સ્થાવર અથવા જંગમ મીલકતની લેખી વ્યવસ્થાઃ—

अ. લગ્ન થયા બાબતની કરી હોય,

ब. મીલકત પોતાના કુટુંબમાં વહેંચી આપવા સારૂ કરી હોય,

क. પોતા ઉપર જેઓનો આધાર હોય એવા કોઇપણ માણસનો બંદોબસ્ત કરવા સારૂ કરી હોય.

ड. ધર્મ સંબંધી કારણ સારૂ અથવા દાનને માટે કરી હોય,

ત્યારે તેવા લેખને વ્યવસ્થા પત્ર કહેવામાં આવે છે.

૪ રકમ મારા કુટુંબના જે વિદ્યાર્થીઓ પૈસાની તંગીને લીધે વિદ્યાભ્યાસ કરવામાં અટકી પડયા હોય તેમને સ્કોલરશીપ આપવામાં ખરચવી.

૪ રકમ મારી ન્યાતના નિરાશ્રીત માણુસોને અન્નવસ્ત્રની મદદ કરવામાં ખરચવી,

૬. જો ઉપલા ઠરાવનો અમલ કરવામાં મારા ટ્રસ્ટીઓમાં મતભેદ પડે તો વધુ મતે જે ઠરાવ પસાર થાય તે પ્રમાણે અમલ કરવો.

૭. જો કોઇ ટ્રસ્ટી બહાર ગામ જવાથી અથવા બીજા કોઈ સબબથી તેની જગ્યા ખાલી પડે તો, હાજર હોય તે ટ્રસ્ટીઓએ વધુ મતે તેની જગ્યાએ બીજો લાયક ટ્રસ્ટી નીમી લેવો.

મારી રાજીખુશીથી, સાવધગીરીમાં આ સેટલમેન્ટનો દસ્તાવેજ મેં કર્યો છે તે મારે તથા મારા વંસ વારસોને કબુલ છે. દા૦ સંવત માસ તિથિ ઈંગ્રેજી તારી મહીનો સન

અત્ર ________ મતુ તત્ર ________ શાખ

નમુનો ૨૭મો.

લવાદનામું.

સંવત ____ માસ ____ તિથિ ____ વાર ____ તા. ____ માહે ____ સને ____ ઈંગ્રેજી દીને अ, ब તથા क, ड—રહેનાર ____ ધંધો ____ ઉમ્મર આસરે વર્ષ ____ જોગ લી૦ इ, તથા ज, फ ह રહેનાર મોજે ____ ધંધો ____ ઉમ્મર—આસરે વર્ષ જત હમો હમારી રાજીખુશીથી આ લવાદનામું લખી આપીએ છીએ કે:—

હમો इ, फ તથા ज, ह વચ્ચે આજ કેટલોક વખત થયાં હમારી નીચે લખેલી મીલકતો માટે તકરાર ચાલે છે અને હમો આબરૂદાર ગૃહસ્થ કુટુંબના હોવાથી કોર્ટ દરબાર ચઢવાનો હમારો વિચાર નથી જેથી તમો લવાદોથી હમારા કામનો ઘરમેળે નિકાલ કરાવવા ઈચ્છા રાખીએ છીએ અને હમો બન્નો પક્ષ આથી તમોને અધિકાર આપીએ છીએ કે હમારી હકીકતથી વાકેફ થઇ—દરદસ્તાવેજી પુરાવા ધ્યાનમાં લઈ તમોને જેમ વાજબી લાગે તેવો છેવટનો ફેસલો દીન ૧૫માં હમોને આપવો. અને હમો બન્ને પક્ષ કબુલ કરીએ છીએ કે તમો લવાદો એકમત થઈ અપક્ષપાત નીકાલ કરશો તે હમારે કંઇપણુ વાંધા અગર તકરાર વગર કબુલ રાખવો સહી અને જો તેમ નહિ કરીએ તો આપેલા ફેસલાનો કોર્ટ મારફતે અમલ કરાવો સહી:—

આ લવાદનામું હમે હમારી રાજીખુશીથી.......................લખી આપ્યું છે તે કબુલમંજુર અને બંધનકારક છે સહી.

સહી ________ શાખ ________

નમુનો ૨૮મો.

લવાદી ફેસલો.

હમો अ, ब તથા क, ड રહેનાર ——— જ્ઞાતે ——— ધંધો ——— ઉમ્મર આસરે વર્ષ ——— ને તમો ई, क તથા ज, ह એ તા૦ ——— માહે ——— સને ——— ને રોજ તમારા કામનો માંહોમાહે કોર્ટદરબાર ન ચઢતાં નીકાલ કરવા હમોને લવાદપત્ર લખી આપ્યું છે તેની રૂએ હમો લવાદો તમારી હકીકત, પુરાવા ધ્યાનમાં લઈ એકમત થઈ નીચે મુજબ ઠરાવ કર્યો છે.

ફેસલાની વીગતઃ— × × × × × × ×

× × × × × × × ×

આ ઠરાવ હમો લવાદોએ બન્ને પક્ષને રૂબરૂમાં આજરોજ વાંચી સંભળાવ્યો છે.

તા૦ માહે સને સંવત માસ
તિથિ વાર

સહી.

નમુનો ૨૯મો.

મીલકત વેચાણ રાખવા સંબંધી વર્તમાનપત્રોમાં જાહેર ખબર આપવાનો નમુનો.

હું નીચે સહીનો કરનાર સર્વે લોકોને આથી ખબર આપું છું કે મોજે ——— ડીસ્ટ્રીકટ—સબડીસ્ટ્રીકટના ——— ગામમાં કે શહેરમાં આવેલી—(દુકાન—ઘર—ખેતર કે ખુલ્લી જમીન જેમ હોય તેમ તેના ટી૦ કો૦ નંબર એકર આકાર પહોલાઈ લંબાઇ—તથા ચારે દીશાનું વર્ણન આપવું.) હમોએ આજદીને अ, बनी પાસેથી વેચાણ રાખવાનું સાટું કર્યું છે. માટે સદરહુ મીલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો હક હીસ્સો, દર દાવો, બક્ષિસ યા બોજો વીગેરે કાંઈ પણ હોય તેણે હમને આજની તારીખથી દીન ૧૫માં હમારા નીચેના ઠેકાણે જણાવવું અને તે મુદત બાદ હમો પાકો વેચાણદસ્તાવેજ કરી લઈશું પછી કોઈની તકરાર ચાલશે નહિં.

તા૦ સહી

પોલીસ પટેલ

અથવા

પોલીસ પટેલને ઉપયોગી કાયદા વિગેરે બાબતનો સંગ્રહ.

પુસ્તક વિષે અભિપ્રાયો.

મુંબઇ હાઇકોર્ટના જડજ નામદાર પારસન્સ સાહેબ તા૦ ૭–૮–૯૯ના પત્રમાં લખે છે કે આ પુસ્તક ઘણો ફેલાવો પામશે, કારણ, જેને માટે એ પુસ્તક તૈયાર કરેલું છે તેઓને એ ઉપયોગી થઇ પડશે એમાં કંઈ શક નથી.

મેહેરબાન સુરત જીલ્લાના કલેક્ટર સાહેબ,

પોતાના તા૦ ૩૦--૭--૯૯ના કાગળમાં લખે છે કે, તમારૂં તૈયાર કરેલું પોલીસ પટેલ નામનું પુસ્તક વખાણવા લાયક છે, અને જે પોલીસ પટેલો પોતાની ફરજ હોંશીઆરીથી અને કાયદેસર રીતે બજાવવા ચાહતા હોય તેમને તે ઘણુંજ ઉપયોગી થઈ પડશે. આ પુસ્તક લાંબા વખતની ખોટ પુરી પાડે છે અને ગામના પટેલોનો વહિવટ સુધારવામાં ઘણું ઉપયોગી છે. વીગેરે.

મેહેરબાન ભરૂચ જીલ્લાના કલેકટર સાહેબ,

પોતાના તા૦ ૧૦----૨--૧૨ના કાગળ નંબર ૮૭૯માં લખે છે કે, "પોલીસ પટેલ" નામનું તમારૂં પુસ્તક, પટેલોને તેમની ફરજ બજાવવામાં ઘણું મદદગાર થઈ પડશે, અને દરેક પટેલે એ પુસ્તકની એક એક નકલ રાખવી જોઈએ.

મેહેરબાન પંચમાહાલ જીલ્લાના ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ સાહેબ.

પોતાના તા૦ ૧૫--૨--૧૨ના કાગળ નંબર ૧૮૯માં લખે છે કે, (પોલીસ પટેલ નામનું પુસ્તક) ઉમદા છે, અને સારી રીતે ગોઠવેલું છે.

મેહેરબાન ખેડા જીલ્લાના કલેકટર સાહેબ,

પોતાના તા૦ ૩૦--૩--૧૨ના કાગળ નંબર ૮૫૪માં લખે છે કે, તમારૂં પોલીસ પટેલ નામનું પુસ્તક ઘણુંજ ઉપયોગી છે. એ પુસ્તકની એક એક પ્રત ખેડા જીલ્લાના દરેક પોલીસ પટેલને સરકાર તરફથી અપાવવા, સરકારમાં લખવા વિચાર છે. વીગેરે—

હમારાં બનાવેલાં નીચેના પુસ્તકો હમારે ત્યાંથી મળશે

છુટક એક નકલ માટે કીંમત.

૧. "ઘર વકીલ" (બીજી આવૃત્તિ) .... કીંમત રૂા. ૬– ૦–૦
૨. "વતન ઈનામ" (ટીકા તથા ફેંસલા સહીત)......... કીંમત રૂા. ૨– ૦–૦
૩. "પોલીસ પટેલ" (ત્રીજી આવૃતિ)............... કીંમત રૂા. ૧– ૦–૦
૪. "કબજા વહીવટનો કાયદો" (ટીકા તથા ફેસલા સહીત) કીંમત રૂા. ૦– ૮–૦
૫. "સેવેજ" સ્ત્રી ચરિત્રનું એક અદ્દભુત દ્રષ્ટાંત........... કીંમત રૂા. ૦– ૮–૦
6. **The Law of Immediate Possession** ... Price Rs. 2– 0–0
7. **Experiences of a Mamlatdar Magistrate's Life.** „ 0–12–0

સૂચના

નંબર (૧) થી (૫) ના ગુજરાતી પુસ્તકો સાથે લેનારને કીંમત રૂા. ૮–૪–૦
નંબર (૧) (૨) (૩) અને (૪)......................................રૂા. ૭–૪–૦
નંબર (૨) (૩) અને (૪)..રૂા. ૨–૪–૦
નંબર (૩) અને (૪)..રૂા. ૧–૪–૦
નંબર (૬) અને (૭) ના ઈંગ્રેજી પુસ્તકો..........................રૂા. ૨–૪–૦
આ સઘળાં પુસ્તકો એકી વખતે ખરીદનારને કીંમત..................રૂા. ૧૦–૪–૦

કમીશન:—દસ પુસ્તક સામટાં ખરીદનારને એક પુસ્તક કમીશન દાખલ વધારે આપવામાં આવશે.

વતન–ઈનામ.

(કાયદા સંગ્રહ)

ટીકા તથા ફેસલા સહીત.

મતાદાર, વતનદાર, હકદાર, ઈનામદાર, વજીફેદાર, જાગીરદાર, ભાગદાર, તાલુકદાર, વકીલો તથા સરકારી નોકરોને ઉપયોગી પુસ્તક જેમાં વંશપરંપરાના હુદ્દા, હકો તથા ઈનામ સંબંધી જુદા જુદા કાયદાઓનો વિસ્તારથી ખુલાસો કર્યો છે. રૂા૦ ૨–૦–૦